શાહનામું.

ભાગ બીજો

અસલ એબારત ઉપરથી ગુજરાતીમાં તરજુમો.

તરજુમો કરનાર,

નાયબ દસ્તુર મીનોચેહેર દસ્તુર જામાસ્પજી

જામાસ્પ આસાના

મુંબઇ.

ચંદનવાડી નંબર ૧૪૧ વાળાં મકાનમાં

મુંબઇ વર્તમાન પ્રેસમાં ઉપલા લખનારને માટે મનચેરજી હોશંગજી

જાગોશે છાપી પ્રગટ કરયું છે.

૧૯૧૩.

દીબાચો

શાહનામાંના તરજુમાનું પહેલુ દફતર ઇ૦ સ૦ ૧૯૧૧ માં જ્યારે મેં બાહાર પાડ્યુ ત્યારે તેના દીબાચામા પારસી કોમ તરફથી આપણા તવારીખી સાહીત્યને જેવુ ઉતેજન મલવુ જોઇએ તેવુ નહી મલવાની કાંઇક ફર્યાદ ઉઠાવી હતી, પણ મારે અત્રે જણાવવું જોઈએ કે પારસી કોમે મારી અરજ તરફ નેક નેગાહ પહોચાડી મારા કામ તરફ પોતાની પસદગી જાહેર કરી છે શાહ-નામાના તરજુમાના પેહેલા દફતરની લગભગ સઘલી નકલો કોમ તરફથી ખરીદવામા આવી છે એટલુજ નહી પણ ભવિષ્યમા બીજા દફતરો બાહાર પાડવાનું કામ ચાલુ રાખવાનો આગ્રહ કરનારાં પત્રો ઘણાક સાહેબોએ મને લખ્યાં હતાં અને તેમ કરી તેઓએ મને મારાં કામમાં સ્તુતીપાત્ર ઉતેજન આપ્યુ હતું આ બીજુ દફતર પારસી કોમ આગળ રજુ કરતા ઉમેદ રાખુછું કે પહેલા દફતરના જેવોજ આસરો કોમ તરફથી આ ચોપડીને પણ મલશે

પહેલાં તેમજ આ બીજાં દફતરમા આવેલી કેટલીક બાબદો સમજાવવાને જે ફુટ-નોટો મે આપી છે તેમાંની કેટલીક બાબદો આપણાં ન્યાગાનોનાં તવા-રીખી સાહીત્યની જે ચોપડીઓ જાણીતા યુરોપ્યન, અમેરીકન, તેમજ પારસી ઓલમાઓએ પ્રગટ કરી છે તે ઉપરથી લીધી છે તેને માટે તે સાહેબોનો અત્રે સામટો ઉપકાર માનું છુ

સેવટે, પારસી પચાએતના નામદાર ટ્રસ્ટી સાહેબોએ આ ચોપડીને આસરો આપ્યો છે તેઓનો તેમજ જે સાહેબોએ ચોપડીની નકલો આગમજથી ખરીદી મને મદદ કરી છે તેઓનો દીલોજાનથી ઉપકાર માનુ છુ.

મીનોચેહેર દસ્તુર જામાસ્પજી

જામાસ્પ આસાના.

સાંકળ્યું.

કએખશરૂ.

લોહરાસ્બ.

શુદ્ધિપત્ર.

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૪	૨૩	હુમેશનો	હમેશનો
૭૦	૧૧	જેહનમાં	જેહાનમાં
૭૯	૧૬	શકતો	શકાતો
,,	૨૯	એક	એ
૮૨	૨૬	નામુનુ	નામનું
૮૮	૩	તેહેમત	તેહેમતન
૧૧૮	૧૯	કએખરૂને	કએખસરૂને
૧૨૭	૧૧	ફટકાએ	ફટકાઓ
૧૩૫	ફુટનોટ, લીટી ૩	તણે	તેણે
૧૩૭	૨૬	માર	મારા
૧૪૪	૨	પસતાવે	પસતાવો
,,	૨૮	ફરમાવ્યે	ફરમાવ્યો
૧૪૬	૬	પેહેવાં	પેહેલાં
,,	૧૩	નામાં	નામ
૧૪૯	૧૭	વબતે	વખતે
,,	૨૭	માદક	માફક
૧૫૦	૯	અને કમ	અને
૧૬૨	ફુટનોટ ૨, લીટી ૧૨	Kckast	*Kekast*
,,	ફુટનોટ ૨, લીટી ૧૩	dımolished	demolished
૧૬૬	છેલી લીટી	ગાંય	ગયાં
૧૭૬	૭	બરતેહ	બસ્તેહર
૧૮૭	૩	દેવા	દેઈ
૧૯૪	૫	આપણું	આપણા
૧૯૫	૨૪	રીતો	રીતે
૨૦૧	૪	ચઢીઆ	ચઢી આ
૨૦૭	૨૭	ઉપર	ઉપરથી
૨૧૪	૭	ખસરૂને	ફરૂદને
૨૧૫	૧૧	ચોડાના	ઘોડાના

૨૨૪	૨૮	છુવતુ	છુવતુ
૨૩૯	૭	હોયતે	હોય. તે
૨૫૮	૧૮	નો	તો
૨૬૬	છેલી લીટી	ખજ્નનચી નથી	ખજાનચીનથી
૨૭૭	૬	પલી	પેલી
૩૧૬	૧	બાગદાદ	બામદાદ
૩૩૩	૨	વગદ	વગર
૩૩૬	૨૪	સઘલાલાઓ	સઘલાઓ
૩૩૮	૧	પેહેડવાન	પેહેલવાન
૩૫૧	૫	તે	મે
૩૫૮	૨૪	ઘેવાઈ	ધોવાઈ
૩૬૬	૨૭	ગુધી	સુધી
૩૭૦	૧૪	લડવ	લડવા
૩૭૫	ફુટનોટ, લીટી ૧	અત્ર	અત્રે
૩૭૬	૨૧	ઉઘર	ઉપર
૩૮૦	૮	તેણે	તેને
૩૮૫	૫	જણુાતે	જણુાતો
૩૯૦	૨૩	જેમ	જેમાં
૩૯૫	૨૦	જથીન	જમીન
૩૯૭	૧૭	ગાટે	માટે
૪૦૦	૩	ગુર્જોર્ગી	ખુર્જોર્ગી
૪૦૧	૨૦, ૨૬	પુલાવંદ	પુલાદવદ
૪૦૨	૧,૭,૨૫,૨૭	,,	,,
૪૦૩	૮,૨૭	,,	,,
૪૦૩	૧૩	ગયો	ગયા
૪૧૨	૧૦	પાણીન	પાણીના
૪૧૩	૧૩	વધારે	વધારો
,,	૧૯	બગ્નતરો	બખતરો
૪૨૯	૨૨	લેલાને	લેવાને
,,	૨૬	મોહોમત	મોહબત
૪૪૫	૨૦	ઉપરની	ઉપર જા
૪૫૦	૧૬	રેહેલા	રેહેવા

૪૫૩	૧૪	થુલથી	ધુલથી
,,	છેલી લીટી	માલણ	માલમ
૪૫૫	૩૧	લાગ્યો	લાગ્યું
૪૬૫	૫	રંગના	રંગની
૪૬૮	૧૮	ગોબાખી	ગોલાખી
૪૯૫	૨૯	પાદહાહની	પાદશાહની
૫૧૩	૩૦	લમકરની	લશકરની
૫૨૬	૧૭	કનઆદના	કનાબદના
૫૨૭	૧	મહી	નહી
૫૨૮	૬	તેઓએ	તેઓ
,,	છેલી લીટી	જેમાં	જે જેમ
૫૦૫	૧૭	બીજો	બીજી
,,	૧૯	લક્ષકર	લશકર
૫૪૬	૨૭	તેઓ	તે
૫૬૭	૧	શકયો	શકાયો
૫૭૧	૨૩	તાર	તારા
૫૮૬	૨૧	ઉમર ઉપર	ઉમર
૫૯૧	૨૩	નાનદારોને	નામદારોને
૬૦૪	૨૭	કામન	કામના
૬૧૪	૧૩	તેએના	તેઓના
૬૧૭	૭	નસતુહ	નસતુહે
,,	૨૪	મણુસોનું	માણુસોનું
,,	૨૬	પોતના	પોતાના
૬૨૧	૧૭	સુધી	સુધી
૬૨૪	૨૭	મફા	સફ
૬૩૨	૫	અન	અને
,,	૧૮	તખતની	વખતની
,,	૨૬	બનાવીન	બનાવીને
૬૪૪	૧	જાદશમના ૧	જાદશમના
૬૪૮	છેલી લીટી	જણાતે	જણાતો
૬૫૦	૧૨	તું	તે
૬૬૮	૪	રાહતારી	રાહરીતી

૬૭૭	૮	બન્યા	ગયા
૬૮૦	૭	તેવમાં	તેવામાં
૬૮૩	૨૯	બાધુરે	બાધુર
૬૯૪	૬	અવ્યો	આવ્યો
૬૯૬	૪	ચલવનાર	ચલાવનાર
૭૦૨	૯	મકરનમાંથી	મકરાનમાંથી
૭૦૭	૧૨	પરવરદેગાની	પરવરદેગારની
૭૨૧	૧૮	જલ્લાદન	જલ્લાદને
૭૨૩	૨૯	તેને	તને
૭૨૫	૬	એને	અને
૭૩૦	૧૧	તેણે	તેને
૭૩૪	૨	એકાંતવાસસાં	એકાંતવાસમાં
,,	૭	ઉગમથી	ઉગમનથી
૭૩૭	૫	કર્યો	કર્યે ”
૭૩૯	૧૮	લગતાંજ	લાગતાંજ
૭૪૧	૨૫	કરવાના	કરવાનો
૭૪૪	૩૦	મન	મને
૭૪૬	૧૬	સુથી	સુધી
૭૫૯	૧૮	લાહરાસ્અને	લોહરાસ્બને
૭૭૦	૧૭	લ્યાંરે	ત્યારે
૭૭૬	ફુટનોટ, લીટી ૪	લગાઠયો	લગાડયો
૭૮૫	૨૪	તેદરબારમાંથી	દરબારમાંથી
૯૮૭	૧૬	વિચરના	વિચારના

શાહનામું.

ભાગ બીજો.

અફ્રાસીયાબ અને સીયાવક્ષ એકમેકની સામે આવી પુગ્યા તે વિષે.

જ્યારે સુરજે પાહાડની પછવાડેથી પોતાનુ માથુ બાહાર કાઢયુ અને કાલાસ (યાને રાત) ના દરીયાના મોજા વચેથી તે બાહાર આવ્યો[૧] અને જમીન અરદીબેહેસ્ત (આતશ) ની માફક પ્રકાશીત થઈ રહી તથા સમબુલ અને ગુલલાલાના જેવા રંગો હવા અંદર ભેલાયા,[૧] ત્યારે તેઓ (પીરાન અને સીયાઉશ) ત્યાંથી હસ્તા અને ખુશી થતા રસતામાં થોભ્યા વગર આગળ વધ્યા, એ પ્રમાણે તેઓ કુગ શેહર કે જે જગ્યા ખુશનુમાં અને આશાયશ લેવાને લાયકની હતી, ત્યાં-સુધી આવી લાગ્યા તે જગ્યા એક નાકેથી તે બીજે નાકે શુધી ઝાડપાનથી સંગાર પામેલી જણાતી હતી, તથા તે ચીનના મુરતીવાલાં દેહેડાંઓની માફક જર ખજાનાથી ભરપુર હતી. ત્યાંના લોકોએ તેના પગ આગલ સુનુ રેડયુ અને તેના માથાં ઉપર કસ્તુરી અને કેસર ભેલીને છાંટી [૧] જયારે સીયાવક્ષનાં ભપકા સાથે આવી પુગવાની ખબર અફ્રાસીયાબને પુગી ત્યારે તે પોતાની કમર બાં-ધીને પોતાના મેહેલમાંથી પગે ચાલતો મોહોલામા આવ્યો સીયાવક્ષ તેને પગે ચાલતો આવતો જોતાંજ ઘોડા ઉપરથી નિચે ઉતરી પડીને તેની આગલ દોડતો આવ્યો તેઓએ એકમેકને બગલગીરી કીધી તથા કપાલ અને આંખ ઉપર બોસા લિધા અફ્રાસીયાબે તેને કાઉસ પાદશાહની, ખુશાલી સાથે ફરતા જમાનાની,[૧] પેહેલવાનો તથા નામદારી ભર્યાં લશકરની તથા તેના મુલકને

---

૧. એ બેત લખેલી નકલમા વધારે છે.

લગતા તમામ મોટા સરદારોની ખબરઅંતર પુછી ૧ સીયાવક્ષ બોલ્યો કે "એ પાદશાહ! તમામ જમાનો તારી મરજી મુજબનો રેહેજો "૧ પછી તે બંધે જણા ત્યાંથી એકમેકનો હાથ પકડી ખુશાલી સાથે હસ્તા હસ્તા આગળ ચાલ્યા ૧ અફ્રાસીયાબે તેને કહ્યુ કે "તુને આ મુલકમા કાંઈપણ બુરાઈ પુગે તેનો વિચાર ફ્કટ સ્વપનામાંજ આવશે હવે પછી તુ દુખ કે લડાઈ ઉઠેલી જોશે નહી પણ હરણ અને ચીત્તા સાથે પાણી પીશે બાધુર તુરને લિધે આએ દુન્યા કંકાશથી ભરેલી બની હતી પણ હવે આ દુન્યાની સપાતી લડાઈ તંટાથી કંટાલી ગઇ છે. એ (ઇરાન અને તુરાનના) બે મુલકો નિત્ય ગડબડ ભર્યા બનતા હતા જેથી જેહાનના લોકોના દિલમાંથી સુલેહ દૂર રેહેતી હતી હવે તારીથી જમાનો શાંતી ભોગવશે અને તે લડાઈથી અને લોહી રેડાવાથી આસાયશ પાંમશે હવે પછી તુરાન શેહર તારૂ ગોલામ બનશે અને ત્યાંના લોકોમાં તારે માટેનો પ્યાર ભેલાયલો રેહેશે મારૂ શરીર અને મારો જીવ સઘલુ તારી આગલ હાજર રેહેશે તથા સપેહેસાલાર પીરાન પણ પોતાના શરીર સાથે તારો પોતાનોજ ગણાશે હુ તારી ઉપર એક બાપના જેવુજ વાહાલ દેખાડશ અને હુ તુને નિત્ય હસ્તો ચેહેરો દેખાડશ વગર મેહેનતે મલેલો મારો તમામ ખજાનો તારી આગલ હાજર રહેશે અને ગમના કરતાં તારી આગલ તમામ વખ્તની ઓછી ખુસાલી રેહેશે " આથી સીયાવક્ષે તેની પુશકલ તારીફ કીધી અને બોલ્યો કે "તારી ખાશીયત પ્રમાણેજ તારૂ સારૂ નસીબ તુને કદી છોડે નહી! જીવને પેદાનો કરનાર પરવરદેગાર કે જેનાથી સુલેહ તેમજ લડાઈ હોય છે તેના શુકરાના હોજો! મુબારક ખાનદાનના પાદશાહની આવી ખુશાલીને લીધે મારે નીર્ધનોને પુશકળ ધન આપવુ ઘટે છે ૧ કારણ કે હુ તુને ખુશ અને ખુશાલ દીલનો તથા મગરૂરીના ફાંદામાંથી છટકીને પાછો છુટા દીલનો બનેલો જોઉ છુ અગર જો મારા આત્માએ તુને આવી રીતનો ફ્કટ સ્વપનામા પણ જોયો હતે તો ખુશાલીથી હું જમીન ઉપર માયો અને સમાયો રહયો હતે નહી, ૧ કારણ કે હુ તુને આવો તંદરોસ્ત બનેલો જોવુ છુ અને તારી કમર લડાઈ અને કીનાથી કંટાલેલી દેખાય છે." ૧ પછી પાદશાહ અફ્રાસીયાબ સીયાવક્ષનો હાથ પોતાના હાથમાં લઇને તે મોટાઈવાલાં તખત ઉપર બેસવાને ગયો ત્યારબાદ તે સીયાવક્ષના ચેહેરા તરફ નજર કરીને બોલ્યો કે "આવો ચેહેરો, ઉચું કદ અને પાદશાહી દમામ સાથનો માણસ જેહાનમા હોઈ શકે તોપણ સીયાવક્ષના જેવો જોડીઓ જેહાનમાંથી મેલાવી શકાય નહી " ત્યારપછી તે શાહે પીરાનને એ પ્રમાણે કહ્યુ કે "કાઉસ બુઢો છે અને થોડી અક્કલ ધરાવનારો લાગે છે કે તેણે આવું કદ, ઉંચાઈ અને હુનરના ધરાવનારા બેટાથી નચિંતપણે પોતાનો

૧ લખેલી નકલમા એ બેત વધારે છે

ચેહેરો ફેરવી નાખ્યો છે જ્યારથી મારી આંખે તેનાં દર્શણ થયા છે ત્યારથી તેના કામકાજથી મારૂ દિલ અજબ રહે છે કારણકે જે શખ્શનુ આવુ ફરજંદ હોય તેની આખતો આ જમીન ઉપર તેની પુઠે ફરતી રેહેવી જોઇએ" પછી તેણે તેને માટે પોતાના મેહેલોમાથી એક મેહેલ પસંદ કરીને તે તમામ મેહેલમાં સુનેરી વનતના ગાલીચાઓ પાઠરીઆ ત્યારબાદ તેની આગળ ગાયના પૈયા સાથનુ એક સુનાનુ તખત મુકવામા આવ્યુ અને તે તખતને ચીનાઈ રેસમી કપડાંથી સ ગાર્યું તથા ત્યાં બીજો તરેહવાર સામાન મ ગાવીને મુકવામાં આવ્યો પછી અફ્રાસીયાબે સીયાવક્ષને પોતાની મરજી મુજબ બેસવા ઉઠવાને માટે તે મેહેલમાં જવાને ફરમાવ્યુ જ્યારે સીયાવક્ષ તે સનીશ્ચર શુધી પુગેલા દેખાતા મેહેલ આગળ આવી લાગ્યો ત્યારે ત્યાં આવીને તે સુનેરી તખત ઉપર બેઠો અને પોતાના હુશીયાર જીવને વિચારના વમલમા રોકી નાખ્યો જ્યારે શાહાજાદાનુ ખાવાનુ તૈયાર થયુ ત્યારે ત્યાં ધણાં એક ચાકરોને હાજર રાખ્યા એક સખસે સીયાવક્ષને બોલાવી લાવીને તેને સુનેરી તખત ઉપર લેઈજઇ બેસાડયો ત્યાં સીયાવક્ષ સાથે તરેહતરેહની વાતો ચાલી અને તેઓ વચે તમામ ખુશાલીનો પાયો નખાયો જ્યારે તે સરદારો ખાના ઉપરથી ઉઠયા ત્યારે બેઠકની જગ્યાએ દારૂ તૈયાર રાખવામાં આવ્યો રામશગરો વાજીત્ર સાથે ત્યાં આવી લાગી અને તમામ સરદારો દારૂ પીવાને બેઠા અફરાસીયાબે સીયાવક્ષને પોતાનો જીવ અને પોતાનુ દિલ અર્પણ કીધુ અને તેની સાથે બેસવાથી તેની ઉંઘ પણ જતી રહી જ્યાંસુધી જેહાનમા અંધકાર ફેલાયો અને દારૂ પીનારાઓના માથાં દારૂથી છાકટ બન્યા ત્યા સુધી તેઓએ દારૂ પીઆ કીધો પછી સીયાવક્ષ ખુશાળી સાથે પોતાના દીવાનખાનામાં ગયો અને દારૂની નીશામા તેને ઇરાન માટેની કાંઈ યાદ આવી નહી ત્યારપછી પાદશાહે જે શખ્સો લડાઇમા ગયા હતા તેઓને તે રાતે તેની આગળ રેહેવાને ફરમાવ્યુ અફ્રાસીયાબે શીદેહને ૧ કહી મુકયુ કે "જ્યારે સીયાવક્ષ ઉંઘમાથી ઊઠે ત્યારે તુ સહવારના પેહેલવાનો અને મારા કુટુંબીઓની સાથે તથા જે કોઈ અંજુમનના વડાઓ હોય તેઓની સાથે હદીઆ તથા ગોલામો અને સુનેરી લગામ સાથના ઘોડાઓ લેઇને તથા દીનાર અને પાદશાહી જવેહરાતનુ નજરાનુ લશકરના દરેક જનના હાથમા આપીને હુશીયારી અને સાઉચેટી સાથે તે રાધલુ સીયાવક્ષ આગળ ગુપચુપ લેઇ જજે." એ પ્રમાણે તે પાદશાહે તેને માટે પુશકલ ચિજો મોકલી અને એ રીતે એક અઠવાડીયુ વહી ગયુ

---

૧ 'શીદેહ' અફ્રાસીયાબના એક બેટાનુ નામ છે.

સીયાવક્ષે અફ્રરાસીયાબ આગળ દડીદાવ રમીને પોતાની ચાલાકી દેખાડી તે વિષે.

એક રાતે પાદશાહે સીયાવક્ષને એ પ્રમાણે કહયુ કે "આવતી કાલે બામદાદ થતા આપણે બધે દડી અને રમવાની લાકડીઓ સાથે મેદાનમાં જઇશું અને ત્યા વખત પસાર કરી આપણે હસ્તા અને ખુશાલ બનીશુ દરેક જનથી મે એવુ સમજયુ છે કે દડીદાવની રમતમાં તારા જેવો રમનાર પેહેલવાન મેદાનમાં કોઇએ જોયો નથી" સીયાવક્ષે તેને જવાબ દિધો કે "ઓ પાદશાહ! તુ ખુશી સાથે જીવવુ કરજે બુરા લોકોના હાથ તારાથી દુર રહેજો બાદશાહો તો તમામ હુનર તારી પાસેથી શોધે છે હરકોઈ બાબદમાં તારી બરોબરી કોણ કરી શકે? તારા દરસન થવાથી મારો દહાડો પ્રકાશતો જાય છે તારાથીજ નેક અને બદ મને મલશે તુ હોમાય પક્ષીના જેવો દમામ રાખનારો અને તખતને સોભા આપનારો છે કેઆનીઓના તાજ સમાન અને લશકરના ટેકા સમાન તુજ છે" પછી બામદાદ થતાં ત્યારે તેઓ ઉંઘમાથી ઉઠયા ત્યારે સઘલાઓએ મેદાનની જમીનને સોભાવા માંડી તે દહાડે પેહેલવાનો પણ ભપકા સાથે અને હસ્તા ચેહેરા સાથે મેદાનમા આવ્યા ત્યા તુરાનના પાદશાહે તેને કહયુ કે "હવે દડી દાવની રમતને માટે આપણે સાથીઓ પસદ કરી લેઇએ તુ એક બાજુનો વડો બન અને હુ સામી પક્ષનો વડો બનુ અને આ ભેગી થયલી ટોલીમાંથી એજ મુજબ અરધા અરધા આપણે વેહેચી લેઇએ" સીયાવક્ષે પાદશાહને એ પ્રમાણે જવાબ દીધો કે "આ મેદાનમા અને દડીદાવની રમતમાં હુ તુને કેવી રીતે કામ લાગશ? દડી ફેકવામાં હુ કાઈ તારી બરોબર ઉતરવાનો નથી માટે તારા હરીફ તરીકે આ મેદાનમાથી બીજા કોઇને સોધી લે કારણકે હુ તો તારો હુમેશનો મિત્ર છુ અને આ ઓહોલા મેદાનમા તારા સ્વારો માહેલો એક ગણાઉ છુ" પાદશાહ તેના એમ બોલવાથી ખુશી થયો અને બીજા કોઈ સાથે વાત કરવી ફોકટ સમજવા લાગ્યો પછી અફ્રરાસીયાબે કાઉસ પાદશાહના જીવ અને માથાના કસમ ખાઇને કહયુ કે "મારો હરીફ અને જોડીઓ તુજ થઈ સકશે તુ તારી આ સ્વારોની આગળ ચાલાકી દેખાડ કે જેથી તેઓ એમ નહી કહે કે પાદશાહે ખરાબ હરીફને પસદ કીધો છે મારા માણસો તો તારી વખાન કરશે અને મારો હસ્તો ચેહેરો તારી રમત જોઈ અજબ થશે" સીયાવક્ષે તેને જવાબ દિધો કે "જેવો તારો હોકમ સ્વારો, મેદાન અને ચોગાન એ સઘલુ તારૂંજછે." પછી પાદશાહ અફ્રરાસીયાબે ગુલબાદ, કરસીવજ,

જેહન ૧ તથા પોલાદને ૨ તથા લડાયક પીરાન તથા નસતીહનને તથા હોમાન ૩ કે જે દડાને પાણીમાથી ઉંચે ચટાવતો હતો તેને પસદ કીધા. સીયાવક્ષના સાથી તરીકે તેણે સીયાવક્ષને માટે રૂઇનિને ૪ તથા નામદાર સીદેહને તથા બાધુર સ્વાર અનદરીમાનને તથા શીહને મારનારા શેરનર અખ્વાસ્તને ૫ મોકલ્યા સીવાવક્ષે આફ્રાસીયાબને કહ્યુ કે "ઓ નામદાર! આ શખ્સોમાંથી તારા દડાની સામે જવાની કોણ હીમત કરવાના છે? એ તો સઘલા તુ પાદશાહના દોસ્તો છે ત્યારે હુ તો એખલો છુ તેથી એઓની વચે દડીદાવની રમતની સભાલ રાખનારો તો ફકટ હુ જ છુ તેથી જો તું પાદશાહ મને હોકમ આપે તો હુ ઈરાની સ્વારોને આએ રમતના મેદાનમા લેઈ આઉ, કે તેઓ દડીને ફટકાવવામા મારા મદદગાર બને અને બધે બાજુના જે પ્રમાણે કાયદો હોય તે પ્રમાણે રમે." જ્યારે પાદશાહે તેનો એવો વિચાર જાણ્યો ત્યારે તે તેની વાત સાથે મલતો થયો સીયાવક્ષે ઈરાનીઓની વચેથી એ રમતને લાયકના સાત શખ્સોને ચુટી કાડ્યા પછી મેદાનમાંથી વાજીત્રના અવાજ નિકલવા લાગ્યા અને ધુલારૂ સીધુ આસમાન તરફ ઉડવા લાગ્યુ સજ નામના વાજીત્રના અવાજથી અને સરનાઇઓના ફુકાવાથી તુ કેહેશે કે જાણે તે મેદાન ધુજવા લાગ્યુ. તેઓએ (યાને સીયાવક્ષની ટોળીએ) પાદશાહના મેદાન તરફ દડો ફેકીઓ તેથી તે બાધુગેના પોકાર ચદ્ર સુધી સમજાવા લાગ્યા પાદશાહ અફ્રાસીયાબે મેદાનમાંથી તે દડાને એક ફટકો લગાવ્યો તેથી તે જેમ ઘટતુ હતુ તેમ વાદલ સુધી ઉગે ચટ્યો સીયાવક્ષે પોતાના લડાયક ઘોડાને ઉશકેરીઓ અને જેવો તે દડો ત્યા આવી લાગ્યો તેવોજ તેણે તેને પાછો એમાલુમ બનાવી દિધો તે દડો મેદાનમાં આવી પુગતાને વાર તેણે તેને એવો એક ફટકો માર્યો કે જેથી તે નજર આગળથી ગુમ થઇ ગયો આથી તે મોટા પાદશાહે એક બીજો દડો સીયાવક્ષ આગળ લાવી મુકવાનો હોકમ કીધો સીયાવક્ષ ઢોલ અને રનસીગડાંના અવાજ વચે તે દડાને ઓમો લેઇને એક બીજા ઘોડા ઉપર સ્વાર થયો અને તે દડાને હાથમાથી જરા થોડે તફાવતે ફેકીને પછી લાકડી વડે તેના ઉપર કામ બજાવ્યુ તથી એવુ બન્યુ કે તે દડાએ જાણે ચદ્રના દર્શણ કીધાં. તે

૧ 'જેહેન' અફ્રાસીયાબના એક બીજા બેટાનુ નામ છે.

૨ 'પોલાદ' એ એક ઈરાની પહેલવાનનું નામ છે

૩ નસતીહન તથા હોમાન એ વીશેના છોકરાઓ થતા હતા અને પીરાનના ભાઈઓ હતા

૪ રૂઈન એ પીરાનના બેટાનુ નામ છે.

૫ અનદરીમાન અને અખવાસ્ત પણ અફ્રાસીયાબની તરફના પેહેલવાનોના નામ છે.

મેદાન વચેથી દડો ગુમ થઈ ગયા તેથી તુ એમ કહેશે કે તેને જાણે આસમાનેજ ખેંચી લિધો આથી તે મેદાન વચે તેના જેવો (રમનારો) કોઈ શખ્સ ગણાયો નહી અને તેથી કોઇના ચેહેરે હસ્તો રહયો નહી પણ અફરાસીયાબ આ દડાને ફેકેલો જોઇને હશી પડયો અને ત્યારેજ નામદાર લોકોના માથા જાણે ઉંઘમાંથી જાગૃત થયા હોય તેમ તેઓને લાગ્યુ તેઓ એક અવાજે બોલ્યા કે "હમોએ આના જેવા નામદાર સ્વારને કદી પણ સ્વાર થયલો જોયા નથી" તે નામદાર પાદશાહ બોલ્યો કે" જે કોઇ પરવરદેગાર તરફનુ બાગેહ મેલવે તેજ એ મુજબ કરી શકે મને લાગે છે કે તેની ખુબી વિષે, તેના ચેહેરા વિષે, તેના ભપકા વિષે અને તેની ચાલાકી વિષે લોકોએ જે ખબર મેલવી હતી તેથી પણ મે તેને વધારે ચઢતો જોયા છે ' પછી તે મેદાનની એક બાજુએ તખત લાવી મુકવામાં આવ્યુ અને તે તખત ઉપર પાદશાહ જઇને બેઠા સીયાવક્ષ પણ તેની સાથે તખત ઉપર બેઠા પાદશાહ અફરાસીયાબ તેના દીદાર જોઇ ઘણોજ ખુશી રેહેતો પછી નામદારી મેળવનારા પાદશાહે લશકરને એ પ્રમાણે કહયુ કે "હવે એ મેદાન અને દડા મે તમુને રમવાને માટે મોકલ્યા છે ' આથી બેઉ તરફના લશકરે ત્યા રમતની એવી લડાઇ ઉઠાવી કે જેથી સુરજ સુધી ધુલ ઉડવા લાગી તેઓ આ બાજુથી તે પેલી બાજુ દડાને ફેકવા લાગ્યા ઘડીકમા આ લોકો તો ઘડીકમા પેલા લોકો દડાને ઘસડી લેઈ જતા ત્યારે તુરકીઓ તે દડાને જડપથી લેઇ જવાને ઇચ્છતા ત્યારે ઇરાનીઓ તેઓ આગળથી દડાને જુતવી લેતા અને તુરકીઓ પોતાનુ કામ કરતા રહી જતા હતા આથી ઇરાનીઓની આવી ચાલથી સીયાવક્ષે દલગીર થઇને તેઓને પેહેલવી જબાનમા કહયુ કે "આવા છુટ બક્ષવાના સારા વખતે શુ એ રમત ગમતનુ કે લડાઇનુ મેદાન છે? હવે તમો મેદાનને છેડે જઇ પુગતાજ ત્યાથી તમો પાછા હટજો અને એક વખત તુરકીઓને દડો લેવા દેજો" આથી તે સ્વારોએ પોતાના ઘોડાની લગામને નરમ બનાવી અને ત્યાર પછી કોઇએ પણ પોતાના ઘોડાને તેજીવાલો રાખ્યો નહી આથી તુરકીઓએ એક દડાને ઉંચો ફેકયો અને ફેકતાને વાર તે દડો આસમાન ઉપર ઉંચે ચઢયો જ્યારે તુરકી પાદશાહે (પોતાના તુરકી સેપાહોની જીતનો) અવાજ સમજ્યો ત્યારે સીયાવક્ષ પેહેલવાની જબાનમા શુ કહયુ તે તે સમજી ગયો પછી તુરાની લશકરના પાદશાહે એ પ્રમાણે કહયુ કે "મને મારા એક ભલુ ચહાનારાએ એમ કહયુ હતુ કે સીયાવક્ષની સામે તીર કમાન વાપડવામા તથા તેની છાતી, ગરદન અને ખભાની બરોબરી કરવામાં જેહાનમાં તેનો કોઇપણ બરોબરીઓ નથી" સીયાવક્ષે તે સરદારને એમ બોલતાં સમજતાજ શીદાગીરી સાથે કેબાની કમાન બહાર કાઢી પાદશાહે તપાસી જોવાને માટે તે કમાન માંગી અને તેનુ હાથમા વજન કરી જોયુ. તે

કમાનને તપાસ્યા બાદ તે ઘણો અજબ થયો અને તેણે કેઆનીઓની પુશકલ તારીફ કીધી પછી તે મોટા દરજજાના પાદશાહે તલવારના મારનારા કરસીવજને તે કમાન આપી અને ફરમાવ્યુ કે" તુ તેને ખેચીને તે ઉપર તીર ચટાવ" આથી તેણે તે કમાન ઉપર તીર ચટાવવાની કોશેશ કીધી પણ તે તેની ઉપર તીર ચટાવી શકયો નહી અને તેથી તે નકામો તેના તરફ બુરા વિચારનો બન્યો પછી પાદશાહ અફરાસીયાબે તેની પાસેથી તે કમાન લેઈ લિધી અને ગુસ્સે મ ડીને બેઠો અને હાથોવડે તે કમાનને ખેચીને તે ઉપર તીર ચટાવ્યો અને પછી પાદશાહ હસ્તા હસ્તા બોલ્યો કે "એ તીર ચડવાલાં આસમાન સુધી ફેકી શકાય બગે જુવાનીના વખતમા મારી પણ કમાન એવીજ રીતની હતી પણ હાલે બીજો નરોના વખત આવ્યો છે, ઇરાન અને તુરાનમા પીલતન પેહેલવાન રુસતમ કે જે હારેમનની સાથે પણ લડાઈ કરી શકે છે તેના શિવાય બીજો કોઈ પણ શખ્સ લડાઇની વખતે એ હાથમાં ધરી શકે નહી વળી તે ઉપરાત ફકટ સીયાવક્ષની છાતી, ગરદન અને ખભાં સિવાય કોઇપણ એવી કમાન ઘોડાના જીન ઉપર બેસીને ધરવા માંગે નહી" પછી તે ઘોડા દોડાવવાના મેદાનમા એક નિશાણી મુકવામા આવી અને સિયાવક્ષ કોઈની પણ સાથે જરાએ ડાહાપણ દેખાડવાની કોશેશ કીધા વગર એક દેવની માફક ઘોડાની ઉપર બેઠા અને પોતાની જાગને ઘોડાની સાથે દાબીને તેણે એક પોકાર માર્યો અને પછી હટી જઇને જડપથી એક તીર ફેંકયો જેથી બુટા બેહેરામ તેને શાબાશના પોકાર આપ્યો તેણે એક તીર બરોબર તે નિશાણીની વચેજ માર્યો જેથી તેના તરફ નામદારોની નજર ખેચાઇ રહી બીજી વખતે તેણે ચાર પીછાવાલો એક તીર પોતાની છાતીને ખીલવીને આસમાન તરફ ફેંકયો તે એક તીર મારીને બે નિશાણીઓને ફેકી દેતો હતો અને દરેક તીર ફેકતા તે તેને વિધી નાખતો હતો પછી તેણે ઘોડાની લગામને જમની બાજુએ ફેરવી અને જેમ તે ઇચ્છતો હતો તેમ બીજી વખત તે તીર માર્યો પછી તેણે કમાનને બાજુ ઉપર ઓલવી દિધી અને બુલદ દરજજાના પાદશાહની નજદિક આવીને ઘોડાની ઉપરથી નિચે ઉતર્યો અને પાદશાહ ઉઠીને ઉભો થઇને બોલ્યો કે "તારી ચાલાકી તારી લાયકાતની શાક્ષી પુરે છે" ત્યારબાદ તેઓ ત્યાંથી ખુશ દિલે અને એખલાસથી મેહેલની તરફ ગયા, ત્યાં તેઓ બેઠા બાદ ખાણાની અને દારૂ પીવાની તૈયારી કરવામાં આવી અને સારી ગાનારી રામશગરોને બોલાવી મ ગાવવામાં આવી. તેઓ કેટલોક દારૂ પીને ખુશાળ બન્યા અને સિયાવક્ષના નામની તેની સલામતીથી યાદ લિધી ખાણુ લેતા લેતા પાદશાહે ઘોડા, ઘોડાના સામન, તખત, તાજ, તથા પોશાક તરીકે, ફાડયા વગરના ટાકાઓ કે જેવો પોશાક જેહાનમાં

કોઇએ પણ જોયો હતો નહી તે, તથા પૈસા, દેરમોની કોઠલીઓ, મોટી અને નાની કીંમતના યાકુતો અને ફીરોજાઓ, તથા કેટલીક દાસીઓ અને કેટલાક ગોલામો, ચકચકીત યાકુતોથી મઢેલી એક જામ વિગેરે ચીજોનો એક સરપાવ તૈયાર કરાવ્યો પછી તેણે ફરમાવ્યુ કે એ સઘલા સામનની ગણતી કરે અને સિયાવક્ષના મેહેલમાં લેઈ જાય જે કોઈ તેના કુટુબીઓ તુરાનમા હતા તેમના ઉપર પણ તેની પુશકલ મેહેરબાની ઉતરી તેથી તેણે ફરમાવ્યુ કે તે દરેકને માટે પણ સઘલો સામન લાવે અને તેમના ઘરોને સગારે પછી તુરતજ તેણે પોતાના તમામ લશકરને ફરમાવ્યું કે "તમો સઘલાઓ તેના મેટાના ટોળાં હોવો તેમ રહેજો (યાને સિયાવક્ષને સરદાર તરીકે ગણીને તેના હોકમને માન આપજો)"

સીયાવક્ષ અફ્રાસીયાબ સાથે શેકાર કરવાને ગયો તે વિષે.

પછી પાદશાહ અફ્રાસીઆબે શાહાજાદા સીયાવક્ષને એ પ્રમાણે કહ્યુ કે "તુ મારી સાથે એક દિવસે સેકાર કરવાની જગ્યા ઉપર ચાલ કે જ્યા આપણે આપણા દિલને ખુશી ભર્યું બનાવ્યે, તથા શેકાર કરીને આપણા જીવને ગમ વગરના બનાવ્ય" તેણે જવાબ દિધો કે "જેમ તુને વિચારમા આવે તેમ હુ કરીશ અને જે તરફ જવાનો તારા દિલનો વિચાર થાય ત્યાં હું આવીશ" આથી તેઓ એક દિવસ શેકાર કરવાને માટે ગયા પાદશાહ અફ્રાસીયાબે પોતાની સાથે શેકારી કુતરાઓને તથા શકરાઓને લિધા તથા ઈરાની અને તુરાની લશકરમાથી જાત જાતનુ લશકર પણ તેમણી સાથે શેકાર કરવાને ઉટાવલે દોડયુ શીયાવક્ષે તે જગલમા એક ગોરખરને સેપાહોની વચેથી પવન વેગે દોડી જતુ જોયુ આથી તેણે લગામ જડપવાલી બનાવીને તથા પાવડા ભારી કરીને તે નિચાન અને ઉચાનવાલી જગ્યામાથી દોડવા માડયુ તેણે તે ગોરખરના તલવારથી બે ટુકડા કીધા અને તેના બે હાથો તરાજુ બન્યા અને તે ગોરખર તેમાં તોલાતુ રૂપુ બન્યુ તેણે તે ગોરખરને એવી સરખી રીતે કાપ્યુ હતુ કે એક બાજુ બીજીના કરતા એક જવ જેટલી પણ ભારી હતી નહી તે જોવાને પાદશાહનુ લશકર ત્યા જલડીથી ભેગુ મલ્યુ તમામ ભેગા થયલાઓ એક અવાજે બોલ્યા કે "આવો નામદાર અને તલવારનો મારનાર એજ એખલો છે." તેઓ મોટેથી એકમેકને કેહેવા લાગ્યા કે "ઈરાનીઓથી આપણા તુરાનીઓને ખરાબ લાગ્યુ છે અને લડાઈના કરનારા સરદારોને એથી શરમાવા જેવુ થયુ છે. તેથી

આપણુને પણ તે પાદશાહની બરોબર લડાઈ કરવી ઘટે છે." સીયાવક્ષ ગોરખરનો શેકાર કરવા પાછલ એવો દોડતો કે તે જંગલમાં જાનવરો વચે ગભરાત ફેલાતો ત્યાના ગુફાઓ, પાહાડો અને જગલો તરફ દોડીને તેણે તલવાર, તીર અને નેજા વડે શેકાર કીધા તેણે દરેક ઠેકાણે શેકારનો એક-એકો ઢગલો બનાવીને શેપાહોને શેકારથી આશુદા બનાવ્યા પછી તે જગ્યાએથી સઘલાઓએ ખુશાલ દિલે પાદશાહના મેહેલ તરફનો રસ્તો ધર્યો. પાદશાહ અફ્રાસીઆબ ખુશાલ હોય કે ગમગીન હોય તોપણ તે સીયાવક્ષને સાથે રાખ્યા વગર રહેતો હતો નહી જેહન કે કરસીવજ કોઈ પણ હોય તેઓમાંના કોઈની આગળ તે પોતાનો ભરમ ખોલતો હતો નહી તથા તેઓથી ખુશી થતો હતો નહી, જ્યારે તે સીયાવક્ષની સાથે રાત અને દિવસ રેહેતો હતો અને તેની સાથે હસ્તાં હસ્તાં વાત કરવાને હોટ ઉઘાડતો હતો એ પ્રમાણે ગમ તથા ખુશાલીમા સાથે રહી તેઓએ એક વર્ષ ગુજાર્યું

તુસ બલખ તરફ સીયાવક્ષની છાવણીમાં ગયો તે વિષે. ૧

બીજી તરફથી શાહાજાદો તુસ લશકરની હરોલમાં માર્ગ કાપતો જ્યારે તુરાન તરફ આવી લાગ્યો, ત્યારે તેની આગલ ગોદરેજના બેટા બેહેરામે પેલા જામીનો તથા હદીઆ બાબે અને તે તમામ ચિજો તેણે તુરાન મોકલાવી દિધી તે બાબે જે કાંઈ છુપાછુપ બની ગયુ હતુ તેની વાતો કીધી. તુસે એ ખબરથી અજબ થઇને જેહાનનાં કામ માટે માંથા ઉપર હાથ દાબ્યો. પછી તેણે અકકલમંદોની, નામદારોની તથા મોબેદોની એક સભા ભરી અને તેમને કહયુ કે "હાલે સીયાવક્ષ પોતાના બાપના ગુસ્સાથી દુખી અને કીનાભર્યો બનીને તુરાન જમીન તરફ જતો રહયો છે તેથી એ બાબે તમો શું કહો છો? અને એ કામને માટે શુ ઉપાય દેખાડો છો? એવું નહી બનવુ જોઇએ કે સઘલા આપણી ઉપર રૂદન કરે" આથી તમામ સેપાહો એ બાબેનો વિચાર કરવાને મોજાવાલા અને ફીનવાલા દરીઆની માફક ઝડપથી બેઠા તે તમામ જમીન તેઓએ ફરીને જોઈ પણ તુરકીઓમાથી કોઇને પણ એ બાબેની અસર થયલી તેમને જણાઈ નહી ત્યાર પછી અનુભવી લોકો એકમેક સાથે વાત કરવા લાગ્યા કે "હવે એ લડાઈની બાબદમાં નદીને

---

૧ એ આખો બાબ લખેલી નકલમાંથીજ મલ્યો છે છાપેલી નકલમાં એ બાબદ નથી.

ઓલંગવી ઘટતી નથી હવે આપણને એજ કરવું ઘટે છે કે બામદાદ પડતાં આપણે સઘલાઓ પાદશાહના પાયતખ્ત તરફ પાછા ફરીએ તથા શાહજાદાને વિષેની ખબર પાદશાહને કરીએ અને જોઇએ કે તે નામદાર શું જવાબ દે છે. જો પાદશાહ આપણને લડાઈ કરવાનો તે વખતે હોકમ આપશે તો આપણે પવન વેગે લશકરને અત્રે પાછું લાવીશું અને કીનો લેવાને માટે જીહુન નદીને ઓલંગી જઇશું તથા તુરાનીઓના લોહીની નદી વેહેતી કરીશું" આથી તેઓ ઘોડા ઉપર જીન બાધવાને ઉઠયા અને ઇરાન જમીનનો રસ્તો ધરવાની તૈયારી કીધી તે પેહેલવાનો તથા તમામ લશકર ગમગીન બનીને તે પાદશાહ આગલ જડપથી આવી લાગ્યા ત્યારે કેઆની પાદશાહ કાઉસ તે સારે પગલેના મુબારક બેટાની બાબદથી વાકેફ થયો ત્યારે તેની કમર તે શાહજાદાને ગેરઇનિસાફ કીધાથી એકી વખતે તુટી ગઈ નેહેમ્ત સોહાબેહ ત્યાંથી ગુમ થઈ ગઈ જેહાનમા કોઇએ પણ એવો અજબ બનાવ જોયો હતો નહી

રૂસતમે જાલની આગળ કાઉસ પાદશાહની ફરીયાદ કીધી તે વિષે.[1]

પેલી તરફથી જ્યારે તેહેમતને કાઉસની એ વાત સમજી ત્યારે તે ઘણો ગુસ્સે થયો તે પોતાની આંખોને આંસુથી ભરેલી બનાવીને જાબુલ ગયો અને જાલને કહયું કે 'ઓ પેહેલવાન! તે બુરી મનશાનીના બુરા સખ્શે (યાને કાઉસે) શું કીધું છે તે તું શું હજી જાણતો નથી? તેણે મને લશકરની વચે પાણી ઉતાર કીધો છે અને ઘણા નાલાયક સખુનો બોલી મારી સાથે કજીયો કીધો છે તે ગુસ્સા સાથે બોલ્યો કે 'તું અત્રેથી ચાલી જા હવેથી તુસ મારા લશકરનો સરદાર બનશે' મે તેને માટે શું શું કીધું હતું અને તેને માટે મેં કેટલી મુશકેલીઓ ઉઠાવી હતી તે તો તું જાણે છે તેને માટે તો હું ભારી ગુરજને મારી ગરદન ઉપર ઉઠાવીને માજનદરાન ગયો અને ત્યાનાં તમામ સરદારોને મે મારી નાખ્યા મે વલી પેલા બુરા નસીબના સફેદ દેવને પણ મારી નાખ્યો અને તેને મે ખુશાલી સાથે પાછું તખત આપ્યું તથા ગેવ, ગોદરેજ અને તુસને તથા તેના લશકર, રનશી ગડાં તથા ઢોળને તેને પાછાં લાવી આપ્યાં એ સઘલા સરદારોને માજનદરાંનની જમીન વેરાન બનાવીને હું ઇરાનમાં લાવ્યો આ સઘલાં મારાં કામોનો હાલમાં મને તેનાથી સારો બદલો મલ્યો છે. તેની જે આદત હતી તેજ રેહેશે" જાલે તેને જવાબ

---

૧ એ આખો બાબ લખેલી નકલમાજ છે

દિધો કે " તેના માથાંમાં જરાએ ફીકર નથી. જેહાનમાં તારા જેવો કોઈપણ નથી. હવે પછી આપણે કાઉસને માટેનો ગમ રાખશુ નહી, તથા તેનો કે તેના તખતનો કે તેના કામોના આપણે વિચાર કરીશુ નહી તુ લશકર, ગુરજ, કમાન અને તીરના ધરાવનાર છે તો તેના આવા કજીયાને માટે શું કરવા દરકાર રાખે છે તુ તારે તારા પેહેલવાનો અને સરદારોની સાથે ખુશાલી ભર્યો રેહે કારણ કે માજનદરાન સિવાય બીજી વખતે પણ કાઉશને તારૂ કામ પડશે ત્યા જઈને તુ જોશે કે ઇરાનીઓ ઉપર તુરાનીઓ અને દુશમનોથી શુ શુ આવી પડયુ હશે " રૂસતમ ત્યા કેટલાક દિવસ રહયો તેટલામાં એકાએક જેહાનને દીપાવનારી એક બામદાદે એક શખ્સ પવન વેગે ત્યા આવી લાગ્યો અને રૂસતમના હાથમા એક નામુ આપ્યુ તેમાં લખ્યુ હતુ કે " સરદાર સિયાવક્ષ પોતાના નામદારો અને ત્રણ હજાર સ્વારો સાથે તુરાન તરફ જતો રહયો છે તેની ઉપર તેનો બાપ કાઉસ ગુસ્સે થવાથી તેણે અફ્રાસીયાબની આગળ જતો રેહેવાને તુરાન તરફનો રસ્તો લિધો છે " જ્યારે રૂસતમે એ ખબર સમજી ત્યારે તેણે એક થડી હાએ મારીને પોતાના માથાં ઉપર ધુલ ભરી, કારણ કે તે તેને પોતાના જીવ કરતા પણ વાહાલો ગણતો હતો, અને પોતાના એક નાના બેટાની માફક પોતાની છાતી સાથે દાબેલો રાખતો હતો તે બોલ્યો કે " અફસોસ ! મારી સઘલી મેહેનત તથા પેહેલવાની અને ખજાનો એ સઘલુ ફોકટમા ગયુ છે જ્યારે તુ જતો રહયો છે અને તુરાન તરફ જલદિથી જઈ લાગ્યો છે તો તેથી લશકરનુ અને ઇરાન જમીનનું પાણી બધાઇ ગયુ છે હુ શુ કહુ ? તે બુરા પાદશાહનો ખવાશ એક એવુ ઝાડ છે કે જેના ફળ સાપના જેવા ઝેહેરી છે " પછી તેણે જાલને કહયુ કે " ઓ પેહેલવાન ! બોલ, શુ ઉટાવળે હુ તુરાન જઇને તે શાહાજાદાને તુરાનમાથી પાછો લેઈ આઉ ? કારણ કે ઇરાન તથા કાઉસ પાદશાહ તે શાહજાદા વગરના રહેવા જોઈએ નહી " ત્યારે જાલ પેહેલવાને પોતાના બેટાને જવાબ આપ્યો કે " હરેક કોઈ શખ્સ જેવુ વાવે તેવુજ પામે છે ઉચુ આસમાન તેના માથા ઉપરથી એવી રીતે ફરે છે કે જેથી તેની ઉપર તુરાનીઓથી નુકશાંન આવી પડશે જો તુ તેની આગળ જશે તો તે બે સાંપો (કાઉશ અને અફ્રાસીયાબ) જાબુલસ્તાન તરફ કીનો લેવાને આવી લાગશે માટે જો અફ્રાસીયાબ તે શાહાજાદા સાથે બુરાઇ કરશે તો તે તુરાનથી પોતાના બાપ આગળ પાછો આવતો રહેશે ત્યાં દરેક બાજુએથી દુશમનોનેજ જાનાવો આખરે તે જમાનાથી કાયર બનશે. "

રૂસતમે સીયાવક્ષની ઉપર તુરાનમાં એક નામું લખ્યું તે વિષે. [1]

જ્યારે તેણે જાલથી એવો જવાબ સમજ્યો ત્યારે તેણે કાઉસ પાદશાહનો બેટો સીયાવક્ષ કે જે દુસમનોના આસરા હેઠલ ગયા હતો તેને માટે રૂદન કરીને તેની ઉપર એક નામુ લખ્યુ તેણે લખ્યુ કે "ઓ શાહજાદા! ઓ બાહદુર! ઓ સરદાર! તારૂ નસીબ તારા શેહેનશાહ બાપને હાથે હજીપણ ખુલ્લું થજો. તે હલકે હાથે કરીને તારી ઉપર સીતમ હારી લિધો છે અને તુ પોતાને જાદુ વચ્ચે અને અઝદાહના દમની વચ્ચે તુરાન તરફ ખેચી લઈ ગયો છે તે લાજ વગરનો પાદશાહ કાઊસ તુરાનમા આવશે, કારણ કે તે તારા વગર હાય અફશોસ કરતોજ રહેશે અગરજો જે કોઈના ઉમેદીને સબબે ઉતાવલો બનીને અઝદાહની આગળ જાય તો તે કદીપણ તેનાથી છુટકારો પામે નહી જો તુ મારી સાથે એકમત થયલો દેખાશે તો હુ પોતે તારે માટે કીનો લેવાને ત્યાં આવશ હું મારાં ખંજરવડે તુરાનીઓનો નાશ કરશ અને નવેસરથી એક લડાઈ કરશ તેઓના તમામ બાયડી છોકરાંઓને ખુવારેહાલ અને બંધીવાન કરશ અને જુવાન તથા બુટાઓને બંધીવાન તરીકે હુ પકડી લાવશ શુભ અને બુરા નસીબના અફરાસીયાબનુ ડોકુ હુ કાપી નાખીને ઈરાન લેઈ જવશ" તે નામું લખાઈ રેહેતાજ એક કાસદ તે લઇને ભપકાથી શાહજાદાની તરફ ગયો તે કાસદ પવનવેગે શાહજાદા આગળ આવી લાગ્યો તેને જોતાજ સીયાવક્ષ બોલ્યો કે "અરે! મને તે પેહેલવાને યાદ કીધો છે" તે કાસદે પેહેલવાનનુ નામુ લેઈ જઇને સીયાવક્ષને આપ્યુ અને તે જવાને તે લેઇને વાચ્યુ તે અફરાસીયાબને વિષેના આવા સખત સખુનોથી ઘણો દુખી થયો અને પોતાના તાજ તથા તખતને માટે પુશકળ રડયો તેણે જાલ તથા રૂસતમને ઘણા યાદ કીધા અને પોતાના અંતકરણમાથી હાય મારવા લાગ્યો ઈરાન વિષેના ગમ કરતા તેનુ દિલ લોહીથી ઉકલતુ બન્યાથી તે રડીને બોલ્યો કે "ઓ માર્ગના દેખાડનારા પરવરદેગાર! અરાફ્સીયાબ આવો તારીફને લાયકનો પાદશાહ છે તે છતાં રૂસતમ મારે લિધે તેના ઉપર વગર ફોકટનો કીનો લેવા ચાહેછે જો કે હુ બુરાઈથી આટલો બધો દૂર છુ તે છતા તકદીરની કલમથી જે બનવાકાલ હશે તે બન્યા વગર રેહેવાનુ નથી "જ્યારે અફરાસીયાબે તેને દરથી આ પ્રમાણે રડતાં દિઠો ત્યારે તેણે પોતાની નજદિકમા તેને માટે બેસવાની જગ્યા કીધી અને તેને

---

૧ એ આખો બાબ લખેલી નકલમાથીજ મલ્યો છે. છાપેલી નકલમા એ બાબ નથી

પુછ્યું કે "ઓ હુનરમંદ બેટા! તુને શું થયું છે? કે એ પ્રમાણે તુ રેતીના દાણા જેવો બની ગયો છે શું તુ તુરાનીઓથી દલગીર થયો છે? અથવા તો શું તારૂં દિલ ઇરાનીઓની તરફ ખેંચાયુ છે?" તખતની તરફથી યાને અફ્રાસીયાબ તરફથી પુછાયલા સવાલનો સીયાવક્ષે કાંઈ જવાબ જોયો નહી કારણ કે તેણે તે ઉંધાં નસીબના પાદશાહને બુરી કરણીનો જોઈ લીધો હતો તેણે હામાવરાનને પુશકળ શ્રાપ દિધા કારણ કે સોદાબેહને લીધેજ તે પોતાના દોસ્તોથી છુટો થયો હતો તોએ તેણે એ વાત પાદશાહ અફ્રાસીયાબને કહી નહી, પણ પોતાનાં દિલમાં છુપાવેલી રાખી બુલંદ આસમાનની રીત એવીજ છે તે એક હાથે તાજ આપે છે અને બીજે હાથે કામો નાખે છે ભાગ્યશાલી અને નેકબખત તેજ કે જે અક્કલ ધરાવે, અને જેહાનના કામને આલખે જેહાનમાં તે કોઇને દુખ દે નહી અને પોતાની હાલત એવી છે એમ કોઇને કહે નહી હાલે તુ આ એક ઓરત (સોદાબેહ) ની ચાલને જોઈ લે કે જેથી તુ એવી ઓરતો તરફ જરાપણ વખાણ સાથે જોય નહી જેહાનના બનનારે સીયાવક્ષના જેવો કોઇપણ શાહજાદો આપ્યો નથી અને હવે પછી આપશે પણ નહી, છતા સોદાબેહે બેહોતાન જોડીને તેનો કેવો નાશ કીધો તેણીની ઉપર તથા તેણીના તાજ અને તખતની ઉપર શ્રાપ હોજો ઓરત અને અઝદાહ એ બંધે ધુલ તળે ડટાયલાજ ભલાં છે એ બંધેથી જમીનની સપાટી સાફ થાય એજ સારૂં તુ એક ઓરતની તારીફ કરે તેના કરતાં એક કુતરાની તારીફ કરજે, કારણ કે એક કુતરો સો પરહેજગાર ઓરતોના કરતા બેહેતર છે ફીરદોશીના આ સખુનો તુ યાદ રાખજે કારણ કે એ સીવાયની બીજી વાત જરાએ દિલને પસંદ પડતી હોતી નથી

પીરાને પોતાની બેટીને સીયાવક્ષની સાથે પરણાવી તે વિષે.

એક દહાડો સીયાવક્ષ અને પીરાન સાથે બેસીને કેટલીક વાતો કરતા હતા તે વખતે પીરાને તે નામદાર મુગ માદેના શાહાજાદા સીયાવક્ષને એ પ્રમાણે કહ્યું કે "આએ જમીન ઉપર અને આ દેશમા તુ એક એવો શખ્સ છે કે કોઈપણ તારીથી ચટતો થઈ શકે નહી [1] તારી ઉપર પાદશાહની એટલીબધી તો મેહેરબાની છે કે તે પોતાની સુવાની જગ્યામાં તારૂં નામ જીભ ઉપર લેઇને સુવે છે એમજ જાણ કે તુ પોતે તેની આગળ એક સુંદર વસંતની મોસ-

---

૧ એ બેતનો તરજુમા લખેલી નકલ મુજબ કીધો છે.

મના જેવો છે, તેની આગળ તું જેમ એક ચીત્રના જેવો છે તેમજ તું તેનો ગમ ભુલાવનાર પણ છે. તુ પાદશાહ કાઊશનો પુશકળ હુનર ધરાવનાર બેટો હોવાથી તારૂં મોટાઇ સાથનુ માંથુ ચદ્ર સુધી પુગ્યુ છે તારો બાપ બુઢો છે અને તુ જવાન દિલ ધરાવે છે. માટે તુ ધ્યાન પોહોચાડ કે જેથી તું કેઆની તાજ ભોગવવાથી રડી જાય નહી તુજ ઇરાન અને તુરાનને લાયકનો પાદશાહ છે, અને પાદશાહોની વચે તુ ચાલાકીથી ભરેલો એક યાદગારી જેવો છે માટે તું તારાં દિલને આએજ મુલક ઊપર લગાડીને અત્રેજ તારૂ વતન બનાવ, કારણુ કે તું ઘણોજ ચાહાવા અને લાડ કરવાને લાયકનો છે ૧ તુ અત્રેના કોઇનો પણ લોહીનો ખેશી તરીકે નથી તે છતા તારી ઉપર પાદશાહની એટલી-બધી મેહેરબાની શા માટે છે ? તેથી તુ તુરાનમાજ રેહેવાને લાયક છે તારા જેવો સાથી હુ મેલવી શકનાર નથી વળી અત્રે તારૂ કાઇ ભલુ ચાહાનાર પણ નથી, અને પેલા બાગમાંના ફુળની દાંખલી માફક તુ ભાઇ, બેહેન કે ઓરત ધરાવતો નથી. માટે તુ તારે લાયકની એક ઓરત જોઇ કાઢ અને ઇરાનને માટેનુ તારૂ દુખ તથા તારા ગમને ભુલાવ કાઉસના મોત પછી ઇરાન તેમજ બાધુરોનુ તાજ અને તખત પણ તારૂજ બનશે જેહાનના પાદશાહ અફ્રાસીયાબના જનાનખાનામા ત્રણ ચદ્રના જેવી બેટીઓ જવેહેરાત સાથે છુપાયલી રહેછે. જો ચદ્ર તેઓને રસ્તામાં જાય તો તે પણ પોતાની આખ તેઓ ઉપરથી ખસાડે નહી વળી કરસીવજના જનાનખાનામા પણ ત્રણ બેટીઓ છે કે જે-ઓની ઓળાદ તેઓના માયબાપથીજ ઉતરેલીછે તેઓ પણ ફરીદુનની નબી-રીઓ અને પાદશાહની સગીઓછે તેઓ પણ તાજ અને પડવી ધરાવનારી છે તેથી જો તારૂ દિલ ચાહાતુ હોય તો તેઓની તરફ તુ નજર કર, કે જેથી તારી પાદશાહની સાથે લોહીની સગાઇ બધાય મારા પોતાના જનાનખાનામાં પણ ચાર નાહાની બેટીઓ છે તેઓમાંથી જો કોઇ તુને પસદ પડે તો તેને પણ તુ તારી ગોલામ ગણજે તેઓમાંની વડી બેટી જરીરેહ તો ખુબસુરત ઓરતો વચે કોઇપણ હરીફ ધરાવતી નથી જો તારો વિચાર તેણી માટે હોય તો, તે તારી ગોલામ છે અને તે તારી આગળ તારા નોકર માફક રેહેશે " સીયાવક્ષ બોલ્યો કે, " તુ મને તારા ફરજદ માફક ગણે છે તેથી હુ તારો ઉપકાર માનુ છુ ખુબ-સુરત ઓરતોમાથી જરીરેહ મારે લાયકની થડેછે તારાં ઘેર સાથે હુ સગાઇ કરૂ તો તે વધારે સારૂ ગણાય તેણી મારા જીવ અને શરીરને પ્યારી લાગશે, તેથી તેણી શિવાય એ બાનુઆના મડળમાથી હુ કોઇ બીજીને માંગતો નથી. તેણીને મને સોપીને તો તુ મારા માથા ઉપર ઉપકાર કરે છે, માટે જ્યાંસુધી હું જીવસ ત્યાંસુધી હુ તેણીનો હક દુબાડશ નહી " આથી પીરાન સીયાવક્ષની

---

૧ લખેલી નકલમા એ બેત વધારે છે.

આગળથી જતાંજ જડપથી ગુલ શેહેરને ૧ જઇ મલ્યો. ગુલશેહેરે તેને પુછ્યુ કે "ઓ નામદાર! મને કેહે કે તુ એટલો બધો ખુશી શાને માટે છે?" પીરાન બોલ્યો કે "ઓ ભલી ઓરત! હું તો અનજુમન વચે ઉચે દરજ્જેનો બન્યો છુ, તો તે માટે હુ આજે શા માટે ખુશી નહી થાંઉ? કેબાદનો નબીરો (સીયાવક્ષ) આપણો જમાઇ થયો છે" તેણી બોલી "કે ત્યારે તો તું ભપકાવાલા ગરદનના ઉઠાવનાર સીયાવક્ષની સાથે જરીરેહનુ કારજ કર" પછી ગુલશેહેરે પોતાની બેટીને તેડી લાવીને તેણીના માંથા ઊપર એક તાજ મુકયું અને તેણીને રેશમી કપડાથી, દીનારથી, સુના અને દીરમથી તથા તરેહવાર કપડા અને મુગધીથી ખુશનુમા નશતની માફક સગારી અને રાત્રે તેણીને તે શાહાજાદાની નજદિક મોકલી તે નવા પાદશાહની સાથે તેણીની સગાઇ કરવા માટે તેણીને એક નવા ચદ્રની માફક તખતની ઉપર બેસાડી સિયાવક્ષ માટે પીરાને મોકલેલા ખજાનાનો તથા જવેહેરાતથી જડલાં સુનાનાં તખતનો કોઇ પણ હીસાબ કરી શકતુ હતુ નહી સિયાવક્ષ જરીરહેનો ચેહેરો જોતાંજ ખુશી થયો અને હસીને ખુશાલી દેખાડી તે રાતે અને દિવસે તેનાથી ખુશ રેહેતો અને તેના દિલમાં કાઉસની યાદ થતી હતી નહી એ પ્રમાણે વળી જમાનો આગળ વધવા લાગ્યો અને દરેક કામમાં સિયાવક્ષનુ નસીબ વધવા લાગ્યુ વખત જતે તે અફરાસીયાબની નજદીક તેની આબમા, દરજ્જામાં, અને આબરૂમાં વધારે અને વધારે વધવા લાગ્યો

અફરાસીયાબની બેટી ફરંગીસ બાબે પીરાને સીયાવક્ષને કેટલીક વાતો કહી તે વીષે.

એક દિવસે તે અશો પીરાને સીયાવક્ષને કહયુ કે, "ઓ પાદશાહ! તુ જાણે છે કે તુરાની રયતનો પાદશાહ પોતાના તાજને આશમાનની ટોંચ ઉપર પુગાડે છે તુ રાત અને દિવસ તેના પ્રકાશતા આત્માના જેવો છે અને તેનું દિલ, જીવ, સુદ્ધી અને શકિત તારાથીજ છે માટે જો તું તેના લોહી સાથે સગાઇ કરશે તો તારા દરજ્જામા દર પળે વધારો થશે. તુ તેની આગળ હમેશાં રેહેવા ચાહશે તો તેથી તેનો વિશ્વાશ તારી ઉપર મજબુત થશે ૨ મારી બેટી ગમે એટલી તારી ઓરત ગણાય તોપણ મને હજી તારે માટેનો વધતો ઓછો ગમ રહે છે એ જરીરેહ તુને ઘરેણાં જેવી કીમતી લાગતી હોય તોપણ ફરંગીસ આ અનજુમન વચે એક તારા સમાન છે હુ એમ કેહેવા

---

૧ 'ગુલશેહેર' એ પીરાનની બૈરીનું નામ છે.

૨ એ બેત લખેલી નકલમા વધારે છે.

માંગતો નથી કે તારો ચેહેરો તેણીના દિલને આરામ આપનારો નથી અને એમ કેહેવું મને ઘટતુ પણ નથી ? પણ મારે એમ કેહેવુ જોઇએ કે જ્યાં સુધી આ મોટી દુન્યા છે ત્યા સુધી તુને ત અફ્રાસીયાબની આગળ વાહાલા તરીકે રેહેવુ જોઇએ છે ? તેથી જો તુ પાદશાહની દામનમાંથી કાંઇ ગોહર સોધે (યાને તુ પાદશાહની બેટીને પસંદ કરે) તો તેમ કરવુ તારે માટે વધારે લાયક ગણાય તેની ખુબસુરત બેટીઓ વચે ફરંગીસ ર સૌથી સરસ છે અને જેહાનમા એવા ચેહેરા અને બાલવાલી તુ કોઇને પણ જોશે નહી તેણી ઉ-ચાઇમાં સીધા સરોવરનાં કરતા પણ સુંદર છે અને તેણીના માથાં ઉપર કાલી કસતુરીવાલા વાલનુ તાજના જેવુ ઢાકણુ છે તેણીના ચેહેરાને તુ ચંદ્ર-ની સાથેજ સરખાવી શકે,-જો કે તે ચંદ્રને તો કાલા બાલનાબે જુલફા પણ છે તેણીના દેખાવ કરતાં તેણીમાં ચાલાકી અને અક્કલ વધારે છે તેણી અક્ક-લનીજ પુજા કરનારી છે તેથી તુરાનીઓમાંથી તેણી સિવાય બીજી કોઇપણ તારા સાથી તરીકે રેહેવાને તથા તારી સાથે દમ લેવાને (યાને સાથે રેહેવાને) લાયક નથી માટે તારે અફ્રાસીયાબની પાસેથી તેણીની માગણી કરવી ઘટારત છે એવી પુતલી તુને કાશમીર અને કાબુલમાથી પણ ક્યાં મલશે ? મોટા દરજાનો તે પાદશાહ તારો સગા થયાથી તારો દમામ અને ભપકાનો જલકાટ વધશે તેથી જો તુ મને ફરમાવે તો એ વિષે પાદશાહની સાથે હુજ વાત કરૂં અને તેની નજદિકમા તારે માટેની એ રીતે આબરૂ સોધુ " સીયાવક્ષે પી-રાન તરફ શરમદીથી જોયુ અને બોલ્યો કે " પરવરદેગારનો હોકમ છુપો રેહેવો જોઇએ નહી જો આસમાનનો એવોજ વિચાર હોય તો તે આસમાનનો ભરમ જાણવાની કોઇનામા શક્તિ નથી તોપણ મારે માટે તો જરીરેહજ બસ છે અને તેણી સિવાય હુ બીજી કોઇને માગતો પણ નથી હું કાંઇ ત-ખત અને મોટા દરજાનો ગોલામ નથી, તેથી મને સુરજના જેવી ઓરત કે ચલકતું તાજ કાંઇ જોઇતુ નથી હમો (યાને હુ તથા જરીરેહ) ભલાં અને બુરાં કામ સાથેજ કરીશુ અગરજો મારૂ બુરૂં થતુ હોય તોપણ હુ તેણી સિવાય બીજી કોઇને માગતો નથી " પીરાન બોલ્યો કે "જરીરેહનુ કામ હું પોતે કરશ માટે તું તેને માટેનો ગમ ખાવાથી દૂર રેહે હુ તેની આગળ એ બાબેનો ખોલાશો કરશ અને તેણીની મરજી સાથે એ કામ તરફ હુ તેણીનું મન ફેરવશ એ કામ નાલાયક હોય તોપણ તેમાં તારૂજ સારૂ થાય છે એમાં કાંઇ નુકશાન નથી પણ ઊલટો તેમા તુને ફાયદોજ છે " સીયાવક્ષે જવાબ

૧ એ બેત લખેલી નકલમા વધારે છે

૨ અફ્રાસીયાબની એ બેટીને બુનદેહેશ (બાબ ૩૧, ફ૦ ૧૮) મા 'વીસ્પાન-ફ્રયાન' ને નામે ઓલખી છે.

દિધો કે ઓ અકકલમંદ બુઢા શખ્સ ! જે કાંઇ બનવાકાલ હોય તો તેને માટે વાત કરવી ફોકટ છે આસમાન તારે તાબે છે તો તું જેમ ધારતો હોય તેમ તારી ખાહેશ મુજબ કર કારણ કે હુ ઇરાન જઇ શકવાનો નથી તેમજ વલી કાઊશનો ચેહેરોપણ ફરીથી જોવાનો નથી વળી મને ઉધારી મોટો કરનાર દસ્તાનને તથા તેહેમતન કે જે મારે મનથી ખુશનુમા વસંતના જેવો છે તેને તથા બેહેરામને અને શાવરાનના જગેહને તથા એ સિવાય બીજા નામદારો અને બાધુરોને હું ફરીથી જોઇ શકવાનો નથી મને તેઓના ચેહેરાઓ મારી યાદદાસ્તમાંથી ભુસારી નાખવા પડેછે અને તુરાનમાંજ મને મારૂ વતન કરવું પડે છે, ત્યારે તો તે પ્રમાણે તું કર અને એ કારજ તુજ કરી આપ. પણ એ વાત તું જમીનને પણ ખાનગી રીતે કેહેતો ના અગરજે મારૂ નસીબ મારી ખેરખાહી કરતું હશે તો તે પાદશાહ સાથની સગાઇ કરવામાં પણ મદદ આપશે ' ૧ એટલું બોલીને અ તકરનથી હાય મારતાં તેણે પોતાની આંખો આંસુથી ભરી નાખી પીરાને તેને કહ્યુ કે "અકકલ ધરાવનારા અનુભવી માણસો વખતને અનુસરતું કામ કરે છે ફરતાં અસમાનથી છુટી શકાતુ નથી કારણ કે તેનાથીજ મારામારી, સજા અને દયા છે જો કે તું ઇરાનમાં દોસ્તો ધરાવતો હોવા છતાં તું તેઓને પરવરદેગારને સોંપીને અત્રે આવ્યો છે. હવે તારૂં બેસવુ અત્રે થયુ છે અને તારી નિશાણ અત્રે રહી છે તોપણ ઇરાનનું તખત તો તારાજ કબજામાં છે" એટલુ કહીને તેની મરજીથી થોડો ઘણો વાકેફ થતાંજ તે તેની આગલથી જવાને ઉઠયો

પીરાને સીયાવક્ષને માટે અફરાસીયાબની બેટી ફરંગીસની માંગણી કીધી તે વીષે.

ત્યાંથી પીરાન ખુશાળી ભર્યો પાદશાહની દરબારમાં આવ્યો અને ત્યાં ઘોડા ઉપરથી નિચે ઉતરતાંજ તેને માટે અંદર દાખલ થવાને રસ્તો મોકલો કરવામાં આવ્યો અફરાસીઆબ આગળ આવતાંજ તે થોડો વખત મુગો ઉભો રહયો ભલા વિચારના સરદાર અફરાસીયાબે તેને પુછ્યું કે "તું એવો કેમ બન્યો છે ? મારી આગળ આવીને તુ મને કેહે કે મારી પાસેથી તું જેહાનમાંની એવી કઇ ચિજ માંગે છે ? તુ શાનો વિચાર કરે છે ? મારૂ લશકર અને ખજાનો તો તારી પાસેજ છે તુજ મને થોડો ઘણો ફાયદો પોહોંચાડનારો છે. જે શખ્સ (યાને સીયાવક્ષ) હાલે મારાં બંદીખાનામા બંધ પડેલો હતે કે જેને

---

૧ લખેલી નકળમા એ બેત વધારે છે.

છુટો મુકવામાં મને દુખ લાગતે અને નુકશાંન પુગતે તે તો મારા ગુસ્સાથી અને મારા ફાંડામાથી છુટો થયો છે તારે લિધે મેં મારા આગલા કજીયાને હવાને સોંપી દિધો છે ત્યારે હવે મારી પાસેની થોડીઘણી ચિજો જેવી કે તલવાર, મોહર, તખત અને તાજ છે તેમાંથી તું શું માગે છે? તારે જે માંગવું હોય તે મારી પાસે માગી લે" અકકલમંદ પીરાને તેને એવો જવાબ દિધો કે "તારી પાસે જેહાન કદી પણ હાજત વગરની રેહેતી ના મારી હાજત મારા પોતાને ખાતર નથી તારા દરબારીઓમાનુ કોઇપણ મોહોતાજ રહ્યું નથી મારી પાસે માલમીલકત, ખજાનો અને લશકર પુશકલ છે અને તારી પુનાઇથી વલી હુ તલવાર, તાજ, અને તખત પણ ધરાઉ છું હું તો સીયાવક્ષની તરફનો એક લાંબો પેગાંમ તુ પાદશાહના કાનમા ખાનગી રીતે પુગાડવા માંગું છુ તેણે મને કહ્યુ છે કે તુ તુરાની પાદશાહ આફ્રાસીયાબને જઇને કેહે કે હુ હવે ખુશાલ દિલનો અને નામના સોધનારો બન્યો છુ તેં મને તારી આગળ એક બાપની માફક પાલ્યો છે અને એ રીતે મારા નસીબને તેં ખુશાલીથી પ્રજવંત બનાવ્યું છે, તેથી તુ એજ રીતે હાલે મારી શાદી પણ કરી આપ, કારણ કે હુ સારી યા માઠી કોઇપણ ચિજથી બેગરજ છુ તારા જનાનખાનામા મારા મેહેલ અને મારાં તખતને લાયકની એક બેટી છે, જેને તેની માય ફરંગીસને નામે બોલાવે છે, તેને લાયકનો જો હું ઠરતો હોવું તો તેથી હું ઘણો ખુશી થવશ" આથી અફ્રાસીયાબનો જીવ ઘણો વિચારમાં પડયો. પછી તે પોતાની આંખોમાં આસુ લાવીને બોલ્યો કે "મેં એ બાબદ ઉપર તો અત્યાર આગમચનો વિચાર ચલાવ્યો છે પણ એ વાતને હું મલતો થતો નથી એક હુશીયાર માણુસ કે જેની અક્કલજ તેનો જીવ હતો અને તે મોટી વિચાર શકિત ધરાવતો હતો તેણે મને એ પ્રમાણે કહયું હતું કે 'સિંહના બચાંની પરવરશી કરનારા ઓ દાઇના જેવા પાદશાહ! તારા જીવની એ ઉમેદ ફળતી નથી તે માટે તું શા સારૂં દુખી થાય છે? તું કોશેશ કરીને હજી તેને હુનરમંદ બનાવ, કારણ કે તુ વગર ફળનો હતો તો તેનાથી હવે તું ફળદાર બનશે' પેહેલાંતો હુ કે જે હાલે તેનુ પાલણ કરનાર બન્યો છું તેનેજ પકડવાને માટે લડવાના જોસ સાથે આવ્યો હતો બીજુ એ કે નજુમી લોકોએ બાધુર લોકોની હાજરીમાં તેના બાપ આગળ સેતારાઓની ચાલથી તેને માટે ગણતી કરી એવી આગાહી કીધી હતી કે 'તુર અને કએકોબાદની તોખમથી ઇનશાફથી ભરપુર એક પાદશાહ જનમશે' વળી તે અનુભવી માણસોએ તે મારા નબીરાને વિષેની ઘણી અજાયબીઓ ખુલ્લી પાડી દેખાડી છે કે 'તે નબીરો મારાં માથાંનો ખજાનાનો, તખતનો, અને લશકરનો તથા મારા મુલકો અને મારાં રાજ્યનો તમામ નાશ કરશે. જેહાનમાં હુ તેના હાથમાંથી કેઠે પણ

છુટકારો મેલવશ નહી તે મારો તમામ મુલક લેઈ લેશે અને તેનાં કાંમથી મારાં માથાં ઉપર બુરાઇ આવી પુગશે ' હાલે સીયાવક્ષના એમ કેહેવાડયાથી ફરતું આસમાન શું ભરમ ધરાવે છે તેની ખાતરી થાય છે આએ તુરાની અને ઇરાની બંધેની તોખમથી જે પાદશાહ જન્મે તે જેહાનને પોતાના કબજામાં લીએ અને તેનાથી તુરાનની સરજમીન કે એક તણુખલુ પણ બચે નહી પેહેલાં તે મારાજ તખત તરફ હાથ લબાવે, તેથી હાથે કરીને મારે એવું ઝાડ શું કરવા રોપવું જોઇએ કે જેના ફળ ઝેહેર ધરાવનારાં અને પાતરા દંખવાલા બને કાઉસ અને અફરાસીયાબની તોખમથી તો આતશ તેજી ભરેલો બને અને પાણીમાં મોજા ઉછલે જો સીયાવક્ષ ઇરાનમાં પાછી મેહેરબાની પાંમે તો હું નહી ધારતો કે તે બીજી વખત પોતાનો પાક ચહેરો તુરાન તરફ લાવે ત્યારે હું શાને માટે શકમદ રેહીને ઝેહેર ચાખુ ? સાંપને વગર ફોકટનો દંખવા દેવો જોઇએ નહી તેથી જ્યાંસુધી એ અત્રે રેહેશે ત્યાંસુધી તે એક મારા ભાઇની માફક ગણાશે જ્યારે તે અત્રેથી ઇરાન તરફ પાછો ફરશે ત્યારે હું તેને ભલાઇ સાથે વિદાય કરશ હું તેને તેના બાપની આગળ નેકી સાથે પુગાડશ કે જેમ કરવું પરવરદેગાર પણ પસંદ કરશે " પીરાને જવાબ દિધો કે "ઓ પાદશાહ ! એ કામ માટે તું તારાં દિલને દુખી ના કર, નજુમીઓના કેહેવા ઉપર તું જરાપણ ઇતબાર ના રાખ તું તારે અકકલ પકડીને સીયાવક્ષનું કામ પસંદ કર, સીયાવક્ષની બુંદથી જે કોઇ જન્મ પાંમશે તે ડાહાપણવાલો, ચાલાક અને થોડું બોલનારો નિવડશે એ બે ખાનદાનના જોડાનથી એક એવો પાદશાહ જન્મવોજ જોઇએ કે જે પોતાના માથાંને સુરજ સુધી પુગાડે, તથા તે ઇરાન અને તુરાનનો પાદશાહ બને અને તે બેઉ મુલકોને લડાઇથી કરાર ભોગવતા બનાવે ફરીદુનની તથા કએકોબાદની તોખમથી વધારે પ્રકાશીત બીજી કોઇ તોખમ થશે નહી જો આસમાન એવોજ કાંઇ ભરમ ધરાવતુ હોય તો એવો વિચાર કરવા કરતાં તારો પ્યાર તેના તરફ તારે વધારવો જોઇએ જે કાંઇ બનવા કાલ હશે તે તો ખરેજ બનવાનું અને ઘણો પણ અટકાવ કરવા છતાં જે વધવાનુ હશે તે ઘટવું થનાર નથી તારા ધ્યાન પુગાડવાથી એ કામ મુબારક નિવડશે અને તું તારાં નસીબને જે પુછશે તેનો જવાબ મલશે " આથી તે પાદશાહ બોલ્યો કે "તારા વિચાર આગળ બુરાઇ ફાવી શકતી નથી હું તારી મરજી અને વિચાર પ્રમાણેનોજ બોલ કરશ માટે તુ અત્રેથી જઇને જે કાંઇ કરવા માગતો હોઇ તે ખુશી સાથે કર " આથી પીરાને તેને વાંકો વલીને નમન કીધુ અને તેના ઉપર ઘણીક દુવા કરીને તે ત્યાંથી પાછો ફરયો. પછી તેણે જડપથી સીયાવક્ષ આગળ ભપકા સાથે જઇને જે કાંઇ બન્યું હતુ તે વિસ્તારીને કહયું તેઓએ આખી રાત ખુશાલી સાથે બેસીને ગુજારી અને દારૂથી જીવના ગમને ધોઇ નાખ્યો.

સીયાવક્ષના ફરંગીસ સાથે નેકા કરવામાં આવ્યા તે વીષે.

જ્યારે ફરતાં આસમાન ઉપર સુરજે સુનાની ઢાલની માફકનુ પોતાનું માથું બાહાર કાઢયું ત્યારે સપેહસાલાર પીરાન પોતાની કંમર બાંધીને એક જડપ ચાલના ઘોડાની ઉપર બેઠો તેણે સીયાવક્ષના મેહેલ તરફનો રસ્તો લિધો અને ત્યાં તેના દમામથી ઘણીક તારીફ કરીને તેને કહયુ કે "તુ હવે પાદશાહની બેટીની પરોનાગત કરવાની તૈયારી કર જો તું મને હોકમ આપતો હોય તો તેણીની ચાકરી કરવાને હુંજ લાયક ગણાવશ માટે તેણીની ચાકરી કરવાને હું કંમર બાંધુ છુ " સીયાવક્ષનુ દિલ આથી દલગીર બન્યુ, કારણ કે તે તેનો જમાઇ થતો હોવાથી અને તેણે તેનીજ બેટીને દિલ અને જીવ અર્પણ કીધેલા હોવાથી તેને પીરાન આગળ શરમ લાગી તે બોલ્યો કે, "જા અને જેમ તુ ચાહાતો હોય તેમ કર તું જાણે છે કે મારો ભરમ તારાથી છુપો નથી " એમ સમજતાંજ પીરાન ઘેર તરફ ગયો અને એ કામ જડપથી પાર પાડવાને માટે ઉલટથી મંડયો. પીરાને અસબાબવાળા ઓરડાની કુચી પોતાની વડી ઓરત ગુલશેહેર કે જે વખાનને લાયક અને રોશન આત્માની બાનુ હતી તેને સોપી હતી માટે તે નામદારના ખજાનામા જે કાંઈ હતુ તેમાથી તેઓએ કસબી વનતના ચીનાઈ કાપડના હજાર તાકા પસંદ કીધા તથા પોખરાજની તબકો તથા ફીરોજની જાંમોને ઉંચી કસતુરીથી અને ચોખાં અગરથી ભરી કાઢી પાદશાહી મોતીઓ જડેલા બે તાજ તથા બે હાર, એક સાકળી તથા બે કાનમાં પેહેરવાના ઘરેણા તથા ગાલીચાઓથી લાધેલા છ ઉટ, કસબી પોશાકના ત્રણ તાકા જે ઉપરની ભોંય સુનાથી તમામ રાતી બનાવી હતી અને તેના ઉપર કેટલી જાતના જવેહરાતો જડી લિધા હતા તે, તથા ત્રીસ ઉટ ભરીને સુના અને રૂપાની રકાબીઓ તથા પારસી પોશાકો, એક સુનેરી તખત અને ચાર સુનેરી ખુરશીઓ, પોખરાજ જડેલા ત્રણ સુનેરી જોડાઓ, સુનેરી ટોપીસાથની ત્રણ હજાર દાસીઓ તથા પોતાના નજદિકના બેસીઓમાંથી સો બેરણ ઓરતો અને બસો સુનેરી પોશાક સાથના ગોલામો એ સઘલુ તૈયાર કીધુ. તુ કેહેશે કે જાણે તે સામાનથી મેહેલમા ચાલવાની જરાએ જગ્યા પણ રહી હતી નહી વલી સો ખુમચા ભરીને કસતુરી તથા સો ખુમચા ભરીને કેશર લેઇને ગુલશેહેર પોતે પણ પોતાની બેટીઓ સાથે ત્યા ગઈ તેઓ પાદશાહી કપડાથી ટાંકેલી એક સુનેરી પાલખી સાથે લેઇને તે સામાન લેઈ જનારી ટોલીની સાથે ત્યાંથી ગઈ ફરગીસની ઉપર

નેસાર કરવાને માટે તે બાનુઓ પોતાની સાથે એક લાખ દીનાર પણ લાવી હતી. એ સઘલી ચિજો ફરગીસની નજદિક તારીફ ભરી જબાન સાથે લેઇ જવામાં આવી ગુલશેહેરે જમીનને બોસો લેઇને કહ્યુ કે "તુ શુકર શેતારો હવે સુરજ (યાને સીયાવક્ષ) ની જોડી બની છે માટે તમો તમારાં લગન થવાની જગ્યાએ આસ્તેથી અને ઘટતી મુબારકબાદી સાથે પધારો "

પેલી તરફથી પીરાન અને અફ્રાસીયાબે પણ તે બેટીને પોતાના રેવજ પ્રમાણે અને પોતાની દીન તથા તરીકાના કાનુન પ્રમાણે સીયાવક્ષ સાથે પરણાવવાને ઉતાવલે તૈયારી કીધી તેઓએ એ લગન માટે સાક્ષીઓ રાખ્યા અને ત્યાની સરત અને વચન પ્રમાણે તે લગન કરવામાં આવ્યાં પછી પીરાને જડપથી ગુલશેહેર ઉપર એક પેગામ મોકલ્યો કે "તુ ફરગીસની આગળ જડપથી જા અને તેણીને હવે શાહાજાદાની આગળ પુગાડી દે તુ ફરગીસને આજ રાતે તે શાહજાદાના નજદિક આવ્યાની ખુશ ખબર આપજે અને તેના સુવાના તખતને તારા જેવા ચદ્રથી સોભા પામતુ બનાવવાને કેહેજે એમ કહીને તેણીના કસ્તુરી જેવા કાલાં માથા ઉપર ફુલોનો સગાર કરીને જલદીથી તૈયાર રાખજે " એ પ્રમાણે ફરગીસ ચાંદરાતના ચાદની માફક તે તાજના પેહેરનારા નવા પાદશાહ આગળ ગઈ ત્યા ફરગીસ અને તે શાહાજાદો સુરજ અને ચદ્રની માફક એકમેકની સાથે બેસવા અને રેહેવા લાગ્યા તે સુરજ અને ચદ્રનો સાથે મેલાપ થતાજ તે બંનેના દિલ એકમેકની સાથે બધાયા જ્યારે સીયાવક્ષે ફરગીસનો ચેહેરો જોયો અને તે ચદ્રના જેવીને માથાથી તે પગ સુધી તપાસી ત્યારે તેને તેનુ કદ સગેવરના જેવુ લાગ્યુ અને ચેહેરો ચદ્રના જેવો લાગ્યો તેણીના બે કાળા જુલફા તેણીના ખભા ઉપર લટકતાં દેખાયા અને તેણીના બે ગાળો ચાદની માફક દીપક આપતા જણાયા તેણીની બે આંખો બામદાદના સેતારાના જેવી લાગી અને તેણીનુ મોટુ મોતીના જેવા દાતોથી ભરેલુ જણાયુ તેણીના હોઠ તેને અકીકની માફકના જણાયા તુ પણ તેણીને માટે કેહેશે કે જાણે તેણી શુકર સેતારાનોજ જોડીઆ હતી તેનુ મોઢુ અને હોટ મોતીના જેવા સખુનો વરસાવતા હતા તેણીની દરેક વાતમા મોતીના જેવીજ અસર જણાતી હતી ખુબીમા તે ફરેશતા જેવી અને પમરાતમા અબર જેવી હતી. તે દયાળુ દિલની અને માયાલુ જીવની હતી તેનામાં કાઈપણ ચિજની ખોડખાપણ હતી નહી તુ કેહેશે કે જાણે તેણી બેહેસ્તની એક હુરીજ હતી સીયાવક્ષ જ્યારે સુરજના જેવો દિસ્તો ત્યારે તેણી નવ રાતના ચદ્રના જેવી લાગતી હતી. એ રીતે તે સુરજ અને ચદ્ર પ્યારથી એકમેક સાથે રેહેવા લાગ્યાં તેઓ એવાંતો અરસપરસ ખુશાળી ભર્યાં રેહેતા કે દરપળે તેઓની મોહોબત વધતી અને વ-

ધતી જતી એક અઠવાડયું સુધીં ખુશાલીને સબબે પક્ષીઓ અને મછીઓ (યાને તમામ જેહાન) ઉધાયાં નહી તથા કોઈ પણ શખ્સ ઉધાનો જણાયો નહી એક નાકેથી બીજે નાકે સુધીની જમીન ખુશાલીથી અને રામશગરોના અવાજથી બાગના જેવી બની રહી એ રીતે એવી રીતના કામમાં એક અઠવાડયુ પસાર થઈ ગયુ પછી પાદશાહે ઘણીએક ચિજો જેવી કે અરબી ઘોડાઓ, ગાયઢોરો તથા વળી હથીયારો, લડાઈની તોપીઓ, ગુરજો, કમ દો, પૈસા અને દીરમની હેલીઓ તથા પેહેરવાના કપડાનાં પુશકલ તાકાઓ વિગરે ચિજો સીયાવક્ષને આપવાને માટે તૈયાર કીધી

અફ્રાસીયાબે સીયાવક્ષને એક મુલક ભેટ આપ્યો અને તે પોતાના મુલકમાં ફરવા નિકળ્યો તે વિષે.

અફ્રાસીયાબે પોતાની જમીનમાંથી ચીનના દરીઆ સુધીની જમીન કે જે સઘલી નામીચા શેહેરો ધરાવતી હતી અને જે મુળકની લંબાઈ સો ફરશંગની અને પોહોલાઈની તો હદ હતી નહી તે બાબેનુ ખત એક રેશમી કપડાંના ટુકડા ઉપર લખવાને ફરમાવ્યુ અને કેઆની રસમ મુજબ તે મુલકની સઘલી પાદશાહી તેને સોંપી દિધી પછી તેણે તે ખત એક સુનેરી તખત અને સુનેરી તાજ સાથે સીયાવક્ષના મેહેલમાં મોકલી આપ્યુ ત્યારબાદ જે કોઇ નજદિક અથવા દરથી તે લગનમાં ભાગ લેવાને આવ્યા હતા તેઓને માટે જીયાફ્તને સારૂ એક દીવાનખાનુ તૈયાર કીધુ તેણે ખાનુ પકાવવા અને દારૂ પીરસવાને બાવરચીઓને રોકયા તેઓ ત્યાંજ ખાતાપીતા હતા અને ત્યાથી ગમે ત્યારે પાછા જતા હતા તેઓ ખાતા હતા તેમ ખાવાનુ પોતાને ઘેર લેઇ જતા હતા. ૧ કેટલોક વખત સુધી તેના મેહેમાનો ખુશાલી સાથે રહયા તેણે બધીખાનાના બધ દરવાજા ખોલી નાખ્યા (યાને બધવાઓને છોડી મુકયા) તેના મેજબાનો તેનાથી ખુશ રેહેતા હતા અને તે પોતે પણ ખુશ રેહેનો હતો ૧ ધારા પ્રમાણે તે મેહેલમાથી પાછા ફરતા સઘલા મેહેમાનો તે ઓહોલા મેહેલમાં જતા હતા ૨ અને સઘલા લોકો સીયાવક્ષને દુવા દેતા હતા કે "તારૂ તાજ અને તારી મોહોર જાવેદાન સુધી ચાલુ રેહેજો ૨ જ્યાં સુધી આએ જેહાન છે ત્યા સુધી તું જીવતો રેહજે અને સુરજની માફક હમેશા પ્રકાશતો રેહેજે ૨ જ્યારે સીયાવક્ષ પોતાના મેહેલમા આવ્યો ત્યારે શપેહસાલાર પીરાન તેની આગળ ગયો. ૨ અને બોલ્યો કે "તારી ઉપર જેહાન હમેશા ખુશાલ રેહેજો અને જમાનો તારી નજદિકી સોધનારો બનજો" ૨

---

૧ એ બેતના તરજુમા લખેલી નકલ મુજબ કીધા છે.

૨ લખેલી નકલમા એ બેત વધારે છે.

આઠમે દિવસે સહવારના પોહોરમાં સીયાવક્ષ પેહેલવાન પીરાનની સાથે પાદશાહની નજદિક આવ્યો અને તે બધે જણાએ તેની ઉપર દુવા કીધીકે "ઓ જેહાનના મેહેરબાન પાદશાહ! જ્યાસુધી આ જેહાન છે ત્યાં સુધી તારૂ શરીર જાવેદાન જલવાયલુ રેહેજો અને જમાનો તારો હમેશનો ગોલામ થજો તારૂં સઘલુ કામ રામશની ભરેલુ અને ખુશાલી ભરેલુ થજો અને તારા સમાગમથી બદ લોકોની નજર દુર થજો ૧ તમામ જેહાનમાં તારા જેવો કોઇ પાદશાહ નથી અને તારી આગલથી પસાર થવાનો જેહાનને માટે રસ્તો પણ નથી મારે માટે તે ઘણી મેહેનત લિધી છે અને મેજમાની આપતાં સારા અને નરસાં કામો સાથે તે તારા દાહાડા પસાર કીધા છે" ૧ પછી તેઓ ત્યાથી ખુશાલી સાથે પોતાના રાજ્ય તરફ પાદશાહની પુશકલ યાદ કરતા ગયા એ પ્રમાણે વળી જ્યારે સીયાવક્ષના ઇનિશાફ અને દયા સાથનાં રાજ્ય અમલ ઉપર ફરતાં આસમાન તરફના કાંઇપણ દુઃખ વગરનુ એક વર્ષ પસાર થયુ ત્યારે પાદશાહની તરફથી એક ખેરખાહ ખેપીઓ સીયાવક્ષની આગળ આવ્યો અને બોલ્યો કે "ઓ નામદાર સરદાર! પાદશાહે તારી ખબર પુછાવી છે અને કહયુ છે કે જ્યારથી તુ ગયો છે ત્યારથી તુ મારૂ દિલ પણ ચોરી લેઈ ગયો છે તોપણ વળી તે પાદશાહ તું તારા રાજની ઉપર સૌથી સરસ અમલ ભોગવે તે પશંદ કરે છે (તેણે કેહેવાડયુ છે કે) મે તુને અત્રેથી તે ચીનના દરીઆ સુધીની જમીન બક્ષેશ કીધી છે માટે તું તે જમીન ઉપર એક ફેરો ફરી આવ અને તે મુલકને જોઇ આવ તે શેહેર એવુ છે કે જ્યાં તુ આરામ ભોગવશે અને ત્યાં તારા વિચારોને અમલમાં મુકી શકશે અને તારી સઘલી ખાહેશો ત્યાં પાર પડશે. માટે તુ ખુશી સાથે ત્યાં જઇને રેહે અને તારાં દિલને ત્યાં એક પળ પણ ખુશાલી વગરનુ રાખતો ના" સીયાવક્ષ તે કાસદનું કેહેવું સમજી ખુશી થયો અને તેણે ઢોલ તથા રંણશીંગડાં વજાડવાનો હોકમ કીધો અને મુશાફરીનો સરસામન બધાવ્યો આથી મુસાફરી માટે તેના ખજાના સાથે લશકર, હથીયારો, મોહરો અને તોપીઓ લેઇ જવામાં આવી પરદામાં રહેતી ઓરતોને ત્યાં લેઇ જવા માટે ઘણીએક પાળખીઓ તૈયાર કરવામાં આવી ફરગીસને તે પાલખીમાં બેસાડવામા આવી અને સામન લાઢી લશકરને પણ કુચ કરાવવામાં આવી પેહેલવાન પીરાન તેની આગલથી પાછો ફર્યો નહી પણ તેણે પોતાની લગામ પણ સીયાવક્ષનેજ સોંપી તેઓ ખુશાલી સાથે ખોતન ૨ શેહેર તરફ ગયા જ્યાના સઘલા નામદારો તેઓને ભેટવાને ત્યાં એકઠા થયા કારણકે પીરાન તે શેહેરનો શરદાર હતો અને ત્યાં તે

૧ એ બેત લખેલી નકલમા વધારે છે

૨ 'ખોતન' એ તારતરીના મુલકના એક શેહેરનું નામ છે. એ શેહેર ચોખી કસ્તુરીને માટે વખણાય છે.

દુશમનીનો હીસ્સો ભોગવ્યા વગર રેહેતો હતો. સીયાવક્ષ એક મહીનો સુધી પીરાનનો મેહેમાન રહ્યો કારણકે તેમ કરવાનુ તેણે તેને વચન આપ્યું હતું. ત્યાં પાદશાહ સીયાવક્ષે એક દિવસ પણ ખાણીપીણી વગરનો ગુજાર્યો નહી તેઓ ઘડીકમાં દારૂ અને વાજીંત્રની મજાહ ભોગવતા તો ઘડીકમા તેઓ શેકારે જતા હતા પછી તે મહીનો પુરો થતા મરઘાને વાશવાના બામદાદ વખતે કુચ કરવાને માટે ઢોલના અવાજ નિકલ્યા ત્યાંથી સીયાવક્ષ પોતાની પાદશાહીવાલા મુલકમાં ગયો પીરાન તેની આગળ ચાલ્યો અને લશકર તેની પુઠે ચાલ્યુ ત્યાંના મુલકના અને શેહેરના લોકોને તેના આવ્યાની ખબર થતાજ ત્યાંના બુજોર્ગ લોકો પોતાના શાહાનશાહની નજદિક મલવાને આવ્યા તેઓએ ઉલતમા આવીને પોતાની મરજી મુજબ ત્યાના રેવાજ પ્રમાણે તે મુલકને સ ગાર્યો તે રાજમા ખુશાલીના પોકારો ઉઠી રહ્યા જેથી તુ કેહેશેકે જાણ જમીનજ આસમાનની સાથે સીધી ફરતી હતી તથા લોકોના પુશકલ પોકારો અને સરનાઇના અવાજથી તુ કેહેશે કે જાણે જમીનનુ દિલ ધ્રુજતુ હતુ તેઓ એક આબાદીવાલા અને ઘણુંજ ખુશનુમાં મકક ઉપર આવી લાગ્યા તેની એક બાજુએ દરીઓ અને બીજી બાજુએ પાહાડ આવેલો હતો અને એક બાજુએ લોકોની વસ્તીથી દુર એક શેકારવાલી જમીન હતી ત્યાની હવા ખુશનુમા અને જમીન ઝાડપાનોથી રંગીન હતી ઝાડપાનની ભરતથી ત્યાની જમીન ગોયા વાઘના ચામડાના જેવી લાગતી હતી ત્યા પુશકલ ઝાડપાનો અને વેહેતા ઝરાઓ હતા તેવી જગ્યામા રહેવાથી એક બુઢાનુ દિલ પણ જુવાન બની જતુ હતુ તેથી સીયાવક્ષે પીરાનની સાથે વાત કરવાને જબાન ખોલી કે " આએ તારા મુલકની જમીન ઘણી મુબારક છે અત્રે હુ એક ખુશનુમાં જગ્યા બનાવવા માગુછુ કે જે જગ્યાની ખુશાલીથી મારૂં દિલ પણ ખીલી રહે હુ અત્રે એક મોટુ શેહેર ઊભુ કરશ અને તેમાં બાગબગીચા, દીવાનખાના અને મેહેલો બનાવશ મારા રેહેવાના મેહેલને ચંદ્ર સુધી પુગે એવો ઉંચો બનાવશ તે જગ્યા મારાં તાજ અને તખતને લાયકની (યાને રાજધાની શેહેર તરીકે) બનશે " પીરાને તેને જવાબ દિધો કે " ઓ ભલા વિચારના શખ્સ ! આ ઠેકાણે એક જગ્યા બનાવવાનો તુને વિચાર આવે છે તો તુ મને હોકમ આપ અને જેમ તારી ઇચ્છા હોય તેમ ચંદ્રને પુગે એવી ઉંચી જગ્યા હુ બનાવશ એ જમીન અને ત્યાનો ખજાનો મારો ગણાય એવું હુ ઇચ્છતો નથી આએ ત્રણપાંચ દિવસના મુસાફરખાના જેવી દુન્યામાં જમીન તથા વખત એ સઘલુ હું તારે માટેજ ધરાઉછુ હુ અત્રે એક મોટુ શેહેર બાધીશ કે જેમા પુશકલ દીવાનખાનાઓ અને મેહેલો બનાવવામાં આવશે " ૧ સીયાવક્ષે તેને કહયુ કે " ઓ નસીબવંતા શખ્સ ! મોટાઇવાલાં ઝાડની ઉપર

૧ લખેલી નકલમા એ લીતી વધારે છે.

ફૂલ લાવવાની તું તૈયારી કર. આવો ખજાનો અને આવી ભલાઇ મને તારીથીજ મલી છે. દરેક ઠેકાણે હુ તારીજ મેહેનતને પેહેલી જોઉછુ. હું આએ મારી જગ્યામાં લોકો અજબ થાય એવુ એક શેહેર બનાવશ " જ્યારે તેઓ તે ખુશનુમાં જગ્યાથી ખુશી થયા ત્યારે સીયાવક્ષ પોતાના દિલમાં કાંઇ છુપી ગોઠવણ કરવા લાગ્યો. ૧ તે ખુશનુમા અને દીલને ખુશાલી આપનારી જગ્યાથી સીયાવક્ષ જેમ અજબ થયો તેમ પીરાન ખુશી થયો.

સીયાવક્ષે કંગદેઝનો કીલ્લો બાંધ્યો તે વિષે.

પછી પાદશાહ સીયાવક્ષે નજુમીઓને પુછયું કે " હું અત્રે એક શેહેર બનાવવા માંગુ છું એ શેહેરથી મારો દમામનો અને નસીબનો વધારો વર્ષો સુધી ચાલુ રહેશે? ૨ તે મને લડાઇને વખતે કામ આવનારૂં બનશે?" સઘલા નજુમીઓએ તે જમીનના પાદશાહને એક અવાજે જવાબ દિધો કે " એ જગ્યાનુ સેવટ કાઇ ઘણુ મુબારક નથી." તેઓ એક અવાજે તેની આગળ આસમાન તરફની બુરી કરણીથી આફતના વરસવા માટે બોલવા લાગ્યા ૧ અને કહયુ કે " આખરે તારો દાહાડો એવો બરગસ્તે આવશે કે પરવરદેગાર તરફથી તારૂં નસીબ કાલુ બનશે " ૧

હવે હુ તારી આગળ આએ દાસ્તાનના દરવાજા ખુલ્લા મુંકુંછુ અને બાસ્તાન નામામાંથી એક લાયક વાત કહુ છું. ઘણી અજાયબી સાથનુ હું તુને એક દાસ્તાન કહીશ કે જેનાથી તુ તારા બીજા વિચારોને થોભાવી શકશે. હું તારી આગળ સીયાવક્ષના કગદેઝ ૩ વિષેની વાત કરવા માંગુંછું કે જે શેહેર

---

૧ લખેલી નકલમા એ બેત વધારે છે

૨ એ બેતનો તરજુમો લખેલી નકલ મુજબ કીધો છે.

૩ કંધદેઝના કીલ્લાને અવસ્તામા ' કંઘ ' ને નામે ઓલખ્યો છે અને પેહેલવી બુન દેહેશમા ' કંધદેઝ ' ને નામે ઓળખ્યો છે અફરાસીયાબે જ્યારે સીયાવક્ષને મારી નખાવ્યો ત્યારે ઈરાનીઓ તેના વેરમાં તુરાન ઉપર ચઢાઈ લાવ્યા હતા. આવાં-યશ્ત (ફ ૫૩-૫૪) મા જણાવ્યા મુજબ તે વખતે તુસ પેહેલવાને અરદવી સૂરની આરાધના કરતા એવુ માગ્યુ હતુ કે તેઓ કગદેજના કીલ્લાના ' ક્ષથ્રો-સુક ' નામના સૌથી ઉચા દરવાજા આગળ તુરાની ' વએસક ' (ફીરદોસીનો વેસે) ના છોકરાઓને મારનાર થાય આ તુસની મુરાદ અરદવી સૂર બર લાવી હતી. પણ વએસકના બાહુર છોકરાઓએ એજ કગદેઝ આગળ એજ યશ્તમા જણાવ્યા પ્રમાણે અરદવી સૂરની આરાધના કરીને તેણી આગળ તેઓએ તુસને હરાવવાની અને ઈરાનીઓનો નાસ કરવાની મુરાદ ચાહી હતી પણ તેઓની એ મુરાદ અરદવી સૂર બર લાવી હતી નહી. એ કીલ્લો અશો સીયાવસે બાંધ્યો હતો અને ત્યાં સીયાવક્ષની સાથે ગયલા ઈરાનીઓ

અને તેમો હેવાલ ઘણો જુનો છે. તે સાહેબ કે જેણે જેહાનને પેદા કીધી છે તથા જેણે તેની સાથે જાહેર તેમજ છુપી વાતોને પણ પેદા કીધી છે તેના ઉપર આફ્રીન હોજો. હસ્તી અને નીસ્તીનો ચાલુ રાખનાર તેજ સાહેબ છે. દરેક ચિજની જોડી હોય છે પણ ખોદાતાલા ફ્કટ એકજ છે તેનો કોઇ દોસ્ત અથવા તો તેનો કોઇ શિક્ષક નથી તેની આગળ મુશ્કેલીભર્યા કામો કાંઇ બીસાદમાં નથી. ૧ માટે તું તેના શિવાય બીજા કોઇને જેહાનનો પેદા કરનાર કેહેતો ના અને તેના સિવાય બીજા કોઇને જાહેર તથા છુપા તરીકે ગણતો ના ૧ હુ તેના પેગમબર ઉપર તથા તેના દરેક દોસ્તોની ઉપર એ પ્રમાણે દુવા કરૂછુ જ્યારે જેહાન સાચા લોકોથી ખાલી થાય છે ત્યારે તુ અત્રે શોભવાની ખાહેશ કરતો ના પેલા શાહાનશાહોના તાજ સાથના માથાઓ કયાં છે? પેલા પ્યારા અને નામીચા પેહેલવાનો કયાં છે? પેલા તાજ અને તખતના ધરાવનારા બુજોર્ગ લોકો કયાં છે? ફ્તેહમંદ નસીબવાલા પેલા ત્યાગાનો કયા છે? પેલા નામીચા હકીમો અને ભરમ જાણનારાઓ કયાં છે? મેહેનત લેઇને વાંચી અભ્યાશના કરનારાઓ કયાં છે? નાજુકાઈ અને શરમ સાથની પેલી ખુબસુરત પુટલીઓના જેવી ઓરતો કે જેઓ સારી સારી વાત કરનારીઓ અને નરમાશથી બોલનારીઓ હતી તેઓ કયા છે? પેલા સાધુઓ કે જેઓનુ રેહેઠાન પાહાડો ઉપર હતુ અને જેઓ આરામ, ઇચ્છા અને નામદારીને તર્ક કરીને બેઠા હતા તેઓ કયાં છે? પેલા આસમાનની સાથે માથાને ઘસનારા નામદારો કયાં છે? પેલા સિંહો સાથે લડનારાઓ કયાં છે? તે સઘલાઓ ઇતરડીને તકીઆ બનાવી ખાકમા ડતાયલા છે જેઓએ નેકી સિવાય બીજુ કાઇ પણ બી વાવ્યું નહી હોય તેઓજ ખરા ભાગ્યસાલી આપણે ખાકમાંથી બનેલાં છીએ અને પાછુ ખાકમાંજ ડતાવાનુ છે દુન્યાની સઘલી જગ્યા ધાસ્તી, ગમ અને દેહેશત ઉપજાવનારી છે. તમામ જેહાન ભરમ ધરાવનારી અને મોજેજા દેખાડનારી છે. ત્યારે આપણ સઘલાઓનો હીસ્સો તમામ ગફ્લતીનોજ શા

નસ્તા હોવાથી એ કીલ્લાને પાઝંદમા 'કંઘદેઝ અશોઆન' યાને અશો લોકોના કંઘદેઝને નામે ઓલ્ખયો છે. બુનદેહેશ (બાબ ૨૯ ફ–૫) મા જણાવવા પ્રમાણે એ કીલ્લામા પાછલથી અશો જરથોશ્તના બેટા ખોરશેદચેહેર અને પેશોતનનુ રેહેઠાન હતું. એજ કેટાબમા (બાબ ૨૯, ફ–૧૦) જણાવ્યા પ્રમાણે એ કીલ્લાનુ મઠક ખોરાસાનની તરફ ફરાખોકનત (વોઉરૂકશ) દરીઆથી થોડાક ફરસંગ દુર આવેલુ જણાવ્યું. છે કંઘદેઝ શેહેર સીયાવસે બાંધ્યુ હતુ અને એમ બહુમનયશત (બાબ ૩, ફ૦ ૨૫) ઉપરથી પણ માલમ પડે છે એ કંઘદેઝ શેહેર કયા આવ્યુ છે તે જણાવતા મીનોખેરદ (બાબ ૬૨) મા જણાવ્યુ છે કે કંઘદેઝ ઈરાનવેજની પુર્વ દીશાની સમહદની નજદિકમાં આવેલો છે.

૧ લખેલી નકલમાં એ બેત વધારે છે.

માટે રેહેવો જોઇએ ? (ફીરદોશી પોતાને માટે કહે છે કે) જ્યારે તારી ઉમ્મર, છાસઠ વર્ષની થઈ છે તો કાંઇ ઉપાય સોધ અને ચઢતી પડવી મેલ્લવવાથી, અને મેહેનત કરવાથી તુ દુર રહે. તેં જેહાનમાં લાંબી જીંદગી ભોગવી છે, અને તારી આગળથી તારા ઘણા સાથીઓ ગુજરી ગયા છે તું તો ચાલી જશે પણ જેહાનતો લાંબો વખત રેહેવાની છે માટે જે કાંઈ દેખઈતુ છે તેને તું ભરમ તરીકે શુ કરવા ગણી લે છે ?

વળી તુ આએ બાબદ સાથે પણ મલતો થશે નહી (યાને ખરી માનશે નહી) બાસ્તાન નામાનું આ એક દાસ્તાન તું સમજ જ્યારે પેલા નામદારોથી જેહાન ખાલી થઇ છે ત્યારે તુ વધારે ઉમર ભોગવવાનુ તાજ શા માટે માથાં ઉપર મુકવા ચાહે છં ? તે નામદારોથી તમામ જેહાન આબાદ હતી કારણકે તે વખતે જેહાનમાં ઇનશાફ હતો બોહોલી જેહાનમાં પેલા ખજાના, તાજ, દીવાનખાનાઓ અને મેહેલો માટેની શા માટે આશા રાખવી જોઇએ ? હવે તુ મારીથી કંગદેઝનું દાસ્તાન સમજ અને એ વાત સમજવામાં તુ મારો સાથી થા તે કીલ્લાને સીયાવક્ષે બાંધ્યો હતો અને તે બાંધવા પાછલ તેણે ઘણી મેહેનત લિધી હતી તે કીલ્લો ચીનના દરીઆથી એક મહીનાના રસ્તા ઉપર બાંધ્યો હતો કે જે વખતે તે જમીન કાંઇપણ નામ ધરાવતી હતી નહી (યાને વેરાન હતી) ચીનનો દરીઓ પસાર કરતાંજ એક બ્યાબાન જગ્યા આવે છે ત્યાં તુ એક મોટુ પાણી વગરનુ મેદાન જોશે જ્યારે તુ તે પસાર કરી જશે ત્યારે તુંને એક આબાદ શેહેર જણાશે કે જે શેહેર માણસના વસવાટને લાયક ગણાય છે ત્યાર પછી ત્યા તું એક ઉનચો પાહાડ જોશે કે જેની ઉચાઈ શુ અને કેટલી તે તુ ધારે તેથી પણ વધારે છે. એ પાહાડને ત્યાંના શેહેરીઓની સાથે તુ પણ કંગદેઝને નામેજ ઓલખ કે જેથી તારી અક્કલને નુકશાન પુગે નહી તે કીલ્લાનો અને પાહાડનો ઘેરાવો સો ફરસગનો હતો. તે કીલ્લાની ઉંચાઇએથી જોવાથી આંખને પણ તમર આવી જતા હતા. તુ ગમે તે બાજુએથી ઉપર જવા માંગશે તોપણ તે કીલ્લા ઉપર ચઢવાનો રસ્તો મલશે નહી તુ ગમે તેટલા ફેરા તેની આસપાસ ફરી આવશે પણ રસ્તો એકનો એકજ જણાશે તે કીલ્લાની નજદિકનો બત્રીશ ફરશંગ સુધીનો રસ્તો ઘણોજ સાંકડો હતો અને તેની આ અને પેલી બાજુએ ફરતી પથરની દીવાર હતી તે કીલ્લાની પાચ ફરશગની વેગલાઇએથી અગરજો પાંચ માણુસજ લડવાને બાહાર પડે તો તેઓની આગળથી એક લાખ માણસોનું ભાલા અને બખતર સાથનુ ઘોડેસ્વાર લશકર પણ પસાર થઈ શકે નહી. તે કીલ્લાની આગળથી પસાર થતા તુને તમામ બાગબગીચાઓથી ભરેલું તથા મેદાન અને મેહેલોવાલુ મોટા વિસતારનું એક શેહેર જણાશે. તુ

તમામ શેહેરમાં ગરમ અને થડા પાણીના ઝરાઓ અને નદીઓને વેહેતાં જોશે અને દરેક ઘેરમાં ખુશાલી, રંગરાગ, અને સુગધ માલમ પડશે તુ ત્યાંના તમામ પાહાડોની ઉપર શેકારો અને જગલોમાં હરણોને જોશે જો તું તે શેહેરમાં જાયતો ત્યાંથી ખસવાને પણ માગે નહી તીતરો, મોરો અને ભમતા ફરતા રાણી મરઘાઓ પાણી આગળથી પાહાડોની તરફ ઉડી જતા જણાશે. ત્યાં ગરમીના વખતમાં ગરમી કે થડીના વખતમાં થડી મુદલ જણાતી નથી. સઘલે ઠેકાણે ખુશાલી, આરામ અને ખાણીપીણીજ ચાલુ રહે છે. તે શેહેરમાં તું કોઇને પણ બીમાર જોશે નહી ત્યાંનો એકેએક બાગ બસ જાણે બેહેસ્તનોજ બાગ જણાશે. ત્યાંના પાણી નિરમલ અને સ્વાદમાં મીઠાં છે અને ત્યાંની જમીન ઉપર હંમેશાં વશતનીજ રૂતુ રહે છે જો તુ તે શેહેરની લંબાઈ અને પોહોલાઇ માપે તો તે ત્રીસ પારસી 1 ચોરસ માઇલની જણાશે તે પાહાડની ઉંચાઈ દોઢ ફરશંગની છે અને તે ઉપર ચઢતાં માણસ થાકીને લોઠ થઈ જાય છે. ત્યાંની બાજુમાં એક જગલ જણાય છે કે જેના જેવી વધારે સુંદર જગ્યા કોઇએ પણ જોઈ હશે નહી સીયાવક્ષનુ ત્યાં જવુ થવાથી તેણે ત્યાં આ સઘલુ જોયુ અને તેથી તેણે તુરાન જમીનની એ જગ્યાને એ શેહેર બાંધવા માટે પશદ કીધી એ શેહેર બાંધીને તેણે પોતાના શરીરને નામદારી ભરેલું બનાવ્યુ વળી તેણે તેમા એક દીવાલનો વધારો કીધો કે જે દીવાલ પથર, કોરી અને નકર સુના વડે બનાવવામાં આવી હતી અને તે ઉપર જડેલાં જવેહરાતનું આપણે નામ પણ જાણુતા નથી. તે દીવાલની ઉચાઈ સો ફીટથી પણ વધારે હતી અને તેની પોહોલાઈ પાત્રીસ ફીટની હતી. તે દીવાલની ઉપર મુનજનીક નામના હથીયારની કે તીરની અસર થતી હતી નહી. તુએ તે દીવાલને કાંઇપણ કરીને જોવી જોઇએ કારણકે જ્યાં સુધી તે દીવાલને કોઈ નજરેનજર જોય નહી ત્યાં સુધી તેને માટેનું બ્યાન કરનારને તુ જુઠો માની ગુસ્સે થાય બુજોર્ગી, તખત અને તાજ ભોગવવાને માટે તે જગ્યાને બનાવવા પાછલ પુશકલ મેહેનત લેવામાં આવી હતી. તે જગ્યાને એવીતો દિલને ખુશ કરનારી બનાવી હતી કે તેની વચ્ચે તે કીલ્લો પણ ખુશનુમા લાગતો હતો તેમાં તેણે મેહેલો, મેદાનો અને દીવાનખાનાએ બનાવ્યાં હતાં અને પુશકલ ઝાડો રોપાવ્યા હતા એ પ્રમાણે તેણે એક બેહેસ્તના જેવી જગ્યા તૈયાર કીધી અને તેમાં ગોલાબ, નરગેશ, સમબુલ, અને ગુલલાલાના ઝાડો રોપાવ્યાં તેમા સીયાવક્ષને માટે જે કાંઈ કરવાનુ ઘટતું હતું તે કરવામાં આવ્યુ અને એક ખુબી સાથની ઇમારત બાંધવામાં આવી

---

1 પારસી ચાને પારસી શેહેરની રીત મુજબનું માપ.

સીયાવક્ષે પીરાનની સાથે જમાનાથી જે કાંઇ બનવાનું હતું તે બાબેની વાત કીધી તે વિષે.

એવું બન્યુ કે એક દાહાડો ડાહયો સીયાવક્ષ પોતે વીસેહ ખાનદાનના પેહેલવાન પીરાનની સાથે એ જગ્યા કે જે જોવાથી કોઇ બુઢો માણસ પણ જુવાન થઈ જતો હતો તે જોવાને માટે ગયો તે જગ્યા ખુશાલી આપનારી, ખુશનુમાં, ખુબસુરત અને સણગાર પાંમેલી બની હતી અને દરેક ઠેકાણે ખજાનો અને સામન ભરેલો દેખાતો હતો શાહાનશાહોની રેહેવાની જગ્યા, બુજોર્ગોના મેહેલો, મોટી પડવીવાલા શખ્સોની હવેલીઓ એ સઘલું ઘણું પસંદ કરવા જોગ લાગતુ હતુ જ્યારે તેઓ તે ખુશનુમાં જગ્યામાંથી પાછા ફર્યા ત્યારે સીયાવક્ષ પોતાના દિલમાનાં છુપા ભરમો વિષેનો વિચાર કરવા લાગ્યો. તે નજુમીઓની ઉપર મનમાં ચીરડાવા લાગ્યો અને તેમ તેનું દિલ દુખી અને આંખો આસુથી ભરેલી બની તેથી તેણે ઘોડાની લગામ ધીલી મુકી દેઇને પોતાની આંખોમાંથી આંસુઓ પાડવા માંડયાં પીરાને તેને પુછયુ કે “ઓ પાદશાહ! તુને શુ થયુ છે કે તુ એટલો બધો ગમગીન બન્યો છે?” સીયાવક્ષે તેને જવાબ દિધો કે “બુલંદ આસમાને મારાં દિલને દુખથી ભરેલુ અને મારા જીવને ગંભીર બનાવી દીધો છે કારણકે મેં ગમે એટલો ખજાનો ભેગો કીધો છે તથા આ મેહેલો અને મીલકતોને સણગારી મુકી છે તે સઘલુ આખરે દુશમનને હાથ જવાનુ છે અને ફરતુ આસમાન મને પોતાના પગની નિચે કચડી નાખવાનુ છે જ્યારે આએ જગ્યા સણગાર પાંમીને ખુશનુમા બની છે ત્યારે હવે બુરાઓ તરફની બદી મારી ઉપર દરેક બાજુએથી આવી પડશે[૧] કારણકે કંગદેઝના જેવી જેહાનમાં કોઇ પણ જગ્યા નથી અને આવો ખુશનુમા કીલ્લો બીજો કોઈ નથી. નેકીનો પોહોંચાડનારો પરવરદેગાર મારો દોસ્ત છે અને તેનાથી હુ અકકલમંદ અને ખુલેલાં નસીબનો બન્યો છુ મે આવો એક કીલ્લો બનાવ્યો છે કે જેની ટોચ પરવીન સેતારા સુધી પુગી છે હાલે હુ આએ મેહેલનો ઉપયોગ કરૂછુ અને તેની ઉપર હુ પુશકલ સણગાર કરાઉછુ પણ જ્યારે એ સણગાર પાંમેલી જગ્યા ખુશનુમા બનશે અને દરેક ઠેકાણે સામન ગોઠવેલો દેખાશે ત્યારે હું ઘણો ખુશી રહી શકશ નહી કારણકે એજ મેહેલમાં કોઈ બીજોજ આવીને બેસશે. તેથી હુ કે મારા ફરજંદો ખુશી રહી શકશુ નહી તેમજ તું મારી સાથે સગાઈ બાંધવાથી સુખી થઈ શકશે નહી મારી જીંદગી લાંબી રેહેશે નહી

---

૧ લખેલી નકલમા એ બેત વધારે છે.

તેથી હું એ મેહેલ અને દીવાનખાનાઓથી વગર હાજતનો બનશ (યાને હું મરી જવશ) મારો મેહેલ અફ્રાસીયાબના તખતની જગ્યા બનશે અને તે ઉટાવલો બની હું જે નિદોશ છુ તેને મારી નખાવશે ઉચા આસમાનનો ભરમજ એ રીતનો છે તે ઘડીકમાં ખુશાળી બક્ષે છે તો ઘડીકમાં ગરજાઉ બનાવે છે"

પીરાને તેને જવાબ દિધો કે "ઓ નામદાર! તુ તારા દિલમા વગર ફોકટનો લંબાન વિચાર ના કર અફ્રાસીયાબતો તુને મુશકેલીમાં મદદનો કરનારો છે અને તારી આંગલીમાં તેણેજ પાદશાહીની વીટી પેહેરાવી છે વળી હું પણ જ્યાં સુધી મારા દિલમાં જીવ છે ત્યાં સુધી તારી સાથનુ વચણ નહી તુટે તેવી કોશેશ કરશ તારી ઉપર હુ જરાએ પવનને પણ ફુકવા દેવશ નહી અથવા હવાથી તારા બાલને પણ ઉડવા દેવશ નહી" સીયાવક્ષે તેને કહયું કે "ઓ નેકનામ! નેકનામી મેલવવા માગવા શિવાયની બીજી તારી કાંઇપણ ખાહેશ હુ જોતો નથી મારો સઘલો ભરમ તારી આગલ મે ખુલ્લો કીધો છે, કારણકે તુ સાવચેટ દિલનો અને તનદરોસ્ત છે પરવરદેગાર તરફની મને મલેલી શક્તિથી હું એ આગાહી કરૂ છુ અને વલી હું બુલંદ આસમાનના ભરમથી પણ વાકેફ છુ જે કાંઈ બનવાનુ છે તે વિષે મેં તુંને પેહેલેથીજ આપણે મેહેલો અને દેવાનખાનાઓ જોઇને આવ્યા ત્યારે વાકેફ કીધો છે તેથી જ્યારે પણ તુ એ પ્રમાણે બનતુ જોય ત્યારે તુ એમ નહી કહે કે આએ બાબદ સીયાવક્ષથી કાંય છુપી રહી? ઓ ઘણી અકકલના ધરાવનારા પીરાન! આએ વાતની ઉપર તુ તારા કાન ખુલ્લા રાખજે (યાને કે ઘણું ધ્યાન આપજે) કારણકે આજથી ઘણો વખત નહી જશે તેટલામાં તો હુ તે ચાલાક દિલના પાદશાહાને હાથે નાહક માર્યો જવશ, અને બીજો કોઈ આએ તાજ અને તખત ભોગવશે તુ ગમે એવા વચણ આપે અને તારી ખરી લાગણીઓ જણાવે તોએ પણ આસમાનની ખાહેશ એ શિવાય બીજું કાંઇ કરવાની નથી કોઈ શખ્સની નીદાથી અને મારા બુરા નસીબથી મારા આએ નિર્દોશ માથા ઉપર ખરાબી આવી પડશે એ વાત ઇરાનમાં જડપથી ફેલાઈ જશે અને તેથી એ બાબેની તેહેકીક કરવાને માટે કોઇ શખ્સ તુરાનમાં આવશે ઇરાન અને તુરાન બધે લડાઇના જોશમાં આવશે અને તેથી લોકોની જીદગી કીનાને લિધે ગમભરી બનશે તમામ જમીનની ઉપર લડાઈ ચાલશે અને જમાનો કીનાની શમશેરથી ભરાઈ જશે ઘણાએક રાતા, પીલા, કાલા અને બલુ વાવતાઓ ઇરાનથી તુરાનમાં આવેલા તું જોશે ગોહવી મુકેલો ખજાનો પુશકલ લુટફાટથી વેરવિખેર થઈ જશે. આ તરફના ઘણાએક મુલકો ખચરો અને ઘોડાઓના પગની તલે છુંદાઈ જશે

અને આંસુઓની રેલ ચાલશે ત્યારે તુરાનનો પાદશાહ પોતાની કરણીને માટે અને પોતાના બોલેલાંને માટે ઘણો પસતાશે પણ તે વખતે તેનો પસતાવો કાંઈ ફાયદો કરશે નહી કારણકે આબાદ શેહેરોમાંથી આગનો ધુમારો ઉડતો થશે. ઇરાન અને તુરાનમા માહેતમના પોકારો ઉઠશે અને મારૂં ખુન થવાથી જેહાન જોશમાં આવશે જેહાનનો પેદા કરનાર ખોદા આસમાનની ઉપર એવી રીતે બેસે છે કે તેના હોકમથી જે કાંઈ લાવવામાં આવ્યું હોય તેવાંજ તેનાં ફળ આપવામાં આવે છે માટે ચાલ કે આપણે ખુશાલી પાલી લેઇએ અને મોજમજાહ કરી લેઇએ કે જ્યારે ગુજરવાનો વખત આવે ત્યારે ગુજરી જઇએ આએ ત્રણ પાંચ દિવસની જેહાન ઉપર આપણે શાને માટે દિલ બાંધીએ ? અને દોલતને માટે શાને શારૂ મગરૂર થઇએ ? તથા દુખને માટે શાને સારૂ રડીએ ? આએ ખજાનાનું ફળ કોઈ બીજો ખાશે માટે આવા દુસમનોને (યાને માલ, મીલકત, ખજાનાને) પાદશાહે શા માટે પપાલવા જોઇએ." જ્યારે ઘણી દાનાઇના ધરાવનારા પીરાને એ પ્રમાણે સમજ્યું ત્યારે તે પોતાના દિલની સાથે ગમ, દુખ અને પોકાર સાથે બોલવા લાગ્યો કે "જો સીયાવક્ષ એ વાત ખરીજ કેહેતો હોય અને જો તેને એવુ બુરૂજ માલમ પડતુ હોય તો તેને આ તુરાન જમીનમાં તેનો કાલજ ઘસડી લાવેલો લાગે છે અને કીનાના બીયાંઓને જેહાનમાં પાંહરી નાખ્યાં છે ૧ તુરાન જમીનમાં દુખ ભોગવવા માટેજ જાણે હુ તેને અત્રે ઘસડી લાવ્યો છુ અને તેને આએ તાજ, તખત અને મુલક સોંફાવ્યા છે વારવાર પાદશાહ અફ્રાસીયાબ જે મારી આગળ બોલતો હતો તે તેનું કેહેવું મે ધ્યાન ઉપર લિધુ નહી. હાલે જ્યારે હું સીયાવક્ષથી એમ સમજુછુ ત્યારે અફ્રાસીયાબનું પણ કેહેવું ખરૂં માલમ પડી આવે છે કારણકે એ સીયાવક્ષ મને સાચુ શિવાય બીજું કાંઈ કેહેતો નથી" પછી તે તેને માટેની માયાથી દિલ સાથે બોલ્યો કે "ફરતાં આસમાનની હીલચાલ અને કાનુન મુજબના ભરમોને એના દિલમાથી દૂર કરાવવા જોઇએ કારણકે તેને ઈરાનની યાદ આવતી હશે તેથી એ એ પ્રમાણેની બુરી વાતો કરે છે, અને ભવિશયને માટે તેનુ દિલ શકાશીલ રહે છે તેને કાઉસની, પાદશાહી તખતની અને આગલા સારા વખતની યાદ આવતી હશે" એવા વિચારથી પીરાને પોતાના દિલને પાછુ ખુશી કીધુ પણ તેણે અક્કલમ દોની રાહે વિચાર કીધો નહી. જ્યારે તેઓ ઘોડાની પીઠ ઉપરથી નિચે ઉતર્યા ત્યારે તેવી વાતો કરવાથી તેઓ એકવગા મુગા થઇ ગયા એક સુનાના ખુમચામાં ખાણુ લાવી હાજર કરવામાં આવ્યું અને દારૂ લાવી મુકવામાં આવ્યો તથા રામશગરોને ત્યાં બોલાવવામાં આવી. એ રીતે તેઓએ એક અઠવાડીયુ ખુશાલી સાથે ભોગવ્યુ અને જેહાનના પાદશાહો (કાઉસ તથા અફ્રાસીયાબ) ની યાદ કરયા કીધી.

---

૧ લખેલી નકલમાં એ બેત વધારે છે.

અફરાસીયાબે પીરાન ઉપર તેના મુલકોમાંથી કર ઉઘરાવી લાવવા માટે નામું લખ્યું તે વિષે.

આઠમે દાહાડે તુરાની લશકરના સપેહેસાલાર પીરાન ઉપર પાદશાહની તરફથી એક નામું આવ્યુ તેમાં તેણે લખ્યુ હતુ કે "તુ અત્રેથી લશકરને અને બાધુર લોકોને ચુટી કાઢીને ચીનના દરીઆ તરફના અને ત્યાંથી એજ રીતે હીનદુસ્તાનની સરહદ તરફ જઈ તથા ત્યાંની સિંધુ નદી ઓલગી જઈને ત્યાંના તમામ મુલકોમાથી મેહેશુલ વસુલ કરી લાવ વલી તુ લશકરને ખજરના ૧ મુલક તરફ પણ મોકલજે" આથી પેહેલવાન પીરાનના દરવાજા આગળ ગડબડ સડબડ થઈ રહી અને ઢોલ તથા સરનાઈના અવાજથી ઘોંઘાટ ઉઠી રહ્યો. જ્યારે લશકર પીરાનની દરબાર આગળ આવી લાગ્યુ ત્યારે પાદશાહે તેને જે તરફ જવાને ફરમાવ્યુ હતુ તે તરફ જવાને ચાલુ મુકયુ તેની આગળ દરેક બાજુએથી લશકર ભેગુ થવા લાગ્યું તેથી ત્યાં બાધુરોનુ એક મોટું લશકર જમાવ થયુ તેણે ત્યાંથી વિદાય થતાં સીયાવક્ષની ઉપર પુશકલ સામન, પૈસા અને સ ગારેલા ઘોડાઓ મોકલી આપ્યા અને પછી પોતે તેને પાદશાહનો હોકમ થવા મુજબ ત્યાંથી લશકરની સાથે હ કારી ગયો

અફરાસીયાબે સીયાવક્ષ ઉપર તેના રાજ્યમાં ફરવા જવા માટે નામું લખ્યું તથા સીયાવક્ષે 'સીયાવક્ષ ગેરદ' નામનું શેહેર વસાવ્યું તે વિષે.

રાતના સુવાને વખતે અફરાસીયાબ તરફથી એક ઉટ સ્વાર કાસદ આતશ માફકની જડપ ચાલે આવી લાગ્યો અને પ્રકાશતા આસમાનની માફકનું માયાથી ભરેલું લખાયલુ નામુ સીયાવક્ષની આગલ લાવી હાજર કીધુ તેમાં તેણે લખ્યુ હતુ કે "જ્યારથી તુ અત્રેથી ગયો છે ત્યારથી હુ જરાએ ખુશી રેહેતો નથી અને વિચારને સબબે થોડો વખત પણ હુ ગમથી ખાલી રહેતો નથી તોપણ તારે માટેના વિચાર જે મને આવે છે તે ઘટતા છે તેથીજ મેં તુરાનમાં તારે માટે એક જગ્યા પસદ કીધી છે, જો કે જે જગ્યાએ તું ગયો છે તે ખુશનુમા અને ખુશાલી ઉપજાવનારી છે તેથી જેમ ઘટતુ હતું તેમ તારૂ દિલ ગમથી ખાલી બન્યુ છે હવે તુ તે રાજ્યમાં સઘળે ફરતો રેહેજે અને બુરા વિચારવાલા લોકોના માથાંને તુ ધુલમાં નાખતો રેહેજે"

૧ 'ખજર' નો મુલક ખોરાશાન અને માજ નદરાનની નજદિકમા આવેલો છે.

આથી પાદશાહા સીયાવક્ષે મુશાફરીને માટેનો સામન લદાવ્યો અને જેમ સરદાર અફ્રાસીઆબે તેને ફરમાવ્યુ તેમ મુશાફરી કરવાને માટે તે જડપથી નિકલ્યો. તેણે રાતાં મોઢાંવાલી એક હજાર સાધનીઓની ઉપર તરેહવાર રંગ અને ખુશબોવાલી ચિજો લદાવી સો ઉટો ઉપર ખજાનો અને પૈસા લાદવામાં આવ્યા અને ચાલીસ ઉટો તમામ દીનારોથી લાદવામાં આવ્યાં. ઇરાનીઓ અને તુરાનીઓમાંથી ચુંટી કાઢેલા તલવારના મારનારા દસ હજાર સવારો તેની સાથે ગયા. તે લશકરની હરોલમાં સઘલો અસબાબ તથા સઘરાયલી ઓરતોની પાલખીઓ ચલાવવામાં આવી ત્રીસ ઉટો ઉપર પાદશાહોને લાયકના યાકુતો અને હીરાઓ તથા શાંકલીઓ, મોતીઓથી ગુંથેલાં તાજો તથા અમબર, કસતુરી, અગર અને કેશર તથા શું મીસ્રના કે શું ચીન કે શુ ઇરાનનાં ભરેલાં રેશમી કપડાંના તાકાઓ વિગેરે લાદવામાં આવ્યા. પાદશાહે લશકરની સાથે ખોરરમ બાહાર [1] નામના શેહેર તરફ ચાલુ મુકયું. જ્યારે તે ત્યાં જઈ પુગ્યો ત્યારે તેણે ત્યાં મેહેલો, મેદાનો અને મોટી ઇમારતોવાલું તથા ખુશનુમા બાગ અને બગીચાઓવાલું બે ફરશંગની લંબાઈ અને પોહોલાઇનું એક શેહેર બાંધ્યું. તે શેહેરને તેણે બેહેસ્તની માફક શંગાર્યું અને મેદાનોમાં ગોલાબ, સમબુલ અને ગુલલાલાના ઝાહાડો રોપાવ્યા. મેહેલોમાં તેણે પાદશાહોના, ખુશાલીની મીજલશોના અને લડાઇને લગતાં કેટલાંક ચીત્રો પડાવ્યાં. કાઉસ પાદશાહને માથાં ઉપર તાજ સાથે તથા સાંકલી અને ગુરજ સાથે તખત ઉપર બેઠેલો ચીતરાવ્યો. તેના તખ્તની નજદિક પીલતન રૂસતમને, જાલને, ગોદરેજને તથા રૈયતને ઉભેલી પાડી બીજી તરફ અફ્રાસીયાબને તેના લશકર સાથે તથા પીરાનને અને કીનાના લેનારા કરસીવજને સાથે પાડવામાં આવ્યો ઇરાન અને તુરાનમાં જુન્જેગોની વચે તે શેહેરને માટે તારીફ ભરેલી ચકચાર ચાલી રહી તે શેહેરના દરેક ખુનામાં એક એકો ગુમબજ બનાવવામાં આવ્યો અને તે ગુમબજના મહાલાં આસમાન સુધી ઉડાવવામાં આવ્યાં ત્યાં ગાયન ગાતી રામશગરો બેસ્તી હતી અને સરદારો તથા પેહેલવાનો દરેક ઠેકાણે ઉભા રહી તે સમજતા દેખાતા હતા. તે શેહેરનુ નામ સીયાવક્ષ ગેરદ [2] પાડવામાં આવ્યું તે તમામ શેહેર ત્યાંના કીલ્લાથી વધારે ખુશનુમા લાગતું હતું.

---

[1] 'ખોરરમ બાહાર' નામનું શેહેર તુરકસ્તાનમાં આવેલું છે.

[2] 'સીયાવક્ષ ગેરદ' યાને સીયાવક્ષે વસાવેલું શેહેર

પીરાન સીયાવક્ષ આગલ પાછો ફર્યો અને ત્યાંથી તેઓ અફરાસીયાબ આગળ ગયા તે વિષે.

જ્યારે પીરાન હીન્દુસ્તાનથી ચીન તરફ પાછો ફર્યો ત્યારે ત્યાં તેણે તે સીયાવક્ષ ગેરદ વિષેની તારીફ સાથની વાતો થતી અને તે શાહાજાદાના નામની વખાણ ગવાતી સાંભલી દરેક જણ તે શેહેર વિષેનીજ વાત કરતું હતું.[1] જ્યારે પીરાને દરેક જણને મોઢેથી તે નામીચાં શેહેરની તથા ત્યાંનાં મેહેલો, ઈમારતો અને બાગબગીચાઓની તથા ત્યાંની નેહેરો, જંગલો, પાહાડો અને ખીનોની તારીફ સમજી ત્યારે તેવી નામદારી ભરેલી જગ્યામાં સીયાવક્ષ પાદશાહ પોતે શું કરતો હશે તે જોવાને માટે તે જડપથી નિકલ્યો જ્યારે તે પીરાનનો ત્યાં જવાનો વખત થયો ત્યારે જે કોઈ તે શેહેરની લાયક તારીફ ગાતુ હતુ તથા જેઓ તેની આ ખુશાલી ભરેલી મીજલશમાં તેની સાથે ભાગ લેવાને લાયક ગણાતા હતા તેઓમાંના એક હજાર અકકલવંત પેહેલવાનોને તે પોતાની સાથે લેઈ ગયો જ્યારે પીરાન તે જગ્યા આગળ આવી લાગ્યો ત્યારે સીયાવક્ષ પોતાના લશકર સાથે તેને સામો લેવાને ગયો. પીરાન સીયાવક્ષ નજદિક આવી લાગતાંજ અને સીયાવક્ષને દૂરથી જોતાંજ તે ઘોડા ઉપરથી નિચે ઉતર્યો. સીયાવક્ષે પણ પોતાના હાથી ઉપરથી નિચે ઉતરીને પીરાન સાથે ચાંપીને બગલગીરી કીધી. પછી તેઓ તે શેહેર કે જ્યાં અગાઉ તો કાંતાવાલુ જંગલ હતું પણ હાલે ત્યાં તમામ મેહેલો, ઇમારતો અને બાગો રોશન ચેરાગની માફક દિપી રહયા હતા તે આસપાસ ફરીને જોયું. સપેહ સાલાર પીરાન સઘલી તરફ ફર્યો અને સીયાવક્ષની ઘણી તારીફ કીધી. તે બોલ્યો કે "અગરજો તું દમામ અને પાદશાહી કદ ધરાવવા સાથે આવી અકકલ ધરાવતો હતે નહી તો આવી જગ્યા બાંધવાનું જે કામ તે સરૂં કીધું તે આવું ફતેહમદ કયાંથી ઉતરતે? એ જગ્યાની યાદગારી બાઘુરો અને નામદારોની વચે રસ્તાખેજ સુધી ચાલુ રહી જશે અને તારા જેહાનને દિપાવનારા અને મુબારક તોખમના બેટાઓ પછીના બેટાઓ તેના એજ રીતે પાદશાહ બન્યા જશે" જ્યારે તે ખુશનુમા શેહેરનો એક ભાગ તે જોઈ રહયો ત્યારે તે સીયાવક્ષના મેહેલ અને બાગમાં આવી લાગ્યો ત્યાથી તેણે ફરગીસના મહેલ તરફ ચાલવા માંડયુ પાદશાહ અફરાસીયાબની તે ખુબસુરત, ખુશાલ અને તાજને સોઘનારી બેટી તેને લેવાને સામી આવી અને તેની ખબર અંતર પુછી તેના ઉપરથી દીનારોનો નેશાર કીધો. વળી સુરજના જેવા

---

[1] એ બેતનો તરજુમો લખેલી નકલ મુજબ કીધો છે.

ચેહેરાની, સરોવરના જેવાં કદની અને કસ્તુરીના જેવા પમરાતવાળી તેની બેટી જરીરેહ પણ ફરંગીસ સાથે ઘણીએક દાસીઓને લેઇને બાપની આગલ આવી. ત્યાંથી તખત ઉપર આવી બેઠા પછી તે જગ્યાને તથા ત્યાં પુશકલ દાસીઓને ઉભેલી જોઇને તેણે ત્યાંની પુશકલ તારીફ કીધી અને પરવરદેગારના શુકરાના કીધા પરવરદેગારની તારીફ કરતાં જેણે આવી જગ્યા બનાવી તેની પણ તેણે તારીફ કીધી ત્યારબાદ ખાણીપીણીનું કામ સરૂ થયુ બાવરચીઓ અને દારૂ પીરશનારાઓ ખાણાના ખુમચા તથા દારૂ લેઇને આવી લાગ્યા તેઓ એક અઠવાડીયુ સુધી હાથમાં દારૂ પકડીને ખુશાલી ભોગવતા બેઠા. ઘડીકમાં તેઓ ખુશખુશાલ બનતા તો ઘડીકમાં દારૂથી મસ્ત બનતા હતા. આંઠમે દાહાડે સુંદર ભેટો તથા ઘટતી રીતના તમામ હદીયાઓ લાવીને હાજર કરવામાં આવ્યા; જેમાં પૈસા તથા સુનેરી જીન સાથના, સુનેરી લગામ સાથના અને વાઘના ચાંમડાંની જુલ સાથના ઘોડાઓ હતા પીરાને ફરગીસને એક તાજ, એક કાનનુ લુલક, એક સાંકલી, મોહરોથી તથા યાકુન અને પાદશાહી જવેહરાતોથી જડેલો એક હાર, પૈસા તથા બીજા જવેહરાતો બક્ષેશ કીધાં ત્યારબાદ પીરાન પાદશાહ અફ્રાસીયાબની સાથે વિચાર ચલાવવાને માટે ખોતન ૧ શેહેર તરફ ગયો. પીરાને ખુશાલી સાથે પોતાના મેહેલમાં આવી લાગતાંજ પોતાના જનાનખાનામાં જઇને ગુલશેહેરને કહયું કે "જેણે ખુશનુમા બેહેસ્ત જોયુ નહી હોય અને બેહેસ્ત કેવી તરેહનું હોય છે તે જાણુતો નહી હોય તો તે હાલનુ પેલુ ખુશનુમાં 'સીયાવક્ષ ગેરદ' નુ શેહેર જોય તો તે જોવાથી તેને બેહેસ્તનો તમામ ખ્યાલ આવે કારણકે સીયાવક્ષની તે જગ્યા એક ખુશનુમા બેહેસ્ત જેવીજ છે તુ પણ તે જગ્યાને અને તેના વિચારને પસદ કર્યા વગર રહેશે નહી જાણે મુબારક શરોશના મેહેલમાં સુરજ બેઠો હોય તેમ સીયાવક્ષ ત્યાં પોતાના ભપકા અને હુશીયારી સાથે બેસે છે માટે તુ પણ ખુશીથી તે તરફની મુશાફરી કરીને સીયાવક્ષના તે શેહેરમાં જઇને તે જરા જો તે શેહેરનો પાદશાહ સીયાવક્ષ ઘણો નેક છે તુ કેહેશે કે જાણે તે ખાવરના મુલકોને દિપાવનારોજ છે. વળી પેલી પડવી અને ચાલાકી ધરાવનાર ફરગીસ કે જેણી સુરજના જેવા સીયાવક્ષની આગળ પુનમના ચાંદના જેવી છે તેણીને પણ તુ મલજે" ત્યારબાદ પીરાન ત્યાંથી જેમ પાણી ઉપર ભપકાથી વાહાન ચાલે તેમ ચાલીને અફ્રાસીયાબ આગળ ગયો. ત્યાં જઇને તેણે જે કાંઈ કીધુ હતુ અને જે જે મુલકોમાંથી તે મેહે-

---

૧ 'ખોતન' એ તારતરીના મુલકમા આવેલું એક શેહેર છે જે અફ્રાસીયાબનુ પાયતખત શેહેર તરીકે ગણાતું હતું.

સુલ ઉગરાવી લાવ્યો હતો તે સઘળું અફ્રાસીયાબ આગળ કહયું અને બોલ્યો કે "જેવી તેણે હીંદુસ્તાનના મુલકમાં લડાઈ કરવા માંડી તેવાંજ તેઓના માથાં નમતાં થઇ ગયાં" ત્યારબાદ તે સીયાવક્ષની બાબદ ઉપર આવ્યો અને તેણે તેને વિષે જે કાંઈ જોયું હતુ તે સઘળું તેની આગળ કહયું. સીયાવક્ષે શું શું કામો બજાવ્યાં તે વિષે તથા તેના શેહેરો મુલકો તથા તાજ અને તખત વિષે જ્યારે પાદશાહે પુછપરછ કીધી ત્યારે પીરાને તેના જવાબ આપ્યા અને બોલ્યો કે "જે કોઇ તે શેહેરને જોય તેણે ગોયા અરદીબેહેસ્તનુ ખુશનુમાં બેહેસ્તજ જોયું એમ સમજવુ તે શેહેરમાંથી જાણે પાછું ફરવાજ ગમતું નથી અને સુરજ પણ તેની બુલદ ઉંચાઇ ઉપરથી અસ્ત પાંમવા માંગતો નથી સીયાવક્ષે એક ઘણીજ ખુશનુમા જગ્યા બનાવી છે જે પાક મગજના માણસોને ઘણી પસંદ પડે છે ગોયા સરોશે પોતે એ શેહેર કેમ બાંધવું તેની તેને ખબર આપેલી હોવી જોઇએ અને તેથીજ તેણે તે શેહેરને અને ત્યાંની જમીનને એ પ્રમાણેની સગારી છે ત્યાંની જમીન ઉપર એવુ જે શેહેર મે જોયુ છે તેવુ કોઇપણ શખ્સે તુરાન અને ચીનની જમીન ઉપર જોયુ હશે નહી પુશકલ બાગો, મેહેલો, અને વેહેતા ઝરાઓ જોવાથી તુ કેહેશે કે તેણે પોતાના રવાન સાથે ગોયા અક્કલને ભેલેલી છે દૂરથી ફરંગીસનો મેહેલ જોતાં જાણે તે પ્રકાશતાં જવેહરાતનો હોય તેવોજ દિસ્તો હતો અગરજો સરોશ ઇજદ મીનાઇ દુન્યામાથી આવે તો તેનો પણ આવો ભપકો, તખત અને હુશીયારી હોય નહી એવા પેહેલવાનને તુએ જેહાનમાં સાચવી રાખવો જોઇએ છે ૧ એની પાસે જેવો સગ્રહ છે તેવો તારી પાસે પણ હશે નહી એથી સોભા તુનેજ છે કારણ કે તે તારો જમાઈ થાય છે અને તુ તારાં દિલની મુરાદ ખુબી સાથે પાંમી ખુશી થયો છે બીજુ એકે ઇરાન અને તુરાનના બધે મુલકો જેમ કોઈ બેસુધ થયલો પાછો સુધ્ધીમાં આવે તેમ લડાઈ કરવાથી શાત બની ગયા છે અકકલમંદ લોકોના દિલ તથા જીવની ખાહેશ એ પ્રમાણે જાવેદાન સુધી તાજી રહેજો." પાદશાહ તેનું એ કહેવુ સમજી ખુશી થયો અને બોલ્યો કે "તેની ફળદાર દાંખલી (યાને તેનું ખાનદાન) ફલવત બની છે."

---

૧ એ બેતનો તરજુમો લખેલી નકલ મુજબ કીધો છે

અફ્રશસીયાબે ફરસીવજને સીયાવક્ષની આગલ મોકલ્યો તે વિષે.

પછી અફ્રાસીયાબે એ હેવાલ ફરસીવજને કહયો અને જે ભરમ હતો તે જાહેર કરતાં બોલ્યો કે, ' તું ખુશી સાથે પેહેલવાન આગળ જઇને તેણે જે સુંદર જગ્યા બનાવી છે તે જો સીયાવક્ષનું મન તુરાન જમીન ઉપર લાગ્યાથી તે ઇરાનને જરાએ યાદ પણ કરતો નથી તખત તથા તાજને તથા બેહેરામ, ગોદરેજ અને કાઉસ પાદશાહને તેણે છેલ્લી સલામ કીધી છે વળી તે હવે જાલના રૂસતમને પણ જોશે નહી, અને લડવાને માટે તે હાથમાં ગુરજ ધરશે નહી તેણે ખુશાલ દિલે એક કાંતા કચરાવાલી જગ્યા હતી તેને બાગબગીચાવાલી જગા બનાવી દિધી છે [1] વળી તેણે ફરંગીશને માટે એક ઉંચો મેહેલ બાંધ્યો છે. ત્યાં તેણીને તે પ્યારથી રાખે છે જે જગ્યા આવી કાંતા કચરાવાલી હતી તેમાંથી તેણે ખુશનુમા વશત જેવું શેહેર બનાવી દિધું છે. માટે તુ ત્યાં જા કે જેથી તેનુ તાજવાલુ માથુ તથા તેનુ ફીરોજા અને હાથી દાંતનુ તખત તુ જોય તેને ત્યાં તખત ઉપર બેઠેલો જોતાંજ તું તેની આગલ મારી તરફની ઘણીએક વાતો કેહેજે, અને માન ભરેલી આંખોથી તુ તેની તરફ જોજે તે જ્યારે શેકારે જાય છે કે દારૂ પીવા બેશે છે યાતો જગલ યા પાહાડ ઉપર જાય છે ત્યારે તેની આગલ ઘણા માણસોનું ટોલું જમાવ થાય છે માટે તું પણ જ્યારથી તારા હાથમા દારૂની જામ લેઇને પીતો બેશે ત્યારથી તેની આગળ ખુશાલી સાથે બેસજે બુજોર્ગોની નજદિક તુ તેની તરફ પ્યાર દેખાડજે અને તેની તારીફ કરીને તેની નામદારી વધારજે. દીનાર, ઘોડા, તાજ, કમરબધ, તેમજ જહવેરાતથી જડેલુ તખત, ચીનાઈ કાપડ હાર, ગુરજ, તલવાર, અને મોહોર એ સઘલી ચિજોના એક હદીઆ તેને માટે તુ તયાર કરાવ તથા તેને ભારી નેશાર કરવાને માટે સુનુ, પોખરાજ અને તરેહતરેહના મોતીઓ એકઠાં કર ગલીચાઓ તથા તરેહવાર રગ અને ખુશબોવાલી ચિજો વિગેરે જે કાંઈ ખજાનામાથી તારે હાથ આવે તે સોદી કાઢ ફરગીસને માટે પણ તું એક તેવોજ હદીઓ લેઈ જઇને તેણીને તારીફ સાથે સોંફજે" પછી એ સઘલુ આપતાં અફ્રાસીયાબે તેને કહયુ કે "ઓ સિહના જેવા શખ્સ ! પેહેલવાન સીયાવક્ષ આગળ એ સઘલુ તુ લેઈ જા [1] જેહાનને દીપાવનારા સેતારાઓના મુરત સાથે તુ ત્યા બ અઠવાડીયાં સુધી રેહેજે અને ત્યાં દરરોજ આસાયસ ભોગવજે [1] અગરજો તે મેજબાન તારાથી ખુશાલી ભરેલો અને

---

1 એ બેત લખેલી નકલમા વધારે છે.

હસ્તી રેહેતી હોય તો તે ખુશનુમા શેહેરમાં તું એ અઠવાડીઆં જાસ્તી રેહેજે."
આથી કીનાખોર કરસીવજે તુરાનના પાદશાહના હુકમ મુજબ તેમ કરવાની સઘલી તૈયારી કીધી. ૧ નામદાર કરસીવજે નેગાહ પુગાડી અને તુરાની સ્વારોમાંથી એક હજાર સ્વારોને ચુટી કાઢયા તે ચુટી કટાયલા સ્વારો ભેગા થયા બાદ તેઓ જડપથી સીયાવક્ષ તરફ જવાને નિકલ્યા અક્કલ વગરના ગધેરા જેવો કરસીવજ કીનાભર્યાં દિલ સાથે અને શાકરના જેવી મીઠી જબાન સાથે ત્યાં જડપથી જઇ લાગ્યો. ૧ જ્યારે સીયાવક્ષે તેના આવવાની ખબર સમજી ત્યારે તે લશકરને સાથે લેઇને તેને માર્ગમાં સામો લેવાને ગયો ત્યાં તેઓએ એકમેકને બગલગીરી કીધી તથા સીયાવક્ષે પાદશાહ અફ્રાસીયાબ વિષેની ખબર અંતર પુછયા પછી તેઓ ત્યાંથી મેહેલ તરફ ગયા. ત્યાં સીયાવક્ષે કરસીવજને માટે ઉતારાની ગોઠવણ કીધી. બીજે દાહાડે સહવારના કરસીવજ પાદશાહની તરફનો પેગામ અને હદીઓ લેઇને સીયાવક્ષ આગલ આવ્યો. સીયાવક્ષે તે પાદશાહની તરફનો આવેલો ખેલાત જોયો અને ખુશી બનીને બાહારની મોસમના ગોલાબ જેવો બન્યો ત્યારબાદ કરસીવજ ઘોડા ઉપર બેસીને શેહેરમાં ફરવાને નિકલ્યો તેથી તેની સાથે ઇરાનના સ્વારો પણ જોડાયા. તે તમામ શેહેર અને ત્યાંની ઇમારતો તેને દેખાડવામાં આવી અને પછી મેહેલ તરફ પાછુ ચાલુ મુકયું. તેવામાં એક સ્વાર પવનવેગે દોડતો સીયાવક્ષની નજદિક આવ્યો અને તેને ખુશ ખબર આપી કે "લશકરના પેહેલવાન પીરાનની બેટીએ પ્રકાશતા માહાતાબના જેવા એક બેટાનો જન્મ આપ્યો છે. તે બેટાનુ મુબારક નામ ફરૂદ આપવામા આવ્યું, તે પ્યારાં બચ્ચાંની માતા જરીરેહ કે જેણી સીયાવક્ષની વડી બાનુ થતી હતી તેણીએ સુતેલી હાલતમાં નોકરોને ફરમાવ્યું છે કે તે બાલકના હાથ કેસરમાં બોલી કાઢે" એ ખબર મધરાતે પીરાનના પણ સમજવામા આવી તેથી તેણે તેજ વખતે બીજા એક સ્વારને ફરમાવ્યું કે "જા અને એ ખબર પાદશાહ અફ્રાસીયાબને પુગાડ" પછી તે નામુ લાવનારા શખ્સને પણ પીરાને ઘોડા ઉપર બેસવાને ફરમાવ્યુ અને તેને કહયું કે "તુ ભાગ્યસાલી સીયાવક્ષ આગળ પાછો જઇને કેહે કે 'હુ ગમે એટલો બુઢો થયોછુ તોપણ પરવરદેગારે મને ખુશાલ બનાવ્યો છે' પીરાને બીજુ વધુ એવુ કેહેવાડયું કે "હવે તારૂં બુલદી સાથનું તખત એ બચ્ચાંની હસ્તીને લિધે કદી પણ ખાલી પડશે નહી" પછી તેણે કાસદને એટલા બધા પૈસા આપ્યા કે તેનો ભાર ઉચકવાથી મજુર પણ આજેજ થઇ ગયો જ્યારે કરસીવજે એ ખુશ ખબર સમજી ત્યારે તે બોલ્યો કે "આજથી પીરાન

---

૧ લખેલી નકળમાં એ બેત વધારે છે.

પાદશાહનો બરોબરીઓ બન્યો છે." પછી સીયાવક્ષ અને કરસીવજ ફરંગીસના મેહેલ તરફ ખુશાલી સાથે ગયા અને તેણીને પણ એ બાબદની ખુશ ખબર પુગાડી. જ્યારે કરસીવજ ખુશાલી સાથે તે મેહેલમાં આવી લાગ્યો ત્યારે તેની મોટાઇ અને મુબારક તોખમ તેણે જોઈ લિધી ૧ કરસીવજે ફરંગીસને માથે ફીરોજાનુ તાજ પેહેરીને એક હાથી દાતના તખત ઉપર બેઠેલી જોઇ તેની આગળ ચદ્રના જેવા ચેહેરાવાલી કેટલીક દાસીઓ સુનેરી તોપી પેહેરીને જાણે ખુદ ચદ્ર (ફરગીસ) ની આગળ ઉભેલી હોય તેમ ઉભી હતી જ્યારે ફરગીએ પોતાની નજરે નજર કરસીવજને આવતાં દિઠો ત્યારે તુ કહેશે કે જાણે તેણીનુ રવાન (તેની ધાસ્તીથી) તેના શરીરમાંથી બાહાર ઉડી ગયું તેણી તખત ઉપરથી નિચે ઉતરી અને પોતાના કાકાને વધાવી લિધો તથા પોતાના વતન વિષેની તથા પાદશાહ અફરાસીયાબને વિષેની ખબર પુછી કરસીવજનુ દિલ અને મગજ અદેખાઇથી જોશમાં આવ્યુ અને તે પોતાના હમેશના રેવાજ અને હુશીયારીથી જુદી તરેહનો બન્યો. તે દિલ સાથે બોલ્યો કે "હજીતો એક વર્ષ પસાર થયુ તેટલાંમાં તો સીયાવક્ષનો કે તેની પાદશાહીનો કે તેના તખત, ખજાનો, જમીન અને લશકરનો કોઇ આગળ શુમાર થતો નથી" તોપણ તેણે દુખી અને ફીકકા ચેહેરાનો બનીને પોતાના દિલનો ભરમ ખુલ્લો થવા દિધો નહી.

પછી કરસીવજે સીયાવક્ષને એ પ્રમાણે કહયું કે "તું તારી મેહેનતનુ ફળ પાંમજે અને તમામ વર્ષો સુધી તું તારા ખજાનાનું સુખ ભોગવજે" તે મેહેલમાં બે સુનેરી તખતો મુકાવવામાં આવ્યાં અને તેની ઉપર તે ખુશાલ દિલના નેકબખતો બેઠા. તેઓના હીરાજડીત તખત આગળ વાજીંત્ર વજાડનારા ગવૈયાઓ તથા દારૂ પીરશનારાઓ આવી ઉભા તેઓના દિલને સરનાઇ, તબુરા અને ગાયનથી ખુશાલી સાથે તંનદરોસ્તી મલતી હતી.

સીયાવક્ષે કરસીવજની સાથે ચોગાનની રમત રમવા જઈને ત્યાં લડાઇના હુનરો દેખાડીઆ તે વિષે.

જ્યારે પ્રકાશ્તા સુરજે રાતના ભરમને ખોલ્લો કરી નાખ્યો અને ઉચાઈ ઉપર ચઢીને તેણે પોતાનો ચેહેરો દેખાડયો, ત્યારે સીયાવક્ષ મેદાનમાં ગયો અને ત્યાં ચોગાનની બાજી રમતાં તમામ મેદાનને કુડાવવા માંડયું. કરસીવજ ત્યાં આવી લાગતાંજ તેણે દડાને તેના તરફ ફેકયો અને પછી સીયાવક્ષે તે દડા તરફ દોડવા માંડીને તે દડાને પોતાની વાંકદાર લાકડીમાં

૧ લખેલી નકલમાં એ બેત વધારે છે.

પકડી લેતાંજ તેના હરીફો તો ફોકટમાં ધુલમાં ફાંફાં મારવા લાગ્યા. તેણે મારેલા લાકડીના ફટકાથી તે દડો નજર આગલથી એવો ગુમ થઇ ગયો, કે તુ કેહેશે કે જાણે તેને આસમાનેજ ખેચી લિધો જ્યારે તે દડો પાછો મેદ-નમાં આવી પડીયો ત્યારે તે પાદશાહી તોખમના સરદાર સીયાવક્ષ આગલજ આવી પડયો બીજી વખતે તેણે તે દડાને લાકડીના ફટકાથી ફેંકવાથી તું કેહેશે કે તે તુરકીઓના શરીરમાંનો જીવ પણ જતો રહયો આથી પેહે-લવાનોએ તથા બાધુરોએ દરેક બાજુએથી તે દડા તરફ દોડવાને ઘોડાઓને મારી મુકયા પછી તે બધે ટોલીએ ધસારાબંધ ત્યાં દોડીને કાયદા પ્રમાણે તે દડાની સાથે રમત કરવા માંડી જ્યારે તે પેહેલવાનો મેદાન તરફ ફર્યા ત્યારે તુરકીઓ તે દડાને જડપથી જીતી જતા જણાયા આથી સીયાવક્ષ ઇરાનીઓની ઉપર ખુશી થયો અને ખીલેલા સગેવગની માફકનો બની રહયો પછી તેણે ત્યાં સુનેરી તખત લાવી મુકવાને અને જે મેદાનમાં ટુકા ભાલાઓ લાવી મુકવાને ફરમાવ્યુ પછી તે બધે મોટી પડવીના શખ્સો કોણ ચઢતો હુનર દેખાડે છે તે જોવાને તખત ઉપર બેઠા ત્યા સ્વારો પેહેલ-વાનોની માફક તે મેદાનમા નેજા વડે લડાઇની હારજીત મેલવવા લાગ્યા. ત્યાં ઇરાની અને તુરાની પેહેલવાનોએ એક ઠેકાણે દોડીને બેલાઇને રમવા માડયું

કરસીવજે સીયાવક્ષને કહયુ કે " એ પાદશાહ ! હુનરમંદ લોકોને પાદશાહથી કાંઇ યાદગારી રેહેવી જોઇએ માટે જો તુ તારો હુનર તુર-કીઓને દેખાડશે તો સારૂ કે જેથી તેઓ પણ તેવા હુનરમાં આગળ વધે તેથી હમુને થોડા વખત તારા અણીવાલા ભાલાથી અને તીર કમાનથી તારો હુનર દેખાડ " આથી સીયાવક્ષ પોતાના તખત ઉપરથી ઉઠયો અને તે કામ ઉપર હાથ અજમાવવાને માટે ઘોડા ઉપર જઈ બેઠો પછી તેણે પાંચ બખતરો કે જેમાનુ એક એક ઉચકતાં શરીરને પુશકલ મેહેનત કરવી પડે તેઓને સાથે બાંધી લેવાડયાં અને તે બખતરોને અખાડાની જગ્યાએ લઈ જઈ મુકાવ્યા કે જેથી દરેક બાજુના સંપાહો તેને જોઈ શકે પછી સીયાવક્ષ એક પાદશાહી નેજો કે જે તે પોતાના બાપ તરફની યાદગારી તરીકે ધરાવતો હતો તથા જેને તેનો બાપ પોતાની સાથે માંજનદરાનની લડાઇમાં લેઇ ગયો હતો તથા તે શીહના શેકાર કરવાને માટે વાપડતો હતો તે નેજો હાથમાં પકડીને અખાડામા ઉતર્યો અને એક જંગી હાથીની માફક તેણે પોતાના ઘોડાની લગામ ફેરવીને તે બખતરોને નેજાનો ફટકો મારી ઉચકી લીધા પણ તે બાંધેલા બખતરોનાં ગાંઠ તુટવા માડયાથી તેણે જોર અજમાવીને નેજાને સીધો ઉચકી જ્યાં તે બખતરોને તે ફેંકવા ચાહાતો હતો ત્યાં ફેંકી

દિધાં. પછી કરસીવજના સ્વારો જેઓ અખાડામાં ઉતર્યા હતા તેઓ પોતાના લાબા ભાલા સાથે તે તરફ ગયા તેઓ તે બખતરને ઉચકવાને તેની ઉપર ઘણા પણ મંડયા પણ તે મેદાનમા પડેલા બખતરનો એક ગાંઠ પણ તેઓ ખોલી શકયા નહી ત્યારબાદ સીયાવક્ષે ગીલાન શેહેરની ચાર ઢાલો તથા બે બખતરો અને એક આબદાર લોહાંનો ગુરજ મંગાવ્યો. વલી તેણે ખંડગ લાકડાના બનાવેલા તીરો તથા એક કમાન પણ મંગાવી. તેમાના ૭ તીરો તેણે કંમરબંધમા ખોસીયા અને ત્રણ હાથમાં ધરીઆ ત્યારબાદ એક તીરને કમાન ઉપર ચઢાવીને તેણે પોતાના પગ પોહોલા કીધા. એ રમત જોવાને તેની આગલ પુશકલ સેપાહો એકઠા થયા તે નામવર પાદશાહનો તીર તે મંગાવેલી ચાર ઢાલો તથા બે બખતરોમાંથી પસાર થઇ ગયો એજ રીતે તેણે દશ તીરો ફેંકયા જેથી બુઢાઓ અને જવાનો તેની તારીફ કરવા લાગ્યા. તે તીરોમાનો એક પણ તેમાથી પસાર થયા વગર રહયો નહી એ જોઇને દરેક જણ ખોદાનું નામ યાદ કરવા લાગ્યા પછી કરસીવજે તેને કહયુ કે "ઓ પાદશાહ ! ઇરાન અને તુરાનમાં તારી બરોબરીઓ કોઇ નથી. માટે ચાલ કે હુ અને તુ બધે જણા તે લશકરની આગલ મેદાનમાં જઇએ અને જેમ બે જગીઓ લડવાને કમર બાંધે તેમ બંધે જણાઓ કુશતી રમવાને એકમેકનો કમરબધ પકડીએ તુરાનીઓની વચે મારો કોઈ બરોબરીઓ નથી અને વલી આટલા બધા ઘોડાઓ વચે મારા ઘોડા જેવો ઘોડો પણ તુને દેખાશે નહી વળી ઇરાનમાં તારી બરોબર કોઇ સેપાહ નથી કે તે તારો હરીફ હોઇ શકે, અને તારા જેવુ કદ ધરાવી શકે. તેથી જો હું તુને ઘોડાના જીન ઉપરથી ઉચકીને આખેરે જમીન ઉપર નાખું તો તારે એમ જાણવું કે હુ તારા કરતા વધારે જોરાવર છુ, અને મરદાનગી તથા શકિતી ધરાવવામાં તારાથી ચઢતોછું જો તુ મને જમીન ઉપર નાખશે તો લડાઈ વખતે હું તારી બરોબરીએ પુગશ નહી એમ જણાશે." સીયાવક્ષે તેને એવો જવાબ દિધો કે "તારે એમ બોલવુ જોઇએ નહી તુ તો બુલંદ દરજાનો લડાયક સિંહ જેવો છે તુ શાહજાદાનો ઘોડો તે મારા ઘોડાના પાદશાહના જેવો છે તારી તોપી તે મારે મનશે વિજલીના આતશના જેવી છે. માટે તારા શિવાય તુરાનીઓ વચેથી તુ બીજા કોઇને ચુટી કાઢ કે જે મારી સાથે કીનો ધરાવ્યા વગર લડે" ત્યારે કરસીવજે તેને કહયું કે "ઓ નામવર ! ફકટ બાજી અજમાવ્યાથી તુને કાંઈ નુકસાન પુગવાનું નથી. કારણકે જ્યારે બે જણા એકમેકની સાથે કુસ્તી રમે છે ત્યારે તે બધે એકમેકનો કમરપતોજ ધરે છે"[1] સીયાવક્ષે તેને જવાબ આપ્યો કે "એમ

૧ લખેલી નકલમાં એ બેત વધારે છે.

અને નહી, તારી સાથે કુસ્તી રમવાની મારામાં શક્તિ નથી. જંગના મેદાનમાં જ્યારે પણ એ જણુ કુસ્તીમા ઉતરે છે ત્યારે તેઓ ઉશકેરાઈ જાય છે, જોકે તેઓ બાહારથી ફકટ હસ્તા દેખાય છે તુ જેહાનના પાદશાહ અફ્રાસીયાબનો ભાઈ થાય છે અને તેથી તુ ચદ્ર જેવાને પણ તારા ઘોડાના પગની નાલની નિચે કચડી નાખે છે તુ જે કેહેશે તે હુ તારા હોકમ મુજબ કરશ અને તારા વિચારથી ઉલટો ચાલી તારી સાથની કબુલાતને હુ તોડશ નહી. માટે તારા દોસ્તોમાથી એક બાધુર સિહ જેવા શખ્સને બોલાવ અને તેને આએ જડપ ચાલના ઘોડા ઉપર બેસાડ જો તારો વિચાર તે નામદારોના માંથાને મારા પગની આગલ નિચે પડાવવાનોજ હોય તો હુ તે માટે કોશેશ કરશ કે જેથી તે કામમા તુ શાહજાદા આગળ મને શરમ પોહોચે નહી." આથી નામદાર કરસીવજ હસી પડયો તથા વલી તેનુ બોલવુ તેને પસંદ પડયું પછી તેણે તુરકીઓને એ પ્રમાણે કહયુ કે "ઓ નામદારો! તમારામાંથી કોણુ જેહાનમા યાદગાર રેહેવા માંગે છે? કોણુ એવો છે જે સીયાવક્ષ સાથે એક કુસ્તી રમીને નામદારોના માથાને તે ધુલમા ફેકનારો ગણાય?" ત્યાં સઘલાઓ સીયાવક્ષની તારીફ ગાનારા હતા તેથી તેઓએ પોતાના હોટને ગાંઠ વાલી મુકયા પણ ગુરૂઇજરેહ નામના શખ્સે તેને જવાબ દિધો કે "જો કે હુ સીયાવક્ષનો હરીફ નથી તોપણ એ લાયક કામ હુ ઉપાડી લેઉછુ." ગુરૂઇજરેહના એમ બોલવાથી સીયાવક્ષનાં ભવાં ઉપર કરચલી ચઢી અને તેના ચેહેરા ઉપર ધીક્કાર પ્રગટી નિકલ્યો પછી કરસીવજે સીયાવક્ષને કહયુ કે "ઓ પાદશાહ! લશકરના પેહેલવાનો વચ્ચે ગુરૂઇજરેહની બરોબરીઓ કોઈ નથી" આથી સીયાવક્ષે ગુરૂઇજરેહેને કહયુ કે "તારા જેવા એખલા શખ્સ સાથે લડવામા તો મારે મનથી બુર્જોગો સાથની લડાઈ હલકી ગણાય. માટે તુરાનીઓમાથી બે પેહેલવાનો એવા તૈયાર રેહેવા જોઇએ છે કે જેઓ મને કુસ્તીના મેદાનમા સાથે તેડે" આથી એક બીજો નામદાર કે જેનુ નામ દમુર હતુ અને જોર ધરાવવામાં તેનો બરોબરીઓ તુરાનમાં કોઇ હતો નહી તેણે જ્યારે સીયાવક્ષનુ એમ કેહેવુ સમજયું ત્યારે તે જડપથી તેની આગળ દોડી ગયો, અને લડવાની તૈયારી કીધી પછી દમુર અને ગુરૂહી બધે પોતાના ઘોડાને જોંક આપતા મેદાનમા ગયા, અને સીયાવક્ષ તેમની સાથે લડવાને સામો આવ્યો સીયાવક્ષે ગુરૂઇજરેહની કમરના પતા ઉપર હાત લબાવ્યો અને ગાઠ આગલથી ધરીને તેને જીન ઉપરથી ઉચકી મેદાનમાં ફેકી દિધો તેને ગુરજ યા કમદની કાંઈ અગત્ય પડીજ નહી. પછી તેણે દમુરની તરફ ઘોડાને દોડાવ્યો અને તેનુ ખભુ તથા ગરદન જોરથી પકડીને તેને એવોતો સેહેલાઈ સાથે જીન ઉપરથી ઉચકી નાખ્યો કે તેથી બાધુરો

પણ અજબ થઇ ગયા પછી તેણે ઘોડા ઉપરથી નિચે ઉતરીને તેની પીઠ ઠોકયા બાદ, હસ્તે ચેહેરે સુનેરી તખત ઉપર જઈ બેઠો કરસીવજને તેના આવા કામથી ઘણો ગુસ્સો લાગ્યો તેથી તેનુ દિલ ગમગીન બન્યું અને તેનો ચેહેરો ઉતરી ગયો પછી તેઓ સુનેરી તખત ઉપરથી ઉઠીને મેહેલ તરફ ગયા તુ કહેશે કે જાણે તેઓ સનીશ્ચર સેતારાની ઉચાઇએ ગયા ત્યાં મુબારક પગલાંના તમામ નામદારો દારૂ અને વાજીત્રની મોજ ભોગવતા એક અઠવાડીયુ સુધી બેઠા

કરસીવજ પાછો ફર્યો અને તેણે સીયાવક્ષની ઉપર કાવતરૂં રચ્યું તે વિષે.

આંહમે દાહાડે કરસીવજે જવાની તૈયારી કરવા માડી સીયાવક્ષ પણ આખો વખત તેની સાથે ખાનગી વાતો કરવામા રોકાયો સીયાવક્ષે પાદશાહ અફ્રાસીયાબ ઉપર એક નામુ લખ્યુ જેમા તેણે તે બેરબાહની ખબર અંતર પુછી અને તેની પુશકલ તારીફ લખી ત્યાર પછી તેણે તેને પુશકલ હદીઓ બક્ષ્યો અને ખુશાલી સાથે તેઓ તે આબાદ શેહેરને છોડી ગયા માર્ગમાં તેઓ તે મુલકના હુનરથી વાકેફ પાદશાહ સીયાવક્ષનીજ વાતો કરવા લાગ્યા ત્યારે કીનો સોધનાર કરસીવજ બોલ્યો કે “ આપણને ઇરાનથી નુકસાન પુગ્યુ છે પાદશાહ અફ્રાસીયાબે એવા એક શખ્સને ઇરાનથી બોલાવીને રાખ્યો છે કે જેણે આપણને શરમીંદગી ભરેલી હાલતે લોહીની વચે બેસતા બનાવ્યા છે દમુર અને ગુરૂઈ જેવા બે જબરા સિંહો કે જેઓ આપણા લડાયક પેહેલવાનો ગણાય છે તેઓ તે નાપાક દિલના બેખલા સ્વાર (સીયાવક્ષ) ને હાથે શરમ ભરેલી રીતે ઘણા કમીના અને આજેજ બન્યા છે આ ઉપરથી એવુજ સેવટ નિકલી શકે કે એ પાદશાહ સીયાવક્ષનુ કામ મને ધર પુછડાં વગરનુ જણાય છે ” ત્યા સુધી કરસીવજ અફ્રાસીબની દરબારમાં જઇ પુગ્યો ત્યા સુધી મુસાફરી કરતા તેણે જરા આરામ લિધી નહી કે ઉંઘ કાઢી નહીં જ્યારે તેઓ તે તુરાની રૈયતના પાદશાહ આગળ આવી લાગ્યા અને પાદશાહે તેમણે તરેહવાર સ્વાલો પુછ્યા ત્યારે તેણે ત્યાંની કેટલીક વાતો કરીને તેને સીયાવક્ષનુ નામુ આપ્યુ તે વાંચીને તે હસ્તો તથા ખુશાલ બન્યો. નામદાર કરસીવજે જ્યારે પાદશાહનો ચેહેરો ખીલીને તાજો બનેલો જોયો ત્યારે તે કીનાના ધુવાથી ભરેલો બન્યો જ્યારે સુરજ ઝાંખો બનીને સાંજ પડી ત્યારે તે સરદાર અફ્રાસીયાબની આગળથી

ફીનાથી બલ્કે તો જડપથી ઘરે ગયો. ત્યાં તે આખી રાત અડેખાઇને સબબે દુખી થવા લાગ્યો. રોશન દિવસે રાતના કાલા લેબાસને ફારી કાઢયો ત્યાં સુધી તે ફીના ભર્યા શખ્સનુ માથુ ઉંઘમાં પડયુ નહી. પછી તે અફ્રાસીયાબ આગળ ગયા જ્યારે પારકા શખ્સોથી તે દરબાર ખાલી થઇ ત્યારે તેણે ત્યાંજ બેસીને પોતાના તગેહવાર વિચારો જણાવ્યા કરસીવજ બોલ્યો કે "ઓ પાદશાહ ! સીયાવક્ષની રીત ભાત અને કામ મને તો બીજી રીતનુ લાગે છે તેની આગલ પાદશાહ કાઉસનો એક કાસદ આવ્યો હતો અને તે તેની સાથે કેટલોક વખત છુપી વાતો કરતો બેઠો હતો વળી તેના ઉપર રૂમ અને ચીનથી પણ પેગામો આવ્યા હતા દારૂ પીતાં તે હમેશા કાઉશનેજ યાદ કરતો હતો. વળી તેણે ઘણુ લશકર પણ ભેગુ કીધુ છે અને તેથી મને લાગે છે કે તુ પાદશાહના જીવને તેનાથી દુખ પેદા થશે જો ફરીદુનથી તુરનાં દિલને ગમ પોહોંચને નહી તો તેણે ઇરજ ઉપર જુલમ ગુજાર્યો હતે નહી બે તત્વો જે આતશ અને પાણી છે તે બન્ધેને દિલમા એકમેકની સાથે મેલવ્યાથી ગભરાત પેદા થાય છે તેમ તે બધે ઇરાન (આતશ) અને તુરાન (પાણી) ને જોડવાની તુ વગર ફોકટની કોશેશ કરે છે એમ કરીને હવા જે નજરથી છુપીજ હોય છે તેને જાણે તુ છુપાવા માગે છે જો મે એ રીતે તારૂ છુપાછુપ બુરૂં ઇચ્છયુ હતે તો તુ મારા નામને જેહાનમા બદનામ કરતે" કરસીવજના આવા કામથી પાદશાહનુ દિલ દુખી થયુ અને ગમને લિધે તેને જમાનો અકારો લાગ્યો પછી અફ્રાસીયાબ બોલ્યો કે "તારા દિલનુ લોહી મારી તરફ મોહોબત સાથે દોડયાથીજ તુ પોતે મારો રેહેનુમા બન્યો છે એ કામને માટે આપણે ત્રણ દીવસ વિચાર કરીશુ અને જે કાંઈ વાત સાચી દિસશે તે મુજબ આપણે કામ બજાવીશુ જ્યારે મને એ કામ અકકલથી વાજબી જણાશે ત્યારે તે વખતે તુને સમજદારીને સાધવા પડશે" જ્યારે ત્રણ દિવસ પુરા થયા ત્યારે અફ્રાસીયાબે તદબીરથી આતશ ઉપર પાણી નાખ્યુ (યાને પોતાના ગુસ્સાને થડા પાડયો) ચોથે દિવસે જ્યારે કરસીવજ માથા ઉપર તોપી પેહેરીને તથા કમર તંગ બાધીને દરબારમાં આવ્યો ત્યારે તેને તુરાની પાદશાહે પોતાની આગલ બોલાવીને તેની સાથે સીયાવક્ષની કેટલીક વાતો કીધી પછી તે બોલ્યો કે "ઓ પશંગના યાદગાર બેટા ! જેહાનમાં મારો સાથી તારા સિવાય બીજો કોણ છે ? તેથી હુ મારો સઘલો ભેદ તારી આગળ ખુલ્લો કરૂ છુ તું તે જડપથી તપાસ કે તેમા તુને શુ નેક શુજે છે ? પેલા બુરા સ્વપના માટે મારૂ દિલ ગમગીન બન્યું હતુ તેથી મારા મગજ ઉપર પણ ગમગીનીનો થોડો ભાર પડયો હતો. તેથી તેનાથી આપણને કાંઈ નુકસાન પુગે નહી એવા ખ્યાલથી

મે સીયાવક્ષ સાથે લડાઇ કરવાને મારી કંમર બાંધી હતી નહી. જ્યારથી તેણે (ઇરાનના) બુજોર્ગીવાલાં તખતને છેલ્લી સલામ કીધી (યાને તજી દિધું) ત્યારથી તેણે મારી આસપાસ અકક્લ અને મોહોબતનીજ વાત કીધી હતી, તથા તેણે મારા હોકમથી જરાએ માથુ ફેરવ્યું હતુ નહી અને તેમ તે મારીથી પણ નેકી સિવાય બીજુ કાંઇ પામ્યો હતો નહી મે તેને મારો પોતાનો મુલક તથા ખજાનો આપ્યો અને તેમ કરી હમોએ હમારા ગમ અને દુખને પાછા યાદ કીધા નથી વલી મે તેની સાથે લોહીની સગાઇ બાંધી અને તેમ કરીને ઇરાન સાથના કીનાને મે મારા દિલમાંથી ખાલી કીધો છે મેં તેને ખજાનો તેમજ મારૂ ફરજંદ આપવાની પણ ઢીલ કીધી નથી અને મારી પ્યારી બે આંખો [1] તેને સોપી દિધી છે તેથી આવી ભલાઈ દેખાડીઆ પછી અને સેંકડો મેહેનત ઉઠાવ્યા પછી અને તેના ઉપર મુલકો, તાજ અને ખજાનો ફીદા કીધા પછી જો હુ તેની સાથે બુરાઇ કરૂ તો જેહાનમાં મોટી ચકચાર ઉઠે તેની સાથે બુરાઇ કરવાનુ મારી પાસે કાંઈ બાહાનુ પણ નથી જો હુ તેની સાથે જરાપણ બુરાઇ કરૂ તો બુજોર્ગ લોકો મારી ઉપર તાનાજાની સાથે જબાન ખોલશે અને તેથી જેહાન વચે હુ હ્યાનતી બનશ વળી પરવરદેગારને તેમજ આ જમીન ઉપરના બુજોર્ગ લોકોને પણ એ મારૂ કામ પશંદ પડશે નહી પ્રાણીઓ વચે સિહના કરતાં તિક્ષણ દાતવાલુ કોઈ નથી તેથી જો તે સિહનુ બચુ દુખી થશે તો તે જંગલને નુકશાંન પુગાડી તેનો નાશ કરશે જો આપણે તે નીરદોશને ઇજા પુગાડીએ તો સુરજ અને ચંદ્રનો પેદા કરનાર સાહેબ તે કેમ પસંદ કરશે ? તેથી તે શખ્સને આએ દરબારમા બોલાવી મંગાવવા સિવાય અને તેને અત્રેથી તેના બાપ આગલ મોકલી દેવા સિવાય હુ બીજુ કાંઇ કરી શકતો નથી જો તે તખત કે સત્તા શોધતો હશે તો તે આ મુલક ઉપરથી પોતાનો દાવો ઉઠાવી લેશે" કરસીવજે તેને જવાબ દિધો કે, "ઓ પાદશાહ ! આવાં મોટા (યાને ધામ્ની ભરેલા) કામને તુ હલકુ ના ગણ જો તે અત્રેથી જીવતો ઇરાન જશે તો આપણો તમામ મુલક વેરાન બનશે ત્યારે એક પારકો શખ્સ તારો સગો થયો છે અને તે તારો થોડા ઘણો ભરમ પણ જાણે છે તો તું પોતે તેનાથી ચેટલો રેહેજે તથા રાત અને દિવસ તુ ચોંકેલો અને હુશીયાર રેહેજે હવે જ્યારે તે તારા કામની રાહા રીતીઓથી જાણીતો થયો છે ત્યારે

---

[1] બે આંખો યાને આંખના જેવી બે પ્યારી બેટીઓ, જેમાની એક અફરાસીયાબની બેટી ફરંગીસ અને બીજી પીરાનની બેટી પીરાન પણ અફરાસીયાબનાજ કુટુબનો હતો અને તેથી તેણે પોતાના કુટુંબની બે છોકરી સીયાવક્ષને આપેલી ગણાય.

તો બનવા જોગ છે કે તે તારા જીવની સાથે પણ બુરાઇ રમે. તું તમામ દુખ અને મુશકેલી સિવાય, તથા તારાં ખાનદાનનો, નામનો અને ખજાનાનો નાશ કરાવવા સિવાય તેનાથી બીજું કાંઇ જોશે નહી એક રાહાબરી કરનારા આહુયા પુરૂશે કહયુ છે કે ઘેરમાંથી બાહાર નિકલી ગયલા પવનને પાછો બંધ કરવાનો કાંઇ પણ ઇલાજ નથી, તેથી જો તુ તારૂ બુરૂ ઇચ્છતો નહી હોય તો આ શિખામણ ધ્યાનમાં રાખ ઓ જેહાનના પાદશાહ ! તુ મારી આએ વાત ખરી માનતો હોય તો એ બાબેનો તુ હવે શુ ઉપાય કરવા માગે છે ? શુ તુ જાણતો નથી કે વાઘને પાલનાર માણસ તે પળાયલા વાઘથીજ દુખ અને ઇજા સિવાય બીજુ કાંઈ જોતો નથી " ત્યારે અફ્રાસીયાબે એ વાત ઉપર નજર પુગાડી ત્યારે તેને કરસીવજનુ તમામ કેહેવુ વાજબી લાગ્યુ તે સીયાવક્ષ તરફના પોતાના ભલા વિચાર માટે અને પોતાના તેની સાથના ભલા કામને માટે પશેમાન થયો તેને પોતાના કારોબારમાં તમામ અંધારૂ જણાયાથી તેણે કરસીવજને એવો જવાબ દિધો કે " હુ એ વાતનુ સેવટ કાંઈ સારૂ જોતો નથી ફરતા આસમાનનુ કામ એ બાબે કેવી રીતનુ દેખાય છે તે આપણે જોઇશુ દરેક કામમા ઉટાવલા થયા કરતાં તેમાં ઢીલ કરવી સારી છે માટે એ બાબદ ઉપર સુરજના જેવો પ્રકાશ પડે ત્યાં સુધી તુ થોભી જા પાદશાહ સીયાવક્ષના વિચાર કેવા છે તથા ફરતા આસમાનનો ચેરાગ (યાને માયા) કોણની તરફ છે તે હુ જોવશ આ દરબારમા હુ તેને પાછો તેડાવી મગાવીને તે શુ શુ છુપા કાવતરાં કરે છે તે હુ શોધી કાઢશ બેશક તેની ઉપર દેખરેખ રાખવાને હુજ એખલો બસ છુ, જમાનો કેવી રીતે ફરતો રેહે છે તે હુ તપાસતો રેહેવશ. જો તેની એવી બુરાઈ મને માલમ પડી આવશે તો પછી નાચારી સાથે હું પણ મારા દિલને તેના તરફ થકુ બનાવશ પછી મને કોઇની પણ તાણાજાણી સમજવી પડશે નહી અને બુરાઇનો બદલો બુરાઇથી વાલવા શિવાય બીજુ કાંઈ ગણાશે નહી " કીનાબાજ કરસીવજ બોલ્યો કે " એ સાચા અને ખુલ્લા દિલના પાદશાહ ! સીયાવક્ષ કે જે આવો દમામ અને ઉચ્યું કદ ધરાવે છે તથા જે આવો ખુદરતી હાથ ધરાવનાર અને શમશેર તથા ગુરજ રાખનાર છે તે તારી દરબારમાં પોતાના લશકર વગર હવે આવનાર નથી. પણ જ્યારે તે આવશે ત્યારે તે સુરજ અને ચદ્રને તારી ઉપર કાલા બનાવવાને (યાંને તુને મારી નાખવાને) માટે આવશે તે જે સીયાવક્ષને આગલ જોયો હતો તે હાલે નથી તેણે તો કાલે પોતાના માંથાને આસમાન સુધી ઉચ્યુ ચઢાવ્યું છે ફરગીસને પણ તુ તેવી ફરીથી જોનાર નથી કારણકે તેણીને માટે જાણે તું કહેશે કે તે જેહાનમાં ગરજ

વેરાનની બની ગઈ છે. સીયાવક્ષને લિધે તારૂં તમામ લશકર પણ ફરી બેસશે અને તેમ બનશે તો પછી મેટા વગર ભરવાડ થઈ શકાશે નહી. જ્યારે તારૂં લશકર આવા દમામવાલા પાદશાહને તથા તેની સખાવતને, કાયદાઓને અને તેના પ્રકાશતા ચેહેરાને જોશે તો તેઓ હવે પછી તુને પાદશાહ તરીકે પણ ગણવા માંગશે નહી. તારી ગાદી તેની થશે અને તું પતાલને સ્વાધીન થશે વળી બીજુ એ કે તુ તેના આબાદી ભર્યાં શેહેરમાંથી અને આવી મુબારક બુન્યાદ દેખાડનારી જમીન ઉપરથી તેને એવું કહેવાડીને બોલાવી મગાવે કે 'અત્રે આવીને તું મારો ગોલામ થા અને કમીનાપનાં અને કગાલીયત સાથે તુ તારા શરીરને જોડી નાખ' તો શુ તે તેમ કરવાનો છે? હાથી અને સિંહની બનેલી જોડી તો કોઈ પણ શખ્સે જોઇ હશે નહી તેમજ રોશન આતશને પાણીમાં બલતો પણ જોયો હશે નહી. જો માયનું દુધ ધાવ્યા વગરના શીહના બચ્ચાને કોઇ શખ્સ રેશમી કપડાં પેહેરાવીને રાખે તથા તેને દુધમાં શાકર ભેલીને પાય અને તેને હમેશાં પોતાની છાતી આગળ ઉધારે તોપણ જ્યારે તે મોટુ થાય ત્યારે તે પાછું પોતાનાજ બવાશ ઉપર જાય છે અને જોરાવર હાથી સાથે પણ લડવાને બીહીતું નથી" આ બાબદ સમજીને તે નામદાર અફ્રાસીયાબનું દિલ રૂધાઇ ગયું અને એ વિચારથી તેનું દિલ ગમગીન અને ઘાહેલ બની ગયુ તેણે તેને કહયુ કે "એમા પુશકલ વિચારનુ કામ છે એવી બાબદમાં કોઇએપણ ઉટાવલ કરવી જોઇતી નથી નહીતો કે ઉતાવલ કરતાં ઢીલ થાય છે, જ્યારે ધીરજનો માલેક ફતેહમંદ થાય છે વળી હુંલરાઈ ભર્યા માણસની વખાણ થતી નથી એ બાબદ ઉપર એક હુશીયાર માણસે એમ કહયું છે કે 'અગરજો પવન પોતાની જગ્યાએથી હીલતો નહી હોય તોએપણ તે તારા ચેહેરાને અને હાથ પગને તો લાગે છે' એક ફીસીયારીવાલુ માણસ ચઢતા દરજ્જાનુ ગણાય નહી પછી તે પેહેલવાનના જેવું માથું અને પેહેલવાનના જેવી બાજુ ધરાવતો હોય તો શુ થયુ" પછી તેઓ ત્યાંથી દુખ સાથે, બડબડતા હોટો સાથે તથા જુના જમાનાના કીનાથી ભરેલાં દિલ સાથે પોતાના મેહેલમા ગયા

અફ્રાસીયાબે સીયાવક્ષને પોતાની આગળ બોલાવી લાવવા માટે કરસીવજને તેની આગળ મોકલ્યો તે વિષે.

પછી બુરી મનશનીનો અને નાપાક ચાલનો કરસીવજ પાદશાહ આગળ તેને સીયાવક્ષ સામે ઉશકેરવાને વખતોવખત જવા લાગ્યો તે એ બાબદમા તરેહવાર સરાહગાતથી રંગ ઉમેરીને વાત કરતો હતો અને તુરાનના પાદશાહનાં દિલને તેની સામે ઉશકેરતો હતો એ બાબદ ઉપર એક લાબો વખત વહી ગયા અને તેટલામા પાદશાહનુ દિલ સીયાવક્ષની સામે દુખ અને કીનાથી ભરેલું બન્યુ એક દિવસે પાદશાહે પોતાની દરબારને પારકાઓથી ખાલી કીધા બાદ કરસીવજની સાથે એ બાબદ ઉપર વાત કરવા માંડી અને સીયાવક્ષના કામને ફરીથી યાદ કીધુ પાદશાહે કરસીવજને કહયું કે "તુ અત્રેથી જા અને સીયાવક્ષની આગલ લાબો વખત સુધી જઇને રેહે તું તેને પેલી ખુશનુમા જગ્યા (સીયાવક્ષ ગેરદ) વિષેની પુછપરછ કરજે અને તેને એમજ કેહેજે કે 'તુ એ શિવાય બીજું કાંઇ જોવા માંગતો નથી' વળી તુ તેને કેહેજે કે તારી મોહોબતથી મારૂં દિલ ધપકીઆ કરે છે અને વળી મને ફરંગીસનો પણ વિચાર આવે છે. તેથી હુ તારા દીદાર જોવાને તથા તારો હુનર ભર્યો હુશીયાર જીવ જોવાને ઇન્તેજાર છુ મારા મુલકના પાહાડા ઉપર પણ શેકારો ભરેલા છે તેમજ મારી પાસે પણ પોખરાજ જડેલી જામોમાં પીવાને માટેનો શરાબ તેમજ દુધ પણ છે. માટે આપણે થોડો વખત અત્રે ગુજારીએ અને ખુશાલી સાથે રહીએ. જ્યારે તુને તારાં આબાદ શેહેરની પાછી યાદ થાય ત્યારે તું ખુશાલી અને ભપકા સાથે પાછો ત્યા જજે તે મારી સાથે શરાબની જામ પીવી હરામ કેમ ગણી છે? માટે તુ તારી પાદશાહીની જગ્યા ઉપરથી તારાં દિલને ઉઠાવ અને અત્રે આવવાને તારી કમરને મજબુટ બાધ" આથી તે કપટબાજ કરસીવજે કીના ભર્યા માથાં સાથે અને ભરમ ભર્યા દિલ સાથે ત્યાં જવાની તૈયારી કીધી. જ્યારે તે સીયાવક્ષના શેહર આગળ આવી લાગ્યો ત્યારે તેણે લશકરમાથી એક બોલકના શખ્સને ચુટી કાઢીને તેને કહયુ કે "તુ અત્રેથી જઇને સીયાવક્ષને કેહેકે 'ઓ નામદારી સોધનારા શાહાજાદા! તુરાનના પાદશાહના જીવ અને માથાના કસમથી તથા કાઉશ પાદશાહના જીવ, માથાં અને તાજના સોગંદથી હુ કહુ છું કે તુ મારા આવવાને લિધે તખત ઉપરથી ઉઠીને અત્રે મને સામે લેવાને આવતો ના કારણકે તુ મારાં કરતાં નેઆમતો ધરાવવામાં, હુનરમાં, નસીબમાં, ભપકામા, ખાનદાનમાં

તથા તાજ અને તખત ભોગવવામાં ચઢતો છે. તેથી વગર ફોકટની માન અકરામની તૈયારીઓ કરવી અને ઘડીઘડીમા પાદશાહી તખત છોડીને આવ્યા કરવુ તુને ઘટતુ નથી "૧ આથી તે કાશદે સીયાવક્ષ આગળ જઇને તથા તેને નમન કરીને તેને કરસીવજનો એ પેગામ કહયો, જેથી સીયાવક્ષનું દિલ દુખી થયુ તે લાંબો વખત સુધી એ બાબે હુશીયારીથી વિચાર કરતો બેઠો અને પોતાના દિલ સાથે બોલ્યો કે " એ બાબદ નિચે કાંઇ ભરમ સમાયલો લાગે છે " જ્યારે કરસીવજ તેની દરબારમા આવી લાગ્યો ત્યારે તે પગે ચાલતો મોહોલાઓમાથી મેહેલમાં આવ્યો તેઓએ એકમેકને બગલગીરી કીધી અને કરસીવજે પાદશાહ સીયાવક્ષની પુશકલ તારીફ કીધી પછી સીયાવક્ષે તેને મુશાફરીની, પાદશાહ અફરાસીયાબની તથા તેના લશકર, તખત તથા તાજની ખબર અંતર પુછી અફરાસીયાબે તેને તુરાની પાદશાહનો પેગામ પુગાડઓ જે વાચી સીયાવક્ષ ખુશી થયો સીયાવક્ષે કરસીવજને એવો જવાબ દિધો કે " જો કોઇ મારા ચેહેરાને તેની આગળથી પોલાદી તલવાર વડે ફેરવી નાખે તોપણ હુ તેની યાદથી મારા ચેહેરાને ફેરવું નહી તારી સાથે આવવાને માટે હુ મારી કમર બાંધુ છુ અને મારી લગામને તારા ઘોડાની લગામ સાથે જોડી આપુ છુ આ સુના જેવા બાગમાં આપણે ત્રણ દાહાડા રહીએ અને દારૂ પીવાના કામમાં મશગુલ રહીએ. કારણકે આ જેહાન ત્રણ પાચ દિવસની અને દુખ તથા જંજાલથી ભરેલી છે તે શખ્સ બુરો ગણાય કે જે આએ ત્રણ પાચ દાહાડાની દુન્યામા ગમ સાથે જીવે."

જ્યારે તેણે તે પાદશાહનુ ડાહાપણ ભર્યું બોલવું સમજ્યું ત્યારે તે કીનાખોર કરસીવજ દુખી થયો તે પોતાના દિલ સાથે બોલવા લાગ્યો કે " જો સીયાવક્ષ તે પાદશાહની નજદિક મારી સાથેજ આવશે તો તે પોતાની સિંહ જેવી મરદાનગીથી તથા આટલી બધી અક્કલને સબબે મારી રચેલી બાજીને પોતાના પગની નિચે રગડી નાખશે તથા મારી કહેલી સઘલી વાત તથા તે પાદશાહ આગળ દેખાડેલા સઘલા ઉપાયો ખોટા થઇશે માટે હાલે મારે તેના દિલને બુરો માર્ગે દોરવવાનો એક ઉપાય કરવો જોઇએ છે." આથી તે પોતાની બે આંખોને સીયાવક્ષ સામે ઠેડવીને થોડા વખત ચુપ બેસી રહયો પછી આખોમાથી આંસુ પાડીને તે આસુ વડે કાંઇ યુકિત કરવા માંડી જાણે કોઈ શખ્સના ગુસ્સાથી તે દુખી થતો હોય તેમ સીયાવક્ષે તેને આસુભરેલી આખો સાથે જોતાજ તેને નરમાશથી પુછ્યું કે

---

૧ સીયાવક્ષને એમ કેહેવાડવાની કરસીવજની મતલબ એવી દિસે છે કે જો સીયાવક્ષ તેને શામો લેવા નહી આવે તો તે અફરાસીયાબની આગળ તેની મગરૂરી ભરેલી વર્તણુંકની તથા તેને થયલા અપમાનની તે ફરીયાદ કરે.

" ઓ ભાઇ ! તુને શું થયું છે ? શું તારા ઉપર નહી પુછવા જોગ દુખ આવી પડયુ છે ? જો તુ તુરાનના પાદશાહ અફ્રાસીયાબથી એમ દુખી થયો હોય અને તે દુખને માટે એમ આંસુ પાડતો હોય તો હુ તારી સાથે હમણાજ આવીને તે તુરાની લશકરના પાદશાહ સાથે તારી તરફથી તકરાર કરૂં કે તુંને તે શા માટે દુખી કરે છે ? અને તુને તે પોતાથી ઉતરતો કાંય ગણે છે ? જો કોઇ તારો દુશમન થયો હોય તો તે માટે પણ તુએ દુખી અને ગમગીન બનવું જોઇએ નહી હુ તારા દરેક કામમાં મદદગાર થવશ જો તુ તે શખ્સ સાથે લડાઇ કરવા માગતો હશે તો તેમાં હુ તુને મદદગાર થવશ શુ કોઇ ચુગલીખોરની ગીબતથી અફ્રાસીયાબ આગળ તારી આબરૂ ફોકટમા ઘટી ગઇ છે ? અથવા તો શુ કોઇ બીજે તારા કરતા ચદતી પદવી મેલવી બેઠો છે ? એ કામનો સઘલો ભરમ તુ મને કેહેશે તો હુ તેનો ચોકસ ઉપાય કરશ હુ ત્યા આવીને તારૂ સઘલુ કામ પાછુ સુધારશ અને પાદશાહને પણ તેના વાકમાથી મુકટ કરશ " ત્યારે કરસીવજે તેને જવાબ દિધો કે " ઓ નામદાર ! મારી એ વાત પાદશાહ માટેની નથી અથવા તો મારી ઉપર કોઇ દુશ્મનથી દુખ પણ આવી પડયુ નથી હુ મરદાનગી અને ખજાનો ધરાવતો હોવાથી એ ઉપાય બીજા કોઇથી કરાવવાથી તો હુ દૂર છુ મને તો મારા ભલા ખવાશ મુજબ તારે માટેનો દિલમા દગદગો ઉપન્યા છે કારણકે તારે માટેની આએ સાચી વાતો મને યાદ આવે છે જેહાનમાં પેહેલવેહેલી બદીની શરૂ-વાત તુરથી થઇ હતી અને તેથી તે પોતાનુ ઇજદી ખોરેહ ખોહી બેઠો હતો તેં સાભલ્યુ તો હશે કે થોડું બોલનાર ઐઇરજની સાથે તેણે સરૂઆતમાં કેવો કીનાનો પાયો નાંખ્યો હતો ? વળી મીનોચેહેર અને અફ્રાસીયાબના કાંમોથી ઇરાન આતશની માફકનુ અને તુરાન પાણીની માફકનું બન્યું હતુ (યાને કે જેમ આતશ અને પાણી એક થાય નહી તેમ ઇરાન અને તુરાન પણ એક થઇ નહી શકે તેવું વેર તેઓ વચે વસ્યુ હતુ) તેથી તેઓ કદીપણ શ પથી ભેલાઇને શાત બેસતા નથી પણ એ બાબેની શિખામણની અને અકકલની વાતોથી તેઓ દુર નાહાશે છે. એ કારણથી તો તુરાનનો પાદશાહ ઘણો બુરો ગણાય છે તે પોતાનો ભરમ શુ છે તે ખુલ્લો કરતો નથી બેશક તુ તેની બુરી ખાશીયત જાણતો નથી તેથી તુ થોડો વખત અત્રેજ થોભી જા તેની વાત હાલે હુ જાહેર કરૂ તેના કરતાં તે છુપી રહેલી ભલી છે માટે એટલુજ સમજીને તુ તેની સાથની સગાઇથી નચી ત ના બન. પેહેલા તુ અફ્રાસીયાબને હાથે નાહક માર્યા ગયલા બીચારા અગ્રીરસનોજ વિચાર કર તે તો તેનો એક શરીર અને એક ચામડીનોજ (યાને એકજ માય બાપથી જન્મેલો) ભાઇ હોવા છતાં તેણે પોતાના આવા નિરદોશ ભાઇને

વગર અક્કલે મારી નાખ્યો હતો વળી તેણે તાજદાર પાદશાહ નોજર કે જે પાદશાહ અઇરજની એક યાદગારી હતો તેને પણ ગરદન મરાવ્યો હતો વળી બીજા ઘણા નિરદોશ નામદારો તેનેજ હાથે માર્યા ગયા હના ખચીતજ એવી એવી વાતોથી મને તારે સારૂ પણ વિચાર ઉપજે છે કે તું હુશીયાર દિલથી અને તનદરોસ્તી સાથે રેહેતો સારૂ જ્યારથી તુ આએ મુલકમાં આવ્યો છે ત્યારથી તારીથી તો કોઇની ઉપર જરાએ બુરાઇ પુગી નથી તુ તો ઇનશાનીઅત અને સચાઇનેજ સોધતો હોવાથી તે તારી અકકલથી જેહાનને પણ સગાર આપ્યો છે હવે વલી દિલને તોડનારા હારેમને તે અફ્રાસીયાબને તારી ઉપર વગર ફોકટનો દાઘેલ દિલનો બનાવ્યો છે તેથી તે તારી તરફ હવે કીનાભર્યુ અને દુખી દિલ ધરાવે છે હુ જાણતો નથી કે એમાંથી પરવરદેગાર શુ કરવા ચાહે છે ? તુ મને તો તારો દોસ્ત અને દરેક ભલાઇ તથા બુરાઇમાં તારો સાચો મદદગાર ગણજે માટે એવું નહી બને કે હુ એ બાબદથી વાકેફ છતાં મે તુને ચેટાવ્યો નહી એવો તુ મારા ઉપર શક લેઇ જાય એથીજ મે તુને પાદશાહના એ કામથી વાકેફ કીધો છે કારણકે એ વાત છુપાવ્યાથી તારે સર તેનો ગુનાહ રેહેતે" સીયાવક્ષે તેને જવાબ દિધો કે, "તુ એ બાબેનો વિચાર ના કર, કારણકે જેહાનનો પેદા કરનાર મારો દોસ્ત છે"

ત્યાર પછી સીયાવક્ષે પોતાનો ચેહેરો તેની તરફ ફેરવીને કહયુ કે "ઓ સાચુ બોલનારા અને નેક દિલના સરદાર ! હુ પાદશાહથી એવી ઉમેદ રાખતો નથી કે તે મારા પ્રકાશીત દિવસની રાત બનાવી દે (યાને મારી જીંદગીનો અંત લાવે) જો તેના દિલમા મારે માટે ખફગી હને ; તો તે મારા માથાને એમ અનજુમન વચે ઉચે ચઢાવતે નહી, તથા મને મુલકો, તાજ, તખત, અને જમીન તથા તેની બેટી, ખજાનો અને લશ્કર આપતે નહી હુ હમણાજ તારી સાથે તેની દરબારમા આવશ અને તેના કાલા ચદ્રને (યાને ચદ્રના જેવા ચેહેરાને) પ્રકાશતો બનાવી દેવશ જ્યા જ્યા સચાઇ દિપી રહે છે ત્યાં જુઠાઇની રોશની ઝાખી પડી જાય છે હુ અફ્રાસીયાબને દેખાડી આપશ કે મારૂ દિલ આસમાન ઉપરના સુરજ કરતાં પણ વધારે પ્રકાશીત છે. માટે તુ તારાં દિલને દલગીર ના રાખ, અને તારા દિલમાં બુરો શક ના લાવ. જે કોઇ પરવરદેગારના હોકમ પ્રમાણે ચાલનારો નહી હોય તેજ અઝદાહના દાચાંમાં જઇ પડે છે" ત્યારે કરસીવજ બોલ્યો કે, "ઓ મેહેરબાન ! તું અફ્રાસીયાબને જેવો જોય છે તેવોજ તેને ના સમજ વળી ; બીજુ એંક જ્યાં સુધી ફરતું આસમાન તુદ બને અને પોતાના કપાલ ઉપર ગુસ્સાની કરચલી ચઢાવે ત્યાં સુધી પોતાનુ માથુ બચાવી લેવાને એક અકકલમંદ

દાનાવ કાવલાંઓને પારખી શકતો નથી, તુ તારી આવી અકકલ અને હુશીયારીથી તથા તારાં આવા કદ, ઉચાઇ અને બુલંદી ભરેલા વિચારોથી કાંઈ એમ સમજતો ના કે આવા ઉપાયોથી તુ તેની મોહોબત પાછી મેલવી શકશે એવુ નહી બને કે તેથી તારી બદબખતી નજદિક આવી લાગે કાવલા અને ફરેબથી અફ્રાસીયાબે તુને આજી નાખ્યો છે અને તેવી યુકિતથી તેણે તારી એ અકકલમંદ આખોને શીવી લિધી છે પેહેલુ તો એક તેણે તુને નામનોજ જમાઈ બનાવ્યો છે અને એવી વાતથી તુ નકામો ખુશી થઇ ગયો છે બીજુ એ કે તેણે બુર્જોર્ગ લોકોને દેખાડવાને માટે એમ લગન કરીને તુને આવી રીતે પોતાની આગળથી દર કરી નાખ્યો છે મારાં દિલમાં જે કાંઈ દાનેશમંદી, અકકલ તથા દરેક પ્રકારના હુનરો છે તેનાથી મેં આએ બુરા જમાનાની અને આએ કીનાખોર કાલા દિલના પાદશાહની અજમાયશ મેલવી છે તેવી અજમાયશથીજ હુ તારી આગલ એક પછી એક વાત કહુ છુ, અને પ્રકાશના સુરજની માફક તુને તે જાહેર કરૂ છુ તુ તારા બાપને ઇરાનમાં તજી આવીને તે તુરાનને કીલ્લો બનાવ્યો છે અને તેના કેહેવા ઉપર તે એટલુ બધુ દિલ બાંધ્યુ છે પણ તારૂ સઘલુ કીધેલુ તેને તો ગમગીન બનાવનારૂ થઇ પડયુ છે તે પોતે તારે હાથે એક ઝાડ રોપ્યું છે કે જેના ફળ ઝેહેરી અને પાતરા દખ દેનારા છે" એટલુ બોલીને જો કે તેનું દિલ કાવલા ભર્યુ હતુ તે છતાં તેને દેખાડવાને માટે આંસુ પાડીને હોટો વડ હાએ અફશોસ પોકારવા લાગ્યો

સીયાવક્ષે કચવાટ સાથે તેના ચેહેરા તરફ જોયુ તો તેની આંખોમાંથી જાણે બે નદી ચેહેરા ઉપર વેહેતી હતી આથી તેને પેલા બુરા વખતની યાદ આવી અને ઉચા આસમાને તેની સાથની મોહોબતને તોડી નાખી છે એમ સમજયો હજીતો તેણે લાંબી જીંદગી જોઇ નહી તેટલામાં તેની જુવાનીનો છેડો આવે છે એમ તે સમજયો આ સબબથી તેનુ દિલ દુખી થયુ અને ચેહેરો ઉતરી ગયો તથા દિલ ગમગીન બન્યુ અને હોટો સરદ હાએ મારવા લાગ્યા પછી સીયાવક્ષ બોલ્યો કે, " જે કાઇ દુખ હુ જોઉછું તેવી બુરી શિક્ષાને હુ લાયક નથી કોઇએ પણ મારા બોલોને અને મારા કામોને શું મોઢાં ઉપર કે શુ પીઠ પછવાડે બુરા તરીકે સમજયા યા જોયા નથી અફ્રાસીયાબનાજ ખજાનાથી મારા હાથો જોરાવર બન્યા પછી હવે તેના તરફના દુખોથી મારૂ દિલ દુખી થાય છે તેનાથી મારા માથા ઉપર ગમે એટલી બુરાઇ પુગશે તોપણ હું તેના વિચાર યા હોકમથી ફરવાનો નથી હુ હમણાજ મારા લશકરને સાથે લિધા વગર તારી સાથે આવુ છુ અને જોઉછું

કે પાદશાહ શાને માટે મારાથી દુખી થયો છે ?" કરસીવજે તેને કહ્યું કે, "ઓ નામદાર ! તુંને હવે તેની આગળ જવું લાયક નથી તારે આતશની અંદર તારા પગે ચાલીને જઇ પડવુ જોઇએ નહી, તેમજ દરીઆના મોજા ઉપર ભરોશો રાખવો જોઇએ નહી તારી હુલરાઇથી તો તુ બુરાઇને તારી ઉપર ઉટાવલે લાવી નાખવા માંગે છે અને તારાં હસ્તાં નસીબને સુટેલુ બનાવવા ચાહે છે તારા મદદગાર દાખલ હાલે હુ એકલો બસ છુ હુ જ તેના ગુસ્સાના આતશ ઉપર થડુ પાણી રેડશ તુ ફકટ તેના નામાનોજ જવાબ લખ અને જે કાંઈ સારૂ માઠું હોય તે તેમાં જણાવ જો હુ તેના માથાને કીનાથી ખાલી જોવશ અને મને તારો સારો વખત પાછો પ્રકાશીત બનેલો જણાશે તો હુ તારી આગલ એક સ્વારને મોકલી આપશ અને તારા વિચારોને પાછા પ્રકાશતા બનાવશ પરવરદેગાર જે જાહેર તેમજ છુપી વાત જાણનાર છે તેનાથી મને ઉમેદ છે કે એ અફ્રાસીયાબ સચાઇની રાહ ઉપર પાછો ફરશે અને તે સખતાઇ તથા જુદાઇના માર્ગથી દૂર થશે પણ જો હુ તેના માથાં અંદર દુખ અને કીનો ભરેલો જોવશ તો તુરતજ એક ઉટ સ્વારને તારી આગળ ઉતાવલે મોકલી આપશ તેથી તુંને જે કાંઇ તૈયારી કરવી હોય તે તુ ઉટાવલે કરી લેજે અને કાઇ પણ કામ કરવાનું ઢીલમા નાખતો ના અત્રેથી બીજા તમામ મુલકો અને ત્યાંના નામદારો અને સરદારો કાઇ દૂર નથી ચીન અત્રેથી ૧૨૦ ફરસગ દૂર છે વળી ઇરાન જમીન ૩૪૦ ફરશંગ દૂર છે તે તરફ સઘલા તારા દોસ્તદારો છે જેઓ તારૂ કામ બજાવવામાં ગોલામો અને ચાકરો જેવા છે વળી તે તરફ તારો બાપ પણ તારીજ ખાહેશ કરતો બેઠો છે ત્યાના સેપાહો તારા ગોલામો છે અને તમામ શેહેરો તારા તાબા હેઠેલ છે તેથી ને વખતે તુ દરેક ગમ એકએકો લાખો પલ મોકલીને ઢીલ વગર તારી નાહાશવાની તૈયારી કરજે." સીયાવક્ષ તેની એવી વાતથી ઠગાઈ ગયો અને તેથી તે આવો ચાલાક દિલનો હોવા છતાં નચિંત રહયો તે બોલ્યો કે "આએ બાબદમા તે જે કાઇ વાત કહી તેમ તારા કેહેવા પ્રમાણે અને ધારવા પ્રમાણેજ હું સઘલુ કરશ તુ પણ તારી મરજી મુજબનું કામ કરીને મને ત્યાં જલડીથી બોલાવજે. તું સઘલી સચાઇજિ સોધીને મારી રાહાનુમાઇ કરજે."

કરસીવજ સીયાવક્ષનું નામું લેઈ અફરાસીયાબ

આગળ પાછો આવ્યો.

પછી સીયાવક્ષે એક હુશીયાર મુનશીને બોલાવીને તેને ખાનગી વાતો લખી કાહડવાને કહી તેણે તેને ફરમાવ્યુ કે ' તુ અફરાસીયાબ ઉપર પ્રકાશતાં મોતીના જેવુ એક રોશન નામુ લખ તેની સરૂવાત તું પરવરદેગારની યાદથી કરજે કે ' તે સાહેબ માણુસ જાતને ગમમાંથી છોડવનાર છે.' પછી તું અફ-રાસીયાબની અક્કલની તારીફ કરતાં તે તુરાનના પાદશાહ ઉપર દવા ગુજારી લખજે કે એ સારા નસીબના અને ફતેહમદ પાદશાહ ! આ જમાનો તારી યાદગારી વિનાનો રેહેતો ના તે મને બોલાવ્યો છે તેથી હુ ઘણો ખુશી થયો છુ. તરૂ બેસવુ હમેશાં ડાહયા પુરૂષોની વચે રેહેજો બીજુ એકે તે ફરગી-સને પણ બોલાવ્યાથી તે તેણીને ચાહથી અને વફાદારીના દિલથી સંગારી છે આએ નામુ મને પુગ્યુ તે વખતે ફરગીસ ઘણી માદી ચાલે છે અને અને તેણીથી ખવાતુ પીવાતુ નથી તેણીનુ શરીર અશક્ત હોવાથી તેણી સુટેલીજ રહે છે અને મને પણ પોતાના તકીઆ આગલ રાખી મુકી ત્યાંથી ખીસવા દેતી નથી હુ તેણીની આગળ બેસીને તેણીને બે જેહાન વચે (યાને મરવાની અણી ઉપર) જોઉછુ મારૂ દિલ તારા દિદાર જોવાને આતુર અને તારે માટેનાજ વિચારોથી ભરેલુ રહે છે તારી સાથે વાતચીત કરવાથી તો મારૂ દિલ ખુશ રહે છે તેથી જેવી તેણી માદગીમાંથી ફારેગ થશે તેવીજ તે પોતાના શરીરને તુ જેહાનના પાદશાહ ઉપર ફીદા કરશે મને ફકટ તેણીની માંદગીનુજ બાહાનુ છે કારણકે મને તેને માટે છુપુ દુખ અને બલાપો રહે છે " પછી તે નામા ઉપર મોહોર કરતાજ છુરી તોખમના કરસીવજને તે જડપથી શોફવામા આવ્યુ તેણે જોરાવર અને જડપ ચાલના ત્રણ ઘોડા મગાવ્યા અને તે ઉપર રાત અને દિવસ ચાલુ મુશાફરી કરીને તે લબાન ચઢ ઉતરનો અને સખત રસ્તો તેણે ત્રણ દિવસમાં કાપી નાખ્યો

ચોથે દીવસે તે પાદશાહ અફરાસીયાબની દરબારમાં જુઠાઇથી ભરેલી જબાન સાથે અને ગુનાહથી ભરેલા આત્મા સાથે આવી લાગ્યો અફરાસીયાબે તેને સીયાવક્ષને માટેની ઘણીએક પુછપરછ કીધી જ્યારે તેણે કરસીવજને દુખથી ભરેલો અને ઉટાવલે આવેલો જોયો ત્યારે તે પાદશાહે તેને પુછ્યું કે " તુ એટલો બધો જડપથી શા માટે આવ્યો છે ? એટલો બધો લબાન રસ્તો તું આટલા ટુંક વખતમા કેમ કાપી શક્યો ? " ત્યારે કરસીવજે તેને

જવાબ દિધો કે " જ્યારે વખત પોતે અધંકાર પકડતો જાય ત્યારે તેને ખરાબી કરવા દેવાને સોંપી દેવો જોઇતો નથી સીયાવક્ષે મને જાખીને જોયો નહી અને વળી તે મને સામો લેવાને પણ આવ્યો નહી તેણે વળી મારી વાત પણ બરોબર સમજી નહી અને તારૂ નામુ પણ વાંચ્યુ નહી તેણે મને પોતાના તખતની આગળ ગુહન મરડીને બેસવાની ફરજ પાડી તે હાલે ઇરાન સાથે ચાલુ પત્ર વેહેવાર ચલાવે છે અને તુરકીઓની સામે તેણે શેહેરના દરવાજાઓ બંધ કીધા છે રોમ અને ચીન તરફથી આવેલા લશકરને લિધે દર પળે ત્યાંની જમીન ઉપર પોકારો ઉઠી રહે છે તેથી જો તુ તેના કામ માટે બેપરવા રહેશે તો હવે પછી તારી મુઠીમાં પવન શિવાય બીજુ કાંઇ રહેશે નહી લડાઈ કર્યામાં જો તુ ઢીલ કરશે તો તે મરદાનગી સાથે બેઉ મુલકોને પોતાને હાથ જીતી લેશે જો તે પોતાનુ લશ્કર ઇરાન તરફ દોરવી લેઇ જશે તો પછી તેની સામે કીનો લેવા જવાની કોણ હીમત કરી શકશે ? હવે જ્યારે મે તુને તેના કરતુકોથી વાકેફ કીધો છે ત્યારે તુને તેની સાથે લડાઇ કરવામા ઢીલ કરવી ઘટતી નથી " જ્યારે અફરાસીયાબે તેની એ વાત સમજી ત્યારે તેને સઘલા આગલા કીના ભર્યા વખતોની યાદ આવી ગુસ્સાને સબબે તેણે કરસીવજને કાંઇ જવાબ દિધો નહી તેનુ દિલ આતશ માફક તપવા લાગ્યુ અને તેના માથામાં ગુસ્સાનો પવન ભરાયો તેણે લડાઇની તૈયારી જાહેર કરવાને સરનાઇ, સંનજ, વાંસલી અને નીન્ની ધાંતો વગાડવાને ફરમાવ્યુ તેણે ગુસ્સા અને કીના સાથે લસકરને ભેગુ કીધુ અને સીયાવક્ષનુ આવેલુ નામુ જરા પણ વાંચ્યા વગર ફેંકી દિધું એ રીતે બુરી ઇચ્છાના કરસીવજની આવી વાતોથી નવેસરથી કીનાનુ ઝાડ રોપાયું. કંગ શેહેરના હસ્તાં બેહેસ્ત જેવા સીયાવક્ષને તેણે પોતાના દિલમાંથી હાંકી કાઢયો અને પોતાના દિલમાં કીનાનુ ઝાડ રોપ્યુ [1]

સીયાવક્ષે પોતાના મનની છુપી વાત ફરંગીસ આગળ કીધી તે વિષે.

તે કાવાડાવા ભર્યા કરસીવજે જીન ઉપર બેસીને જેવી ઘોડાની લગામ મુસાફરી કરવાને માટે તાણી તેવોજ સીયાવક્ષ દુખ સાથે તથા ધ્રુજતાં શરીર અને ફીકકા ચેહેરા સાથે જનાનખાનામાં ગયો. ફરંગીસે તેને પુછ્યુ કે " ઓ સિંહ જેવા પંજાના પેહેલવાન ! તુને શુ થયુ છે કે તારો રંગ એટલો બધો ફેરવાઈ ગયો છે ? " સીયાવક્ષ બોલ્યો કે, " ઓ ખુબસુરત ઓરત ! તુરાનમાં

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

મારી આબરૂને કલંક લાગ્યો છે હુ જાણતો નથી કે હવે હું એનો શું જવાબ દેઉ ? હુ તો એ માટે અજબ થઈ ગયો છુ જો ફરમીતજનુ કેહેવું સાચુ હોય તો મારો હીસ્સો એક સુનમા ગણાયો છે " એ વાત સાંભળતાજ ફરંગીસે પોતાના બાલનો ચોટલો ધરી પીખવા માડયો અને પોતાના રાતા ગોલાબ જેવા ગાલોને નખોથી ઘાહેલ કીધા એ રીતે તેણી અફરાસીયાબની એવી વાતો માટે અને તેની ચાલચલન માટે બાલ પીખીને રડવા લાગી. તેણીના રૂપેરી પાહાડ જેવા નાખ ઉપરથી આસુઓનો વરસાદ વરસવા લાગ્યો, અને તેણીના ગુલલાલા જેવા બે હોટોએ તેણીના દાતો દેખાતા કરીને બે ભાગમાં વેહેચી નાખ્યા કસ્તુરીનો પમરાત આપતુ તે સમબુલ ફુલ (ફરગીસ) લોહીથી જજરતુ બન્યુ. તેણીનું દિલ ગુસ્સાના આતશથી અને તેણીનો ચેહેરો આંસુથી ભરાઈ ગયો

પછી ફરગીસ બોલી કે " ઓ બાહાદુર પાદશાહ ! હવે તુ શુ કરવા માગે છે તેનો ભરમ મને જલદિથી કહી દે તારો બાપ પણ તારી તરફ દુખી દિલ ધરાવતો હોયાથી તુ ઇરાનને તો જરાએ યાદ કરી શકશે નહી રોમ તરફનો રસ્તો લેતાં પણ તુને ઢીલ નડશે અને ચીન તરફ તો તુને ખરાબ લાગે એવા વિચારથી જઇ શકાશે નહી ત્યારે હવે તુ જેહાનમા કોણની પનાહ લેશે ? તુને પનાહનો આપનાર તો ફકટ સુરજ અને ચદ્રનો માલેક પરવરદેગારજ જણાય છે જે કોઈ તારાં શરીર તરફ બુરી મનશાનીનો બને તેના જીવ ઉપર મહીનાઓ અને વર્ષો સુધી આફતો ગુજરજો " સીયાવક્ષે તેણીને જવાબ દિધો કે, " ઓ ચદ્રરૂપી ઓરત ! તુ એટલી બધી ના રડ અને તારા ચેહેરા ઉપર નખરીઆ ના માર દાદારની તરફ તું તારી પીઠ હેઠી કર (યાને બંદગી કરવાને માંથાને ભોંય ઉપર મુક) અને ગમને દૂર કર. પરવરદેગારના ગુસ્સા આગળ આપણો ચારો નથી ખેરખાહીભર્યા કરસીવજ તરફથી આપણને અફ્રાસીયાબને માટેની સારીજ ખબર મલશે કારણકે મને તે મારી બક્ષાવનાર છે અને તેના ગુસ્સા ભર્યાં દિલને નરમ પાડીને તે કીના ભર્યાં દિલને શરમ ભર્યું બનાવનાર છે " એટલું કહીને તેણે પરવરદેગારની બંદગી કરવાને માથુ નમાવ્યું. તેનુ દિલ વખતની સખતાઇને માટે ગમગીન બન્યુ.

સીયાવક્ષે એક સ્વપનો જોયો અને તે તેણે ફરંગીસને કહયો તથા ફરંગીસે તેને શિખામણ દિધી તે વિષે.

એ બનાવ બન્યાને ત્રણ દાહાડા વહી ગયા તેટલામાં સીયાવક્ષનુ દિલ ચંદ્ર માફક ઘટતુ ગયુ ચોઠી રાતે જ્યારે તે પાદશાહ ચદ્રના જેવી ફરગીસ સાથે ઉંઘાયલો હતો ત્યારે તે ઉંઘમાથી બીહીતો અને ધ્રુજતો ઉઠીને એક મસ્તાન હાથીની માફક બુમ પાડવા લાગ્યો ખુબસુરત ફરગીસે તેને દિલાસો આપવાને પોતાની ગોદમાં પકડીને માયા સાથે પુછ્યું કે "ઓ પાદશાહ ! તુને શુ થયુ છે ?" પછી તેણીએ રડતી રડતી ઉઠીને બતી સલગાવી અને તેની આગળ અગર તથા અમબર બાલ્યુ ત્યાર પછી અફ્રાસીયાબની બેટીએ તેને સવાલ કીધો કે "ઓ પ્યારા પાદશાહ ! શુ તે સ્વપનો જોયો છે ?" સીયાવક્ષે તેણીને જવાબ દિધો કે "મારા એ સ્વપના વિષે તું લોકો આગળ જરાએ હોટ ખોલતી ના ઓ રૂપેરી સરોવરના જેવી ફરંગીસ ! મેં સ્વપનામાં એક કીનારા વગરની ઓહોલી નદી જોઇ જેની સામી બાજુએ એક આતશનો પાહાડ હતો. તપતો આતશ જે એક બાજુએ એકઠો હતો તેજ સલગેલો આતશ હવે મારી તરફ આવવા લાગ્યો આથી મારી એક બાજુએ આતશ, બીજા હાથ ઉપર પાણી અને સામેથી અફ્રાસીયાબ હાથીઓની સાથે ચાલી આવતો દેખાયો, તેણે મને જોતાજ પોતાના ચેહેરાને ગમગીન બનાવ્યો અને તે આતશને ફુકીને વધારે તેજ બનાવ્યો જ્યારે કરસીવજ તે આતશને સલગાવી રહયો ત્યારે તે સલગેલા આતશમાં મને બાલી નાખવા માંડીઓ."

ફરંગીસ બોલી કે "એ સ્વપનો કાંઇ સારો લાગતો નથી. તોપણ તું આજની રાત આરામ લે. કરસીવજ ઉપર તમામ બુરૂ નસીબજ આવી પડજો અને તે રૂમના પાદશાહ ખાકાનને હાથેજ માર્યો જજો. હાલે તું ખુશી રેહે અને ગમ ના કર, કારણકે સારૂ સિવાય બીજું કાંઇ બનશે નહી." પછી સીયાવક્ષે પોતાના તમામ લશકરને બોલાવીને તેને પોતાની દરબાર અને મેહેલ આગળ બેસાડયું તે પોતે પણ પોતાના હાથમાં ખંજર પકડીને તૈયાર થઇ બેઠો તપાસને અર્થે તેણે પોતાના લશ્કરના થોડા ભાગને કંગ તરફ મોકલી આપ્યો. જ્યારે અંધારી રાતના બે ભાગ વહી ગયા ત્યારે તપાસ કરવાને અર્થે મોકલેલાં લશકરનો એક સ્વાર જંગલમાંથી આવીને તેને કેહેવા લાગ્યો કે "અફ્રાસીયાબ દરથી મોટા લશકર સાથે ધસીઓ આવતો જણાય છે. વળી કરસીવજ તરફથી પણ ખબર મલી છે કે 'તારે તારો જાન બચાવવાને કંમર બાંધવી કારણ કે મેં અફ્રાસીયાબને સમજાવ્યાથી કાંઇ

ફાયદો થયો નથી. તેથી હું તો આતશમાંથી કાલો ધુમાડો ઉડતો જોવા શિવાય બીજું કાંઇ જોતો નથી (યાને કે અફ્રાસીયાબનો ગુસ્સો પજરીને ઘણો નાશ કરવાની હદે જઇ પુગ્યો છે) માટે તારે શુ કરવુ તે તુ તપાસી લે. તારા લશકરને લડાઇમાં ઉતારવાની કાંઈ અગત્ય નથી'" આથી સીયાવક્ષ કરસીવજની મકશદ સમજી શકયો નહી, અને તેથી તેનુ સઘલુ કેહેવુ તેણે ખરૂ માન્યુ. ફરંગીસે તેને કહ્યુ કે " ઓ અકકલમદ પાદશાહ ! તુ હમારે વિષેનો કાંઈ વિચાર ના કર તુ તારે તુરાનમા જરાએ ઠોભ્યા વગર એક જડપ ચાલના ઘોડા ઉપર બેસી જા હુ તો તુ તારે વતને જઇ જીવતો રહે એમ ઇચ્છુ છુ માટે તું અત્રે જરાએ થોભ્યા વગર તારા માથાને બચાવી લે "

સીયાવક્ષ બોલ્યા કે, " મારો પેલો સ્વપનો ખરો પડયો છે અને મારી આબરૂને કલક લાગ્યા છ વલી મારી જીદગીનો પણ અત આવી લાગ્યો છે અને ગમગીની ભરેલો કડવાશવાલો વખત નજદિક આવી લાગ્યો છે ઉચા આસમાનની કરણી એવીજ છે ઘડીકમા તે ખુશી રાખે છે તો ઘડીકમાં ગરજાઉ બનાવી દે છે જો હુ બારસો વર્પની ઉમરનો થાઉ તોપણ કાલી ધુલમા ડતાયા સિવાય બીજો કાંઈ રસ્તો નથી જોકે મારા મેહેલે સનીશ્ચર સુધી પોતાનુ માથુ ઉઠાવ્યુ છે તો પણ મને તો મોતનુ સરબતજ પીવું પડવાનુ જો કોઈ સિહના સીનામા જઈ વસે અથવા તો ગીધ ઉડતુ હોય યા હોમા પક્ષી ઉડતુ હોય ત્યાંની ઉચાઇએ જઈ રહે તોપણ તે મોતથી બચવાનો નથી અધારી રાતે જે કોઇ સુરજની રોશની માગે તો તેવો શખ્સ અકકલનો મોટો હીસ્સો કયાથી ધરાવે ? તારા હમેલ માહેલા કીરતીવત બાળકને છુટકારો મલવાને હવે પાચ મહીના બાકી રહયા છે તારાં ઝાડ ઉપર જે ફળ ઉગશે તે એક કીર્તીવત પાદશાહ બનશે તે નામદારનુ નામ તું કએખસરૂ ૧ પાડજે અને તુ મારે માટે ગમે એવા ગમમાં હોય તે છતાં તુ તેને તારા દિલને તાહાડક આપનારા તરીકે ગણી લેજે પ્રકાશતા સુરજથી તે કાલી ખાકની રજકણને તથા એક મગતરાંથી તે એક હાથીને તથા એક નાના ઝરાથી તે નાઇલ નદી સુધાંને યજદાનના હોકમને નમવા સિવાય બીજો કાંઇ છુટકો નથી મારી મત્તી તુરાનમાજ ડતાવાની હશે તો પછી એમ કોણથી કેહેવાય કે મારી ઘોર ઇરાનમાં બને ? આએ જડપ ચાલનો આસમાનનો ગુંમબજ એમજ ફરતો રહે છે આએ પુરાની દુન્યા નવી છે એમ

---

૧ કએખુશરૂને અવસ્તામા 'કવી હુસ્રવ઼ ઘ' ને નામે ઓલખ્યો છે અને બુન્દેહેશમા કએખશરૂને નામે ઓલખ્યો છે એને અવસ્તામા પણ સીયાવક્ષના બેટા તરીકે ઓલખવામા આવ્યો છે. તેમજ બુનદેહેશ (બાબ ૩૧, ફકરો ૨૫) માં પણ તેને સીયાવક્ષનાજ બેટા તરીકે જણાવ્યો છે

કહી શકાવાનું નથી હવે પછી મારૂં હસ્તુ નસીબ અફ્રાસીયાબના હોકમથી હમેશની ઉંઘમાં પડશે તેઓ મારા નીંર્દોશ માથાંને કાપી નાખશે અને મારાં તાજને મારાં જીગરના લોહીમા બોરાતુ કરશે હુ કફન કે ઘોર કે કફનનું કપડુ કાંઇ પણ મેલવવા પાંમશ નહી તથા ત્યા મારી રૈયતમાનુ કોઇપણ મારે માટે રૂડન કરવાને હાજર રેહેશે નહી મારૂ માથુ મારા શરીર ઉપરથી તલવાર વડે જુદુ થયા પછી હુ એક પરદેશીની માફક ધુલમા દટાવશ વળી પાદશાહ અફ્રાસીયાબના ચોકીઆતોના તુને પણ હલકી પાડી ઉઘાડે પગે અને ઉઘાડે માથે રસ્તામાથી ચલાવી લેઇ જશે પણ તેટલામા સપેહસાલાર પીરાન દરબારમા આવી લાગશે અને તે કાલાવાલા કરી તુને તારા બાપ પાસેથી માફી અપાવશે તે તારા નીંર્દોશ જાનને માટે માફી ચાહીને તુંને એ ખુવારી ભરેલી હાલતમાથી પોતાના મેહેલમા લેઈ જશે તે ચાલકી-વાલુ માથુ ધરાવનાર બુઢા પીરાનના મેહેલમાં તુ નામદાર કએખશરૂને જન્મ આપશે એ બનાવ બન્યાંને લાંબો વખત વહી જવા બાદ નામદાર કએખશરૂ જેહાનનો પાદશાહ બનશે પરવરદેગારના હોકમથી ઇરાનથી કોઇ એક મોટી પડવીનો શખ્સ જેનુ નામ ગેવ હશે તે તુને ઉપાય દેખાડ-વાને માટે કમર બાધીને આવી લાગશે વળી તે ગેવના જેવા કોઇ પણ પેહેલવાનને તુ તુરાનમાં જોશે નહી આખરે તે તુને અને તારા બેટાને છુપાછુપ જીહુન નદી ઓલગીને ઇરાન તરફ લેઈ જશે અને ત્યાં તે કેખશરૂને પાદશાહી તખત ઉપર લેઈ જઇને બેસાડશે પક્ષીઓ કે મછીઓ તેનાજ ફરમાન હેઠેલ રેહેશે જ્યારે બુર્જોર્ગીભર્યું તાજ તેને હાથ આવશે ત્યારે જે નામોશી તેના ઉપર આવી પડી હતી તેનુ વેર લેવાને તે પોતાના હાથ લબાવશે જે વખતે જમીન લીલોતરીવાલી અને પાહાડ ગુલલાલાના ફુલોથી ભરાયલા બનશે ત્યારે તેની એક વશત રૂતુની મોસમમાં કએખશરૂથી પાછો આએ જમાનો લડાઈ કરવાને માટે જોશમાં આવશે કીનો લેવાને માટે ઇરાનથી એક મોટુ લશકર અત્રે આવશે, જેથી તમામ તુરાન જમીન ગભ-રાતમાં પડશે એ પ્રમાણે આસમાન પોતાનુ ફરવુ કરશે પણ તેજ આસમાન કોઇની પ્યારથી તાબેદારી કરવા ચાહાશે નહી મારે માટેનો કીનો લેવાને માટે પુશકલ લશકર મારા વતનના રેવાજ પ્રમાણેના હથીયારો પેહેરશે. રાતા, પીલા, કાલા, બલુ વિગેરે સખ્યાબધ વાવતાઓ ઇરાનથી તુરાનમાં આવેલા તુંને જણાશે રૂસતમના રખ્શના પગલાં માર્ગ કાપતાં અત્રે આવી લાગશે અને તે રૂસતમ તુરાનના લશકરની જરાએ બીશાડ ગણાશે નહી આજથી તે રસ્તાખેજ સુધી મારો કીનો લેવાને માટે તુ નિક્ષણ તલવારો અને ગુરજો સિવાય બીજુ કાંઈ ઉચકાયલુ જોશે નહી.”

ત્યાર પછી તેણે ફરંગીસને છેલ્લી સલામ કીધી અને બોલ્યો કે "ઓ મારી ભલી ઓરત ! હવે હુ અત્રેથી જવા માગું છું એ બાબદને માટે તું તારાં દિલને શખત કરજે અને નાજુકાઈ (યાને મોજ મજાહ) તથા તખત ભોગવવાના વિચારથી તુ તારાં દિલને ખાલી કરજે" પછી તે ફેકે ફેક રડવા લાગ્યો અને દુખથી ભર્યા દિલ સાથે તથા ફીકકા થઇ ગયલા બે ગાલો સાથે તે મેહેલમાંથી બાહાર નિકલ્યો ઓ જેહાન ! હુ જાણુતો નથી કે તુ લોકોની શાને માટે પરવરશી કરે છે ? તુ ગોયા તેનો શેકાર કરવાને માટેજ તેને પાળે છે.

ફરંગીસ નખરીઆ દિધેલા ચેહેરા સાથે અને પીખી નાખેલા બાલો સાથે પોતાની બે આખોમાંથી પોતાના ગાલો ઉપર આસુના રેલા ઉતારવા લાગી જે વખતે સીયાવક્ષ પોતાની ઓરત આગળ પોતાના ગમ વિષેની વાત કહેતો હતો તે વખતે ફરગીસ રડતા રડતા તેને વલગી પડી પછી સીયાવક્ષે લોહીથી ઉકલતા દિલે અને આખોમાં આંસુઓ સાથે ત્યાંથી પોતાનો ચેહેરો ફેરવીને પોતાના અરબી ઘોડાઓવાલા તબેલા તરફ ગયો, ત્યાથી તેણે બેહેજાદ નામનો કાલો ઘોડો કે જે કીના વખતે પવન સાથ હરીફાઇ કરતો હતો તેને બાહાર કાઢયો રડતા રડતા સીયાવક્ષે તે ઘોડાનુ માથું પોતાની છાતી સાથે દાબ્યુ અને પછી તેના ગલામા લગામ ઓલવી તેણે થોડો વખત સુધી તેના કાનમા કાઈ છુપી વાતો કહી કે "તુ સાવચેટ રેહેજે અને તુ કોઇ પણ શખસનુ કામ કરતો ના જ્યારે કએખશરૂ કીનો લેવાને આવે ત્યારેજ તુ તેની લગામમા સજ થજે અને છેલ્લે સુધી તુ તેની ઉપરજ તારૂ તમામ દિલ લગાડજે કારણકે કીનો લેતી વખતે તુજ તેનો ઘોડો બનશે" પછી તેણે બીજા તમામ ઘોડાઓને જેમ સેરડી કાપે તેમ શમશેર વડે કાપી નાખ્યા તેણે જે જે ચિજો જેવી કે રેસની તાકાઓ, પૈસા, મોટી, હીરામાણેક, તાજ, તલવારો, તોપીઓ, કંમરબધો વિગેરે ખજાના તરીકે એકઠી કીધી હતી તે સઘલી ચિજોને તથા પોતાના મેહેલ અને બાગને આગ લગાડી દિધી પોતાના બુરાં નસીબને માટે અજબ થઇને જ્યારે તે તેમ કરી રહયો ત્યારે તેણે જવાની તૈયારી કીધી. સીયાવક્ષ આખોમા આસુ સાથે ગમગીન ચેહેરે પોતાના આશુદા ઘોડા ઉપર બેઠો [1]

સીયાવક્ષ અફ્રાસીયાબને હાથ કેદ પકડાયો તે વિષે.

પછી તેણે તુરતજ ઇરાનીઓને ફરમાવ્યુ કે "તમો ઇરાન તરફનો રસ્તો ધરવાને માટે તમારી કમર બાધો સીયાવક્ષે પોતે અને તેના નામ-

---

1 એ બેત લખેલી નકલમા વધારે છે.

દાર સ્વારોએ આંસુ ભરી આંખો સાથે ઈરાનનો રસ્તો પકડયો. જ્યારે તેઓ અરધા ફરશંગ જેટલો રસ્તો કાપી ગયા ત્યારે તુરાની લશકરનો પાદશાહ તેઓની સામો આવી લાગ્યો અફ્રાસીયાબે સીયાવક્ષના સ્વારોને ગુરજ તલવાર, અને બખતરની સાથે જોતાંજ તથા સીયાવક્ષને પણ ગાંડવાલાં બખતર સાથે જોતાંજ દિલ સાથે વમાસ્યું કે "કરસીવજે મને ખરેખરૂજ કહયુ હતું અને તે વિષેની સચાઇ હવે છુપી રહી નથી" જ્યારે સીયાવક્ષે તે તુરાની પાદશાહને પોતાની સામે આવી લાગેલો દિઠો ત્યારે તે પોતાના જીવને માટે ધાસ્તી ખાવા લાગ્યો તેના સેપાહો પણ પોતાના પાદશાહને માટે ફીકર કરવા લાગ્યા. કારણકે તે તુરકીઓએ તમામ પાહાડો અને રસ્તાઓને ઘેરી લિધા હતા તેઓએ જાણે અત્યાર આગમચ પોતાના દિલમાં કીનો વસ્યો હોય તેમ એકમેક તરફ જોયુ જગી સ્વારો સીયાવક્ષને માટેની ધાસ્તીથી નચિંતાઈ, હુશીયારી અને ધીરજ પકડીને ઉભા રહયા જ્યારે ઇરાનીઓએ એ પ્રમાણેનો મામલો જોયો ત્યારે તેઓ બોલ્યા કે "ઓ જેહાનના પાદશાહ! આપણને તુરાનીઓ વગર કારણે શા માટે મારી નાખે? જ્યારે તેઓ આપણને મારવાને માટેજ આ મેદાનમાં આવ્યા છે ત્યારે તો તેઓ જ્યાં સુધી ઇરાનીઓનો લડાયક હાથ જોય ત્યા સુધી હમારા એ કામને હલકુ ગણયા વગર તુ થોભી જા"

સીયાવક્ષે તેઓને જવાબ દિધો કે "એમ કરવામા કાંઇ ડાહાપણ નથી આપણેજ જો લડાઇની સરૂઆત કરીએ તો તેમા સોભા કે દરજજો નથી જો હુ પાદશાહ અફ્રાસીયાબની આગળ લડાઇનો હદીઓ લેઇ જાઉ તો તેવે દાહાડે મારી ભલી બુનીયાદને કલક લાગે ફરતુ આસમાન એ બુરા લોકોને હાથે હુ નીરદોશનો નાશ કરાવવા માંગતું હશે તોપણ હુ મારી મરદાનગી દેખાડવાનો થેડાવ રાખતો નથી કારણકે હુ જેહાનના પરવરદેગાર સામે બદ ઉઠાવવા ચાહાતો નથી ડાહાપણ અને હુશીયારી ધરાવનારા પેલા અકકલમદ માણસનુ એજ કેહેવુ છે કે 'બુરા સેતારાની સામે તુ મરદાનગીથી લડતો ના'" પછી તેણે અફ્રાસીયાબને આ પ્રમાણે કહયું કે, "ઓ માન અને આબરૂ ધરાવનાર હુનરમદ શાહ! તુ તારાં લશકરને લેઇ મારી સાથે લડાઇ કરવાને શા માટે આવ્યો છે? અને હું બેગુનાહને તું શા માટે મારી નાખવા માગે છે? તુ શુ કામ બધે મુલકોના લશકરને કીના ભર્યા બનાવે છે? અને શુ કામ તુ આ જમીન અને જમાનાને શ્રાપ વરસાવતાં બનાવે છે?" ત્યારે કમ અકકલના કરસીવજે તેને એવો જવાબ દિધો કે, "તુને એ રીતે વાત કરવી ઘટતી નથી. જો તું બેગુનાહજ છે તો તું પાદશાહની સામે બખતર પેહેરીને શા

માટે આવ્યો છે ? સામે લેવા આવવાને માટેની એવી રીત તો હોયજ નહી. વલી કમાન તથા બખતર કાંઇ પાદશાહને માટેનો હદીઓ પણ ગણાઈ શકાય નહી.' જ્યારે સીયાવક્ષે તેનુ એ મુજબનુ બોલવુ સમજયુ ત્યારે તેણે તેને જવાબ દિધો કે "ઓ બુરી ખાશીયતના નિચા શખ્સ ! તારીજ શિખાવણીથી હુ ગુમરાહા બન્યો હતો તેજ મને કહયું હતુ કે પાદશાહા અફ્રાસીયાબ મારી ઉપર ગુસ્સે થયો છે આવી તારી ફીતુરી વાતોને લિધે હજારો નીરદોશ માણસોના માંથાંનો હવે નાશ થશે પણ તારાં આવા કરતુકની તું આખરે સજા પામ્યા વગર રેહેશે નહી જે બી તે વાવ્યા છે તેના ફલ તુજ ચાખજે પછી તેણે પાદશાહને એ પ્રમાણે કહયુ કે, "ઓ પાદશાહ ! તુ તારી છાતીમા ગુસ્સાના તેજ આતશ ના રાખ મારૂ ખુન રેડવુ અને બેગુનાહ લોકોની સાથે કજીયો કરવો એ કાંઇ રમતની વાત નથી આ બેઇન્સાફ કરસીવજની શિખાવણી ઉપર તુ તારાં તુરાન શેહેરનો નાશ ના કર"

કાવાબાજ કરસીવજે સીયાવક્ષને પાદશાહની સાથે એ પ્રમાણે વાત કરતાં જોઇને તેને ગુસ્સા સાથે કહયું કે, "ઓ પાદશાહ ! તુને શુ થયું છે ? તારે દુશમનની સાથે વાત શાની કરવી જોઇએ ? અને તેની વાતો શા માટે સમજવી જોઇએ ?" ત્યારે અફ્રાસીયાબે કરસીવજને એ પ્રમાણે કહેતાં સમજ્યો તથા સુરજને પણ ઉચે ચઢેલો જોયો ત્યારે તેણે લશકરને તિક્ષણ તલવાર ખેચીને રસ્તાખેજ માફકના પોકારો ઉઠાવવાને ફરમાવ્યુ આથી જેહાન પોકારોથી અને હવા ધુલારાંથી ભરાઈ ગઈ બે પાદશાહોમાંનો એક લડાઈ કરવાના ઠેરાવ સાથે, ત્યારે બીજો લડાઈ નહી કરવાના ઠેરાવ સાથે આવ્યો હતો સીયાવક્ષ જે સોગદ લિધા હતા તેની રૂએ તેણે તલવાર અને તેના ઉપર હાથ લગાવ્યા નહી તથા પોતાના મદદગારોમાથી કોઇને પણ તેણે લડાઇ કરવાને માટે પગ બાહાર કાઢવા ફરમાવ્યુ નહી આથી તે બુરા અફ્રાસીયાબે ઇરાનના પાદશાહ સીયાવક્ષ ઉપર જુલમ ગુજારવા માંડયો તેણે તમામ લોકોને તલવાર ખેચીને લડાઇના મેદાનમા લોહી રેડવાને ફરમાવ્યુ ઇરાનીઓના મરદાનગી ભર્યા એક હજાર સેપાંહો હતા જે સઘલાઓ લડાઇના કામમા નામદારી ભરેલા હતા તે ઇરાનીઓમાના એકેએકને તુરાનીઓએ મેદાન વચેથી કેદ પકડયા અને તે સઘલા ઇરાનીઓને મારી નખાવ્યા [1] તે કીનાના મેદાનમા સઘલા માર્યા જવાથી તેઓના લોહીથી તમામ જમીન ગુલલાલાના રગ જેવી બની ગઇ તે પેહેલવાનો વચે સખત લડાઇ ચાલતાજ લડાઈ વચે પાદશાહ શીયા-

---

૧ લખેલી નકલમા એ બેત વધારે છે.

વક્ષ તીર તથા નેજાથી ઘાહેલ બનીને ઘોડાની પીઠ ઉપરથી ઉંધે મસતક નિચે તુટી પડયો. તેના જમીન ઉપર પડતાંજ તેના તાજનો, તખતનો અને તેની સન્તાનો અંત આવ્યો. તે એક મસ્ત પેહેલવાનની માફક કાલી ધુલમાં લપેટાયો અને ગુરૂઇજરેહે તેના હાથો બાંધી લિધા અને તેની ગરદનમાં ફાંસો ઉતારીને તેના બે હાથોને પીઠ પછવાડે મજબુટ બાધ્યા તેના ગોલાબી ચેહેરામાંથી લોહી વેહેવા લાગ્યુ. તેની જવાન આખોએ એવો દાહાડો કદી પણ જોયો હતો નહી જલ્લાદો તેને પગે ચલાવતા ત્યાથી ઘસડી લેઈ ગયા ઇરાની સેપાહોની વચેથી એક પણ શખ્સ બચ્યો નહી આથી જ્યારે સઘલા ઇરાનીઓ માર્યા ગયા ત્યારે અફ્રાસીયાબે પોતાના લશકરને ત્યાથી કુચ કરાવી સેપાહો પેહેલવાન સીયાવક્ષની આસ-પાસ ફરી વલ્યા અને તેઓ ત્યાથી કુચ કરી ગયા તુરાની લશકરના સરદાર અફ્રાસીયાબે ફરમાવ્યુ કે “ તમો વગર ઢીલે અને ઘાસ્તી વગર તેને અત્રેથી એક બાજુએ ઘસડી લેઇ જાઓ અને જે સખત જગા કે ત્યા કદીપણ ઘાસ ઉગતું નહી હોય ત્યા તેના માથાને ખંજર વડે જુદુ કરી નાંખીને ત્યાની ગરમ રેતીમાં તેનુ લોહી રેડો ”

તમામ લશકરે પાદશાહને એ પ્રમાણે પુછયુ કે “ ઓ પાદશાહ ! સીયા-વક્ષનો તુ શુ કશુર જોય છે ? તારી સાથે તેણે શુ કીધુ છે ? તે તો હજી તે જણાવ્યુ પણ નથી ત્યારે તુ એ પ્રમાણે તેના લોહીમા શાને માટે હાથ બોળે છે ? એવા એક નામદાર શખ્સને તુ શુ કામ મારી નાખવા ચાહેછે ? કારણ કે તેના મોત ઉપર તાજ અને હાથી દાતનુ તખત પણ જારજાર રૂડન કરશે. માટે તુ ખુશાલીના હીગામમાં એવુ એક ઝાડ ના રોપ કે જેની ઉપર જમાનો હવે પછી ઝેહેરના ફળ ઉપજાવે ” બુરી નિશાણનો કરસીવઝ પણ સોખઈ સાથે જલ્લાદનો સાથી બન્યો, કે જેથી તે તેને માટે પેલા લડાઇના અખાડા વખતનુ જે કપટ દિલમા ધરાવતો હતો તેનું વેર લેઇ તે સીયાવક્ષનુ લોહી પોતે રેડે (ત્યાં) મુબારક પીરાનનો નાની ઉમરનો એક પેહેલવાન ભાઈ હતો, જે હુનર ભર્યો અને રોશન રવાનના જવાન પેહેલવાનનું નામ પીલસુમ હતુ. આ પીલસુમે તે નામદાર પાદશાહને કહયુ કે “ એ ઝાડના થડ-માથી દુખ અને ગમના ફળો ઉગશે, કારણકે તે ઝાડની જડ તુ લોહી અને કીનામાં રોપે છે, અને તે કીનાનુ ઝાડ હવે ઉચ્ચુ ઉગી નિકળશે દાનાવોથી મેં એવી એક અકકલ પસદ વાત સમજી છે કે ‘ ધીરજ ભર્યું દિલ પસ્તાવામાં પડતું નથી. તથા ધીરજ એ ગુસ્સે થયલા માણસને સમજદારી આપનારો ઉપાય છે. ઉટાવલ અને બુરાઈ કરવી એ હારેમનનુ કામ છે, જેનાથી જીવ અને શરીરને પસ્તાવો અને દુખ પુગે છે.' માટે તુને એક પાદશાહ જેવાનું

ડોકુ' ઉટાવલે કપાવી નાખવું' ઘટતુ' નથી. ઓ પાદશાહ ! તું ઉટાવળ ના કર અને નવેસરથી કીનાનું મુળ ના રોપ જોઇએ તો તુ તેને કેદખાને નાખ કે જેથી જમાનો તુને કાંઇ ધડો શિખવે, પછી જ્યારે તારાં દિલ ઉપર અકકલનો પવન ફુકતો થાય ત્યારે જો તેનુ ડોકુ તુને કપાવી નાખવુ ઘટતુ હોય તો તું કપાવી નાખજે. તેથી હમણા તો તુ એ હોકમ ના કર અને ઉટાવલો ના બન કારણકે ઉટાવલા કામનો પસ્તાવો છેલ્લેજ લાગે છે ઓ અકકલમંદ પાદશાહ ! જેના માથાં ઉપર ટોપીને બદલે તાજ હોય તેને કપાવી નાખવું ઘટતું નથી ત્યારે તુ એક નીરદોશનુ ડોકુ શાને માટે કપાવે છે ? કાઉસ અને રૂસતમ તેનો કીનો તારી ઉપર લિધા વગર રેહેશે નહી તેનો બાપ પાદશાહ છે તેમજ તેને ઉધારનાર રૂસતમ છે રૂસતમેજ તેને ભલાઈ સાથે ઉછેરીને મોટો કર્યો છે તેથી એવા કદગાં કામની આપણને સજા ભોગવવી પડશે અને સેવટે તુ પણ આએ જુલમગાર દાહાડાને માટે દુખી થશે ઇરાનીઓની કીના ભરી તલવાર કે જે આએ મુલકને લોહીમાં ડુબેલો બનાવશે તેની જરા તુ યાદ કર તે ઇરાની નામદારો કે જેઓના ગુસ્સાની જેહાનના લોકોને ફાળ પડે છે તેનો પણ તુ વિચાર કર જ્યારે ગોદરેજ, ગુરગીન, ફરહાદ અને તુસ જેવા સઘલા પેહેલવાનો હાથીની પીઠ ઉપર ઢોલ બધાવશે અને પેલો જોરાવર પેહેલવાન પીલતન રૂસતમ કે જેની આખોમા એક મોટુ લશકર કાંઇ બીસાડ ધરાવતુ નથી, તથા ફાડીખાનારા સિહ જેવો ફ્રીબરૂજ ૧ અને કાઉસ કે જેઓ લડાઇ કરવાથી ધરાતા જણાતા નથી, તથા બેહેરામ અને શાવરાનનો જગેહ તથા ગસતહમ, ૨ ગઝદહમ, જવારેહ. ફ્રામરજ ૩ અને દસ્તાને સામ જેવા બાધુરો જ્યારે લડાઈ કરવાને તલવાર મીઆનમાંથી બાહાર કાહદશે તથા પાદશાહ કાઉસના દમામદાર અને પડવીવાલા બાધુરો અને સિહ જેવા મરદાને મરદો જ્યારે કીનો લેવાને એકી વખતે કમર બાધશે ત્યારે તમાંમ શેહેરો અને જગલો નેજાથી ભરાઇ જશે તે વખતે હુ કે મારા જેવા બીજાઓ અથવા તો આપણી રૈયતમાના પેહેલવાનોમાના કોઇથી પણ તેઓની સામે ટકી શકાવાનુ નથી તેથી જ્યા સુધી પીરાન આવી લાગે ત્યાં સુધી તુ થોભી જા કે જેથી તુ પાદશાહ તેની પણ કેટલીક સલાહ લેઇ શકે જો તુંને પીરાનની સલાહની પણ અગત્ય નહી હોય, તોપણ આ જેહાન ઉપર તુ એ રીતે કીનાનો ગલીચો ના બીછાવ ''

---

૧ ફ્રીબરૂજ એ કએકાઉસના બીજા બેટાનુ નામ છે

૨ ગસતહમ એ નોજરનો બેટો અને તુસનો ભાઈ થાય છે

૩ ફ્રામરજ એ રૂસતમના વડા બેટાનુ નામ છે

તેના એમ બોલવાથી પાદશાહ જરા નરમ બન્યો પણ તેનો ભાઇ તો તદન બેશરમ બની ગયો. તે કરસીવજે પાદશાહને કહયું કે "એ અક્કલમંદ પાદશાહ ! આ જવાન પીલશુમના કેહેવા ઉપર તું હવાને બાંધવા જેવી કોશેશ કરતો ના. તું તારે દગમગ્યા વગર દુશમનને થડમાંથી ઉખેડી નાખ અને એ પીલસુમની શિખામણ તુ બીલકુલ સમજ ના આ ઇરાનીઓની લાશો અત્રે હોવાથી તમામ મેદાન તો ગીધોથી ભરાઇ ગયું છે અને હવે જો તું આ કીનો લેવાથી બીહીતો હોય તો આ ઇરાનીઓના તે ખુન રેડયાં છે એજ તારે માટે બસ છે. તેથી જયારે રૂમ અને ચીનથી તારા ઉપર સીયાવક્ષ ચઢાઇ લાવે ત્યારે પણ તું આ જમીનને ગુરજો અને તલવારોથી ભરાયલી તો જોવાનોજ સીયાવક્ષે તારી સાથે આટલીજ બુરાઇ કીધી છે તેજ તારે માટે શુ બસ નથી કે તું વગર ફોકટની બીજાઓની સલાહ સમજે છે ? એમ કરીઆથી તો જાણે એક સાંપની પુછડીને કરડી નાખીને તેના માથાંને જખમી કરી રેસમી કપડામાં વીટાલી તારી છાટીએ લટકાવ્યા બરોબર ગણાશે. અનુભવી લોકોથી મેં એવું સમજ્યું છે કે, 'એક પેહેલવાન જીતના આખેર રસ્તા ઉપર આવ્યો હોય અને જો તે છતાં ને દાહાડાનો અરધો ભાગ અમસથો વહી જ્વા દે તો પછી સામેનું લશકર તે પેહેલવાનને આગળ વધવા દેજ નહી' માટે જો તુ તેના જીવને મારી બક્ષશે તો હું તુ પાદશાહની આગળ રેહેવશ નહી, પણ અત્રેથી ચાલી જઇને જેહાનમા એક ખુનુ પકડીને બેશસ, કે જેથી જમાનો મારો અ ત જલદિથી લાવી મુંકે" વળી દમુર અને ગુરૂઈ નામના શખ્સો પણ તુરાની પાદશાહની આગળ એજ રીતે દુખી થતા આવ્યા અને બોલ્યા કે "તું સીયાવક્ષનું ખુન રેડવામાં જરા પણ ઢીલ ના કર. કારણ કે હમો હથીયારથી સજ થયલાઓને આરામ ભોગવવાનુ હરામ લાગે છે. માટે તું તારે તારી રાહાનુમાઈ કરનારા કરસીવજના કેહેવા પ્રમાણે તૈયારી કર અને દુશમનને જડમુલથી ઉખેડી નાખ. તેં ફાંડો નાખ્યો અને તેમાં દુશમન પકડાયો છે ત્યારે તેને તું જલદિથી મારી નાખ અને વગર ફોકટની તેની આબરૂ ના લે. તેને તું તારે હાથ જીવતો રાખે તે તુંને લાયક નથી. બુરા લોકોના દિલને તો કચડી નાખવાંજ જોઇએ. તેં તેના લશકરનો તો એમ નાશ કીધો છે, ત્યારે તે ઇરાની પાદશાહ તારી સાથે કેમ વર્તશે તેજ તુંને જોવાનું છે. જો તેં કોઇને પેહેલેથીજ ઇજા કીધી હતે નહી તો આએ ગુનાહને પણ તું પાણીથી ધોઈ નાંખી શકતે હવે તો એ સીયાવક્ષ જેહાનમાં જાહેર કે છુપો દેખાવ દેજ નહી એજ વધારે સારૂં." ત્યારે પાદશાહ અફ્રાસીયાબે તેઓને એવો જવાબ દિધો કે "મેં કાંઇ એનો ગુનાહ નજરે નજર જોઓ નથી, તોપણ નજુમીઓના કેહેવા પ્રમાણે આખરે તેનાથી મારે માથે મુશકેલી આવી તો

[illegible] છે. [illegible] એનું ફીનાથી લોહી રેડશ તો તુરાન જમીન ઉપર [illegible] એવું ધુલાડ ઉડતું થશે કે જે ધુલારાંથી સુરજ પણ કાલો થઇ જશે અને તે દિવસથી હુશીયાર લોકો દુખમા પડશે મારે લિધે તુરાનને દુખ ભોગવવું પડશે અને મારેજ લિધે તે ગમમા અને મેહેનતમાં પડશે વળી તેને [illegible] મુકવો એ મારી નાખ્યાથી પણ વધારે બુરૂ છે, જોકે તેને મારી [illegible] મનેજ દુખ અને મેહેનતમાં પડવુ પડશે અકકલમંદો કે કમ અક્કલીઓમાંના કોઇ પણ શખ્સથી આસમાનનો ભરમ પીછાણી શકતો નથી "

સીયાવક્ષને છોડવવાને માટે ફરંગીસે પોતાના બાપની આગલ રૂડન કીધું તે વિષે.

જ્યારે ફરંગીસે એ વાત સમજી ત્યારે તેણીએ પોતાના ગાલોને પીખી નાખ્યા અને પોતાની કમરે લોહીથી ખરડાયલો પટો બાંધીને પગે ચાલતી પાદશાહ આગળ આવી લોહીથી ખરડાયલા ચંદ્ર જેવા ચેહેરા સાથે બીહીતી ધ્રુજતી બાપની આગળ આવીને તેણીએ પોતાના માથાને રડતાં રડતાં ધુલથી ભરી નાખ્યું અને બોલવા લાગી કે " ઓ હુનરમંદ પાદશાહ ! તુ મને શાને માટે હીની પાડવા ચાહે છે ? તુ તારૂ દિલ ફરેબ ભર્યા કામોની ઉપર કાંય બાંધે છે ? તુ ઉચાન (ચઢતી) ઉપરથી નિચાન (પડતી) તરફ કાય નહી નજર કરતો ? તાજ અને તખત સાથના ઘણાએ પાદશાહો થઇ ગયા છે, પણ કોઇએ પણ પાદશાહને ગરદન મરાવ્યો નથી માટે તે નીરદોશ પાદશાહનું માથુ તુ ના કપાવ, કારણ કે સુરજ અને ચદ્રના માલેકને એવુ કામ પસદ નથી. તારે લિધે તો સીયાવક્ષ ઇરાન તજી આવ્યો અને જેહાનમાં તારીજ તારીફ કરવા લાગ્યો તારેજ ખાતર તેણે વળી પોતાના પાદશાહી બાપને દુખી કરીને તાજ, તખત અને ખજાનો પણ તજી દિધો અત્રે આવીને તેણે તારો આશ્રો લિધો પછી હવે તુ એનો શુ ગુનાહ જોય છે કે જેથી તુને સચાઇનો માર્ગ તજવો પડે છે ? તુ મારાં નીરદોશ શરીર ઉપર એમ જુલમ ના પાડ, કારણકે આ ત્રણ પાંચ દિવસની જેહાન એક પળ વખતની છે એ જેહાન તાજદારોને ઉંડા ખાડામાં નાખે છે અને તાજ વગરનાને તખતે બેસાડે છે. પણ આખરે તે બંધે ધુલમાંજ ડટાય છે અને ગ્રહોની ચાલથી તેઓ અંતે કબરનાજ પંજામાં સપડાય છે. માટે તુ બુરા વિચારના કરસીવજના કેહેવા ઉપર ચાલીને જેહાનમા તેનુ હથીયાર ના બન કારણકે તેથી તુ જ્યા સુધી જેહાનમાં જીવશે ત્યા સુધી તારી ઉપર લ્યાનત વરસશે, અને તારા મરી ગયા પછી તુંને દોજખ ભોગવવુ પડશે. પેહેલવાન ફરીદુને પેલા જુલમગાર અરબ ઝોહાકના કેવા હાલ કીધા હતા. તેમજ બુજોર્ગી ભર્યા પાદશાહ મીનો-

ચેહેરથી બાહાદુર સેલમ અને તુરને કેવું ખમવું પડયું હતું તે તો તુંને ખબર હશે. પાદશાહ કાઉસ પોતાના તખત ઉપર જીવતો બેઠેલો છે તથા કીનો લેનાર દસ્તાન અને રૂસતમ હજી જીવે છે તેહેમતનના દરથી આ સારી જેહાન ધ્રુજી રહે છે અને તેની સાથે લડાઇ કરવાને તુરાન જરા જાણ લાયક નથી. ગોદરેજ, પુલાદ અને જંગી કેશવાદ જેવાઓ સિંહોના દિલ અને વાઘોના ચામડાંને ફાડી કાઢે છે, તથા બેહેરામ અને શાવરાનના જંગેહ બાહાદુર લોકોના ગુરજની જરાએ દરકાર કરતા નથી વળી ગેવ અને ગોદરેજ કે જેઓની ધાસ્તીથી જમીન પણ ધ્રુજી રહે છે તેઓ તો કીનાખાર પેહેલવાનો છે વળી તુસ, ગસતહમ અને ગુરગીન સિંહ જેવા અને ખરરાદ તથા બુરજીન બાહાદુર પેહેલવાનો છે તે છતાં તુ એક એવુ ઝાડ જમીનમા રોપવા માગે છે કે જેના પાતરા લોહીના અને ફળ કીનાના બનશે વળી સીયાવક્ષના સોગમાં પાણી પણ ઉકલતા બનશે અને ફરતુ આસમાન તુ અફરાસીયાબ ઉપર શ્રાપ વરસાવશે તું તારા પોતાનાજ શરીર ઉપર કષ્ટ ગુજારનારો થશે, અને ત્યારેજ તું મારૂ કહેલુ ઘણું યાદ કરશે એ કાંઈ શેકારમાં ગોરખર મારવા જેવું અથવા તો મજાહ મેલવવાને હરણો મારવા જેવુ કામ નથી તું તો એક પાદશાહને તેના તખત ઉપરથી ખુંચવી લે છે કે જેને માટે તારી ઉપર સુરજ અને ચંદ્ર પણ શ્રાપ વરસાવશે માટે તુ તુરાનનો વગર ફોકટનો નાશ કરવા ના ચાહા એવુ નહી બને કે આ મારી શિખામણો તુને પાછળથી યાદ આવે" એટલુ બોલી તેણી સીયાવક્ષના ચેહેરા તરફ જોઇને પોતાના ગાલો પીખી રૂડન કરવા લાગી તેણી સીયાવક્ષને કેહેવા લાગી કે, "ઓ પાદશાહ! ઓ બાહાદુર! ઓ પેહેલવાન! ઓ સરદાર! ઓ જોરાવર સિંહ! ઓ બાહાદુર! તે તારા વતન ઇરાનને તજીને આ પાદશાહને તારો બાપ ગણ્યો, પણ તેજ બાપના હોકમથી હાલે તારા હાથ પગ બાંધીને તુને પગે ચલાવતો ઘસડી લેઈ જવામા આવે છે હવે પેલુ બાહાદુર લોકોનુ તાજ અને તખત શુ ખપનુ? કયાં ગયા પાદશાહ અફરાસીયાબના વચન અને સોગંદો? કે જે સોગંદો તોડવા માટે સુરજ, સનીશ્ચર અને માહતાબ પણ ધ્રુજે છે પાદશાહ કાઉસ અને તેના બાહાદુરો કયા રહયા છે? તેઓ તને આ પળે આવી હાલતમાં જોય તો કેવુ સારૂ કયા છે પેલી ઇરાન અનજુમનના પેહેલવાનો ગેવ, તુસ, રૂસતમ, ફરામરજ અને દસ્તાન? જ્યારે એ ખરાબીના સમાચાર ઇરાનમાં પુગશે ત્યારે પેલો ભલો સુલેહનો વખત તારી ઉપર રૂડન કરશે તુને કમ્સીવજે નુકસાન પુગાડયુ છે તેથી તેના ઉપર કીડીથી તે તમામ લોકોના શ્રાપ ઉતરજો તારી ઉપર બુરાઇનો હાથ લંબાવનાર પોતે કપાયલા માથાંનો અને કમીનો બનજો. પરવરદેગાર આ તારી મુશકેલી આસાન કરજો અને તારાં

દુશમનોના દિલ ગાભરાં બનજો. ઓ, હું કેવું ઇચ્છું છું કે મારી આંખો ફુટી જાય કે જેથી તે વડે હું તુંને મારી નાખતો જોઇ શકું નહી. મારા બાપથી મે એવી આશા ગખી હતીજ નહી કે તેજ બાપ મારી આશાના કીરણોને મારી છાતીમાંથી ખાલી કરી નાખશે" આથી તુરાનના પાદશાહ અફ્રાસીયાબનું દિલ તેણી માટે બલવા લાગ્યુ, તોપણ તેણે જાણી જોઇને પોતાની અકકલની આંખોને શીવેલીજ રાખી તેણે ફરગીસને કહયુ કે "તુ અત્રેથી ચાલી જા, અત્રે તું ઉભી ના રેહે મારી મટલબની વાત તુ શુ જાણે ?" પણ જ્યારે અફ્રાસીયાબનું દિલ નરમ બન્યુ ત્યારે તેનો ભાઇ બેશરમ બન્યો ૧ તેના બુલંદ મેહેલમાં એક જગ્યા હતી જેનાથી ફરંગીસ અંનજાણી હતી ત્યાં તેણે ચોકીઆનોને ફરંગીસને ઘસડી લેઇ જવા ફરમાવ્યાથી તેઓએ તેણીને બેસુધ્ધ હાલતમાં તે અંધારી જગ્યામાં ઘસડી લેઇ જઇને નાંખી અને તે ઓરદાના બારણા બંધ કરી લિધાં.

અફ્રાસીયાબના હોકમથી સીયાવક્ષ ગુરૂઇને હાથે માર્યો ગયો તે વિષે.

પછી અફ્રાસીયાબે તે ડાહાપણવાલા અને નરમાશવાલા સીયાવક્ષને માટે હોકમ કીધો કે "એને એવી જગ્યાએ લેઇ જાઓ કે જ્યા કોઇ પણ શખ્સ આવીને તેને બચાવી લેવાની ફરીયાદ કરીઆ કરે નહી" આથી કરસીવજે ગુરૂઇ કે જે એવુ કામ કરવાને ડરે નહી તેવો હતો તેની તરફ નજર કર્યાથી તેણે આધુરી કે શરમ બાજુએ મુકીને સીયાવક્ષ ઉપર હાથ લબાવીને તે પાદશાહની દાહાડી ધરી અને અફસોસ કે તેણે તેને ખુવારી સાથે ધુલમાં પછાડયો ત્યારે સાયવક્ષે પરવરદેગારની હજુર પોકાર કીધો કે "ઓ ફરતા જમાનાથી ચડતા સરદાર ! મારી તોખમથી તુ એક એવી ડાખલી (બેટો) પેદા કરજે કે જે અનજુમનમા પ્રકાશતા સુરજ માફક દિપી રહે, અને તે આ દુશમનો ઉપર મારો કીનો લેઇને મારી રાહારસમને પાછી જેહાનમાં તાજી બનાવે તે હુનરવાલા અને મરદાનગી ભર્યા કામો બજાવનાર અને તમામ જેહાનને જીતનાર બને." પીલસુમ આંખોમા આંસુ સાથે અને ગમગીન દિલે સીયાવક્ષની પુંઠે ગયો. તેથી સીયાવક્ષે પીલસુમને દુવા કરતાં કહયું કે "તારી ઉપર મારી દુવા ઉતરજો તથા જેહાન અને તું એકમેક સાથે જાવેદાન સુધી મોહોબતથી વનાઇ જજો. તુ મારી દુવા પીરાંનને પુગાડીને કેહેજે કે 'જેહાનનો કાયદો એમ બદલાઇ ગયો છે.' પીરાનથી મને આવા ફેજની આશા હતી નહી તેની શિખામણો પવન (જુલમ) મા

૧ લખેલી નકલમાં એ બેત વધારે છે.

ફેરવાઇ ગઇ છે અને હુ (તે પવનનો જુલમ ખમનાર) ધ્રુજતા નેતરના ઝાડ જેવો બન્યો છુ તેણે મને કહયું હતું કે, 'હુ અને મારા બખતર તથા હથીયારો સાથના એક લાખ સ્વારો જ્યારે પણ તારી ઉપર દાહાડા વાંકો થશે ત્યારે તારા મીત્રો થઇ રહીશુ, અને ચારો ચરવાના મેદાનને ઠેકાણે એક બાગની માફક તુને કામ લાગીશુ.' હાલે જ્યારે આએ કરસીવજની આગળ હુ એક કમીનાની માફક પગે ચાલતો અને ગમગીન જીવનો બન્યો છું ત્યારે હું કોઇપણ એવા દોસ્તને મારી નજદિક જોતો નથી કે જે મારે માટે ફેકેફેક રડતો હોય" પછી તેઓ તેના હાથ પગ બાંધીને તેને શેહેરથી અને વસ્તીથી ઘણે દર ઘસડી લેઇ ગયા. ગુરૂઇજરેહે કરસીવજ પાસેથી તેનુ ખુન કરવાને માટે એક ધારદાર ખંજર માંગી લિધુ અને પછી સીયાવક્ષની દાહાડીના બાલો પકડીને એક ચોકસ નિશાણવાલી જગ્યાએ તેને ઘસડી લેઇ ગયો અને તે મસ્તાન હાથી જેવા સીયાવક્ષને જરાએ શરમ કે ફીકર રાખ્યા વગર તેણે ધુલમાં પછાડયો પછી તેણે તેની આગળ એક સુનેરી તશત મુકીને પોતાના ખંજરવડે તેના શરીર ઉપરથી તેનું ડોકુ જુદુ કરી નાખ્યુ. સીયાવક્ષના સરોવરના જેવા શરીર ઉપરથી તેનો આફતાબ જેવો ચેહેરો જુદો થતાંજ તે પાદશાહનુ માથું હમેશગીની ઉંઘમાં પડયુ તે ઉંઘ એવી હતી કે તેની ઉપરથી આટલા બધા જમાનાઓ પણ વહી ગયા છે તોએ તે જરા પણ હીલતો કે ચાલતો નથી કે જાગૃત બનતો નથી અફ્રાસીયાએ જેમ ફરમાવ્યુ હતુ તેમ ગુરૂઇજરેહે તે તશ્તને તેવી ઉજડ જગ્યામાં લેઇ જઇને ઉંધી વાલી પણ તે લેઇ જતાં લોહીનો એક છાંટો છલકાઇને નિચે પડયો, જેથી તે જમીન ઉપર એક ઘાસનું તનખલુ ઉગી નિકલ્યુ. ૧ તે ઘાસ કે જે દરપળે માહાતાબની માફક વધ્યુ જતુ હતુ તે આ પાદશાહના ખુનની વાત દરેક જન આગળ કરતુ રહયુ ૧ તે લોહીના ટીપાંમાથી એક કલાકમાં તો ઘાસ ઉગી નિકલ્યું, પણ તે કેમ ઉગી નિકલ્યુ તેનો ભરમતો પરવરદેગાર સિવાય બીજુ કોઈ જાણતુ નથી. હવે હુ તુને તે ઘાસની ઇધાણી આપશ કે જેથી તે જગ્યાને તુ સીયાવક્ષનુ ખુન થવાની જગ્યા તરીકે પીછાણી શકે જે સીયાવક્ષથી ખલકને પુશકલ ફાયદા થયા હતા તેનુ ખુન થવાથી આએ ઘાસ ઉગી નિકલ્યું છે. ઘણાએક દુખોના ઉપાય તરીકે તે ઘાસ કામ લાગે છે તો પણ તે ઘાસનો કાંઇ પણ રંગ કે સોહડમ નથી ૧ સીયાવક્ષનુ ખુન થતાજ ત્યા એક કાલાં ધુલાંરાં સાથનો એવો વંટોલ્યો થઇ આવ્યો કે જેથી સુરજ અને ચંદ પણ ઢંકાઇ ગયા તેથી લોકો એકમેકના ચેહેરાને જોઇ શકયા નહી અને સઘલાઓ ગુરૂઇની ઉપર

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે,

લેઆનત નાખવા લાગ્યા પાદશાહ સીયાવક્ષથી તે પાદશાહી તખત ખાલી થતાંજ તે ભોગવવાને સીધાં સરોવર માફકનો અને સુરજ જેવા ચેહેરાવાળા સીયાવક્ષ જેવો બીજો કોઈ શખસ રહયો નહી

સાયર પોતે કહે છે કે " હું દુન્યામાં જમની અને દાવીગમ ઘણો એક કર્યો છુ તોપણ મે આ જેહાનની સરુઆત કે છેડા કાંઇ જોયુ નથી કોઇ બુરાઈ કરે છે તો તેની આગળ નેકી (સુખ) આવી ઉભો રહે છે અને જેહાન તેની ગોલામ અને નસીબ તેનો ખેસી બનીને રહે છે જો એક શખસ ભલાઇ સિવાય બીજી રીતે આ દુન્યામાં વર્તતો નથી તો તે દુખ ખમીનેજ કરમાઇ જતો રહે છે જેહાનની તમામ રીતની એવીજ ગણત્રી છે તે નેક કામોને ભલા સમજતી નથી માટે તુ તારા જીવ સાથે દલગીર થતો ના અને એ જેહનમા હમેશ સુધી દુખી દિલથી રેહેતો ના કારણ કે જેહાન જેમ હમેશની નથી તેમજ ભલાં કામો કરનારી પણ નથી ત્યા સુધી આ જમાનો રેહેશે ત્યાં સુધી જેહાન પણ તેવીજ રેહેશે માટે ત્યારે તે તારી સાથે જાવેદાન સુધી ટકી રહેવાની નથી ત્યારે તો જે કાંઈ સુખ દુખ તુ ભોગવે તે એકજ વખતનુ તુ જાણી લેજે "

સીયાવક્ષના ઘેરમાં રડનના પોકારો ઉઠવા લાગ્યા અને દુન્યાનુ લોક કરસીવજ ઉપર ગુસ્સે થવા લાગ્યુ તેના તમામ ચાકર નોકરો પોતાના બાલને દુખથી પીખવા લાગ્યા અને ફરંગીસે તો પોતાના કસ્તુરી જેવા બાલના લાંબા જુલફાઓને તોડી કાટયા તે તોડેલા ચોટલાથી તેણીએ પોતાની કંમર બાંધી અને પોતાના ગોલાબી ગાલોને નખોવડે પીખી નાખ્યા ખુબસુરત ઓરતોની વચે સરદારી ભોગવનારી ફરંગીસ પોતાના તુટેલા ચોટલા સાથે અને ઘાહેલ કરેલા ચેહેરા સાથે ગમગીન રેહેવા લાગી. તેણી પોકારો મારીને અફરાસીયાબના જીવતર ઉપર લેયાનત નાખવા લાગી અને આસુ પાડવા લાગી તેણીના પોકારો પાદશાહને કાન જવા લાગ્યા અને તેણે તેણીને આવી રીતે રડતા અને લેયાનત નાખતા પણ સમજી આથી પાદશાહે તે બુરા કરતુકના કરસીવજને કહયુ કે ' ફરંગીસને જનાનખાના માહેલી તે છુપી જગ્યામાંથી બાહાર કઢાવીને ચોકીઆનો પાસે તેનો ચોટલો ધરાવી જલ્લાદોની નજદિક મોકલાવ, અને તેણીના માથા ઉપરના બાલ પકડી તથા તેના શરીર ઉપરના કપડાને કાડી નખાવીને તેના પેત ઉપર લાકડીઓ વડે પુશકલ જપેટા મરાવ કે જેથી તે તુરાન જમીન ઉપર ફોનો લેનાર બી (યાને તેણીના હમેલ) પણ તુટી પડે સીયાવક્ષની તોખમથી ઉગેલું ઝાડ કે તેની ડાંખલી કે તેના પાતરા કે તેનુ તાજ કે તખત કાંઇ

પણ હું જોવા માંગતો નથી " આથી તે તુરાની અંનજુમનના તમામ નામદારો છુટા છુટા અફરાસીયાબ ઉપર લેયાનત નાખીને બોલવા લાગ્યા કે " કોઇ પણ પાદશાહ કે વજીર કે લશકરની આવી રીતની દુશમની કોઇએ પણ સમજી હશે નહી " પીલસુમ પોતાના બે ગાલોને લોહીથી જજરતા બનાવીને તથા પોતાના જીવને ગમ ભર્યો બનાવીને તથા ગાલો ઉપર આસુ ટપકાવીને લેહાક અને ફરશીદેહવરદની ¹ આગળ ગયો અને તેઓની આગળ એ બાબદની તમામ વાતો કરતા બોલ્યો કે " અફરાસીયાબના રાજય કરતાં દોજખ ભલું ગણાય. એવા દેશમાં આરામ અને ઉંઘ ભોગવવી હરામ છે આપણે અત્રેથી દોડતા પીરાન આગળ જઇને તેની આગળ આપે ગમગીન અને દુખી બધવી ફરંગીસની વાત કહીએ આથી તેઓએ તેજીવાલા ઘોડાઓની ઉપર જીન બાધ્યા અને ત્યાથી જલ્પથી કુચ કરી ગયા

જેહાનને નીભાવી રાખનાર પરવરદેગારની મરજીથી એવો બનાવ બન્યો કે માર્ગમાજ પીરાનની આવવાની નિશાણી દાખલ દુરથી ધુલ ઉડતી દેખાઇ પીરાનને પણ એવી ખબર મલી હતી કે અફરાસીયાબ સીયાવક્ષ સાથે લડાઇ કરવાની ફિરાવલમા પડયા છે તેથી તે ગમગીન બની તે પાદશાહ આગળ જલદી જઇ પુગવાને અને એ માઠો બનાવ બનતો અટકાવવાને પોતાના ઘોડા, હાથી અને રસાલા સાથે ત્યાથી નિકળીને એક જનુની સિંહ માફક રસ્તો કાપવા લાગ્યો તે વખતે ત્યારે આંસુ ભર્યા ચેહેરા સાથે અને કાતા ખુચતા જીવ સાથે પીરાન આગળ આવીને કેહેવા લાગ્યા કે " ઓ લશકરના પેહેલવાન ! હવે તુ પાદશાહ અને તેના ભાઇનુ ભલું ના ઇચ્છ." પછી તેઓ તેની આગળ તે બદબખતોએ કેવી રીતે કજીયાનો પાયો નાંખ્યો તે વિગેની તમામ વાત કરતા બોલ્યા કે સીયાવક્ષ ઉપર એવુ દુખ વિત્યું છે કે તેવું દુખ જેહાનમાં કોઇ પણ ઘરડા કે જુવાન માણસે જોયુ હશે નહી. સીયાવક્ષના હાથ પગોને મજબુટ બાંધીને તથા તેની ગરદનમાં ફાંસો બોલવીને ગુરૂઇ તેને એવી રીતે ઘસડી લેઇ ગયો કે જેથી તેનુ માથું ખાકથી ભરાઇ ગયુ અને ચેહેરો પાણી પાણી થઇ ગયો તેણે આખમાથી શરમને ધોઇ નાખીને તે હાથી જેવા શખસના શરીરને ગરમ ધુલમા ફેંકયુ ગુરૂઇએ તેની આગળ એક તખ્ત ધરીને જેમ એક ગોસ્ફંદનો ચેહેરો મરડી નાંખે તેમ તેનો ચેહેરો મરડી નાંખ્યો અને તેનું તાજવાલુ માથુ શરીર ઉપરથી કાપી કાઢીને તે બાગમાના સીધા સરોવર માફકના તેના શરીરને ભોય ઉપર ફેકયાથી તમામ શેહેરનુ લોક માહેતમ અને રૂદન કરવા પડયું છે અને

---

¹ લેહાક અને ફરશીદેહવરદ બન્ને પીરાનના ભાઈ થતા હતા

રડતાં તેઓની આંખમાંનાં આંસુ પણ સુકાઇ ગયાં છે. કલુના જંગલ[1] માહેલા પેલા જુલમગાર ભરવાડે પણ આવી રીતે મેંઢાઓના પણ ગલાં કાપ્યાં નથી ગુદુઇએ તે ઇરાની પાદશાહનુ ડોકું એવી રીતે કાપી કાઢયુ છે કે તે પ્રમાણે કોઇએ નજરે જોયુ અથવા સાંભલ્યું પણ નથી '

જેવી પીરાને તે વાત કાનોથી સમજી તેવોજ તે બેશુધ થઇને ઘોડા ઉપરથી નિચે તુટી પડયો. પછી તેણે પોતાના દિલ ઉપરનો તમામ પોશાક ફારી કાઢીને તથા પોતાના બાલોને પીખીને તેમાં ધુલ ભરી તે પણ સીયાવક્ષના સોગમાં આંખોમાથી આંસુ પાડી રૂદન કરવા લાગ્યો અને રડતાં રડતાં બોલ્યો કે "એ તાજને લાયકના પાદશાહ ! હાથીદાંતનુ બનાવેલું તારૂં તખત હવે પછી તારા જેવા કોઇ પણ શખ્સને જોવા પાંમશે નહી" લેહાક બોલ્યો કે "હવે તુ ઉટાવલ કર કારણકે અફ્રાસીયાબ એ દુખની સાથે બીજું એક દુખ વધારવા માંગે છે તે મગજ વગરનો અફ્રાસીયાબ હવે ફ્રરગીશના હમેલ તોડી પડાવવા માંગે છે નેતરની માફક ધુજતી ફ્રરગીશને તેના તખત નજદિક હાજર કરવામાં આવી છે એમ પણ કહેવામા આવે છે[2] ચોકીબાનો અને જલ્લાદો ફ્રરગીશનો ચોટલો પકડીને તેણીને પાદશાહની દરબારમાં ઘસડી પણ લેઇ ગયા છે અને તેણીનો નાશ કરવાની તેઓ ધારણા કરે છે. માટે તારે અત્રેથી ઉટાવલે દોડવુ જોઇએ છે" આથી પેહેલવાન પીરાને પોતાના તબેલામાંથી દસ ઘોડા મગાવ્યા અને લશકરમાંથી દસ પેહેલવાનોને ચુંટી તેમને સાથે લેઇને પેહેલવાનો રૂઇન તથા ફ્રરશીદેહવરદ સાથે તે તરફ જવાનો રસ્તો ધર્યો તેઓ બે દાહાડા અને રાતમાં અફ્રાસીયાબની દરગાહમાં આવી પુગતાં, ત્યાં તેઓએ નામવર અફ્રાસીયાબની દરબારમાં જુલમ થતો જોયો તેઓએ ફ્રરંગીસને બેસુધ હાલતમાં પડેલી દિઠી અને ચોકીબાનો તેમે પકડીને ઉબેલા જણાયા દરેક ચોકીબાને એક એકી ધારદાર તલવાર પકડી હતી, અને તે દરબારમાં જાણે રસ્તાખેજ ઉઠી રહી હતી સઘલાઓના દિલ દુખી અને આંખો આંસુ ભરી હતી તેઓમાંના દરેક જબાન વડે અફરાસીયાબ ઉપર લેઆનત વરસાવતા અને ફીકર સાથે બોલતા કે "હમના ફ્રરગીસના બે ટુકડા થતા સીયાવક્ષની પાદશાહીનો નાશ થવાનો હવેથી કોઇ પણ અફરાસીયાબને પાદશાહ તરીકે ગણશુ નહી"

---

[1] કલુનું જંગલ એ તુરકસ્તાનમા આવેલા એક જગલનું નામ છે.

[2] એ બેત લખેલી નકલમા વધારે છે.

પીરાને અફ્રાસીયાબ આગળ આવીને ફરંગીસનો છુટકારો કીધો તે વિષે.

અફ્કુલમ ફ પીગનને ત્યા પવનવેગે આવી લાગેલો જોતાંજ જે કાંઇ અફ્કુલમ દો હતા તેઓના દિલ ખુશી થયા તે નેક ઓરતની નજર પીરાન ઉપર પડતાંજ તેણી પોતાના ચેહેરાને આંખનાં આંસુઓથી ઢાંકી નાખીને બોલી કે "તેં મને શું કામ જીવતી આતશમાં નાખીને (યાને મને સીયાવક્ષની સાથે પરણાવીને) મારી સાથે બુરાઈ કીધી?" પીરાને એમ સમજતાંજ ઘોડા ઉપરથી ધુલમાં તુટી પડીને પોતાનો પેહેલવાની પોશાક ફારી કાટયો અને પછી પ્યાર સાથે ફરંગીસના પગોને અને કપાલને ચુંબન કીધું. ગમના આતશથી બલના રવાન અને આંસુ ભરી આંખો સાથે તેણે ફરંગીસને કહયુ કે, "એ કાંઇ સારા કામો થયાં નથી વધારે બુરૂ તો એ છે કે પાદશાહના માંથામા મગજ હોય એમ જણાતુ નથી. તે સીધાં સરોવર જેવા સીયાવક્ષને મારીનેજ ધરાયો નથી પણ તે તેની ફલવતી ડાંખલીને પણ નુકશાન પુગાડવા ચાહે છે" પછી તેણે દરબારના ચોકીબાનોને પાદશાહનો હોકમ બજા લાવતા થોડા વખત થોભાવી તથા એક બીજો પોશાક પેહેરી લેઇને ત્યાંથી પાદશાહ આગળ ગયો તુ કહેશે કે જાણે તેનો જાનજ ચિરાઈ જતો હતો એ રીતે તેણે દુખથી ચિરાતાં દિલે અને આંસુ ભરી આંખો સાથે અફ્રાસીયાબ આગળ જડપથી આવીને કહયુ કે "ઓ પાદશાહ! તુ ખુશી સાથે જીવવુ કરજે અને બુરા લોકોના હાથો તુને ઇજા પુગાડવાથી દુર રેહેજો. ઓ નેકીના સોધનારા પાદશાહ! તુને એ શુ બુરૂ સુઝયું છે? શું તું તારી ઉપર બુરો વખત લાવી નાખવા માગે છે? બુરા દેવ હારેમનને તું તારી ઉપર કેમ ફાવવા દે છે? શુ તે સનીશ્વરના માલેક પરવરદેગારની શરમને પણ વીસારી નાખી છે? તુને એવુ બુરૂ કામ કરવાને કોણે ઉશકેરીઓ છે? તુંને એમ શિખાવનારનુ નસીબ ઉંધુ વલજો અને તેની ઉપર બુરો વખત જલડી આવી પડજો તે સીયાવક્ષને બેગુનાહ મારી નાખીને તારી નામદારી અને ઉંચી પડવીને ધુલમા નાંખી છે એ બુરી ખબર ઇરાનમાં પુગતાંજ તારો આ સારો દાહાડો તારી ઉપર રૂઠવા માંડશે. ઇરાન જમીનના પુશકલ પેહેલવાનો કીના ભર્યા અને દુખી બની પોતાના લશકર સાથે અત્રે કીનો લેવાને આવશે. બુરાઇના હાથો દુર થવાથી તો જેહાને નચિંનતાઇ પકડી હતી અને તેમાં યજદાની રાહરીતી ફેલાઇ હતી, પણ ઠાગાના આપનાર હારેમને દોજખમાંથી કુદી આવીને તું તુરાની પાદશાહના દિલને ઠાગો આપ્યો છે. હારેમન કે જેણે તારા વિચારોને બુરા રસ્તા ઉપર દોરવ્યા છે તેના ઉપર લેયાનત

પડજો. એ કામને માટે તું આગળ ચાલતાં પસતાશે અને હર રીતના દુઃખ તથા ગમથી દુ.ખી થશે. હુ જાણુતો નથી કે આવી બુરી શિખામણુ તુંને કોણે આપી છે. ? અને એમાં પરવરદેગારનો શું હોકમ છે ? હવે તે સીયાવક્ષના ગુજરી જવા પછી પણુ તું તારા ફરજદને શુ કાંમ દુખી કરે છે ? તું એક દીવાનાની માફક તારી જગ્યાએથી આગળ વધ્યો છે અને એ રીતે તું બુરા વખતને માટેનીજ સઘલી તૈયારી કરે છે. હવે ફરંગીસ તો કાંઇ તારી પાસેથી તારૂં સારૂં નશીબ કે પાદશાહી કે તાજ કે તખત ખુંચવી લેવાની નથી. તે તારૂ ફરજંદ હમેલદાર છે, માટે તું એવું કરીને જગના ધીકકારને પાત્ર ના બન. કારણુ કે એમ કરવાથી જ્યાં સુધી તું જીવશે ત્યાં સુધી તારી ઉપર લેયાનત રેહેશે અને મરી જવા પછી તું દોજખ ભોગવશે તેથી ઓ પાદશાહ ! જો તું ફરંગીસને મારા મેહેલમાં મોકલી આપશે તો તે મારા જીવને ખુશ કીધેલો ગણાશે. જો તુને બાળકની ફીકર હોય તો તેને વિષેનું દુઃખ અને જંજાલ ઘણી થોડી છે. તે બાળક તેણીના શરીરથી જુદુ પડે ત્યાં સુધી તુ થોભી જા હું પોતે તેને તારી આગળ લાવશ અને તેનું જેમ બુરૂ કરવુ ઘટે તેમ તુ તેનું બુરૂં કરજે."

અફ્રાસીયાબે તેને જવાબ દિધો કે "જેમ તુને કરવુ ઘટતુ હોય તેમ કર, અને તેણીનું ખુન કર્યાથી મને છોડવ" આથી પેહેલવાન પીરાન ખુશી થયો અને તેનુ દિલ બુરાઇના વેહેમથી ખાલી થયુ પછી પીરાને પોતે જઇને ફરંગીસને ત્યાથી છોડવી અને તે ચોકીબાનોને પુશકલ ઠપકો આપીને તેણીને પોતાના મેહેલમાં લેઇ ગયો તે તેણીને કાંઈ પણ ઇજા પુગવા દેયા વગર ખોતન શેહેર કે જ્યાંની દરબાર અને જ્યાંની રૈયત સીયાવક્ષના ગમમાં રડતી હતી ત્યાં લેઈ ગયો અને પોતાના મેહેલમાં આવી લાગતાંજ તેણે પોતાની ઓરત ગુલશેહરને કહયું કે "આએ ખુબસુરત ઓરતને તું અત્રે છુપી રાખજે. તું તેણીની આગળ તેની ચાકર થઇનેજ રહેજે અને જમાનો શું બાજી ખેલે છે તે તું તપાસતી રેહેજે." એ બાબદ બન્યાને કેટલોક વખત વહી ગયો અને તેટલો વખત ફરંગીસ દુખથી જારી અને રૂડન કરતી રહી. તેણી દુઃખથી બલવા સાથે જેમ મહીનાઓ પસાર કરતી ગઇ તેમ તેમ જેહાનને દિપાવનાર ફરંગીસનો હમેલ ભારી થતો ગયો ૧

પીરાને સ્વપનામાં શીયાવક્ષને જોયો અને ત્યાર પછી કએખસરૂનો જન્મ થયો તે વિષે.

વાદલોમાં છુપાયલા ચંદ્રવાલી એક અંધારી રાતે કે જ્યારે પક્ષીઓ, હેવાનો અને ઢોરો ઉંઘમાં પડયાં હતાં ત્યારે પેહેલવાન પીરાને એવી રીતનો

૧ એ બેતનો તરજુમો લખેલી નકલ મુજબ કીધો છે.

સ્વપનો જોયો કે, આફતાબમાંથી એક ચેરાગ રોશન થયો. પછી તેણે સીયાવક્ષને એક તખત ઉપર હાથમાં તલવાર પકડીને બેઠેલો જોયો તેણે પીરનને પોકારીને કહયુ કે " તુંને એમ બેસી રેહેવુ સજાવાર નથી. તું તારા માંથાંને આ મીઠી ઉંઘમાંથી જાગૃત કર અને દુન્યાના સેવટ વિષેનો કાંઈ વિચાર કર. કારણકે આજનો દિવસ નવી તરેહનો અને નવી તરેહના એક જશન જેવો છે કારણકે આજની રાત કએખસરૂના જન્મવાની રાત છે " તે સપેહસાલાર પોતાની મીઠી ઉંઘમાંથી ચોંકી ઉઠયો અને તેણે સુરજ જેવા ચેહેરાની ગુલશેહેરને હીલવી ઉઠાડીને કહયું કે " ઉઠ અને હુશીયારી સાથે ફરંગીસની આગળ જા. કારણકે મેં આએજ પળે સીયાવક્ષ કે જે ચંદ્ર અને સુરજથી પણ વધારે પ્રકાશતો હતો તેને સ્વપનામાં જોયો છે તેણે મને કહયું કે ' તું એટલો બધો ઉઘાયા ના કર, પણ જેહાનના પાદશાહ કેખશરૂના ખુશાલી ભરેલાં જશનમાં જા.' " તેજ વખતે ગુલ શેહેર ચદ્ર જેવી ફરગીસ આગળ દોડી જતાંજ ત્યાં તે ચંદ્ર જેવી ઓરતે તે પાદશાહને જન્મ આપેલો તેણીએ દિઠો. ૧ એમ થયલુ જોઇને ગુલ શેહેર ખુશાલી સાથે પીરાન આગળ જડપથી પાછી ફરી અને તેણીએ તમામ મેહેલમાં ગડબડ કરી મુકી તેણીએ સરદાર પીરાન આગળ આવીને કહયુ કે " હવે તે ચદ્રના જેવી ફરગીસ સાથે એક પાદશાહ પણ જોડાયો છે માટે તુ જરા અદર આવીને પરવરદેગારની મોટાઇ અને તેની હીકમતની અજાયબી જો કારણકે તે જાણે તાજ, બખતર અને ગુરજ શિવાય બીજા કસાંને લાયકનો નથી એમ તુ કેહેશે " આથી તે સરદારે તે બાળક પાદશાહ આગળ આવીને તેને જોઇને ખુશાલી સાથે હસીને તેને વધાવી લિધો તેને આવા જોરાવર કદનો અને આવા હાથ પગો અને ગરદનવાલો જોવાથી તુ પણ કેહેશે કે જાણે તે એક વર્ષની ઉમરનો છે ત્યાં સીયાવક્ષની યાદ થવાથી પીરાનની એ આંખો આંસુથી ભરાઈ ગઇ અને તેણે અફરાસીયાબ ઉપર લેયાનત નાંખી. પછી તેણે પોતાની નામદારી ભરેલી અજુમનને કહયું " કે અગરજો મારો જીવ જાય યાતો તે મને મગરના મોઢાંમાં ફેંકાવી દે તો પણ હુ પાદશાહ અફરાસીયાબને એ બાળક ઉપર હાથ લબાવા દેવાનો નથી." જ્યારે સુરજના કીરણો દેખાયાં અને કાલાશનું વાદલ (રાત)

---

૧ અઇયાદગારે જરીરાન નામની પેહેલવી કેતાબમાં આવેલા ' શત્રોઇહા એ ઈરાન ' નામના એક બાબમા કએખુસરોનો જન્મ સમરકંદ શેહેરમા થયલો જણાવ્યો છે. એ સમરકંદ શેહેરને બાંધવાનો પાયો કાઉસે નાખ્યો હતો અને સીયાવક્ષે તેને પુરૂ કીધું હતુ મીનોખેરદમાં સીયાવક્ષથી થયલા ફાયદા દરશાવતા એમ કેહેવામાં આવ્યું છે કે, સીયાવક્ષથી એ ફાયદો થયો હતો કે તેનાથી ખસરૂનું જન્મવું અને કંગદેજનું બનાવવું થયુ હતુ.

ઉધમાં પડ્યું ત્યારે તે લશકરનો સપેહસાલાર પીરાન ધાસ્તી તેમજ આશા વચે જડપથી પાદશાહ આગળ ગયો. તે ત્યાં દરબાર બરખાસ્ત થતાં સુધી થોભ્યો અને પછી તેણે નામદાર અફ્રાસીયાબના તખત આગળ આવીને કહયું કે, "એ સુરજના જેવા ચેહેરાના સરદાર! એ જેહાનના હુશીયાર અને ચાલાક પાદશાહ! ગઇ રાત્રે તારાં નસીબને જોરે તારે ત્યાં એક ગોલામનો વધારો થયો છે. તુ કહેશે કે જાણે તેને ચંદ્રએજ હુશીયારી બક્ષેલી છે. તેના જેવી ખુબીવાલો કાઇપણ શખ્સ આ જેહાનમાં હશે નહી તે પારણામાં સુટેલા બાળક માટે તુ કેહેશે કે જાણે તે ચદ્ર પોતેજ છે. જો તુરને તું નવે જન્મે જન્મેલો જોવા ચાહાતો હોય તો તે બળકનો ચેહેરોજ જોઇને તું તારી હોંશ પુરી પાડશે. તું કહેશે કે તેના વડે ફરીદુનેજ પાછી પોતાની જગ્યા લિધી છે. ફરીદુનના જેવોજ તે દમામ, ચેહેરો અને હાથ પગ ધરાવે છે. જો એ શખ્સોના ચિત્રો તુ તારા મેહેલમા જોતા નહી હતે તો તેને જોવાથીજ તુ પાદશાહના દમામમા વધારો થતે માટે તુ બુરા વિચારોને તારાં દિલમાંથી દર કરીને તથા તારા તાજને બુલદીએ પુગાડીને તારાં દિલને પ્રકાશતું બનાવ. પરવરદેગારે તેને એવા જલકાટવાલો કીધો છે કે તેનાથી જુલમ, ગેરઇનશાફ અને કીનો દર થઇ જશે" પાદશાહ અફ્રાસીયાબનુ અંતકરણ પોતાની કરણી માટે દુ:ખી થયુ અને તેણે દિલથી એક સરદ હાએ મારીને પોતે જે કાંઇ બુરાઇ કીધી હતી તેને માટે પસ્તાવો કરીને પોતાનો નાશ થવા વિષેનો દિલમાં વિચાર કરવા લાગ્યો તેના તે દુ ખનો કાંઇપણ ઉપાય નહી હોવાથી પસ્તાવો કર્યાથીજ તેણે જલડી ફાયદો મેલવ્યો

પછી અફ્રાસીયાબે પીરાનને કહયુ કે "હુ દરેકથી એવીજ વાતો સમજુછુ કે હવે પછી મને પુશકલ બુરાઇ ખમવી પડશે અને આએ જમીન ઉપર પુશકલ ગભરાત અને લડાઇ ઉઠશે વલી નજુમીઓએ પણ કહયુ હતું કે 'તુર અને કએકોબાદની તોખમથી એક પાદશાહ જન્મશે, જેની તરફ તમામ જેહાન મોહોબત દેખાડશે અને ઇરાન તથા તુરાનના લોકો તેને નમન કરશે.' તે સઘલા બોલોને પણ હાલે હુ યાદ કરૂ છુ હવે જે કાંઈ બનવાનું હશે તે બનશે. તેનો ગમ અને વિચાર કરવાથી હવે કાંઈ ફાયદો થવાનો નથી. સીયાવક્ષનું ખુન કીધા પછી તો અફ્રાસીયાબની રાત દિસની ઉઘનો અને સુખચેનનો નાશ થઇ ગયો છે હવે વળી જો હાલે એનુ બીજુ ખુન કરવામાં આવે તો તેથી મારૂં રવાન વધારે દુ ખી અને મારૂં દિલ વધારે ગમગીન બને. જો તે બાળકથી મારાં દુ ખનો વધારો થવાનો હશે તો કલમથી લખાયલી તકદીરમા જે બનવાનુ હશે તે બનશે. હું નેકીના પુગાડનાર પરવરદેગાર આગળ હવે પછી બંદગી કરશ કે જેથી મારી ઉપર સખત જમાનો

આવી પડે નહી: તું તે બાળકને લોકો વચ્ચે રાખતો ના, પણ તેને પાહાડો ઉપરના ભરવાડો આગળ મોકલી દે, કે જેથી હું પોતે કોણ છું, અને તેને ભરવાડોને શાને માટે સોંપી દિધો છે તે તે જાણી શકે નહી ત્યાં તે કોઇથી પણ જ્ઞાન મેલવી નહી શકયાથી પોતાની તોખમ વિષેની વાત સમજી શકશે નહી તથા વહી ગયલી બાબદ પણ તે જાણી શકશે નહી" એ રીતે તેણે એ બાબદ વિષે જે કાંઇ તેને યાદ આવ્યું તે પીરાનને કહયું. પણ તે હેમક પાદશાહ આએ જુની દુન્યાને નવી સમજયો જ્યારે તારા હાથમાં કાંઈ ઉપાય નહી હોય ત્યારે તુ પણ શુ કરે જગતના ભેદો બીકટ અને લાંબા છે અને તે તારા ફાંડામાં પકડાઇ શકાવાના નથી જો તું જમાનાથી બદી ઉપજેલી જોતો હોય તો વળી તેજ જમાનો નેકી પણ શિખવનાર છે આથી સપેહસાલાર પીરાન દિલમાં ભલા વિચારો સાથે દરબારમાથી ખુશી થતો પાછો ફર્યો. મેહેલમાં આવી લાગતાંજ તે નાના બાળકથી તે શુ બદલો મેલવવા પાંમશે તેનોજ વિચાર કરવા લાગ્યો તેણે પરવરદેગારની તારીફ કરીને તે નવા પાદશાહ માટેની વખાણ ગાઇ તે બાળકનો જાન બચાવ્યાથી તેનું ફળ ભલું નિપજશે કે બુરૂ તે અફરાસીયાબ શુ જાણે તેણે ભલાઇના બીયાં ખાકમાં વાવ્યાં પણ તે જમીન ખારી હોયાથી તે બીયાંઓની જગ્યા કબરમાં થઇ. જેહાનથી પુગતી આવી નુકસાની ઉપર હેફ પડજો જે કાંઈ નુકસાંન દેખાઈતું હતું તે અફરાસીયાબની નજરમાં છુપુ રહયુ

પીરાને કએખસરૂને ભરવાડોને સોંપી દિધો તે વિષે.

પછી પીરાને કલુ [1] નામના પાહાડ ઉપરથી ભરવાડોને બોલાવી મંગાવીને તેમની આગળ તેણે શાહજાદાની વાત કીધી. તેણે જેહાનને જીતનારા અફરાસીયાબની ઇચ્છા મુજબ પોતાના દિલ અને આંખ જેવા કએખસરૂને તેઓને સોંપી દેતાં કહયુ કે, "તમો એને તમારા પાક જીવની માફક સભાળજો અને તેના ઉપર ધુલ કે પવન લાગવા દેતા ના. તમો તેની તમામ ઇચ્છા ભલાઇથી પુરી પાડજો અને સઘલાઓ તેની ગોલામ માફક ચાકરી કરજો જો તે તમારી આખ કે જીવની પણ માંગણી કરે તો પણ તમો તેના ઉપર જમાનાથી કાંઇ પણ દુખ આવી પડવા દેતા ના." તેઓએ સોગદ લિધા તરીકે પોતાની આંગળી આંખ અને માથાં ઉપર મુકી અને તે નાના પાદશાહને પાહાડ ઉપર લેઈ ગયા. પીરાને તે ભરવાદોને તેઓને લાયકની પુશકલ ચિજો બક્ષી તથા તેની સભાળ કરવા માટે ત્યાં એક દાઇને પણ મોકલી આપી. એ બનાવ બન્યાને લાબો વખત વહી ગયો અને તેટલો વખત

---

[1] 'કલુ' નામનો એક પાહાડ તુરકસ્તાનમા આવેલો છે.

જમામાએ તે પાદશાહને મામા ભર્યાં ચેહેરો દેખાડયો. તે નામદાર પેહેલવાન સાત વર્ષનો થતાંજ તેના હુનરે તેની બુન્યાદનો ભરમ ખુલ્લો કરવા માંડયો. તેણે એક લાકડીની કમાન બનાવી અને તે ઉપર દોરી તરીકે બકરાંના આતરડાંને વિટાલી લિધું, અને પછી તેના ઉપર તીર ચઢાવીને તે દરેક બાજુએ ફેકવા માંડયા પછી પીછાં સાથના અણીવાલા તીર બનાવીને તે વડે શેકાર કરવાના વિચારથી જંગલમાં જવા લાગ્યો દસ વર્ષમાંજ તે જોરાવર પેહેલવાન બન્યો અને તે જંગલી ડુકકરો તથા વરૂઓ સાથે લડવાને જવા લાગ્યો એ પ્રમાણે વખત વેહેતાં તે કએખસરૂ પરવરદેગારના હોકમ મુજબનો બનતો ગયો. હવે ત્યાંથી તે સિંહો અને વાઘો આગળ જઇને પોતાની વાલેલી લાકડી (કાંમઠાં) વડે તેઓની સાથે પણ લડાઇ કરવા લાગ્યો આથી તે પાહાડો અને જંગલમાંના એક ભરવાડે પીરાન આગળ આવીને ફર્યાદ કરતાં કહયુ કે "હુ તે બાહાદુર સિંહ જેવા પેહેલવાન કએખસરૂ આગળથી મારાં મેટાં બકરાં લેઇ અત્રે આવ્યો છુ કારણ તે પેહેલાં હરણોનો શેકાર કરતાં હવે તો સિંહો અને વાઘો સાથે કુશતી રમવાનું માંગે છે હવે તેને સિંહ સાથે લડવાનુ કે હરણનો શેકાર કરવાનુ સઘલુ સરખુજ લાગે છે તેથી તેને કાંઇ પણ નુકસાન પુગે નહી તે માટે હું તુ મોટા પેહેલવાન આગળ એ ફર્યાદ કરવાને આવ્યો છે" જ્યારે પીરાને એ વાત સમજી ત્યારે તે હસતા હસતાં બોલ્યો કે "ઉચ તોખમ અને હુનર છુપા રહેતા નથી"

પીરાન કએખસરૂને કલુ પાહાડ ઉપરથી પાછો લાવીને તેને અફરાસીયાબ આગળ લેઇ ગયો તે વિષે.

આથી પીરાન એક જડપ ચાલના ઘોડા ઉપર બેસીને તે સુરજ માફકના સિંહ (કએખસરૂ) આગળ ગયો તુરતજ તે જવાન શાહાજાદો તેની નજદિક આવતાજ પેહેલવાન પીરાને તેનાં ઉચાં કદ તરફ જોયું તે શાહજાદાએ તેની આગળ જડપથી દોડી આવીને તેના હાથને બોસો લિધો. જ્યારે પીરાને તેને આવા ભપકાવાલો અને ખુબસુરત જોયો ત્યારે તેના ચેહેરા ઉપર તેજીનો વધારો થયો, અને તેનુ દિલ તેને માટેની મોહોબતથી ઉભાઇ ગયુ તેણે તેને લાંબો વખત સુધી છાટી સાથે ચાંપીને પરવરદેગારના શુકરાના કીધા. તે પાદશાહે પીરાનને કહયુ કે "ઓ પાક દીનના શખ્સ ! તુરાન જમીન તારાથી પ્રકાશતી રેહેજો. જે કોઇ તુને અત્રે પીછાણે છે તેઓ તુને મેહેરબાન શિવાય બીજી રીતનો ગણુતા નથી હવે ઓ નામદાર ! તુને મારી આગળ આવવાની શુ જરૂર પડી છે ? એક ભરવાડના છોકરાને તુ એમ ગોદમાં કેમ દાબે છે ? શુ તુને તેમ કરવાનો ધીકકાર લાગતો નથી ?" આથી તે ડાહાપણ-

વાલા પીરાનનું દિલ તેને માટે બલવા લાગ્યું અને તેના ગાલો આતશ માફક તપવા લાગ્યા. તે બોલ્યો કે "ઓ મારા પ્યારા પણ જેહાનથી તજાયલા બુજોર્ગીવાલા યાદગાર બેટા ! તારી તોખમ કાંઇ ભરવાડથી ઉતરેલી નથી હું તારે માટેની પુશકલ વિગતો જાણું છુ" પછી તેણે તે જવાન માટે એક અરબી ઘોડો મંગાવીને તેને એક પાદશાહી પોશાક પહેરાવ્યો ત્યાર બાદ તેઓ ત્યાંથી મેહેલ તરફ સાથે ગયા પીરાનનો જીવ સીયાવક્ષને માટે ગમગીન રહ્યાથી તેણે તેને પોતાની આગળ ઉછેરવા માંડયો તેને જોઈ તે ખુશી રેહેતો અને તેનો સારી રીતે વખત પસાર થતો. તેના તરફ દોડતી માયાને લિધે અને અફ્રાસીયાબના ગુસ્સાની ધાસ્તીને લિધે તેની ખાવા પીવાની ભુખ, આરામ અને ઉંઘ જતી રહી વળી એ બાબદને પણ ઘણો વખત વહી ગયો અને તેટલાં તેને જોવાથી તેના દિલને પ્યાર સાથે આરામ મલવા લાગ્યો પણ એક અંધારી રાતે સુવાને વખતે અફ્રાસીયાબ આગળ પીરાનને બોલાવી લેઇ જવાને એક શખ્સ તેની આગળ આવ્યો ત્યાં તેની આગળ બની ગયલી વાતો પાછી કરવા માડતા અફ્રાસીયાબ બોલ્યો કે "મારૂં દિલ બુરા વિચારો આવવાથી હમેશા દુખી રહે છે અને તેથી મારાથી દિલના ગમને હાંકી કાઢી શકતો નથી. જ્યારથી સીયાવક્ષનુ એ બાળક પેદા થયુ છે ત્યારથી મારો સારો વખત જતો રહયો છે લાંબી નજરે વિચાર પુગાડતાં ફરીદુનનો નબીરો ભરવાડોથી પરવરેશ થાય તે તેને માટે લાયક કેમ ગણાય ? જો તેને હાથે મારૂ બુરૂં થવાનુજ લખાયલુ હશે તો તે ખોદાઈ બનાવ તેને દૂર કરવાથી પણ અટકી શકવાનો નથી. હવે જ્યારે તે બની ગયલા બનાવોથી વાકેફ નથી ત્યારે તો તે ભલેને જીવતો રહે, કે જેથી હું ખુશી સાથે રહું પણ જો તેનામાં કાંઈ બુરી ખાશીયત મને માલમ પડશે તો મારે તેનુ પણ ડોકું તેના બાપની મુવાફેક કપાવવુ પડવાનુ." ત્યારે પીરાન બોલ્યો કે "ઓ પાદશાહ ! તુંને પોતાને કોઇ શિખામણ આપનાર હોવો જોઇએ નહી કએખસરૂ તો એક વકુફ વગરનું નાનું બાળક હોવાથી તે બની ગયલી બાબદ કયાંથી જાણવાનો છે ? જે શખ્સ પાહાડો વચે ભરવાદોથી ઉછરેલો હોય તે જંગલી ઢોર અને હેવાન જેવોજ ગણાય. તે ત્યાં અકકલ મેલવીજ કેમ શકે ? તેથી તુ એ બાબદનો વિચાર ના કર અને એવી કોષેશ પણ ના કર. પુશકલ હુશીયારી ધરાવનારા પેલા અકકલમંદ શખ્સનું કેહેવું એક છે કે 'પરવરદેગાર એક બાપના કરતાં પણ ચઢતો છે અને આ દુન્યામાં જન્મ પામેલાંઓની તે એક મેહેરબાન માવત્તર જેવો છે.' ૧ જો તું પાદશાહ મને ફરમાવે તો આજ પળે તે વખનાયલા જવાનને હુ તારી આગળ હાજર કરૂં. પણ પેહેલાં

૧ એ બેત [illegible] નકલમાં વધારે છે.

તું મને (તેને ઇજા નહી પુગાડવાનું) વચણ આપીને ખુશી કર અને તારા વડીલ પાદશાહોમાંથી એકના તું સોગંદ ખા. ફરીદુન તાજ, તખત અને પાદશાહી કોલાહ ભોગવતો હતો તે છતાં તે સચાઇ પાળવાની સંભાલ રાખતો હતો તેના. તથા તુર કે જે બુલંદ નસીબ અને તાજ ધરાવતો હતો તેના. તથા જેહાનને પેદા કરનાર પરવરદેગારના, તથા તારા બાપાવા જાદશમના તથા તેના તાજ અને જોરના, તથા મંગલ, સની અને સુરજના માલેકના તુ સોગંદ લે. જ્યારે અફ્રાસીયાબે પીરાનથી એ પ્રમાણે સમજયુ ત્યારે તે લડાયક શખ્સનુ માથુ જોહોકા ખાવા લાગ્યું ત્યાર પછી તેણે તે પાદશાહોને માટેના તથા રોશન દિવસ અને અંધારી રાતના. તથા પરવરદેગાર કે જેણે આ જેહાન પેદા કીધી છે તેના, તથા આસમાનના તથા ઢોરો, હેવાનો તથા જાનદાર ચિજોના પેદા કરનાર ખોદાના સોગંદ લેતા કહયુ કે ' હું એ બાળક ઉપર કાંઈ પણ જુલમ ગુજારશ નહી અને તેના ઉપર હુ જાસ્તીનો દમ ફુકવા દેવશ નહી " આથી પીરાને જમીનને બોસો લેઇને કહયુ કે " એ ઇનશાફના સાથી અને સખાવતના શાહ ! આ જમીન ઉપર તારા જેવો કોઇ પાદશાહ નથી, અને આસમાનની ઉપર તારા જેવા ચેહેરાનો ચંદ્ર પણ નથી અકકલ નેકીની સાથે તારી રાહાનુમા બનજો અને જમાનો તથા દુન્યા તારા પગ નિચેની ધુલ બનજો "

એટલુ કહીને તેણે અરગવાન ફુલ જેવા રાતા ચેહેરા સાથે અને ખુશાલી ભરાં દિલ સાથે કએખસરૂ આગળ આવીને કહયુ કે ' હવે તારે થોડો વખત સુધી અકકલને તારાં દિલમાંથી દુર કરવી પડશે (યાને કે તુને ઘેલાં ગાડાં કરવાં પડશે), અને જ્યારે અફ્રાસીયાબ ચીરડાય ત્યારે તુને તેનો જવાબ ઉડાવવો પડશે. તારે તેની આગળ એક પારકા શખ્સ માફક આવ્યા પછી દેવાના માફકની બકબક સિવાય બીજુ કાંઈ પણ તારી જબાનથી બોલવું નહી ત્યાં તારે કાંઈ પણ કામ અકકલની રૂહે કરવુ નહી આજનો દાહાડો તારે એજ પ્રમાણે પસાર કરવો પડશે " પછી તેણે તેના માથાં ઉપર એક કેઆની તાજ પેહેરાવ્યું અને કમરે એક કેઆની કંમરબંધ બંધાવ્યો પછી તેણે એક શુંદર જડપ ચાલનો ઘોડો મંગાવીને તે પાક મગજના પેહેલવાનને તેની ઉપર બેસાડીઓ, અને તેઓ અફ્રાસીયાબની દરબારમાં ગયા તેને જોતાંજ જેહાનના લોકોએ પોતાની બે આંખો આંસુથી ભીજવવા માંડી તે નવી રીતભાતનો તાજનો દાવાદાર પેહેલવાન ત્યાં આવી લાગતાંજ તેને અફ્રાસીયાબ આગળ લેઈ જવા માટે રસ્તો મોકલો કરવાની દોડાદોડી ચાલી. સપેહસાલાર પીરાન તેને લેઇને ત્યાંથી આગળ વધ્યો અને અફ્રાસીયાબ આગળ કએખસરૂના આવી લાગતાંજ તેને માટેની ઉપજતી શરમને લિધે તે મમાવાના ચેહેરા ઉપર

પાણી છુટવા લાગ્યું. અફ્રાસીયાબ તેના તરફ જોઇને અજબ થયો અને પછી તેણે વફાદારીને પોતાની બાજુએ તેડી અને જુલમને પોતાની આગળથી હાંકી કાઢયો અફ્રાસીયાબે તેની પાદશાહી ગરદન તરફ તથા તેના હાથના પંજા, હીલચાલ કરતુ શરીર અને તેના તાજ તરફ થોડો વખત નજર કરતાંજ તેના મોઢા ઉપરનો રંગ ઉડી ગયો અને પેહેલવાન જેવા અફ્રાસીયાબનુ શરીર નેતર માફક ધ્રુજવા લાગ્યું કએખસરૂને જોતાં તેનું દિલ નાઉમેદ બન્યાથી થોડો વખત તેના ચેહેરા ઉપર ગુસ્સો માલમ પડતો તો થોડો વખત તેના દિલમાં દયા છુટતી જણાતી હતી.

પછી અફ્રાસીયાબે કએખસરૂને પુછયુ કે "એ જવાન ભરવાદ! દિવસ અને રાતની તુ કેવી ખબર રાખે છે? ગોસ્પંદોના ટોળાં નજદિકમાં તે શુ શુ કીધુ હતુ? તુ બકરા મેંઢાને કેવી રીતે ગણતો હતો?" ત્યારે કએખસરૂએ તેને એવો જવાબ આપ્યો કે "હુ ત્યાં શેકાર કયાં કરતો હતો. મારી પાસે તીર કે કમાન કાઇ નથી" વળી પાદશાહે તેને પુછયુ કે "તુ અત્રેથી બાહદુર લોકોના પાદશાહ કાઉસની આગળ ઇરાન જશે?" ત્યારે તેણે એવો જવાબ દિધો કે "પરમ દાહાડે તે પાહાડ અને જંગલમાંથી એક સ્વાર,મારી આગળથી પસાર થયો હતો" પછી તેણે તેને તેના માય બાપ માટે, ઇરાન માટે તથા શેહેરની મોજમજાહ માટેનો ત્રીજો સ્વાલ પુછયો તેનો તેણે એવો જવાબ દિધો કે "તે જગ્યામા વાઘ હોય તો તે જોરાવર પંજાવાલાં માણસના દિલને પણ ફારી ખાય" તેણે તેને ફરીથી પરવરદેગાર વિષે તથા કરતા જમાનાની ભલાઇ અને બુરાઈ વિષે પુછયુ, પણ તેનો તેણે એવો જવાબ દિધો કે "ફાડી ખાનારો સિંહ એક શેકારી કુતરાને ભોય ઉપર પટકી શકે નહી"

આથી તે પાદશાહે અજાયબી સાથે એક ગોલાબ માફક હસતો બનીને તુરતજ કએખસરૂને માયાથો પુછયુ કે "શું તુને શિખવવા માટે કોઇ ઉસ્તાદ જોઇતો નથી? શુ તુ તારા દુશમનો ઉપર કીનાથી વેર લેવા ઇચ્છતો નથી?" ત્યારે કએખસરૂએ જવાબ દિધો કે "દુધમાં જરાએ ચીકાશ રહયો નથી તેથી હું ભરવાદને મારે હાથે કાઢી મુકશ" તેની એવી વાત સમજીને તે પાદશાહે લશકરના પેહેલવાન પીરાન તરફ ફરીને હસ્તાં કહયુ કે "એનુ મગજ ઠેકાણે નથી જ્યારે હુ તેને માંથાની વાત પુછુ છુ ત્યારે તે પગનો જવાબ આપે છે આવા એક શખ્સથી કાઇ ભલુ બુરૂ થઈ શકવાનુ નથી, અને તે કીનો લેઇ શકવાનો નથી માટે તુ જા અને ભલાઈ સાથે તેને તેની માયને સોંપી દે તેને કોઈ પહરેજગાર માણસના હાથમાં કેળવણી માટે સોંપીને તું સીયાવક્ષ ગેરદ તરફ મોકલી આપ અને તેને કોઇ બુરાઇ શિખવે તેવા શખ્સોને તેની આગળ જવા દેતો ના. તું તેને જે કાંઇ જોઇએ તે ખજા-

નામાંથી અને પૈસામાંથી આપજે તથા તેને થોડા ઘણા ઘોડા અને નોકરો પણ સોંપજે આથી સપેહસાલાર પીરાન તેને લેઇ અફ્રાસીયાબ આગળથી જડપથી બાહાર પડયો ૧ અને ત્યાંથી પોતાના મેહેલમાં ખુશાલી સાથે પાછો ફર્યો તે બુરા લોકોની નજરને તેના તરફ સીવાઈ ગયલી જેવાથી બોલ્યો કે, "તે જમાનાના સાહેબે જેહાનમા નવેસરથી એક ફળદાર ઝાડ રોપ્યું છે" પછી તેણે પોતાના જુના વખતના એકઠા કીધેલા ખજાનાનાં બારણા ખોલ્લાં કરીને તેમાથી તરેહવાર પાદશાહી સામન જેવા કે રેસમી કાપડના ટાકાઓ, પૈસા, હીરા મોતી, ઘોડા, હથીયાર, તાજ, કમરબધ, તખત, પૈસાની કોઠલીઓ અને પાંથરવાના કેટલાક ગલીચાઓ વગેરે તૈયાર કીધુ પછી પીરાને તે સઘલુ કએખસરૂ આગળ જડપથી મોકલી આપ્યાથી તેણે તેના ઇનશાફ અને સખાવતની તારીફ કીધી. ત્યાર બાદ પીરાને તેને તેની માય સાથે તે નેકખાહ પાદશાહ સીયાવક્ષે બનાવેલી જગ્યા તરફ વિદાય કીધો ૨ તેણે તેઓને તે શેહેર કે જે હાલે પાછુ કાતા કચરાવાલુ જગલ જેવું બન્યુ હતું ત્યાં મોકલી આપ્યા ૧ જ્યારે ફરંગીસ અને કએખસરૂ તે જગ્યાએ આવી લાગ્યાં ત્યારે તેમને જેવાને દરેક બાજુએ પુશકલ માણસો ઉભેલાં જણાયાં ત્યાનાં લોકો તેઓને એસતેકબાલ લેવાને આવેલા હોવાથી ત્યાંની જમીન ખીચોખીચ ભરાઈ ગઇ શેહેરના તમામ લોકોએ તેઓની તારીફ કરતા કહ્યુ કે "તે મુબારક દરખ્ત સીયાવક્ષને થડમુલથી ઉખેડી કાઢવા છતા તેમાંથી નસીબ સજોગે આવો એક રોપો પાછો ઉગી નિકલ્યો છે હવે એ જેહાનના પાદશાહ ઉપરથી બુરી નજર દર થજે અને તેનાથી સીયાવક્ષનું અશો રવાન પુરતા જલકાટવાલું બનજે"

પછી તે શેહેરની કાતા કચરાવાલી જમીન ફરીથી શમશાદ નામના ઝાડવાલી બની ગઇ અને બાગોમાં ઉગેલું ઘાસ સીધા સરોવરમાં ફેરવાઇ ગયુ આથી ત્યાંના ગાય ઢોરો પણ ખુશાલ બન્યા સીયાવક્ષની દટાયલી મતીની જગ્યા સઘલાંઓને પ્યારી બની જે ધુલમાં સીયાવક્ષનુ લોહી તીપકાયું હતુ તે જગ્યામાં નરદ નામુનુ લીલું ઝાડ ઉચ્ચુ ઉગી નિકલ્યું મુબારક સીયાવક્ષ પાદશાહના લોહીને લિધેજ ત્યાં આવુ ઝાડ ઉગી નિકલ્યુ તેના દરેક પાતરાં ઉપર તેના ચેહેરાનો ચીતાર પડયો હતો અને તેના તરફની માયાને લિધે તેમાંથી કસ્તુરીનો સોડમ નિકળતો હતો જાણે તે વસતની મોસમમાં હોય તેમ હમેશાં તાજુ રેહેતુ ગમગીન માણસોને માટે તે જગ્યા આશાયશને

---

૧ એ બેતનો તરજુમો લખેલી નકલ મુજબ કીધો છે.

૨ લખેલી નકલમાં એ બેત વધારે છ

માટે બેસવાની બની. બુઢાં આસમાનની એવીજ રીત છે. એક બચ્ચું દુધ ધાવવાને ઠાન તરફજ દોડે છે તુ આએ જેહાન ઉપર નચિત બનતો ના, કારણકે તે બાતેનમા ઘણીજ બુરી છે. જેવી દિલની માયા જેહાનની સાથે ભેલાઈ જાય છે તેવોજ તે શખ્સ આખરે ખાકમાં દટાય છે માટે તુ તે જેહાનના બાગમાંથી ગમના પાન્દડાને સુધયા વગર તેમાંથી ખુશાલી સિવાય બીજું કાંઇ ના સોધ. જો તુ તાજદાર પાદશાહ હોય કે તગ હાથનો ફકીર હોય તો પણ તુ જમાનાને તારી સાથે લાબો વખત ઢીલ કરતો જોવાનો નથી તું તારા જીવને દુખી કરતો ના કારણકે આ દુન્યા કાઇ તારી થવાની નથી તારૂ સાંકડુ કફન દટાય તે ઉપરાંત વધારે જગ્યા તારે માટે રહેવાની નથી, તો હવે એકઠુ કરવામા ફાયદો શું ? તુ તારૂ જે કાંઇ હોય ને ખાઇ પી લેવાને બેસી જા અને પરવરદેગારનો ખજાનો જે સ્વાબ છે તેનીજ ઉમેદ કર. તુ જેહાનમાં ફકટ ખુશાલી સાથે રેહે કારણકે તે કોઇની સાથે મોહોબ્બત બાંધતી નથી તે એકના માથાને ચંદ્ર સુધી ઉચ્ચુ ચઢાવીને તે ઉચે ચઢેલા માંથાંને પાછું ખાડામાં લાવી નાખે છે ઉચા આસમાનની એવીજ રીત છે એક વખત આએ (યાને માણુસ) તેની ઉપર ચઢે છે તો બીજી વખત તે (યાને આસમાન) એની ઉપર ચઢે છે સીયાવક્ષનુ ખુન થયલુ હોવાને લિધે હવે હુ તુરાન જમીનના પાદશાહ ઉપર કીનો લેવાને જાઉછુ તેથી આપણે હવે લડાઇની, કીનાની તથા રૂસતમે કેવી રીતે લશકર તૈયાર કીધુ તેની વાત ઉપર આવીએ

ફીરદોસી પોતાના બુઢાપાને માટે ફર્યાદ કરે છે તે વિષે.

જે કોઇની ઉમર સાઠ વર્ષની થાય તેણે પોતાની ઉમેદોને જેહાન ઉપરથી કાપી નાખવી ઘટે છે ત્યારે કોઇનુ સાઠ વર્ષનુ માથુ મોતની તલવારની નજદીક આવી પુગે ત્યારે તેવા વખતમા તેની આવી ઉમરે છાકટ બનવા માટે તુ તેને ગાફેલીનો દારૂ ના આપ મારી ઉમરે હવે મને સવારી કરવાને લગામ આપ્યાને બદલે લાકડી પકડાવી છે મારી માલ મીલકત જતી રેહેવાથી મારો બરગશ્તે હાલ બન્યો છે વળી કીલ્લાના મહાંલા ઉપર ઉભેલો રખેવાલ (આંખ) બેશુમાર લશકરને પણ હવે જોઇ શકતો નથી તેથી જોકે તેની (આંખના પાપન) આગળ ભાલાઓ આવી લાગ્યા છે તો પણ તે દુશમનોની આગળથી લગામ ફેરવીને નાહાસવાનું જાણતો નથી મારૂ કાલા પાહાડના જેવુ માથું બરફ (સફેદ બાલ) થી ભરાઇ ગયુ છે લશકર (શરીરના ભાગો) પાદશાહ (યાને માંથા) નો એમ કશુર કાઢે છે. ઘોડાના જેવા મારા બે જડપવાળા

પગોને એ મારા સાઠ બદખાહો (વર્ષો) એ અટકાવી મુકયા છે. મારો બુલબુલ જેવો ગાવાનો અવાજ તથા સિંહ જેવા પોકારો હવે ધરાઇ ગયા છે અફ્સોસ! કે જીંદગીનો પેલો ગોલાબ (રતાશ) પેલી કસ્તુરી (કાલા બાલો) અને પેલી તાજગી કે કાંઇ હવે રહયુ નથી, તેમજ પેલી પારસ શેહેરની કાપનારી તલવાર પણ રહી નથી હવે પેલું તીતર જગલી ગોલાબ આગળ ભમતુ નથી પણ હવે તે ગોલાબના જેવો રતાશ અને સરોવરના જેવી ઉંચાઇ માંગે છે જ્યારથી મે અઠાવનમી (યાને અઠાવનમા વર્ષની) જામ ઉંડાવી ત્યારથી મને તો કફ્ન અને ઘોરસ્થાન શિવાય બીજા કસાંની યાદ આવતી નથી પરવરદેગાર પાસેથી મારી એવી ઇચ્છા છે કે શાહનામાનુ કામ પુરૂ કરવાને માટે જમાનો મને કેટલાક વખતની મેહેતલ આપે, કે જેથી આએ નામાકીત બાસ્તાન નામાને જેહાનમા હું યાદગારી તરીકે રાખી જાઉ કારણકે એ નામામાંની વાતોને જે કોઇ શખ્સ ઇનશાફ આપશે તેણે મારી ભલી યાદ કર્યા સિવાય બીજુ કાઇ કીધેલુ ગણાશે નહી વળી આએ જેહાન પણ મારીજ ખાહેશ કરશે કારણકે આએ મારૂં નામુ જુલફેકાર[1] નામની તલવાર જેવુ અને વાચણ કરવાની પવીત્ર જગ્યા ને લાયકનુ છે પેગમબરના ખાનદાનનો હુ ગોલામ છુ અને તે હોકમના કરનારા પેગમબરના પગ આગળ મારૂ માથુ ધુલમાં નાખનાર છુ હવે જ્યારે સીયાવક્ષનુ દાસ્તાન પુરૂ થયુ છે ત્યારે હવે હું કએખસરૂ માટેની વાત કેહેવી સરૂ કરશ, અને તે સિંહ જેવા રૂસતમે તુરાનમાં સીયાવક્ષના કીનામા શુ શુ કીધુ તે હુ તુને કહેવશ માટે હવે તુ પેલા દેહેકાનના કેહેવા ઉપર પાછુ ધ્યાન આપ અને તે દાસ્તાન કહેનાર શખ્સ શુ કેહેવા માગે છે તે તુ જો

કાઉસને સીયાવક્ષના માર્યા જવાની ખબર થઈ તે વિષે.

હવે પાદશાહ કાઉસને એ ખબર થઇ કે, "સીયાવક્ષની જીંદગીનો નાશ થયો છે અને જેમ એક મરઘીના ડાકાને શરીરથી જુદુ કરે તેમ તેના ડાકાંને પેલી તુરાની અંજુમનના સરદારે જુદુ કરાવ્યાથી જગલમાના શેકારો પણ પાહાડામા તે નીરદોશને માટે રૂદન પકડીને બેઠા છે તથા વળી બુલબુલો સરોવરના ઝાડની દાખલીઓ ઉપર તેની યાદમા બેસીને રૂદન કરે છે અને જગલી

---

[1] 'જુલફેકાર' એ એક જાણીતી તલવારનુ નામ છે કે જે જેબ્રીયલ નામના ફરેશતાની પાસે પેગમબર મહમદે મેલવી હતી આ તલવાર મહમદે પોતાના જમાઈ અલીને બક્ષી હતી અને મુશલમાન તવારીખ નવેશોના કહેવા મુજબ અલીએ તે તલવાર વડે દીનદુશમનોની કટલ ચલાવી હતી.

મરઘા તીંતરો સાથે ગોલાબની નિચે બેસીને રૂદન કરે છે તમામ તુરાન જમીન ગમથી દાઘેલ અને દુખી બની છે અને બાગમાંના ગુલનારના ફુલોનાં પાદડાં કરમાઇને પીલાં થઇ ગયાં છે ગુરૂઇએ એક સુનાની તશત મુકીને જેમ એક મેઢાંનું ડોકુ મરડી નાખે તેમ તેનુ ડોકુ મરડી નાખ્યુ છે તેનું પાદશાહી ડોકું તેના શરીર ઉપરથી કાપી કાઢવામાં આવ્યુ તોપણ તેણે તે માટે ફરીયાદ કિધી નથી યાતો તેની પાસેથી પોતાનો જીવ માંગી લિધો નથી" જ્યારે પાદશાહ કાઉસે એ વાત સમજી ત્યારે તે નામદાર તખ્ત ઉપરથી ઉંધે મસતક તુટી પડયો પોતાનો તમામ પોશાક ફારી કાઢીને તથા ચેહેરાને નખરીયાં દેઇને ઉચા તખત ઉપરથી નીચે ધુલમા ગબડી પડયો તમામ ઇરાનીઓ ત્યાથી રડતા રડતા ચાલી ગયા અને સ્વારોએ સોગ પાળવાને માટે કંમર બાંધી સઘલાં-ઓના મોઢાં આસુ સાથના અને ગાલો ફીકકા બન્યા અને તેઓ મોઢેથી સીયા-વક્ષની યાદ કરવા લાગ્યા તુસે, ગોદરેજે, બાધુર ગેવે તથા શાપુરે, ફરહાદે, સિહ જેવા બેહેરામે તથા રેહામે, શાવરાનના જ ગેહે તથા ખરરાદે, પેહેલવાન બુરજીને, ગુરગીને તથા સિહ જેવા અશકશે તથા પેલા લડાયક સ્વાર શીદુશ વિગેરે સઘલાઓએ પોતાના પોશાકોને બલુ અને કાલા રગના બનાવ્યા અને માથાં ઉપર તોપીની જગ્યાએ ધુલ ભરી કાઉસે પણ પોતાના તમામ પાદશાહી પોશાકને ફાડીને તાજને ધુલથી ભરી નાખ્યુ

સીયાવક્ષના માર્યા જવાની ખબર રૂસતમને પુગ્યાથી તે પણ કાઉશ આગળ આવ્યો તે વિષે.

નીમરોજમાં પણ પેલા જેહાનને દીપાવનારા સરદાર રૂસતમને એ ખબર પુગી કારણકે એ આફતનો પોકાર ઇરાનથી તે તરફ પણ આવી પુગ્યો ત્યા સીયાવક્ષના મરણથી તમામ જેહાનનુ લોક ઉશકેરાઈ ગયુ એ ખબર તેહેમતનને થતાજ તે પણ બેહોશ થઇ ગયો અને આંખોમાં જાબુલમાં રૂડનના પોકારો જારી થયા જલ્દે પોતાના ગાલોને આંગલાઓથી પીખી નાખ્યા અને પોતાના તાજ તથા ગરદનને ધુલથી ભરી નાખ્યા જવારેહે પણ પોતાનો છાતી આગલનો પોશાક ફારી કાઢ્યો, અને તે પોતાની છાતી તથા સીનાને પીખતો ફરામરજની આગળ ગયો રૂસતમ રડતા રડતા બોલ્યો કે "ઓ મારા નામદાર! આ જેહાને તારા જેવો પાદશાહ કદી પણ જોયો નથી. અફસોસ! કે હવે તારીથી ઇરાન જમીન ખાલી બન્યાથી ત્યાં સઘલા રૂડન કરતા, બીમાર, અને ગમગીન બન્યા છે અફસોસ! કે તારાં મોતથી બુરી ઇચ્છાવાલાઓના દિલ ખુશી બન્યાં છે અને મારી સઘલી મેહેનત બરબાદ થઇ છે." એ પ્રમાણે તે એક અઠવાડીયુ સુધી ગમગીન બનીને સોગ કરતો

રહયો. આંઠમે દિવસે ત્યાં રનસીંગડા ફુકવાનો અવાજ સમજાયાથી કેશમીર અને કાબુલનુ તમામ લશકર પીલતનના પાયતખ્ત શેહેરમાં ભેગુ થયું અને રૂસતમે ત્યાંથી આંસુ ભરી આખો સાથે અને કીનાખોર દિલ સાથે કાઉસની દરબાર તરફ ચાલુ મુકયું ઇરાન નજદિક આવી લાગતાંજ તેણે પોતાનો તમામ પેહેલવાની પોશાકને ફારી નાખ્યો અને ત્યાં દુન્યાની સભાલ કરનારા પરવરદેગારના સોગદ લિધા કે "સીયાવક્ષનો કીનો લેવાને માટે હવે પછી મારૂ શરીર કદીપણ બખતર અને હથીયાર વગરનુ રેહેશે નહી હુ મારા ચેહેરાને ખાક સિવાય બીજા કસાંથી ધોવશ નહી પછી એ સોગદ પાળતાં મારાથી પવિત્રાઇ નહી જલવાશે તો શુ થયુ જ્યાં સુધી હું એ પાદશાહનો કીનો લેવશ અને તે શુમ નિશાણવાલાઓના માથાંને ખાદામાં ફેકશ ત્યાં સુધી હુ મારી તોપીને, બખતરને, તલવારને અને બાજુએ વિતાલીને ઓલવેલી કમદને મારી શરાબ પિવાની જામ તરીકે ગણશ હુ તુરાનના મુલકને કે અફરાસીયાબને કોઇને પણ રેહેવા દેવશ નહી પણ તુરાનમાં લોહીની નેહેર ચલાવશ તે જવાન પાદશાહનો કીનો હુ ત્યાના કાલાં અતકરણના તુરકીઓ ઉપર લેવશ આવતી કાલે જ્યારે સુરજ આસમાન ઉપર ઉચે ચડશે ત્યારે હુ છુ અને મારો ગુરજ છે તથા મેદાન છે અને અફરાસીયાબ છે જેમ લુહાડ પોલાદને તીપે તેમ હુ મારા ભારી ગુરજથી અફરાસીયાબને છુડશ" તેટલામાં તેના ઇરાનમા આવી પુગ્યાની ખબર બાધુર લોકોના પાદશાહ કાઉસને થઇ કે "તેહેમતન રૂસતમ માથે તોપી અને દિલે બખતર પેહેર્યા વગર વરસાદના વાદલની જડપે આવી પુગ્યો છે તેણે સીયાવક્ષનો સોગ ધરીને પોતાના ચેહેરાને આંસુથી ભરેલો રાખ્યો છે અને તેની આખોમાંથી બે આંસુના રેલા વહે છે"

આથી મોટા દરજ્જાના લોકો પોતાની સાથે ઢોલ કે વાજાં લિધા વગર ચેહેરાને આંસુથી ભરી નાખીને રૂડન કરતા પગે ચાલીને તેને સામબા લેવાને આવી લાગ્યા તેઓ મોઢેથી પાદશાહ સીયાવક્ષનુ નામ પોકારતા અને તેઓના રવાન પાદશાહ સીયાવક્ષનેજ સોધતાં હતા જેવા રૂસતમે તેઓને દૂરથી આવતાં જોયા તેવાજ તુ કેહેશે કે જેહાનમાં ધાસ્તીના પોકારો ઉડી રહયા દુખ અને ગમથી રડતા રડતા તે બુજોર્ગો અને રૂસતમ સામા સામા આવી પુગ્યા અને સીયાવક્ષને માટેના ગમથી જીગર લોહીથી ઉકળતાં હોવા છતા તેઓએ એકમેકની ખબર અંતર પુછી. પછી પીલતન રૂસતમ રૂડન કરતાં બોલ્યો કે "ઓ પાદશાહ! ઓ બાધુર! ઓ અજુમનના સરદાર! ઓ કેઆની પાદશાહી ખાનદાનના! ઓ ખુબીવતા પાદશાહ! ઓ જેહાનના પાદશાહ! ઓ પેહેલવાન! તારે માટેના દુ:ખથી સુરજ પણ માહેતમ કરે છે

અને ચંદનો સીનો ભુજાઇ જાય છે. હવે તારી બાધુરી અને તારૂં હાથીના જેવું જોર એ સઘલુ કયાં ગયું ? તારે માટેના દુખથી નાઇલ નદી પણ સુકાઈ ગઇ છે અરે, તે કેવા ખુશાલી ભર્યા દાહાડા હતા કે જ્યારે આપણે બાગમાં નામદાર દસ્તાનની સાથે ખુશાલીની મીજલશ બનાવી બેસ્તા હતા" એવી રીતે રૂસતમ રૂડન કરતો ત્યાથી આગળ વધ્યો અને કેઆની પાદશાહની દરબારમાં આવી લાગ્યો જ્યારે તે કએકાઉસના તખત નજદિક આવી પુગ્યો ત્યારે ત્યા તેણે કાઉસને માથાથી તે પગ સુધી ધુલમાં લપેટાયલો દિઠો આથી રૂસતમે તેને કહયુ કે, "ઓ પાદશાહ ! તારા બુરા સ્વભાવે જે કાંઇ બી વાવ્યાં હતાં તેના હવે ફળ ઉગ્યાં છે. સાદાબેહને માટેના તારા એ શકે તથા તારી બદ ચાલે તારાં માથા ઉપરના કેઆની તાજને ઉખેડી નાખ્યુ છે હવે તારી નજર જાહેર રીતે ખોલ્લી થતા તુ પોતાને દરીઆના મોજા ઉપર (યાને ધાસ્તીમા) આવી બેઠેલો જોય છે તારા જેવા જોરાવર પાદશાહના બુરા વિચાર અને બુરી ચાલથી ઇરાનને મોટુ નુકશાન પુગ્યુ છે. જે કોઇ અનજુમનનો વડો સરદાર બાયડીના હોકમ પ્રમાણે ચાલે તો તેને માટે કફનજ ભલુ ગણાય તે ઓરતની ભુડી ચાલથી સીયાવક્ષનો નાશ થયો છે જે ઓરત માયથી જન્મ લે નહી તે સુખી ગણાય તમામ પાદશાહો વચ્ચે સીયાવક્ષ જેવો સખી, મોટા દિલનો અને મુગે મોઢેનો કોઇ પણ શખ્સ થયો નથી તેની આવી છાતી, બાજુ અને ગરદન ઉપર અફસોસ છુટે છે તેના આવા પંજા, દિલ અને ગુરજ ઉપર અફસોસ છુટે છે [1] અફસોસ કે તે નામદાર પાદશાહના જેવા બીજા કોઇ પાદશાહને જમાનો ફરીથી કદીપણ જોશે નહી તે તખત ઉપર બેઠેલો વસંત જેવો જણાતો હતો, અને ખુશાલીની મીજલશ વચ્ચે તે જાણે પાદશાહના તાજ માફક દિપી રેહેતો હતો. લડાઇ વચ્ચે, તે સિંહ વાઘ અને ચિત્તાના જેવો લાગતો હતો. તેના જેવા મજબુટ પંજા કોઇ પણ ધરાવતો હશે નહી. હવે હુ જ્યા સુધી જીવતો રેહેવશ ત્યાં સુધી મારૂ દિલ અને મગજ સીયાવક્ષને માટેના કીનાથીજ ભરેલું રહેશે. હુ મારી સઘલી લડાઇ રડતી આખો સાથેજ કરશ, અને તમામ જેહાનને મારા પોતાના દિલની માફક બલતી કરશ" તેટલાંમાં કાઉસે તેના ચેહેરા તરફ નજર કીધી અને તેને આવી મોહોબત સાથે આટલાં બધાં આંસુઓ પાડતા જોઇને તે અજબ થયો. શરમને લિધે તેનાથી કાંઇ જવાબ દેવાયો નહી પણ તેની આખોમાંથી ગરમ આંસુઓ પાડયા કીધાં

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

રૂસતમે સોહ્રાબેહને મારી નાખીને તુરાન તરફ કુચ કીધી તે વિષે.

પછી તેહેમન કાઉસના તખત આગળથી સોહ્રાબેહના મેહેલમાં જઇને ત્યાના પરદા પછવાડેથી સોહ્રાબેહનો ચોટલો પકડીને તેણીને બાહાર ઘસડી લાવ્યો અને તેણીને બુર્જેગી ભયા તખત ઉપરથી લોહીમાં ફેકી તેણે તેણીને બાહાર લાવીને ખંજરથી તેના બે ટુકડા કીધા, પણ તે જોઇને કાઉસ પોતાના તખત ઉપર જરાએ હીલ્યો નહી તેહેમનને તેણીને મારી નાખ્યા છતા તેણીએ સીયાવક્ષને દિધેલાં દુખોને માટે તેનુ દિલ વધારે અને વધારે ઉશકેરાયુ પછી તે આંસુ ભરી આખો સાથે અને ઉતરી ગયલા ગાલો સાથે દુખથી સોગ કરતો પાછો દરબારમાં આવ્યો તમામ ઇરાન શેહર સીયાવક્ષને માટે માહતમમા પડ્યુ અને લોકો ગમભર્યા બનીને રૂસતમ આગળ આવ્યા તે એક અઠવાડીયુ સુધી આખમા આંસુ સાથે દુખ અને ગુસ્સાથી ભરેલો દરબારમા સોગ પાળતો બેઠા પછી આઠમે દિવસે તેણે કુચને માટે રનસીંગડા અને ઢોલ વજાડવાનો હોકમ કીધો આથી ગોદરેજ, તુસ, ગસતહમ, શાવરાનનો જગેહ, બાહાદુરી દેખાડનાર અશકશ, પીલતન રૂસતમનો બેટો ફ્રામરજ, અનજુમનનો સરદાર જવારેહ, શીદુશ, ફરહાદ, ગુરગીન, ગેવ, રેહામ, શાપુર, પેહેલવાન બરરાદ, કાઉશનો બેટો ફરીબરૂજ, શીહના જેવો બેહેરામ તથા અઝદાહના જેવો બાહાદુર ગોરાજેહ એ સઘલા દરબારમાં આવ્યા

રૂસતમે તેઓને કહ્યુ કે, " મે મારૂ દિલ, જાન અને શરીર એ સઘલુ કીનો લેવા ઉપર લગાડીયુ છે સીયાવક્ષની માફક કમર બાંધનારો અને નામદારી મેલવનારો કોઇ પણ ક્વાર જેહાનમાં હવે થશે નહી સીયાવક્ષના ખુનના કામને તમો કાઇ નાહાનુ ગણતા ના અને તે માટેના કીનાને કાંઇ નજીવો સમજતા ના. તમો સઘલા દિલમાંની ધાસ્તી દુર કરીને અને લોહી રેડીને જમીનને જીહુન નદીના જેવા બનાવી દેજો હુ પરવરદેગારના સોગંદથી કહુ છુ કે જ્યા સુધી હુ આ જેહાનમાં જીવશ ત્યા સુધી મારા દિલમાં સીયાવક્ષ માટેનુ દુખ ભેલાયલુ રહેશે બુરી આખોવાલા ગુરૂઇએ જે સખત જગ્યા ઉપર તેનુ લોહી રેડ્યુ છે તે જગ્યા હુ જોવશ તથા ત્યાંની જમીન ઉપર હુ મારા ચેહેરા અને આંખને ઘસશ ત્યારેજ મારા દિલમાંથી સીયાવક્ષ માટેનુ દુખ દુર થશે વળી હું ત્યા એજ રીતે મારા હાથ અને બાજુ બધાવીને અને ગરદનમાં ફાંસો ઓલવીને પછવાડેથી બાંધી લીધેલા હાથો સાથે એક ગોસપદની માફક ખુવારી સાથે ધુલમાં પડશ. જ્યાં સુધી હું

એમ કરશ નહી ત્યાં સુધી હું પોતાને કે મારા ગુરજને કે મારી તિક્ષણ તલવારને રસ્તાખેજ વરસાવવાને માટે ઉશકેરી શકશ નહી હવેથી મારી બધે આંખો લડાઇનાં ધુલારાં સિવાય બીજુ કાંઈ જોશે નહી. ખુશાલી ભરેલી દારૂની જામને હુ મારા જીવથી હરામ ગણુશ." રૂસતમને એમ બોલતાં સમજીને તે પેહેલવાનનો દરેક સાથી છુપાછુપ રડવા લાગ્યો અને ત્યા સઘલાઓએ દુ:ખનો સામટો પોકાર કીધાથી તુ કહેશે કે જાણે ઇરાન જોશમાં આવ્યુ છે ઇરાનમાં વાદલ સુધી પુગે એવો પોકાર ઉઠયાથી તું કહેશે કે જાણે ત્યાંની જમીન સિહનો ગુફો બની છે પછી હાથીઓ ઉપર મોટાં ઢોલો ચઢાવીને લશકરે કીના ભરી તલવારને મ્યાનમાંથી બાહાર કાઢી ત્યાં રણશીગડાંઓ, સરનાઇ અને પીતલના પરગમો વાગવાના અવાજ સભલાયા, અને જેહાનનુ લોક અફ્રાસીયાબ ઉપર કીનો લેવાને ઉશકેરાયાથી તુ કહેશે કે જાણે દરીયાના પાણી જોશમાં આવ્યાં છે ત્યાંની જમીન ઉપર ચાલવાની જરાએ જગ્યા રહી નહી અને નેજાઓને લિધે હવાનો અટકાવ થઇ ગયો. પેહેલવેહેલાં સેતારાઓજ લડાઇ કરવા લાગ્યાથી જમીન તથા જમાનાએ બદીના હાથ ધોઇ નાખ્યા. ઇરાની પેહેલવાનોએ પોતાની કંમર બાંધી અને કાવ્યાની ઝુન્ડાને હરોલમાં ચલાવ્યો પછી જાબુલી રૂસતમે પેહેલવાનો વચેથી શમશેરના મારનારા કાબુલીઓને ચુટી કાઢયા, અને ઇરાન તથા નારૂનના જગલના એક લાખ પેહેલવાનો ત્યાં એકઠા કીધા તે લશકરની સરદારી જવાન સરદાર ફ્રામરજ કે જે રૂસતમનો બેટો થતો હતો તેને આપવામાં આવી તુરાનનો મુલક આવી લાગ્યો ત્યાં સુધી રૂસતમ આગળ અને આગળ વધયો અને તેટલામાં (તુરાની) પોહોરેગીરોએ તેને પોહોરો ભરવાની જગ્યાએથી જોયો.

સેપંનજાબના પાદશાહ વરાજાદની શાથે ફરામરજે લડાઇ કરતાં તેમાં વરાજાદ માર્યો ગયો તે વિષે.

વરાજાદ નામનો સેપંનજાબનો એક પાદશાહ હતો કે જે બાધુરો વચે એક ચોખાં મોતી જેવો ગણાતો હતો તેના કાંને સરનાઇ, રણશીગડાં અને હીન્દી ઘાંટોના અવાજ સમજાતાંજ તેણે પણ પરગમ વજડાવીને લશકરને મેદાન તરફ કુચ કરાવી, અને તેને લોહીના દરીઆ (રાતા સમુદ્ર) તરફના મેદાનમાં લેઈ ગયો બધે બાજુના લશકરે લોહીથી ઉકલતાં જીગર સાથે અને હોટ ઉપર ફીન ચઢાવીને સફ સમારી.[૧] તેનુ લશકર તીસ હજાર તલવાર વાપડનારા લડાયક શખ્સોતું બનેલુ હતુ. વરાજાદે જડપથી પોતાના

૧ લખેલી નકલમાં એ બેત વધારે છે.

લશકરના મધ્ય ભાગમાંથી બાહાર આવી ફરામરજ આગળ દોડતો જઇને પુછયુ કે " તુ કોણ શખ્સ છે ? અને આ મુલકમાં તુ શાને માટે આવ્યો છે ? અત્રે તુ તારા પાદશાહના હોકમથી કે લશકરના સપેહસાલાર રૂસતમના હોકમથી આવ્યો છે ? શુ તુને અફ્રાસીયાબની તથા તેના રાજની તથા તેના ચઢતાં તખત અને તાજની ખબર નથી ? મને તારૂ નામ જણાવી દે કારણકે તુ આ લડાઇમાં તારી આખેરી આવેલી જોશે તેથી એવુ નહી બને કે તારૂ નામ આપ્યા વગર તારાં કાલાં શરીરમાથી મારે હાથે તારો જીવ બાહાર નિકલી જાય " ફરામરજે જવાબ દિધો કે " ઓ બુરા નસીબના પેહેલવાન ! હુ પેલાં પેહેલવાની ઝાડ રૂસતમ કે જેના હાથે સિહો બેજાન બને છે અને જ્યારે તે ગુસ્સે થાય છે ત્યારે તેનાથી હાથીઓને પણ નુકસાન પુગે છે તેનુ એક ફળ (યાને ફરજદ) છુ મારે તુ બુરી ખશલતના દેવજાદાની સાથે કાંય અને કેમ એવી વાતો શાને માટે કરવી જોઇએ પેલો પીલતન પેહેલવાન કે જે જેહાનમા કીનો લેવાને માટે એખલોજ બસ ગણાય છે તે પણ પોતાના લશકર સાથે પછવાડે આવી લાગે છે તે કમર બાધીને સીયાવક્ષનો કીનો લેવા માટે એક જનુની સિહની માફક લડવાને આવે છે અને તે આ દેશમાં આવીને કાંઇ પણ દયા દેખાડીયા વગર ધુમારો ઉડતો કરશે અને હવે તેને કાલાવાલા કીધેલા કાંઇ પણ કામ આવવાના નથી હવે તમારૂ લશકર કે અફ્રાસીયાબ બચવા પામવાનો નથી અને અત્રેના મેદાનો, ગુલકો અને પ્રકાશીત નદીઓ સલામત રેહવાની નથી " જ્યારે વરાજાદે ફરામરજની એવી વાત સમજી ત્યારે તેને તેનુ એ કામ કાચુ લાગ્યુ, તેથી તેણે પોતાના સઘલાં લશકરને કમાન ઉપર તીર ચઢાવવા ફરમાવ્યુ

આથી બધે બાજુના લશકરે માથે લોઢાંની તોપી પેહેરીને સફ સમારી લશકરમાં દરેક બાજુએથી પોકારો ઉઠીયા અને ઢોલોના અવાજથી ગોયા કાનો પણ બેહેરા થયા ઢોલ અને સરનાઇના અવાજો સમજતાંજ ફરામરજનું દિલ ગુસ્સાથી ઉછલી રહયુ, તેથી તે બાજુએ કમાન ઓલવીને તથા કમરે કમરબંધ બાંધીને એક છેડાયલા હાથી માફક ત્યાં આવ્યો ફરામરજ પણ જ્યારે હુમલો કરતો ત્યારે એક એક હુમલે હજારો પેહેલવાનોને ભોંયે ફેકીને લડાઇમાંથી પાછો ફરતો તેથી આ વખતે પણ ફરામરજ હાથમાં નેજો પકડીને તેમ લડવાને અને વરાજાદનો રસ્તો ઘેરવાને આવ્યો તેણે પોતાની સાથે બારસો સ્વારો લાવીને વરાજાદને કહયુ કે, " આએ મારૂ લશકર છે અને એનાથી આજે તુ પરવરદેગાર તરફની સજા પાંમશે પરવરદેગાર બુરા કાંમોનો બદલો બુરોજ આપે છે." પછી તે લડાઇમાં વરાજાદનુ આવુ ભારી લશ-

કર હોવા છતાં તેના ઘણા સ્વારો નાશ પાંમ્યા પેહેલવાન ફરામરજની તે રૂમી વરાજાદ ઉપર નજર પડતાંજ તેણે હાથમાં ભાલા સાથે લશકર વચેથી પોકાર મારીને પોતાના કાલા રંગના ઘોડાને ઉશકેર્યો અને તેના કંમર-બંધ ઉપર તે નેજાનો ફટકો માર્યો, જેથી તેનુ બખતર અને તેના બંધ તુટી ગયા પછી ફરામરજે તેને ઘોડા ઉપરથી એવી રીતે ઉચકયો કે તુ કહેશે કે જાણે તેણે પોતાના હાથમાં એક મગતરૂ પકડયુ તે તેને ભોંય ઉપર અફા-ડીને ઘોડા ઉપરથી નિચે ઉતર્યો અને તેણે શીયાવક્ષના રવાન ઉપર કેટલીક દુવા કરતાં તે નામદારનુ ડોકુ શરીરથી જુદુ પાડીને તેના પોશાકને લોહીમાં ભીજાતો કીધો અને બોલ્યો કે " જે કીનાના બીયાં વેરાઇને જમીનમાં ઉગી નિકલ્યાં છે તેની સરૂઆત તરીકે આ કીનામાં મેલવેલું તારૂ પેહેલુ ડોકુ છે ".પછી તેણે તે મુલકમાં આગ સલગાવી મુકી જેથી તેનો ધુમાડો આસ-માન સુધી ઉચે ચઢયો ત્યારબાદ તેણે પોતાના બાપ ઉપર એક નામું લખાવ્યુ અને તેમા તેણે વરાજાદ સાથની લડાઇનુ બ્યાન કીધું કે " મે કીનો લેવાને મારા પંજા ખોલ્લા કરીને પેહેલો વરાજાદને તેના ઘોડા ઉપરથી ઉચકી કાઢયો છે અને સીયાવક્ષના કીનામા મે પણ તેનુ ડોકુ કાપીને તેના મુલકને આગ લગાડી છે " પેલી તરફથી એક બીજો ખેપીઓ તુરાની લશકરના પાદશાહ આગળ જઇને કેહેવા લાગ્યો કે " પીલતન રૂસતમ ઇરાની અંજુ-મનના મોટી પડવીના લોકોને ભેગા કરીને અત્રે કીનો લેવાને માટે આવે છે પેહેલો માર્ગ કાપતો ફરામરજ આવી લાગ્યો છે અને તેણે તુરાની લશકર ઉપર કીનો લેવાને કમર પણ બાંધી છે તેણે વરાજાદનુ ડોકુ ખુવારે હાલ કાપીને તુરાન જમીન ઉપર નાસ પાહરવાની સરૂવાત કીધી છે તેણે તેનાં તમામ લશકરને મારી કહાડીને તેના મુલકમાં આગ લગાડી છે " જ્યારે અફરાસીયાબે એ વાત સમજી ત્યારે તેણે પેલી જુની વાત કે જે દાનાવ લોકોના, નજુમીઓના અને ભણેલાઓના હોટોથી સમજી હતી તેનાથી દલ-ગીર બન્યો પછી તેણે પોતાના મુલકના તમામ સરદારોને બોલાવી મંગાવીને તેઓને પૈસા તથા જુના વખતનો ખજાનો વેહેચી આપ્યો જ્યારે ઘોડાઓના મેદાનમાંથી ઘોડાઓ આપતાં ખુટી પડયા ત્યારે ભરવાદો જઇને મેદાનમાંથી બીજા ટોલાંઓ લેઇ આવ્યા ગુરજ, બખતર, તલવાર, તીર તથા પેહેલવાન લોકોની કમાન રાખવાના હથીયારખાનાની, અને ખજાનો, પૈસા, સુનુ, જવે-હરાત, તાજ, સાંકલીઓ અને સુનેરી કમરબંધ રાખવાના ખજાનાના દરવાજાની કુંચી અફરાસીયાબે પોતાના વજીર અને ખજાનચીનની પાસેથી લેઇ લિધી અને તેણે તમામ મેહેલ અને મેદાનમાં પૈસાને પાંદરી નાખ્યા.

રૂસતમ સાથે લડવા માટે અફ્રાસીયાબે સુરખેને મોકલ્યો અને તે તેને હાથે પકડાઇને માર્યો ગયો તે વિષે.

તમામ લશકર તૈયાર થતાંજ અને તેઓ વચ્ચે સઘલો માલ વેહેંચી આપતાંજ તેણે પરગમો તથા હીન્દી ઘાંટો વજડાવ્યા જેથી સ્વારો લડાઇ કરવાના ઠેડાવ સાથે ત્યાં આવી લાગ્યા શેહેનશાહે જગ્યાની તગીને લિધે તમામ લશકરને શેહેરની બાહાર મેદાનમા લેઈ જવાને કુચ કરાવી તે લશકર પાણીના દરીઆ જેવુ અને અફ્રાસીયાબ લશકર વચે એક મગરમછ જેવો લાગતો હતો. તેણે પોતાના બાધુરો વચેથી સુરખેને આગળ બોલાવીને તેની સાથે રૂસતમ વિષેની કેટલીક વાતો કરતાં તેને કહયુ કે " તુ નામદારોમાંથી ત્રીસ હજાર તલવાર વાપડનારા શખ્સોને લેઇને માર્ગમાં આરામ કે મોજ ભોગવ્યા વગર લડાઇ કરવા માટે સેપનજાબ તરફ પવનવેગે જા, અને તે તરફ ફરામરજ જે પોતાના લશકર સાથે આવ્યો છે તેનુ ડોકુ કાપીને અત્રે મોકલી આપ જાલનો પેલો બુરો બેટો કે જેના સિવાય તારા પંજા સાથે બરોબરી કરનારો બીજો કોઇ નથી તેનાથી તુ મારા જીવને સભાળજે તુ મારો બેટો તેમજ મારો ખેરખાહ હોવાથી લશકરના એક ઠાંભ જેવો અને મને પુશતી આપનારો છે માટે જો તું હુશીયારીથી તારૂ કામ બજાવશે તો તારી સામે આવવાની કોઈ પણ હિમત કરવાનુ નથી તેથી હાલે તુ આ લશકરનો સરદાર બન અને હુશીયારી સાથે એ લશકરને રૂસતમથી સભાલેલુ રાખજે " ત્યારે સુરખેએ જવાબ દિધો કે " ઓ પાદશાહ ! હુ તેહેમતન જેવાના જીવનો પણ નાશ કરશ અને ફરામરજના હાથને પથરની માફક સખત બાધીને તથા તેની ગરદનમાં ફાંસો ઓલવીને તુ અફ્રાસીયાબની દરબારમા પકડી લાવશ, અને તેમ કરી મારા નેજાની અણીને સુરજથી પણ ઉચે ચઢાવશ, જે ઠેકાણે વાઘો લડાઈ કરતા હોય ત્યા તેઓની સાથે પંજો અજમાવવાને માટે એક શેકારી કુતરી કેમ લાયક હોઇ શકે ? "

તુરાની લશકરના પાદશાહે તેને જવાબ દીધો કે "ઓ મારા નામદારોની તોખમથી ઉતરેલા લડાયક બેટા ! મને જમાનાથી સમજેલી એક વાત હમેશાં યાદ આવે છે કે ' શેકારમાં કસાયલો કુતરો પણ વાઘને પકડી શકે છે, જ્યારે અનુભવ વગરનો સિહ એક કોહોલુ જોઇને પણ નાશભાગ કરે છે ' જેહાન પેહેલવાન રૂસતમનો બેટો ફરામરજ પેહેલવાની તોખમનો અને બાધુર

હોવાથી તેની સાથે લડતાં તારે બેફીકર રેહેવું જોઇતું નથી, કારણકે તારી સાથે તે બેધડક ફરેબ રમશે. માટે તેમના કામ ઉપર નચિંત બન્યા વગર તુ હીમતથી તેઓ સાથે લડવાની તૈયારી કરજે" તેની સાથે આવી કેટલીક વાતો કીધા પછી તેણે લડાઇનો અસબાબ ચઢાવીને લશ્કરને ત્યાંથી કુચ કરાવી સુરખેએ પોતાના બાપ આગળથી બાહાર પડતાંજ લડાઇના વિચાર સિવાયની બીજી કાંઇ પણ યાદ વગર પોતાના ઝુન્ડા સાથે લશકરને કુચ કરાવીને જગલને રસ્તેથી તે પવનવેગે સેપનજાબ તરફ આવી લાગ્યો જ્યારે ફરામરજના ચોકીબાને લશકરથી ઉડતી ધુલ જોઇ ત્યારે તે એ ખબર પુગાડવાને જડપથી ફરામરજ આગળ દોડયો તેથી ઇરાની લશકરમાથી ઢોલોના અવાજ નિકલ્યા અને સેપાહોથી ઉડતી ધુલને લિધે હવા સીસમ જેવી કાલી બની સ્વારોના પોકારોથી અને લશકરથી ઉડતી ધુલથી જેહાનમાં રાતના જેવુ અધારૂ ફેલાઇ ગયુ અને તેમા ચદ્ર પણ છુપાઇ ગયો પાણી પાયલી તલવારોના ચમકારાથી તથા લોહી જેવા રગના ભાલાઓથી તુ કહેશે કે જાણે જેહાનમા ઝાડીઓ અને કાંતાઓ ઉગી નિકળીને તેમા લડાઇનો આતશ સલગ્યો છે મુવેલાઓના ડોકાઓ હર બાજુએ વીખેરાઇને પડવા લાગ્યાં અને જમીન એક નાકેથી તે બીજે નાકે સુધી મુવેલી લાશોથી પાહાડના જેવી બની ગઇ

સુરખેહે સરદાર ફરામરજને એમ ભાલાથી લડાઇ કરતાં જોતાંજ પોતાની કમાન મુકી દેઇ હાથમાં નેજો ધરીને પોતાના ઘોડાને નામદાર રૂસતમની બેટાની તરફ ફેરવ્યો ફરામરજ પણ લશકરનો મધ્ય ભાગ તજીને હાથમા નેજો ધરી કીનાની ઇચ્છાથી સુરખેની સામો આવીને બોલ્યો કે "ઓ ઉધાં નસીબના તુરકી! તે દાદારનો ડર કીધા વગર યા ધાસ્તી રાખ્યા વગર સીયાવક્ષનુ લોહી ધુલમા રેડયુ તેને માટે હુ હમણાજ તુને મારા જીન સાથે બાંધી લેવશ આ બોહાલાં મેદાનમાં તુ શુ નામ ધરાવે છે ? કારણકે તારી આગળ આ મેદાનમાં તારૂ મોત આવી ઉભુ છે" ત્યારે સુરખેહે જવાબ દિધો કે "તુ એવી રીતની સઘલી વાત ના કર તુને શુ ખબર કે જેહાન તુને કેવો ચેહેરો દેખાડશે ? પેલો અફરાસીયાબ કે જેની ધાસ્તીથી પાણીમાંનુ મગર પણ બલી મરે છે તેની તોખમનો હુ છુ અને સુરખે નામ ધરાઉછુ હુ અફરાસીયાબ તરફથી તારી સાથે લડવાને આવ્યોછુ, અને તારાં શરીરમાંથી તારા જીવને હું છુટો કરવા માગુ છુ" એમ બોલીને તેણે ફરામરજની કમર ઉપર નેજાનો એક ફટકો માર્યો જેથી તે નામદાર પેહેલવાન પોતાના જીન ઉપર ધુજવા લાગ્યો. પણ પછી તે હસીને બોલ્યો કે, "હવે તુ તારી આંખ આગળ જેહાનને અંધારી બનાવવા માંગવા એક હાથીનુ જોર જોઇ લે." એમ

કહીને તેણે વિજલીની જડપે તેને એક નેજાનો ફટકો મારીને તેને જીન ઉપરથી ઉઠલાવી ઘોડાની ગરદન ઉપર નાખ્યો પણ ઘોડાઓના અદડી પડવાથી અને સુરખેને સખત ફટકો લાગેલો હોવાથી ફરામરજનો નેજો ભાગીને તુકડા થઈ ગયો તુરાની સરદારો સુરખેને બચાવી લેવાને તેના તરફ કીના ભર્યા બનીને લડાઇ કરતા ધસી આવ્યા સુરખ સમજી ગયો કે તેનાથી તેની બરોબરી કરી શકાશે નહી, તેથી તેણે દલગીર થઇને ત્યાંથી પોતાનો ચેહેરો ફેરવ્યો. ફરામરજ એક છેડાયલા હાથી માફક હાથમાં હીન્દી તલવાર પકડીને તુરત તેની પુઠે દોડયો જેથી ઇરાની સરદારો પણ દેવોની માફક પોકાર મારતા તેની પુઠે જડપથી દોડવા લાગ્યા ફરામરજે સુરખેને પકડી પાડતાંજ તેના ઉપર હુમલો કરતા વાઘ માફક હાથ લબાવીને તેનો કમરબંધ ધરી જીન ઉપરથી ઉચકીને જમીન ઉપર જડપથી અફાલ્યો તેથી તે ઘોડા વગરનો બનીને તેની સામે ખુવારે હાલ પડયો અને ફરામરજ તેને મેદાનમાથી પોતાની છાવણી તરફ ઘસડી લેઇ ગયો

તેટલામાં તેહેમનનો ઝુન્ડો માર્ગમાંથી દેખાયાથી અને હાથીઓના તથા લશકરીઓના પોકારો સમજ્યાથી ફરામરજ ફતેહથી ખીલી રહેલાં નસીબ સાથે તુરતજ બાપ આગળ દોડયો રૂસતમના લશકરે (આવી લાગતાજ) સુરખેહેને તેની નજદિકમા બાંધેલો પડેલો અને વરાજ્નડને કપાયલા ટેકાં સાથે પડેલો જોયો અને ત્યાના તમામ ગોફાઓ અને જગલો લાશોથી ભરાયલાં જોયા ત્યારે તેઓએ તે લડાઇમાં દુશમનોને ઉધા પડેલા જોયા ત્યારે તમામ લશકરે રૂસતમની આગળ તે નામદાર પેહેલવાન ફરામરજની તારીફ કીધી વલી તેહેમતને પણ ફરામરજને મગરના જેવો બાધુર જોઇને તથા તેના હાથ અને માથાને લડતાં લોહીથી લાલ બનેલા જોઇને તેની તારીફ કીધી અને તેણે ખુશાલીથી ગરીબોને પુશકલ ચિજો બક્ષેશ કીધી પીલતને તેને એવી વાત કહી કે, “જે કોઇ શખસ અજુમન વચે બાધુર બને તેણે હુનર તેમજ નામદારોના જેવો ખવાશ પણ એખત્યાર કરવો જોઇએ ડાહાપણ તેના દોસ્ત તરીકે અને અક્કલ તેના શિક્ષક તરીકે હોવી જોઇએ. જો એ ચાર જવેહેરોને બજા લાવવામાં આવે તોજ મરદાનગીથી જેહાનને જીતીને પગની નિચે લાવી શકાય આતશથી આગ સિવાય તુ બીજુ કાંઇ જોશે નહી અને તેની આગળ જો જેહાન પણ આવી લાગે તો તે તેને પણ બાળી નાખે છે” જો કે ફરામરજ બાધુર હતો તોપણ તે એ વાતથી અજબ થયો નહી કારણકે પોલાદના ભીતરમા આતશજ ભરેલો હોવાથી તે ચકમક સાથે અફડતાજ પોતાના દિલમાના ભરમ (આતશ) ને ખુલ્લો કરે છે. પછી

પીલતને તે બાગમાના સરોવરના ઝાડ જેવો ઉચો સુરખે કે જેની છાતી સિહના જેવી અને ચેહેરો વસતના જેવો ખુબસુરત હતો તથા તેનો ગોલાબ જેવો ચેહેરો કસ્તુરી જેવા કાલા બાલથી સગાર પાંમેલો હતો તેના તરફ નજર કરીને તુસને ફરમાવ્યુ કે " એક ખજર અને તશત લેઇને તેને જગલમા લેઇજા અને તેના હાથોને કમદના ફાડાથી બાંધી એક મેટાની માફક જમીન ઉપર પછાડીને સીયાવક્ષની માફક તેના ડોકાને શરીરથી જુદુ કર તથા તેના શરીરને ગીધોનુ કફન પેહેરાવ (યાને તેને ગીધોની પાસે ખવરાવી દે)"

જ્યારે શાહજાદા તુમે એ હોકમ સમજ્યો ત્યારે તેણે તેનુ લોહી રેડવાની જડપથી તૈયારી કરવા માડતા સરખેએ તુસને કહ્યુ કે ' ઓ નામદાર શાહજાદા ! હું બેગુનાહને તુ શાને માટે મારી નાંખવા માગે છે ? સીગાવક્ષ તો મારી સાથે એક ઉમરનો અને મારો દોસ્ત હતો અને તેનુ ખુન રેડાયાને માટે મારો જીવ દુખી અને દલગીર રેહેતો હતો તેને માટે મારી આંખો રાત અને દિસ આસુથી ભરેલી રહેતી હતી જે શખસે તેનુ ડોકુ કાપી નાખ્યુ તેના ઉપર અને જે શખસે ખજર અને તશત આગળ પકડી તેના ઉપર બદદુવા કરવાને હુ હમેશા મારા હોટોને ઉઘાડતો હતો માટે તુ મારી ભર જવાની ઉપર અને આએ મારી પાદશાહી બાજુ ઉપર દયા કર " આથી તે કમનસીબ નામદાર સુરખેને માટે તુસના દિલમા પુશકલ દયા છુટવાથી તેણે રૂસતમ આગળ જઇને તેની આગળ તે પડી ભાગેલા પાદશાહ જાદાના સખુનો કહ્યા. રૂસતમે તેને આ પ્રમાણે કહ્યુ કે "જો તુ શાહાજાદાનુ દિલ તેને માટે દુખી અને ગમગીન બનતુ હોય તો પણ અફ્રાસીયાબનુ દિલ તથા જીવતો હમેશ માટે દુખથી ભરેલા બનવા જોઇએ અને તેની આંખો આંસુથી ભરેલી રહેવી જોઇએ આએ તેજ બુરાં કરતુકના અફ્રાસીયાબની તોખમનો બેટો હોવાથી તે હવે બીજા દીલ્લા બાહાણા કાઢે છે અફ્રાસીયાબે સીયાવક્ષને ખાકમાં લોતતો બનાવ્યો હતો અને તેની છાતી, ગરદન અને બાલને લોહીમાં દુબેલા બનાવ્યા હતાં તેના પરીણામમાં હવે પશગના બેટા અફ્રાસીયાબનો એ બેટો પીઠ પછવાડે મજબુત બધાયલા બે હાથો સાથે તેમ પડવો જોઇએ ૧ હુ ઇરાન જમીનના નામદાર અને તારીફને લાયકના પાદશાહ કાઉસના જાન અને માથાના સોગદ લેઇને કહુ છુ કે, હુ જેહાનમાં જીવશ ત્યાં સુધી આ દેશની તુરકી અજુમનમાથી જે કોઇ પાદશાહ કે ગોલામને હુ પકડશ તેના ડોકાંને હું શરીરથી જુદુ કરાવશ " પછી સિહ જેવા રૂસતમે જવારેહની તરફ નજર

૧ લખેલી નકલમા આ બેત વધારે છે.

કરીને તેને ઘણી નાચારી સાથે તેનું લોહી રેડવાનો હોકમ કીધો. આથી જવારેહે ખંજર અને તશત સાથે તે જવનને લેઇ જઇને જલ્લાદોને હાથ સોંપીઓ અને તેઓએ તેનું ડોકુ ખુંવારી સાથે કાપી કાઢયુ સુરખેએ થોડો વખત બુમો પાડી આ પછી તેનુ કામ આખેર થયું ઓ જેહાન ! તું તારા પાળેલાઓનેજ શું કરવા પાછી લેઇ લેતી હશે ? જ્યારે તુ તેઓને દુઃખી બનાવી પાછા લેઇ લેનારી છે ત્યારે તુ તેઓને શું કરવા પાળતી હશે ?

સુરખેનુ ડોકુ શરીરથી જુદું કર્યા પછી તેના બે પગો બાંધીને ફાંસીને લાકડે ઉંધો લટકાવીને તે માર્યા ગયલા ઉપર કીનાથી ધુલ ફેકાવી. પછી તેના શરીરના ખંજર વડે કપાવીને ટુકડા કરાવ્યા જ્યારે અફરાસીયાબનું લશકર લોહીથી ખરડાયલાં શરીર સાથે અને ધુલથી ભરાયલા માથાં સાથે તે લડાઇના મેદાનમાંથી પાછું ફર્યુ ત્યારે તેઓએ જે કાંઇ બન્યુ હતુ તે અફ્રાસીયાબને કહયુ તેઓ બોલ્યા કે “ નામદાર સુરખેહ માર્યો ગયો છે અને તેનુ પ્રકાશતુ નસીબ ઉંધુ વલ્યુ છે તેના કાપી કાઢેલા દોકાને ઉંધુ લટકાવવામાં આવ્યું છે અને તેના લોહીથી જજરતાં શરીરને ફાંસી ઉપર લટકાવ્યું છે ઇરાનના તમામ મુલકે સીયાવક્ષનુ ખુન થયાથી ચીરાયલા જીગરે કીનો લેવા માટે કમર બાંધી છે ” એ વાત સમજતાજ અફરાસીયાબનુ તાજવાલુ માથુ બેસુધીથી ધુલમાં ઉંધુ પડયુ અને તે પોતાના બાલો પીખી આસુઓ પાડવા લાગ્યો તે પોતાના તમામ પાદશાહી પોશાકને ફારી કાઢી બુમો મારતો અને માથામા ધુલ ભરતો બોલવા લાગ્યો કે “ ઓ સખાવત કરનારા બાધુર પેહેલવાન ! ઓ મારા નામદાર સરદાર ! ઓ મારા બાધુર શાહજાદા ! તારા ચદ્રના જેવા ગોલાબી ચેહેરા ઉપર મને અફસોશ છુટે છે. તારી પાદશાહી છાતી તથા તારાં પાદશાહી શરીર અને બાજુ ઉપર મને અફશોસ છુટે છે. હવે પછી તારો બાપ જરાએ આરામ લિધા વગર લડાઇ કરવા માટે ઘોડાના જીન ઉપર બેસવુ પસદ કરશે ”

અફરાસીયાબે સુરખેહનો કીનો લેવા માટે લશકરને કુચ કરાવી તે વિષે.

પછી અફ્રાસીયાબે લશકરને આ પ્રમાણે કહયુ કે “ હવે ખાણી પીણી કરવાનો તથા ઉઘ અને આશાયશ લેવાના આપણા વખતનો અંત આવ્યો છે તેથી તમો સઘલા કીનાનેજ માટે તમારી આંખોને પ્રકાશતી કરીને ગુપચુપ બખતર અને હથીયાર પેહેરી લેવો ” પછી તેની દરગાહમાંથી ઢોલોના સાદ સમજાતાંજ તમામ લશકરે હથીયાર પેહેરી લિધાં. હાથીની પીઠ ઉપરથી

કાંસાંનુ રણશીગડુ વજાડવામાં આવ્યું અને લશકરથી જમીન નાઇલ નદી માફક હીલચાલ કરતી બની જ્યારે હાથીની પીઠ ઉપર સામાન લાદવામાં આવ્યો ત્યારે તમામ આસમાન જાણે જમીનને બોસા લેવા લાગ્યુ અફરાસીયાબે પોતાના બાધુર લશકરને પોકારીને કહયું કે "ઓ નામદારો! અને બાધુર શખ્સો! બધે બાજુના લશરમાંથી પરગમના અવાજ નિકલતાંજ તમો બાધુરો સાથે લડવાને વખત ખોહયા વગર તમારા દિલને કીનાભર્યાં બનાવીને દુશમનોના શરીરને ભાલાનુ રેહેઠાન બનાવજો" એટલુ કહી તેણે સરનાઇ, સનજ અને હીન્દી ઘાંટો વજાડવાનો હોકમ કીધાથી ત્યા રનશીગડાં, વાંસલી, અને પીતલના પરગમોના અવાજો નિકળવા લાગ્યા ઘોડાઓની નાળના અફડાવાથી જમીન જોશમાં આવી અને લશકરના પોકારો વાદલ સુધી પુગવા લાગ્યા જગલમાં ધુલારૂ ઉડી રહેલુ જણાતાં એક શખ્સે કીનો લેનાર રૂસતમ આગળ આવીને કહયુ કે "પાદશાહ અફરાસીયાબ પોતાના લશકર સાથે જેમ વહાણ પાણી ઉપર રસ્તો કાપે તેમ જડપથી રસ્તો કાપતો આવી લાગ્યો છે. તેના સઘલાં લશકરે કીનાની અને લડાઇની તૈયારી સાથે લોહી રેડવા માટે પોતાના પજાઓ તિક્ષણ બનાવ્યા છે

પેહેલવાન પીલતને તુરાનના પાદશાહના આવ્યાની વાત સમજતાંજ લશકરના મધ્ય ભાગમાં પોતાની જગ્યા લિધી અને જવારેહ તથા ફરામરજને હરોલમા ઉભા રાખીને પોતે લશકરની વચ્ચે જગ્યા લિધી ૧ સપેહસાલાર તુસને લશકરની જમની પાંખ સોંફ્વાથી જાણે તેનુ તમામ લશકર એકજ દિલ અને એકજ શરીર ધરાવતુ હોય તેમ બની રહયુ ૧ કાઉસના બેટા ફરીબરૂજને તેના તમામ કુટુબીઓ અને સગાઓ સાથે લશકરની દાબી પાંખે રાખ્યો ૧ લડાઇના હુનરવાલા તમામ કેશવાદના ખાનદાનના પેહેલવાનો ગોદરેજની પુઠે રહયા. ૧ ઇરાની સીપાઇઓ પોતાની બાધુરી ભરેલી તલવારથી હવાને બલુ રગની બનાવીને કાવ્યાની ઝુન્ડાની સાથે તેની સામે આવતાંજ બધે બાજુના લશકરમાંથી પોકારો ઉઠીયા અને જેહાન જાણે લડાયક માણસોથીજ ભરાઇ ગઇ. તેહેમતને છાતી અને સીનામાં કીનાની આગ સલગાવીને કીનો લેવાની તૈયારી કીધી તેથી તુ કહેશે કે ત્યાં દિવસ કે રાત છે તે કાંઇ જણાયું નહી. જેહાનને દિપાવનાર સુરજ પણ ઢંકાઇ ગયાથી તુ કહેશે કે જાણે સુરજ અને ચંદ્ર ગરહનથી ઘકાઇ ગયા અને તારાઓ મગરના જડબાંમાં ચાલી ગયા. તુરાનના પાદશાહે અને તેના લશકરે ગુરજ અને ટુકા ભાલા હાથમાં ધરીને લડાઇની

૧ લખેલી નકલમા એ બેત વધારે છે

તૈયારી કરવા માંડી. લશકરની જમની પાંખે બારમાને જઇ તુરકી લશકરમાં દોડધામ ચલાવી મુકી. તલવારનો મારનાર ગુહરમ લશકરની ડાવી પાંખે જઈ ઉભો જ્યારે અંજુમનનો પાદશાહ પોતે લશકરના મધ્ય ભાગમાં રહયો.

પેલી તરફ રૂસતમે પણ લશકરને આગલ ખેંચ્યાથી તેના લશકરથી ઉડતી ધુલથી જમીન ઢંકાઇ ગઇ. મોટી પડવીના ગોદરેજ અને કેશવાદ લશકરની ડાવી બાજુએ હજીર૧ સાથે રહયા. તેણે ગેવ અને તુસને જમની પાંખે ગોઠવ્યા અને તેઓના સ્વારો રનશીંગડા અને પરગમ સાથે ત્યાં સાવચેટ ઉભા. ફરીબરૂજ કીનાખોર રૂસતમ સાથે નેજો પકડીને લશકરના વચલા ભાગમાં ઉભો. એ પ્રમાણે તેહેમતને લડાઇની તૈયારીઓ કરીને અફરાસીયાબ ઉપર કીનો લેવાને દિલને સખત બનાવ્યું. તેણે પોતે લશકરના વચલા ભાગમાં રહીને જવારેહને લશકરની પછવાડે તથા ફરામરજને લશકરની હરોલમાં ઉભા રાખ્યા. ઘોડાઓની ખડીથી જમીન પથરનાં રંગની અને નેજાઓથી હવા ચિત્તાના ચામડાંના રંગની બની ગઇ. બધે બાજુના લશકરો એવી રીતે એકઠાં મલ્યાં કે ન તો તુરાનીઓ ઠાકયા કે ન તો ઇરાનીઓને તેવી ફર્યાદ કરવી પડી. બલુ રંગની તલવારો ચમકવાથી અને ભાલા તથા વાવટાઓ વાદલ તરફ ઉંચે ઉચકાયાથી તું કહેશે કે જાણે હવામાં લોઢાંનો પાહાડ બન્યો અને તે પાહાડનું મઠાલું લોઢાંની તોપીઓ અને હથીયારોથી ભરાઇ ગયું.

રૂસતમે પીલસુમ સાથે લડાઈ કરી તેને જમીન ઉપર નાખ્યો તે વિષે.

પછી પીલસુમે૨ કીના ભર્યા દિલ અને વિક્રાલ ચેહેરા સાથે તુરાની લશકરના મધ્યભાગ તરફ દોડી આવીને તુરાની પાદશાહને એ પ્રમાણે કહ્યું કે "ઓ અકકલ ભર્યા નામદાર પાદશાહ! મારે માટે અફશોસ કીધા વગર તું મને એક ઘોડો, બખતર, લોઢાંની તોપી અને તલવાર અપાવ કારણ કે હું આજે રૂસતમ સાથે લડાઈ કરીને તેની સઘલી નામદારીને શરમમાં ફેરવી નાંખવા માંગું છુ તથા તે જેહાન બક્ષનારા શખ્સનુ ડોકું, તેનો રખશ તથા તેની તલવાર અને ગુરજ હુ તારી આગળ લાવવા માગું છું. આથી આફરાસીયાબનો જીવ તેને માટે ખુશી થયો અને તેના નેજાની અણી સુરજ સુધી

---

૧ હજીર એ કાવેહ ગરની તોખમથી ઉતરેલા કારનનો બેટો થતો હતો

૨ પીલસુમ એ વીસેનો બેટો અને પીરાનનો નાનો ભાઈ થાય છે. વીસેના ચાર બેટાઓ હતા જેઓના નામ પીરાન, બારમાન, નસતીહન અને પીલસુમ હતાં.

પુગશે એમ તેને જણાયું. તેથી તે બોલ્યો કે "ઓ નામદારી મેળવનારા સિંહ! એમ નહી બને કે તે હાથી જેવો શખ્સ તુને નિચે ફેંકે. પણ જો તું પીલતનને તારે હાથ લાવશે તો તેથી જમાનો ઇનશાફને સબબે આસાયશ ભોગવશે અને બીજો કોઇપણ શખ્સ દરજ્જો ધરાવવામાં તથા તખત, તાજ, પાદશાહી મોહર અને તલવાર ધરાવવામાં તારો બરોબરયો ગણાશે નહી. તેથી જો તું પેહેલવાનો વચે મારા માથાને આસમાન સુધી પુગાડશે તો હું તુને મારી બેટી અને મારૂં રાજ સોંફશ. ઇરાન અને ઇરાનનો મોટો ભાગ હું તુને સોંફશ. તેમજ વળી તું પુશકલ જવેહરાત, તખત અને શેહેરો મેલવશે." પીરાને આવી વાત સમજ્યાથી તે ઘણો દલગીર બનીને ફતેહમંદ નસીબના પાદશાહ આગળ આવીને બોલ્યો કે, "આએ ઉતાવલો જવાન તો પોતાના શરીરને જોખમમાં નાંખવા માંગે છે અને એનુ પરીણામ કેવું નિપજશે તેનો વિચાર કીધા વગર તે નામદારી મેલવવાનો અભખરો રાખતો જણાય છે, પણ કોઇપણ જાણીજોઇને દોજખમાં પડતો નથી અને વગર ફોકટનો બીહામના અઝદાહ આગલ પણ જતો નથી. જો તે તેહેમતન સાથે લડાઈ કરશે તો તેથી તે પોતાનાંજ ડોકાંને ધુળમાં નાંખશે. વળી એ માટે તું પાદશાહને શરમ પોહોંચશે અને એ લડાઇ થયાથી લશકરનું દિલ તુટી જશે. તું જાણે છે કે એ મારો નાનો ભાઈ મને વધારે પ્યારો હોવાથી મને મારા વડા ભાઇ જેવો લાગે છે."

આથી પીલસુમે પીરાનને જવાબ દિધો કે "હું પેહેલવાન રૂશતમથી મારાં દિલને ગમગીન રાખતો નથી. જો હુ તેની સાથે બાધુર મગરની માફક લડાઇ કરશ તો તારે નસીબે પાદશાહને શરમ પુગવા દેવશ નહી. તે નામદાર પેહેલવાન સાથે તારી નજદિકમાંજ લડાઇ થતાંજ તે લડાઇમાં તું મારો લડાયક હાથ જોશે. હાલે મારૂ જોર ઘણું વધેલુ હોવાથી મારાં દિલને તારે એમ તોડી નાખવું ઘટતુ નથી. એ કામ મારે હાથેજ પાર પડશે માટે તું બુરા નસીબની વાતો કર્યા ના કર." જ્યારે પાદશાહ અફ્રાસીયાબે તેની એવી વાત સમજી ત્યારે તેણે પીલસુમને લડાઇને સારૂ એક પાદશાહી ઘોડો, તલવાર, ભારી ગુરજ, બખતર, લોઢાંની તોપી અને ઘોડાનું બખતર આપ્યું. આથી પીલસુમે લડવા જવાની તૈયારીઓ કીધી અને તે ખભે ઢાલ ઓલવીને તથા હાથમાં નેજો પકડીને તોફાની હાથી માફક ઉશકેરાઇને બુમ પાડતો એક સિંહની માફક આંધી પવનવેગે હંકારી ગયો અને ગરજના જેવી બાંગ મારતો તે મેદાનમાં વંટોલ્યાની ઝડપે આવીને તેણે ઇરાંનીઓને પુંછ્યુ કે "પેલો લડાઈમાં અઝદાહના જેવો ગણાતો રૂસતમ કયાં છે? તેને કહો કે તે મારી સાથે લડવાને બાહાર આવે, કારણ કે તેની સાથે લડવા માટે મેં મારા પંજાઓને તિક્ષણ બનાવ્યા છે. તેના

એવા સખુનો ગેવે સમજતાંજ તેણે તેની નજદિક ધસી જઇને તલવાર ઉપર હાથ નાખી તેને મ્યાનમાંથી બાહાર કાઢતા તેને કહ્યું કે "તારા જેવા એક લડાયક તુરકી સાથે લડવાને રૂસતમ લાયક નથી કારણ કે તેનાથી તો તુને શરમજ પોહોંચશે " આથી તે બન્ને બાહુરો એકમેક સાથે લડવા લાગ્યા.

ગોદરેજના બેટા ગેવે પીલસુમ સાથે જડપથી લડવા માડતાંજ પીલશુમે તેને નેજાનો એક ફટકો મારયો જેથી ધાસ્તીને લિધે તેના બે પગો રેકાબમાંથી બાહાર નિકળી પડયા ફરામરજે એમ જોતાંજ તેને કામનો થઇ પડવાને તેની મદદે દોડી પોંહોચ્યો અને તેણે પીલસુમના નેજા ઉપર તલવારનો એક ફટકો માર્યો જેથી તે કલમની માફક કપાઇ ગયો પણ બીજે એક ફટકો તેના માથેની લોઢાં-ની તોપી ઉપર લગાવતાંજ તે બાહુરની તલવાર ભાગી ગઈ રૂસતમે લશકરના વચલા ભાંગમાંથી નજર કરતા તેણે ત્યાં બે મોટી પડવીના બાહુર પેહેલવાનોને સિંહ જેવા પીલસુમ સાથે લડવાને વલગીને હવામાં ધુલ ઉદારતાં જોયા એ લડા-ઇમાં પીલસુમ વધારે ફતેહમંદ ઉતરતો જણાયાથી તેહેમતને ફરામરજને ઘણો ઉશકેરાયલો દીઠો આથી રૂસતમે પોતાના દિલ સાથે વિચાર્યું કે, "તુર-કીઓ વચે પીલસુમ સિવાય દમ કે બીસાડ ધરાવનારો બીજો કોઇ શખ્સ નથી વળી બીજુ એકે બુઢા માથાવાલા મોબેદોથી તથા નજુમીઓ અને અકકલમંદ લોકોથી સેતારાઓની સારી માઠી ચાલ ઉપરથી એવુ સમજવામાં આવ્યુ છે તથા જેહાનની જમણી અને ડાબી બાજુનો એવો અનુભવ મલ્યો છે કે પીલસુમ જમાનાની બુરાઇથી માર્યો જાય તો તમામ જેહાનમાં ઇરાન અને તુરાન આવી લડાઈ કરવાને કમર બાધશે નહી તેથી મને લાગે છે કે તેનુ મોત નજદિક આવ્યાથીજ તે મારી સાથે જડપથી લડવા આવ્યો છે"

પછી તેણે પોતાના લશકરને કહ્યુ કે "તમો અત્રેથી જરાએ આગળ દગલુ ભરતા ના હુ જઇને પીલસુમના શરીરને હલકુ કરશ અને તે લડાઇ કરવાની કેવી શક્તિ, હુનર અને દમ ધરાવે છે તે જોવશ " પછી તેણે એક અણી-વાલો નેજો પકડીને તથા માથા ઉપર લોઢાની તોપી પેહેરીને પોતાના પગોને પોહોલા કીધા અને ઘોડાના પાવડા ભારી કરી તથા લગામ ઘીલી મુકીને ગુસ્સાથી હોટો ઉપર ફીણ ચઢાવીને ચલકતા ભાલા સાથે ત્યાથી આગળ વધ્યો અને સફ સમારીને ઉભેલા લશકરની વચમાથી જડપથી આગળ દોડીને બોલ્યો કે " ઓ નામદાર પીલસુમ ! તે એક દમમાં બલી મરવાને માટે મને બોલાવેલો લાગેછે. હવે તે બાહુરો વચેથી મનેજ લડવા માટે પસંદ કીધેલો હોવાથી હુ તારી નજરે પડવાને આવ્યો છુ." પીલસુમે રૂસતમને જવાબ દિધો કે "હુ તો તારી સાથેજ લડ-

વાને આવ્યો હતો.૧ પણ તુને તેડતાં ગેવ મારી આગળ આવ્યો. હવે તું મારૂં કૌવટ અને જોર કેવુ છે તે જોઇલે લડાયક મગરના ફટકા કેવા હોયછે તે જોવાથી હવે પછી તુ લડવા માટે તારી લગામ ફેરવશેજ નહી.” રૂસતમે તેને એમ બોલતાં સમજતાજ ચિરડાઇ જઇને તેને એક હુમલામાં ચિરી કાઢીને ભોંય ઉપર પટકવાને ચાહયુ આથી તે પેહેલવાન અને પીલસુમ એ બધે બાધુરો લડવાને માટે એકમેકને વલગી પડયા તે લડાઇમા ઘણો વખત સુધી લડતાં તેમની તલવાર અને ગુરજ ભાગીને ટુકડા થઇ ગયા તથા તે બાધુરોની લડાઇથી લડાઇના મેદાનમાં રાતના જેવુ અંધારૂ ફેલાઇ ગયુ રૂસતમે તે તુરકી સ્વારને કહયું કે “મેં કોઇને એમ લડતાં અને મારી સામે ટકી રેહેતાં જોયો નથી. તેથી તું એક અઝદાહ યા વાઘ હતે તો ઠીક ગણાતે.” એમ કહીને તેના ઉપર એક સિંહની માફક કીનો લેવા ધસવાને તેણે પોતાના ઘોડાને ઉશકેરી દોડાવ્યો તે નામદારોનો સરદાર રૂસતમે ઘણા ચીરડાત સાથે લડાઇ કરવા માટે લગામ ફેરવીને તેણે તેની કમર ઉપર નેજાનો એક ફટકો માર્યો અને તેને જીન ઉપરથી એક દડાની માફક ગબડાવી નાખ્યો. જેમ એક ઘાસનુ તણખલુ હવામાં ઉડે તેમ તે પીલસુમની જગ્યા નેજા ઉપર ઉચે બની ગઇ અને એજ હાલતમાં રૂસતમ તેને તુરાની લશકરના વચલા ભાગ તરફ લેઇ જઈ ત્યાં કમીનાની માફક તેને નિચે ફેકીને અફ્રાસીયાબને એ પ્રમાણે કહયું કે, “ આ રહયો તારો જાહોજલાલી ભરેલો પેહેલવાન હવે તુ એને તારી બેટી પરણાવજે અને તાજ, ખજાનો તથા લશકર તેને આપજે, કારણ કે તાજ અને તખત એનેજ મલવું ઘટે છે તું નામદારી અને શરમ વગરનો શખ્સ તારી બેટી સાથે પરણાવવાની ઉમેદ આપીને એમજ પેહેલવાનોને લડવા માટે મોકલે છે સીયાવક્ષને તે તારો જમાઈ બનાવી તેની તરફ શુ વફાદારી દેખાડી છે કે હવે તુ બીજા શખ્સોને એમ દુખી કરે છે. આએ તારા જમાઇનો પણ અંત આવ્યો છે તુ કહેશે કે જાણે તે પોતાની માયથી જનમ્યોજ નથી તારી દરબારમાં સીયાવક્ષ તારો જમાઇ બન્યા પછી તેણે તારી બેટીને કે તારા તાજને ભોગવ્યુ નથી હવે તુ આ તારા જમાઇ ઉપર પણ પીલાં રેશમનો કટકો ઢાંક કારણકે એ પેહેલવાન મરી ગયો છે” એટલું બોલી તે લડાઇ કરવાની જગ્યાએથી લગામ ફેરવીને પોતાના લશકરના મધ્ય ભાગમાં પાછો આવ્યો પીલસુમનુ શરીર વૈદક ઉપાયને માટે નાલાયક બનેલું જોઇ પીરાને પોતાની આંખોમાથી આંસુ પાડયાં એ લડાઈથી તુરાની લશકરના પાદશાહનું દિલ પણ તુટી ગયુ અને દલગીર બન્યુ તેટલામાં બધે બાજુના લશકરમાથી લડાયક પેહેલવાનોના ધર પકડના પોકારો ઉઠયા ઘોડાઓની નાળથી

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

જમીન પણુ દુખી બની. પાહાડો દરીઆ જેવા અને મેદાનો પાહાડ જેવાં બન્યાં સરનાઇનાં મોટા ઘોઘાટથી આસમાન પણ ધ્રુજી રહયું ત્યાંના તમામ પથરો લોહીથી ખરડાઇને પરવાલાં જેવાં બન્યા અને ધુલ પણુ લોહીનીજ બની ગઇ. ત્યાં પુશકલ નામદારોનાં દોકાં ઉંધાં પડયાથી તથા બંધે બાજુના લશકરમાંથી પુશકલ માણુસો માર્યાં જવાથી જ્યાં ધુલ હતી ત્યાં દરીઓ અને જ્યાં મેદાન હતાં ત્યાં પહાડ બન્યા. તું કેહેશે કે જાણે ત્યાં આસમાને લોહીનો વરસાદ વરસાવ્યો. ત્યાં બાપને પોતાના દીકરા તરફ માયા દેખાડવાની જાણે જગ્યા હતીજ નહી. તેટલામાં તે મેદાનમાં એક વંટોલ્યો ઉઠયો તેથી તમામ આસમાન ધુલથી ઢકાઇ ગયુ તમામ જેહાન અંધારી રાતની માફક કાલી બન્યાથી બધે લશકર એકમેકને ઓલખ્યા વગર મેદાનમાં દોડવા લાગ્યું તેટલાંમાં દીવસ પછીની રાત આવી લાગી

રૂસતમે અફ્રશસીયાબ સાથે લડાઇ કીધી અને તે રૂસતમ આગલથી નાહાસી ગયો તથા અફ્રશસીયાબે કમ્એખસરૂને ખોતન ખાતે મોકલી દિધો તે વિષે.

પછી અફ્રાસીઆબે પોતાના લશકરને કહયું કે "મારૂં જાગતું નસીબ ઉંઘમાં પડેલુ હોવાથી જો તમો લડાઇમાં સુસ્તી કરશો તો મારે માટે કેઠે પણુ આશાયશ લેવાની જગ્યા રેહેશે નહી. માટે તમો ચો બાજુએથી ઇરાનીઓ ઉપર નેજાઓથી હુમલા કરીને તેઓને જમીન ઉપર ખુવારી સાથે પછાડો.૧ તમો કીના માટે ફકટ આજનોજ દિવસ લડો અને તેઓ ઉપર ચો બાજુએથી ધસારો લેઇ જઇ લડાઇ કરો ૨" પછી તે પોતે તુરાની લશકરની વચેથી બહાર પડયો અને દુખી દિલે કીનો લેવાને તુસ આગળ જતા તેણે કેટલાક ઇરાની સરદારોને મારી નાંખ્યા આથી તુસનુ દિલ દલગીર બન્યાથી તેણે ત્યાંથી નાહાસવાને માટે પીઠ ફેરવી તેણે કાંઇ ઉપાય રચવા માટે રૂસતમ આગળ આવીને કહયું કે "(તુરાનીઓની) લડાઇમાં આજે કાંઇ રસકસ વધેલો લાગે છે. ઇરાની સ્વારોના ઝુન્ડા ઉંધા પડવા સાથે લશકરની જમની પાંખે લોહીની નદી બની છે." આથી પીલતન લશકરની વચમાથી બાહાર પડયો અને તેની પુઠે ફરામરજ પણુ

૧ એ બેતનો તરજુમો લખેલી નકલ મુજબ કીધો છે.

૨ લખેલી નકલમાં એ બેત વધારે છે

પોતાના લશકર સાથે ગયો. માર્ગમાં રૂસતમ માટે કપટ ધરાવતા ઢાલ શાથના પુશકલ સેપાહો તેને મલ્યા. તે સઘલા કીનાભર્યાં દિલના અને લડાઇ માટે અધી- રા બનેલા અફ્રાસીયાબના ખેશીઓ અને સગાઓ હતા. રૂસતમે તેઓમાંના ઘણા માણુસોને મારી નાખ્યાં અને ફ્રામરજ તથા તુસ પણ તેની પુઠે રહી લડવા લાગ્યા. અફ્રાસીયાબે (રૂસતમના) પેલા બલુ વાવતાને કાવ્યાની ઝુન્ડા સાથે ઉડતો જોતાંજ જાણ્યુ કે પીલતન રૂસતમ અને નરીમાનની તોખમનો ફ્રામ- રજ તે તરફ છે. આથી તે ઘોડાને એડી મારી એક જતુની વાઘ માફક ચીરડાતો તેની આગળ લડવાને આવ્યો. રૂસતમ પણ અફ્રાસીયાબનો કાલો વાવતો જોઇ તેની તરફ ફાડી ખાનારા સિંહની માફક દોડયો. તે નામદાર પેહલવાને ઉશકેરાઇ- ને પોતાની લગામ જોરાવર રખશને સોંપી દિધી અને મગરૂર અફ્રાસીયાબને તે બાઝી પડયો. અફ્રાસીયાબને રૂસતમના તીર લાગવાથી તેના શરીર ઉપરથી લોહી વેહવા લાગ્યુ. રૂસતમના તીરો ખરતાં પાતરાં માફક ઉડીને તુરકીઓના તાલક સાથે તાલક સીવી લેવા લાગ્યાથી તુરાની સરદારે કીનો લેનારા રૂસતમની છાતી ઉપર નેજાનો એક ફટકો મારયો, પણ તે ભાલાની અણી તેનાં કંમરબંધના ચાંમડાંમાં એસવા છતાં તેના ઉપર તેના બબરેબ્યાનને લિધે તેની કાંઈ અસર થઈ નહી. પછી તેહેમતને પણ કીના ભરયો બનીને તેના ઘોડાને નેજાનો એક ફટકો મારયો જેથી તે ઘોડો દુખ સાથે ઉઘો પડયો અને તે લડાઇ કરતો પાદ- શાહ તેની ઉપરથી ઉઠલાઈ પડયો રૂસતમે પોતાની મેહેનત ઓછી કરવાને તેના કંમરબંધ ઉપર હાથ લંબાવ્યો, પણ હોમાન જે એક બાજુએથી એ સઘલું જોતો હતો તેણે બધે લશકરના પોકાર વચે પોતાની ગરદન ઉપરથી ભારી ગુરજ ઉચકી પીલતનના ખભા ઉપર તેનો ફટકો મારયો આથી તે લશકરનો પેહેલવાન પોતાનો ચેહેરો ફેરવીને પછવાડે હોમાનને જોવા પડયો, જેનો લાભ લેઇ તે તુરાની પાદશાહ તેના પંજામાંથી છટકીને એક જડપ ચાલના ઘોડા ઉપર બેસી ગયો. એ રીતે વીસેના હોમાને સેકડો યુક્તિઓ કરી તેને તે અઝડાહના પંજામાંથી છોડવ્યાથી તે તાજબક્ષ પેહેલવાને ચીરડાઇને પોતાનો ઘોડો હોમા- નની દુંમબાલે દોડાવી મુકયો રૂસતમ તેની પુઠે ઘણો જોરમાં અને જોરમાં દોડયો પણ તેનો જીવવાનો વખત બાકી હોવાથી તે તેને પકડી શકયો નહી. સરદારો અને ઇરાની સેપાહો વાદલ સુધી પુગે એવા પોકારો કરતા અને ભારી ગુરજો ગુમાવતા તેની આગળ આવી લાગ્યા કે જેથી તેઓ રૂશતમને કાંઇ ઇજા પુગાડે નહી

મોટા મરટબાના તુસે રૂસતમને સ્વાલ કીધો કે "તું હાથી જેવો તે સસલાંઓની પુઠે કેવી રીતે દોડી શકયો?" ત્યારે રૂસતમ બોલ્યો કે "ભારી

ગુરજ જ્યારે પેહેલવાનોની બાજુ સાથે રમત કરે છે ત્યારે ત્યાં ટીપવાનું સખત ઢીમરૂં કે પથરો કાંઇ રહેતુ નથી (યાને તે ગુરજથી ભાગીને ભુકો થઈ જાય છે) મારે પેહેલાં તેઓની છાતી અને ગરદન છુડવી જોઇતી હતી. હોમાન પાસે જે છુડવાનો ગુરજ હતો તેને તુ કાંઇ લોઢાંનો ગણતો ના કારણકે તે તો મીન જેવો નરમ હતો" તે લડાઇ શોધનારો હોમાન રૂસતમ સાથે લડતાં ચેહેરો ફેરવીને નાહાસવાથી તેના તમામ લશકરે ભાલાઓ વાદ્દલ તરફ ઉચા કરીને ખુશાલીના પોકાર કીધા તમામ જમીન ઘાહેલ થયલા અને મુવેલાઓથી ભરાઈ જવાથી જાણે કે ત્યાં ગુલલાલાના ફુલો અને કેસર ઉગી નિકળી હતી તમામ ઘોડાઓની નાલો લોહીમાં બોરાવા લાગી અને હાથીઓના પગો પણ લોહીથી લાલ બન્યા તુરકીઓએ ત્યાંથી પવન વેગે નાહાસવા માંડતાજ રૂસતમે પોતાની બાજુથી તેને ઇનશાફ આપવા માંડીઓ તે બુરી મનશનીના તુરકીઓની પુઠે તેહમતન ફુફારા મારતા અઝદાડ માફક ત્રણ ફરશગ જેટલી વેગલાઇએ ગયા પછી તે ત્યાંથી પછો ફરયો તુ કહેશે કે જમાનાનુ ચકકર જાણે તેનુ દોસ્ત બન્યુ પછી તેઓ પોતાની છાવણી તરફ પાછા ફર્યા અને તે લશકર કીમતી ચીજો લુટમાં મેલવીને હાજત વગરનુ બન્યુ તમામ મેદાન લોઢાંથી અને સુના રૂપાથીજ ભરાયુ હતુ તથા ભાલાઓ, લગામો, બખતરો અને કંમરબધો ત્યાં વેરવીખેર પડયા હતા ત્યારે સુરજે પાહાડની પછવાડેથી પોતાનુ માથું બહાર કાઢયુ અને અધારાની પીઠ ઉપર યાકુતનો રગ પાંહર્યો ત્યારે ત્યાં નગારાંના અને માણસોના પોકારો ઉડી રહયા તેહેમતને તે લશકરને ઉશકેરીને ત્યાંથી કુચ કરાવી અને સર્વેએ સીયાવક્ષના ખુન માટે આસું ભર્યાં બનીને અફ્રાસીયાબના મુલકો તરફ પોતાના ચેહેરા ફેરાવ્યા જ્યારે અફ્રાસીયાબે કીનાખોર તેહેમતનની સરદારી હેઠલ તે લશકરને તેની પુઠ પકડીને આવ્યાની ખબર સમજી ત્યારે તે તુરાનની બોહોલી જમીનને પોતા ઉપર તગ બનેલી ગણીને પોતાના લશકરને ચીનના દરીઆ તરફ હંકારી ગયો

તે નદીને ઓળંગી જતાં અફ્રાસીયાબે પીરાનને કહયુ કે "પેલા નહેસ્ત શરીરના છોકરા કએખસરૂ માટે તુ મને કાંઈ હુશીયારી સાથે સલાહ આપ. કારણકે જો રૂસતમ તેને હાથ કરશે તો તે દેવજાદાને ઇરાન તરફ લેઇ જઇને તેઓ ત્યાં તેને નવાં તાજ સાથે તખત ઉપર બેસાડશે માટે તુ તેને મારા હોકમથી સર ફેરવ્યા વગર આ તરફ લાવીને નદીમાં ફેકી દે" ત્યારે પીરાને અફ્રાસીયાબને જવાબ દિધો કે, "આપણને તેને મારી નાખવાની ઉટાવલ કરવી જોઇની નથી. હું તેને માટે એક તદબીર કરવા માંગુ છુ કે જે તારા ખેરખાહ ગોલામની તદબીર તું પાદશાહને પણ પસદ પડશે. આપણે તેને પણ ખોતનમાં

આપણી સાથે લઇ જઇને રાખશું. એકી વખતે બુરૂં કામ કરવાથી તું પાદશાહ ઉપર હમેશના તાણા પડયા કરે તેમ થવુ જોઇતું નથી" ત્યારે પાદશાહે તેને કહ્યુ કે ઓ ભલા વિચારના સાહેબ! તુ મારો ભલો ભોમ્યો છે તુ જરાપણ ઢીલ વગર એ કામ જલદીથી બજાવવાની તૈયારી કર આથી તુરતજ પીરાને એક ભલા અક્કલમંદ ગાળુરાને શાહજાદાને ત્યાં તેડી લાવવા માટે કાસદ તરીકે મોકલ્યો તે કાસદે જે સરદાર પીરાને તેને ફરમાવ્યું હતુ તેમ ધુમારાની જડપે તેની તરફનો માર્ગ ધર્યો તેણે તે શાહાજાદા આગળ આવી લાગતાંજ તેના તખતનો દમામ જોઇને તેની ઘણીએક તારીફ કરીને તેને નમન કીધુ તેની આગળ લાગો વખત સુધી થોભી તેણે તુરતજ જે કાંઇ પેગામ કેહેવો હતો તે કહયો એ પરાદ કરવા જોગ પેગામ કેખસરૂને પણ પસંદ પડયો તેની તમામ વાત પાદશાહે સમજી પણ તેને તે વાતનુ કાંઇ ધડ પુછડુ માલમ પડયું નહી આથી તેણે જડપથી પોતાની માય આગળ આવી એ વાત કરતાં કહયું કે, "તમામ છુપી વાત ખુલ્લી થઈ છે અફ્રાસીયાબે એક કાસદ મોકલીને મને પેલી નદી તરફ બોલાવ્યો છે હવે હુ શુ કરૂ? અને આપણે તે માટે શુ ઉપાય રચીએ? મારો જીવ બચાવવાનો ઉપાય આપણુને કાંઇ અક્કલથી કરવો જોઇએ છે" આથી તેઓએ ઘણીક મસલતો કીધી અને પડતી મુકી, પણ એ કાંમને માટે તેઓ કાંઇ ઉપાય યોજી શકયા નહી ત્યા જવા સિવાય તેઓને કાંઇ ઉપાય નહી જણાયાથી તેઓ અફ્રાસીયાબ ઉપર મોઢેથી શ્રાપ વરસાવના આંસુ ભર્યા અને દલગીર બની પોતાની મરજી વિરૂધ તે કાસદની પુઠે ગયા એ રીતે તેઓ પીરાન આગળ આવી પુગા. વીસેના બેટા પીરાને તેને જોતાંજ પોતાના તખત ઉપરથી નિચે ઉતરીને તેની આગળ જઇ તેને લાંબી મુસાફરી માટે ખબર અંતર પુછી, તથા તેની પુશકલ તારીફ કરી માનથી નવાજીને તેને પોતાની પાસે બેસાડયો. તેણે તેને ઘટતો ખોરાક, પોશાક અને ઓઢવા પાંઠરવાનુ આપ્યું, તથા તેને માટે તે છાવણીમાં તંબુઓ ઉભા કીધા અને જે કાંઇ બીજું ઘટતું હતું તે પીરાને તેને માટે બજાવ્યું. એ રીતની ઘટતી તૈયારીઓ કરી પરવારીઆ બાદ તેણે અફ્રાસીયાબ આગળ જઇને કહયુ કે "ઓ અક્કલ અને જાહોજલાલી ધરાવનાર પાદશાહ! હુ તે નાના ખોરેહવાલા છોકરાને અત્રે લાવ્યો છું, માટે હવે તું શું હોકમ ફરમાવે છે?" તુરાન જમીનના પાદશાહે પીરાનને જવાબ દિધો કે "હવે તેને ચીનના દરીઆની પેલી તરફ મોકલી દેવો જોઇએ છે કે જેથી તે મગરૂર ઇરાનીઓને તેને વિષેનો કાંઇ પણ પત્તો મલે નહી" આથી પીરાને જયાં અફ્રાસીયાબે કએખસરૂને મોકલવા ફરમાવ્યુ હતુ ત્યાં જડપથી મોકલી આપ્યો.

રૂસતમે અફ્રાસીયાબના તખત ઉપર આવી બેસીને પોતાના પેહેલવાનો વચ્ચે તુરાનના મુલકો વેહેંચી આપ્યા તે વિષે.

પેલી તરફથી પીલતન રૂસતમ પણ પોતાના લશકર સાથે રસ્તો કાપતો ચીન અને માહચીન તરફ આવી પુગ્યો અને ખતા અને ખોતન શેહેરો સાથની તમામ ચીનની જમીન પોતાની શમશેર મારનારી બાજુઓથી પોતાને હાથ કીધી. તેહેમતન અફ્રાસીયાબના તખત ઉપર આવી બેસ્વાથી તેનું નસીબ ધુલમાં ઉંધે મસતક પડયુ આગળા વખતના એક પેહેલવાને એક એવી વાત કહી છે કે "જે શખ્સ દુશમનો સોધતો ફરે નહી તે નસીબવ ત ગણાય જ્યારે બુરૂ ઇચ્છનાર શખ્સ તારા સપાટામાં આવે ત્યારે તેને મારી નખાવેલોજ સારો છે અને જો તે નાહાસી જાય તો લડાઇ કરીને પણ તેને મારી નાખવો ઘટે છે" પછી અફ્રાસીયાબના મેહેલમાંથી તમામ ખજાનાની સોધ ચલાવતાં તે ખજાનો કયાં છે તેની ખબર સઘલા નોકરો તેઓને સાચેસાચી કહી દેવા લાગ્યા. આથી રૂસતમે ત્યાંની ચોબાજુએથી ગોલામો, ઘોડાઓ, દાસીઓ, નામીચી ખુબસુરત ગોલામડીઓ, ખજાનો, પૈસા, મોઘી કીમતના તાજો, પોશાકો, રેસમી તાકાઓ, હાથીદાંતના તખતો એ સઘલુ પોતાને હાથ કીધું. વળી તેને કંગના કીલ્લામાંથી પણ પુશકલ જવેહરાત મલી આવ્યાથી તેનું તમામ લશકર તવગર બન્યું અને તેઓ હાર, સાંકલી અને તાજ પેહેરીને ફરવા લાગ્યા. તેણે હાથીદાંતના તખતોમાંથી એક તુસને આપ્યું તથા તેને હાર અને સાંકલી સાથે ચાચ[૧] શેહેરની બક્ષેશ કરતાં એવું ફરમાવ્યુ કે "જે કોઈ શખ્શ ત્યાં તારી સામે થાય અથવા તો અફ્રાસીયાબને યાદ કરે તો તું તુરતજ તેનું ડોકું શરીરથી જુદુ કરાવીને ગીધોને તેના શરીરની મેજબાની કરાવજે. પણ જે કોઈ શખ્સ હારેમનની દીન તરફ ધલ્યા વગર અકકલ અને શાંતી સોધે તો તું તેઓને તારા ફરજંદ માફક લાડથી રાખજે અને તેઓને દુખથી મોકલા કરી માલ મતાથી નવાજજે. તું નિરદોશોને જરાએ દુખ દેતો ના અને તેઓ સાથે તમામ રીતે ઇનશાનીયતથી અને ઇનિશાફથી વર્તવાની તૈયારી કરજે. કારણકે આએ જેહાન જાવેદાન સુધીની નથી પણ ત્રણ પાંચ દિવસ-

---

૧ ચાચ એ ખોતન નામના મુલકના એક શેહેરનું નામ છે તીર ફેકવાને માટેની કમાન બનાવવાનો હુનર ત્યા જાણીતો હતો અને તેથી ત્યાંની કમાન ઘણી વખણાતી હતી.

નીજ છે. જમશેદના ખોરેહથી ચઢતું ખોરેહે કોઇનું હતું નહી તોપણ ઉચાં આસમાને તેને ખુવાર કરીને તેને બદલે કોઇ બીજાને જેહાનનો પાદશાહ બનાવ્યો" પછી તેણે ગોદરેજને એક હીરા જદીત પાદશાહી તાજ, હાર, કાનમાં પેહરવાન. ઘરેણાં, તથા એક તખત સાથે સેપનજાબ[1] અને સુગદીના[2] મુલકો બક્ષયા અને ઘણીક શિખામણો સાથે તે જમીનના પરવાનાઓ તેને સ્વાધીન કરતાં રૂસતમે તે દીનચુસ્ત અને હુનરમદ પેહેલવાનની ઘણી તારીફ અને દુવ કરતાં કહયું કે "મને તારી મોટાઈ અને ઈનશાફની તથા તારી સાથે ભોગવેલી ખુશાલી ભરી મજાહની અને કીધેલી લડાઈની પુશકલ યાદો આવે છે નામદારી ભરયું ખાંનદાન ધરાવવા કરતાં હુનર ધરાવવો બેહેતર ગણાય છે અને હુનરમ દોને ખાંનદાન કાંમ લાગે છે. તું હુનર સાથે ખાંનદાન અને અકલ બંધે ધરાવે છે તેથી તારૂં રવાન તારાથી ખુશાલી પાંમે છે. જો કે તુ મોટા લોકોનો સલાહાકાર છે તોપણ તારે મારી શિખામણ સમજવી ઘટે છે સેપંનજાબથી તે ગુલજર રીયુન[3] સુધીની જમીન ઉપર કોઇપણ તારા હેકમથી ઉલટું ચાલી શકશે નહી.

વળી તેણે કાઉસના બેટા ફરીબરૂજને[4] માટે સુનાનું તાજ, દીનારો અને ફુલુંક જવેહરાત મોકલીને કહેવાડયું કે "તુ બુજોર્ગી ભર્યો સરદાર છે અને તું સીયાવક્ષનો ભાઇ થાય છે, માટે તારા ભાઇનો કીનો લેવા માટે તું તારી કમર બાંધેલી રાખજે અને તારી કમદને તારા જીનના પતામાંથી કદીપણ બહાર કાઢતો ના અફરાસીયાબ ઉપર કીનો લેતાં દિલમાંથી એશ આરામ અને ઉંઘને દૂર કરી તુ આશાયશ લેવાને પણ થોબતો ના. તુ જેહાનમાં તમારે ઈનશાફના કામો કરજે કારણ કે ઈનશાફની ઇચ્છાવાલો શખ્સ કદીપણ ફના થયો નથી." પછી તેણે ગેવને ખોતન[5] શેહેર બક્ષ્યું તથા તલવારના

---

૧. હેરાત અને ખોરાશાનની વચે આવેલા મુલકને સેપનજાબને નામે ઓલખવામાં આવે છે.

૨. સુગદી એ સમરકંદ અને બોખારાની નજદિકમાં આવેલું એક શેહેર છે.

૩ ગુલજર રીયુન એ તુરકસ્તાનમા આવેલા માવરાએ ઉલ નહરના મુલકનાં એક શેહેરનું નામ છે.

૪. ફરીબરૂજની માય તે મીનોચેહેરના બેટા નોજરની બેટી થતી હતી એમ કેટલાકોનું મત છે

૫. ખોતન એ તારતરીના મુલકના એક ભાગનું નાંમ છે.

મારનારા અશકશને ખોતા[1] અને ચગલ[2] નામના શેહેરો બક્ષ્યાં રૂસતમ તુરકસ્તાનના તખત ઉપર બેઠો છે એવી ખબર ચીન અને માચીનના લોકોમા પુગવાથી ત્યાથી સઘલાઓએ રૂસતમને માટે દીનાર અને પાદશાહી જવેહરાતોના હદીઆ મોકલી આપ્યા, અને તેઓએ કહેવાડીયુ કે "હમો તારા ગોલામો અને નોકરો છીએ અને તારા હોકમ વગર જમીન ઉપર એક દગલુ પણ ભરશુ નહી" આથી તે પેહેલવાને તેઓના જીવને માફી બક્ષી. પછી દરેક તેનેજ પાદશાહ તરીકે ગણવા લાગ્યા તે ત્યા શેકારી કુતરાઓ અને શકરાઓને સાથે લેઇને શેકાર કરવા જવા લાગ્યો એ પ્રમાણે ત્યા લાબો વખત વહી ગયો

તુશાનના મુલકને રૂસતમે વેરાન કરી નાખ્યો તે વિષે.

એવુ બન્યુ કે એક દિવસે જવારેહ ભપકા સાથે ગોરખરનો શેકાર કરવાને ગયો એક તુરકી તેના ભોમ્યા તરીકે તે થેડવેલી જગ્યાએ લેઇ જવાને માટે આગળ આગળ ચાલ્યો તેણે તે બોહોલા જગલમાં કોઇથી નહી પસાર થવાય એવી એક ઘીચ ઝાડી જોઈ વેહેતા ઝરાઓથી ત્યા પુશકલ લીલાતરી ઉગ્યાથી તુ કહેશે કે તે જગ્યા જોઇ જાણે આપણો જીવ ખુશ થાય તે તુરકીએ ત્યાં ખાલી બકબકારો કરવાને જબાન ખોલીને જવારેહ આગળ કેટલીક વાતે કરવા માડી તે બોલ્યો કે ' આ જગ્યા સીયાવક્ષની શેકાર કરવાની જગ્યા ગણાતી હતી અને તુરાન જમીનમા એ જગલ ઉપરજ તેની મોહોબત હતી ને આ જગ્યામા ઘણો ખુશાલ અને ખુશ મીજાજી રહેતો હતો ત્યારે એ સિવાયની બીજી જમીન ઉપર તે ગમગીન રેહેતો હતો" ત્યારે જવારેહે તેનાથી એવી વાત સમજી ત્યારે તેને જુનો વખત પાછો યાદ આવ્યો તેથી તે તુરકીની વાત કાંનથી સમજતાજ તે બેસુધ થઇને ઘોડા ઉપરથી પડી ગયો તેના હાથમા એક શકરો પકડલો હતો તે પણ છોડી દિધા અને તેની આખના પાપનો આસુથી ભરાઇ ગયા તેટલામા ત્યા તેના લશકરના દોસ્તો આવી લાગ્યા તેઓએ તેને આગુ ભર્યા ચેહેરા સાથે ગમગીન જોઇને તે ભોમ્યાને ઠપકો આપ્યો અને દરેકે તેને મારીને નિચે નાખ્યો જવારેહે આખામાથી વધારે જોરમા આસુઓ પાડતા સખત સોગદ લિધા કે "હવે પછી હુ શેકાર કરશ નહી

---

1 ખોતા એ તારતરી કે જેને સીથીઆનો મુલક પણ કહેવામા આવે છે તેમા આવેલા ઈમવુસ પાહાડની પેલી બાજુના એક મોટા મુલકનુ નામ છે

2 ચગલ એ તુરકસતાનના એક શોહેરનુ નામ છે કે જ્યાની ખુબસુરત ઓરતોની વખાણ થાય છે.

અને ઉધાવશ નહી તથા અફ્રાસીયાબ ઉપર કીનો લેવાથી હાકશ નહી હું રૂસતમને પણ જરાએ આશાયશ ભોગવવા દેવશ નહી અને સઘલાઓને લડવાને માટેજ તૈયાર કરશ ”

એમ કરતાં તેઓ તેહેમતન આગલ આવ્યા અને તેનો ચેહેરો જોતાંજ જવારેહ પોકારી ઉઠ્યો કે “આપણે અત્રે કીનો લેવાને કે આપણા હોટા તારીફથી ભરપુર કરવાને માટે આવ્યા છીએ? જ્યારે નેકીના પોહોંચાડનાર યજદાંએ તુને જોર આપ્યુ છે અને તેણે તુને સેતારાઓની વચે સુર્યના જેવો બનાવ્યો છે ત્યારે આપણે આ મુલકને શા માટે આબાદ રાખીએ અને શા માટે એ મુલકમા ખુશી સાથે રહીએ? તુ પેલા શાહજાદા સીયાવક્ષનો કીનો ભુલી ના જા હવે પછીના સેકડો જમાનાઓ સુધી તેના જેવા કોઇપણ શખ્સને કોઇ જોઇ શકવાનુ નથી આથી તેહેમતને તુરતજ પોતાના નચિંત દિલને પાછું ઉશકેર્યું. તેણે પેહેલવાન જવારેહના કેહેવામાં અકક્લ સમાયલી જોવાથી ત્યાં નાસ કરવાનુ અને કટલ ચલાવવાનુ તમામ કામ સરૂ કીધુ તેણે તમામ નાશ અને ખુના મરકીની સરૂવાત કરીને ત્યાના તમામ મુલકોને જંગલના જેવા વેરાન બનાવી દિધા તેથી તુરાનની જમીનથી તે સકલાબ અને રૂમના મુલકો સુધી એક પણ મુલક આબાદ દેખાયો નહી તેણે ત્યાંના તમામ બુઢા અને જુવાનોના ડોકા કાપી નાખ્યા અને ઓરતો, બાળકો અને છોકરાંઓને બધી-વાન બનાવવામા આવ્યા એ પ્રમાણે આસરે એક હજારથી વધારે ફરશગની જમીન ઉપર તમામ નાશ પથરાયા આથી જ્યા ત્યા પણ ઉચ તોખમના નામીચા સરદારો હતા તે સઘલાઓએ રૂસતમ આગળ આવીને પોતાના માથાં ધુલમા મુકીને કહ્યુ કે “હમો તો અફ્રાસીયાબથી કંટાલેલા હોવાથી તેનો ચેહેરો સ્વપનામા પણ જોવાને ચાહાતા નથી તેણે નિરદોશ સીયાવક્ષનુ લોહી રેડયુ તેમા હમારા કોઇનો ચારો કે ઉપાય હતો નહી માટે હમો વિખેરાઇ ગયલા હાલે તારી આગળ પાછા એકઠા થયા છીએ અને હમો તારા ગોલામો થઇને રહીશુ જ્યારે તુ ફતેહ પામ્યો છે ત્યારે તુ વગર ફોકટ નિરદોશોનુ લોહી ના રેડ, અને જેહાનના પેદા કરનાર યજદાંનનો ગુસ્સો ના હોરી લે પાદશાહ અફ્રાસીયાબ કયા છે અને તે હાલે સલામત છે કે અઝદાહનો ભોગ થઈ પડ્યો છે તે પણ હમો કાઇ જાણતા નથી ”

જ્યારે રૂસતમે તે અનજુમનનુ કેહેવુ સમજ્યું ત્યારે તે પીલતનનું પવિત્ર દિલ દુખાયાથી તેણે લશકરના તમામ સરદારોને પાછા બોલાવી લિધા

અને પોતાના લશકરને કાચારબાશી[1] તરફ હંકાર્યું. ડાહયા માણસો, મોટી પડવીના શખ્સો અને અનુભવી સરદારો તેની આગળ ભેગા થતાં તેઓની હજુરમાં પીલતને કહયું કે, "મને દુશમનોનો વિચાર આવ્યા કરે છે [2] કારણ કે હાલે કાઉસ દમામ, લશકર અને જોર વગર તથા સલાહકારો વગર પોતાના તખત ઉપર બેઠેલો છે. તેથી જો અફ્રાસીયાબ માર્ગમાં જરા પણ ઢીલ કીધા વગર લશકર લેઇ ત્યાં લડવાને જશે તો તે સેહેલાઇથી બુઢા કાઉસને કેદ કરશે અને તેથી આપણી ખાહેશ અને આપણી શાંતી સઘલી ફોકટમાં જશે. આપણે તેની નામદારી છીનવી લેઇને તેના આબાદ શેહેરોને બાલી મુકી કીનો લિધો છે એજ બસ છે. તેથી હવે આપણે તે બુઢા પાદશાહ આગળ જઇ તેની સાથે ખુશાલી ભોગવીને સઘલા પાછા તાજા બનીએ. એ કીનો લેતાં ૭ વર્ષો વહી ગયાં છે અને તેટલા વખતમાં આપણે એક પણ ખુશાલી ભર્યો દિવસ ગુજાર્યો નથી આપણા નોકરો, તખત, વીટી, અને તાજ સઘલું ઇરાનમાં છે જ્યારે આપણે અત્રે જર ખજાના ઉપર દિલ બાંધી દુખી બનીને આપણા રવાનોને પીગળાવી નાંખ્યા છે." (હવે સાયર કહે છે કે,) "આ પુરાની દુન્યા ઉપર તુ શા માટે તારૂ દિલ બાંધે છે? તે દુન્યા તો તારીથી છુપી વાતોને છુપાવેલીજ રાખે છે. જો તારૂં દિલ હારેમનના વિચાર મુજબનું નહી હોય તો તું લોભ તરફ ના જો, કારણકે તે માણસ જાતનો દુશમન છે તું પેહેરી ઓધી લે, સખાવત કર અને ખાઇ પી લે આ તારી જીદગી એજ કારણને માટે છે" તેના મુબારક સલાહકારોએ પોતાના જે વિચારો જણાવ્યા તેઓ સાથે તેહેમતન એક મત થયો તેને એક ખુશાલ દિલના રાહાબરે એમ કહયુ કે "આએ ત્રણ પાંચ દિવસની દુન્યા કરતા તું ખુશાલી પસંદ કર. વિચાર કર કે જ્યારે તુ ધુલમાં દટાશે ત્યારે ત્યાં તારો કોણ સાથી બનશે? માટે આ માલ મીલકત માટે તું કયાં સુધી રડયા કરશે?"

રૂસતમ પાછો ઈરાન આવ્યો અને અફ્રાસીયાબ તુરાનમાં ગયો તે વિષે.

જ્યારે તેહેમતનને એમ સમજ્યુ ત્યારે તેને શરમ લાગવાથી તેણે ઈરાન જવાની ઉટાવલ કરવા માંડી તમામ ઘોડાઓ કે જેઓને તુરાનના જંગલમાં ચરવા

---

૧ કાચારબાશી એ તુરકસ્તાનના એક મુલકનું નામ છે.

૨. લખેલી નકલમા એ બેત વધારે છે.

માટે વિખેરી મુકયા હતા તેઓને ચો બાજુએથી ટોલાંબંધ હાંકી લાવવામાં આવ્યા. પછી પાદશાહોને લાયકના દસ હજાર ગોલામો તથા ચાકરોને તથા કસ્તુરીવાલી દુતીના હરણો તથા સમુર નામના જાનવરોની બાલવાલી ચાંમડીઓ સેપનજાબ, કાકેમ, ફીમાલ, અને તુરાનના મુલકોમાંથી લાવવામાં આવી હતી તે સઘલુ હાજર કરવામાં આવ્યું અને એ બાલવાલા ચાંમડાં, સુગંધી, પૈસા અને સુનું એ સઘલું નર હાથીઓની પીઠ ઉપર લાદવામાં આવ્યું. તેઓએ વલી ગલીચાઓ, વધતા ઓછા પોશાકો, ખજાનો, પૈસા, તલવારો, બખતર, તાજો અને તખતો એ સઘલી કીંમતી ચીજોને ઇરાન તરફ લેઇ જવાને બાંધી લિધી પછી તેઓ તુરાનથી મુબારક દસ્તાન આગળ જાબુલ-સ્તાન તરફ જવાને નિકલ્યા, અને તુસ, ગેવ તથા ગોદરેજ નામદારી ભર્યા બાહુર લશકર સાથે પારસ તરફ ગયા. એ રીતે તે નામદારો અને મુબારક સરદારોએ જેહાનના પાદશાહ તરફ જવાને માટે મોહ ફેરવ્યાં. તુસ અને રૂસતમને જીહુન નદીની પેલી બાજુએ ગયાની ખબર બુરી તોખમના અફ્રાસીયાબને થતાંજ તે પશ્ચિમ તરફથી કીના ભર્યાં દિલ સાથે અને ઉશકેરાયલાં મગજ સાથે ગેગ[૧] નદી પસાર કરી આવ્યો. ત્યાં તેણે તમામ મુલકોનો નાશ થયલો તથા મોટાઓને માર્યા ગયલા અને નાના છોકરાંઓને તેઓ પોતાની સાથે લેઇ ગયલા જોયા. ત્યાં ઘોડાઓ કે ખજાનો, તાજ કે તખત કાંઇ રહયું હતું નહી તથા ઝાડ ઉપર લીલોતરી કે પાતરાં પણ દેખાતાં હતાં નહી. તમામ શેહેરો આગમાં બાલી નાખેલા તથા તમામ મેહલો બાલી મુકેલા અને ઉખેડી કાઢેલા જણાયા. આથી તે પાદશાહે આંખમાંથી આંસુઓ પાડીને પોતાના લશકરના વડાઓને કહયું કે "જે કોઇ શખ્સ તેઓની આવી બુરાઇ ભુલી જશે તેણે પોતાના હુશીયાર જીવને હુશીયારી વગરનો બનાવેલો ગણાશે. માટે તમો સઘલાઓ ઢાલને તમારાં બીછાણા તરીકે અને લોઢાંની તોપીઓને તકીયા તરીકે ગણી લેઇને તમારાં દિલને કીના ભર્યાં બનાવજો આપણે પણ ઇરાનમાં લડાઇ કરીને એનો કીનો લેઇશું અને લડાઇમાં આસમાનને પણ જમીન ઉપર લાવી નાંખીશુ. આપણા પોતાના મુલકો અને ફરજંદોના વેરમાં તથા આપણા જર ખજાના અને કુટુંબ કબીલાના વેરમાં તમામ ઇરાન શેહેરને આપણા પગ નિચે કચડીશું અને કોશેશ કરીને આપણે એ કીનો બજા લાવીશુ. જો કે તેઓ એક લડાઇમાં જીત પામી ગયા તેથી લડાઇનો એવો વિચાર કરવો કાંઇ હલકો ગણાતો નથી.

---

૧ ફારસીમાં ગંગા નદીને પણ ગેંગને નામે ઓલખી છે. અત્રે જણાવેલી એ નદી તુરકસ્તાનનીજ કોઈ નદી હોવી જોઈએ.

આપણે પણ એક તાજો ઉપાય નવેસરથી હાથ ધરીને હથીયારબંધ લશકર સાથે આ બાજુએથી હુમલો લેઇ જાશુ ”

આથી તેણે વખતને જરા પણ ફોકટ જવા દિધા વગર આ બાજુએથી હુમલો કરવાની તયારીઓ કરવા માંડી તેણે ભાલા અને બખતર સાથનુ એક લશકર જડપથી તૈયાર કીધુ જ્યાંરે લશકરનુ તમામ કામ સંપુર્ણ બનયુ ત્યારે તેણે જુના વખતના અગ્રેના ખજાનાના બારણા ખુલ્લા કીધા પછી તે પોતે પોતાના બાહુર અને સિંહ જેવા ગાના કીનામા લશકર લેઇને ઈરાન તરફ ગયો અને તેણે ઘોડાઓ, બખતરો અને બાહુર શખસો સાથે ઇરાન ઉપર કીનો લેવા અને નાશ કરવા ચાહ્યુ ત્યાં જે કાંઈ આબાદી ભરેલી જમીન અને ઝાડો હતા તે તેણે બાલી મુકીને ઇરાનીઓ માટે એ લડાઇનુ કામ મુશકેલ કરી નાખ્યુ વરસાદની ગેરહાજરીને લિધે સાત વર્ષ સુધી હવા સુકી બન્યાથી ત્યાનો રંગ અને હાલ બીજીજ રીતનો થયો હતો તમામ મુલકો દુ:ખ અને મોંઘવારીને સબબે ખોરાકની તંગીમા આવી પડયા હતા શમશીરનો મારનાર પીલતન પેહેલવાનને તુરકસ્તાન તાબે કરીને પાછો જાબુલ જઇ બેઠાના બનાવને પણ એક લાંબો વખત વહી ગયો

ગોદરેજે સ્વપનામાં સરોશને જોયો અને તેનાથી તેણે કએખસરૂ માટેની ખબર મેલવી તે વિષે.

હવે હું સીયાવક્ષને કીનો લેવાની વાતથી પરવારીઓ છું તેથી ગોદરેજના સ્વપણાનુ એક દાસ્તાન કેહેવશ એક રાતે ગોદરેજે સ્વપનામાં એવું જોયુ કે એક પાણીથી ભરેલુ વાદલ ઇરાન ઉપર ચઢી આવ્યું અને તે વરસાદના વાદલ ઉપર સરોશ ઇજદ સ્વાર થયો હતો. એ સરોશે ગોદરેજને કહયુ કે “ જો તુ ઇરાનીઓ માટેના એક જવાન પાદશાહ નામે કએખસરૂને આ બુરી કરણીવાલા તુરકી અઝદાહની તંગીમાથી છોડવવા માંગતો હોય તો આ વાત તારા કાન ખોલીને સમજ તે હુનરવાલો અને નામદારીવાલા ખાનદાનનો પાદશાહ સીયાવક્ષની તોખમનો છે અને તે બાહુર કએકોબાદની ઓલાદથી ઉતરેલો છે, પણ તેની માતા તુરકી ઓલાદ ધરાવે છે જયારે તેના મુબારક પગલાં ઇરાનમા આવશે ત્યારે તે આસમાનના ચકકરને જે સ્વાલો પુછશે તેનો જવાબ મેલવશે તે પોતાના બાપના કીનામા પોતાની કમર બાંધીને તમામ તુરાની મુલકોનો નાશ કરશે રાતા સમુદ્રના[૨] પાણીને

---

૨ ‘દરીઆએ કુલઝમ’ એ ઈજીપટમા આવેલા સીનાઈ પાહાડ આગળના રાતા સમુદ્રને કહે છે.

તે જોશમાં લાવશે અને અફ્રાસીયાબ ઉપર કીનો લેવા માટે પોતાના મગજને ઢીલમાં મુકશે નહી. તમામ વર્ષો સુધી તે કીનાના હથીયારો પેહેરેલાંજ રાખશે તથા રાત અને દિસ તે લડાઈ વચે ઘોડા ઉપરજ બેઠેલો રહેશે. ઈરાનના પેહેલવાનો અને બાધુરો વચેથી ગેવ સિવાય કોઇપણ શખ્સ તેનો પત્તો મેલવી શકશે નહી એવુ આસમાનના કામનુ સેવટ છે. તેના ઇનશાફથીજ દુન્યામા દયાનો ફેલાવો થશે" જ્યારે ગોદરેજ સ્વપનામાંથી જાગૃત થયો ત્યારે તે બંદગી કરવાને પરવરદેગારની હજુરમાં ગયો અને ત્યાં તેણે પોતાની સફેદ દાઢીને ધુલમાં મસલી તેનું દિલ જેહાનના પાદશાહ કએખશરૂ માટે ઉમેદ ભરયું બન્યુ હતુ. કાગડા જેવી કાલી રાતની પીઠ પછવાડેથી જ્યારે સુરજ ઉગ્યો અને તે રોશની ભર્યા ચેરાગની માફક ઉચે ચઢયો ત્યારે તે પેહેલવાન હાથી દાતના તખત ઉપર બેઠો અને તેણે તે દીવાન ખાણામાં સાગલી લાકડાની ખુરસીઓ ગોઠવાવી. પછી તેણે વિચાર ભર્યાં દિલે ગેવને પોતાની આગળ બોલાવીને તેની આગલ તે સ્વપણાની કેટલીક વાતો કીધી કે, "તારો વખત મુબારક ચાલ સાથનો રહેજો અને જેહાનના સીતારાઓ તુને દિપતો બનાવજો. તુ જ્યારથી જન્મયો છે ત્યારથી તમામ જમીન તારી તારીફ ગાતી બની છે. ગઇ રાતે પરવરદેગારના હોકમથી મુબારક સરોશ મને સ્વપણામાં પોતાનો ચેહેરો દેખાડી ગયો છે. તે તમામ પાણીથી ભરેલાં વાદલ ઉપર સ્વાર થયો હતો. તેણે (દેખાવ દેઇ) તમામ જેહાનના ગમને ધોઇ નાખ્યો છે તેણે મારી તરફ જોઇને મને કહયું કે, 'એ સઘલો ગમ શાને માટે છે? અને જેહાન કીનાભરી અને બીનાશ વગરની સુકી કાંય થઇ શકે છે? તેનું કારણ એજ કે કાલે ઇરાનમાં દમામ વગરનો અને મદદ આપી શકે નહી તેવો પાદશાહ રાજ કરે છે અને તે પાદશાહોની તમામ રાહારીતી ઉપર ધ્યાન આપતો નથી.૧ પણ જ્યારે કએખસરૂ તુરાન જમીનમાંથી અત્રે આવશે ત્યારે તેજ દુશમનો ઉપર દુખ પાડી કીનો લેઇ શકશે. પણ તેને બાહાદુર પેહેલવાનો વચેથી નામદારી ભર્યા ગોદરેજના બેટા ગેવ શિવાય બીજો કોઇ પણ શખ્સ ત્યાંથી અત્રે લાવી શકશે નહી. ઇરાનીઓનો ગમ અને દુખ તારેજ દુર કરવુ એવી બક્ષેશ

---

૧ એ ઈસારો કયા પાડશાહને માટે છે તે ફીરદોસી જણાવતો નથી. રૂસતમના તુરકસ્તાન ઉપર લડાઈ લેઈ ગયા પછી કાઉસ પાદશાહ ગુજરી ગયલો હોવો જોઇએ અને તેની જગ્યાએ તેનો ભાઈ ગાદીએ બેઠેલો હોવો જોઈએ કે જે ભાઈ પણ જમીયાદ ચરત મુજબ ઈરાનમા રાજગાદી ભોગવી ગયલો માલમ પડે છે.

બુલંદ આશમાને તારી ઉપર કીધી છે. મેહેનત અને દુઃખ વેઠીયાથીજ નામદારી અને ખજાનો મેલવાય છે. માટે એ મેહેનત ઉઠાવવાથી તારી નામદારી બાહાર આવશે. તેથી જો તું બંધે બાજુની સફ વચે નામદારી મેલવવા ચાહાતો હોય તો જાવેદાન સુધીની નામદારી મેલવવાની આ ટક તારે હાથ આવી છે. કારણકે જ્યાંસુધી જેહાનમાં વસ્તી રહેશે અને તવારીખ જલવાયલી રહેશે ત્યાંસુધી તારી એ નેકનામી પુરાની બનશે નહી (યાને તાજી રહેશે) બુલદ આશમાન એ ભરમના ગાંઠને મારી મારફતે અને તારા હાથ વડે છોડવવા માંગે છે.૧ તું જેહાનને માટે એક પાદશાહને સોધી લાવીને વફાદારીના ઝાડને ફળવંત બનાવશે. તુ કાંઇ જાવેદાન સુધી જીવવાનો નથી તોપણ આ ત્રણ પાંચ દિવસની દુન્યાના કરતાં નામદારી ભલી ગણાશે વળી બીજુ એ કે ઉચુ આશમાન ભરમના એ ચીપટાઇ ગયલા ગાંઠને તારા હાથથી છોડવવા માગે છે"

ત્યારે ગેવે તેને જવાબ દીધો કે "ઓ બાપ! હુ તારો ગોલામ છું તેથી હું જ્યાંસુધી જીવશ ત્યાંસુધી તારે માટે મેહેનત ઉઠાવશ. ઓ મારા રાહાબર! જો એમજ બનતુ હોય તો એ કામ તારાં મુબારક નામથી હું ખરીદી લેવાને તૈયાર છુ" પછી તે પોતાના બાપના સ્વપના માટે અજબ થઓ પોતાના ઓરડામાં ગયો અને મુશાફરી માટેના આસબાબતી તૈયારી કીધી. મોટા દરજ્જાની બાનુઓ વચે ગેવની ઓરત સૌથી મોટો દરજ્જો ધરાવતી હતી કારણ કે તે પેહેલવાન રૂસ્તમની બેટી થતી હતી. તેણીએ બપકાથી ગેવ આગળ ચાલી આવીને તેને કહયું કે "ઓ નામદારી સોધનારા સરદાર! મેં એવું સમજ્યું છે કે તુ તુરાન તરફ જવા ચાહે છે? અને તું ત્યાંના નજદિક અને દુરના શેહેરોમાંથી એક પાદશાહને સોધી લાવવા માંગે છે. જો એમ હોય તો તું પેહેલવાન મને રજા આપે તો હું ખુશીથી મારા બાપ રૂસ્તમ આગળ જાઉ કારણકે મેં રૂસતમને લાંબા વખતનો જોયલો નહી હોવાથી હુ તેનો ચેહેરો જોવાને આતુર છુ અને મારો જીવ દલગીર રહે છે ઓ જેહાનના પેહેલવાન! તુ તમામ વર્ષોસુધી પેહેલવાનોને ટેકો આપનાર બનનારો થવા માટે અત્રેથી બેલાશક સીધાર" સરદાર ગેવનો હોકમ મેલવી તે બાનુએ ત્યાથી સીસ્તાન તરફ જવાને જડપથી ચેહેરો ફેરવ્યો.

---

૧ એ બેત લખેલી નકલમાં વધારે છ.

ગેવ કએખસરૂની સોધ કરવા માટે તુરાન ગયો તે વિષે.

જ્યારે પ્રકાશીત સુરજે ઉગીને જમીનને શમબુલ પુલ જેવી પ્રકાશતી બનાવી ત્યારે બાધુર ગેવ કમર બાંધીને તથા ભાર ઉચકનારા જડપ ચાલના ઘોડા ઉપર સ્વાર થઇને ત્યાં આવ્યો. ગોદરેજે તેને પુછ્યુ કે "તુ માર્ગના તારા સાથી અને દોસ્ત તરીકે કોણને લેવા માંગે છે?" ત્યારે તેણે ગોદરેજને જવાબ દિધો કે, "એ બાધુર, નામદાર અને રોશન રવાનના જેહાનના પેહેલવાન! મારી કમંદ અને મારો ઘોડો મારા દોસ્ત રેહેશે. કોઈ બીજા શખ્સને તે મુલકમાં લેઇ જવાની અગત્ય નથી મારી સાથે બીજાં માણસોને લેઇ જવાથી ચકચાર થાય અને પરીણામમાં મને લડાઇ કરવી પડે. હું મારી સાથે જીન ઉપર બાંધેલી કમંદ, જડપ ચાલનો ઘોડો, એક ભોમ્યો અને હીન્દી પોશાક રાખશ. પાહાડો અને જંગલોમાંથી મને પસાર થવુ પડતું હોવાથી એક ભોમ્યાની મને અગત્ય પડશે મારીથી કાંઇ શેહેરોમાંથી પસાર થવાવાનું નથી, નહી તો કે તેઓ મને જાશુસ તરીકે પકડી પાડે. તું જેહાનના પેહેલવાનના ફતેહમંદ નસીબથી હુ તુને ખુશાલ અને રોશન જીવ સાથે પાછો આવી મલશ તુ મારા નાના બેજનને તારી ગોદમાં ઉધારજે અને જમાનાથી તેની સંભાલ રાખજે તેને લડાઇની રાહ રીતીઓ શિખવતાં તું તેને લડાઇ અને ખુશાલીની મીજલશ માટેની તાલીમ આપ્યા વગર રાખતો ના. આ મારા બેટાને મરદાનગી વધારે પસંદ પડતી હું જોઉં છું. તું મને યાદ કરતો અત્રેજ રેહેજે અને તારા જીવને મારે માટેના દુઃખથી નચિંત રાખજે. હવે પછી આપણો મેલાપ થશે યા નહી તે હું જાણતો નથી. પરવરદેગારનો ભરમ આપણે કેમ જાણી શકીએ? જ્યારે પણ તું બંદગી કરવા માટે તારો ચેહેરો ધોય ત્યારે તું મારે માટે પણ પરવરદેગાર હજુર બંદગી કરજે. કારણકે બંદગી તમામ ચઢીયાતી ચિજો વચ્ચે વધારે ચઢતી છે. દરેક ઉંચી પદવી ધરાવનાર શખ્સ પણ તે સાહેબનો ગોલામ છે. તેના વગર આ જમાનો ફરતો નથી અને તેની મરજી વગર આપણે સુઇ કે ખાઈ શકતા નથી. ૧ તેજ જમીન, જમાનો અને મકાનને પેદા કરનાર છે તથા તેણેજ કોવટ અને ના કોવટી પેદા કીધી છે. તેનાથીજ લોકોને ઉમેદ અને ધાસ્તી રહે છે. તેણેજ પાણી, આતશ, હવા અને ખાક બનાવી છે. હવે હું તે નામદાર પાદશાહ કએખશરૂ આગળ તેનો ભોમ્યો બનવાને જાઉં છુ."

---

૧ લખેલી નકલમાં એ બેત વધારે છે.

પછી તેનો હોકમ લેઇને ગેવ બાહાર પડયાથી તેના બાપનું દિલ દુખ ભર્યું અને ચેહેરો આંસુ ભર્યો બન્યો. તે બાપતો સફેદ માથાનો (યાને બુઢો) હતો જ્યારે તે જવાન કે જેણે પોતાની કમર સિહ માફક બાંધી હતી તે તો બાહુર હતો તે બાપ ગેવને ફરીથી જોવા પાંમશે એમ જાણતો હતો નહી, તેથી તેના જવાથી તેનુ દિલ અદરખાનેથી ઉકલાવા લાગ્યુ તેણે જેહાનમા ઘણા દુખો જોયા હતાં કે જે દુખો તેણે મોટાઇ મેલવવા માટે પસદ કીધા હતા પણ આખરે ખાકનો બીસતરો મેલવવા સિવાય બીજુ કાંઇ મલતુ નથી જેહાનમાંથી ઝેહેરનોજ હીસ્સો મેલવી શકાય છે પણ ઝેહેરને મારવાનો ઉપાય મલી શકતો નથી જ્યારે તુ જાણે છે કે અત્રે તુ લાંબો વખત જીવનાર નથી ત્યારે તુ તારે માથે લોભનુ તાજ શાને માટે મુકે છે ? તું લોભને ધુલમાં દાટી દે અને તેના માથાંને કબરવાસ કર તારે તો આ જેહાનમા ખુશાલી ભોગવી લેવીજ બસ છે કારણ કે તે વેઠેલી મેહેનતનો ફાલો તો પારકે હાથ જવાનો છે તુ મેહેનત કરશે અને પારકો શખ્સ તે આઇતો ખાશે તુ તારા કફન ઉપર નજર ફેકયા વગર ઘોરમાં જશે વળી તે પારકાની મોજમજાહનુ સેવટ પણ તેવુજ આવશે અને તેને પણ મોત પોતાના પગ નિચે કચડશે વળી એજ રીતે બીજાની મોજમજાહનુ સેવટ પણ એવુંજ આવશે અને તે પોતાના માથાંને દટાયલુ કરવાને માટેજ અત્રે આવશે માટે અત્રેથી ગુજરી જવાના દાહાડાનો તુ કાઇ વિચાર કરીને તે પરવરદેગારની બદગી કરવાનો તુ ધધો માંડ તું કોઇને પણ દુખ દિધા વગર ભલા કામો કરી લે મુકિત પામવાનો રસ્તો ફકત એથીજ મલી શકે છે આ કુડકા મારતી જેહાન ઉપર તુ તારૂ દિલ બાધતો ના, કારણકે તે કાઈ તારી સાથે જાવેદાન સુધી રેહેવાની નથી જો તુ ગમે એટલો વખત જીવશે પણ તે જીવવુ મરવાને સારૂજ છે, અને મરી ગયા પછી પાછુ અત્રે આવવાનુ નથી માટે એ હુશીઆર દિલના અક્કલમદ વાચનાર ! તુ મગરૂરીમા દાખલ થયા વગર તારા પગોને ગુનાહના કાદવ કીચલમાથી બાહાર રાખજે. તારો બનાવનાર તે પરવરદેગાર છે અને તુ તો તે પેદા કરનારનો બનાવેલો ગોલામ છે જ્યારે પણ તુ તેનો વિચાર કરવાને તારી ગરદનને નમાવે ત્યારે તુ તેની હસ્તી અને તેની પાદશાહી વિષેની પુછપરછ કરતો ના તથા જે કોઇ યજદાનની હસ્તીનો ઇનકાર કરે તેવા શખ્સ સાથે તું ખાવુ, સુવુ અને બેસવુ કરતો ના તેવા શખ્સનુ દિલ અધકારવાલુ અને મગજ અકકલ વગરનુ હોય છે અકકલમદો તેને ઇનશાન તરીકે ગણતા નથી. પાણી અને માટીમાં પણ તેનીજ હસ્તીની

નિશાણો જણાય છે. માટે અકકલ ધરાવ્યાં છતાં તું આપ મેલે ઉંડાગારમાં જઇ પડતો ના તેજ સાહેબ સર્વશકિતવાન, સર્વજ્ઞાની અને પાળનનો કરનાર છે અને અકકલને તથા જીવને સગાર આપનાર છે. આ જેહાન, જગ્યા અને વખતને તેમજ એક જીણા મગતરાંથી તે જોરાવર હાથી સુધાંને તેણેજ પેદા કીધા છે જ્યારે તુરકીઓના સરદાર અફ્રાસીયાબે પોતાના દિલ સાથે એવું વિચાર્યું કે "હું મારી મોટાઇથી મારી અનજુમન વચે મારા માથાને ઉચાઇએ પુગાડુ," ત્યારે તેણે આવા જવાન શાહજાદા શીયાવક્ષનું ખુન કરાવ્યુ તેથી તેની આગળ મુશકેલી ભર્યો વખત આવી ઉભો. પરવરદેગારે જેમ થવુ જોઇતું હતું તેમ બનવાને તેનીજ તોખમથી એક નવુ ઝાડ ફળવત બનાવ્યુ. અફ્રાસીયાબેજ તેને મેહેલમાં ઉચી મગજ શકિત સાથે ઉછેર્યો સનીશ્ચર, સુરજ અને ચદ્રને પેદા કરનાર સાહેબથી ફતેહ અને મદદ મલેછે. તે વળી હસ્તીનો અને સચાઇનો સાહેબ છે અને વધતી ઓછી બક્ષેસો તેનાથીજ મલે છે. તે સાહેબ બક્ષનાર અને કામોનો કરનારો છે તેજ રોજીનો પુગાડનારો અને હાજત વગરનો છે જેહાન તથા સુરજનો પેદા કરનાર તેજ છે તથા શુકર સીતારાનો અને આસમાનનો સાહેબ પણ તેજ છે તેના હોકમ અને વિચાર ઉપર ચાલવા સિવાય બીજો કાંઈ માર્ગ નથી તેની આવી અકકલથી સુરજ અને ચદ્ર પણ વાકેફ નથી.

હવે ગેવ ખોદાના હોકમથી પોતાની કમર બાંધીને એક ફાડી ખાનારા સિહની માફક બાહાર પડયો તે પોતાની સાથે કોઇને પણ લિધા વગર પોતાનુ નાજુક શરીર ખોદાતાલાને સોપી દેઇને ત્યાંથી એખલોજ ગયો. તેણે તુરાન જમીન ઉપર જઇ લાગ્યો ત્યાં સુધી મુશાફરી કર્યા કીધી. માર્ગના દરમીયાનમાં તે જે કોઇ શખ્સને સામો મલતો તેની સાથે તે તુરકી ભાષામાંજ વાત કરતો અને તેમ વાત કરી કએખસરૂનો પતો મેલવતો જ્યારે તે શખ્સ એમ કેહેતો કે, "હુ કાંઈ તે પાદશાહ માટે જાણતો નથી," ત્યારે તે તુરતજ તેના જીવને શરીરથી જુદો કરી નાખીને તેને પોતાની કમંદના ફાસામા બાધીને દર લેઈ જઇ તેના ઉપર ધુલ નાખીને દાટી દેતો જેથી કોઇ પણ તેનો ભરમ જાણતુ નહી અને તેના અવાજને પિછાણી શકતુ નહી. તેણે એક તુરકીને તે રૈયતવચે માર્ગ બતાવવાને ભોમ્યા તરીકે પોતાની સાથે રાખ્યો માર્ગ દરમીયાન તે તેની સાથે રેહેવા છતા પણ તેણે તેની આગલ પોતાનો ભરમ કેટલો વખત સુધી ખુલ્લો કીધો નહી. પણ એક દહાડે તેણે તેને કહયુ કે "આ જેહાન દરમીયાનમા હુ તુને એક વાત પુછવા માગું છુ તે એવી સરતે કે તેનો હુ તારીથી ખરોજ જવાબ પામુ,

માટે તું અકકલ વાપડીને જે કાંઈ જુઠાઇ ધરાવતો હોય તેને તું ધોઈ કાહડજે કે જેથી તું મારી પાસેથી જે માંગશે તે હું તુને આપશ. જો મને તેમ કરતાં મારૂં શરીર યા જીવ પણ આપવો પડશે તો તેને માટે પણ હું અફશોસ કરશ નહી." ત્યારે તે શખ્સે તેને એવો જવાબ દિધો કે, "એ કામમાં અકકલ જે દરેક શખ્સ ધરાવે છે તેજ પુરતી છે માટે કોઇપણ બાબદની ખબર તુ મને પુછ, અને તેનો જવાબ દેવામાં મારી જબાં ખાલી જશે નહી" તેથી તેણે તેને પુછ્યુ કે "હાલે કએખસરૂ કયાં છે? એ બાબદનો સાચો જવાબ દેવાને તુંને તારી જબાં ખોલવી પડશે" તે ભોમ્યાએ તેને જવાબ દિધો કે, "એ માટે મે કાંઇ સમજ્યુ નથી મને કોઈએ એ નામ કહયુ પણ નથી. ચીન અને ખોતનના મુલકના તુરકીઓ વચ્ચે હું એવાં નામના શખ્સને ઓલખતો નથી" તે ભોમ્યાએ તેને એવો જવાબ દેતાંજ તેણે પોતાની તલવારથી ફટકો મારીને તેનુ ડોકું ઉડારી નાખ્યું. પછી તે શાહજાદાનો કાંઇ પત્તો મેલવવાને તે દરેક ઠેકાણે એકલો ભટકયો અને એ પ્રમાણે સાત વર્ષ વહી ગયા તલવારથી અને ચામડાંના પતાથી તેની કંમર પણ ઘસાઇ ગઈ તે ગોરખરનો ખોરાક ખાતો તેમજ ગોરખરનાજ ચાંમડાંનો પોશાક પેહેરતો. કોઇ કોઇ વખતે તેને ઘાસ ખાવુ પડતુ અને ખારૂ પાણી પીવુ પડતુ એ પ્રમાણે તે માણસોની વસ્તીથી દૂર જગાઓ અને પાહાડોમા દુ:ખ અને સખતી વેહતો ફર્યા કીધો

ગેવે એક મેહાનમાંથી કએખરૂને સોધી કાહડયો તે વિષે.

જ્યારે રૂસતમ પોતાના લશકરને જીહુન નદીની આએ બાજુએ તુરાનમા જડપથી લાવ્યો ત્યારે તુરાનનો પાદશાહ પોતે કગ તરફ જતો રહયો હતો પણ તુરાન અફરાસીયાબને હાથ પાછું આવતાંજ તે પાદશાહે પીરાનને ફરમાવ્યુ કે, "પેલા શુમ કએખસરૂને માહચીનમાંથી પાછો અત્રે લાવીને તેની માયને સોફ પણ તેની નજદિક ચો બાજુએ ચોકીબાનો રાખજે." આથી પીરાને તુરતજ એક કાસદને તે જેહાનના પાદશાહ કએખસરૂ આગલ મોકલ્યો જે ત્યાં જઇને તે જીવના બક્ષનારા, અક્કલમદ સીયાવક્ષના બેટાને તેડી લાવ્યો અને તેને તેની અસલ જગ્યાએ તેની માયને સોંપી આપવામાં આવ્યો એ પ્રમાણે એ બનાવ બન્યાને કેટલો વખત વહી ગયો. જ્યારે બાધુર ગેવ દલગીરી સાથે તે તુરાન જમીનમા ભટકતો હતો ત્યારે એક વખતે એવુ બન્યુ કે તે ઘણાજ વિચારમાં ગુટાયલો એક નામીચા જંગલમાં એક દિવસે આવી લાગ્યો અને ગમથી ભરેલો તે જંગલમા દાખલ થયો.

ત્યાંની તમામ જગ્યા ખુશનુમાં છતાં ગેવનું પોતાનું દિલ ગમ ભર્યું હતું. તેણે ત્યાંની જમીનને લીલોતરીથી ભરેલી અને ઝરાઓ પાણીથી ભરેલા દીઠા અને ત્યાંની તમામ જગ્યા આરામ લેવાને અને ઉંઘવાને લાયકની જણાઇ તેથી તે ઘોડા ઉપરથી નિચે ઉતર્યો અને ઘોડાને ત્યાં છુટતો મુકીને વિચાર ભર્યો દિલે સુઇ ગયો સુતાં સુતાં તેણે પોતાના દિલ સાથે ઘણાએક વિચારો કીધા કે "કએખસરૂનો પતો મેલવતાં તો હું ઉંઘ અને ભુખથી દૂર થયો છુ. ત્યારે તેની સોધમાં હુ એમ શાને માટે ખેચાયા કરૂ ? બનવા જોગ છે કે પેહેલવાન ગોદરેજે પોતાના સ્વપનામાં કોઇ પલીદ દેવને પોતાની નજદિક આવેલો જોયો હશે હાલે મારા દોસ્તો ખુશાલીથી દારૂની મજાહ ભોગવતા હશે, તથા કોઇ નામદારી મેલવતો તો કોઇ ખુશાળીનો દાહાડો ભોગવતો હશે ત્યારે મારાં નસીબે મારી પાસેથી દારૂનુ પ્યાલું જુટવી લીધુ છે. એ પ્રમાણે મને મારો વખત વગર ફોકટનો ગુમાવવો પડતો હોવાથી મારૂં રવાન વાકી કમાન માફક વાંકુ વળયુ છે કદાચને તે પાદશાહે પોતાની માયથી જન્મ લિધો હશેજ નહી અને જો તે જનમ્યો હોય તો તેને જમાનાએ નાશપણુ કરી નાખ્યો હશે પણ તેને સોધવાની મારે ફાલે ફોકટની મેહેનત અને સખતી આવી પડી છે આથી ઝેહેર પીને મરી જવુજ ખુશાલી ભર્યું ગણાય."

એવી રીતે તે પાદશાહની શોધ કરતાં ગેવ ગમ ભર્યા દિલ સાથે તે જંગલ આસપાસ ભટકતો હતો તેટલામાં તેને દુરથી ચલકી રહેલો એક પાણીનો ઝરો જણાયો જ્યાં દિલને ખુશાલી આપનારા સરોવરના ઝાડ જેવો એક છોકરો પોતાના હાથમાં એક દારૂની જામ પકડીને તથા માથે ખુશબોદાર રંગબેરંગી ફુલોનો એક ગજરો વિટાલીને ઉભો હતો. તેની ઉપર ખોદાઈ નુર પ્રકાશતું હતુ અને તેનામાં અકકલથી ભરેલા વિચારો માલમ પડતા હતા. તું કહેશે કે જાણે ત્યાં શીયાવક્ષ પોતે માંથા ઉપર હીરાજાનું તાજ પેહેરીને હાથીદાંતના તખત ઉપર બેઠો છે. જોતાંજ મોહોબત છુટે એવો તેનો ચેહેરો હતો અને તે તાજ તેના બાલ ઉપર દિપી રહયું હતું. આથી ગેવે પોતાના દિલ સાથે વિચાર કીધો કે "પાદશાહ કએખસરૂ સિવાય એ બીજો કોઇ નથી તેનો આવો ચેહેરો તખત ભોગવવા સિવાય બીજાં કસાંને લાયક નથી." પછી તે ઘોડા ઉપરથી નિચે ઉતરીને તેની લગભગ ચાલીને ગયો દુ:ખ ભોગવતાં ભોગવતાં તેના છ વરષો પસાર થયા પછી તે નામદારી ભર્યો ખજાનો તેને હાથ લાગ્યો. તેને ઝરા આગળથી કએખસરૂએ આવતો જોવાથી તેનું દિલ ખુશાલીથી ઉછલવા લાગ્યું. તેથી

તેણે હસીને દિલ સાથે વિચાર્યું કે, "પેહેલવાન ગેવ સિવાય એ શખ્સ બીજો કોઈ લાગતો નથી. વળી તેના જેવી ધપછપનો આ મુલકમાં કોઇ પેહેલવાન પણ નથી તે મને બોલાવવાને માટે આવેલો લાગે છે અને મને પાદશાહ બનાવવાને માટે ઇરાન લેઈ જવા માંગતો હશે" તે નામદાર પેહેલવાન તેની નજદિક આવી લાગતાજ પાદશાહ કેખસરૂએ તેની જગ્યા ઉપરથી ઉભો થઇને તેને કહયુ કે "ઓ ગેવ! તુ ભલે પધાર્યો. તુ મને અકકલને ઘટતી રીતે ઇનશાફ આપવા આવ્યો છે પણ આ દેશમાં તુ કેમ આવી શકયો? તુસ, ગોદરેજ અને પાદશાહ કાઉસ માટે તુ શુ ખબર ધરાવે છે? તેઓ સઘલા ખુશાલ હશે અને ખસરૂનીજ યાદ કરતા હશે પેલો જેહાનને જીતનાર પેહેલવાન પીલતન રૂસતમ કેમ છે? અને દસ્તાન તથા તેની રૈયત શુ કરે છે?" જ્યારે ગેવે તેનાથી એ પ્રમાણોની વાત સમજી ત્યારે તેણે અજબ થઇને જેહાનની પાસબાની કરનાર પરવરદેગારનુ નામ જબાન ઉપર લિધુ તે પોતે પાદશાહ ખસરૂ સિવાય બીજો કોઇ નથી, અને ગોદરેજે જોયલો સ્વપનો કાંઈ ખાલી હતો નહી એવો તેને ઇતબાર આવ્યો. તેથી તેણે તેને પુછયું કે "મને લાગે છે કે જેહાનનો જવાન પાદશાહ કએખસરૂ તે તુ પોતેજ હશે? અને હુશીયાર અને થોડુ બોલનારો જેહાનનો માલેક સીયાવક્ષનો તુ બેટો થતો હશે?"

ખસરૂએ જવાબ દિધો કે, "ઓ ગેવ! ખસરૂ હુ પોતેજ છુ અને જેહાનને માટે વધાઇ તરીકે પણ હુ પોતેજ છુ" ત્યારે ગેવ બોલ્યો કે, "ઓ નામદાર સરદાર! જેહાનનુ લોક તારી મોહોબત મેલવવા માટે ખાહેશમદ છે પાદશાહોની કેઆની તોખમનો તુ સીયાપક્ષનો બેટો પોતેજ છે એમ હુ ધારૂ છુ" ત્યારે પાદશાહે તેને પુછયુ કે "ઓ નામદાર! ગોદરેજનો બેટો ગેવ તે તુજ હોવો જોઇએ?" ત્યારે ગેવે તેને પુછયુ કે "ઓ સાચાઓના સરદાર! ગોદરેજ માટેનો હેવાલ તુને કોણે કહયો? કેશવાદ અને ગેવનો ખબર તુને કોણે આપી કે તુ (મને જોઇ) આટલો બધો ખુશાલ અને દબદબાવાલો દેખાય છે? ત્યારે કએખસરૂએ જવાબ દિધો કે, "ઓ સિહ જેવા શખ્સ! મારી માયે મારા બાપથી સમજેલુ એ મને કહયું છે ખોદાની મેહેરબાનીથી જયારે તેને તેણીને શિખામણ આપવી ઘટતી હતી તે વખતે તેણે એ વાત પણ મારી નામદાર માતાને કહી હતી કે 'અત્રે મારી ઉપર ઘણી એક બુરાઇઓ વિતશે અને સેવટે કએખસરૂ

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે

જન્મ લેશે અને તે કેટલાક ભરમોની ચાવી ખુલી કરશે. જ્યારે કુએખસર એક નામદાર પેહેલવાન જેવો બનશે ત્યારે હુનર ભર્યો ગેવ ઇરાનથી આવીને તેને ઇરાનના પાયતખતમાં ત્યાંના નામદારો અને સિંહના જેવા શખ્સો આગળ લેઈ જશે. પછી કુએખસરૂ તમામ જેહાનને મરદાનગીથી પોતાના પગની નિચે કચદશે અને એ રીતે તે મારો કીનો લેશે." ત્યારે ગેવ બોલ્યો કે, "ઓ નામદારોના સરદાર! તુ તારી બુજોર્ગીભરી બુન્યાદની ઇધાણી શુ ધરાવે છે? સીયાવક્ષની જેમ બાગમાં કાલું ધાબું હોય તેવી એક જાણીતી નિશાણુ હતી (અને સીયાવક્ષના દિલ ઉપર એક કાલી લાછન હતી) તેથી તુ એ જગજાહેર નિશાણ તારી બાજુ ખુલ્લી કરીને મને દેખાડ" આથી પાદશાહે પોતાનુ શરીર ખુલ્લુ કરીને તે તેને દેખાડયું અને ગેવે ત્યાં તેવી કાલી નિશાણી જોઈ એ નિશાણી કુએકોબાદથી તેના ખાનદાનીઓમાં ઉતરી હતી અને એ નિશાણથીજ તેની કેઆની બુન્યાદ જણાઈ આવી એ નિશાણી જોતાજ ગેવે તેને નમન કરીને આંસુ પાડતાં તેની આગળ પોતાનો ભરમ કહ્યો તેણે ખુશી સાથે તેની તારીફ કરતાં તે જમીનના પાદશાહને છાતી સાથે ચાંપ્યો પછી ખસરૂએ તેને ઇરાન અને પાદશાહના તખત માટે તથા ગોદરેજ અને ખેરખાહ રૂસ્તમ માટે કેટલાક સ્વાલો પુછ્યા ગેવે તેને જવાબ દિધો કે "ઓ હુશીયાર અને મુબારક પગલાંનાં જેહાનના નામદાર પાદશાહ! સઘલાઓ તારો ચેહેરો જોવાને માટે ખુશાલી અને જલકાટ સાથે આતુર બન્યા છે અને તારી તરફ તેઓ વગર જંપે ચાહા ધરાવે છે સારૂ અને માઠુ જાણનારા તે પરવરદેગારે જો મને તદન બેહેસ્ત બક્ષ્યુ હતે, અથવા તો તેણે મને તમામ દુન્યાની પાદશાહી આપી હતે, અથવા તો તેણે મને મોટાઇવાલું અને ઉંચી પડવીનું તાજ આપ્યુ હતે તોપણ મારૂ દિલ તારો ચેહેરો આ તુરાન જમીનમાં જોયાથી હાલે જેટલુ ખુશાલ થયુ છે તેટલું ખુશાલ બનતે નહી. હાલે ઇરાનમાં એમ કોણ જાણતું હશે કે હું પોતે જીવતો છુ, કે ખાકની નિચે દટાયો છુ, કે આતશમાં બળી ગયો છુ હવેથી સીયાવક્ષનું નામ તારાથી ત્યાં પાછું જીવતુ થશે અને તેની દલગીરી અને દુ:ખને માટે આપણે પુછી શકીશુ પરવરદેગારના શુકરાના હોજો કે આવી સખત મેહેનત પછી મારૂ નસીબ ખુશાલી અને ખુબી સાથે પાછું ખીલ્યુ છે."

પછી તેઓ તે જંગલમાથી સાથે આગળ વધ્યા અને તેને ખસરૂએ કાઉસ પાદશાહની ખબર પુછી તથા ગેવે સાત વર્ષ સુધી જે દુ:ખ અને ગમ

ભોગવ્યો તે માટે તથા તેણે કયાં બીછાણું પાંદર્યું, કયાં ઉઘાયો અને કયાં ખાધું તેને માટેની પુછપરછ કીધી આથી ગેવે જેહાનનો પરવરદેગાર શું કરવા માંગતો હતો તે વિષેની વાત તે પાદશાહની આગળ કહી. તેણે ગોદરેજે જોયલા સ્વપના વિષે તથા તેણે લાંબો વખત સુધી વેઠેલાં દુખો વિષે તથા તેણે શું ખાધું, શુ પેહેર્યું તથા કેવી રીતે મેહેનત વેઠી અને આશાયશ લિધી તે વિષેની તથા વર્ષો થયાં કાઉસનું ખોરેહ જતુ રેહેવાથી તે પોતાના બેટાના દૂખમાં હાથ પગ વગરનો કેમ બન્યો છે તથા ઇરાનમાંથી તમામ રસકશ જતો રહી ત્યાં તમામ ઉજાડ કેમ બની ગયુ તે વિષેની સઘલી વાતો કહી આથી તેઓના દુખની વાત સમજી ખસરૂનુ દિલ બળવા લાગ્યુ અને તેનો ચેહેરો આતશની માફક લાલ બન્યો પછી ખસરૂ બોલ્યો કે "તારી લાંબો વખત સુધી વેઠેલી મેહેનત માટે હવે પછી તારૂ નસીબ મોજ મજાહ સાથનુ ફળ આપશે હવે તુ મારા બાપની જગ્યા લે અને તુ એ વાત કોઇ આગળ કેહેતો ના. આપણી ઉપર જમાનો શુ લાવી નાખે છે તે તુ તપાશજે" પછી તે શાહજાદો ગેવના ઘોડા ઉપર બેઠો અને પેહેલવાન ગેવ પોતાના હાથમાં હીન્દી તલવાર પકડીને જે કોઇ તેને સામુ મલતુ તેની ચપલતાઇ સાથે બેધડક ગરડન ઉડારતો અને તેના શરીરને કાદવ અને ધુલમા રગડોલાતુ બનાવતો તેની આગળ ચાલવા લાગ્યો એ પ્રમાણે તેઓ 'સીયાવક્ષ ગેરદ' તરફ ગયા અને ત્યા આવી લાગતાજ તે બધેએ પોતાના દિલને ચોંપ ભર્યા બનાવ્યાં. તે બધેનાં મેહેલમા સાથે દાખલ થવાથી તેમને જોઇ ફરગીસ ગમગીન દિલે ચોકી ઉઠી[૧] તેઓએ તેણીને સઘલી ખબર કહી અને જે કાઇ બનાવો બન્યા હતા તેનો તમામ હેવાલ કહયો[૧] તેઓએ પોતાની સાથે ફરગીસને પણ જોડાવાને કહયુ અને પછી તેઓએ ત્યાંથી નાહાસવાને માટે છુપાછપ તૈયારીઓ કીધી.

પછી તે ત્રણેએ ત્યાના બાધુરો અને લડવૈયાઓથી છુપાછુપ નાહાસવા માટે આગળ રસ્તો ધર્યો ફરગીસ બોલી કે "જો આપણે જરા પણ ઢીલ કરશુ તો જેહાન આપણા દિલ ઉપર તગ બનશે જો એ બાબદની અફરા-સીયાબને ખબર મલશે તો તે ખાધા, પીધા અને ઉઘાયા વગર એક સફેદ દેવની માફક આપણી પુઠ ધરશે જેથી આપણા મીઠા જીવ માટે આપણા દિલ નાઉમેદ બનશે અને આપણામાનુ એક પણ જેહાનમા જાહેર કે ખાનગી રીતે જીવવા પાંમસે નહી. અત્રેની તમામ જમીન આપણા બદખાહો અને દુશમનોથી ભરેલી છે, તેમા હમારે લગતી શઘલી જમીન હારેમનની જગ્યા

---

૧ એ બેત ■ પેલી નકલમા વધારે છે

જેવી છે. તેથી જો પેલા નેહેશત માણસ (અફ્રાસીયાબ) ને એ ખબર મલશે તો તે આ આબાદ જમીનમાં આગ સલગાવશે. માટે ઓ મારા તારીફને લાયકના અને દમામવાલા બેટા! હું તુને જે સુચના કરૂ છું તે તું સમજ. અત્રેથી થોડે દુર એક મેદાન છે જેની એક બાજુએથી તુરકી સ્વારોને પસાર થવાનો રસ્તો આવ્યો છે ત્યાં તુ તારી સાથે આ જીન અને કાલી લગામ લઇને સહવારને પોહર જા, જ્યાં તુને આસમાન સુધી પુગેલી ટોચવાલો એક પાહાડ કે જેની સાથે વાદળ પણ પોતાનો ચેહેરો ઘસે છે તે જણાશે. તે પાહડ ઉપર જઈ લાગતાંજ ત્યાંથી તુંને ખુશનુમાં વસતની માફક ખીલી રહેલું એક મેદાન જણાશે ત્યાં એક વેહેતા ઝરા સાથનો તલાવ છે, જે જોવાથી જીવને તાજગી મલે છે ત્યાં જેવો સુરજ આસમાનના ગુમબજ ઉપર ચઢશે તેવુંજ ને સપેહસાલાર (સીયાવક્ષે) જોયલા સ્વપના મુજબ બનશે તે વખતે તે તલાવ તરફ જંગલમાના ઘોડાઓના ટોલાં પાણી પીવા માટે આવશે. ત્યારે તું ત્યાં બેહજાદ ૧ નામના ઘોડાને આએ જીન અને લગામ દેખાડજે જેથી તે તારી સાથે પલોટાઇ જશે અને તું તારૂ કામ કાઢી લેજે તું જડપથી તેની આગળ જઇને તેને તારો ચેહેરો દેખાડજે અને તેને નામ દેઇને બોલાવીને તેના ઉપર તુ તારો હાથ માયાથી થોકજે જ્યારે સીયાવક્ષ આ જેહાનથી નાઉમેદ બન્યો હતો અને તેની જીદગીના પ્રકાશતા દાહાડા કાલા બનવા લાગ્યા હતા ત્યારે તેણે તે કાલા રંગના બેહજાદ ઘોડાને એ પ્રમાણે કહયુ હતું કે 'તું હવે પછી કોઇનો હોકમ માનતો ના અને તુ પાહાડો અને જંગલમાજ ફરતો રેહેજે. જ્યારે કએખસરૂ તુને સોધતો આવે ત્યારેજ તું તેનો ઘોડો બનજે અને તેને લેઇને આ જમીન ઉપર પાછું દોડવા માંડજે અને તારી નાલ વડે દુશમનોની જમીનને ખુદી નાંખજે. જ્યારે કએખસરૂ મારો કીનો લેવાને માટે તુંને તેડવા આવે ત્યારે તું તેની લગામ પોહવા દેઇને તેની સાથે જવાને તૈયાર થજે."૨

---

૧ એ 'બેહજાદ' નામનો ઘોડો સીયાવક્ષનો ઘણો માનીતો હતો અને તેણે તે ઘોડાને પોતાનું મોત આવ્યા પછી જંગલમા છુટો મુકી દેવાને ફરમાવ્યું હતુ તેણે વળી તે ઘોડાને એવો હોકમ કીધો હતો કે તેની અને તેના બવીશમાં થનારા બેટા કએખસરૂની ચાકરી કરવા સિવાય તારે બીજા કોઈની ચાકરી કરવી નહી

૨ એ બેત લખેલી નકલમાં વધારે છે.

કએખસરૂ અને ગેવ કાલા રંગના ઘોડા બેહેજાદને પકડવાને માટે ગયા તે વિષે.

આથી તે બાહદુર સરદાર કએખસરૂ ઘોડા ઉપર બેઠો અને ગેવ પગે ચાલતો તેની સાથે ગયો તે તેજી ભરેલા ઘોડા બેહેજાદને મેલવવા માટે જેમ માણુસો ઉપાય કરતા જાય તેમ તે તેના તરફ ગયો જ્યારે તે ઘોડાનું ટોલુ તલાવ નજદિક આવ્યુ અને તેઓ ત્યાંથી પાણી પી ધરાઇને પાછા ફરવા લાગ્યા ત્યારે ખસરૂ અને નામદાર ગેવ તે ઝરા આગળ ઉતાવલે આવી પોહોંચ્યા નજદિક આવતાજ તેણે પોતાની ઇચ્છા બરલાવવાને બેહેજાદને તે જીન અને લગામ દેખાડી. બેહેજાદે તે તરફ અને તે પાદશાહ તરફ જોતાજ પોતાના જીગરમાંથી એક થડી હાએ મારી તેણે જેવુ તે વાઘ જેવા સીયાવક્ષનુ બેસવાનું જીન તથા લાંબી લગામ તથા તે જીનની પાંખ જોઇ તેવોજ તે તે ઝરાની આગળ થંભ થઇ ગયો અને જ્યાં ઉભો હતો ત્યાથી જરાએ આગળ વધ્યો નહી. જ્યારે કએખસરૂએ તેને નરમ બનેલો જોયો ત્યારે તે જડપથી તેની આગળ જીન લઇને ગયો તે કાલો ઘોડો પણ પોતાની આખોમાથી આંસુના રેલા પાડતો ત્યાંજ ઉભો. આથી શાહજાદો તેમજ ગેવ પણ રડવા લાગ્યા અને આતશ ઉપર ભુજાતા હોય તેમ તેઓ બળવા લાગ્યા. તે બંધેએ આસુ પાડતા મોઢેથી અફ્રાસીયાબને કદુવા દિધી પછી કએખસરૂએ તે ઘોડાની આખ અને મોહુ પસવારીને તેની છાટી તથા યાલ મસલીને તેના બાલ તાણુયા પછી તેણે પોતાના બાપની દુખ સાથે યાદ કરીને તેના મોઢાં ઉપર લગામ ઓલવી તથા જીન નાખ્યું અને પછી જીન ઉપર બેસીને પગો હીલાવતાજ તે ભારી હેવાને ત્યાથી ચાલવા માંડીયુ. તે ગોયા પવનને વેગે હવામા ઉડતો હોય તેમ ગેવ આગળથી બેમાલુમ થઇ ગયો, આથી ગેવે અજબ બનીને ગમગીન દિલે ખોદાતાલાનુ નામ લિધુ અને બોલ્યો કે "ફરેબ રમનારા હારેમને ઘોડાને રૂપે તેની આગળ દેખાર દીધેલો લાગે છે. હવે તો ખસરૂનો જીવ જતો રહયો હશે અને મારી મહેનત કે જેનુ ફળ જેહાનનો એક ખજાનો થઇ પડને તે પણ ફોકટ ગઇ છે" તે પાદશાહે તે પાહાડનો અરધો ભાગ દોડી રેહેતાજ પોતાની કાલી લગામ પાછી તાણવાથી ને થોભી ગયો અને તેટલામાં ગેવ પણ તેની આગળ આવી લાગ્યો. તેને હુશીયાર દિલના પેહેલવાન જેવા પાદશાહે કહયું કે "મને તું પેહેલવાનનો પણ રોશન રવાનથી અને ખુલ્લી રીતે વિચાર કરવા જોઇતો હતો." ગેવ બોલ્યો કે, "ઓ નામદાર પાદશાહ! મને તારી આગળ એ બરમ ખોલવો જોઇએ. આ મુબારક તોખમના ઘોડાને લિધે મારાં દિલમાં તો તારો વિચાર

આવ્યો હતો. ઓ પેહેલવાન ! મને વિચાર આવ્યો કે ગોયા (ઘોડાનેરૂપે) હારેમને તું જવાન આગલ આવીને તુને એમ લેઈ ચાલી જઈ મારી મેહેનત બરબાદ કીધી છે અને મારા જીવને ગમભર્યો બનાવીને તે દેવ ખુશાલ બન્યો છે, તથા (તુને મેલવ્યાબાદ) મારી સાત વર્ષની મેહેનત તેણે બરબાદ કીધી છે. વળી બીજું એ કે તેણે તેમ કરી મારા ખાનદાનને પણ દાઘ લગાડયો છે."

પછી દુન્યાનો અનુભવ પામેલા ગેવે ઘોડા ઉપરથી નિચે ઉતરીને તે પેહેલવાન જેવા પાદશાહની તારીફ કિધી કે "તારા બાકીના દાહાડાઓ અને રાતો તુને મુબારક થજો અને તારૂ બુરૂ ઇચ્છનારાઓના દિલ તુટી જજો. કારણકે તારા આવા ઉચા કદ તથા તખત, ખોરેહ અને ઉચી પડવી સાથે પરવરદેગારે તુને ઉચુ ખાનદાન અને હુનર બખ્શ્યો છે." પછી તેઓએ તે પાહાડને મહાલેથી મેહેલનો રસ્તો ધર્યો અને વિચારવત જીવ અને મગજ સાથે આગળ રસ્તો કાપ્યો. જ્યારે તેઓ પાછા ફરંગીસ આગળ આવ્યા ત્યારે તેઓ વચે લાબી મુશાફરીની કેટલીક વાતો ચાલી, અને કોઇપણ તેઓની હીલચાલથી વાકેફ થાય નહી તેમ પોતાનુ કામ છુપાછુપ બજાવવાનુ ઠેડવ્યુ ફરગીસનું મોઢુ બેહેજાદનો ચેહેરો જોતાજ આખમાના આસુઓથી ઢંકાઇ ગયુ. તેણીએ પોતાના બધે ગાલો તે ઘોડાની યાલ અને છાતી સાથે અઠડાવીને સીયાવક્ષના રવાનને યાદ કિધું. પછી તેણી આખોમાથી આંસુઓને ખખેરી નાખીને જડપથી ખજાનો એકઠો કરવાને ગઇ તે મેહેલમાં તેણીએ એકઠો કીધેલો ખજાનો છુપાવ્યો હતો કે જેને માટે દુન્યાનુ કોઇપણ માણસ વાકેફ હતુ નહી. તે એકઠા કીધેલા ખજાનામાં પુશકલ પૈસા, જવેહેરાત અને યાકુતો હતાં. વળી તે ખજાનામા નાના ગુરજો, બખતરો, ખજરો, તલવારો તથા ભારી ગુરજો પણ હતા. તે પૈસા, પાદશાહી જવેહેરાતો, યાકુતો, હીરાથી જડેલા તાજો સાથનો ખજાનો તેણીએ પોતાના બેટા આગળ ખુલ્લો મુકયો અને આંસુભર્યા ચેહરા સાથે અને દુખથી ચીરાઇ જતાં જીગર સાથે ગેવને કહયું કે "ઓ દુખનો અનુભવ પામેલા પેહેલવાન ! આ ખજાનામાંથી જે કાંઈ જવેહરાત તુને જોઇતાં હોય તે તુ લેઇ લે. કારણ કે એ ખજાનો તારો છે અને હમો તો તેના ફકટ રખેવાલ હતા. તેં હમારી ઉપર તારો જીવ ફીદા કરીને જે મેહેનત ઉઠાવી તે માટે એ સઘલું તારૂજ ગણાશે." આથી પેહેલવાન ગેવે તેણીની હજુરમાં જમીનને બોસો લઇને કહયુ કે "ઓ બાનુઓની સરદાર ! આ જમીન તારીથીજ બેહસ્તમાંની વસત જેવી બને છે અને ફરતાં આસમાનથી જે કાંઇ સારૂ અને માઠૂ બને છે તે પણ તારે લિધેજ છે. તમામ જેહાન તારા બેટાની ગોલામ જેવી બનજો અને તારૂ બુરૂ ઇચ્છનારાઓના મગજ ભાગી જજો." પછી ગેવે તે ખજાના ઉપર નજર કરીને તેમાથી

ફકટ પેહેલવાન સીવાવક્ષનું બખતર પસદ કરી લિધું, તથા જવેહેરાતમાંથી જે મોઘી કીંમતના લાગ્યા તે તથા વળી મોંઘી કીંમતની લોઢાંની તોપી અને ઘોડાના બખતર તથા પેહેલવાનને લાયકના બખતરો વિગેરે તેઓએ મુસાફરી માટે સાથે લિધાં. પછી પાદશાહે તે ખજાનાના બારણા પાછાં મજબુટ બંધ કરીને બયાબાન તરફ મુશાફરી કરવાની તૈયારીઓ કીધી.

ગેવ કેએખસરૂ અને ફરંગીસને લેઈ ઇરાન ગયો તે વિષે.

જ્યારે એ સઘલુ તૈયાર થયું ત્યારે નામીચા ઘોડાઓ ઉપર જીન નાખ-વામા આવ્યાં અને ફરગીસે પોતાનુ માથુ લોઢાની તોપીથી ઢાકયુ પછી જે કાંઇ કરવુ હતુ તે ખાનગી રીતે ઢીમે ઢીમે બજાવીને તે ત્રણે ત્યાથી પવન વેગે આ-ગળ ચાલ્યાં અને આતુરતા સાથે ઇરાન તરફ જવાને મોઢાં ફેરવ્યાં ખસરૂના ઇરાન તરફ નિકળી જવાથી એ વાત થોડો વખત પણ છુપી રેહેવા પામ્યા વગર તમામ શેહેરોમા એકી વખતે ચકચાર થવા લાગી કોઈ શખ્સે પીરાનને જઇને એવી વાત કહી કે, "ઇરાનથી બાધુર ગેવ પેહેલવાન પાદશાહ કએ-ખસરૂ આગળ આવી લાગ્યાથી ફરગીસે અને પાદશાહે તે લડાયક પે-હેલવાન સાથે ઇરાન તરફનો રસ્તો ધર્યો છે." એ વાત પીરાને સમજતાંજ તે ઘણોજ દલગીર થઇને ઝાડની ડાંખલીઓ માફક ધ્રુજતાં બોલ્યો કે "જે કાઇ વાત મે મોટા લોકોથી સમજી હતી તે ખરી પડી છે. હવે અફરાસીયા-બને હુ શુ જવાબ દેવશ? તેની નજદિક મારૂ પાણી ઉતરી જશે" પછી તેણે પોતાના પેહેલવાનો વચેથી ગુલબાદ અને પોલાદના જેવા નસ્તીહનને ચુંટી કાઢીને ત્રણસો તુરકી સ્વારો સાથે તેમની સામે લડાઇ કરવા જવાને ફરમાવ્યું પીરાને તે લશકરને કહયું કે, "તમો જીન ઉપર બેસીને તમારા માથાને હલકું લાગવા દેતાના પણ તે ગેવના ડોકાને નેજાની ઉપર ઉઠાવજો અને ફરંગીસને ધુલમાં દાટી દેજો, તથા તે નેહેશત અને બુરાં નસીબના કએખશરૂને તમો બધીવાન બનાવજો જો તે બુરા નસીબના શખ્સો જીહુન નદી પસાર કરી જશે તો તેઓ નામદારી સાથે નીમરોજમાં પુગી જશે." આથી તે પેહેલ-વાનોનુ બનેલુ લશકર તે બે પેહેલવાનો સાથે સાઉચેટીથી ત્યા ગયુ પેલી તરફથી મુશાફરી કર્યાથી અને રાતની થાકથી ફરગીસ પોતાના હારમાર થયલા બેટાની સાથે ઉઘમા પડી અને ગેવ તે બધેની ચોકી કરવા લાગ્યો તે બધેને સુવા દેઇને ગેવ જે ઠાકેલો હોવા છતાં તે દુશમનોના લશકરના માર્ગમાં બે આંખોને ઠેડવેલી રાખીને ગુસ્સાથી બેઠેલો રહયો. તેણે દિલ ઉપર બખતર અને માથાં ઉપર લોઢાં

ની તોપી રાખીને જાણે પોતાના અંતકરણ અને શરીરને મોતને સોંપી દિધાં. વળી પેહેલવાન સરદારોની રાહારીત મુજબ ગેવના ઘોડાનું શરીર પણ બખતરથી ઢાંકેલું રાખ્યુ.

ગેવે ગુલબાદ અને નસતીહન સાથે લડાઈ કીધી અને તેઓ ત્યાંથી નાહાસી ગયા તે વિષે.

જેવી ગેવે દુરથી લસ્કરથી ઉડી રહેલી ધુલ જોઇ તેવોજ તેણે પોતાનો હાથ તલવાર ઉપર નાંખીને તેને કમર આગળથી બાહર કાટી. પછી તેણે વાદ્દલ જેવી ગરજના કીધી જેથી વાઘોના મગજ અને જીવ પણ દલગીર થયા ગેવે તે લશકર વચે વ ટોલ્યાની માફક ધસી જઇને લડાઇના ધુલારાથી અધકાર ફેલાવી દિધો. તેણે પોતાના ઘોડા ઉપર બેસીને થોડો વખત ખંજરથી તો થોડો વખત ગુરજથી ત્યા ગોયા લોહાનોજ વરસાદ વરસાવ્યો. તે બાધુરે ગુરજના ફટકાએ મારીને તુરાની સરદારોનાં માથાને લડાઇ કરવાથી ધરાઇ ગયલાં બનાવી દિધાં દુ:ખ અને ગુસ્સાથી ગેવનુ દિલ એવું ઉશકેરાયુ કે તેની આંખો જાણે પાણીનો દરીઓ બની. તુરાનીઓએ ગેવને વચમા ઘેરીઓ પણ તે એકલો મોટાં લશકર વચે જાણે ઝનુની સિંહ જેવો લાગતો હતો. તેઓના નેજાઓથી તે લડાઇની જગ્યા બામ્બુઓની ઝાડી જેવી બન્યાથી તેમાં સુરજ અને ચદ્રના ચેહેરા પણ ઢકાઇ ગયા સિંહ જેવા ગેવનું દિલ નેઝાઓની ઝાડી વચે દલગીર બન્યું અને તે ઝાડી લોહીને લિધે દારૂ ઢોલાયલી જગ્યા હોય તેવી બની ગેવ તેઓમાનાં ઘણાઓને મારી નાખ્યાથી તે બાધુર સ્વારો વચે ધાસ્તી પેસી ગઇ ગુલબાદે પેહેલવાન નસતીહનને કહયું કે "એ ગેવ તો મજબુટ ગરદન અને ખભાંવાલા કાંટાના પાહાડ જેવો લાગે છે તુ જાણ કે એ સઘલુ પાહાડ જેવા ગેવના ગુરજના ફટકાથી નહી પણ કએખસરૂના ખોરેહથી બને છે. હુ જાણતો નથી કે હવે આ મુલકનુ શુ થશે? અને પરવરદેગારના હોકમથી શુ શુ વિટશે. નજુમીઓના કેહેવા મુજબ તો તુરાન અને ત્યાંના નામદારો માટે બુરાં ચિન્હ જણાય છે." પછી તેઓએ પોતાનાં મોટા લશકર સાથે તેના ઉપર સિંહની માફક હુમલો કીધો, તેથી ત્યાં ધરપકડના પોકારો અને સરનાઇના અવાજો ઉડી રહયા અને તમામ પાહડ ધુજવા લાગ્યો. તે મેદાન અને ત્યાંના રેતરો મુરદાંઓથી ભરાઈ ગયાં અને લોહીથી ત્યાંની ધુલ રાતા રગની બની. આથી તમામ લશકરે તે નામદાર લશકરના મદદગાર પેહેલવાન ગેવ આગળથી નાહાસવા માંડ્યુ. તેઓમાંથી ઘણાઓ માર્યા જવા અને ઘાહેલ થવા

પછી તે સઘળાઓ પીરાનની આગળ પાછા ફર્યા. આથી બાધુર ગેવે લોહીથી ખરડાયલી છાતી અને સિંહ જેવા પંજા સાથે કએખસરૂ આગળ આવીને કહયું કે, "ઓ પાદશાહ! તુ તારા દિલને ખુશી રાખ અને અક્કલને તારો સાથી બનાવીને તારાં શરીરને આબાદ રાખ. તિક્ષણ પંજાવાલા ગુલબાદ અને નસતીહનની સાથે એક લશકર લડવાને માટે આપણી પુઠે આવ્યું હતું. પણ તેઓમાંથી જે કોઇ જીવતા રહ્યા તેઓ એવી રીતે પાછા નાહાઠા છે કે તેઓને પોતાને માટેજ રડવુ પડશે. મારી કમંદના ફાંસાથી અને ગુરજથી તે પેહેલવાનોનુ લશકર ઘણુંજ ઘટી ગયું છે ૧ ઇરાની સ્વારો વચેથી કોઇપણ સ્વાર રૂસ્તમની ગેરહાજરીમાં મારી માફક લડી શકતે એમ હુ ધારતો નથી." એ વાત સમજીને પાક દીનના ખસરૂએ ખુશી થઇને ગેવની પુશકલ તારીફ કીધી અને તેની ખુબી ગાઇ. પછી તેઓએ જે કાંઈ ખાવા જોગી ચિજ હતી તે ખાઈ લીધી અને જડપથી આગળ વધવાનો રસ્તો ધરીઓ. પેલી તરફ એ રીતે ઘાહેલ થયલા અને અંદર ખાનેથી ગમથી બળતા તુરકીઓ જયારે પીરાનની નજદિક આવી પુગ્યા ત્યારે પીરાને તેઓની વાત સમજીને ગુલબાદ ઉપર ગુસ્સે થઇને કહ્યું કે, "આવી અજબ વાત છુપી રેહેતી નથી. તમોએ ગેવનુ શું કીધુ છે ? ખસરૂ કયા છે ? જે કાંઇ વાત બની હોય તે તમો મને ખરેખરી કહો."

ત્યારે ગુલબાદે તેને જવાબ દિધો કે, "ઓ પેહેલવાન! તે બાધુર ગેવે આપણા બાધુરો સાથે જે કીધું છે તે જો તારી આગળ કેહેવાને હું જબાન ખોલુ તો તારૂ દિલ પણ લડાઇ કરવાથી ધરાઈ જાય તે તો મને ઘણી વખતે લશકરમાં અજમાવ્યો છે તેમજ મારી લડાઇ કરવાની રીત તેં પસંદ કીધી છે હુ તો પાવડાની નિચે એવી રીતે આવી જતો હતો કે હમણા હુ નિચે પડશ એમ મને લાગ્યુ. ઓ નામદાર ! તે ગેવે મારા કરતાં જાણે એક હજારથી પણ વધારે ગુરજ પકડેલા લાગતા હતા તુ કહેશે કે ખરેખર જાણે તેનુ માથું લોહુ ટીપવાનુ એરણજ છે તથા તેની છાતી અને હાથની કાડી હાથીદાંતના જેવી સખત છે. મેં રૂસતમ સાથની ઘણી લડાઇઓ જોઇ છે તથા વળી બાધુરોમાંથી ઘણાએકોને વિષે સાભળ્યું પણ છે તોએ ફટકા મારવામાં આવો ઠરેલ અને અને આવો લડાઇના કાવાદાવાવાલો શખ્સ મે કોઇને જોયો નથી. ભારી ગુરજ તો તેના હાથમાં મીન જેવા બની જતા હતા અને સ્વાર લોકોના ભાલાઓ તો વાઘનાં ચામડાં જેવા નરમ બની જતા હતા. ત્યાં તેના જેવી છાતી અને

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

ગરદન ધરાવનાર કોઇ નહી હોવાથી તેની અક્કલ અને પંજાને માટેનીજ ચર્ચાર થઈ રહી. તે દરપળે એવો ચપલ અને ઉશકેરાયલો બનતો કે જાણે તે નવેસરથી પોકાર મારતો હાથી બની જતો હતો. ઘાહેલ થયલાઓથી ત્યાંનું મેદાન પાહાડ જેવું બન્યું અને તે એકલાને જોઇને તુરકી બાધુરો ગભરાતમાં પડયા." આથી પીરાન ગુસ્સે થઇને બોલ્યો કે "ફકટ એક માણસને માટે આવી વાત કરવી શરમભરેલી છે એક એકલા સ્વાર માટે આટલીબધી વાત કરવી તુને ઘટતી પણ નથી હવે પછી તુ પેહેલવાનો સાથે લડાઇ કરવાની ઇચ્છા પણ કરતો ના, તુ નામદાર નસતીહન સાથે સિંહ નરના જેવા સીપાઇઓ લેઇને જવા છતાં ગેવને મસ્ત હાથી બનાવે છે ! અને બાધુરોની વચે તારા નામને હલકુ પડવા દે છે ! જ્યારે એ બાબદની ખબર અફ્રાસીયાબને પુગશે કે તેના બાધુર સ્વારો વચેથી બે પેહેલવાનો પોતાના લડાયક લશકર સાથે એક એકલા સ્વાર સામે લડતા પીઠ ફેરવીને નાહઠા અને વળી ગેવે તુરાની બાધુરોમાથી ઘણાકોને મારી નાખ્યા ત્યારે તે ગુસ્સાથી પોતાના શેહેનશાહી તાજને પણ ફેકી દેશે. તે તુને અફસોસ સાથે પુશકલ ઠપકો આપશે અને કેહેશે કે 'તુ કાંઇ વાવટો ધરવાને અને ગુરજ રાખવાને લાયકનો માણસ નથી"

પીરાને કએખસરૂની પુઠ પકડી અને તેણે ગેવ સાથે લડાઈ કીધી તે વિષે.

પછી પીરાને પોતાના લશકરમાંથી ત્રણ હજાર બાધુર અને લડાયક સ્વારોને ચુટી કાઢ્યા જેથી ત્યા લોકોના પોકારો અને સરનાઇના અવાજો નિકળવા લાગ્યા અને તમામ પાહાડ તેથી ધુજી રહયો પીરાને તેઓને કહયુ કે "તમો જડપથી તમારા ઘોડાની લગામને મજબુટ પકડીને રાતે કે દિવસે ફાડી ખાનારા સિંહની માફક આગળ વધવાથી અટકતા ના. કારણ કે જો ગેવ અને ખસરૂ ઈરાન જઇ લાગશે તો ઇરાનની ઓરતો પણ સિંહોના જેવી બનશે, ૧ અને તેથી આએ મુલકમાં ધુલ કે પાણી કાંઇ રેહેશે નહી (યાને આ મુલકની આબાદીનો નાશ થશે), અને વલી અફ્રાસીયાબ પણ તેથી દુખી થશે. કએ-

---

૧ આ ઉપરથી જણાય છે કે ઈરાનમા કાઉસ મરણ પામેલો હોવો જોઇએ અને ઈરાની પ્રજા નવા પાદશાહના આવી પુગવાની આતુરતાથી રાહ જોતી હોવી જોઇએ પીરાનના કહેવા પ્રમાણે જો એવા વખતમા કએખસરૂ ઈરાન જઈ પુગે તો તેથી ઇરાની મરદોનેજ નહી પણ ઓરતોને પણ પાછું નવેસરથી જોર આવી જાય અને તેણીઓ પણ સિંહોના જેવી બની જાય.

ખસરૂના જતા રહેવાથી તેમને બદનામ કરશે અને એ સેતારા, સુરજ અને ચંદ્રની ચાલથી બન્યુ છે એમ તે સમજશે નહી." તેના એમ બોલવાથી તેઓએ પોતાના માથાં તૈયારી કરવાને ઉચાં કીધાં અને તેઓએ રાત અને દિવસ ઉધાયા કે આશાયશ લિધા વગર એકસરખી કુચ કરવાને ચાલુ મુક્યું એ વાતની ખબર અફ્રાસીયાબને પણ પુગી. પેલી તરફ ગેવે, ફરંગીસે અને પાદશાહ કએખશરૂએ ઉટાવલે આગળ રસ્તો કાપવા માંડયો. તેઓ પોતાના દિલ ઉપર હથીયાર, બખતર અને લોઢાંની તોપી પેહેરેલી રાખીનેજ ગુલર જ્યુન[1] નામની એક ઉંડી નદી જે વસતની મોસમમાં લોહીના દરીઆ માફકની બનતી હતી તેની આગળ આવી લાગ્યાં અને ગેવની રેહેબરી હેઠેલ તે શાહનશાહે ગુલર-જ્યુન નદી પસાર કીધી. તેઓને તે નદી પસાર કરવી પડયાથી તેઓ થોડો વખત ઉંઘ કાઢવાને સુતા. તેઓ બોલ્યા કે "અગરજો લશકર લડાઇ કરવાને માટે આવશે તો એ નદી આપણને એક કીલ્લા માફક કામ લાગશે." એટલું કહીને તેઓ પાસે જે કાંઈ ખાવાની ચિજો હતી તે ખાઇ લિધા પછી પાદશાહ અને ગેવ ઉંઘાઇ ગયા. તેવામા જંગલમાંથી ધુલ ઉડતી દેખાયાથી પાહાડો અને મેદાનો ઢકાઇ ગયાં. જ્યારે પીરાન તે નદી આગળ આવી લાગ્યો ત્યારે તે પાદશાહ તો ત્યાંથી જતો રહેલો જણાયો. નદીની પેલી બાજુએ ગેવ અને પાદ-દશાહ સુતેલા હતા ત્યારે ફરંગીસ તેઓની ચોકી કરતી બેઠી હતી તે જગ્યા-એથી ફરગીસને તુરાની સપેહ સાલારનો વાવટો જણાયાથી તેણી દોડતી ગેવ આગળ તેને એ બાબદથી ચેટાવવાને અને તે સુટેલાઓની ઉંઘને ટુકી કરી નાખવાને ગઇ. તેણી બોલી કે "ઓ દુખ વેઠનારા શખ્સ! તું ઉઠ, કારણકે આગળ નાહાસવાનો વખત આવી લાગ્યો છે. એક લશ્કરે જડપથી આપણી પુઠ ધરી છે તેથી આપણી જીંદગી ટુકી થાય એમ મને લાગે છે પેલો સેપહસાલાર પીરાનનો વાવટો દેખાય છે તે તું જો. લશકરથી ઉડતી ધુલથી જમીન પણ ઢંકાઇ ગઈ છે. તેઓ અત્રે આવી લાગશે તો તુને મારી નાખીને હમારાં દિલ તારે માટે દુખી કરશે તેઓ મને અને મારા બેટાને બાધીને રડતાં અફ્રાસીયાબ આગળ ઘસડી લેઇ જશે અને પછી હમારૂ બંધીખાનામાં શું થશે તે હું કહી શકિત નથી કારણકે ઉચાં આસમાનનો ભરમ કોઈપણ જાણી શકતું નથી" ગેવે જવાબ દિધો કે "ઓ બાનુઓની વડી! તુ તારા જીવ સાથે એટલીબધી શાને માટે દુખી થાય છે? ખસરૂને માટેનું એ સઘલું તો

---

[1] 'ગુલર જ્યુન' એ જીહુન નદીની એક સાખાનુ નામ છે અને તે નદી ખોરાસાનમાથી વહે છે.

મારે કરવાનું રહેલું છે કારણ કે એ તો જેહાનના મોટા દરજ્જાના લોકોનો જવાન પાદશાહ છે. તેના નામદારીભર્યા નસીબથી આસમાન પણ પ્રકાશ પકડે છે અને તેના તખતના પૈયાની જમીન તો ગોલામ જેવી છે. જો પરવરદેગારનુ ચાહવું હશે તો આપણે આપણું સઘલું કામ સારી રીતે પાર પાડશું. મને પાદશાહની ફીકર હોયાથી ખોદાતાલાની મદદથી એ તુરાની લશકર સાથે લડવાને હું જરાએ ડરતો નથી. માટે તુ પીરાન અને તેના લશકરથી જરાપણ ગભરાયા વગર પાદશાહ સાથે જડપ ચાલના ઘોડા ઉપર બેસી જા. તે ફતેહમંદ પરવરદેગાર મારો મદદગાર થશે તથા આસમાન મારો દોસ્ત અને તારાઓ મારી સંભાળ કરનારા થશે ૧ જો એ કામમાં ખોદા મારો મદદગાર થશે તો સેતારાઓને પણ હું મારી બગલમાં પકડશ. જીવના બક્ષનાર સાહેબના કૌવતથી હું તે સ્વારોમાંથી એકુને પણ જીવતો જવા દેવશ નહી."

કએખસરૂ બોલ્યો કે, "ઓ લડાયક પેહેલવાન! મારે લિધે તો તારૂં કામ ઘણુ મુશકેલ થઇ પડયું છે. મને બલાના પંજામાંથી છોડવવાને તું એટલો બધો અઝદાહાના દાંચામાં જઇને ના પડ. હુ પણ પેલા સિંહોને મારનારા કેઆની ઓલાદના પવીત્ર સીયાવક્ષની તોખમનો છુ. માટે હવે મને પણ લડવાને માટે મેદાનમાં આવવું જોઇએ અને તલવારથી લોહીને આસમાન તરફ ઉડતું કરવું જોઇએ" ગેવે જવાબ દિધો કે "ઓ નામદાર પાદશાહ! જેહાનનુ લોક તુંને તો તાજ સાથે જોવાને આતુર છે. જેમ મારો બાપ એક પેહેલવાન છે તેમજ હું પણ પેહેલવાન છુ, અને મે હમેશાં પાદશાહ તરફથી લડવા માટે કમર બાંધેલી છે. મારા પોતાના તો ઇઠોતેર ભાઇઓ છે જ્યારે જેહાનને તો તારા નામ હેઠલ ચાલવાનું છે. પેહેલવાનો તો ઘણા પણ મલે છે જ્યારે પાદશાહો જુજ મલે છે. પાદશાહ એટલા તો થોડા મલે છે કે હું તારાથી એકપણ વધારેને જોઈ શકતો નથી. તેથી જો હુ માર્યો જવશ તો મારી જગ્યાએ બીજા ઘણા મલશે. પણ તાજને પહેરનારા સરદાર વડે તો તાજ હોય છે. જો તું પણ અત્રેથી નાશ પામીને દૂર થાય તો પછી તાજ અને તખતને લાયકનો હું બીજા કોઇને જોતો નથી. વળી તેથી મારી સાત વર્ષની મેહેનત પણ ફોકટ જાય અને બીજું એકે તેમ થવાથી મારાં ખાનદાનને પણ એબ લાગે. માટે તુ ઘોડા ઉપર બેસવાનું પસંદ કરીને દૂરથી લશકરની હીલચાલ તપાસીઆ કર. પરવરદેગાર મારો મદદગાર થશે જો હું તારા ખોરેહના પ્રતાપથી ફતેહમંદ નિવડશ તો તમામ જેહાન

૧ એ બેતનો તરજુમો લખેલી નકલ મુજબ કીધો છે.

તારી પાંખની પનાહી હેઠેલ રહેશે." એટલું કહીને તેણે બખતંર પેહેરયું અને પાહાડ માફકના ઘોડા ઉપર બેસીને તે એક સિંહની માફક ત્યાં ગયો એક બાજુએ તે પેહેલવાન એકલો તો બીજી બાજુએ તમામ લશકર હતુ અને તેઓની વચે નદી માર્ગ રોકીને પડી હતી ત્યાથી ગેવે વસતની મોસમના વાદલ માફક એક ગરજના કરીને તે લશકરના સરદારને પોતાની સામે લડવાને પોકાર મારી બોલાવ્યો પીરાને ગુસ્સાથી ગાળો ભાંડતાં કહયુ કે, " ઓ હલકી તોખમના બેબુન્યાદ શખ્સ ! લડાઈ કરવાને માટે શું તુ એકલોજ આવ્યો છે ? હવે તુ મારા ભાલાનો જખમ જો અને પાદશાહી શકરાના શરીરને તારૂ કફન બનાવ. જો તુ લોહાના પાહાડ જેવો એક સ્વાર પણ હોય તોએ મારાં હજારો માણસો તારી ઉપર કીડીની માફક તુટી પડીને તારા શરીર ઉપરના આ બખતરનો ચુરેચુરો કરી નાખશે અને તારા પાપી શરીરને ધુલમા ફેકશે. એક ફાડી ખાનારા વાઘે એવી વાત કહી છે કે જ્યારે એક હરણની જીંદગીનો છેડો આવે છે ત્યારે જમાનો તેના દમને એવી રીતે ગણે છે ક તેને સિંહનર આગળથી પસાર થવાની ઈચ્છા થાય છે. એજ પ્રમાણે હાલે તારૂ મોત તુને મારી આગળ અને મારા આ નામદારી ભરેલા લશકર આગળ ઘસડી લાવ્યુ છે"

આથી બાધુર ગેવે તે નામદારોના સરદાર અને મોટા પેહેલવાનને પોકારીને જવાબ દિધો કે " ઓ હલકી બુન્યાદના અને દેવથી જન્મેલા તુરકી ! તારા જેવો પેહેલવાન જેહાનમા થતો નાહીં તે મને સીયાવક્ષનો કીનો લેવા માટે અત્રે આવેલો જોયો તો હતો તથા મારી લડાઈ પણ પસંદ કીધી હતી મારા હાથે તે કીનાના મેદાનમા કેટલાબધા મોટી પડવીના શખ્સોનો અને ચીનના તુરકીઓનો નાસ થયો હતો ? મે તારા સઘના ઘરોનો નાશ કીધો હતો અને મારાથી તારા જીવને નુકશાન પણ પુગ્યુ હતે વળી તારા રસાલામાથી તારી મોટા દરજ્જાની બે બાનુઓ જેઓમા એક તારી બેટી અને બીજી તારી ઓરત હતી અને જેઓ પોતાના જીવ અને શરીરને માટે ધ્રુજતી હતી તેઓને પણ કેદ પકડીને હુ ખોતનમાંથી ઘસડી લઈ ગયો હતો ને તે બુરી સુરતની તુરકી ઓરતોને જોતાજ તેઓને મારા એક કમીના ગોલામને બક્ષશ કરી દિધી હતી તે વખતે હુ ચઢતીમા અને તુ પડતીમા હતો તથા તુ નાહાસતો ભાગતો અને હુ તો નચિંત હતો. તુ તો મારી આગળથી એક ઓરત માફક પીઠ મરડીને પોકાર મારતો તથા રૂડન કરતો નાહાસી ગયો હતો. તેથી તારે તો એક ઓરતને મોતેજ મરવુ જોઇએ માટે હવે તારા પેહેલવાનોની વચે તુ તારી મરદાનગીની બદાઈ ના હાક. તારી સામે લડવાને તો ઓરતના જેવા શખ્સોજ

ધટારત છે. અક્કલવાન શખ્સો તારી તારીફ કેમ કરી શકે ? મોટા દરજ્જાના લોકો વચે તારી આએ શરમભરેલી વાતના ગીત રામશગરો સારંગીના રાગ સાથે ગાશે કે, 'ગેવ એખલો તુરાનમાં આવીને ખસરૂને લેઇ ગયો હતો.' એ રીતે તારાં નામની શરમ સાથે યાદ થશે. બીજુ એકે આ જમીનના મોટી પડવીના લોકો જેવા કે ફગફુર ૧, કયસર ૨ કે ચીનનો ખાકાન ૩ તથા કાઉસ પાદશાહના દરબારીઓ અન કુટુંબીઓ તથા સુનેરી તાજવાલા બાધુરો અને પેહેલવાનો એ સઘલાઓએ રૂસતમનીજ બેટીની ઉમેદવારી કીધી હતી અને એ સઘલાઓ પોતાના દિલમા તેણીનીજ ઇચ્છા કરતા હતા. તુસે પણ તેનો જમાઈ બનવા માટે એક શખ્સ પાસે માગુ મોકળ્યુ હતુ પણ તેહેમતને તેને ઘણો ઠપકો આપ્યો હતો તેહેમતને પોતાને લાયકનો કોઈપણ શખ્સ ઇરાનમાં નહી જોયાથી તેણે તેઓ સાથે સગાઈ કરવાથી મોઢુ ફેરવ્યુ હતું રૂસ્તમે જેહાનમાં ઘણીએ નજર દોડાવી પણ પેહેલવાનો વચેથી તેણે મરદાનગી, અક્કલ, દમામ, ખાનદાન, બક્ષેશ અને જોર ધરાવવામા મનેજ લાયક જોઇને બીજા કોઇને પસંદ કીધો નહી રૂસતમે પોતાની દિલજીત બેટી કે જેણી તેને પોતાના તાજ કરતાં પણ વાહલી હતી તે મને સોંપી અને પોતાની મોટા દરજ્જાની તે બેટી બાનુ ગોશસ્પને મારે સ્વાધીન કીધી આટલાબધા મોટા દરજ્જાના શખ્સો વચેથી તેણે મનેજ ચુંટી કાઢીને મારાં માથાને ઉચા આસમાન સુધી પુગાડયું. વળી મારી બેહેન અરમ શહેરની બાનુઓની વડી હતી તેને મેં રૂસતમને સોંપી હતી. સિંહ જેવા શખ્સ રૂસ્તમ સિવાય જેહાનમાં મારો કોઇ હરીફ ગણાતો નથી. તેથી જ્યારે હુ રૂસ્તમ સાથે કીનો લેવા આવશ ત્યારે તો તુને રૂદન કરવાની તૈયારી કરવી પડશે મારે મનથી તો આવી લડાઈ એક ખુશાલીની મેજબાની છે અને આએ મોઘી કીમતની લડાઇની ટોપી એજ મારૂ તાજ છે. મારી પાણી પાયલી તલવાર વડે હુ હમણાજ તારી નજરમાં જેહાનને અંધારી બનાવશ. જો હુ તારાં આ લશકરમાંથી એકને પણ જીવતો રાખુ તો તુ મને જેહાનમાં મરદ તરીકે ગણુનો ના. પાદશાહ ખસરૂને તો હુ ઇરાનમાં બાધુરોના પાદશાહ આગળ લેઇ જઇને ત્યા તેને નામદારીભર્યા હાથીદાંતના તખત ઉપર બેસાડશ અને તેના માથાં ઉપર દિલને સોભાવનારૂ તાજ મુકશ. પછી હું ભારી કીમતનુ બખતર પેહેરીને તુરાન શેહેરને વાઘોનું રેહેઠાણ બનાવશ.

---

૧ 'ફગફુર' એ તારતારના પાદશાહનો ખેતાબ છે.

૨ 'કયસર' એ રૂમના પાદશાહનો ખેતાબ છે

૩ 'ખાકાન' એ ચીનના પાદશાહનો ખેતાબ છે.

કંમર બાંધીને ફાડી ખાનારાં સિંહ માફક સીયાવક્ષનો ફીનો લેવા હમારા આવ્યા પછી હમો તુરાનને કે અફરાસીયાબને સલામત રહેવા દેઇશું નહી પણ તુરાનને પાણીના દરીઆ માફકનુ બનાવશું હું કેશવાદના ખાનદાનના ગોદરેજનો બેટો અને મોટા દરજ્જાના નામદારોનો સરદાર ગેવ ગણાઉ છું. ઓ બુરાં નસીબના શુમ પીરાન ! હવે તારૂ તાજ તખત કે મુલક કાંઇ રેહેશે નહી. આ હીંદી તલવાર વડે હુ તારૂ ડોકુ કાપશ, જેથી તારા બખતરને અને ટોપીને તારી ઉપર રૂડન કરવુ પડશે કારણકે હવે મારી કમન્દનો ફાંસો તારૂ મોત બનશે અને તારૂ બખતર તથા તોપી તારૂ કફન બનશે "

જ્યારે પીરાને ગેવથી આવા સખુનો સાંભલ્યા ત્યારે તેણે દિલથી ધારતી ખાધી અને જડપથી દમ લેવા તથા નેતરના ઝાડની માફક ધ્રુજવા લાગ્યો અને પોતાના મીઠા જીવ માટે નાઉમેદ બન્યો. પછી તેણે પોકાર માર્યો કે, " ઓ જેહાનને જીતનારા અને સિંહોને લડાઇમાં મારનારા સિંહ જેવા શખ્સ! ચાલ આવ કે આપણે બધે સિંહોની માફક લડીએ અને કોણ હેઠો પડે છે તે જોઇએ " ગેવ બોલ્યો કે " ઓ સિંહ જેવા પેહેલવાન ! તુંને બાધુરી સાથે નદી તરી આવવી ઘટે છે કેજેથી એક હુનરવાલો સ્વાર તારા નામદારીભર્યાં લશકર સાથે શું કરે છે તે તુ જોય. તમો લોકો છ હજાર માણસો છો જ્યારે હું ફકટ એકલો બાહ્રુર માણસ છું છતાં હુ તમારા નામદારોના ડોકાંને હેઠે નાખશ. મારો ગુરજ મારવા માટે માથાં સુધી ઉંચો થતાંજ હુ તારા સઘલા સરદારોને મારા પગ નિચે કચડશ, અને આ લશકરમાંથી એકપણ સ્વારને હું જીવતો રાખશ નહી નામદારોના સરદાર તરીકે એ સઘલું તુ હમણાજ જોશે." ૧ એમ સમજતાંજ પીરાન ઉશકેરાઈ ગયો. તેની બે આંખો પાણીથી ભરાઈ ગઈ અને તેનું દિલ પોકાર મારવા લાગ્યુ. તોપણ તેણે પોતાના ઘોડાને ઉશકેરીને તથા પગોને પોહોલા કરીને ગરદન ઉપર ભારી ગુરજ ઉઠાવ્યો. તેણે તે મેદાનમાથી નદીમા ઉતરવા આગમચ પરવરદેગારની બંદગી કીધી. તે પેહેલવાન નદી તરીને બાહાર આવ્યો ત્યાં સુધી ગેવે જરાપણ ઉટાવલ કીધી નહી. પછી જોરાવર સરદાર ગેવે (તેને ઠાપ આપવા માટે) તેની સાથે લડાઇ કરવાને બદલે પોતાની પીઠ ફેરવીને ત્યાથી નાહાસવા માંડ્યુ. ગેવે નદીથી અને લશકરથી દૂર જતાં જતાં પોતાનો લડવાનો ગુરજ ઘોડાના જીન ઉપર મુકી દિધો અને તે મોટા પેહેલવાન પીરાન આગળથી નાહાસતાં નાહાસ્તા પોતાની

૧ લખેલી નકલમા એ બેત વધારે છે

વલ આપેલી કમંદને જીન ઉપર ખુલ્લી કરી મુકી અને તે હરીફના ગેવ નજદિક આવતાંજ તથા ત્યાંની જમીન કાલી રાત માફક અંધારી થતાંજ તેણે તે પેહેલવાન ઉપર હુમલો કીધો તુ કેહેશે કે જાણે દોડતા અઝદાહે હુમલો કીધો. આથી સિંહ જેવા પીરાનને ગેવ આગળથી નાહાસવું પડયું અને બાહુર ગેવે તેની પુઠ પકડી બાહુર ગેવે પોતાની ગરદન ફેરવી અને તેના ઉપર કમંદ ફેંકીને તેને તેના ફાંસામાં પકડયો તેથી પેહેલવાન પીરાનનું માથું તેના ફાંડામાં આવી ગયુ અને ગેવે તે વાંકી કમંદને ખેંચી તેને જીન ઉપરથી ખેચી કાઢયો આથી પીરાન ઘોડા વગરનો બનીને એક કમીનાની માફક નિચે પડયો ગેવ તેને નદી કીનારાથી દૂર ઘસડી લેઇ ગયો અને ત્યાં તેણે તેને ધુલમાં ફેંકીને તેના હાથ પગો બાધી લિધા પછી ગેવે પીરાનનુ બખતર પેહેરી લીધુ અને તે પોતે ઘોડા ઉપર સ્વાર થઇને તથા તેનો વાવતો હાથમાં પકડીને ત્યાંથી ગુલર જ્યુન નદીના કીનારા તરફ ગયો જ્યારે તુરકીઓએ પોતાના સરદારનો વાવતો જોયો ત્યારે તેઓ પોકારો કરતા તથા સરનાઈ રનશીગડા તથા હીંદી ઘાંટો વજાડતાં તેની આગળ નચિંત આવ્યા ગેવે એમ જોતાંજ પોતાની ગરદન ઉપર ભારી ગુરજ ઉઠાવીને નદીમાં જોહોંકાવી જડપથી મોજાઓ ઉપરથી તરવા લાગ્યો, જેથી તેનું એવું કામ જોઇને તેનું લશકર અચરત બન્યું ૧ પછી તેણે લગામ ઢીલી મુકી તથા પાવડા ભારી બનાવીને લડવા માંડયું આથી તે બાહુરોના મગજ ધાસ્તીથી ગભરાતમાં પડયાં ભોંયે પડેલાઓથી તે મેદાન પાહાડ માફકનું બની ગયું અને એકલા ગેવથી તે બાહુરો ધાસ્તી ખાવા લાગ્યા ગેવના શરીર ઉપરના એક બાલને પણ ઈજા થઇ નહી અથવા તો તેના પેહેરણ ઉપરનો એક તાર પણ ફાટો નહી જેમ મેંઢાના ટોલાં વચે સિંહના જઇ પડવાથી નાહાસભાગ થાય તેમ સઘળા બાહુરોએ પીઠ ફેરવીને નાહાસવા માંડયુ આવું મોટું એક લશકર તેના પેહેલવાનો સાથે ગેવ આગળથી નાહાસ ભાગમા પડયાથી તે અજબ થતો ત્યાંથી પાછો ફર્યો અને નદી તરીને પેલેપાર ગયો તું કેહેશે કે જાણે તેણે લશકરનો તો સ્વપનો જોયો હોય તેમ જણાયુ. હવે તેણે પાછુ પીરાન આગળ જઇને તેના શરીર ઉપરથી તેનું માથુ કાપી કાઢવા ઈચ્છીયુ તેથી તે તેને પગે ચલાવતો અને ઘસડતો તથા તેને દુખતાં દિલ

---

૧ તુરકી સીપાઇઓએ ગેવને પીરાનના બખતરમા તથા પીરાનના વાવતા સાથે જોયો ત્યારે તેઓ ઠગાઈને તેને પેહેલા પીરાન સમજ્યા હતા, અને તેથી જ્યારે તેણે લડવાને માટે ગુરજને ઉચકયો ત્યારે તેઓ અજબ થયા કે પીરાન પોતાના લશકરની સાથે એવી રીતે કેમ વરતે છે.

સાથે દોડાવતો પાદશાહ આગળ લઇ ગયો. તેવી ખુવારી ભરેલી હાલતમાં પીરાન ફીક્રા ગાલો સાથે અને સોગભર્યાં દિલ સાથે રડવા લાગ્યો પછી ગેવે પગે ચાલતો ખસરૂની આગળ આવીને જમીનને બોસો લેઈ પાદશાહ ઉપર દુવા કરતાં કહયું કે " આ બેવફા શખ્સનું બુરૂ શરીર અઝદાહના મોઢામાં કેદ પકડાયુ છે સીયાવક્ષે એનાજ કેહેવા પ્રમાણે ચાલી પોતાનુ ડોકુ ખોહયું છે જ્યારે તેનો નાગ થયો છે ત્યારે તો એનો પણ નાશ થવો જોઇએ" પણ પીરાને રડતાં રડતા જમીનને બોસો લેઇને પાદશાહ ઉપર દુવા કરીં કહયું કે, " ઓ તપાસના કરનારા, અક્કલવાન અને માણસોના ટોલા વચ્ચે પ્રકાશતા સુરજના જેવા પાદશાહ ! તુ મારા દુખ અને ગમથી તથા તારે માટે પાદશાહની સાથે મે જે તકરારો કીધી તેથી વાકેફ છે. તરેહવાર યુક્તિ વાપડીને અને તકરારો કરીને મે તુને અને તારી માયને તે દેવના પંજામાંથી છોડાવ્યા હતાં વળી હુ સીયાવક્ષને માટે કેવાં લોહીના આંસુઓ પાડુ છુ તે તો સઘલુ ફરંગીસ જાણે છે જો તારો ગોલામ પાદશાહ અફ્રાસીયાબની દરબારમાં હતે તો સીયાવક્ષના આ જેહાનમાથી નાશ પણ થતે નહી ? વળી જો હુ ઓચિંતો અફ્રાસીયાબની દરબારમા આવી લાગ્યો હતે નહી તો ફરંગીસ પણ ધુલમાં ડટાયલી હતે ? માટે તારે તો મને તારા દમામ અને ચડતા નસીબને સબબે આ અઝદાહ જેવા શખ્સના પંજામાથી છુટો કરવો ઘટે છે"

ફરંગીસે પીરાનને ગેવના હાથમાંથી છોડાવ્યો તે વિષે.

તે પેહેલવાન જેવો પાદશાહ તેને શુ હોકમ ફરમાવે છે તે જોવાને ગેવે તુરતજ કએખસરૂ તરફ નજર કીધી તેણે ફરંગીસને પણ આસુભરી આંખો સાથે અફ્રાસીયાબ ઉપર મોઢેથી લ્યાનત વરસાવતી જોઇ તેણીએ તુરતજ ગેવને કહયું કે, " ઓ નામદાર ! તે લાબી મુસાફરી કરતાં ઘણુ દુખ વેઠીયું છે, તોપણ તુ જાણ કે આએ બુઢાં માથાવાલો પેહેલવાન અક્કલવાલો અને પ્રકાશતો આત્મા ધરાવનારો છે માર્ગના દેખાડનારા પરવરદેગાર પછી એણેજ હમુને માર્યા જતા છોડાવ્યા છે, હમારી તરફ મોહોબત ધરાવી હમારા જીવની આડે આવનાર એજ હતો અને એ સઘલુ તેણે કીધેલુ હોવાથી હાલે તે પોતાનો જીવ માગી લે છે માટે ઓ નામદાર ! હાલે તુ હમારે ખાતર એને માફ કર કારણકે એ કાઇ હમારા બુરામા ભાગ લેનારો નથી તેથી તેને

---

૧ લખેલી નકલમા એ બેત વધારે છે

માફ કરવું લાયક છે; માટે તું મારે ખાતર એની સાથે ખુરાઇ ના કર. ત્યારે ગેવે તેણીને જવાબ દીધો કે, "ઓ બાનુઓની સરદાર! તું ખુશાલી સાથે અને પ્રકાશતા આત્મા સાથે જીવવું કરજે. મે ચંદ્રના તથા તાજ અને તખતના તથા નામદાર પાદશાહના સખત સોગંદ લીધા છે કે કીનો લેતાં જ્યારે પણ હું તે (પીરાન) ને મારે હાથ પકડશ ત્યારે તેના લોહીથી આ જમીનને લાલ બનાવશ." ત્યારે કએખસરૂ બોલ્યો કે, "ઓ સિંહ જેવા શખ્સ! તું તારાં રવાનને યઝદાંના સોગંદથી ફેરવ ના. તું હાલે તારાં દીલને સોગંદ પાળીને હીંમત આપવા ફકટ તેના કાનમાં ખંજરવડે આંધરૂં પાડ. જયારે તારાં ખંજરવડે જમીન ઉપર તેનું લોહી ટીપકાશે ત્યારે તુને દયા સાથે કીનો લીધેલી વાતની યાદ રહેશે." ગેવે તે પાદશાહનુ દીલ પણ પેહેલવાન પીરાન તરફ ગરમ જોવાથી તથા તેના ગાલોને શરમના આંસુથી ભરેલા દીઠાથી તે બોલ્યો કે, "ઓ પાદશાહ! તું તારાં દીલને ખુશી રાખ અને એ કામ માટેની બેચેનીમાંથી તું તારાં જીવને મોકલો કર. મારા જેવા હજારો માણસો તારી ઉપર ફીદા હોજો અને પરવરદેગાર તરફથી તુંને અક્કલ રવા થજો" તેના એમ બોલવાથી પાદશાહનો ચેહેરો ખીલી રહયો અને તેના હસવાથી તેનું તખત દીપી રહયું કએખશરૂએ ગેવને કહયું કે" ઓ ભલાં દીલના પેહેલવાન! તુ તારાં દીલની મરજી મુજબ જાવેદાન સુધી જીવવુ કરજે." એમ કહી તેણે પીરાન આગળ જઇને ખંજર વડે તેનો કાન વીંધ્યો અને એ રીતે સોગંદ પાળીને તનદરોસ્તીનો વધારો સોધ્યો.

ત્યારબાદ પીરાને પાદશાહને એ પ્રમાણે કહયું કે "મારામાં મારા લશકર આગળ પગે ચાલીને જવાની શકિત રહી નથી. માટે તું ગેવને ફરમાવ કે તે મને મારો ઘોડો પાછો આપે અને તે એમજ જાણે કે તેણે મારા જીવ સાથે મારી બીજી ચીજો પણ મને પાછી બક્ષી છે." આથી તુરતજ તે બાહુર પાદશાહે ગેવને કહયું કે, "ઓ સિંહ જેવા શખ્સ! તું મારે ખાતર તેને તેનો ઘોડો આપી દે." આથી ગેવે પીરાનને કહયું કે, "ઓ લશકરના પેહેલવાન! હવે તું લડાઇમાં આવો નરમ કેમ બની ગયો. તું તો બોલતો હતોની કે 'માર જેવો એકપણ સ્વાર જેહાનમાં અંનજુમન વચેથી મલશે નહિ'. તું તો તુરકીઓનો અને સિંહ જેવાઓનો સપેહ સાલાર છે અને લડાઇ કરવામાં તું તો ઇરાનનો હરીફ ગણાય છે. તે છતાં હાલે તો તુ મારી આગળ બંધાયલો અને આંખમાં આંસુઓ સાથે પડેલો છે અને હવે તારી નામદારી, શરમ, જોર કે ગુસ્સો કાંઇ રહયું નથી. હવે તો તું ઓરતોની માફક રૂડન કરીને શરમ ભરેલી

રીતે પાદશાહ પાસે રહીને આશરો માંગે છે. જો તું આ જડપ ચાલનો ઘોડો માગતો હોય તોપણ હું તારા બંધે હાથોને તો મજબુત બાંધેલાજ રાખશ. માટે તું એક સખત સોગંદ ખાએ અને સોગંદ પ્રમાણેજ તું તારા બાંધેલા શરીરને છુટું કરાવે તો તેવા સોગંદ ખાવાથી તુને તારો ઘોડો પાછો મલશે. પણ હું તો તારા બધે હાથોને મજબુત બાંધી લેવાનો¹ તેથી હુ એવી કબુલાત માંગુ છુ કે મારા એ બાધેલા ગાઠ તારી ઓરત ગુલશેહેર શિવાય બીજો કોઇપણ શખ્સ છોડે નહી કારણકે તેણી તારી ઓરતોમાં વડી હોવાથી તારાં મગજ અને પીઠને તેણીની મદદ સિવાય બીજા કોઈની મદદ હોવી જોઇએ નહી" તે પેહેલવાને એમ કરવાને કબુલ કીધુ અને તેણે પોતાનો ઘોડો તથા જીવ પાછો માગી લેવાને એવા સોગદ લિધા કે "આ મારા બંધના ગાઠો છોડવામાં ગુલશેહેર સિવાય માર્ગના દરમીયાનમાં બીજો કોઇ મને મદદ કરશે નહી" આથી તેણે તેનો ઘોડો પાછો આપ્યો અને તેના બે હાથો બાંધીને તેને ઘોડા ઉપર બેસવા ફરમાવ્યુ ફરંગીસે તથા ખુબસુરત કએખસરૂએ પીરાનને માયા સાથે બગલગીરી કીધા પછી ખસરૂએ તેને કહયુ કે "તુ અત્રેથી વિદાય થા અને જેહાનની સાથે તુ કાપડના આડા ઉભા દોરાની માફક વણાયલો બનજે જો પરવરદેગાર મને ઇનસાફ આપશે તો મારાથી મારા જીવ અને આત્માને દલગીરી લાગશે નહી" પીરાન પાદશાહને તથા પેહેલવાન ગેવને દુવા દઇને ત્યાંથી રવાના થયો એક તરફથી પેહેલવાન પીરાન ત્યાથી વિદાય થયો કે બીજી તરફથી પાદશાહ, ફરગીસ અને ગેવ આગળ વધ્યા

અફ્રાસીયાબ કએખસરૂની પુઠ પકડવાને ગયો તે વિષે.

જયારે અફ્રાસીયાબ લશકરથી એ બાબે વાકેફ થયો ત્યારે તેને મનથી પ્રકાશનો સુરજ કાલો બની ગયો. તેણે કુચના રનશીંગડા અને પરગમ વજડાવ્યાં અને લશકરને ઘોડેસ્વાર બનાવીને ત્યાંથી આતશની જડપે કુચ કીધી તે બબે મંજલ એકી વખતે કાપવા લાગ્યો અને જાણે કમાનમાંથી છુટી ઉડતા તીરની જડપે તે ત્યાં તેમની પુઠે આવી પોહોંચ્યો. જયારે તે ગુલબાદ અને તેના લશકર સાથે થયલી લડાઇવાલી જગ્યાએ લશકર સાથે આવી લાગ્યો અને ત્યા તેણે તમામ જમીન ઉપર તેના લશકરને વેરવિખેર પડેલુ દીઠું તથા દરેક ઠેકાણે મુરદાઓનાં ઢગ જોયા, ત્યારે તેણે પુછયું કે "આવી

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે

લડાઈ કરવાને માટે ઇરાનનો કયો પેહેલવાન પોતાના લશકર સાથે આવ્યો હતો ?" આવા મોટાં લશકરને આવી હાલતમાં કોણ છોડી ગયો, તે બાબેની બાહાદુરોમાંથી કોઇને પણ ખબર હતી નહી. વળી તેણે પુછ્યુ કે " તે દેવજાદાને કોણે એવી ખબર આપી કે અત્રે સીયાવક્ષની ઓલાદ હસ્તી ધરાવે છે અગરજો પરવરદેગારે તેને પણ ધુલ બનાવ્યો હતે તો હુ મારી આખોથી આવો વખત જોતે નહી " સપેહરમ બોલ્યો કે " જ્યારે તું નચિંત હતો અને જ્યારે તારૂ દિલ લશકરને માટે દુખી હતું તે વખતે કોઇ ગોદરેજનો ગેવ નામનો બેટો એ લશકરને માટે પુરતો થઇ પડયો હતો. તેની સાથે મે કોઇપણ સ્વારને આવેલો જોયો નથી તેની લડાઇથી તમામ સ્વારોમાં ધાસ્તી બેઠાથી ગેવ, ફરંગીસ અને પાદશાહ અત્રેથી એમ જતાં રેહેવા પાંમ્યાં છે." જ્યારે અફ્રાસીયાબે એમ સમજયુ ત્યારે તેના મોઢાંનો રંગ ફીકકો થઈ ગયો અને ફરતા આસમાનથી તેનુ દિલ દુખી થઇ પડયું તેણે જવાબ દિધો કે " મેં જે વાત દાનાવોથી કાનેકાન સમજી હતી તે હવે બનતી જાય છે જ્યારે પરવરદેગાર કોઇને સારા નસીબનો બનાવે છે ત્યારે તે તેને વગર મહેનતે તખત ઉપર બેસાડે છે." જ્યારે પાદશાહ સપેહરમની એ વાત સમજતો હતો તેટલામાં એક લશકર તેની નજદિક આવતું દેખાયુ તે લશકરનો સરદાર પીરાન હરોલમાં ચાલતો હતો અને તેનુ માથુ, ચેહેરો અને ગરદન લોહીથી ખરડાયલાં હતા. આથી અફ્રાસીયાબે એવી તર્ક બાંધી કે પીરાને ગેવને પકડયો હશે અને ફતેહ પાંમીને તે લશકરની હરોળમાં જડપથી ચાલતો હશે.

જ્યારે પીરાન ઘણો નજદિક આવી લાગ્યો ત્યારે તેના તરફ નજર કરતાં તે લશકરનો સપેહસાલાર પાદશાહને ઘણોજ ઘાહેલ થયલો જણાયો. તેણે તેના બે હાથો પછવાડેથી જીન સાથે બાંધી લિધેલા તેમજ તેને પોતાને જીન સાથે મજબુટ બાંધી લિધેલો દીઠો. આથી તેણે અજબ થઇને તેને પુછપરછ કીધી અને ગમગીન બનીને વિચાર કરવા લાગ્યો અને બોલ્યો કે " તે જનુની સિંહ જેવો ગેવ કાઈ ફાડી ખાનારૂ વરૂ કે વાઘ નથી " પીરાન બોલ્યો કે " ઓ પાદશાહ ! લડાઇની શફ વચે ગેવની માફકનો એકલો લડનારો શખ્સ બીજો કોઇ હશે નહી. મે તેનાથી જે જોયુ છે તેવું કોઇ બાહાદુર અનુભવી માણસે વરૂઓ અને સિંહોથી પણ જોયું હશે નહી લડાઇને વખતે તે જેવી રીતે હુમલો કરે છે તેવી રીતે જોતાં તો તેની ધાસ્તી ખાઇને દરીઆમાંનું મગર પણ બલી મરે તે પેહેલાં લુહાડના હથોડાની માફકનો ભારી ગુરજ પકડીને આવ્યો. મારી પડતીના વખતમાં તેનો ઘોડો, તેના પગ, તેના પાવડા અને તેની ગરદન સાથે તે એક ચઢીયાતો સ્વાર માલમ પડયો. તે એવા ફટકા

મારતો અને આપણા પેહેલવાનોને તે એવી રીતે મારી નાખતો કે જાણે તેને આપણા માણસોને માટે કાંઈ વિચારજ આવતો હતો નહી. વાદલમાંથી વરસાદ નહી વરસી શકે તેથી વધારે જડપે તેની તલવાર ડોકાંઓનો વરસાદ વરસાવતી હતી. જાણે તે બાગમાં હોય તેમ તે જીન ઉપરજ ઉંઘાતો હતો તું કહેશે કે જાણે તે એક પાહાડનોજ જોડીઓ બન્યો છે તે હરપળે એટલો બધો તો જોશમાં આવતો હતો કે તે નવેસરથી એક બુમ પાડતો હાથી બની જતો હતો [1] આખરે મારૂં સઘલું લશકર તેને જોઇને ત્યાંથી નાહસવા લાગ્યું અને મારા સિવાય બીજુ કોઇ તેની સામે કીનો લેવાને ગયું નહી તેણે પેહેલાં તો મારી આગળથી નાહાસવા માંડીયું અને પછી તેણે કમંદ ફેંકીને મને નિચે તોડી પાડયો અને મારી કંમરને સીકરી લીધી. આથી મારી અક્કલ અને હુશીયારી તથા મારૂં શરીર અને મારી ગરમી જતી રહી. પછી તેણે ઘોડા ઉપરથી ઉતરી પડીને મારા બે હાથોને બાધી લિધા અને મને જીન ઉપર નાખીને તેં ઉપર તે પણ ચઢી બેઠો અને તેજ ખુવારીભરી હાલતે તે મને ખસરૂ આગળ ઘસડી લેઈ ગયો અને તેણે મારા જીવને માટે એક નવેસરનો બળાપો ઉમેરીયો. તે તો મારૂં ડોકું શરીરથી જુદું જ કરવા માંગતો હતો પણ ફરંગીસ તુરતજ મારી મદદે આવ્યાથી તેણે મારૂં ડોકું કાપ્યું નહી પણ મારો કાન વિંધ્યો અને ગુસ્સામાં આવીને મારા બે હાથને બાંધ્યાં તેણે મને મારા જીવના, પાદશાહના માથાના, સુરજ તથા ચંદ્રના, આપ અખત્યાર ખોદાના અને તખત તથા તાજના સખત સોગંદ આપ્યા અને મેં જ્યારે મારાં નસીબને ઉંધુ વલતુ જોયું ત્યારે મે તેમ સોગંદ ખાધા કે 'ફકટ મારી ઓરત ગુલશેહર સિવાય કોઇપણ શખ્સ મારા હાથને છોડે નહી' મારૂ માથું અને પગો થોડા વખત સુધી તેની કમંદમાં બંધાયલા રહયા અને બીજે વખતે તેણે મને સોગંદથી બાધી લિધો. આટલાબધા સ્વારોની સામે તે એકલો હતો એ ઉપરથી જણાય છે કે આએ જમાનો આપણી સાથે કીનો ધરાવે છે. આસમાનનો ભરમ શુ છે તે હું જાણુતો નથી. તે પોતાની પવિત્ર માયા મારા ઉપરથી છીનવી લેવાને ઇચ્છતું હશે" જ્યારે અફરાસીયાબે તેનું એ પ્રમાણેનુ કહેવુ સમજ્યું ત્યારે ગુસ્સાથી તેની આંખોમાં આંસુઓ આવી ગયાં અને તેણે બુમ પાડીને તેને પોતાની આગળથી હાંકી કાઢયો. પીરાન ત્યાંથી ખસીને દૂર મુગો ઉભો. ત્યાર પછી અફ્રાસીયાબના મગજમાં પવન ભરાયો અને તે ગાલ દેવાને અને સોગંદ ખાવાને માટે હોટ ખોલી બોલવા લાગ્યો કે "અગરજો ગોદરેજનો બેટો ગેવ અને

---

૧ લખેલી નકલમા એ બેત વધારે છે.

પેલો દેવજાદો કએખસરૂ ગરજના કરતું વાદલ યા તિક્ષણ ફુકતો પવન બનશે તોપણ હું તેમણે ઉંચા આસમાન ઉપરથી નિચે ખેંચી કાઢશ." એટલું કહી તેણે તલવાર ઉપર હાથ નાંખીને તે વડે તે પીરાનના બાંધેલા ગાંઠો ખોલી નાખતાં બોલ્યો કે "હવે હું કીનો લેવાને આએ પોલાડની તલવારને ઉચકશ: અને તેઓનો નાશ કરશ. હું મારી તિક્ષણ તલવાર વડે તેની કંમર કાપી કાઢશ અને માછલીઓને ખાવાને માટે (નદીમાં) નખાવશ, કે જેથી તેઓ તેના ટુકડે ટુકડા કરશે. પછી કએખસરૂ અને ઇરાન તેની ગમે એટલી સોધ કરશે અને ફરંગીસનો ઘોડો તેની સોધમાં ગમે એટલો દોડશે તો શું થયુ. જેવી હું ફરગીસને મારા કબજામાં લાવશ તેવીજ હું તેણીની આંખોમાં જેહાનને અધારી અને તગ બનાવશ." ત્યાર પછી પીરાન ગમગીન બનીને ખોતન તરફ ગયો અને તે બુલંદ દરજાનો પાદશાહ અફરાસીયાબ ત્યાંથી આગળ વધ્યો. તે પોતે પોતાના સરદારો સાથે જીહુન નદી તરફ ગયો અને ગુસ્સાથી પોતાના પોશાકની કોરને લોહીમાં બોરી કાઢી. તેણે હોમાનને ફરમાવ્યું કે "તુ અત્રેથી તે નદીના કીનારે જડપથી જઇ પુગે ત્યાં સુધી તારી લગામ ખેંચતો ના. કારણકે જો ગેવ અને કએખસરૂ નદી ઓલગી જશે તો આપણી સઘલી મેહેનત આપણે હાથથી બરબાદ ગયલી જણાશે. થોડા વખતની વાત ઉપર ફગની લોકોએ જે સઘલુ કહયુ હતું કે 'તુર અને કએકોબાદની તોખમથી એક પાદશાહ જનમશે તે તુરાનની જમીનને કાંતાવાલી વેરાન જગ્યા બનાવશે અને આ જમીન ઉપરના એક પણ શેહેરને રેહેવા દેશે નહી, તથા તેનું દિલ માયા સાથે ઇરાન તરફ ઘળશે અને તુરાન તરફ પોતાનો કીનાભર્યો ચેહેરો દેખાડશે. વિગેરે એ સઘલી વાત જે સાચા લોકોએ કહી હતી તેની નિશાણી હાલે ખરી પડે છે."

પેલી તરફથી ગેવ અને ખસરૂ જીહુન નદીને કીનારે જઇ પુગ્યા. તેઓને તે નદી જડપથી પસાર કરવાની હોવાથી તેઓએ તોલ ઉગરાવનારાઓ સાથે તકરાર કીધી કે, "તોલ ઉગરાવવાની જગ્યાએ વાહાન કયાં છે? તથા ઘોડાઓ કયાં છે? કારણકે આ ઘોડા ઉપર ભપકાથી જવાન બેઠેલો સ્વાર કએખસરૂ પોતે છે." આથી તે તોલ ઉગરાવનારે ગેવને જવાબ દિધો કે "વેહેતા પાણી આગળ એક ચાકર યા પાદશાહ કોણ થાય છે? હું જે કાંઇ તારી પાસેથી માંગુ તે તારે મને જલદીથી આપવું પડશે તોજ તારાથી આ જીહુન નદી જડપથી પસાર કરી જવાશે જો તુંને આ નદી પસાર કરવીજ હોય તો તારે આ વાહાનને સલામી પુગાડવી પડશે" ગેવ બોલ્યો કે, "તારે જે માંગવું હોય તે માંગી હમુને પસાર કર; કારણકે હમારી પુઠે આવતું લશકર નજદિક આવી

પુગ્યું છે." જ્યારે તે તોલ ઉગરાવનારે તેની એવી વાત સમજી ત્યારે તેણે ગેવ તરફ તુંદાઇથી નજર કરીને કહયું કે, "મને તારી પાસેથી તોલ કાંઇ જોઇતો નથી પણ મને તો આ ચાર ચિજમાંથી એક ચિજ જોઇએ છે મને તો તારી પાસેથી આ બખતર નહી તો આ કાલો ઘોડો અથવા તો આ દાસી, નહી તો આએ ચદ્રના જેવો ચાકર જોઇએ છે" ગેવે તેને કહયું કે, "એ વગર અક્કલના શખ્સ! તુને આવી વાત કરવી ઘટારત નથી જો એ શેહેનશાહ પાશે હાલે કાંઇ શેહેરો હતે તો તુને તે જમીનમાંથી કાંઇ હીસ્સો મલતે એવો તે તુ કોણ છે કે પાદશાહ જેવાની માંગની કરે છે? તું તો તેના આ ઘોડા આગળ પણ એક કમીના જેવો છે બીજુ શુ તુ ચદ્રના તાજ જેવી ગણાતી આ પાદશાહની માતાને તોલના બદલામા માંગે છે? ત્રીજુ એ કે આ કાલા રંગનો બેહેજાદ ઘોડો કે જેની આગળ કાંઇ અસાધારણ દિવસે દરીઓ પણ પવન જેવો લાગે છે તેની શુ તુ માંગણી કરે છે? ચોથુ તારી આ બખતરની માગણી પણ વગર ફાકટની છે ગાડવાલા બખતરો તો ઘણાએ ધરાવે છે પણ આવુ પાણીવાલુ બખતર કોઇથી બનાવી શકાતુ નથી કારણકે તેની ઉપર આતશની પણ અસર થતી નથી માટે આ નદી પસાર કરાવવા સારૂ તુ નેજો કે હીંન્દી તલવાર કે તીર એવુ કાંઈ કાય નહી માગતો? જ્યારે વાહાન તારૂ છે તથા આવી રીતનો સખ્ત રસ્તો તારો છે તો પાણી હમારૂં છે" પછી ગેવે કેખસરૂને કહયું કે, જો તું ખરો કએખસરૂ હશે તો આપણીથી તુ જુમી સિવાય બીજુ કાંઇ જોશે નહી. ફરીદુન પણ અરવદ નદી એમજ પસાર કરી ગયો હતો અને એ રીતે તેણે ઉચી પડવીના તખતને દિપતું કીધુ હતુ[1] અને તમામ જેહાન તેની ચાકર બની હતી કારણકે તે ફરીદુન ખોરેહ અને દમામનો ધરાવનાર હતો તુ પણ ઇરાનનો પાદશાહ છે ત્યારે તુ વિચાર શુ કર્યા કરે છે? તુ પણ બાહુરો અને સિહોનો મદદગાર છે. વળી તું દમામ-

---

૧ ફરીદુન જ્યારે ઝોહાકની સામે લશકર લેઇને લડવાને આવ્યો હતો ત્યારે માર્ગમા તેને અરવદ નદી પસાર કરવાની હતી આ નદીના રખેવાલ પાસે ફરીદુને પોતાને માટે તથા લશકરને માટે વાહાનોની માગણી કીધી હતી, પણ તે રખેવાલ ઝોહાકની તરફેનદારી કરનારો હોવાથી તેણે વાહાના આપવા ના પાડયુ હતું આથી ફરીદુને તેની કાઇપણ દરકાર કીધા વગર પોતાના ઘોડાને પાણીમા હોમાવ્યો હતો જેનો દાખલો તેના સર્વે લશકરે ઉચકી લિધો હતો અને એ પ્રમાણે તે અરવદ નદીને સહી સલામત રીતે લશકરની સાથે તરી જઇને પેલે પાર પુગી ગયો હતો,

વાલો, સીધાં શરીરનો અને તખતને લાયકની ખુબસુરતી ધરાવનારો છે માટે તું આવાં તોફાની પાણી ઉપરથી કેમ નહી રસ્તો પમાર કરશે ? જો હું ડુબી જાઉ યાતો તારી માતા દુખી જાય તોપણુ એ કીનારા વગરની નદી તારાં માથાંને તો ટેકવી રાખશે. હાલે પાદશાહી તખત નકામુ પડેલું હોવાથી જેહાનમાં મને તો તારે માટેનીજ ફીકર છે. વળી મને મારી માતાએ તારે માટેજ જનમ આપેલો છે માટે તું આ ઘોડા માટે તારાં દિલમાં જરાએ દગદગો ના રાખ કારણકે હું ચોકસ છુ કે અફ્રાસીયાબ આ નદી કીનારા આગળ જડપથી આવી લાગશે. ઓ પાદશાહ ! જો તે મને ખુવારે હાલ જીવતો ફાસીએ લટકાવવાને ધસડી જશે તો તે તુને પણ ફરંગીસ સાથે પાછો લેઇ જશે તે તમુને માછ્લીઓનો ખોરાક બનાવવાને પાણીમાં ફેંકાવશે અથવા તો ઘોડાઓની નાલ નિચે કચડાવશે.”

કએખસરૂ બોલ્યો કે “ જો એટલુજ બસ હોય તો હું ફરીયાદના સાભળનાર પરવરદેગારની મદદ ચાહું છુ ” એટલુ બોલી તે માર્ગ કાપનાર ઘોડા ઉપરથી નિચે ઉતર્યો અને મોટેથી બંદગી કરવાને માટે પોતાનું માથુ ધુલ ઉપર નાખીને બોલ્યો કે “ ઓ ખોદા ! તુ મારો મદદગાર છે તથા તુજ મને ઇનશાફનો આપનાર અને માર્ગનો દેખાડનાર છે તેથી તુ આ પાણીમાં હમારા જીવનો બચાવનાર થજે અને જમીન ઉપર તુ મારો રાહબર બનજે તારી પાખના છાયાથીજ આત્મા અકકલવાલો બને છે, અને તારા દમામથીજ નરમાશ અને સખતાઇ મલે છે ” એટલું બોલીને તે પાદશાહ પાછો કાલા ઘોડા ઉપર સવાર થયો અને તે ઘોડાને પાણીમાં ઉતારી તોલ લેવાની જગ્યાએથી જેમ વહાન ચલાવે તેમ તેને તેરવી લેઇ ગયો ફરગીસ અને બાધુર ગેવ પણ તેની પુઠેજ રહયા અને એ પ્રમાણે તેઓ જીહુન નદીના પાણીમાંથી બાહાર પડયા તેઓ ત્રણે સહીસલામત પેલે કીનારે જઈ લાગ્યા, ત્યા જતાંજ જેહાનને સોધનાર ખસરૂએ પોતાનુ શરીર માથાવેરથી ઘોઇને પછી તેણે એ બાબે બંદગી કરવી સરૂ કીધી અને પરવરદેગારની તારીફ ગાઇ તથા તે સાથે ત્યાંનાં જંગલોની અને આબાદ મુલક તથા મુબારક જમીનની તારીફ ગાઇ ૧ જયારે તે ત્રણે નદી પસાર કરી ગયાં ત્યારે તે વાહાનવાલો ઘણોજ અચરજ બન્યો અને પોતાના મદદગારોને કહયું કે, “ આએ અજબ જેવી બાબદની કાઇપણ હદ નથી. વસંતની મોસમમાં જીહુન જોરાવર નદી ગણાય છે જેમાંથી ત્રણ ઘોડા, ત્રણ બખતર, અને ત્રણ ઘોડાના બખતરના ભાર

૧ એ બેત લખેલી નકલમાં વધારે છે.

સાથે આવી ઉંડી નદી પસાર કરી જવાથી તેઓ લોકોની વચે અક્કલવાળા ગણાય નહી." પછી તે વાહાનવાલો પોતાની કાચી વાત માટે પસતાવે કરવા લાગ્યો અને આવા કામથી પોતાના ધંધાનો નાશ થયલો જોયો. આથી તેણે પોતા પાસે જે કાંઈ ચિજો હતી તેનાથી પોતાનું વાહાન બરીને તેના સઢ હવામાં ખોલ્લા કીધા અને તે પસતાવો કરતો પાદશાહ આગળ આવ્યો. નદીને કીનારે આવી લાગતાંજ તે તમામ હદીઓ તથા કમાન, કમંદ અને લશકરી તોપીઓ વિગેરે પાદશાહની નજદિક લેઈ ગયો. ગેવે તેને કહયું કે, "ઓ કમઅક્કલના કુતરા! તુ તો એમ કેહેતો હતો કે એ પાણી માણસોને ઘસડી જાય છે. જ્યારે આ મોટી પડવીનો અને મોટા ખાનેદાનનો પાદશાહ નદી કીનારે આવ્યો[૧] ત્યારે તેણે એક દરબારી માણસની માફકનું તોલ આપીને તારી પાસેથી એક વાહાનની માંગણી કરવા છતાં તેં તેને વાહાન આપ્યું નહી. હવે તારો હદીઓ હમુને જોઇતો નથી. કીનાનો વખત આવી પુગશે ત્યારે તુંને આજના દાહાડાની યાદ રાખવી પડશે." આથી તે નદીનો રખેવાલ પોતાના જીવને છેલ્લી સલામ કરતો ત્યાંથી ઘણોજ હીનાયલો પાછો ફર્યો. જેવો તે તોલની જગ્યા આગળ આવી લાગ્યો તેવુંજ ત્યાં તુરાની લશકર પણ આવી લાગ્યું જ્યારે અફ્રાસીયાબે નદી આગળ આવીને ત્યાં પાણી ઉપર કાંઈ વાહાન કે માણસ કાંઈ નહી જોયું ત્યારે તેણે તોલના ઉગરાવનાર તરફ તુંડાઇથી પોકારીને પુછયું કે, "પેલો દેવ આ પાણી ઉપરનો રસ્તો કયારે પસાર કરી ગયો?" તોલ ઉગરાવનારે જવાબ દિધો કે, "ઓ પાદશાહ! મારો બાપ તોલ ઉગરાવનાર હતો તેમ હું પણ તોલ ઉગરાવનાર છું. તોએ કોઇએ પણ નદીના પાણીને જમીનની માફક પસાર કીધાં હોય એમ મેં કોઇ દાહાડે પણ સમજ્યું નથી યા જોયું પણ નથી. હાલે વસતની મોસમ છે અને નદીમાં જોરાવર મોજા ઉછલે છે, અને જો કોઇ અંદર ઉતરે તો તેનાથી તેમાંથી બચી પણ શકાતું નથી. છતાં આવા પાણીમાંથી તે ત્રણે સ્વારો રસ્તો પસાર કરી ગયા છે. તું કહેશે કે જાણે તેઓ પોતાની બગલમાં હવા ધરાવતા હતા અથવા તો તેઓને ગોયા પવનમાંથીજ જન્મેલાં પરવરદેગારે માણસોની વચે મોકલ્યાં હતાં." જ્યારે અફ્રાસીયાબે એમ સમજ્યું ત્યારે તેનો ચેહેરો ફીકકો થઇ ગયો અને તેણે દિલમાંથી થંડી હાએ મારી. પછી તેણે હોકમ ફરમાવ્યો કે "ઉટાવલ કર અને વાહાનોને પાણીમાં ઉતાર અને જો કે તે નાહાઠેલાં કયાં સુધી જઈ પુગ્યાં છે? તેઓ ત્યાંથી જતાં રહયાં છે કે સુવાને માટે ત્યાં

---

૧ એ બેતનો તરજુમો લખેલી નકલ મુજબ કીધો છે.

યોભ્યા છે ? તું ઉટાવલ કર કે જેથી આપણે તેઓને પકડી શકીએ. તું તારા મછવામાં ઉતરીને અત્રેથી જલડી વિદાય થા." હોમાને અફરાસીયાબને કહયુ કે "ઓ પાદશાહ ! તું જરા વિચાર કર અને તારી છાતીમાં કીનાના આતશને એમ ના સલગાવ. શું તુ એ સ્વારોની પુઠે ઇરાન જવા માંગીને ગોદરેજ પીલતન રૂસતમ, તુસ અને લશકરને તોડનારા ગુરગીન જેવા સિંહોના દાચાંમાં અને પ જામા જઇ પડવા માંગે છે ? શું તું તારાં તખતથી ધરાઈ ગયો છે કે અત્રેથી તે સિંહોના ફાડામાં જઇ પડવા માંગે છે ? આએ નદી આગળથી તે ચીન અને માચીન સુધીની જમીન તારી છે અને એ જમીન ઉપર પ્રકાશતા સુરજ, ચંદ્ર, સનીશ્વર અને પરવીન સેતારા તારા ગણાય છે. માટે તું તુરાનની તથા તારા મોટી પડવીના તખતની સભાળ કર હવે આપણને ઇરાનથી કાંઇપણ નુકસાનની ધાસતી રાખવી જોઈતી નથી." આથી અફરાસીયાબને લોહીથી ઉકળતાં દુખી દિલે ત્યાંથી પાછુ ફરવુ પડયું અને એ બનાવ બન્યાને લાંબો વખત પણ વહી ગયો.

કએખસરૂ, ગેવ અને ફરંગીસ ઈરાન જઇ પુગ્યાં, અને તેઓને લેવાને માટે ગોદરેજ સાંમે ગયો તે વિષે.

જ્યારે કએખસરૂ ગેવની સાથે ઝમ શેહેર આગળ આવી લાગ્યો ત્યારે તેને જોઇને જેહાનનુ લોક ખુસી થયું તેમ દલગીર પણ થયું. ગેવે એ ખુશ ખબર માટેના કાસદોને દરેક ઠેકાણે દોડાવી મુકયા અને તેણે બાધુર પાદશાહ (કાઉસ) ઉપર પણ એક નામુ લખ્યું કે "સાહજાદો ખસરૂ કે જે નામદાર કએકોબાદની તોખમનો સરદાર છે તે તુરાનથી ખુશાલીભર્યો આવી પુગ્યો છે. તે ભલાં નસીબવાલા નામદાર કએખસરૂ આગળ જીહુન નદીના પાણી પણ ગોયા તેની નિચેના તખતની માફકના બની ગયાં હતાં." પછી તેણે એક કાસદ કે જે અક્કલવાલો, ડાહયો અને હુશીયાર પેહેલવાન જેવો સ્વાર હતો તેને ઝમ શેહેરના નામદારો વચેથી ચુંટી કાઢીને તેની આગળ જે કાંઇ યાદ આવ્યું તે સઘલું ગેવે કહયુ કે "તુ અત્રેથી ઈશફાહાન તરફ તે ભુમીના પાદશાહ અને મોટા દરજ્જાના શખ્સો આગળ જઇને ત્યાં ગોદરેજને કેહે કે, 'ઓ જેહાનના પેહેલવાન ! એક વખતે જ્યારે તુ ઉંઘાયલો હતો અને તારો આત્મા જાગૃત હતો તે વખતે સરોશ ઇજદે પશ્ચિમ તરફથી એક સુરજ આવી લાગશે

એવી મટલબનું તુને સ્વપનામાં સેવટ દેખાડયું હતું તે મુજબ કએખસરૂ કે જેની આગળ પવન પણ દલગીર રેહેવા ચાહાતો નથી તે ઝમ શેહેરમાં આવી લાગ્યો છે." વળી તેણે એક નામુ પાદશાહ કાઉસ માટે પણ મોકલ્યું જે લેઇને એક કાસદે ઘોડા ઉપર કુદી બેસીને આગળ રસ્તો કાપવા માડયો. તેનું જડપ ચાલનુ ફીનફીન થતુ હેવાન આતસની જડપે આગળ અને આગળ કુચ કરવા લાગ્યું. પ્રકાસ્તા આત્માવાલા ગેવ તરફના કાશદે પેહેવા પેહેલવાન ગોદરેજ આગળ આવી પોંહોચીને તેને તેનો પેગામ પુગાડી તે નામુ તેને આપ્યું. જેહાનના પેહેલવાન ગોદરેજે તે નામુ વાચવા ઉપર ધ્યાન લગાડતાંજ તેની બે આખો સીયાવક્ષ માટે આસુથી ભરાઇ ગઇ અને તેથી તેણે અફરાસીયાબને શ્રાપ દિધા. પછી ત્યાથી તે કાસદ કેઆની કાઉસ આગળ ગયો અને ત્યા તે ઘોડાની ગરદન ઉપરનો પગીનો ઓખળી કાઢયો તેના કાઉસ પાદશાહની દરબારમા આવી લાગતાજ તે દરબારથી ખુશાલીના પોકારો નિકળી રહયા. પાદશાહે તે કાસદને પોતાની આગળ બોલાવીને તે ગેવના નામા ઉપર મોતીનો વધાવો કીધો તેણે તેની ખુશાલીમાં શેહેરોને સગરાવ્યાં અને દરેક બાજુએ રામશગરોને બોલાવી બેસાડી જેહાનને દિપાવનારો ગેવ ફતેહભર્યો અને ભપકા સાથે પવિત્ર દીનના ખસરૂને લેઇને ઇરાન જમીનમાં આવી પુગ્યો છે એવી ખબર જ્યારે નીમરોજમા જઇ પુગી ત્યારે રૂસતમે ખુશાલીમા આવીને ગરીબોને સુનુ બક્ષયું કારણકે (તે જેમ ધારતો હતો તેમ) બાહાુર ગેવને કાંઇ નુકશાન પુગ્યુ હતુ નહી ત્યાર પછી તેણે બાનુ ગોશસ્પને કટલીક ચિજો આપીને ત્યાથી વિજળીને જડપે ઇરાન તરફ મોકલી આપી. તેણે તેણીની સાથે બારસો નામદાર સરદારોને તખત અને ભારી તાજ આપીને મોકલ્યા, તથા ત્રણસો ગોલામડીઓ તથા એકસો ને વીસ ગોલામો કે જે દરેકના હાથમાં એક એક સુનાની જામ પકડેલી હતી તેઓને પણ તેને માટે ભેટ તરીકે મોકલી આપ્યા. બાનુ ગોશસ્પ પોતાના બાપની આગળથી જવાને બાહાર પડી અને જેમ પક્ષી પાખ ઉપર ઉડે તેવી જડપે તેણી ગેવની નજદિક આવી લાગી. પાદશાહ કાઉસના નબીરા જેહાનને સોધનાર કએખસરૂના માર્ગ કાપતો આવી લાગ્યાની ખબર જેહાનમાં સઘળે ફેલાઈ ગઇ. આથી કાઉસે જેહાનના મોટી પડવી ધરાવનારા શખ્સોને બોલાવી મંગાવી તે મોટો દરજ્જાના લોકોને તખત ઉપર બેસાડીયા.૧ બીજી તરફથી તમામ મોટા નામદારો ઇસફાહાન તરફ

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

ગયા ગોદરેજે એક ઉંચો મેહેલ તૈયાર કરાવી તેમાં પાદશાહી ગાલીચાઓ પંઠ રાવ્યા અને તે પાદશાહને લાયકનું એક તખત સુનાથી અને હીરાથી સંગાર્યું. પછી તેણે તે તરેહવાર જહવેરાતોથી જડી લિધેલાં સુનાના તખતને ત્યાં મુકાવ્યુ તથા વળી એક હાર, સાંકલી, કાનનું લુલક તથા પાદશાહને લાયકનુ હીરાથી જડેલુ તાજ પણ તેને માટે તૈયાર કરાવ્યુ તમામ શેહેરોમાં માડવો બંધાવામાં આવ્યા અને મેદાનોને સંગારીને ત્યા ગોદરેજ પોતે જઇ બેઠો ત્યાંના નામદારો વચે જેઓ આગેવાનો હતા તેઓએ ઉઠીને તેને સામે લેવા જવાની તૈયારી કીધી તેઓ સામે લેવા જવાના પોતાના રેવાજ મુજબ સીતેર ફરસંગ દૂર તેને લેવાને ગયા જ્યારે તેમને દૂરથી પાદશાહ સાથે ગેવ દેખાવા લાગ્યો ત્યારે તે બાધુર સ્વારો પોતાના ઘોડા ઉપરથી નિચે ઉતરી પડયા જેની પેહેલવાન ગોદરેજની નજર તે પાદશાહ ઉપર પડી અને તેણે ગેવને પણ તેની સાથે માર્ગમાંથી આવતો દીઠો તેવાજ તેણે સીયાવક્ષની યાદ થવાથી દુખ સાથે આંસુઓ પાડયા પેહેલવાન ગોદરેજે પોતે ઘોડા ઉપરથી નિચે ઉતરી પડીને જેહાનના પાદશાહ સાથે બગલગીરી કીધી અને તેની પુશકલ તારીફ કરતાં અને દુવા દેતા કહયુ કે, "ઓ જેહાનના પાદશાહ! તુ ચાલાક દિલનો અને ખીલતાં નસીબનો રહેજે. તારા આવી લાગ્યાથી હવે મને મુલકો કે તખતની હાજત રહી નથી તારા ઉપરથી બુરી નજર દૂર થજો અને સીયાવક્ષનુ રવાન પ્રકાશતુ થજો તારા દર્શણ થવાથી મારો જીવ કેટલો ખુશી થયો છે તેનો તો જેહાનનો પેદા કરનાર ખોદાતાલા મારો શાક્ષી છે તે જાણે હવે મારે માટે સીયાવક્ષનેજ પાછો જીવતો કીધો છે. તેથી જેમ હુ હાલે દિલ મુકીને હસુછુ તેમ આગળ હસીઓ હતો નહી."

પછી ઇરાનના તમામ મોટી પડવીના શખ્સોએપણ તેની આગળ પોતાના ચેહેરા ખાક ઉપર નમાવ્યા ત્યાર બાદ તેઓ ખુશાલી સાથે ત્યાંથી પાછા ફર્યા. નામદારોના નસીબ તેના આવવાથી ખીલેલાં બન્યા. કેશવાદના કુટુંબનો ગોદરેજ તે પાદશાહને તથા પોતાના બેટાને જોઇને ખુશાલી ભર્યો બન્યો તેણે ગેવની આંખ અને કપાલ ઉપર બોસા લઇને કહયુ કે "તું ગુમાઇ ગયલાને પાછુ આસમાન બાહાર લાવ્યુ છે તું મારો સ્વપનો ખરો પાડનાર બાધુર છે અને યુક્તિ અજમાવવાની વખતે તુ ધીરજવાલો માણસ છે" પછી તે સઘલાઓ ત્યાંથી ખુશાલીભર્યા અને પ્રકાશતા આત્મા સાથે પેહેલવાન ગોદરેજના મહક આગળ આવી લાગ્યા એક અઠવાડીયુ સુધી તેઓએ હાથમાં દારૂ પકડી રાખીને ખુશાળી પાળી, અને ત્યા ખુશાળીનીજ બેઠકો તૈયાર કીધી આંઠમે દાહાડે તે સઘલાઓએ ત્યાથી ખુશાલીભર્યાં દિલ સાથે પાદશાહ કાઉસના શેહેર તરફનો રસ્તો લિધો.

કએખસરૂ ઈસતેખરમાં કાઉસ આગળ આવી લાગ્યો તે વિષે.

જ્યારે કએખસરૂ પાદશાહ કાઉસ આગળ આવી પુગ્યો ત્યારે ત્યાંની જમીન પણ રંગરાગ અને સગારથી ભરેલી બની શેહેરનુ તમામ લોક માદવોમાં સંગરાઇને બેહુ અને ઘરો, દરવાજાઓ, અગાસીઓ અને દીવાલો તરેહ તરેહવારની સગારની ચિજોથી ભરાઈ ગઇ. દરેક ઠેકાણે રામશગરો ગોલાબ, દારૂ, કસ્તુરી અને કેશર એ નેશાર કરવાની ચિજો સાથે બેઠી. સીયાવક્ષના ઘોડાની તમામ યાલ કસ્તુરી અને દારૂથી રંગાઈ જવા લાગી અને તેના પગોની નિચે સાકર સાથે દીરમો કચડાતા હતા. કેઆની કાઉસે જેવો ખસરૂનો ચેહેરો જોયો તેવાંજ તેની આંખોમાંથી આંસુઓ નિકળીને તેના ચેહેરા ઉપર ગબડવા માંડયાં. કાઉસે તખત ઉપરથી ઉતરી તેની આગળ જઇને તેના ચેહેરા સાથે પોતાની આંખોને તથા ચેહેરાને દાબ્યો. પછી તે જેહાનને સોધનારા જવાન શાહજાદાએ તેને નમન કીધું અને ત્યારબાદ તેઓ ભપકાથી પાછા તખત તરફ ગયા. પાદશાહ કાઉસે તેને તુરકીઓની તેમજ તુરકી લશકરના સરદારના તખતની કેટલીક ખબર પુછી. ખસરૂએ તેને જવાબ દિધો કે "તે કમઅક્કલી શખ્સ પોતાના કબજામાં પુશકલ જમીન ધરાવે છે. તે અફ્રાસીયાબે મારા બાપને ઘણોજ કમીની રીતે મારી નખાવ્યો અને તેણે મારી માતાના પેત ઉપર સખત ફટકાઓ મરાવ્યા હતા કે જેથી હુ તેણીના પેટમાં મરી જાઉં, અને તે ફીકર કરવાથી મોકલો બને. પણ જ્યારે મે મારી પાક માતાથી જન્મ લિધો ત્યારે તે નાલાયક માણસે મને બકરાં મેઢા, ગાય ઢોર અને ઉટો વચ્ચે પાહાડ ઉપર મોકલાવી દીધો, જ્યા હુ સુરજના ફરવાથી રાત અને દિવસ ગણવા લાગ્યો પણ આખરે પીરાન તે પાહાડ ઉપર આવીને મને કીનાખોર અફ્રાસીયાબ આગળ પાછો લેઇ ગયો હુ તેના કામકાજથી બીહીતો હતો અને તેના ગુસ્સા માટે તથા તે મને રખે દુખ પુગાડે તેની ધાસ્તીથી ધ્રુજતો હતો તેણે મને તરેહ તરેહના સ્વાલ પુછ્યા પણ મેં તો મારી અકકલ અને ચાલાકી છુપાવીને એક ગાંડા માણસની માફક તેને જવાબ દિધા જો તે મને માથાંને માટે સ્વાલ પુછ્નો તો હુ તેને પગને વિષે જવાબ દેતો તે મને ચાકર નોકર માટે પુછતો તો હુ જગ્યા માટેનો જવાબ દેતો આથી તે પોતાનેજ હુશીયારી અને અકકલનો સાહેબ સમજવા લાગ્યો અને તે કાલા કરતુકનો શખ્સ મને તો કમઅકકલી સમજવા લાગ્યો જ્યારે તેણે મારાં માથામાંનાં મગજને એમ વગર કીમતનું જોયુ ત્યારે તેણે મને કદુવા દેઇ મારી માતા આગળ પાછો મોકલી દીધો."

પછી કાઉસે તેને કહયું કે "એ નામદારીભર્યા શખ્સ ! જેહાન તુંને તાજ પેહેરાવવા માટે આતુર બની છે. તું વડીલોના ખાનદાનનું બીજ ધરાંવતો હોવાથી અને એક શેહેનશહ માફકની અક્કલ અને લાયકાત ધરાવતો હોવાથી જેહાન તુનેજ તાજ પેહેરાવવા માટે આતુર બની છે" પછી ખસરૂએ કાઉસ પાદશાહને કહયું કે "એ જેહાનનો અનુભવી પાદશાહ! જે દુખો ગેવે એક એક પછી અનુભવ્યાં છે તે વિષે જો હું તુ પાદશાહને કહુ તો તું એવો અજબ થાય કે તે અજાયબી દેખાડવાને જગ્યા પણ રહે નહી તથા તુને તેનો ચઢતો વિચાર કદીપણ આવે નહી કારણકે મારી સોધ કરતાં અને લડાઈ કરતાં તેણે તુરાનમાં ધણી મેહેનત ઉઠાવી હતી અને ધણુ દુખ વેઠયું હતું જો તેણે આટલીબધી મેહેનત કીધી હતે !નહી તો તે તુરાન જમીન ઉપરથી મને લેઇને અત્રે આવ્યો હતે નહી (હમારી નાહાસી જવાની ખબર ફેલાયાથી) બે નામદાર પેહેલવાનો લશકર લેઇને વિજળીની જડપે હમારી પુઠે આવી લાગ્યા હતા. તે વખતે મે જે ગેવથી જોયુ તેવું હીન્દુસ્તાનનાં બુત પ્રસ્તીઓએ મસ્તાન હાથીથી પણ જોયું હશે નહી તેને માટે હુ વિચાર પણ કરી શકતો નથી કારણ કે એક મગરમછ પણ એ રીતે લડાઈ કરવાને દરીઆમાથી બાહાર આવતુ હશે નહી તે બે પેહેલવાનો અને આવાં મોટાં લશકરનાં બુઢા અને જવાનો તેની આગળથી નહાસભાગમાં પડયા પછી વળી પીરાન બાધુરી સાથે કમર બાંધીને પવનવેગે ચાલતા ઘોડા ઉપર બેસીને આવી લાગ્યો. આથી ગેવ એક મગરમછની માફક પાણીમાં ઉતર્યો તું કહેશે કે જાણે તે પોતાના પંજાથી જમીનનેજ બાલી નાખવા માગે છે તેણે પીરાનની ગરદનમાં કમંદનો ફાંસો ફેકીને તે પેહેલવાનનુ માથુ તેમાં બાંધી લિધુ અને તે તેને ખેચતો ખેચતો મારી આગળ લાવ્યો પણ મારાં દુખી દિલે તેની તરફ મેહેરબાની દેખાડી એ પાદશાહ ! મે તેની દયા ખાધી નહી હતે તો ગેવ તેના ડોકાંને ખુવારી સાથે છુદુ કરતે તે પીરાન મારા બાપને માટે દિલમાં દાઝ રાખનારો હતો અને મારે માટે બુરૂ બોલવાથી તેની જબાંનબધ હતી આથી મેં અને મારી માયે સાથે મલીને તેને તે છેડાયલા જનુની સિહ જેવા ગેવના પંજામાંથી છોડવ્યો કારણકે પીરાન નહી હતે તો અફ્રાસીયાબ મારૂ ડોકું પણ મારા બાપની માદક શરીરથી જુદુ કરાવતે. તે પીરાન હમેશાં મારૂ ભલુ ચાહનારો અને મારા હોકમ બજાવવામાં પોતાના દિલને તૈયાર રાખનારો હતો. તેણે પોતાના બેટાની માફક મારી પરવરશી કીધી હતી એને તે જુલમગારના હાથમાંથી મારી માતાને છોડવી હતી. એ પ્રમાણે ગેવ જીહુન નદીના આજુબાજુના કીનારે આવી લાગ્યો ત્યાં સુધી ગાબ્યાની ગુરજથી લડતા પરવાર્યો હતો નહી. આખરે હમુને

ગુસ્સાથી જીહુન નદી પણ મછવા વગર પાણીમાંથી તરી જઇને પસાર કરવી પડી હતી ૧ એવો પેહેલવાન જે કોઈ ધરાવે તો તેને હમેશાં જુવાનજ રેહેવુ ઘટારત છે ”

જ્યારે કાઉસે ખસરૂની વાત સમજી ત્યારે તેનો ચેહેરો ગોલાબની માફક ખીલી રહયો તેણે ગેવના માંથાને પોતાની છાતી સાથે દાબીને તેના ચેહેરા તથા કપાલ ઉપર પુશકલ બોસા લિધા અને તે પાદશાહે ગોદરેજની તથા તેના મુલક અને જમીનની તારીફ કીધી તથા તેણે ગેવને એવો ખેલાત બક્ષ્યો કે જેવો ખેલાત જેહાનના નાદલા કે મોટા લોકોએ જોયો હતો નહી તે સાથે તેને ખોરાસાન તથા કમ ઇસફાહાનનો મુલક બક્ષ્યાનો તથા જમશીદ ફર શેહેરની સરદારી તેને આપ્યાનો એક પરવાનો રેસમી કપડા ઉપર લખી હાજર કરવામાં આવ્યો આથી તે બાહાદુરનુ માથુ સુરજ સુધી પુગ્યું કાઉસે તેને કહયુ કે, “ તે પુશકલ દુખો વેઠયા છે, માટે ઓ દુખ વેઠેલા શખ્સ ! હવે તુ તે મેહેનતના ફળ ખજાનાથી ચાખ ” આથી ગોદરેજે અને ગોદરેજના ખાનદાનના શખ્સોએ તુરતજ પાદશાહની તારીફ કરવાને માટે જબા ખોલી અને તે સઘલાઓએ એકી વખતે પોતાના માથા જમીન ઉપર મુકીને તેને દુવા દિધી. પછી ફરંગીસ માટે સુનેરી બગીચા સાથની એક જગ્યા તૈયાર કીધી અને તેણીને સુનેરી સાકલી અને કાનના લુલકથી સંગારી તેના મેહેલમા એક સુનેરી તખત મુકાવી તેની ઉપર તમામ ચીનાઈ ભરતનો ગાલીચો પથરાવ્યો પછી કાઉસે તેણીને કહયુ કે “ ઓ બાનુઓની બાંનુ ! હવે તુ કદીપણ દુખથી દુખી રેહેતી ના તે તારૂ વતન અને કુટુંબ કબીલો તજી મુસાફરીની પુશકલ ઠાક વેઠીને ઈરાન શેહેરને તારા ઉતારાનુ મથક કીધુ છે, તેથી તુને સુજે તેમ મને માર્ગ દેખાડજે હું તારી ઉપર અફરાસીયાબ કરતાં પણ વધારે માયાલુ રહીશ, કારણકે મને તારા ચેહેરામાં ગોયા સુરજ અને ચંદ્ર દેખાય છે મારા ખજાનાની અને માલમીલકતની તુ પોતે મુખત્યાર છે અને આ મુલક હવે તારી નોકરી બજાવશે ” આથી તે બાનુઓની સરદાર ફરંગીસ તેની તારીફ કરતા બોલી કે, “ આએ જમાનો તથા જમીન તારા વગરની રેહેતી ના ” પછી શાહજાદો કએખસરૂ અને બીજા સરદારો ત્યા બેઠક કરીને બેઠા અને ત્યા રામશગરોને બોલાવી મંગાવી

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે

તુસે કએખસરૂ સાથે સેખી કીધો અને તે બાબેની ખબર તેને ગોદરેજે કહી તે વિષે.

પાદશાહ કાઉસે થોડો ઘણો દારૂ પીધો પછી તેની આગળ ખજાનાની કુંચી હાજર કરવામાં આવી તેણે જેહાનને સોધનાર ખસરૂની આગળ પળે પળ નવો નવો હદીઓ હાજર કરીને તે કુચીપણ મુકાવી ઇસ્તેખરમાં કેશવાદનો એક મેહેલ હતો કે જે મોટા દરજ્જાના લોકોની મગરૂરી હતી. આથી કાઉસે પોતાની દરબાર બરખાસ્ત કરતાંજ તેણે તેને તે મેહેલમાં લેઇ જવાની તૈયારી કીધી તે પાદશાહને લેઇને ગોદરેજ ત્યાં આવ્યો અને તે સુનાથી સગગાવા બાગમાં આવી લાગતાંજ ખસરૂને ત્યાં એક સુનેરી તખત ઉપર બેસાડીને તેની પાદશાહ તરીકે તારીફ ગાઇ. ઢોલ, સુનેરી જોડા તથા કાવ્યાની ઝુન્ડો રાખનારા નોજરના બેટા તુસના વિચારો કએખસરૂની વિરૂધ હતા, તેના સિવાય સઘળા ઇરાની પેહેનવાનોએ તેની તાબેદારી કરવાને કમર બાંધી હતી આ કારણથી ગોદરેજનુ મગજ ઉશકેરાઈ ગયુ અને તેથી તેણે તેના ઉપર બેરખાઇ ભરેલી રીતે એક પેગામ કેહેવાડયો અને તે પેગામ લેઇ જવાને જેહાનને સોધનારો બાધુર ગેવ કે જે પેહેલવાન જેવા પજા અને સિહના જેવી દ્રઢતા ધરાવતો હતો તે હાજર થયો ગોદરેજે તેને કહયુ કે "તુ નોજરના બેટા તુસને કેહેજે કે, "તુ ખુશાલીના હી ગામમાં એવાં બાહાના ના કાઢ ઇરાન જમીનના સઘળા મોટી પદવીના લોકો અને સિહ જેવા શખ્સો પાદશાહ કએખસરૂનીજ તારીફ ગાય છે, ત્યારે તુજ દેવના હોકમ પ્રમાણે ચાલી તેનો સાથે કેમ સેખી કરે છે ? અને પરવરદેગારના માર્ગથી તુ તારૂ મગજ કેમ ફેરવે છે ? જો તુ એ પાદશાહના હોકમથી તારૂ માથુ ફેરવશે તો તારી અને મારી વચે કીનો અને લડાઇ ઉભી થશે. માટે ગેવ નામદારી ભરી અજુમનના હોકમથી આ મારો રૂકો લેઇને તારી આગળ આવ્યો છે. તેથી ઓ હુનર ભર્યા શખ્સ ! જ્યારે ગેવ તારી આગળ આવે ત્યારે તુ તેના કેહેવાથી જરાપણ તારૂ માથું ફેરવતો ના".

આ પેગામ લેઇને ગેવ સખત વાતોથી ભરેલા દિલ સાથે પોતાના બાપ આગલથી નિકલ્યો તેણે શાહજાદા તુસ આગળ આવીને કહયુ કે "તારા આવા વિચાર અકકલને અનુસરતા નથી" તુસે એમ સમજતાંજ તેને જવાબ દિધો કે, "એ બાબે આપણને અફશોશ કરવો સારો નથી પીલતન રૂસતમ પછી ઇરાની અજુમન વચે લશકરનો બીજો સરદાર હુ ગણાઉ છુ જેહાનને પોતાની તલવારથી જીતી પોતાના પગની નિચે લાવનાર બાધુર પાદશાહ મીનોચેહેરનો હુ નબીરો છુ. ઇરાનનો એક બાધુર પેહેલવાન તેમજ પાદશાહી તોખમ અને

ધીરજનો ધરાવનાર શખ્શ છું. જેહાનના પાદશાહ નોજરનો હું બેટો હોવાથી હું ફરીદુનના ખાનદાનની એક યાદગારી તરીકે ગણાઉં છું. લડાઈમાં જ્યાં પણ હું લડુ છું ત્યાં સિંહોના દિલ અને વાઘોના ચામડાને હું ફાડી કાઢુ છું. હવે તમો જેહાન માટે એક જવાન પાદશાહ સોધી લાવીને આવો કાયદો અને વિચાર અમલમાં મુકવા માગો છો, પણ એ કામમાં હુ તમારી સાથે મલતો થતો નથી. માટે તુ મારી આગળ ખસરૂની કાંઈ વાત કરતો ના જો આપણે અફરાસીયાબના ખાનદાનના પાદશાહને તખત ઉપર બેસાડીશુ તો પછી તેના રાજમાં તમુને ઉધમાં પડવુ પડશે તેથી હમે પશગની ઓલાદના પાદશાહને માંગતા નથી. વાઘથી ઉતરેલી ઓલાદ આપણુને માટે સારી થઇ પડશે નહી. ખસરૂ જવાન અને લડાયક છે એમ સમજીને તે આવી સઘલી મેહેનત ઉઠાવી છે પણ જે કોઇ જેહાનનો પાદશાહ બને તેને તો હુનર, ખાનદાન, દમામ અને દીન ધરાવવી જોઇએ ફરીબરૂજ પાદશાહ કાઉસનો બેટો થાય છે તેથી તે તખત અને તાજને માટે કએખસરૂ કરતાં પણ વધારે લાયક છે. ફરીબરૂજ કાંઇ સઘલી તરફથી દુશમનની ઓલાદ ધરાવતો નથી. તે તો દમામ, લાયકાત નામદારી અને ઇનશાફ ધરાવે છે" આથી તુસની અક્કલ અને તેનો ધર્મ ગેવને કાચો જણાયાથી તે દલગીરી સાથે તેની આગળથી ઉભો થયો અને બોલ્યો કે, "ઓ નામદારી ભર્યા પેહેલવાન તુસ! જખ્મ મારવાને માટે તારે કાઇ તારા કાનને ફેરવવો પડશે નહી જ્યારે તુ ગોદરેજના કુટુંબીઓના ભાલા (તારી સામે ટીકાયલા) જોશે ત્યારે આવો કાયદો શોધવા જતા તેનુ સેવટ તુને નુકશાનીમા જણાશે આપણે બધેએ સાથે મલીને જે પુશકલ મેહેનતો ઉઠાવી છે તેને શું તું ફુક મારીને બરબાદ કરેવા માગે છે? જો તારામાજ દમામ હતે અને તુ ભલા વિચારો ધરાવતો હતે તો પછી કોબાદ પાદશાહને અલબરૂજ પાહાડ ઉપરથી શામાટે સોધીલાવવો પડતે તારૂ તો માથુ તાજ પેહેરવા માટે ખાલી જણાયુ કારણકે તુ મગજ અને ઉચી વિચાર શક્તિ વગરનો હતો તું કોઇ પારકો નથી પણ નોજરનાં ખાનદાનનો છે. તારો બાપ મીજાજી હતો અને તું ઘેલો છે પાડશાહી સત્તા અને તખત તો તેવા શખ્સને આપવામાં આવે છે કે જે દમામ, ઉચું કદ હુંશીયારી અને વિચાર શકિત ધરાવે છે" આવી રીતના સખત સખુનો તેને કહીને ગેવે ત્યાંથી જડપથી પીઠ ફેરવી અને કેશવાદના બેટા ગોદરેજ આગળ પાછો આવીને કેહેવા લાગ્યો કે "તુસ કાંઈ વિચાર કે અક્કલ ધરાવતો નથી તુ કેહેશે કે જાણે તે તેની બે આખો વડે કાઇ જોઇ શકતો નથી પણ તેમ જોયા વગર (તખતને માટે) ફરીબરૂજની પસદગી કરે છે. ખસરૂ જેવો ઇરાનમા કોઈપણ સ્વાર નથી. સુનેરી આતશ ખુર-

જીન[૧] પણ તેના જેવો પાદશાહ બની શકે નહી." એમ સમજીને ગોદરેજે ચીરડાઇને મોટી પડવીના શખ્સોને કહયું કે "તુસના જેવા શખ્સો દુન્યામાં થોડા હોમલા ભલા. સત્તા, દમામ, તાજ અને તખત ભોગવવું કોણને લાયક હોય છે તે આપણે તેને દેખાંડીશું."

તુસ અને ગોદરેજ લશકર લેઇ એકમેકની સામે લડવાને ગયા તે વિષે.

ગોદરેજ પોતાના સીતોતેર નબીરાઓ અને બેટાઓ ધરાવતો હોવાથી તેણે લડાઇનું પરગમ ઠોકાવ્યું જે સમજી સઘલાઓ મેહેલમાંથી મેદાનમાં આવ્યા. આથી બખ્તર સાથના ઘોડાઓવાલા બાર હજાર લડાયક સ્વારો ત્યાં ભેગા થયા. લશકરને તોડનારા સપેહસાલાર ગોદરેજનુ તે લશકર ગોદરેજના પોતાનાજ ખાનદાનમાંથી બન્યું હતું. કોઇએ સપેહસાલર તુસને ગોદરેજના ઢોલ સાથે છુપાછુપ કુચ કરી આવવાની ખબર આપી.[૨] આથી શાહજાદો તુસ પણ હાથીઓ ઉપર ઢોલ બાંધીને પેલી તરફથી સામો આવ્યો તેના પણ ઘણાએક પેહેલવાનોએ લડવાને કંમર બાંધી હતી અને તેઓની હરોલમાં કાવ્યાની ઝુન્ડો ચાલતો હતો તુસે ગોદરેજને આટલુંબધું લશકર કે જેથી સુરજ અને ચંદ્રની આંખો પણ ગભરાતમાં પડતી હતી તેની સાથે જોયો. ત્યાં એક જોરાવર હાથી ઉપર એક તખત મુકવામાં આવ્યું હતું જેમાં જડેલા હીરાજાના નગો પીલો પ્રકાશ આપતાં હતાં. તે તખત ઉપર જેહાનનો સોધનાર કયેખસરૂ તાજ પહેરીને અને કમર બાંધીને બેઠો હતો અને બસો જબરા હાથીઓ તેની આસપાસ ઉભા હતા. તું કહેશે કે ખસરૂ શિવાય બીજો કોઇપણ પાદશાહ જેહાનને માટે લાયક નથી તે તખત ઉપર ખસરૂ ચંદ્ર માફક દીપી રહયો હતો તેણે માથા ઉપર પ્રકાશીત યાકુતોનું તાજ, ગલામાં હાર અને સાંકલી, તથા કાનમા લુલક પેહેર્યાં હતાં અને હાથમાં ગાયની સુરતનો ગુરજ પકડેલો હતો આથી તુસનું દિલ ગમગીન બન્યું અને તેણે વિચાર કીધો કે "જો હું આજે લડાઈ કરશ તો બંધે તરફના લશકરના પુશકલ માણસો માર્યા જશે માટે ઇરાનીઓ વચ્ચે એવો કીનો ઉઠવો જોઇતો નથી. એમ થવાથી તો અફરાસી

---

૧ અવસ્તામા આતશની ઘણીએક જાતો જણાવી છે જેમા આતશ બુરજીન પણ જણાવ્યો છે.

૨. એ બેત લખેલી નકલમાં વધારે છે.

પાખનું ચઢી વાગનું થવા સિવાય બીજું કાંઇ થવાનું નથી તેથી તો તુરકીઓના નસીબ ઉંઘમાંથી જાગૃત થશે અને તમામ ભલા વખતનો અંત આવી જઇ શાહાનશાહી તખત તુરાનને હાથ જશે આથી તેણે એક અક્કલવાન અને જડપ ચાલના માણસને કાઉસ પાદશાહને એવું કહેવાને મોકલ્યો કે "અગર જો હમારી તરફથી આ લડાઇના મેદાનમાં કોઈ શખ્સ કમાન ઉપર લાકડાંનો તીર ચઢાવશે તો તેથી એક એવો કીનો ઉભો થશે કે જેવો કીનો અફરાસીયાબે પોતાની સઘલી રાતોમાં સ્વપનામાં પણ જોયો હશે નહિ." જ્યારે કાઉસે તેનુ આ વાજબી કેહેવું સમજ્યું ત્યારે તેણે કોઇને મોકલીને બંઘે બાજુનાઓને બોલાવી મ ગાવ્યા.

કએખશરૂ અને ફરીબરૂજ બાબે ગોદરેજ અને તુસ વચ્ચે કાઉસની રૂબરૂમાં બોલાચાલી થઇ તે વિષે.

કાઉસ પાદશાહે મોકલેલા કાસદે તે પેહેલવાન આગળ આવીને નરમાશથી પાદશાહનો પેગામ કહયો કે "જેહાનનો અનુભવ પામેલા બુઢા શખ્સ! તુ જામમાં કાટેલ ઝેહર ના ભેલ. તુ તારી તલવાર મ્યાન કર અને કંમરબંધ છોડી નાંખ, ફાયદાને બદલે એમાંથી નુકશાન થવુ જોઈતું નથી માટે આ લશકરના બંઘે બાજુના પેહેલવાનોએ મારી આગળ આવવું આથી તુસે અને ગોદરેજે પાદશાહ આગળ જઇને તેના તખત હજુરમા તકરાર ચલાવવા માંડી સપેહસાલાર તુસે પાદશાહને કહયું કે, "તુ પાદશાહ જ્યારે તાજ અને તખતથી ધરાઈ જાય ત્યારે જેહાંનનું રાજ, મોટાઈ, તાજ અને ઉચુ તખત એ સઘલું તારા બેટાને મલવું ઘટે છે. જ્યારે તું બેટો ધરાવે છે તો તારો નબીરો શાનો તાજ પહેરીને તખત ઉપર બેશે! ફરીબરજ પણ કેઆનીઓના જેવોજ દમામ અને ઉચું કદ ધરાવે છે અને તે એક ઝનુની સિંહની માફક લડવા માટે કમર બાંધેલી રાખેછે" ગોદરેજે તુસને કહયુ કે "ઓ કમ અક્કલી? લોકોએ તુંને અકલવાલો ગણુનો જોઇતો નથી તેનો અફશોસ તું શાનો તારા શરીર ઉપર ખેંચી લે છે જો હમોએ હાથી ઉપર ઢોલ બાંધ્યા હતે નહી તો તું એમ ડરી જતે નહી શીયાવક્ષના જેવો સખી, હુશીયાર અને મુગે મોઢેનો કોઇ પણ શખ્સ જેહાનમાં હતો નહી, તેમજ વળી હાલે આ તેના દુન્યાને સોધનારા ફરજંદ માટે પણ તુ કહેશે કે તે તેનાજ જેવો ચેહેરો અને ખવાસ ધરાવે છે. જો કે તે માય તરફથી તુરનુ સગપણ ધરાવે છે તો પણ તેનામાં પાદશાહી તોખમ હોવાથી ઇનશાફના કામ માંથી ફરવાનો નથી. ઇરાન અને તુરાનમાં તેના જેવો કોઇ શખ્સ નહી હોવા છતાં તું શા માટે આવી કાચી વાતો કરે છે? હજીતો તે તારી નજરે તેનો ચહેરો,

ઉચું કહાવર શરીર તથા તેની માયા વિગેરે જોયું પણ નથી. તે કેઆની ખોરેહ અને દરૂસ્ત વિચાર ધરાવતો હોવાથી તો તેને જીહુન નદી પસાર કરતાં મછવાની અગત પડી હતી નહી. જેમ પાદશાહ ફરીદુને અરવંદ નદી પસાર કીધી હતી તેમજ ખસરૂએ પણ મછવા વગર નદી પસાર કીધી હતી અને તેની મરદાનગી અને તેના ઇજદી ખોરહેને લિધે બુરા લોકોની નજર અને બુરા લોકોના હાથ તેનાથી દુર રહયા હતા બીજું એ કે તેણે પોતાના બાપનું ખુન થયા પછી કીના માટે એક ઝનુની સિંહની માફક કમર બાંધી છે મને મુબારક સરોશે સ્વપનામાં આવીને કહયું હતું કે ખસરૂ પોતાના દમામથી ઇરાનમાં ઉડેલા ગભરાટના પોકારોને બેસાડી દેઇને ત્યાંથી દુખ તથા ગમને ધોઇ કાઢશે અને તેનેજ હાથે અફ્રાસીયાબનું મોત આવશે. જ્યારે મોટી પદવીનું તાજ અને તખત ખસરૂથી સંગાર પામશે ત્યારે જેહાન પણ દુખ અને જુલમથી કરાર પાંમશે તુ નોદરની તોખમનો હોવાથી તુ કાંઇ પારકો નથી ? જો હાલે મારી પાસે હથીયાર હતે તો હું તારી ગરદન અને છાતીને લોહીથી ગરકાવ બનાવતે, લડવાની તલવારથી ઘાહેલ કરતે અને તારો જીવ લેઇને આવુ નાલાયક બોલવાથી તારો છુટકારો કરને. કેઆનીઓ વચેથી નીકલીને દુશમનો વચ્ચે જઈ ભરાયાથી હવે તુ ને હેંકારી સુજે છે શેહેનશાહ કાઉશ પોતાની ફરજ બરોબર સમજે છે, કારણ કે તે પોતે પાદશાહ છે અને તે ચાહશે તે શખશને પાદશાહી તખત આપશે"

તુસે તેને જવાબ દીધો કે, "ઓ કમીના પેહેલવાન ! તું આવા વગર અકલના અને મખત સખુનો શાને માટે બોલે છે ? તુ કાંઇ પાદશાહી તોખમ કે ઉચો દરજ્જો ધરાવતો નથી. તારા બાપદાદા તો ઇસફેહાનમાં લુહાડ હતા જ્યારે તે હમારી નોકરી બજાવી ત્યારે તુ સરદાર ઠડયો અને પેલો લુહાડનો હથોડો રાખતો રાખનો સપેહસાલાર બની ગયો" ત્યારે ગોદરેજ બોલ્યો કે, "જો તું હુશીયારીના બજારમાથી કાઇ સખુનો સમજવા માંગતો હોય તો તારા કાનાને સારી રીતે ખુલ્લા કર તેંજ મને તારા બરોબરીઆ તરીકે ઉચે ચઢાવયો હતો અને હાલે તું પોતેજ તે વાતને લાયક ગણતો નથી પાદશાહ કાઉસ અને તેના દરબારીઓની હજુરમાં તું આવી વાતો શાની કરે છે ? મને કાંઇ લુહાડના ધંધા માટે શરમ કે ધીકકાર નથી. ઓ મગરૂર શખસ ! દરજ્જો પામવાને તો અકકલ અને મરદાનગીની જરૂર છે મારો વડવો કાવેહ લુહાડ હતો પણ તેના જેવી મરદાનગી જેહાનમાં કોઈ ધરાવતું

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

હતું નહી ! તેણેજ અઝદાહવાલી ખાંધ ધરાવનારા ઝોહાક પાસેથી રાજ્ય સત્તા છીનવી લીધી હતી. તેણે પેલો કાબ્યની ઝુન્ડો ઉચે ચઢાવ્યો હતો કે જે ઝુંડો લેઇને હાલે તુસ પોતેજ ભપકા સાથે ચાલે છે. પેલા નામદારો રૂસતમ, જાલ, સામેરવાર અને નરીમાન કેરશારપ પછી જોર ધરાવવામાં ગોદરેજ, કેશવાદ અને તેના આટલા બધા બેટાઓ કે જેઓએ પણ પાદશાહની નોકરી બજાવવાને પોતાની કમર બાંધેલી રાખી છે તેઓ આવે છે." ત્યારે તુસે તેને જવાબ દીધો કે, "ઓ બુઢા સ્પેહસાલાર ! તું દિલને અનગમતી વાતો શું કામ કરે છે ? જ્યારે તેં (યાને તારા વડવાઓએ) હમારી ચાલાકીથી નોકરી બજાવી ત્યારે તું હમારીથી આવો દમામ પામીને લડાઇમાં બાધુરી કરવા લાગ્યો છે. જો તુ કેશવાદનું ખાનદાન ધરાવે છે તો હું નોજર પાદશાહનો બેટો તુસ પાદશાહી ખાનદાન ધરાઉ છુ જો તારી તલવાર લોઢુ ટીપવાના એરણને ચીરી નાખતી હોય તો મારો ભાલો કોહેકાફ પાહાડનું દીલ ચીરી નાંખનારો છે. જો તારો ગુરજ પથર જેવો અને તાપ ધરાવનારો હશે તો મારો તીર સુરજનું દીલ વીંધનારો છે. ત્યારે તુને અને મને શા માટે બોલાચાલી કરવી જોઇએ ? આપણે બે માંથી સરદાર કોણ છે તે તો શેહેનશાહ સારી રીતે જાણે છે. એવી અમસ્થી બકબક કરવી તું કમ કર. તુંને પાદશાહોની વાતો સાથે શુ કામ છે ?" ગોદરેજે તેને જવાબ દિધો કે, "બસ ઘણુ બકબક ના કર કારણકે હુ તારી આબરૂ એટલીબધી જોતો નથી. પાદશાહી રેવાજો શું તે તુ શુ સમજે ? કારણકે તારૂ માથુ તો મગજ[1] અને અકકલથી ખાલી છે. ફરીદુન કાવેહનીજ મારફતે નામદારીભર્યો બન્યો હતો કારણકે તે કાવેહ તાજ અને તખતનો દોસ્ત બન્યો હતો. તેણે જાદુગર ઝોહાકનો (દુન્યા સાથનો) સબંધ તોડયાથીજ ફરીદુન પોતાની કંમરે કંમરબંધ બાંધી શકયો હતો તે કાવેહ કેઆનીઓના એક થાંભ જેવો અને ઇરાની લશકરનો મદદગાર હતો. કાવેહના જેવો ખેરખાહ તો કોઇપણ શખ્સ હનો નહી મારા બાપનો ભાઈ કારન તથા હુનરવાલો, સુનેરી કંમરબંધવાલો કેશવાદ કે જે સઘલા તખતને દીપાવનારા અને રસકસમા વધારો કરનારા છે, તે સઘલાઓ જેહાનમાં ગોદરેજના કુટુંબીઓ તરીકે ઓલખાય છે. અગરજો તું ચઢતો અને આલા દરજજો ધરાવનારો છે તોપણ તું કાઇ મારાં કરતાં વધારે ચઢીયાતાપણું ધરાવતો નથી. હમે બાપદાદાઓથી મરાદાનગી, અકકલ, ખજાનો અને હુનર ધરાવીને કેઆનીઓના થાંભ જેવા બન્યા છીએ."

---

૧ એ બેતનો તરજુમો લખેલી નકલ મુજબ કીધો છે.

પછી ગોદરેજે કાઉસને કહ્યું કે, "ઓ જેહાનનો અનુભવ પાંમેલા પાદશાહ! તું તારાં દિલને તારી રાહરીતીથી ફેરવતો ના. તુ તારાં મોટા દરજાના તે બે ફરજંદોને તારી આગળ બોલાવ અને તેઓને રોશન રવાન સાથે તારી આગળ બેસાડીને તેઓની તપાસ કર કે તે બેમાંથી કોણ લાયક છે? અને કોણ દમામ અને ઇજદી ખોરેહ ધરાવે છે? પછી જે લાયક થડે તેને તું જ્યારે તખત અને લશકરથી ધરાઇ જાય ત્યારે તખત અને તાજ આપજે. જે ફરજંદને તું પાદશાહી ભોગવવાને લાયક જોય તેનેજ તારૂ તાજ આપીને લોકોના દિલને ખુશાલી ભર્યાં બનાવજે[1]." કાઉસે તેને જવાબ દિધો કે "એ કાંઇ ડહાપણ ભરેલું નથી મારે મનથી તો બધે ફરજંદો એકજ સરખાં છે. જો હું એકને તખત માટે પસંદ કરશ તો બીજાનુ દિલ મારી તરફ કીનાભર્યું થશે. તેથી હું એક ઉપાય કરવા માંગું છુ કે જેથી તે બધે મારી સાથે આ અન્જુમનમાં કીનો ધરે નહી મારા બે ફરજંદોએ હાલે બે ઘોડા સાથે લેઇને તે (દેઝે બહમનનો) કીલ્લો જીતવાને જવું જોઇએ જે જમીન ઉપર દેઝે બહમનરનો કીલ્લો આવેલો છે ત્યાં આખુ વર્ષ હારેમન સાથે લડાઈ ચાલે છે. ત્યાંના આતશની પ્રશતેશ કરનારા લોકો હારેમનથી દુખી થયલા છે અને તેથી તયાંની જમીન ઉપર એક મોબેદથી પણ બેસી શકાતુ નથી તેઓમાનાં એકને જે કોઇ તલવારથી પકડશે તેને હુ આ પાદશાહી તખત આપવાની ઢીલ કરશ નહી" જેવી ગોદરેજે અને તુસે એ વાત સમજી તેવાજ તે હુશીયાર સરદારોએ તે કામ માટેનો પાયો નાખયો તે બધે જણા એ વાતને એકમલતા થયા કારણ કે એથી વધારે સરસ દરખાસત કોઇએ કીધી હતી નહી આથી તેઓએ એ પ્રમાણે કરવાને માટે પોતાના દીલને તઇયાર કીધાં અને તેથી તેઓએ પાદશાહ આગલથી રૂખશદ લીધી.

તુસ અને ફરીબરૂજ દેઝે બહમન તરફ ગયા અને ત્યાંથી તેઓ ના ઉમેદ બનીને પાછા ફરયા તે વિષે.

જ્યારે સુરજે સીહ રાસીમાંથી પોતાનુ માથું બાહાર કાઢયું અને આસમાન રાતને નિચે લઇ ગયુ ત્યારે ફરીબરૂજ નોજરના બેટા તુસ સાથે જેહાનના પાદશાહ આગળ જડપથી આવયો અને તયાં તુસે પાદશાહને

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

૨ 'દેઝે બહમન' એ આજરબઈજાનના પ્રાતમા આવેલા અરદબીલ શેહેરના એક પાહડની ઉપર આવેલા એક કીલ્લાનું નામ છે.

કહયું કે " જ્યારે હું લશકર સાથે હાથી, ઢોલ અને કાવ્યાની ઝુન્ડો લેઈ જાઉં છું ત્યારે દુશમનોના લાલ ચેહેરાને હું કાલા બનાવી દેઉ છું તેથી હું આએજ વખતે પાદશાહની દરગાહમાંથી સામન લાઢવાને અને સેપાહોને ઘોડેસ્વાર કરવા માટે જાઉ છું. તેથી ફ્રીબરૂજની પુઠેના ઢોલ અને વાવતાઓથી તથા ઘોડાઓની ખડીથી ઉડતી ધુલથી હવામા અધકાર ફેલાઈ જશે જ્યારે (પાદશાહી) ફરજંદ દમામ અને કેઆની કદ ધરાવતુ હોય તો તેની જગ્યાએ નબીરાએ કંમર બાંધવી જોઇતી નથી." પછી પાદશાહે તેને કહયુ કે " જે કોઇ સરદાર હોય તે કાંઇ વધતુ ઓછુ બનનાર હોય તેની ગણત્રી રાખતો નથી સુરજ અને ચદ્રના સાહેબ પરવરદેગારના હોકમથી ફતેહ અને જોર મેલવી શકાય છે જ્યારે ફ્રીબરૂજે એવો વિચાર કીધો છે ત્યારે તો તુ બેસી રહયાને બદલે લશકરની તૈયારી કર ચઢતો ઓધો મેલવવાને માટે શીસીયારી કરવી ઘટતી નથી કારણકે જમાનો કાઇ આપણી પોતાની ઈચ્છા મુજબ ફરતો નથી " આથી તુસ પોતાના પગમા સુનેરી જોડા પેહેરીને કાવ્યાની ઝુન્ડા સાથે ત્યાથી કૂચ કરી ગયો કાઉસનો બેટો ફ્રીબરૂજ લશકરના મધ્ય ભાગમા અને તુસ હરોલમા હાથીઓ અને ઢોલ સાથે ચાલવા લાગ્યો તે કીલ્લા તરફનો રસ્તો ધરીને તુસે પોતાના લડાયક લશકર સાથે જડપથી ચાલવા માંડયુ. જ્યારે તેઓ દેઝે બહમન આગળ આવી લાગ્યા ત્યારે ત્યાની જમીન આતશની માફક તપી ગયલી જણાઇ ૧ ગરમીને લિધે ત્યાં ભાલાઓ પણ તપી આવ્યા. અને લડાયક માણસો પોતાના બખતરમાજ ભુજઇ જવા લાગ્યાં. તુ કેહેશે કે ત્યાની તમામ જમીન જાણે આતશનીજ છે અને હવા જાણે સરકસી ભરેલા હારેમનનો ફાંડો છે ત કીલ્લાનુ મહાલુ હવાને લાગેલુ હતુ અને તેથી તેઓએ ત્યાની હવા સાથે લડાઇ કરવી વાજબી જોઇ નહી. આથી શાહજાદા તુસે ફ્રીબરૂજને કહયુ કે " જ્યારે માણસ લડાઇના મેદાનમાં સઘલી જોઇતી ચીજો લેઇને આવે છે ત્યારે તેઓ શત્રુઓને નુકશાન પુગાડવાને તીર, કમાન, તલવાર અને કમદથી લડવાની કોશેશ કરે છે પણ આ કીલ્લાની આસપાસથી ઉપર જવાનો એક પણ રસ્તો નથી અને જો હોય તો તેથી આપણામાનુ કોઇ વાકેફ નથી. આપણે બરડો તો બખતર નિચે સેકાઈ જાય છે અને ઘોડાઓના શરીર પણ તપી

---

૧ એ 'દેઝેબહમન' નામનો કીલ્લો કોઈ બલતા પાહાડ ઉપર આવેલો હોવો જોઈએ કે જે પાહાડમાથી ચાલુ રાખ, ધુમાડો, અને આતશ ઉડતો રેહેતો હોવો જોઇએ કએખસરૂ પણ જ્યારે એ મઠક જીટવાને ગયો હતો ત્યારે ત્યાની તમામ જમીન ઉપર અધંકાર ફેલાઈ ગયો હતો તે એ પાહાડના ફાટવાથી ઉડેલી રાખ અને ધુમાડાને લિધે બનેલુ હોવું જોઇએ.

આવ્યાં છે. તેથી અત્રે આવી કોઇપણ ઉપર જવાની તૈયારી કરી શકવાનું નથી હું તો અત્રે ગરમ આતશ સિવાય બીજું કાંઇ જોતો નથી. એ કીલ્લાને ઇરાનનો કોઈપણ શખ્સ જીતી શકવાનો નથી. એના જેવી બીજી ચઢતી અજાયબી કોઈ હશે નહી. તું તારા દિલમાં જાજે વિચાર લાવતો ના. કારણકે જ્યારે એ કીલ્લાને તું જીતી શકયો નથી તો બીજો કોઇપણ શખ્સ તેને જીતી શકવાનો નથી" આથી તેઓ એક અઠવાડીયું ત્યાં થોભીને ત્યાંથી પાછા ફર્યા. તે કીલ્લામાં દાખલ થવાની એકપણ જગ્યા તેઓને નહી જણાયાથી તેઓએ લાંબી મુસાફરીનું દુખ વેઠી તેનું કાંઈપણ ફળ મેલવ્યા વગર એ લડાઇમાંથી નાઉમેદ બની પાછા ફર્યા

કએખસરૂએ ગોદરેજ સાથે દેઝે બહમન તરફ જઇને તે કીલ્લો જીતી લિધો અને ત્યાંનો તલેશમ ભાંજી નાખ્યો તે વીષે.

જ્યારે કેશવાદના ઉમરાવી કુટુંબનાં બુઢા ગોદરેજને એવી ખબર મલી કે તુસ અને ફ્રીબરૂજ પાછા ફર્યા છે, ત્યારે તેણે કએખસરૂને કહયુ કે "હવે એ લડાઇ કરવાને તારે જવુ જોઇએ" પછી ગોદરેજે તે માટેની તઇયારી કરવા માંડયાથી તયાં ધોધાટ ઉઠી રહયો જેહાનનો નવો પાદશાહ ખશરૂ પણ તેની સાથે જવાને માટે આવી લાગયો એક હાથી ઉપર પોખરાજથી જડેલુ તખત મુકવામાં આવયુ અને તેની આસપાસ કેટલાક સવારો બલુ વાવટા સાથે ઉભા કએખુશરૂના પગમાં સુનેરી જોડા પહેરાવયા તથા માથે કીમતી ગોહરોથી જડેલું તાજ અને જવેહરાતોથી જડી લીધેલી સુનાની સાંકલી તેને પેહેરાવવામાં આવી પછી ગોદરેજ બોલ્યો કે "જેહાનને શોધનાર કએખસરૂનુ તખત ઉપર બેસવું નવાં વરશને દાહડે થાય છે" પછી તે જેહાનને શોધનાર પાદશાહ માથાં ઉપર તાજ મુકી હાથમાં ગુરજ પકડીને તે સુનેરી તખત ઉપર બેઠો અને તે મોટા દરજ્જાનો પાદશાહ ગેવ, ગોદરેજ તથા મોટાં લશકર સાથે દેઝે બહમન શુધી ગયો. તે કીલ્લા આગલ આવી લાગતાંજ ખસરૂ શરીર ઉપર બખતર પેહેરીને તથા કમર બાંધીને એક ઘોડા ઉપર બેઠો. તેણે ઘોડાના જીન ઉપર બેસતાંજ એક મેહેતાને બોલાવીને તેને તારીફ સાથનુ એક નામું લખવાને માટે ફરમાવ્યુ તે પાદશાહ તરફનું નામું અંમબરની બનાવેલી સાહીથી પેહેલવી ભાષામા લખવામાં આવ્યુ કે "જેહાનને શોધનાર નામદાર કએખશરૂ, કે જે ખોદાતાલાનો એક ગોલામ છે તેના તરફનું આએ નામું છે. તે કએખસરૂ બુરા

હારેગનના ફાંદાઓને શોધી કાઢનારો અને તમામ બુરાઇને પોતાને હાથે હાંકી કાઢનારો છે માટે ઓ કાલા કરતુકના જાદુગર બેહેમન ! તું જેહાનને બનાવનારા યજદાનને માટેનો કાંઇ વિચાર કર, કારણ કે જાવેદાન સુધીનો ચઢતો ખોદા, કે જે વળી રોજીનો પુગાડનાર અને માર્ગનો દેખાડનાર, તે સાહેબ સનીશ્વર, મંગળ અને સુરજનો બનાવનાર છે અને તે સાહેબ પોતેજ દમામ અને જોરનો માલેક છે તેણેજ મને તાજ અને કેઆની ખોરેહ તથા હાથીના જેવું શરીર અને ફાડી ખાનારા સિંહના જેવા પંજા બક્ષયા છે. ગાયના માથાંથી[1] તે માહી નક્ષેત્ર સુધીની તમામ જેહાન મારી પાદશાહી હેઠલ છે. તેથી જો આએ કીલ્લો હારેમન કે જે પરવરદેગારના દીલનો દુશમન છે તેની જમીન ઉપર હશે તોપણ તેના વાદલ સુધી પુગેલાં મહાલાંને પવીત્ર ખોદાના ખોરેહ અને હોકમથી ભોંય સાથ કરશ જો તારૂં લશકર જાદુગરોનું હશે તોપણ તારા જાદુ છતા તારૂં લશકર મારી પોતાની સામે ટકી શકશે નહી હું તુંને કમંદના ફાંસામાં કેદ પકડશ અને તારા જાદુગરોના માથાને પણ તેમાં બંધીવાન બનાવશ બીજુ એ કે મુબારક શરોશ પોતે પણ હમારી વચ્ચે છે અને વળી ખોદાના હોકમથી હમો એક લશકર ધરાવીએ છીએ વળી હું કાંઈ હારેમનની ઓલાદનો નથી. પણ હુ ખોરેહવાલા રવાનનો અને મજબુત શરીર ધરાવનારો છુ તેથી પરવરદેગારના હોકમથી હુ એ કીલ્લાને ખાલી કરશ. કારણ કે પાદશાહ કાઉસનો મને એ પ્રમાણેનો હોકમ છે."

પછી ખસરૂએ એક લાંબો નેજો લેઇને તે નામદારે તે નામાંને તેની સાથે બાધ્યું અને તે નેજાને એક વાવટા માફક સીધો ઉંચો પકડયો તે ખસરૂ જેહાનમાંથી પાદશાહી ખોરેહ પાંમવા સિવાય બીજુ કાંઇ માંગતો નહી હોવાથી તેણે ગેવને તે નેજા સાથે તે ઉચા કીલ્લા આગળ જડપથી જવાને ફરમાવ્યું અને તેને કહયું કે "આએ જે નામું મારા તરફની તેને એક શીખામણના જેવુ છે તે તુ પેલા ઉચા કીલ્લાની દીવાલ આગળ લઇ જઇને યજદાનું નામ લેઇ તે નેજાને ત્યા મુકીને અને પાછી લગામ ફેરવીને જડપથી દોડી આવજે" આથી તે તારીફને લાયક યજદાનની પ્રશંનેશ કરનાર પેહેલવાન ગેવ તે નેજો પકડીને ત્યાં ગયો અને તે નામુ કીલ્લાની દીવાલ ઉપર મુકતાંજ તેણે જેહાનને શોધનારા ખસરૂનો પેગામ પુગાડીને તથા તે નેકીના પુગાડનાર

---

૧ આ દુન્યાને માટે એવી એક દંતકથા ચાલે છે કે એ દુન્યા એક ગાયના સીંગડાની ઉપર ટેકવાયલી છે અતરે 'સરેગાવ'નો અરથ જમીનની નીચે જ્યાં ગાયનું માથુ આવ્યુ છે જ્યાથી યાને પાતાળમાંથી.

યજદાંની યાદ કરીને પોતાના ઘોડાને પવનવેગે દોડાવી મુકયો. નામદાર કએ-ખશરૂનુ તે નામું ત્યાથી ગુમ થયું અને ત્યાં પોકારો સંભલાયા તથા કીલ્લાંથી ધુલાર ઉડવા લાગ્યુ. પાક યજદાંના હોકમથી તેજ વખતે તે કીલ્લામાં ફાટ દેખાઈ અને જેહાન અંધારી રાતની માફક બની તું કેહેશે કે જાણે દાહાડો રાતની લગભગ આવ્યો છે? તું કહેશે કે જાણે વસંતની મોસમની ગરજના થાય તેવી ગરજના તે કીલ્લામાંથી અને પાહાડમાંથી થાય છે જેહાન સીધીના ચેહેરા જેવી કાલી થવાથી ત્યાં સુરજ કે પરવીન સેતારો કે ચંદ્ર કાંઇ જણાતું હતું નહી. તું કહેશે કે જાણે ત્યાં એક કાલાં વાદલે ચઢી આવીને હવાને વાઘના મોઢાં જેવી બનાવી દીધી. આથી કએખસરૂએ પોતાના કાલા ઘોડાને ઉશકેરીને દોડાવીને પોતાના લશકરના પેહલવાનોને એ પ્રમાણે કહયું કે, "હવે તે કીલ્લા ઉપર આપણે તીરનો મારો છોડીએ અને આપની કમાનોને વરસાદના વાદલ માફકની બનાવ્યે. આથી જાણે ત્યાં કરાં વરસાવતું વાદલજ ચઢી આવ્યું અને વાદલમાંથી જાણે મોત ઉપજાવનારાં કરાં વરસવા લાગ્યાં તે તીરોથી દેવોમાંના ઘણાએક માર્યા ગયા તથા કેટલાકો ઝેહેર ચઢવાથી ધુલમાં પડયા. તેવામાં ત્યાંથી ઉજાશ પ્રકાશી નિકળ્યાથી તમામ અંધકારનો નાશ થયો. આથી પરવરદેગારના નામથી અને પાદશાહના ખોરેહથી જેહાન પ્રકાશતા ચંદ્રના જેવી બની. વળી ત્યાં એક ઘણો સુંદર પવન નીકળી આવ્યાથી હવા અને જમીનની સપાટી હસ્તી યાને ખુશનુમા બની તે દેવો પાદશાહના ફરમાવ્યા મુજબ (તે કીલ્લો છોડી) ચાલી ગયાથી તે જગયાએથી તે કીલ્લાનું બારણું દેખાવા લાગ્યું.

પછી તે નામદારોનો પાદશાહ કેશવાદના ખાનદાનના બુધા ગોદરેજ સાથે કીલ્લામાં દાખલ થયો. પેલા દેવો ત્યાંથી દુર થયાથી ત્યાંનું તખત તથા ત્યાંના બારણાઓની કુચી પણ દેખાઇ આવી[1] તે દેવોની તોલીનો કોઇપણ શખ્સ ત્યાં રહયો નહી પણ તેઓ તેજ વખતે પાહાડ તરફ જતા રહયા હતા.[1] તે કીલ્લાના દરવાજા તેઓને ઉગાડા જણાયા જેમાંથી પાદશાહના સામનને દાખલ કરવામાં આવ્યો[1]. તે ઓહોલા કીલ્લામાં એક શેહેર કે જે બાગો, મેદાનો, મેહેલો અને ઘરોથી ભરેલું હતુ તે દેખાયું. પેલી રોશની એજ જગ્યાએથી પ્રકાશી નિકળી હતી અને પેલો તમામ અંધકારનો નાશ થયો હતો. પછી ખસરૂએ તે જગ્યામાં કાલાં વાદલ સુધીની ઉંચાઇનો એક ગુમબજ બંધાવ્યો જેનો દરવાજો દસ કમંદની પોહોલાઇનો કરવાને અને તેની આસપાસ ઉંચા આરકાંઓ

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

બનાવવાને તથા તેનો દેખાવ બાહારથી અરબી ઘોડાની નાલ જેવો દેખાય[1] તેવો બનાવવાને માટે ફરમાવ્યું. આથી આવો એક ગુમબજ બાંધીને ત્યાં આદર ગુશસ્પના આતશનોર[2] કેબલો મુકયો. તે આતશની આસપાસ (જાળવણીને માટે) મોબેદો, નજુમીઓ અને અક્કલવાન માણસો બેઠાં. તે પાહાડી કીલ્લામાં લાંબે વખતે ખુશબોવાલું અને રંગવાલું એક આતશકદેહ બંધાઇ રહયું. જ્યારે ત્યાં એક વરષ પસાર થયુ ત્યારે તેણે ત્યાંથી કુચ કરવા માટે સામન લાદવા માંડયો અને લશકરને ઘોડે બેસાડયું. તે પાદશાહ ખશરૂના ઇજદી ખોરેહની તથા તેણે કીધેલી લડાઇની

---

૧ આવા અંધકાર વચ્ચે જે રોશની ફેલાવાની વાત ફીરદોસી લખે છે તે બુનદેહેશમાં જણાવ્યા મુજબ એક આતશી ગોળો હતો જે કએખશરૂના ઘોડાના કાન આગળની ચાલ ઉપર ઉતરીને પડયો હતો. એ આતશને વીજળીનો આતશ ગણવામાં આવે છે એ આતશ ઉતરીને ઘોડાના કાન ઉપર પડવાથી તેને 'આજર ગોશઅસ્પ' યાને ઘોડાના કાન ઉપર પડેલો આતશ એવું ઈરાનીઓએ તેનુ નામ આપ્યું હતું એ આતશનો ગોળો ખુદ વિજળીનો આતશ નહીં પણ ઈંગ્રેજીમાં જેને St Elmo's Fire કહે છે તે હોવો જોઈએ

૨ આદર ગુશઅસ્પનો આતશ જે કએખસરૂના ઘોડાના કાન આગળ આવી પડયો હતો તે આતશને કએખશરૂએ જાળવી રાખી એ દેઝેબહમન જીત્યા બાદ ત્યાં તેનો કેબલો કીધો હતો બુનદેહેશમાં (બાબ ૧૭, ફ૦ ૭) આદર ગુશસ્પના આતશને કએખશરૂએ સ્થાપ્યો તેની જગ્યા અસનવદ પાહાડની ઉપર જણાવી છે. આ ઉપરથી જણાય છે કે એ દેઝેબહમનનો કીલ્લો મન્જુર પાહાડ ઉપર આવેલો હોવો જોઇએ એજ કેતાબમાં (બાબ ૧૨, ફ૦ ૨૬) કેહેવા પ્રમાણે એ પાહાડ આત્રોપાતકાન કે જેને આજરબએજાન કહેવામાં આવે છે ત્યા આવ્યો છે આદર ગુશસ્પનું આતશકદેહ એ પાહાડના ચએચસ્તે સરોવરના કીનારા ઉપર બાંધવામાં આવ્યુ હતું. બુનદેહેશમાં જણાવ્યા મુજબ એ પાહાડની ઉપર મુરતી પુજકોના દેહેડા હતા જે દેહેડાં તારાજ કરી કએખશરૂએ ઉપલું આતશ કદેહ બાધ્યુ હતુ દીનકરદમાં પણ એ બાબે કહે છે કે:—" He also joined in the destruction of that idol temple which was on the shore of Lake Kckast and dimolished that fiendishness which was awful." (S. B. E Vol. 47, p. 14,) મીનો ખેરદ (બાબ ૨જા)માં જણાવ્યું છે કે અગર જો કએખસરૂએ ચેચશત સરોવર ઉપરનાં બુત ખાનાઓને ઉખેડી કાઢયાં હતે નહી તો આએ ત્રણ હજાર વરષમાં હુશેદર, હુશેદરમાહ, તથા સોસીયોશ કે જે દર હજાર વરષની આખેરીએ તેઓમાથી છુટા છુટા આવશે અને જે દુન્યાનું દરેક કામ પાછું સુધારશે તથા કોલ તોડનારા અને બુટ પ્રશતો જેઓ મુલકમાં છે તેઓને મારશે ત્યારે બલાઓ એટલી બધી તો વધી પડતે કે કયામત કરાઈ શકાતે નહી.

ખબર જ્યારે ઇરાનમાં પુગી ત્યારે તમામ જેહાન કએખશરૂએ તે ખોરેહ તથા ફીલ્હસો એ બંધે જીત્યા તેથી અજાયબી સાથે અચરત બની. તમામ સરદારો નજર કરવાની ચિજો લેઇને એક પછી એક ખુશી થતા તે પાદશાહ આગળ આવ્યા. પાહાડના જેવો ફરીબરૂજ પણ ઇરાની સીપાઇઓના લશકર સાથે તેની આગળ આવ્યો અને ખસરૂને જોતાંજ તે પોતાના ગોલાબી રંગના ઘોડા ઉપરથી નીચે ઉતરી પડયો જેથી તે બાહદુર પાદશાહ ખશરૂ પણ પોતાના કાલા ઘોડા ઉપરથી નીચે ઉતરયો. તેના કાકાએ ખસરૂના ચેહેરા ઉંપર બોસા લિધા અને તેજ જગ્યાએ એક સુનેરી તખત મુકાવી તે ફીરોજાના તખત ઉપર તેને બેસાડી તેને એક પાદશાહ કબુલીને દુવા ગુજારી આથી પાદશાહ ખસરૂ માથે હીરા જડીત તાજ પેહેરીને તે સુનેરી તખત ઉપર બેઠો. તુરતજ તુસે પણ કાબ્યાની ઝુન્ડો, ઢાલ અને સુનેરી જોડા સાથે ત્યાં આવીને પાદશાહ આગળ જમીનને બોસો લેઇને તે સઘળુ પાદશાહ ખસરૂને સપુરદ કરતાં તેને કહયુ કે, "આએ ઢાલ સુનેરી જોડા તથા આએ મુબારક કાબ્યાની ઝુન્ડાને રાખવાના કામ માટે તારાં લશકરમાંથી જે કોઇ પેહેલવાન લાયક જણાય તેને તું શોધી કાઢીને મારા કરતા જે કોઇ વધારે લાયકાત ધરાવતો હોય તેને એ સઘલું રાખવાનુ સોપ અને હું જે તારો ગુનેહગાર છુ તેની જીંદગીનો છેડો લાવ." પછી તેણે તેની નજદીક આવી પોતાના બોલેલા સખુનોને માટે પસતાવો કરીને પોતાના કઢંગા વિચારને માટે દુખ જાહેર કીધું.

આથી તે ફતેહમંદ પાદશાહે તેને માનથી નવાજયો અને હસીને તેને પોતાના તખત નજદિક બેસાડી કહયું કે, "હું મારાં લશકરમાંથી બીજા કોઇને આ કાબ્યાની ઝુન્ડાને માટે તથા સપેહસાલારના ઓધા અને સુનેરી જોડાને માટે લાયક જોતો નથી. તુનેજ એ નામદારી અને એ ઓહ્‌ધો ભોગવવો લાયક છે અને તે તારા સિવાય બીજા કોઇને ઘટતો નથી. વળી હું તારે માટે મારાં દિલમાં કાંઇ પણ કીનો ધરાવતો નથી. તારે હાલે મારી ચાહવાની કાંઇએ અગત્ય હતીજ નહી કારણ કે તેં કાંઈ કોઇ ભલતા શખસને પાદશાહ નેમવાની ખાહેશ જણાવી હતી નહી." પછી તે તાજાં નસીબનો, ચાલાક, અને તખતને શોધનારો કએખશરૂ ત્યાંથી પારસ તરફ જવાને માટે નિકલ્યો. કેયાની કાઉસને તેના મુબારક પગલાંના બેટાના મારગ વચેથી આવી લાગવાની ખબર પુગવાથી તે ગોલાબી ચેહેરા સાથે તેને સામો લેવાને ગયો. તેનું બુઢુ દિલ ખુશાલીને સબબે જવાન બન્યુ. જ્યારે ખસરૂએ પોતાના બપાવાને દુરથી જોયો ત્યારે તેણે ખુશાલીથી ઉછલતાં દિલે હસીને પોતાના ઘોડા ઉપરથી નિચે ઉતરી તેની આગળ આવીને નમન કીધુ. કાઉસ તેનો ચેહેરો જોવાનેજ દુન્યામાં

આતુર હોવાથી તેણે તેને હસીને પોતાની છાતી સાથે ચાંપીને તેની ઘટતી તારીફ કીધી કે "મારો સિંહ દુશમનોના દિલ અને આંખોને દુખી બનાવીને લડાઇમાંથી ફતેહભર્યો પાછો ફર્યો છે." વળી પાદશાહ કાઉસ તેના ખુબસુરત ચેહેરાની, તેના દમામની, તેની રાહરીતીની, તેના ઉંચા કદની, તેના ઈજદી ખોરેહની, તેની લાયકાતની, તેના તખતની અને તેની અકકલને માટેની તારીફ કરીને બોલ્યો કે, " ઓ આસમાનને બનાવનારા તથા ચંદ્ર અને સુરજના માલેક! તેં મને આ જેહાનમાં નેકનામી ભરેલો કીધો છે અને ખસરૂના ખુબસુરત ચેહેરાથી હું ખુશાલીભર્યા વિચારનો બન્યો છું." પછી તેઓ ત્યાંથી મેહેલ તરફ અને પાદશાહી તખત અને તાજ તરપ પાછા ફર્યા અને દુવા કરતી જબાન અને આત્મા સાથે તેઓ ઘોડા ઉપરથી નિચે ઉતરી ખુશીથી ત્યાં દાખલ થયા

કાઉસે ખસરૂને પાદશાહી તખત ઉપર બેસાડીઓ તે વિષે.

કાઉસે સુનેરી તખત ઉપર બેસતાં ખસરૂનો હાથ પોતાના હાથમાં ધર્યો અને તેને ત્યાં લાવીને પોતાની જગ્યા ઉપર બેસાડીને તેને માટે ખજાનામાંથી એક પાદસાહી તાજ મંગાવ્યુ. પછી તેણે તેને બોસો લેઇને તેના માથાં ઉપર તે તાજ મુકયું૧ અને પોતે તે હાથીદાંતના કીમતી તખત ઉપરથી ઉઠીને ખુરસી ઉપર જઈ બેઠો. તેણે તેને નજર કરવાને પોખરાજ તથા કેટલાંક પાદશાહી જવેહરાતો પોતાના ખજાનામાંથી મંગાવીને સીયાવક્ષની કેટલીક તારીફ કરી બોલ્યો કે, " ખસરૂ સીયાવક્ષના ચહેરા સિવાય બીજી રીતનો ચેહેરો ધરાવતો નથી." પછી સરહદ ઉપરના મોટા સરદારો, ખડીઆ રાજાઓ, અને મોટી પડવી ધરાવનારા શખ્સોએ પણ ત્યાં આવીને તેના ઉપર પાદશાહ તરીકે દુવા ગુજારી સઘલાઓએ તેના ઉપરથી સુનાનો અને જહવેરાતનો નેસાર કીધો. આ દુન્યાની રીત અને રસમ એવીજ છે તે એકના હાથમાંથી ખુચવી લીધેલુ બીજાને બક્ષે છે એવી રીતના તેના ફરેબભર્યાં ફરવાથી આપણે દુખી થઇએ છીએ કારણકે તેનાથી ઘડીકમાં ચઢતી તો ઘડીકમાં પડતી આવી પડે છે જો તારાંથી દિલને ખુશ રખાતું હોય તો જેમ બને તેમ તુ ખુશાલી પાળવા સિવાય બીજું કાંઇ કર ના તુ ભલાઈનીજ ગોઠવન રાખજે તથા પુશકલ બક્ષેશ કરજે અને જમાનાને તારા દિલ ઉપરથી આસ્તે આસ્તે ફરવા દેતો ના તારી પાસે જે કાંઈ હોય તે તું ખાઈપી લેજે અને વધારે હોય તો બક્ષેશ

---

૧ જુનદેહેશમાં કએખશરૂને સાઠ વર્ષ રાજય કરતો જણાવ્યો છે.

કરજે, પણ દુખ વેઠીને તું તારી પુંજી દુશમનોને માટે મુકી જતો ના. તુંને આપ્યું છે તેમ (તે સાહેબ) તારાં ફરજંદોને પણ આપશે. અને તારાં મુલથી પેદા થયલી એ તારી સાખ (યાને ફરજંદ) તારીજ માફક કોષેશ કરશે આ જગત માલ મીલકતથી ભરપુર છે અને જેહાન ખુબી સાથે સગાર પામેલી છે તે શું તું જોતો નથી? બક્ષેશ કરવામાં તે ઈનશાફી સાહેબ કાંઇ કમી નથી. માટે તું હમેશાં ખુશ રહેજે અને ગમ ખાતો ના.

ખસરૂ તખત ઉપર કેવી રીતે બેઠો? અને તેણે કેવી રીતે તુરાન તરફ લશકર મોકલ્યું? તે માટે વાતના કેહેનારાઓએ એવી વાત કહી છે અને જુના વખતના લોકો એવું કહી ગયા છે કે એ પાદશાહ ફતેહમદી ભરેલાં તખત ઉપર ખુશાલી સાથે બેઠો હતો અને માથાં ઉપર શાહનશાહનું તાજ મુકયું હતું.૧ તેનું બાધુર લશકર ચોતરફ ફેલાઇ ગયુ અને સઘલે ઠેકાણે ખુશાલી, ઉમેદ અને મોજમજાહ થવા લાગી જેહાનને સોધનાર પાદશાહ તખત ઉપર બેસવાથી દમામ સાથે દિપી રહયો અને તેનાથી દુશમનોના દિલ ભાંગીને બે ટુકડા થયા. દોસ્તોના દિલ તેનાથી ઉમેદ અને ધાસ્તીભર્યાં બન્યાં. તેણે પોતાનું માથુ ફરતાં આસમાન સુધી ઉચે પુગાડયું. અને તમામ ભલાઇ માટે તેણે યઝદાંની પીછાણ કીધી તે મુબારક દીનના પાદશાહે રાતના બે ભાગ સુધી તેની તારીફ ગાવાથી પોતાની જબાનને અટકાવી નહી, પણ જેહાનને પેદા કરનાર પરવરદેગારની આગળ ખરે પગે ઉભો રહીને તે બોલ્યો કે, "એ મારગના દેખાડનારા ઇનસાફી સાહેબ! તેં મને બલાના ફાંડામાંથી છુટો કીધો છે અને અઝદાહના ડાચા માંથી અને પંજામાંથી બચાવી લીધો છે તેંજ મને મોટા દરજ્જા ઉપર ચઢાવ્યો છે તો તે સાથે તુ મને જોર અને પ્રકાશ બક્ષ, કે જેથી હુ તે અફરાસીયાબ ઉપર મારા બાપનો કીનો લેઉં. હું અફરાસીયાબના, કરસીવજના અને તેના લશકરના લોહીથી ત્યાં નદી વેહેતી કરીને તે લોહીથી મારાં મોઢાંને ધોઉ. તેમ કરીને હું બુઢા કાઉસનું દિલ ખુશાલી ભરયુ અને સીયાવક્ષના રવાનને રોશનીથી ભરેલું કરૂ. હુ તે (અફરાસીયાબ)નું અત્રે (વારંવાર) આવવું બધ કરી નાંખુ અને હવે પછી તેની પાદશાહી હુજ ભોગવુ" એ પમાણે રાતને વખતે જ્યારે તેણે કીના વિષેની એવી ઘણીએક દુવા માંગી ત્યારે તેની દુવા તેજ વખતે કબુલ થાઈ. જ્યારે બાગમાં સરોવરનો રોપો ઉધરયો જાય છે ત્યારે તેનું લીલોતરી ભરયું મઠાલું આકાશ સુધી ઉચે પુગે છે. જ્યારે તે ઝાડ ખુશાલી ભરયાં દિલ

---

૧ એ બેતનો તરજુમો લખેલી નકલ મુજબ કીધો છે.

અને સારાં નસીબ સાથે પોતાને જોય છે ત્યારે તે પોતાની ઉંચાઇથી ખુશાલ બને છે. જમાનાનું દિલ તેનું પાલણ કરે છે અને જેહાન તેની કરણીથી તેના ફળ ચાખે છે. જો કોઇ ખાનદાને પાદશાહ હોય તો તે તાજના પેહેરનારને બલાજ કાંમો કરી લેવા ઘટે છે તેણે ત્રણ ચિજ માટે વિચાર કરવો ઘટે છે. જયારે એ ત્રણમાથી તે પસાર થાય છે તોજ એક બીજી ચિજ ઉમેરાઇને ચાર થાય છે. બુન્યાદ અને ખાનદાન સાથે હુનર જોડાયલો રહે છે. એ ત્રણ ચિજો છે કે જે ત્રણે બધન હેઠલ રહે છે જેનામાં ઉચ તોખમ નહી હોય તેનામાં હુનર કયાંથી હોય ? શું તે હુનર વગર કોઇની અસલીયાત જોઈ છે ? ખરૂ તોખમ તે કે જે યજદાંના ખોરેહ સાથવ હોય તેવો શખસ પોતાના હાથોને બુરાઈ તરફ લબાવતો નથી અને બુરૂ સમજતો પણ નથી બુન્યાદ તે કે જે બાપની તોખમથી મેળવવામાં આવી હોય અને જો તે તોખમથી પવીત્ર ફળ નિપજે તોજ તે લાયક ગણાય હુનર તે કે જે તુ દરેક શખસ પાસેથી મેળવી શકે, માટે કોશેષ કર અને ઘણી મેહેનત કરવાથી દુર રહે. જે કોઇ એ ત્રણ અસલ ગોહરથીજ સગરાયો હોય તે પરવરદેગાર તરફનો ખેલાત મેળવવાને લાયક બને છે. જયારે એ ત્રણે ચિજ તું ધરાવતો હોય તો તારે અકકલ પણ ધરાવી ભલા ભુડાંની પિછાણ કરનાર થવુ ઘટે છે. જયારે એક શરીરમાં એ ચાર ચિજ સાથે ભેલાયલી હોય તોજ તું મોત સિવાય, લોભથી, મેહેનત કરવાથી અને ગમ ખાવાથી આશાયશ ભોગવી શકે પણ મોત આગળ તો તારો પોતાનો પણ ઉપાય નથી વળી મોતના કરતાં વધારે સખત દુ:ખ બીજુ કાંઇ નથી' જેહાનને શોધનારો ખસરૂ એ ચાર ચિજોને માટે વગર હાજતનો હતો. વળી તેનુ નસીબ પણ ઉચી પદવી ભોગવવાને માટેજ ઘડાયલું હતુ,

જયારે તે કેઆની પાદશાહ ખસરૂની રીતભાત એ પ્રમાણેની છે તો હવે હું મારા કામની શરૂઆત તરફ પાછો ફરૂ છું. જયારે પાદશાહ ખશરૂ તખત ઉપર બેઠો ત્યારે તમામ જેહાન તે કામથી વાકેફ બની તેણે માથાં ઉપર મોટાઇવાલુ તાજ પેહેરી તખત ઉપર બેસી અને તમામ જેહાન આસપાસ ઈનસાફનો ફેલાવો કરીને જમીન ઉપરથી ગેરઇનસાફને જડમુળથી ઉખેડી કાઢયો. તેણે મોટાઈ સાથનું તાજ માથાં ઉપર મુકતાજ તે તાજ પણ તેનાથી જાણે ખુશી થયુ અને તે પોતે પણ ખુશી રેહેવા લાગ્યો. જયાં જયાં ઉજડ બનેલુ હતુ ત્યા ત્યાં તેણે આબાદી ફેલાવી અને દુખીઓના દિલને ગમથી છુટા કીધા આથી વસતની મોસમમા વાદલ ઉપરથી વરસાદનું વરસવું થયુ જેથી જમીનની સપાટી ઉપરથી દુખ અને ગમ ધોવાઈ ગાંય. દુન્યા ભલાઇવાલી અને નચિતાઇથી ભરેલી બની અને હારેમનના હાથ

ગુરૂ કામ કરવાથી બંધાઇ ગયા. દરેક નામદાર અને દરેક સરદાર તરફના એલચીઓ દરેક મુલકમાંથી ત્યાં આવવા લાગ્યા વળી જે કોઇ જેહાનમા ઉચ તોખમના, તાજના માલેક અને પાદશાહી ઓલાદના હતા,[૧] તેઓ પોતાની ખાહેશ પાર પાડવાને અને નામદારી મેલવવાને તે જેહાનના પાદશાહની નજદીક આવ્યા ૧ દુન્યામાં તેના રાજ્યમાં એવો કોઇ શખ્સ રહયો હતો નહી કે જેનું માથુ કએખસરૂના ફાંડાંમાં આવ્યા વગર રહયુ હોય (યાને તેની તાબેદારી કીધી નહી હોય) જેહાનમાંના ઝરાઓ અને નદીઓ પાણીથી ભરપુર બન્યાં અને ગમ કરનારાઓના માથાંઓ ઉઘમાં પડયાં ઇનશાફ અને સખાવતથી જમીન ઉપરની માલ મીલકતો બેહેસ્ત જેવો સ ગાર પામી. તેણે પોતાના રાજ્યને જમશેદ અને ફરીદુનની માફક દિપતું બનાવ્યું અને ઇનસાફ તથા સખાવતથી તે પાદશાહ આશાયશ પાંમ્યો ૨

જાલ અને રૂસતમ કએખસરૂ આગળ આવ્યા તે વિષે.

જ્યારે નીમરોજના દુન્યાને દિપાવનારા પેહેલવાન રૂસતમને ખબર મલી કે મુબારક પાદશાહ કએખસરૂ તખત ઉપર બેઠો છે અને તેના તુરાનથી ઇરાન આવી પુગ્યા પછી જેમ તેને ઘટતુ હતુ તેમ તખત ઉપર બેસી તેણે મોટાઇના આસમાન સુધી પગલા ભર્યા છે, ત્યારે રૂસતમની દરબારમાંથી પણ ખુશીના પોકારો નિકળયા અને તે તમામ મુલક ખુશાલીથી જોશમાં આવ્યો ૧ તેણે દસ હજાર દીરમો ભરેલી કોઠલી ગરીબો વચે વેહેચી આપી અને જે કોઇ ખુશાલ રહેતા હતા તેઓ વચે સુતુ વેહચી આપ્યુ ૧ પછી રૂસતમે તે પાદશાહના દીદાર જોવાની તૈયારી કીધી કે જેથી તે પાદશાહ તખતને લાયકનો છે કે નહી તેની તપાસ કરે ૧ આથી તે પાદશાહ તરફ ભકટીભાવ બતાવવા જવા માટે દરેક બાજુએથી લશકરને તથા સરદારોને બોલાવી મ ગાવ્યા. તેણે લશકરને ઘોડા ઉપર બેસાડયુ જેથી તે લશકરથી સુરજ તરફ ધુલ ઉડવા લાગી ૧ તે જેહાન પેહેલવાન જેહાનને દિપતી કરવાને નીમરોજમાંથી બાહાર પડયો ૧

---

૧ એ એ બેત લખેલી નકલમાં વધારે છે

૨ દીનકરદમા કએખશરૂના હાથમાં રાજ્યની લગામ આવ્યા પછી ઈરાનની હાલત કેવી હતી તે બાબે લખતા કહે છે કેઃ-

તેહેમતને ખુશ વિચારે જાતજાતની ખુશબોદાર ચિન્હો સાથે પાદશાહ તરફ જવાને કુચ કીધી. નરીમાનનો જાલ, કાબુલના તમામ મોટા દરજ્જાના લોકો, તેનો ભાઇ, સ્વારોનો પેહેલવાન જવારેહ અને મોટા નસીબનો નામદાર ફરામરજ પણ તેની સાથે ગયા[1] તેથી તે મેદાન સીપાઇઓથી સીસમના જેવુ કાલું બન્યુ અને ઢોલના અવાજથી વાઘોના કાનો બેહેરા થવા લાગ્યા. માર્ગમાં સઘળાઓ ખુશી સાથે આગળ વધ્યા અને ઠેકાણે ઠેકાણે તે લશકર શફ ખેચવા લાગ્યુ[1] અનજુમનનો નામદાર રૂસતમ પુઠે કીરમજી રંગના વાવટા સાથે લશકરની હરોલમાં ચાલ્યો. એ પ્રમાણે તેઓએ ઇરાનનો રસ્તો પકડયો જ્યારે એ ખબર પાદશાહ કએખશરૂને થઇ ત્યારે એ વાત સમજી તે પાદશાહનું દિલ ખુશાલી ભરયુ બન્યુ અને તેણે તે ખબર લાવનારને કહયુ કે, "તુ આબાદ રહેજે કારણ કે રૂસ્તમે મારા બાપને ઉછેર્યો હતો અને તેનાથીજ તે જેહાનમાં હુનરો ધરાવતો બન્યો હતો" પછી તેણે ગેવ, ગોદરેજ અને તુસને સરનાઇ, રનશીગડા અને ઢોલ સાથે તેને સામે લેવા જવા ફરમાવ્યુ આથી પેહેલવાનો માથે તાજ પેહેરીને વાજીંત્ર સાથે પાદશાહની દરબારમાથી બહાર પડયા[1] વળી તે મુલકનુ તમામ લોક પણ તેને સામે લેવા જવા માટે તયાર થયું અને તેને લેવા જવાની તૈયારી કરવા લાગ્યુ. ગામે ગામના લોકો વાવટા અને વાજીંત્ર સાથે લેઇને તેને સામા લેવાને ગયા. જેહાનના પેહેલવાનો પોતાના લશકર સાથે તેને સામા લેવા જવાને દુર વેરથી આવ્યા જયારે તેહેમતનનો ઝુંડો દેખાવા લાગ્યો તથા લશકરથી ઉડતી ધુળ સુરજ સુધી પુગેલી જણાઈ ત્યારે લશકરનો મધ્ય બાગ કે જયાં ગેવ, ગોદરેજ

"It came to Kaikhusroi, son of Siyavakhsh, and through it he smote and vanquished Frangrasiyak of Tur, the wizard, and his fellow-miscreation Kersevazd of those of Vakgir, and many other very evil devastators of the world, he also joined in the destruction of that idol-temple which was on the shore of Lake Kekast, and demolished that fiendishness which was awful. On account of the desirableness of means for the renovation of the universe, he is also on a throne, which is assuredly selected by that destiny, at a secret place where there is an immortal preserver for his body until the renovation, through the will of the Creator."

૧ એ બેત લખેલી નકલમાં વધારે છે.

અને તુસ હતા ત્યાંથી રણશીંગડાં અને ઢોલોના અવાજ નિકલવા લાગ્યા. તેઓ પેહેલવાન પીલતન આગળ દોડી ગયા અને ખુશી સાથે તેની તારીફ કીધી. તે ત્રણે પેહેલવાનોએ તેની સાથે બગલગીરી કીધી અને તે સિંહોને મારનાર રૂસ્તમે તેઓને પાદશાહની ખબર અંતર પુછી પછી તેઓ ખુલ્લા દિલ સાથે અને ખુશાલી ભર્યા વિચારો સાથે રૂસ્તમ આગળથી સામના બેટા જાલ આગળ ગયા ત્યાંથી તેઓ ફરામરજની તરફ ફર્યા અને ખુશી સાથે તેની મુલાકાત લીધી ત્યાર બાદ તેઓ ત્યાંથી પાદશાહ આગળ તેના મુબારક તાજના દરશન કરવાને માટે ગયા.

જેવો ખસરૂએ તે પીલતન પેહેલવાનને જોયો તેવાંજ તેના પાપણોમાંથી ચેહેરા ઉપર આંસુઓ ગબડી પડયાં અને તેણે તખત ઉપરથી નિચે ઉતરીને તેહેમતન જે જમીનને બોસો લેતો હતો તેને આદરમાન આપ્યું ખસરૂએ રૂસતમને એ પ્રમાણે કહયુ કે, "ઓ પેહેલવાન ! તું હમેશાં ખુશાલ અને રોશન રવાન સાથે જીવજે, તું જેહાનમાં ડાહાપણ અને ચુપકીદી ધરાવનારો છે અને તેંજ શીયાવક્ષને ઉધારી મોટો કીધો હતો. જો તે તારી નજરે મારા બાપને જીવતો જોયો હતે તો તેથી તુને જેટલી ખુશાલી ઉપજતે તેટલી બીજા કસાથી ઉપજતે નહી.૧ હવે તુ મને મદદ કરનાર થજે કે જેથી આપણે રેવાજ પ્રમાણે તેનો કીનો શોધનારા અને લેનારા થઇએ ! " પછી તેણે જાલેજરનુ માથુ પોતાની છાતી સાથે ચાંપીને પોતાના બાપ તરીકે તેનો હાથ પોતાના માથાં ઉપર ધર્યો. ત્યારબાદ ફરામરજ તેના તખતની નજદિક આવ્યો અને પાદશાહે તેને પોતાની છાતી સાથે ચાંપીને પુષકળ માનથી નવાજ્યો.૧ પછી તેણે તે પેહેલવાનોને પાદશાહી તખત નજદિક બેસાડીને તે સઘળાઓ ઉપર પરવરદેગારના નામથી દુવા ગુજારી. રૂસતમે ખસરૂની પગથી તે માથાં સુધી તપાસ કરીને તેની બેસવાની ઢપ છપ, તેની વાત ચીત અને તેના વિચારની પરીક્ષા કીધી. તેથી તેનો ચહેરો આંસુ ભરયો અને દિલ દુખી બન્યું અને તેને સીયાવક્ષના કામોની ઘણીએક યાદ આવ્યાથી તેણે જેહાનના પાદશાહને કહયુ કે "ઓ પાદશાહ ! તુ જેહાનમાં તારા બાપની એક યાદગારી જેવો છે આવા દમામવાલો અને તારા બાપનીજ માફકની પાદશાહી ઘપછપ ધરાવનારા કોઇ પાદશાહને મે જેહાનમાં જોયો નથી." ત્યારબાદ તેઓના તખત

---

૧ એ બેત લખેલી નકલમાં વધારે છે.

ઉપરથી ઉઠતાંજ ખાણાની અને દારૂ પીવાની તૈયારી કરવામાં આવી. તે પાદશાહે અરધી રાત સુધી ઉજાગરો કરીને જવારેહ, ગરાજેહ, ફરહાદ, બેજન, ગેવ અને ગસતહમ સાથે[1] બેસી વહી ગયલી વાતોને પાછી યાદ કીધી.

ખસરૂ પોતાના રાજ્યમાં ફરવા નિકળ્યો તથા તેણે કાઉસને અફરાસીયાબ ઉપર કીનો લેવાનું વચણ આપ્યું તે વિષે.

જ્યારે સુરજે પોતાની પ્રકાશતી તલવાર બાહાર કાઢીને કાલી રાતનુ માથું બેમાલુમ કીધું ત્યારે પાદશાહની દરગાહમાંથી સરનાઇના અવાજો નિકળ્યાથી મોટી પડવીના લોકોએ તેની આગળ જવાનો વિચાર કીધો. આથી તુસ, ગોદરેજ, બાહુર ગેવ, ગુરગીન, ગસતહમ અને સિંહ જેવો રેહામ એ સઘલા મોટી પડવીના શખ્સો તે નામદાર પાદશાહ આગળ તેની દરગાહમાં આવ્યા તેઓ તખત નજદિક ભેગા થતાંજ જેહાનના પાદશાહે પોતાના લશકરને કહયુ કે, " હું મારો તમામ મુલક તથા તારીફને લાયકની તમામ ઇરાન જમીનને જોવા ઇચ્છુછુ. તેથી આપણે શેકાર કરવાના વિચારે ત્યાં જઇને થોડો વખત ખુશાલીમાં ગુજાર્યે તમામ સરદારો પણ તેના વિચારને મલતા થઇને બોલ્યા કે " આપણે જઇને તે જેહાનનો કેટલોક ભાગ જોઇએ " આથી તે જેહાનનો પાદશાહ નામદાર પેહેલવાન રૂસતમ સાથે શેકાર કરવાને નિકળયો મોટી પડવીના પેહેલવાનો જેવાકે ગેવ, ગોદરેજ, કેશવાદના કુટુંબીઓ, શાપુર, શમશેર મારનાર બેરામ, ગુરગીન, તીર ફેંકનાર બેજન, ફરહાદ, સાવરાનનો જંગેહ અને લડાયક ગરાજેહ એ સઘલાઓ પણ લશકર લેઇને તેની સાથે ગયા. તે લશકરથી તથા પુશકલ હથીયારો, લોઢાંની તોપીઓ અને ગુરજોથી સુરજ અને ચંદ્ર પણ ઢંકાઈ ગયા હદ વગરના મારેલા શેકારોથી જેમ લડાઇનું મેદાન મુરડાઓથી ભરાઈ જાય તેમ ત્યાં થઇ રહયુ[1] એ રીતે તેઓએ તમામ ઇરાનના મુલકોમાં ફરીને ત્યાની આબાદ તેમજ વેરાન જગ્યાઓમાથી પસાર થયા. જે જે જમીન આબાદીવાલી હતી નહી, પણ નાશ પામેલી, વેરાન અને બેદાદી સાથની હતી ત્યા તેણે પેસા આપીને પોતાના ખજાનાથી તેને આબાદ બનાવી તે ઇન્સાફ અને સખાવત કર્યાથી જરાએ ઠાકયો નહી, પણ શેહેર નજદિક તખત મુકાવી ત્યા બેસીને જે કોઇ સારાં નસીબવાલા લોકો જણાતા તેઓ માટે પૈસાની ઠેલીઓ, દારૂની જામો, અને દારૂ મંગાવતો અને ત્યાંની

---

૧ એ બેત લખેલી નકલમાં વધારે છે.

જમીનને એ રીતે પૈસાથી સંગરાયલી બનાવતો. ત્યાંથી તે તેજ પ્રમાણે દારૂ, તખત અને તાજ સાથે બીજાં શેહરોમાં જતો. એ પ્રમાણે તે આબાદગાનના[1] આતશખાનાના દરવાજા આગળ પોતાના બુજોરગો અને સરદારોની સાથે આવી લાગ્યો. ત્યા તેણે દારૂ પીધો અને હર તરફ ઘોડાને દોડાવીને આદર ગુશસ્પના આતશ કદેહ આગળ આવી લાગ્યો. ત્યા તેણે પરવરદેગારની બંદગી કીધી અને તે આતશ કદેહ આગળ નીયાએશ કીધી. ત્યારબાદ તે જગ્યાએથી નિકલીને તેણે ઠાઠમાઠ સાથે કાઉસ પાદશાહ તરફ જવાને ચાલુ મુકયુ. ત્યા જઇને તેઓ તેની સાથે ખુસાલી સાથે બેઠા અને એક પળ પણ ખુશાલી વગર ગુજારતા નહી જ્યારે તેઓના મગજ ગોલાબના પ્રકાશ આપતા દારૂથી મસ્ત બન્યા ત્યારે તેઓ જડપથી ઉંઘાવાને અને આશાયશ લેવાને ગયા.

જ્યારે પ્રકાશતા દિવસે બાહાર આવીને કાલી ધુલ ઉપર યાકુતનો રંગ પાંઠર્યો ત્યારે તે જેહાનનો પાદશાહ અને કએકાઉસ બધે નામદારી ભરેલા અને નેક પગલાના પાદશાહો તખત ઉપર બેઠા ત્યાં કાઉસ પાદશાહે પેહેલ-વાન રૂશતમ અને દસ્તાન સાથે કેટલીક વાતચીતો કીધી તેણે પેહેલા અફરા-સીયાબ વિષેની વાતો કરવા માંડી અને બધે આંખોના આંસુઓથી પોતાના બે ગાલોને ભીજવવા માંડીયા તેણે તેઓ આગળ અફરાસીયાબે સીયાવક્ષની શાથે શુ શુ કીધું હતુ તથા તેણે ઇરાનમાં કેટલી વખત ધુળ ઉડતી કીધી હતી, તથા તેનાથી કેટલા પેહેલવાનો દુખી થયા અને કેટલી ઓરતો, બાળકો અને બચ્ચાંઓ માર્યાં ગયાં તથા ઇરાનના કેટલાં શેહેરોએ તેનાથી ખરાબી જોઈ અને અફરાસીયાબથી તેઓ નાશ પાંમ્યા તે વિષેની વાતો કીધી પછી તેણે કએખસરૂને કહયું કે, " તુને મરદાનગી, અક્કલ, જોરાવર હાથ, બુજોરગી સાથનો દમામ અને ભલુ નસીબ વિગેરે જે કાંઇ જોઇતું હતું તે સઘળુ યઝદાં તરફથી મલ્યુ છે પાદશાહો વચે તું દરેક ગુણ ધરાવવામાં ચઢતો છે. તેથી હવે હું તારી પાસેથી એક વચન માગું છું જેને ઇન્સાફ આપવામાં તારે જરાપણ ફરવું જોઇશે નહી તે એજ કે તુ અફરાસીયાબ સામે તારાં દિલને કીના ભર્યું રાખજે અને પજરેલા આતશ ઉપર પાણી નામતો ના તારે તારી માય સાથની તેની સગાઈ તરફ જોવુ નહી, અને કોઈનું પણ કેહેવું સમજીને તે વચણથી ફરવું નહી. તારી સામે ચઢતી આવે કે પડતી આવે તો પણ તું દોલત અને પુશકલ માલ મીલકતથી ભુલાવો ખાતો ના તેથી તું મારી સાથની એ વાતથી જરાએ ફરશે નહી એમ તું ખજાનાના, તલવારના, રાજ-

[1] આબાદગાન એ તબરીજના મુલકના એક શેહેરનુ નામ છે જ્યાંના આતશ કદેહને આજર આબાદગાન કહે છે

મોહોરના અને તાજના સોગંદ ખા. સોગંદનો પાયો કેવો હોય છે તથા ડાહાપણ અને જીવની વચેનો સંબંધ કેવો હોય છે તે તો મેં તુને કહયું છે. માટે તુ સુરજ અને ચંદ્રને પેદા કરનાર સાહેબના સોગંદથી, તથા તલવાર, મોહોર, તખત અને તાજના સોગંદથી, તથા પેહેલવાનોની તલવારના, સફેદ દિવસના અને અંધારી રાતના સોગંદથી, તથા ફ્રીદુનના ઇનસાફના, તેની રાહરીતીના, સીયાવક્ષના લોહીના અને તુ પાદશાહના જીવના સોગંદથી તું મને કેહે કે પરવરદેગારે બક્ષેલા દમામ અને ભલા નસીબ સાથે તુ કદી પણ બુરે મારગે જશે નહી તું તારી કમરે તલવાર અને ગુરજ સિવાય બીજુ કાંઈપણ રાખવાને ઇચ્છશે નહી અને તારા આત્માની મોટાઇને એક મીનારાની ઉંચાઇથી પણ વધારે ઉંચે ચઢાવશે " જ્યારે તે જવાન પાદશાહે કએકાઉસથી એ પ્રમાણે સમજ્યું ત્યારે તેણે પોતાના રોશન રવાનને આતશ તરફ ફેરવીને પરવરશી કરનારા દાદારના, તથા સફેદ દિવસ અને અંધારી રાતના, તથા જીવના, અક્કલના, આસમાનના અને જમીનના તથા તલવાર, ગુરજ, મોહોર અને વીંટીના, તથા મોબેદોના કોલકરારના અને આત્માના વચણના તથા ખુલ્લાં દિલના, અક્કલમંદોની નસીયતના, તથા ફ્રીદુનના ઇનસાફના અને તેની રાહ-રીતીના તથા સીયાવક્ષના ખુનના અને પાદશાહના જીવના સોગંદ લિધા અને બોલ્યો કે, " હું કદી પણ અફ્રાસીયાબ તરફ મોહોબતથી ખેંચાવશ નહી અને તેનો ચેહેરો સ્વપને પણ જોવા ઇચ્છશ નહી. જે રસ્તેથી તે ગયો હશે તે રસ્તેથી પણ હુ જવશ નહી કારણ કે તેની રાહારીતીથી મારો પણ જીવ ગુસે થયલો છે. હું મારા બાપના ખુનનો બદલો મેળવવાની અને તે કીનાને માટે મારા દિલ અને જીવને તૈયાર રાખવાની કોશેશ કરશ એ સખત કામ ઉપાડી લેવા માટે હુ મારી કમર બાંધશ અને તેમા ફરતું આસ-માન અને મારૂ નસીબ મારો મદદગાર થશે આસમાનથી કાઇ બીજુ કામ બને ત્યાં સુધી હુ તેની સાથે લડાઇ કરવાથી થોડો વખત પણ આરાયશ લેવશ નહી. તેની તરફથી મલેલા તખત અને તાજથી હું ખુશી થવશ નહી અને જ્યાં સુધી તે અફ્રાસીયાબ આએ જમીન ઉપરથી ગુમ થઈ જાય અને તેથી સીયાવક્ષનું રવાન ખુશનુદ બને ત્યાં શુધી હું વખત યા બેવખતે આરામ લેવશ નહી. જ્યાં સુધી જેહાનમા પાણી અને કીચલ રહેશે ત્યાં સુધી આએ જમીન ઉપર હું મારાં દિલને એ વાતથી ફેરવશ નહી. આ મારી વાતના તમો સાક્ષી રેહેજો અને પાદશાહને ઉંચી સલાહ આપજો." પછી એક પાદશાહી દફતર ઉપર તેણે પેહેલવી જબાનમાં એક દસ્તાવેજ કસતુરીથી લખ્યો અને તે ઉપર દસ્તાને અને રૂસ્તમે તેમજ લશકરના મોટી પડવીના લોકોએ શાક્ષી દાખલ

શહી કીધી અને તે દફ્તર એક કબુલાત તરીકે રૂસતમના હાથમાં મુકવામાં આવ્યું. આવી રીતના તે કોલકરાર અને સોગદ હતા અને એવી રીતની રસમ અને ઇનસાફ હતો આથી તમામ મોટી પડવીના લોકોએ ખસરૂની તારીફ કીધી અને તેના ખોરેહથી તેઓ અજાયબ બન્યા ત્યાર પછી ખાનુ અને દારૂ, હાજર કરવામા આવ્યો અને ત્યા બીજીજ રીતની ખુશાલીની મીજલશ તૈયાર કરવામાં આવી કાઉસની દરબારના મોટી પડવીના લોકોએ એક અઠવાડીયુ વાજીત્ર અને દારૂ સાથે પસાર કીધુ. આઠમે દાહાડે પાદશાહે માથાંવેરથી પોતાનુ શરીર ધોઇને પેહેલે બદગી કરવાની એક જગ્યા સોધી અને ત્યાં ફરતાં આસમાનના પેદાના કરનાર નજદિક તે બદગી કરવા ઉભો તે અધારી રાતથી તે સુરજ ઉગ્યો ત્યા સુધી આંખોમા આંસુ સાથે રડતાં રડતાં બોલ્યો કે, " ઓ તુ ઇનશાફની બક્ષેશના કરનારા એકપુરા ખોદા! જેહાનનો સભાળનાર, રોજીનો પુગાડનાર અને રસ્તાનો બતાવનાર તુજ છે તમામ કામમાં તુજ શક્તિવાન તેમજ દુખ અને ગમ આસાન કરનાર છે. મારી જવાનીના વખતમાં જ્યારે મારૂ કાંઇપણ લશકર હતુ નહી ત્યારે તે અઝદાહ જેવા અફ્રાસીયાબના ડાચાંમાંથી મને છોડવ્યો હતો. તે તુરાની લશકરનો સરદાર કોઇપણ રીતે ગુનાહ કરવાથી બીહીતો યા અટકતો નથી એમ તુ જાણે છે. વેરાન અને આબાદ જગ્યા તેને શ્રાપ દે છે અને નિર્દોશોના દિલ તેને માટે કીનાભર્યાં રહે છે છતાં તે તુરાની લશકરના સરદારનુ તાજ આસમાન સુધી પુગે છે માટે તુ તેનાં (બુરાં કામના) બદલા તરીકે તેના મુલકમા આતશ રેડ અને તેના તમામ બાધુરોને ગમમા ગીરફ્તાર કરી ધુળમા નાખ તેણે એવી રીતે વગર ઇનસાફે સીયાવક્ષનુ લોહી ધુળમાં રેડવાથી હમારા જીવ દુખી થયા છે. પાદ-શાહોના દિલ તેને માટેની ફીકરથી ભરેલા રહે છે અને તેનુ તખત અને તાજ જેહાનમાં એક બલા તરીકે ગણાય છે. માટે તુ આએ તારા ગોલામને મારા બાપના ખુન માટે મદદ કર અને બુઢા કાઉસના જાન ઉપર એક બક્ષેસ કર. તુ જાણે છે કે અફ્રાસીયાબ બુરા ખવાસનો તથા વળી બુરી ખશલતનો અને જાદુગર જેવો છે તથા તે પોતાના દિલને અકલવાળું રાખતો નથી અને તે બેદાદી સાથે પોતાના જીવની પરવરશી કરે છે. તેને બુરા વિચાર કરવાનીજ ટેવ હોય છે અને તેની દીન તરીકે જેહાનમાં ખરાબીજ હોય છે. તેની આવી ખરાબ ટેવોથી મારી આંખો રડતી બની છે અને મારૂ દુખી દિલ તેના હાથથી બળયા કરે છે. માટે તું તારા ગોલામને મારા બાપનો કીનો લેવાના કામમાં મદદ કરીને બુઢા કાઉશના જાન ઉપર બક્ષેસ કર " તેણે એ રીતે ઘણો વખત સુધી પોતાના ચેહેરાને જમીન સાથે મસલીને પરવરદેગારની બંદગી

કીધી. ત્યાર પછી તે પાછો બાહાદુર પેહેલવાનો આગળ પોતાના તખત તરફ ફર્યો અને એ પ્રમાણે બોલ્યો કે, "ઓ મારા નામદારો, બાધુરો, અને ખંજરના વાપડનારાઓ! હું આ શેહેરથી તે આદર ગુશરપના મકાન સુધીની તમામ ઈરાન જમીનમાં ઘોડા ઉપર બેસીને ફરી આવ્યો છુ, પણ મેં કોઇને પણ ખુશાલ દિલનો, દોલતવાલો અને આબાદ જમીન ધરાવનારો જોયો નથી. સઘલાઓ અફ્રાસીયાબથી દુખી થયા છે અને તેથી સઘલાઓના દિલ લોહીથી ઉકલતાં અને આંખો આંસુથી ભરેલી રહે છે તેમાં પેહેલો હું તેનાથી વિધાયલાં જીગરનો બન્યો છુ કારણકે મારો જીવ અને શરીર પણ તેનાથી ઘણુ દુખી થયુ છે વળી બીજુ એકે મારો પાદશાહ બપાવો કે જે પવિત્ર શખ્સ છે તે પોતાના દિલમાં તેને માટે થંડી હાય મારે છે. એવી કહી બુરાઇ બાકી છે જે અફ્રાસીયાબે હમારી સાથે કીધી નહિ હોય? તેણે સીયાવક્ષ સાથના કોલકરાર તોડયા અને તેણેજ પોતાની બેટી ઉપર દુખ અને સંકટ પાડયું તેણેજ પોતાના ભાઇ અગરીરશની કમરનાં બે ટુકડા કરાવ્યા વળી બીજુ એ કે આપણા પેલા પવિત્ર પાદશાહ નોજરનુ ડોકુ તેણેજ ખંજર વડે તેના શરીરથી જુદુ કીધુ હતુ તેણે કીધેલી પુશકલ કટલો, નાશ અને લડાઇઓને લિધે ઇરાનના મરદો અને ઓરતો હજી સુધી રૂડન કરે છે તેથી હવે જો સઘળાઓ મારા વફાદાર મદદગાર બનીને તથા દિલ મુકીને મારા દોસ્ત બનશે તો હું મારા બાપના કીનામાં મારી કમર બાંધશ અને ઇરાનીઓની વચ્ચેથી એ ખરાબીઓ દુર કરશ; તેથી જો તમો મારી સાથે મેહેનત ઉઠાવી ફરીથી તેની સાથે લડાઈ કરશો અને કોષેશ કરી વાઘોની રશમને પાછી ચાલુ કરશો તો હુ પણ તમારી હરોલમાં લડવાને બાહાર પડીને બાધુરો સાથે પાહાડો અને જંગલો ખેડશ. માટે તમો ઇરાનમા તમારા દિલને નરમ પડવા દિધા વગર તમારા જીવોને લડાઇ કરવા માટે તુરાનને સોંપી દેઓ હું ત્યાંના પેલાં તાજ અને તખતને ઉધુ વાળશ કે જેથી પછી અફ્રાસીયાબને કોઈ પણ પાદશાહ તરીકે ગણુશે નહી માટે ફ્તેહમંદ યઝદાંના હોકમથી તમો તમારા પોશાકના છેડાને એકમેક સાથે બાંધી લેઓ એ લડાઈમાં જે લોહી રેડાશે તેનો ગુનેહગાર અને જવાબદાર તે રેહેશે. જો આએ લશકરમાંથી જે કોઈ માર્યા જશે તેઓની જગ્યા ઉચા બેહેસ્તમાં થશે માટે હવે તમો એ વિષે શુ કહો છો? અને શું જવાબ દેઓ છો? તમો સઘળાઓ તે માટે તમારા મુબારક વિચારો દર્શાવો એવી બુરાઇ કરવા તરફ તેણેજ પેહેલો હાથ લબાવ્યો એમ જો તમો ધારતા હોવો તો પછી એ બુરાઇનો બદલો લિધા વગર બેસી રેહેવું લાયક નથી. માટે જો મારી વાતમાં ઇનશાફ હોય તો હવે

આગળ રસ્તો આપો, પણ જો તેમ નહી હોય તો તમે મારૂ દિલ તોડી નાખો."

તે મોટી પદવીના લોકોએ તેને જવાબ આપવાની તૈયારી કીધી અને પોતાની જગ્યાએથી દુખી દિલે ઉભા થઇને બોલ્યા કે, " ઓ પાદશાહ ! તું તારાં દિલને ખુશાલ રાખ અને તારાં દિલને હમેશાં ગમથી છુટું રાખ. હમારાં તમામ શરીર અને જીવ હમે તારી આગળ મુકયા છે અને તારાથીજ હમો દલગીર તથા ખુશી રહીએ છીએ હમે હમારી માતાથી મરવાનેજ જનમ્યા છીએ તેથી જો કે હમો છુટાપણું ભોગવ્યે છીએ તોપણ હમે સઘળા તારા ગોલામ જેવા છીએ " જયારે તેણે અનજુમનનો તથા તુસ, ગોદરેજ અને રૂસ્તમનો એવો જવાબ સમજ્યો ત્યારે તે પાદશાહનો ચેહેરો ગોલાબ જેવો ગોલાબી બન્યો કારણ કે તેના દરબારીઓ જેમ જવાન હતા તેમ પાદશાહ પોતે પણ જવાન હતો પછી તેણે તેઓને દુવા કીધી કે " તમો જમીનના પેહેલવાનો વચ્ચે આબાદ રેહેજો "

કએખસરૂએ પોતાના પેહેલવાનોની ગણતરી કીધી અને તેણે ઉમેદ સાથે તેઓને બક્ષેશ કીધી તથા લશકરની તપાસ કીધી તે વિષે.

વળી એ બાબદ બન્યાને કેટલોક વખત વહી ગયા પછી જયારે કન્યા રાશીમાંથી સુરજ પોતાનો ચહેરો દેખાડવા લાગ્યો ત્યારે તેણે ગામે ગામથી તમામ મોબેદોને બોલાવી મ ગાવીને તેઓ સાથે કેટલીક ઘટતી વાતચીતો કીધી ત્યારબાદ કએખસરૂએ પગાર ચુકવનાર ખજાનચીને મોટા અને નાના દરજ્જાના સરદારોના નામો પોતાની આગળ બોલી જવાને ફરમાવ્યુ તેઓને સનદ આપવા પાછલ બે અઠવાડીયાં વહી ગયાં પછી નવેસરથી તેમના નામોનું દફતર બનાવી તેમાં પેહેલવાનીને લાયકના શખ્સોના નામો લખી લેવામાં આવ્યાં. પેહેલાં એકસો ને દશ નામો કએકાઉસના સગાંઓમાંથી નોંધ્યાં અને તેઓનો સરદાર તે જવાન પાદશાહની તાબેદારી કરનારા કાઉસના બેટા ફરીબરૂજને બનાવ્યો જે કોઇ મીનોચેહેરના ખાનદાનનાં હતા અને તેમના દિલ અને જીવ તુસ તરફ વાહાલથી ભરેલા હતા, તેઓમાંથી ગુરજવાલા નોજરના ખાનદાનના હેસી શખ્સોને ચુટી કાઢીને તેઓ તરફ દીલસોજી ધરાવનારા, ગુરજ, તલવાર અને ઢાલના માલેક શાહજાદા જર અસ્પને[1] તેઓનો સરદાર બનાવ્યો ત્રીજો કેશવાદનો બેટો ગોદરેજ કે જેને લિધે લશકર આબાદ રેહેતું હતું તે પોતાના ઇઠોતેર બેટા અને નબીરાઓ, જે સઘળાઓ પાહાડી બાહાદુરો અને જંગલના

---

૧ 'જરસ્પ' એ નોજરના બેટા તુસનો બેટો થતો હતો.

સ્વારો હતા અને જેઓ કાવ્યાની ઝુન્ડાને ઉઠાવનારા અને કેઆનીઓના તખત અને નસીબને દીપાવનારા હતા તેઓનો સરદાર બન્યો. ગઝદહમની તોખમના ત્રેંસઠ શખ્સોનો વડો અને સરદાર ગસતહમ બન્યો. મીલાદના ખાનદાનના સો સ્વારોનો સરદાર ફ્રતેહમદ ગુરગીન બન્યો વળી તેનો બીજો સરદાર બાહાદુર હજીરેહ કે જે જેહાનનો શોધનારો અને સિંહોને પકડનારો પેહેલવાન હતો તે તથા જે નામદાર કારનનો બેટો થતો હતો અને લડાઈમાં એક લોઢાંના પાહાડના જેવો હતો તે બન્યો તુવાનેહની[1] તોખમના ૫નચ્યાસી લડાયક સ્વારો બરતેહ કે જે તેમના તરફથી લડાઇમાં નામદારી દેખાડનાર હતો તેની સરદારી હેઠળ ખજાનાના ચોકીબાન બન્યા. પશગના[3] ખાનદાનના તેત્રીશ લડાયક શખ્સો કે જેમના લડાઈનાં હથીયાર ટુકા બાલાઓ હતા, તેઓના સરદાર બાહાદુર, હુશીયાર અને જોરાવર પેહેલવાન રીવ[4] હતો એ રીવ જે લડાઈ વખતે ઢોલની હરોલમા રેહેનારો અને પેહેલવાનોનો સભાલનાર હતો તે તુસનો જમાઇ થતો હતો. બુરજીનના ખાનદાનના સીતેર લડાયક પેહેલવાનનો સરદાર ફરહાદ કે જે લડાઇના મેદાનમાં હથીયાર ટીપવાના એરણ જેવો હતો તે બન્યો ગરાજેહના ખાનદાનના એકસોને પાંચ પેહેલવાનોનો સરદાર ગરાજેહ પોતેજ બન્યો ફરીદુનની તોખમના હેસી લડાયક અને બાહાદુર શખ્સોની ટોલીનો સરદાર નામદાર અશકસ બન્યો એ પેહેલવાનો ઉપરાંત બીજા મોટા ઉમરાવો, સરદારો, અને નામદારી ભર્યા બુજોર્ગો હતા એ દફતરથી એવું બન્યું કે તેનો લખનાર મોબેદ સઘલા લાયકાત અને દમામવાલા નામદારોને ઓલખવા લાગ્યો તે પાદશાહી દફતરમાં તે સઘલાઓનાં નામ પાછલથી કામ આવે એ મટલબથી નોધવામાં આવ્યાં

પછી કએખસરૂએ સઘલાઓને શેહેરમાંથી બાહાર પડીને લડાઈના મેદાન તરફ જવાને ફરમાવ્યુ. જ્યારે લશકર અને સરદારો બાહાર પડયાં ત્યારે ત્યાંની જમીન જરયુન ફુલ માફક ખુશનુમા દેખાવા લાગી. તેણે ખાનગીમાં પેહેલવાનોને કહયું કે " હવે એ કામ લાંબુ થઇ પડવું જોઇતું નથી. આ મહીનાની આખેરી સુધીમાં સરનાઇના પોકારો સાથે ઢોલ ઠોકાવાં જોઇએ છે, અને તુરકીઓ સાથે લડવા જવા માટે સઘળાઓએ ખુશીથી તુરાન તરફ કુચ કરવી

---

૧ 'તુવાનેહ' એ એક ઈરાની પેહેલવાનનુ નામ છે ૨ 'બરતેહ' એ તુવાનેહના છોકરાનું નામ છે ૩ 'પશગ' એ પાદશાહ મીનોચેહેરના બાપનુ નામ છે. એ શખ્સ પાદશાહ અફ્રાસીયાબના બાપ પશગથી જુદો શખ્સ હતો ૪ 'રીવ' એ ઇરાની પેહેલવાનનુ નામ છે અને તે તુસનો જમાઈ થતો હતો.

જોઇએ." આથી સઘળાઓએ જમીન સુધી માથાં નમાવીને તેની તારીફ કરીને કહયુ કે, "ઓ લાયકી અને દમામવાલા પાદશાહ! તારૂ તાજ અને કમરબંધ તારાથી દીપતા રહેજો હમે સઘલા તારાજ ગોલામ છીએ અને મેષથી તે મીન રાશી સુધી તારીજ પાદશાહી છે." પછી ઘોડાવાલાઓ જયાં જોરાવર ઘોડાઓ હતા ત્યાંથી તેઓને ટોલાબંધ લશકર આગળ હાંકી લાવ્યા. કએખસરૂએ સીપાઇઓને ફરમાવ્યુ કે, "જે કોઇ કમંદ ફેંકનારા અને લડાઇમાં તાંબાં જેવુ શરીર ધરાવતા પેહેલવાનો હોય તેઓએ તે ટોલાં તરફ જઇને પોતાના જોર અને મરદાનગીને ખપમાં આવતા ઘોડા ચુંટી લેવા" આથી સીપાઇઓએ તે અરબી ઘોડાઓ ઉપર કમંદો ફેંકીને તે ઘોડાઓના માથાં તેના ફાસામાં પકડયાં પછી ફતેહમંદ પાદશાહે ગુરજ ધરી એક સુનેરી તખત ઉપર બેસીને પૈસાથી ભરેલા ખજાનાના બારણા ખોલ્લાં કીધાં અને બોલ્યો કે, "મુજોગોનો ખજાનો ઢંકાઈ રહેવો જોઇતો નથી, લડાઈ અને કીનાની કોષેશ વખતે પૈસા અને ખજાનો આપણી નજરમાં તુચ્છ છે. એ સઘલો ખજાનો તો હુ મારાં માણસોની મદદથી મારાં તખત આગળ પાછો લાવશ (યાને લડાઇમાથી ખજાનો પાછો મેલવશ), અને ફળદાર ઝાડને સુરજ સુધી પુગેલુ બનાવશ.[૧] જો ખજાનો માણસોને કામ લાગતો હોય તો એમ ઢીલ શા માટે કરવી જોઇએ?"[૧] ત્યારબાદ અંજુમનને લગતા તમામ મોટી પડવીના બાધુર ઇરાનીઓ પાસે પાસે બેઠા[૧] પછી બાદશાહે ખજાનચીને પોશાકો, હીરાજડીત જામો, સોનાની ભોંયવાલા અને જહવેરાતની ભરતવાલા શો રૂમી રેશમી કાપડના તાકાઓ તેમજ બીવરના ચાંમડાઓ, કીનખાબો, પુશકલ ઘોડાના જીનો તથા એક હીરાજડીત પાદશાહી જામ લાવવા ફરમાવ્યાથી તે નામદાર પાદશાહ આગળ એ ચિજો હાજર કરવામાં આવી.

પછી જેહાનના પાદશાહે લશકરને કહયું કે, "તે નર અઝદાહ જેવા અફ્રાસીયાબનો જલ્લાદ પલાશાન કે જેને અફ્રાસીયાબ પોતાનો એક પહેલવાન ગણે છે અને તેનીજ ચોંપથી તે ઉધાઇ શકે છે તે કમીનાના ડોકાંના બદલામાં આ વગર કીંમતનો ખજાનો મલનાર છે, માટે આપણા લશકરગાહમાં લડાઈ વખતે એવો કોણુ છે જે તેનું માથું, તલવાર અને ઘોડાને ધુલમાં ફેંકે?" ગેવના બેજને જડપથી ઉઠીને તે અઝદાહને મારી નાંખવા માટે પોતાની કંમર બાંધી. તેણે તે પોશાક તથા જવેહરાતથી ભરેલી સુનેરી જામ એ સઘલું

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

ઉચકી લેઈને કહયું કે, "સુરજ અને ચંદ્રના પેદા કરનાર સાહેબના હોકમથી હું તેનુ ડોકું લશકર આગળ લાવી હાજર કરશ. એમજ જાણજે કે હવે તે અઝદાહનો અંત આવ્યો છે, કારણકે પરવરદેગાર લડાઇમા મારોજ મદદગાર થશે." એટલું કહી તેણે તે હીરાજડીત જામ પોતાના હાથમાં પકડી પોતાની બેસવાની જગ્યાએ જઇને ત્યાંથી પાદશાહ ઉપર પુશકલ દુવા કીધી કે "તુ તાજદાર પાદશાહનું માથું જાવેદાન સુધી સચવાયલું રહેજો." વળી પાદશાહે ખજાનચીને બસો સુનેરી જામ, રેશમી તાકા, ભરેલું રેશમી કાપડ, અને કંમરે પતો બાંધેલી ગોલાબ જેવા ચેહેરાની બે ઓરતોને લાવી હાજર કરવાને ફરમાવ્યા પછી પાદશાહે કહયું કે, "જે કોઈ તજાવનું[1] તાજ મારી અથવા તો આ નામદારી ભરેલી અંજુમન આગળ લાવશે તે શખ્સને હુ આ હદીઓ આપીને તેનો ઉપકાર માથે ચઢાવીશ કારણકે અફરા-સીયાંબે તે તાજ તેના માથા ઉપર પેહેરાવ્યુ છે અને તે તેને મુબારક તોખમના જમાઇ તરીકે ગણીને એ તાજ તેને માથે પેહેરાવ્યું છે" આથી વળી ગેવનો બેટો બેજન કે જેનો પંજો લડાઇમા ઘણો લાંબે સુધી પુગતો હતો, અને તે જવાન પોતાનુ નામ જેહાનની તવારીખમાં મસહુર રહે તે માટે નામદારી સોધવા ચાહાતો હતો તેણેજ ઉઠીને તે ગોલામો તથા હદીઓ કબુલ કીધો, જેથી તમામ અંજુમન તેને માટે અચરત બની. પછી તેણે ખુશાલી સાથે પોતાની જગ્યાએ જઇ બેસ્તા બાદશાહા ઉપર દુવા કીધી કે, "જેહાન કએખસરૂથી આબાદ બનજો." વળી પાદશાહે ખજાનચીને કંમર બાંધેલા દસ ગોલામો, સુનેરી લગામવાળા દસ જોરાવર ઘોડાઓ તથા સંગરાયલી પરદેપોશ દસ ઓરતો લાવવા ફરમાવ્યાથી તે મુજબ તેણે એ સઘલુ લાવી હાજર કીધુ પછી તે રૈયતનો ચાલાક પાદશાહ બોલ્યો કે, "જ્યારે તજાવના દિલમાં સિંહના જેવી શકિત નહી રેહેવાથી તે નાહાસવાને મોઢું ફેરવે તે વખતે તે પોતાની સાથે જે દાસી રાખે છે કે જેણીનો અવાજ સમજતાં વાઘો પણ તાબે થાય છે તથા જેણી વસંત જેવો ચેહેરો, સરોવરના જેવી ઉચાઈ, બરૂના જેવી પટલી કંમર અને તીતર જેવી ચલન ધરાવે છે અને જે ચંદ્રના જેવા ચેહેરાવાળી ઓરતનુ નામ અસપનુઈ છે, તે ચંપેલી જેવી નાજુક, દિલજીત અને કસ્તુરીના પમરાતવાલી ઓરતને કોઇ પકડે અને તેને તલવારથી મારી નાખ્યા વગર કારણકે આવો ચેહેરો ધરાવનારીને તલવાર વડે મારી નાખવી અફશોસ કારક છે તેણીની કંમરમાં ફાંસો નાંખીને કેદ પકડશે તે શખ્સને

---

[1] 'તજાવ' એ તુરાની પેહેલવાનનું નામ છે અને તે અફરાસીયાબનો જમાઈ થતો હતો.

માટે આ સઘલા ઘોડાઓ અને ખુબસુરત ઓરતો છે માટે તેણીને એમ પકડી લાવવાની કોણુ હીંમત ધરાવે છે ?" આથી એ કામ માટે પણ બેજનેજ પોતાની છાતી ઠોકી અને તેણે ફતેહમંદ પાદશાહ આગળ જઇને તે જેહાનના પાદશાહની તથા પરવરદેગારની તારીફ કીધી. આથી તે મોટો પાદશાહ તેનાથી ખુશ થઇને બોલ્યો કે "ઓ બાધુર નામદાર! તારા જેવા પેહેલવાનો મારા દુશમનોના દોસ્ત હોતા ના, અને તારા પ્રકાશીત જીવ વગરનું શરીર બનતુ ના." વળી તે પાદશાહે ખજાનચીનને ખસબોઇથી ભરીને છુપી રાખેલી દસ સુનેરી જામો તથા દસ હીરાજડીત નકકર સુનાની જામો, તથા એક કસ્તુરીથી ભરેલી પીલા યાકુતની જામ, તથા બીજી કસ્તુરી અને ગોલાબની ભેલસેલથી ભરેલી અકીક, પોખરાજ, અને ઘેરા શીશાની બનાવેલી જામો, તથા કમરબંધ સાથના દસ ગોલામો અને સુનેરી લગામવાલા દસ કીંમતી ઘોડાઓ એ સઘળું લાવવાનો હોકમ કીધો. પછી પાદશાહ બોલ્યો કે "કોણના જીવમાં એવી શક્તિ છે કે જે તજાવ સાથે લડાઈમાં ઉતરીને તેનુ ડોકું તે મેદાનમાંથી બાધુર લશકર આગળ લાવે ?" એ કામ માટે ગોદરેજના બેટા ગેવે પોતાની છાટી ઠોકી અને તેણે તે પેહેલવાન સાથે લડાઈ કરવાની કમર બાધીને તે મોંઘી કીંમતની ઓરતો તથા તે સઘલાં સંગાર સાથનો માલ ત્યાંથી ઉપાડી જતાં પાદશાહને કેટલીક દુવા કીધી કે, "તારૂ તાજ અને તારી વીઢી તારા વગરની રહેતી ના." વળી પાદશાહે ખજાનચીનને દીનાર, કસ્તુરી અને જેવેહરાતથી ભરેલા દસ સુનેરી ખુમચાઓ, તાજ અને કંમરબધ વાલી પરી જેવી દસ ઓરતો, રેશમી અને ખીનખાબના બસો તાકાઓ, એક પાદશાહી તાજ અને દસ કમરબધ પોતાના તખત આગળ લાવી હાજર કરવા ફરમાવ્યુ. પછી તે બોલ્યો કે "એ સઘલુ જે કોઈ નામદારી અને ગંજ મેલવવા માટે મેહેનત કરવાને ડરતો નહીં હોય તે શખ્સને માટે છે. તે શખ્સે અત્રેથી કાંસેહ નદી તરફ જઇને ત્યાં સીયાવક્ષના રવાન માટે દુવા ગુજારવી. ત્યાં તેને દસ કમદની લબાઇથી પણ વધારે ઉચાઇનો સુકાં લાકડાંનો એક પાહાડ જેવો ઢગલો જણાશે. અફ્રાસીયાબે (કાંસેહ) નદી પસાર કરતી વખતે એ ઢગલો એવી મકશદથી કરાવ્યો હતો કે એ જગ્યાએથી કોઇ પસાર થઇ ઇરાનમાંથી તુરાનમાં દાખલ થાય નહીં, માટે એવો કોણ બાધુર છે કે જે અત્રેથી જઇને કાંસે નદી ઉપરના તમામ ઢગલાને આગ લગાડે ? જેથી ત્યાં લડાઇ થતાં તેનુ લશકર તે લાકડાંના ઢગલાનો આશ્રો લે નહી." એ કામ માટે પણ ગેવજ બોલી ઉઠયો કે "એતો મારો શેકાર છે. એ પાહાડને બાલી નાખવાનું કામ મારૂંજ છે. જો તેમ કરતાં ત્યા દુશમનનું લશકર આવશે તો હું લડવાને

પણ બીહીવશ નહીં પણ લડાઇમાં ઉતરીને (તેમના મુરડાંની) ગીધોને જીયાફત આપશ." આથી પાદશાહે તે માલ ગેવને સોંફતાં કહયુ કે "એ લશકરના પેહેલવાન ! હવે હું લશકરના માર્ગને બરફથી સાફ કરાઉં છું અને તેમ કરીને (દુશમનોના) ધાસ્તી ખાતાં દિલને ધાસ્તીમાં નખાઉ છું.[1] જેમ મુર્તી વગરનો બ્રાહમણ ખોટો તેમ તારી તલવાર વગરનુ તાજ પણ રોશન રેહેતું ના." વળી તેણે ખજાનચીનને વગર ઢીલે જાતજાતના સો રેશમી તાકા તથા જાણે પાણીજ બ ધાઇ ગયું હોય એવા આબદાર જવેહરાતના સો ન ગ તથા તાજથી ઢંકાયલાં માથાં અને બાલવાલી પાંચ પરદેપોશ દાસીઓને ત્યાં લાવવાને ફરમાવ્યુ પછી તે બોલ્યો કે "જે પાક જીવનો શખ્સ જેના ઉપર અકકલ પાદશાહ તરીકેની સત્તા ચલાવતી હોય તથા જે બાહુર, દાનાવ અને મીઠું બોલનાર હોય અને જે સિંહની સામેથી પણ નાહાસીને પાછો ફરતો નહી હોય તે અફરાસીયાબથી ડરયા વગર અને આંખમાં આંસુઓ લાવ્યા વગર તેની આગલ મારો આ પેગામ લેઇ જવો અને ત્યાં જમીનને બોસા લેઇ હુ જે વાત કેહેવડાઉ તેજ તમામ વાત તેને કહી સમજાવી તેનો કહેલો જવાબ મારી આગળ લાવશે, તેનેજ આ હદીઓ લાયક ગણાશે માટે આ નામદારોની અન્જુમન વચે કોણ એવી શકિત ધરાવે છે." તે માટે મીલાદના ગુરગીને પોતાનો હાથ ઉચો કરી મુસાફરી કરવાને કમર બાધ્યાથી તે દાસીઓ, કસબી કપડાઓ અને પાદશાહી જહવેરાત તેને સ્વાધીન કરવામાં આવ્યું. તેથી તેણે પાદશાહ ઉપર દુવા કરીને કહયું કે "તારા જીવ સાથે અકકલ જોડાયલી રહેજો તુ જેહાનનો પાદશાહ જયારે મને કેહેશે ત્યારે હુ ત્યાં જઇને તેનાથી ડરીઆ યા ગભરાયા વગર તેને તારો પેગામ પુગાડશ."

આથી જેહાનના પાદશાહે મીલાદના બેટા ગુરગીનને બલતાં દિલે અને આખોમા આસુ સાથે ખાનગીમા કહયુ કે, "અત્રેથી તુ અફરાસીયાબ આગળ જઇને જે પેગામ હુ તેને કહેવાડું છુ તે મારી સઘળી વાત તેને કેહેજે કે, 'એ બુરા વિચારના ખુની શખ્સ ! જેહાનમાં તારી માફકની બુરાઇઓ કોણે કીધી છે? કારણકે તે તારા ભાઇનુ લોહી પાણી માફક રેડયુ છે. વળી તેં તમામ જેહાનને ખરાબ કીધાથી ઇરાનના મરદો તથા ઓરતો ખાકમાં ધુજતાં પડીને પાક પરવરદેગાર આગળ તારે માટે ફરીયાદ કરે છે જેહાનમાં કેઆની-ઓની યાદગારી જેવા ગણાતા નામદાર 'નોજરને તેં ગરદન મરાવ્યો છે. જયારે સીઆવક્ષ લડાઇ કરવા અને તારા ઉપર જેહાનને કાલી અને ત ગ બનાવવાને

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

રૂસતમ સાથે આવ્યો ત્યારે તેં તારો રંગ એમ બદલી નાંખીને તેના ઉપર તરેહતરેહનો ખજાનો અને પૈસા રેડી મુકયા હતા અને ઇરાન અને તુરાન વચ્ચે જામીન તરીકે તેના ઉપર સો શખ્સોને મોકલી આપ્યા હતા પણ કાઉસે આ સુલેહ કરવા માટેનો શક રૂસતમ ઉપર લેઇ જઇને ગુસ્સે બની સીયાવક્ષ ઉપર એક નામુ લખ્યુ અને તે માટે તેને તેના કુટુબીઓ સાથે કજીઓ થયો. આથી સીઆવક્ષે પાદશાહનો હોકમ બજાવવાનો પડતો મેલી આવીને તારો આસરો લિધો અને તારે લિધે તેણે ઇરાન જમીન, ઝુન્ડો, લશકર, તાજ અને વીટી એ સઘલું તર્ક કીધુ. ઓ બુરા બેબુન્યાદ ! તારૂ નામ નામદારો વચેથી ગુમ થજો કે તેણે તારો આસરો લિધા છતાં તે આવા પ્યારા પાદશાહનું ડોકુ બકરૂ કપાવે તેમ કાપી કાઢયુ અને પછી વળી મારૂ ખુન કરવાની તે તૈયારી કીધી અને હુ જે જેહાનમાં જનમેલો પણ નહી તેનુ મોત લાવવા ઇચ્છયુ. એવા એવા તારા જુલમો હુ કેટલા કહુ હવે તો તુને દોજખનીજ જગ્યા લાયક છે. હજી પણ જો તું મારૂં દિલ ઉશકેરવા નહી માગતો હોય અને તારા ઉપર હુ કીનો લેવાની કોશેશ નહી કરૂ એમ ઇચ્છતો હોય તો પેલો તુરાની તોખમનો ગુરૂઇજરેહ કે જેણે જેહાનમાં કદવાશ રોપ્યો છે તેને, તથા કરસીવજ, દમુર અને બીજા સરદારો કે જેઓએ તેની સાથે કીનો લેવાને કંમર બાંધી હતી તેઓને તુ મારી આગળ મોકલી આપ કે જેથી હું મારાં જીગરના દુખ વચ્ચે તેઓના ડોકા કપાવી કાઢુ. જો તુ મારા એ વિચાર અને કેહેનથી તારૂ માથુ ફેરવવાનો હોય તો તારે મારી સાથે લડવાને લશકર તૈયાર કરવું, નહી તો કે હુ પાક યજદાંના, સુરજ અને ચદ્રના તથા પ્રકાશીત આતશના સોગદથી કહુ છુ કે હુ ઉધાયા કે આશાયશ લિધા વગર તુ અફ્રાસીયાબ ઉપર કીનો લેવશ "

ગુરગીને ખસરૂનો એ પેગામ સમજતાંજ તે પાદશાહ આગળથી આગળ પગલા ભર્યાં અને ઝડપ ચાલના એક ઘોડા ઉપર બેસીને જડપથી તુરાન તરફનો માર્ગ ધર્યો. જયારે જમીન કાગડાની પાંખ જેવી અધારી બની અને ચેરાગ (સુરજ) પાહાડો પછવાડે ગયો ત્યારે પાદશાહ ખસરૂ પોતાના મેહેલમાં અને પેહેલવાનો પોતાના ઘર તરફ ગયા. ત્યારબાદ દારૂ હાજર કરવામાં આવ્યો અને ત્યાં રામશગરોને બોલાવી ખસરૂ ઉપરથી પુશકલ મોતી અને જવેહરાતનો નેશાર કરવામાં આવ્યો. દિવસ ઉગતાં જયારે પાહાડો રાતા રંગથી પ્રકાશી રહયા તથા મરઘાના પોકારો વાદલ સુધી પુગવા લાગ્યા ત્યારે તેહેમતને પાદશાહ આગળ આવીને ઇરાન તથા તાજ અને તખત વિષેની વાતો કીધી, જેમાં જવારેહ અને ફરામરજ પણ તેની સાથે તરેહવાર બાબદ ઉપર વાતો કરવા જોડાયા. રૂસતમે

જમીનના પાદશાહને કહયું કે, " ઓ તારીફને લાયકના નામદાર ! જાબુલસ્તાન તરફ એક પ્રાંત છે કે જયાંની જમીન તુરને ફાલે આવી હતી પણ મીનોચેહેરે તે ઘણીજ સારી અને દમામદાર જગ્યાને તુરકીઓથી ખાલી કરી નાખી હતી પણ કાઉસના બેદિલ અને બુઢા થવાથી અને તેની નામદારી, દમામ અને હુનર પડી ભાગ્યાથી તુરાનીઓએ તે શેહેર પાછું જીતી લેવાથી ત્યાં ઇરાનીઓ વસ્તા નથી. હાલે ત્યાંની મેહેસુલ અને આયપત તુરાનમા લેઈ જવામાં આવે છે અને તેઓ ઇરાનના પાદશાહને ગણકાવતા નથી. વળી ત્યાં બેહેસ્ત માફકની બીજી ઘણી જમીનો આવેલી છે તથા બાગ અને ખેતરોવાલાં પુશકલ ગામડાંઓથી તે જમીન ખુબી સાથે સંગાર પામી છે અને તેમાં હદ વગરનુ લશકર અને ખજાનો પણ છે. તે જમીનને ખરગાહને નામે ઓલખવામા આવે છે અને તે નામ અનુભવી બેડુનોએ તેને આપ્યુ છે તે મુલકનો એક અરધો ભાગ સીધમાંથી પસાર થઇને કનોજ તથા કેશમીર સુધી લંબાયલો છે અને બીજો અરધો ચીનની જમીન શુધી પુગીને ત્યાંથી તુરાન જમીન સાથે જોડાઈ જાય છે. તે જમીન ઉપર પુશકલ હાથીઓ અને ખજાનો છે પણ નિર્દોષ લોકો ઉપર તેઓ જુલમ ગુજારે છે. તે તુરકીઓનાં મગજ પુશકલ લુટ, કાપાકાપી અને હુમલાઓ કરયાથી મગરૂરીના પવનથી ઉચાં ઉચકાયલા છે તેથી હવે જયારે તારી પાદશાહી ઇરાનમાં ચાલે છે અને કીડીના પગથી તે સિહના પજા સુધીનુ સઘલુ તારૂં ગણાય છે ત્યારે હાલે તુને ત્યા એક જોરાવર પેહેલવાનની સરદારી હેઠલ મોટું લશકર મોકલી આપવુ ઘટે છે. જો ત્યાંની મેહેસુલ તું પાદશાહ આગલ આવતી થશે અને તેઓના ચેહેરા તારી દરબાર તરફ ફરશે તો તે તમામ જમીન આપણે હાથ થવાથી આપણે તુરાન જમીનને હાર આપી શકીશુ. હાલે તારી પાદશાહી અને તારો હોકમ ચાલતો હોવાથી તેઓ તરફની મેહેસુલ તુંને ઘટે છે ૧

પાદશાહે રૂસ્તમને જવાબ દીધો કે, " તું જાવેદાન સુધી જીવજે. આપણે તેજ પ્રમાણે કરીશુ. તું જેવા નામદારના નસીબથી ઇરાનનું લશકર અને તે લશકરનો હરોલનો ભાગ ખુશાલ રહે છે. માટે તુંને કામ લાગે એટલું લશકર લેઇને તથા તમામ નામદારો વચેથી પેહેલવાનોને ચુટી કાઢીને તે જમીન કે જેની કીમત તારી લાયકાત મુજબ થઇ છે અને તે તારો મુલક ગણાય છે ત્યાં જવાને તું ફરામરજને બાધુરોનું એક ભારી લશકર સોંપ. આ કીનો લેવા માટે તેનેજ તુ કંમર બાધવા કહે કારણકે તે જેમ પેહેલવાન છે તેમ નામદારી

---

૧. એ બેત લખેલી નકલમા વધારે છે.

બર્યો પણ છે. તેની કમાન મગરોના દાચાં સુધી પુગતી હોવાથી ખરગાહથી તે હીન્દુસ્તાન સુધી તથા કેશમીરથી તે જાદુસ્તાનના મુલક સુધીની જમીન તેના હાથે કીપેલાં કામથી ખુલ્લી થવા પામશે." પાદશાહથી એવી વાત શમજતાંજ રૂસ્તમનુ દિલ બાગમાંના ફુલ માફક તાજુ બન્યું. તેથી તેણે પાદશાહની પુશકલ તારીફ કરતા કહયુ કે "તારા પવિત્ર જીવ સાથે અકકલ જોડાયલી રહેજો અને તારૂં તાજ અને તખત તુને એમજ મુબારક થજો અને ફરતું આસમાન તારી આગળ ગોલામ જેવુ રહેજો." પછી પાદશાહે પોતાના કારભારીને ફરમાવ્યુ કે "હવે તુ ખાનાના ખુમચા તથા દારૂ લાવ અને જેઓના રાગ સમજી તું અજબ બનતો હોય તેવી રામશગરોને બોલાવી મ ગાવ.

કએખસરૂએ અફરાસીઆબ તરફ લશકરને કુચ કરાવી તે વિષે.

જ્યારે પ્રકાશતો સુરજ પાહાડમાંથી બાહાર આવ્યો અને ગાનારાઓ ગાતાં થાકી ગયા, ત્યારે પાદશાહની દરગાહમાંથી વાજીત્રના અવાજો નિકળ્યા અને લશકરે આવી દરબાર આગળ શ‌ સમારી હાથીઓ ઉપર કાંસાના પરગમો બાંધતાંજ ત્યાંથી રણશીગડાના અવાજો નિકળ્યા હાથીની પીઠ ઉપર તખત મુકવામાં આવ્યુ અને તે ફળવત બનેલું પાદશાહી ઝાડ માથાં ઉપર હીરા જડીત તાજ પેહેરીને હાથી ઉપર આવી બેઠો એ પ્રમાણે તે પાદશાહ જોરાવર હાથી નજદિક જઇને લીલા રગના ફીરોજાના તખત ઉપર બેઠો અને માથાં ઉપર મોતી અને જવેહરાતવાળું તાજ પેહેરીને હાથમાં ગાયની સુરતનો એક ગુરજ પકડયો. તે તાજ ઉપરના બે લુલકો તેના કાન આગળથી લટકવા લાગ્યાં અને તેણે ગલામાં પોખરાજ જડેલી સાંકલી પહેરી તેનો સુનેરી કંમરબધ આબદાર પોખરાજનો અને બે બાજુબંધ યાકુતથી જડેલા હતા. સુનેરી ઘાંટરડી અને સુનેરી લગામવાલો તે હાથી લશકરની વચમાં પગલાં ભરતો હતો. પાદશાહના હાથમા જામના આકારનો એક મોહરો હતો જેનો અવાજ શનીશ્ચર સુધી પુગતો હતો જોરાવર હાથી ઉપરથી તે કોરો ફુકવામાં આવતાંજ જમીન નાઇલ નદી માફક હીલતી બની.૧ જમીન, તલવારો ગુરજો, ઢાલો લશકરથી કાલી અને આસમાન ઘેરૂ બન્યું. તુ કહેશે કે જાણે સુરજ જાળમાં પકડાઇ ગયો અથવા વાકું આસમાન પાણીમાં ઢંકાઇ ગયું.

---

૧ લખેલી નકલમા એ બેત વધારે છે.

વળી કોઇપણ ખુલ્લી નજરે જેહાનને, આસમાનને, સેતારાઓને અને ભાલાઓને જોઇ શકતું હતું નહી લશકરની ફોજ પછી ફોજ આવ્યાથી તું કેહેશે કે જાણે દરીયામાંથી મોજાઓ ઉઠયા છે. તખુઓને મેહેલમાંથી જંગલમાં લેઈ જવામાં આવ્યા અને પોકારોથી આસમાન ગાભરૂ બન્યુ. જ્યારે તે નામદાર પાદશાહે પોશાક ઉપર કમરબંધ બાંધીને હાથીની પીઠ ઉપરથી મોહોરો મુકયો ત્યારે જાણે તેને પાદશાહી કરવી રવા નહી હોય પણ પાદશાહને માટે તેને (લડવાને હાથી ઉપર) બેસવુ પડયું હોય તેમ લાગતું હતું એ પ્રમાણે તે સરદારોનો નામદાર ખસરૂ પાદશાહી નિશાણીઓમાં સજ થઇને તમામ લશકરને પોતાની આગળથી પસાર થતું જોવાને તે બોહલાં મેદાનમાં હાથીની ઉપર બેઠેલો રહયો. પાદશાહે તેમ સફ સમારીને ઉભેલા લશકરની તપાસ શરૂ કરતાજ સરદાર ફરીબરૂજ જે હરોલમાં હતો તે ઉચ તોખમના ઘોડા ઉપર બેસીને ગુરજ, તલવાર અને સુનેરી જોડા સાથે તથા પુઠે પ્રકાશતા ઝુનડા સાથે તે જવાન પાદશાહની આગળથી પસાર થયો. તેના જીન ઉપર વીટવાલેલી કમદ લટકતી હતી એ પ્રમાણે ફરીબરૂજ સુના અને રૂપામા ગરક થયલાં તમામ લશકરની હરોલમાં લટકતી ચાલે ચાલતો ભપકા અને દમામ સાથે ત્યાંથી પસાર થયો તેને જેહાનના પાદશાહે દુવા દિધી કે " તુંને ખુબીઓ અને દમામ મલજો તારૂ નસીબ દરેક કામમાં ફતેહમદ ઉતરજો અને તારા તમામ દહાડા નોરોજના જેવા ખુશાલી ભરેલા ગુજરજો (લડાઈ ઉપર) જતી વખતે તુ તદરોસ્તી વગરનો હોતો ના અને (ત્યાથી) પાછો ફરતી વખતે તું ફતેહમદ અને ખુશાલી ભરયો ફરજો " તેની પુઠે કેશવાદનો બેટો ગોદરેજ કે જેની સલાહથી જેહાન આબાદ રહેતી હતી તે પુઠે સિંહની આકૃતીવાલા ઝુન્ડા સાથે કે જે સિંહના પંજામાં ગુરજ અને તલવાર ધરેલી હતી તેની સાથે પસાર થયો. નામદાર ગેવ ગોદરેજની જમણી બાજુએ અને જોરાવર બેહરામ ડાબી બાજુએ ચાલતા હતા જેહાનને સોધનારા રેહામના વાવટા ઉપર વાદલ તરફ ઉઠાવેલો નેજો પકડવામા આવ્યો હતો.[1] ગોદરેજની પુઠે શીદુશ વાવટા સાથે ચાલતો હતો જેના વાવટાથી જમીન બલુ રંગની બની હતી[2] અને તેની પુઠે લગામ ધરીને અને લાંબા ભાલા પકડીને હજારો નામદારો ચાલતા હતા. ગેવની પુઠે વરૂની આકૃતીવાલા કાલા વાવટા સાથે તેના સીતોતેર નબીરાઓ તેના લશકર સાથે ચાલતા હતા. જેથી તે બોહોલા મેદાનમાં ચાલ-

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

૨ એ બેતનો તરજુમો લખેલી નકલ મુજબ કીધો છે.

વાની પણ જગ્યા રહી હતી નહી. તે દરેકની પુઠે જુદી જુદી જાતના વાવટા હતા અને [1]સઘળાઓ બાધુરી ભરયા દિલ સાથે તથા તલવાર અને સુનેરી જોડા સાથે હતા તું કહેશે કે તમામ જેહાન કએખશરૂના પગ હેઠળ અને નામદારોના માથાં તેની તલવાર હેઠલ છે. જ્યારે ગોદરેજ પાદશાહના તખત નજદિક [1]આવ્યો ત્યારે તેણે તેના તાજ અને તખતને ઘણીએક દુવા કીધી. પાદશાહે પણ ગોદરેજ ઉપર તથા ગેવ અને તેના લશકર ઉપર વળતી દુવા કીધી. ગોદરેજની પુઠે ચાલાક ગઝદહમનો બેટો ગસતહમ લડવા માટે હાથમાં નેજો પકડીને તથા કમાન અને ખડંગ લાકડાંના તીરો જે તેના મદદગાર હતા તે સ થે ચાલતો હતો તે તીરોની અણીઓ જ્યારે તેની બાજુના જોરથી ઉડતી બનતી ત્યારે તે પથર અને લોઢાંના ભીતરને પણ વિંધી નાખતી હતી તેનુ મોટુ લશકર ગુરજ, તલવાર અને લડાઈના અસબા-બથી સજ થયુ હતું અને તેની આગળ ચદ્રની આકૃતીવાળો વાવતો જેની ચકચકીત અણી વાદલ તરફ ઉચકાયલી હતી તે ચાલતો હતો. ગસતહમે પાદશાહ ઉપર દુવા કીધી અને તેનાથી ઇરાન જમીનનો પાદશાહ પણ ખુસી થયો નિક્ષણ હુશીયારીવાલો, વિચારવત દિલનો અને ખુશ સ્વભાવનો અશકસ ગસતહમની પુઠે હતો તે હોમા પક્ષીના છાયાવાલો ગુરજવાલો શખસ લડવાનો વિચાર થતા ઉસ્તવાર ઉભો રહેનાર હતો તેનુ ગુચ અને બલુચી જાતના પેહેલવાનોનુ બનેલુ લશકર ગુચ યાને મેંઢાંઓ માફક લડવાનોજ વિચાર રાખનારૂ હતુ જેહાનમા કોઇએ પણ તેઓને પીઠ મરડીને નાહાસ્તા જોયા હતા નહી તથા તેઓનુ એક આગળુ પણ ખુલ્લું દીસ્તું હતુ નહી, તેઓનો તે સરદાર એક લડાઇનો અનુભવી હતો કે જેનાથી તખત અને ભલાઇ ટકી રેહેતી હતી તેણે એક વાઘની આકૃતીનો વાવતો ઉડાવ્યો હતો અને તે વાવતાની આકૃતી પ્રમાણેના વાઘ માફકજ પોતાનો પજો લંબાવતો હતો તેણે પાદશાહ ઉપર તથા ખુશાલી સાથે ફરતા જમાના ઉપર ઘણીએક દુવા કીધી હાથીની પીઠ ઉપરથી નજર કરતા કએખસરૂને પોતાના લશકરની સફ બે માઇલ સુધીની લાંબી જણાઇ. એ નામદારો ઉપરાંત બીજા લશકરોએ પણ પોતાના માથાં (મગરૂરીથી) સુરજ તરફ ઉચાં કીધાં હતાં [1] કએખસરૂને એ સઘલું ઘણુ પસદ પડયાથી તેણે પોતાના ખીલેલાં નસીબની તથા તે મુબારક જમીનની પુશકલ તારીફ કીધી.

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

ત્યારબાદ જુદી જુદી જાતનાં તમામ નામદારો અને હથીયારવાળા શખ્સોનું તે મોટું લશકર કે જેનાથી તે જેહાનનો પાદશાહ ખુશાલ દિલનો બન્યો હતો તે ત્યાંથી પસાર થયુ પછી તેનો નામીચો સરદાર ફરહાદ કે જેનાથી ખસરૂનું લશકર આબાદ રેહેતુ હતુ તથા જે લશકરની સંભાલ કરનારો અને તે હરેક લડાઇમાં હાજર રેહેનાર હતો તે પુઠે આવ્યો. તેની આગળ હરણની આકૃતીવાળો એક વાવટો હતો અને તેના હરણનો છાંયડો તેના માથાં ઉપર પડતો હતો તે પણ પોતાના ભારી લશકર અને જંગી હાથીઓની સાથે એક જનુની સિંહ માફક પસાર થયો. તેના સઘલા સીપાઇઓ હાથમાં તલવાર ધરી તથા તુરકી બખતર પેહેરીને સુગડ[૧] શેહેરના બનાવેલાં જીન ઉપર સ્વાર થયા હતા ફરહાદે તખત ઉપર બેઠેલા જવાન પાદશાહને જોતાંજ તેના ઉપર પુશકલ દુવાઓ કીધી તેની પુઠે ગેવની તોખમનો શરદાર ગરાજેહ પોતાના ખેરખાહો સાથે આવી લાગ્યો. તેણે પોતાની કમદ કે જેનાથી તે ખુશ રેહેતો હતો, કારણકે તે તેને પસદ પડતી હતી, તેને વિટવાલીને જીન ઉપર ટાંગી હતી તેનો વાવતેં દુક્કરની આકૃતીનો હતો અને તેના સેપાહો પણ કમદ ફેકીને લડાઇ કરી જાણનારા હતા એ સઘલા મરદાને મરદો અને લડાયક સ્વારોએ પાદશાહની પુશકલ તારીફ કરીને ત્યાંથી તેની પુઠે પસાર થયા. તેની પુઠે તરતજ શાવરાનનો જગેહ પોતાના બાધુરો અને પેહેલવાનો સાથે તથા પુઠે હોમા પક્ષીની આકૃતિવાળા વાવતા સાથે આવી લાગ્યો. તે એક ચાલતા પાહાડ માફક ત્યાંથી પસાર થયો અને તેના હોમા પક્ષીની આકૃતિવાળા વાવતા હેઠલ બગદાદ શેહેરમા જે કોઇ શખ્સો હતા તે સઘલાઓ નેજા અને પોલાદી તલવારો સાથે તેની આગળથી પસાર થઇ ગયા તેઓના હાથીની પીઠ ઉપર બેઠેલા સરદાર જંગેહે પાદશાહ ઉપર તથા તેના ઉંચા કદ અને દમામ ઉપર તથા તેની તલવાર અને વીટી ઉપર ઘણીએક દુવા કીધી તેની પુઠે ઉચા કદનો ફરામરજ દમામ અને માન સાથે સ્વાર થયલો આવ્યો. તેનુ લશકર કેશમીર, કાબુલ અને નીમરોજના તમામ નામદારો અને જેહાનને દિપાવનારાઓનું બનેલું હતુ અને તેનો વાવટો તેના બાધુર બાપ રૂસતમ કે જેની આગળ કોઇનુ ચાલતુ હતું નહી તેના જેવોજ હતો. તે વાવટાની ટોચ અઝદાહના માથાંના જેવી સાત હતી તું કેહેશે કે જાણે અઝદાહ બધમાંથી છુટી આવ્યા છે ફરામરજે એક ફળવંત ઝાડ માફક ત્યા આવીને પાદશાહ

---

૧ 'સુગડ' એ બોખારાના મુલકના એક ખુશનુમાં ગાંમડાનું નામ છે.

ઉપર કેટલીક દુવા કીધી કે " તું કેઆનીઓના તાજ અને તખતનો વિચાર કરતો રોશન રવાન સાથે જાવેદાન જીવવું કરજે." પાદશાહનું દિલ પણ ફરામરોજને જોઈ ખુશી થયું અને તેથી તેણે તેને ઘણીએક શિખામણો દેવા કહયું કે " હીન્દુઓને તું જાવેદાન સુધી ખરગાહના મુલક તરફ ફરેલા બનાવજે અને ઓ સપેહસાલાર ! તું કનોજ, કેશગીર અને સીંધને ખાલી કરીને હીન્દુઓના વાવટાને જીતી લેજે. ત્યાંના તુરાની લશકરના નબલા યા જોરાવર શખ્સોમાંથી જે કોઇ તારી સાથે લડાઇ કરે તેઓનાં ડોકાં તું ધુલમાં ફેકજે પણ જેઓએ તારી સાથે લડવાને કમર બાંધી નહી હોય તેઓને કાંઇપણ નુકશાન પુગવા દેતો ના. તું ચાલાક દિલના રૂસ્તમનો બેટો અને સામના દસ્તાન તથા નરીમાનની તોખમ ધરાવતો હોયાથી પીલતન રૂસતમથી પરવરેશ થયલા તરીકે દરેક અંજુમન વચ્ચે નામદારી ભરેલો રેહેજે.1 હાલે કનોજથી તે દસ્તાનના તમામ મુલ્ક સુધીની હીન્દુસ્તાનની જમીન સઘળી તારી છે અને એ પાદશાહી જે તુંને બક્ષુ છું તે તુ રાખજે, પણ તું દરેક ઠેકાણે વગર ફોકટની લડાઇ કરતો ના દરેક ઠેકાણે તુ ગરીબોનો મદદગાર અને તારી રૈયત ઉપર સખાવત કરનારો બનજે તથા તારા દોસ્ત કોણ કોણ છે તથા અકકલમંડ અને તારે માટે દીલશોજી દેખાડનારા કોણ છે તે તુ સારી રીતે તપાસજે. તું બક્ષેશ કરવાને તૈયાર રેહેજે અને કાલે આપશ એમ કેહેતો ના આવતી કાલે શું થશે ને તુ શું જાણે ? તારી જવાનીના વખતમાં તુ ખજાનો સંઘરનાર બનતો ના અને નિર્દોશ લોકોને કાંઇપણ દુખ દેતો ના. અફસોસ ભરેલી જેહાન ઉપર તું નચિંત રેહેનો ના, કારણકે જેહાન ઘડીકમાં ગુદર જેવી સફેદ તો ઘડીકમાં સીસમ જેવી કાલી હોય છે. તારે મોટાઇએ પુગવા માટે નામદારી મેલવવી ઘટે છે, પણ જેહાનને માટે તારાં દિલને ગમગીન રાખવુ જોઇતું નથી તારી અને મારી ઉપરથી તો જમાનો પસાર થયોજ જાય છે અને ફરતું આસમાન દમની ગણત્રી રાખ્યુ જાય છે. તેથી તારે તારા દિલને ખુશ અને તંદરોસ્ત રાખવુ ઘટે છે. ત્રીજું એકે તારે જે કાઇ મેલવવા જોગુ હોય તેજ મેલવવુ. પરવરદેગાર તારીથી ખુશી રહેજો અને તારૂં બુરૂં ઇચ્છનારાઓના દિલ ગમના ધુમાડાથી ભરેલાં રેહેજો."

તેણે તે જવાન પાદશાહની શિખામણો સમજતાંજ પોતાના જડપ ચાલના ઘોડા ઉપરથી નિચે ઉતરીને જમીનને બોસા લેઈ તેને નમન કીધુ અને

---

1 એ બેત લખેલી નકલમા વધારે છે.

પછી ત્યાંથી લાંબી મુસાફરીએ જવા માટે પોતાનું મોહું ફેરવ્યું તેણે તે જવાન પાદશાહને કેટલીક દુવા કીધી કે "તું ચાંદરાતના ચાંદની માફક વધ્યો જજે" પછી તેહેમતન તેને મુકવા જવા માટે તેની સાથે બે ફરશગ સુધી દુર ગયો. તેનું મગજ ફરામરજના એમ દૂર જવાથી દુખી થયું તેથી તેણે પણ તેને ઘણીક શિખામણો અને નગીયતો દિધી કે "ઓ મારા લડાઇના કરનારા નામદાર બેટા ! તુ કોઇના પણ જીવને વગર ફોકટનુ દુખ દેતો ના અને તાજદાર પાદશાહ તરફથી ફરતો ના જયાં પણ તુ જાય ત્યાં તુ કાંઇ પણ નામદારી સોધજે અને ઝડપ ચાલના કાસદોને પાદશાહ આગળ મોકલતો રહેજે. પેહેલું એકે તું નરમાશથી બોલનાર થજે અને કોષેશથી ઇનશાફ કરીને એબ વગરનો બનજે જયારે નરમાશથી તારૂ કામ પાર ઉતરે નહી તોજ તુ સખ્ત બનીને લડાઇ કરજે. દરેક કામનુ સેવટ તુ તપાસતો રેહેજે અને તારા બદખાહો જયારે કાંઈ છટકુ માંડે ત્યારે તુ તેનો ફાંડો શોધી કાઢજે જે કાંઇ લાયક હોય નહી તે ઉપર તુ નચિત રેહેતો ના નહી તો કે તે તારી ઉપર શ્રાપ જેવુ થઇ પડશે જે કોઇ ઇનશાફ ઇચ્છતા આવે તેઓ સામે ઇનશાફના દરવાજા બંધ કરતો ના અને એ શિખામણ ધ્યાનમાં રાખીને તેં લીધેલા સોગંદથી તુ ફરતો ના. જયારે જેહાનનો પેદા કરનાર તારી સાથે ભલાઇ કરેછે તો તુ પણ દરેકની સાથે ભલાઇ કરજે તારા બદખાહોને તુ વગર ફોકટના ખુવાર કરતો ના, કારણ કે તેઓ પણ અગત્યની વખતે તુને નર અઝદાહની માફક કામ લાગશે જયારે આતશનુ બલતુ નાનુ હોવ ત્યારે નુકશાન પુગાડે તેની આગમચ તુ તે ઓલવી નાખજે કારણકે જ્યારે તેમાંથી મોટું બલતુ થશે તો તે સારી જેહાનને બાલી નાખશે તુ કોઈ પણ આગલ તારો તમામ ભરમ કહેતો ના અને તારા બદખાહને તુ જરાએ હલકો ધારતો ના.' બીજુ તેણે કહયું કે, "ઓ હુશીયાર, ચાલાક અને રોશન રવાનના નામદાર પેહેલવાન ! જેવા આપણા ન્યાગાનો હતા અને જેવા તેઓ કામ કરી ગયા છે (તેવાજ કામો કરી તુ તેમના જેવા થજે) જયારે જેહાનનો માલેક કેરશાસ્પ બુઢો થયો ત્યારે તેણે નરીમાનને ગુરજ (કેમ વાપરવો તે) ની વાત કહી હતી તે કેરશાસ્પ જયારે પણ ગુરજ ઉડાવતો ત્યારે તે કીનાના મેદાનમા કાંઈ રાખતો હતો નહી લડાઇમા સ્વાર લશકર યા પાયદલ લશકર રેહેતુ તોપણ તે જમીન તે બાહાદુરોથી ખાલી બની જતી હતી જે કાંઇ બીજા શખ્સો કરી નથી ગયા તે કેરશાસ્પ પોતાની બાહાદુરીથી રોમ, ચીન અને હીન્દુસ્તાનમાં બજાવી ગયો હતો. જ્યા સુધી તે જેહાનમાં જીવતો રહયો ત્યાં સુધી કોઇએ પણ તેને મરદાનગીથી હરાવ્યો હતો નહી. પછી જયારે સામ પેહેલવાન જન્મયો

ત્યારે નરીમાને ખુસાલી સાથે દારૂની જામ ઉડાવી હતી. બીજું એકે જ્યારે તેઓ વચ્ચે જાલ જનમ્યો ત્યારે તેણે પણ કેઆનીઓના તખત નજદિક પોતાની કમર બાંધેલી રાખ્યાથી સામ લડાઇ કરવાથી કરાર પામ્યો હતો. એ પ્રમાણે જમાનાનું ફરવું થાય છે. બીજું એકે જયારથી મે પાવડામાં પગ નાખ્યા ત્યારથી મારો બાપ પણ લડાઇના દુખ અને ધાસ્તીથી મોકલો થયો હતો. જો મારી સામે દેવ કે અઝદાહ આવતો તો તે પણ મારી તલવાર અને મારા ગુરજથી છુટકો પામતો હતો નહી હવે વળી જ્યારે મારો આશાયશનો વખત આવ્યો છે ત્યારે બદખાહો સાથે લડાઇ કરવાનો તારો વખત આવ્યો છે તેથી જો એ કામ તારી ખાહેશ મુજબનુ પાર ઉતરશે તો તારૂ નામ ફરતા આસમાનની ઉચાઈએ પુગશે ”

રૂસતમે તેને લડાઇનો હુનર, મીજલશના કાયદા અને અક્લ શિખવ્યા પછી તે ફરામરજથી રામશનીવાલો વખત ઇચ્છતો હતો પછી પેહેલવાન ફરામરજ હાથી ઉપરથી નિચે ઉતરીને એક જડપ ચાલના ઘોડા ઉપર બેઠા[1] ત્યારબાદ તેઓએ એક બીજાને છેલ્લી સલામ ઇચ્છતા એકમેકના કપાલ અને આંખો ઉપર પુશકલ બોશા લિધા તેણે તેની એકેએક શીખામણો કબુલ કીધી અને પછી પોતાનો આગળ રસ્તો ધર્યો ફરામરજ ત્યાથી વિદાય થયાથી તે પેહેલવાન તે જ ગલમાથી દુખભર્યા દિલે અને વિચારભર્યા મગજે ભપકા સાથે પોતાની છાવણીમા પાછો ફર્યો અને ત્યા આવી તેણે કએખસરૂના તખત આગળની જમીનને બોસો લીધો, જેથી તેના દીદાર જોઇને તે પાદશાહ ખુશી થયો. રૂસતમના આવી લાગતાજ ત્યાં દારૂ હાજર કરવામા આવ્યો અને તેને માટે એક મોટી જામમાં પાદશાહે દારૂ રેડતા કહયુ કે "તારો સાથી ફકટ ખુશાલીજ રેહેજો. અકકલમદ લોકો આવતી કાલની ફીકર કરતા નથી સલમ અને તુર કયા છે? ફરીદુન કયા ગયો છે? તેઓ પણ ગુમ થઇને ધુલ સાથે ભેલાઇ ગયા છે ત્યારે આપણી ઉપરથી ભલાઇ અને બુરાઈ પસાર થવાથી અકકલમદોએ તેનો ગમ શા માટે ખાવો જોઇએ? આપણને રખડી મેહેનત ઉઠાવીને ખજાનો એકઠો કરવો ઘટતો નથી, પણ દિલમાંની તેવી તમામ ઇચ્છાઓને તોડી નાખવી ઘટે છે કારણકે આખરે તેનો ધુલ સિવાય બીજો કાંઇ હીસ્સો નથી, અને મોતના દાહડાથી કોઇપિણ ખલાસી પાંમતો નથી તેથી આપણે આ અધારી રાત દારૂની જામ સાથે પસાર કરીએ અને જ્યારે દાહાડો રોશન બનશે ત્યારે આપણે

---

૧. એ બેત લખેલી નકલમા વધારે છે.

આગળ પગલાં ભરીશુ. આપણુ ફરમાવ્યાથી તુસ સરનાઈ, રણશીંગડા અને પરગમ વજડાવીને તુરાન તરફ જડપ ચાલના ઘોડા ઉપર જઇ માચીન અને ચીનના મુલકોને ઉજડ બનાવશે. ફરતું આસમાન એ લડાઇમાં કોણની તરફ પોતાનો માથા સાથનો હાથ લંબાવે છે તે આપણે જોઇશુ. જો પરવરદેગાર આપણો મદદગાર થશે તો આપણે તલવારથી તે બદખાહોની ઉપર આપણો કીનો લેઇશું. આપણે તો કોષેશ કરીશુ પણ તે કોષેશનુ પરીણામ કોણ જાણે શુ આવશે? સરૂવાતથી જે કાંઇ બનવાનું હશે તે બન્યા વગર રેહેવાનુ નથી એ પીલતન! તું મારી આ શીખામણ સમજ હુ આ અજુમન વચે છુ એમ તુ કહેતો ના એક જેહાનનો પાદશાહ ગમે એવો બાધુર પેહેલ-વાન હોય પણ તેણે પોતાના લશકરને દુશમનની દયા ઉપર સોફ્વુ ઘટતુ નથી. કારણકે તેમ કીધાથી તેને તારાં લશકરથી ગમે એટલુ જોર મલે છે અને જ્યારે તારાથી તેને જોર મલે ત્યારે તે બુરી ખાશીયતનો બને છે જે કોઇની આંખો-માંથી અદેખાઇના આંસુઓ રેડાય તો પછી તે આંસુનો ઉપાય એક વૈદના હાથમાં પણ રહેતો નથી જે કોઇ બુજોર્ગોની તોખમનો હોય તેજ ચઢતો ઓધો ભોગવે છે અને જોરાવર ગણાય છે. પણ જ્યારે તેને દિલની મરજી ઉપરાંત ગોલામ બનવું પડે અને બીજાઓની મરજી મુજબની વાત કરવી પડે ત્યારે જો કોઇ પાદશાહ તેવા શખ્સને પોતાનો દોસ્તદાર ગણે તો તેનુ દિલ અકકલ પ્રમાણે કામ કરનારૂ ગણાતું નથી જો ફરતું આસમાન તેવા શખ્સની ઇચ્છા પાર પડતી અટકાવે તો તે પ્યાર સાથે તેની તારીફ કરતો નથી તેનું દિલ ખુબી સાથના વિચારો કરતું નથી અને તેની સઘલી ખાહેશો દિલ તોડનારી બને છે. જો કોઇ એ બાબેની અકકલ ધરાવતો નહી હોય તો તેને અકકલમદ લોકો માણસ તરીકે પણ ગણતા નથી. તેથી જ્યારે તું એ વાત તમામ સમજશે ત્યારે તુ બુરી ખાશીયતની દાપન જોશે નહી"

કએખસરૂએ તુસને તુરાનીઓ સાથે લડવાને મોકલ્યો તે વિષે.

જ્યારે સુરજે બોહોલા વિસ્તાર ઉપર પોતાનુ પ્રકાશવુ જાહેર કીધું, અને તે પોતાની ઘણી ઉંચાઇએ જઈ બેઠો તથા બીજા તારાઓના બુરજો નિચાનમા જવાથી તમામ જેહાન પીળા રંગના દારૂ જેવી બની, ત્યારે તુસની દરગાહ-માંથી વાજીંત્ર, પરગમ અને રણશીગડાના અવાજો નિકળ્યા. સઘલે પોકારો ઉડી રહયાથી હવા તે પોકારોથી ભરાઇ ગઈ અને જમીન જોશમાં આવી. ઘોડાઓના ખંખાર તથા લશકરના ઘોંઘાટથી ચંદ્ર પણ આસમાન ઉપરનો પોતાનો

માર્ગ ભુલ્યો. બખ્તરોના ખખડાત અને હાથીઓના પોકારથી તું કહેશે કે ત્યાંની જમીન નાઇલ નદી સાથે ભેલાઇ ગઈ. કાવ્યાની ઝુન્ડાના પ્રકાશથી ત્યાંની હવા રાતી, પીલી, જાંબુરી અને લીલી બની ગોદરેજના ખાનદાનના સ્વારો કાવ્યાની ઝુન્ડાને વચમાં રાખીને તેની આસપાસ ઉભા તાજ અને ગુરજવાલા પાદશાહના વાજીત્ર સાથે તે છાવણીના દરવાજા આગળ આવી પુગતાંજ તુસ પણ પગમા સુનેરી જોડા પેહેરીને કાવ્યાની ઝુન્ડા સાથે ત્યાં આવી લાગ્યો નોજરની તોખમના જેહાનને જીતનારા સાંકલી અને તાજ પેહેરનારા જે મોટી પડવીના લોકો હતા તે સઘલાઓ પણ ભપકા સાથે લશકરની હરોળમા જડપથી ચાલીને પાદશાહ આગળ આવ્યા મોટી પડવીનો જરસ્પ[1] જે લશકર વચે જવાન જેહાન જીતનાર હતો તે તેઓનો સરદાર હતો. એક હાથીની આકૃતીવાલો વાવતો તેના ઉપર ઉડતો હતો. જેની સુનેરી ટોંચ વાદલ તરફ ઉચી ધરેલી હતી તુસના તરફ દિલોજાની ભરેલી મેહેરબાની દેખાડનારા મીનોચેહેરની તોખમના સઘલા શખ્સોનુ એક પાહાડ જેવુ લશકર બનીને ત્યાંથી પસાર થયુ જેથી રોશની આપતો સુરજ કે ચદ્ર પ્રકાશ આપી શકયા નહી જ્યારે વાવતાઓ અને લશકરી તોપી સાથનુ તમામ લશકર જડપથી પાદશાહ આગળ આવી લાગ્યુ ત્યારે જે કોઈ પેહેલવાનો વચે નામદારીભર્યા હોય તેઓને પાદશાહ આગળ હાજર કરવાને તે સપેહસાલારને ફરમાવવામા આવ્યુ પછી તે ચાલાક પાદશાહે તેઓને આ પ્રમાણે કહયુ કે “ સપેહસાલાર તુસ કાવ્યાની ઝુન્ડા સાથે લશકરનો સરદાર છે તેથી તમોએ તેનો હોકમ બજા લાવવા માટે તમારી કંમર બાધવી તમો સઘલા તેનાજ હોકમ પ્રમાણે ચાલજો કારણકે તેનાથી એ સઘના ફાડાઓ ખુલ્લા થશે.” પછી તેણે લશકરની હજુરમાં તેને મોહર સાથનો એક પરવાનો આપીને કહયું કે “ એજ તમારો શરદાર અને માર્ગનો દેખાડનાર છે ”

બીજું તેણે તુસને કહયુ કે “ ઓ નામદાર ! હુ તુને એક શિખામણ દેઉ છું તે તુ યાદ રાખજે તું મારા હોકમ મુજબજ ચાલજે અને મારા હોકમથી જરાએ ઉલટો ચાલતો ના. તુ માર્ગમાં કોઇને પણ દુખ દેતો ના, કારણ કે તખત અને તાજના એવાજ કાયદા હોય છે. ખેડુતો અથવા ધંધાદારી શખ્સો માંથી જે કોઈ તારી સામે લડાઈમાં કમર બાંધી જોડાયા નહી હોય તેઓ ઉપર તુ જરા સરખી થડી ફુક પણ ફુકતો ના, અને તારી સામે લડવા આવનારાઓ સિવાય બીજા કોઇને મારી નાંખતો ના નિર્દોશોને દુખ દેવું ઘટતું નથી કારણકે આ ત્રણ પાંચ દિવસની દુન્યા કોઈની થતી નથી.” વળી તેણે

---

૧. ‘જરસબ’ એ નોજરના બેટાનુ નામ છે

તુસને તેજ વખતે એમ પણ કહ્યું કે "ઓ હુશીયારી ભર્યા શખ્સ ! તું મારા કેહેવા મુજબનાજ કાંમો કરજે. પેહેલવાનોના દિલને તું હમેશાં ગરમ રાખજે અને કોઈ પણ સાથે વાત કરતાં નરમાશ ધરજે જુલમગાર અફ્રાસીઆબની તોખમના શખ્સોમાંથી કોઇને પણ પાણી પી તરસને છીપાવવા દેતો ના તું કેલાતના[1] મુલક આગળથી કદી પણ પસાર થતો ના અને જો તુ તે રસ્તે જશે તો મારો સખુન રદ કીધેલો ગણાશે. તે જગ્યાએ ફરૂદ[2] પોતાની માય સાથે બાધુરીભર્યા મોટાં લશકર સાથે રહે છે સીયાવક્ષનુ રવાન ખોરશેદના જેવુ પ્રકાશતુ બનજો અને તેની ઉમેદે તે જેહાનમા પાર પડજો તે ફરૂદ પીરાનની બેટીનો બેટો થાય છે કે જે પોતાના બાપ સીયાવક્ષ વગર પેદા થઇ શકતે નહી. તે મારો (સાવકો) ભાઇ હોવાથી વળી તે મારાજ જેવો ગણાય તે મારીજ ઉમરનો ભાગ્યશાળી જવાન છે. હાલે તે પોતાની મા સાથે કેલાતના મુલકમાં રહે છે અને તે દમામ અને લશકરવાલો ત્યાનો પાદશાહ ગણાય છે તે ઇરાનના કોઇપણ શખ્સને નામે ઓલખતો નથી માટે તુ તારી લગામ પણ તે તરફ ફેરવતો ના તે તરફ જતા માર્ગમા મુશકેલી ભરેલો અને તંગ રસ્તાવાલો એક પાહાડ આવે છે ત્યાં તેનુ લશકર અને લડાયક નામદારો રહે છે ફરૂદ પોતે પણ લડાયક મર્દના જેવો પેહેલવાન તથા સ્વાર છે તે ઉચ્ચ ખાનદાનનો અને નામદારી ભર્યા શરીરનો છે માટે તુ બયાબાનનોજ રસ્તો પકડજે. કારણકે તે સિંહના પંજા સાથે અઠડામન કરવી સારી ગણાય નહી." તુસે પાદશાહને જવાબ દિધો કે "તારા વિચાર વિરૂધ જમાનાથી પણ કરી શકાતુ નથી તેથી હું તારા ફરમાવ્યા મુજબના રસ્તે જવશ કારણકે તારો હોકમ ભલાઇ સિવાય બીજુ કાંઈ નિપજાવી શકતો નથી." એટલુ કહી તે સપેહસાલાર ત્યાંથી જડપથી ગયો અને પાદશાહ પોતાના ખેરખાહ રૂસતમ સાથે તખત તરફ પાછો ફર્યો અને તેણે પીલતન સાથે સરદારો, મોબેદો અને પાક શરીરવાલા પાદશાહોની એક સભા ભરીને ત્યા દુખી દિલે અને આંસુઓ સાથે અફ્રાસીયાબની તથા પોતાનો અશરાફ માયથી જન્મ થવા વિષેની કેટલીક વાત કરતાં કહ્યુ કે "તે બુરી કરણીના જુલમગારે હમારી સાથે ઘણીજ ખરાબ વર્તણુક ચલાવી હતી તેણે મને એક કમીના ભરવાદને સોપી દિધાથી માઉ નામ કે બુન્યાદ કે ઇને પણ

---

[1]. એ કેલાત શેહેરને 'કેલાતજી જરમ' ને નામે ઓળખવામા આવે છે એ શેહેર ખોરાશાનમા આવ્યુ હતુ જે હાલે 'કેલાતે નાદીરી' ને નામે ઓલખાય છે એ કીલ્લાને પાછળથી નાદીરશાહે પોતાનો કીલ્લો બનાવ્યો હતો

[2] 'ફરૂદ' એ પીરાનની બેટી જરીરેહથી અવતરેલા શીયાવક્ષના બેટાનું નામ છે અને તેથી એ ફરૂદ કએખસરૂના સાવકો ભાઈ થાય છે.

ખબર હતી નહી. પછી જ્યારે ગેવ મને રસ્તા વચ્ચેથી અત્રે લાવતો હતો ત્યારે તે અફ્રાસીયાએ લશકર સાથે જડપથી મારી પુઠ ધરી. તેણે મારો અને મારી માયનો નાશ કરવા ઇચ્છ્યો પણ પરવરદેગાર મારો નેગેહબાન બન્યો. તેણે કીનાથી દિધેલાં દુખથી મને ઘણુ ખમવું પડયું હતું માટે તે અફ્રાસીયાબ ઉપર કદી પણ દુઆ ઉતરતી ના. જ્યા સુધી મારા શરીરમાં હવે પછી જીવ રેહે ત્યાં સુધી મારે કીનો લેવાથી અટકવૂં વાજબી ગણાશે નહી. તેથી મેં હમણાજ તુસને લશકર સાથે મોકલી આપ્યો છે અને હવે પછી હુ તથા તુ (રૂસતમ) પણ તેજ તરફનો રસ્તો લેઈશુ, અને તે બુરા વિચારના અફ્રાસીયાબ ઉપર જેહાનને તંગ બનાવી તેના માથાં અને હાથોને પથ્થર નિચે કડીશું." પીલતને તેને જવાબ દિધો કે "તું એ બાબેનો ગમ ના કર કારણકે તારી તમામ ઇચ્છા જમાનોજ બર લાવશે"

પેલી તરફથી જ્યારે તુસ લશકર સાથે માર્ગમાંથી પસાર થયો ત્યારે તેઓને માર્ગમાં બે રસ્તા મળ્યા. એક બાજુનો રસ્તો પાણી અને લીલોતરી વગરના બ્યાબાનનો હતો, જ્યારે બીજી તરફથી જરમને રસ્તે કેલાત તરફ જવાતું હતુ જે લશકર લડાઇનો અસબાબ અને હાથીઓને લેઇને આગળ ગયું હતું તે જ્યાં સુધી સપેહેસાલાર તુસ આવી લાગ્યો ત્યાં સુધી હાથી અને ઢોલ સાથે ત્યાજ થોભ્યું, કે તુસ એ બે રસ્તામાંથી કયે રસ્તે જવાનું પસંદ કરે છે તે હોકમ સમજીને તે લશકર આગળ વધે જયારે તુસ તે નામદારો આગળ આસ્તે આસ્તે આવી લાગ્યો ત્યારે ત્યાં તે પાણી વગરના અને ગરમ ઉજડ રસ્તાનીજ વાતો થતી હતી તુસે ગોદરેજને કહયું કે "આએ ઉજડ જગા તમામ સુકુ છે અને ત્યાંની ખાક અમબર કે કસ્તુરી પણ ઉપજાવતી હોય તોપણ તે લંબાન બ્યાબાનમાથી જડપથી પસાર થવા છતાં આપણે પાણી અને આશાયશ મેલવવાને માટે ગરજવંત બનવુ પડે તેથી ભલુ એજ કે આપણે કેલાત અને જરમને રસ્તે હંકારીને મયમ નામના કસ્બામાં આશાયશ લેઇએ. ત્યાંની જમની તેમજ દાબી બાજુ આબાદ અને વેહેતાં પાણી વાલી હોવા છતાં શામાટે આપણે બ્યાબાનનો રસ્તો લેઈ રવાનને દુખી કરીએ ? એક વખતે મને લશકર સાથે ગઝદમની રેહેબરી હેઠેલ એજ રસ્તેથી પસાર થવું પડયુ હતું તે વખતે તે લંબાન રસ્તાનુ જ નહી પણ ચઢાન ઉતરાનના રસ્તાનું પણ દુખ વેઠવુ પડયુ હતું માટે ભલુ એજ કે આપણે લશકરને આ બાજુએથીજ હંકારે કે જેથી તે બ્યાબાનનો ફરસંગો સુધીનો લાંબો રસ્તો આપણને કાપવો પડે

નહી." એટલું કહી તેણે કેલાત અને જરમને રસ્તેથી પસાર થવાનો હોકમ આપ્યો. ગોદરેજ બોલ્યો કે "તુંને મોટા દરજજાના પાદશાહે આ લશકર ઉપર સરદારી આપી જે રસ્તેથી જવાનો હોકમ આપ્યો હોય તેજ રસ્તે તું લશકરને હંકાર અને પાદશાહના હોકમથી માથુ ફેરવી લશકરને પસાર થવાનુ એ કામ મુશકેલ ના ગણ. એવા કામથી આપણું લશકરે પણ દુખી થવુ જોઇતું નથી. જો એ ફરૂદથી લશકરને દુખ પોહોંચશે તો તેથી વળી પાદશાહનું દિલ પણ દુખી થશે." [1] તુસે જવાબ દિધો કે "એ નામદાર પેહેલવાન ! તું તારા દિલમાં એ બાબેનો વિચાર ના કર. એમ કરવાથી કાંઈ પાદશાહનું દિલ દુખી થવાનુ નથી માટે તારે એ બાબે જરાએ ગમ રાખવો ઘટતો નથી ત્યાંના તમામ રસ્તા ઉપર પાણીના ઝરા, ઝાડો અને પાહાડો આવેલા હોવાથી આપણા એ કામથી આપણને રસ્તાનો સખત તાપ લાગશે નહી[1] આપણે કોઇને પણ દુખ દેવા શેહેરમાં જઇશુ નહી કારણકે ત્યાંના પાણી પીવા લાયકનાં નહી પણ ગદલાં છે" પછી એ વાતમાં સઘલાઓ તુસ સાથે એકમત થયાથી તેઓએ સપેહસાલાર તુસના હોકમ અને વિચાર મુજબ હાથી અને ઢોલને તેજ રસ્તેથી હંકાર્યા અને સપેહસાલારે તે રસ્તેથી લશ્કર હંકાર્યાથી દિવસની રોશણી પણ જતી રહી. તે લશકર આડકતરે માર્ગે કેલાત શેહેર તરફ આવી પુગ્યું. તેઓ જ્યાં પોતાનો પગ મુકતા ત્યાના શેહેરોને તેઓ બાલી નાખવા અને તે જગ્યાને ઉખેડી કાઢવા લાગ્યા તુસે ખસરૂનો હોકમ યાદ નહી રાખ્યાથી તેનું શુ સેવટ નિપજ્યું તે તુ જો

ઇરાની લશકરના આવી પુગ્યાથી ફરૂદ વાકેફ થયો અને તે તખવાર નામના પેહેલવાન સાથે તેઓને જોવા ગયો તે વિષે.

ત્યારબાદ ફરૂદને એવી ખબર મલી કે "કીનો લેવા મા ટે તારા ભાઇનું લશકર ઇરાનથી તુરાન તરફ જતુ હોવાથી તેનાં ઉટો અને હાથીઓના પગલાંથી ઉડતી ધુલથી પ્રકાશતો સુરજ જા બુરા રંગનો બન્યો છે અને જમીન નાઇલ નદી જેવી (હીલચાલ કરતી) બની છે. તેણે કીનાખોર પેહેલવાનો સાથે સીયાવક્ષનો કીનો લેવા માટે એક મોટુ લશકર મોકલી આપ્યું છે તેથી તે પાયદલ અને

---

[1] એ બેત લખેલી નકલમા વધારે છે.

સ્વારેના ગડબડ ઘોઘાટથી ઓયા પાહાડી જમીનના પથરે પણ સુરેચુરે થઇ જાય છે. તે સઘલા કીનાખોર અને લડાયક શખ્સોએ લડવાને માટે પોતાના પંજા લંબાવેલા હોવાથી તું કહેશે કે જાણે દરીઓ જોશમાં આવ્યો છે અને પોલાદના મોજાઓ તેના ઉપર ફરી વળ્યા છે. તેમનો વિચાર કેલાતના મુલકમાંથી પસાર થવાનો હોવાથી તેઓની (પેહેલી) લડાઇ ક્યાં થશે તે હું જાણુતો નથી." જ્યારે તે અનુભવ વગરના જવાને એમ સમજ્યું ત્યારે તેનુ દિલ દુખી અને રવાન ગમગીન બન્યું તેણે કીલ્લામાંથી નિચે ઉતરીને પુલ ઉતાર્યો અને તે ઉંચા પાહાડ ઉપર આવીને નિચે જોવા લાગ્યો. પછી તેણે પોતાના જે કાંઇ ઘોડાના, ઉંટોના અને મેઢાં બકરાંના ટોલાં હતા તેઓને તબેલામાં બંધ કરવાનો અને ત્યાંના પાહાડ અને જંગલમાં કાંઇપણ ચિજ રેહેવા નહી દેવાનો હોકમ કીધો. આથી તે સઘલાં ગાય ઢોરોને સેપંદ પાહાડ તરફ લેઇ જઇને ત્યાંના કોઠારમાં બંધ કીધાં. ત્યારબાદ તેણે આવીને તે કીલ્લાનો દરવાજો બધ કીધો અને એક જડપ ચાલના ઘોડા ઉપર બેઠો. તેણે પ્રથમ શેહેરમાંથી ઢોલના અવાજ સાંભલ્યા અને જરમ શેહેરને ધુલારાંથી શીશમ જેવુ કાલુ બનેલું જોયું. જરીરેહે પણ કીલ્લાની અગાસી ઉપરથી એ સઘલું જોયું અને તે લશકરની ધાસ્તીથી તેણીનુ દિલ ધ્રુજવા લાગ્યું. તે ઓરત જરીરેહ ફરૂદની માય થતી હોવાથી તેણીનું દિલ સીયાવક્ષ માટેના ગમના ધુવાથી ભરેલું રેહેતું હતું. જવાન ફરૂદે પોતાની માય આગળ આવીને કહયુ કે "ઓ બાનુઓની બાનુ! ઇરાનથી લશકર, હાથીઓ અને ઢોલો આવી પુગ્યાં છે અને મોટી પડવીના શખ્સોની હરોલમાં સપેહસાલાર તુસ ચાલે છે માટે બોલ કે હવે આપણે શું કરીએ? આપણી ઉપર તે હુમલો કરે એમ બનવું જોઈતું નથી." જરીરેહે બોલી કે "ઓ મારા લડાયક બેટા! એવા વખતની તું કદી વકી રાખતો ના. ઇરાનનો ચાલાક જવાન પાદશાહ જેનુ નામ કએખસરૂ છે તે તારો બાઇ થાય છે અને તે તુંને નામે અને તોખમે સારી રીતે ઓલખે છે તમો એકજ લોહીના અને તમારા બાપનાજ ચેહેરાને મળતા છો. જેહાનમાં ખસરૂ સીયાવક્ષને લિધે તારી તરફ ચાહ ધરાવતો હોવાથી તમો બંધે દોસ્ત જેવા છો તારા સિવાય તુરકીઓ વચે તલવારબાજ બીજો કોઈ નથી, તેથી તારી સામે હુમલો લાવવાની કોણુની મકદુર છે.[૧] સીયાવક્ષનું રવાન નુરથી ભરેલું બનજો અને પોતાની ભલાઈથી તે યજદાંને પુગેલો બનજો. જેહાનમાં સીયાવક્ષ જેવું કોઈ નહી હોવાથી જો જમાનો તેની તારીફ પણ ગાય તો તે લાયક છે. સરૂઆતમાં પીરાને તેની સાથે મનેજ પરણાવી હતી અને જો

- ૧ એ બેત લખેલી નકલમાં વધારે છે.

તુરકીઓ વચેથી તેણે બીજી બૈરી કીધી હતે નહી તો માય અને બાપ તરફથી તારી તોખમ તમામ રીને તાજદારની અને નામવરી ભરેલી હતે તેથી જો તારો ભાઇ સીયાવક્ષનો કીનો લેઇ તેના રવાનના કીનાને ધોઇ કાઢવા માગતો હોય તો તું પણ તારાં શરીરને રૂમી બખતરથી ઢાકીને જોસ્સાભરી છાતી અને શરીર સાથે અ ો ગુમોથી ભરેલા મગજ સાથે અત્રેથી તેની મદદે જા. જો તે પોતાના બપાના તરફનો કીનોજ લેવા માંગતો હોય તો તારે પણ તેની સાથે કીનો લેવો એ કામીઆંથી પણ કીમતી ગણાય. તેથી તારે પણ (તેની તરફથી) કંમર બાંધીને કીનાને માટે હુમલો કરવાને તુસની આગળ જવું ઘટે છે. માટે તું તારા ભાઇના લશકર આગળ જા અને જવાન કએખસરૂ પાદશાહ બન્યો છે તો તુ એક કીનો લેનારો જવાન બન કારણકે વાઘો પણ તેના ગમમાં રૂડન કરવા બેઠા છે અને દરીઆમાંથી મગરોના રૂડનના પોકારો પણ બાહાર આવે છે વળી પક્ષીઓ પણ પાણીમાની માછલીઓ સાથે અફરાસીયાબ ઉપર શ્રાપ વરસાવે છે કારણકે સીયાવક્ષની માફકની પેહેલવાની, મરદાનગી, નસીબ, તોખમ, તખત, સંગીનપણુ, ડાહાપણુ અને ઇનશાફ ધરાવનારો બીજો કોઇ પણ જેહાનબક્ષ પાદશાહ જેહાનમાં (તેની બરોબર) કમર બાધી શકશે નહી. તુ પણ કેઆની તોખમ અને પાદશાહી દેખાવ ધરાવનારો જેહાનના તે નામદાર સરદારનો બેટો છે માટે તારે પણ તારા બાપનો કીનો લેવા કમર બાંધીને તારૂ ખાનદાન અને તોખમ દેખાડી આપવું ઘટે છે. તેથી તું એક અકકલમદ માણસ કે જે (ઈરાની બોલીમાં) વાતચિત કરી જાણતો હોય અને શમજી શકતો હોય તેને ચુટી કાઢીને તે લશકરનો સરદાર કોણ છે તથા તે સરદારોની વચે નામદારીભર્યા કોણ છે તે સોધી કાઢ, અને તેઓના ભપકાભર્યા બાહાદુરોને કાસ્લામા બોલાવી અત્રે લાવીને તેઓ માટે દારૂ અને ખેલાત મગાવ. જો તુ તે લશકરના દિલ પૈસા આપીને ખુશી કરશે તો તેથી સીયાવક્ષનુ રવાન ખુશી થશે તેથી તુ તે બાહાદુરો ઉપર તમામ બક્ષશો કર અને તેઓ આગળથી અનેતેઓના માર્ગમાથી તુ તારી લગામને પાછી ફેરવતો ના. તુ તે સરદારોને નકર સુનાની લગામ, તરેહ તરેહના પોશાકો, તોપીઓ, કમરબધો તથા તલવારો, લોઢાંની તોપીઓ, ઘોડાના બખતરો, માણસના બખતરો, હીનદી ખજરો અને એ સિવાય બીજુ જે કાઇ તારી પાસે હોય તેમાથી બક્ષેશ કરીને હવે પછી ખુશાલીનો વખત જોવા માટે તુ તારા દિલને આતુર બનાવતો ના જેહાનમાં જે તારો ભાઈ છે તેજ તારો ખજનો છે અને તેના ઉપર કીનો લેવો એ પારકા શખ્સનું કામ છે તેથી આ વખતે તુ લશકરનો સરદાર અને જવાન કીનો લેનાર બન અને **એખસરૂ જવાન પાદશાહ ગણાશે.”**

ત્યારે ફ્રૂદે પોતાની માયને કહયું કે "હું એ વાત પેહેલી કોણુ આગળ કરૂં ? લડાઇને વખતે તે નામદારો વચેથી મારો મદદગાર કોણુ થવો જોઇએ અને કોણુ થશે ? કારણકે હું તો તેઓમાંના કોઇને નામે પણુ ઓલખતો નથી, ત્યારે હું તેઓ ઉપર મારી દુવા અને પેગામ કેમ મોકલુ ?" જરીગેહે પોતાના પેહેલવાન બેટાને જવાબ દિધો કે "જ્યારે તુ આ નદી આગળ લશકરથી ઉડતી ધુલ જોય ત્યારે તે બાહુર સ્વારો વચેથી તુ તારા બાપની સાથે જનમેલા (યાને એકજ ઉમરના) બેહેરામ અને શાવરાનના જગેહને જોઇ કાઢજે. તેઓના અત્રેથી પસાર થતા તુ તેઓને તેમની જુદી જાતની ઢાલ ઉપરથી ઓલખી શકશે? તે બધે નામદારોને તુ એ ઇધાનીથી સોધજે કારણુકે તેઓથી મારી અને તારી વચેનો ભરમ છુપો નથી. તારૂં માથુ અને નામ હમેશાં કાયમ રેહેજો અને સીયાવક્ષનુ રવાન દિપતું બનજો. સીયાવક્ષ એ બધે શખ્સોથી કદીપણુ છુટો પડતો હતો નહી કારણુકે તેઓ તેના દરબારીઓ અને સીયાવક્ષ તેઓનો પાદશાહ હતો તેથી તુ તારા દિલમાંથી એ વાત તુચ્છકારી કાઢયા વગર અત્રેથી તખવાર સાથે લશકર લિધા વગર જજે. તખવાર પણુ સીયાવક્ષનો સલાહકાર અને દોસ્ત હતો અને તેના વિચાર સીયાવક્ષના દિલને માફક આવતા હતા[1] તેથી તે ઇરાની પેહેલવાનો અને નામદારો માટે તખવા-રને પુછતા તે બાહુર તખવાર તુને તેઓની ઇધાણી આપશે. તે મોટા અને નાના દરજ્જાના તમામ ઇરાનીઓને ઓલખતો હોવાથી તેજ તુંને તે ભરવાદો (સરદારો)ની તેમજ મેઢાના ટોલાં (લશકર)ની નિશાણી આપશે." ફ્રૂદે તેણીને કહયુ કે, "ઓ નેક ઓરત ! તારા વિચાર ખાનદાનને અને અજુ-મનને પ્રકાશ આપનારા છે"

તેટલામા એક ચોકીબાને ચોકી કરવાની જગ્યાએથી આવીને તેને તે ઇરાની લશકર વિષેની ખબર કહી કે "તમામ મેદાન અને પાહાડો ઇરાની લશકરથી ભરાઇ ગયાં છે જેથી જાણે સુરજ પણુ જાલમાં સપડાઇ ગયો છે એમ તુ કેહેશે. આ કીલ્લાની હદથી તે ફરશગોની લંબાઇ સુધી વાવતાઓ, હાથીઓ અને લડાયક માણસોજ દેખાય છે." તે ચોકીબાનના એમ કેહેવાથી તે શાહજાદો તે જોવાને તે જગ્યાએ દોડયો તખવાર અને ફ્રૂદ દોડતા ત્યાં ગયા પણુ તે જવાનનુ નશીબ ઉધુ વલ્યુ હતુ જો આસમાન ઉચાઇએથી આડુંજ ફરવાતું હોય છે તો પેહેલેથીજ સખતાઇ કે દયા દેખાડેલી કાંઇ કામ આવતી

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

નથી. તે જવાન કે જેનો જીવ ઉડીજ જવા માંગતો હતો તો તે ખુદો કેમ થઇ શકતે. તેઓએ તે પાહાડની એક ઉંચી ટાંચ કે જ્યાંથી તમામ ઇરાની લશકર દેખાઇ શકતું હતું તે પસંદ કીધી. ફરૂદ અને તખવાર તે લશકરથી અને લડાઈના સામનથી ઘણા અચરત થવાથી તે જવાને તખવારને રસ લેઇને કહયું કે "તે વાવતા, ગુરજ અને સુનેરી જોડાવાલા દરબારીઓ માટે હું તુંને જે કાંઇ પુછું તે તું મારાથી છુપાવ્યા વગર જે ઇરાનીઓના ચેહેરા તુંને ઓલખીતા હોય તેઓમાના કોઇને જોતાંજ તું મને તેમના નામ કહેજે." તે પેહેલવાનો બે પાહાડ વચે આવી લાગતાંજ તે લશકર ત્યાંથી ટોલાંબંધ પસાર થવા લાગ્યુ. તેઓની પુશકલ સુનેરી તોપીઓ, સુનેરી ઢાલો, સુનેરી ગુરજો અને સુનેરી કોલાહોથી તું કહેસે કે હવે ખાંનોમાં જરાએ સુનું રહયું નથી ત્યાં જાણે એક વાદલે ચઢી આવીને હીરામોતીજ રેડી દિધા છે. સુનેરી કંમરબ ધવાલા સ્વાર અને પાયદલ લશકરથી તે પાહાડની ટાંચ પણ ચલકવા લાગી. બે પાહાડ વચેથી વાગતાં ઢોલના અવાજથી હવામાંનાં ગીધોના દિલ ગભરાતમાં પડયાં. ઢાલ અને તલવાર સાથના ત્રીસ હજાર લડાયક પેહેલવાનોનુ લશકર ત્યાંથી પસાર થવા લાગ્યુ તખવારે તેને કહયું કે "હુ તારી આગળ હવે સઘલો ભરમ ખુલ્લો કરૂં છું. તું જાણ કે પેલા હાથીની આકૃતિવાલા વાવતા સાથે બલુ તલવારવાલા સઘલા સ્વારો કીના વખતે ઘણી ભયંકાર લડાઈ કરનારા નામદાર સપેહશાલાર તુસના છે. તેની પુઠે પ્રકાશતા સુરજની આકૃતિવાલો જે બીજો વાવતો છે તે દમામ અને ભપકો ધરાવનારા ફરીબરૂજ કએકાઉસ નામના તારા કાકાનો છે. તેની પુઠેનો ચાંદની આકૃતિનો મોટો વાવતો અને પુશકલ બાધુરો તે જોરાવર પેહેલવાનના છે કે જેને તુ ગઝદહમના બેટા ગસતહમને નામે ઓલખજે. તે ગસતહમ ભાલાઓથી અને હાડકાઓ (ના હથીયાર)થી પણ દરતો નથી તેની પુઠેનો વરૂની આકૃતિવાલો લાંબો વાવતો કે જેની આસપાસ એક લડાયક લશકર છે તે શાવરાનનાં જંગેહના વડપન હેઠેલ છે. તેના બાધુરો પેહેલવાનના જેવા અને લડાયક છે તેની પુઠેનો ચંદ્રના જેવા છાપનો લાલ રંગનો વાવતો કે જેના ઉપર કસ્તુરીના જેવું કાલું ફુમતું છે તે તે ગેવનો બેજન કે જે આસમાનની ઉપરથી લોહી વરસાવી શકે છે,' તેનો છે એમ તું જાણજે તેની પુઠેનો બીજો વાવતો કે જેના ઉપર મસ્તાન વાઘ પાડયો છે અને જે જોઇને સિંહોની પીઠ પણ ભાંગી જાય છે તે પેહેલવાન શીદુશ ઉચકીને ચાલે છે. તુ કહેશે કે તે વાવતો જાણે નિચેજ આવવા માંગે છે તેની પુઠેનો દુકકરના છાપનો વાવતો કે જેને વિષે તું કહેશે જાણે આસમાન તેને પકરમાં પકડે છે તે ધરાવનારા બાધુર પેહેલવાનનુ નામ ગરાહજેહ છે કે જે

સિંહ સાથની લડાઇને એક રમત દાખલ ગણે છે. તેની પુઠેનો ગોધાના છાપનો વાવટો જેની પુઠે સ્વારો ચાલે છે અને આગળ નામદારો ચાલે છે તે પેહેલવાનો વચેથી ચુંટી કઢાયલા નામીચા ફ્રરહાદનો છે. તું કહેશે કે તે જાણે સીધ્ધો આસમાન તરફ જાય છે. બીજો વાવટો કે જે ઉપર વરૂનો છાપ છે તે બાધુર સપેહસાલાર ગેવની નિશાણી છે. બીજો વાવટો જે સુનેરી શીંહના છાપનો છે તે કેશવાદના બેટા ગોદરેજનો છે. બીજો લાંબો વાવટો જે ઉપર વાઘનો છાપ છે તે ભપકાવાલા રીવનીજનો[૧] છે. બીજો વાવટો કે જેના ઉપર હરણનો છાપ છે તે લશકરવાલા ગોદરેજના બેટા નસ્તુહનો છે જે વાવટા ઉપર જંગલી મેંઢાની નિશાણી છે તે કેશવાદનાં ખાનદાનના બેહેરામ ગોદરેજનો છે જે વાવટાની ઉપર જોરાવર પંજાવાલુ ગીધ પાડ્યુ છે તે લડાઈમાં લોઢાંના મોજા પેહેરનાર ઝુબીનર[૨]નો છે. એ સિવાય બીજા સિંહ જેવા પેહેલવાનો અને સ્વારો છે કે જે દરેકનુ નામ કેહેવાનુ મારે માટે લાંબુ થઇ પડે છે.'

જેમ તે પાદશાહોના પાદશાહ ફ્રરૂદને એક પછી એક પેહેલવાનોની નિશાણી આપતો ગયો તેમ તે નાની અને મોટી પડવીવાલા સઘલા શખ્સોને બારીકીથી તપાસીને ખુશાલ દિલનો બનતો ગયો અને તેનો ચેહેરો શમબુલ ફુલ માફક રાતો બન્યો. પછી તે જેહાનના પાદશાહે તખ્વારેને કહયું કે "મારા બાપનો કીનો આપણે સેહેલાઇથી લેઇશુ. જો સુરજનો માલેક ખોદા મારો મદદગાર થશે તો હું પણ મારૂ જોર વાપરીને એ કીનો લેવશ ચીન અને માચીનના લડાયક કીનાખોરોમાંથી હુ કોઇપણ સ્વારને જીવતો રાખશ નહી. હુ તે અઝદાહોને મારા પંજામાં પકડીને તેઓના તખતને તંગ બનાવશ. જે બીજા બદબખતો અફ્રરાસીયાબ સાથે છે તેઓને પણ હુ તુરતજ તાજ અને તખતથી ખાલી કરશ પછી હું મારા બાપના કીનામાં અફ્રરાસીયાબનુ ડોકુ પણ કાપીને તેના તમામ મુલકને વેરાન બનાવશ જેહાનને પેદા કરનાર પરવરદેગારના જોરથી અને પરવરશી કરનારા કાઉસના તાજની કુમકથી મારા બાપનો કીનો અમલમાં મુકીને તેઓના તખતને મારા પગ નિચે લાવશ."

સેવટે જ્યારે તે ઇરાનીઓએ પાહાડ ઉપર ફ્રરૂદ અને તખ્વારને જોયા ત્યારે તેઓને જોઇને સપેહસાલાર તુસે ગુસ્સે બનીને હાથીઓ અને ઢોલોને

---

૧ 'રીવનીજ' એ તુસના જમાઇનું નામ છે કે જે પાછલથી ફ્રરૂદને હાથે માર્યો ગયો હતો.

૨ ઝુબીન એ કાઉસના એક બીજા બેટાનું નામ છે.

ત્યાં થોભાવ્યા અને બોલ્યો કે "આ નામદારીભર્યાં લશકરમાંથી ગમે એક એવો ફતેહમંદ સ્વાર જોઇએ છે કે જે આ લશકર વચેથી પોતાના ઘોડાને તે પાહાડને મહાસે જોશમાં હાંકી જઇને તે બે બાધુરો કોણ છે અને પેલો ઉંચો કીલ્લો શાને માટે છે તેની તપાસ કરે. કયો એવો બાધુર આપણા લશકરમા છે કે જે તે માણુસની કાંઇપણ ધાસ્તી ચિંતા રાખ્યા વગર તેના માથાં ઉપર ચાબુકના બસો ફટકા જુરી કાઢે વળી તે લડાયકને બાંધીને મારી આગળ ઘસડી લાવે ? જો તે કોઇ જાશુશ જણાય અને તે છુપાછુપ આપણું લશકર ગણુતો હોય તો એવો કોણ છે કે જે તેના ત્યાંજ બે ટુકડા કરી નાખી તેને પાહાડ ઉપર લટકાવી દેઇને અત્રે પાછો ફરે ? જો ત્યાં બેસુમાર લશકર છુપાઈ બેઠું હોય અને તેઓમાંથી તે એક જાહેર થઈ ગયો હોય તો તે અત્રે જડપથી પાછો ફરીને તે ખબર આપણુને પુગાડશે તો આપણે તેઓથી આ જમીનને ખાલી કરી નાખીશુ." ગોદરેજના બેટા બેહેરામે સરદાર તુસને જવાબ દિધો કે, "એ કામ આપણાથી છુપુ રેહેવું જોઇતુ નથી. તેથી હુ ત્યાં જઇને તું કહે છે તે પ્રમાણે તે કામ બજાલાવશ અને તેઓને તે પાહાડની ટોંચ ઉપરથી નિચે લાવશ" એટલુ કહીને તેણે ઘોડાને એડી મારીને દોડાવ્યો અને વિચાર સાથે તે લશકર આગળથી પાહાડ તરફ ચાલવા માડયુ

બેહેરામે ફરૂદને જોવા જઇને તેનો પેગામ તુસને પુગાડયો તે વિષે.

પછી નામદાર ફરૂદે તખવારને પુછ્યું કે "આ આટલી બધી તુમાખી સાથે આપણો કાંઇપણ વિચાર કીધા વગર જડપથી ઉચાંન ચઢીઆ તરફ આવનાર કોણ છે? તેનો બેસવાનો ઘોડો પણ ઉચ તોખમનો છે અને તેણે જીન ઉપર કમંદ પણ બોલવી છે" સલાહ આપનારા તખવારે ફરૂદને જવાબ દિધો કે "એમ તુમાખી કર્યાથી એને કાંઈ ફાયદો થવાનો નથી હું કાંઈ તેનું નામ નિશાણ જાણતો નથી, તોપણ તે ગોદરેજની તોખમનો હોય એવી હુ અટકલ કરૂ છું. જ્યારે ખસરૂ તુરાનથી ઇરાન જતો રહયો ત્યારે પાદશાહ (અફ્રાશીયાબ) ની જે લોઢાંની તોપી જતી રહી હતી તેજ તોપી મારી અટકલ મુજબ હાલે તેના માંથાં ઉપર છે અને વળી તેના શરીર ઉપર પાદશાહી બખતર પણ છે. તેથી તે ગોદરેજનાં કુટુંબનો હોવો જોઇએ. માટે તું તેને પુછપરછ કરવાને તારા હોટ ખોલી જો." તેટલાંમાં બેહેરાંમે પોતેજ પાહાદના મહાંલાં નજદિક આવીને ગરજના કરતા વાદલ માફક પોકારીને પુછ્યું કે "આ પાહાડ ઉપર કોણ શખસ છે? શું તું પેલું (ઈરાનીઓનું) બેશુમાર લશકર જોતો નથી? અથવા તો ઢાલના ગોઘાત અને અવાજ શુ તુંને સમજાતા નથી? અને ચાલાક સરદાર તુસની ધાસ્તી શુ તુને લાગતી નથી?" ત્યારે ફરૂદે તેને પાછો એવો જવાબ દિધો કે "હમે કાંઈ તુને અપમાન કીધું નથી માટે તું હમુને પણ અપમાન ના કર એ અનુભવી શખ્સ! તું જરા નરમાશથી વાત કર. અને તારા હોટોને થંડા સખુનોથી ના ભેળ તુ જેમ જોરાવર સિંહ નથી તેમ હું કાંઇ જંગલનું એક ગોરખર નથી તારે હમારી સાથે એમ વર્તવું જોઇતું નથી. મારા કરતાં તું જરા પણ વધારે પેહેલવાની, મરદાનગી કે શરીરનું જોર ધરાવતો નથી. મારી તરફ જો કે હુ પણ તારીજ માફક માથું, પગ, હાથ, દિલ, મગજ, હુશીયારી, બોલવાની જીભ, આંખ, કાન એ સઘલું ધરાઉછું. માટે તેમજ હોય તો તું નકામી તારા હાથની બાજી દેખાડયા વગર જે વાત હું તુંને પુછું તેના તું મને જવાબ દેઈ તારા મુબારક વિચાર જણાવશે તો હું તેથી ખુશી થવશ." બેહેરામે તેને કહયું કે "તું આસમાનની ઉચાઇએ અને હું જમીન ઉપર છું તેથી તારે જે કાંઇ પુછવું હોય તે પુછ" ત્યારે તુરતજ ફરૂદે તેને પુછ્યું કે "તારો સરદાર કોણ છે? અને લડાયક કોણ કોણ છે?" બેહેરામ બોલ્યો કે, "તુસ કે જે

કાબ્યાની ઝુંડા અને ઢાલ સાથે આવ્યો છે તે હમારો સરદાર છે; તથા ગોદ૰રેજ, રેહામ, ગેવ, શીદુશ, ગુરગીન, બાધુર ફરહાદ, ગઝદહમનો બેટો ગસતહમ અને તેના બાધુરો, નામદારી ભર્યો લડાયક ગરાજેહ, ફરીબરૂજ, સિંહ જેવો બેજન અને લડાઈના આસમાન જેવો અશકશ એ હમારા પેહેલવાનો છે. એ નામદાર પેહેલવાનો ઉપરાંત શાવરાંનના જંગેહ જેવો નામદાર પણ હમારી સાથે છે." ફ્રરૂદે તેને પુછ્યું કે "એ સઘલાઓમાં તેં શા માટે બેહેરામનું નામ નથી લીધું? અને તે નામ રેહેવા દેઇને તારાં કામને તેં કાચું કાંય રાખ્યું? હમે તો ગોદરેજના કુટુંબીઓમાંથી તેનું નામ સમજીને ખુસી થઇએ છીએ. ત્યારે તેં મારી આગળ તેનુજ નામ કાંય નહી હોટ ખોલીને કહયું?" બેહેરામ બોલ્યો કે "ઓ સિહ જેવા શખ્સ! તું એમ બેહેરાંમને યાદ કરનારો કોણ છે?" ફ્રરૂદે જવાબ દીધો કે "એ નામ મેં મારી માયથી સમજ્યું છે. તેણીએ કહયું છે કે 'જ્યારે તે લશકર તારી આગળ આવે ત્યારે તું તેની સામે લેવા જજે અને બેહરામનું નામ તથા તે બાધુરોમાના બીજા નામદાર શાવરાનના જગેહનું નામ પોકારજે. તેઓ તારા બાપની સાથે દુધ ધાવનારા (યાને એક ઉમરના) હતા. માટે તું તેઓને સોધી કાઢશે તો સારૂ." બેહેરામે પુછ્યું કે, "ઓ નેકબખત! શુ તું પેલું પાદશાહી ઝાડ સીયાવક્ષ, કે જે નીંદેશ માર્યો જવાથી ઇરાની લશકર દુખી બન્યું છે, તેનું ફ્ળ છે? જો એમ હોય તો જવાન પાદશાહ! તું પોતેજ ફ્રરૂદ હોવો જોઇએ. ત્યારે તો તુ જાવેદાન સુધી જીવતો રેહેજે અને રોશન રવાનનો બનજે" ફ્રરૂદે જવાબ દિધો કે, "હા ખરૂં છે. હુંજ ફ્રરૂદ છું. તે તુટી પડેલા સરોવરના ઝાડની હું ઉગી નિકળેલી સાખા છું." બેહેરામ બોલ્યો કે "તારૂં શરીર ખોલીને મને સીયાવક્ષની ઇધાની દેખાડ. એવી રીતનો (લાછણનો) ચીતાર ચીનનો ચીતારો પણ ચીત્રી શકે નહી." આથી ફ્રરૂદે પોતાની બાજુ ખોલીને જ્યાં ગોલાબ ઉપર અમબરથી પાડેયો હોય એવો એક તલ હતો તે બેહેરામને દેખાડયો. તેથી એજ કોબાદની તોખમનો અને સીયાવક્ષનીજ તોખમથી ઉતરેલો છે એમ તેની ખાતરી થવાથી તેણે તારીફ કરતાં પોતાના તેજી ઘોડા ઉપરથી નિચે ઉતરીને તેને નમન કીધું. તે જવાન પાદશાહે પણ ઘોડા ઉપરથી નિચે ઉતરીને અને તે રોશન રવાનના શખ્સે એક પથર ઉપર જઇ બેસીને બેહેરામને કહયું કે, "ઓ ચાલાક સિહ જેવા જેહાનને જીતનારા નામદાર શખ્સ! મારી બે આંખો મારા બાપને જીવતો જોઇને જેટલી ખુશી થાય તેથી પણ વધારે હું તુને ખુશાલ અને રોશન રવાનનો, તથા હુનરમંદ, ખુલ્લાં દિલનો અને પેહેલવાન જેવો જોઇને ખુશી થયો છુ. હું ઇરાની

લશ્કરના નામદારો માટે પુછપરછ કરવાને અને તેઓનો સરદાર કોણ તથા લડાયક નામદારો કોણ કોણ છે તે જાણવાને અને મારીથી જેવી બને તેવી એક ઝીયાફત આપીને તે પેહેલવાનોના ચેહેરા ખુશાલી સાથે જોવાને હું આ પાહાડને મડાલે આવી ઉભો છું. હું તેઓને તરેહવાર પુશકલ ચિજો જેવી કે ઘોડા, તલવાર, ગુરજ, કંમરબંધ વિગેરે બક્ષવા તથા ખુશાલી અને મોજમજાહ સાથે એક અઠવાડીયું પસાર કરીને તે પેહેલવાનોના દિદાર જોઇ સરફરાજ બનવા માગુંછું. પછી હું દુખી દિલે લશકરની હરોલમાં ભપકાથી ચાલીને તુરાન ઉપર કીનો લેવા જવશ કારણ કે મારે માટે પણ એ કીનો લેવો તથા જીન ઉપર બેસી લડાઇમાં આતશના જેવું તેજી બનવું ઘટતું છે. તેથી જો તું તે પેહેલવાન તુસને રોશન રવાન સાથે આએ પાહાડ ઉપર આવવાને એ સઘલું કહેશે તો સારૂં. આપણે અત્રે એક અઠવાડીયું સાથે રહીને તે બાબદ ઉપર થોડો ઘણો વિચાર કરીશું. આઠમે દહાડે ઢોલના અવાજ નિકળતાંજ સપેહ-સાલાર તુસ જીન ઉપર બેસશે. ત્યારે હું મારા બાપનો કીનો લેવા મારી કંમર બાંધશ અને મારાં જીગરના દુખ સાથે ત્યાં એક લડાઇ કરશ. જ્યારે સિંહને તેનો પંજો સેહેલાઇ કરી આપે છે ત્યારે ઉપરથી ગીધની પાંખની હાજરી તેની શાક્ષી આપે છે (યાને કે સિંહ પોતાના શેકારને મારી ખાતું હોય ત્યારે ગીધ પણ ખોરાક મેળવવાને ઉપર ભમતું રહે છે,) કારણ કે એવી રીતનો કીનો લેવાને જેહાનના બાહુરો વચેથી કોઈ પણ શખ્સે કંમર બાંધી હશે નહી."

બેહેરામે કહયું કે, " ઓ પાદશાહ ! તું જવાન, હુનરવાલો, પેહેલવાન સ્વાર છે. તેં મને જે કહયું છે તે હું તુસને કહીને તારી ખાહેશ મુજબ તેને દસ્ત બુસી (કાલાવાલા) કરશ. પણ તે સપેહસાલાર અક્કલવાલો શખ્સ નથી, અને તેનુ માથુ અને મગજ શિખામણોને લાયકનુ નથી. તે હુનરવાલો તેમજ વળી ઉચાં ખાનદાનને લિધે માળમીલકતવાલો પણ છે પણ તે મોઢેથી પાદશાહને યાદ કરતો નથી. જ્યારે તારીફ લાયક કએખસરૂને ગેવ તુરાનમાથી તેડી લાવ્યો ત્યારે તેણે ગેવ, ગોદરેજ અને પાદશાહ સાથે તખત અને તાજ આપવા માટે ફરીબરૂજ તરફથી લડત ચલાવી હતી. તે એમ કેહેતો હતો કે 'હું નોજરની તોખમનો હોવાથી જેહાનમાં પાદશાહીને લાયક હુંજ છું.' તેથી મને લાગે છે કે તે મારા કેહેવાથી ઉલટો ચાલીને મારી સાથે તુંડાઇથી કજીયો કરશે. મારા સિવાય જો કોઇ બીજો શખ્સ હવે તારી આગળ આવતો જણાય તો તે તારૂં માથું અને ટોપી જોવા નહી પાંમે તો સારૂ કારણ કે તુસ તાબા વગરનો અને પોતાની બેહોશને વળગી રેહેનારો શખ્સ હોવાથી બીજો કોઇપણ શખ્સ તારી આગળ આવે તો તુ સારૂં ગણતો ના. બીજુ એકે તેનું

દિલ હમારી તરફ સાચું નથી અને તે તારા ભાઇને પાદશાહી કરતો પણ જોવા ચાહાતો નથી. તેણે મને કહયું કે, :" પેલા પાહાડની ટાંચ ઉપર કોણ શખ્સ છે તે જો અને નજદિક જતાંજ તે શું માંગે છે તે કાંઇ પુછયા વગર બસ તું ગુરજ યા ખંજરથીજ વાત કરજે કારણકે આવે વખતે કોઇ શખ્સ પાહાડ ઉપર શાનેં માટે રેહે ?" તેથી જો તે થંડો પડયો હશે તોજ એ ખુશ ખબર કહેવા માટે હુ આવીને તુંને ખુશાલી સાથે લશકરની હજુરમાં લેઇ જવશ બીજું એકે જો તે લશકરમાંથી મારા સિવાય બીજો કોઈ આવે તો તું તેના ઉપર ઘણો ઇટબાર રાખતો ના ભલા સ્વારોમાંનો કોઈપણ (તે બાબે) તારી આગળ આવશે નહી નામદાર તુસનો એવોજ રવૈયો હોવાથી એનું પરીણામ શું નિપજે છે તે હાલે તુ આ જગ્યાએથી ખીસી કીલ્લાના દરવાજામાં જઇને ખુબી સાથે તપાસજે." તુરતજ ફરૂદે એક ફીરાજાના હાથવાલો સુનેરી ગુરજ કંમરેથી બાહાર કાઢીને તે તેને ભેટ આપતાં કહયું કે " આએ મારી તરફની યાદગારી છે તે તુ તારી સાથે રાખ અને એ તુને કામ આવશે. જો સપેહ-સાલાર તુસ એ વાત કબુલશે અને આપણે રોશન દિલે અને ખુશાલીભરી ઇચ્છા સાથે અત્રેથી ભપકા સાથે ચાલીને જઇશુ તો તું એ ગુરજ ઉપરાંત મારી તરફના હદીયા તરીકે એક ઘોડો, જીન, સુનેરી તાજ અને પાદશાહી વિટી પણ મેલવશે ."

બેહેરામે ત્યાંથી પાછા ફરતાંજ તુસને કહયું કે " તારા પાક જીવ સાથે અકકલ જોડાયલી રેહેજો તું જાણ કે એ શખ્સ તો નીંદોશ માર્યા ગયલા નામા-કીત પાદશાહ સીયાવક્ષનો બેટો ફરૂદ પોતે છે તેણે મને તેના ખાનદાનથા ઉતરેલી નિશાણ જે કાઉસ તથા કએકોબાદ ધરાવતા હતા તે પણ દેખાડી છે તે તો તારી સાથે દોસ્તીભર્યાં દિલનો બનીને આવ્યો છે અને વળી એ કીનો લેવામા મદદગાર થવા માગે છે માટે જો તુ સપેહસાલારના દિલને દરૂસ્ત લાગતુ હોય તો તારા ત્યા પધારવાથી તેનો જીવ ખુશી થશે " ત્યારે જુલમગાર તુસે જવાબ દિધો કે, " આએ લશકર, રણશીગડા અને ઢોલ મારા કબજામા છે. મેં તુને કહયુ હતું કે ' તુ તેને કાઇપણ પુછપરછ કીધા વગર મારી નજદિક લાવજે.' જો તે પાદશાહ હોય તો હુ પોતે કોણ છુ [1] અને આ લશકર વચે હું શાને માટે છુ [1] મેં પેહેલવાન ફરૂદની ખબર પાદશાહથીજ જાણી છે, અને તેથી હું તેને હમણાંજ મારીને નિચે નાંખશ [1] શુ કાલા કાગડા જેવો

---

[1] એ બેત લખેલી નકલમાં વધારે છે.

એક તુરકી જાદો આ પાહાડ ઉપરથી મારાં લશકરનો રસ્તો ઘેરે ? તું ગયો, તેની સાથે વાતચીત કીધી અને તેની પાદશાહી માટે એકમત થઇ ગયો ! અને વળી મને કહે છે કે 'આ લશકર તેને સોપી દે !' તારા જેવા સ્વાર ધરાવવા માટે મને કેટલો અફસોસ છુટે છે. હું કાંઇ ગોદરેજના ખાનદાનીઓની આપ-અખત્યારી તપાસવાનો નથી પણ લશકરને નુકસાન થાય છે કે નહી તે જોવાનો છુ તે હુનર વગરના એક સ્વારથી તુ ડરી ગયો પણ તે કાંઇ પાહાડ ઉપરનો ફાડીખાનારો સિહ તો હતો નહી. તુરકીઓ એવાંજ મકરથી અફ્રલમદો તરફ કેવી બુરી નિશતા રાખે છે તેની તુને ખબર કયાં છે તે પણ તેવોજ હુનર વગરનો બેબુન્યાદ તુરકી છે અને પોતાના દિલથી ખસરૂ અને તેના લશકરનો દુશમન છે. તેણે આપણુ લશકર જોઇને ફરેબ રમવાની બાજી માંડી છે અને તેથી તુને નકામો પાહાડના ચઢાન અને ઉતરાનના ફેરામાં નાખ્યો છે" પછી તેણે પોતાના બાધુરોને કહયું કે, "ઓ દુશમનને મારનારા બાધુરો ! મને એક એવો નામીચો અને નામદારી સોધનારો માણસ જોઇએ છે, કે જે તે પાહાડ તરફ જઇને તે તુરકીનું ડોકું ખંજર વડે શરીરથી જુદું કરીને આએ અંજુમનની વચે મારી આગલ લાવે" આથી રીવનીજે એ બાબદ ઉપાડવાની કંમર બાંધી અને તેની સાથે લડાઈ કરવાને ઉઠી ઉભો થયો. બેહરામે તુસને કહયું કે, "ઓ પેહેલવાન ! તુ વગર ફોકટનું તારાં રવાનને કાલુ ના બનાવ. સુરજ અને ચંદ્રના બનાવનાર ખોદાનો તું દર કર અને દિલમાં પાદશાહની શરમ રાખ કારણકે એ પાદશાહનો સગો છે અને તેનો સાવકો ભાઇ થાય છે. વળી તે નામદારી ભર્યો લડાયક સ્વાર છે. વળી બીજુ કારણ એ કે આ લશકરનાં જો સો સ્વારો પણ તેની આગળ પાહાડને મડાલે જવા માંગશે તોપણ તેઓ તેના પંજામાંથી પોતાના જીવ બચાવી શકશે નહી વળી તુ તારાં ખુશાલ દિલ ઉપર ગમ ખેંચી લેશે અને આપણે વેઠેલી સઘલી મેહેનત, કીધેલી લડાઇ અને મેલવેલી ફતેહ એ સઘલું પાદશાહની હજુરમાં વ્યર્થ જશે"

તેના એમ બોલવાથી સપેહસાવાર તુસ ચીરડાઈ ગયો અને તે બેહરામ પેહેલવાનની શિખામણો સાથે મલતો થયો નહી તેણે તે ઉંચા પાંહાડ તરફ કેટલાક નામદારોને હકારી જવાને ફરમાવ્યાથી તે પેહેલવાનો વચેથી ઘણાકોએ બાહાર જોહોંકાવ્યું અને ફરૂદ સાથે લડવાને આગળ વધ્યા પેહેલવાન બેહેરામે તેઓને કહયું કે "તમો કાંઈ એ કામને તદન નજીવું ગણુતા ના. તે પાહાડ ઉપર કએખસરૂનો સગો (ભાઇ) રહે છે કે જેનો એક એક બાલ સો સો પેહેલવાનોના કરતાં કીંમતી છે જે કોઇએ સીયાવક્ષનો ચેહરો જોયો નહી હોય તેઓ જો ચાહે તો તેના દિદાર જોઇને પણ કરાર પાંમે."

ફરૂહને હાથે રીવનીજ માર્યો ગયો તે વિષે.

જ્યારે બેહરામે ફરૂદ માટેની આવી ખબર આપી ત્યારે બાધુરોએ પોતાના પગલા પાછાં ફેરવવા માંડયા. પણ તુસના જમાઇ રીવનીજ માટે ફરતુ આસમાન ગોયા અફસોશ કરતુ હોવાથી તે પાછો બીજી વખત બાહાર પડયો તેનું દિલ જુલમ કરવા ઉપર મંડેલું હોવાથી તેણે નાફરમાન બનીને ચરમને માર્ગે સેપંદ પાહાડ ઉપર ચઢવા માંડયુ. ફરૂદે પાહાડની ઉંચાઇ ઉપરથી તેને જોતાંજ પોતાની પાદશાહી કમાન બાહાર કાઢીને લડાઇનો અનુભવી તખવારને કહયુ કે, " તુસે મારી આ વાતને તુચ્છકારી કાઢેલી લાગે છે કારણ કે આ આવતો સ્વાર કાંઈ બેહરામ નથી. મારૂ દિલ ઠેકાણે છે પણ તે ખુશી નથી. માટે તું જો કે તે કોણ આવે છે તે કહી શકે. તેણે પગથી તે માથાં સુધી બખતર શાને માટે પહેર્યું છે?" તખવારે જવાબ દિધો કે " એ તો એક પેહેલવાન તેમજ સ્વાર ગણાતો રીવનીજ છે તેની વસંત જેવી ચાલીસ ખુબસુરત બેહેનો છે, પણ તેના ખાનદાનમાં એના સિવાય બીજો કોઈ બેટો નથી. તે ફરેબબાજ, યુકિતવાળો, ચાપલુશીખોરો અને હુનરમંદ જવાન તુસનો જમાઇ થાય છે" ત્યારે ફરૂદે તે દાનાવ શખ્સને કહયું કે, "લડાઇ વખતે એવી વાતો સમજવી ઘટતી નથી. જો તે બાધુરો સાથે લડવાને આવે છે તો હું તેને તેની બેહેનોનાજ ખોલા ઉપર પોઢારી દેવશ. ઓ અનુભવી તખવાર ! મને કેહે કે હું તીર વડે તેના ઘોડાને બેજાન કરૂં કે તે સ્વારને બેજાન કરૂ?" તખવારે તે લડાયક શખ્સને જવાબ દિધો કે " હાલે તુને તેની સાથે લડાઈ કરવાનો વખત આવ્યો છે તો તું તારો તીર તે માણસ ઉપરજ છોડ કે જેથી તુસનુ જીગર તેને માટે ઉકલતુ બને કારણ કે તારાં દિલને તેની સાથે દોસ્તી કરવાની ખાહેશથી તૈયાર રાખેલુ તેણે જાણ્યા છતાં તે તો તારી સાથે વગર ફોકટની લડાઇ કરીને તારા ભાઇને માઠું લગાડે છે" જેવો રીવનીજ પોતાની તલવાર ધરીને નજદિક આવી લાગ્યો તેવીજ તેણે તુરતજ ટાંકેલી કમાન તેની ઉપર છોડી ને તેના ઉપર ઉચાઇએથી એક તીર ફેંકયો અને તેના માથાંને તેની રૂમી તોપી સાથે સીવી લીધું આથી રીવનીજ ધુલમાં ઉંધે મસતક પડયો. તેના પડી જતાંજ તેનો ઘોડો પાછો ફરી ત્યાથી નાહાસવા લાગ્યો જ્યારે સરદાર તુસે જમીન ઉપરથી એમ બનતુ જોયુ ત્યારે તેની આંખ આગળથી જાણે તે પાહાડ બેમાલુમ થઈ ગયો (યાને ને બેસુધ થઇ ગયો) એક અક્કલવાન શખ્સે આ ઉપરથી એક કેહેતી જોડેલી છે કે " માણસ

---

૧ એ બેન લખેલી નકલમા વધારે છે.

પોતાની ખુરી ટેવનો બદલો પાંમે છે." પછી પેહેલવાન તુસે (પોતાના બેટા) જરસ્બને કહયું કે "તું તારા દિલને વીજળીના આતશ માફક ઉશકેરીને બાહુર સ્વાર લોકોનું બખતર પેહેર અને (તેની સામે) તારા જીવ અને શરીરની સંભાલ કર. યાતો તે નામદાર (રીવનીજ)નો કીનો તું લે નહી તો એ કીનો હું લેવશ."

જરસ્બ ફરૂદને હાથે માર્યો ગયો તે વિષે.

આથી જરસ્બ માથે લડાઇની તોપી પેહેરીને કીનાભર્યાં દિલે અને પવન ભર્યાં મગજ સાથે ત્યાં (લડવાને) ગયો તેણે કીનો લેનાર જનુની સિંહ જેવો બનીને સેપંદ પાહાડનો રસ્તો લીધો અને દિલમાં ધારતી રાખીને ઉશકેરાઇને પોકારતો નિચાનમાંથી પોતાના માથાંને ઉચાન ઉપર લેઈ જવા લાગ્યો (માને પાહાડ ઉપર ચઢવા લાગ્યો) આથી જનુની સિંહ જેવા ફરૂદે તખવારને કહયું કે, "વલી બીજી તરફથી એક માંગનારાએ સેપંદ તરફ આવવાનો રસ્તો ધર્યો છે અને એ આવનાર કોઈ બીજો છે[1]. માટે એ માણુસ કોણુ છે તે તું તેને જોઇને ઓલખ શુ તે કોઇ પાદશાહ છે યા લશકરી છે[1] ? તું જોકે આ પાહાડ ઉપર જડપથી આવનારો તે ઈરાની સ્વારોમાંનો કોણુ છે[1] તુરતજ તખવારે પોતાના હોટ ખોલીને તેની આગળ તેને માટેની એક પછી એક વાત કેહેવા માંડી તખવારે લડાયક પાદશાહને કહયું કે "આ લડવા આવનાર શખ્સ તુસનો બેટો જરસ્બ નામનો છે જેના ઘોડાને જંગી હાથીથી પણુ ઉડલાવી શકાતો નથી. ઓ જેહાનને જીતનારા (પાદશાહ)! રીવનીજ તેનો બંધેવી થતો હોવાથી તે વળી તારી ઉપર કીનો લેવા આવ્યો હશે માટે તે તારૂ ઉચું કદ, તારી બાજુ અને તારી તોપી જોય તે આગમચ તું એક તીરને તારી છાતી તરફ ખેંચી કમાન ઉપર ચઢાવ કે જેથી તેનું માથું પણુ ધુલમાં પડે. અને તે ઘોડા ઉપર નિચે ઉંધે મસતક પડે મારાં દિલની ખાતરી છે કે તેનું મોત આવેલું લાગે છે હવે તુસનું દિલ દીબાહ નામના ઝાડના પાતરાં માફક ધુજતું થશે અને તે દિવાનો સપેહસાલાર તુસ ત્યારેજ જાણુશે કે આપણે પણુ અત્રે અફસોસ કરવાને રહયા નથી" જેમ જેમ જરસ્બ પાહાડની ટોંચની વધારે નજદિક જતો ગયો તેમ તેમ ઈરાની લશકર તેને તપાસતું રહયું. પછી બાહુર ફરૂદે પોતાના ઘોડાને ઉશકેરીને જરસ્બની કંમર ઉપર એક તીર માર્યાથી તેનું શરીર તેના બખતર અને જીન સાથે સીવાઇ ગયું, અને તે તીરની

---

૧ એ બેત લખેલી નકલમાં વધારે છે.

અણીથી તેનો જીવ ઉડી ગયો. તે પણ નિચે તુટી પડયો અને તેનો ઘોડો ત્યાંથી ફરીને નાહાસી ગયો. આથી ઇરાની લશકરમાંથી રૂદનના પોકારો નિકળ્યા અને પેહેલવાનોએ પોતાની કોલાહ માંથાં ઉપરથી કાઢી નાખી

તુસ પોતે ફરૂદ સાથે લડવા ગયો અને તેમાં તેનો ઘોડો માર્યો ગયો તે વિષે.

તે તુસનુ દિલ લોહીથી ઉકલતું અને આંખો આંસુ ભરેલી બની તે ઉટાવલે બખ્તર પેહેરીને એક મોટા પાહાડ માફક હાથી જેવા જોરાવર ઘોડા ઉપર બાંધેલા જીન ઉપર ચઢી બેઠો. અને તેણે લડાયક પેહેલવાનો માટે ઘણો રડતાં તથા ઝાડના પાતરાં માફક ધ્રુજતાં કીનાભર્યાં દિલે અને ગમના ધુમાડાથી ભરેલા મગજ સાથે ફરૂદ તરફ જવાને માટે લગામ ફેરવી તેનાં દાંતો પુશકલ ગુસ્સાને લીધે છેડાયલા સિંહની માફક એકમેક સાથે અઠડતા હતા. એ પ્રમાણે તે લડવાની તૈયારી કરી કીનો લેવાને પંજા લંબાવીને બાહાર પડયો તેજ વખતે તખવારે તેની વિગત આપવા માંડી કે, "જે પાહાડ જેવો શખ્સ જડપથી પાહાડ ઉપર આવતો જણાય છે તે મને લડવા આવતો સપેહસાલાર તુસ પોતે લાગે છે, તેથી તુ તે લડાઇના અનુભવી વાઘ સામે ટકવાનો નથી' માટે ચાલ કે આપણે કીલ્લાના દરવાજા મજબુટ ઢાંકીને આપણા નસીબનુ શુ સેવટ આવે છે તે તપાસીએ. તેના બેટા અને જમાઇનો તેં લડાઇમાં નાશ કીધેલો હોવાથી હવે તે જરાએ ખુસાલીનો વિચાર કરશે નહી." આથી જવાન ફરૂદે તખવાર ઉપર ગુસ્સે થઇને કહયુ કે "હવે જ્યારે લડવાનો અને કુસ્તીજ રમવાનો વખત નજદિક આવ્યો છે તો પછી મારી આગળ તુસ, હાથી, જોરાવર સિંહ, લડાયક વાઘ, કે બબર હોય તે શુ બીસાડમાં છે? જ્યારે તેઓએ એક શખ્સ સાથે લડવાનેજ દિલ બાંધ્યું છે તો ભડકું લિધેલા આતશ ઉપર હવે ધુલ નખાવાની નથી" ત્યારે અનુભવી તખવારે તેને જવાબ દિધો કે "પાદશાહોએ શિખામણને હલકી ગણવી જોઇએ નહી તુ પોતે એકલો સ્વાર છે અને જો તુ લોઢાંનો બન્યો હશે અથવા તો તું સખત પથરવાલા પાહાડને તેના પાયામાંથી ઉચકનારો પણ હશે તો પણ ઇરાનીઓના તો ત્રીસ હજાર નામદારો છે કે જેઓ તારી સાથે લડવાને આ પાહાડ ઉપર આવશે તેથી અત્રેનો આ કીલ્લો કે તેના પથરા કે છોંય કાંઇ રેહેવા પાંમશે નહી પણ તેઓ એ સઘલાને પાયામાંથી ખણી કાઢશે, અને તારા બાપનો કીનો લેયાને બદલે સામી તું તેઓથી હાર ખાશે. તે તુસની સાથે કદી પણ હાર જોડાયળી રેહેતી

નથી, માટે તું શા માટે ઉતાવલ કરે છે? અને શા માટે તે સિંહ જેવાઓ સાથે તુ લડવા માગે છે? માટે આવી વગર ફોકટની લડાઈ કીધા વગર તું તારે કીલ્લામાં આવ" પણ જે શિખામણો તખવારે પેહેલી દેવી જોઇતી હતી તે છુપી રાખી નહી કહયાથી તે બીન અનુભવી અને વજુદ વગરના સલાહકારની સલાહથી તેણે લડાઈ કરવામાં અને જીવને નુકસાન પુગાડવામાજ ફાયદો જોયો.

તે જવાન ફરૂદના આબાદ કીલ્લામાં હેંસી દાસીઓ રેહેતી હતી, જે ચંદ્ર જેવા ચેહેરાની ઓરતો ભાતભાતના કપડાં પેહેરી અને સુગંધી છાંટીને તે કીલ્લાની ટાંચે આવેલી અગાશી ઉપરથી એ તમાસો જોતી હતી તેઓ જાણે ચીનાઈ રેસમી કપડાંનો એક એક ટુકડો હોય તેવી (તે ઉંચાઇએથી) લાગતી હતી. તેણીઓ (તે લડાઇ જોતી હોવા) ને લીધે ત્યાંથી (હારેલું) પાછું ફરવા માટે તે જવાન ફરૂદનો જીવ ઘણો દુખી થયાથી તે લગામને તંગ કરીને એક બીજો તીરનો ચીલ્લો ચઢાવીને ત્યાં પવન વેગે ગયો. આથી તખવારે લડાયક પાદશાહને કહયુ કે " જો તુ લડાઇ કરવા ચાહાતો હોય તોપણુ તું નામદાર તુસને ઘાહેલ કરતો ના. તુ તેના ઘોડાનેજ ભોંય ઉપર નાખશે તેજ તારે માટે ફાયદાકારક ગણાશે કારણકે લડાઇ ગમે એવી મુશકેલ અને તંગ થઇ પડી હોય તોપણુ પાદશાહોથી ઘોડા વગર લડી શકાતું નથી. બીજું એકે કમાનમાંથી છોડેલા ફકટ એક તીરથી તેનું મોત આવી શકશે નહી. હવે જ્યારે સપેહસાલાર પોતેજ પાહાડ ઉપર ચઢે છે તો બેશક તેનું લશકર પણ તેની પુઠે આવતુંજ હશે. તેથી તેની સાથે લડવાની તારામાં શક્તિ રેહેશે નહી. તે તેના તીરો પણ નજરે નજર જોયા નથી." તખવારથી એમ સમજતાંજ ફરૂદે કમાન ઉપર તીર ચઢાવીને તે ખેંચી અને તે સ્વારના વિચાર પ્રમાણે તેણે સપેહસાલારના ઘોડા ઉપર તે તીર છોડયો. આથી તે ઘોડાએ પોતાનો જાન ખોહી દેઇને પોતાનું માથું નિચે નાંખી દિધું, જેથી તુસનું દિલ કીનાબર્યું અને મગજ પવનથી ભરેલું બન્યું. આથી તુસ ધુલથી ખરડાયલો અને ગાભરાં મગજ સાથે પોતાની ગરદન ઉપર ઢાલ ઉઠાવીને ત્યાંથી પગે ચાલતો પાછો છાવણીમાં ગયો. ફરૂદે તેને પુઠેથી તાણો માર્યો કે, "પેલા નામદાર પેહેલવાનને શું થયુ છે? તે આ પ્રમાણે એકલા સ્વાર સામે જ્યારે ટકી શકયો નથી ત્યારે તે લશકરની સફ વચે લડાઇમાં કેમ ટકી શકતે ?" તે દાસીઓ (એમ સમજીને) મોટેથી હસી પડી તેઓએ આસમાન ઉપરથી એવો પોકાર કીધો કે " પેલો બુઢો જવાનના તીરની ધાસ્તીથી પાહાડની ઉંચાઇએથી ગબરડી ખાતો નિચાન દોડી જાય છે." તે સપેહસાલાર પાહાડની ટાંચ ઉપરથી નિચે આવતાંજ તેના પેહેલવાનોએ દયા ખાતા તેની આગળ

આવીને તેની ઉપર દુવા કીધી કે, " ઓ જમીનના નામદાર પેહેલવાન ! કેવુ સારૂં ! કે તું તંદરોસ્ત પાછો ફરવા પાંમ્યો છે, જેથી હમુને (તારે માટે) આંખના પાણીથી ગાલોને ધોવા પડયા નથી. ઓ પેહેલવાન ! હમો તારે માટે ખોદાના શુકરાના કરીએ છીએ કે તેના તીરે તારૂં રવાન કાલું થયું નથી." તે જોરાવર સપેહસાલાર પગે ચાલતો નિચે આવ્યાથી મોટા દરજ્જાનો ગેવ દલગીર થઈને બોલ્યો કે " એ કામની હદ ઓલગી જવાથી નામદારોના ચેહેરા પણ ખીલેલા રહયા નથી. તે ગમે એવો પાદશાહ હોય તોપણ તે આપણાં આવાં મોટા લશકરને શા માટે બીસાડ વગરતું ગણે ? તેણે જેવી સરૂવાત કીધી છે તેવાં તેના કામ સાથે આપણને મલતુ થવુ જોઇતુ નથી જોકે તુસે એકબારગી ઉટાવલ પણ કીધી હોય તોપણ જમાનો ફરૂદથી ધાસ્તી ખાઇ ગયો છે. ઇરાની પેહેલવાનોમાંથી બે તેને હાથ માર્યા ગયા છે અને સપેહસાલાર તેના તીરની ધાસ્તીથી પીઠ ફેરવીને નાહાસી આવ્યો છે. આપણે સઘલાઓ સીયાવક્ષ ઉપર જીવને ફીદા કરીશું તોપણ આ બુરાઇ આપણને ભુલી જવી જોઇતી નથી તેનાથી મોટી પડવીનો જરસ્બ કે જે નોજરની તોખમનો નામદાર સ્વાર હતો તેના જીવની બરબાદી થઈ છે. વળી રીવનીજનું શરીર પણ લોહીથી તરબોર થયુ છે અને વળી બીજી ખુવારી આગળ ચાલતાં કેટલી થશે. જો તે જમશેદનો બેટો પણ હોય અને તે કોબાદના મગજના જેવો હોય તોપણ તેણે નાદાનીથી આ (લડાઇનો) દરવાજો ખુલ્લો કીધાથી હું તેના ડોકાંને વગર ઢીલે ખંજરથી કાપી નાખીને ત્યાના પથરોને લાલ બનાવશ." એટલું કહીને જાણે તે પોતાના શરીર ઉપરતુ ચામડુજ ઉખેડી કાઢવા માંગતો હોય તેમ તેણે ઉશકેરાઇને બખતર પેહેરીને ગંભીરાઇ સાથે એક ઘોડા ઉપર ચઢી બેઠો અને ભપકા સાથે જરમ તરફનો રસ્તો ધર્યો

ગેવ ફરૂદ સાથે લડવાને ગયો અને તેમાં તેનો ઘોડો માર્યો ગયો તે વિષે.

તેણે પોતાના ઘોડાને તોફાની પવનની જડપે દોડાવીને તે પાહાડની ચઢાન વીજલીની જડપે ચઢવા લાગ્યો. સીયાવક્ષના બેટા ફરૂદે તેને આવતો જોતાંજ પોતાના જીગરમાંથી એક ઠંડી હાએ મારીને કહયુ કે "આ લડાયક લશકર એ ચઢાન ઉતરાનના રસ્તાથી વાકેફ લાગતું નથી. તેઓ એકમેકથી વધારે બાહાદુર અને લશકરને માથેના તાજ જેવા હોવા છતાં તે પેહેલવાનો અક્કલ ધરાવતા નથી. અકકલ વગરતુ એક મગજ રવાન વગરના શરીર જેવું છે. તેથી જ્યાં સુધી ખસરૂ તુરાનમાં આવે ત્યાં સુધી તેઓ ફતેહમંદ બનવાના નથી

અને હું કીનાથી ડરવાનો નથી. બાપનો કીનો લેવાને આપણે પીઠ સાથે અઠડાવીને પણ દુશમનોને આપણી મુઠીમાં ધરીશું. મને કેહે કે આએ નામદાર સ્વાર કોણ છે ? કારણ કે હવે તેને પોતાના હાથ અને તલવાર ઉપર રડવું પડશે." તખવારે પાહાડની ઉંચાઇએથી છેક ઉડાન નિચાન તરફ નજર કરીને કહયું કે, "એક ફુંફારાથી હવામાં ઉડતાં પક્ષીને પણ ખેંચી લેનારો આ ભપકાવાલો અને ઉંચા કદનો તથા તળવાર, ગુરજ અને ભાલાવાલો .ઝનુની અઝદા જેવો પેહેલવાન તેજ છે કે જેણે તારા મમાવા પીરાનના હાથ બાધ્યા હતા અને તુરાનના બે લશકરને હાર ખવાડી પુશકલ નાનાં બાળકોને બાપ વગરના બનાવ્યા હતાં અને ઘણા શખ્શોને નદી, પહાડ અને જંગલોને સોંપી દીધા હતા વળી તેણે ઘણા બાપોને દીકરા વગરના બનાવ્યા હતા અને શેર નરોની ગરદનને પોતાના પગ આગળ નાખી હતી. તારા ભાઇને ઇરાન લેઇ જ- નાર એજ હતો અને જીહુન નદીને પસાર કરતી વખતે તેણે વાહાન પણ સોધ્યુ હતુ નહી એ શખ્સ જે જાણે એક હાથી યા લડાઇ વખતે જાણે નાઇલ નદી જેવો છે તે ગેવને નામે ઓલખાય છે જો તું જેહેર પાયલો તીર કમાન ઉપર ચઢાવશે તો તે તારો તીર તેના બખતરમાં પેવસ થવાનો નથી. લડાઇમાં તે સીયાવક્ષનું બખતર પેહેરતો હોવાથી તે ખડગ લાકડાનાં તીરની અણીથી જરાએ બીહીતો નથી. માટે તું તારી કમાન ખેંચીને તારો તીર તેના ઘોડા તરફ મોકલ કે જેથી તેનો તે મોટો ઘોડોજ ઘાહેલ થાય તે ઘોડા વગરનો બન્યાથી કદાચને તે સપેહસાલાર તુસ માફક પોતાની ઢાલ ગરદન ઉપર ઉંચકીને અત્રેથી પાછો ફરશે" આથી બાહુર ફરૂદે કમાન ઉપર તીરનો ચીલ્લો ચઢાવ્યો જેથી તેની કમાન ખેચાઇને તેના ખભા સુધી આવી પછી તેણે તે તીર ગેવના ઘોડાના સીનામાં માર્યો જેથી તે પેહેલવાન ઘોડા ઉપરથી નિચે ગબડી પડયો. આથી સેપદના કીલ્લાની અગાસી ઉપરથી પોકારો ઉઠી રહયા અને તેઓની તાનાજાનીથી ગેવનુ માથુ નિચે નમી ગયું. તમામ પેહેલવાનો ગેવ આગળ દોડી આવીને બોલ્યા કે, "ઓ બાહુર પેહેલવાન ! શુકર ખોદાના કે તું નહી પણ તારો ઘોડોજ ફકટ ઘાહેલ થયો છે. પણ બીજી વખતે તું તેમ ઘાહેલ થશે માટે હવે તુ કંમર બાંધતો ના" જ્યારે બેજને એમ જોયું ત્યારે તે ત્યાં પવનવેગે આવ્યો અને ત્યાં કેટલીક નાખુશ વાતો થતી સમજી.[1] તે સિંહ જેવા બેજને ગેવ આગળ આવીને તે લડાઈ વિષે કેટલીક વાતો કરતાં કહયું કે "ઓ સિંહોને મારનારા પેહેલવાન બાપ ! તારી આગળ એક હાથીનુ જોર

૧ એ બેત લખેલી નકલમાં વગારે છે.

પણુ ટકતું નથી. તું લડાઈ વખતે લડાઇના અંતકરણુ જેવો હોવા છતાં તે એકલો સ્વાર તુંને પીઠ મંડીને નાહાસતાં શા માટે જોય? આવો તારો ઘોડો એક તુરકીને હાથે જખમી થવાથી તું ગભરાતમાં પડીને એક છાકટની માફક નાહાસી આવ્યો હવે આ લશકરના સરદારો મોટા કેમ ગણાશે? આએ શરમીંદગીથી તો આપણી ઉપર જેહાન તગ બની છે" ગેવે તેને જવાબ દિધો કે "જ્યારે ઘોડો ઘાહેલ થયો ત્યારે હું તો એમજ સમજ્યો કે મારૂં માથુ પણ મે તેને સ્વાધીન કીધુ છે પણ તુ ખાલી મગજનો અને લડાઇમાં બીન અનુભવી હોવાથી લડાઈ અને કુશતીની રાહારીતીથી નાવાકેફ છે" એ પ્રમાણેના તેણે કેટલા સખત સખુનો કહયા અને જ્યારે બેજને એમ જોયુ ત્યારે તેણે તેની આગળથી જતો રેહેવાને પીઠ ફેરવી પણ તેની આવી હીમતવાન છાતીથી ગેવે ચીરડાઇને તેના માંથા ઉપર એક ચાબુકનો ફટકો મારીને કહયું કે "શુ તેં તારા ઉશતાદથી એવુ સમજયું નથી કે લડાઇમાં વિચારને મુશતકીમ રાખવો જોઇએ? તુ તો મગજ, વિચાર કે અકકલ કાઇ ધરાવતો નહી હોવાથી તારી પરવરશી કરનાર કોઇ પણુ થતો ના" આવી તેની સખતાઇથી બેજનનુ દિલ દુખી થયાથી તેણે પરવરશી કરનાર પરવરદેગારના સોગંદ લિધા કે "જો હું જરસ્બનો કીનો લેતાં માર્યો પણુ જવશ તોએ હું મારાં જીવને ઘોડાની પીઠ ઉપરથી ઉચકશ નહી" પછી તે ત્યાથી ગમગીન દિલે અને કીનાભર્યા મગજે ગસતહમ આગળ ગયો તુ કેહેશે કે જાણે તેનું સ્વાન તેનીથી જુદુ પડવા માગતુ હોય એમ તેણે ત્યાંથી ગસતહમ આગળ જઇને કહયું કે "તુ મને તારા ઘોડામાથી ભપકાભરી ચાલનો ભાર ઉઠાવનાર એક ઘોડો આપ કે જેથી હું લડાઇના હથીયાર પેહેરીને મરદાને મરદ કોણુ છે તે દેખાડી આપુ. પેલા પાહાડને મથાલે એક તુરકી જઈ બેઠો છે અને આપણા લશકરને તપાસતો રહે છે માટે હુ ત્યાં જઇને તેની સાથે લડાઇ કરવા માંગુંછુ, કારણુકે તેને લિધે મારો જીવ દલગીર થયો છે" ગસતહેમ બોલ્યો કે "તારે એમ કરવુ ઘટતું નથી તુ વગર ફોકટનો તે કીલ્લાના રસ્તા તરફ ના જા કારણુકે અત્રેથી ત્યાં જનારને ત્યાની જમીન ચઢાન ઉતરાનવાલી લાગે છે. મારી પાસ હથયારોનો ભાર ઉચકી શકે એવા બે ઘોડા રહયા છે, પણુ જો તે તેમાના એકને મારી નાંખે તો હું તેની બરોબરની ચાલનો અને તેના જેવા કદનો બીજો કોઈ જોડીઓ મેલવી શકશ નહી જેહાનના માલેક જરસ્બને તથા સપેહસાલાર રીવનીજને જેહાને કાંઈપણુ ચિજને માટે રેહેવા દિધા નથી. જોકે તારો બાપ પણુ જતુની સિંહનો નાશ કરનાર હોવા છતાં દૂરતાં આસમાને તેની પણુ સંભાલ લિધી નથી. તેઓ તેની આગળથી

દુખી દિલે પાછા ફર્યા છે. આવા સખત પથરના પાહાડ જેવા શખ્સ સાથે કોઇથી પણ લડાઇ થવાની નથી. ગીધ અને હોમા પક્ષીની પાંખ વડે ત્યાં જવા સિવાય બીજા કોઇથી પગે ચાલીને તે કીલ્લા ઉપર ચઢાવાનું નથી." બેજને તેને કહયું કે, "મારાં દિલને તું એમ તોડી ના નાખ. હવે મારી ગરદન અને બાજુ પણ ભાંગી જાય તોએ મે ચદ્રના, જેહાનને પેદા કરનારના, તથા પાદશાહના તાજના સોગદ ખાધા છે કે, "હું જરસ્બનો કીનો લેતાં માર્યો જાઉ તોપણ મારા ઘોડાને એ પાહાડ ઉપરથી પાછો ફેરવશ નહી" ગસતહમે તેને જવાબ દિધો કે "એ કાંઇ વાજબી નથી. આવા ઉટાવલાં કામમાં જરાએ અક્કલ માલમ પડતી નથી. માટે બેહેતર તો એજ છે કે તુ એ વિચારથી પાછો ફરીને આવા જડપયાં અને ઉટાવલાં કામથી મારા દિલને તોડી ના નાખ?" બેજન બોલ્યો કે "ત્યારે તો જરસ્બનો કીનો લેવા હુ ચાલતો જવશ. અને મને તે માટે ખુદ ઘોડો પણ જોઇતો નથી." ત્યારે ગસતહમે તેને જવાબ દિધો કે "હુ તારા માથાનો એક બાલ પણ ગુમ થયલો જોવા ઇચ્છતો નથી તોપણ એમાં હું જરાપણ અકકલ સમાયલી જોતો નહી હોવા છતા મારો જરાએ ઉપાય રહયો નથી[૧] જો મારી પાસે પુછડી અને યાલના બાલમા પોયલા પાતશાહી મોતીઓ સાથના એક લાખ ઘોડા હતે તોપણ હુ તુને તે અથવા ખજાનો, ઘોડા કે તલવાર આપવાને માટે કાંઈપણ અફસોસ કરતે નહી. માટે જા અને એકેએક ઘોડાને તપાસીને તેમાંથી તુને કયો પસદ પડે છે તે ચુટી લે, અને જે કોઇ તારી પસદગીનો નિવડે તેની ઉપર જીન નાખવા માટે ફરમાવ જો તે ઘોડો માર્યો જશે તોપણ કાંઈ નહી" ગસતહમ પાસે વરૂ જેવી ખસલતનો એક ઘોડો હતો કે જે મજબુટ ચઢાન ઉપરથી પણ ભાર ખેચતો રસ્તો કાપી જતો હતો. તેથી તે જેહાનને જીતનારા જવાન શખ્સ માટે તે ઘોડા ઉપર બખતર નાખવામાં આવ્યું. જ્યારે ગેવે ફરૂદના કામનો વિચાર કીધો ત્યારે એ વાત જાણીને તેનુ દિલ દુખી બન્યુ. તેણે કોઇ શખ્સને મોકલી ગસતહમને બોલાવી મગાવીને તે જવાન (બેજન) ને માટેની કેટલીક વાતો કીધી અને પછી બેજન માટે સીયાવક્ષનું બખ્તર અને એક પાદશાહી તોપી મોકલી આપી. ગસતહમ તે લડાઇનું બખતર લાવ્યાથી બેજને એક પેહેલવાન માફક પેહેર્યું.

---

૧ એ બેત લખેલી નકલમાં વધારે છે.

ફરૂદે બેજન સાથે લડાઈ કીધી અને તે બેજનના હાથમાંથી છટકીને કીલ્લામાં ભરાયો તે વિષે.

હવે બેજને એક ફીનો લેનારા મરદની માફક સેપદ કીલ્લા તરફ ચાલવા માંડયુ આખા જેહાનના પાદશાહ ફરૂદે તખવારને પુછ્યું કે "વળી એક નવો નામદાર આવે છે, માટે તુ જો અને તપાસ કે એનુ નામ શુ છે? તથા તે લડાયક શખ્સ માટે કોણને રૂદન કરવુ પડશે?" તખવારે સરાહગાત કરતાં ખસરૂને જવાબ દિધો કે, "તેનો ઇરાનમા કોઇ જોડયો નથી. તે ગેવનો બેટો તેનજ બાહાદુર પેહેલવાન છે દરેક લડાઇમા તે એક સિહ માફક ફતેહમંદ ઉતરે છે ગેવનો એના સિવાય બીજો કોઈ બેટો નથી એ તેને તેના જીવ કરતાં અને બીજી કાઇપણ ચીજ કરતા વધારે પ્યારો છે. માટે તુ તારા હાથ હવે તેના ઘોડા તરફજ લબાવ (તેને મારીને) ઇરાનના પાદશાહનુ દિલ તોડી નાખવુ ઘટતુ નથી વળી બીજુ એ કે તેણે જે બખતર પેહેર્યું છે તેના ગરેબાનનો ગાંઠ ગેવે બાંધેલો છે તેથી તેના ઉપર તીર કે ભાલો કાંઇ અસર કરશે નહી માટે તેને ઘોડા વગરજ લડવુ પડે એમ તારે કરવુ ઘટતું છે તેની સાથે લડાઇ કરવી તુને પસદ પડશે નહી. તુ જો કે તેના હાથમાં કેવી તેજીવાલી તલવાર છે? તેથી તે કીલ્લા આગળ આવે તે આગમચ તુ તેના નવા ઘોડાના સીના ઉપર એક તીર માર.[1] ઓ જેહાનના પાદશાહ! તુ ચેટ અને એમ કરતો ના. કારણકે બેહુન્દી કોષેશ કરનારો શખ્સ પસેમાન બને છે. ઇરાનીઓમાનાં ઘણા શખ્સો તારે હાથે નાસ પામ્યાથી હવે તુ આપ મેલે તારી ઉપર જુલમ ખેચી ના લે" તેથી ગેવનો બેટો તેની ઘણો નજદિક આવી લાગતાજ તે પેહેલવાનોના સરદાર ફરૂદે કમાન ખેંચીને બેજનના ઘોડા તરફ તે તીર ફેંકયો તું કેહેશે કે જાણે તે ઘોડામાં જીવ હતોજ નહી આથી બેજન પણ પડી ગયો, પણ તેણે ઘોડાથી છુટો થઇને પોતાના હાથમાં તલવાર ધરી પાહાડના મઠાલા તરફજ ચાલવા માંડયુ અને એક પોકાર માર્યો કે "ઓ બાહાદુર સવાર! તુ જરા થોભી જા કે જેથી સિહો સાથની લડાઈ કેવી હોય છે તે તુ જોય તું એમ ધારતો હશે કે લડાયક શખ્સો ઘોડા વગર દોડશે કેમ અને હાથમાં ખંજર ધરશે કેમ? પણ તુ જયાં છે ત્યાંજ જો થોભી જશે તો મને જોયાથીજ તુ હવે પછી લડવાનો વિચાર પણ કરશે નહી."

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

એજન જ્યારે ફ્રરૂદથી બીહીને તેની આગળથી એમ પાછો જતો રહયે, નહી ત્યારે સિંહ જેવા ફ્રરૂદે પોતે જડપથી આગળ વધીને તેના ઉપર એક બીજો તીર ફેંકયો, પણ બાહુર એજને પોતાની ઢાલ માથાં ઉપર આડી ધરી લિધી તેના તીરે તે ઢાલને ચીરી નાખી પણ તે તેના બખતરમાં પેવશ થઈ શકયો નહી આથી એજને વધારે ઉટાવલે તે પાહાડ ચઢવા માંડયો અને તે પાહાડની છેક ઉંચાઇએ આવી લાગતાંજ તેણે પોતાનો હાથ તલવાર ઉપર નાખીને મ્યાનમાંથી તેને બાહાર ખેંચી કાઢી પણ મોટા દરજ્જાના ફ્રરૂદે તેની આગળથી પાછો ફરી નાહાસવા માડયાથી તે કીલ્લામાંથી તમામ પોકારો ઉઠી રહયા એજને હાથમાં ધારદાર તલવાર પકડીને તેની જડપથી પુઠ પકડી અને તેની પુઠે દોડતો કીલ્લા નજદિક જઇને તેના ઘોડા ઉપર તલવારનો મજબુટ ફટકો માર્યો. આથી તે ઘોડાના બખતરના કપાઇને બે ટુકડા થયા અને તે મોંઘી કીમતનો ઘોડો ધુલમાં પડયો. પણ ફ્રરૂદ તે કીલ્લાના દરવાજામાં દાખલ થતાંજ કીલ્લામાના બાહુરોએ તેનો દરવાજો જડપથી બધ કરી નાખ્યો અને કીલ્લા ઉપરથી પથ્થરોનો પુશકલ મારો વરસાવ્યાથી એજનને યા થોભવાની જગ્યા જણાઈ નહી આથી એજને પોકારીને કહયું કે, એ નામદાર! તું આવો બાહુર અને સ્વાર હોવા છતાં એક ઘોડા વગરના શખ્સ આગળથી એમ બીહીને નાહાસી કાંય ગયો! શુ તુને એમ કરવાની શરમ નહી આવી? ફ્રરૂદના આવાં શરીર ઉપર અને તેના લડાયક પંજા ઉપર હેફ હોજો" પછી તેણે ત્યાંથી તુસ આગળ પાછો ફરીને તે લશકરના પેહેલવાનને કહયુ કે "આવા એક બાહુર સાથની લડાઈમાં સિંહોના એક આખા મેદાન સાથે (યાને સામતો હુમલો કરીને) નામદારી. મેલવવી ઘટે છે તેની સાથે લડાઇ કરતાં તો તે સખત પથરનો પાહાડ પણ પીગલીને પાણીના દરીઆ જેવો બની જશે. માટે તેનાથી ડરી જવુ એક સપેહસાલારને લાયક નથી એમ હોય તો પછી તેનાથી આવો ચઢતો ઓધો ભોગવી શકાય નહી" આથી તે સપેહસાલારે પરવરદેગારના સોગંદ ખાઇને કહયું કે "હું એ કીલ્લામાંથી સુરજ સુધી ધુલારૂ ઉડતું કરશ, તથા પેલા પ્યારા સ્વાર જરરબના કીનામાં હું ત્યાં હુમલો લેઇ જઇને એક લડાઈ કરી તે બુરી ઇચ્છાના તુરકીના શરીરને વલખાતું બનાવશ અને પથરના દિલને તેના લોહીથી પરવાલાં જેવું બનાવશ

ઈશાનીઓએ ફરૂદ સાથે લડાઈ કરતાં તેમાં તે માર્યો ગયો તથા તુસે કેલાતનો કીલ્લો પોતાને હાથ કીધો તે વિષે.

જ્યારે પ્રકાશતો સુરજ અસ્ત પાંમ્યો અને અંધકારનાં લશકરે આસમાનનો કબજો લીધો ત્યારે તે કીલ્લાના બચાવ અર્થે એકહજાર બાધુરો સ્વાર બનીને કેલાતના કીલ્લા તરફ આવી લાગ્યા તેઓએ તે તરફના દરવાજાઓને ચપત બંધ કરી લિધા અને ત્યાંથી ઘાંટોના અને ઘાંટરડીના આવાજો સમજાવા લાગ્યા. તે પીગનની બેટી જેણી ફરૂદની માતા હતી તે દુખી જીવે અને ગમગીન દિલે તેના વાહાલા બેટા આગળ સુવા માટે આવી અને ત્યા આખી રાત ગમ અને દુખની સાથી બની. તેણીએ સ્વપનામાં પોતાના વાહાલા બેટા આગળ તે કીલ્લામાંથી ઉંચે આગ સલગેલી જોઈ તેમાં તે સેપદનો તમામ કીલ્લો આગમાં સપડાનો અને તે કીલ્લા સાથે તેમાં તમામ દાસીઓ તથા સઘળું બળી જતું જોયુ. આથી તે દુખી દિલે જાગી ઉઠી અને તેણીનો જીવ રંજીદા અને ગમગીન બન્યાથી તેણીએ કીલ્લાને મઠાલે જઇને ત્યાંથી નીચે જમીન ઉપર નજર કીધી તો ત્યાંના તમામ પાહાડને હથીયારો અને નેજાઓથી ભરાઇ ગયલો જોયો. આથી તેણીએ આંસુભર્યા ચેહેરા સાથે અને ગમગીન દિલે ફરૂદ આગળ ઉટાવળે આવીને કહયું કે, "ઓ બેટા! તું સજાગરૂ થા. કારણકે સેતારાઓની ચાલથી આપણા માથાં ઉપર બુરાઈ આવી પડી છે. તમામ પાહાડ દુશમનોથી ભરાઇ ગયલો અને કીલ્લાના દરવાજા નેજા અને હથીયારોથી ઢંકાઇ ગયલા છે." તે જવાને પોતાની માતાને જવાબ દિધો કે "આવા ગમથી તું કેટલાં બધાં દુખનો ભોગ થાય છે જો મારી જીંદગીનો અંત આવ્યો હશે તો પછી તું મારા જીંદગીના વખતને લાંચ આપીને પણ મારી વધારે પળો ગણાવી શકવાની નથી. મારો બાપ જવાનીમાં માર્યો ગયો તેમ હાલે મારો પણ જમાનો ઉંધો વળશે. તેનું મોત ગુરૂઇને હાથે આવ્યુ હતુ તેમ હાલે મારા જીવની પુઠે બેજન દોડતો આવેલો લાગે છે દલગીરી સાથે હુ મરશ અને મરતાં પણ હું તે ઈરાનીઓની માંફ માગવાનો નથી દરેક જીવતો શખ્સ આખરે મરવા કાલ છે. આએ જીંદગી ફકત દમની ગણત્રી કરવા માટે છે."

પછી તેણે તમામ લશકરને હથીયાર અને ગુરજ આપ્યા અને તેણે પોતે માથે એક મોંઘી કીંમતની લડાઇની ટોપી તથા રૂમી બખ્તર પોહેરીને તે ઉપર કંમર બાંધી તથા હાથમાં કેઆની કમાન ધરીને તે ત્યા આવી લાગ્યો. જ્યારે

પ્રકાશતો સુરજ પોતાનો ચેહેરો દેખાડીને વાંકાં આસમાન ઉપર ભપકા સાથે ઉંચે ચઢયો ત્યારે બાધુર તુસે બામદાદ થતાંજ પવનની જડપે પીતલનું રણ-સીંગડું ફુકયું તેથી તે કેઆની લશકરે વાજા વજાડતાં તે શાહજાદા સપેહસાલાર (ફરૂદ) તરફ ચાલુ મુકયુ સપેહસાલાર તુસ પણ ત્યાંથી પોતાના ફરજંદ અને જમાઇ માટે દાઝેલ દિલનો બનીને બાહાર પડયો. એ રીતે તે સઘલાઓએ ફાડીખાનારા વરૂઓ માફક ગુસ્સે થઇને પાહાડ તરફ ચાલુ મુકયું. તેનું સઘળુ લશકર કીડીઓ અને તીડોના ટોલાં માફક ભેગું મલીને તે કીલ્લા આસપાસ ફરી વલ્યું દરેક બાજુએથી સરદારોના પોકારો સમજાતા અને ભારી ગુરજો હવામાં ઉછળતા હતા ત્યાં ઢોલના અવાજ, સરનાઇના ચીચવાટા, નાય અને સરગીન નામના વાજીંત્રો પુકારો અને હીન્દી ધાંટોના અવાજ સમજાવા લાગ્યા. ફરૂદ સાથે તેના જે કોઇ તુરકી બાધુરો હતા તેઓ કીલ્લાના મીનારા ઉપરથી નિચે ઉતર્યા, જેથી ખડંગ લાકડાંના તીરોથી હવા ભરાઇ જવા લાગી અને ત્યાં ગુરજ તથા પથરનો વરસાદ પડવા લાગ્યો. સ્વારોથી ઉડતી ધુલથી અને તીરોના પીછાંઓથી તે પાહાડનુ મથાલું કાળા દરીઆ જેવું બન્યું. ત્યાં કાંઈ મેદાન કે લડવાની જગ્યા નહી હોવાથી ઘોડાઓ તે પાહાડ અને પથરો વચ્ચે ગભરાતમાં પડતા હતા. આ અને પેલી બાજુએથી પોકારો ઉડી રહયા અને સઘલાઓ લડાઇમાં સખત રીતે ગુટાઈ ગયા. સઘલા ઇરાનીઓએ હાથમાં તલવાર, તીર અને ઢાલ સાથે તુસ તરફથી કમર બાંધી અને લશકરના સરદારોએ ઘોડા ઉપ-રથી ઉતરીને કીલ્લાના દરવાજા તરફ ચાલવા માંડયું. સુરજ બરોબર માથે આવ્યો ત્યાં શુધીમાં તો બાધુર ફરૂદના સીપાઇઓ ઘટવા લાગ્યા અને પાહાડના ઉંચાન અને નિચાણ ઉપર સઘલે મુરડાંઓનાં ઢગ પડવા લાગ્યા. તે જવાન (ફરૂદ)નું નસીબ ઉલટાઈ ગયું તોપણ ઇરાનીઓએ તેના જેવો કોઇ ફાડી ખાનારો સિંહ નહી જોયલો હોવાથી તેઓ તેનાથી ગભરાવા લાગ્યા. તુરકી-ઓમાથી તેના કોઇપણ સ્વાર બચ્યા નહી તોપણ તે એકલો લડયા કીધો. તે પાહાડની ચઢાન ઉતરાનની કાંઈપણ દરકાર કીધા વગર જમની અને ડાબી બાજુએ ફરી ફટકા લગાવતો અને જાણે તપતા સુરજ સાથેજ લડવા માંગતો હોય તેમ તે પુશકલ આંતાઓ અને વળાણો લેઇને પોતાનું કામ કર્યો જતો હતો એ પ્રમાણે કીધા પછી તેને કીનો લેવાની ઇચ્છા નહી થવાથી તે પેહેલ-વાનોના લોહી રેડતો અટકીને તે લડાઈની જગ્યાએથી પાછો ફર્યો અને તેણે લગામ ફેરવીને ઘોડાને પાહાડની ઉંચાઇએ આવેલા કીલ્લા તરફ જડપથી હાંકીઓ. તે ચઢાન ઉતરાનના માર્ગમાં બેજન અને રેહામ છુપાઈ રહેલા હતા તેથી તેની નજર નિચે બેજન ઉપર પડતાંજ તેણે લગામને ઢીલી મુકીને

પાવડાને ભારી બનાવ્યા. તે તુરકી જવાન ફરૂદે બેજનને જોતાંજ પોતાની કમર ઉપર હાથ લંબાવી ત્યાંથી ગુરજ બાહાર કાઢીને એક ઝુનુની સિંહ માફક બેજનની સાથે લડવા માંડયું, પણ વાંકુ આસમાન કેવી બક્ષેશ કરશે તેથી તે વાકેફ હતો નહી. તેણે તેના માથાં ઉપર ગુરજનો ફટકો મારી એક જખમથીજ તેની તોપી અને માથું છુડી નાખવા ચાહયું. જવાન ફરૂદે મારેલા જખમથી બેજન વળી ગયો અને તેના માંથામાંની હુશીયારી અને દિલમાંની શકિત લુટાઇ ગઇ પણ રેહામે એમ જોતાંજ હાથમાં હીન્દી તલવાર પકડીને પોકાર મારતો તેની પુઠેથી આવીને તે સિંહ જેવા શખ્સના માથાની ટોપી ઉપર તે તલવારથી એક ફટકો માર્યો જેથી તે બાધુરનો હાથ લડાઈ કરતા અટકી ગયો. તે જવાન (ફરૂદ) એમ ઘાહેલ થયલી બાજુ અને ખભાં સાથે ત્યાંથી બુમો પાડતો ઘોડો હાંકી ગયો. પણ બેજને તેને કીલ્લાની નજદિકમાંજ પાછો પકડી પાડયો અને એક જખમ કરી તેના ઘોડાનો પગ કાપી નાખ્યો. ફરૂદ પોતે ઘોડા વગરનો બન્યાથી અને તેના થોડાક નોકરો પણ તે બાધુરો સાથની લડાઇમાં માર્યા જવાથી તેણે કીલ્લાના દરવાજામાં દાખલ થઇને તુરતજ તે દરવાજો બંધ કરી નાંખ્યો. તે બાધુર ફરૂદના શરીર અને નામદારી ઉપર અફસોસ હોજો. ફરૂદની માય પોતાની દાસીઓ સાથે તેની આગળ આવી લાગી અને તે ઓરતોએ તેને રડતાં રડતાં ઉચકીને એક હાથીદાંતના તખત ઉપર સુવાડયો. પણ તે જવાનનો દાહાડો અને તાજ ભોગવવાનો વખત ભરાઇ ગયલો હોવાથી તે દાસીઓએ તેમજ તેની માયે પોતાના સુગંધીવાલા કસ્તુરી જેવા બાલના ચોટલા જડમાંથી પીખી કાઢયા અને તે સરદાર ફરૂદને માટે સઘલીઓ પોતાનો જાન કાઢી નાખવા લાગી. આથી તેનું સઘલું તખત બાલથી ભરાઇ ગયું અને તમામ મેહેલ ગમના ધુમાડાથી ભરાઇ ગયો. જ્યારે ફરૂદ પોતાના હોટ ખોલી શકયો ત્યારે તે એ પ્રમાણે બોલ્યો કે " હવે એમ બાલ પીખવાનુ કાંઈ કામ આવવાનું નથી. હમણા આ કીલ્લાનો નાશ કરવાને માટે ઇરાનીઓ પોતાની કંમર તંગ બાંધીને અંદર આવી લાગશે અને તેઓ મારી દાસીઓને બંધીવાન કરીને આ કીલ્લાને તથા તેના મીનારાઓને વેરાન કરી નાખશે. તેથી કાલે જે દાસીઓ મારે માટે પોતાના દિલ બાલે છે તેઓજ મારા જીવ સાથે પોતાના ચેહેરાને પણ વેચશે. માટે તે સઘલીઓએ કીલ્લાના મીનારા ઉપર જઇને ત્યાંથી પોતાના શરીરને જમીન ઉપર નખાવી દેવાં ઘટે છે, કે જેથી તમારામાંની કોઇપણ ઓરત બેજન માટે બાકી રહે નહી. વળી તેણે મારા જીવને સાફ કાપી કાઢેલો હોવાથી હું પણ હવે અત્રે વધારેવાર જીવવાનો નથી કારણકે તે મારી જવાનીના વખતમાંજ મારૂ મોત બન્યો છે." એટલું કેહીને તે બેસુધ થઇ

ગયો અને તેનો જીવ દુખ તથા ગમને સબબે બાહાર નિકળી પડયો. આ આસમાન હાથ ચાલાકીના ખેલો કરવામાં ચકચુર અને ગુટાયલુ રહે છે અને તે પોતાના સીતેર હાથો વડે બાજીઓ અજમાવતું રહે છે, કોઇ વખતે તે પવનથી, કોઇ વખતે વાદળથી, કોઇ વખતે ખંજરથી તો કોઈ વખતે તલવારથી તે પોતાની બાજી અજમાવે છે. કોઇ વખતે તે નાલાયકના હાથમાં રહે છે તો કોઇ વખતે સખતી ગુજારીને પોતે છુટકારો મેલવે છે. કોઈ વખતે તે તખત, તાજ અને ખજાનો આપે છે તો કોઇ વખતે તે ગમગીની, ખુવારી, બંધીખાનુ અને ઉંડો ગાર સોંફે છે. તેથી જેની પાસે કાંઈ હોય તે ખાઇ પી લેવું જોઇએ. (સાયર કહે છે કે) મારો હાથ ભીડમાં હોવાથી હું પણ ગમગીન દિલનો બન્યો છુ ઓ અક્કલવાલા માણસ! તું પોતે જો જનમતે નહી તો તું જેહાનમાં આવી ગરમી અને સરદી (યાને ચઢતી અને પડતી) જોતે નહી. તું જન્મજ લે તો પછી દુખ સાથે અને તારા ઇચ્છા બર લાવ્યા વગરજ જીવવું કર. કારણકે તેજ જીવતર ઉપર તુને જારજાર રડવાનું છે. એજ મુજબ તે (ફરૂદ)નો તકીઓ પણ ધુલમાં બન્યો છે. તેના દિલ ઉપર, તેના વિચાર ઉપર અને તેની રસમ ઉપર અફસોસ હોજો.

જરીરેહ તથા તેની દાસીઓએ આપઘાટ કીધો અને ઇરાનીઓએ ફરૂદ માટે રૂડન કીધું તે વિષે.

જ્યારે સીયાવક્ષનો તે નામદારી અને ખાહેશ મેલવ્યા વગરનો બેટો ફરૂદ પોતાની મોરાદ પાર પાડયા વગર ગુજરી ગયો ત્યારે જે પળે તેનું તેના બાપની માફક જુવાનીમાંજ મોત આવ્યું તેજ પળે તે સઘલી ઓરતોએ તે કીલ્લાને મથાલે ચઢીને ત્યાંથી જમીન ઉપર નખાવી દિધુ. જરીરેહે ત્યાં આગ લગાડીને તેમાં સઘલો ખજાનો બાલી નાખ્યા બાદ તેણીએ એક તલવાર લેઇને અરબી ઘોડાઓવાલા તબેલાના બારણા બધ કીધાં. અને તે વડે તે ઘોડાઓના પેટ ચીરી કાઢયાં અને તેઓના પગો કાપી નાખ્યા; પછી તેઓનું લોહી પોતાના ચેહેરા ઉપર છાંટયુ. પછી તેણીએ પોશાકમાં એક ખંજર છુપાવી મુબારક ફરૂદના બીછાણા આગળ જઇને ત્યાં પોતાના બે ગાલ બેટાના ચેહેરા સાથે અડાડવ્યા અને પછી ખંજર વડે પોતાનું પેત ચીરી કાઢીને તેની ઉપરજ પોતાનો જીવ મુકી દિધો. તેટલામાં ઇરાનીઓ પણ કીલ્લાના દરવાજા ઉઘાડવા પામ્યાં અને તે સઘળાઓ ત્યા નાશ કરવા માટે કંમર બાંધીને આવ્યા. જ્યારે બેહેરામ તે કીલ્લા આગળ.આવ્યો ત્યારે તેનું દિલ ગમથી ચિરાઇ જવા લાગ્યુ. તેણે આંસુ ભર્યા ચેહેરા સાથે અને ગમગીન દિલે મુબારક ફરૂદના બીછાણા આગલ

જાઅને પોતાના શરીર ઉપરથી પેહેલવાની પોશાક ફાડી કાઢીને દુખ સાથે માથાં ઉપર ધુલ છાંટતાં ઇરાનીઓને કહયું કે "આએ ફરૂદ એવો શખસ છે કે જેણે પોતાના બાપના કરતાં પણ પુશકલ વધારે ખુવારી અને વળી વધારે દુખ ભોગવ્યું છે. સીયાવક્ષને પોતાના ચાકરોને મારી નાખવા પડયા હતા નહીં. તેમજ તેની માય કાંઇ તેના બીછાણા ઉપર મુવેલી પડેલી હતી નહી. તેણે પોતાના તમામ મેહેલને સલગાવી મુકીને તમામ ઘરસસારી સામનને ભાગી તોડી, બાલી નાખ્યો છે. તમામ દાસીઓએ પોતે આપઘાત કીધો છે અને તેથી આતશ, લોહી અને ધુલ એકમેકની સાથે ભેલાઇ ગયાં છે" પછી તેણે ઇરાનીઓને કહયું કે "હવે તમો પરવરદેગારનો તેમજ ફરતા જમાનાનો જરા ડર કરો. આસમાનનો હાથ બુરાઓની ઉપર ઘણો લંબાય છે અને જુલમગારોની ઉપર તે માયા સાથે ફરતુ નથી હવે તમે પેલો કએખશરૂ કે જેણે તુસને એ માટે આટલા બધા નરમ સખુનો કહયા હતા તેની પણ શરમ કરતા નથી શીયાવક્ષનો કીનો લેવાને મોકલતી વખતે તેણે તમુને પુશકલ બોધ આપ્યા છતાં અને શિખામણો દિધા છતાં પેહેલવેહેલો તેમાં તેનો ભાઇજ માર્યો ગયો છે તે નામરદ, તુંદ અને ઘાતકી તુસને માટે આ ગમે એટલી ખુશાલી હોય પણ તે પાદશાહ જ્યારે પોતાના ભાઇના રેડાયલાં ખુન માટે વાકેફ થશે ત્યારે તેની શરમ તથા ઇનસાફ સઉ ઘટી જશે. મગજમાં રાઈ ધરાવનાર રેહામ અને બેજનથી જેહાનમાં કાંઈ પણ સારાં કામો થયાં નથી

તેટલામાં સપેહસાલાર તુસ પણ કેલાતને રસ્તે ઢોલને ઉપર ચઢાવીને ગોદરજ, ગેવ તથા બીજા બાહાદુરો અને ઇરાની પેહેલવાનોના ભારે લશકર સાથે આવી લાગ્યો. તે સપેહસાલાર સેપદના કીલ્લા તરફ ગયો અને ત્યા જતાંજ (જોગલા દેખાવેથી) કરાર પામ્યો. જ્યારે તે પેલા માર્યા ગયલા ફરૂદના બીછાણા આગળ આવી લાગ્યો ત્યારે તેણે ફરૂદને પોતાની માય સાથે તખત ઉપર મુવેલો પડેલો દિઠો તથા તે તખતની એક બાજુએ બેહેરામને આંસુ ભરી આંખો સાથે અને ગુસ્સા ભર્યા ચેહેરા સાથે તેના બીછાણા ઉપર બેઠેલો જોયો તથા શાવરાનનો જંગેહે કે જેનાથી તેનુ લશકર બાહાદુરી પકડતુ હતું તેને બીજી બાજુએ જોયો. પેહેલવાન ફરૂદ હાથી દાંતના તખત ઉપર એક ઝાડ માફક સુતેલો હતો. તે દેખાવમાં ચંદ્ર જેવો અને ઉચાઇમાં ઝાડની એક ડાળ જેવો લાગતો હતો. જાણે સીયાવક્ષ પોતેજ તે સુનેરી તખત ઉપર બખતર, ટોપી, ગુરજ અને કંમરબંધ સાથે સુતેલો હોય એમ લાગતું હતું. ગોદરેજ અને ગેવ જેવા નામદાર અને બાહાદુર પેહેલવાનો પણ તેને માટે જાર જાર રડતા હતા આથી તુસનો ચેહેરો પણ ફરૂદ માટે તેમજ પોતાના બેટાને માટેના દુખથી જીગરના લોહી

(આંસુ)થી ભરાઇ જવા લાગ્યો. સઘળાઓએ આંસુભરી આંખો સાથે અને તેની તરફના વહાલ ભર્યા દિલ સાથે પોતાના ચેહેરા સપેહસાલાર તુસ તરફ ફેરવ્યા અને તેને ગોદરેજે, ગેવ તથા નામદારો અને બાધુર પેહેલવાનોએ આ પ્રમાણે કહયું કે "જો એક મજબુત પંજાવાલો પેહેલવાન કોઇની સાથે હુલ-ડાઇથી લડાઇ કરે તો તેની તમામ લડાઇ રસકસ વગરની બને છે, તેથી તે દરેક કામમાં હરોલમાં આવવાને ઇચ્છતો નથી તેમ પોતાની ખરાબ ટેવને માટે દુખી પણ થતો નથી.૧ સર્વેથી સરસ પરવરદેગાર તને એવી રીતનો પેદા કરે છે કે તે ખોદાઇ ઇનશાફથી પોતાને અલગો પણ કરી શકતો નથી૧ તારી આ ઉટાવલનું પરીણામ પસ્તાવામાં આવ્યુ છે માટે તું (હવે પછી) બાગમાં ઉટાવલના બીઆં રોપતો ના. કારણકે ઉટાવલ કરવી એ કાંઇ સપેહ-સાલારનું કામ નથી. જે સપેહસાલાર ઉટાવલ કરે તે બુરો હોવો જોઇએ. લડાયક માણસના મગજમાં અક્કલ રેહેવી જોઇએ કારણકે તેને ઉતાવલ અને તુડાઇ કાંઇ કામ લાગતી નથી તે તારી તુડાઇ અને ઉટાવલથીજ આવો દમામ, ઉચું કદ અને આવી કંમર સાથના તથા આવી રીતના કેઆની તોખ-મના જવાનને અને નોજરની તોખમના પેહેલવાન જરસ્પને બરબાદ કીધા છે. વળી તારી તુદાઇથીજ રીવનીજ પણ માર્યો ગયો છે અને કમનસીબે કાંઇપણ ચિજ રહી નથી. હુનર અને અકકલ સાથના એક તુંડ માણસનું દિલ કાત ચઢીને બુઠી થઇ ગયલી તલવાર જેવુ છે." તેઓ જ્યારે એ પ્રમાણે સઘલું બોલતા હતા ત્યારે તેઓની આંખોમાથી આસુ પડતાં હતાં અને તેઓ ઉશકેરાઇને ગુસ્સા ભર્યા બન્યા હતા તુસે એવો જવાબ દિધો કે "માણસોને તેની આવી બદબખ્તીથી ઘણી મેહેનત અને મુસીબત વેઠવી પડે છે." પછી તેણે તે પાહાડને મઠાલે પાદશાહને લાયકનુ એક દખમું બનાવવા ફરમાવ્યું અને તેમાં નિચે એક સુનેરી તખત મુકાવ્યું તથા તેનું બખતર, તલવાર, ગુરજ અને કમરબધ પણ તેમાં મુકાવ્યાં પછી તેના પાદશાહી શરીરને પણ ગોલાબ, કસ્તુરી, કપુર તથા દારૂ મગાવી તે વડે સગાર્યું તેના માથાંમાં કપુર ભરીને સુકુ બનાવ્યું તથા શરીરમાં સુગધી, ગોલાબ અને કસ્તુરી ભરી સુકું બનાવ્યુ. પછી તેને તે દખમામાના તખત ઉપર મુકીને તેઓ ત્યાંથી પાછા ફર્યા. તે નામદારી ભર્યો સિંહ જેવાં દિલનો શખ્સ ગુજરી ગયો. નામદાર જરસ્પ તથા રીવનીજને પણ પાદશાહ ફરૂદની બાજુમાં મુકવામાં આવ્યા સપેહસાલાર તુસે (તે વખતે) પોતાની કપુર જેવી સફેદ દાઢી ઉપર આંખોમાંથી આંસુની નેહેર વેહેતી કીધી. દુન્યાની એવીજ રીત છે આપણે જેટલું લાંબુ જીવ્યે તેટલા વખતમા હાથી

૧ લખેલી નકલમા એ બેત વધારે છે.

જેવા[1] કે સિંહ જેવા નામદારીભર્યા શખ્સોમાંથી કોઇ રેહેવા પાંમતું નથી. આપણે બુઢા કે જવાન સઘલા મોત માટેજ સરજાયલા છીએ. મોત પોતે સિંહ જેવું અને આપણે હરણો જેવા છીએ. પથર કે લોઢાનું દિલ ધરાવનાર પણ મોતથીજ ડરે છે અને તેનાથી ઝાડનું થડ કે પાતરાં કાંઈપણ છુટકારો પાંમતાં નથી. મોજમજાહ ભોગવતા શખ્સો કે દુખ અને જંજાલ વેઠતા શખ્સોમાંથી આ ત્રણ પાંચ દિવસના મુસાફરખાના જેવી દુન્યામાં કોઇપણ રેહેતું નથી. જ્યારે તુને નાચારી સાથે અત્રેથી જવુંજ પડશે એમ તું જાણે છે તો ભલુ એજ છે કે તું તારાં કામો ઉટાવલે બજાવી લે. જ્યારે સપેહસાલાર તુસ ફરૂદ સાથની લડાઇમાંથી પરવારીને જે વખતે તે પાહાડ ઉપરથી નિચે ઉતર્યો ત્યારે તે પોતાના મન સાથે આ પ્રમાણે બોલી અફસોસ કરવા લાગ્યો કે "હવે બીહવુ કે નહી બીહીવુ એ સઘલું સરખું છે. હવે કાંઇ ઉપાય રહયો નથી માટે આપણને અત્રેથી જવું જોઇએ."

તુસે કેલાતથી કાંસે નદી તરફ લશકરને કુચ કરાવી અને બેજનને પલાશાનને મારી નાખ્યો તે વિષે.

જરમમાં થોભવામાં ત્રણ દિવસ પસાર થયા ચોઠે દિવસે રણસીંગડાં ફુકાતાંજ સેપાહોએ ઉઠી સરનાઈ તથા પરગમ વજાડયાથી એક પાહાડથી તે બીજા પાહાડ સુધીની જમીન સીસમ જેવી કાલી બની. તુરાની લશકરના જે કોઇ શખ્સને તુસ જોતો તેઓને તે કુસ્તીમાં હરાવીને રસ્તામાં મુવેલા ફેંકતો હતો. તે એ પ્રમાણે ત્યાંના તમામ શેહેરોને પણ બેરાન કરતો કાંસે નદી સુધી જઇ લાગ્યો. ત્યાં તેણે પોતાના લશકરને આશાયશ આપ્યાથી ત્યાંની જમીન તંબુઓથી ઢંકાઈ ગઇ. જ્યારે તુરાનમાં ખબર ફેલાઈ કે, "એક ઇરાની લશકર કાસે નદીની બાજુથી માર્ગ કાપતુ આવી લાગ્યુ છે," ત્યારે તુરકીઓ વચેથી પલાશાન નામનો એક બાહાદુર જવાન શખ્સ કે જે એક ચાલાક દિલનો પહેલવાન હતો તે બહાર પડયો તે પલાશાન (ઇરાનીઓના) તમામ લશકરની છુપી તપાસ કરવાને તથા તેઓના વાવટાઓની તથા તંબુઓની ગણત્રી કરવાને આવ્યો. તે છાવણીવાલી જગ્યામાં એક પાહાડ હતો જે ઘણો ઉચો અને એક બાજુએથી ઘણો લાંબો હતો. ગેવ અને બેજન તે પહાડ ઉપર જઇને કેટલીક બાબદોની વાતો કરતા સાથે બેઠા હતા ત્યાંથી તેઓની નજર મારગમાંથી તુરાની લશકરના પલાશાનના વાવતા ઉપર પડી. બાહાદુર ગેવે તેને દુરથી જોતાજ કમર ઉપર હાથ નાખી તલવારને બાહાર કાઢીને બોલ્યો કે "પેલો નામદાર બાહાદુર સિંહ જેવો સ્વાર પલાશાન આવી લાગ્યો છે? તેથી હું ત્યા જઇને તેનુ ડોકુ

---

[1] એ બેત લખેલી નકલમા વધારે છે.

તેના શરીર ઉપરથી કાપી કાઢશ, નહી તો કે તેને બાંધીને આ લશકર વચે લેઇ આવશ. " બેજન બોલ્યો કે, ઓ પાદશાહ ? એ કામ માટે તો પાદશાહ ખસરૂએ મને ખેલાત બક્ષેલો હોવાથી તેના હોકમ મુજબ મારેજ તે લડાયક પલાશાન સાથે લડાઈ કરવાને કંમર બાંધવી ઘટે છે." બાધુર ગેવે બેજનને જવાબ દિધો કે, " તે શેરનર સાથે તું લડાઇ કરવાની ઉટાવલ ના કર. કદાચને તુ તેની સામે લડાઇમાં ટકી શકશે નહી અને એવી લડાઇ કરી તું મારી ઉપર જમાનાને તંગ બનાવશે. તે એક સિંહ જેવો છે અને તેને મનથી જગલ પણ બાગ જેવું રહે છે, તેથી તે લડાયક શખ્સો સિવાય બીજા કોઇનો શેકાર કરતો નથી " બેજન બોલ્યો કે " તુ આવી વાત કરીને મને પાદશાહ કએખશરૂની હજુરમાં શરમીદો ના બનાવ. મને એ લડાઇ કરવા માટે તુ સીયાવક્ષનુ બખતર આપ અને પછી તે વાઘનો શેકાર હું કેમ કરૂ છું તે તું જોજે " આથી બાધુર ગેવે તેને તે બખતર આપ્યાથી બેજને તે બખતરના બંધ બાંધ્યા. પછી તે એક જડપ ચાલના ઘોડા ઉપર બેસી હાથમાં નેજો ધરીને તે જગલ તરફ ભપકાથી ગયો. પલાશાને એક હરણને મારીને તેના કવાબ આતશ ઉપર વેરવીખેર ભુજવા મુકયા હતા, અને તેનો ઘોડો ઘાસ અને ચારો ચરતો ફરતો હતો. તથા તેણે પોતાની કમાન એક બાજુએ ફેંકી હતી. તેનો ઘોડો બેજનના ઘોડાને દુરથી જોતાંજ ખખાર મારતો જગલમાં દોડી ગયો. જેથી કોઈ સ્વારના આવવા માટે પલાશાને ચેતીને લડાઇની તૈયારી કરી મુકી. તે સિંહને મારનાર અને દેવોને બાંધનાર શખસે બેજનને પોકારીને કહયું કે, " મને કહે કે તું જાહેરમાં શુ નામે ઓળખાય છે ? કારણ કે તારૂં નસીબ તારી ઉપર રૂદન કરવા ચાહે છે." તે બાધુરે તેને જવાબ દિધો કે, " હું લડાઇમાં કાંસાંનુ શરીર ધરાવનાર દેવ જેવો બેજન છું. મારી આગળ લડાઇમાં હાથી કે સિહ કે પેહેલવાન કે બાધુર મરદ એ સઘળા એક સરખા છે. મારો બપાવો એક જોરાવર સિંહ જેવો છે અને મારો બાપ પેહેલવાન ગેવ છે. હમણાજ તું મારો લડાયક હાથ જોશે. પેહેલવાની દેખાડવાને વખતે હું લડાઇનો ફુકાતો પવન જેવો છું જ્યારે તું તો પાહાડ ઉપરના એક બીહામણા અને કમીના વરૂ જેવો છે. તું તો ધુમારો, ધુળ અને લોહી ખાય છે, અને લડાઇનો વખત આવતાં લશકરને મેદાનમાં ઉતારે છે." પલાશાને તેને જવાબ આપી કાંઇ તકરાર કીધી નહી પણ તેણે પોતાના લડાયક હાથી જેવા ઘોડાને ઉશકેરીને દોડાવ્યાથી તેઓ લડાયક સિંહો માફક બાઝી પડયા જેથી ત્યાં કાલું ધુલારૂં ઉડી રહયું. તેઓ પેહેલવેહેલાં નેજાથી લડાઇનો હાથ દેખાડવા લાગ્યા. તેઓ-

---

૧. એ બેત લખેલી નકલમા વધારે છે.

માંનો એક સિંહ જેવો તો બીજો વાઘ જેવો હોવાથી તેઓ પેહેલાં નેજાથી લડાઇને। હાથ દેખાડવા લાગ્યા પણ તેઓના નેજાના હાથાઓ અડડીને ભાગી જવાથી તે પેહેલવાનોએ તલવાર ઉપર હાથ લંબાવ્યા થોડા ફટકાઓમાં તો તલવારના પણ ટુકડા થઇ ગયા અને તેઓ ઝાડની ડાંખલી માફક ધુજવા પડયા. તેઓના ઘોડા પણ પસીનાથી તમામ તરબોડ થઇ ગયા અને તેઓના માથાં એકદમ ગમગીન બની ગયાં પણ તે બધે નામદારો સિહો અને લડાયક પેહેલવાનોજ હોવાથી પછી તેઓએ ભારી ગુરજ બાહાર કાઢયા બેજનને તુરતજ ખાંધ ઉપર ભારી ગુરજ ઉડાવીને પોકાર મારીને પેહેલવાન પલાશાનની કંમર ઉપર ફટકો માર્યો જેથી તેની પીઠ આગળના બખતરનાં ગાઠો ભાગીને ટુકડે ટુકડા થઈ ગયા, અને તેનુ શરીર ઘોડા ઉપરથી નીચે ટુટી પડયું. તેનુ માથુ, તોપી અને બખતર ઉધું પડયાથી બેજનને એક પેહેલવાન માફક ઘોડા ઉપરથી નિચે કુદી પડીને તે લડાયક શખ્સનુ ડોકુ તેના શરીર ઉપરથી જુદું કીધુ. પછી બેજને તે નામદારનુ ડોકું, બખતર તથા ઘોડો લેઇને ત્યાંથી પોતાના બાપ ગેવ કે જેનું દિલ એ લડાઇ માટે દુખી થયું હતું અને તે લડાઇમાંથી કયારે પાછો ફરે તેનો વિચાર કરતો હતો તેની આગળ જવાને મોઢુ ફેરવ્યુ તેટલાંમાં ચોકી કરવાની જગ્યાએથી ઉશકેરનીભર્યા પોકારો ઉઠી રહયા કે “ માર્ગમાંથી પેહેલવાન બેજન આવતો જણાય છે અને તે જવાન છોકરો તે પેહેલવાનનુ ડોકુ, બખતર, અને ઘોડા સાથેજ આવે છે.”

બેજને તે સઘલું લાવી બાપ આગળ હાજર કીધાથી તે બોલ્યો કે “એ બેટા! તું હમેશાં ફતેહમંદ રેહેજે. તેં એક એવુ કામ કીધુ છે કે જેને માટે પેહેલવાનો અને મોબેદો વચે કેહેતી રહી જશે. જ્યારે પાદશાહ એ વાતથી વાકેફ થશે ત્યારે તે વસંતનાં ગોલાબ માફક તાજો બનશે. પછી તેઓએ ખુશાલી સાથે છાવણી તરફ જવા માટે પોતાના ચેહેરા ફેરવ્યા. બેજન સપેહ-સાલાર (તુસ) આગળ તેનું ડોકું તથા તેનો ઘોડો, બખતર, અને તોપી લેઇને ગયો તે પેહેલવાન એ વાતથી એટલો તો ખુશી થયો કે જાણે તેના જીવે તેના ઉપર કુરબાન થવા ચાહયું. તે બોલ્યો કે, “ એ લશકરને પુસ્તી આપ-નારા નામદારોના સરદાર જેવા અને પાદશાહના તાજ જેવા બેટા! તુ હમેશાં ખુશાલી સાથે અને ચઢતા વિચાર સાથે જીવતું કરજે. બુરી કરણીના શખ્સોની બુરાઈ તારાથી દૂર રેહેજો. ગેવ અને ગોદરેજ ઉપર આફ્રીન હોજો કે તેઓ તારા જેવો નામદારોને પસંદ પડતો બેટો ધરાવે છે”

ત્યારબાદ અફ્રાસીયાબને એવી ખબર મલી કે “તુરાનની જમીન પાણીના દરીઆ માફક (લશકરથી હીલતી) બની છે અને તે લશકર કાંસે નદી તરફ

આવી લાગ્યું છે. તે જમીન સીયાવક્ષના બેટાના માર્યાં જવાથી સીહા બની છે." આથી તે પાદશાહે સરદાર પીરાનને કહયું કે "જે છુપી વાત હતી તે ખસરૂએ ખુલ્લી કીધી છે" પછી પાદશાહે વીસેના બેટા પીરાનને એ પ્રમાણે કહયું કે "ઇરાની લશકર અત્રે પાછું આવ્યું છે? તે લશકરે પુશકલ નાશ કીધો છે અને આગો લગાડી છે તથા તુરાન જમીનનો દમ લીધો છે? આપણો પેલો નામદાર પલાશાન માર્યો ગયો છે અને દરેક બાજુએ આપણા સ્વારો મુવેલા પડેલા છે? [1] તેથી એ બાબદને માટે આપણે સઘળાઓએ વાવટા અને ઢોલ લેઈ સામે લડવા જવુ જોઇએ. નહી તો કે જો ઇરાનથી બીજું લશકર આવી લાગશે તો આપણે પ્રકાશતા સુરજ અને ચંદ્રને પણ જોઇ શકીશું નહી. તેથી તે લશકરનું દિલ તુટી જશે અને લડાઇના દરવાજા તેઓની સામે બંધ થશે." આથી તેણે દરેક બાજુથી લશકરને ભેગું કીધું અને એ વાતને લાંબી થવા દિધી નહી.

ઇરાની લશકર બરફ વરસવાથી મુશકેલીમાં આવી પડયું તે વિષે.

હવે આ તરફ એક સખત વટોળ્યો થઇ આવ્યાથી ઇરાનીઓમાંના કોઇને લડાઇ કરવાની પણ સુધ રહી નહી. ત્યાં ધુલારાં સાથનું એક સખત વાદલ ચઢી આવ્યું, જેથી સરદીને લીધે જાણે હોટો એકમેક સાથે બીડાઇ જવા લાગ્યા. છાવણીમાં તેમજ તંબુઓ ઉપર બરફ બંધાયાથી જાણે પાહાડ ઉપર બરફનો ગલીચો પંથરાયો હોય એમ જણાતું હતું. ત્યાંની તમામ જમીન બરફથીજ ઘંકાઇ જવાથી એક અઠવાડયું સુધી કોઇને ત્યાનું ખુલ્લું મેદાન જણાયું નહી. અને તેઓ માટે ખાવું પીવું, સુવૂં અને આરામ કરવું મુશકેલ થઈ પડયું. તું કેહેશે કે જાણે જમીનની સપાટી પથર માફક બધાઇ ગઈ છે. આથી ત્યાં કોઇને લડાઇની યાદ આવી નહી પણ તેઓ લડાઇના ઘોડાનેજ મારી નાખીને ખાવા લાગ્યા અને પુશકલ માણસોનો તથા ઢોરોનો નાશ થવાથી કોઈને માટે લડાઇ કરવાના ઘોડા રહયા નહી આઠમે દાહાડે સુરજ ઉંચાઇએથી દેખાવા લાગ્યો તેથી તમામ જમીન પાણીના દરીયા માફક બની સપેહસાલારે પોતાના લશકરને એકઠું કરીને તેઓ આગળ લડાઇમાં શું કરવું તે માટેની કેટલીક વાતો કીધી કે "આવી મુશકેલીને લિધે અત્રે આપણા લશકરનો નાશ થવાથી આપણે અત્રેથી આગળ રસ્તો કાપીએ તો સારૂં, કદાચને કેલાત અને સેપંદના

---

[1] એ બેત લખેલી નકલમાં વધારે છે.

પાહાડથી તે કાંસે નદી સુધીની જમીન ઉપર એવીજ બદ દુવા ઉતરી હશે." ત્યારે નામદાર પેહેલવાનો વચેથી બેહેરામ બોલી ઉઠયો. કે "એ વાત તારા જેવા સપેહસાલારથી છુપાવવી જોઇતી નથી. તેં હમુને બોલતાં બંધ કરીને શીયાવક્ષના બેટા સાથે છેલ્લે સુધી લડાઇ કરવાનો હોકમ આપ્યો. તેમ કરવું વાજબી નહી હોયાથી મેં તુંને તેમ કરવા ના કહયું. હવે તેનું પરીણામ શું નિપજ્યું છે તે તુ જો એવી બુરાઇને લિધે હજી તો આગળ ચાલતાં તારી ઉપર શુ શુ વિતશે હજી તો વાછરડુ ચામડામાંજ ઢંકાયલુ છે" તે સપેહસાલારે જવાબ દિધો કે "લડાયક જરસ્પ કરતાં આદર ગુશસ્પનો આતશ પણ વધારે નામાકીત હશે નહી ફરૂદ પણ કાઇ નિર્દોષ માર્યો ગયો નથી, એતો જે લખાયલુ હતું તેજ બનવા કાળ બન્યુ છે જો ફરૂદ પાદશાહી ખાનદાનથી ઉતર્યો હોય તો બાધુર જરસ્પ કાંઇ દેવજાદો હતો નહી લશકર ઉપર નજર પુગાડીને તુ જો કે રીવનીજ જેવો મરદાનગીવાલો અને વળી દેખાવલો બીજો કોઇ છે? તેનાથી તો મારી જામ દારૂ અને દુધથી ભરેલી રેહેતી હતી તે કઇ જવાન તેમ બોલવામાં બુર્જોર્ગ હતો હવે તે ગેરઇનસાફથી યા ઇનશાફથી માર્યો ગયો તે માટે બોલી વહી ગયલી બાબદને આપણે યાદ કરીશું નહી. માટે તું ગેવ અને બેજનને કેહે કે તેઓ જલદીથી આએ બધીયાર થયલા રસ્તામાંથી ધુલારૂં ઉડતુ કરે (યાને કુચ કરી જાય)

ગેવે લાકડાંનો ઉંચો ઢગલો બાલી નાખ્યો અને તે રસ્તેથી ઇરાની લશકર પસાર થયું તે વિષે.

પછી પાદશાહી તોખમના તુસે દમામદાર અને ઇનશાફી નામદારોને કહયું કે "ગેવે પાદશાહ પાસેથી ખેલાત મેલવતી વખતે પેલા લાકડાના પાહાડને માર્ગમાંથી બાલી નાખવા કબુલ્યુ હતુ તેમ હાલે તેને બાલી નાખવાનો અને આસમાન સુધી આતશના બલતાં સળગાવવાનો વખત આવી લાગ્યો છે, જેથી આપણા લશકરનો માર્ગ ખુલ્લો થવે એ રસ્તેથી લશકર પસાર થઇ જાય" ગેવે તેને જવાબ દિધો કે "એ વાતમાં કાંઈ દમ નથી જો તેમા મેહેનત હોય તો તે કાંઇ ખજાના માટે કરવાની નથી." પણ બેજને એ વાતથી ગમગીન બનીને કહયું કે "હું એ વાતમાં મળતો થતો નથી. બુઢાપાના વખતમાં તુ કમરે કમરબંધ બાંધે અને હુ આવી જવાની છતાં બેસી રેહુ એ મને લાયક નથી તે દુખ અને મેહેનત વેઠીને મને ઉધાર્યો છે અને મને જરાએ વાતે દલગીર કીધો નથી. માટે તારી એ મુશકેલીમાં મારે પણ મારો હાથ લંબાવવો જોઇએ છે. તુ મેહેનત કરે અને હું બેસી રહું એ

મને ઘટતું પણ નથી." ગેવે તેને કહયું કે ." જે કાંઇ મેં ઉપાડી લીધું છે તે કામમાં મારેજ ગરદન ઉઠાવવી જોઇએ છે. ઓ બેટા! હજી તો નામદારી ભોગવવાનો મારોજ વખત છે અને બુઢાપાનો અને બીજાઓની નવાજેશ ઉપર રેહેવાનો હજી મારો વખત નથી. એ પ્રમાણે હું જાઉ છું તેથી તુ કાંઇ ગમ કરતો ના, કારણકે તે મજબુટ પાહાડને હુ એક દમમાં બાળી નાખશ." પછી તેણે મુશકેલી સાથે કાંસુ નદી પસાર કીધી. જાણે બરફ અને ફરાં જમીનની સાથે તાણાવણા માફક વણાઇ ગયાં હતાં જ્યારે તે પેલા લાંકડાના પાહાડ (ઢગલા) નજદિક આવી પુગ્યો ત્યારે તે જોઈ તે તેની ઉચાઇ અને પોહોલાઇની અટકલ કરી શકયો નહી. તેણે તીરોની અણી વડે તેમાં આતશ પાડીને સલગાવ્યો અને તે ઢગલા ઉપર તે નાખી તેના લાકડાંને સલગાવી મુકયાં મોટાં બલતાં તથા તેમાથી નિકલતા ગરમ પવન અને ધુમાડાને લિધે તે આતશ આગળથી ત્રણ અદવાડયા સુધી કોઇથી પસાર થવાતુ હતુ નહી ચોઠે અદવાડયે ત્યાથી લશકરથી પસાર થઈ શકાયાથી તેઓએ નદીના પાણીથી આગ ઓલવવા માંડી પછી જ્યારે તે લશકર સપેહસાલાર આગળ પાછુ ભેગું થયું ત્યારે તે આગવાલા ભાગમાથી તુસે ગીરવગરદ[૧] તરફનો રસ્તો લિધો ત્યાં લશકર દાખલ થયા બાદ જેમ ઘટતુ હતું તેમ પાહાડ અને મેદાનમાં તબુઓ નાખવામાં આવ્યા. પછી જેમ તેણે લાયક જોયું તેમ દરેક બાજુએ કાસદોને દોડાવ્યા.

તઝાવ બેજન આગળથી નાહાસી ગયો અને અસ્પનુઈ તેના હાથમાં કેદ પકડાઇ તે વિષે.

ગીરવગરદમાં તઝાવર કે જે સિંહ કરતાં પણ વધારે કૌવટ ધરાવનાર સ્વાર હતો તેની વસવાટની જગ્યા હતી. ત્યાં તેના ઘોડાઓનુ એક ટોલુ હતું કે જે એક પાહાડ ઉપરથી બીજા પાહાડ ઉપર ચરતુ રેહેતુ હતુ. જ્યારે તેને ઇરાનથી લશકર આવી લાગ્યાની ખબર થઇ ત્યારે તેને તે ઘોડાના ટોલાંને રસ્તાની એક બાજુએ છુપાવી નાખવુ પડયું. આથી તઝાવે ઉટાવલે એક પેહેલવાનને અફ્રાસીયાબનો ઘોડાવાલો કે જે લાયકાત ધરાવવા સાથે વળી ઉપ્યોગી પણ હતો અને જે કબુદેહ નામ પણ ધરાવતો હતો તેની આગળ મોકલીને તેને કહેવડાવ્યું કે, "જ્યારે આકાશ કાલું બને (યાને રાત પડે) ત્યારે તું તારો

---

૧ 'ગીરવગરદ' એ જીહુન નદીની પેલી બાજુએ તુરાની સરહદ ઉપર આવેલાં એક શેહેરનુ નામ છે

૨ 'તઝાવ' એ અફ્રાસીયાબના જમાઈનું નામ છે, જે પાછલથી ગેવના હાથમા કેદ પકડાઈને મારયો ગયો હતો.

ચેહેરો છુપાવીને ઇરાની લશકર કેટલું છે તથા વળી તેમાં વાવતા ધરાવનારા અને તોપી પેહેરનારા કોણ કોણ છે તે તપાસવાને અત્રેથી જજે, કે જેથી આપણે તેઓ ઉપર અત્રેથી રાતે એચિંતો હુમલો કરીને તમામ પાહાડ અને મેદાનને લોહીથી ભરી નાખ્યે. આથી કબુદેહ એક કાલા દેવની માફક અંધારી રાતે ઇરાની લશકર નજદિક ગયો. તે અંધારી રાતે બેહરાંમ કે જે પોતાની પાસે હાથ'ના માથાંઓને ફાંસામાં પકડવાને માટે કમંદ રાખતો હતો તે ચોકી-બાન તરીકે હતો. કબુદેહના ઘોડાથી ત્યાં ખંખાર મરાયાથી બેહરામે તુરતજ પરગમ વજડાવી લશકરને સાવચેટ કીધું અને તેણે કમાન ઉપર તીરનો ચીલ્લો ચઢાવી તથા પગોને પોહોલા કરી પોતાના ભારી કદના ઘોડાને તે જગ્યાએથી આગળ દોડાવી મુકીને પોતાના હોટને ખોલ્યા વગર એક તીર છોડયો. જોકે અંધારાંને સબબે કબુદેહ જરાએ દેખાતો હતો નહી, તોપણ તે તીર પાદશાહના ઘોડાવાલાની કમરબંધ ઉપર લાગ્યાથી તે કબુદેહનો રંગ કાલો બની ગયો. તે ઘોડા ઉપરથી નિચે તુટી પડયો અને તેની માફ માંગવા લાગ્યો બેહરામે તેને પુછયું કે " ખરેખરૂ કેહે કે તુને અત્રે કોણે મોકલ્યો હતો ? અને બાધુરોમાંથી કોણ ઉપર તુ ફાયદો મેળવવા ચાહાતો હતો ?" તેણે બેહરામને કહયું કે, " જો તું મને માફ કરશે તો જે બાબદ માટે તુ મને પુછશે તેનો હું જવાબ દેવશ. હું પાદશાહી તોખમ ધરાવનારો એક કાસદ છું અને તે પાદ-શાહનો હું એક ગોલામ જેવો છું. તું મને મારી નાખશે નહી તો હું તુને તેઓની આરામ કરવાની જગ્યા દેખાડશ. " બેહરામે તેને કહયું કે, " મારી સાથે તઝાવને સરખવતાં તે ફાડી ખાનારા એક સિંહ આગળ ગાય જેવો છે." એટલું કહીને તેણે તેનું ડોકું ખંજર વડે કાપી કાઢયું અને તેને પોતાના પાદશાહી જીનની બાજુએ બાધી લેઇને છાવણીમા લેઈ જઇ ભોય ઉપર ફેંકયુ કબુદેહે નહી નામદારી મેળવી કે નહી તે એક પેહેલવાનના જેવો બન્યો. જ્યારે મરઘાના તથા લાવડી પક્ષીના પોકારો સમજાવા છતાં પણ કબુદેહ તઝાવ આગળ આવ્યો નહી ત્યારે તે લડાયક શખ્સનુ દિલ ગમગીન બન્યું અને કાંઇ બુરૂં બન્યું છે એમ તેને લાગ્યું આથી તેની પાસે જે કાંઈ લશકર હતું તે તેણે બોલાવી મંગાવ્યું અને તે લશકરને તે જગ્યાએથી ઝડપથી હંકાડી ગયો

જ્યારે સુરજે તે જંગલમા પોતાનો વાવટો ઉડતો કીધો અને તેના ખંજરથી રાતની પુછડી ખુલ્લા બલુ રંગની બનતી ગઈ (યાને જજકલુ પડતું ગયુ) ત્યારે સરદાર તઝાવ લશકર સાથે (ઇરાની લશકરની નજદિક) આવી લાગ્યો. આથી ઈરાનીઓની ચોકી કરવાની જગ્યાએથી પોકારો ઉઠીયા કે " તુરાનથી એક લશકર લડવાને આવ્યું છે. અને તેના સરદારે હાથમાં મગરની આકૃતિ

વાલો વાવટા ધર્યો છે." તેથી તે બાધુરો વચેથી ગેવ પોતાની સાથે કેટલાક પેહે-લવાનોને લેઇને તેની સામે ગયો અને ચીરડાઇને તેણે તેનું નામ પુછતાં કહ્યું કે "ઓ લડાઈના શોધનારા શખ્સ! શું તુ આટલાં એક લશકર સાથે લડાઈ કરવા આવ્યો છે, કે દોડીને (તારે હાથે) મગરના પંજામાં આવી પડયો છે?" બાધુર તઝાવે જવાબ દિધો કે "હું જોરાવર દિલ અને સિંહ જેવા પંજા ધરાવનાર છું અને મારૂં નામ તઝાવ છે. માણુસોનો હું કચડઘાણુ કાઢનારો અને લડાયક સિંહ જેવાઓનાં ટોકાંને તેમના શરીર ઉપરથી ઉડારી નાખનારો છું. મારૂં ખાનદાન ઈરાની પેહેલવાનો અને સિંહ જેવાઓની તોખમ ધરાવનારા ઇરાનીઓનીજ તોખમથી ઉતરેલુ છે હાલે હું આ જગ્યાનો માલેક છું અને હુ બુજેર્ગો વચે નામીચો તથા પાદશાહનો જમાઇ થાઉ છું." ગેવે તેને જવાબ દિધો કે, "વધતી બકબક ના કર કારણ કે એવી વાતથી તો તારી આબરૂને જાખ લાગશે. પેલા ડાહયા તુરકી શખ્સે શું કહયુ છે તે શું તું જાણુતો નથી! (તેણે કહયું છે કે) "લડાઈ વખતે હું શું બીસાડમાં છુ[1]. ઈરાનને લીધે લોહી પીવા સિવાય કે ઝેહેર ફાકવા સિવાય તુરાનમાં (સુખે) બેસવાની કોણુ હીમત કરે છે? જો તું આ જમીનનોજ માલેક હોય અથવા તો પાદશાહનો જમાઇ પણુ થતો હોય તો એથી વધારે લશકર તારી પાસે કેમ નથી? તું આટલાં સરખાં લશકર સાથે ટેંતું કરતો એમ બાધુરો આગળ જડપથી દોડતો ના આવ કારણુ કે આ હુનરથી વાકેફ અને નામદાર બાધુરો જમીનના માલેક જેવાઓને પોતાના પગ નિચે કચડે છે. જો તું લશકર ઉપર સરદારી ભોગવવા માંગતો હોય તો તુ અત્રેથી ઈરાનના પાદશાહ આગળ આવ. જો તું હમણુાંજ સપેહસાલાર તુસ આગળ આવી તેની સાથે વાત કરી તેની વાત સમજશે તો હું તુને તેની પાસેથી ખેલાત, અસબાબ, ગોલામો અને સામન તથા ઘોડાઓ અપાવશ[2] એક તુરકીને તો કોઈપણુ આવા હુશીયાર શખ્સ તરીકે જોતુ નથી. માટે આવા લડાઇ અને મારામારીના હીંગામે હું તુને બીજું શું કહું." તે ફરેબબાજ તઝાવે જવાબ દિધો કે "ઓ બાધુર શખ્સ! મારાં વાવટાને કોઇપણુ નિચે નાંખી શકતો નથી આ (નાનાં) લશકરથી મને જરાએ શરમાવાનું નથી[1]. મારી પાસે હાલે અત્રે જવેહરાત, તખત તથા વલી

૧. એ બેત લખેલી નકલમા વધારે છે.

૨ ગેવને તઝાવને એ પ્રમાણે લાલચ આપવાનું કારણુ એ જે તેણે સરૂવા-તમાં પોતાની તોખમ ઇરાનીઓથી ઉતરી આવેલી જણાવેલી હોવાથી તે ઈરાની એ લડાઇમાં નાહક મારયો નહી જાય તેથી તેને સમજાવીને ઈરાનીઓની પક્ષમા લેવાની તેની મકશદ હતી.

ઘોડા, ગાય ઢોર અને લશકર છે. વળી ઇરાનનો કોઇપણ શખ્સ અફ્રાસીયાબ જેવા પાદશાહ (ની જાહોજલાલી) ને પોતાના સ્વપનામાં વટીક જોઈ શકવાનો નથી. મારા ગોલામો તથા જડપ ચાલના ઘોડાઓના ટોલાઓ જંગલમાં અને પાહાડો ઉપર ટોલાબંધ એકઠા થયલા છે તુ કાંઈ મારા લશકરને એટલુ થોડું જ સમજતો ના. હવે તુ મને ગુરજ સાથે ઘોડા ઉપર બેઠેલો જોય છે તો આજ રોજે હુ આ લશકર સાથે એવી લડાઇ કરશ કે જેથી તુ અત્રે આવવા માટે પણ પસ્તાશે."

બેજને પોતાના મુબારક બાપને કહયુ કે "એ લડાયક, નામદારીભર્યા અને ચાલાક દિલના નામદાર પેહેલવાન ! તઝાવને આવી નશીયતની વાતો સમજાવવાની તને શું અગત્ય છે ? તેની ઉપર આટલીબધી મેહેરબાની દેખાડવાની અને કબુલાતો કરવાની તારી શુ મકશદ છે ? તારે તો ફકટ ગુરજ કે તલવાર ખેચીને તેઓના દિલ અને મગજને ચીરી કાઢવાં જોઇએ છે." પછી તેણે ઘોડાને ઉશકેરીને એક બુમ પાડવાથી તે લશકરે ગુરજ તથા તલવારને ખભે ચઢાવ્યા પછી તેઓ વચેથી કાલુ ધુલારૂં ઉડવા લાગવાથી સુરજ પણ દેખાતો બંધ થઇ ગયો. ત્યાની જમીને બેહેમન મહીનાના વાદલ માફક[1] જેહાનમાં અંધકાર ફેલાવ્યાથી લોકોને પ્રકાશતા તારા કે ચંદ્ર પણ દેખાતા હતા નહી. પેહેલવાન ગેવ લશકરના મધ્ય ભાગમા રહીને જાણે હવામાંની રોશણી પણ ખેચી લેતો હતો. તિક્ષણ પંજાવાલો આકલો બેજન લશકરની હરોલમાં રહયો પેલી તરફ તઝાવ કે જે ફાડીખાનારા સિંહ સાથે પણ લડવાની શક્તિ ધરાવતો હતો તે પણ માથાં ઉપર તાજ પેહેરીને ઉભો. તેના લડવાથી કદીપણુ નહી હાકે એવો અરઝંગ અને સિંહ જેવો મરદુઇ નામના પેહેલવાનો હતા. તેઓ ગુરજ અને કાપનારી તલવાર ધરીને લડવાને ઉભેલા હોવા છતા, તેઓનુ કામ તંગ થઈ પડયું. ઘણો વખત નહી થયો તેટલામાં તો પેહેલવાન અરઝંગ નિચે પડયો તથા તુરાની લશકરના બે ભાગ માર્યા ગયાથી તેઓનુ ખીલતું નસીબ ઉધું પડયુ જ્યારે બેજને જાણયુ કે તેઓ જડપથી ફરીને નાહાસવા માંડે છે અને તે લડાયક શખ્સ જે તેનો હરીફ થઇ હરોલમાં રહયો હતો તેણે પણ દુખ સાથે પોતાના ઘોડાને નાહાસવા માટે છોડી મુકયો છે, ત્યારે તે તઝાવના નાહાસ્વા માડતાજ તે નામદારી મેલવનારા સિંહ બેજને હાથમાં ભાલો

---

૧ ઇરાનમા વસતંના તેમજ સીયાલાનો એવા બે વરસાદ થાય છે. સીયાલામા કરા તથા બરફ સાથનો વરસાદ પડે છે જેથી તે વખતે વાદલ ચઢી આવી પુરાકલ અંધારૂ પડે છે, બહમન મહીનાનો સીયાળાનો વરસાદ ગણાતો હતો.

પકડીને ઉશકેરાઇને બુમ પાડતાં તેની પુઠે દોડવા માંડયું તેથી તું કહેશે કે જાણે તે એક છેડાયલો અને બરાડ મારતો સિંહજ છે. તેણે તઝાવની કમર ઉપર નેજાનો એક ફટકો માર્યાથી તઝાવમાં તે વખતે જરાપણ શકિત રહી નહી. પણ તે શખ્સ ચિવટ હોવાથી તેનુ રૂમી બખતર જરાએ હીલ્યું નહી તથા તેના બધ અને ગાંઠ પણ છુટયા નહી. બાધુર તઝાવે ત્યાંથી ઘોડાને જડપથી હકાર્યાથી બેજન પણ વીજલીના આતશ માફક તેની પુઠે દોડયો૧ તેણે પોતાને નેજો ફેકી દેઇને જેમ પાહાડી મેઢા ઉપર ચિત્તો વાઘ પાહાડ ઉપર હુમલો કરે તેમ તેણે તેના ઉપર પોતાનો હાથ લબાવ્યો, અને જે પ્રમાણે સફેદ પાદશાહી શકરો ચકાવ પક્ષી ઉપર તડપ મારે તેમ તેણે તેનુ ભારી કીમતનુ તાજ કે જે અફરાસીયાબે તેનાં માથાં ઉપર મુકયું હતુ અને જેનાથી તે ઉંઘાતી વખતે કે બંદગી કરતી વખતે પણ જુદો પડતો હતો નહી તે તેણે જુટવી લિધુ તઝાવ કીલ્લાના દરવાજા સુધી જઈ પુગ્યો ત્યાં સુધી તેણે ઘોડાને દોડતોજ રાખ્યો, જેની પુઠે બેજન વિજલીના આતશ માફક દોડયા કીધો જેવો તે કીલ્લાની નજદિક આવી પુગ્યો તેવીજ અસપનુઈએ પાણી પાણી થયલા ચેહેરા સાથે બુમ પાડતી બાહાર આવીને તેને મોટે સાદે પુછ્યુ કે, " ઓ તઝાવ! તારૂ લશકર કયાં છે ? અને તારૂં જોર અને શકિત કયા જતી રહી ? કે તુ મારી આગળથી એમ પીઠ ફેરવીને નાહાસે છે, અને મને કીલ્લાની બાહાર ખુવારીભરી હાલતમાં છોડી જાય છે માટે તું મને પણ તારી પુઠે સાથે લઈ લે અને મને આ કીલ્લા આગળ દુશમન વચ્ચે ના રાખ, હું આવી ધાસ્તી ફીકર ભરી જગ્યામાં રહી શકીશ નહી. જો તુ મને તારી પોતાની ગણતો નહી હોય તો તુ મને મારી નાખ."
તે નામદાર તઝાવનું દિલ તેને માટે બળતુ હોવા છતાં તેણે પોતાના ઘોડાને આતશની જડપે દોડાવ્યા કીધો. અસ્પનુઈ ઉંચાણમાં અને તઝાવ નિચાણમાં હોવાથી તઝાવે પોતાના ઘોડાને દોડાવતા લગામનો એક છેડો તેના હાથમાં આપી દિધો, જેથી અસ્પનુઇએ પવન વેગે તેની પુઠે ઘોડા ઉપર ચઢી બેસીને તેની કંમર આસપાસ પોતાના બે હાથો વિતાલી લિધા. એ પ્રમાણે તેણે અસ્પનુઇને લેઇ પોતાના ઘોડાને વટોળયાની જડપે દોડાવી તુરાનનો રસ્તો ધર્યો. તઝાવે પોતાના ઘોડાને એમ ઘણો વખત દોડતો રાખ્યાથી તે ઘોડામાં કે તેના પોતાનામા શકિત રહી નહી જ્યારે તે બાધુર અને લડાયક તઝાવ થાકી ગયો ત્યારે તેણે અસ્પનુઈ તરફ મોઢુ ફેરવી પોતાની દાસી ઉપર ચીરડાતાં કહયું કે " ઓ ભલા સાથી! હાલે મારી ઉપર ઘણી મુશકેલી આવી પડી છે. મારો આ

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે

૨ અસ્પનુઈ એ તઝાવની એક ચાલાક દાસીનુ નામ છે.

બાધુર ઘોડો લડાઇમાં થાકી ગયો છે જ્યારે મારી પુઠે બુરા વિચારના શખ્સો આવે છે અને મારી આગળ ખાહી આની લાગી છે માટે એક એવો ઉપાય કરવો જોઇએ છે કે જેથી દુશમનો હુમલો કરવાથી અટકી શકે. જોકે આપણે એજનથી ઘણા દૂર નિકલી આવ્યા છીએ તોપણ આપણે બુરા દુશમનોની ખાહે-શનેર પોહોંચ્યા છીએ. તારો ત્યાં કોઇપિણ દુશમન નથી માટે તું અત્રેજ થોભી જા કે જેથી હું આ ઘોડા ઉપર એકલોજ સ્વારી કરી શકું" આથી અસ્પનુઇ ઘોડા ઉપરથી નિચે ઉતરી. તઝાવનો ચેહેરો તેનાથી છુટા પડવાના ગમને લિધે આંસુથી ભરાઈ ગયો. જેમ જેમ રાત અંધારૂ પકડતી ગઇ તેમ તેમ તેનો ઘોડો પાછી તેજી પકડતો ગયો. તઝાવે અફ્રાસીયાબ આગળ જવા ઘોડાને હંકાર્યો, પણ એજને સેતાબી સાથે તેની પુઠ પકડેલી રાખી જ્યારે (અસ્પનુઇને જ્યાં ઉતારી મુકી હતી ત્યાં આવી લાગતા) એજને અસ્પનુઇનો ચંદ્રના જેવો ચેહેરો જોયો તથા કસ્તુરીના જેવા બાલ કે જે તેના પગ સુધી પુગતા હતા તે જોયા ત્યારે એજને ત્યા આવી લાગતાંજ નિચે ઉતરીને તે ખુબસુરત ઓરતને નાજુકઇ સાથે પકડી લીધી પછી તેણે તેને પોતાની પછવાડે જીન ઉપર બેસાડીને પેહેલવાનોના લશકર તરફ પાછો ફરવાનો વિચાર કીધો. તે તુસની દરગાહમાં ખુશાલી સાથે પાછો આવી લાગ્યાથી તેની દરગાહમાં તે ખબર ફેલાવાને પરગમો વાગવા લાગ્યાં તથા એવી ખબર ફેલાવી કે, "તે હુશીયાર દિલનો લડાયક શખ્સ પોતાનો શેકાર પકડીને ઘોડો દોડાવતો લડાઇમાંથી જડપથી આવી લાગ્યો છે." આથી સપેહસાલાર તુસે તથા બાધુર પેહેલવાનોએ તે કીલ્લાને વેરાન કરવા માટે ત્યાંથી ચાલુ મુકયું. ત્યાર પછી તેઓ તે તુરાનના મેદાન માહેલા ઘોડાના ટોલાં તરફ ગયા અને તે દરેક ઘોડાને કમંદથી હાથ કરવામાં આવ્યા. તે લડાયક માણસોએ જેમ કરવું ઘટતું હતું તેમ તે ઘોડાનાં માથાંને તે કમંદના ફાંસામાં પકડી લિધાં. એ પ્રમાણે તે લશકર એકી વખતે (ઘોડાઓથી) સંગાર પામ્યું પછી તે ઇરાની સ્વારો ગુસ્સા સાથે ઉશકેરાયલા તઝાવની જગ્યામાં આશાયશ પકડી બેઠા.

તઝાવે અફ્રાસીયાબને ઇરાની લશકરના કામથી વાકેફ કીધો અને તેથી તેણે તુરાની લશકરને એકઠું કીધું તે વિષે.

ગમગીન બનેલા તઝાવે આંસુઓ સાથે અફ્રાસીયાબ આગળ આવી લાગતાંજ તેને કહયું કે, "સપેહસાલાર તુસ રણસીંગડાં અને પરગમો સાથે

એક લશકર લેઇ ચઢી આવ્યો છે. મેં તે નામદાર સાથે લડવાની તૈયારી કીધા છતાં, ઓ પાદશાહ ! મને ત્યાંથી આખરે નહાસી આવવું પડયું છે મારા ઘણા સરદારો લડાઇમાં માર્યા ગયા છે અને મારાં તમામ કુટુંબનો નાશ થયો છે. ત્યા મારો કીલ્લો, કે ઘોડા કે મારી જમીન કાંઇ રહયુ નથી. તે શેહેરની જમીન ઉપર તેઓએ પોતાની બેઠક કીધી છે. કીલ્લા આગળથી તેઓએ મારા ઘોડાના ટોલાં આગળ જઇને મારા એકઠા કીધેલા ઘોડાઓ તેઓએ લેઇ લિધા છે. પલાશાન અને બીજા બાહુર શખ્સોનાં ડોકાં દુખભરી હાલતમાં ધુલમાં પડયાં છે. તમામ શેહેરમાં તેઓએ આગ લગાડીને મારા તમામ તબેલાઓને ઉખેડી કાઢયા છે" જ્યારે અફ્રાસીયાબે એવી વાત સમજી ત્યારે તેણે ગમગીન બનીને કાંઇ ઉપાય કરવાની તૈયારી કીધી તેથી પાદશાહે પીરાન વીસેહને કહયુ કે, "હુ તુંને ફરમાઉ છું કે તું દરેક બાજુએથી લશકરને બોલાવી મંગાવ, તેં આલસાઇથી ઢીલ કીધી છે જે તારા બુઢાપાને સબબે યાતો તારાં બુરાં[1] દિલને સબબે હોવી જોઇએ. તેથી હાલે તે કીલ્લો કે ઘોડા કે જમીન કાંઇ રહયું નથી અને તે જમીન ઉપર કાંઇ સુન જેવું પણ રહયું નથી[1]. આપણા ઘણા સગાં-વાહાલાંઓ માર્યાં ગયાં છે અને આપણું ખીલતું નસીબ ઉંધું પડયું છે. માટે હવે હાલે ઢીલ કરવાનો વખત રહયો નથી કારણકે જેહાન હુશીયાર શખ્સો ઉપર તંગ બનતી જાય છે" આથી સપેહસાલાર પીરાને જડપથી અફ્રાસીયાબ આગળથી બાહાર પડીને દરેક દેશમાંથી બાહુર માણસોને બોલાવી મંગાવી તેઓને હથીયાર તથા પૈસા આપી ત્યાંથી લશકરને કુચ કરાવી. તેણે તમામ લશકરને એમ આબાદ બનાવીને નામીચા શખ્સોના દિલને ખુસાલ બનાવ્યાં. પછી સઘલાઓએ લડવા અને કીનો લેવા માટે ગરદન ઉંચી કીધી. તે પેહેલવાને શેહેરની બાહાર પડતાંજ સઘલા પેહેલવાનોને જગ્યા મુકરર કરી આપી. તેણે બારમાન અને તઝાવ કે જે સ્વારો સિંહ જેવાઓ સાથે પણ લડવાની શકિત ધરાવતા હતા તેઓને લશકરની જમની પાંખે રાખ્યા મેઢાંઓને પોતાના પંજામાં પકડનારા સિંહ જેવા પેહેલવાન નસતીહનને લશકરની ડાબી બાજુએ રાખ્યો. પછી તે જમીન ઉપર સરનાઈ, રણશીગડાં અને હીન્દી ઘાંટોના અવાજ ફેલાઇ ગયા પુશકલ નેજાઓ અને જાતજાતના વાવટાઓથી તમામ હવા રાતી, પીલી અને જાંબુરી બની ગઈ તે સીપાઇઓ અને બાહુરો બધા મલીને એક લાખની સંખ્યામાં હતા અને સઘલાઓએ પોતાના મગજ લડવાનેજ સોંપી દિધાં હતાં. ઘોડાઓ, હાથીઓ, ઉંટો અને સીપાઇઓને લિધે એક દરીઆથી

[1] એ બેત લખેલી નકલમાં વધારે છે.

તે બીજા દરીઆ સુધી જરાપણ જગ્યા રહી હતી નહી. પછી પીરાને ત્યાંથી જવાની ઉટાવલ કરવા માડયાથી અફ્રાસીયાબ પણ મેહેલમાથી મેદાન તરફ ગયો ત્યાં તેણે તમામ લશકરના નામદારો, પેહેલવાનો અને લડાયક શખ્સો કેટલા છે તેની ગણત્રી કરી તપાસ લિધી ગણત્રી કરતાં તેને એક લાખ માણસોનું લશ્કર માલમ પડયુ કે જે સઘલુ શેરમર્દોનું અને હથીયારના વાપડનારા શખ્સોનું બનેલું હતું. આથી તેણે ઘણો ખુશ અને રોશન રવાનનો બનીને પેહેલવાન પીરાનની પુશકલ તારીફ કીધી કે "તું ફતેહ અને ખુશાલી સાથે અત્રેથી જા અને તારી નજરે કદી પણ જમાનાની બલા પડતી ના. પછી એક મુબારક દાહાડો જોઇને તેણે લશકરને ત્યાંથી કુચ કરાવી સપેહસાલાર પીરાન ત્યાંથી ગયો પણ તે જેહાનનો તપાસનાર અફ્રાસીયાબ ત્યાંજ રહયો તે લશકર ટોલાંબધ બનીને ત્યાથી જવાથી ત્યાં મેદાન, દરીઓ, પાહાડ કાંઇ માલમ પડયું નહી. પીરાને લશકરને ફરમાવ્યુ કે, "તમો આડકતરે રસ્તે જવા માટે અત્રેથી ટુંકો રસ્તો લેઓ જેથી તે ઇરાનીઓને આ ભપકાવાલા નામદારોની ખબર પડે નહી હુ આ પાહાડ જેવાં મોટાં લશકર વડે ઇરાની લશકરના હરોલના ભાગ ઉપર ઓચીંતો હુમલો લેઈ જવા માંગુ છુ" પછી તેણે તે લશકરમાંથી એકાએક જાસુસોને બહાર કાઢીને તેઓમાંથી વધારે ચાલાક અને અનુભવીઓને ચુટી કાઢયા તેઓએ ત્યાથી ઝડપથી ઇરાનીઓના લશકર તરફનો રસ્તો ધર્યો અને પછી તે લડાયકો પાછા પેહેલવાન પીરાન આગળ ભેગા થયા અને તેઓ વિષે જે ખબર મેલવી હતી તે જાસુસોએ તમામ પીરાનને કહી કે "સઘલા ઇરાનીઓ દારૂ પીને મસ્ત બન્યા છે અને તેઓ રાત અને દિવસ હાથમાં દારૂ પકડેલો રાખે છે તેઓ સરખુસમાં[1] રહેલા હોવાથી તુસ સાથે લડાઇ કરવા માટે બાવરદ શેહેર આગળથી ઢોલના અવાજે કાઢવા જોઇએ. તેઓના સ્વારો કે જાસુસો મારગમા ફરતા રેહેતા નથી અને તેઓ તુરાની લશકરની હીલચાલ માટે ગફલતી ભર્યા બન્યા છે."

પીરાને ઇરાની લશકર ઉપર રાતે ઓચિંતો હુમલો કીધો અને તેમાં ઇરાનીઓએ હાર ખાધી તે વિષે.

જેવું પીરાને એમ સમજ્યુ તેવાજ પેહેલવાનોને બોલાવી મગાવીને લશકર આગલ કેટલુંક ભાષન કીધુ કે "ઇરાની લશકર ઉપર ફાવવાની આપ-

---

૧ 'સરખુશ' અને 'બાવરદ' એ ખોરાશાનના મુલકના શેહેરોનું નામ છે

હને લડાઇમાં આવી ટક કદી પણ મલી નથી " પછી તેણે તે નામદારી ભર્યાં લશકરમાંથી ત્રીસ હજાર તલવાર વડે લડનારા સ્વારોને ચુટી કાઢયા જ્યારે અરધી રાત વહી ગઇ ત્યારે તેઓ વાજીત્ર કે રણશીગડાના અવાજ કાઢીયા વગર કે હથીઆરોનો ખડખડાટ કીધા વગર ત્યા ચાલવા માંડયુ. તે ચાલાક સરદારે જ્યાંથી લશકરને કુચ કરાવી ત્યાંથી આંઠ ફરસગનો રસ્તો તે પેહેલવાનોને કાપવાનો હતો. તેઓ પેહેલાં ઇરાનીઓના ઘોડાઓ અને ઢોરોના ટોલાં આગળ આવી લાગ્યા કે જેમાં તુરાનીઓના (જીતેલા) ઘોડાઓનાં ટોલા પણ હતા. ત્યાથી તેઓએ પુશકલ ચિજો પોતાને હાથ કરી લિધાથી ઇરાનીઓની બદબખતીને સબબે ત્યા કાઇપણ ચિજ બચી શકી નહીં. તે ઘોડાના ટોલાંની સભાર કરનાર સઘળા ઘોડાવાલાઓ માર્યા ગયા અને ઇરાનીઓનું નસીબ ઉંધુ વલ્યુ પછી ત્યાંથી તેઓ એક કાલા વાદલ માફક ઇરાની લશકર તરફ ગયા જ્યા તમામ ઇરાનીઓ કેફમા પડયા હતા અને સેપાહોનું ટોલુ ખુલી મ્યાન સાથે બેઠેલુ હતુ એકલો ગેવજ તે તબુમાં જાગતો હતો. સપેહસાલાર ગોદરેજ પણ હુશીયાર બની ગયો. તેઓને ક્રોડાલીના જખમોના અવાજે સમજાયાકી લડાયક ગેવ ગભરાટમા પડયો તેનો બખતર સાથનો અને જીન બાંધીને તૈયાર રાખેલો ઘોડો તેના તબુની નજદિકમાજ રાખેલો હતો તેથી બાહાદુર ગેવે એક શેરનરની માફક સીયાવક્ષના હથીયારો પહેરી લિધાં અને તે જગી સ્વારે તબુમાથી નિકલીને માર્ગમા પુશકલ ઉટાવલ કરી લડાઇના મથક તરફ જઈ લાગ્યો તે એક વાઘની માફક પોતાની ઉપર ચીરડાવા લાગ્યો અને ઉંઘાવાને માટે તથા આશ્રાયશ લેવા માટે શરમ ઉપજી પેહેલા તે બોલ્યો કે, "ઉઠ, આજ રાતે એ શુ બન્યુ છે ? શુ લડાઇને બદલે મારૂ મગજ ધુવાથી ભરાયું છે ?" પછી તે ત્યાથી બહાર આવીને ઘોડા ઉપર બેઠો અને તેને પવનવેગે દોડાવી મુકયો રાત છતા ધુલારાને લિધે તેણે આસમાનને કાલું બનેલુ જોયું તે સપેહસાલાર તુસની છાવણી આગળ જઇને બોલ્યો કે "ઉઠ, કારણ કે દુશમનોનું લશકર આવી લાગ્યુ છે અને પાદશાહના બાહાદુરો તો ઉંઘમાં પડેલા છે." પછી ત્યાથી તે પોતાના બાપ આગળ ગયો પણ તેણે તો પોતાના હાથમાં ગાયની સુરતનો ગુરજ પકડેલોજ હતો પછી તેણે ધુમાડાની જડપે લશકરની આસપાસ ફરવા માંડયુ અને જે કોઈ હુશીયાર હતા તેઓને ઉઠાડી જાગૃત કીધા. પછી તેણે બેજનને ધમકાવીને કહયુ કે " શુ આ લડાઇનુ મેદાન છે કે દારૂ પીવાની જગ્યા છે ?" તેટલામાં તે લશકર ઇરાની લશકરની આસપાસ વિટલાઇ ગયું અને તે લડાઈના મેદાનમાંથી પોકારો ઉઠી રહયા. છાકટ બનેલા ઇરાનીઓ તે ધરપકડથી ગાભરા બની ગયા અને તેઓ ઉપર જાણે વાદલ ચઢી આવી તીરનો વરસાદ પડવા

લાગ્યો. તેઓનાં માથાં નરમ ટકીઆઓ ઉપર ટેકાયલાં હતાં, તેટલાંમાં ઉપરથી તલવાર, ખંજર અને ગુરજના ગરમ ફટકાઓ પડવા લાગ્યા. જ્યારે સિંહ રાણીમાંથી જજફલું દેખાયું ત્યારે ગેવને લશકર તરફ નજર કરતાં તમામ મેદાન ઇરાનીઓનાં મુરદાંથી ભરાયલું માલમ પડયું અને તેઓનું ખીલતું નસીબ ઉંધુ વળેલું જણાયું. ગોદરેજે પણ દરેક બાજુએ નજર કીધી તો તેણે પણ દર પળે દુશમનોનું લશકર વધતું જોયું. તે થોડી જગ્યામાં તીરો અને કીડીનાં ટોલાંની માફકનો લશકરનો ગલીચો પથરાઈ ગયલો દેખાતો હતો. સપેહસાલાર તુસે ત્યાં નજર કીધી તો તેને પણ પોતાના પેહેલવાનો, લશકરના બાહુરો અને મરદાને મરદો જણાયા નહી તેણે ફકટ ગેવ અને ગોદરેજને થોડા સ્વારો સાથે ઘણી મેહેનતે લડાઈ કરતાં જોયા, તથા તમામ લશકરને મારયુ ગયલુ જોયુ, જેથી જમીન જાણે લાલ ફુળથી ભરાઇ ગઇ હોય તેવી દેખાતી હતી. તેઓના વાવટાઓ ફાટી ગયલા અને ઢાલો ચીરાઇ ગયલાં હતા અને જીવતાંઓના ચેહેરા સીશમ માફક કાલા બન્યા હતા બાપ દિકરા વગરના તો બેટાઓ બાપ વગરના બન્યા હતા, અને તેઓનું ઓહોલુ લશકર તમામ નાશ પામ્યુ હતુ. જડપથી ફરતાં આસમાનનો ચકરાવો એજ પ્રમાણે ફરે છે અને તે ઘડીકમાં ખુશાલી તો ઘડીકમાં દુખ આપે છે. આથી ઈરાનીઓએ ગભરાટમા પડી છાવણી તથા તંબુઓને ત્યાંજ પડતા નાખીને ત્યાંથી નાચારી સાથે પીઠ ફેરવવા માંડી. તેથી ત્યાં તેઓનું લશકર કે ઢાલ કે સામન કાંઇ રહયુ નહી. ત્યાં મુવેલાઓ અને ઘાહેલ થયલાઓજ પડયા હતા એ પ્રમાણે તે લશકરે વિખેરાયલી હાલતમાં કાંસે નદી તરફનો રસ્તો લિધો. તુરકી સ્વારોએ કીના ભર્યા દિલે અને મોઢેથી ઠઠા કરતાં તુસની પુઠ પકડી. તું કેહેશે કે જાણે પછવાડેથી તેઓના બખતર અને તોપીઓ ઉપર વાદલ ઉપરથી ગુરજનોજ વરસાદ પડતો હતો. ઇરાનીઓમાંના કોઇપણ શખ્સથી લડાઇમાં મકમ રીતે લડી શકાયુ નહી. આથી તે તમામ પેહેલવાનોએ પાહાડને પોતાનો કીલ્લો બનાવી દિધો. તેઓના માણસો તેમજ લડાયક ઘોડાઓ થાકી જવાથી અને કોઇનામાં પણ વધારે હુશીયારી કે ગરમી ટકી રહેવાની શકિત નહી રેહેવાથી તે તમામ પેહેલવાનોએ તે પાહાડને પોતાનો કીલ્લો બનાવી દિધો. આથી તુરાની લશકર પણ લડાઈ કરવાથી અને લાબી મુસાફરી કરવાથી ઠાકીને તે પાહાડની આગળથી પાછું ફરયુ સપેહસાલાર તુસે મેદાન માંથી તે પાહાડ ઉપર જઇને આસરો લેનાજ તે તુરાનીઓ સાથે લડાઈ કરવાથી કરાર પામ્યો ઇરાનીઓના પુશકલ માણસો કમી થવાથી તેઓ વચેથી દુખના પોકારો નિકળ્યા જે સઘલાઓ ઘાહેલ બનેલા અને બંધીવાન થયલા જીવતા હતા તેઓને માટે પણ તેઓને રડવુ પડતુ હતુ. ઇરાનીઓના તાજ, તખત,

તંબુઓ, ધોડાઓ, અને ખડે પગે ઉભા રહેતા મરદાનેમરદો કાંઇ રહયું નહીં. ત્યાં તેઓની આબાદી રહી નહી તેમજ તેઓની સારવાર કરનારૂં પણ કાંઇ રહયું નહી. તે ઘાહેલ થયલાંઓની પણ કોઇ દાદ લેનારૂ હતું નહી. બેટાઓ બાપને માટે રૂડન કરી રડતા હતા યાને ઘાહેલ થયલાઓ માટે બલી મરતા હતા. જેહાનનો રેવાજ અને તેની રસમ એવીજ છે. તે તારાં પોતાનાંજ (ભવિશમાં) બનનારાં કામોને તારીથી છુપાવી રાખે છે. પરડાની પછવાડે છુપાઈ રહીને તે તારી સાથે કેવી તેજીથી અને તારી ગરજ રાખ્યા વગર બાજી ખેલે છે આપણે તો લાબો વખત સુધી એમ દુખ અને લોભના પંજામાં સપડાયલાં રહીએ છીએ. જે કાંઇ છુપ્યું હોય તેને આપણે કેવી રીતે ખોલ્લું જાણી શકીએ ? તુ પવનમાંથી આવીને પાછો ધુલમાં જવાનો છે તેથી જેહાન તારી સાથે કેવાં મક્કર કરશે તે તું શું જાણે ? ઇરાની લશકરના બે ભાગ માર્યા ગયા હતા અને બાકીનાઓ લડાઇમાં ઘાહેલ થયા હતા તેમજ નાહાસભાગમાં પડયા હતા. સપે-હસાલાર તુસ આ લડાઇથી દિવાનો બની ગયો અને તેનુ અકકલવાળું દિલ અક્કલ વગરનું બન્યું લડાઇની જગ્યાએ લડવાને બદલે તેના લશકરે દારૂની, મજાહ કરવાની અને ઉંધાવાની ખાહેશ કીધાથી તેઓ એવી ઉંઘે ઉંધાયા છે કે તેની ઉપરથી કેટલા જમાનાઓ વહી જશે તોએ એકપણ જન હીલશે નહી કે પાછો સજાગરૂ પણ થશે નહી. જેહાનના અનુભવી ગોદરેજના બુઢાપાના વખતમાં તેની આગળ તેના બેટા, નબીરાઓ કે તેની મીલકત કાંઇ રહયું નહી. ત્યાં તેના ઘાહેલ થયલા (બેટાઓ અને નબીરા) ઓને બીછાણા કે વૈદક ઉપાય કાંઈ મલયું નહી. ત્યાં સઘલે ગમ ફેલાયલો હતો અને લોહીના આંસુઓ વર-સતાં હતાં જેહાનના અનુભવી લોકો તુટેલાં દિલે ગોદરેજ આગળ કાંઇ ઉપાય સોધતા આવ્યા એક ચોકીબાન પાહાડને મઠાલે ઉભો રહીને તે ઇરાની ટોલી તરફથી પોતાની નજરને (ચોકી કરવામા) ટેડવેલી રાખતો હતો. ચોકીબાનની ટુકડી સભાલ માટે દરેક બાજુએ ફરતી રહી તેમના દુખનો ઉપાય કરતી હતી. પછી ઇરાનીઓમાંથી એક નામદારને કંમર તંગ બાધવાનો હોકમ કરવામાં આવ્યો કે જેથી તે જઇને લશકરના સપેહસાલારે જે કામની પેહેલ કીધી અને તે પેહલેથી ઇરાનીઓ ઉપર કેવી આફત પડી તથા કીનો લેવા જતાં કેતુ નુક-શાન થયું તે માટેની ખબર પાદશાહને જઇને પુગાડે.

કૈખસરૂએ ફરીબરૂજ ઉપર નામું લખીને તુસને પોતાની નજદિક બોલાવી મંગાવ્યો તે વિષે.

તેઓનો ચઢતો વખત અંધકાર પાંમ્યાની ખબર લેઇને જ્યારે તે એલ્ચી પાદશાહ આગળ આવ્યો અને બાધુરેના પાદશાહે એ વાતો સમજી ત્યારે તે ચીરડાઈ ગયો અને ગમથી તેનું દિલ ઢપકવા લાગ્યુ. તેના ભાઇ (ફરૂદ) ને માટે તેનુ દિલ દુખી થયું અને તે દુખમાં તેના લશકરના માર્યા જવાના દુખથી વધારો થયો અંધારી રાતથી તે મરઘા બોલ્યા ત્યા સુધી તેણે પોતાની જબાનને તુસને શ્રાપ દેવામાં વાપડી પછી તેણે ભણેલાઓ તથા અકકલમદ લોકોને પોતાની આગળ બોલાવીને તેઓ આગળ પોતાનુ ભરેલુ દિલ ખાલી કીધુ તેના ભાઇના સોગથી તેની આંખ આંસુભરી રહેવા લાગી. પછી તેણે ગુસ્સા ભર્યા દિલે પાદશાહ કાઉસનો બેટો ફરીબરૂજ કે જે પણ લશકરમા આગેવાન દરજ્જો ધરાવતો હતો તેની ઉપર એક નામું મોકલ્યુ. તે નામાની સરૂવાતમાં પરવરદેગાર કે જેણે જમાનો અને જમીનને પેદા કીધી છે તેની તારીફ કરતાં તેણે લખાવ્યું કે " સુરજ અને ચંદ્રનો પેદાનો કરનાર સાહેબ કે જે ભલા અને ભુડાઓને સરખી મદદ આપે છે તેના નામથી આ સરૂ કરૂ છુ તેનાથીજ જીત અને હાર મલે છે અને તેનાથીજ ભલી કે ભુડી ઇચ્છાઓ પાર પડે છે અને મદદ મલે છે. તેણેજ જેહાન, જમીન અને જમાનાને પેદા કિધાં છે, તેમજ કીડીના પગથી તે મોટા પાહાડ સુધીની સઘલી ચિજો તેણેજ બનાવી છે અક્કલ, જીવ, અને શરીરનું જોર તથા મોટાઇ, તાજ અને ઉચુ તખત તેણેજ બક્ષયુ છે. કોઇ પણ તેના ફાંડામાંથી પોતાનુ માથુ છુટું કરી શકતો નથી તેનાથી એક દમામ અને જાહોજલાલી ભોગવેછે તો બીજો ઘણી કગાલ ગરજાઉ અને ગમગીન હાલતમાં અને સખતી ભરેલા દુખ સાથે રહે છે. પ્રકાશતા સુરજથી તે કાલી ધુલ વચે સઘળે ઠેકાણે હું પાક યઝદાંનનોજ ઇનસાફ જોઉ છુ પ્રકાશતા સુરજથી તે કાલી ધુલની વચે કોઈ પણ તે ખોદાના હોકમથી ફરી શકતો નથી. અત્રેથી તુસ કાવ્યાની ઝુન્ડા સાથે તથા ચાલીસ સુનેરી જોડાવાલા શખ્સો સાથે લશકર લેઇને ગયો હતો તેને મેજ લશકર આપી તુરાનમાં મોકલ્યો, પણ તેના પેહેલાજ કીનામા મારો ભાઇ માર્યો ગયો છે. ઇરાનમા આવો (તુસના જેવા) ઉચો દરજજો ભોગવનાર લશકરનો સરદાર કોઈ હોતો ના. મારા જવાન ભાઇ ફરૂદ કે જે નામદારોનો સરદાર અને પેહેલવાનોને ટેકો જેવો હતો તેને માટે અફસોસ હોજો. હજી તો હુ મારા બાપના ગમ માટે જારી અને રૂડન કરતો હતો અને દુખ ભર્યો રહી બલતો હતો તેટલામાં હવે મને મારા ભાઇને માટે

પણ રડવું પડે છે. હું જાણતો નથી કે મારા દુશમન અને દોસ્ત કોણ છે. કેઆની તોખમનો બાધુર પેહેલવાન ફરૂદ પોતાની માય સાથે ત્યાં રહેતો હોવાથી મે તુસને ચરમને રસ્તે નહી જવાને અને કેલાત તથા સેપંદ પાહાડ આગળ નહી થોભવાને કહયું હતુ વળી તે શું જાણે કે તે લશકર ઇરાનની તરફનુ છે કે કોણની તરફનું છે અને તે શાને માટે આવ્યુ છે ?? તેવી તેણે કીલ્લાના દરવાજા બંધ કરવાને બદલે બાહાર નિકળીને પોતાના મગજને લડાઇ કરવામા જીપલાવ્યુ પણ હોય તે શું જાણે કે ઉચા મરતબાનો તુસ કયો છે અને લશકર એકઠું થઇને શા માટે આવ્યુ છે ?? પણ તે હીચકારા અને અકકલ વગરના તુસે પોતાના લશકરને તે કીલ્લા તરફ શા માટે દોરવયું હશે ?? એજ કારણુંને લિધે આસમાનના પેદા કરનાર સાહેબે તુસ અને તેના લશકર ઉપરથી એચિંતી દયા ઉઠાવી લિધી છે ૧ વળી તુસથીજ ગોદરેજના કુટુંબીઓની પણ ખરાબી થઇ છે, માટે તેના ઉપર તથા તેના હાથી અને ઢોલ ઉપર શ્રાપ ઉતરજો ૧ આવા પાદશાહી તોખમના પેહેલવાનનો હલકા ખવાસના તુસે નાશ કીધા માટે અફસોસ લાગે છે તે લાંબા વખતનો સરદાર બન્યાથીજ કાઉસનું નસીબ ઉંધુ વલેલુ રહેતુ હતુ. વળી તે લડાઈ જેવે વખતે નચિંતે ઉઘાયો અને દારૂથી મોજમજાહ કરવાની ઉટાવલમાં પડીયો ! તેનામાં કાંઈજ હુનરો હસ્તી ધરાવતા નથી. માટે તેનો આવો કાલો જીવ લાંબો વખત સુધી જીવવું કરતો ના. હવે તુ જેવું આ નામુ વાંચે તેવોજ તુ ખાવાપીવાને તથા આરામ અને ઉંઘને તારા દિલથી દુર કરીને એ હોકમ ઉપર વિચાર કર્યા વગર તથા ફર્યા વગર તુસને અત્રે જડપથી મોકલી આપજે. તુજ કાવ્યાની ઝુન્ડાનો સુનેરી જોડાવાલો સરદાર તથા સપેહસાલાર બનજે. લશકરને લગતાં તારાં દરેક કામમાં નામદાર ગોદરેજને તારો સલાહકાર બનાવજે અને લડાઇ કરવામાં તુ જરાએ ઉટાવલો થતો ના તુ દારૂ અને ઉંઘથી દુર રહેજે. પેહેલી સરૂવાતેજ તું ઉટાવલો પડી લડાઇ કરતો ના, પણ જે કાંઇ નુકશાન થયું છે તેને સુધારવા માંડજે. દમામ, ઉચુ કદ અને વાઘ જેવા પંજા ધરાવનારો ગેવ તારો લડાઇમાં સલાહકાર બનશે. દરેક ઠેકાણે તુ લશકરી હથીયારો તૈયાર રાખજે અને તુને પણ મોજમજાહનો વિચાર આવે એવુ બનવા દેતો ના."

પછી તે નામાં ઉપર પાદશાહી મોહર દાબવામાં આવી અને કાસદને તે લેઇને રસ્તો કાપવાને એવું કહીને ફરમાવવામા આવ્યું કે "એ નામું લેઇ જતાં તુ દિવસે કે રાતે પણ આશાયશ લેવાને થોભીને ઢીલ કરતો ના, પણ દરેક મંજલે

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

એક એક નવો ઘોડો તૈયાર રખાવજે. તારા દિલમાંથી ખાણીપીણી, આરામ તથા ઉંઘને દુર કરજે." પછી તે કાસદ જમીનને બોસો લેઇને ત્યાંથી જવાને ઉટાવલે બાહાર પડયો૧. એ રીતે તે કાસદ નામદાર પેહેલવાન ફરીબરૂજ આગળ આવી લાગ્યો. તે નામદારે ફરીબરૂજ આવી પુગતાંજ તુરતજ તે પાદશાહનુ નામું તેને આપ્યુ. પછી ફરીબરૂજે તુસને તથા પેહેલવાનોને ત્યાં બોલાવી મંગાવીને બનેલા બનાવ ઉપર કેટલીક વાતચીત કીધી. જ્યારે પાદશાહનુ નામુ ગોદરેજના બેટા નામદાર ગેવ તથા ત્યાના બાહુરો અને પેહેલવાનોની હજુરમાં વાંચવામાં આવ્યું ત્યારે જાણે જેહાનમાં એક નવુ ઝાડ ફળદાર બન્યું અને ઇરાન જમીનના તમામ મરટબાવાલા અને બાહુર શખ્સોએ પાદશાહની તારીફ કીધી.

તુસ ખસરૂ આગળ આવી પુગ્યો અને ખસરૂ તેના ઉપર ચીરડાયો તે વિષે.

પછી સપેહસાલાર તુસે ઢોલ, હાથીઓ અને સુનેરી જોડા સાથે તે કેઆની ઝુન્ડો ફરીબરૂજને સોંપી દેતાં કહયુ કે "લાયકને લાયક મરટબો આપવામાં આવ્યો છે તારૂ નસીબ તમામ વર્ષો સુધી ફતેહ ભર્યુ રેહેજો અને તારા સઘલા દિવસ નોરોજના જેવા (ખુશાલી ભરેલા) રેહેજો." પછી તે નોજરના ખાનદાનના સ્વારો અને લડાયક સેપાહોને સાથે લેઇને તે લડાઇના મેદાનમાંથી વિદાય થયો અને રસ્તામાં કાઇપણ ઢીલ કીધા વગર પાદશાહ આગળ આવી લાગ્યો. તેણે પાદશાહની હજુરમા જમીનને બોસો લિધો પણ પાદશાહે તેના તરફ જરાએ નજર ફેકયા વગર તેને ઠપકો આપવા માટે હોટ ખોલ્યા અને તુસને તે અંજુમન વચે બેહોરમત કીધો. તેણે તેને કહયું કે, "ઓ બુરી નિશાણના શખ્સ! તારૂ નામ બાહુરો વચેથી ગુમ થજો! શું તુને પાક પરવરદેગારનો પણ ડર લાગ્યો નહી? અને શું તુને પેહેલવાનો વચે શરમ કે ધાસ્તી પણ લાગી નહી? તુને પાદશાહી કોલાહ તથા કંમરબંધ સોંપીને દુશમનો સાથે લડવા મોકલતા મેં શુ કહયુ હતુ નહી કે તું ચરમને રસ્તે જતો ના? તે છતાં તેં તેમ કરીને મારાં દિલને ગમમાં નાખ્યુ છે. પણ તેં તો પેહેલાં મારીજ ઉપર કીનો લેવાની તૈયારી કરીને સીયાવક્ષની તોખમનો નાશ કીધો. તે મારો નામદાર અને લડાયક ભાઇ ફરૂદ, કે જેના જેવો બીજો કોઈ શખ્સ કોઇપણ જમાનામાં થવા પાંમશે નહી તથા જેને જમાનો લડાઇમાં

૧ એ બેત લખેલી નકલમાં વધારે છે

તારા જેવો લશ્કરી બનાવવા ઇચ્છતો હતો, તેને તેં મારી નાખ્યો છે. તારા જેવો બદબખ્ત જેહાનમાં કોઇ હોતો ના, અને વળી તારા જેવો લશકરનો સરદાર પણ કોઇ બનતો ના. ડાહયાઓની સનમુખ હવે તારૂ કાંમ નથી કારણુકે તું હુશીયારી કે વિચાર ધરાવતો નથી. માટે તું તાજ, તખ્ત અને દારૂની મીજલશને લાયક થવાને બદલે બંધીખાનુ, બેડી અને ખોલાંનેજ લાયક બન અફસોસ કે પેલા બીન અનુભવી તખવારે પેલી વાતને ખોટી અને હલકી નહી ગણી હતે તો તે ફરદે તારા ઘોડાના શરીરને બદલે તારાંજ શરીરને એકદમ વિંધી નાખ્યુ હતે તેથી જમાનાએ તેને તુસ તરફના આજાબથી બચાવી લિધો હતે. તારી ઉપર તથા તારા હાથી અને ઢોલ ઉપર શ્રાપ ઉતરજો ! કારણુકે તું લડાઈ કરવા ગયો ત્યારથી તેં ખુશાલી અને મજાહ પાળવા સિવાય બીજુ કાંઈ કીધું નથી. તું શેહેરમા રેહેવા લાયકનો નથી પણ તુને તો બાંધી, બેડી પોઈ બીમાર માણુસોની જગ્યામાંજ રાખવો ઘટે છે. તું મીનોચેહેરની તોખમનો અને સફેદ દાઢી ધરાવતો હોવાથીજ તારી જીંદગીએ તુને જીવવાની આશા આપી છે. નહી તો કે મેં તારાં બુરી મનશનીવાલાં માથાને શરીરથી જુદુ કરવાનો હોકમ આપ્યો હતે જા અને હવે તારૂં જાવેદાન સુધીનું મુકામ બંધીખાનાને બનાવ, ત્યાં તારો બુરો ખવાશ તારી નેગેહેબાની કરશે." એટલુ કહીને તેણે તુસને પોતાની આગળથી હાંકી કાઢયો અને તેને બેડી ઘાલવાનો હોકેમ કરીને તેના દિલમાંથી ખુશાલીને તોડી કાઢી.

ફરીબરૂજે સપેહસાલાર બનતાં પીરાન પાસે થોડો વખત લડાઇ મુલત્વી રાખવાની માંગણી કીધી તે વિષે.

જેવો સપેહસાલાર તુસે લશકર છોડીને ત્યાંથી ગમગીન ચેહેરે પોતાના વતન તરફ જવાનો ઉટાવલે રસ્તો લિધો, તેવુજ ફરીબરૂજે તે એક પેહેલવાન તેમજ શાહજાદો હોવાથી પોતાના માથાં ઉપર સપેહસાલારનું તાજ મુકયું. ત્યાર બાદ તેણે પોતાની ઉચ્ચ તોખમ સાથનું નામ સપેહસાલાર તરીકે જાહેર કરવાને તથા તે પાહાડ આગળથી પીરાન આગળ જઇ તેની સાથે એ (સુલેહ) બાબે પુશકલ વાત કરી તેનો જવાબ સમજવા માટે રેહામને ફરમાવતાં તેણે કહયું કે, "તું ભપકા સાથે પીરાન આગળ જઇને તેને મારો એક ખુબી ભરેલો પેગામ પુગાડ. તું તેને કહે જે કે, 'ફરતાં આસમાનની હમેશાં એવીજ કીના અને દયા સાથની રીત હોય છે. તે એકને આસમાનની ઉંચાઇએ ચઢાવી બીજાને ખુવાર કરી રૂદન કરતો અને ગમગીન બનાવી મુકે છે. જે કોઈ બલાને શોધી લેનારા પેહે-

જવાનો હોય તેઓ રાતે અચબુચ હુમલો કરવાની રીતને મરદાનગી ભરેલી સમજતા નથી. જેઓ ભારી ગુરજ ઉડાવનારા બાહાદુરો હોય છે તેઓ રાતે હુમલો કરવાનુ વાજબી પણ જોતા નથી. તેથી જો તું જરા લડાઇ થોભાવા ચાહશે તો હમે પણ થોભીશું પણ જો તારો વિચાર લડાઈજ કરવાનો હશે તો હમે પણ લડાઇ કરીશુ મારો વિચાર લડાઇને એક મહીનો સુધી ઢીલમાં નાખવાનો છે કે જેથી મારા ઘાહેલ થયલા સીપાઈઓ પોતાના પંજા પાછા મેલવી શકે (યાને લડવાને સામર્થવાન થાય) " આથી પેહેલવાન રેહામ ફ્રરીબરૂજનુ નામુ તથા પેગામ પીરાનને પુગાડવાને ત્યાથી બહાર પડયો. તેટલામાં જાસુસોએ આવીને તે રેહામને માર્ગમાંથી જતાં જોઇ તેની પાસેથી તેનુ નામ અને મથક પુછયુ તેણે તેઓને કહયુ કે, " મારૂ નામ લડાયક રેહામ છે અને હું હુનરમાં ચાલાક અને પથ્થર જેવી કાયા ધરાવનાર છુ હુ અત્રેથી કાઉસ પાદશાહના બેટા ફ્રરીબરૂજનો પેગામ પીરાનને પોહોંચાડવા માટે જાઉ છું. આથી તે જાસુસોમાના એક સ્વારે પીરાન આગળ વંટોળ્યાની જડપે જઇને તેને સઘળી વાત કહી કે, " તું લશકરના પેહેલવાન નજદિક ગોદરેજનો બેટો રેહામ લડાઇના મથકેથી આવ્યો છે " આથી પીરાને તેને ખુલ્લાં દિલે અને તાજગી ભરેલી રીતે પોતાની આગળ હાજર કરવાને ફરમાવ્યુ તેથી પેગામ કેહેનારો રેહામ અંદરખાનેથી પીરાન તરફની કાઈ બુરાઇથી ડરતો તેની આગળ આવ્યો પણ પીરાને તેને જોતાજ માનથી નવાજીને પોતાના તખત નજદિક બેસાડી તેને ત્યાં આવવાનુ કારણ પુછયુ. રેહામે જે કાંઇ ભરમ હતો તે તેની આગળ ખુલ્લો કરીને તેને ફ્રરીબરૂજનો પેગામ પુગાડયો ત્યારે પીરાને પેહેલવાન રેહામને એવો જવાબ દિધો કે " તારે રાતના હુમલાને હલકો ગણવો જોઇતો નથી જોકે એ હુમલો અચબુચ અને જડપથી કરવામાં આવ્યો હતો તોપણ ઇરાનીઓએ હમારી સાથે લડાઇ કરવા આવવાનો બદલો મેળવ્યો છે ૧ લડાઈની શરૂઆત તમોએ કીધી અને તેથી હમોએ તુસ સામે ઢીલ કરવાનુ (ડાહાપણ ભરેલુ) જોયું નહી. તેણે હમારા મુલકમાં એક જોરાવર વરૂ માફક આવીને વગર ધારતીએ બુઢાઓ અને જવાનોને મારી નાખ્યા. તેણે કાઇ થોડાને મારી નાખ્યા નથી અને અત્રેથી થોડુ લેઇ પણ ગયો નથી. તેણે આ દેશમા ભલાઇ અને બુરાઇને એક સરખીજ ગણી. તે તુરાની લશકરના સરદાર અફ્રરાસીયાબ ઉપર સીયાવક્ષના ખુનનો કીનો લેવા આવ્યો પણ તેણે તો સીયાવક્ષનાજ બેટા ફ્રરૂદને તેના બાપથી પણ વધારે બુરાં મોતે મારી નાખ્યો કે જેથી તે તાજ કે કમરબધને કદી પણ જોવા પામે નહી જોકે એ હુમલો તેઓ ઉપર ઓચિંતો થયો તોપણ હાલે ઇરાનીઓ તે બુરા-

૧ એ બેત લખેલી નકલમા વધારે છે

ઇનો બહલો (વાજબી રીતે) પાંમ્યા છે. હવે જો તું (યાને ફરીબરૂજ) લશકરનો પેહેલવાન બન્યો છે તો તારી જે ઇચ્છા હોય તે મારી પાસે માંગ: જો તું એક મહીનાની ઢીલ માંગે છે તો મારા લશકરનો એકપણ સ્વાર તારી સાથે લડવા આવશે નહી અને જો તું લડાઇ કરવા ઇચ્છતો હોય તો હું પણ લડાઇ કરવાને તૈયાર છું તેમ હોય તો તુ મેદાનમાં લશકરની સફ ખેંચવાની તૈયારી કરજે. જો તું એક મહીનો માંગી લેતો હોય તો તુ આ તુરાન જમીન છોડી જા અને તારા લશકરને તારા દેશ તરફ હકારી જા પણ તારી અરજ તરપ તું સંભાલથી જોજે નહી તો કે હુંજ તારી સાથે લડવાને આવશ અને વળી ત્યારે તું પાછી ઢીલ કરવાનો વખત માગવા આવતો ના" પછી તેણે રેહામ માટે તેની નામદારીને લાયકનો એક ખેલાત તૈયાર કરાવ્યો. પછી જેમ રેહામ નામુ લેઇને ગયો હતો તેમ નામુ લેઇને ફરીબરૂજ આગળ જડપથી પાછો આવ્યો. ફરીબરૂજે એક મહીનાની મેહેટલ મેલવતાંજ એક સિંહ માફક દરેક બાજુએ પંજો લંબાવ્યો (યાને દરેક બાજુએથી મદદ મેલવી) તેણે દસ દશ હજાર દીરમોની ઠેલીના મોઢાં ખુલ્લાં કીધાંથી ચો બાજુએથી કમાનો તથા કમંદો ખેંચાવા લાગી (યાને મદદ મલવા લાગી) ત્યાર બાદ તેઓ લશકર તૈયાર કરી અને દરેક ચિજની તૈયારીઓ રાખી ત્યાં પાછા ફર્યા.

ફરીબરૂજે પીરાન સાથે પાછી લડાઇ કીધી અને તેમાં ઇરાનીઓની હાર થઇ તે વિષે.

એક મહીનાની આખેરી આવી લાગતાંજ અને લડવાનો વખત થતાંજ તેઓ પોતાની કબુલાત મુજબ નામદારી કે શરમીંદગી મેલવવાને પાછા ફર્યા. તેથી દરેક બાજુએ સેપાહોનાજ પોકારો નિકળવા લાગ્યા અને સઘળાઓ લડવાની જગ્યાએ આવવા લાગ્યા રણશીંગડા, ઢોલો અને ઘાંટોના પુશકલ અવાજથી જાણે આસમાન પણ હીલવા લાગ્યુ વળી ઘોડાઓની ગરદનથી, અને લગામોથી તથા ગુરજો, તલવારો, કમાનો અને ભાલાઓથી તું કહેશે કે જાણે જેહાન અઝદાહના દાચાંમાં જઈ પડી છે અને આસમાન તથા જમીન એક થઇ ગયાં છે પુશકલ તલવારો, ગુરજો, કમંદો અને ઢાલોથી એક મચ્છરને પણ ત્યાંથી પસાર થવાની જગ્યા મલતી હતી નહી. વીસેના બેટા પીરાને પણ લશકરને તૈયાર કીધુ અને તેથી ઉડતી ધુલથી ફરતુ આસમાન પણ કાલા રંગનુ બન્યું. લશકરની જંગની બાજુએ પેહેલવાન રૂઇન[1] દરત અજ-

---

૧ 'રૂઈન' એ પીરાનનો બેટો થતો હતો, જે પાછલથી બેજનને હાથે મારયો ગયો હતો.

આવનારા નામદારો સાથે ઉભો. પેહેલવાન લેહાક ૧ કે જેના પંજામાં એક સિંહ પણ ઘેટું બની જતો તે લશકરની ડાબી પાંખે ઉભો. પીરાન તથા કીનાના ડેડાવ ભર્યો હોમાન ૨ તથા નસતીહન લશકરના મધ્ય ભાગમાં ઉભા. ફરીબરૂજ તે તુરાની લશકરને જોતાંજ પાહાડ ઉપરથી નિચે ઉતર્યો અને પોતાના લશકરની સફ ખેંચી. તેના લશકરની જમની બાજુએ ગોદરેજનો બેટો ગેવ મોબેદો તથા દેશના વડાઓ સાથે ઉભો. લડાઈ વખતે લોહીનો દરીઓ બનાવી નાખનારો તિક્ષણ પંજાનો અશકશ ડાબી બાજુએ જઈ ઉભો. પેહેલવાનોના લશકરના મધ્ય ભાગમાં કાઉસ પાદશાહનો બેટો ફરીબરૂજ રહયો અને તેની પુઠે કાબ્યાની ઝુન્ડો રાખવામા આવ્યો

પછી ફરીબરૂજે પોતાના લશકરને કહયુ કે "આપણા હુનરો છુપાઇ ગયલા હોવાથી આજે આપણને સિહો માફક લડવું જોઇશે અને બુરી મનશનીના લોકો ઉપર જેહાનને તગ બનાવવી પડશે નહી તો કે આપણા લશકર ઉપર જાવેદાન સુધીની શરમ ચોટાયલી રેહેશે અને ગુરજો તથા રૂમી કોલાહો આપણી હસી કરશે" પછી તે બંને લશકર કે જેમાં સઘળાઓ કીનો લેનારા અને લડાઇ શોધનારાજ હતા તેઓ સામા સામી આવી ઉભાં. જેમ પાનખર રૂતુનો પવન ઝાડ ઉપર પોતાની અજમાયશ કરે તેમ તેઓએ ત્યાં તીરનો મજબુત વરસાદ છોડયો, તેથી તુ કહેશે કે જાણે હવા ગીધોથી ભરાઇ ગઈ છે અને હાથીઓના પગોથી જમીન પોચી બની છે તીરોથી તથા પોકાર મારતા લશકરથી ઉડતી ધુલથી ત્યાં પક્ષીઓને ઉડવા માટે પણ જગ્યા રહી નહી ધુલારાં વચેથી તલવારોના ચમકાર આતશ માફક ચમકી રેહેવાથી તુ કહેશે કે જાણે જમીન હબસીના ચેહેરા જેવી બની છે અને લડાયક માણસોના દિલ સેતારા માફક બન્યાં છે પુશકલ નેજાઓ, ગુરજો અને તિક્ષણ તલવારોથી જાણે જેહાનમાં રસ્તાખેજ ઉઠી રહી હતી. ગેવ લશકરના મધ્ય ભાગમાંથી પોકાર મારતો અને ગુસ્સાથી હોટ ઉપર ફીન ચઢાવતો લશકરની સફ આગળ આવ્યો ગોદરેજના ખાનદાનના નામદારો કે જેઓથી લશકરને ફાયદો યા નુકશાન પુગતુ તેઓ પણ તેની સાથે ત્યાં આવ્યા. પેલી તરફથી પીરાન પણ તેના ચુસ્ત પેહેલવાનો અને કુટુબીઓ સાથે હરોલમાં આવીને બાધુર ગેવ સાથે ઓચિંતો એવી રીતે લડવા વલગ્યો કે જેથી તેણે જેહાનની રોશની પણ ખુચવી લિધી. જ્યારે ગોદરેજે તેની એ પ્રમાણેની

---

૧ 'લેહાક' એ એક તુરકી પેહેલવાનનું નામ છે

૨ 'હોમાન' એ પીરાનનો ભાઈ થતો હતો, જે પાછલથી 'કનાબદ'ની લડાઈની અંદર બેજનને હાથે મારયો ગયો હતો.

લડાઈ જોઈ તથા તેણે નામદારોના ચેહેરાને ધુલથી ભરાયલા જોયા ત્યારે તે પણ, લશકરના વચલા ભાગમાંથી તેના ઉપર એક હુમલો લેઇ ગયો, અને પોતે, તુરાની લશકરના વચલા ભાગમાં જડપથી હોમાયો. તેઓ એકમેકને છુડવા લાગ્યાથી તે તમામ ફીનાતું મેદાન લોહીના દરીયા જેવું બન્યું. તેઓ તીર અને નેજાથી એવી રીતે હુમલા કરતા હતા કે તેથી લોઢાંમાંથી પણ આતશ નિકલતો હતો. એ રીતે ગોદરેજ અને પીરાન વચેની લડાઈ સખત થઇ પડી, જેમાં નવસો જેટલા પીરાનના ખાનદાનીઓ માર્યા ગયા. જ્યારે લેહાક અને ફરસીવરડે એ પ્રમાણે જોયું ત્યારે તેઓએ પણ ઓહોલાં લશકરમાંથી પેહેલવાનોને તેડીને ગેવના ગુરજવાળા મરદાનેમરદો ઉપર હુમલો કીધો. તે સરદારોએ બખતરવાલા ઇરાની નામદારો ઉપર કમાનથી તીર ફેકવા માંડયાં. પછી તેઓએ પોતાની કમાન બાજુએ ઓલવીને તુરતજ તલવાર ઉપર હાથ નાખ્યા. તેથી એવુ બન્યું કે કોઇને પણ જેહાનની સપાટી જણાઇ નહી. પુશકલ મુરદાંઓથી જમીન ઢકાઈ ગઇ. દરેક સીપાઇ પોતાની પીઠને બીજા સાથે અથડાવીને ઉભો રહયો અને જે જગ્યા તે પકડીને ઉભો રેહેતો તે તે છોડતો હતો નહી.

પછી હોમાને ફરશીવરદને કહયું કે "આપણને ઇરાની લશકરના વચલા ભાગમાં લડાઇ કરવા જઇને લશકરના મધ્ય ભાગમાંથી ફરીબરૂજને નહસાડવો જોઇએ કે જેથી તેની પુઠે તેનુ લશકર પણ નાહાસવા માંડે. પછી આપણને લશકરની જમણી પાંખ સાથે લડવાનું સેહેલ થઇ પડશે, અને તેઓનો તમામ અસબાબ આપણે હાથ આવશે" આથી તેઓ કાઉસ પાદશાહના ફરીબરૂજ સાથે લડવા માટે લશકરના વચલા ભાગ તરફ ગયા. તુરકીઓની નજર લશકરના વચલા ભાગ તરફ દોડતાંજ તે ભાગ એક હુમલાથી ઉખેડાઇ ગયો. હોમાનને જોઇ પેહેલવાન ફરીબરૂજે નાહાસવા માંડયાથી તેના બાહાદુર પેહેલવાનો લડાઇમાં હાર ખાવા અને પોતાની જગ્યા દુશમનોને સોંફવા લાગ્યા. આથી હોમાન અને ફરશીવરદ પોતાના આવા વિચાર માટે મગરૂર બન્યા. એકેએક ઇરાનીઓએ પોતાની જગ્યા દુશમનોને સોંપી દિધાથી ઇરાની પેહેલવાનોમાંથી કોઇ પણ ત્યા મજબુતી સાથે ઉભો રહી શકયો નહી તેઓને પોતાના પરગમો અને ઝુન્ડાને પણ પોતાની જગ્યાએ નહી જણાયાથી તેમની આંખે અંધારાં ફરી વલ્યાં તેથી તે બાહાદુરો દુશમનોને પીઠ દેખાડવા લાગ્યાથી તેઓનાં એવાં કામથી તેઓની મુઠીમા ફકત હવાજ રહી (યાને તેઓનું કામ બરબાદ ગયું) તેઓના પરગમો, વાવટાઓ અને ભાલાઓ ઉધા પડયા અને ત્યાં જીનના પાવડા કે લગામ કાઇ રહયુ નહી તેઓના દિલ એકી વખતે ઉલટાઈ ગયાથી તે મેદાન તથા પાહાડ લોહીથી રંગાઇ ગયા. ફરીબરૂજે ઓબાજુએ દુશમનોને

ફરી વળેલા જોયાથી પાહાડનો આસરો લિધો. ઈરાનીઓમાંથી જે કોઇ જીવતા રહયા તેઓ ત્યાંથી નાહાસી ગયા તેઓની આવી હીચકારી જીંદગી ઉપર આપણને રડવુ જોઈએ. પણ ગોદરેજ, ગેવ તથા લશકરના બીજા પુશકલ નામદાર પેહેલવાનો તો પોતાની જગયાએ ટકી રહયા જ્યારે કેશવાદના બેટા ગોદરેજે કાઉસના બેટા ફરીબરૂજને તથા લશકરના બીજા પેહેલવાનોને તથા કાવ્યાની ઝુન્ડાને લશકરના મધ્ય ભાગમા જોયા નહી ત્યારે તેનુ દિલ આતશની માફક ઉશકેરાઈ ગયું. ગોદરેજના ખાનદાનીઓથી (દુશમનો) ઉપર રસ્તાખેજ વરસવા છતાં તેઓએ પણ નાહાસવાને લગામ ફેરવી આથી ગેવે ગોદરેજને કહયુ કે "ઓ બુઢા પેહેલવાન ! તે તો પુશકલ ગુરજો, તલવારો અને તીરોનો મારો જોયો છે, તેથી જો તું પણ પીશન સામેથી નાહાસવા માગતો હોય તો તારે પેહેલાં મારાં માથાં ઉપર ધુલ છાટવી ઘટે છે (યાને મને મારી નાખવો ઘટે છે) જેહાનમાં પેહેલવાનો કે મોટા દરજજાના અનુભવી લોકો કે કોઇ પણ જીવતુ રેહેનાર નથી મને તેમજ તુને પણ મરવા સિવાય છુટકો નથી. તુ કાંઈ વધારે જીવવા માટે મોત સાથે લડવાનો નથી. માટે જ્યારે આવો સખત વખત નજદિક આવ્યો છે ત્યારે તેવા વખતમાં તે લોકો તારી પીઠ જોય તે કરતાં તારો ચેહેરો જોશે તો તે ભલુ ગણાશે. હુ તો આ જગ્યાએથી લડાઇ કર્યા કરવા સિવાય મારૂં માથુ ફેરવવાનો નથી. આપણને (દટાયલા) કેશવાદની ખાક ઉપર શરમ પુગવા દેવી જોઈતી નથી આએ વાત કે જે જુના વખતથી ચાલતી આવી છે તે શુ તેં દાનાવોથી સમજી નથી કે 'જો બે ભાઇઓ એક એકની પીઠને સાથે અથડાવી ઉભા રહે તો તેઓ પાહાડના શરીરને ધુલ બનાવી મુઠીમાં પકડી શકે.' તારી સાથે તારા સીતેર લડાયક બેટાઓ છે અને વળી આપણા ખાનદાનના પુશકલ હાથીઓ જેવા અને શેર નરોના જેવા શખ્શો છે. તેથી આપણે આપણા દુશ્મનોના દિલને ખંજરથી ભાજી નાખીશું અને જો આપણી સામે એક પાહાડ પણ આવશે તો તેને પણ જડમુળથી ઉખેડી કાઢશું. જ્યારે ગોદરેજે ગેવનું આવુ કેહેવુ સમજ્યું અને તેણે પોતાના બાહુર કુટુંબીઓને માથા ઉપર ટોપી સાથે લડવાને તેયાર જોયા ત્યારે તેને પોતાની આવી અકકલ અને વિચાર માટે પસ્તાવો થયો. અને તેણે પોતાની જગ્યાએજ રહી લડવા માટે પોતાના પગોને પોહોળા કીધા. આથી ગોરાજેહ અને ગસતહમ પણ બરતેહ અને જંગેહ પેહેલવાનની સાથે લડવાને બાહાર પડયા. તેઓએ વચન નહી તોડવાના એવા સખત સોગંદ લિધા કે "જો અત્રેથી ગુરજોથી નદી માફક લોહી પણ વેહેતુ થાય તોપણ આપણે આ લડાઇમાથી આપણા ચેહેરાને ફેરવીશું નહી, પણ આપણે સઘળાઓ પીઠ સાથે પીઠને

અથડાવીને આપણી જતી રેહેતી નામદારીને મુઠીમાં ચિવટ પકડી રહીશું." ત્યાર બાદ તેઓએ ત્યાં પોતાના પગોને લડવા માટે પોહોલા કરીને લડવા માટે ગુરજો ફેરવવા માંડયા. આથી દુશમનોના પુશકલ નામદારો મારયા જવા લાગ્યા' એ પ્રમાણે વળી ત્યાં વખતનુ પાસુ ફેરવાઈ ગયુ ખુદા ગોદરેજે બેજનને કહયુ કે "તું અત્રેથી ગુરજ ફેરવતો અને તીરો ફેકતો લગામ ફેરવીને ફરીબરૂજ આગળ જડપથી જા અને કાવ્યાની ઝુન્ડાને મારી આગળ પાછો લેઈ આવ. જો ફરીબરૂજ પોતે પણ તે વાવટા સાથે અને પોતાના[1] તલવારવાલા સ્વારો સાથે અત્રે આવીને આપણી પીડ સાથે પીડ અડડાવશે તો આવો સખત વખત પણ નરમ બની જશે ?"

બેજન ફરીબરૂજ આગળ કાવ્યાની ઝુન્ડો લેવાને ગયો તે વિષે.

જ્યારે બેજને એ પ્રમાણે સમજ્યું ત્યારે તેણે ઘોડાને ઉશકેરીને દોડાવ્યો અને ત્યાંથી વિજળીના આતશ માફક ફરીબરૂજ આગળ જઇને કહયુ કે "તું અત્રે શા માટે ભરાઇ બેઠો છે? તુ પણ એ પાહાડને મઠાલે વધુવાર થોભ્યા વગર તારી લગામને એક પેહેલવાનની માફક (લડાઇ તરફ) ફેરવ. જો તું નહી આવતો હોય તો આ ઝુન્ડો તેમજ તારા આ તલવારવાલા મજબુટ સ્વારો મને સોફ." જ્યારે બેજને ફરીબરૂજને એ વાત કહી ત્યારે તેણે અક્કલને પોતાના દિલની સાથી તરીકે બનાવી નહી. તેથી તેણે મોટે સાઢે બેજનને જવાબ દિધો કે તુ અત્રેથી ચાલ્યો જા. તુ કામમાં આકલા સ્વભાવનો અને લડાઈ કરવામાં નવોસવો છે. આએ ઝુન્ડો તેમજ લશકર તથા પેહેલવાની તખત અને તાજ પણ પાદશાહે મને સોફયુ છે. તેથી એ ઝુન્ડો કાઇ ગેવના બેટા બેજનને કે જેહાનના તમામ પેહેલવાનોમાંનાં કોઇને પણ લાયક નથી" આથી બેજને તલવાર ઉગામીને તે ઝુન્ડાના વચલા ભાગ ઉપર એક ફટકો માર્યો, જેથી તે કાવ્યાની ઝુન્ડાના બે ટુકડા થઇ ગયા તેમાંથી તેણે એક અરધો ભાગ ઉચકી લિધો અને તે પોતાના લશકર માટે લેઇને તે તેઓ વચેથી પાછો ચાલી ગયો. જ્યારે તુરકીઓએ માર્ગમાંથી તે ઝુન્ડો લેઇને તેને જતા જોયો ત્યારે સિંહના જેવુ દિલ ધરાવનારૂ એક લડાયક લશકર બેજન તરફ સામતું ધસી આવ્યું અને તે કાવ્યાની ઝુન્ડા માટે લડવાને તેઓએ ગુરજ તથા તલવાર બાહાર ખેચી. હોમાને લશકરને એ પ્રમાણે કહયું કે "આ તે ઝુન્ડો છે કે જેમાં ઈરાનનું

---

1 એ બેત લખેલી નકલમા વધારે છે.

સઘળું જોર સમાયલું છે. તેથી જો એ જાંબુરી ઝુન્ડો આપણે હાથ કરીશું તો આપણે તે પાદશાહના દિલ ઉપર જેહાનને તંગ બનાવી શકીશું." પણ બેજનને એક પેહેલવાનની માફક કમાન ખેંચીને તેઓ ઉપર તીરનો વરસાદ છોડયો જયારે બેજનને પેહેલવાનો જેવા લડાયક સીપાહઓને તેની આસપાસ ફરી વલેલા જોયા, ત્યારે તેણે તીરથી તે સીપાહઓને પોતાની નજદિક આવતા દૂર કીધા, અને ફાડી ખાનારા વરૂઓને માટે (તેમને મારી નાખીને) જીયાફત બનાવી આપી. ગેવે અને ગસતહમે તેઓ પાસે જે કાંઈ લશકર બાકી રહયું હતું તેઓને કહયું કે "આપણી આગળથી તુરાની લશકર ચાલી ગયુ છે તેથી કદાચને બેજન ઝુન્ડો લેઇને માર્ગમાંથી આવી લાગતો હશે" આથી તે ઇરાની પેહેલવાનોના બાધુર સરદારો પણ ભારી ગુરજ ઉડાવી ત્યાં આવી લાગીને તુરાનીઓના પુશકલ સ્વારોને મારી નાખ્યા તેથી નામદાર બેજન તે લડાઇની જગ્યાએથી પોતાના લશકર નજદિક જડપથી આવવાને સામર્થવાન થયો, અને ઇરાની બાધુરોએ તે રસ્તાને દુશમનોની સામે બંધ કરી લિધો. એક ફાડીખાનારા સિંહ માફક હાથમાં કાવ્યાની ઝુન્ડો પકડીને બેજનના આવી લાગતાંજ ઇરાની લશકર તે ઝુન્ડા આસપાસ ફરી વલ્યું. તેથી સ્વારોથી ઉડતી ધુલથી હવા કાલી બની. પછી તેઓ બીજી વખત લડવાને ઉભા અને તે લડાઇના મેદાનને નવેસરથી સંગાર્યું પણ રીવનીજ કે જે કાઉસને પ્યારા જીવ માફકનો હતો તે લશકરની હરોલમાં માર્યો ગયો. તે તાજ પેહેરનારો શખ્સ કાઉસનો નાનો બેટો હતો જે ફરીમરૂજને ઘણો કામનો અને તેના બાપને ઘણો વાહાલો હતો. તે તાજવરનું ડોકું ધુલમા પડતાંજ પુશકલ નામદારોએ પોતાના પોશાકને ગમથી ફારી કાઢયા ત્યાર બાદ ગેવે એક પોકાર મારયો કે, "ઓ નામદારો અને બાધુર પેહેલવાનો! કાઉસના બેટા ફરીબરૂજ આગળ હવે રીવનીજ જેવો પણ રહયો નથી બુઢા કાઉસની તોખમના નબીરાઓ અને બેટા મલીને ત્રણ શખ્સો કપાઇને માર્યા ગયા છે સીયાવક્ષના બેટા ફરૂદ અને રીવનીજ કરતાં જેહાનમાં બીજી કહી અજબ જેવી ચિજ હોય એ શાહજાદાએ માથે મોતીઓ, યાકુતો અને ચલકતા હીરાઓથી મઢેલું એક તાજ પેહેરયું હતું તેથી જો તે જવાન પાદશાહનુ તાજ દુશમનોને હાથ જશે તો આપણી ઉપર શરમ પોંહોચશે. તેને માટે આ લડાઈની જગ્યાએથી મારા ત્યાં જવાથી ઇરાની લશકરની હાર થાય છે. પણ આ લડાઇની સફ વચેથી એ પાદશાહી તાજ દુશમનોને હાથ જવું જોઇતું નથી. રીવનીજના માર્યા જવા પછી વળી આ તાજથી આપણી શરમમાં બીજી શરમનો વધારો થશે" એવું બન્યુ કે ગેવનું એમ બોલવુ નામદાર બાધુર સપેહસાલાર પીરાને સમજ્યુ. તે પેહેલવાન પોતાના બાધુરો

આગળ એ તાજ માટે શું બોલ્યો તે જયારે પીરાને જાણ્યું,[૧] ત્યારે તેણે તુરકીઓને કહયુ કે "આ લશકરના તમામ શખ્સોએ મારે ખાતર અત્રેથી દોડીને તે લશકરની બે સફ વચેથી મરદાનગી અને જોર વાપડીને તે તાજને તમારે હાથ કરવું જોઇએ? આપણે એ તાજ એમ હાથ કરીશુ તો તેથી તે ઈગની-ઓને આપણે હાર આપેલી ગણાશે?" આથી બધે બાજુના સીપાઇઓએ (તે તાજ માટે) લડવા બાહાર પડીને ત્યાં જનુની સિહો માફક લડાઇ કીધી તથી તે નામદારના તાજ માટે નવેસરથી એક લડાઈ થવાથી બધે બાજુના લશકરમાંથી ઘણા માણસો માર્યા ગયા અને ઇરાનીઓનુ નસીબ ઉધું પડયુ. પેહેલવાન બેહેરામે એક સિંહ માફક તે લડાઇમા ઉતરીને દુશમનો ઉપર નેજાથી હુમલો કરી તે તાજને ભાલાની અણી વડે ઉચકી લીધુ, જેથી બધે તરફનુ લશકર અજબ થયુ. તે નવી રસમનુ તાજ પાછુ હાથ આવ્યાથી ઇરાની લશકર ખુસી થઇ ગયુ એ પ્રમાણે તેઓ દર પળે લડાઇમાં રોકાયલા રહીને એક મેકના માથાં ગુરજ વડે છુડગા હતા. જયા સુધી અધારૂ થયું અને અધારાથી તેઓની આખો હેરાન થવા લાગી ત્યાં સુધી એજ પ્રમાણે ચાલ્યુ તેથી તે નામદારો વચેથી ગોદરેજના ખાનદાનના ઘણાએક સરદારોનો અત આવ્યો? ગોદરેજના ખાનદાનનાં ફકટ આંઠજ શખ્સો જીવતા રહયા અને બાકીનાઓ તે લડાઇમાં માર્યા ગયા. વળી ગેવની તોખમના તાજ અને ખજાનાને લાયકના પચીસ શખ્સો માર્યા ગયા વળી રીવનીજ ઉપરાંત કાઉસની તોખમના મીતેર સ્વારો અને શેરમર્દો જેવા શખ્સો માર્યા ગયા તે તાજદાર પેહેલવાન (રીવનીજ) તેઓ સાથે ગણત્રીમા નહી ગણાયો હતે તો ઠીક થતે

(સામી બાજુએ) તે દિવસની લડાઇમા પીરાનના ખેસીઓમાંથી ૯૦૦ સ્વારો ગુમ થયા હતા તથા અફરાસીયાબની તોખમના ૩૦૦૦ માણસોના નસીબ ઉધમા પડયા હતા. પણ તે લડાઇના મેદાનમા પીરાનની જીતનો વખત હતો અને તેને જેહાનમાં તેનુ નસીબ દિપાવતુ હતુ એ લડાઇમાં ઇરાનીઓનો ફાવવાનો વખત નહી હોવાથી તે લડાઇ કરતાં પણ તેનુ પરીણામ નુકશાનમાંજ આવ્યુ. આથી તેઓએ ઘાહેલ થયલાઓને ત્યાજ રીબતા નાખી તે લડાઇનાં મેદાનમાથી મોઢુ ફેરવ્યુ તેઓ હાર ખાઇને લાબો વિચાર કરતા તે પાહાડ તરફ પાછા ફર્યા ગસતહમનો ઘોડો માર્યો જવાથી તેનુ નસીબ ત્યાંજ ઉધું વળ્યાથી તેને હાથમા નેજો તથા દિલ ઉપર બખતર અને તોપી સાથે ત્યાંથી એક છાકટ માફક ચાલતુ જવુ પડયુ જયારે બેજન ગસતહમ આગળ આવી

---

૧. એ બેત લખેલી નકલમા વધારે છે.

લાગ્યો ત્યારે રાત પડીને દાહાડાની રોશનીએ અંધકાર પકડયો હતો. તેથી એજને ગસતહમને કહયું કે "ઉટાવલ કર અને મારી પુઠે ચઢી બેસ. તારા કરતાં બીજો કોઈપણ શખ્સ મને વાહાલો નથી" પછી તે બંને જના ઘોડા ઉપર સાથે બેઠા અને જ્યારે તદન રાત થઈ ગઇ ત્યારે સઘલાઓ તે લડાઇના મેદાનમાંથી નાહાશીને પાહાડની કધનમાં આવી ભરાયા. સઘલા તુરકી સ્વારો ખુશાલ દિલના બન્યા અને તેમના દિલ મેહેનત અને ગમથી છુટકારો પાંમ્યાં. આથી તેઓ લડાઈ કરવાને તૈયાર રહી ભપકાથી ચાલીને પોતાની છાવણીમાં પાછા ફર્યા. ઈરાનીઓ કાવ્યાની ઝુન્ડો લેઇને નાહાસીને ભરાઇ ગયા. તેઓમાંનાં કેટલાકોના માથાં દુશમનોની કમંદના ફાંસામાં પકડાયાં તથા કેટલાકોના ડોકાં કાળી ધુલમાં પડયાં. આથી તે માટે ઈરાની પેહેલવાનો વચેથી રડનના પોકારો નિકળવા લાગ્યા, અને તેઓના રડન કરવાના તે પોકારોથી ગોયા કાન પણ બેહેરા થઇ જવા લાગ્યા. તેઓમાના ઘણાકના વાહાલાંઓ માર્યાં જવાથી દરેક જુદુ જુદુ રડન કરતા હતા.

બેહરામ પોતાનો ચાબુક શોધવા માટે લડાઇના મેદાનમાં ગયો અને તે તઝાવને હાથે માર્યો ગયો તે વિષે.

જયારે નસીબ ચઢતીમાંથી પડતીમાં આવે ત્યારે કોઇ માણસ મુગો અને બીહીકન બને તો તેમાં કાંઇ ખોટુ નથી બેહરામે પોતાના બાપ આગળ દોડતો આવીને કહયુ કે, "ઓ નામદાર હુનરમંદ બાપ ! જે વખતે મેં પેલુ તાજ ઉચકી લેઇ તેને નેજા વડે વાદલ તરફ ઉંચે ઉચકયું હતું તે વખતે મારો એક ચાબુક ખોવાઇ ગયો હતો જો તે કમીના તુરકીઓના હાથમાં આવશે તો તે માટે હુ મોટા દરજજાના બેહરામને અફસોશ છુટશે, અને જેહાન મારી નજરમાં અકારી લાગશે તેના ચામડાં ઉપર મારૂં નામ લખેલું છે જે હવે તુરકીઓનો સપેહસાલાર હાથમાં પકડશે અને તેને જ્યારે ઓલખશે ત્યારે મને શરમ પુગશે અને તે શરમને લિધે મારૂં નામ બોંયે પડશે. માટે ગમે એવી મુશકેલી નડે તોપણ હુ જડપથી ત્યાં જઇને તે ચાબુક પાછો લાવવા માગુ છું. મારા બુરા સેતારાની ચાલથી મારી ઉપર એવી બુરાઇ આવી પડી છે કારણ કે તેથી મારૂં નામ ધુલમાં ગબડી પડશે." ત્યારે બુઢા ગોદરેજે તેને જવાબ દિધો કે "ઓ બેટા ! તુ તારા હાથે તારા નસીબને ઉધું વાલશે. ચામડાનો પટો બાંધેલી એક લાકડીના ટુકડા માટે તું વગર ફોકટનો બુરી મનશનીના શખ્સોના દાચાંમાં જઇ પડવા માંગે છે. કદાચને તેઓ ત્યાં તારો જીવ લેવા આવશે ત્યારે ત્યાં છુપી

રીતે તારે શા માટે અમસ્થું જવુ જોઇએ." લડાયક બેહરામે તેને કહયું કે "શુ હુ મારા કુટુંબીઓ વચે ચઢતો નથી? જેનું મોત જે જગ્યાએ આવ્યું હોય અને ત્યાંજ તે મરવાનો હોય તો પછી (બચાવ માટે) વગર ફાકટની કમાન પણુ શાને માટે લેઇ જવી જોઇએ?" ત્યારે ગેવ બોલ્યો કે "ઓ મારા ભઇ! તું ત્યાં ના જા મારી પાસે પુશકલ નવા ચાબુકો છે. એક સુના અને રૂપાંના હાથાનો છે અને બેના હાથા પાણીવાલા હીરાઓથી ભરી લીધેલા છે. જ્યારે ફરંગીસે પોતાના ખજાનાના બારણા ખોલાં કીધાં હતાં ત્યારે તેણીએ મને પુશકળ હથીયારો અને કંમરબંધો બક્ષેસ કીધા હતા. તે હથીયારો સાથે મેં એ ચાબકા પણ મેલવ્યા હતા. જ્યારે બીજુ વગર અગત્યનું જે હતું તે તુરાનમાંજ હું મુકી આવ્યો હતો. મને કાઉશ પાદશાહે પણુ એક ચાબુક બક્ષયો હતો જે ઉપરના હીરાઓથી તે પ્રકાશતા ચાંદના જેવો લાગે છે. વળી મારી પાસે બીજાં પાંચ (ચાબકા) સુનાથી સગારેલા છે અને તેની ઉપર પાદશાહી જવેહરાતો જડી લિધેલા છે. તે સઘલા સાત ચાબુકો જો તુ અત્રેથી ત્યાં નહી જાય અને વગર ફાકટની નવેસરથી લડાઈની તૈયારી નહી કરે તો હું તુને આપી દેવશ." પેહેલવાન બેહેરામે ગેવને જવાબ દિધો કે "આ કાંઇ તું હલકી જેવી શરમ ના સમજ. તારી પાસે જુદી જુદી જાતના અને નકસીવાલા ચાબુકો છે એમ તું કહે છે પણ મારૂં નામ તે ચાબુકને લિધે શરમ સાથે જોડાયલું છે. અક્કલમંદને જોર, હીમત અને બાધુરી એ ત્રણે સાથે મલતુ નથી.[1] તેથી મારે તે ચાબુક પાછો મેળવવો, નહી તો કે મારાં માથાંને સુડી વચ્ચે મુકીને પણુ તે માટે કોશેશ કરવી મારે મારા નામને ખરાબ લાગવા દેવું ઘટતું નથી. તેથી હું અત્રેથી જવશ અને ત્યાંથી મરી ગયલો, નહી તો કે નામદારી અને આબરૂ સાથે પાછો ફરશ.[1]" તેને માટે પરવરદેગારની મરજી બીજીજ રીતની હોવાથી તેનું નસીબજ ઉલટુ ફરતુ હતુ. જ્યારે કોઇનું નસીબ ઉધમાં પડવાનું થાય છે ત્યારે તે માણુસનુ મગજ પણુ વગર ફાકટનુ ઉટાવલમાં પડે છે આથી બેહરામે પોતાના ઘોડાને મારીને દોડાવ્યો અને તે લડાઇવાલી જગ્યા, કે જ્યાંની જમીન ચંદ્રની રોશણીથી દિપી રહી હતી ત્યાં આવી લાગ્યો. ત્યાં તે માર્યા ગયલાઓ માટે દુખી બનીને જાર જાર રડીઓ. રીવનીજનું શરીર લોહી અને રેતી વચે ગરક થઇને પડેલું હતું અને તેનું બખતર ભાંગીને ભુકો થઇ ગયું હતુ તે રીવનીજ કે જે ઉમેદ આપનારો સ્વાર અને બાધુર જવાન હતો તેને માટે પણ સિંહ જેવો બેહરામ જારી કરીને રડતાં બોલ્યો કે "તુ હમણા એક મુઠીભર ખાક માફક શા માટે માર્યો ગયો પેહેલાં તારા મેહેલમાના બુઢ્ઢાઓ

---

1 એ બેત લખેલી નકલમાં વધારે છે.

કબરમાં દટાવા જોઇતા હતા ” પછી તે પોતાના એક પછી એક ભાઇઓ કે જેઓ પણ તે ઓહોલાં મેદાનમાં માર્યા ગયા હતા તેઓ આગળ ફરી વલ્યો. તે નામદારો વચ્ચે એક ઘાહેલ થયલો માણસ પડયો હતો કે જેનો જીવ તે તુરકીઓની તલવારથી બચવા પામ્યો હતો. તેણે બેહરાંમને જોતાજ રડીને તેનુ નામ પુછયુ બેહરામ બોલ્યો કે "ઓ નામદાર! એ તો હું છુ હમણા તુ શું માંગે છે તે કેહ?" તેણે કહયુ કે "ઓ સીહ જેવા શખ્સ! હુ જીવતો છુ તે છતાં મુવેલાઓ વચ્ચે પડયો છુ બે દહાડા થયા હું રોટલી અને પાણી વગર તવલું છુ અને મને કાંઇ કપડા ઉપર સુવા ગમે છે " આથી બેહેરામ જડપથી તેની આગળ આવીને જીવેજાનથી તેનો મેહેરબાન અને ખરા દિલથી તેનો બેગી બન્યો તે તેને માટે પોતાનો ચેહેરો પીખીને રડીઓ અને પછી પોતાનો પોશાક ફાડી તેને પાટા બાંધ્યા ૧ પછી બેહરામે તેને કહયુ કે " આ ઘાહ કેટલા છે તેનો વિચાર તુ કરતો ના જો હું એ બાધતે નહી તો તુ મરી જતે એ બાધી રેહેવા પછી તુ આપણા લશકર આગળ આવજે. હવે તુ એ ઘાહેલ હાલતમાથી જલદી સારો થશે શાહજાદા રીવનીજનુ તાજ મેલવવા જતા મારો આ મેદાનમા એક ચાબુક ગુમ થઈ ગયો હતો તેથી તે શોધી રહીને હુ તારી આગળ આવી તુને જલદીથી લશકર આગળ લેઇ જવશ." પછી તે ત્યાથી ઉટાવલે લશકરના મધ્ય ભાગવાળી જગ્યા તરફ ગયો અને જયા સુધી પોતાનો ચાબુક શોધી કાઢયો ત્યા સુધી તે ત્યાં રખડયો. તે ચાબુક ધુલ અને લોહીથી ખરડાયલો ઘાહેલ થઇને પડેલાઓના ઢગલા વચેથી તેને મલી આવ્યો, અને તેણે ઘોડા ઉપરથી નિચે ઉતરીને તે ઉચકી લિધો. પણ એક ઘોડાના ખખારવાથી તેના ઘોડાએ તે ઘોડીના ખખાર તરીકે પારખ્યાથી તેણે આદરગુશસ્પના આતશ માફક જોશમા આવીને જડપથી તે ઘોડી તરફ દોડવા માડયુ. આથી બેહરામ ગમગીન બન્યો અને તેપણ તેની પુઠે દોડયો. જયા સુધી બેહરામે તે ઘોડાને પકડી પાડયો ત્યા સુધી તે બખતર અને ટોપી સાથે તેની પુઠે પરસેવાથી ભરાયલા ચેહેરા સાથે દોડયો અને જેવા તેણે તેને પકડયો તેવાજ તે તેના ઉપર હાથમા એક હીન્દી તલવાર પકડીને ચઢી બેઠો. પછી તેણે તે ઘોડાને ચલાવવાને પગોને પોહોળા કીધા પણ તેણે એકપણ પગલુ આગળ ભર્યુ નહી તે સ્વાર અને ઘોડો એ બન્નેના શરીર ધુલથી અને પરસેવાથી ભરાઈ જવાથી તે એકદમ એવો ઉસ્કેરાઇ ગયો કે તેણે પોતાના ઘોડાના માથા ઉપર શમશીરનો એક ફટકો મારીને ત્યાથી પવનવેગે છાવણી તરફ ચાલતુ જવા માડયુ. તે તમામ મેદાન મુરદાઓથી ભરાયલુ અને જમીન રાતા કાદવવાલી બની હતી

૧ લખેલી નકલમા એ બેત વધારે છે.

તે છતાં તે નામદાર પગે ચાલતો પેલા ઘાહેલ થયલા શખસને પોતાની પીઠ ઉપર ઉચકી લેઈ જવા માટે ત્યાં ગયો, અને તેને કહયું કે "આપણને ઘોડા વગરજ આ મેદાનમાથી જેમ તેમ રસ્તો સોધી લેવો પડશે."

પણ તુરકી સ્વારોને બહેરામની ખબર પડેલી હોવાથી તે છાવણીમાથી સો સ્વારો ઉટાવલે બાહાર પડયા કે જેથી તેઓ તેને તે મેદાનમાથી કેદ પકડીને લશકરના પેહેલવાન પીરાન આગળ લેઇ જાય આથી સિહ જેવા બેહરામે કમાન ખેંચીને બાધુરીથી તીર ફેંકવા માંડયા તે પેહેલવાને કમાનથી તીર છોડયાથી તેની આસપાસ કોઇથી ટકી શકાયુ નહી તેણે ઝનુની સિહ માફક દુશમનો સામે પટકા મારી તેઓમાના ઘણાઓને મારી નાખ્યા અને ઘાહેલ કીધા આથી તે સઘલા સ્વારો તેની આગળથી પાછા ફરીને પીરાન આગળ (તે કેહેવાને) ગયા જ્યારે તે લશકર બેહેરામ આગળથી દૂર થઈ ગયુ ત્યારે તેણે દરેક બાજુએથી પુશકલ નેજાઓ ચુટી એકઠા કીધા[1] તે લશકરે પીરાન આગળ આવીને તે જવાનના કાંમ વિષેની વાત કહી તેઓએ તે લડાયક માટે જાહેર તેમજ છુપી પુશકલ વાતો કીધી, અને બોલ્યા કે 'એ (બેહરામ) તો એક બાધુર વાઘ જેવો છે અને ઘોડા વગરજ સિહનરની માફક લડાઈ કરે છે" પીરાને તેઓને પુછયુ કે "તે કોણ શખ્સ છે? અને તે નામદારો વચે શુ નામ ધરાવે છે?" એકે જવાબ દિધો કે "તેનું નામ સિહનો મારનારો બેહરામ છે કે જેનાથી તમામ લશકર પ્રકાશીત બને છે." ત્યારે પીરાને રૂઇનને કહયુ કે "તું ઉઠ કારણકે બેહરામને નાહસવાનો કાંઇ રસ્તો રહયો નથી. જો તુ તેને જીવતો પકડી લાવશે તો તેથી જમાનો લડાઇ કરવાથી કરાર પાંમશે.' મારા લશકરમા એવો કોણ છે કે જે તેની આગળ જાય? કારણકે એ બેહરામ નામદારી ભર્યો અને લડાયક છે." રૂઇને એમ સમજતાંજ ત્યાથી જડપથી બાહાર પડયો તેને બુરા વિચાર સિવાય બીજા વિચાર આવતા હતા નહી બેહેરામે તેને પણ જોતાજ તેના ઉપર એક પેહેલવાન માફક તીરનો વરસાદ છોડયો. સિહ જેવો બેહરામ બાધુરી સાથે પોતાના માંથા ઉપર ઢાલ આડી પકડીને એક ટેકડી ઉપર બેઠેલો હતો તેણે ત્યાથી તેઓ ઉપર તીરનો એક એવો મારો ચલાવ્યો કે જેથી પ્રકાશતો ચદ્ર પણ જાખો થઈ ગયો[1] આથી પીરાનનો રૂઇન તેના તીરથી ઘાહેલ થયો અને બીજા સઘલા પેહેલવાનોના હાથપગ બુઠા થઇ ગયા તેથી તેઓ ડાકીને દુખી અને ગમગીન બનીને પેહેલવાન પીરાન

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

આગળ પાછા ફર્યા અને તેને કહયું કે " એવો શખ્સ આપણી સામે લડવાને કદીપણ આવ્યો નથી. હમે દરીઆમાં તેના જેવું કોઇ લડાયક મગરમછ પણ જોયું નથી." પીરાન એમ સમજીને ઘણો દલગીર થયો અને ઝાડના પાતરાં માફક ધ્રુજવા લાગ્યો. પછી તે પોતાની સાથે પુશકલ લડાયકોને લેઇને એક જડપ ચાલના ઘોડા ઉપર બેઠો અને ત્યાં આવીને તેણે કહયું કે " ઓ નામદાર ! તુંને ઘોડા વગર કેમ લડાઈ કરવી પડે છે ? તું જ્યાં સુધી સીયાવક્ષ સાથે તુરાનમાં રહયો હતો ત્યાં સુધી તો તુ અક્કલમંદ, ચાલાક અને મુગે મોઢેનો હતો. મે તારી સાથે બેસી રોતી અને નીમખ ખાધુ હતુ અને વળી આપણા વચ્ચે મોહોબત ઉછરી હતી માટે તું આવી ઓલાદ અને તોખમ ધરાવનારા સિંહ જેવા હુનરમંદ શખ્સનું ડોકું તેની ઉચાઇએથી ધુલમા પડે અને તારા કુટુંબ તથા તારી રૈયતને તારે માટે રૂડન કરવું પડે તે લાયક ગણાય નહી. માટે ચાલ કે આપણે તારાં દિલને જેવા વિચાર પસંદ પડે તે પ્રમાણે સોગંદ લેઇએ અને ઘટતા બંધોબસ્ત કરીએ. પછી હું તારી સાથે સગાઇનો ગાંઠ બાંધશ અને તેમ થયા પછી હુ દૂર અંદેશી ભર્યોજ વિચાર કરશ. તું આવા નામદાર લશકર સામે ઘોડા વગર ટકી શકવાનો તેમજ તારા શરીરને બચાવી શકવાનો નથી." બેહરામે જવાબ દિધો કે " ઓ ડાહાપણભર્યા, ચાલાક અને રોશન રવાનના પેહેલવાન ! હું ત્રણ દાહાડા થયા હોટ ઉપર ખોરાક મુકયા વગર રાત અને દિસ લડાઈ કરૂં છુ. મારી ખાહેશ તારી સાથે એક વગી લડાઇ કરવાની, નહી તો કે તારી પાસેથી એક ઘોડો મેલવવાની છે કે જેથી તે ઘોડો મને મારા બાધુરો અને કેશવાદના ખાનદાનના બુઢા ગોદરેજ આગળ લેઈ જાય " પીરાને તેને કહયુ કે "ઓ નામદાર ! એ તારો વિચાર બરોબર નથી એમ શુ તુ જાણતો નથી ? તારે માટે તો હુ જેમ કહુ છુ તેમ કરવુંજ બેહેતર છે માટે તુ વગરફોકટની બાધુરી અને તુડાઈ દેખાડ ના. તુ જો કે આ લશકરના સરદારો શુ પોતાની ઉપર એટલીબધી શરમ પુગવા દેશે ? એઓમાનાં કેટલા ઉચ્ચ ખાનદાનના, તાજદાર અને બાધુર શખ્સો તારી સાથે લડાઈ કરતાં ઘાહેલ થયા છે તથા માર્યા ગયા છે અને આ મેદાનમાં ધુલ સાથે ભેલાઇને પડયા છે તેથી તેઓના મગજ અને લોહી તારી સામે ઉશકેરાયાં છે જ્યારે તું તો ઇરાનીઓ આગળ જવા માંગે છે શું તુને અફ્રાસીયાબની પણ ધાસ્તી લાગતી નથી કે એ વાતને માટે તારૂ દિલ ઉટાવલું બન્યુ છે ? તોપણ ઓ જવાન ! હું ઇચ્છું છુ કે હુ તુંને તારા પેહેલવાનો આગળ જવા માટે ઘોડો અપાઉ." એટલું કહીને તે દયાલું દિલે અને વિચાર ભર્યાં મગજે ત્યાંથી પાછો ફરીને પોતાની જગ્યાએ આવ્યો. તેવામા તઝાવ કે જે એક હાથી કરતાં પણ વધારે જોરાવર હતો તે લશકર વચેથી પીરાન આગળ આવીને શુ બન્યુ તે માટે

પુછપરછ કરવા લાગ્યો. પીરાને તેને જવાબ દિધો કે "આપણા પેહેલવાનોમાંથી કોઇ પણ બેહરામની બરોબરી કરી શકતું નથી. મેં તો તેને મારા સાથે પુશકલ સારી શીખામણો દેઇને સારી સલાહ આપી તેને સારો રસ્તો દેખાડયો છે. પણ તેના દિલમાં મારી વાતે અસર નહી કરવાથી તે ઇરાની લશકર તરફનોજ રસતો લેવા ચાહે છે મે તેને કહયું કે 'એ વિચારમાં કાંઇ ફાયદો નથી માટે તુ વગર ફોકટલો ઉટાવલો ના બન ?" લડાયક તઝાવે પીરાનને કહયું કે "તેના તરફ તારો જીવ દયાલુ હોવાને લિધેજ તારામાં તેની સામે થવાની શકિત રહી નથી. જ્યારે તે ઘોડા વગરનોજ બન્યો છે ત્યારે તો હુ ત્યાં જઇને તેને મારા પંજામાં પકડીને તુરતજ પથ્થર સાથે અફાળશ." એમ કહીને તે પોતે ગુસ્સા અને કીના ભર્યા તુરાન જમીનના નામદારો સાથે ત્યાંથી ગયો અને જ્યાં લશકર વગરનો પેહેલવાન બેહેરામ હતો ત્યાંના મેદાનમા તે જડપથી આવી લાગ્યો. તેણે બેહરામને હાથમાં નેજા સાથે જોતાંજ એક જોરાવર હાથી માફક પોકાર કરીને તેને કહયું કે "હવે તું કાંઇ આ મેદાનમાંથી મારા નામદારી ભર્યાં લશકર આગળથી છુટકારો પાંમવાનો નથી તું તારૂં માથું ઉચ્ચુ રાખીને ઇરાનીઓ વચે જતો તો રેહેવા માંગે છે, પણ તે હમારા સરદારોને કાપી નાખેલા હોવાથી તારૂં પણ ડોકું અત્રે પડેલું રેહેશે. કારણ કે હાલે તારાં મોતનો વખત આવ્યો છે" પછી તેણે પોતાના સાથીઓને તીર અને ખંજરના માર સાથે તેના ઉપર તુટી પડવા ફરમાવ્યાથી તે લશકર બેહરામની આસપાસ ફરી વલ્યું અને તેમાં જે કોઈ હતા તે બાધુર સરદારોજ હતા. આથી પેહેલવાન બેહરામે પણ કમાન ઉપર તીર ચઢાવ્યા અને તેનાથી ઉડતા તીરોને લિધે હવામાંની રોશણી પણ ગુમ થઈ. જ્યારે તીરો ખપી ગયા ત્યારે તે પોતાના નેજા તરફ ફર્યો. એ રીતે ત્યાંનું તમામ મેદાન અને પાહાડ લોહીના દરીયા જેવા બન્યાં. જ્યારે તેનો નેજો પણ ભાગી ગયો ત્યારે તેણે ગુરજ અને તલવાર હાથમાં ધરીને વાદલની માફક લોહી રેડવા માડયુ. એ પ્રમાણે એ લડાઈ ચાલુ રેહેતાં તેનુ પણ શરીર તે બાધુરોના તીરથી ઘાહેલ થવા લાગ્યું. તેથી જ્યારે પેહેલવાન બેહરામે ગરમી અને શકિત ગુમાવી દિધી ત્યારે પુઠેથી તઝાવે આવીને તેની ગરદન ઉપર તલવારનો એક ફટકો માર્યો જેથી તે બાધુર ઉચાઇએથી હેઠો પડયો તેની તલવારથી તેનો હાથ કપાઇ જુદો થવાથી તે લડાઇ કરતો અટકી ગયો અને તેનું કામ ઉંધુ વલ્યું તે જુલમગારનું દિલ તેને માટે બલી મરતું અને દુખથી આતશ માફક સલગેલુ બન્યુ તેથી તેણે (તઝાવે) ત્યાંથી દુખ અને શરમ સાથે તથા લોહીથી ઉકળતા જીગરે પોતાનો ચેહેરો ફેરવ્યો.

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

ગેવે બેહરામના કીનામાં તઝાવને મારી નાખ્યો તે વિષે.

જ્યારે પ્રકાશતા સુરજે પોતાની પીઠ દેખાડી ત્યારે ગેવનુ દિલ પોતાના ભાઈ માટે દલગીર થવાથી તેણે બેજનને કહયુ કે "ઓ મારા દિલને ખુશ કરનારા બેટા ! મારો ભઇ હજી પાછો આવ્યો નથી, તેથી તેના ઉપર શુ વિટયુ છે તે જાણવા માટે આપણને અત્રેથી જવુ ઘટે છે તેને મુવેલો જોયા પછી આપણને રડવું પડે એમ બનવુ જોઈતુ નથી." આથી તે બધે બાધુરોએ જ્યાં તે લડાઈ કરનારાઓએ લડાઇ કીધી હતી ત્યા વ ટોલ્યાની જડપે આવીને દરેક બાજુએ ફરી તેની શોધ કીધી અને બેહરામનો ચેહેરો જોવાને તેઓ આતુર બન્યા તે તમામ મેદાન ઘાહેલ થયલાઓથી અને મુરદાઓથી ભરાઈ ગયલુ અને તમામ જગ્યા લોહીથી ખરડાઈ ગયલી હતી તે બાધુરોએ બેહરામને સોધી કાહ્દતાજ આંસુથી આંખોને ભરી નાખી. બેહરામ ધુલ અને લોહી વચે ખુવારે હાલ પડયો હતો. તેનો હાથ છુટો પડી ગયલો અને તેનુ કામ ઉધુ વલ્યુ હતુ અને તેના ચેહેરા અને બાજુમાથી લોહી વેહેતુ હતુ. તેના તરફના પ્યારથી તે બધેની આંખો આંસુથી ભરાઇ ગઇ બાધુર ગેવ ઘોડા ઉપરથી નિચે કુદી પડીને શેરનર માફક પોકાર મારી તેને બોલાવ્યો તેનો અવાજ સમજી બેહરામ હીલવા લાગ્યો અને કોર ફેરવીને પાછો હુશીયાર થયો અને હુશીયાર થતાંજ તેણે આંખ ઉઘાડી લોહીથી ખરડાયલા શરીરે અને ગુસ્સા ભરેલાં દિલ સાથે ગેવને કહયુ કે, "ઓ નામદાર ! જ્યારે તુ મારા ચેહેરાને કફનમાં ઢાંકે ત્યારે તું તારા ભાઇનો કીનો તઝાવ ઉપર લેજે કારણકે તે તારા જેવા સિંહ સામે ટકવાનો નથી મારી સાથે જમાનો સખત બનેલો હોવાથી મને પેહેલો પીરાન વીસેએ જોયો ચીનના તમામ નામદારો અને પેહેલવાનો સરૂવાતથીજ મારી સાથે કીનો ધરાવવા લાગ્યા અને જુલમગાર તઝાવે મારા શરીરને મારાં ખાનદાનનો વિચાર કીધા વગર ઘાહેલ કીધુ" પેહેલવાન બેહરામે એ વાત પુરી કરતાજ ગેવે પોતાની આંખમાથી આંસુ પાડીને પાળનના કરનારા પરવરદેગારના, રોશન દિવસના અને અધારી રાતના સોગદ લિધા કે "હુ મારી રૂમી તોપીને શરમ લગાડયા વગર બેહરામનો કીનો પાછો લેવશ"

પછી તે દુખ અને કીના સાથે હાથમાં એક હીન્દી તલવાર ધરીને ઘોડા ઉપર જડપથી ચઢી બેઠો જ્યારે દુન્યામાં અધકાર ફેલાયો ત્યારે તઝાવ તપાસ કરનારી ટોલી સાથે રસ્તામા બહાર પડયો બાધુર ગેવે તેને દુરથી જોતાંજ લગામ ફેરવીને ઉચા દમે તેને લશકર આગળથી પસાર થતો જોયો અને તેને

પેહેલવાનો અને બાહદુરેશથી દુરથી પડેલો જોતાંજ તેણે જીન ઉપરથી કમંદનો ફાંસો ખોલ્યો કરીને તેની કંમરમાં ઓચિંતો ઉતારી દેઇ તેને તેમાં બાંધી લિધો અને તેનો બીજો છેડો જાંગ સાથે ભેરવીને તેની સામી બાજુએ સખત દોડી જઇને તેને સેહેલાઇથી જીન ઉપરથી ઉચકીને ખુવારે હાલ ધુલમાં ફેંકયો પછી તેણે નિચે ઉતરી તેની ગરદન તથા હાથો બાંધી લિધા અને પાછો ઘોડા ઉપર બેસીને ત્યાંથી તેને પોતાની પુઠે ઘસડી લેઈ ગયો. તઝાવે અરજ કરતાં તેને કહયું કે, " ઓ બાહદુર શખ્સ! હવે મારામાં કાંઇ શક્તિ રહી નથી. મેં એવું શુ કીધુ છે કે તું મને મારા મોટા લશકર વચેથી ઘસડી લાવીને આવી અંધારી રાતે મારી ઉપર દોજખનો આજાબ પાડે છે!" ત્યારે ગેવે તેના માથાં ઉપર ચાબુકના બસો ફટકા મારીને કહયું કે, "એ જગાએ વાત કરવી લાયક નથી. ઓ બદબખ્ત! શું તુ જાણતો નથી કે તેં ફીનાના બાગમાંથી એક તાજું ઝાડ કે જેની ઉચાંઈ આસમાન સુધી પુગી શકતે, તેને મારી નાખ્યું છે? હવે તેનું શરીર તારૂં લોહી પીશે અને તેના ફળ ખંજર બનશે. લડાઇ દરમીયાન બેહરામ તારો શેકાર બન્યો છે તો હવે તુ પણ મગરનુંજ તંગ હાચું જોશે. એવું બનયું છે કે બેહરામ તારે હાથે માર્યો ગયો છે અને તેને માટેના દુખથી મેળનું દિલ દુખી બન્યું છે." તઝાવે બાહદુર ગેવને કહયું કે, "તું એક શાકરાની જગ્યાએ અને હું ચકાવ પક્ષીની જગ્યાએ હોવાથી હું તુને જયાં સુધી મારી વાત કહું અને જરા આસાયશ લેઇ દમ ખાંઉ ત્યાં સુધી તું જરા થોભ. [૧] હું કાંઈ બેહરામને નુકશાન પુગાડવા કમાન લેઇ ગયો હતો નહી અને મારે હાથે કાંઇ તેને ઇજા થઇ નથી. હું ત્યા જઇ પુગ્યો તે આગમચ ચીનના સ્વારોએજ તેને ફીનાના મેદાનમાં મારી નાખ્યો હતો." ગેવે તેને કહયું કે, "ઓ જુલમગાર શખ્સ! તું ગુનાહનો પસ્તાવો કરવા બદલે આવા જુઠા સખુનો ના બોલ. એવું બન્યું છે કે હજી બેહરામ ત્યાં દુખથી પીડાતો પડયો છે અને દિલને દુખ થવા છતાં મરી ગયો નથી?" પછી બાહદુર ગેવે જીગરથી ઘાહેલ થએલા સિંહ જેવા બેહરામ આગળ તેને ઘસડી લેઇ જઇને બેહેરામને કહયું કે, "હું એ બેવફા શખ્સના ડોકાંને તુને દુખ દેવાના બદલામાં દુખજ દેખાડશ. જેહાનને પેદા કરનાર પરવરદેગારનો હું ઉપકાર માનું છું કે એટલા ટુંક વખતમાંજ તારો જીવ ઉડી જાય તે આગમચ તારા બદખાહાના જીવને તેના શરીરમાંથી બાહાર કાઢવાને સામરથવાન બન્યો છું." આથી તઝાવ તેને મારી નાખવાથી બચાવી લેવાની અરજ કરતાં બોલ્યો કે "જે કાંઇ બનવા કાલ હતું તે બન્યું છે તો હવે મારૂં ડોકું ખંજર

---

૧ એ બેત લખેલી નકલમાં વધારે છે.

વડે કાપી નાખવાથી શું ફાયદો થશે. ? " પછી તે ભોંય ઉપર તરફડીયાં મારીને બુમો પાડતાં બેહરામને કેહેવા લાગ્યો કે " ઓ સખી શખ્સ ! હું તારા જીવનો ગોલામ બનીને તારી ચાકરી કરી તારી ઉપરથી હું મારા જીવને કુરબાન કરશ." ત્યારે પેહેલવાન બેહેરામે ગેવને કહયું કે, " જે કોઇ જનમ લે છે તે મરવાને કરજેજ હોય છે. જોકે એનાથી મારા શરીરને નુકસાંન પુગયુ છે તોપણ તે માટેનુ દુખ એના મોતથી ઓછુ થવાનું નથી. માટે તુ તેના ગુનાહ ભર્યા માથાંને તેના શરીર ઉપરથી કાપ ના, કે જેથી તે મને જેહાનમાં યાદ કર્યા કરે " પણ ગેવે પોતાના ભાઇને એ પ્રમાણે ઘાહેલ થઇને પડેલો અને તે જુલમગાર તઝાવને કેદ પકડાયલો જોયો ત્યારે તેણે એક પોકાર મારીને તે તઝાવની દાઢી ધરી અને ચકાવ પક્ષીતું ડોકું કાપે તેમ તેણે તેનુ ડોકું તેના શરીર ઉપરથી કાપી કાઢયુ. આથી બેહેરામે બે આંખોમાંથી આંસુ પાડયાં અને તે આસમાનના કામથી અજબ બનયો. પછી તેણે બુમ પાડી કે, " જેહાનમાં કોણે જાહેર તેમજ છુપી રીતે આવી અજાયબી જોઇ છે ? એ રીતે જોનાર શખ્સ હુંજ છું કે મારી અગાઉ પણ કોઈ હતો ? કે મારા ભાઇ તથા ખેશાવંદો પણ માર્યા ગયા છે " એટલું કહીને બેહરામે પણ પોતાનો જીવ મુકી દિધો. જેહાનની એવીજ રીત છે અને તેનો એવોજ ખવાસ છે. જે કોઇ બુઝોરગીની લગામ શોધે તો તેને પેહેલાં પોતાના હાથ લોહીથી ધોવા ઘટે છે. જો તુ પોતે જતો હોય અથવા તો તુને જવાની દુખ સાથે ફરજ પડતી હોય તોપણ બનતાં સુધી તું જેહાન આસપાસ ફરવા (યાને જીવવા) માંગતો ના જ્યારે ગેવ તઝાવને મારી નાખીને પરવાર્યો ત્યારે તે ફરીથી બેહરામ આગળ આવ્યો. પણ તેની નજદિક આવતાંજ બાધુર ગેવ પોકાર મારવા અને પોતાના માથાં ઉપર કાલી ધુળ નાખવા લાગ્યો બેજન પણ સિંહ માફક પોકાર મારીને રૂદન કરતાં " ઓ બાધુર સ્વાર ! " એમ બોલ્યો ગેવે એમ રડતા રડતાં બેહરામને તઝાવના ઘોડા ઉપર બાંધ્યો અને તે ઘોડો બેજનને સોંપીને પોતે પણ તુરતજ ઘોડા ઉપર બેઠો, અને તેઓ તેને લડાઇના મેદાનમાંથી છાવણી તરફ લેઇ ગયા. ત્યાં તેણે તેને માટે એક પાદશાહી દખમુ બાંધ્યુ તથા તેના મગજમાં કસ્તુરી અને અંબર ભરીને તેના શરીરને ચીનાઈ રેસમી કપડાંથી ઢાંકયુ પછી તેને એક હાથીદાંતના તખત ઉપર પાદશાહી રેવાજ મુજબ સુવાડીને તે તખત ઉપર એક તાજ ઓલવ્યું અને તે દખમાની અંદરનો ભાગ રાતા અને જાંબુરા રંગથી રંગ્યો. હવે તું કેહે કે જાણે બેહરામ હતોજ નહી. પછી તે નામદારોનુ લશકર બેહરામ માટે તથા જમાનાની ચાલ માટે શોગ કરતું ત્યાંથી ગયુ.

ફરીબર્ઝ લશકર સાથે ઈરાન પાછો ફર્યો તે વિષે.

જ્યારે પ્રકાશતા સુરજે પાહાડ પછવાડેથી પોતાનું માથું અને સફેદીવાલું તાજ બાહાર કાઢ્યુ, ત્યારે વિખેરાઈ ગયલું લશકર ત્યાં એકઠું થયું અને સર્વે એકમેક સાથે (છેલ્લી લડાઇ માટે) વાત કરવા લાગ્યા કે, "ઈરાનીઓનું આટલું બધું લશકર માર્યું ગયાથી આપણા સરદારનુ નસીબ ઉંધુ વલ્યુ છે. એ લડાઈમાં તુરાનીઓના હાથ એટલા તો મજબુત બન્યા છે કે હવે આપણા લશકરને અત્રે થોભવાનો વખત નથી તેથી બેશક આપણને અત્રેથી પાદશાહ આગળ પાછુ જઇને જમાનો કેવી રીતે ફરે છે તે તપાસવું જોઈએ છે જો પાદશાહનું દિલ કજીયાથી ભરેલુ હશે નહી તો મને અને તુને ડેડાવ ઉપર આવવાને વખત લાગશે નહી. (આપણામાંથી ઘણા) બાપો બેટા વગરના અને બેટાઓ બાપ વગરના બનયા છે અને ઘણાઓ લોહીથી ઉકળતા જીગર સાથે માર્યા ગયા છે તથા ઘાહેલ થયા છે. અગર જો પાદશાહ પાછી લડાઇ કરવાનોજ હોકમ આપશે અને એક નામદારી ભરયું લશકર તૈયાર કરશે તો આપણે પણ દિલને ફીના કજીયાથી ભરેલાં બનાવીને પાછા આવીશુ અને બુરી મનશનીના લોકો ઉપર જેહાનને તંગ બનાવીશું." એવો વિચાર કરીને સઘળાઓ તે દેશમાંથી આંસુથી ભરી આંખો સાથે અને ગમથી પીગલેલા દિલ સાથે પાછા ફર્યાં ભાઈ પોતાના ભાઇનું લોહી રેડાવાથી દુખી બન્યા અને ખેશીઓના મોતને લિધે સર્વની જબાન હાએ અફ્સોસભરી બની. એ રીતે તેઓ જે સઘલાઓ માર્યા ગયા હતા તેઓ માટે મોઢેથી બંદગીના સખુનો બોલતાં કાસે નદી તરફ આવી લાગ્યા.

જ્યારે તુરાની લશકરના ચોકીબાંનો ત્યાં આવ્યા ત્યારે તેઓએ તે મેદાનમાં કોઇ પણ ઇરાનીને નહી જોયાથી એ ખબર પીરાન વીસેને મલી કે "ઇરાનીઓથી તે દેશ ખાલી બન્યો છે." પીરાને એમ સમજતાંજ (તેહેકીક માટે) દરેક ઠેકાણે છુપાછુપ અનુભવી ખેપીઆઓને દોડાવ્યા અને તે નામદારોના જતા રહેવાની ખબર ખરી માલમ પડયાથી તે સપેહસાલારે પોતાના જીવને ગમથી ધોઇ નાખ્યો. સહવાર પડતાં તે પોતે પોતાના લશકર સાથે ત્યા આવ્યો અને તે લડાઈના મેદાન આસપાસ ફરી વલ્યો. ત્યાંના તમામ પાહાડો, જંગલો, મેદાનો અને ગારોમાં પુશકલ નાના મોટા તંબુઓ પડલા જણ્યા. પીરાને તે પોતાના લશકરને બક્ષ્યા અને થોડા પોતાને માટે પણ રાખ્યા જેહાનના કામ માટે તે ઘણો અજબ થવા લાગ્યો કારણકે તેનાથી કોઇ

વખતે ચઢતી તો કોઇ વખતે પડતી આવી પડે છે અને તે ઘડીકમાં ખુશાલી સાથે તો ઘડીકમાં ધાસ્તી સાથે રાખે છે. તેથી બેહેતર એજ કે જેહાનને છિપાવનારી જામ સાથેજ આપણે દાહાડા પછીના દાહાડાઓ પસાર કરીએ. પછી પીરાને એ ખબર ઉટાવલે અફ્રાસીયાબને પુગાડી, તેથી પાદશાહ પણ ઘણો ખુશી બન્યો તથા દુખ અને ગમથી મોકલો થયો. તેની તમામ રૈયતના જીવ ખુશી થયા અને પેહેલવાન પીરાનના પાછા ફરવાના માર્ગમાં સંગાર કીધા. તમામ બારીઓ અને બારણાઓ ઉપર વાવતાઓની તોરનો તાંગવામાં આવી અને લોકોએ પીરાનના માથાં ઉપરથી દીરમોનો નીશાર કીધો જ્યારે પીરાન પાદશાહ આગળ આવ્યો ત્યારે પાદશાહ પણ નીશાર કરવાની ચીજો સાથે તેને સામો લેવાને ગયો તે તેની પુશકલ તારીફ કરતાં બોલ્યો કે "તારો પેહેલવાનો વચે કોઈ જોડયો નથી." એ અઠવાડયાં સુધી અફ્રાસીયાબના મેહેલમાંથી વાજીંત્રોના અવાજ સુમજાયા ત્રીજે અઠવાડયે પીરાને પોતાના વતન તરફ ખુશી સાથે પાછો ફરવાનો વિચાર કીધો. તેથી તેને માટે અફ્રાસીયાબે સુરજથી પણ વધારે દિપક આપે એવો એક ખેલાત તૈયાર કરાવ્યો. તે ખેલાતમાં દીનારો, પાદશાહી જવેહરાતો, જવેહરાતથી જડેલા સુનાના કંમરબંધો, જીન અને લગામ સાથના અરબી ઘોડાઓ, સુનેરી મ્યાન સાથની હીન્દી તલવારો, મોંઘી કીંમતના હાથીદાંતના તખતો, ફીરોજાની પાલખીઓ, પોખરાજના તાજો, ચીનાઈ અને રૂમી ગોલામો, કસ્તુરી અને અંમબરથી ભરેલી ફીરોજાની જામો વીગેરે હતું. તેણે એ સઘલી ચિજો પીરાન ઉપર મોકલી આપી, તથા એ ઉપરાંત તેને માટે બીજો ઘણોએક હદીઓ પણ મોકલ્યો. જ્યારે તે સપેહસાલારે પાદશાહની હજુરમાંથી પાછું ફરવા માંડયું ત્યારે તેને પાદશાહે કહયું કે "ઓ મારા નેકખાહ પેહેલવાન! તું મોબેદોની તથા હુશીયાર લોકોનીજ સંફનો રેહેજે અને લશકરને દુશમનોથી સંભાળતો રેહેજે. હાલે કએખસરૂ પુરતા અસબાબ સાથે છે કે નહી તથા તે જેહાનને ઇનસાફ અને સખાવતથી સમારેલી રાખે છે કે નહી તે તપાસવાને તુ અકકલમદ અને અનુભવી લોકોને છુપાછુપ દરેક બાજુએ છુટા છુટા મોકલતો રહેજે. હવે જ્યારે તેં ઉંચી તોખમ તથા તાજ અને તખત મેલવ્યું છે તો એથી વધારે ચિજ તું મેલવવા માંગતો ના. દુશમનોના પાછા જતા રેહેવાથી તું કાંઇ નચિંત બનતો ના પણ વખતો વખત નવી નવી ખબરો મેલવતો રેહેજે. જે જગ્યાએ રૂસતમ પેહેલવાન હોય અને ત્યાં જો તું નચિંત ઉઘાય તો તેથી તારૂં રવાન દુખી બનશે. રૂસતમ સિવાય મને કાંઇનો વિચાર આવતો નથી કારણ કે તેનો ધંધો ફીનો સોધવા સિવાય બીજો કાંઇ નથી. મને ફીકર છે કે તે પોતાના

મહકેથી ગુસ્સે બનીને ઇરાન તરફથી તુરાનમાં લશકર લેઇ આવશે." પીરાને અફ્રાસીયાબ કે જે તેનો સરદાર તેમજ સગો થતો હતો તેની સઘળી નસીયતો કબુલ રાખી. પછી સપેહસાલાર પીરાન અને તેના લશકરે ખોતનનો માર્ગ લિધો અને તે લશકર તથા સરદાર સઘલાઓએ ખુશાલી સાથે જડપથી રસ્તો કાપવા માંડ્યો

કએખસરૂ ફરીબારૂજ ઉપર તથા ઇરાનીઓ ઉપર ગુસ્સે થયો તે વિષે.

પેલી તરફથી ફરીબરૂજે તથા તેના લશકરે લશકરના તોડનારા ગોદરેજ તથા ગેવ સાથે આંસુ ભર્યા ચેહેરા સાથે સોગ કરતા ઇરાન તરફનો રસ્તો લિધો. જ્યારે તે લશકર જરમનો રસ્તો કે જ્યા પાહાડ ઉપર કેલાત અને નિચેથી મીમ નદી વેહેતી હતી ત્યાં આવી લાગ્યું, ત્યારે સઘલાઓને ફરૂદ સાથની લડાઇની યાદ થતાં દુખ અને પસ્તાવા સિવાય બીજું કાંઇ લાગ્યું નહી. સઘલાઓના દિલ પાદશાહના ગુસ્સાની ધાસ્તીથી દુખી બન્યાં તથા તેઓની આંખો આંસુ ભર્યા અને દિલો ગુનાહ ભર્યાં બનયાં. ખસરૂના ભાઇના નિર્દોશ માર્યા જવાથી તથા તેઓનું સીલ અને તાજ દુશમનોને હાથ જયાથી તેઓ શરમીંદા જીવે તથા તુટેલાં દિલે ગુનાહથી ભરેલા, પાદશાહ આગળ આવી લાગ્યા તે સઘળાઓ પાદશાહના ગોલામ માફક ગમ સાથે અદબ વાળીને તેની આગળ આવ્યા. ખસરૂએ દુખી દિલે અને આંસુ ભરી આંખ સાથે તેઓ તરફ ગુસ્સાથી જોઇને પછી પરવરદેગારની આ પ્રમાણે યાદ કીધી કે, "ઓ પરવરદેગાર! મને તેંજ દોલત અને નેક નસીબ બક્ષ્યું છે, તેથી હમણા હું તારીજ શરમ કરૂં છું, કારણ કે તુ મારા કરતાં પુશકળ વાકેફગારી ધરાવનાર છે. નહીતો કે હું એકી વખતે એ હજારોને મેદાનમાં ગરદન મારવાનો હોકમ ફરમાવતે. તુસનું તથા બીજા જેઓએ તેની સાથે (મારા ભાઇને મારી નાખવાની) કમર બાધી હતી તેઓનું શરીર હાલે શુળી ઉપર લટકતું થયુ હતે. જ્યાં હું મારા બાપના ખુન માટે રડતો હતો અને મારાં દિલને ગમ, દુખ અને ગુસ્સા ભર્યું રાખતો હતો તેમાં વળી હાલે ફરૂદ માટેનો નવો કીનો ઉભો થયો છે અને તેને માટે નોજરના બેટા તુસનુ ડોકું કપાવી નાખવુ ઘટે છે. મેં તુસને કહયું હતું કે 'ત્યાંના લોકો તારાં માથાં ઉપરથી દીનારનો નેસાર કરે તોપણ તું કેલાત અને ચરમને રસ્તે જતો ના કારણ કે ત્યાં પાદશાહી ખાનદાનનો પેહેલવાન અને બાહુર ફરૂદ પોતાની માય સાથે રહે છે. નિચ તુસ કોણ હતો અને તે લશકર એકઠું કરીને શા માટે લાવ્યો હતો તે ફરૂદ શું જાણે! અલબતે તેથી તેણે પાહાડ ઉપરથી લડાઈ કરીને ઘણુંએક

સરદારોના જીવ લિધા; પણ તે હીચકારા અને હુશીયારી વગરના તુસએ તે કીલ્લા આગળથી લશ્કર લેઈ જવાનુ કારણુજ શું હતું ? કે હાલે આખરે આસમાનના પેદા કરનારને તુસ અને લશકર ઉપરથી પોતાની મેહેર ઉતારી નાખવી પડી છે. તુસનેજ લિધે ગોદરેજના ખાનદાન ઉપર પણ આફ્ત ઉતરી છે. તેના ઉપર અને તેના ઢોલ તથા હાથી ઉપર હેફ પડજો શું મેં તેને મારા ભાઇ સાથે લડાઈ કરવાને ખેલાત અને હદીયો બક્ષયો હતો ? એ ભાઇ પણ મારા બાપ માફક નિદોશ માર્યો ગયો છે અને તે મારાજ સપેહસાલાર અને મારાંજ લશકરને હાથ માર્યો ગયો છે. નોજરના બેટા તુસના જેવો કોઇ પણ સપેહસાલાર હોતા ના અને એવો પેહેલવાન લશકરની હરોલમાં રેહેવાને લાયક થનો ના અફશોસ ! ઓ સીયાવક્ષના બેટા ફરૂદ ! અફશોસ હોજો તુ જોરાવર દિલનો અને ગુરજ તથા તલવારનો રાખનારો હતો. જેહાનમા તુસના કરતા વધારે કમીનો શખ્સ કોઇને હુ ગણુશ નહી હાલે તે બંધીખાના અને ગારમાંજ પડેલો છે તેજ બસ છે તેના માથામા મગજ કે તેના શરીરમાં નેસ હોય એમ જણાતુ નથી તે કમીનો તુસ મારી નજરમા એક કુત્તરા જેવો છે ”

હવે પાદશાહ ખસરૂ પોતાના ભાઇના કીનાથી અને બાપના ખુનથી દુખી અને તુટેલા દિલનો બનેલો હોવાથી તેણે લશકરને હરધુત કરીને ત્યાથી હાંકી કાઢયુ અને પછી પોતાની આંખોમાંથી પોતાના દિલ ઉપર આંસુ રેડવા લાગ્યો તેનો જીવ ભઈના દુખથી દુખી બનેલો હોવાથી તેણે તેઓ સામે દરબારના બારણા બંધ કરાવ્યાં. આથી તે ગમ ભર્યા ઇરાની બાહુરો માહેતમ કરતા રૂસતમની દરબાર તરફ ગયા. ત્યા તેઓ (તેની આગળ) પસ્તાવો કરતાં બોલ્યા કે, “ એ કામ યજદાથી બનયુ છે ફરૂદ સાથે લડવાની કોણ ધારણા રાખતું હતું ? વળી તેજ વખતે તુસનો બેટો પણ કાય માર્યો ગયો ? બાહુરોના મગજ તેને માટે પણ અફશોસ કરતાં અને ગમગીન બન્યાં છે. વળી તુસનો જમાઇ રીવનીજ પણ માર્યો જવાથી એવી બદબખતીને લિધે ત્યાં કાંઇ પણ ચિજ રહી નહી. ફરૂદનુ નામ નિશાણ કોણ જાણતુ હતું ? અને પાદશાહનુ દિલ તેને માટે દુખી થશે એમ પણ કોણ જાણતુ હતુ ? માટે તુ હમારી તરફથી પાદશાહ આગળ અરજ કર કે જેથી તે લશકર ઉપર કીનો લેવાનો વિચાર ફરવે. વળી કાઉસનો સૈથી નાનો નવમો બાહુર બેટો રીવનીજ પણ એ લડાઇમાં માર્યો ગયો છે તે ચંદ્ર જેવો ચેહેરો ધરાવનાર પોતાના પાદશાહી બાપનો લાડકો હતો. એ પ્રમાણે એ લડાઇનો અંત અને સેવટ આવ્યુ છે. એકે તાજ મેળવ્યુ છે તો બીજાઓએ તંગ ધોર મેલવી છે.

રૂસતમની અરજથી કએખસરૂએ તુસ અને ઇરાનીઓના ગુનાહ માફ કીધા તે વિષે.

જ્યારે સુરજ ઉગવાથી જેહાનનો ચેહેરો પીલો બન્યો અને કાલી રાતની ઘડી વલાઇ ત્યારે તેહેમતન પાદશાહ આગળ આવી લાગ્યાથી દરબારમાંથી ખુશાલીના પોકારો નિકળયા રૂસતમ પાદશાહ આગળ એવી અરજ સાથે આવ્યો હતો કે તે પાદશાહ ભુલેલા તુસનો ગુનાહ માફ કરે ૧ આથી તે મોટી પદવીના પાદશાહે તખત ઉપરથી નિચે ઉતરીને તે જોરાવર પેહેલવાન સાથે બગલગીરી કીધી૧. પછી રૂસતમે પાદશાહને કહયુ કે, "ઓ તારીફને લાયકના ખસરૂ ! તારીથી તારૂ તખત, તાજ અને વીટી ખુશાલ રહેજો તુસ અને લશકરથી તુ પાદશાહ દુખી બન્યો છે તોપણ તેઓનો જેટલો ગુનાહ થયો હોય તે તુ મારે ખાતર માફ કર. પેહેલું તો એકે તુસ તુદ મીજાજનો અને હુશીયારી વગરનો છે. બીજુ એ કે તેને મનશે પણ તેના બેટાનો જીવ કાંઈ હલકો હતો નહી તેણે પોતાના બેટા અને જમાઇને માર્યા ગયલા જોયાથીજ તેના મગજ અને દિલમાંથી વિચાર શકિત ગુમ થઇ ગઇ હતી તેની હજુરમાંજ રીવનીજ તથા વળી પેલો નામદાર સરદાર જરસ્પ માર્યા જવાથી તે ચિરડાઇ પણ જાય તો તેમાં અજબ જેવું હતુ નહી તેથી તુ પાદશાહે તેના ઉપર કીનો રાખવો ઘટતો નથી બીજુ એકે તે તારો મુબારક ભાઇ ત્યાંથી તુ પાદશાહ આગળ આવ્યો નહી તેથી લશકર પણ શકમદ બન્યુ હતું માટે હવે તું એમજ જાણ કે કોઇપણ શખ્સ પોતાનો વખત આવ્યા વગર મરતો નથી. માટે તારે એ માટેનો ગમ દિલમાં રાખવો ઘટતો નથી. જ્યારે તેનો જીવજ બાહાર નિકળી ગયો તો પછી ત્રણસો જાતના ઉપાય કરવામાં આવે તોપણ તે અંદર કેવી રીતે દાખલ થશે ?" ખસરૂએ તેને જવાબ દિધો કે, "ઓ પેહેલવાન ! તે જવાન (બાઈ)ને માટે મારૂ દિલ દલગીર થઇ ગયું હતું ખરૂં, પણ હાલે તારી શિખામણ મારા જીવનો દારૂ (યાને ઉપાય) બન્યો છે, જો કે (હજી પણ) મારૂં દિલ દુખથી દુખી થાય છે." જેહાનના પાદશાહે એમ કહયાથી તેહેમતને તેની હજુરમાં જમીનને બોસો લિધો. પછી રૂસતમે કએખસરૂને કહયું કે "ઓ પાદશાહ ! હવે તું આ મારી શિખામણ સમજ. મીનોચેહેર પાદશાહ કે જે ગુજરી ગયો છે તેનો એ તુસ નબીરો થાય છે. માટે તુને તેને એવી ખરાબ હાલતમાં રાખવો ઘટતો નથી. તેના પગમાં બેડી ઘાલવી તેને લાયક નથી. માટે તેના દરજ્જા પ્રમાણે તુંને તો તેની સાથે ઘણી નેકી કરવી ઘટે છે કારણ કે

---

૧ એ બેત લખેલી નકલમાં વધારે છે.

નામદાર પાદશાહ નોજરના એ બેટા જેવો સ્વાર જેહાનમાં કોઇપણ નથી. તુસ અને ગસતહમ નોજરની તોખમના છે એમ તેઓ માટે આસમાન કાંઈ યાદદાસ્ત ધરાવતું નથી. ઈરાન અને તુરાનમાં કોઇપણ સ્વાર તેઓ માફક લડાઈ વખતે કંમર બાંધતા નથી. તેઓએ કએકાઉસ કે જેની પાદશાહી આસમાન સુધી પુગી હતી તેને પણ પાદશાહ તરીકેજ ઓલખ્યો હતો. માટે તારે તેઓને બધીખાનામાં રાખવા લાયક નથી. તેઓની ઉપર તું પાદશાહ દુખ પાડે તે રવા પણ ગણાય નહી. માટે તુ ખેલાત લાવવા અને તખત તૈયાર કરવાનો હોકમ કરીને તેઓને તું પાદશાહ આગળ હાજર કરવા ફરમાવ. તુ તેઓ તરફ દયા સાથે બીજી રીતની નજર કરીને તારી આગળ આવવા માટે ફરમાવ. રીવનીજ અને જરસ્પ જેવા જેહાનના પેહેલવાનો જેવા બીજા કોઇ બાહાદુરો અને જવાનો હતા નહી. તેઓ વળી નામદાર ફરૂદને હાથે માર્યા ગયા છે તોપણ તેઓ માટે તો તું પાદશાહ કીનો ધરાવતો નથી. જેહાનમાં તુસના જેવો બાહાદુર કોઇપણ હશે નહી લડાઇ વખતે તેનાથી આસમાન પણ અફશોસ પોકારે છે." આથી તે જેહાનના પાદશાહે એક ખેલાત તૈયાર કરાવ્યો કે જેવો ખેલાત જેહાનનાં કોઇ બીજા પાદશાહ પાસે પણ હશે નહી. તે ખેલાતમાં ઘોડા, પોશાકો, તોપીઓ, કંમરબધો, ચદ્રના જેવો પ્રકાશ આપતુ તખત, અને ગુરજો હતા. તે ખેલાત બાહાદુર તુસ કે જે નર સિંહને પણ પોતાની આગળથી હાંકી કાઢતો હતો તેને માટે મોકલી આપ્યો. નામદાર ખસરૂએ તેઓનો ગુનાહ માફ કીધાથી તે પેહેલવાનો પાદશાહ આગળ આવ્યા. નામદારોનો સરદાર સપેહસાલાર તુસે તેની આગળ આવી માફી માંગતા જમીનને બોસો લીધો. ખસરૂએ તે લશકરનો ગુનાહ પણ માફ કર્યાથી મોટી પડવીવાલા સરદારોએ પણ તેની તરફ આવવાનો રસ્તો લિધો[1].

જ્યારે સુરજે નિચાનમાંથી પોતાનો ભાલો ફેંકયો અને તેણે જડપ સાથે આવીને બામદાદના ફીરોજા રંગના પેહેરનને ચીરી નાખીને પોતાનું પ્રકાશીત રાતા રંગનું શરીર દેખાડવા માંડયું. ત્યારે પેહેલવાન તુસે ગેવ અને બીજા ઇરાની પેહેલવાનો સાથે પાદશાહ આગળ આવીને પાદશાહની પુશકલ તારીફ કીધી કે "જ્યાં સુધી જમાનો રહે ત્યાં સુધી તુ પણ રોશન રવાન સાથે જીવવું કરજે. જમીન તારાં તાજ અને તખતનો પાયો બનજો અને આસમાન તારા દમામ અને નસીબનો સાહયો થજો. મારાં પોતાનાં આવાં કામ માટે મારૂં દિલ ગમથી ભરેલું છે અને મારા પોતાના દુખ અને ગમને લિધે મારૂં જીગર પણ તુટી ગયું છે. વળી મારો જીવ પાદશાહ આગળ શરમીંદો છે તથા મારી જીભ

---

૧ "પછી રૂસતમે કએખસરૂને કહયુ." થી તે "આવવાનો રસ્તો લિધો." સુધીની ૧૯ બેત લખેલી નકલમા વધારે છે

પુછપરછ કરવાને આતુર અને મારૂં રવાન ગુનાહભર્યું છે. ફ્રૂદ અને જરસ્પના નાકીજેહ જીવે માટે હુ આદર ગુશસ્પના આતશ માફક બલું છું. જો કે હું અન્જુમનનો ગુનેહગાર બન્યો છુ તોપણ હુ મારા કીધેલાંને માટે તોબાહ કરૂં છુ હુ મારા જીવને બેહરામ અને રીવનીજથી વધારે કીંમતી ગણુનો નથી. અગર જો તુ પાદશાહ હુ અન્જુમનનો ગુનેહગાર થડેલા ઉપર પાછો ખુશનુદ થયો હોય તો હુ અત્રેથી જઇને આ કીનાથી જે શરમ પુગી છે તેને હું ધોઈ નાખશ, અને આ કમીના માથાને પાછું ઉચુ કરશ તેમ કરતા જો મારો જીવ જતો રેહેશે અથવા તો મારૂ ડોકું આપવુ પડશે તોપણ લશકરની તમામ મુશકેલીઓ હુ મારે માથે ઉઠાવી લેવશ હવે પછી હુ તખત અને તાજને જોવશ નહી અને મારૂ માથુ લડાઇની રૂમી તોપી સિવાય બીજું કાંઇ જોશે નહી" તેના એમ બોલવાથી પાદશાહ ખુશી થયો અને તેનુ દિલ વસંતના ગોલાબ માફક તાજુ બન્યુ. તેણે તેહેમતન તથા નામદારો અને બાહાદુરો સાથે એ માટે પુશકલ વિચાર કીધો કે "હવે સપેહસાલાર તુસને લશકર, હાથી, રણશીગડાં, અને ઢોલ સાથે તુરાન તરફ મોકલવો યા નહી." ત્યારબાદ તે દરબાર બરખાસ્ત કરવામા આવ્યાથી પેહેલવાન પીલતન પોતાને મકાને ગયો જ્યારે પ્રકાશતો સુરજ દેખાયો અને રોશની કમાનના વાકા ભાગમાંથી છુટીને (દુન્યામા) ફેલાઈ ગઇ ત્યારે સપેહસાલાર તુસ ઇરાની લશકરના બુજોર્ગો સાથે પાદશાહ આગળ આવ્યો જેહાનના પાદશાહ ખસરૂએ તેઓને કહયું કે "ઓ પેહેલવાન! મારૂં દિલ જવાન ફ્રૂદ માટે દલગીર બન્યું છે[1] જે કાંઇ બનવા કાલ હતુ તેમ એ કામ બન્યુ છે, જો કે તેથી મારૂ દિલ ગમગીન બન્યુ છે[1] કીનાની સરૂવાત કદીપણ છુપાછુપ થવી જોઇતી નથી. પેહેલાં કીનાની સરૂવાત સેલમ અને તુરથી થઇ હતી, જેનો કીનો પાછો મીનોચેહેરે લિધો હતો. પણ ઇરાની પાદશાહોને કદીપણ આવી શરમ પોંહોંચી હતી નહી અને ઇરાની બાહાદુરોના લોહીથી એમ જમીન ભરાઇ ગઈ હતી નહી ગોદરેજના કુટુંબીઓનું લોહી રેડાયાથી ત્યાંના પાહાડોએ કમર સુધી લોહીનોજ કમરબંધ બાંધ્યો છે તમો સઘલાઓનો ખુશાલી સાથે એવોજ વિચાર હોય તો કીનો લેવાને તમો તમારાં દિલને ઉશકેરો તેઓ માટે પાહાડો ઉપરના પક્ષીઓ અને દરીઆમાંની મછીઓ પણ રૂદન કરે છે. તુરાનના મેદાનો ઇરાનીઓના હાથ, પગ, પીઠ અને કમરથી ભરાઈ ગયા છે."

આથી તમામ બાહાદુરો જેવા કે રેહામ, ગુરગીન, ગોદરેજ, તુસ, ખરરાદ,

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

સાવશાવનો જંગેહ, બાધુરોની સંઘનો બેજન અને ગેવ તે સુરજ જેવા પાદશાહ આગળ (ગમથી) અદબવાલીને ઉભા અને સઘલાઓએ એકી વખતે જમીનને બોસો લેઇને કહ્યું કે, " ઓ નેક બખત અને નેક દિલના પાદશાહ ! તે સિંહ જેવા શખ્સોની યાદ તેં તારા દિલમા કીધી છે તો હમે સઘલા તારી આગળ ગોલામ જેવા છીએ અને તું પાદશાહની શરમથી હમારાં માથાંને નિચાં નમાવનારા છીએ તેથી જો તું પાદશાહ લડાઇનો હોકમ આપશે તો હમો સઘલાઓ લડાઇના મેદાનમાં હમારા જીવ પણ આપીશું. જો સુરજ અને ચંદ્રના ચેહેરા કાલા પણ બની જાય તોપણ તું પાદશાહ હમારાથી કાંઈપણ બુરાઈ જોશે નહી " પછી પાદશાહે ગેવને પોતાની આગળ બોલાવી તેને એક ભારી કીંમતના તખત ઉપર બેસાડીને તેની ઘણીક તારીફ કીધી અને તેને પુશકલ ખેલાતથા અને માનથી નવાજ્યો. તેણે તેને કહ્યું કે," મારે લિધે તે જેહાનમાં પુશકલ દુખ વેઠયા છતાં તુ મારા ખજાનામાં ભાગ પડયા વગર રહયો છે. હવેથી સપેહસાલાર તુસ તારી સલાહ લિધા વગર ઉટાવલે હાથી તથા ઢોલને હંકારશે નહી તેણે પણ લડાઇના મેદાનમાં દુખ સિવાય બીજુ કાંઇ જોયુ નથી પેહેલવાન બેહરામનુ રવાન રોશન બનજો કારણ કે તેણે નિંદા અને શરમથી બચવાને પોતાની ઉપર જેહાનને પણ તંગ બનવા દિધી છે અગરજો આ જેહાનમાં વધુ વખત રેહેવાતુ નથી તો તે નામ કે જે શરમીંદગી વગરનુ હોય તેજ ભલુ ગણાય " પછી તેણે પૈસા આપવાને માટે ખજાનચીને બોલાવ્યો અને તે સપેહસાલાર સાથે ઘણીએક વાતો કીધી, ફરૂદને માટેનુ આ દાસ્તાન તમામ થયું છે તેથી હવે તુ કામુસનુ દાસ્તાન સમજ.

કામુસ કશાનીના દાસતાનની સરૂવાત.

હવે સુરજ અને ચંદ્રના પેદા કરનાર કે જેના નામથી અકકલ દિલને રસ્તો દેખાડે છે તે નામથી હુ આ દાસ્તાન સરૂ કરૂ છું તે સાહેબ કુલે હસ્તીનો અને સચાઇનો માલેક છે અને તે તારીથી જુઠાઇ અને ગુનાહ ચાહાતો નથી. તે કે જેનાથી ઉમેદ, ધાસ્તી અને ખુશ ખબર મલે છે તે શનીશ્ચર, મંગલ અને સુરજનો સાહેબ છે. તે સાહેબની તારીફ કરવાની મારામાં શકિત નથી, પણ ફકટ તેના વિચારથીજ હુ મારા જીવને તેના ઉપરથી સદકે કરૂં છુ. જમાનો અને જમીન તેનાથીજ પેદા થયલા છે અને એક કીડીનો પગ પણ તેનીજ હસ્તી દેખાડી આપે છે ફરતા સુરજથી તે કાલી ખાક તથા વળી પવન, પાણી અને બળતો આતશ એ સઘલું યજદાંનનીજ હસ્તી સાબેટ કરેછે, અને તેની સાથે તારાં રવાનને દોસ્તી કરાવે છે. તેથી તુ ને ઘટે છે કે તે હાજત વગરના પરવરદેગારની તુ સેવા કરે. તે વળી સલાહકાર અને ખજાનચી નથી,

તાજ અને તખતથી, વધારા અને ઘટાડાથી તથા નાચારી અને નસીબથી વગર હાજતનો છે. આપણે તેના ગોલામ છીએ, તેથી તેનાજ હોકમ અને વિચાર મુજબ ચાલવાને આપણને સર નમાવવું ઘટે છે. બેશક તેણેજ જીવ અને અકકલ બક્ષી છે તથા આસમાન અને સેતારાને બનાવ્યા છે આએ આસમાનનો ગુમબજ એવો જડપથી ગોલ ફરે છે કે તે ઘડીકમાં ખુશાલીમાં તો ઘડીકમાં દુખ આપે છે? તેના સિવાય કોઇ વધારે મોટો પેદા કરનાર છે એમ તુ સમજતો ના તેનાથીજ ખુશાલી અને ગમી મલેછે અને તેણેજ રાત દિવસ અને ફરતું આસમાન પેદા કીધું છે ખાવું, પીવુ અને સુવું તથા ગુસ્સો અને દયા એ સઘલુ તેણેજ બનાવ્યુ છે જેહાનમાં રૂસતમને માટેની ઘણી અજબ જેવી વાતો થાય છે અને દરેક સખ્સ પોતાના દિલમાં તેને માટે દાસ્તાનો યાદ રાખે છે રૂસતમ જમીન ઉપર એક હાથી જેવો અને દરીયામાં એક મગર જેવો છે, તથા તે અકલમદ, હુશીયાર દિલનો અને લડાયક શખ્સ છે મરદાનગી અને જગનો ભડાર તેનામાંજ હતો અને અકકલ, વિચાર અને સગીનપણુ પણ તેજ ધરાવતો હતો હવે આપણે કામુસ સાથની લડાઇની સરૂવાત કરીએ અને દફતરમા તેનું હરફો લખી બ્યાન કરીએ તેથી હવે તુ પાછો દેહેકાનની વાત તરફ ફરીને તે અનુભવી શખ્સ શું કહે છે તેનુ સમજ

કએખસરૂએ બીજી વખત તુરાનીઓ સાથે લડાઇ કરવા તુસને મોકલ્યો તે વિષે.

જ્યારે લશકરના કામની તમામ તૈયારીઓ થઇ રહી ત્યારે તે પેહેલવાનનું દિલ પરવારી ગયું. તેણે સેતારાઓની ચાલ ઉપરથી બહાર પડવાને માટે કયો વખત લાયક છે તે માટેનો એક મુરતનો દિવસ જોવાડયો (તે દિવસે) શાહજાદો સપેહશાલાર તુસ આવી લાગતાં તે પાદશાહે તે ઝુન્ડો, હાથી અને ઢોલ તેને સ્વાધીન કીધાં તેણે તુસની તારીફ કીધી તેથી લશકરે ખુશાલીના પોકાર કીધા. વળી ઘોડાઓના પોકારોથી જમીન જોશમાં આવી અને ઘોડાઓની નાળથી ઉડતી ધુલને લિધે ત્યાં એક વાદલ બધાયું. ત્યા રણશી ગડાંઓના પોકારો નિકળી રહયા અને તમામ જેહાનની સપાટી પુશકલ હાથીઓ અને કાવ્યાની ઝુન્ડાઓથી બલુ રંગની બની. તુ કહેશે કે જાણે સુરજ પાણી નિચે ઢકાઇ ગયો છે અને આસમાન તથા તારાઓ ઉંઘમાં પડયા છે એ પ્રમાણે તે લશકર હાથમા ગુરજ પકડીને જ્યાં સુધી તે સપેહસાલાર તેઓ આગળથી પસાર થઇ ગયો ત્યાં સુધી હાથીઓ સાથે ઉભુ રહયુ. પછી એક હાથી ઉપર ફીરોજાની

૧. એ બેત લખેલી નકલમા વધારે છે.

અમબારી મુકવામાં આવી અને તેને એ પ્રમાણે શહદ નદી તરફ હંકાર્યા. તેજ વખતે એક ઉંટ સ્વારને પણ પીરાન આગળ પવનવેગે મોકલી આપવામાં આવ્યો (અને તેને કેહેવાડયું) કે, " મે લડાઇ કરવા માટે ગરદનને (પાછી) ઉચી કીધી છે, અને તૈયાર થઇને હું શહદ નદીની આગળ આવી પુગ્યો છુ " જ્યારે પીરાને એમ સમજ્યું ત્યારે તે ઘણો દલગીર થઇને બોલ્યો કે " વળી મને મારી મરજી ઉપરાંત સુનેરી લગામને ઘોડા સાથે બાંધવી પડશે " પછી તે ઇરાની લશકર કેટલુ છે અને બાધુરો કેટલા છં તથા તુસ સાથે કોણ કોણ છે તે સઘલું જાણી લેવાને પોતાના નામદારો તથા નામીચા બાધુર સ્વારો સાથે ત્યાંથી બાહાર પડયો તેઓએ પણ નદીની આ બાજુએ સફ સમારી અને તેણે તે (ઇરાની) સપેહસાનાર ઉપર દુવાનો પેગામ મોકલ્યો. પેલી બાજુએથી તુસ પણ સબકતો ઝુન્ડો, હાથીઓ અને ઢોલ લેઇને પોતાના લશકર સાથે આવી લાગ્યો તુરકીઓના સપેહસાલારે તુરકીઓ વચેથી એક ચાપલુસીથી બોલનારા શખ્સને તુરતજ તુસ આગળ મોકલીને કેહેવાડયુ કે " મે દરેક વખતે ફરંગીસ અને પાદશાહ ખસરૂ સાથે કેવી કેવી ખુબીઓ કીધી હતી હુ સીયાવક્ષ માટેના દુખથી તો રડતો રહુ છુ અને તિક્ષણ આતશ ઉપર ભુજાતો હોઉ તેમ બલુ છું. પણ ઝેહેરને મારી હટાડવાના ઉપાયના ફળ તરીકે મને તો ઝેહેરજ મલ્યુ છે અને મારે ફાલે આ સઘલાં દુખો આવ્યાં છે. કારણકે મારા ખાનદાનના નવસો બાધુરો કે જે સઘલા લડાયક અને નર સિહ જેવા હતા તેઓ માર્યા ગયા છે." તેની આવી ખબરથી તુસનું દિલ પણ ગમગીન બન્યુ અને તેના એવાં કેહેનથી તે પણ દુખ સાથે રડવા લાગ્યો પછી તેણે તે કાસદને જવાબ દિધો કે, " તુ રોશન રવાન સાથે પીરાન આગળ જઇને તેને કેહે ક ' તે જે વાત કેહેવાડી છે તે સાચી છે સરૂવાતથીજ મને કાઇ તારી સાથે મારામારી જેવું હતું નહી માટે તુ એ વિચારથી તારા મગજને મોકલુ કરીને એ લડાઇ વચેથી દૂર થઇ જા અને આ ધારતીના દરવાજાને તથા નુકસાનના રસ્તાને બધ કરી નાખ તુ કાંઇપણ લશકર લિધા વગર (નચિતે) ઇરાની પાદશાહ આગળ આવ કે જેથી તે પાદશાહ સાથે તે જે નેકી કીધી હતી તેના બદલો મેલવ તે તુને ઇરાનમાં પેહેલવાન બનાવશે અને પાદશાહી તાજ બક્ષરો જ્યારે ખસરૂને તારી ભલી વર્તણુક યાદ આવશે ત્યારે તેનુ દિલ તારે માટેના ગમથી રંજીદા બનશે." ગોદરેજે, ગેવે, સરદારોએ અને ચાલાક દિલના તથા મોટી પડવીના શખ્સોએ પણ તેને એજ પ્રમાણેનુ કેહેન કેહેવાડયાથી તે કાસદ પવન વેગે વીસેના બેટા પીરાન આગળ તેનો જવાબ લેઇને આવ્યો, અને જે કાઇ તેણે તે પેહેલ-વાનથી તથા રોશન રવાનના ગેવ અને ગોદરેજથી સમજ્યુ હતુ તે સઘલું તેને

કહયું. આથી પીરાને તેને એવો જવાબ કહેવાડયો કે "હુ રાત અને દિસ મારા બે હોટોને પાદશાહ ખસરૂની યાદમાં ખોલુ છું. જે પ્રમાણે તેની સાથે મારો સબંધ છે તે પ્રમાણે હુ ત્યા જવશ અને તે અકકલમંદ પેહેલવાન (કએ-ખસરૂ) મારી શિખામણ સમજશે હુ મારૂ વતન છોડીને ઈરાન જવશ કારણકે નામદારીભર્યુ માનુ તાજ અને તખતથી બેહેતર ગણાય છે" પી-રાને એમ કહેવાડયુ ખરૂ પણ તેનુ મગજ તો એ વાતથી ખાલી હતુ. તે તો એમ કરીને એક નવી સારી ટક જોતો હતો. પેહેલવાન પીરાને હોમાનને કહયુ કે "આપણને એ લડાઇમા (પાછો) હાથ લબાવવો પડશે[1] આપણે ચમ-કતી તલવાર સાથે લોહીનો વરસાદ વરસાવીશુ અને ગોદરેજ, ગેવ, કે તુસને જીવવા દેઇશું નહી?

અફરાસીયાબે પીરાનની મદદે એક લશકર મોકલ્યું અને ઇરાન તથા તુરાનના લશકર વચ્ચે લડાઇ થઇ તે વિષે.

પછી રાતના ઉઘાવાને વખતે પીરાને કાસદ તરીકે એક ઉંટ સ્વારને અફ્રાસીયાબની આગળ મોકલીને કહેવાડયુ કે, "ઈરાનથી ઢોલ અને રણશીંગડા સાથે એક લશકર આવી લાગ્યું છે અને તે લશકરની સાથે (સરદાર તરીકે) ગેવ, ગોદરેજ અને તુસ આવ્યા છે મેં તે તુસને પુશકલ ફરેબ આપી કેહેવા-ડયુ છે અને તેને તરેહવાર શિખામણો આપી છે માટે તુ લડાયક શખ્સોનું એક લશકર ચુટી કાઢ કારણ કે કીનો લેવાને માટે આવી ચાપલુસી કરવા સિવા-ય હુ બીજું કાઇ કરી શકતો નથી આપણે તેઓને જડમુળથી ઉખેડી કાઢીશુ અને તેમના મુલકો ઉપર આગ લગાડીશુ નહી તો કે ઇરાની લશકર પાદશાહ સીયાવક્ષનો કીનો લેવાને કદીપણ લડાઇ કરવાથી આસાયશ પકડવાનું નથી" જ્યારે અફ્રાસીયાબે એ વાત સમજી ત્યારે તેણે તુરતજ તમામ અન્જુમન ભેગી બાંધી તે લશકરના સરદારનો પેગામ સમજતાજ તેણે વિખેરાઇ ગયલા સગલા લશકરને જડપથી ત્યા બોલાવી મગાવ્યુ[1] અને જે કાઇ બાબત બની હતી તે તેઓની આગળ કહી સમજાવી પછી તેણે ફરમાવ્યુ કે, "તમોએ જલદીથી કીનો લેવા માટે તૈયારી કરવી ઘટે છે" ત્યાં અફ્રાસીયાબે એક એવુ લશકર તૈયાર કીધુ કે જેથી આફ્તાબનો ઝરો પણ અંધારો બની ગયો જ્યારે લશકર તૈયાર થઇ રહયુ ત્યારે તેઓનો પગાર ચુકવવામાં આવ્યો અને સામન લાઢીયા બાદ તે લશકરને આગળ કુચ કરાવી તે લશકર કે જેનાથી તમામ

---

[1] એ બેત લખેલી નકલમા વધારે છે.

જમીન ઢંકાઇ ગઈ હતી તે દસમે દાહાડે પીરાન આગળ આવી લાગ્યું. પછી પીરાને તુસને જે કાંઇ વચન આપ્યું હતું તે તેને યાદ રહયું નહી, પણ તે જડપ સાથે સહદ નદીને કીનારે આવી લાગ્યો.

તેવામાં તપાસ કરનારા જાસુસે તુસને આવીને કહયું કે "લડાઇ કરવા માટે તમામ હાથીઓ ઉપર જલદીથી ઢોલ બાંધો" આથી બુઢા ગોદરેજે તુસને કહયું કે, "ઓ પેહેલવાન ! આ મારી વાત યાદ રાખજે કે પીરાન જ્યારે પણ પડતીને 'નજદિક આવી લાગેલી જોય છે ત્યારે કાવાદાવા કરવા સિવાય બીજી કાંઈ વાત કરતો નથી હવે તે જુલમગારનો ઝુન્ડો દેખાય છે અને લશકરે નદી આગળ સફ પણ સમારી છે" આથી સપેહસાલાર તુસે પણ લશકર તૈયાર કીધું અને હાથીઓ તથા ઢોલને મેદાનમા ઉતાર્યા. પેહેલવાન એજન અને ગેવ લશકરની જમની પાખે રહયા જ્યારે ડાબી પાંખે નામદારી મેલવનારો રેહામ રહયો. ગોદરેજે, તુસે, ગસતહમે, શીદુશે, પ્રરહાદે અને ગુરગીને સાથે મલીને પોતાની જગ્યા લશકરના મધ્ય ભાગમાં પસંદ કરી લિધી. એજન લશકરના ઝુન્ડા સાથે હરોલમાં રહયો પેલી બાજુના મોટી પદવીના સરદારોએ પણ પોતાની જગ્યા પસંદ કરી લિધી. પેહેલવાન ફરશીદવરદ લશકરની જમણી પાંખે રહયો જ્યારે હોમાન અને લેહાક ડાબી પાંખે રહયા જાણે તે તમામ મેદાન લોઢાનુંજ બન્યું પીસેનો બેટો પીરાન મધ્ય ભાગમાં રહયો અને તેનું બાધુર લશકર લોહીના દરીયા માફક જણાતું હતુ. ઇરાન અને તુરાનના સ્વારોથી બનેલું તે બંધે બાજુનું લશકર ત્યાં પાહાડ માફક ભેગું મલ્યું એવું બન્યું કે લશકરથી ઉડતી ધુળથી સુરજ પાણીના દરીયામા આતરા હોય તેમ લાગતો હતો. તલવારો, ભાલાઓ અને કોહોડાલીઓના ચલકાતથી તુ કહેશે કે જાણે જમીન ઉપરની હવા ગુલલાલાના ફુલ જેવી બની છે. સુનેરી કમરબધવાલા સ્વારોના જોશમાં આવ્યાથી તથા લડાઇની પુશકલ સુનેરી ટોપીઓ અને સુનેરી ઢાલોથી જાણે ત્યા એક રાતુ વાદલ ચઢી આવ્યુ અને જમીન ધુળથી સીસમના જેવી કાલી બની. સરદારોનાં માથા ગુરજો નિચે લોઢું ટીપવાના ઢીમરાં માફક બન્યા અને ગુરજો લુહાડના હથોડા બન્યા. લોહીની નદીને માટે તું કેહેશે જાણે તે જગ્યાએથી દારૂ વહે છે અને નેજાઓને લિધે જાણે હવા બાંમબુની ઝાડીના જેવી બની છે કમદના ફાંસાઓમા પુશકલ માથાંઓ પકડાઇ જવા લાગ્યા અને પુશકલ માણસોના પ્યારાં શરીરો ત્યાં ખુવારી ભરેલી હાલતમાં પડયા. તેઓના બખતરજ તેઓના કફન બન્યાં અને લોહી તથા ખાક તેઓના બીસતરા બન્યા. તેઓની છાતી અને સીના તલવારથી કપાઈ જવા લાગ્યા. ત્યાંની જમીન કીરમજી રંગની અને

હવા સીસમના જેવી બની, અને ઢોલોના અવાજ આસમાન ઉપર અને સેતારાઓ ઉપર ફેલાઇ ગયા જેહાનને શોધનારા શખ્સો અગરજો તે (લડાઇ)માં તાજ મેલવવા નહી પાંમતા તો લડાઇની ધુળ અને લોહી મેળવતા આ જેહાનમાંથી ઉમેદ પાર પાડયા વગર જતુ રેહેવાનુ છે નો તેમાંથી ઝેહેરને મારનારી દવા યા ઝેહેરનોજ હીસ્સો મલે તો તેમાં શુ ફરક છે. તેનુ સેવટ શુ આવશે તે હું જાણુતો નથી અને આખેરી શુ આવશે તે પણ જાણુતો નથી. એ પ્રમાણે ચાલ્યા જવાને માટે હાલે તો આપણુને રડવું પડે છે.

તુસને હાથે અરઝંગ માર્યો ગયો તે વિષે.

ત્યાં એક અરઝગ નામનો નામદાર હતો જેની લડાઇમાં મેળવેલી નામદારી આસમાન સુધી પુગી હતી તેણે પોતાના ઘોડાને ઉશકેરીને દોડાવ્યો અને ધુળ ઉડારતો મેદાનમાં આવીને ઇરાનીઓ વચેથી શરમીંદગી પાતો નામદારી શોધવા લાગ્યો. સપેહસાલાર તુસે તેને દુરથી જોતાંજ પોકાર માર્યો અને કંમરેથી તલવારને બાહાર ખેંચીને તે જરેહના બેટાને પુછયું કે "તારૂં નામ શુ છે ? અને લડાયક તુરકીઓ વચે તારા દોસ્તો કોણ કોણ છે ?" તેણે તેને જવાબ દિધો કે, હું લડાયક અરઝ ગ છું અને હું એક બાધુર અને ધીરા સિંહ જેવો છું હવે હુ લડાઇમાં તારી ઉપરથી અને તારાં માથાં ઉપરથી ધુળ ઉડતી કરશ" જરેહના બેટાનુ બોલવું પુરૂ થતાંજ તથા તે ઇરાની સપેહસાલારે એ વાત સમજતાંજ તેને જવાબ આપવામાં ઢીલ કરી વખત ખોહયા વગર તેણે જે પાણી પાયલી તલવાર હાથમાં ધરી હતી તે નામદાર અરઝંગના માથાં ઉપરની ટોપી ઉપર મારી તું કહેશે કે જાણે તે શરીર ઉપર ડોકાં સાથે જન્મેલો હનોજ નહી. ઇરાનીઓ વચેથી (ખુશાલીમાં) ઢોલ અને વાજીંત્રનો અવાજ નિકલ્યો અને તેઓ બોલ્યા કે, "ઓ સપેહસાલાર તુસ ! તું ફતેહમંદ રેહેજે" લડાઇના મેદાનમાં તે પેહેલવાનની ખોટ જવાથી પીરાન અને તુરાની લશકર ગમગીન બન્યું અને તુરાની બાધુરોએ અને લડાયક શખ્સોએ તલવાર તથા ગુરજ બાહાર કાઢીને એક બીજા ઉપર તે અફાલવા માંડયા સિંહ જેવા શખ્સો બોલવા લાગ્યા કે "હમો સઘળા જઇને લડાઇ કરી તુસના દિલ ઉપર જેહાનને તગ બનાવશુ" તેજ વખતે તે લશકર ત્યાંથી લડવાને કુચ કરી ગયાથી તે છાવણીમાંથી વાજીંત્રના અવાજ નિકલ્યા[૧]

૧ એ બેત લખેલી નકલમા વધારે છે

હોમાને તુસ સાથે લડાઇ કરી તે વિષે.

પછી હોમાને લશકરને કહયુ કે "આજે આપણે દિલને દલગીર બનાવ્યા વગર લડાઇ કરીશુ જો તે ઇરાની લસકરમાથી કોઇપણ નામદાર લડવા માટે પોતાનુ માથું બાહાર કાઢશે તો આપણે પણ તેની સામે એક પેહેલ્લવાનને જડપથી મોકલી આપીશુ અને વખત કોણુની તરફ ઢલે છે તે તપાસીશુ. પણ આપણે તેઓ સાથે એકદમ લડાઇ કરવાનુ પસંદ કરીશુ નહી. આજનો દાહાડો તો આપણને ઢીલજ કરવી ઠીક થઇ પડશે જ્યારે તે લશકર કુચ કરવા માડશે અને તેઓની છાવણીમાથી વાજીત્રનો અવાજ નિકળશે ત્યારે આપણે સઘલાઓ પણ ગુરજ બાહાર કાઢીને તે નદી કીનારે ચઢતી રીતની કોશેશ કરી દેખાડશુ અને જો પરવરદેગાર તથા નસીબ આપણને યારી આપશે તો તે લશકર સાથે આપણે સખત લડાઇ કરીશુ" પછી હોમાને પોતાનો ઘોડો કે જે (દોડવામા) ઓકાબ પક્ષી સાથે બરોબરી કરતો હતો તે ભાર ખેચનાર જાનવરને દોડવાને ઉશકર્યો. તુ કહેરો કે જાણે તે એક લોહા-નોજ બનાવલો ઘોડો છે અથવા તો જાણે અલબરૂજ પાહાડ બખતર પેહેરીને આવ્યો છે. એ પ્રમાણે હોમાન લડવા માટે હાથમા ચલકતો ભાલો પકડીને લશકરની હરોલમા આવ્યાથી સપેહસાલાર તુસ પણ ત્યાં દોડતો આવી લાગ્યો તેથી સરનાઇના અવાજ પણ જમીન ઉપર ફેલાઇ ગયા. તુસે તેને કહયુ કે "પીરાન પેલા કંગાલ વીસેથી એક એવા સુમીયત ભરેલા ઝાડ તરીકે ઉગી નિકલ્યો છે કે જેના ફળ અને પાતરા જુદાઇ છે અને તેથી તે મોટા લોકો વચે પ્રકાશ પામતો નથી. તેને હુ હમણાજ જડમૂળથી ઉખેડી નાખીને તેની તવારીખનો જેહાનમાંથી નાશ કરશ તમો વચે નામદાર અને પેહેલવાન તરીકે ગણાતા અરઝંગને તો મે મારો લડાયક હાથ દેખાડયો છે, અને હવે વળી તુ કીનો લેવાને ભાલો પકડી ઘોડે બેસીને આવ્યો છે ઇરાની પાદશાહના જીવ અને માથાંના તથા બખતર, ગુરજ અને રૂમી તોપીના સોગંદ લેઇને હુ કહુ છુ કે જેમ પાહાડ ઉપર એક વાઘ પોતાના શેકાર ઉપર પંજા લબાવે તેમ હુ તારી સાથે પણ લડાઈ કરશ. લડાઈના મેદાનમા મારી સાથે લપાઇ કરતાંજ એક મરદાનેમરદની લડાઇ કેવી હોય છે તે તુ જોશે." ત્યારે હોમાને તેને જવાબ દિધો કે, "ઘણુ બોલવું સારૂ નથી, માટે તુ ઘણુ બકબક ના કર જો બીચારા અર-ઝંગનુ મોત તારે હાથે આવ્યુ હોય તો તેથી તુ કાંઈ મગરૂર બનતો ના. લડાઇ વખતે અરજંગ કયા મારી માફક લડાઇ કરતો હતો? તેથીજ તે પોતે માર્યો ગયો હતો ઇરાની બાધુરો શરમ વગરના છે અને કોઇના પણ દિલમાં ગરમ લોહી વેહેતુ નથી જો કે લડાઇમા તારા જેવો સપેહસાલાર બન્યાથી તો તેઓના

હાથ લડાઇમાં બુરા બન્યા છે. બેજન, ગેવ અને બીજા બાધુરો તથા જેહાનગીર, ગોદરેજ અને કેશવાદના ખાનદાનીઓ કયાં ગયા છે? જો લશકરના મધ્ય ભાગનો પેહેલવાન (યાને વડો) તુંજ હોય તો મારી સાથે લડાઈ કરવાને તુંજ કેમ આવ્યો છે? અકકલમંદો તુને બીગાનો ગણે છે (યાને તારી દોસ્તી કબુલ કરતા નથી) અને હુશીયાર લોકો તુને દીવાનો સમજે છે. માટે તું જઇને કબ્યાની ઝુન્ડોજ તપાસ્યા કર એક સપેહસાલાર કાંઈ લડયા કરવાને આવતો નથી પાદશાહે કોણ કોણને ખેલાત બક્ષ્યા છે, અને પેહેલવાનો વચેથી કોણ કોણું તાજ અને વીટીઓ મેલવી છે, તે તરફ પણ તું તારી નજર પુગાડી તે બીજા પેહેલવાનોને પણ હવે સિહ માફક લડાઈ કરી જોરાવર લોકોના હાથ નિચા કરવાને ફરમાવ. જો મારે હાથે તુજ માર્યો જશે તો પછી આએ નામદારી ભર્યાં લશકરને નુકશાન પુગશે. તારૂં લશકર પણ દોસ્ત વગરનું બનીને આર્યું જશે અને જો તેઓ જીવતા રહેશે તો દૂખી બનશે. જાલના બેટા રૂસ્તમ અને સામેસ્વાર પછી ઇરાનમા તારા જેવા બીજા કોઈ નામદારને હું જોતો નથી માટે તુ અત્રેથી જા કે તારાં લશકરમાંથી કોઇ બીજો નામદાર આવીને મારી સામે ઉભો રહે તારા બાપના બાપો તો નામદારી ભર્યા પાદશાહો હતા અને તારા જેવો લડાયક સેપાહ બીજો કોઇ નથી, બીજું એ કે અગરજો તુ મારી શિખામણ કે જેને માટે મારો જીવ અને દિલ સાક્ષી આપે છે તે ખરી માનતો હોય તો હુ કહુ છુ કે જે મરદાનેમરદો લડાઇ વખતે મારી સામે આવે છે તેઓ દુખીજ બને છે" તુસે તેને કહયું કે, "ઓ નામદાર શખ્સ! જો હું એક સપેહસાલાર તેમજ વલી લડાયક સ્વાર છું તો તુરાની લશકરમાં તું પણ નામદારી ધરાવનારો છે ત્યારે કાય તુ આ લડાઇ કરવા માટે આવ્યો છે? તારૂં દિલ મારી એક શિખામણ કબુલ રાખે તો તે શિખામણથી તું મારી સાથે એક કબુલાત કર તે એજ કે તુ તારાં લશકરના નામદાર પેહેલવાનો સાથે ભપકાથી તારા પાદશાહ આગળ ચાલી જા. કારણ કે જયાં સુધી એક પણ ઇરાની સીપાઇ જીવતો રેહેશે ત્યાં સુધી એ કીનો લેવાથી તે ધરાવાનો નથી તેથી તુ તારી, તારા ખેસીઓની, નજદિકના સગાઓની અને આટલું બધું લશકર કે જેઓ સઘળા પેહેલવાનો તેમજ નામદારો છે તેઓની વગર ફોકટની બરબાદી ના કર કદાચને મારી આ શીખામણ પાછળથી તુને યાદ આવશે. જે કોઈ કીના માટે હાથ લબાવે તે સઘળાઓ તો માર્યા જવાને લાયકજ બને છે. આ કીનો લેવામાં જે કોઈ જરાપણ ગુનેહગાર બનશે તે છુટકારો પામશે નહી. માટે તુ અકકલથીજ કાંઇ તૈયારી કર. ઇરાનના પાદશાહે મને એવી શિખામણ આપી છે કે 'પીરાનને કાંઇ પણ નુકશાન પુગવા દેવું નહી, કારણ

કે તે મારો ખેરખાહ, મારી પરવરસી કરનારો અને મારો અનુભવી દોસ્તદાર છે. માટે તેને વગર ઇનશાફે ફોકટનો મારી નાંખતો ના પણ યાદ રાખજે કે તે તારી શિખામણ સાંભળશે."

ત્યારે હોમાને તેને જવાબ દિધો કે હમારો મુબારક તોખમનો પાદશાહ જ્યારે ગેર ઇનસાફ કે ઇનસાફ સાથનું ફરમાન આપે છે તો તે પ્રમાણે હમુને નાચારી સાથે ચાલવું પડે છે અને તેના ઉપર એકી વખતે દિલ લગાડવુ પડે છે. પીરાન કાંઈ તેની પોતાની મરજીથી લડાઈ કરતો નથી, કારણ કે તે સખી તબેહનો, છુટા વિચારનો અને ભલી ખાસીયતવાલો છે." જ્યારે તુસ એવી રીતની વાત કરવા પડયો ત્યારે ગેવનો ચેહેરો તેથી ગુસ્સાથી લાલ બન્યાથી તેણે લશકર વચેથી ત્યાં પવનવેગે આવીને તેને કહયુ કે "ઓ મુબારક તોખમના તુસ? આ ફરેબ આપનારો તુરકી બંધે લશકરની સફ વચે ગુસ્સાથી હોટ ઉપર ફીણ ચઢાવતો આવીને તારી સાથે હવે એમ એટલી બધી ખાનગી વાતો શાની કરે છે? અને બંધે લશકરની સફ વચે લાંબી તકરારો શાની કરે છે? તુ હવે શમશેરથી વાત કરવા સિવાય તેની સાથે બીજી રીતે વાતો કરીને સુલેહ કરવાની કાંઈ પણ કોશેશ કરતો ના" હોમાને એમ સમજતાંજ ઘણાજ ચીરડાત સાથે ભાગ્યવંત ગેવને કહયુ કે "ઓ બાધુરો વચે ગુમ થયલા નસીબના શખ્સ! તારૂં, ગોદરેજનું અને કેશવાદનુ ખાનદાન પણ ગુમ થજો તેં મને લાડનની લડાઇ વખતે લડાઇના મેદાનમા તો તપાસીયો છે, તો હવે તુંજ હીન્દી તલવાર હાથમા ધરીને મારી સામે આવ. મારી તલવાર તો એવુ ફરમાન બાહાર પાડે છે કે કેશવાદની તોખમના બાધુરોમાંથી કોઇને પણ જીવતા રાખવા નહી. તારૂં નસીબ જે હારેમનના ચેહેરા જેવુ છે તે તારા જીવ માટે જાવેદાન સુધી રડતુ રહેશે કારણ કે તારા ખાનદાનમાથી પચોતેર શખ્સો કેવા માર્યા ગયા છે, કેવા ઘાહેલ થયલા છે અને કેવા દુખ અને રંજ વેઠે છે? પશનના મેદાનમાં થયલી લડાઇ વખતે મે તે ઓહલા મેદાનમા કેટલા બધાને મારી નાખ્યા હતા તે તુ તો જાણે છે. તેથી જો હું તુસને હાથ માર્યો પણ જવશ તોપણ ગુરજ અને ઢાલ માટેની રસમનો સ્વાલ ઉડવાનો નથી માગં મોતથી કાંઈ તમામ જેહાન વેરાન થવાની નથી, તેથી એ બાએની વાતો આ અંજુમન વચે થવીજ જોઇએ પીરાન અને અફ્રાસીયાબ મારી પુઠે છે અને તેઓ તારી ઉપર મારો કીનો લેશે જો તુસ મારે હાથે માર્યો જશે તો અત્રેથી કોઇપણ શખ્સ ઇરાન તરફનો રસ્તો લેઈ શકશે નહી. તુ તારે હાલે તારા ભાઇના દુખને માટે રડયા કર પણ તુ નોજરના તુસ ઉપર શા માટે સત્તા ચલાવવા માંગે છે!" ગેવે તેને જવાબ દિધો કે. "ઓ અભાગ્યા શખ્સ! તું લાદનનાં મેદાનની અને તેની

તેજ લડાઇની વાત શાની કર્યા કરે છે ? તુરકીઓએ રાતની વખતે ઓચિંતો હુમલો કરી લડાઇ કરીને લોહી રેડયું તેમાં કાંઇ મરદાનગી ગણાતી નથી. બાહદુરોનું કામ કાંઇ રાતે હુમલો કરવાનું નથી, અને તે લડાયક સિંહ જેવા શખ્સોનો કાયદો પણ નથી. તું પીરાન અને અફ્રાસીયાબની વાત કર્યા ના કર કારણ કે તુને હમણા હમેશગીની ઉંઘમાં પડવાનું છે તુરાન જમીનના મુલકોમાં જે શખ્સ પોતાની તલવાર વડે ત્યાંના પાદશાહ ઉપર કીનાનો દાહાડો લાવી નાખનારો છે તે હુ પોતે છું. તુરાની રયતના પાદશાહનુ તમામ લશકર તથા પાદશાહને ટેકા સમાન પીરાન અને ગુલબાદ અને વળી સરદાર નસતીહન અને બારમાન એ સઘળાઓને તુ મારી આગળ ઓરત તરીકે જાણજે? વળી આ ખંજરથી મે તો પીરાનના કાન પણ વિંધ્યા હતા તે પણ તું હાલે પીરાનને કહી સમજાવજે મે અને પાદશાહ ખસરૂએ જેમ તે સમજ્યુ છે તેમ મરદાનગી સાથે જીહુન નદી પસાર કીધી હતી. ઓ દુખી જીવના તુરકી? લડાઇ વખતે મર્દાનેમર્દોના હુનરો એ પ્રમાણેનાજ હોય છે તેથી જો પેહેલવાન તુસ તારી સાથે લડાઇ કરવાનુ કામ મને સોંફશે તો તુ મારીથી અફસોસજ જોશે હુ તુને તુજી શેહેરના બનાવેલા જીન ઉપરથી એવી રીતે નિચે પટકશ કે તુ લડાઇ કરવાથીજ ધરાઇ જશે." ત્યારે તુસ હોમાનને કહયુ કે "તુને એમ ચિરડાવાનુ શું કામ છે ? આ મેદાનમા લડાઇ તો તારી અને મારી વચ્ચે થવાની છે માટે ચાલ કે આપણે લડાઇ કરીને કીનો લેઇએ અને લડતા લડતા કપાલને કરચલીથી ભરી નાખ્યે." હોમાને તેને જવાબ દિધો કે "તાજ પેહેરેલા કે પેહેલવાનની ટોપી પેહેરેલા માથાને મોત તો સરજાયલુજ છે બેશક મોત તો આવવાનુજ છે, પણ લડાઇના મેદાનમા હુનર ધરાવનાર સ્વાર કે જે સપેહસાલાર, સરદાર, પેહેલવાન, અને લડાયક હોય તેને હાથે મોત આવે તો તે ભલું ગણાય."

ત્યાર બાદ તેઓ ભારી ગુરજ હાથમા ધરીને એકમેક ઉપર હુમલો કરવા લાગ્યા તેથી જમીન હીલતી અને દાહાડો અંધારો બન્યો તથા તે મેદાન ઉપર એક ધુળનુ વાદળ બંધાયુ તુ કહેશે કે જાણે તેઓ ઉપર દાહાડાને બદલે રાત આવી પડી છે, અને જેહાનને દિપાવનાર સુરજ છુપાઈ ગયો છે. તે લડાઇથી ભારી ગુરજો ભાગી ગયા અને તેનુ લોહુ ચાચા કમાન માફક વળી ગયુ. પોલાદનુ લોઢું અઠડવાનો અવાજ આસમાન સુધી પુગ્યો અને સહદ નદીમાંથી પવન નિકલ્યો તુ કેહેશે કે જાણે તેઓના ટોપી નિચેનાં માથાં પથરનાજ

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

બનેલાં છે. તે પેહેલવાનો જે ફટકા મારતા તેથી જાણે મોતનો પણ ચેહેરો કાલો બનતો હતો. પછી તેઓએ પોતાના હાથમાં હીન્દી તલવાર ધરી અને તે પોલાદ અને પથરના અટકાથી ત્યાં આતશ પડવા લાગ્યો તે બાધુરોના જોર વાપડયાથી તેમની ધારદાર તલવાર પણ વલી ગઈ અને ફટકા મારતાં તેઓના ટુકડે ટુકડા થઇ ગયા. જ્યારે તેઓના મોઢા (તરસથી) સુકાઇ ગયા અને માથાં ધુળથી ભરાઇ ગયાં ત્યારે તે બંધે શખસોએ કમરબંધના ગાંઠ પકડયા તે પેહેલવાનોએ જોર વાપડયાથી તેમના ઘોડાના પાવડા ઉપર ભાર વધ્યો પણ તે બંધેમાંથી એકનુ પણ માથુ ઉંધુ પડયું નહી. હોમાનનો કમરબંધ તુટી જવાથી તે કુદી પડીને એક આસુડા ઘોડા ઉપર ચઢી બેઠો. આથી સપેહસાલાર તુસે પોતાનો હાથ તીરની કોઠલી ઉપર લંબાવ્યો અને ખડગ લાકડાના તીર કમાન ઉપર ચઢાવીને તે નામદાર ઉપર તથા જમની અને ડાબી બાજુના સ્વારો ઉપર તીરોનો વરસાદ છોડીને લડાઈ કરવા માંડી તીરના પોલાદની અણીથી અને ઓકાબ પક્ષીના પીછોથી સુરજ પણ આસમાનની અધવચે અસ્ત પામ્યો હોય અને જેહાનમાં સીહા રાતની બે ઘડી વહી ગઇ હોય તથા તમામ જેહાનની સપાટી લોઢાંની બની હોય તેમ ત્યાં જણાયુ એવામા હોમાનનો ઘોડા એક ખડગ લાકડાંના તીરથી વિંધાઈ જવાથી તે ઘોડાનું શરીર ધુલમા હેઠ પડયું આથી હોમાન પોતે પણ ઝાડના પતરા માફક ધુજવા લાગ્યો અને પોતાના મનથી બોલ્યો કે, "અતે મારૂ નસીબ ઉંધુ વલ્યુ છે." પછી તે લડાયક શખ્સે પોતાના માથાં ઉપર આડી ઢાલ પકડી પોતાના ચેહેરાને ઢાંકીને તેના તીરથી પોતાનું માથું બચાવવા માડયુ તુરાની લશકરના પેહેલવાનોએ હોમાનને તે મેદાનમાં ઘોડા વગરનો જોતાજ તેની જગ્યા (રખેને) ખાલી થઈ જાય એવા વિચારથી તેને માટે તેઓ એક મોંઘી કીમતનો ઘોડો લાવ્યા જેવા હોમાન હાથમાં હીન્દી તલવાર પકડીને તુજ શેહેરના બનાવેલા જીનની ઉપર બેઠો કે તેવોજ તે તુસ સાથે બીજી વખત લડાઈમા ઉતર્યો. તેટલામા અંધારી રાત પડવાના સબબે જેહાનમાં સીસમના જેવો કાલાસ ફેલાયાથી સઘલા લડાયક નામદારો તેઓ આગળ એક પછી એક આવીને કહવા લાગ્યા કે "હવે દાહાડા અંધારો બન્યો છે અને (લડાઇ કરવાનો) કવખત થયો છે," ત્યારેજ તે પેહેલવાનોના હાથ લડવાથી અટકયા. સઘળા ઇંગની પેહેલવાનો તુસ આગળ આવ્યા અને સેપાહોએ ખુશાલીના પોકારો કરી ઢોલ વજાડીને તેની તારીફ કરતા બોલ્યા કે, "ઓ ચુટી કઢાયલા નામદાર? તારા ચેહેરા ઉપરથી બુરા લોકોની નજર દૂર થજો, અને આ લડાઇમાં તારૂં છેવટ ખુશાલી ભરયું નિવડજો. કારણ કે તે આજે લડાઇને સારો ઈનસાફ આપ્યાથી તારો ચેહેરો જોઈ હમુને ઘણી ખુશાલી લાગી છ."

(પેલી તરફ) જ્યારે હોમાન લડાઈના મેદાનમાંથી છાવણીમાં ગયો ત્યારે તેને જે લડાઈ કરવી પડી હતી તે માટે લશકરે પુછપરછ કીધી પછી હોમાન તે લડાઇની જગ્યાએથી પીરાનની આગળ આવ્યાથી તુરાની લશકરે ખુશાલીના પોકારો કરીને તેને પુછયું કે "ઓ બાધુર શખ્સ ! જ્યારે તુ તુસની સામો ગયો ત્યારે તુને ત્યા કેવી રીતે લડાઈ કરવી પડી ? હમે સઘળાંઓ તો દિલ સાથે તારૂં ખુન રેડાવાનોજ વિચાર કરતા હતા હમો તારે માટે કેવા આતુર હતા તે તો પરવરદેગાર સિવાય બીજુ કોઇ જાણતુ નથી " સિહ જેવા હોમાને લશકરને જવાબ દિધો કે " ઓ લડાઈના અનુભવી બાધુર પેહેલવાનો ! હવે અધારી રાત પછી રોશની નિકળતાજ કાલનો દાહાડા આપણો ગણાશે, તથા આપણોજ સીતારો જેહાનને દિપાવનારો બનશે મારો સેતારો આસમાન ઉપર પ્રકાશતો બન્યાથી તમો સઘલાંઓને ખુશાલી ઉપજશે. " પેલી તરફ અધારી રાતથી તે મરઘા બોલવાનો વખત થયો ત્યા સુધી તુસ મોટેથી એવી વાત કરવા લાગ્યો કે " મારી આગળ મારો જનુની સિહ જેવો હરીફ હોમાન શુ બીશાદમા છે આ કીના વખતે તો હુ (તુરાની) સરદારોના ડોકાં કાપી કાઢીને આવેજ વખતે પેહેલવાનોને હુ મારો હુનર દેખાડશ હુ તુરાન જમીન ઉપર કાઈપણ ઘાહેલ થયલા, કેદ પકડાયલા કે ઉતરી ગયલા ચેહેરાવાલા શખ્સો સિવાય બીજા કોઇને રેહેવા દેવશ નહી

તુસ અને પીરાનની સરદારી હેઠેલ ઈરાની અને તુરાની લશકરે બીજી વખત લડાઈ કીધી તે વિષે.

જ્યારે ઉચા આસમાને સુરજના તાજને પાહાડ પછવાડે છુપાવી દેઇને જજકલા ઉપર કાલાશ ફેલાવી દિધો ત્યારે દરેક બાજુના ચોકી કરનારા લશકરે બાહાર પડીને દરેક તબુએ તબુ ચોકી કરવા માંડી જ્યારે કર્ક રાસીમાંથી સુરજ બાહાર આવ્યો અને જેહાન રૂમી લોકાના ચેહેરા જેવી સફેદ બની ત્યારે બધે તરફની દરગાહમાથી વાજીત્રાના અવાજ સમજાયા અને જેહાનમા સરનાઇઓના અવાજ ફેલાઇ ગયા રાતા, કાલા, પીલા, અને જાબુરા રગના ભપકાદાર વાવટાઓથી હવામાં કાલાશ ફેલાયો. રનશીંગડાંના અને પરગમના સાદ નિકલવાથી જાણે આસમાન જમીનને બોસા લેતુ હોય તેમ લાગતુ હતું. સઘલાઓએ ગુરજ, તલવાર અને ભાલા બાહાર કાઢીને લડાઇ કરવા માટે લગામ ધર્યાથી તુ કહેશે કે આસમાને, જમાનાએ અને જમીને જાણે લોઢાની ચાદર ઓઢી હતી. સ્વારોના રેડાતાં લોહીથી તથા ઉડતાં ધુલારાંથી પ્રકાશતો

સુરજ જાણે પરદા પાછળ ઢકાઇ ગયો સપેહસાલાર હોમાને એક ચલકતી તલવાર હાથમાં પકડીને જડપથી લશકરની હરોલમા દોડી આવીને કહયું કે, "જેવો હું એક પોકાર મારીને મારા ઘોડાને ઉશકેરી જોશમાં લાઉ તેવાજ તમો સઘળાઓ એકી વખતે તલવાર બાહાર કાઢીને ચીનાઈ ઢાલ માથાં ઉપર આડી પકડજો, અને ઘોડાની યાલ અને લગામ તરફ જોવા સિવાય તમો બીજું કાંઈ જોતા ના. મને કમાન કે ભાલા કાંઈ જોઇતુ નથી. તમો તલવાર અને ભારી ગુરજ પકડી જેમ લડાયક લોકોની રસમ છે તે મુજબ તમારી લગામ ઘોડાની યાલને સોંપી દેઇને તમારીથી જેમ બને તેમ માર ખાઇ માર મારજો." બાહુર સ્વાર હોમાને એટલુ કહીને પોતાના ભાઇ પીરાન આગળ એક સિંહ માફક આવીને કહયું કે, "ઓ પેહેલવાન! તું ખજાના અને પૈસાની દોસ્તી રાખ્યા વગર તથા કાંઈ પણ બખીલાઇ કીધા વગર પેહેલવાનોના હથીયારના ભંડારના દરવાજા ખોલા કર. જો આપણે આજે ફતેહ મેલવીશુ તો આપણું દિલ સારા સેતારાઓથી સારૂ ફળ મેળવશે" જ્યારે પીરાને તેની એવી વાત સમજી ત્યારે તેની આગળ જુની વાત પાછી તાજી થઈ

પેલી તરફથી તુસે પણ પોતાના લશકરને મરઘાની આંખ માફક ગોઠવ્યુ. પેહેલવાનોએ તેની તારીફ કીધી અને તેને દુન્યાના પેહેલવાન તરીકે બોલાવ્યો (અને બોલ્યા કે), "તુ લડાઇને વખતે ફતેહમદ રેહેજે અને મરદાનગી સાથે હોમાનની ઉપર ધુળ ઉડતી કરજે" પછી તે સપેહસાલારે કેશવાદના બેટા ગોદરેજને કહયું કે "આ ભરમ કોઈથી છુપો રેહેવો જોઇતો નથી. અગરજો આપણું લશકર તેમની સામે જશે તો તે બદખાહ સ્વારોને મજબુતાઇ મલશે માટે આપણે આપણા શરીરમાંથી હેકારને દુર ફેંકી દેઇને સઘળાઓ પરવરદેગારની તરફ (બંદગીમા) હાથ લબાવ્યે કે જેથી પરવરદેગાર આપણને મદદગાર થાય, નહી તો કે આપણા કામનો સેતારો બુરો બનેલો સમજવો" ગોદરેજે તેને જવાબ દિધો કે, "ઓ પેહેલવાન તુ તારા રોશન રવાનને એમ દલગીર કેમ બનાવે છે? તુ તારા દિલને દુશમનોને માટે દલગીર કાય બનાવે છે? એ બાબે તુ કાંઇ પણ વધતુ ઓછુ બોલતો ના કારણ કે (એમ કરવાથી) આપણા પેહેલવાનોના દિલ તુટી જશે અને વળી તેઓ તારા એમ બોલવાથી દુખી થશે. કદાચને (આપણાજ) પાદશાહનો સેતારો રોશન હશે. દુશમનોજ ફતેહમદ થશે એમ તુ કેમ જાણી શકે! કદાચને નેકીનો પોહોંચાડનાર દાદાર તથા આપણા સરદારનુ દિલ, તલવાર અને નસીબ આપણનેજ મદદ કરનાર બનશે. માટે, ઓ પેહેલવાન! તુ તારાં દિલમા બુરો વિચાર ના લાવ, અને આપણા પેહલવાનો આગળ એવી કાઇ વાત કરતો

ના." તુસે તેને કહ્યું કે "ઓ અનુભવી શખ્સ ! હજી તેં કાંઇ લડાઇનો વખત બરોબર જોયો નથી. વળી બીજુ એ કે હોમાને પોતાના પેહેલવાનો સાથે એ બાબે તુરાની ભાષામાં વાત કીધી હતી કે 'જેમ એક વાઘ હરણ ઉપર ફતેહ પાંમે તેમ આપણે કાલે લડાઇમાં ફતેહ પાંમીને ઇરાનીઓનું તદન નખોદ વાળીશુ. તે છતાં આપણામાંથી કોઇના પણ જીવને નુકશાન થશે નહી.' તેથી કાલે તો આપણા સુનેરી જોડાવાલા નામદારોને કાવ્યાની ઝુન્ડા સાથે ત્યાંજ રેહેવા દેવા જોઇએ. આ પાહાડ આગળથી આપણને જરા પણ પગલાં ઉચકવા ઘટતાં નથી કારણકે હજી લડાઇનો અને તૈયારી કરવાનો વખત આવ્યો નથી. વળી તેઓ આપણા કરતાં બમના છે જો કે તે ઘણા નહી ગણાય તોપણ તેઓ ઘણા બુરા વિચારના છે" ગોદરેજે તેને જવાબ દિધો કે "અગરજો પરવરદેગાર આપણી ઉપર બુરો વખત લાવી નાખવાનોજ હશે તો તેવી વાત વધતી ઓછી બન્યા વગર રેહેવાની નથી માટે તુ ઇરાનીઓના દિલના જોરને બગાડી ના નાખ. જો આસમાનનુ ફરવું બુરૂજ થવાનુ હશે તો તેથી કાંઈ જમાનો વધારે પહરેજ રેહેવાનો નથી માટે જે બનવા કાલ હોય તે માટે દિલને તોડી નાખ્યા વગર તુ લશકરને તૈયાર કર" આવી સપેહસાલાર તુસે લશકરને, જંગી હાથીઓને, માણસોને અને ઢોલોને ગોઠવ્યાં પાયદલ લશકર લશકરી અસબાબ સાથે પાહાડની તરફ ગયુ પેહેલવાન ગોદરેજ તેની જમની બાજુએ રહયો પછી તે સઘલું લશકર એક હારમાં ગોઠવાઇને ઉભું અને તે લશકરના ડાવા હાથ ઉપર રેહામ અને ગુરગીન રહયા. સરનાઈ અને ઢોલના નામના અવાજથી જાણે આસમાન પણ તુટી પડયું હોય અને તે ફરતા આસમાનનુ તમામ દિલ ફાટી જતુ હોય તેમ જણાયુ વળી સુરજનો ચેહેરો પણ ધુલથી ઢકાઇ ગયો તે મેદાનમાંથી પુશકલ ધુલ ઉડવાને લિધે ત્યાં એવુ બન્યું કે કોઇને તે મેદાનની સપાટી પણ દેખાઇ નહી કાલા વાદલમાંથી તલવારોનો વરસાદ પડવા લાગ્યો અને તલવારોના લોઢાંની તોપીઓ સાથે અઠડવાથી જાણે ત્યા આતશ સલગયો પ્રકાશતા બાલાઓથી, સરદારોની તલવારોથી તથા ભારી ગુરજોના ઉચકાવાથી તું કેહેશે કે જાણે હવા ગુરજ અને લોઢાંની બની છે, તથા તમામ જમીન નાલો અને બખતરોની બનેલી છે. તે તમામ મેદાન તથા ઢલાનવાલી જગ્યા લોહીના દરીઆ જેવી બની તથા જેહાન રાત જેવી અને તલવારો દીવા જેવી પ્રકાશતી બની ઢોલ અને સરનાઈના પુશકલ અવાજોથી જાણે કોઇ પણ શખ્સ પોતાનુ માથુ કે પગ પણ ઓલખી શકતો હતો નહી. લડાઈનુ તમામ મેદાન લોહીની ભરતવાલું જાણે રેશમી કપડું હોય તેમ બન્યું. ઉડતી ધુલને લિધે સુરજ કે ચન્દ્ર કાંઇ પ્રકાશતા માલમ પડતા હતા

નહી. તે વખતે સપેહસાલ્લાર તુસે ગોદરેજને કહયું કે "આસમાનનું ફરવું અંધકાર સાથનું બની ગયું છે પેલા નજુમીએ મને કહયું હતું કે આજના દાહાડાથી તે રાતના ત્રણ પોહોર ગુજરે ત્યાં સુધી તેઓ (યાને દુશમનો) પેહેલવાનોની શમશેરથી મેદાનમાં કાલાં વાદલ માફક લોહી રેડશે સેવટે મને ધાસ્તી લાગે છે કે કીનો લેનારા દુશમનો સિવાય બીજુ કોઇ ફતેહમંદ નિવડશે નહી." શીદુશ, ગસતહમનો બેટો રેહામ, અને ગેવ જેવા પેહેલવાનો, તથા ખરરાદ, ફરહાદ અને બુરજીન જેવા પેહેલવાનો કે જેઓમાનો એક એક શખ્સ એક એક અઝદાહ કે જે દુશમનોને હાથમાથી છટકવા દિએ નહી તેવા હતા તેઓ પણ તુટેલાજ દિલે તે લશકરની સફ વચે કીનો લેવાને આવ્યા. દરેક બાજુએથી વાદલ સુધી પોકારો ઉઠયા અને ઇરાની સ્વારો દેવો જેવા જણાયા[1].

પેલી તરફથી હોમાન એક પાહાડ જેવાં ટોળાબધ લશકર સાથે આવી લાગ્યો. તેઓના પુશકલ ગુરજો, તલવારો, અને ભાલાઓને લિધે ઘોડાઓના પાવડા કે લગામ કાંઈ દેખાતુ હતુ નહી તેઓના લડાઇને લગતા સામનનો ઢગલો બન્યો તથા લશકર ટોલાબધ એકઠું બન્યુ. ત્યાર બાદ લડાયક શખ્સોએ તે મેદાનમાંથી પોતાની લડવાની જગ્યા પસદ કરી લેવા ઇચ્છયુ ગેવના ખાનદાનીઓનો સરદાર ગરાજેહે નેહેલ[2] સાથે લડવાનુ પસદ કીધુ. તે બન્ને પેહેલવાનો મોટા દરજ્જાના અને સિહ જેવા દિલના હતા. રેહામ, ગોદરેજ અને ફરસીવરદના હરીફો સીદુશ અને લેહાક જેવા પેહેલવાનો થયા. ગેવના બેટા બેજન સામે ગુલબાદ રહયો તે બન્ને ગોયા આતશ અને પવનજ ફુકતા હતા. ગેવે સીતરખ (નામના તુરકી પેહેલવાન) સાથે લડવાને ઇચ્છયુ કે જે બન્ને મોટી પદવીના અને બાહાદુર પેહેલવાનો હતા. પીરાને ગોદરેજ સાથે અને હોમાને તુસ સાથે લડવાને ઇચ્છયું કે જેમ કરવામાં કાંઇ ગેરઇનસાફ જેવુ કે અફશોશ કરવા જેવુ હતુ નહી. એ પ્રમાણે તેઓએ લડવાનો વિચાર કીધો. તુરતજ સરનાઇના અવાજો નિકળ્યાથી બાહાદુરોએ ઉશકેરાઇને એક બીજાને ગુરજથી છુડવા માડયાં પણ ઇરાનીઓનુ નસીબ ઉંધુ વળેલુ હોવાથી તે મેદાન ઇરાનીઓની લોહથી ભરાઇ જવા લાગ્યું. ત્યારે હોમાન બોલ્યો કે "જમાનો આજની લડાઈમા આપણા દિલની ઇચ્છા મુજબનોજ રહેશે માટે તમો સઘળા તમારા મીઠા જીવને હથેલી ઉપર ધરીને કીના માટે બુમ પાડતાં એકમેકને ખંજરથી મારીને ઈરાનીઓથી જમીનને ખાલી બનાવો જેથી હવે પછી તેઓ કીનાને

---

૧ એ બેતનો તરજુમો લખેલી નકલ મુજબ કીધો છે

૨ 'નેહેલ' એ એક તુરાની પેહેલવાનનુ નામ છે.

માટે હાથ લંબાવે એમ બનેજ નહી. સપેહસાલાર તુસ હાથીઓ અને ઢાલ સાથે પગે ચાલતો હરોળમાં આવ્યો અને તેના ઢાલવાલા અને નાના મોટા નેજાવાલા લશકરે ઘોડેસ્વાર લશકર સામે સફ ખેચી તુસે તેમને કહયું કે "તમો તમારી જગ્યાએથી જરા પણ ખસ્યા વગર બસ તમારી ઢાલ અને બાલાનેજ આગળ ધરજો. આ લડાયક તુરકી સરદારો ભારી ગુરજો કેમ ઉડાવશે તથા જેહાન દયાલુ રીતી સાથે કોણ તરફ ફરશે અને કોણને આસમાન જેહાનમાથી છીનવી લેશે તે આપણે જોઈશુ.

તુરકીઓએ જાદુ કીધાથી ઇરાનીઓએ હાર ખાધી તે વિષે.

તુરકીઓ વચે જાદુઇથી દરેક ઠેકાણે પોતાની મુરાદ પાંમતો બાજુરદ નામનો એક શખ્સ હતો, જે જુડાઇ અને જાદુઈ શિખેલો અને ચીનાઈ તેમજ પેહેલવી ભાષા પણ જાણનાર હતો. તે જાદુગરને પીરાને કહયુ કે "તું અત્રેથી પેલા પાહાડને મઠાલે જઇને તુરતજ ઇરાનીઓ ઉપર બરફ અને ઠંડી સાથનો સખ્ત પવન લેઈ જઇ નાખ." તેમ કરવાને તે જાદુગર ત્યાંથી રવાના થતાંજ તેઓ ઉપર બરફ પડવા અને તોફાની પવન ફુકવા લાગ્યો. તે બરફને લિધે તમામ મેદાનમાંના નેજાના વાપડનારા સ્વારો લડાઇ કરવાથી અટકી ગયા. સખત ઠંડી ફુકવાથી ત્યા રસ્તાખેજ જેવુ થઈ ગયુ અને તેથી પેહેલવાનો બુમ પાડવા લાગ્યા અને તેઓ વચે (દુશમનોના) તીરો વરસવા લાગ્યા. પછી પીરાને ફરમાવ્યુ કે "હવે તમો તમામ સેપાહો તે મેદાનમા તેઓ ઉપર હુમલો કરો કારણ કે તેઓના હાથ (હવે) નેજા પકડવાને માટે થંડીથી અકડી ગયલા હોવાથી કોઇથી પણ લડાઇનો હુનર દેખાડી શકાસે નહી." આથી હોમાને એક પોકાર મારી તેઓ ઉપર નર દેવની માફક હુમલો કરીને ઈરાનીઓ વચેથી પુશકલ લોકોને મારી નાખ્યાથી તેઓ વચે લોહીનો દરીઓ બની ગયો. બરફથી અને લોહીથી ભરાયલાં મેદાનમા ઇરાની સ્વારો ઉધા પડયા અને તેઓની મુવેલી લોઠથી ત્યાં લડાઇ કરવાને માટે ફરી વળવાની પણ જગ્યા રહી નહી. બરફથી અને ત્યાં પડેલી મુવેલી લાશોથી તે જગ્યા તગ બની તથા તેમના હાથમાનાં ખંજરો અને તલવારો કાલાં બન્યા અને તેઓ છાકટે માફક ત્યાં અબરૂ પડયા[1]. આથી સપેહસાલાર તુસે અને બાધુરોએ તુરતજ આસમાન તરફ મોઢું કરી આજુજી કરવા માડી કે "ઓ અક્કલ, હુશીયારી અને વિચારમાં સર્વેથી ચઢતા ખોદા! તું કે જે ઉપર, નિચે કે કેઠે પણ દેખાતો નથી તેની પાસેથી હમો

---

૧ એ બેત[?]લખેલી નકલમા વધારે છે.

સઘલા ગુનાહથી ભરેલા તારા બંદાઓ નાચારી સાથે ઇનસાફ માંગ્યે છીએ. તું મંત્ર અને જાદુ કરવાથી વધારે ચઢતો છે. તુ જેહાનનો ધરાવનાર અને ઇનશાફ કરનારાઓનો ઇનસાફ કરનારો હોવાથી તુંજ હમો નાચારોને મદદ કરનારો થા કારણ કે તુ આતશ અને સુરજના કરતાં પણ જોરેમદ છે આવી સખત થંડી વચ્ચે તું હમારી ફર્યાદ સમજ. કારણ કે હમો તારા સિવાય બીજા કોઈને (ખોદા તરીકે) ઓલખતા નથી" તેટલામાં ત્યાં એક અક્કલમદ માણસે આવીને પોતાની આંગળીથી રેહામને તે પાહાડ તરફ દેખાડીને કહયું કે "જ્યારે તે પાહાડ ઉપરથી જાદુ મત્રજ ચાલતું હોય તો તમુને જોર અને બાધુરી કયાંથી મલે ?" આથી રેહામે તે મેદાનમાંથી લગામ ફેરવીને પોતાના ઘોડાને લશકર વચેથી બાહાર દોડાવ્યો અને બખતરની કોરને કમર સુધી ચઢાવીને પછી પગે ચાલતો તે પાહાડને મથાલે ચઢયો તે જાદુગર તેને જોતાંજ ચીનાઈ પોલાદનો ગુરજ હાથમા ધરીને તેની સાથે લડવા માટે આવ્યો પણ રેહામે તે જાદુગર નજદિક જઇને પોતાની તિક્ષણ તલવાર બાહાર કાઢી તે વડે તેના હાથ કાપી નાખ્યા. તેથી ત્યાં રસ્તાખેજના વખત જેવો પવન નિકલ્યો અને તે કાલા વાદલોને હવામાંથી ઘસડી લેઈ ગયો. પછી પેહેલવાન રેહામે પોતાના જોરથી જાદુગરને બાંધી લેઇ તે પાહાડ ઉપરથી નિચે ઉતરીને લડાઇના મેદાનમા આવી પોતાના ઘોડા ઉપર બેઠો. આથી હવા જેવી આગળ હતી તેવીજ પાછી બની અને સુરજના પ્રકાશથી આસમાન બલુ બન્યુ પછી તેણે તે બુઢા જાદુગરનું ડોકુ મોટી પદવીના સરદારોની હજુરમા પોતાની ભારી તલવાર વડે કાપી નાખ્યુ. અને તે જાદુગરે જે કાઈ કીધુ હતુ તે પોતાના બાપ આગળ કહેતાં કહયુ કે "એણેજ લડાઇ વખતે આપણી ઉપર એ પ્રમાણે જાદુ કીધુ હતુ." ત્યાર પછી પાદશાહ ખસરૂના બાધુરો તે મેદાનમા કેવુ લોહીના દરીઆ જેવું બન્યું હતુ તે જોઇ શકયા તે તમામ મેદાન ઇરાનીઓનાં માથા વગરના શરીર અને શરીર વગરના ડોકાઓથી એકસરખી રીતે ભરાયલું જણાયુ. તેથી ગોદરેજે તુસને કહયું કે "હવે આપણુને હાથી જોઇતા નથી તથા ઢોલ વગાડવાનુ પણ કામ નથી આપણે સઘળાઓ એકી વખતે તલવારો બાહાર કાઢીને તથા બખતર પેહેરીને માર મારીશુ અને મરશુ મને તો આપણા વખતનો અત આવ્યો હોય એમ જણાય છે, માટે હાલે કમંદ, તીર કે કમાનનો વખત નથી" તુસે તેને જવાબ દિધો કે "ઓ જેહાનનો અનુભવ પાંમેલા બુઝોરગ શખ્સ! હવે સુરજથી હવા સાફ બની છે તો આપણે આપણા માથાંઓને શુ કામ ફોકટમાં બરબાદ કર્યે ? માટે ફર્યાદના પોહોંચનારા પરવરદેગાર માફક શાંત બન અને ઉટાવલ ના કર; કારણુ કે એજ તુરાની બાધુરો લડાઈમાં આપણી સાથે આપણા ધાર્યા

પ્રમાણેજ કરશે. માટે તું મોતને ખાતર તેઓ સામે ના જા અને તેઓ બાદશાહો સાથે લડાઇ ના શોધ. તું તારે કાવ્યાની ઝુન્ડા સાથે લશકરના મધ્ય ભાગમાં હાથમાં બલુ રંગની તલવાર ધરીને ઉભો રેહે ગેવ અને બેજન તારા જમના હાથ ઉપર તારી સાથે રેહેશે જ્યારે ગસતહમ તારા ડાવા હાથ ઉપર તારી નેગેહબાની કરશે. રેહામ, શીદુશ અને ગરાજેહ ફોનાથી હોટ ઉપર ફીન ચઢાવીને લશકરની સફની હરોલમાં રહેશે. હુ પણ મારો ફીનો લેવાનો ગુરજ કમર બંધમાંથી બહાર ખેચીને અત્રેથી જવશ અને મારા શરીરને ઇરાનીઓ માટે ફીદા કરશ. હુ મારા ઘોડાને તે મેદાનમાથી પાછો ફેરવશ નહી પણ મારી જગ્યા જરસ્પની માફક ધુલમાજ થશે[1] જો આ લડાઇમાં હુ માર્યો જાઉ તો તું પાછો ઇરાની લશકરના પાદશાહ આગળ જજે. મારાં મોતથી મને નામદારી મલશે જયારે તુને પાદશાહનો તાણો ખમવો પડશે અને બુરી કરણીના શખ્સો તારી દરેક ઠેકાણે નિંદા કરશે આ દુન્યા આવી રીતની આજાર અને દુખથી ભરેલી છે માટે તુ જેમ બને તેમ તેને મોટાઇ ના આપ એક દાહાડો તે માહેલી માલમતા તુને છોડી દેશે અને તુને જીવવાનો જરાપણ વધારે વખત આપશે નહી ' પછી બીજી વખત સરનાઇઓ ફુકવામાં આવી તથા ચગ અને હીન્દી ધાટોના અવાજ નિકળવા લાગ્યા અને લડાયક સ્વારોની બાગથી, તલવાર અને વાંકા કોડાલીના પ્રકાશથી તથા ખંજર, ગુરજ, ભાલા અને તીરથી જમીન કાલા દરીઆ જેવી બની. તમામ મેદાન શરીર વગરના ડોકાંઓ અને ડોકાંઓ વગરના શરીરથી ભરાઇ ગયુ તથા ગુરજના ફટકાઓના અવાજ કાન સાથે આવી અઠડવા લાગ્યા એ પ્રમાણે તુરકીઓ સાથની એ લડાઈ સખત થઇ પડયાથી ઇરાનીઓ નસીબનો દાહાડા જોવા પામ્યા નહી[?] પાધરી ચાલે ચાલનારા તમામ સેતારાનો અસ્ત થવાથી બાહાદુરોને દુશમનોને પીઠ દેખાડવી પડી તુસ, ગોદરેજ અને ગેવ જેવા બાહાદુરો તથા શીદુશ, બેજન, અને રેહામ જેવા સિંહો એ સઘલાઓ પોતાના જીવને હથેલી ઉપર ધરીને લશકરની હરોલમા નામદારી મેલવવા લાગ્યા. તે લડાઈમા તુસ સાથે જે કોઇ હતા તે સઘલા નામદારો અને મોટી પડવી ધરાવનારા શખ્સો હતા. તેઓ જ્યારે હરોલમાં લોહી રેડતા હતા ત્યારે પીઠ પાછલના ઇરાની બાહાદુરો નાહાસવા પડયા હતા. એક મોબેદે પેહેલવાન તુસને બોલાવીને કહયુ કે "તારી પીઠ પાછલ હવે કાંઈપણ લશકર રહયું નથી. તેઓએ તુને લડાઈ વચ્ચે એમ રાખવો જોઇતો હતો નહી અને લશકરે તેના સપેહસાલારને એમ નુકસાન પુગવા દેવુ જોઈતું હતુ નહી" તેથી તુસે તુરતજ બાહાદુર ગેવને કહયુ કે, "આપણને

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

લશકરની અક્કલ પ્રમાણે તેઓ સાથે જોડાવામાં ડાહાપણ નથી. કારણ કે તેઓ વગર ફ્રોકટનું મોહું ફેરવી આપણને એમ તજી ગયા છે. માટે તું જા અને પાદશાહની શરમને ખાતર તે નાહાસ્તા લશકરને દુશમનોની નિંદાથી બચાવવા માર્ગમાંથી પાછું ફેરવી લાવ." આથી ગેવના એમ જવાથી તે સઘલું લશકર પાછું ફર્યું અન તેઓને મેદાન અને જગલ મુરડાંઓથી ભરાયલુ જણાયું. સપેહસાલાર તુસે મોટી પડવીના શખ્સોને કહયુ કે, "સરદારોનુ જોર અને તેઓની લડાઇ એવી હોવી જોઇએ નહી હાલે જ્યારે દાહાડાનો ચેહેરો કાલો બન્યો છે તથા જેહાનની સપાટી લોહીના દરીઆ જેવી બની છે ત્યારે તો તમો આરામ કરવાની જગ્યા સોઢી લેવો કારણકે અધારી રાતને સબબે તમોને આરામ લેવો ઘટે છે પણ જો તમે માર્યા જાઓ તો તમારૂ ઉડા ખાડામાં કાંકરાનું બીછાણું બનશે અને ધુલ તમારી ઓઢવાની ચાદર બનશે." આથી તે સઘલાઓ લડાઇની જગ્યાએથી પોતાના ખેશીઓ માટે ચીરાઇ ગયલાં જીગર સાથે અને શરમભર્યા માથા સાથે પાછા ફર્યા

તુસે ઇરાની લશકર સાથે હમાવન પાહાડ ઉપર આસરો લિધો તે વિષે.

તેટલામા જેમ ફતેહભર્યો પાદશાહ ફીરોજાના તખત ઉપર બેસે તેમ ચંદ્રએ પાહાડ પછવાડેથી પોતાનો ચેહેરો બાહાર કાઢયાથી સપેહસાલાર પીરાને પોતાના લશકરને બોલાવીને કહયુ કે, "હવે દુશમનો વધારે રહેલા નહી હોવાથી જ્યારે પીલાં યાકુતનો દરીઓ (યાને તડકુ) અધારી બનેલી દુન્યા ઉપર પોતાના મોજા ફેલાવી દીએ (યાને દિવસ ઉગે) ત્યારે હુ મારી મરદાનગી, પેહેલવાની હુનર, કૌવત અને અકકલથી ઇરાનીઓના એકને પણ જીવતો રેહેવા દેવશ નહી જે કોઇ જીવતા છે તેઓને હુ જીવ વગરના બનાવશ અને તેઓ માટે પાદશાહ ખસરૂના દિલને દાઝતુ બનાવશ" પછી તેઓ પણ ત્યાંથી ખુશાલી સાથે જઇને છાવણીમા બેઠા તે મેદાનમા ચગ અને રબાબ નામના વાજીંત્રો આખી રાત વાગતા રેહેવાથી તુરાની લશકરને ઉંઘ આવી નહી પેલી તરફ ઇરાનીઓ ગરજાઉ હાલતના બનીને બાપો બેટા માટે સોગ કરતા ગમગીન બેઠા. તમામ મેદાન મુવેલાઓથી અને ઘાહેલ થયલાઓથી ભરાઇ ગયુ અને મોટી પડવીના લોકોના લોહીથી ત્યાની જમીન ધોવાઇ ગઇ. મેદાનની જમની અને દાબી બાજુએ હાયો અને પગો વેરવિખેર પડયા હતા પણ તઓને તેઓની જગ્યાએ કોઈપણ પાછા ગોઠવી આપી જાણતો હતો નહી. તેઓએ આખી રાત ઘાહેલ થયલાઓને ઉચકી લાવવામાજ ગુજારી. તેમાં જે પારકા જણાતો તો તેને ત્યાજ નાખી મુકતા હતા. મુવેલી લાસોને આતશ ઉપર

બાલી નાખવામાં આવી જ્યારે ઘાહેલ થયલાઓને પાતા બાંધી તેમના ઘાહો સીવી લેવામાં આવ્યા. ગોદરેજના ખાનદાનના પુશકલ માણુસો ઘાહેલ થયાં અને માર્યાં ગયા હતા. તેમાના કેટલાકોને પણુ પાતા બાંધ્યામાં આવ્યા. જ્યારે ગોદરેજે એ ખબર સમજી ત્યારે તે દુખના પોકાર મારવા લાગ્યો. ઇરાનીઓની બુમોથી જમીન પણ જોશમાં આવી. સરવે મોટી પદવીના લોકોએ પોતાના પોશાક ફારી કાઢવા અને ગાદરેજ પોતાના માથા ઉપર ધુલ ભરીને બોલ્યો કે, "બુઢાપાને વખતે જેવુ મારૂ બુરૂ થયુ છે તેવુ બુરૂં જેહાનમાં કોઇએ જોયુ હશે નહી એ અક્કલમાં ચઢીયાતા અને વિચાર બક્ષનાર પરવરદેગાર ! તું છે અને હમેશાં રેહેશે પણુ તે મને આવા બુઢા માથા સાથે કાય જીવાડયો છે ? અને મારા આટલા બધા બેટાઓને મુવેલા ધુલમા કાય નાખ્યા છે ? જે અધકાર ભર્યા દિવસે મેં જન્મ લિધો ત્યારથી મે બખતરને મારી કંમરેથી છોડયું નથી, પણ તેના પરીણામમાં મે મારા આટલા બધા સરદારી ભોગવનારા બેટાઓને મારી અગાઉ માર્યા ગયલા જોયા છે " જ્યારે ગોદરેજ માટેની એ ખબર તુસને પુગી ત્યારે તેણે પણ પોતાના પાપનો આંસુથી ભરી નાખી ચેહેરાને રાતો બનાવ્યો તે રૂડનના પોકારો કરતો અને પોતાના ગાળ ઉપરથી પુશકલ આસુઓ ખેરવતો બોલ્યો કે, " અગરજો પવિત્ર શરીરના નોજરે મારા ડાલ પાખડાને ઉગવા દિધાં હતે નહી (યાને મને જન્મ આપ્યો હતે નહી), તો મને એટલુ બધુ દુખ, ગમ, અને મેહેનત સાસવી પડતે નહી, તથા લડાઇના વખતનુ દુખ જેવુ પડતે નહી અને માર્યા ગયલાઓને માટે ગમ પણુ કરવો પડતે નહી. કારણુ કે જ્યારથી મે મારી કમરે કમરબધ બાંધ્યો છે ત્યારથી જોકે હુ મારો જીવ બચાવી શકયો છુ તોપણુ મારૂં દિલ તો ઘાહેલ બન્યું છે હવે હાલે તો તમો મુવેલાં શરીરોને ખાકમા દાતો કે જેથી તે જગ્યા તેઓની કબર બને કપાઇ ગયલા ડોકાઓને તેઓના શરીર સાથે લાવીને ગોઠવો અને લશકરના અસબાબને તથા ટોલાબંધ લશકરને પણ છાવણી અને તબુઓ સાથે હમાવન પાહાડ તરફ લેઇ જાઓ આપણે એક ઉંટ સ્વારને પાદશાહ આગળ મોકલશુ કે જેથી આપણે માટે તેનુ દિલ બલ્યાથી તે બીજુ લશકર મોકલી આપે મેં એક સ્વારને તો મોકલ્યો છે અને પાદશાહને આગમચની ખબર તો પોહોચાડી છે કે જેથી તે જાલના રૂસ્તમને લશકર આપી આપણી તરફ આ લડાઇના મેદાનમાં મોકલી આપે " પછી તેણે લશકરને એક ઠેકાણે લેઈ જઈ ઠર પાડીને સઘળો સામન ત્યા સીચી મુકાવ્યો અને પછી તેણે દુખથી તે માર્યા ગયલાઓ માટે યાદ કીધી તેણે તમામ રાત દુખ અને તાપ સાથેજ ગુજારી અને તેનુ દિલ બળીને કબાબ બન્યું તથા તેનું મગજ ઉરકેરાયલું બન્યુ.

પીરાને હમાવન પાહાડ આસપાસ ઘેરો ઘાલ્યો તે વિષે.

પ્રકાશીત સુરજના તાજે દેખાવા માંડીને સીસમના (કાલા) તખતા (રાત) ઉપર કપુર (ઉજાશ) પાંઠર્યો તેટલા વખતમા તુસે (લશકર સાથે) દસ ફરસંગનો છેટો કાપી નાખ્યો, પણ પુરી ઈચ્છાના દુશમનો તો હાકને સબબે ઉંઘ કાઢતા હતા. એ પ્રમાણે તેણે ગમગીન દિલે અને ખોરાક લિધા વગરના હોટ સાથે રાત અને દિવસ કુચ કીધી. હમાવન પાહાડ આગળ આવી લાગતાંજ તે પોતાના લશકરને પાહાડની તલેટી આગળ દોરવી લેઇ ગયો ત્યાં સઘળાઓની આંખો આંસુ ભરી અને દિલ ગમ ભર્યાં બન્યા અને દુખને સબબે તેઓના જીવ કાગડાના પીછ જેવા કાલા બન્યા સપેહસાલાર તુસે ગેવને કહયુ કે "એ અકકલમદ અને નામદારી ભર્યા પેહેલવાન ! આપણે ખાધા પીધા વગર અને સુતા વગર એ પ્રમાણે ત્રણ દાહાડા સુધી ચાલ્યા છીએ. માટે આવ અને આસાયશ પકડ અને કાંઈ ખાઇને હાલે ફુરસદ મલી છે તેટલા કપડા કાઢ કારણકે મારી ખાતરી છે કે પીરાન કાંઇપણ ઢીલ કીધા વગર આપણી પુઠે લડવા માટે આવશે આ પેહેલવાનોમાથી જે કોઈ વધારે આસુડા હોય તેઓને બેજન સાથે અત્રેજ રેહેવા દેઇને તુ પાહાડની ટોચ ઉપર જા" આથી ગેવ જે જીવથી ધરાઈ ગયલો અને દુન્યાથી કાયર થયલો હતો તે ઘાહેલ થયલાઓ સાથે પાહાડ તરફ ગયો. ઘાહેલ થયલાઓને જડપથી કીલ્લામાં લેઇ જવામા આવ્યા અને જે આસુડા હતા તેઓમાથી એક લશકર ચુટી કાઢીને તેણે તેઓને કહયું કે "હાલે આ પાહાડનુ મહાણુ જાણે આપણું રેહેઠાણ હોવાથી આપણને તેના તરફ સાચા નિવડવુ ઘટે છે (યાને તેનો બચાવ કરવો જોઇએ છે)" આથી ચોકીબાન લશકર કોઇને પણ ત્યાથી પસાર નહી થવા દેવાને પાહાડ ઉપરથી મેદાનમા ગયુ

પેલી તરફ તુરકી ચોકીઆતો પણ બખતર સાથે ચોકી કરતા રહયા અને તેઓના ચગ વાજીત્રના અવાજથી પાહાડો અને ખડકો વચે પડગાહ થવા લાગ્યા અને જ્યા સુધી પાહાડ પછવાડેથી સુરજ ઉગ્યો ત્યા સુધી એમ ચાલ્યુ. પછી તુરકી લશકરના દિલ લડવાને ઉટાવલા બન્યાથી પીરાનની દરગાહમાથી પોકારો સમજાયા તેથી એવુ બન્યુ કે જાણે ત્યાની ખાકમાથી પણ જુસ્સો પેદા થયો. તુરાની લશકરના સપેહસાલારે આતશ માફક ઉશકેરાઇને લશકરને લડાઇની જગ્યાએ હંકારતાં હોમાનને કહયું કે, "હવે કાઇ લડાઇ લાંબો વખત સુધી ચાલવાની નથી. સઘલા ઈરાની સ્વારો માર્યા ગયા છે અથવા તો ઘાહેલ

થઇને લડાઈ કરવાથી છટકી ગયા છે" ત્યાર બાદ તેણે ઢોલ વજડાવ્યાથી તે મેદાનમાં ધોંધાટ થઈ રહયો અને લસકરનો સરદાર પીરાન લશકરની હરોલમાં ચાલવા લાગ્યો. જ્યારે તે પેહેલવાનો લડાઈ કરવાને મકે આવી પુગ્યા ત્યારે તેઓએ તે મેદાનમાનાં તંબુઓને સીપાઇઓ વગરના ખાલી જોયા આથી એક ખુશખબર આપનારા કાસદે પીરાન આગળ આવીને કહયુ કે "ઈરાની લશકરમાંનુ કોઇપણ અત્રે રહયુ નથી" આથી લશકરે ખુશાલીના પોકારો કીધા અને ત્યાર પછી તેઓએ પીરાનના હોકમ ઉપર ધ્યાન આપ્યું. સપેહસાલારે બીજા અકકલમંદો સાથે એ પ્રમાણે વાત કીધી કે "ઓ નામદારીભર્યા અને એલમથી વાકેફ મોબેદો! હવે આપણે શું કર્યે અને એ બાબે શુ બંધોબસ્ત રચ્યે? કારણ કે હવે આ મેદાન તો દુશમનોથી ખાલી થયુ છે" આથી લશકરના તમામ બુઢા અને જવાન સ્વારોએ તેજી બનીને પેહેલવાન પીરાનને કહયું કે "ઇરાની લશકર આપણી આગળથી નાહામી ગયાથી આપણું બુરૂં ઇચ્છનારાઓની હાર તો થઈ છે અને આ મેદાન લોહી અને ખાકથી ભરેલું બન્યુ છે તેથી હાલે આપણને તેઓથી બીહવાનો કે ધાસ્તી રાખવાનો વખત રહયો નથી. પણ હવે તે દુશમનોની પુઠ પકડવી ઘટે છે હાલે જો તેઓ હુશીયારી કે અકકલ રાખતા હોય તો તે અજબ વાત ગણાય તે નાહાઠેલાઓ આપણી ઢીલથી ઉટાવલ કરી હવામાંથી પાણીમાં ઉતરશે (યાને જીહુન નદી પસાર કરી જશે)" પીરાને તેઓને જવાબ દિધો કે "લડાઈના કામમા ઢીલ કરયાથી સુસ્ત બનેલા પગો ઉટાવલા બને છે બાહાદુર માણસોના રેવાજ અને રસમો એવીજ હોય છે કે ધીરજથી તેઓ સિહને પણ નિચે પટકી શકે છે. હાલે અફ્રાસીયાબ આગળ પણ પાણીના દરીઆ જેવુ એક લશકર ભેગું મળ્યું હશે, તેથી આપણે જરા ઢીલ કરીશુ તો તે મોટુ લશકર તથા પેહેલવાનો અને બાહાદુરો પણ અત્રે આવી પુગશે ત્યાર પછી આપણે ઈરાનમાં કોઇને જીવતા રહેવા દેઇશુ નહી માટે અકકલમંદોએ બસ એવાજ વિચાર કરવા જોઈએ." હોમાને તેને જવાબ દિધો કે "ઓ પેહેલવાન! તુ આટલાબધા તુરકીઓના જીવને તારાં આવાં કામથી દુખી ના બનાવ. તે લશકર તો અત્રેથી જારી કરતું અને નાહાસભાગ કરતુ પાદશાહ આગળ પણ ગયું હશે. તે એવુ તો જોશ, જોર અને જોમ ધરાવનારૂં લશકર હતું કે જેને માટે દરીઆની સપાટી પણ ગમગીન બની હતી, તેવું લશકર હાલે છાવણી અને તંબુઓ તજી દેઇને ચાલી ગયુ છે તે નાચારીને સબબે હોવું જોઇએ એમજ તારે સમજવું જોઇએ. એકી વખતે તે લશકરને પીઠ દેખાડવાનું કારણ એજ છે, માટે તેઓ ખસરૂ આગળ જઇ પુગે ત્યાં સુધી આપણને ઢીલ

કરવી ઘટતી નથી. નહી તો કે વળી ખસરૂની દરગાહમાં એક નવું લશકર તયાર થશે તેમાં વળી જાબુલસ્તાનથી રૂસતમના પણ લડવા આવ્યાથી આવી ઢીલ કરવા માટે આપણને ભારી દુખ ખમવું પડશે. માટે હાલે આપણને ત્યાં ઉટાવલે જવાની તૈયારી કરવી જોઇએ છે અને તેઓ સાથે ફરેબ અને બાજી રમવી ઘટે છે. આપણે અત્રે ઢીલ કર્યે તેના કરતાં ગોદરેજ સાથે સપેહસાલાર તુસને તથા તેમનો મુબારક કાવ્યાની ઝુન્ડો, હાથીઓ અને ઢોલને કેદ પકડી લેઇએ તો તે બેશક સારૂ ગણાશે " પેહેલવાન પીરાને તેને કહયું કે, " તું ચાલાક દિલનો અને રોશન રવાનનો રેહેજે તારા નેક નસીબ અને વિચાર મુજબ તુંને જેમ મુજે તેમ કર. કારણ કે આસમાનનુ ચકકર તારા પગની નિચે (ગોલામ જેવું) છે. "

આથી લશકરને તેઓની પુઠ પકડવી પડી તુરાની લશકરના સપેહ- સાલાર પીરાને લેહાકને હોકમ કીધો કે " તુ હાલે બસો સ્વારો સાથે અત્રેથી જડપથી કુચ કરી જા અને તારી કમરેથી કમરબધને છોડયા વગર તે ઈરા- નીઓ કહી તરફ છે તે જોઇ કાઢ." તેથી લેહાક માર્ગમા ખાવા પીવાનો કે સુવાનો વિચાર કીધા વગર ત્યાંથી પવનવેગે ઉપડી ગયો અધારી રાતનો અરધો ભાગ વહી ગયો ત્યારે તે મેદાનના અધારા વચેથી ચોકીબાનોએ તેને જોયાથી પાહાડ ઉપરથી (સાવચેતી માટેના) પોકારો અને રનશીગડાના અવાજો સમજાયા. તેથી લેહાક ત્યા થોભવાનો વિચાર કીધા વગર તે રસ્તામાંથી પાછો ફરી પીરાન આગળ આવીને તેને તે ઇરાની લશકરની ખબર પુગાડી કે "તેઓ તો હમાવન પાહાડમાં ભરાઈ બેઠા છે અને તેનો (ઉપર ચઢવાનો) મુશકેલી ભરેલો રસ્તો તેઓએ ઘેરી લિધો છે." તેથી પીરાને હોમાનને કહયું કે ' જડપથી તારો લગામ અને પાવડાને તગ બનાવીને તુંને જેટલુ જોઇએ તેટલું પેહેલવાનો અને નામદાર બાહાદુરોનુ લશકર સાથે લેઇ જા કારણ કે ઇરાનીઓએ પોતાના ઝુન્ડા અને લશકર સાથે હમાવન પાહાડનો આશરો લિધેલો હોવાથી હાલે આ લડાઇથી તેઓને પાછુ મેહેનતમાં ઉતરવુ પડશે. માટે તું તારી અકકલને તેજી બનાવીને એ બાબેનો કાંઈ ઉપાય કર. જો તું ફકત કાવ્યાની ઝુન્ડોજ મેલવશે તો તેઓનો વખત (પોતાની મેલે) કાલાશ પકડશે અગરજો તે ઝુન્ડાને તુ તારી તિક્ષણ તલવારથી જીતવા પાંમે તો તુરતજ તે ઝુન્ડાને તથા નેજાઓને તુ ભાંજી તોડીને ટુકડા કરી નાખજે. હું પણ વખત ખોહયા વગર તારી પુઠે પવનવેગે આવી લાગશ " આથી હોમાને તુરાનીઓ વચેથી ઢાલ અને તલવારવાલા ત્રીસ હજાર સ્વારોને ચુટી કાઢયા. જ્યારે પ્રકાશતા સુરજે પોતાનો ચેહેરો દેખાડયો અને પોતાના ચેહેરાથી

જેહાનને તડકાંએ ભરી નાખી ત્યારે દુરથી લશકરથી ઉડતી ધુળ દેખાવા લાગ્યાથી ચોકીબાનોએ ચોકી કરવાની જગ્યાએથી (સાવચેટ રેહેવાના) પોકારો કીધા કે "તુરાનીઓનું લશકર આવતું હોય તેમ દેખાય છે અને તેઓને લિધે વાદલ કાલાશથી ભરાઇ ગયું છે" તુસે એમ સમજતાંજ તુરતજ બખતર પેહેરી લિધું અને ત્યાં પરગમ અને રણુશી ગડાંના અવાજ નિકલ્યાથી સઘળા ઇરાની સ્વારો એકઠા થઇને તે પાહાડ નજદિક સફ સમારીને ઉભા. જેવું હોમાને તે ભારી લશકરને તલવાર, ભાલા અને ગુરજ ઉડાવીને જનુની સિંહ માફક ખુમ પાડતું અને ઉશકેરાયલું જોયું તથા લશકરની વચે કાવ્યાની ઝુન્ડો જોયો તેવુંજ હોમાને ગોદરેજ અને તુસને કહયું કે, "તમો તમારા દેશમાથી લશકર બાહાર કાઢીને હાથીઓ અને ઢોલ સાથે ઇરાનમાથી તુરાનમાં કીનો લેવા માટે આવ્યા છતા તમો તો હાલે લડાઇથી ડરીને શેકારની માફક નાશભાગ કરતા પાહાડમાં આવી ભરાયા છો પણ શુ તમુને આવા કામથી શરમ કે હીનસપતી લાગતી નથી કે એ પાહાડ અને ખડક ઉપર ખાઈ પી તથા સુઈને આરામ ભોગવો છો? પણ કાળે પાહાડ પછવાડેથી સુરજ ઉગતાજ હુ આ તારા કીલ્લાને પાણીના દરીયા જેવો બનાવી દેવશ એ ઉચા પાહાડ ઉપરથી હુ તમુને નિચે નાંખીને તમારા બે હાથો કમંદના ફાંસામાં બાંધી લેઇને તમુને અફ્રાસીયાબ આગળ મોકલી આપશ કે જેથી તમો ખાવાપીવાથી, સુવાથી અને આરામ ભોગવવાથી છુટા થાઓ. ત્યારેજ તમે જાણુશો કે તમારા ઉપાય કીધેલા નકામા ગયા છે અને એ કીધેલા ઉપાયોને માટે આખરે તમુને રડવુ પડયું છે" પછી તેણે એક ઉટ સ્વારને પીરાન આગળ જડપથી મોકલી કેહેવાડયુ કે 'આપણે તો લડાઇ કરવા માટે કેવા કેવા વિચારો કીધા હતા, પણ આપણી અટકલથી તો ઉલટું બન્યુ છે. હમે તેઓ ઉપર હુમલો તો લેઈ ગયા પણ અત્રેનો તમામ પાહાડ ઇરાની સેપાહોથી અને ઢોલથી ભરાયલો છે અને તુસ અને ગોદરેજની પુઠે ઝુન્ડો ઉડનો રહે છે માટે જ્યારે જેહાનને દિપાવનારા સુરજના કુંડાળાંથી પાક દિવસ પ્રકાશી રહે ત્યારે તુ લશકર સાથે અત્રે આવીને મેદાનની સપાટી લશકરથી કાલી બને એમ તું કરજે.' તે કાસદ પીરાન આગળ આવી પુગ્યો અને હોમાનનું કેહેન સમજતાજ તે ચિરડાઇ ગયો પછી જ્યારે સુવાનો વખત થયો ત્યારે તેણે અંધારી રાતે લશકરને પાણીના રેલા માફક કુચ કરાવી. જ્યારે સુરજ અંધારી ચાદરથી કંટાળીને તે ફારી બાહાર આવ્યો ત્યારે સપેહસાલાર પીરાન હમાવન પાહાડ આગળ આવી લાગ્યાથી લશકરથી ઉડી રહેલી ધુલથી જમીન પણ બેમાલુમ થઇ ગઇ. પછી પીરાને હોમાનને કહયુ કે, "જ્યાં સુધી હુ તુસ તરફ નજર પુગાડું કે તેની પાસે આ પાહાડ ઉપર કેટલા હાથી અને ઢોલ

છે ત્યાં સુધી તું આ મેદાનમાંથી ખીસ્તો ના અને લશકરને પણ એક પળ પણ ખીસવા દેતો ના. હું તેટલાં ઇરાનીઓના સપેહસાલાર આગળ જઇને તેની સાથે એ કાવ્યાની ઝુન્ડા બાબે વાત કરૂં છું. આપણે તે ઇરાની સરદારને પુછીશું કે તેણે હજી સુધી કાવ્યાની ઝુન્ડાને ઉડતો શા માટે રાખ્યો છે?"

પછી તેણે કીનાભર્યાં મગજ સાથે અને ગુનાહભર્યાં દિલ સાથે ઇરાની લશકર આગળ જઇને પોકારીને કહયું કે "ઓ હાથી, ગુરજ અને ઢાલના નામદારીભર્યા માલેક તુસ! તુંને એ હમાવન પાહાડ માટેની ખબર કોણે આપી! અને હાલે તેમાં ભરાવાની તુ શું મકશદ રાખે છે? તુંને માહા મુશકેલીએ પણ લડાઇ કરવાને પાંચ મહીના જોઇએ છે. પેલા ગોદરેજના ખાનદાનીઓ હજી સારા કયાં થયા છે? વળી હજી તો પેલાં લડાઈના મેદાનમાં સઘલા ડોકા વગરના પડેલા છે જેવો તુ દાવાભર્યાં દિલ અને કીનાભર્યાં મગજે નાસવાના ઇરાદાથી કમર બાંધીને નાસી ગયો તેવું હમારૂં લશકર પણ તારી પુઠે જડપથી આવી લાગ્યું છે અને બેશક તું હવે હમારા ફાંડામાં સપડાયો છે, હવે તે મોટા દરજ્જાના ફરૂદના કીનામાં તમારાં ડોકાં પણ કાપીને શરીરથી જુદાં કરવા ઘટે છે" ત્યારે નામદાર તુસે તેને જવાબ દિધો કે "મને તારા જુઠા બોલવાને આટે અફસોસ છુટેછે જેહાનમા મોટા દરજ્જાના લોકો વચે સીયાવક્ષ બાબદમાં કીનાનો પાયો તો તે નાખ્યો છે એવુ મુરખાઇ ભર્યું બોલવા માટે શું તુને કાંઇ શરમ લાગતી નથી. તારા આવા ઉશ્કેરની ભર્યા બોલવાથી હું કાંઈ તારા ફાંડામાં આવી જવાનો નથી જેહાનમાં બુજર્ગો અને નામદારો વચે તારા જેવો પેહેલવાન કોઇ હોના ના સોગદ ખાઈ ખાઇને તો તેં તે સીયાવક્ષનો નાસ કીધો છે અને તેનુ ખુન કરીને તેનાથી તેં જેહાનને ખાલી બનાવી છે. તે તારી કુમક ઉપર તો તુરાનમાં આવી વસ્યો પણ તેમ કરવાથી તો જેહાનમાં લડાઈ અને કીનો વસ્યો છે. આવો પવિત્ર પાદશાહ કે જેનો ચેહેરો જોઈને કોઇ પણ શખ્સ ખુશ રહી શકે તેને માટે તો હમો અફશોસ કરીએ છીએ. માટે આવી ધરપચ સાથે અને આટલાં બધાં મકકર અને જુઠાના સાથે એક સંગીન માણસ આગળ તુ કાંઈ દિપી નિકળવાનો નથી તેં ઘડીકમાં જાદુ કીધું છે તો ઘડીકમાં કાવાદાવાઓ રચ્યાછે. માટે તારાં આવાં કામોના પરીણામમાં હમો પણ લોહી રેડીશું. પેલાં ત્યાનાં મેદાનમાં ધાસચારો ઘણો કમી હોવાથી હું મારા લશકરને હમાવન પાહાડમાં લાવ્યો છું. જેહાનના પાદશાહ ખસરૂને પણ હવે એ ખબર મલેલી હોવાથી વખત જતાં તે પણ મોટા દરજ્જાના સરદારો સાથે અત્રે આવી લાગશે. લશકરના બુજોર્ગો જેવા કે દસ્તાન, પીલતન રૂસતમ વિગેરે પાદશાહ આગળ આવી મલ્યા છે અને જયારે પાદશાહનુ ત્યાંથી નિકળવું મુકરર થશે,

ત્યારે હું તુરાનના શેહેરો કે ખેતરોને રેહેવા દેવશ નહી. હવે જ્યારે તુ અત્રે આવી લાગ્યો છે તો મરદાનેમરદોના કામ પણ જોઈ લેજે. હવે કાંઇ ઠગવાનો કે ભરાઇને છુપો હુમલો કરવાનો વખત નથી." જ્યારે પીરાને એમ સમજ્યું ત્યારે તેણે લશ્કરને તેડીને ચોબાજુથી તે પાહાડ આસપાસનો રસ્તો ઘેરી લિધો આથી પાહાડના જેવું લશકર દરેક બાજુએથી આવીને તે પાહાડની તલેટી આગળ તોલાંબંધ એકઠું થયું. જ્યારે ઇરાનીઓની ખોરાકી ઘટી ગઇ, ત્યારે તે સપેહસાલાર લડાઈ કરવાની કાંઈ યુકિત કરવા લાગ્યો એ પ્રમાણે તુરાનીઓએ એક અઠવાડયું સુધી તે કીના લેવા આવેલા ઇરાનીઓને વચોવચમાં ઘેરી રાખ્યાથી ખોરાક કે જે શરીરની પરવરશી કરનારો ગણાય છે તે ઇરાનીઓને ખાવાને માટે કમી થવા લાગ્યો પછી હોમાને પેહેલવાન પીરાનને કહયુ કે "હવે આપણુને તે પાહાડ તરફ જવુ જોઇએ છે. હું તેઓ સાથે એક લડાઇ કરશ કે જેથી ઇરાનીઓ હવે પછી કીનાને માટે કમર બાંધેજ નહી." પીરાને તેને જવાબ દિધો કે "હવે આપણી નજદિક ફકટ પવન રહયો છે અને કોઇ પણ પવન સાથે લડવાનો વિચાર કરતું નથી. હવે તેઓનો મેહેરબાની માંગવાનો વખત આવ્યો છે અને લડાઇ કરવાનો કે લશકર ગોઠવવાનો તેઓનો વખત રહયો નથી. તે લશકરની ખોરાકી ખુટી જવા પછી કોઇપણ સખત પથ્થર ખાવા તરફ નજર કરવાનું નથી. ત્યારેજ તે સઘલું લશકર આપણી માફી માગતું આવશે અને તેઓ આપણી સાથે હવે પછી લડાઈ કરવા માંગશેજ નહી. આથી આ મુલક દાવાદારોથી આશાયશ ભોગવશે અને હવે પછી કોઇપણ સરદાર એ મુલકમાં આવશે નહી. કોઈપણ શખ્સ તુરાનમાથી પસાર થવાની હીંમત કરશે નહી અને આપણે કોઇપણ શખ્સને ઇરાનમાં ખુશાલ રહેવા દેઇશું નહી."

ગોદરેજ અને તુસને પણ એવાજ વિચાર આવ્યાથી તે બાહુરોના સરદારો અફસોસ અને હેરાનગતી ભોગવતા રહયા ખુદા ગોદરેજે તુસને કહયુ કે "હવે આપણે લડવાને તદ્દન અશકત છીએ જો ત્રણ દિવસ વધારે પસાર થશે તો હવે ખોરાક પણ વધુવાર નહી રેહેવાથી સામી બાજુની ખુલ્લી માફી માગ્યા સિવાય બીજો કાંઇ ઉપાય રહેશે નહી. આપણી પાસે તબુઓ, છાવણી, સામન કે ખોરાક કાંઇ રહેલું નહી હોવાથી આપણુ લશકર કયાં સુધી એમ ભુખ્યું રહેશે? માટે હવે જ્યારે સુરજનો ચેહેરો ફીકકો થાય અને અંધારાંની ચાદર ફેલાઈ જાય ત્યારે આપણે મરદાનેમરદ સ્વારોને ચુટી કાઢીને તેમને પાહાડ ઉપરથી નિચે મેદાનમાં લેઈ જઇશું અને આપણુ નસીબ જેટલી મદદ કરશે તેવી રીતે આપણે રાતનો હુમલો કરી એક સખત લડાઇ કરીને આપણે

મર્યે યાતો તેઓને આપણા શરીર મુવેલા સોંપી દેઇશું, નહી તો બાધુરોના તાજ માંથે મુકીશું. એવીજ રીતે આપણુને સેવટની લડાઇ કરવી પડશે અને તેમાં એક ધુલ મેલવશે તો બીજો દબદબો અને પડવી પાંમશે" જ્યારે તુસે ગોદરેજની એ વાત સમજી ત્યારે તેનુ દિલ દુખ અને જુના વખતના કીનાથી ભરેલું બન્યું. જ્યાં સુધી રાત પડી અને સુરજ અસ્ત પામવાથી જેહાનમાં અંધારૂ ફેલાયુ ત્યાં સુધી તે થોભ્યો. પછી અધારી રાતનો એક પોહર પસાર થતાંજ માણુસોએ પોતાના હોટોને બોલવાથી બધ રાખ્યા ત્યારે તુસે લડાઈ માટેની તૈયારી કીધી અને જે લડાયક માણુસો હતા તેઓને બોલાવ્યા. લશકરની એક બાજુ બેજનને સોંપી તથા બીજી બાજુ પેહેલવાનો શીદુશ અને ખરરાદને સોંપી મુબારક કાવ્યાની ઝુન્ડો ગસતહમને સોંપ્યો અને તેઓને પુશકલ શિખામણો અને નશીયતો દિધા પછી તેણે પોતે, ગેવે અને રેહામે તથા કેટલાક સરદારોએ ભારી ગુરજ ખભા ઉપર ઉઠાવીને સપેહસાલાર પીરાનની તરફ ચાલવા માડયુ અને તેઓ આગની માફક લશકરના મધ્યભાગ ઉપર તુટી પડયા તેથી તમામ મેદાન દરીઆ જેવુ બની રહયુ અને લશકરમાંથી મોટા પોકારો ઉઠી રહયા. (તુરકી) સપેહસાલારનો ઝુન્ડો ભાગીને બે ટુકડા થવાથી તે લડાયકોના દિલ ધાસ્તી ભર્યા બન્યાં. હોમાન સીપાઇઓના પોકાર સમજતાજ એક કાલા અરબી ઘોડા ઉપર સ્વાર થઇ ત્યા આવ્યો અને તેણે પોતાના લશકરના પુશકલ માણસોને માર્યાં ગયલા તથા ઘણાકોને લડાઇથી ગાફેલ બની નાહાસ્તાં જોયાથી તેણે આખમાથી પોતાના ગાલ ઉપર આંસુ પાડીને લશકરને મોટો પોકાર મારીને કહયુ કે, "શુ અત્રે ચોકી કરનારૂં લશકર હતું નહી! શુ તમોને કીના માટેનો કાઈજ ખ્યાલ આવ્યો નહી! ઇરાનીઓમાના દર એક આપણ ત્રણ હજાર માણસો હોવા છતા લડાઇ વખતે સુઈ રહેવુ ઘણુ ખરાબ છે તેઓ આપણને નબળા ગણે એમ બનવા દેવુ જોઇતુ નથી તેમજ આપણેજ ફરેબ રમનારા છીએ એમ પણ કેહેવુ જોઇતું નથી એવી લડાઇ કદી પણ થશે એમ કોણ જાણતુ હતુ? એક હારેલો દુશમન ફતેહમદ અને ખુશાલ બન્યો છે. હવે નેજા અને ગુરજ વડે આપણને તેઓને મારવા જોઈએ છે અને સઘળા દુશમનોની આખોને તીરથી વિંધી નાખવી ઘટે છે તેથી ચાલો અને તમારી તલવાર અને તમારા ગુરજ બાહાર કાઢીને તથા માથાં ઉપર ચીનાઈ ઢાલને આડી ધરીને તેઓનો રસ્તો દરેક બાજુએથી ઘેરી લેઓ કારણ કે ચદ્રમા પણ હવે પાહાડ પાછળથી ઉગેલો હોવાથી હવે તેઓમાનો કોઇપણ નાહાસી જવો જોઇતો નથી. તેઓમાથી હવે કોણ અત્રે થોભવાની હીમત કરશે?"

આથી સરનાઇના અવાંજ નિકલ્યા અને તુરાની પેહેલવાનોએ ત્યાંથી બો બાજુએ ફરી વળીને ઇરાનીઓને વચમા ઘેરી લિધા. પણુ તે ઇરાની સ્વારો જનુની સિંહ માફકના હોવાથી ત્યાં લોઢાની તોપી સાથે તલવારો અડડી ચીંગારીઓ ઉડવા લાગી, જેથી તું કહેશે કે "વાદલમાંથી હવામા ગુરજ વરસે છે" અંધારી રાતને સબબે, તલવારો ઉછલવાને લિધે તથા લશકરથી ઉડતી ધુળને સબબે ત્યા તારાઓ કે પ્રકાશતો ચંદ્ર કાંઈ દેખાતુ હતુ નહી બખતરોને લિધે તુ કહેશે કે, "તેઓ ભાર નિચે દબાયા છે અને અંધારાને સબબે જાણે તેઓ ગોયા કાલા દરીઆમા છે" પછી હોમાને લશકરને કહયુ કે "બસ, હવે તે સરદારોને મારી નાખવાને બદલે તથા કોઇને પણ તીરથી ઘાહેલ કરવાને બદલે તમો તેઓને મારી આગળ કેદ પકડી લાવો." ત્યારે તુરાની લશકરે તેને મોટે અવાજે જવાબ દિધો કે "હવે નાચારીને સબબે તેઓના હાથ બંધાઈ ગયા છે ગુરજ અને તલવારથી હમોએ ધરપકડ કરવાથી તેઓના માથાં ઉપર લોહીના તાજ મુકયા છે" ગેવ, રેહામ અને તુસ એકમેકને કેહેવા લાગ્યા કે "અફસોસ કે આપણા જીવ હવે બેશક જતા રેહે- વાના છે તોએ હજી પણ ઉચા આસમાનનો પેદા કરનાર સાહેબ આપણા શરીર અને જીવને એવી નુકસાનીમાંથી છોડવી શકશે નહી તો કે આપણે જાણે ઓકાબ પક્ષીના પંજામાં સપડાયલા જેવા અથવા તો પાણીના દરીયામાં હોઈએ તેમ છીએ" પછી તે ત્રણે પેહેલવાનોએ જેમ જનુની સિંહ કુદકા મારે તે માફકના સામટા હુમલા કીધા, જ્યારે બીજી બાજુએથી ઢોલ તથા સરનાઇના ઘોઘાટ તથા ચંગ અને હીન્દી ઘાંતોના અવાજ સમજાવા લાગ્યા. કોઈ પણ શખસ ઘોડાની ગરદન કે લગામ જોઇ શકતા હતા નહી ટુંક જગ્યાને લિધે તેઓની આંખોમા ભાલા ભોંકાઇ જવા લાગ્યા હોમાને મોટે સાદે લશકરને કહયુ કે "અત્રે લડવાની તેમજ નાહાસવાની પણ જગ્યા રહી નથી. માટે તમો એ બદબખતોને તમારી જગ્યાએથી ઉખેડી કાઢો કે જેથી તે બુરી કરણીના લોકોના શરીર ઉપર ઇજા પુગે" જ્યારે તુસે એમ સમજયુ ત્યારે તેણે હોમાનને ગાલ દેઇને કહયુ કે "ઓ બેબુન્યાદ અને બુરી તોખમના શખ્સ! હમોએ જુજ પેહેલવાનો અને આટલાં થોડા લશકર સાથે તમો તુર- કીઓનો કેટલો બધો નાશ કીધો છે હમો હજી આખીરાત સુધી લડી તમુને મારીશુ તેથી તમારામાં શકિત હોય તો હમારી સાથે લડાઇ કરો." એટલું કહીને તે ત્રણુ લડાયક શખ્સો આવી રીતે લડાઇની વચમાં રહીને તે લશકરની ખુવારી કરવા લાગ્યા. તેઓ રૂસતમને પુશકલ યાદ કરવા લાગ્યા કારણ કે તે એ લડાઇને દરેક ઠેકાણેથી ઇનસાફ આપી શકતે. વળી તેઓ શીદુશ, બેજન

અને ગસતહમને પણ થોડા ઘણા યાદ કરવા લાગ્યા અને બોલવા લાગ્યા કે "ઇરાની લશકર વચ્ચે તેઓમાનો પણ એક કદાચને એ લડાઈમાં મદદગાર થઇ પડતે આપણે અત્રે લડવાને આવ્યા નથી પણ વગર ફોકટના મગરના દાચાંમાં આવીને ફસીયા છીએ, જેહાનના પાદશાહની દરબાર અને તખતને માટે અમુને અફસોસ છુટે છે કારણ કે આખરે તેઓ હમુને કેદ પકડવા પાંમશે જાલ અને તેહમતન જાબુલસ્તાનમાં હોવાથી હવે ઇરાન શેહેરની પાયમાલી થઇ જશે. હજી સુધી ગુરજના અને ઢોલના અવાજ સંભળાતા હોવાથી ગેવે અને તુસે પણ લશકર વચે ઢીલ કરયા કીધી. પેલી તરફ શીદુશ અને સિંહ જેવા ગસતહમ એ પ્રમાણે વાત કરવા લાગ્યા કે "સરદાર તુસને માટે આ લડાઇ વધી પડી છે" ગરાજેહ બેજનને કહેવા લાગ્યો કે "આપણા સરદારે લડાઇને ઘણી લંબાવી છે" તે પેહેલવાનો પાસે નેજાઓ હતા નહી તેમજ એક સ્વાર પણ હતો નહી, પણ તેઓ પાસે ગુરજો અને તલવારો રહી હતી.[૧] તે મેદાનમાં હજી ઢોલના અવાજ સમજાતા હતા પણ હવા કાલા રંગની અને જમીન સીસમના જેવી બની રહી હતી તેથી જો કે ત્યાંની દરેક જગ્યા લોહીને લિધે રસ્તાખેજ જેવી બનેલી હોવા છતાં તે પેહેલવાનોએ પણ તે અવાજના સાદ ઉપરથી તે તરફ તે સરદારની પુઠે આવી લાગતાંજ પોતાના ભારી ગુરજ બહાર કાઢયા. જેવું તુસે જાણ્યુ કે તેઓ પણ તેની મદદે આવી લાગ્યા છે તેવોજ તેણે ઢોલ માફકનો પોકાર કીધો અને તેની લગામ જડપવાલી તથા પાવડા ભારી બન્યા અને તેથી પડતીમાંથી પાછી ચડતી આવી લાગી છે એમ તેણે જાણ્યુ. બાહાદુર બેજનનો સાડ સમજાયાથી વળી ગેવ અને રેહામ પણ સિંહ નરના જેવા બની ગયા અને તેઓએ પોહોર ફાટો ત્યાં સુધી ત્યાં એક લડાઇ કીધી.

જ્યારે પાહાડો પછવાડેથી જેહાનને દિપાવનારો સુરજ દેખાવા લાગ્યો ત્યારે તે બાહાદુરોએ લશકરને લડતું પાછું બોલાવી લેઇ તેને પાહાડ અને ખડક તરફ પાછુ હંકારી ગયા. ત્યાં સરદાર તુસે પોતાના પેહેલવાનોને કહયું કે "સુરજના ફરી રેહેવા પછી (યાને સુર્ય અસ્ત થવા પછી)થી તે (બામદાદે) ઢોલ વાગ્યા ત્યા સુધીમાં મેં તમારી જેવી બાહાદુરી જોઇ છે તેવી બાહાદુરી કોઇ પણ બાહાદુરોથી મે સમજી નથી તેથી તમો જેવા નામદારો ઉપરથી બુરી નજર દૂર થજો અને એ લડાઈમા આપણુને આખરે ખુશાલી મલજો હુ પાક પરવરદેગાર પાસેથી પેહેલવેહેલુ ચાહુ છુ તે એજ કે, તે સાહેબ ખરેખર બુરાઓની બુરી નજરને ખરેખર દુર કરે. મને તે સાહેબથીજ હમેશાં મદદ મળતી રહી છે

---

૧. એ બેત લખેલી નકલમા વધારે છે.

અને તમુને પણ આ મુશકેલી વચેથી તેજ બાહાર કાઢશે હું કેટલા દિવસો થયા તે સાહેબથી ઉમેદ કરૂં છું કે ઇરાની લશકર આપણી પુઠે ધુમાડાની જડપે આવી લાગે. આપણે પણ પાદશાહ ઉપર એક નામું મોકલીને તેને એ સઘલું કેહેવાડી પીરાનના કામથી વાકેફ કરયે. પછી તેઓએ તુરતજ એક નામું લખી કાઢયું અને તે ત્યાંથી લેઇ જવામાં આવ્યું તે નામું લેઇ જનાર કાસદ પણ એક નામદારી ભર્યો પેહેલવાનજ હતો. તે નામામાં તે નામદારી ભરયા બાધુર પાદશાહને ઘણીએક જારી અને આજીજી કરવામાં આવી હતી કે "જો તું પેહેલવાન પીલતનને સિહ જેવા શખ્સોના એક નામદારી ભર્યાં લશકર સાથે હમારી મદદે મોકલશે તો તેથી હમે ફતેહ અને ઉમેદ સાથે પાછા ફરીને તું કએખસરના દીદાર જોવા પાંમ્યે તથા જે કાંઇ જાહેર તેમજ છુપી વાત બની છે તે તુ ફતેહમદ પાદશાહ આગળ કેહેવાને તુ પાદશાહની ખુશાલી વચે હમે તારી નજદિક ખુબી સાથે આવ્યે" ૧ તે નામુ ખસરૂ તરફ રવાના થતાંજ તેઓના દિલમાં (ઉમેદનો) નવો આતશ સલગ્યો ૨ પછી તેઓએ નિચે છાવણી તરફ જઇને ત્યાં તેઓને જે લડાઇ મરજી ઉપરાંત કરવી પડી હતી તે વિષે વાતો કીધી. તે લડાયક બાધુરોના મેદાનમાંથી બંધે તરફનું ચોકીબાન લશકર બાહાર પડયું. જ્યારે હોમાન તે લડાઇના મેદાનમાં આવી લાગ્યો ત્યારે ત્યાં મુરડાંઓને સબબે ચાલવાનો કાંઇ રસ્તો નહી જણાયાથી હોમાને પીરાનને કહયું કે "આજે લડાઇ વખતે આપણા પેહેલવાનો આપણી ખાહેશ મુજબના નિવડયા નથી પણ જ્યારે આપણા પેહેલવાનો તથા વખનાયલા સ્વારો તથા મરદાનેમરદો પાછા આશુદા બનશે ત્યારે હું એક એવી લડાઇ કરીશ કે જેવી લડાઇ સુરજે, ચંદ્રએ કે કોઇપણ શખ્સે જોઇ હશે નહી." એટલું કહી તે બંધે શખ્સો ત્યાંથી પોતાની જગ્યાએ ગયા અને તેઓ જુદા જુદા વિચારો કરવા લાગ્યા.

કએખસરૂએ તુસ અને ઇરાનીઓની મદદે રૂસતમને મોકલ્યો તે વિષે.

ત્યાર બાદ ખસરૂને એ ખબર જઇ પુગી કે, "પીરાન લડાઇમાં ફતેહમંદ નિવડયો છે અને સપેહસાલાર તુસ હમાવન પાહાડ તરફ જઇ ભરાયો છે તથા ઘણાએક પેહેલવાનો લશકરમાંથી ગુમ થયા છે તથા કેશવાદના ખાનદાનના ગોદરેજનો મહેલ પેહેલવાનો અને બાધુરોથી ખાલી થઇ ગયોછે તેથી તેઓ આટે

૧ એ બેત લખેલી નકલમાં વધારે છે

૨ એ બેતનો તરજુમો લખેલી નકલ મુજબ કીધો છે.

સેતારાઓ તથા બાગમાની ગોલાબની ઝાડીઓ પણ રૂદન કરે છે તથા તેઓના લોહીથી ત્યાંની જમીન ભીની ધુલથી ભરાઈ ગઇ છે અને તુસનો બુલંદ સીતારો ઉંધો વલ્યો છે" વિગેરે નામદાર કએખસરૂએ એ ખબર સમજતાંજ તેનુ દિલ એકી વખતે (ધાસ્તીથી) ઢપકવા લાગ્યુ. પછી તેણે પીલતન રૂસતમને પોતાના લશકર સાથે ભપકાથી તેની દરબારમાં આવવાને ફરમાવ્યુ આથી કાસદો નામદાર તેહેમતન આગળ જાબુલસ્તાન તરફ ગયા. તે જમીનના પેહેલવાનની હજુરમા તે સઘલાઓએ સેજદો કીધા બાદ તેની સેકડો તારીફ કરીને રૂસતમને કહ્યુ કે, "ઓ પેહેલવાન! તારાં દિલની ખાહેશ મુજબ તુને આ જેહાન ખુશાલી ભરેલી થજો હમો પાદશાહની આગળથી તારી આગળ કાસદ તરીકે આવ્યા છીએ. ઇરાનનો શાહ તુને બોલાવે છે માટે ઓ સામના દસ્તાનના બાધુર પેહેલવાન બેટા' હાલે તું ઉઠીને પાદશાહ આગળ આવ." નેકબખ્ત પેહેલવાન રૂસતમે તેઓને જવાબ દિધો કે, "મેં મારૂં તખત, તાજ અને જીવ પાદશાહને ફીદા કીધા છે" એટલુ કહીને તે જલ્પ ચાલના રખશ ઉપર બેઠો અને તે મજબુટ પંજાવાલા પેહેલવાન રૂસતમે ખસરૂની આગળ આવીને ત્યા પોતાની લાયકાત મુજબ જમીનને બોસો લેઇ પાદશાહની તારીફ કીધી પછી તે નામદારોના સરદાર ખસરૂએ જબાંન ખોલીને તેના લશકર સાથે થયલી લડઈ વિષેની વાતો કરતા રૂસતમને કહ્યુ કે "ઓ નામદાર' લાબા વખતનું સચવાઇ રહેલુ આ રાજ્ય પડતીની તરફ પોતાનુ માંથુ નમાવતુ હોય એવી મને ધાસ્તી લાગે છે મારૂ દિલ પેલા પેહેલવાનો માટે ધાસ્તી ભર્યું બન્યુ છે મારા તાજ અને તખતની પરવરશી કરનારો તુ છે અને તારાથીજ પાદશાહનુ નસીબ પ્રકાશ પકડે છે તારી તલવારની અણી આસમાનના દિલમા રહે છે આસમાન, જમીન અને જમાનો તારા પગની નિચે છે. તેંજ સફેદ દેવનુ દિલ અને મગજ છુડયું હતુ અને જમાનો પણ તારીજ મેહેરબાની મેલવવાથી ઉમેદ રાખેછે. જમીન તારા રખશના પગ નિચેની ધુલની ચાકર જેવી છે અને જમાનો તારી સાથે માયા ભરેલી માય જેવો છે. તારી તલવારથી સુરજ પણ બલી મરે છે અને તારો ગુરજ જોઈ શુકર સેતારો રડવા પડે છે. લડાઇની આફત વખતે તારા તીરની અણી તથા તેના પીછ જોઇને એક સિંહ પણ લડાઈ કરવાથી ધરાઇ જાય છે જ્યા સુધી તુ મરદાનગી સાથે લડાઇની કોલાહ પેહેરેલી રાખશે ત્યાં સુધી કોઈ પણ દુશમન ઇરાન તરફ નજર કરી શકવાનો નથી. ગેવ, ગોદરેજ, તુસ અને બીજા સરદારો તથા આ દેશના ઘણાએક બાધુરોના દિલ હાલે લોહીથી ઉકળેલા અને આખો આંસુ ભરી બની છે અને તેઓને અફરાસીયાબના પેહેલવાનો આગળથી નાહાસવુ પડયુ છે.

ગોદરેજના કુટુંબના ઘણા માણસો લડતાં માર્યાં જવાથી તેઓના બીસતરા ધુલ ઉપર બન્યા છે તેઓમાના જે કોઈ પોતાના જીવ બચાવવા પાંમ્યા છે તેઓ ઘાહેલ બનેલાં જીગરે હાલે હમાવન પાહાડમાં ભરાઇ બેઠા છે તે સઘલા- ઓએ પોતાના ચેહેરાને આ જમીન અને જમાનાના પેદા કરનાર તરફ બંદગી કરવા માટે આસમાન ભણી ફેરવ્યા છે કે મારો હોકમ માન્ય કરીને પીલતન પરવરદેગાર તરફનું દૌલત સાથે ત્યા આવી પુગે. એ નામુ મે વાંચ્યુ ત્યારે મોડી રાત થયલી હોવા છતાં મેં તુરતજ મારા દિલના લોહીના આસુ મારા ચેહેરા ઉપર પાડયાં હતા. આજ ત્રણ દાહાડા થયા મદદે પુગનારા પરવરદેગાર સિવાય મે બીજા કોઇ સાથે વાત કીધી નથી હવે લાબો વખત વહી ગયલો હોવાથી મારૂં દિલ એ વાત માટે ગમગીન બન્યુ છે. તારા ઉપરજ મારા લશકર અને સપેહસાલારની ઉમેદ છે માટે તુ રોશન રવાન સાથે અને તંદરોસ્ત રહેજે તારૂ મગજ ઇનશાફથી તાજુ અને તારૂ દિલ ખુશાલી ભરયુ રેહેજે, તથા તારૂં પવિત્ર દિલ બુરી મનશનીના લોકોથી દુર રેહેજે. તુને મારી પાસેથી ઘોડા, હથીયાર, ખજાનો કે લશકર જે કાંઇ માગવુ હોય તે મોટા પ્રમાણમા માગી લે અને ખુશાલી ભર્યા દિલે અને મકકમ વિચારો સાથે અત્રેથી રવાના થા. એ કામ સુસ્તી સાથે હાથ ધરવુ જોઇતુ નથી. જ્યારે ઇરાનીઓ સાથે લડાઇ થઇ રહી છે ત્યારે હવે તુ ને તે લડાઈ કરવી ઘટે છે આવી લડાઇ માટેનો ખ્યાલ કોઇને પણ હતો નહી કે તુરાન તીર બનશે અને ઇરાન કમાન બનશે. તારા સિવાય બીજા કોણ એ ગુચવણમાથી છોડવી જાણે છે. તારા સિવાય બીજા કોઇને બખતર જેબ આપી શકતુ નથી લડાઇને વખતે તુ તારો કોઈ હરીફ ધરાવતો નથી. તુંજ નામદારોનાં માથાંને ધુલમાં ફેકનારો હોવાથી તારૂ જ નામ કોઈ પણ લડાઇમાં દિધેલુ બસ છે કે જેથી ઇરાનીઓને તે ફરીયાદના પોહોંચ- નારા સાહેબ આગળ ફરીયાદ કરવી પડે નહી ”

ત્યારે રૂસતમે પાદશાહને જવાબ દિધો કે, “ તારા વગરતુ પાદશાહી સીલ અને તાજ રેહેતુ ના. તારા જેવા દમામવાલો અને ઉચા કદનો તથા અકકલ અને ઇનશાફવાલો બીજો કોઇ પાદશાહ થયો હોય એવુ આસમાનને પણ યાદ નથી. તુ ખસરૂએ સમજ્યુ તો હશે કે જ્યારથી કએકોબાદે પાદશાહી તાજ માથે મુકયું હતુ ત્યારથી મે કીનો લેવા માટે ઇરાનમાં કમર બાંધેલી રાખ્યાથી હુ એક પણ દિવસ આરામ સાથે બેઠો નથી. મે મોજમજાહ કરવાને બદલે દુખ વેઠવા માટે બ્યાબાન અને અંધારૂ, હાથી અને સિંહ, જાદુગરો અને બાધુર નર અઝદાહો, તુરાન અને માજનદરાનનાં બુજોર્ગો, અંધારી રાત અને ભારી ગુરજો તથા ભુખ, તરસ અને બીકટ રસ્તાઓ એ સઘલું પસંદ કરી

લિધું હતું. આવાં આવાં દુખ અને સખતી મેં ઘણી વેઠી છે અને મેં કોઇ દાહાડે ખુશાલી પાળવા ઇચ્છયું નથી તું જેહાનનો પાદશાહ અને હું તારો નોકર છું. માટે તું જે હોકમ ફરમાવશે તે હોકમ બજાવવાને મે મારી કંમર બાંધી છે. તું પાદશાહ જે કોઇ માર્યા ગયા છે તેઓ માટે ધીરજ પકડ. તારૂં બુરૂં ઇચ્છ-નારાઓના ચેહેરા ફીક્કા બનજો હવે હુ તે સપેહસાલાર આગળ જઇને ઈરાનીઓનો કીનો લેવા માટેજ કમરબધ બાંધશ મારૂ જીગર પણ ગોદરેજના કુટુંબીઓ માટે ફાટી જતુ હોવાથી મે મારી કમરે સોગનો કંમરબધ બાધ્યો છે" જ્યારે કએખસરૂએ તેને એમ બોલતાં સમજ્યો ત્યારે તેણે પોતાની બે આંખોમાંથી આંસુની નદી વેહેતી કીધી પછી તેણે તેને કહયુ કે "હું તારા વગર એક પળ પણ જીવવા ચાહાતો નથી અને આ કેઆની તખત અને તાજ તારા વગર રેહે એમ હું ઇચ્છતો નથી. તારી વાંકી કમંદના આંકોશમાં આસમાન રેહેજો અને તારા ફાડામાં તાજદારોના માથાં સપડાયલાં રેહેજો તારીજ તલવારથી જેહાન, ખજાનો અને ખજાનાનો ધરાવનાર રહે છે. જેહાનના સરદારોનાં માથા તારી આગળ નિચા પડજો." પછી ખસરૂના ખજા-નચીને દીનાર, ખજાનો, તાજ, જવેહરાત, લડાઈની ટોપી, કમાન, કમદ, અને કંમરબધ એ સઘલુ હાજર કીધુ અને પૈસાની ઠેલીના મોંહ ખોલ્લાં કરીને એ સઘલુ ઇરાનના પાદશાહે રૂસ્તમને સોંફતાં કહયું કે, "ઓ નામદાર પેહેલવાન તું અત્રેથી ગુરજ ધરાવનારા જાબુલી લશકર સાથે તથા કાબુલી બાહાદુરો અને પેહેલવાનો સાથે જડપથી ફુંકતા પવન માફક એક પળ પણ થોભ્યા યા થોભવા દિધા વગર જા અને માર્ગમાની મુશકેલીઓ તપાસીને તુ.તારી અકલ અને વિચા-રને અમલમાં મુકજે. એ લડાઇ કરવા માટે શમશેરના મારનારા પેહેલવાનોનાં લશકરમાંથી તુ ત્રીસ હજાર માણસો ચુટી કાઢીને તે લશકર તું કાઉસના બેટા ફરીબરૂજને સોંફજે કે જેથી તે કીનો લેનારો વડો સરદાર બને." પછી તેહે-મતને જમીનને બોસો લેઇને કહયુ કે "મારી સાથે તો ઘોડાના પાવડા અને લગામ જોડાયલીજ છે પણ આપણે આપણા સરદારોના મગજને તેજીવાલા બનાવવાં જોઇએ, નહી તો કે આપણે તેઓને આરામ કરતા અને ઉધ કાઢતા બનાવી દેઇશું" પછી તેણે લશકરને પગાર આપવાનો શરૂ કીધો અને મેદાનમાં જઇ લડાઇની તૈયારીઓ કીધી તેણે ફરીબરૂજને કહયુ કે "બામદાદ થતાં તું લશ-કર તૈયાર કરીને અને તુજ તેની હરોલમાં રહીને સપેહસાલાર તુસ આગળ જઇ પુગે ત્યાં સુધી તુ દિવસે કે રાતે આસાયશ લેતો ના. તું તુસને કહેજે કે તે લડાઇ કરવામાં ઉટાવલો તેમજ ફરેબ રમનારો બને નહી તથા વળી સુસ્ત કે આળસુ પણ બને નહી હું પણ માર્ગમા જરાએ વખત કાઢવા વગર જડપથી ફુંકતા પવન માફક ત્યાં આવી લાગશ."

ફરીબરૂઝે ફરંગીસ સાથે કએખસરૂની માતા ફરંગીસ સાથે નેકા કીધા તે વિષે.

જ્યારે ગુરગીન અને લડાઈનો જીતનાર મીલાડ લશકર માટેના સારા માઠા વિચાર કરતા હતા ત્યારે ફરીબરૂઝે રૂસતમને કહ્યુ કે, "ઓ ગુરજ, બખતર અને રખશના માલેક અને તાજબક્ષ પેહેલવાન! મારી એક છુપી ઉમેદ છે જે તું મોહોર, વિટી અને તાજને લાયકનો જેહાનનો પેહેલવાન છે તેના સિવાય દુન્યામાં બીજા કોઈ આગળ કહી શકતો નથી. કારણ કે તુંજ લશકરની પુસ્ત-પનાહી કરનારો છે અને તારાથીજ પેહેલવાનોના તાજ દિપી રહે છે. ઓ ઈરાન જમીનના નામદાર! તારી ઉપર પરવરદેગારની દૂઆ ઉતરજો તું જાણે છે કે હુ સર-દાર સીયાવક્ષનો એકજ તોખમ, બુન્યાદ અને ખવાસ ધરાવનારો ભાઇ છું. તેથી ઓ નામદારી ભરયા પેહેલવાન! જે ઓરત સીયાવક્ષને ખોહી બેઠી છે તેણીને મારે મેલવવી ઘટે છે માટે એ વાત પાદશાહને કેહવાની અને એ બાબેની ફતેહનું તાજ તારાંજ માથાં ઉપર મુકવાની તારીજ ફરજ છે." રૂસ્તમે તેને જવાબ દિધો કે, "જેમ તારો હોકમ તારી જે મરજી હશે તે હુ બર લાવશ." પછી પેહેલવાન પીલતને પાદશાહ આગળ આવીને કહ્યુ કે "ઓ નામદાર પાદશાહ! હાલે હું તારી પાસેથી એક હાજત માંગી લેવા આવ્યો છું જે બર આવવાથી મારૂં માથું ચદ્રના આસમાન સુધી પુગી જશે તેથી જો તુ પાદશાહ મને ફરમાવે તો હુ તે માગણી કરૂં કારણ કે તે ખાહેશ પરવરદેગારની નજ-રમાં પણ વધારે ઉત્તમ છે. તારીથી દરેક શખ્સને ઈનસાફ અને દયા મલતી રહે છે અને તું પણ ફરતાં આસમાન માફક દરેક શખ્સને બે જાતના ચેહેરા દેખાડનો રહે છે. બાધુરો વચે શાહજાદાઓમાંથી કાઉસના બેટા ફરીબરૂજ જેવો કોઇ પણ નથી. વળી તેના જેવી હુનરમદી અને અકલ ધરાવવામાં હું કોઈપણ શખ્સને તેનો જોડયો જોતો નથી. તે ફરીબરૂજ તું પાદશાહ પાસે એવી એક ખાહેશ કરીને (મરહુમ) સીયાવક્ષની જગ્યા લેવાની માંગણી કરે છે કોણ તેની માફક ભઇનો કીનો લેવામા કમર બાંધનાર અને તે (હારખાતા) ઈરા-નીઓ આગળ જનાર છે? તેજ તારા મેહેલ અને ખજાના ઉપર દેખરેખ રાખનાર છે. કોઇ પણ તેની મેહેનતની કદર બુજતુ હોય તો તે અફરાસીયાબની બેટી કે જેણી સુરજ નજદિક એક ચદ્રના જેવી છે તેના સિવાય બીજું કોઈ નથી." જ્યારે તે અક્કલવંત નામદાર સરદારની એવી વાત ખસરૂએ સમજી ત્યારે તે પાદશાહ પણ તેના મત સાથે મલતો થયો. તેણે રૂસ્તમને કહ્યું કે "ઓ નામદાર! જે કોઇ તારા વિચારથી ઉલટો ચાલે તેને જમાનો તારા પગ

નિચે સોંફે છે. તારા બોલવામાં ભલાઈ સિવાય બીજુ કાંઇ નથી. માટે તું તમામ વર્ષો સુધી દમામ સાથે જીવજે. તું જાણે છે કે તેણી આગળ મારો ઉપાય ચાલતો નથી, અને તેણી આગળ એવી વાત કરવાનો મને અધીકાર નથી. પણ જો મારી મા એ વાત સમજશે તો હું તેણીને કહીને જે સલાહ તેણીને ઘટતી હશે તે હું તેને આપશ."

પછી તેહેમતન અને ખેરખાહ ખસરૂ બધે તે ચંદ્ર જેવી ઓરત આગળ ગયા ત્યાં પાદશાહે પોતાની માયને કહયુ કે, "ઓ જેહાનમા મારા બાપની યાદગારી જેવી માતા! તારાં ભલા અને બુરાં કામમાં હુ જ પનાહી આપનારો છું. વળી હુ તારો વાળી તેમજ પાદશાહ પણ હોવાથી જે જે લશકરને લગતું કામ તથા જે કોશેશો અને લડાઇઓ થઇ છે તે મેં તારીથી છુપી રાખી નથી. ઇરાન જમીનના મોટી પદવીના કેટલા બધા શખ્સોએ તુરાનમાં કીનો લેતાં લેતા પોતાના માથાંના ભોગ આપ્યા છે. તેથી જો તુ ડાહી હોસે તો ઇરાનમાં દરેક ઘેરે ઘેર રૂદન થતુ તું જોશે નહી હાલે હું અત્રેથી એક લશકર મોકલવા માંગુ છુ જેની રાહાનુમાઇ કરનાર જાલનો બેટો રૂસતમ થશે, અને માર્ગ દરમીયાન લશકરને દોરવી લેઇ જનાર ફરીબરૂજ બનશે, જ્યારે રૂસતમ તો ફકટ કીનો લેનારોજ પેહેલવાન બનશે. જાલના બેટા રૂસતમની એવી ઇચ્છા છે કે હાલે અફરાસીયાબની બેટી સિવાય બીજી કોઇ પેહેલવાન ફરીબરૂજની જોડુ તરીકે લાયક નથી કારણ કે તેણી સુરજ આગળ એક ચદ્રના જેવી છે માટે એ બાબે તુ શુ ધારે છે? અને શુ હોકમ ફરમાવે છે? કારણ કે તારો ધણી એક મોટા દરજ્જાનો અને ભલો શખ્સ થયલો ગણાશે." જ્યારે તે માતાએ ખસરૂની આ વાત સમજી ત્યારે તેણીને પોતાનો આગલો વખત યાદ આવ્યાથી તેણી અંદરખાનેથી ઉશકેરાયલી અને ગુસ્સે બની. પછી તેણીએ આંખોમાં આંસુ સાથે એવા જવાબ દિધો કે, "મારાથી રૂસતમ આગળ દુખી ચેહેરો રખાતો નથી. નહી તો કે એ કામ કરવાનો મારો વખત ગણાતે નહી. જો રૂસતમ ખરેખર એમજ ઇચ્છતો હોય તો આસમાનથી પણ તેની મરજી વિરૂધ ફરાતું નથી આથી પેહેલવાન પીલતન બોલ્યો કે "ઓ બાનુઓની બાનુ! તારાં તારીફને લાયકનાં પાક શરીર આગળથી આ જેહાનમાના તારા દુશમનો દૂર રેહેજો જો તું મારી શિખામણ સમજશે તો જાણશે કે કોઈ જવાનથી એક ઓરત આગળ ધીરજ ધરી શકાતી નથી, તો એ કેઆની તોખમનો જવાન જો એવી ઉમેદ રાખતો હોય તો તે પોતાની જોરૂ વગર કેમ ધીરજ ધરી શકે? કારણકે મરદ ઓરતોને માટે છે અને જે ધણી તેણીને ચાહાતો હોય તેની નજરમા તે ઓરત ચઢતી છે ફતેહમંદ નસીબનો કાઉસનો

બેટા ફરીબરૂજ કે જે તાજ અને તખત દિપાવવાને લાયકનો છે તેપણ સીયાવ-ક્ષનીજ બરોબરનો ખવાશ ધરાવે છે, અને વળી તે એકજ તોખમ અને એકજ ખવાશ ધરાવનારો તેનો ભાઇ થાય છે ઇરાનનો એ તૃત્યાંશ ભાગ તેના હોકમ હેઠલ છે અને તેનાથીજ આબાદ કરવું કે વેરાન કરવું બની શકે છે પાદશાહ ફરીબરૂજ સાથે મસલત કરી તેના વિચાર અને તેના હોકમથીજ તુ ચંદ્ર જેવી ઓરતને તે પાદશાહની ઓરત તરીકે મે પણ પસંદ કીધીછે માટે તુ શું કહે છે? શુ ફરી-બરૂજ તુને પસંદ પડતો અને તારા ધણી તરીકે લાયક જણાય છે? જો તુ મારૂં કહયુ કરશે અને મારા કેહેવાને અને પાદશાહના વિચારને તુ પસંદ કરશે તો સારૂ."

તે શાહાનશાહ બાનુએ લાંબા વખત સુધી ગમગીન થઇને કાંઇપણ જવાબ દિધો નહી તેણી હોટોમાયી થડી હાએ મારવા લાગી અને બેટાની શરમને સબબે કાંઇપણ જવાબ આપી શકી નહી પછી તેણીએ પીલતનને કહયુ કે, "ઓ હુનરોથી ભરેલા અંજુમનના સરદાર! જોકે તેના જેવો કોઇ શખ્સ ઇરાનમાં નહી હોય તોપણ તે સીયાવક્ષની જગ્યા ધરાવવાને તો લાયક નથી, તોએ ઓ પેહેલવાન! તારા ફરમાનથી ઉલટુ બોલતા મારી જીભને ગાંઠ વલી છે તેથી નામદાર પાદશાહ ખસરૂ મને જે હોકમ ફરમાવે છે તેના હોકમ મુજબ કમર બાધવી પડે છે" પછી પાદશાહની માતા તેના હોકમને તાબે થઇ અને તેણીના ગાલો વસંતના ગોલાબ માફક ખીલી રહયા. તે નાજુક કામ બજાવી આપવાને રૂસતમે કંમર બાધ્યાથી તે માટે ઘણો વખત થોભવુ પડયુ નહી. તે લશકરના પેહેલવાને જ્યાં સુધી તે ચંદ્ર જેવી ઓરતને પાદશાહ ફરીબરૂજ સાથે જોડી આપી ત્યાં સુધી આસાયશ લિધી નહિ એ કામ બજા-વવા માટે તેણે મોબેદને બોલાવી મંગાવ્યો કે તે ધર્મ અને રેવાજ મુજબ એક ખત તૈયાર કરે એ રીતે તેઓએ ફરીબરૂજ સાથે ફરંગીસના લગનનો મજબુટ ગાંઠ બાંધીને તેનો ધણી બનાવ્યો ત્યારથી ફરીબરૂજ અફરાસીયાબનો જમાઈ બન્યો અને કએખશરૂ તથા રૂસતમથી સ્વતંત્ર બન્યો કએખસરૂએ તેને દોલત અને પડવી બક્ષીને ચઢતો બનાવ્યો અને તેને એક ખેલાત અને તાજથી નવા-જ્યો એ કામમાં ત્રણ દાહાડા વહી જવા પછી ચોથે દાહાડે લડાઇની તેયારી કરવામા આવી એ સઘલુ કામ બજાવી રેહેતાંજ રૂસ્તમ પોતાના બાહાદુર પેહે-લવાનો સાથે મેદાન તરફ ગયો ફરીબરૂજ પણ આસમાનમાંનાં દિપતા તારા માફક લશકરની હરોલમા ચાલવા લાગ્યો જ્યારે બતી માફક પ્રકાશતા સુરજે પોતાના મેહેરબાની ભર્યા દિલ સાથે પોતાનો ચેહેરો દેખાડયો ત્યારે સરનાઈના અવાજો નિકલ્યા અને તેહેમતને લશકરને કુચ કરાવી. તે જેહાનને ધરાવનારો

પાદશાહ પણ વિચારવંત છેવે તેની સાથે માર્ગમાં બે ફરસંગ સુધી ગયો. રૂસતમ રાતે કે દિવસે જરાએ આસાયશ લિધા વગર એક એક મંજલ બે મંજલની કાપવા લાગ્યો.

સીયાવક્ષને તુસે સ્વપનામાં જોયો અને તેણે તેનાથી ફતેહની ખુશ ખબર મેલવી તે વિષે.

એક રાતે ઢોલ ઠોકાવાને (યાને બામદાદને) વખતે તુસ દુખી દિલે ગમભર્યો ઉંઘાતો હતો ત્યારે તેના રોશન રવાને એવો સ્વપનો જોયો કે એક બલતી બતી પાણીમાંથી બાહાર આવી તે બલતી બતી એક હાથી દાતનાં તખત ઉપર હતી અને તે તખ્ત ઉપર સીયાવક્ષ તાજ પેહેરીને દમામ સાથે બેઠો હતો તેના હોટ હસ્તા હતા અને જીભ મીઠા સખુનો બોલતી હતી. તેણે તુસ તરફ પોતાનો સુરજ જેવો ચેહેરો ફેરવીને કહયુ કે " તુ તારા ઇરાનીઓને પણ અત્રેજ રાખજે કે જેથી તું લડાઇમાં ફતેહ મેલવશે. તુ ગોદરેજના કુટુંબીઓ માટે ગમ કરતો ના, કારણકે અત્રે એક નવી તરાહનો બાગ છે તે બાગના ફુલો નિચે હમે દારૂ પીએ છીએ અને એ દારૂ કયા સુધી પીઆ કરશુ તે હમે જાણુતા નથી." આથી તુસ ખુશાલીભર્યા દિલે ઉંઘમાંથી જાગી ઉઠયો અને તેનું દિલ દુખ અને ગમથી મોકલું બન્યુ. તેણે ગોદરેજને કહયુ કે, " ઓ જેહાનના પેહેલવાન ? મારાં રોશન રવાને એક સ્વપનો જોયલો હોવાથી વખત જતાં રૂસતમ જડપથી ફુકતા પવન માફક આવી લાગશે એમ તું જોશે." પછી તેણે સરનાઇઓ વજાડવાનો અને પાહાડમાંથી લશકરને કુચ કરવાનો હોકમ કીધાથી ઇરાની પેહેલવાનોએ કમર બાંધીને કાવ્યાની ઝુન્ડો ઉડતો કીધો પેલી તરફથી પીરાન પણ લશકર લેઇને સામો આવ્યાથી ધુલારૂં ઉડવાને લિધે પ્રકાશતો સુરજ જાંખો થઈ ગયો પેહેલવાનોના પોકારોથી અને તીરના વરસાદથી સુરજની આખો પણ હેરાન બનવા લાગી. તે બંધે લશકર સામાસામી આવી મલ્યાં પણ પેહેલવાનો વચેથી એક પણ લડાયક સ્વાર બાહાર આવ્યો નહી હોમાને પીરાનને કહયુ કે, " આપણને લડાઇ કરવી જોઇએ છે ત્યારે તું ઢીલ શા માટે કરે છે ? (આપણું) લશકર કાઇ શેકારના મેદાનમા પડેલું નથી (કે તેઓ તેમનો શેકાર કરે) આપણાં પણ શરીર અને ઘોડાઓ હથીયારોના ભાર નિચે દબાયના છે." પીરાને તેને જવાબ દિધો કે, " તું ઉતાવલ ના કર. હમણા ઉતાવલ કરવાનો અને એવી વાત કરવાનો વખત નથી. ગઈ રાતે કવખતે ત્રણ શખ્સો થોડાં લશકર સાથે ભુખા સિંહોની માફક આ મેદાનમાં ઉતરી પડયાથી આપણે તે વખતે તેઓ આગળ મેઢાના ટોલાં માફ-

કના બન્યા હતા. જાણે કે તેઓ પાહાડી જગ્યામાં શેકારની શોધમાંજ આવ્યાથી આપણે તમામ મેદાનને લોહીની નદી જેવુ બનેલું અને નામદારોનાં ડોકાંને ઉધાં પડેલાં જોયાં હતા તેઓએ પથરવાલા અને લીલોતરી વગરના પાહાડમાં આસરો લિધો છે. જ્યાં તેઓના ઘોડા કાંતાઓમાંથી પણ કસ્તુરીનો સોડમ નિકળતો ગણે છે (યાને કે ખોરાકની ગેરહાજરીમાં તેઓ કાંતાઓને પણ ગણીમત ગણે છે.) માટે તે ખડક ઉપરજ તેઓ ભુજાઇ મરે ત્યાં સુધી તું થોભ તે મેદાનનો આગળનો અને પાછલનો રસ્તો તુ તેઓ માટે ખુલ્લો બનવા દેતો ના. કે જેથી તેઓ નાચાર બનશે ત્યારે તેઓ માર્યા જશે જો દુશમનો તારે હાથ લડાઇ કીધા વગરજ આવી શકતા હોય તો ઢીલ કરવાને બદલે ઉટાવલ કરવાની તેમજ વળી લડાઇ કરવાની પણ શું અગત્ય છે ? આ મેદાનમાં ફકત દસજ સ્વાર ચોકી કર્યા કરશે તો બસ છે તેથી જ્યા સુધી દુશમનોનું ખોરાક પાણી ઘટી પડે અને તેઓ પોતાના જીવ માટે માફી ચાહાતા આવે ત્યાં સુધી આપણે થોભી જઇશુ નહી તો કે તેઓ કાંતા અને કઠણ પથ્થર ખાસે અને તેઓના વખતનો છેડો આવતાંજ તે ખાઇનેજ મરી જશે."

આથી તેઓ ચોકીબાનોને તે લશકરની નજદિક ઉભા રાખીને મેદાનમાંથી પાછા પોતાના તખુ તરફ ગયા સઘળા પેહેલવાનોએ પોતાના કંમરબધ છોડી નાખ્યા અને તેઓ ખાવાપીવામાં અને સુવામા રોકાયા. સેપેહસાલાર તુસે પણ લોહીથી ઉકળતાં દિલે અને સીસમના જેવા કાલા ચેહેરા સાથે પોતાની છાવણી તરફ આવીને ગોદરેજને કહયું કે "એ (સ્વપનાની) વાત તો અંધારામાજ રહી છે, અને ઇરાનીઓનુ નસીબ તો ઉધુજ વલ્યું છે. આપણી આસપાસ સઘલે લશકર ફરી વલ્યું છે જ્યારે આપણો ખોરાક અને સામન એ સઘળુ ખાવરના મુલકમાં રહયું છે." આથી જ્યારે લશકર માટે જાજો ખોરાક રહયો નહી ત્યારે તેઓનો તલવાર અને ગુરજ વાપડવા સિવાય બીજો કાંઇ ઉપાય રહયો નહી તેથી એક બામદાદે તેઓએ પોતાની તલવાર બાહાર કાઢી અને સઘલું લશકર પાહાડની તલેટી તરફ આવ્યું પછી તુસ બોલ્યો કે, "જો મારૂં સારૂં નસીબ મને મદદ કરશે તો હું તેઓ ઉપર ફતેહમંદ બનશ; નહી તો કે આસમાનનો તે રેહેમી સાહેબ આપણો અંત તલવારથીજ લાવશે. પણ જેહાનને પેદા કરનારની થોડી ઘણી બક્ષેશથી તેમ તો બનશેજ નહી આવી રીતે દુખ અને નુકશાની સાથે જીવવા કરતાં ઉંચી નામદારી સાથે મરવુ વધારે ખુશાલી ભરેલુ ગણાય." આથી તે ઇરાનીઓ તેઓનો ભાગ્યશાલી સરદાર જે પ્રમાણેની સરૂવાત કરે તેમ કરવાને એકમત થયા.

અફ્રાસીયાબે પીરાનની મદદે ખાકાનને મોકલ્યો તે વિષે.

જ્યારે સુરજે કર્ક રાશીમાંથી પોતાનો પંજો મારીને રાતનુ કસ્તુરી રંગનું પેહેરન ચીરી કાઢયુ ત્યારે પીરાન આગળ પાદશાહ અફ્રાસીયાબ તરફનો એક કાસદ આવી લાગ્યો અને કહયુ કે, "દરેક બાજુએથી પુશકલ લશકર આવી લાગ્યુ છે તેમા પેહેલો તો ચીનનો પાદશાહ ખાકાન છે કે જેનુ તાજ આસમાન અને જેનુ તખત જમીન છે તે લશકરથી ચીનનો દરીઓ જારી કરવા પડયો છે અને તેવુ લશકર લડાઇ વખતે સઘલુ બયાબાન બનાવી દેશે નદીની પેલી બાજુએથી એક બીજો સરદાર પણ આવી લાગ્યો છે જેની અફ્રાસીયાબ પણ તારીફ કરે છે તેનુ શરીર મા નર સિંહો જેટલુ જોર ધરાવે છે અને તે જોરાવર હાથીના માથાને પણ નીચે પટકી શકે છે ઉચાઇમા તે સરોવર જેવો અને દેખાવમા ચંદ્ર જેવો છે તે વળી જેહાનને જીતનારો, રમત રમનારો તથા તાજ અને તખત ધરાવનારો છે તે નામદારોનો સરદાર કામુસ નામ ધરાવે છે. તેજ ગોદરેજ અને તુસની ખાહેશ પાર પાડશે તેનુ લશકર સેપનજાબ દેશથી તે રૂમના દેશ સુધીની આબાદ જમીન ઉપર રેહેનારૂ છે તેની સાથે પેલો લડાયક મનશુર કે જે પોતાની તલવારથી બાહાદુરોના ડાકા ધુલમાં નાખે છે તે તથા તલવારનો મારનાર કસાની શેહેરનો રેહેવાસી કામુસ કે જેની આખોએ કદી પણ હાર ખાવેલી જોઇ નથી તે છે. તે સઘલાઓ ભારે કામ ઉઠાવતાજ આવશે અને જ્યારે તેઓ ગુસ્સે થશે ત્યારે પવન અને બરફ પણ લાવી નાખશે. જ્યારે તેઓ ખુશી થશે ત્યારે તેઓ વસતની મોસમ ઉપજાવશે અને નિચે જમીન ઉપર ગોલાબ અને ફુલોના ઢગલા બનાવશે." આથી પીરાને તુરાની લશકરને કહયુ કે, "ઓ તમો પાદશાહના બાહાદુરો અને નામદારો! પાદશાહ તરફની આવી ખબરથી તમો સઘળા બુઢા અને જવાનો ખુશાલ અને રોશન રવાનના બન્યા હશો માટે હવે તમો દિલનો ગમ ધોઇ નાખો આપણે હવે પછી ઇરાન જમીનને તથા ત્યાંના દેશો અને ખેતરોને રેહેવા દેઇશુ નહી જેથી આપણો પાદશાહ મેહેનતથી, કીનો લેવાના દુખથી અને લશકરની તૈયારીઓ કર્યા કરવાથી આસાયશ ભોગવશે તેથી ઇરાન અને તુરાન, જમીન અને પાણી એ સઘલુ અફ્રાસીયાબની ઇચ્છા સિવાય બીજું કાંઇ જોશે નહી." પછી લશકરમાના સરદારો પેહેલવાન પીરાન આગળ નવી નવી ખુશ ખબરો સાથે આવી તેને કેહેવા લાગ્યા કે, "ઓ નામદાર પેહેલવાન! તું હંમેશાં ખુશાલ અને રોશન રવાન સાથે જીવવુ કરજે તે પાદશાહોના દિદાર જોવાથી તારૂં દિલ ખુશ

બનજો અને તારૂં રવાન વિચાર કર્યા કરવાથી છુટકારો પામજો. કેશમીરથી તે શહદ નદી સુધી તારાજ વાવતાઓ, લશકર, હાથીઓ અને પાજખીઓ રેહેજો સકલાબના મુલકના સિંહ જેવાં વેહેટયાંઓ લડાઇના આસમાન ઉપરથી હજારો માણુસોના લશકર સાથના વાદલ માફક ઉતરી પડશે. તેથી ગરચેહના મુલકથી તે સગસાર સુધી અને શંગુલના મુલકથી તે હીન્દુસ્તાન સુધીની હવા વાવતાઓથી તથા જમીન તીરના પીછાંઓથી ભરેલી બનશે લશકરને દિપાવનાર ચગાની તથા ગંધકનો બાળનાર ગેહારગેહાની, તથા પથરની દેહના જેવો જેહાનનો બાહાદુર શમીરાન કે જે નેજા અને તલવાર ઉપર ઝેહેર ચોપડેલું રાખે છે તેઓ પણ આવી લાગશે. માટે તું નામદાર હાલે ખુશાલીજ પાળવી પસંદ કર કારણ કે એ ખુશ ખબરથી બુઢાઓ પણ જુવાન બન્યા છે ”

એ ખબરથી પીરાનનું દિલ તથા જીવ હસ્તો બન્યો. તું કહેશે કે જાણે તે મુવેલો પાછો જીવતો થયો. પછી પીરાને હોમાનને કહયું કે “ હું તે લશકરને સામે લેવા જવા માગું છું. કારણ કે તેઓ વિચારવંત બની લડાઈની તૈયારીઓ કરતાં લાંબો રસ્તો કાપી આવ્યા છે તે (પાદશાહ) ઓ અફ્રાસીયાબથી જરાપણ ઉતરતા નથી, કારણ કે તેઓ પણ ખજાનો, તખત અને જાહોજલાલી ધરાવનારા છે. તેઓ કાંઇપણ સ્વાર્થ વગર (યાને અફ્રાસીયાબથી કાંઇ પણ બદલો મેલવ્યા વગર) અત્રે આવ્યા છે, કારણ કે તેઓ પોતેજ તાજના માલેક અને તખતને દિપાવનારા છે તેથી હું જઇને તેઓ કેટલા છે, તેઓના સપેહસાલાર કોણ છે અને તેઓના પેહેલવાનો કોણ કોણ છે તે હું જોવશ તે ચીનના ખાકાનની તારીફ કરીને હું તેના તખત આગળની જમીનને બોસો લેવશ. હું તે નામદાર કામુસને પણ મલશ અને પાદશાહ શંગલને[1] તો વાદલ ઉપર ચઢાવશ. પછી અત્રે પાછો ફરતાંજ હું મારી કમર પાછી બાંધીને ઇરાનીઓનો દમ અને દુદો કાઢી નાખશ. જો તેઓ પોતે લડાઇ કરવાની શક્તિ ધરાવતા હશે નહી તો હુંજ તેઓના વખતને અંધારો અને તંગ બનાવી મુકશ. ઇરાનમાં જે કોઇ સરદારો ગણાતા હશે તેઓના પગ અને ગરદનમાં હું ભારી બેડી પોઇને કાંઇપણ આશાયશ કે ઉંઘ વગર તેઓને અફ્રાસીયાબ આગળ મોકલી આપશ તે લશકરમાંથી જે કોઈ મેદાન પડશે તેઓના ડોકાં હુંજ તલવાર વડે કાપી નાખશ. તેઓને બાલી મુકીને તેમની રાખને હવામાં ઉડારી નાખશ અને આ જમીન ઉપર તેઓની કાંઈપણ યાદગારી રહેવા દેવશ નહી. પછી તે લશકરના ત્રણ ભાગ કરીને ત્યાંથી કુચ કરાવીને હું ઇરાની પાદ-

---

૧ ‘ શંગલ ’ એ હીન્દુસ્તાનના એક પાદશાહનું નામ છે

શાહના વખતને કાલો બનાવશ. તે લશકરના એક ભાગને હું બલખમાં પણ મોકલીને ઈરાનીઓ ઉપર કડવો વખત લાવી મુકશ લશકરના બીજા ભાગને હજાજને માર્ગે બગદાદ તરફ મોકલીને તેઓ ઉપર રસ્તાખેજ વર્પાવશ. ૧ લશકરના બીજા એક ભાગને હુ કાબુલસ્તાન તરફ મોકલાવશ અને કાબુલથી જાબુલ સુધી ધુલાર ઉડતુ કરશ તુરકીઓના વચેના બુજોર્ગો અને સિહ જેવાઓના લશકરનો એક ત્રીજો ભાગ હું મારી સાથે લેઇને ઈરાન તરફ જવશ અને ત્યાંની ઓરતો, નાના બાળકો તથા બુઢ્ઢા અને જુવાનોમાથી કોઇને પણ હુ જીવનો બચવા દેવશ નહી તથા ઈરાન દેશ જેવો હાલે છે તેવોજ હું રેહેવા દેવશ નહી અને ત્યાંના લોકોના હાથ કે પગ કાંઈ રાખશ નહી તેથી જયાં સુધી એ કામોની હું તેયારીઓ કરૂં ત્યાં સુધી હાલે તમો કોઈ ઇરાનીઓ સાથે લડાઈ કરતા ના.'' એટલુ કહીને તે કીનાભર્યા દિલે ત્યાથી ગયો તુ કેહેશે કે (તેમ ઉટાવલે જતા) તેના શરીર ઉપરની ચામડી પણ છોલાઇ ગઈ

પછી પેહેલવાન હોમાને તે લશકરને કહયુ કે "તમો તમારા દિલમાંનો વિચાર કાઢી નાખજો હવે ફકટ એ દાહાડાજ આપણે આપણા શરીર ઉપર એ સઘલી મુશકેલી ઉઠાવીને હમાવન પાહાડ ઉપર આપણી નજર હેડવેલી રાખીશું. પણ તેઓ કોઇ રાતે આએ પાહાડમાથી નાસ્તા ભાગતા કુચ કરી જાય એમ બનવું જોઇતુ નથી હવે આ પાહાડ, મેદાન, પાહાડની કદણ, નદી અને રસ્તાઓ એ સઘલુ વાવતાઓ અને લશકરથી ભરાઇ જશે." જયારે પીરાન તેઓ (યાને સામેથી આવતા લશકર) ની નજદિક આવી પુગ્યો ત્યારે તેણે તે જંગલ અને મેદાન ઘોડાઓની નાલથી ભરાઇ ગયલા જોયા. તમામ જેહાન લાલ, પીલા, કાલા અને જાબુરા વાવતાઓથી અને તંબુઓથી ભરાઇ ગઇ હતી. દરેક તંબુની વચમાં એકએક ચીનાઇ રેશમી કપડાંનો વાવતો ઉડતો હતો આથી તે કામથી પીરાન અજાયબી સાથે અચરત થતો ઉભો અને દિલ સાથે પુશકલ વિચાર કરવા લાગ્યો કે "એ જગ્યા બેહેસ્ત છે યા મોજમજાહ કરવાની જગ્યા છે, અથવા તો તે ઉચુ આસમાન છે યા સુરજ કે ચંદ્ર છે" એમ કરતાં તે ચીનના ખાકાન આગળ આવી તેની આગળ પગે ચાલતો જઇને ત્યાંની જમીનને બોસો લિધો ખાકાને તેને જોતાંજ તેની સાથે બગલગીરી કીધી અને પછી પીરાનની બાજુ અને ઉચું કદ જોઈ તે અચરત બન્યો. તેણે તેને કેટલીક વાતચિત પુછીને માનથી નવાજી પોતાની પાસેના તખત ઉપર બેસાડીને કહયુ કે, "તારા જેવા પેહેલવાનની સાથે આવો ખુશાલી ભર્યો અને રોશન

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે

રવાનનો બનીને હુ બેઠેલો હોવાથી મને ખુશાલી પેદા થાય છે" ત્યાર બાદ તેણે ઇરાની લશકર માટે પુછપરછ કીધી કે "તેઓ વચે કોણ કોણ વિટી પેહેરનારા અને તાજ પહેરનારા છે ? તેઓ વચે લડાયક કોણ છે અને પેહેલવાન કોણ છે ? તેઓ શા માટે તે પાહાડને મહાલે ચઢી બેઠા છે?" ત્યારે પેહેલવાન પીરાને જવાબ દિધો કે, "તુ ચાલાક દિલનો અને રોશન રવાનનો રેહેજે અને તારી ઉપર પેદા કરનારની દુવા ઉતરજો કારણ કે આવી પુછપરછથી તેં તારા આ ગોલામના દિલને ખુશ કીધુ છે તારા નસીબથી હું ખુશાલ અને તંદરોસ્ત છું અને મારૂં રવાન તારા પગની ખાક બરોબર છે તુ પાદશાહે ઇરાનીઓ માટે જે પુછયુ તેઓમાનો કોઈ મોહર કે તાજ કે તખત ધરાવનારો નથી. તેઓ કાંઈ પણ અંદાજા વગર લડાઇ અને મારામારી શોધતા રહે છે, અને તે કામમાં તેઓએ કાતા અને પથરા સિવાય બીજુ કાંઇ મેલવ્યુ નથી. જ્યારે તેઓ નામદારી વગરના અને ઇચ્છા બર લાવ્યા વગરના અને શરીર વગરના બન્યા ત્યારે તેઓ નાહાસીને હમાવન પાહાડમાં જઇ ભરાયા છે. એક બાધુર શખ્સ જેનુ નામ તુસ છે તે તેઓનો સપેહસાલાર છે કે જે મેદાનમાં એક સિહ સાથે પણ લડવાને ડરતો નથી. તેની સાથના બુજોર્ગો ગોદરેજ અને કેશવાદના કુટુ બીઓ જેવા કે ગેવ, રેહામ અને બીજા બાધુરો છે તું નામદાર ચીનના ખાકાનને નસીબે તે સપેહસાલાર તેના એક પુરાં લશકર સિવાય બીજું વધુ લશકર જોઇ શકયો નથી. તેઓ લડાઇ વખતે મેદાનમાં ઉતરી શકતા નથી અને તેઓ પોતાની પાસે સખ્ત પથરા સિવાય બીજું કાંઇ ધરાવતા નથી." પછી ખાકાને પીરાનને કહયુ કે, "તું મારી આગળજ રેહ અને મને (તારા માનમાં) એક અંજુમન ભરવા દે. આજનો દાહાડો આપણે આપણા દિલની મોરાદ સાથે દારૂ પીએ અને જે વખત હજી આવ્યો નથી તેનો વિચાર પણ કરસું નહી." પછી તેણે તે તંબુને વસંત માફક સંગાર્યો અને તેના રંગ અને સંગાર ઉપરથી તુ કેહેશે કે જાણે તે બેહેસ્ત છે

તુસ અને ગોદરેજે લડાઇ બાબે વિચાર કીધો તથા લશકરના ચોકીઆનોએ ફરીબરૂજને આવતાં જોયો તે વિષે.

જ્યારે શુરજ આસમાનના ગુમબજ ઉપર ઉચે ચઢયો ત્યારે તુસ અને ગોદરેજના દિલ જાણવાને આતુર બન્યાં અને તેઓ કેહેવા લાગ્યા કે, "આજ રોજે તુરકીઓ ચુપ કાંય છે? શું તેઓ વિચાર કરતા બેઠા છે? અથવા તો દારૂ પીને છાકટ બન્યા છે? શુ તેઓ દલગીર હશે કે ખુશી હશે? તે જાણવા

માટે હું તે બુરી મનશનીના લોકો માટે વિચારમાં છું જો તેઓને લડાઇમાં મદદ આવી પુગી હશે તો એમજ જાણવું કે આપણો બુરો વખત આવ્યો છે અને સઘળા ઇરાની સીપાઇઓને માર્યા ગયલા જાણવા અને જે કોઈ લડાઇમાં જીવતા રહયા તો તેઓને ઉંધા નસીબના ગણવા. તેથી એ લડાઇ કરવાને રૂસતમ આવી પુગે તો ઘણું સારૂં, નહી તો કે એ લશકરથી આપણા બુરા હાલ થયલા જાણવા અત્રે આપણા અસ્તોદાન ૧ કે આપણી કબર કાંઈ થશે નહી, પણ આપણા માથાંઓ ઘોડાઓની નાલથી છુંદાતાં બનશે " ત્યારે ગેવ બોલ્યો કે, " ઓ સપેહસાલાર પાદશાહ ! તુંને શુ છે કે એમ વિચાર કરીને દુખી થાય છે ? અગરજો તુ એવો વિચાર કરતો હોય તોપણ એ બુરી વાત ઉલટીજ બનશે, કારણ કે જેહાનનો પેદા કરનાર તારો મદદગાર છે આપણ તે પેદા કરનારની પ્રસ્તેશ કરનારા છીએ અને આપણે પુશકલ ભલાઈના બીજો વાવ્યાં છે. બીજું એ કે તેઓ બુરૂં ઇચ્છતાજ આવ્યા હશે તોપણ એ જેહાનને ધરાવનારો આપણો પાદશાહ કે જે શમશેર અને તાજનો માલેક છે તેના નસીબે પરવરદેગાર આપણી ઉપરથી પોતાનો હાથ પાછો ખેચી લેશે નહી માટે રૂસતમના એ લડાઇમાં આવી પુગતાજ લશકરને પુગતાં સઘલાં નુકસાનનો છેડો આવી જશે રોશન દાહાડાની રાત પણ થઇ જાય તોપણ કોઇ શખ્સે પરવરદેગારથી નાઉમેદ બનવુ નહી તેઓ કાઇ એક દિવસમાંજ આપણી સાથે લડાઇ કરવાના નથી. માટે તુ પગર ફોકટનો તારાં દિલ માથે એવો વિચાર ના કર. તેઓ કાઇ આપણી સામે આસમાનના દરવાજા બધ કરવાના નથી, માટે તું તે બુરી મનશનીના લોકો માટે બુરા વિચાર ના કર કદાચને બુલદ પરવરદેગારની બક્ષેશ એવીજ હશે કે આપણને પેહેલા નુકસાંનજ આવી પડે માટે તુ એવા બુરા વિચાર કરવાથી દૂર રહે આપણી ઉપર કાઇ બુરો વખત આવવાનો નથી કારણકે ખોદાનુ કામ કાંઇ નાનું સુનુ નથી તેમજ વળી લેખ્યા લેખ પણ કાંઇ ભુસરાતા નથી તેથી જેવી રીત અને રસમ છે તેવી આપણે આપણા લશકરની આસપાસ એક ખાહી ખોડયે. પછી આપણે સઘલાઓ લડવાને માટે તલવાર બાહાર ખેચીને લડાઇ કરવા જઇ દુશમનને મારી આવીશું, તથા તેઓની સરૂઆત કેવી છે તે પણ જોઈશુ એમ કરવાથી ખરેખર તેઓનો ભેદ

---

૧ ' અસ્તોદાન ' એટલે હાડકા ભરી રાખવાની પેટી પુરાતમ ઈરાનીઓ લાશનો જાનવરો પાસે ભક્ષ કરાવ્યા બાદ તેના બાકી રહેલા હાડકાઓને એક પથ્થરની યા એવી રીતની બનાવેલી કોઈ પેટીમા ભરી રાખતા હતા. અને તે પેટીને પાહાડોની ઉપર જાલવી રાખતા હતા. એ માટે જુઓ વદીદાદની પરગરદ ચોઠી.

ખુલી જશે અને વળી તેટલા વખતમાં ઈરાનથી પણ કાંઇ ખબર આવી લાગશે, જેથી સીધાં સરોવર જેવાઓની સાખો પ્રકાશીત બની જશે."

પછી તે લશકર વચેથી સપેહસાલાર ગોદરેજ પાહાડની ટોંચ ઉપર ગયો જ્યારે પ્રકાશતો સુરજ આસમાનનાં ગુમબજ ઉપરથી પાછો ફરીને ઉચાઇએથી પશ્ચિમ દિસા તરફ વલ્યો ત્યારે ચોકી કરવાની જગ્યાએથી એવો રૂડન કરનાનો પોકાર સમજાયો કે, "હવે ઈરાની પેહેલવાનોના કામનો અત આવ્યો છે કારણકે ઉડી રહેલી ધુલથી ઉગમન તરફની જમીન રાતના જેવી તમામ અધારી બની ગઇ છે, અને તે ધુલારાથી તથા પુશકલ હાથીઓ અને હાથીઓની પીઠ ઉપરના વાવતાઓથી પ્રકાશ આપતો સુરજ પણ ઝાખો મારી ગયો છે" તે ચોકીબાનનો પોકાર સમજીને ગોદરેજ બોલ્યો કે "હવે કાલી ધુલ સિવાય મારી પાસે બીજો કાંઇ ભરમ રહયો નથી" પછી ગમને લિધે તેનો ચેહેરો જાણે તીરથી વિધાઇ ગયો હોય તેમ દામર જેવો કાલો થયો અને તે બોલવા લાગ્યો કે, "જમાનાના ફરવાથી મારે ફાલે તો કીનાનો અને લડાઇનોજ હીસ્સો આવ્યો છે જેહાનમાંથી કગાલ્યત મારે ફાલે આવે છે અને ઝેહેરના ઉપાયના બદલે ઝેહેરજ પકરાયલુ રહે છે. મારી પાસે મારા નબીરાઓ અને બેટાઓનુ તમામ મુલકોમાં નામદારી મેલવનારૂ એક લશકર હતુ, જે સઘલુ લશકર સીયાવક્ષનો કીનો લેતા માર્યુ જવાથી મારૂ ખીલેલુ નસીબ મારી આગળ ઉધુ વળીને પડયુ છે જેથી મારા નસીબનો પ્રકાશતો વખત અંધારો બન્યાથી હું આવી જીંદગીથી નાઉમેદ બન્યો છુ. હુ ઇચ્છુ છુ કે મને મારી માયે જન્મજ આપ્યો હતે નહી, તો ઉચુ આસમાન મારી ઉપર એમ રૂઠતે નહી" પછી તે પેહેલવાને ચોકીબાનને કહયુ કે "એ ડાહયા અને રોશન રવાનના શખ્સ! તુ ઇરાની અને તુરાની લશકર ઉપર નજર કર્યા કર કે તેમાથી કોણ આ મેદાન તરફ આવે છે? તુ તે લશકરની જમની અને દાબી બાજુ તરફ નજર કરીને ઈરાની સપેહસાલારનો ઝુન્ડો કેઈ તરફ છે તે જોઇ કાઢ." તે ચોકીબાને તેને જવાબ દિધો કે "ઇરાની લશકરની કોઇપણ બાજુએ હીલચાલ થતી કે સોધ થતી હુ જોતો નથી પણ સામી બાજુવાલાઓ ઉશકેરાયલા અને ઉટાવલ્યા બન્યા છે જ્યારે ઈરાનીઓની તરફ તુ કહેશે કે જાણે તેઓ ઉધમાં પડયા છે" તેના એમ કહેવાથી તે પેહેલવાન દુખી બન્યો અને પોતાની આખોમાંથી આસુઓ પાડી રડતા રડતાં બોલ્યો કે "હવે તમો મારા ઘોડા ઉપર જીન બાંધો અને હવે પછી તમો મને ઈટરડીના તકીઆ ઉપર સુવાડજો. હુ હવે આંસુ ભરી આંખો સાથે જઇને ગેવને, શીદુશને, ગેવના બેજનને, રેહામને તથા મારા મલતા વિશેકો જેઓ લડાયક સ્વારો છે તેઓને હુ મારી છાતીએ (છેલ્લી વાર) ચાંપી લેવા માગુ છુ, તથા છેલ્લી સલામ

કરવાને દરેક માણુસના ચેહેરા ઉપર બેસો લેઇ આંખોમાંથી આંસુ પાડી લેવા માંગું છું. " પછી એક આસમાની રંગના તેજી ઘોડા ઉપર જીન બાંધવામાં આવ્યું, પણ તેટલામાં તો તે ચોકીબાને પાછો પોકાર માર્યો કે, " ઓ જેહાનના પેહેલવાન ! તું ખુશી થા અને દુખ તથા ગમને દુર કર. કારણ કે ઇરાન તરફના માર્ગમાંથી કાલું ધુલારૂં ઉડી રહ્યુ છે કે જેનાથી રોશન દિવસ પણ જાંખો બની ગયો છે. તે લશકર વચેથી ચંદ્રના જેવા પ્રકાશ આપતા પુશકલ વાવટાઓ માલમ પડે છે તેની હરોલમા વરૂની આકૃતિનો એક વાવટો છે એક બીજો વાવટો અઝદાહની આકૃતિનો પણ દેખાય છે જેની ટોંચ ઉપર એક સુનેરી સિંહ છે " આથી ગોદરેજ બોલ્યો કે, " તુ ખુશાલ રહેજે અને તારા ચેહેરા ઉપરથી બુરી નજર દૂર રેહજો તુ તારા પાક વિચારથી જે કાંઈ બોલ્યો છે તે જો ખરૂ નિવડશે તો હુ તુને એટલો બધો તો તરેહ તરેહનો ખજાનો બક્ષશ કે હવે પછી તુને મેહેનત પણ કરવી પડશે નહી, હવે પછી કોઇ દાહાડો આપણે ઇરાન જઇશુ અને બાહુરોના પાદશાહ આગળ પુગીશુ ત્યારે હું તુરતજ તુને તેના તખત આગળ લેઈ જઇને વડાઓ વચે તુને કાંઇ ઓહ્દો અપાવી સરફરાજ કરશ. હવે તુ મારી તરફથી આ ચોકી કરવાની જગ્યા આગળથી ઇરાની લશકરના સપેહસાલાર આગળ જઈને જે કાંઇ તે જોયુ છે તે સઘલું તેની આગળ કહે. તુ ઉટાવલ કર અને બીજા કોઇ પાસે ચોકી કરાવવાનો ઉપાય કર. " તે ચોકીબાને જવાબ દિધો કે, " મારાથી હાલે ચોકી કરવાની જગ્યા છોડી ઇરાની લશકર આગળ જવાશે નહી પણ જ્યારે હું જમીનની સપાટીને અંધારી બનેલી જોવશ અને મારી આંખો ચોકી કરવાથી કંટાલશે ત્યારેજ હું એ ચોકીની જગ્યાએથી ઇરાની લશકર આગળ એ ખબર શીમુરગની જડપે લેઇ જવશ " ત્યારે પેહેલવાન ગોદરેજે તે ચોકીબાનને કહયું કે, " તુ હુશીયાર દિલનો અને રોશન રવાનનો રહેજે તું એકવાર ફરીથી આ ઉચા પાહાડ ઉપરથી નજર કરીને જો કે તેઓ કેટલા નજદિકીએ આવી પુગ્યા છે ? " ત્યારે તેણે જવાબ દિધો કે, " એ લશકર આવતી કાલે સહવારે હમાવન પાહાડ આગળ આવી લાગશે " એ વાતથી તે પેહેલવાન એટલો તો ખુશી થયો કે ગોયા તેનો જીવ જતો રહેલો પાછો આવ્યો.

પેલી બાજુએથી પીરાન પણ તે (નવા) લશકરને એક પેહેલવાન માફક લડાઇના મેદાન તરફ દોરવી લાવ્યો તેની આગળથી એ ખુશ ખબર લેઇને એક સ્વારે હોમાન આગળ આવીને જે કાંઇ બન્યું હતુ તે વધતું ઓછું કહયુ. તે સમજતાંજ હોમાન હસીને બોલ્યો કે " બેશક હવે ખુલ્લું નસીબ આવી મલ્યું છે. " આથી તે મેદાનમાનાં તુરાની લશકરમાથી ખુશાલીના

પોકારો વાદલ સુધી ઉડી રહયા પણ (નિચે છાવણી નાખી પડેલા) ઇરાની લશકરના મુંજોગોં ગમ અને દુખ ભર્યા હતા તથા તેઓના ચેહેરા ફીકક્ષ અને હોટો સફેદ બન્યા હતા તેઓ સઘળા વિખેરાઇને તે પાહાડ આસપાસ છેલ્લી મસલત કરવાને એકઠા થઈ ઉભા દરેક ઠેકાણે તેઓ ભેગા મલીને પોતાને માટે સઘલા રૂડન કરવા લાગ્યા કે, "અફસોસ ! ઓ પાદશાહી ખાનદાનના બાધુરો ! ઇરાનમાં તમારી યાદ કોઇ કરતુ નથી. હવે તેઓની ઘોર સિંહના દાચામાં બનશે અને જમીન બાધુરોના લોહીથી ભરાઇ જશે" પછી સપેહસાલારે ગેવના બેટા બેજનને કહયું કે, "તુ ઉઠ અને જે કાંઇ ભરમની વાત હોય તે ખુલ્લી કર પેલા ઉચા પાહાડને મહાલે જઇને તુ જો કે તેઓ કોણ કોણ છે ? અને તેઓ શાને માટે આવ્યા છે ? તેઓ અત્રે કયારે આવ્યા છે ? અને તેઓ કટલા છે ? એ તંબુઓ તથા તખત સાથનુ લશકર કયાંથી આવ્યુ છે ?" આથી ગેવના બેટા બેજને તે લશકરથી દૂર ઘણે ઉચે પાહાડની ટોચ ઉપર ચઢીને તે પાહાડ ઉપરથી હરેક બાજુએ વાવટા, સ્વારો, હાથીઓ અને લશકર ઉપર નજર કીધી. પછી તેણે દુખી દિલે અને ગમગીન જીવે સપેહસાલાર આગળ પાછો દોડનો આવીને કહયુ કે "તે લશકર એટલું બધુ તો છે અને તેમા એટલા બધા તો હાથી છે કે જમીનની સપાટી પણ નાઇલ નદી જેવી બની ગઇ છે તેઓના વાવતાઓ અને ભાલાઓનો તો કાઇ શુમાર નથી અને આસમાન ઉપરનો સુરજ પણ ધુલારાને લિધે તાજગીવાલો દેખાતો નથી. અગરજો તુ તે લશકરને ગણે તો તેનો કાઈ છેડો નથી તેના વાજીંત્રોથી કાનો પણ બેહેરા થઈ જાય છે" જયારે તે સપેહસાલારે તેનુ કહેવુ સમજ્યુ ત્યારે તેનું દિલ દુખી બન્યુ અને ચેહેરો પમીનાથી ભરાઇ ગયો. પછી તેણે લશકરના સઘલા સરદારોને એકઠા કરીને તેઓ આગળ લશકર માટે પુશકલ દુખ દેખાડી દયા ખાતાં કહયુ કે, "જમાનાના એ રીતે ફરવાથી હુ લડાઇ માટેનો ગમ કરવા સિવાય બીજું કાંઈ કરી શકતો નથી ચઢતી પડતીના ચક્કરમાં હું ફર્યો છુ, પણ મારી ઉપર એટલી બધી ધાસ્તી કદી પણ આવી પડી નથી જો કે આપણી પાસે લશકર અને હથીયાર થોડા હોવા છતાં હવે એ કામનો ફકટ એકજ ઉપાય રહયો છે. આપણે તે ઉપાય કરીને તેઓ ઉપર આજ રાતે સબેખુન વરષાવ્યે, અને જમીનને લોહીથી જીહુન નદી જેવી બનાવ્યે. જો આપણે એ લડાઇમા માર્યા જઇશું તોપણ તમારો સપેહસાલાર એક પાદશાહને દરજજે પુગશે તેમ કરતા જો કે મને ધુલ નિચે દટાવું પડશે તોપણ લોકો મારા જેવા મરદાનેમરદને નામદારી વગરનો પેહેલવાન ગણશે. નહી." આથી તે લશકરના પેહેલવાનો તથા જે કાંઇ લશકર તે મેદાનમાં હતું

તે સઘળાઓ તેના કેહેવાને મલતા થયા. જ્યારે જેહાનનો દેખાવ દામર જેવો કાલો બન્યો અને શુકર, મંગળ અને બુધ સેતારાઓ કે કાંઈ પણ દેખાયું નહી, પણ મીન રાશીમાંથી ચંદ્રએ બાહાર નિકળીને અંધારાનુ દુતી સુધીનુ પેહરણુ ફાડી નાખ્યું ત્યારે એક ચોકીબાન જડપથી દોડતો તુસ આગળ આવ્યો તે દોડતાં હાંફેલો અને તેનો ચેહેરો રાતો બનેલો હતો. તેણે આવીને કહયું કે "ઓ લશકરના પેહેલવાન! ઇરાનના પાદશાહ આગળથી એક લશકર આવી લાગે છે તેઓની વચે મેં તિક્ષણ પંજાવાલા અઝદાહની આકૃતિનો એક સારો રંગનો વાવટો જોયો છે." એ સમજીને તે સપેહસાલારે હસ્તો બનીને પોતાના સરદારોને કહયુ કે, "ઓ બાધુરો અને નામદારો! જ્યારે આપણા જેવા બંદાઓનુ કામ મુશકેલ થઇ પડે છે ત્યારે જેહાનનો માલેક તે કામને પાછું આસાન બનાવે છે હવે જ્યારે મદદજ આવી પુગી છે ત્યારે તો આપણે ઉટાવલે યા ધીરે કોઇ વખતે લડાઈ કરીશુ હવે પરવરદેગારની મદદથી પેહેલ-વાન પીલતન આ લશકરની વચે મદદ કરવા માટે આવેલો હોવાથી તુરકીઓ ઉપર આપણી સઘળી ખાહેશો બર આવશે અને આપણું નામ સુરજ સુધી પુગશે." તે ચોકીબાનની વાત સમજવાથી તુસ રોશન રવાનનો બન્યો અને બુઢા તેમજ જવાનો તેને મુબારકબાદી આપવા લાગ્યા તેણે ચોકીબાનોને લડાઇના મેદાનમાં મોકલી આપ્યાથી પાહાડમાથી પોકારો અને લડાઈના અવાજો સમજાવા લાગ્યા અને આખી રાત સઘળાઓ જેહાન પેહેલવાનની યાદ કરતાં ખુશાલ અને રોશન રવાનના બન્યા

જ્યારે તે લશકરવાલી જગ્યાના આસમાન ઉપરથી સુરજે ઉગીને રાતનો અંધકાર દૂર કીધો ત્યારે ચીનના ખાકાને તુરાનના બુજોર્ગોની અને પેહેલવા-નોની એક અંજુમન ભેગી કીધી અને પછી તેણે પીરાનને કહયું કે "આજે લડાઈ નહી કરતા આપણે પણ એક દાહાડાની ઢીલ નાખીશુ, જેથી બાધુરો અને નામદારો આ માણસોને મારનારા સ્વારો સાથે લાંબા રસ્તાની અને ચઢાન ઉતરાનવાલી મુસાફરીની હાંકથી આસાયસ ભોગવે અને તેટલામાં વલી ઇરાનીઓ કેટલા છે અને આ મેદાનમાં તેઓ સાથે કોણ કોણ છે તેપણ આપણે જોઇ કાઢીએ." પીરાને જવાબ દિધો કે, "ચીનનો ખાકાન તારીફને લાયકનો અક્કલમંદ પાદશાહ હોવાથી આજે આપણે તેના દિલની ઇચ્છા મુજબ કરીશુ કારણ કે તે તમામ લશકરનો પાદશાહ છે" પછી તે છાવણીમાંથી ખુશાલીના પોકારો અને ઢોલ તથા સરનાઇના અવાજો સમજાવા લાગ્યા. હાથીઓમાંના પાચ ઉપર તમામ ચીનાઇ રેસમી કપડાંની ગાદી સાથના તખત બાંધવામાં આવ્યાં. તે તખતમાં પોખરાજો જડી લિધેલાં હતાં અને તે ઉપર

શીરાજી રંગનું ખીનખાબ પાંઠરયું હતું તેની લગામ સુનેરી હતી અને જીન વાઘના ચામડાનુ હતુ તથા તે ઉપર સુનેરી ઘાંટ ઘાંટરડીઓ બાંધી હતી. હાથીના માવતોએ માથાને તાજથી સંગાર્યાં હતાં અને તે સઘળાઓએ ગલામાં સાંકલી અને કાનમાં લુલક પેહેર્યાં હતા પુશકલ લાલ, પીલા અને બ્લુ રેસમી વાવટાઓથી તમામ હવા ચીનના બજાર જેની બની રહી હતી. પછી તેઓની ઇચ્છા મજાહ કરવાની થવાથી તે લશકર લડાઇના મેદાનમાં દાખલ થયુ તમામ જમીન તરેહ તરેહના રંગથી, સંગારથી તથા સરનાઇથી અને ઢોલથી મરઘાની આંખની માફક સંગાર પામી પાદશાહોએ અને લશકરે ત્યાંથી કુચં કર્યાથી ત્યાંની હવા સરનાઇઓના અવાજથીજ ભરાઇ ગઈ અને મેદાનની સપાટી પ્રકાશતા ભાલાઓ તથા જોશમાં આવેલાં લશકરથી કાલી બની.

સપેહસાલાર તુસે પણ દુરથી એ પ્રમાણે જોતાંજ તેની પાસે જેટલું લશકર હતુ તેટલાને સફ સમારી ઉભું રાખ્યુ ઇરાની પેહેલવાનોએ પોતાની કમર બાંધી અને ગેવ કાવ્યાની ઝુન્ડો લેઇને ઉભો તે મેદાનથી તે પાહાડની ટોંચ સુધી ઇરાની લશકર ટોલાબંધ ભેગુ થયુ જ્યારે કામુસ, મનસુર અને ચીનના ખાકાને તથા બીવરદ અને દુરઅ દેશ શંગસે હમાવન પાહાડ તરફ નજર કીધી ત્યારે તેઓએ તે દુશમનો સામે જવાની ખાહેશ કીધી નહી ચીનના ખાકાને દુરથી તે તરફ નજર કરતા તેણે ઇરાની સ્વારોના પોકારો સમજ્યાથી તેઓનું એ કામ પસંદ કરતા તે બોલ્યો કે, " એ તે લશકર અને એ તે લડાઇના કરનારા અને બાધુરોને મારનારા સ્વારો. સપેહસાલાર પીરાન તો મારી આગળ બીજી રીતે બોલ્યો હતો પણ મરદાનેમરદોના હુનરો છુપા રેહેતા નથી. તે સપેહસાલારે ઉડા ગારને કાંતાથી છુપાવ્યો પણ શેકારને દાહાડે તેના ઉપરથીજ તેનો ઘોડો દોડી જતે વળી દુશમનોના હુનર લડાઈ વખતે ધુલ નિચે છુપાવવા એથી ભલુ શુ હોય ? પણ હુ તો તે સ્વારો અને બાધુરોની પેહેલવાની અને મરદાનગી તેવી રીતની જોતો નથી " પીરાને તેને જવાબ દિધો કે " આવા લડાઈના મેદાનમાં ગાણસો એટલા બધા થોડાં હોવાની દરકાર કરતા નથી. " પછી ચીનના ખાકાને પીરાનને પુછયુ કે, " હવે આપણે એ કીનાના મેદાનમાં શું કર્યે ? " પીરાને તેને જવાબ દિધો કે, " તુ લાબો રસ્તો કાપી આવેલો હોવાથી તથા તુને માર્ગમાં ચઢાન ઉતરાન જોતુ પડેલુ હોવાથી એ મેદાનમાં ત્રણ દાહાડા થોભ, જેથી આપણાં લશકર સાથે આપણે આસુદા બન્યે પછી લશકરને બે ભાગમાં વેહેંચી નાખ્યાથી હવે પછી લડાઈના દિવસનો તથા આપણી ધાસ્તીનો અંત આવી જશે. તું તારા જેહાનને દિપાવનારા સ્વારો ભેગો સહવારથી તે બપોર સુધી લડાઇ કરી તેઓ ઉપર હુમલો કરજે અને તારૂં

લશ્કર ખંજરો, ગુરજો અને ભાલાઓ સાથે તે બુરી મનશનીના શખ્સો સાથે લડશે. પછી બાકીનો અરધો દાહાડો બીજું લશકર તે પાહાડ રાત પડે ત્યાં સુધી તેઓને મારશે એ રીતે તેઓનું કામ તગ થઇ પડે ત્યાં સુધી અંધારી રાતે પણ તે આશાયશ ભોગવેલાં લશકરને હુ લડવા માટે લેઈ જવશ. આપણે તેઓને જરાપણ આરામ લેવા દેઇશું નહી કારણ કે મારા સ્વારો પણ ઉટાવલા અને લડવાને તૈયાર બન્યા છે " કામુસે તેને કહયું કે, " એ કાંઇ ઠીક લાગતુ નથી. એવી આશાઓમાં હું વજુદ જોતો નથી. આટલી બધી ઢીલ પછી આટલાં જુજ માણસો સાથે એવી રીતની લડાઇ શા માટે કરવી જોઇએ આપણે તૈયારી કરી એકી વખતેજ લડાઈ કરીને તેઓ ઉપર આ મેદાન તથા પાહાડોને તંગ બનાવીશુ પછી આપણે અત્રેથી એ લશકરને ઇરાન તરફ લેઈ જઇને ત્યા પણ તખત, તાજ કે પાદશાહ કે કોઇને રેહેવા દેઇશુ નહી. આપણે તે દેશને અને ત્યાંની જમીનને એકી વખતે વેરાન બનાવીશુ અને ત્યાં શેર મર્દો તથા બાહુરોની મરજી મુજબના કાંમો કરીશું. આપણે ઓરતોને, બાળકોને, નાઢળાઓને, બુઢાંઓને અને જુવાનોને તથા પાદશાહને કે હાકેમોને કે પેહેલવાનોને જીવતા રેહેવા દેઇશુ નહી. તેમજ આપણે ઈરાન જમીનને ત્યાંનાં શેહેરો કે જગ્યાઓ, મેહેલો, ઘરો કે ગાય ઢોરોને પણ રેહેવા દેઇશું નહી આપણે તે બુરાઓને આટલા બધા દિવસો સુધી ગમ, દુખ અને ધાસ્તીમાં સાને માટે રાખી મુકીએ. તુ ફકટ આજનીજ રાત તેઓના રસ્તાને ખુલ્લો થવા દેતો ના કે જેથી તેઓ આ મેદાનમાંથી બાહાર નીકળી જઇ શકે નહી. બામદાદનો પવન ફુંકે ત્યાં સુધીમા તમામ લશકર આશાયશ ભોગવી લેશે. આવતી કાલે તો તુ તે ઇરાની લશકરના પેહેલવાનોનો તે પાહાડને મઠાલે એક ઢગલો થઇ પડેલો જોશે, કે જેવું કામ હવે પછી આઍ તમામ ઈરાનીઓમાંથી કોઇ પણ જોશે નહી " ખાકાને તેને કહયું કે, " એમ કરવા સિવાય બીજો કાંઇ ઉપાય નથી તારા જેવો લશકર ગોઠવનાર જેહાનમાં બીજો કોઇ નથી કામુસે જે કાંઈ વાત કહી છે તેની સાથે તમામ નામદારો પણ મલતા થયા છે " એટલું કહીને તેઓ પોતાની જગ્યાએ જવાને ઉઠયા અને આખી રાત સુધી તેઓએ લશકરની ગોઠવણ કરી રાખી.

ફરીબંરૂજ લશકર સાથે હમાવન પાહાડ આગળ આવી પોહોંચ્યો તે વિષે.

જ્યારે સુરજે અંધારી દુન્યા ઉપર પીલા રેશમના તંબુઓની (યાને તડકાંની) છાવણી નાખી, ત્યારે ગોદરેજને ચોકી કરવાની જગ્યાએથી

એક મોટો પોકાર સમજાયો કે, "ઓ લશકરના પેહેલવાન! તે લશકર આવી પોહોંચ્યું છે અને હવે તે નજદિકના રસ્તા ઉપર છે તથા લશકરથી ઉડી રહેલી ધુલથી દિવસે પણ અંધારૂ બની ગયું છે." આથી ગોદરેજ પોતાની જગયાએથી ઉડી પોતાના જડપ ચાલના ઘોડાને લેઈ આવીને તે મારગના બતાવનાર ઘોડા ઉપર ચઢી બેઠો અને તેને તે જગ્યાએથી વિજલીના આતશની જડપે દોડાવ્યો. તેણે તે લશકર તરફનો રસ્તો ધરવા દુખી દિલે તે કાલા ધુલારાં તરફ ચાલુ મુકયુ તેણે તેઓની નજદિક જઈ લાગતાંજ શાહજાદા ફરીબરૂજનો ઝુન્ડો જોયો કે જે ફરીબરૂજ ઇરાનથી લશકર ઉપર સરદારીપદ પામીને ત્યાં આવ્યો હતો. તે નવો સરદાર લશકરને પસંદ પડતો હોવાથી બુઢો ગોદરેજ ઘોડા ઉપરથી નિચે ઉતરી પડયો, તેજ પ્રમાણે લશકરને દિપાવનાર ફરીબરૂજ પણ ઘોડા ઉપરથી નિચે ઉતર્યો તેઓએ એક બીજાને બગલગીરી કીધી તથા ગોદરેજે આંખોમાંથી આંશુ પાડયાં. ફરીબરૂજે તેને કહયું કે "ઓ બુઢા સપેહસાલાર! તે તુરાનીઓ લડાઇમાં હમેશાં નિરબલ બનજો. સીયાવક્ષનો કીનો લેતાં તુને ઘણું નુકશાન ખમવું પડયું છે. મને પણ ગોદરેજના ખાનદાનના તે સ્વારો માટે અફસોસ છુટે છે. તુંને તે (ગુજરેલાં)ઓ તરફથી પુશકલ ખુશ ખબર મલજો અને દુશમનોના નસીબ ઉંધા વળજો. સુરજ અને ચંદ્રના પેદા કરનાર સાહેબના શુકરાના હોજો કે હું તુંને આ જગ્યાએ જીવતો જોવા પામ્યો છુ." પછી ગોદરેજે તે (ગુજરેલા)ઓ કે જેઓ ત્યાંની ધુલમાં ડટાયલા પડેલા હતા તેઓ માટે આંસુઓ પાડીને કહયું કે, "હરેક વખતે મારા બુરા નસીબે મારી ઉપર કેવી બુરાઇ પુગે છે તે તું જો. આએ લડાઈમાં તો મારા બેટાઓ અને નબીરાઓ જીવતા રહયા નથી, તથા મારૂં લશકર, ઝુન્ડો કે વાજીંત્ર કાંઇ બચ્યુ નથી. હાલે તો એ લડાઈનો બનાવ હું વિસારી બેઠો છું અને મારે માટે લડાઇ કરવાનું અને કામ કરવાનુંજ રહયું છે. પેલા ત્યાંનાં મેદાનમાં અને જંગલમાં એટલુ બધું તો (દુશમનોનું) લશકર છે કે તેઓથી જમીન પણ કાગડાની પાંખ જેવી કાલી થઈ છે. પણ હવે આ આપણાં (નવાં) લશકર સાથે તુસનું તમામ લશકર સુરજ અને ચંદ્ર ઉપર વાદલ ચઢી આવે તે માફકનું બન્યુ છે. ચીન, સકલાબ, હીન્દ અને રૂમમાં તથા જેહાનની વેરાન અને આબાદ જગ્યામાં એવું એક પણ જાનવર રહયું હશે નહી કે જેણે આપણી સાથે લડાઇ કરવાને કમર બાંધી નહી હોય. રૂસતમ કયાં છે તે જ્યાં સુધી તુ મને કહેશે નહી ત્યાં સુધી આ સઘલા ગમથી મારી પીઠ સીધી બનશે નહી." ફરીબરૂજે કહયુ કે તે પણ મારી પુઠે આવે છે અને તેને પણ લડાઇ કરવા સિવાય બીજો કાંઇ વિચાર આવતો નથી. અંધારી

શતથી તે બાગદાદ થાય ત્યાં સુધીમાં તે રસ્તામાં જરાએ થોભ્યા વગર જડપથી આવી લાગશે. હવે હું મારી આરામની જગ્યા કયા કરૂ ? અને આ લશકરને ફેહી તરફ લેઇ જાઉ ?" ગોદરેજે તેને પુછ્યુ કે "રૂસતમે તુને એ બાબે શું કહયું છે તે વાત મારાથી તું છુપાવ ના" ફરીબરૂજે તેને જવાબ દિધો કે, "ઓ મોટી પડવીના શખ્સ ! તેહેમતને આપણને લડાઇ કરવા ફરમાવ્યું નથી તેણે કહયુ છે કે, 'તમો લડાઈના મેદાનમા તે લશકરની સફ સામે જતા ના. માટે હુ તો થોડો વખત પેલા મેદાનમા આરામ લેઉ છુ કે જેથી મારો ઝુન્ડો તેઓને જણાશે" પછી તે ત્યાથી આગળ વધ્યાથી તેની સાથે ગોદરેજ પણ ગયો અને તેઓ ભપકાથી હમાવનના રસ્તા તરફ ચાલવા લાગ્યા

જ્યારે તુરકી ચોકીબાનોને ચોકી કરવાની જગ્યાએથી એ લશકર જણાયું, ત્યારે તે ચોકીબાને તુરાની લશકર આગળ જઇ પીરાનને કહયુ કે, "તું લડાઈ કરવાને માટે એકદમ કમર બાધ, કારણકે ઇરાનથી એક લશકર આ મેદાનમાં આવ્યુ છે અને તે પેલી તરફથી હમાવન તરપ પસાર થાય છે." આથી તે સપે-હસાલારે ચીનના ખાકાન આગળ જઇને તેને કહયું કે, "ઈરાનથી એક લશકર આવ્યું છે પણ તે કેટલું છે, અને તેનો સરદાર કોણ છે તે હુ જાણતો નથી માટે આપણે શુ કરીએ ? અને એ કામનો શુ ઉપાય રચ્યે ?" લડાઇના અનુ-ભવી કામુસે તેને કહયું કે, "તુ સરદાર હોવાથી તારૂ કામ તુ બજાવ અફરા-સીયાબની દરઘાહમાં પાણીના દરીઆ માફકનુ જે બુર્જોગોનુ એક મોટુ લશકર હતું તે તો હાલે તારી પાસે છે. તે ઉપરાંત પાંચ મહીના થયા આ લડાઈમાં તે દુશમનોનાં આટલા થોડાં લશકર સામે શુ કરી બજાવ્યુ છે ? હવે જ્યારે આ જમીન લશકરથી તમામ ધકાઈ ગઇ છે અને ખાકાન, મનશુર અને મારા જેવા તેમા સરદારો છે, ત્યારે તો હમે હમારા હુનરો દેખાડયે ત્યાં સુધી તુ થોભી જા. હમે કુચી લાવ્યે ત્યાં સુધી તો તે દરવાજો ઠીક બધ રાખ્યો છે. અગરજો કાબુલ, જાબુલ અને હીન્દના લશકરથી આ જેહાન ચીનાઈ રેશમી કપડા જેવી બની જાય તોપણ તેઓ સામે ટકવાને હુ એકલોજ પુરનો છુ. તે ઇરાનીઓ કેટલા છે તે તો તુ મને કહેતો નથી તુ નામદાર રૂસ્તમથી બીહે છે, પણ હુ તો તેનાથીજ નાસની પેહેલી સરૂવાત કરશ. અગરજો હુ તેને થોડાજ વખતમા મારા ફાંડામાં પકડી પાડશ તો પછી જેહાનમાં તેને વધુવાર નામદારી મેલવવા માટે હું રાખશ નહી. તુ સીસ્તાનના લશકરની ધાસ્તી રાખ્યા કરે છે અને તેઓ સાથે લડવાને માટે તારા દિલને ધાસ્તીમાં નાખે છે, પણ લડાઇમાં ધુલ ઉડતી થતાજ તુ એક વખત જરા મને લડાઈમા હાથ અજમાવતો જોજે. તુર-તજ તુ જોશે કે જેહાનમાં મારા જેવો શખ્સ કોણ છે, તથા બાહુરો અને

લડાઇ કરનારાઓ કોણ અને કેટલા છે." પીરાને તેને કહયું કે, " તું ખુશાલ રેહેજે અને બુરાઇનો હાથ તારાથી દૂર રેહેજો. તે જે સઘલું કહયું છે તે પ્રમાણેજ બનજો અને કોઈપણ તારો હરીફ રેહેતો ના" ચીનના ખાકાને પીરાનને કહયું કે, "જો તુ કામુસને ફીનો લેવાનો રસ્તો કરી આપશે તો તેણે જેમ કહયુ છે તેમજ તે હરોલમાં આવશે, કારણકે તે પાહાડોનોજ દોસ્ત અને હાથીઓનોજ જોડયો છે. ઇરાનીઓ(ની બાહાદુરી) માટેની આટલી બધી વાત થવી જોઇતી નથી અને તેથીલડાયકોના દિલને નુકસાન પુગવુ જોઇતું નથી હુ ઇરાનના કોઇપણ નામદારને રેહેવા દેવાનો નથી પણ હમો નિચાન અને ઉચાન ઉપરથી ધુલને ઉડતી કરીશુ. તેઓમાંથી જે કોઇ પડવી અને જાહોજલાલી ધરાવનારા શખ્સો હશે તેઓને હુ અફરાસીયાબ આગળ મોકલી આપશ હુ તે સઘલાઓના પગો ભારી બેડીમાં પોવશ અને તેઓમાના પુશકલ માણસોના ડોકાં કાપી નાખશ. ઈરાનમાં ઝાડના એક પાતરાંને કે પાદશાહને કે તેના તખત અને તાજને કે તેની દરબારને હું રેહેવા દેવશ નહી." આથી પીરાને ખુશાલીથી હસીને તે નામદારોની તથા ચીનના ખાકાનની તારીફ કીધી પછી તે ખુશાલ બની પોતાની છાવણીમાં આવતાંજ તુરતજ હોમાન, લેહાક, ફરશીદવરદ તથા બીજા બુજોર્ગો અને રોશન રવાનના શેરમર્દો તેની આગળ આવીને બોલ્યા કે, "ઇરાનથી એક કાલા ઝુન્ડાવાલા સરદાર સાથે એક લશકર આવ્યુ છે આપણા અનુભવી નામદારો જડપથી તપાસ કરવાને ગયા હતા અને તેઓ તુરતજ પાછા ફરીને કહેવા લાગ્યા કે, એ તો કાઉસનો બેટો ફરીબરૂજ છે અને તેની સાથે પાદશાહનુ વફાદારીભર્યું નામીચુ લશકર છે." ત્યારે પીરાને પેહેલવાન હોમાનને એ પ્રમાણે કહયુ કે, "આપણને એ બાબેનો વિચાર દિલમાંથી કાઢી નાખવો ઘટે છે. એ લડાઈ કરવાને ઇરાનથી ગેવ અને તુસ આગળ ગમે એટલુ લશકર આવે પણ જો તેમાં રૂસતમ નહી હશે તો પછી તે લશકર માટે આપણને કાંઈ ડરવાનુ નથી વળી કામુશ તો લડાઈ વખતે પીલતનને પણ કાંઇ બીસાડમાં ગણતો નથી કદાચને જો રૂસતમ અત્રે લડવાને આવ્યો તો એવા બીજા કેટલા કામુસોને મગરના જેવા બનવુ પડશે" હોમાને તેને કહયુ કે, "ઓ પેહેલવાન! તુ શું કરવા તારા જીવને એવા વિચારથી દલગીર કરે છે? એ કાંઇ રૂસતમનુ સીસ્તાનથી આવેલુ લશકર નથી અત્રેની ધુલને તો ફરીબરૂજનાજ લોહીથી ખરડાયલી બનાવવાની છે" ત્યારે પીરાન બોલ્યો કે, "હુ મારાં તાજ તખતથી દૂર થયો છુ અને સુરજ અને ચદ્રને જોયા કરવાથી તો હુ કંટાલી ગયો છું. કારણકે જ્યારનુ મે એમ સમજ્યુ છે કે આ લડાઈના મેદાનમા ઇરાનથી એક લશકર ભપકા સાથે આવ્યું છે ત્યારનુ મારૂં મગજ, જીવ અને માથું

દુખી બન્યું છે અને મારા દિલમાંથી થંડી હાએ નિકલ્યા કરે છે." ગુલબાદે તેને પુછ્યું કે, "એમ દુખી થવાનું શું કારણ છે? તુસ અને રૂસતમને માટે આપણને એમ વિલાપ શા માટે કરવો જોઇએ? આપણા પુશકલ ગુરજો, તલવારો, હાથીઓ અને લશકરોને લિધે તેઓ વચેથી પવનને પણ પસાર થવાનો રસ્તો મલતો નથી. આપણી આગળ ઇરાનીઓ શું બીશાદ ધરાવે છે? તેઓ ધુલ બરોબર છે ત્યારે કએખસરૂ, તુસ અને રૂસતમની આપણે શા માટે દરકાર કર્યે?" પછી તેઓ ત્યાંથી છુટા પડીને પોતાના તબુ તરફનો રસ્તો લિધો.

ત્યાર પછી જ્યારે તુસને ખબર મલી કે ઢોલનાં અવાજથી જેહાનની સપાટી ભરાઇ ગઈ છે અને ઇરાનથી પેહેલવાન પીલતન તથા કાઉસનો બેટો ફરીબરૂજ અને લશકર આવી લાગે છે, ત્યારે તેણે ત્યાંથી ઢોલને સામે લેઇ જવાનો હોકમ કીધો આથી લશકરને લિધે ધુલ ઉડવાથી ત્યાનો પાહાડ સીસમ જેવો કાલો બન્યો. હમાવન પાહાડ ઉપરથી પોકારો નિકલ્યા અને જમીન ઘોડાઓના ખંખારથી જોશમાં આવી. તે સપેહસાલારે તેઓ આગલ જબાન ખોલીને માજંનદરાનની લડાઇ માટેની પુશકલ યાદ આપતાં રૂસતમે તે લડાઈમાં દેવો સામે કેવું કામ બજાવ્યુ હતું અને લડાઈ વખતે તેઓના કેવા હાલ કીધા હતા તે કહયુ. આથી લશકરે પેહેલવાન તુસની તારીફ કીધી કે, "તું ખુલ્લા દિલનો અને રોશન રવાનનો રેહેજે. એ ખુશ ખબરથી હમો હમારા જીવ પણ વેરી નાખીશું તો તે લાયક ગણાશે. કારણ કે એ ખબરથી હમારા જીવને આસાયસ મલી છે. હવે જ્યારે લડાઇ કરવા માટે તેહેમતનજ આવતો હોય તો આ દુશમનનું લશકર તે મગર સામે ટકી શકવાનુ નથી. હવે આપણે અચબુચ આ પાહાડ ઉપરથી હુમલો કરીને જે શરમ ઈરાનીઓને પુગી છે તે દુર કરી નાખીશું. જ્યારે આપણે લડાઇ કરી તે તુરકીઓના જીવ લેઇશું ત્યારે તે નામદારીભર્યા ખાકાનનો ઝુન્ડો તથા તેનુ તાજ તથા સુનેરી ઢાલો અને પેલું હાથી દાંતનું તખત તથા માવતોના સુનાના તાજો અને તેઓની સુનેરી સાંકલીઓ તથા કંમરબંધો તથા સુનેરી ઘાંટ ઘાંટરડીઓ કે જેવું સઘલું કોઇએ પણ જેહાનમા જોયુ નથી તે, તથા તે સાથે પરડાઓ, રેસમી કાપડો અને બીજો માલ તથા સ ગારવાલા ઉંટો અને ઘોડાઓ, તથા તે સિવાય બીજું જે પાદશાહને લાયકનુ છે તે, તથા મોંઘી કીંમતની છત્રીઓ છે તે, તથા પેલી નર મોરની પુછડીના જેવી છત્રી કે જેના ઉપર જવેરાત જડી લિધાં છે તે, તથા એ સિવાય બીજું કેટલુ આપણુ આપણે હાથ લાવીશુ" પછી હુશીયારીવાલા તુસે લશકરને કહયુ કે "આપણે તો ધાસ્તીમાં અને અફસોસ કરતાજ રહયા છીએ. તમામ પાહાડની તલેટી લશકરથી ભરાઇ જવાથી

આપણા નામદારોનાં ડોકાંઓ તેઓના ફાંડામાં સપડાયલાં છે તેથી જ્યારે રૂસતમ આવી લાગશે ત્યારે તે આપણને ધીકારસે અને એ વાતની તપાસ કરીને કેહેશે કે, 'તું તો એક પક્ષી માફક જાલમાં સપડાયલો હતો અને તારૂં સઘલું કામ અને લડાઇ કાચી રહી હતી એ રીતે સપેહસાલાર તેમજ લશકર નાલાયક હોવાથી હું લશકરમાનાં કોઈ પણ જોરાવર શખ્સને પેહેલવાન તરીકે ગણતો નથી.' તેથી તેહેમતન લડાઇ કરવાને આવે તે અગાઉ આપણે નામદારી મેળવીને શરમને ધોઇ નાખ્યે તેઓ ઉપર આપણે સિંહો માફક હુમલો કરીએ કે જેથી તેઓ કદાચને પાહાડની તલેટી આગળથી નાહાસીને પેલી બાજુએ જતા રહે." લશકરે તેને જવાબ દિધો કે "એવું ચઢીયાતા-પણું તું એકલોજ મેલવવા જતો ના અને કદી પણ એવી રીતની વાત કરતો ના. જ્યાં સુધી રૂસતમ પોતે આવીને આ લડાઈનું મેદાન જોય ત્યાં સુધી કોઇ પણ આગળ વધવાનું નથી. માટે આપણે યજદાંની હજુરમાં બંદગી કરવાને ખરે પગે ઉભા રહીએ કારણ કે ભલા લોકોનો તેજ રેહેનુમા છે એમ કરવાથી સુરજ અને ચંદ્રના માલેક પરવરદેગારના હોકમથી તેહેમતન આ મેદાનમાં (જલદિથી) આવી પુગે. હાલે તારો સેતારો ધાસ્થી ભર્યો બનેલો હોવાથી તું ગરીબો વચે દીરમ અને દીનારની સખાવત કર." પછી તે પાહાડને મઠાલેના ઈરાની લશકરના પેહેલવાનો વચે ખુશાલીના પોકારો ઉઠીયાથી તેઓ સાથે પોતાની જગ્યાએ ગયા અને આખી રાત પોતાના વિચારમાં ગુટાયા.

કામુસે ગેવ અને તુસ સાથે લડાઇ કીધી તે વિષે.

જ્યારે સુરજે ગોધા (વરખ રાષી)ની પીઠ ઉપર પંજો માર્યો અને જંગલમાંથી થદુલ પક્ષીના અવાજ નિકલ્યા ત્યારે કામુસ કે જે માણસોને મારનારો એક સરદાર જેવો હતો તેની દરગાહમાંથી ગડબડના અવાજ નિકલ્યા. તેણે પોતાના લશકરને એકઠું કરીને તેઓને હર્થીઆરો આપ્યાં અને તેનું દિલ લડાઇ કરવાને આતુર તથા મગજ (મગરૂરીના) પવનથી ભરેલું બન્યુ તેણે શરીર ઉપર પેહેરન તરીકે બખતર અને તાજ તરીકે માથે લોઢાંની ટોપી પેહેરી લિધી તથા હથીયારો તેના પોશાક તરીકે બન્યાં. તેણે બાહાદુરો વચેથી એક લશકર કે જે પોલાદ અને લોઢાંના (બખતરો)માં ગરક થયુ હતું તે ચુટી કાઢયું. તેથી તે લશકરને લિધે ત્યાં ધુળજ ઉડતી દેખાવા લાંગી અને તલવારો અને હથીયારોને લિધે કોઇને કાંઈ પણ રસ્તો સુજ પડતો હતો નહી.

પેલી તરફથી ઈરાની લશકરની ચોકી આગળથી એક પોકાર સમજાયો કે " એક લશકર પેલી બાજુએથી ઘણું નજદિક આવી લાગ્યું છે અને તે લશકરની પુઠેથી પેહેલવાન પીલતનનો ઝુન્ડો પણ જણાય છે વળી આ બાજુના તુરાની લશકરને લિધે તુ કેહેશે કે હવા જાણે કાલા વાદલ જેવી બની છે તેઓનો સપેહસાલાર એક પાહાડના ટુકડા જેવો સ્વાર છે અને તેના ઘોડાની નાલથી જમીન પણ કાયર થાય છે તેની પાસે ગોધાના માથા જેવો એક ગુરજ છે. તેનુ લશકર પછવાડે છે જ્યારે ભાલા ધરાવનારાઓ આગળ ઉભા છે તેણે તે ગુરજને ખભા ઉપર ધર્યો છે તે જોઇને જો તુ અચરત થાય તો તેમા કાંઇ ખોટુ નથી " જ્યારે તેણે ચોકીબાન પેહેલવાનથી (રૂસતમના આવી પોહોંચવાનો) આવો પોકાર સમજ્યો ત્યારે તે ખુશાલ અને રોશન રવાનનો બન્યો અને તેથી ઇરાની લશકરના સપેહસાલારે પણ તે બાજુએથી ઢોલના અવાજ વાદલ સુધી પુગતા કીધા કેશવાદના બેટા ગોદરેજ આગળથી એક સ્વારે ફરીબરૂજ આગળ જડપથી આવીને કહયુ કે, " તુરાની લશકર લડવા માટે આવ્યુ છે અને તેઓ નજદિક આવીને સફ સમારી ઉભા છે માટે તુ ચઢને દરજજેનો અને પાદશાહના બાપ જેવો હોવાથી તુ પણ એમ કર કારણ કે તેમ કરવુ તારા ખવાસ પ્રમાણે લાયક છે. વળી પેહેલવાન તેહેમતન પણ મારગમાંથી આવતો જણાય છે અને તે આ મેદાનમાં હમણા આવી લાગશે " આથી ફરીબરૂજ પેહેલવાનો અને બાહાદુરોના લશકર સાથે તુસ અને ગેવની મદદે ગયો તેઓએ પણ મુબારક ઝુન્ડાને સ‌ગારીને લશકરને પાહાડ ઉપર ગોઠવ્યું. જ્યારે તે ડાબી બાજુથી તે જમની બાજુ સુધી સીધુ ગોઠવાઇ રહયુ તથા તેની બાજુઓ, વચલો ભાગ તથા સામનવાલો ભાગ નકી થયો, ત્યારે સરનાઇના અવાજ નિકલ્યા અને તે લશકર વાદલ માફક હીલવા લાગ્યુ જ્યારે કામુસ તે લડવાની જગ્યાની નજદિક આવી લાગ્યો ત્યારે તેને તે મેદાનમા એક પળ પણ થોભવુ પડ્યુ નહી. કારણ કે ઇરાનીઓ પણ પોતાના લશકરને જડપથી વેહેતી નદીના પાણીની જડપે પાહાડ ઉપરથી ઉતારી હમાવન પાહાડ આગળ આવી પુગ્યા હતા અને તેથી હવા ગુલીના રગની બની ને તેમાં જમીન ઢકાઈ ગઇ જ્યારે તે લશકર નજદિક આવ્યુ ત્યારે કામુસે તે પાહાડ તરફનો રસ્તો ધર્યો અને હસ્તા ચેહેરા સાથે ઇરાની લશકર તરફ ગયો. કારણ કે તે ઇરાનીઓ લડાઇ કરવાને વખતે લડવાના કામમા અશકત બન્યા હતા તેથી તે બોલ્યો કે, " હવે તેનુ લશકર મોટુ અને બાહાદુરોનુ બનેલુ છે અને એ કાંઇ પીરાન, હોમાન કે તેના બાહાદુરો નથી ઇરાનીઓ વચે હવે લડાયકપણુ કોણ ધરાવે છે કે તેઓ મારી સામે આવી શકે ? " પછી તેણે તે પાહાડ તરફ

પોકાર માર્યો કે, " આ લડાઇના વખતના શેરમર્દો ? તમે મારી ઉચાઇ અને મારૂ જોરાવર કદ જુઓ તથા મારી તલવાર, બાજુ અને ગુરજ જુઓ." જ્યારે ગેવે એ સખુનો સમજ્યા ત્યારે તે ચોરડાઇને પોતાની તલવાર કમર-બંધમાંથી બહાર ખેંચીને તેની તરફ ધસી ગયો અને તેની નજદિક આવી લાગતાજ તેણે કામુસને કહયું કે, " લે, જોરાવર હાથીનો આ જોટ્યો તારી આગળ આવ્યો છે " પછી તેણે પોતાની કમાનને બહાર કાઢી તે ઉપર એક તીર ચઢાવીને નેકીના પોહોંચાડનારા યજદાનની યાદ કરી કામુસ ઉપર તીરોનો વરસાદ છોડયો, અને પોતાની કમાનને વસતની મોસમના વાદલ જેવી બનાવી દિધી. જ્યારે કામુસે તેનો હાથ અને તેની શરૂવાત જોઇ ત્યારે તેણે પોતાના માથાંને ઢાલ નિચે છુપાવી દિધુ. પછી તેણે તેના ઉપર એક વરૂ માફક નેજા સાથે ધસારો કર્યાથી હવા ધુલારાથી અને જમીન મોતથી ભરાઇ ગઇ. તે બદખાહે ગેવની નજદિક આવી લાગતાંજ તેની કમર ઉપર નેજાનો એક ફટકો માર્યો આ ફટકો ગેવની કમર ઉપર વાગતાંજ ધાસ્તીથી ગેવના બંને પગો પાવડાની બહાર નિકલી પડયા. તે ભાલો જાણે તેની કંમરનો ગાંઠ તોડવા માંગતો હોય તેમ તેની કમર ઉપર બેઠો. જ્યારે ગેવ તે પાણી પાયલાં લોઢાંના નેજાથી ધુજી રહયો ત્યારે તેણે મ્યાનમાંથી તલવાર જડપથી ખેંચી કાઢીને બુમ પાડી યઝદાનું નામ લીધુ અને ગમથી ભરેલો સ્વારોની હરોલમાં આવીને તે તલવારનો એક ફટકો લગાવ્યો, જેથી તેનો નેજો કલમ માફક કપાઇ ગયો. જ્યારે તુસે લશકરંના મધ્ય ભાગમાંથી એમ જોયુ ત્યારે તેણે બાહાદુરોની લડાઈ જોઈ ગમગીન થઇને વિચાર્યું કે ગેવ કાંઇ કામુસની બરોબરીનો શખ્સ નથી અને તે નેજો રાખનાર ગેવ કાંઇ તુસ જેવો પણ નથી. આથી લશકરના મધ્ય-ભાગમાંથી તે પણ બુમો પાડતો ગેવની મદદે કીનો લેવા આવ્યો. કામુસે પોતાની લગામને તંગ બનાવીને ફેરવી અને તે બે પેહેલવાનોની સાથે લડવા લાગ્યો. તેણે તુસના ઘોડાની ગરદન ઉપર તલવારનો એક ફટકો માર્યાથી તે સર-દારનો ચેહેરો સીસમ જેવો કાલો બન્યો તેનો ઘોડો નિચે પડી ગયો તેથી તે બાહાદુર પણ નિચે કુદી પડયો અને એક બરાડ મારતા સિંહ માફક તેની સામે ઉભો પછી તે લશકરની સામે નેજો હાથમાં ધરીને ઘોડા વગર લડવા લાગ્યો. તે બે મોટી પડવીના પેહેલવાનો સામે કામુસ ફકટ એકલો સ્વાર હોવા છતાં તે કામુસ કશાની લડાઈ કરવાથી કંટાલ્યો નહી. એ પ્રમાણે જ્યાં સુધી સુરજની જગ્યા કાલી થઈ ત્યાં સુધી તે મેદાનમા તરેહવાર લડાઇઓ ચાલી જ્યારે તે મેદાન સીસમના રંગનુ (અંધારૂ) બન્યુ, ત્યારે કામુસ અને તુસ છુટા પડયા તથા તે બંધે લશકરો પોતાની છાવણી તરફ ગયાં. એક લશકર મેદાન તરફ, જ્યારે બીજું પાહાડ તરફ ગયુ.

રૂસતમ ઇરાની લશકરમાં આવી પોહોંચ્યો તે વિષે.

જ્યારે આસમાન સુરજ અને ચંદ્રથી ખાલી બન્યું અને બંધે લશકરમાંથી ચોકીબાનો બાહાર આવ્યા ત્યારે ચોકી કરવાની જગ્યાએથી એક ચોકીબાને જબાંન ખોલીને કહયું કે, "અંધારી રાતને વખતે પણ મેદાન ધુલથી ભરાયલુ બન્યું છે તથા મેદાન અને જંગલ માણુસોની વાતચીતવાલુ બની ગયું છે વળી બાધુરોની સાથે સાથે કેટલીક મસાલો દેખાય છે. એ પેહેલવાન પીલતન હોવો જોઇએ અને તેનું જાણુલીજ લશકર જડપથી આવતું હોવું જોઇએ" કેશવાદના ગોદરેજે એમ સમજતાંજ અંધારી રાત હોવા છતાં પણ તે પાહાડ ઉપરથી તેની સામે ગયો. અંધારી રાતની વખતે જમીનની સપાટી કાળી બનેલી હોવા છતાં તેમાંથી (રૂસતમનો) પેલો અઝદાહની આકૃતિનો ઝુન્ડો તેને જણાયો તેહેમતનનો ચેહેરો જોતાંજ ગોદરેજના ચેહેરા ઉપરનાં આંસુઓ દૂર થઇ ગયાં. વળી રૂસતમ પણ ઘોડા ઉપરથી નિચે ઉતરીને પવન વેગે ચાલી તેની આગળ આવ્યો. તેઓએ એકમેક સાથે બગલગીરી કીધી અને પછી તે બંધેએ, ગોદરેજના ખાનદાનના જે નામદારો કે જેઓ ઉપર કાયદો મેલવવા જતા નુકસાંન આવી પડયું હતું તેઓ માટે, જારજાર રૂદન કીધુ કારણકે તેઓ ઘણા લાંબા વખતથી એકમેકના સગપણમાં આવ્યા હતા, અને નામદાર ગેવ તેનો જમાઇ થતો હતો વળી અંજુમન વચે નામદારી ભોગવનાર પેહેલવાન બેજન રૂસતમનીજ બેટીથી જન્મયો હતો. તેથી ગોદરેજે તેને કહયુ કે, "ઓ હુશીયાર, લડાયક અને રોશન રવાનના પેહેલવાન ! તારાથીજ તાજ અને તખત દિપે છે અને જે સખુન તુ બોલે છે તે જુઠો પડતો નથી તુ ઇરાનીઓના માયબાપ જેવો, તથા તાજ, તખત, ખજાનો અને જવેહરાત જેવો છે તારા વડે તમામ સરદારો અને તમામ ભલાઈ છે. તારા વગરનો કોઇપણ સરદાર સરવરી ભોગવનાર હોતો ના ઓ જમીનના પેહેલવાન ! કીનાની વખતે તુ હાથીઓ અને સિંહો કરતાં પણ વધારે છે જેમ મછી (પાણીની ગેરહાજરીમાં) ધુલ ઉપર તરફડે તથા (જીવની ગેરહાજરીમા) માથુ અને શરીર કબરમાં પથ્થર નિચે દટાય તેમ હમે તારા વગર રહીએ છીએ. તું આંખ અને દિલ કરતાં પણ વધારે પ્યારો અને વળી નામદારો વચે વધારે નામના ભોગવનારો છે. તેથી જ્યારનો મે તારો ખુબસુરત ચેહેરો તથા તારી ગરમ પુછપરછ અને મોહોબત જોઈ છે ત્યારથી મારો તે પ્યારાઓ માટેનો સોગ પણ દૂર થયો છે અને તારા નસીબે મારો ચેહેરો હસ્તો બન્યા સિવાય બીજી રીતનો બન્યો નથી" રૂસતમે તેને કહયું કે, "તારા દિલને ખુશાલ રાખ અને તારા ઉચા દરજ્જાના શરીરને દરેક બુરાઇથી મોકલુ કર. કારણકે તમામ જેહાન ફરેબ અને દુખભરી

હોવાથી જેવો તે તુને ખજાનો દેખાડ છે કે તેવોજ તારો અંત પણ આવી જાય છે એકને તે આબાદી સાથે રાખે છે તો બીજાને તે તંગીમાં રાખે છે. એકને તે નામદારી બક્ષે છે તો બીજાને શરમીંદગી બક્ષે છે. એ પ્રમાણે આપણને અત્રેથી ચાલી જવુ પડે છે, કારણ કે તે માટે આપણો ચારો પણ નથી. મોત સિવાય મારો બુરો દુશમન બીજો કોઈ નથી. માટે તેવા દુખથી તારૂં રવાન દુખ વગરનું રહેજો અને આપણુ હમેશાં લડાઈ કરવા માટે જવું થયા કરજો." પછી જ્યારે તુસ તથા ગેવને તથા ઇરાનના બાહુર સ્વારોને ખબર પડી કે, "રૂસતમ હમાવન પાહાડ આગળ આવી લાગ્યો છે અને તેને જેહાનનો અનુભવી ગોદરેજ પણ જઈ મલ્યો છે" ત્યારે તે પેહેલવાનો પણ (તેને મલવાને) ત્યાં પવન વેગે ગયા તેથી ખુશાલીના પોકારો અને સરનાઇના અવાજો, ઉઠી રહયા. રૂસતમના આવી લાગતાંજ અને તે પેહેલવાનનો ઝુન્ડો પણ જણાતાંજ તે લશકર અંધારી રાતને વખતેજ રૂસતમને જઇ મલ્યું.[૧] તે જોઇને તે લશકર તથા સપેહસાલાર લડવાને આતુર બનીને તથા ખુશાલ દિલે ઘોડા ઉપરથી નિચે ઉતર્યા અને જે માર્યા જઈ ધુલમા દટાયા હતા તેઓ માટે તે લશકરે દુખના પોકારો કીધા. તેઓ તેની આગળ ફર્યાદ કરતાં બોલ્યા કે, "ઓ પેહેલવાન! તારાથી જેમ બને તેમ તુ લશકરની ફર્યાદને પોહોચ" તેઓનું એ દુઃખ જોઇને રૂસતમનું પણ દિલ ચીરાઇ જવાથી તેણે કીના માટે નવેસરથી કમર બાંધી પછી જ્યારે તે લડાઇના કામથી વાકેફ બન્યો ત્યારે તે પણ લશકરે વેઠેલાં દુખ માટે રડવા લાગ્યો પછી તેણે તેઓને ઘણીએક શીખામણો દેઇને કહયું કે, "ઓ સરદારો! આજ રોજે એક ભારી લડાઇ કરવાનો વખત નજદિક આવ્યો છે. તે લડાઇની સરૂવાત અને આખેરી એવી થશે કે જેથી કોઇપણ એક બાજુને માહેતમ કરવી પડશે અને બીજી બાજુ ખુશાલી ભોગવશે." પછી તે જેહાનને દિપાવનારા પેહેલવાને જ્યાં પોતાની છાવણી નાખી ત્યાં તેની પુઠે નીમરોજનુ લશકર ગયુ તેઓએ તે પાહાડની વચે તંબુઓ નાંખીને ત્યાં સપેહસાલાર રૂસતમનો ઝુન્ડો ઉડનો કીધો. તે ઝુન્ડા આગળ એક હાથીદાંતનું તખત મુકવામાં આવ્યું અને તે તખતને દિપાવવા માટે તેની આસપાસ સીસમની ખુરસીઓ મુકી. પીલતન તે તખત ઉપર બેઠો અને તમામ નામદારો તેની આગળ ભેગા મલ્યા. તેના એક હાથ ઉપર ગોદરેજ અને ગેવ બેઠા અને બીજા હાથ ઉપર તુસ અને બાહુર પેહેલવાનો બેઠા તેઓની આગળ એક રોશનીવાલી બલતી મસાલ મુકવામા આવી અને ત્યાર પછી તેઓએ દરેક રીતના વધુ

---

૧. એ બેત લખેલી નકલમા વધારે છે.

ઓછા વિચારો જણાવ્યા. તેઓએ તે નામદાર પેહેલવાન આગળ બુજોર્ગોના કાંમોની, તથા તે લશકર સાથની લડાઇની, તથા તપતા સુરજ અને પ્રકાશતા ચંદ્રની તથા (દુશમનોના) બેશુમાર બોહલાં લશકરની તથા કામુસ, શંગલ, ચીનનો ખાકાન, મનશુર અને તુરાન જમીનના પેહેલવાનોની પુશકલ વાતો કીધી અને બોલ્યા કે, "ખુદ કામુસ માટે હમારામાં બોલવાની શકિત નથી, અથવા તો તેનું બ્યાન કરવાની હમારામાં તાકાત નથી તે જાણે એક ઝાડ છે, જેના ફળ ગુરજ અને તલવાર છે જાણે કે વાદલ તેના માંથા ઉપરથી પથરાઓનો વરસાદ નાખે છે તે લડાયક હાથી જેવા આગળથી તું પણ નાહાસી શકશે નહી તેનુ મગજ કીનાભર્યું અને દિલ લડાયક છે. જમીન ઉપર એકપણ જગ્યા એવી નથી કે જ્યાં તેનો હોકમ ચાલતો નહી હોય. તેના જેવો લશકર ગોઠવનારો નામદાર કોઇ નથી આનીગમના પાહાડથી તે સહદ નદી સુધી વાવતાઓ, લશકર અને અમબારી સાથના હાથીઓ પડેલા છે. લોઢાંની તોપીઓ અને બખ્તરોનો તો ત્યાં કાંઇ શુમારજ નથી અને શીરાજી તલવારો સિવાય હવામા બીજું કાંઇ દેખાતું નથી તમામ મેદાનમાં ચીનાઇ રેસમી કપડાંનાજ તબુઓ અને છાવણીઓ બનાવી ઉભી કરવામાં આવી છે જો તું લશકરનો પેહેલવાન હમારી તરફ આવી પુગ્યો હતે નહી તો આપણા કાંમોનો નાશ થતે. ફતેહમદ પરવરદેગારના શુકરાના હોજો કે તે સાહેબ હમારી મુશકેલીઓ અને દુખનો છેડો લાવ્યો છે. તારાથીજ ખરેખર હમારાં શરીર પાછાં જીવતાં બન્યાં છે, કારણકે હમારામાંથી કોઇપણ શખ્સને (જીવતા પાછા ફરવાની) ઉમેદ હતી નહી." થોડો વખત સુધી તે પેહેલવાન માર્યા ગયલાઓ માટે ગમગીન, રડતો અને દલગીર બન્યો. ત્યાર પછી તે બોલ્યો કે, "આસમાનમાંના ચંદ્રથી તે કાલી ધુલ સુધી તમો જોશો તો તમામ ચિજો દુખ, દલગીરી અને રંજથી તપી આવેલી છે. તેવી ત્રણ પાંચ દિવસના મુસાફરખાના જેવી દુન્યામાં હાલે રૂસતમ છે. આ ફરતી દુન્યાની કારકીરદી એવીજ છે ઘડીકમાં તેમાં ઝેહેરી લડાઇ હોય છે તો ઘડીકમાં મોહોબત સાથનુ મધ હોય છે જે ગુજરી ગયા છે તે જો કપાઇને મરી ગયા છે તો વળી આપણને પણ મરવુજ છે માટે આપણને ઘટે છે કે તે બાબેની ચુનોચરા કરવી નહી જેવું મોત આવે છે તેવું તો આપણને જવુજ પડે છે માટે તમો આસમાનના ફરવા સાથે ઉટાવલા બનતા ના. ફતેહમદ પેદાનો કરનાર આપણો મદદગાર થજો અને દુશમનોનું નસીબ ઉંધુ વલજો. હવે પછી આપણે સઘલો કીનો પાછો લેઇશું અને દુશમનો ઉપર જેહાનને તંગ બનાનાશુ" આથી મોટી પડવીના લોકોએ તેના ઉપર દુવા કીધી કે, "તું તાજ, તલવાર, તખત અને મોહર સાથે નામદારી અને ખુશા-

લીબર્યો જીવજે. ફતેહમંદ પાદશાહ ખસરૂની દરબાર તારા વગરની ખાલી હોતી ના."

તુરાનીઓ અને ઈરાનીઓએ લશકર તૈયાર કીધું તે વિષે.

જ્યારે જેહાનને દિપાવનારા સુરજે પાહડ પછવાડેથી નિકળી જેહાનને દિપતી કીધી તથા દાહાડાએ કાલી રાતનાં બે જુલફાં પકડીને તેણીને અંધારી ચાદરમાથી બાહાર ખેંચી કાઢી પોતાના દાંતોથી ચંદ્રના હોટોને લોહીથી જજરતા બનાવ્યા, ત્યારે તે છાવંણીમાથી વાજીંત્રોના અવાજ નિકળયા. સપેહસાલાર હોમાને લશકરની હરોલમાં આવીને દરેક બાજુએ નજર ફેરી, કે ઈરાનીઓની મદદે કોણ આવ્યુ છે? અને કોણ કોણની છાવણી અને તંબુઓએ તેજી પકડી છે? તેની સપેહસાલાર હોમાને લશકરની હરોલમાં આવીને દરેક બાજુએ નજર ફેંકીને તપાસ લિધી. ત્યાં તેને એક ફીરોજા રંગનો તંબુ જણાયો, જેની આસપાસ પુશકલ વાવતાઓ હતા. તે સપેહસાલારનો વાવતો અને ભાલો હરોલમાં હોવાથી જાણે કે ફરતું નસીબજ હરોલમાં આવી ગયું હતું. તેણે બીજા સીપાઇઓના તંબુઓની તપાસ લીધી કે જ્યાં ઝુન્ડાઓનો (કાવ્યાની) ઝુન્ડો ચંદ્ર માફક દિપી રહયો હતો. કાઉસના બેટા ફરીબરૂજે હાથીઓ અને ઢોલ સાથે તુસની નજદિકમાં પુશકલ તંબુઓ નાખ્યા હતા. આથી હોમાને પીરાન આગળ દલગીરી સાથે આવીને કહયું કે, "આપણો વખત પુશકલ રંજોની સાથે જોડાયો છે દર રાતના કરતાં ગઈ રાતે ઈરાની લશકરમાં ધરપકડના અવાજો તથા પોકારો અને બુમો ઘણી સમજાતી હતી. તેથી મેં સહવારના તંબુમાંથી નિકળી એકલો બાહાર જઇને લશકર વચે દરેક બાજુએ નજર કીધી તો તેઓની મદદે પણ ઇરાનથી આ મેદાનમાં એક મોટુ લશકર આવેલું માલમ પડે છે ત્યાં એક રેસમી લીલાં કપડાંનો પણ તબુ જણાય છે જેની નજદિક અઝદાહની આકૃતિનો એક ઝુન્ડો ઉભો કીધો છે. તેની આસપાસ કાબુલી ખંજરવાલુ એક જાબુલી લશકર છાવણી નાખીને પડેલુ છે હુ ધારૂ છુ કે આ લડાઈમાં મદદ કરવાને માટે રૂસતમ પાદશાહ આગળથી આવી લાગેલો જણાય છે." ત્યારે પીરાને તેને જવાબ દિધો કે, "જો રૂસતમજ એ લડાઇમા આવી પુગ્યો હોય તો આપણો બુરો વખત આવેલો સમજવો. જો સહવારના તે દેવજાદો સામે આવ્યો તો હવે એમજ જાણવુ કે આપણી ખુશાલી વધુ વખત રહેવાની નથી, તથા કામુસ, ચીનનો ખાકાન, શંગલ અને તુરાન જમીનના પેહેલવાનોમાંથી પણ કોઇ હવે જીવતા રેહેવાના નથી."

આથી પીરાને તુરતજ છાવણી તરફ જઇને તે તમામ ઇરાની લશકરને તપાસ્યું, ત્યારબાદ તેણે ત્યાંથી કામુસ, મનશુર અને ફરતુસ આગળ ઝડપથી આવીને તે પેહેલવાન કામુશને કહયુ કે, "ઓ નામદાર લડાયક પેહેલવાન! બામદાદને વખતે અત્રેથી છાવણી તરફ જઇને તમામ ઇરાની લશકર આસપાસ ફરી વળતાં મને ત્યાં મદદ તરીકે પુશકલ લશકર અને પુશકલ કીનો લેનારા નામદારો આવી પુગેલા જણાય છે. હું ધારૂ છું કે પીલતન રૂસતમ કે જેને માટે મેં આ લશકર આગળ વાત કીધી હતી તેપણ આવી લાગ્યો હશે. તે કીનાખોર હાલે ઇરાની લશકરના પાદશાહ આગળથી તેઓની મદદે આવેલો લાગે છે." કામુસે તેને કહયુ કે, "ઓ અકકલથી પુરપીન શખ્સ! તારૂ દિલ એકી વખતે એવા બુરા વિચારોજ કેમ કરે છે? એમ જાણ કે જો કએખસરૂ પણ લડવા માટે આવે તોપણ તુ એ કામથી નાઉમેદ બનીને દુખી દીલનો બનતો ના તુ રૂસતમ માટેનીજ એટલી બધી શાની વાત કરે છે? જાબુલસ્તાન વિષેની યાદ તુ કદીપણ કરતો ના. તુ નામદાર રૂસતમથી બીહતો જણાય છે, પણ હું તો પેહેલાં તેનાથીજ નાસની સરૂઆત કરશ. આ લડાઈ વચ્ચે મારા ઝુન્ડાને જોતાંજ તેનુ દિલ લડવાને વખતે માહેતમ ભર્યું બનશે માટે તું જઇને લશકર તૈયાર કર અને સીપાઇઓને કુચ કરાવીને તેઓને લડવાની જગ્યાએ ઝુન્ડા આગળ એકઠા કર જયારે હુ લશકર લેઈ લડવા માટે આવું ત્યારે તું પણ આવવાની ઢીલ કરતો ના. હવેજ તુ મર્દાનેમર્દોની લડાઈ જોશે. અને તમામ મેદાન લોહીના દરીઆના જેવું બનશે હુ આ તલવાર અને ગુરજ ઉઠાવીને તે જાલના બેટા રૂસતમનુ ડોકું કાપી કાઢશ" પેહેલવાન પીરાનનું દિલ એવી વાતથી ખુશી બન્યુ અને તે રૂસતમના વિચારથી નચિંત થયો તે ખુશાલ દિલે અને સારા વિચારો સાથે પોતાના જીવને બાધુરીના પાણીથી ધોઇ કાઢીને ત્યાંથી પાછો ફર્યો. તેણે કામુસનુ કેહેવું યાદ રાખીને તમામ લશકરને લોઢાંની તોપી અને બખતર પુરાં પાડયાં

પછી ત્યાંથી તેણે ચીનના ખાકાન આગળ આવી જમીનને બોસે લેઇને કહયુ કે, "ઓ પાદશાહ! તુ પવિત્ર રહેજે અને તારી અકકલ અને વિચાર મુજબ તુ ચાલજે. તે એક મુશકેલ રસ્તાને દૂર કરીને હમારે માટે દુખને બદલે ખુશાલી ખરીદી છે તુ અફ્રાસીયાબની શરમ રાખીને એ રીતે પાણીના દરીઆને વાહાનોથી પસાર કરી અત્રે આવ્યો છે તેથી તમામ લશકર તારે લિધેજ તતાર ઉભુ રહેતુ થયુ છે. માટે હવે જેમ તુને સુજે તેમ તુજ લડાઇ કરજે અને તારા હાથીઓને ઘાંટ, ઘાંટરડીઓથી સજાવીને સરનાઇના અવાજોથી જેહાનના કાનને બેહેરા બનાવજે. આજનો દાહાડો તો તે લશકર

સાથે હુંજ લડાઇ કરશ અને તું હાથી અને ઢોલ સાથે લશકરના મધ્ય ભાગમાં રેહેજે. મારાં લશકરની પુઠેથી તું તપાસ કરતો રેહેજે અને તેમ કરી તું મારી તોપીને આસમાન સુધી લાગતી કરજે લડાયક કામુસે મનેજ આ લશકરનો સરદાર બનવાને કહયું છે. તેણે વળી ગુરજને ઉચો ધરીને લાંબા અને સખત સોગદ લેતાં કહયું છે કે, 'અગર જો આસમાન ઉપરથી પથરનો વરસાદ પડે તોપણ હુ આ ગુરજ સિવાય બીજા કસાથી લડાઇ કરશ નહી " ખાકાને એમ સમજતાંજ રનશીગડા ફુકાવ્યાથી તુ કહેશે કે જાણે ધુલને પણ પગ આવ્યા છે. વાજીત્રોના અવાજથી જમીન અને આસમાન પણ ધ્રુજવા લાગ્યુ અને તેઓ ઉપરથી તેણે દયાને કાપી કાઢી પછી તેણે હાથી ઉપર અમબારી બાધવા અને જમીનની સપાટીને નાઇલ નદી જેવી બનાવી દેવાને ફરમાવ્યું અને પોતે ભપકા સાથે આવીને લશકરના મધ્ય ભાગમાં ગયો. આસમાન ધુરથી કાલા વાદલ જેવુ બન્યુ અને ચગ તથા હીન્દી ઘાંટોના અવાજથી દિલ પણ ધ્રુજવા લાગ્યુ પુશકલ ફીરોજાના તખતો હાથીની પીઠો ઉપર ચઢાવવામા આવ્યાથી અને વાવતાઓ નાઇલ નદી માફક હીલી રહયાથી આસમાનની રોશની પણ રહી શકી નહી તથા જીવ સાથે નચિતાઇ ટકી શકી નહી. આસમાનનુ મોઢુ તથા આખ પણ ધુલથી ભરાઇ જવાથી તુ કહેશે કે જાણે આસમાનના ચેહેરા ઉપર દામરના લેપડા બધાયા છે. ખાકાન લશકરના મધ્ય ભાગમાં આવી લાગતાજ જાણે ચદ્ર પણ પોતાનો આસમાન ઉપરનો રસ્તો ભુલી ગયો કામુસના લશકરથી લશકરની જમની પાંખ પાહાડ જેવી બની. તે લશકરનો અસબાબ મેદાન તરફ રાખ્યો હતો વળી લશકરની દાબી પાંખે પીરાન તથા તેના ભાઇઓ હોમાન અને ગુલબાદ જડપથી જઈ લાગ્યા ખાકાને શુ શું ગોઠવણો કીધી તે જ્યારે રૂસતમે જોઈ, ત્યારે તેણે પણ લડાઈના મેદાનમાં પોતાના લશકરનો મધ્ય ભાગ ગોઠવ્યો. તેણે તુસને ઢોલ બાધવા અને લશકરને મરઘાની આખ માફક સગારવા માટે ફરમાવ્યુ પછી રૂસતમ બોલ્તો કે, "ફરતુ આસમાન કોણુની તરફ માયાભર્યો ચેહેરો ફેરવે છે, અને આસમાનનુ ફરવુ કેવુ બને છે તથા આ બુજેર્ગોમાથી કોણકોણની જીદગીનો છેડો આવે છે, તે હવે આપણે જોઇશું માર્ગમાં મેં જરાએ ઢીલ થવા દિધા વગર ઉટાવલે કુચ કરી ત્રણ મંજલની એક મજલ કાપ્યાથી હાલે મારા ઘોડાની ખરી પણ ઘસાઈ ગઈ છે અને તેપણ મુશાફરીથી અને મેહેનત કરવાથી કટાળી ગયો છે, તેથી હું તેની ઉપર વધારે જોર અજમાવી શકતો નથી, અને કોઇની આગળ લઢાઇ કરવા પણ જઇ શકતો નથી. માટે ફકત આજનોજ દાહાડો તમો 'મને લડાઇમાં

મદદ આપીને આ દુશમનો ઉપર ફતેહ મેલવજો. કાલે શું થાય છે અને કોણુના નસીબની કોર લોહીથી ખરડાયલી બને છે તે આપણે જોઈશું પછી તે સપેહસાલારે પણ સરનાઇઓ અને પીટલના પરગમો વજડાવ્યાથી ત્યાં રણસીગડાં ફુકવાના અવાજો નિકળી રહયા ગોદરેજ લશકરની જમની બાજુએ ગોઠવાઇને ઉભો અને લશકરનો સામન તે ખડકવાલા પાહાડ ઉપર મોકલ્યો કાઉસનો બેટો ફરીબરૂજ લશકરની દાબી પાખે ઉભો. તમામ જેહાન (ભાલાઓને લિધે) સેરડીના ખેતર જેવી બની નોજરની તોખમનો તુસ લશકરના મધ્ય ભાગમા ઉભો પછી ત્યાંની જમીન ધુલથી અને આસમાન પવનથી ભરાઇ ગયુ ત્યાંની આસપાસની તમામ જમીન (લશકરને લીધે) બેમાલુમ થઈ ગઈ કોઇથી પોતાના પેહેલવાનો વટીકને પણ જોવાઇ શકાતું હતુ નહી પછી પેહેલવાન રૂસતમે પાહાડની ટોંચ ઉપર જઇને ખાકાનના તથા તુરાનના લશકરની તપાસ કીધી તે લશકર એટલુ બધુ તો હતુ કે તે જાણે રૂમના દરીઆના જેવુ જણાતુ હતુ. તેઓથી જાણે ત્યા મીનનો એક ઢગલો બન્યો હોય એમ જણાતુ હતુ. મારફાડના તથા લશકરના પોકારોથી તથા જુદી જુદી જાતના હથીયારો અને તોપીઓથી તથા અગાન શેહેરના, સકલાબના, કેહાનના અને નહેરના રહેવાશીઓથી, તથા ચીનાઓ, હીન્દીઓ, રૂમીઓ અને સીધી લોકોની દરેક ખુણે ખુણેથી જુદી જુદી ભાષાઓ સમજાતી હોવાથી તથા જુદી જુદી રીતના ઝુન્ડાઓ તથા નવી નવી જાતના સામાનો, હાથીઓ અને હાથીદાતના તખતોની હારથી તથા સાકલીઓ, હારો અને તાજોથી તે તમામ જમીન એકી વખતે બેહેસ્તના બાગ જેવી બની ગઈ હતી. તે માણસોમાના કેટલાકો દેખાવમાં ખુબસુરત તો કેટલાકો બદસુરત હતા. રૂસતમ તે પાહાડોને મથાળેથી તેઓને માટે અજબ થવા લાગ્યો અને તેઓને ઉધા નાખવાનો વિચાર કરતાં બોલ્યો કે "મોહોબતતું ચક્કર આપણી તરફ કેવો દેખાવ કરશે? અને આ બુઢું આસમાન કેવી બાજુ રમશે?" પછી તે મોટે સાદે બોલ્યો કે, "ઓ બુલદીએ પુગેલા પરવરદેગાર! જેહાનમાં તુ કેવો અને કેટલો ચઢતો છે? ભાતભાતના જાનવરોને સગાર આપનાર તુંજ છે, તથા સુરજ, ચદ્ર અને તારાઓને દિપાવનાર પણ તુજ છે. માટે ઓ ગરજ વગરના ખોદા! તુ મને આ લડાઇમાં મદદ કરજે, કારણકે હમો માણસજાત તો ઉપાય વગરના છીએ, જ્યારે તુ પોતે ઉપાયનો કરનારો છે. વળી તારી બક્ષેશથીજ હમોને મદદ મલે છે અને તુજ હમુને ફતેહમદ બનાવીને મોટાઇની ટોંચ ઉપર ચટાવે છે" પછી તેણે પાહાડ ઉપરથી નિચે ઉતરીને દિલમાં કાઇપણ વિચાર રાખ્યા વગર તે તમામ લશકર પસાર કરી આવીને સપેહસાલાર તુસને સોધી કાઢીને કહયું કે, "જ્યારથી મે

લઢવાને કંમર બાંધી છે ત્યારથી હું એકજ જગ્યાએ એક વર્ષ સુધી ઠરીને રહી શકયો નથી. અત્યાર આગમચ મેં ઘણું લશકર જોયું છે પણ તે વખતે આવું લશકર હોયલું મેં જોયું નથી" પછી તેણે ઢોલને આગળ કાઢવા અને સપેહ-સાલાર તુસને લડાઇમાં ઉતરવા માટે ફરમાવ્યાથી તેણે કીનાથી લોહી રેડવા માટે નેજો બાહાર કાઢીને તે પાહાડ ઉપરથી મેદાન તરફ ચાલવા માંડયું. તે લશક-રને પસાર થતાંજ અરધો દાહાડો વહી ગયો અને પછી તેઓએ બે ફરસંગને તફાવટે તે મેદાનમાં સફ સમારી સીપાઇઓથી ઉડતી ધુલથી ત્યાં રોશની રહી શકી નહી અને સુરજ સાથે રાતને જુદાઇ રહી નહી. નેજાઓની અણીઓથી હવામાં અંધકાર ફેલાયાથી સુરજ પણ હેરાન થયો તે મેદાનમાંના સ્વારો અને ઘોડાઓના પોકારો મંગલ સેતારાથી તે સનીશ્વર સેતારા સુધી પુગી વળયા. સ્વારોના જુસ્સાથી તથા ઢોલ અને પરગમોના અવાજથી સખત પથરોને પણ પાંખ આવી. તમામ તલવારો અને ઘુંટી સુધીના હાથો લોહીથી લાલ બન્યા, તથા ઘોડાઓની નાળથી નિચેની ધુલ પણ દુખના પોકાર મારવા લાગી. હીચકારા શખ્સોના દિલ પોતાના શરીરથી છુટાં થઇને નાહાસવા માંગવા લાગ્યાં. બાધુરોના બખતરો તેમના કપાઇ મરવાથી તેઓના કફન બનવા લાગ્યા. તેથી શેર નરો ત્યાંની ધુલ ઉપરથી પસાર થવા લાગ્યા, જ્યારે બાધુર ગીધ પક્ષીઓ તેઓ ઉપરથી પોતાની પાંખો પોહોલી કરીને ઉડી જતા હતાં.[1] ધુલારૂ જોશમા આવીને પાહાડો અને પથર ઉપર ઉડી રહયાથી સુરજના ચેહેરા ઉપર કાંઇ પણ રંગ જણાતો હતો નહી.

રૂસતમે અશકબુસ સાથે લડાઇ કીધી અને તે રૂસતમને હાથે માર્યો ગયો તે વિષે.

પછી પેહેલવાન કામુસે લશકરને કહયું કે, "જો તમો આસમાન ઉપરજ ચાલવા માગતા હોવો (યાને આસમાન સુધી પુગવા માંગતા હોવો) તો સઘ-લાઓ તલવાર, ગુરજ અને કમંદોને બાહાર ખેંચીને તેઓને આ મેદાનમાં લડાઇ કરવાને ઉચાં ઉઠાવો. જેહાનને સોધનારા રૂસતમનો જીવ આપણાજ હાથમાં છે અને એમ નહી તો કે તેનુ માથુ તો પથરોની નિચેજ ડટાશે." આથી એક બાધુર શખ્સ કે જેનુ નામ અશકબુસ હતું તેણે ઢોલ જેવા મોટા અવાજે પોકાર મારીને તે ઇરાની લશકર સાથે લડાઇ કરવાને પોતાના હરીફોની સામે આવી ઉભો. તેણે ઇરાની પેહેલવાનો સાથે લડાઇ કરવા ઇચ્છયાથી અને

---

૧. એ બેત લખેલી નકલમાં વધારે છે.

પોતાના ઘોડાને જોહોંક આપી ધુલારૂં ઉડાર્યાથી રેહામ બખતર અને લડાઇની તોપી પેહેરીને તેની સામે ગયો, અને તેની સાથે લડાઈ કરવા લાગ્યો તે રેહામ અશકબુસ સાથે લડવાને વલગ્યાથી બંન્ને તરફના લશકરમાંથી રણસીંગડાં અને પરગમો વાગવા લાગ્યાં અશકબુસનો વિચાર તે નામદાર ઉપર તીરનો વરસાદ છોડીને પોતાના સ્વારો વચેજ આસરો લેવાનો હતો પણ તે જેહાનને શોધનાર રેહામ પોલાદના બખતર નિચે ઢંકાયલો હોવાથી તે તીરો તેના બખતર ઉપર જાણે હવા જેવા લાગ્યા. પછી રેહામે તેને મારવા માટે ભારી ગુરજ ઉચો કીધો પણ મેદાનમાંના સરદારો એવી લડાઇથી ગમગીન બન્યા. જોકે રેહામે તેનું ઘણું મોત સોધ્યું પણ તેના ગુરજની અસર અશકબુસની લોઢાની તોપી ઉપર થઇ નહી. આથી અશકબુસે પણ પોતાના ભારી ગુરજ ઉપર હાથ નાંખ્યાથી ગોયા જમીન લોઢાંની અને હવા સીસમની બની ગઇ તેણે પણ પેહેલવાન રેહામની ટોપી ઉપર ગુરજનો ફટકો માર્યાથી તે જખમથી તેના માથા ઉપરની કોલાહના જીના જીના ટુકડા થઈ ગયા. જ્યારે તે કશાનીથીર રેહામ ગભરાઇ ગયો ત્યારે તે તેની આગળથી પોતાનો ચેહેરો ફેરવીને પાહાડ તરફ નાહાસી ગયો આથી લશકરના મધ્ય ભાગમાથી તુસે ઘણો ચિરડાઇને પોતાના ઘોડાને અશકબુસ આગળ લેઇ જવાની ઇચ્છાથી મારી મુક્યો, પણ તેહેમતને તુસને ચીરડાઇને કહયું કે, "રેહામતો દારૂની જામોનોજ દોસ્ત બની જાણે છે. વળી તે દારૂ સાથેજ તલવારબાજી રમે છે અને બાધુરો વચે જુઠી સરફરાજી કરી જાણે છે. હવે તેનો રાતોમાટો ચેહેરો કયાં ગયો? તે કાંઇ અશકબુસથી કમી સ્વાર હતો નહી માટે કાયદા પ્રમાણે તું લશકરનો મધ્ય ભાગ સમાલ તેટલાં હું તેની સાથે ઘોડા વગર લડાઈ કરશ." પછી તેણે કમાનને બાજુ ઉપરથી કાઢી તે ઉપર તીરનો ચિલ્લો ચઢાવી બીજા કેટલાક તીરો કંમરબંધમાં ખોસી લિધા બાદ પોતાના હાથમાં સીસમના રંગનો તીર પકડીને તેણે અશકબુસ આગળ આવી પોકાર મારીને કહયું કે, "ઓ લડાઇના અજમાવનારા શખ્સ! હવે તારો હરીફ આવ્યો છે માટે તું તારી જગ્યાએ પાછો જતો ના." આથી કશાની હસી પડીને અજબ થતો ત્યાં ઉભો અને લગામ તાણીને તેની સાથે વાત કરવા લાગ્યો. તેણે તેને હસીને પુછ્યુ કે, "તારૂ નામ શુ? અને તારાં ડોકાં વગરના શરીર ઉપર રૂદન કરનાર કોણ થશે?" તેહેમતને તેને જવાબ દિધો કે "ઓ નેહેશત શરીરના શખ્સ! આ લશકર વચે તુ મારાં નામની પુછપરછ શાની કરે છે? મારી માયે મારૂ નામ 'તારૂં મોત' પાડયું છે, અને જમાનાએ અને તારી તોપીનો લુહાડ બનાવ્યો છે." કશાનીએ તેને પુછ્યુ કે "શું તું ઘોડા

૨ કશાની એટલે કશાન શેહેરનો રેહેવાસી

ઉપર બેસીયા વગરજ મારે હાથે માર્યો જવા માટે તારૂં શરીર મને સોંપવા માગે છે કે ?" ત્યારે તેહેમતને તેને જવાબ દિધો કે "ઓ અનનારી લડાઇ કરનારા ! શું તેં કોઈ શખ્સને ઘોડા વગર લડાઇ કરતાં અને બાધુરોના ડોકાંને પથર નિચે દાબતાં જોયો નથી ? શું તારા શેહેરમાં સિંહ જેવા, વાઘ જેવા અને મગર જેવા ત્રણે જાતના શખ્સો એમ સ્વાર થઇનેજ લડાઇ કરવા જાય છે? ત્યારે ઓ લડાયક શખ્સ ! હું તુને હમણાજ ઘોડા વગર લડાઇ કરતાં શિખાવશ. તુસે મને ઘોડા વગર એટલા માટે મોકલ્યો છે કે હું તું અશકબુસના ઘોડાને છીનવી લેઉ અને તું કશાની પણ મારી માફક ઘોડા વગરનો બને અને મારા લશકરના લોકોના ચેહેરા તે માટે (મશકેરીથી) હસ્તા બને તારા જેવા ત્રણ હજાર સ્વારો કરતાં હું પોતે ઘોડા વગરજ એકલો આજે આ મેદાનમાં લડાઇ કરવાને બેહેતર ગણુઉ છું" કશાનીએ તેને જવાબ દિધો કે, "હું તારા કેહેવામાં સચાઇ જોતો નથી, પણ તારામાં યુકિત અને ફ્રેબ જોઉ છું" ત્યારે રૂસતમ બોલ્યો કે, "જે તીર અને કમાન તુ જોય છે તેજ ફ્કટ તારી જીંદગીનો હમણા અંત લાવશે."

પછી તેને પોતાના મોઘી કીંમતના ઘોડા ઉપર બેસી આવતો જોયાથી તેણે કમાન ઉપર તીર ચઢાવી તથા તે ખેચીને તેના ઘોડા ઉપર એક તીર ફેંકયો જેથી તેનો ઉભેલો ઘોડો નિચે પડયો. આથી રૂસતમે હસીને તેને મોટે અવાજે કહયું કે "તું પણ તારા મોઘી કીંમતના સાથી નજદિક બેસી જા. કારણકે તારે તેનું માથું તારી છાતી સાથે વાહાલથી દાબવુ અને થોડો વખત લડાઇ કરવાથી આશાયશ પકડવી ઘટે છે. તુ તો તેના વડે ઘણા નખરાં કરતો હતો અને વળી બીજા કોઇ શખ્સને તારી બરોબરનો ગણતો હતો નહી" પછી અશકબુસે પણ કમાન ઉપર તીર ચઢાવ્યો પણ તે લગાર ધુજવા લાગ્યો અને તેનો ચેહેરો સોમલ માફક ફીકકો બન્યો. તેણે પણ રૂસતમ ઉપર તુરતજ તીર છોડયા. પણ તેહેમતને તેને કહયું કે "ઓ બુરી મનશનીના શખ્સ ! તું શું કામ તારાં શરીર, તારી બે બાજુ અને તારા જીવને વગર ફ્રોકટની મેહેનત આપે છે ?" એમ બોલી તેહેમતને પોતાના કમરબંધ ઉપર હાથ નાખીને તેમાથી ખંડગ લાકડાંનો એક તીર ચુંટી કાઢયો. તેણે જે તીર બાહાર કાઢયો તેની અણી પાણીના જેવી ચલકતી હતી અને તે ઉપર ઓકાબ પક્ષીના ચાર પીછ બાંધેલાં હતાં. પછી તેણે ચાચી કમાનને હાથમાં પકડી તાણીને તેની સાથના હરણના ચાંમડા ઉપર તે તીર મુકયો અને પોતાના દાવા હાથને સીધો બનાવી જમના હાથને વાળી નાખ્યો જેથી તેની ચાચી કમાનના વાકા ભાગમાંથી અવાજ નિકળવા લાગ્યો. તે તીર તેના કાન સુધી લંબાવતાંજ તે હરણનું ચામડું પણ તતડીને અવાજ કરવા

લાગ્યું. જેવી તે તીરની અણી તેના અંગુઠાને ચુંબન કરી રહી (યાને તેના અંગુઠાવેર આવી લાગી) તેવીજ તેણે તે તીરની પીઠને છોડી દિધી. તે તીર અશકબુસના સીનાને જઇ અઠડતાંજ આસમાને તેના હાથને ચુંબન કીધું. તેની તકદીર બોલી કે, "ધર." તેની પડવી બોલી કે, "માર." આકાસ બોલ્યું કે, "વાહા" અને ફરેશતાઓ બોલ્યા કે, "શાબાશ." તુરતજ કશાનીએ પોતાનો જાન ખોહી દિધો. જાણે તે પોતાની માયથી જનમ્યો હતોજ નહી એમ તું કેહેશે. બંધે બાજુનું લશકર તેઓનો તમાશો જોવા પડીને તે પેહેલવાનોની લડાઇ તપાસવા લાગ્યું. કામુસે તથા ચીનના ખાકાને પણ રૂસતમનું કદ તથા ઉચાઇ તથા તેનું આવુ જોર અને તેની કીનો લેવાની આવી રીત જોઇ લિધી. પછી રૂસતમના ત્યાંથી પાછો ફરતાંજ ખાકાને એક સ્વારને એવું કહીને ત્યાં જડપથી મોકલી આપ્યો કે "તું નામદાર અશકબુસના શરીરમાંથી તે આખો તીર પીછ સાથેજ લોહીથી ગગરતો બાહાર કાઢી લાવ" આથી તે તીર લશકરની વચે લાવી મુકવામાં આવ્યો અને તેઓએ તો તે તીરને ભાલોજ ગણી લિધો. ચીનના ખાકાને તે તીરના પીછ અને અણી તપાસતાંજ તેનું જવાન દિલ બુઢું થઇ ગયું અને તેણે પીરાનને પુછ્યુ કે, "આ શખ્સ કોણ છે? અને ઇરાની પેહેલવાનોની વચે તેનું નામ શું છે? તુ તો કેહેતો હતો કે ઇરાનીઓની વચે જે થોડા છે તે તો હલકી તોખમના છે અને તેઓ બાધુરોથી ઉતરતા દરજાના છે. પણ તેઓના તીર સાથે સરખાવતાં તો આપણા નેજાઓ બરોબર ઉતરે છે અને તેઓ સાથે લડાઇ કરવાને પાહાડનું દિલ પણ નાનું ગણાય છે. માટે તું જે બોલ્યો હતો તે પેહેલેથી તે છેલ્લે સુધી જુઠ્ઠું હતુ

પીરાને તેને જવાબ દીધો કે, "આ મેદાનમાના ઇરાની લશકરમાંથી કોઇને પણ હું ઓળખતો નથી જે શખ્સે પોતાનો તીર તે ઝાડના જેવા અશકબુસમાંથી પસાર કીધો તે સુમ નસીબનો માણુસ પોતાના દિલ સાથે શું ધારે છે તે હું જાણુતો નથી.[૧] ઈરાનીઓના પેહેલવાનો તરીકે તો અત્રે ગેવ અને તુસ છે, કે જેઓ ફકટ દમામ અને ઉચુ કદ ધરાવનારા તથા લડાયક ગણાય છે. તુસ સાથે તો હોમાને ઘણી લડાઇઓ કીધી હતી અને જમીનને સીસમ જેવી બનાવી હતી. પણ ઈરાનીઓ વચે તે શખ્સ કોણ છે અને આ આપણાં લશકરમાંથી તેનો હરીફ કોણ છે તે હુ જાણુતો નથી માટે હુ છાવણીમાં જઇ પુછપરછ કરી તેનું નામ મેલવશ." પછી તેણે ત્યાંથી વિચારવંત અને ફીકકે

---

૧ આ ઉપરથી જણાય છે કે રૂસતમની ત્યા હાજરી હોવાની વાતથી દુશમનો વાકફ બનેલા જણાતા નથી.

ચેહેરે પાછો જઇને તે નામદાર શખ્સોથી પુછપરછ કીધી કે, "પેલો ઘોડા વગર લડાઇ અજમાવવા આવનારો નામદાર શખ્સ કોણ હતો? કદાચને રૂસતમ તેઓની મદદે આ મેદાનમાં પાદશાહ આગળથી આવ્યો હોય, કારણકે હવે ઇરાની બુજોર્ગો પણ બાહાદુર દિલના બનેલા લાગે છે. તું કહેશે કે જાણે તેઓ લોઢાંને પણ ચોલી નાખે છે" પેહલવાન હોમાને પીરાનને જવાબ દિધો કે, "અકકલવાળા શખ્સો દુશમનોને નબળા ગણતા નથી જો તે અત્યાર સુધીમાં ઇરાની લશકરમાં આવી લાગ્યો હતે તો તે મેદાનમાંથી ખુશાલીના પોકારો ઉઠી રહયા હતે" પીરાને તેને કહયું કે, "ઇરાનથી ગમે એટલા સ્વારો તુસ આગળ મદદ માટે આવે પણ તેઓ વચે રૂસતમ નહી હશે ત્યા સુધી તો કાંઈ ફીકર નથી. રેહામ અને ગુરગીનથી કાંઇ મારૂં દિલ ચીરાઇ જવાનું નથી તુ એમજ જાણ કે તુસ સિવાય બીજો કોઈ તેઓમાં લડાયક નથી. ફરીબરૂજ અને ગુરગીન કાંઈ કામુશની બરોબરના નથી જ્યારે ઇરાની લશકરને લડાઇ કરવી ભારી પડેછે ત્યારેજ તેઓમાનો એકેએક નામદારી સોધવાને આવે છે." આથી પીરાંને ત્યાથી કામુસ, મનશુર તથા ફરતુસ આગળ પાછો ઉતાવળો આવીને કહયું કે, "આજે ભારી લડાઇ થતી વખતે તેમાંથી મે ઢાંઓ વચેથી એક વરૂ બાહાર નિકળી આવ્યું હતુ ખરૂ. પણ તે કામનો ઉપાય શું તે જોઇ કાઢવો જોઇએ. આ ઘાહેલ થયલાઓ વચે દુખ ભરેલા કોણ કોણ છે?" કામુસે કહયું કે, "આજ રોજની લડાઇમાં એવુ બન્યાથી આપણા નામને નામોશી લાગી છે. કારણ કે એ લડાઇમાં અશકબુસના માર્યો જવાથી ગેવ અને તુસના દિલ ખુશાલીભર્યાં બન્યાં છે. મારૂં દિલ તે ઘોડા વગરના શખ્સથી કપાઇને બે ટુકડા બન્યું છે અને હમારૂં લશકર પણ તેનાથી ધાસ્તી ખાઈ ગયુ છે. આ જમીન ઉપર તેના જેવી ઉચાઇનો શખ્સ કોઇ નથી, અને તેને માટે આ લશકરમાં કોઇ હરીફ પણ નથી. તે તેની કમાન તો જોઈ છે અને તેનો તીર પણ અત્રેજ છે. તે કૌવતમાં ઝનુની સિંહ કરતાં પણ ચઢતો લાગે છે કદાચને તે પેલો લડાયક સગજી બચ્ચો રૂસ્તમ પોતેજ હશે કે જેને માટે તેં લબાણ વર્ણન કીધું હતું તેજ અત્રે લડાઇમાં ઘોડા વગર ઈરાની લશકરની મદદે આવી લાગેલો હોવો જોઇએ" પીરાને તેને કહયુ કે, "એ તો કોઈ બીજો શખ્સ છે. રૂસતમ તો નામદારી ભર્યો સ્વાર અને એક બાહાદુર છે

પીરાનને કામુસે રૂસ્તમની ઇધાણીઓ પુછી તે વિષે.

પછી તે ચાલાક દિલનો શખ્સ કામુસ, કે જેણે એ કામમાં દિલ બાંધ્યું હતું તેણે પીરાનને પુછ્યું કે, "તું મને કેહે કે તે સિંહ જેવો શખ્સ રૂસતમ લડાઇમાં કેવા ભપકાથી ચાલે છે? તેની ઉચાઈ તથા જોર વિષે તું શું શું નિશાણી

ધરાવે છે? બાહુરો સાથે તે કેમ વાત કરે છે? મરદાનગીમાં અને દેખાવમાં તે કેવો લાગે છે? જો માર્ગના દરમીયાનમાંથી રૂસતમજ અત્રે આવ્યો હોય તો મનેજ આ મેદાનમાંથી લડવા જવું પડે, તો તેની સાથે લડવા હુ કેવી રીતે જાઉ?" પીરાને તેને જવાબ દિધો કે, "અત્રે આવી લડવાનું યાદ કરનાર એ કાઇ તેજ શખ્સ નથી તેને તો તુ એક સીધ્ધાં સરોવર જેવો શખ્સ તરીકે જોશે કે જે દેખાવમાં લાયકાત અને દમામનો ધરાવનાર છે. અફ્રાસીયાબ ઘણીક લડાઇઓમાં તેનાથી દુખી અને રડતો બન્યો હતો. તે લડાયક તેમજ પાદશાહ તરફ વફાદાર છે અને તે પેહેલવેહેલા હાથમાં શમશેરજ ધરે છે. તે સીયાવક્ષ કે જેને તેણે પોતાની હજુરમા પાળ્યો હતો તેના કીના માટેજ લડાઈ કરે છે. પેહેલવાનોમાથી ઘણાઓએ તેના બખતરને ઉચકવાની અજમાયશ કરવા છતા કોઇપણ તેને ઉચકી શકયુ નથી. જ્યારે તે લડવા માટે કંમર બાંધે છે ત્યારે તેનુ શરીર ઝનુની સિંહના જેવુ જોર ધરાવે છે અગરજો તે લડાઇ વખતે પોતાનો ગુરજ જમીન ઉપર ફેકે તો તે ગુરજ એક મગર જેવા શખ્સથી પણ ઉચકાઇ શકાતો નથી. તેની કમાનની દોરી સિંહના ચાંમડાની છે અને તેના એક એક તીર ઉપર માછલીના હાડકાંની દસ દસ અણીઓ હોય છે. જો તે પોતાના હાથમાં સખત પથરને પકડે છે તો તે પથર પણ શરમાઇ જઇને મીન જેવો બને છે. જ્યારે તે લડાઈ કરવા જાય છે ત્યારે તે કડીઓનું બનાવેલું એક બખતર પેહેરે છે. વળી તેની પાસે એક વાઘના ચાંમડાંનો પોશાક છે જે તે લડાઈમાં જતી વખતે પોતાના શરીર ઉપર પેહેરે છે. તેણે તેનું નામ બબરે-બ્યાન આપ્યું છે અને તેને તે બખતરના કરતાં પણ ચઢતુ ગણે છે. તે બબરે-બ્યાન આતશમાં બલતું નથી કે પાણીમાં ભીજાતું નથી. તે પેહેરતાંજ જાણે તેના ઉપર પક્ષીની માફક પીછા આવી જાય છે. સ્વારી માટે તે જે ઘોડો ધરાવે છે, તેને માટે તું કેહેશે કે તે જાણે બીસ્તુન પાહાડ પોતેજ ચાલતો બન્યો છે. લડાઈ વખતે તેની એક બાંગથી (વિજલી માફક) આતશ પડે છે તે આતશ વળી ધુલ અને પથરાઓને પણ સલગાવી દે છે. લડાઇ વખતે તેની આવી અજાયબી-ઓને લિધે જો તું તેને એક માણસ તરીકે નહી ગણે (યાને રાક્ષસ તરીકે ગણે) તો તે પણ ચાલે આવા હાથપગ, ગરદન, બાજુ અને ખભાંથી તે હુનરમદ બની જાય તો તેમાં અજબ જેવુ નથી" પુશકલ હુશીયારી ધરાવનાર કામુસે એ સઘલું સમજતી વખતે પોતાના કાન અને આંખ પીરાનનેજ સોપી દિધાં હતાં. તેને તેવુ કહેવુ પસદ પડયુ અને એ કામથી તેની તેજીમા વધારો થયો તેણે પીરાનને કહયું કે, "ઓ પેહેલવાન! તુ ચાલાક દિલનો અને રોશન રવાનનો રહેજે, આ સખત સોગંદ કે જેવા શોગદ મોટી પડવીના પાદશાહો ખાય છે તે

"સોગંદથી તું તારી ઇચ્છા પ્રમાણેનુંજ બનેલું જોશે. હું તેથી પણ વધારે ચઢતા સોગંદ તારી હજુરમાં લેઉ છું કે જેનાથી તારૂ દુખથી ઘાહેલ થયલુ દિલ પાછું રોશન બનશે. હુ સુરજને પેદા કરનારા પરવરદેગારના જોર અને શકિતના સોગંદ લેઉ છુ કે હું આ ઘોડા ઉપરથી મારા જીનને ઉચકશ નહી, પણ તારા જીવને (ફતેહ મેલવીને) ખુશાલ તથા રોશન બનાવશ, અને દુશમનો ઉપર જેહાનને સોયના આંધરાં જેવી તંગ બનાવશ." આથી પીરાને તેની ઘણી તારીફ કીધી કે "ઓ ડાહાપણવાલા દિલના અને સાચુ બોલનારા પાદશાહ! આપણું સઘલુ કામ તારી ખાહેશ મુજબજ પાર પડે અને આપણને વધારે લડાઇઓ કરવી પડે નહીં." પછી તે પેહેલવાને લશકરને તે જગ્યાએથી છાવણીઓ અને તંબુઓ તરફ પાછું ફેરવ્યુ અને એ સઘળી વાત તેણે ચીનના ખાકાન તથા બીજા પેહેલવાનોને પણ કહી.

ઈરાનીઓએ અને તુરાનીઓએ વિચાર કીધો અને તેઓએ લશકરની શફ સમારી તે વિષે.

જ્યારે સુરજથી હવા લાલ રંગની બની અને કાળી રાતનું કદમ આસમાન ઉપર ચાલવા લાગ્યું, ત્યારે લશકરના બાધુરો કે જેઓ દાનાવ અને શમશેરના વાપડનારા હતા તેઓ ભેગા થઇને પોતાના દિલ લડવાને તૈયાર તથા કીનાભર્યા બનાવીને ખાકાનના તંબુમાં આવ્યા. શમીરાનનો શનગી, હીન્દુસ્તાનનો શંનગલ, સકલાબનો કુનદરવ, સીધનો પાદશાહ, શેરમર્દો અને હાથીઓને મારનાર કામુસ, તથા લડાઇને વખતનો જોધ્ધો મનશુર, બાધુર સ્વાર કહારેકેહાની, તથા પેલો નામદારી ભરેલો શેરમર્દ ચંગેશ, તુરાનના બુજોર્ગો, ખોતનના સરદારો એ સઘલાઓ ખાકાનની નજદિક ભેગા થયા. તથા દરેકે લડાઈ વિષેના પોતાના પુશકલ વિચારો જણાવીને ઇરાનને માટે પુશકલ વાતો કીધી. ત્યારબાદ જ્યારે તેઓ મક્કમ વિચાર કરી રહયા અને સઘલાઓએ જાણે લોહીમાંજ હાથ ધોયા ત્યારે તેઓ પોતાની આરામ કરવાની જગ્યાએ પાછા ફર્યા અને એવી ખાહેશ સાથે પોતાના તંબુઓમાં વીસામો લિધો. કાલી રાતના અંધારાનાં જુલફાંઓ વચેથી જ્યારે (બામદાદ થતાં) ચંદ્રની બારીક અને વાકી વળીગયલી પીઠ દેખાઈ અને સુરજ પણ સિધ્ધો તેની નજદિક આવવા લાગ્યો અને તે પાણીમાંથી નિકળીને પોતાનું મોઢું ધોવા લાગ્યો ત્યારે બંધે બાજુનાં લશકર જોશમાં આવ્યાં અને તેઓના પોકાર ઉચા આસમાન સુધી ચઢવા લાગ્યો. તે વખતે ખાકાન બોલ્યો કે, "ગઇ કાલ માફક આજે લડાઇ કરવામાં ઢીલ થપી જોઇતી નથી. પીરાન અત્રે નહી હોવાથી તેના વગર અજમાયશવાળી લડાઈ કરવી ઘટતી

નથી એવો વિચાર કરવો જોઈતો નથી હમો લડાઇ કરવાને તો લાંબો માર્ગ કાપીને તમારી મદદે આવ્યા છીએ. જો આજે પણ આપણે કાલ માફક ઢીલ કરીશુ તો આપણે સઘલાઓ મરદાનગીના નામને એબ લગાડીશુ બીજું એકે (આજેજ જીત મેલવીને) આવતી કાલે આપણે અફ્રાસીયાબ માટે શુકરાના કરી નચિંતે ઉંઘાઇશુ. માટે આજે સઘલાઓએ સાથે મલીને લડાઈ કરવી ઘટે છે, અને તે લશકર સામે આપણને પાહાડ માફક જવુ જોઈએ છે. અત્રે દસ (જુદા જુદા) મુલકોના બાધુરો ભેગા થયા છે જેઓથી નચિંતે ઉંઘાઇ શકાતું નથી કે ખાવા પણ બેસી શકાતુ નથી. આથી તે જુદે જુદે ઠેકાણેના બુજોર્ગોએ ત્યાંથી ઉઠીને ચીનના ખાકાનની ખાહેશ પ્રમાણે તૈયારી કરવા માંડી. (તેઓ બોલ્યા કે), " આજ રોજે લશકર ઉપર તારી સત્તા ચાલે છે અને અને ચીન તથા તુરાનના સઘલા મુલકો તારાજ છે ફ્કટ આજનોજ દાહાડો તું આ જગ્યા ઉપર નેગાહ રાખજે કારણ કે કાલાં વાદલ ઉપરથી તલવારોનોજ વરસાદ પડવાનો છે."

પેલી તરફ રૂસતમ ઇરાનીઓને કેહેવા લાગ્યો કે, " હમણા જમાનાનો છેડો આવી જશે. અગરજો આ લશકરમાંથી થોડુ પણ માર્યું જશે તો તે છ હજારે એકથી વધારે કે ઓછો અંક આવશે નહી માટે તમો સઘલા તમારાં દિલને એમ દુખી કરો ના કારણ કે નામદારી વગરનું અને શરમીંદગી સાથનું એક પણ જીવતું શરીર હું જોવા માંગતો નથી અશકબુસ (ના માર્યા ગયા)ને લિધે તમામ તુરકી લશકર (ગઇ કાલે અત્રેથી) ઉતરેલા ચેહેરા સાથે ગયું હતુ માટે તમો સઘલા સ્વારો તમારાં દિલને કીના ભર્યાં બનાવીને ભવા ઉપર ગુસ્સાની કરચલી ચઢાવો મેં પણ આજે મારા રખશને નાલ મારી દિધી છે અને હવે હું તેના ઉપર બેસીને મારી તલવારને લોહીથી લાલ રંગની બનાવવા માગું છુ આજે જાણે નોરોજ હોય અને તમામ જમીન કએખસરૂના ખજાનાથી ભરેલી હોય તેમ તમો વર્તો. તમો તમારી કંમરને લડાઈ કરવા માટે બાંધો કે જેથી તમો સઘલાલાઓ એક એક તાજ અને કાનમાં પેહેરવાની કડી મેલવી શકશો વળી તમો મારી તરફથી પણ રેશમી ટાકાઓ તથા જાબુલી હદીઓ અને એક એક કાબુલી પાઘડી મેલવશો." આથી બુજોર્ગ લોકોએ તેની તારીફ કીધી કે, " તારા વગરનુ તારૂ તાજ અને તારી વીટી રેહેતી ના. તું જેહાનનો પેહેલવાન છે અને હમે તારા ગોલામો છીએ તારાથીજ હમો નચિંત રહીએ છીએ અને જીવ્યે છીએ." પછી રૂસતમે લડાઈના હથીયાર પેહેર્યાં અને તે ધરપકડ કરતો મેદાન તરફ ગયો. તેણે નિચે બખતર પેહેર્યું તથા કમરે હથીયાર લટકાવીને ઉપર બબરેબ્યાન પેહેર્યું. માથાં ઉપર તેણે ચીનાઇ પોલાદની તોપી પેહેર્યાથી જાણે તે પોતાના બદખાહોને મોતનીજ યાદ આપવા લાગ્યો. તે યજદાના હોક-

મથી કંમર બાંધીને એક મસ્તાન હાથી માફક રખશની ઉપર બેઠો. જેથી તેને માટે ઉપરનુ આસમાન અજબ બન્યુ અને નિચેની જમીન તેના ઘોડાના પગલાંથી દુખી બની પછી બન્ને તરફના લશકરમાથી રનસીગડા અને ઢોલના અવાજ નિકળ્યાથી કાંઇ યુક્તિ રચવાનો કે અફસોસ કરવાનો રસ્તો રહયો નહી. તું કહેશે કે જાણે દરીઓ મોજાઓથી હીલતો બન્યો છે અને મોતની શીક્ષા પોતાની ઉચાઇએ આવી પુગી છે પછી ત્યાંના પાહાડો અને જંગલો ધ્રુજવા લાગ્યાં અને જમીન ઘોડાઓની નાળથી દુખી બની

પેલી તરફ કામુસે લશકરની જમની બાજુએ રહીને પુઠે મજબુટ હાથીઓ તથા લશકરનો સામન રાખ્યો. તેણે હીન્દુસ્તાનના બખતરવાલા અને હાથમાં ચકચકીત રૂમી તલવારવાલાં લશકરને દાબી પાંખે ગોઠવ્યું. ચીનના ખાકાને લશકરના મધ્ય ભાગમાં પોતાની જગ્યા લિધી. (તે લશકરથી) આસમાન કાલુ થયુ અને જમીન હીલતી બની. સામી બાજુના લશકરની દાબી પાંખે ફરીબરૂજ કે જે મેપ રાશીના સુરજ માફક દિપતો હતો તે રહયો. કેશવાદનો બેટો કે જેણે પોતાના શરીરને પોલાદના બખતર નિચે છુપાવ્યું હતુ ; તે જમની તરપ રહયો જ્યારે નોજરનો બેટો તુસ લશકરના મધ્ય ભાગમાં ઉભો લશકરની હરોલમાં ઢોલો અને સરનાઇઓ રાખવામાં આવી પછી દરેક બાજુએથી લશકરના પોકારો નિકળ્યા અને હાથીઓના પોકારથી કાનના બેહેર પણ ફાટી જવા લાગ્યા. જાણે પાણીમાંથી આતશનો ધુમાડો નિકળતો હોય એમ ત્યાં જણાતું હતુ કોઇપણ લડાયક માણસે સ્વપને પણ એવી લડાઈ જોઈ હતી નહી. બંન્ને બાજુના લશકરની સફ વચેથી જે પેહેલો શખ્સ બાહાર પડયો તે નામદાર સપેહસાલાર કામુસ હતો જેનું લોહી જીગરમાં ઉકળતુ હોવાને લિધે તેના હોટ ઉપર ફીણ ચટયુ હતું તે હાથમા ગાયની સુરતનો ગુરજ પકડીને એક મસ્ત હાથીની માફક પોકાર મારતો પોતાના લશકર, હાથી અને ઢોલ સાથે ત્યાં આવી લાગ્યો. તેણે તે મેદાનમા આવી લાગતાંજ મોઢું ખોલીને નામદારી ભર્યા પેહેલવાનોને હાંક માર્યો કે, “ પેલો ઘોડા વગર લડાઇ કરનારો શખ્સ કે જે નામદારો સાથે એજ રીતે લડાઇ કરવા માગે છે તે કયા છે ? જો હમણા તે આવશે તો આ મારી કમાન જોતાંજ તેના તીર અને કમાનના દાહાડા ભરાઈ જશે ” તેને નામદાર તુસ, રેહામ અને ગેવ જેવા બાધુર પેહેલવાનોએ જોયો છતાં તેની સાથે લડાઇ કરવાનું કોઈને સુજ પડયું નહી ઇરાની પેહેલવાનોમાંથી તેની સાથે લડવા જનારાઓની જગ્યા ખાલી જણાઈ. તેની સાથે લડવાની કોઈનામાં પણ તાકાટ હતી નહી (તેની આગળ ઈરાની) સ્વારો હરણ માફકના હતા જ્યારે તે કામુસ એક વાઘ જેવો હતો.

અલવા નામનો એક જાબુલી પેહેડવાન કામુસ કશાનીને હાથે માર્યો ગયો તે વિષે.

પણ ત્યાં એક અલવા નામનો જાબુલી હતો તેણે પોતાની તલવારને મ્યાનમાંથી જડપથી બહાર કાઢી. તે રૂસતમનો નેજો રાખનારો હતો અને તે રૂસતમની પુઠેથી જરા પણ ખસતો હતો નહી તે ઘણી મેહેનત લેઈને ઘોડે-સ્વારીનો, તીર ફેંકવાનો, ભાલો વાપડવાનો અને ગુરજનો હુનર શિખ્યો હતો. તે પોતે મેહેનત અને સખ્તી વેઠીને તથા પોતાના જીવને બાળીને રૂસતમથી એ સઘલા હુનરો શિખ્યો હતો તેથી તે ઠેડાવ ઉપર આવીને કામુસ સાથે લડાઇ કરવાને અને તે લડાઇમા તેના ઉપરથી ધુલને ઉડતી કરવા માટે ત્યાંથી ગયો. રૂસતમે તેને કહયુ કે, " એ પેહેલવાન સાથે લડતા તું હુશીયાર રેહેજે અને સાવચેટી પકડજે પેલા નસીયતના કેહેનારા બુઢ્ઢા દાનાવે શુ કહયુ છે ' તે વાત જો તે તેનાથી સમજી હોય તો તુ ધ્યાન રાખજે તુ તારા હુનરના પાણી ઉપર મગરૂર રેહેતો ના પણ ત્યા તારી જગ્યા ઉપર તુ તારા પગને તપાસતો રેહેજે. જેમ એક પાણીનો ઝરો ઉડા દરીઆની સામે જાય તેમ આવી રીતનો દાવો કરવો દિવાનાપણુ લેખાય માટે તુ તારા ગુરજ અને તલવાર ઉપરજ આધાર રાખતો ના, પણ તારી ગરદનને પણ તુ તે પેહેલવાનની કમંદના ફાંસામાંથી ચોરાવતો રેહેજે હજીપણ તુ તારાજ જેવા શખ્સને તારા હરીફ તરીકે પસંદ કર અને એ માટે તું વગર ફોકટનો ઉટાવલો ના બન " જ્યારે તે અલવાએ તે મેદાનમા કામુસ સાથે લડાઇ કરવાને ચાહયુ ત્યારે સીપાઇઓએ તેને લડવાને માટે મોટી જગ્યા કરી આપી. કશાનીએ તેની સામે એક વરૂ માફક આવીને એક નેજાનો ફટકો મારીને તેને ઘોડા ઉપરથી ઉચે ઉચકી લિધો અને પછી સેહેલાઇથી તેને જમીન ઉપર પટકયો ત્યાર પછી તેણે લગામને તાણીને તેને કાદવમા એવી રીતે કુટી નાંખ્યો કે જેથી તેના (લોહી)થી ધુલ લાલ બની ગઇ.

રૂસતમને હાથે કામુશ કશાની કેદ પકડાઈને માર્યો ગયો તે વિષે.

અલવા (ના માર્યા જવા)ને માટે તેહેમતન દુખી થયો અને તેથી તેણે વલખાતી કમાનને જીન ઉપરથી ઉચકીને ખુલ્લી કીધી. જ્યારે પણ રૂસતમ પેહેલવાનોની સાથે લડાઈ કરવાનો ઠેડાવ કરતો ત્યારે તે પોતાની સાથે એક કમંદ અને એક ભારી ગુરજ રાખતો હતો તેથી તેણે કમંદને બાજુએ લટકાવીને અને હાથમાં ગુરજ પકડીને ત્યા જઇને એક મસ્ત હાથીની માફક પોકાર માર્યો.

કામુસે તેને કહયું કે, "તુ આ સાઠ પેચની ડોરીની કુમક ઉપર એટલો બધો દમામ ના કર" રૂસતમે તેને જવાબ દિધો કે, "એક સિંહ જયારે પણ પોતાના શેકારને જોય છે ત્યારે તે બાહુરી સાથે એમજ પોકાર મારે છે તેજ પેહેલવેહેલી એ કીનામાં કમર બાંધી છે અને ઇરાની-ઓમાંથી એક નામદારને મારી નાખ્યો છે જો તુ મારી કમંદને ડોરી ગણતો હોય તો હમણાજ તે (ડોરી) નો તગ ફાંસો (કેવો છે તે) તું જાતશે. એ કશાની ? ? જયારે તુને તારૂ મોત અત્રે ઘસડી લાવ્યુ છે તો હવે તારી જગ્યા ધુલમા થશે" આથી લડાયક કામુસે પોતાના ઘોડાને ઉશકેરીઓ પણ કમદ સાથનો એક હાથી જેવો તેનો હરીફ તો તૈયારજ હતો તેણે રૂસતમને કાપી નાખવા માટે પોતાની તલવાર ઉગામી અને તેનુ ડાકું શરીર ઉપરથી કાપી કાઢવા ચાહયું પણ તે તલવારની અણી તેના રખશની ગરદન ઉપર લાગ્યાથી તે ઘોડાનુ બખતર કપાયુ પણ તે ઘોડાના શરીરને તેથી જરાએ ઇજા થઇ નહી તેટલામાં પેહેલવાન પીલતને પણ કમદને વળ આપીને તૈયાર રાખી અને તે ફેકીને તેની કમરમાં ઉતારી દિધી. પછી તેણે પોતાના હાથી જેવા જોરાવર ઘોડાને જડપથી દોડવાને ઉશકેર્યો અને તે કમદના બીજા છેડાનો ફાસો બનાવીને પોતાની જાગમા ભેરવ્યો. તે રખશ દોડવામાં જાણે પાંખ અને પીછવાલું એકાબ પક્ષી બની ગયુ. તેના ઉપરના સ્વારે પોતાના પગ પોહોલા કીધાથી તેનો પાવડો ભારી બન્યો અને લગામ ઢીલી બની કામુસે એવુ ચાહયુ કે, તે કમદના ઢીલા ફાંસાને પોતાનું જોર વાપડીને શરીર ઉપરથી તોડી કાઢીને તેના બદમાંથી છુટો થાય પણ કામુસના તો હોંસકોશ ઉડી ગયા અને તે મંડાઇને વાંકો વળી ગયો. આથી પેહેલવાન પીલતને પોતાના રખસને ધીરો પાડયો અને લગામને બીજી બાજુ ફેરવીને તેને જીન ઉપરથી નિચે જમીન ઉપર ઉંધો ફેકયો. પછી તેણે જઇને તેને કમદથી બાંધી લેતાં કહયું કે, "હવે તુ નુકસાન વગરનો બન્યો છે હવે તારાથી તારી લુચાઈ અને જાદુઇ દૂર થશે અને તારૂ રવાન દેવ આગળ નોકરી કરશે. હવે તારો લડાઇ કરવાનો અને કીનો લેવાના વખતનો અત આવ્યો છે હવે પછી તુ ફરીથી કશાનના મુલ-કનો કે ચીનનો રસ્તો જોશે નહી. કદાચને તેઓ (યાને ત્યાંના લોકો) તારી ઉચી ઘોર ઉભી કરશે કારણકે તે ઘણી ચઢતી પડતીનો વખત જોયો છે." [૨]

---

૧ કશાની એટલે કશાનના મુલકનો રેહેવાસી. એ કશાનનો મુલક ખોરાશાન અથવા ત્રાન્સ ઓક્ષીયાનાના લતાની તરફ આવેલો છે.

૨ એ બેત લખેલી નકલમાં વધારે છે.

પછી તેણે તેના બે હાથોને પીઠ પછવાડે મકમ બાંધી લિધા અને પોતાના હાથમાં કમંદનો વળ વાળીને ચાલતો ઇરાની લશકર તરફ ગયો જ્યારે તે ફીનો ઇચ્છતા કામુસનું શરીર તેની પુઠે ઘસડાવા લાગ્યુ

પછી તેણે પેહેલવાનોને કહયુ કે, "આ લડાયક શખ્સ મારી સામે ઘણા જોર અને ફીના સાથે આવ્યો હતો (તેના આવા હાલ થયા છે) ઠગારી દુન્યાની ચાલ એવીજ રીતની છે તે ઘડીકમાં ઉચે ચઢાવે છે તો ઘડીકમાં નિચે લાવી નાખે છે. તેનાથીજ ખુશાલી અને તેનાથીજ દલગીરી છે તેજ ઘડીકમાં જમીન ઉપર પટકનાર તો ઘડીકમાં ઉચા આસમાન ઉપર ચઢાવનાર છે આ નામદારી ભર્યો બાહાદુર શખ્સ કે જે હમેશા સિહોનો હરીફ હતો તે હમણા ઇરાનને વેરાન બનાવવાની, અને આપણા મુલકોને અને આપણી જમીનને સિહોની જગ્યા બનાવવાની મટલબે અત્રે આવ્યો હતો. વળી તેની મટલબ જાબુલ તથા કાબુલમાં મેહેલો કે બાગો રેહેવા નહી દેવાની તથા વળી જાલના બેટા રૂસતમને ગુમ કરી નાખે ત્યાં સુધી પોતાંના હાથમાંથી ગુરજને પણ ફેંકી નહી દેવાની હતી, પણ હવે એનીજ ટોપી અને બખતર તેનું કફન બનશે હવે તેનું તાજ ધુલનું અને તેનુ પેહેરણ કબરનું બનનાર હોવાથી, હવે તમો તેને કેવી રીતે મારી નાંખવા માગો છો? કારણ કે એ જગી કામુસની કારકીરદીનો અંત આવ્યો છે." પછી તેણે તેને સરદારો આગળ ભોંય ઉપર ફેંકતાજ લશકરના બાહાદુરોએ તેની આગળ આવીને તેના શરીરના તલવારથી ટુકડે ટુકડા કરી નાખ્યા. આથી તેની નિચેના પથરા અને ધુલ લોહીથી ખરડાઇ ગયા તું પણ તારી મરદાનગી માટે મગરૂર બનતો ના કારણ કે મોતનો હાથ તો તારી ઉપર દૂર સુધી પુગી શકે છે. અગર જો જમાનો તુને ઉચા આસમાન ઉપર ચઢાવશે તોપણ આખરે તે તુને કાલી ધુલ ઉપર ઉંધો નાંખશે આ સસારી જગતની રસમ એવીજ રીતની છે, ઘડીકમા તે ગમ અને દુખ સાથે તો ઘડીકમાં ખુશાલી સાથે રાખે છે. જેહાનમા સઘલુ દુખ, મેહેનત, ધાસ્તી અને ગમજ છે અને મરદાનગી વાપડયાથી તે તારી સાથે વધતી કે ઓછી ઉભરવાની નથી. ગુનાહના બોજા હેઠલ તારૂ શરીર દબાયલુ રહે છે અને તારૂ રવાન મોટાઇનો ગમ પકડી બેસે છે. માટે તારીથી જેમ બને તેમ તુ નેકીના કામો કરી લે અને તે સાહેબની બદગી કરતો રેહે કે જેથી તે તારો રેહેનુમા થાય. હવે કામુસ પેહેલવાનની લડાઇનુ બયાન ખતમ થયુ છે એવુ બન્યુ છે કે જ્યાંથી તે પોતાનો જીવ લાવ્યો હતો ત્યાજ તેણે પોતાના જીવને પાછો સપુરદ કીધો છે.

રૂસતમ અને ચીનના ખાકાનનું દાસ્તાન.

હવે આપણે ચીનના ખાકાન સાથની લડાઇનું તથા તેની મરદાનગી અને તેના કીનાની રસમનું બ્યાન કરીશું એ રોશન રવાનના અક્કલમંદ શખ્સ! તું તારી જબાનને યજદાંનુ નામ લેવા સિવાય ખોલતો ના, કારણકે તે નેકીનો રસ્તાનો દેખાડનાર છે અને ફરતું આસમાન તેનાથીજ ટકી રહયુ છે. તે સુરજ અને ચંદ્રનો સાહેબ છે અને આસમાન ઉપરના તારાઓને ગોઠવનાર પણ તેજ છે.[1] તેજ હસ્તી અને નિસ્તીનો સાહેબ એકલો ઇજદ છે અને આપણે તેના બંદાઓ છીએ ? તેજ સાહેબ તારી ઉપરથી તારા વખતને પસાર કેરાવે છે. આ સિવાય બીજી દુન્યા તારા આરામની (ખરી) જગ્યા છે જે જુની વાતો દેહેકાનો કહે છે તે ઉપરથી તુ પોતે પણ આ વાત સાથે એકમત થજે

જ્યારે ચીનના ખાકાનને ખબર થઈ કે, "કામુસ કીનાના મેદાનમાં માર્યો ગયો છે, તથા કશાનના મુલકના અને શકનના મુલકના રેહેવાશીઓ તથા બલખ શેહેરના પેહેલવાનોને કામુસ(ના મરણ)ને લિધે દાહાડો કડવો ઝેહેર જેવો થઇ પડયો છે," ત્યારે, સઘલાઓ એકમેક તરફ મોઢાં ફેરવીને વાત કરવા લાગ્યા કે "આ હુનર ભર્યો અને લડાયક શખ્સ એવો તે કોણ છે? અને તે શું નામ ધરાવે છે? તથા જેહાનમાં તેનો હરીફ કોણ છે?" શેરમર્દ હોમાને પીરાનને કહયું કે, "આજ રોજે મારો જીવ લડાઈ કરવાથી કંટાલી ગયો છે આપણા લડાઇ માટેના ચુનનદા બાહાદુરો આજે તે મગર જેવા શખ્સ સાથે લડતા માર્યા ગયા છે જેહાનમાં એવો કોઈ નામદાર અને પીલતન કરતા ચઢતો સ્વાર તો કોઇ પણ હતો નહી એમ કોણ જાણતું હતુ કે અઝદાહા જેવો બાહાદુર કામુસ તેની કમંદના ફાંસાથી નિચે પડશે ? ? જ્યારે કામુસ જેવા પેહેલવાનને તે મેદાનમાં બંધીવાન કરવાને શક્તિવાન બન્યો છે તો એમ પણ બને કે કીનાને વખતે તે બીજા હાથી જેવાઓના માથાને પણ તે એમજ ફાંડામાં પકડીને જમીન સાથે અફાલશે" પછી તે તમામ લશકર કામુશ માટે દુખી બનીને ખાકાન આગળ રડતું આવ્યુ ત્યારે પીરાને દુખ સાથે તેની તારીફ કીધી કે, "ઓ તું બલુ આસમાનના ગુમબજના કરતાં પણ ચઢતા સખ્સ! તે પણ આ લડાઈની સરૂવાત અને અંત માટે સમજયુ તો હશે, અને તે સીપાઇઓની લડાઇ તેં જોઇ પણ હશે. હવે તુ પોતેજ એકલો આપણા કામનો કાંઇ ફરીથી ઉપાય સોધીને તે કોઇ આગળ કેહેતો ના તુ લશકરમાના લડાઇના અનુભવી શખ્સો વચેથી કોઇને સોધી કાઢ કે જે એ છુપી વાતનો ભરમ ખુલ્લો કરી આપે

1 એ બેત લખેલી નકલમાં વધારે છે.

અને (તેમ કરીને) આ સિહ જેવાં દિલનો શખ્સ કોણ છે તે જોઇ કાઢે. કારણ કે આ લશકરમાં તેનો તો કોઇ હરીફ નથી. હવે પછી લડાઇ કરતાં તેની તરફ આપણે આપણા ડોકા ફેરવીને આપણા સઘલાઓના શરીરને માર્યા જવા માટેજ સોપી દેવાં પડશે." ચીનના ખાકાને પીરાનને જવાબ દિધો કે, " એ દુખ માટે એથી વધારે ગમ શાનો કરવાનો ? કારણ કે સિંહોને કમદના ફાંદામાં પકડનાર નુકસાની ભર્યો એ પેહેલવાન કોણ છે તે તો (હજી) આપણે સોધી કાઢયુ નથી. જયારે મોત માટેનો કાઇ ચારોજ નથી ત્યારે તે બાહાદુર માણસ માટે પુછપરછ અને ખાહેશ કરવાની અગત્ય શુ છે ? આપણે સઘલા આપણી માતાથી મરવા-નેજ માટે જનમ્યા છીએ તો હવે આપણે નિશફળ થવુ કે કેમ તે તો મોતનેજ સોંફયુ છે કાઇથી કરતા આસમાનને દાપ આપી શકાતી નથી, પછી તે આ જમીન ઉપર હાથીને પણ હરાવ તો શુ થયુ માટે તમો તે કમદમા પકડાઇને માર્યા ગયલા કામુસ માટે તમારાં દિલને દલગીર ના કરો. જેણે કામુસને મારી નાખ્યો છે તેને હું મારી કમદમા બધીવાન કરીને ખાકમાં નાખશ, અને પાદ-શાહ અફરાસીયાબની ખાહેશ મુજબ ઇરાનના તમામ શેહેરોમાં હુ લોહીની નદી વેહેતી કરશ " પછી તેણે કેટલાક ખંજર વાપરનારા મરદાનેમરદોને લશ-કરમાથી એકઠા કરીને તેઓને એ પ્રમાણે કહયું કે, "તે તીરનો રાખનાર લડાયક શખ્સ અને કમંદ ફેકીને પેહેલવાનોને પકડનારા સ્વારની જગ્યા કયાં છે અને લશકરની જમની બાજુએ કે ડાબી બાજુએ તેની જગ્યા છે તે તમો સોધી કાઢો. તમો તેના શેહેરને માટે અને નામને માટે પુછપરછ કરો કે જેથી પછી આપણે તેનો અત લાવ્યે " આથી એક જોરાવર સ્વાર કે જે તે પાદશાહ ખાકાનનો વફાદાર હતો અને જેનુ નામ ચગેશ હતું તથા વળી તે દરેક ઠેકાણે ફરેલો અને બાહાદુરો સાથેજ લડવા માંગનાર હતો તેણે બાહાર આવીને તે કામ ઉઠાવી લેવા માટે છાતી ઠોકીને ખાકાનને કહયું કે, " ઓ નામદાર ! તારી મોહોબત મેલવવા માટે તમામ જેહાન મોહોતાજ રહે છે. અગરજો તે એક શેર બચ્યો હશે તોપણ હું તે મેદાન તરફ જતાંજ તેને મારી નાખશ તેની સાથે હુ એકલોજ લડીને ઇરાને મેલવેલી તમામ નામદારીને હુ શરમ પોહોચા-ડશ હુ પેહેલો તેના ઉપર કામુસનોજ કીનો લેવશ અને તેને મારી નાખીનેજ તેનુ નામ નિશાન અત્રે લાવશ " આથી ચીનના ખાકાને તેની તારીફ કીધાથી ચગેશે તેની આગળની જમીનને બોસો લિધો. કામુસે તેને કહયુ કે, " જયારે તું એ કીનો લેઇને મારી આગળ પાછો આવશે ત્યારે હુ તારા માથાને ગરજ વગરનુ બનાવશ તુને હુ મારા ખજાનામાંથી એટલુ બધું જવેહરાત આપશ કે જેથી પછી તુને મેહેનત કરવાની અગત્ય પડશેજ નહી."

રૂસતમને હાથે ચંગેશ માર્યો ગયો તે વિષે.

જ્યારે તેણે ચીનના ખાકાનનું એમ કેહેવું સમજ્યું ત્યારે તેણે ભવાં ઉપર ગુસ્સાની કરચલી ચઢાવી પછી તે જેહાનને જીતનાર ચગેશ પોતાના ઘોડાને ઉશકેરીને ત્યાંથી વિજળીની જડપે નિકળી ગયો. તે ઇરાનીઓ આગળ લડવા માટે જઇ પુગતાંજ એક ખડંગ લાકડાનો તીર કોઠલીમાંથી બાહાર કાઢીને એ પ્રમાણે બોલ્યો કે, "હવે લડાઇ કરવાની મારી વારણ છે અને નામદારોના ડોકાં મારા પંજામાં છે પેલો કમદ ફેકીને કામુસને પકડનારો શખ્સ, કે જે ઘડીકમાં કમંદ ફેકે છે તો ઘડીકમાં તીર ફેકે છે તે જો આ મેદાનમાં આવશે તો હુ તેના જીવના રેહેઠાનને ખાલી કરી નાખશ" એમ બોલીને તેણે જમની અને દાબી તરફ ઘોડાને જોહોલાંન આપીને પુછ્યુ કે, "કયાં છે પેલો જગી સરદાર?" આથી રૂસતમ ગુરજ લેઇને ઉઠયો અને તુરતજ રખશ ઉપર ચઢી બેસીને બોલ્યો કે, "પેહેલવાનોને મારનાર, સિંહોને પકડનાર, તથા કમાન અને કમંદ રાખનાર તથા ગુરજ અને તીર રાખનાર હુજ છું. તુને પણ હમણાજ પેહેલવાન કામુશ માફક તારી આંખો વડે જમીન ઉપરની ધુલ નુછવી પડશે." ત્યારે ચગેશે તેને પુછ્યુ કે "તારૂ નામ શું? તુ કોણુની તોખમનો? અને તુ શુ ખાહેશ ધરાવે છે? કે જેથી આ લડાઇને હીગામે લડાઇની ધુલ ઉડતી કીધી તે વખતે મે કોણુનુ લોહી રેડયુ તે હુ જાણી શકુ." રૂસતમે તેને જવાબ દિધો કે, "ઓ બદબખ્ત! તારા જેવુ ઝાડ કોઇ પણ બાગમાં હરગેજ હોતું ના કે જેના ઉપર તારા જેવાં ફળો ઉગતા હોય અને તે પોતાની ગણત્રી મેવાઓ વચે ગણાવતુ હોય. મારા ભાલાની અણીનુ અને મારૂ નામ તારૂં મોત છે બેશક હમણાજ તારૂં બખતર અને તોપી તારૂ કફન બનશે" તેટલામાં ચગેશ કમાનની બે અણીઓ વચે તીર ચઢાવીને તેના ઉપર પવન વેગે ધસી આવ્યો. તે જુલમગારની કમાન જેમ વાદલ માફકની હતી તેમ તેનો હરીફ બખતરવાળો અને મોટી પડવીનો હતો. ચગેશે તેને કહયુ કે, "ઓ બાહાદુર સ્વાર! સમાલજે, કારણકે તારો જીવ હમણાજ લડાઇ કરવાથી ધરાઇ જશે" રૂસતમે એમ સમજતાંજ તેના તીરથી પોતાનુ બખતર વિધાય નહી તે માટે ઢાલને માથા ઉપર આડી ધરી. પછી ચગેશે તે પીલતન તરફ નજર કીધી પણ તે તો બાગમાના સીધ્ધા સરોવર માફકજ ઉભેલો જણાયો તે ઘોડા ઉપરજ બેસી રહેલો અને જાણે પાહાડ ઉપર પાહાડ હોય તેમ લાગતો હતો, અને તીરના મારાથી જરાએ ગભરાયલો લાગતો હતો નહી. આથી ચગેશ પોતાના દિલ સાથે બોલ્યો કે, "હવે હું મારો નાશ કરૂ તેના કરતાં અત્રેથી નાહાસી જાઉં તો ઠીક થાય." એવુ વિચારી તેણે પોતાના ઘોડાને દોડવાને ઉશ્કે-

ફેરીને પોતાના લશકર તરફ નાહાસવાનો ઠેડાવ કીધો. બાહદુર સ્વાર રૂસતમે પણ તે નામદારની પુઠે પોતાનો ઘોડો આતશ માફક દોડાવ્યો. તે ઝનુની હાથી જેવો રૂસતમ તેની આગળ આવી પોહોચતાંજ તમામ મેદાનમાં તેઓ માટેનીજ વાતો થવા લાગી. બન્ને બાજુના લશકરની અજાયબી વચ્ચે રૂસતમે તે નાપાક ચંગેશના ઘોડાની પુછડી પકડી આથી ચંગેશે થોડા વખત ગમગીન બનીને પછી જડપથી ઘોડા ઉપરથી નિચે નખાવી દિધુ, જેથી તેની લોટાની તોપી પડી ગઇ અને તે પણ રૂસતમ પાસે માફ માગવા લાગ્યો તેહેમતને તેને જમીન ઉપર ચત્તા સુવાડી દેઇને તુરતજ તેના ડોકાને શરીરથી જુદું કરી નાખ્યાથી તેની સઘલી ખાહેશો અને તેના સઘલા વિચારો તેનાથી છુટા થઇ ગયા. ઇરાન જમીનના તમામ નામદારોની તારીફ વચ્ચે પેહેલવાન રૂસતમ પોતાના હાથમાં ચલકતો ભાલો પકડીને તે લશકરની એહાર વચ્ચે (મગરૂરીથી) ફરવા લાગ્યો

ખાકાને હોમાનને રૂસતમ આગળ મોકલ્યો પણ રૂસતમે પીરાનને લડવા માટે બોલાવ્યો તે વિષે.

પેલી તરફ ખાકાન પુશકલ ગમગીન બની ગયો અને તેના તરફ બુરૂં નસીબ ફરવાથી તે ઘણો ચિરડાઇ ગયો. આથી ચીનના ખાકાને હોમાનને કહયું કે, "જમાનો અને જમીન આપણી ઉપર તંગ થઈ પડયાં છે, માટે તું ત્યાં જા અને તારા રોશન રવાનથી તે નામદાર પેહેલવાનનું નામ સોધી કાઢ." ત્યારે હોમાને તેને જવાબ દિધો કે, "હું કાંઇ લોઢું તીપવાનું ધીમરૂં નથી અને લડાઇ કરવામાં હું કાંઇ (તિક્ષણ) દાંતોવાલો હાથી નથી. કામુસ જેવો લડાયક અને તેના જેવો ધીરજથી લડાઇ કરનાર જેહાનમાં કોઇ હતો નહી તોપણ તેવા સ્વારને તેણે પોતાની કમંદના ફાંસામાં પકડયો હતો માટે તું એ પેહેલવાનને કાંઈ હલકો સમજતો ના. તોપણ પરવરદેગાર શું કરવા ઇચ્છે છે અને એ કીનાના મેદાનમાં કોણને ફતેહ બક્ષવા માગે છે તે જોવાને હું જવશ " પછી તે પવન વેગે પોતાના તંબુમાં ગયો અને માથા ઉપર એક બીજી લોટાંની તોપી પેહેરી લિધી. તેણે વળી બીજોજ વાવતો અને ઘોડો પણ પસંદ કરી લીધો અને બીજી જાતનુ બખતર અને ટાલ પણ પસંદ કીધી જ્યારે તે રૂસતમની આગળ આવી પુગ્યો ત્યારે તેણે રૂસતમના હાથ અને ગરદન જોઇ શકે તેટલો નજદિક જઇને તેને કહયું કે, 'ઓ નામદાર કમંદના ફેંકનારા પેહેલવાન અને લડાયક સ્વાર ! હું યજદાંનના સોગંદ લેઇને કહું છું કે જ્યારથી મેં તારા જેવો કીનો લેનારા શખ્સને જોયો છે ત્યારથી હું અફરાસીયાબના તખત (યાને રાજ્ય અમલ)ને માટે ઘણો ચીંતાતુર બન્યો છું. તુને પોતાની સાથે લડાઇ કરતો

જોવાની કોણુની તાકાટ છે? અને એવો કયો શખ્સ છે કે જેના તાલક ઉપર તુ ધુલ ઉડતી કરી શકતો નથી. આ મોટા લશકર વચે તારા જેવો મોટો સરદાર કે બાહુરી ભર્યો નામદાર હુ જોતો નથી તુંજ એવો બાહુર છે કે જેણે આટલી લડાઈ કીધી છે, તેમાં સિંહ જેવા બાહુરોના દિલ ઉપર ધુલ ઉડતી કીધી છે. માટે તુ તારા શેહેરની; ખાનદાનની, તારી આરામ કરવાની જગ્યાની તથા તારી તોખમ અને તારાં નામની મને હકીકત કેહે ઇરાની લશકરમાં હુ તારા સિવાય આવુ લડાયક દિલ ધરાવનાર બીજા કોઇ શખ્સને જોતો નથી. લડાયક માણુસો તરફ મારો પ્રેમ ખેંચાય છે, માટે તુ કે જે વાઘ જેવો ખવાશ ધરાવે છે તેને માટે હું ઉમેદવાર બન્યો છું હવે જો તુ મને તારૂં નામ કેહેશે તથા તારૂં વતન, ખાનદાન અને આરામ કરવાની જગ્યાથી મને વાકેફ કરશે, તો તેવાં કામથી તે મારી ઉપર ઉપકાર કીધેલો ગણાશે. કારણકે એમ કીધાથી તું મારાં દિલને વિચારથી ખાલી કરશે." ત્યારે પેહેલવાન રૂસતમે તેને જવાબ દિધો કે, "ઓ રોશન રવાનના નામદાર પેહેલવાન! તુ તારૂ પોતાનુજ નામ, તારૂ વતન અને તારી રેહેવાની જગ્યાનું નામ (પેહેલાં) મનેજ કાંય નહી કેહેતો? એવી રીતે મારૂં નામ અને નિશાણ પુછવાની તારી શુ મકશદ છે. હું ઇરાન જમીનનો એક નામદાર છું અને લડાઇમાં તુરકીઓ અને ચીનાઓ ઉપર હું કીનો લેવા માંગુ છુ અને પશંગના બેટા અફ્રાસીયાબ ઉપર હુ જેહાનને કાલી બનાવવા માંગુ છુ. તુ મારી આગળ આવી મીઠી અને નરમાશવાલી વાતો કરતો શાને માટે આવ્યો છે? જો તુ સુલેહ ચાહાતો આવ્યો હોય અને કીનો લેવા માગતો નહી હોય તો તુ એક ખુતું પસંદ કર, અને જેણે સીયાવક્ષનુ લોહી રેડયું તથા જેણે હમારી ઉપર કીનાનો આતશ સલગાવ્યો તેને તુ જોઇ કાઢ વળી મોટી પડવીના ગોદરેજના કુટુંબીઓના લોહી રેડીને તો તમોએ એક નુકશાન ઉપર બીજાં નુકસાનોનો ઉમેરો કીધો છે માટે સીયાવક્ષ સાથે જે બુજોર્ગો હતા કે જેઓએ (તેના તરફથી) કાંઈ લડાઇ કીધી હતી નહી અને ચુપ રહયા હતા તેઓને તથા તે નિર્દોશ સીયાવક્ષનું ડોકું ઉડારવામાં જેઓ ગુનેહગારો હતા તેઓને તું તુરાની લશકરમાંથી જોઇ કાઢીને તથા જે માણુસો, ઘોડાઓ અને અસબાબ તે ઇરિનમાંથી લાવ્યો હતો તે સઘલું જ્યારે હમારી ઉપર પાછું મોકલી આપશે ત્યારેજ મને તુરકીઓ સાથે લડાઇ કરવાની ગરજ રહેશે નહી. ત્યાર પછી તમો સઘલા મારા ખેરખાહો અને મારા રેવાજ તથા રાહારીતી ઉપર ચાલનારા ગણાતા હોવાથી હું કીનો લેવાને દોડયો આવશ નહી અને એમ લડાઇ કરશ નહી તથા બાહુરોના ડોકાંને ધુલમાં ઉડારશ નહી. ત્યાર પછી હમે એ સઘલું કઓખસરૂને કહીને તેના મગજ અને દિલના દુખ તથા કીનાને

ધોઇ નાખીશું. હવે હું તુને તે (તકસીરવાર) ઓના નામ આપું છું કે જેઓના નામ અને કામ આ જેહાનમાં રેહેતાં ના (પેહેલો) કરસીવજ કે જેણે હમારાં દિલને દુખ લગાડયું છે અને ઇરાનને મેહેનતમાં ઉતાર્યું છે અને તેનાથી તો કીનાની સરૂવાત થઇ છે (બીજો) ગુરૂઇજરેહ કે જેનાથી ઇનસાફના કામો નિપજ્યા નથી. તેની આલઓલાદ આ જેહાનમાં કદીપણ ટકી રેહેતી ના. તેઓથીજ સીયાવક્ષની ઉપર દુખ આવી પડયું છે અને તેઓથીજ એ ધંકાયલી બુરાઇને (બાહાર આવવાની) કુચી મલી છે. તથા એ સિવાય તુરાની તોખમના જે શખ્સોને તું ઓલખતો હોય કે જેઓએ આ પાણીને વગર ફોકટનું કદવાશવાલું બનાવ્યું હોય તથા જેઓએ અફરાસીયાબના મગજ અને દિલનો (તેને ભમાવીને) નાશ કીધો હોય અને લોહીને પાણી માફક વેહેતું કરાવ્યુ હોય તથા બીજા શખ્સો કે જેઓને ઇરાનીઓ સાથે કાંઇપણ કીનો હતો નહી ને છતા તેઓએ તે કીનામાં કંમર બાંધી હોય તેઓને, તથા પેલા વીસેની તોખમના બુજોર્ગો કે જેઓ બે મોઢાં રાખીને દરેકની સાથે કામ પાડે છે અને તેઓના નામ હોમાન, લેહાક, ફરશીદવરદ, ગુલબાદ અને જોરેમંદ નસતીહન છે તે સઘલાઓને તું મારે સ્વાધીન કર. જે સઘલું મેં તુંને કહયુ છે તે જો તુ બજા લાવશે તો આ કીનાનો તુ અંત લાવી મુકશે. હુ તારા મુલક ઉપર કીનાના દરવાજાને બંધ કરીશ જેથી તારાં શરીરને બખતરથી ઢાંકવું પડશે નહીં. જો એ સિવાય તુ કાંઇ બીજી વાત કરવા માગતો હોય તો હું તો પેલા જુના વખતના કીનાને અને લડાઇને તાજી બનાવવાનો. હું નામદાર ખસરૂના જીવના અને તેના તરફના પ્યારના સોગંદ લેઇને કહું છુ કે, હું તમામ તુરાન જમીનનો નાશ કરીશ અને હું શગલને કે ચીનના ખાકાનને કે તુરાન જમીનના પેહેલવાનોમાંનાં કોઇને પણ જીવતો જવા દેવશ નહી હું ઇરાનીઓ વચ્ચે એક નામદાર છું અને મે સિંહ જેવાઓને લડાઇ કરીને સાફ કરી નાંખ્યા છે. મેં ઘણાઓના ડોકાં શરીરથી જુદા કરીને તેઓની હથેલીમાં કાલી ધુલ સિવાય બીજુ કાંઇ રાખ્યું નથી. તે પણ આ મેદાનમાં મારી અજમાયશ લિધી છે. મારી રસમ અને મારી રાહરીતી એજ પ્રમાણેની છે હુ પેહેલેથી તે છેલ્લે સુધી કીનો લેવા સિવાય બીજુ કાંઇ માંગતો નથી હુ એવી રીતની વાત તો હરગેજ કરતો નથી. હવે જે કાંઇ મેં તુંને કહયુ છે તે ઉપર તુ ધ્યાન આપજે અને જે મારી ભલી સલાહો છે તેને તું તારી બગલમાં ધરજે ”

જ્યારે હોમાને એમ સમજ્યું ત્યારે તે ઘણો ધાસ્તી ખાઇ ગયો અને ઝાડનાં પાદડાં માફક ધુજવા લાગ્યો. તેણે રૂસતમની આવી વાત સમજતાંજ તેનો સઘલો ખાર પોતાનાજ ખાનદાન ઉપર જોવાથી હોમાને તેને જવાબ દિધો

કે, " ઓ સિંહ જેવા લડાયક શખ્સ! તારાં આવા જોર, જોરાવર કદ અને તારી ઉંચાઇ મુજબ તુંને તો ઇરાનના તખત ઉપર જગ્યા લેવી ઘટે છે. કારણકે આવા બુજોર્ગ પેહેલવાનને અથવા તો ઇરાનના બાધુરોમાનાં તારા જેવા નામદારનેજ તખત ઘટે છે. તું મારા ખાનદાન અને નામ વિષે પુછે છે, પણ તારા દિલમાની મારે માટેની ખાહેશ જુદીજ તરાંહની છે મારૂં નામ એક બાધુર પેહેલવાન છે અને મારો બાપ પણ તારીફ પામેલો સિંહ જેવો પેહેલવાન હતો. હું પણ સેપાહોના રેવાજ પ્રમાણે દૂરથી એક સીપાઈ તરીકે આ લડાઇમાં આવ્યો છું. જો તુ મારૂં નામ અને ખાનદાન જાણે તો મને પણ તારીથી તારૂં નામ મેલવવું ઘટે છે. હમે તારૂ નામ એટલા માટે જાણવા માંગીએ છીએ કે હમો તારાં કામોને જગતમા જાહેર કર્યે તેથી હવે જો તુ તારૂં નામ મને કેહેશે તો હું ખુશાલ દિલે મારી આરામગાહમાં જવશ; અને તેં જે કાંઇ વાત મને આ મેદાનમાં કહી છે તે સઘલી હુ લશકર આગળ તથા મનશુર, ચીનનો ખાકાન, તુરાન જમીનના બુજોર્ગો અને પેહેલવાનોની હજુરમાં કેહેવશ."

રૂસતમે તેને જવાબ દિધો કે, " તું મારૂ નામ જાણવા ના માંગ. તે જે કાંઇ મારીથી જોયુ હોય તેજ તુ તેઓને કેહેજે. મારૂ દિલ માત્ર પીરાન માટેજ બલે છે અને તેને માટેજ મારા દિલમા મોહોબત દોડે છે કારણકે એજ સીયાવક્ષનું લોહી રેડાવા માટે દલગીર હતો અને તુરકોઓ વચે ફકટ એજ નરમ દિલ ધરાવનારો હતો. માટે તુ તેને મારી આગળ હમણાજ મોકલી આપ, કે જેથી જમાનો હાલે કેવી રીતે ફરવા માંગે છે તે આપણે જોઇએ." હોમાને તેને કહયું કે, " ઓ નામદાર! જો તું પીરાનના દિદાર જોવાનીજ ખાહેશ રાખે છે તો તું પીરાનને કે ગુલબાદને, કે ગુરૂઇજરેહને કે પુલાદને કેવી રીતે ઓલખી શકશે?" રૂસતમે તેને કહયું કે, " તું એટલી બધી વાત શાને માટે પુછે છે? તુ પાણીની સપાટીને તારી ઉચાઇ સુધી પુગવા ના દે લશકર વચે આટલી બધી તકરાર આ મેદાનમાં તુંજ કરવા પામ્યો છે તે શુ તું જાણતો નથી?" આથી હોમાને તેજ વખતે તેના મોઢા અને ગાલ ઉપરના ઉડી ગયલા રગ સાથે ત્યાંથી જડપથી જઇને પીરાનને કહયુ કે, " ઓ નેકબખ્ત! આવાં સખત કામથી તો આપણી ઉપર બુરાઇ આવી પુગી છે કારણકે આ સિંહ જેવું દિલ ધરાવનાર જાબુલી રૂસતમજ લાગે છે માટે હવે આપણને તો આપણા લશકર માટે રડવુ પડશે. તેણે મારી સાથે ઘણી વાતો કીધી છે અને તેના જવાબો સમજ્યા છે તથા તેણે દરેક (તુરાની) ની બુરાઇ વિષેની વાતો યાદ કીધી છે ઓ ભાઇ! તેણે સીયાવક્ષના કીનાની ઘણીએક વાતો કરતાં પેહેલુ મારૂજ નામ દિધું છે. તેણે બની ગયલાં કામનીજ યાદ કરીને વેરાન અને આબાદીની તથા

કામો અને ઇનસાફનીજ વાતો કીધી છે. તેણે બેહેરામ તથા ગોદરેજના કુટું-બીઓ ઉપર જેઓથી નુકસાન પુગ્યું હતું તેઓનીજ વાતો કીધી છે. મેં તેને તારા સિવાય બીજા કોઇ તરફ ચાહા દેખાડતાં જોયો નથી. તેણે તારી પણ ઘણીએક વાતો કીધી હતી અને ત્યારેજ તેનો ચેહેરો જરા ખીલ્યો હતો. તે તુંને આ લશકર વચેથી ત્યાં બોલાવે છે પણ તેના દિલમાં શુ ગોઠવન રચેલી છે તે હું જાણતો નથી. માટે તુ પણ તે પોતાનો નેજો કેમ ધરીને ઉભો રહે છે તે જોવાને ત્યાં જા તે એક પાહાડ જેવો છે અને તે એક બીજા પાહાડ (રખશ) ઉપર હથીયાર, ગુરજ, અને બબરેબ્યાન સાથે ચઢી બેઠો છે તેની નિચેનો ઘોડો જાણે જોરાવર હાથી જેવો લાગે છે. તું જોશે કે હું એ વિષે કાંઈ સરાહગત કરતો નથી તેની તલવાર આતશ માફક ચમકારા મારે છે તેને તું જ્યાં સુધી મલશે નહી ત્યાં સુધી તે ત્યાંથી ખીસવાનો નથી તે તારે માટેજ એમ થોભ્યો છે. માટે તુ તેને જોતાંજ તેની સાથે નરમાસથી વાતો કરજે. તું કાંઇ તારી તલવાર બાહાર કાઢીને તુદ બનતો ના" પીરાને તેને કહયુ કે, "ઓ નામ-દાર! મને તો મારૂં આવી બન્યું હોય એવી ફીકર લાગે છે જો એ શખ્સ તલવારબાજ રૂસતમજ હોય તો આપણે માટે આ મેદાનમાં માહેતમ કરવાનોજ વખત આવેલો સમજવો. આપણા મુલકમાં (કીનાનો) આતશ સલગશે અને આપણું બુરૂ નસીબ શુ શુ કરશે તે હું જાણતો નથી." પછી તેણે આંખોમા આંસુ સાથે તથા તુટેલાં જીગરે અને ગમ અને ગુસ્સા ભરેલાં દિલ સાથે ખાકાન આગળ જઇને કહયુ કે "આ કોઇ બાધુર અને લડામક પેહેલવાનથી તો મારી જીંદગીનો અત આવેલો લાગે છે" ત્યારે ચીનના ખાકાને તેને એવો ગુસ્સા-ભર્યો જવાબ દિધો કે, "ઓ તુરાન જમીનના પેહેલવાન! તુ એટલોબધો સુસ્ત ના બન. કારણ કે તે (રૂસતમ) કાંઈ લોઢાંનુ યા પથ્થરનું શરીર ધરાવતો નથી કે તેથી આપણે તેની સાથે લડવાનો વિચાર નહી કરીએ." ત્યારે પીરાન બોલ્યો કે, "ઓ પાદશાહ! તુ ઉટાવલો ના બન. કારણ કે હાલે આપણને બીજી જાતના શખ્સ સાથે કામ લેવાનું છે જ્યારે કામુસ જેવા પેહેલવાનનો (તેને હાથે) અત આવ્યો છે, ત્યારે મારા દિલમાં એવો વિચાર આવે છે કે પેલો લોઢાના જેવો ઘોડો રૂસતમનો પોતાનોજ રખશ છે કારણ કે તે શખ્સની કમ-દના પણ પેચ ઉપર પેચ વિટાલેલા છે તેની સામે અફરાસીયાબ હોવો કે પાણી ઘસી આવો તોએ કાઇ પણ શખ્સ તેને સ્વપને પણ પીઠ ફેરવીને નાહાસ્તો જોશે નહી. તેનાથી લડાઇ વખતે દેવો પણ ઘરાઈ જાય છે તેની આગળ એક માણસ કે મેદાન ભરીને માણસો સરખાં છે. જાબુલસ્તાનમાં તે ઘણો તવંગર ગણાય છે. સીયાવક્ષના વખતમા તેની પરવરશી કરનાર એજ ગણાતો હતો. તેથી તે

તેને માટે એક બાપ માફક દુખી બનીને લડાઈ કરે છે અને જેહાનને સોધનાર પાદશાહો ઉપર જેહાનને તંગ બનાવે છે. તે આ હદ વગરના લશકર વચેથી મનેજ બોલાવે છે. તે પીલતન મારી પાસે શું માગે છે તે હું જાણતો નથી. તેથી હું જઇને તે શું માંગે છે તે જોઉ છું. મારો જીવ તે માટેનાજ ગમથી એટલો બધો ઉકલે છે." ખાકાને તેને જવાબ દિધો કે, "તું તેની આગળ જા અને તારીથી જેમ બને તેમ તેની સાથે નરમાશથી વાત કર. જો તે સુલેહ કરવા માંગતો હોય અથવા મદદ માંગતો હોય તો પછી આપણા લશકરે આ મેદાનમા શા માટે દુખ વેઠવું જોઇએ ? માટે તું પુશકલ હદીઓ તૈયાર કરીને તેની આગળ મોકલી આપ. આપણે આટલી મોટી લડાઈ કરીએ તેના કરતાં એમ કરવું ઘટતુ છે. જો તેનું શરીર વાઘના ચાંમડા હેઠેલ ઢંકાયલુ હોય અને તેનો વિચાર ઘણું કરીને લડાઇજ કરવાનો હોય તો આપણે સઘળાઓ પણ લડાઇજ કરીને આ લડાઈનુ મેદાન તેને માટે તંગ બનાવીશું. આપણે સઘળા યજદાંનની હજુરમા પીઠ નમાવીને દૌવત (મેળવવા) સાથે તેની સાથે એવી લડાઇ કરીશું કે જ્યાં સુધી આપણા શરીરમાં જીવ રેહેશે ત્યાં સુધી આપણે કોઇ વખત જીવ આપીશું તેમ જીવ પણ લેઇશું. વળી તેનું શરીર અને ચેહેરો કાંઇ લોહી, માસ કે બાલ ધરાવ્યા વગરનો નથી અને તે કાંઈ લોઢાંનો બનેલો નથી તથા વળી તે કાઇ હવામાંથી લડાઈ કરતો નથી. ત્યારે તું શામાટે તારાં દિલને ગમ અને દુખથી બાલે છે ? એમ ધાર કે તે પથરા અને લોઢુ ખાતો હોય અને તેથી તેના ઉપર તીર અને જંબ્યા કારગત નહી લાગતા હોય તોપણ તેઓના એક માણુસે આપણા તો ત્રણ હજાર માણુસો છે. ત્યારે આ લડાઇના મેદાનમાં ગમ કરવો એ ખોટું છે વળી તે નામદાર જાબુલી શખ્સ લડાઇ કરવામાં એક હાથ્થીથી વધારે ચઢતો તો હશે નહી. તેથી આપણે પણ એની સાથે એક હાથીનીજ બાજી રમી દેખાડયે કે હવે પછી તે મારી આગળ લડાઇ કરતો આવે નહી."

પીરાન રૂસતમ આગળ ગયો અને તેણે સુલેહે તથા લડાઇ માટેની વાતો કીધી તે વિષે.

પછી પીરાન દુખ અને ફીકર સાથે ત્યાથી ગયો. રૂસતમના કામોથી તેનુ દિલ કપાઇને બે ટુકડા થવા લાગ્યુ તેણે ઈરાની લશકર આગળ આવીને પોકાર કીધો કે, "ઓ લડાઇ પસંદ કરનારા નામદાર ! તે મને તુરાનીઓના ભારી લશકર વચેથી બોલાવી મગાવ્યો છે એમ મે સમજ્યાથી હું આ લશકર આગળ ચાલ્યો આવ્યો છું. માટે આ લશકર વચે તું મારીથી શું ઇચ્છે છે ?" જ્યારે નામદાર રૂસતમે તુરકીઓ વચેથી તે લડાયક પીરાનના આવવા માટે જાણ્યું

ત્યારે તેણે માથે લોઢાંની તોપી પેહેરીને લશકરની હરોલમાં જઇને તેને પુછયું કે, "ઓ તુરકી ! તારૂં નામ શું છે ? અત્રે એ પ્રમાણે આવવાનો તારો વિચાર અને તારી ખાહેશ શું છે ?" ત્યારે તેણે જવાબ દિધો કે, "હું પેલાં નામદારી ભર્યાં લશકરનો સપેહસાલાર પીરાન છું. તે મને વીસેના બેટા હોમાન પાસેથી બોલાવી મંગાવ્યાથી અને મારે વિષે તેની આગળ ખુબી ભરેલી જબાનથી વાતો કીધાથી ઓ પેહેલવાન ! મારૂં દિલ પણ ઉલટભર્યું બન્યું છે માટે નામદારો વચ્ચે તુ કોણ છે તે તુ મને કહે." તેણે તેને જવાબ દિધો કે, "હું બખતર પેહેડનારો અને કાબુલી ખંજર રાખનારો જાબુલી રૂસતમ છું" પીરાને તે નામદારથી એમ સમજતાંજ ઘોડા ઉપરથી નિચે ઉતરીને તેને નમન કીધુ. રૂસતમે તેને કહયું કે, "ઓ પેહેલવાન ! ખોરશેદની મેહેરબાનીથી તારૂ રોશન રવાન ખુશાલ રહેજો જેહાનનો નામદાર ખસરૂ કે જે નામદારી ભરેલો પાદશાહ અને જેહાનને પનાહ બક્ષનારો છે તથા વળી તેની માય જે અફ્રાસીયાબની બેટી થાય છે અને જે ઉંઘમા પણ આખી રાત તારી માયાનાજ સ્વપના જોય છે તેઓની તારી ઉપર દુવા હોજો" પીરાને તેને જવાબ દિધો કે, "ઓ પીલતન ! તુંને પણ પરવરદેગારની અને પેલાં તુરાની લશકરની દુવા હોજો. તારી ઉપર પરવરદેગારની દુવા ઉતરજો અને આ ફ્રરતું આસમાન તારી ખાહેશ મુજબ ફ્રરતું રહેજો. યજદાન કે જેનાથી આપણને પનાહ મળે છે તેના શુકરાના હોજો, કારણ કે હું તુંને આ જગ્યાએ જીવતો જોઉ છું. જવારેહ, ફ્રરામરજ તથા સામનો બેટો દસ્તાન (એ સઘલા) ડાહાપણ સાથે ખુશાલીભર્યા હશે. તેઓ તનદરોસ્ત, ખુશાલ દિલના અને નામદારી ભોગવતા હશે. આ જેહાન કદી પણ તેઓની ગરજ વગરની રેહેતી ના જો તું દલગીર નહી થાય તો હું તુંને એક વાત કેહેવા માગુ છું કારણકે મોટી પડવીના શખ્સો કાંઇ છુપું રાખે તો તે હલકુ ગણાય છે મેં (આ જેહાનના) બાગમાં એક ઝાડ રોપ્યું હતું, જેના પાદડા ઝેહેરના અને ફ્ળ લોહીના ઉગ્યાં છે મે મેહેનત લેઇ તે ઝાડ ઉપર મારૂ આખનું પાણી સીપ્યુ હતું અને તેનેજ હુ મારૂ જીવતર અને ખજાનો ગણુતો હતો. પણ હાલે તેનાથીજ મને દુખનો વારસો મળ્યો છે અને તેનાથી ફ્ળ અને પાતરાં ઝેહેરથી ભરેલાં પાંમ્યો છું (યાને ભલાઇનો બદલો ભુડાઈ પાંમ્યો છુ.[1]) મને સીયા-

---

[1] પીરાન આવો ઈસારો કએખસરૂને માટે કરે છે, કે જે કએખસરૂને તેણે અફ્રાસીયાબની ખફગીમાથી બચાવી લેઇ વાહાલથી ઉધારીને મોટો કીધો હતો અને હાલે તેજ કએખસરૂ અફ્રાસીયાબની સામે લશકર લડવાને માટે મોકલી તેની અને તેના કુટુંબની ખરાબી કરે છે.

વક્ષ પોતાના બાપ તરીકે ગણુતો હતો અને તે મને ખરાબીઓની સામે ઢાલ માફક બચાવી લેતો હતો. મારા ખાંનદાનને આબરૂ મલે તેથી તો મેં તેને મારી વાહાલી બેટી સાથે પરણાવ્યો હતો. હાલે તેજ સીયાવક્ષનું ફળ (બેટો) જે ફરૂદ હતો અને જેને હું દિલોજાનથી ચાહાતો હતો તેને કએખસરૂએ મારી દીકરી સાથે મારી નખાવ્યો છે. તું મને કેહે કે, શું હું એવી રીતના બદલાને લાયક હતો ? તેં તો તે પાદશાહ અને તેના લશકરથી પુશકલ દુખ, મેહેનત અને સખતીજ વેઠી છે. જેહાનમાં મારો શાક્ષી પરવરદેગાર છે, જો કે પરવરદેગારને શાક્ષી તરીકે ગણવામાં ખોટું છે. હાલે મારી ઉમર ઘણી થઈ છે અને હુ ઘણીએક ચાનક આપનારી નશીયતો (અનુભવથી) શિખ્યો છુ મે કોઇના હકમા બુરૂ કીધુ નથી પણ આએ ખસરૂના કામથી મે ઘણી સખતી વેઠી છે જ્યારથી તે અફ્રાસીયાબના હાથમાથી છુટો થઇને (જગલમાં ભરવાડો અસતક) ગયો હતો ત્યારથી તે તેનાજ ફાંડામાં સપડાયલો રહયો હતો જ્યારથી તે ખસરૂ અઝદાહના હાથમાં સપડાયો અને મારા વચે પડવાથી છુટો થયો ત્યારથી મે એક પેહેલવાનનીજ રીત પ્રમાણે ખસરૂને માટે પેહેલાં ઘણી રંજ વેઠી હતી જ્યારે ખસરૂ તેની માયથી જન્મ પાંમ્યો ત્યારે તેના દીદાર જોયાથી મારૂજ દિલ ખુશી બન્યું હતું એજ પાદશાહ મારો પોતાનો શાક્ષી છે. વળી મારી અક્કલ જે પ્રમાણે રેહેનુમાઈ કરતી હતી તે પ્રમાણે તે તુરકી પાદશાહની આગળ દિવસે કે રાતે, યા વખતે કે એવખતે હુ મારા હોટોને (ખસરૂ બાબે) સીવેલા રાખતો હતો તે અફ્રાસીયાબ મારી આગળ (વારંવાર) બોલ્યા કરતો હતો કે, 'ખસરૂથી મને આરામ કે ઉંઘ આવી શકશે નહી, પણ આખરે મને તેનાથી બુરાઈ પુગશે. તુ તો એ બાબે જરાપણ વાત કરતો નથી મારે તેનું ડોકુ પણ તેના બાપની માફક કપાવી નાખવુ જોઇએ છે, નહી તો કે તેનાથી શુ પરીણામ નિપજશે તે તું જોશે. એને માટે નજુમીઓ પણ મને એવુ કહે છે કે આપણી રૈયતને તેનાથીજ નુકશાન પુગશે' ત્યારે હુ તેને જવાબ દેતો કે, 'ઓ ઉચ તોખમના પાદશાહ! તુ નજુમીઓના કેહેવા ઉપર શા માટે ધ્યાન લગાડે છે? પરવરદેગારજ મદદ કરનારો અને સભાળ કરનારો છે, કારણકે તેજ તમામ ભલા લોકોને રાહનુમાઇ કરે 'છે.' એમ કેહેવાથી તે મારી સાથે કેવો મલતો થઇ જતો હતો. એવી એવી સેંકડો યુક્તિથી હું (તેના ઉપરથી) તેનો હાથ ટુકો કરાવતો હતો પણ હવે જ્યારથી ખસરૂ ઇરાન ગયો છે ત્યારથી તે રાત અને દિસ (મારા જેવા) ગોલામ ઉપર સખ્ત થતો જાય છે. તે મારી સાથે તુંડાઇથી, તીખાશથી, અને ગુસ્સા ભરેલા ચેહેરાથીજ સઘલો વખત વાત કરે છે. તે વળી કહે છે કે, 'એ સઘલી બુરાઈ તેંજ મને પુગાડી છે અને આ

(તુરાની) અંજુમન વચે તેંજ મને ખુવાર કીધો છે.' જે ભલાઇના બી મે વાવ્યા હતા તેને માટે ખસરૂ પણ એ પ્રમાણે ગુસ્સે થયલો છે. હુ પાક યજદાંનના, તથા સુરજ અને ચદ્રના તથા ફરતાં આસમાનના તથા (અફરાસીયાબના) તાજ અને તખતના હું સોગદ લેઇને કહુ છુ કે, મારા ઘેરમાં તેણેજ રૂડન ઉઠતુ કીધું છે એટલુ જ નહી, પણ વળી મારા જીવને (દુખના) આતશથી તે સલગાવે છે. (મારી આંખોમાંથી) આંસુને બદલે જાણે લોહી વહે છે અને હુ દુખદરદોના ઉપાય કરાવવામાંજ (વૈદને હાથ) સપડાયલો છુ. એ સઘળાં (ભલાં) કામોનો બદલો મને બુરાઇથી મલ્યો છે ઉચુ આસમાન પણ મારો ખાહેશ મુજબનુ ફરયુ નથી. જ્યારથી હુ સીયાવક્ષના કામથી વાકેફગાર બન્યો છુ, ત્યારથી મારો હાથ નેકી અને બદી તરફ લબાતાં ટુંકો બન્યો છે બધે મુલકના મોટા દરજ્જાના બે પાદશાહો વચે આવો દુખી, હેરાન અને પરીશાન બન્યો છુ. જે વખતે ફરગીસનો બાપ તેણીના જીવનો અત લાવવા માંગતો હતો ત્યારે મે તેણીનો જીવ બચાવી લિધો હતો મે તેણીને મારા ઘરમા છુપાવી રાખી હતી અને તરેહવાર રીતે તેણીની પુછપરછ કરવાને માટે હું તેણીના ઉપર મારી પીઠ વાંકી કરતો હતો એવી મારી ભલાઇના બદલામાં તેઓ (હાલે) મારો જીવ લેવા માંગે છે અને મારાં માથાને બુરી મનશનીનુ ગણીને તેણી તે મારી પાસેથી માંગી લે છે ઓ પેહેલવાન! હું બે તરફથી દુખથી ભરેલો બનુ છું અને બધે દેશના લોકો વચે મારી અને મારીજ વાત થતી રહે છે (એક બાજુએથી) અફરાસીયાબ આગળથી દૂર થવાનો મારો રસ્તો નથી, તો બીજી બાજુએ મને આરામ કે ઉઘ કાંઈ મલતી નથી. મને મારા ખજાનાની, મીલકતની અને ગાયઢોરની ફીકર રહે છે અને તેથી તે મુકીને ચાલી જવાનો મારો [illegible] થતો નથી મારા બેટાઓ છે અને પુશકલ ઓરતો છે. તેથી હું દરેક તરફથી દુખી બનેલો અને બંધાઈ ગયલો છુ. જો અફરાસીયાબ મને લડાઇ કરવા ફરમાવે છે તો તે વખતે મારીથી આંખમાં ઉઘ પણ લાવી શકાતી નથી. મને મારી મરજી ઉપરાંત લશકરને અત્રે લાવવું પડયુ છે અને તેના હોકમથી મારીથી ફરાતુ નથી. હાલે મારી ઉપર દયા કરવાનો વખત છે અને મારી સાથે લડાઇ કરવાનો કે લડાઈની તૈયારી કરવાનો વખત નથી. જો મારા દિલમાં પીલશુમના માર્યા જવાનો તથા એ સિવાય કેટેલાક બાહુર જવાનો કે જેઓ લડાઈ કરતાં પણ દાકતા હતા નહી તેઓનો ગમ અને દુખ હતે નહી તો હવે પછી મને મારા જીવની પણ દરકાર રેહેતે નહી મારાં ફરજદની અને મારી મીલકતની હુ તારી આગળ શુ વાત કરૂ ? તેથી એ પેહેલવાન! તુ ફતેહ મેલવીને મારી ઉપર ખફગી ભર્યો બનતો ના તુ અદરખાનેથી માર'

એશીઓને માટે બુરો વિચાર રાખતો ના, પણ જેહાનને પેદા કરનારનો વિચાર કરજે સીયાવક્ષના રોશન રવાનના સોગંદ લેઇને હુ કહું છું કે બખતર, તલવાર, અને લોઢાંની તોપીના કરતાં મને મોત વધારે ખુશ લાગે છે. કારણકે જ્યારે સામતું લશકર લડાઇ કરશે ત્યારે તુ કશાનીઓની, શેકનીઓની, સકલાબીઓની અને હીન્દુઓની લાશના આ મુલકથી તે સીધના દરીઆ સુધી પાહાડ માફકના ઢગલા થયલા જોશે. સીયાવક્ષના ખુનને માટે આ લડાઈમાં સઘલા નિર્દોશો માર્યા જશે. માટે લડાઇ કર્યાના કરતાં મને તો સુલેહ કરવી વધારે દરૂસ્ત લાગે છે માટે તે કામ બજાવવાને તુ પણ બખીલાઇ કરતો ના. મને કેહે કે તુને શું ડાહાપણુ ભરેલુ લાગે છે? કારણકે તુ લડાઇ કરવામાં અને મરદાનગી ધરાવવામાં ચઢતો છે."

જ્યારે રૂસતમે પીરાનથી એવી વાત સમજી ત્યારે તે તેની ખાહેશ મુજબનો જવાબ આપી શકયો નહી તેણે તેને કહયુ કે, "જ્યારથી મેં પાદશાહ (ખસરૂ)ના બાહાદુરોની સાથે આ કીના માટે લડાઇ કરવાને કમર બાંધી છે, ત્યારથી મે તારી તરફથી ભલાઇ સિવાય બીજુ કાંઇ જોયુ નથી. તુરકીઓમાં જો નિર્દોશ શખ્સ હોય તો તે તુ છે તારાથી સચાઈ સિવાય બીજુ કાંઈ નિવડયું નથી અને વળી તુરકીઓથી પણ તુ સચાઈનીજ આશા રાખતો હતો વાઘ (રૂસતમ) તો એમજ સમજે છે કે મારામારી અને લડાઇ કરવી સારી નથી અને તે પાહાડ અને ગુફાનેજ (યાને આરામ કરવાની જગ્યાનેજ) ઓલખે છે. પણ જ્યારે પાદશાહના માથામાં કીનો ભરાય છે ત્યારે તેના સરદારોનું કામ તીરનો મારો મારવાનુજ હોય છે હવે સુલેહ કરવા માટે બે કામ કરવાં ઘટે છે માટે તે કામ તારે કરવું ઘટે છે યા નહી તે ઉપર તું વિચાર કર પેહેલુ તો એ કે તે પાદશાહ (સીયાવક્ષ)નુ લોહી રેડીને જે કોઇ શખ્સોએ વગર ફોકટની લડાઇ જગાડી છે તેઓને બાંધીને તુ પાદશાહ (ખસરૂ) આગળ મોકલી આપે તો મને લાગે છે કે તે એ લડાઇ થતી અટકાવશે અને નિર્દોશોના લોહી રેડીને તે આ લડાઇ ચાલુ રાખી વધારે ગુનેહગાર બનશે નહી બીજુ એ કે તુ પણ ફતેહમંદ પાદશાહ (ખસરૂ) આગળ મારી સાથે આવવાને તૈયાર થા જે જે ચિજો કે જેને તુ કીમતી ગણુતો હોય તેઓને તુ અત્રે છોડી આવશે તો તેના બદલામાં તું તે પાદશાહથી એકની દસ ઘણી ચિજો મેલવશે માટે તું તુરાની લશકર વિષેનો વિચારજ છોડી દે. નહી તો કે શકની, સકલાબી કે ચીનનો ખાકાન કે એકપણ શખ્સ આ કીનામાં બચી શકશે નહી આ લડાઈમાં હુ તારા એ સઘલાઓનો ઘાણ કાઢશ અને ધુલમાંથી ઘાસ ઉગવાને બદલે માથાંઓ ઉગી નીકળશે " પીરાને દિલ સાથે વિચાર કીધો કે "તુરાનથી તે પાદશાહ (ખસરૂ)ની આગળ જવાનું કાંમ મુશ્કેલ છે. બીજુ વળી તે ગુનેહગારોને માંગે છે કે તેઓને સીયાવક્ષના કીનામાં

મારી નાખવામા આવે, પણ તેઓ તો મોટી પડવી ધરાવનારા અને વળી અફ્રાસીયાબનાજ કુટુબીઓ છે ? જેઓ તખત, ખજાનો અને જાહોજલાલી ભોગવે છે રૂસતમની આવી ખાહેશને માટે (મારી પાસે) નહી ધર કે નહી પુછ્યુ હોય તો તે બાબે હુ પોતેજ વાત કેમ કરી શકુ. હોમાન, ગુલબાદ અને પરશીવરદ જેવાઓ કે જેઓથી ગોદરેજ દુખી બન્યો હતો તેઓ પણ સઘલા એ બાબદમા સમાયલા છે તેથી મારો ચારો રેહેતો નથી એવા પાણીથી કાંઇ જેહાનમા નદી બની શકે નહી માટે મને મારો પોતાનોજ ઇલાજ કરવો ઘટે છે અને એની આગળથી મારા રસ્તો લેવો જોઇએ છે" પછી પીરાને તેને કહ્યુ કે, "એ પેહેલવાન ! તુ હમેશા જવાન અને રોશન રવાનનો રેહેજે. હુ જાણુ છુ અને એ સઘલુ મનગુર, રાગલ અને ચીનના ખાકાન જેવા પેહેલવાનોને કહુ છુ હુ અફ્રાસીયાબ આગળ પણ એક ઉટ સ્વારને મોકલીને તેને એ કેહેવાડી તેની શુધને ખાલી કરૂ છુ"

તુરાનીઓએ ઇરાનીઓ સાથે લડાઇ કરવા બાબે વિચાર કીધો અને છેવટે લડાઈ કરવાનાજ ઠેડાવ ઉપર આવ્યા તે વિષે.

પછી પીરાન ત્યાથી પવન વેગે પોતાના લશકર તરફ ગયો અને વીસેની તોખમના જે કાઇ હતા તે સઘલાઓને તેણે એકઠા કરીને તેઓ આગળ એ ભરમ ખુલ્લો કરતા કહ્યુ કે, "હવે ચડતી કે પડતી આવી લાગી છે. તમે જાણો કે તે સિહના જેવાં દિલનો શખ્સ રૂસતમ પોતેજ છે, અને તે આ લડાઇમા માહેતમ કરાવવાને આવ્યો છે જાબુલસ્તાનના બુજોર્ગો અને સિહ જેવા શખ્સો તથા કાબુલસ્તાનના નામદારો તથા ગોદરેજ, કેસવાદ, ગેવ અને તુસ જેવાઓ સાથે મરજી ઉપરાત આપણને અફસોસ સાથે લડાઈ કરવી પડશો જ્યારે રૂસતમના જેવો શખ્સ કીનો લેનાર અને રેહેનુમાઇ કરનારો બને તે જેહાનના સ્વારો તેની આગળ કેવી રીતે ટકી શકે ? તે તો તુરકી ગુનેહગારોને (પોતાના કબજામા) માગે છે અને તેને માટે તે નિર્દોશ શખ્સો (ના લોહી) થી પોતાનુ દિલ ધોવા માગે છે અત્રે એવો કોણ છે જે ગુનેહગાર નહી હોય અને તેને માટે (આપણા) પાદશાહનુ' દિલ દુખી થતુ નહી હોય તમો જુઓ કે આ મુલક વેરાન બનશે અને ઇરાની બાહાદુરોની મરજી મુજબનુજ કામ થશે. અત્રે બુઢાઓ કે જવાનો, પાદશાહ કે ખજાનો અને લશકર, તખત કે તાજ કાંઈ રેહેશે નહી એવુ બનવાથી ઇરાનના પાદશાહનુ દિલ ખુશી થશે અને અત્રેના બાહાદુરોને ફાળે ગમ અને દુખ આવશે. આ આટલા બધા લશકર સાથના બાહાદુરો

કે જેઓ દમામ, કૌવત તથા તાજ અને તખ્ત ધરાવનારાઓ પણ છે તેઓને માટે હું અફસોસ કરૂ છુ મે એ જુલમગાર પાદશાહ (અફરાસીયાબ)ને કહયુ પણુ હતુ કે, 'તુ એટલો બધો ગુસ્સાનો આતશ અને મગરૂરીનો પવન ના રાખ, કારણકે તુ તેથીજ અચગુચ બળી મરશે, તથા તારી અકકલ બળી જઇને તારી આંખ તથા દિલ સીવાઇ જશે' પણ તે જુલમગારે મારૂ કે તુરાનીઓની નામદાર અનજુમનનુ કહયુ કીધુ નહી તેણે તે મોટી પડવીના પાદશાહ (સીયાવક્ષ)ને ઉખેડી કાઢયો અને અકકલમદ બાધરોના કહેવા મુજબ તેણે અકકલ દોડાવી નહી. હવે તે તાજ કે તખત, જગી હાથીઓ, અને તખત કે કોલાહ કાઇ (બચેલુ) જોશે નહી હવે પછી તે તે સઘલાને તારાજ થઇ ગયલુ જોશે અને આ લડાઇના મેદાનમાથી કોઈપણ શખ્સ ખુશાલી સાથે ત્યા પાછો ફરશે નહી. ઘોડાઓની નાળથી તેઓ આપણને છુદી નાખશે અને ખુલેલુ આબદાર નસીબ કાલુ બનશે હોમાન માટે મારૂ દિલ દાઝે છે અને રૂઇન[1] માટે મારો જીવ બલી મરે છે રૂસતમનુ દિલ સીયાવક્ષ માટેજ કીનાભર્યુ બન્યુ છે અને તેના ચેહેરા ઉપર તમામ ગુસ્સાની કરચલી ચઢી છે માટે હુ તો ગમગીન બનીને ચીનના ખાકાન આગળ જઇને કીનો લેવાથી મારી ઉપર શુ આવી પડ છે તે હુ તેને કેહુ છુ" પછી તે લોહીથી ઉકળતા દિલે અને હોટોમાથી સરદ હાએ મારતો જડપથી ખાકાન આગળ ગયો. તેની છાવણીમા તેણે પુરાકલ રૂદન થતુ જોયુ અને તે છાવણી લોહીથી કેશર અને ગુલલાલાના રગની બનેલી દેખાઇ. તે લશકરમાના ઘણાકો કામુશના સગાઓ હોવાથી તેઓ ખાકાન આગળ ઇનશાફ મેલવવાને આવ્યા હતા તે દરેક શખ્સ તેને કહેતો હતો કે, "અફરાસીયાબ હવે પછી સ્વપને પણ મોટાઇ જોનાર નથી તેની પાસે લડાઈ વખતે લડી શકે એવો કોઇ પણ શખ્સ હતો નહી તો તેણે શામાટે લડાઇ કરવાને ઝીપલાવ્યુ હશે' હમો હવે કશાંનીના લશકરને આસુભરી આખો સાથે અને કીના સાથે ચીન તરફ પાછુ લેઈ જઇએ છીએ પછી હમો ચીન તથા બબરથી એક (મોટા) લશકર સાથે કામુસનો કીનો લેવાને (અત્રે) આવીશુ હમો અત્રે બજકુશ, સગશાર અને માજનદરાનથી ભારી ગુરજવાલા શખ્સોને લાવીશુ, કે જેથી તેઓ અત્રે રૂસતમનો જાન લે અને તેનો અવાજ કોઈ પણ કાનો વડે (હવે પછી) સમજે નહી. જો અફરાસીયાબ પણ એવીજ રીતે કીનો લેવા માંગતો હોય તો તમુને આરામ લેવો કે ઉઘ કાઢવી પણ ઘટતી નથી વળી ચગેઝ અને અશકબુસના ખાનદાનમાથી પણ ઢોલના અવાજ માફકનુ રૂદન ઉઠયુ છે તે ખાનદા-

---

૧ 'રૂઈન' એ પીરાનના બેટા પાય છે કે જે બેજનને હાથે માર્યો ગયા હતો.

નને લિધે દરેક શખ્સ દુખને સબબે કેશર (જેવા રંગના લોહી) ઉપર આંસુ પાડે છે અને આંખોમાં આંસુ સાથે એમ બોલે છે કે, 'હવેથી આપણે આરામ લેઈશું નહી અને ઉઘાઇશું નહી, પણ સીસ્તાનને આગમાં બલતું બનાવીશુ અને રાત અને દિવસને તેઓ ઉપર અકારા બનાવીશું. એ નામદાર કામુસના સોગમાં હમો જાબુલી રૂસતમના ડોકાંને સુલીએ લટકાવીશું હમો તેના શરીરને બાળી નાખીને તેની રાખને તેના ઘરના બારણા આગળ ઉડારી નાખીશું.'"

જ્યારે પીરાને એમ સમજયુ ત્યારે તેનું દીલ દુખી બન્યુ અને તેઓના સાઢ સમજીને તેનો ચેહેરો પણ ગમગીન બન્યો પછી તેણે તેઓને કહયુ કે, "ઓ દુખથી જરેલા, દલગીરી તથા ગમથી રૂડન કરતા નાચાર શખ્સો! તમો કાંઇ એવી વાત ઉપર બેશક રેહેતા ના. કારણ કે તમારો તો અત્રેજ અંત આવી જશે. (આપણી સામે) લડવાને માટે અત્રે એક દરીઆમાંનાં મગરમછ જેવો શખ્સ વાઘના ચામડાનુ બખતર પેહેરીને આવ્યો છે" પછી તેણે ખાકાન આગળ જઇને ફરીથી કહયું કે "આપણી આ લડાઈ ટુકી થવાને બદલે તો લાંબી થતી જાય છે. કારણ કે રૂસતમ પણ જયા જ્યાં ઇરાની લશકર હતું અને જ્યાં જ્યાં નામદાર સરદારો હતા તેઓને અત્રે લાવ્યો છે, અને તેથી આપણી સઘલી મેહેનત બરબાદ ગઈ છે એક ગેરઇનશાફી કામમાથી આપણે ઇનશાફ કેમ મેલવી શકીએ? જેહાનના પાદશાહ (અફ્રાસીયાબ)નુ મગજ એવું ફેરવાઈ ગયું કે તેને હાથે (નાહક) સીયાવક્ષ માર્યો ગયો વગર અકકલના કરશીવજની શિખામણીથી તેને હાથે આવુ બુરૂ કામ બન્યુ છે. જાબુલી રૂસતમ જેહાનનો માલેક અને મોટી પડવીના શીયાવક્ષને ઉછારી મોટો કરનાર દાઇ જેવો હતો. તેથી તે હાલે તેના તરફથી લડવા અને કીનો લેવાને તથા આસમાનને પણ જમીન ઉપર લાવી નાખવાની ઈચ્છાથી આવ્યો છે જ્યારે તે લશકરની હરોલમા લડે છે ત્યારે તેની સાથે પંજાથી વાઘ કે સુઢથી હાથી તથા ઉચો પાહાડ કે નાઇલ નદી પણ લડાઇ કરવાનુ પસદ કરતી નથી તે પોતાની નિચે રખશ નામનો ઘોડો ધરાવે છે કે જે લોહીનો દરીઓ તરી જવા માટે વાહાનની પણ અગત્ય જોતો નથી માટે જયારે દરેક તેની લડાઇ જોઇ છે ત્યારે તો હવે વગર ફેકટની લડાઇ કરવી આપણને ઘટતી નથી તે ગોયા બલુ આસમાન ઉપરથી આતશ માફક ઉતરી આવેલો લાગે છે જેને માટેના દુખથી આપણા દિલ (દાઝીને) ધુમારાથી ભરેલાં બન્યા છે માટે હવે તું તમામ ચપલ અકકલના ડાહયાઓને તથા મોબેદો અને સરદારોને બોલાવી મગાવ, અને એ કામનો ઉપાય શુ કરવો તથા આ મેદાનમાં લડાયક શખ્સો કોણ કોણ છે તે તુ જોઇ કાઢ સઘલા કામો ?વકાં કરવાં ઘટે છે તેમજ આપણને કાનાની છેડતીની સરૂવાત પણ કરવી જોઇતી

નથી. જો આપણે આટલાં બધાં હીના નસીબના બન્યા હોઇએ તો આ બલા-માંથી છુટીને આપણે આપણા મુલક તરફજ જતા રહીએ." ચીનના ખાકાને પીરાન(ના એમ બોલવા)થી દલગીર થઇને પુછ્યું કે. "જ્યારે આવું લડાયક લશકર આવ્યું છે તો હવે આપણને શું ઉપાય કરવો જોઇએ ?" ત્યારે શંકલે તેને જવાબ દિધો કે, "ઓ નામદાર ! એવી લાબી વાતો કરવાની અગત્ય શુ છે ? આપણે જંગલો અને દરીઆઓ ઓળંગીને અફ્રાસીઆબને મદદ કરવાને અત્રે આવ્યા છીએ આપણે તેનાથી ઘણોએક બદલો તેમજ હડીઓ મેળવેલો હોવાથી દરેક મુલકમાંથી આપણે ઉટાવલે આવ્યા છીએ તેથી જો આપણે લડાઇ કરવાથી હાથ ઉઠાવ્યે તો આપણે સિંહ માફક આવેલા કોલાંઓમાં ગણાઇશું આપણે રસ્તામા જરાપણ આશાયશ ભોગવ્યા વગર લડાયક સિંહો માફક અત્રે જડપથી આવ્યા છીએ એક કુતરા જેવો શખ્સ લડવા આવ્યો તેમાં તમારૂ કામ એટલુ બધુ બીગડી કેમ ગયુ ? એક શખ્સ માટે આવી મોટી વાતો કરવી એ શરમ ભરેલુ છે માટે તારે હવે બીજી રીતનીજ સરૂવાત કરવી ઘટે છે એમ ધારી લેઓ કે તે એક મસ્ત જનુની હાથી છે અને તે જંગના મેદાનમાં સિંહ જેવાઓને પણ કેદ પકડે છે કામુસ પેહેલવાનનુ મોત પણ કદાચને તેને હાથે આવ્યુ હોય તો તેથી તેને માટે એમ વિચારવત બનવુ ઘટતું નથી જો પીરાનજ રૂસતમથી બીહીતો હોય અને તેના ગમને લિધે તે અંધારી રાતે સુતો પણ નહી હોય તો તેને બીજા પેહેલવાનો વચેથી કોઇ માણસ તરીકે પણ ગણશે નહી હવે હુ મદદગાર તરીકે મારો હાથ લાંબો કરૂં છું અને એ રૂસતમ હવે પછી હાથીનો કે સિંહનો પણ હરીફ ગણાશે નહી. પીરાન જેટલુ કહે છે તેટલો હુનર પણ તે ધરાવતો નહી માટે તમોએ ખચીત કરીને એ કામમાં ધીરજ પકડવી ઘટે છે, અને સઘલાઓએ તેના કીનાને માટે દિલને ધોઈ નાંખવા ઘટે છે. દસલાખ લડાયકો વચે આપણી પાસે પુશકલ બાધુરો અને સ્વારો પડેલા છે, છતા ફકટ એક માણસથી આપણે એટલા બધા હીના અને દુખી બન્યે તો આપણે સઘળા મરી જવા વગર જીવ વગરના બન્યા બરોબર ગણાઇએ તેથી આપણે સહવાર પડતાં ગુરજ ઉઠાવીને એકદમ આ મેદાનમાંથી જડપથી બાહાર પડીશુ આપણે તમામ હવાને વસતની મોસમના વાદલ જેવી બનાવીશુ અને તેઓ ઉપર તીરનો વરસાદ છોડીશું. તે વખતે સ્વારોને લિધે ઉડતી ધુલથી અને ઢોલોના અવાજથી કોઇ પણ શખ્સ પોતાના પગ કે માથાને ઓલખી શકશે નહી. જેવો હુ તે કુતરા (રૂસતમ) આગળ લડવા જાઉ તેવાજ તમો ધુલને આસમાન તરફ ઉડતી બંધ કરજો (યાને લડાઈ બંધ કરજો) અને જયારે હું બુમો પાડી ધરપકડ કરૂ ત્યારે તમો સઘલાઓ એકદમ મારી તરફજ નજર દેડ.

વેલી રાખજો તેઓમાંથી એકપણ માણસ છટકવો જોઈતો નથી " જ્યારે પીરાને શકલથી એવી વાત સમજી ત્યારે તે બુટ્ટા શખ્સનુ દિલ જવાન બન્યું, પીરાને તેને કહયુ કે, " તું ગમ અને વિચારથી છુટો બની ખુશાલી સાથે જીવવુ કરજે) તમામ નામદારોએ અને ચીનના ખાકાને પણ તે હીન્દી રાજાની તારીફ કીધી જ્યારે પીરાન પોતાની છાવણીમાં ગયો ત્યારે મોટી પડવીના બીજા શખ્સો પણ ત્યાથી પોતાની જગ્યાએ પાછા ફર્યા હોમાન, નસતીહન, અને બારમાન જેવા શખ્સો ઘડીકમા દલગીર રેહેતા તો ઘડીકમાં ખુશાલી ભરેલા બનતા હતા હોમાને પીરાનને એવી વાત પુછી કે, "ત્યા તારી તકરારનો છેડો કેમ આવી ગયો ? તુ સુલેહ કરવાની અગત્ય જોતો હતો કે લશકર સાથે લશકરને લડવાની અગત્ય જોતો હતો " આથી ત્યા શકલ જે કાઇ બોલ્યો હતો અને સઘળુ લશકર તેની જોડે લડવાને એકમત થયુ હતું તે વિષેની સઘળી વાત હોમાન આગળ તેણે કહી હોમાન આવા સખત કામ માટે દલગીર થયો અને તે ઉંધા નશીબના શકલ ઉપર ચીરડાવા લાગ્યો. તેણે પીરાનને કહયુ કે, " જમાનો કવી રીતે ફરશે તે માટે આસમાન આગળ આપણો ચારો રહયો નથી " પછી તેણે (પીરાને) માર્ગમાથી જતા જતા ગુલબાદ આગળ જઇને કહયુ કે, " શકલ સાથે અક્કલ જોડાયલી હોય એમ લાગતુ નથી જે શખ્સને મે જોયો છે અને તેને માટે જે બાબુરેથી પણ સમજ્યુ છે તે જો ખરેખર રૂસતમજ હોય તો આએ કીનાના મેદાનમાં શકલ કે કુનદર કે મનશુર કે ચીનનો ખાકાન કોઇ જીવતા રેહેવાના નથી, અને આ સણગારેલા જોરાવર હાથીઓ કે આ તખત કે તાજ કે ખજાનો કાઇ બચવાનું નથી. માટે મારે હવે (છાવણીને) આ નાકેથી તે પેલે નાકે સુધી જઇને ફાયદો થશે કે નુકસાન થશે તેની તપાસ કરી લેવી જોઇએ તુ જોજે કે આ જેહાનને જીતનાર ભારી ગુરજવાલા મોટા લશકરમાથી બે તૃત્યાશ ભાગ ધુળમા ડટાશે તેઓના બખતરજ તેઓના કફન બનશે અને તોપીઓ લોહીથી ધોવાઈ જશે " ગુલબાદે તેને કહયુ કે, " ઓ પીલતન ! તુ તારીથી જેમ બને તેમ બુરીજ આગમચેટીઓ ના કર, અને એકી વખતે તારા દિલને ગમગીન ના બનાવ. એમ પણ બને કે તારા વિચારથી ઉલટુ જ પરીણામ નિપજશે. જે કામ નથી બન્યુ તેને માટે જો તુ દિલને ગમગીન નહી બનાવે તો તેથી તુ દલગીર પણ નહી થાય "

રૂસતમે પોતાના લશકર સાથે વાતચીત કીધી તે વિષે.

પેલી તરફ રૂસતમે પોતાના પેહેલવાનો જેવા કે તુસ, ગોદરેજ, રેહામ, ગેવ, ફરીબરઝ, ગસતહમ અને પેહેલવાન ખરરાદ તથા લડાઇનો અનુભવી

સરદાર ગુરગીન અને લડાઇમાં દીપી રેહેનાર એજન એ સઘળાઓને બોલાવી મગાવીને તેઓ આગળ કેટલીક વાતો કીધી. તેહેમતને તે અકકલમંદ, ચાલાક અને હુશીયાર મોબેદો આગળ કહયુ કે, "પરવરદેગાર જે કોઇને ભાગ્યસાલી બનાવે છે તેનેજ તાજ અને તખત ભોગવવુ લાયક થઈ પડે છે તેજ લડાઈમા જેહાનનો જીતનાર અને ફતેહમંદ બને છે અને તેને હાથીઓથી, મગરોથી અને વાઘોથી ડરવુ પડતુ નથી જોકે આ કાલી જમીન ઉપર આપણે પોતે જે જોર ધરાવ્યે છીએ તે પરવરદેગારથીજ મલે છે આપણને બુરા વિચાર કરવા ઘટતા નથી પણ યજદાનનો માર્ગ ધરવો અને અકકલ ધરાવવી ઘટે છે કારણકે જેહાન કોઈની થઇ નથી તેથી તેની ઉપર ઘણુ ખુશી રેહેવું જોઇતુ નથી આપણને હુનરમંદ અને સાચા માણસો બનવુ ઘટે છે અને જુઠાઈથી દૂર રેહેવુ જોઇએ છે જ્યારે પીરાન મારી આગળ ઉટાવલે આવ્યો હતો ત્યારે તેણે મારી સાથે દલગીર દિલે વાત કીધી હતી અને બોલ્યો હતો કે, 'સીયાવક્ષ સાથે તેણે કેટલી બધી ભલાઈ કીધા છતાં પણ તેને કેટલુ દુખ અને ગમ વેઠવો પડયો છે તેનાજ કેહેવાથી ફરંગીસ અઝદાહ જેવા અફરાસીયાબના મોઢામાથી છુટવા પામી હતી' વળી તે સાથે મારી પણ ખાતરી થઈ છે કે, પીરાન આ કીનામા પેહેલો માર્યો જાય તેની આગમચ તો તેનો ભાઇ, તુનુ ફરજંદ તથા તેના મોટી પદવીના અને નામદારી ધરાવનારા ઘણાએક બેસીઓ માર્યા જશે, ત્યારેજ કએખસરૂને હાથે અફરાસીયાબ માર્યો જશે કારણકે મે સ્વપનામા એમ જોયુ છે વળી તમો એમ પણ જાણજો કે તેઓમાનો એક પણ શખ્સ જીવતો રેહેશે નહી પણ તેઓ પગની નિચે મુવેલા પડશે તોપણ આ લશકરનો સરદાર (પીરાન) મારે હાથે માર્યો જાય એમ હુ ઇચ્છતો નથી કારણકે સચાઇ સિવાય તેનો બીજો ધંધો નથી, અને તેના દિલમા બુરા વિચારો પણ નથી. જો મે તેને જેમ કહયુ છે તેમ તે બજાવશે અને થઈ ગયલા ગુનાહને તે ઢાંકી દેશે અને જે કોઇ ગુનેહગારો હોય તેઓને તેઓની મીલકત સાથે આપણને સોપી દેશે તો કીનો જાજો આગળ વધશે નહી ત્યાર પછી મને લડાઈ કરવાની પણ અગત્ય રેહેશે નહી. જેહાનમાં સચાઇથી વધારે સારૂ બીજુ કાઇ પણ કામ નથી વળી આ તખત હાથીઓ અને આવુ નાઈલ નદી જેવું (મોટુ) લશકર ધરાવનાર નામદારો આપણી ઉપર તાજ અને ખજાનો (ચોહાઇ તરીકે) મોકલી આપશે તો તેઓ ઉપર પણ હુ હવે પછી ગુસ્સે રેહેવશ નહી તેઓ સઘલા આપણને ખંડણી આપવાની કબુલ કરશે અને આપણી સાથે લડાઇ અને સરકશી કરશે નહી તો આપણે કોઇને પણ મારી નાખવાનો ઇરાદો કરીશું નહી કારણકે નેકીના પોહોંચાડનારા પરવરદેગારે આપણને અકકલ અને ભલી રાહરીતીઓ બક્ષી છે.

આપણો મૂલક ખજાનો, તાજ અને તખતથી ભરેલો છે અને નેકબખ્ત લોકો સિવાય એવો હીસ્સો સઘલાથી મેલવી શકાતો નથી "

ગોદરેજે એમ સમજતાંજ ઉઠી ઉભો થઇને તેને કહયુ કે, " ઓ સખાવત કરનારા અને સાચા સરદાર ! તુ લશકર માટે થાંભ જેવો અને તખતને દિપાવનારો છે તારાથીજ તખત, તાજ અને પેહેલવાની કોલાહ દિપી રહે છે. રોશનીથી ભરેલી અક્કલ એ તારી પુજી છે અને તારૂ રવાન અક્કલ મારફતેજ ભલુ પરીણામ નિપજાવે છે. બેશક લડવા કરતાં શુલેહ કીધેલી ભલી ગણાય, પણ સંભાલજે કે તારી ગાય (યાને પીરાન જે તુને ગાય જેવો જણાય છે તે) ચામડાની હેઠલ છુપાયલી છે જો તુ હમણા સમજવા માગતો હોય તો હું તુને પુરાણા વખતની એક કેહેતી કેહેવશ કે, ' બુરી ખાશીયતના લોકોનો જીવ જ્યારે ગરદન ઉપર ભારી બોજા સમાન થઈ પડે છે ત્યારે તેઓ સચાઇથી વેગલા થાય છે ' જો તે હાલે નાચારી સાથ કોલકરાર કરતો હોય તોપણ તે પાછલથી કાંઇ તજવીજ કરીને તે (કોલકરાર)ને ઉલટાવી નાખશે. જ્યારે પરવરદેગારે તેને એક જુઠા તરીકેજ પેદા કીધો છે તો તુ તેના જુઠા સખુનોને જોયા વગર માની ના લે જ્યારે પેહેલવેહેલા હમે લડાઈ કીધી હતી ત્યારે પણ હમારી વચે એવીજ (સુલેહની) વાતચીત થઇ હતી, અને હમે એ લડાઈના કામથી અટકયા હતા એ બાબે પીરાન તરફથી એક કાસદ આવ્યો હતો અને કહયું હતુ કે, "હુ (પીરાન) લડાઈ કરવાથી અને કીનાના મેદાનથી બેજાર થયો છું. મે તો પાદશાહ (અફ્રામીયાબ)ની ચાકરી કરવાને કમર બાધી છે, પણ હુ મુલકો અને લડાઇઓ જીતવાનુ પસદ કરતો નથી ' તેણે મારી પણ ઘણીએક શિખામણો અને વાતો સમજી હતી અને મને કેહેવાડયું હતુ કે, ' હવે પછી લડાઈ મારો શાથી બનશે નહી ' તેણે વળી કેહેવાડયું કે, ' હું અત્રેથી જઇને એ બાબેની જડપથી તૈયારીઓ કરૂં છું અને જે કાંઈ બન્યુ છે તે મારા સગાઓને કહુ છુ મારી પાસે જે તખત, ખજાનો અને ગાય ઢોર છે તે ઉપરજ હું મારી પડવી પ્રમાણે રહેવશ.' મેં તેને કેહેવાડયુ હતુ કે, ' જો તું અત્રેજ આવશે તો સારૂં, કારણકે તુને ઇરાનમાંથી પણ તખત, ખજાનો, અને સુખી જીદગી મળી શકશે તું પાદશાહ ખસરૂની આગળ એક ખુનુ પકડીને બેસજે કે જેથી તારીથી વધુ ગુનાહ થઇ શકશે નહી ' જ્યારે હમે એમ કેહેવાડયુ ત્યારે પીરાન આગલું કામ કરવા તરફ પાછો ઢલ્યો અને અધારી રાતે પવન સાથે મળી ગયો તેણે (છુપાછુપ) એક ઉટસ્વારને પાદશાહ અફ્રાસીયાબ આગળ મોકલીને કેહેવાડયું કે, ' દુશમન આવ્યા છે, માટે તુ લશકરની તૈયારી કર. ' જ્યારે તેણે જાણ્યુ કે પીરાનને મદદની ઘણી અગત્ય છે ત્યારે તેણે લશ્કરને તૈયાર કરીને લડવા મોકલી આપ્યુ.

દસમે દિવસે તો તેણે લશકરને મેદાનમાં પણ ઉતાર્યું અને તે લશકર તમામ જમીન ઉપર પંઠરાઇ ગયુ માટે ઓ લશકરના પેહેલવાન ! હાલે તે તારી સાથે પણ એક નવી તદબીર રચવાનો પાયો નાખતો હશે હાલે તે તારી કમંદની ધાસ્તી ખાઇ ગયો છે અને તેના બીધેલા જીવની સુધ પણ ખુલ્લી થઈ ગઇ છે. કામુસ, ફરતુસ અને સગસાર જેવા પેહેલવાનો તેઓને ટેકો સનાન લાગતા હતા પણ જ્યારે તેણે કામુસનું નસીબ ઉધુ વલી ગયલુ જોયુ અને તેને કમંદના ફાંસામાં પકડાઇ માર્યો ગયલો જોયો ત્યારે હવે તે હાલે સુલેહ સોધે છે, અને મેદાનમાં બેસી રેહેવાની હીમત કરી શકતો નથી જ્યારે તેણે પડતીને નજદિક આવી લાગેલી જોઇ છે ત્યારે તે હવે તરકટ અને કાવત્રાંઓને કાંમે લગાડે છે, અને ગુનેહગારોને તેઓની દોલત અને મીલકત સાથે તારી નજદિક લાવવાને કબુલે છે. પણ જ્યારે લડાઇના ઢોલ વાગશે અને ફરીબરૂજ તથા તુસ લડાઇમાં ઉતરશે ત્યારે તુજ પીરાનને હરોલમાં સપેહસાલાર બનેલો અને તેને નવી નવી રીતે લડાઇ કરતો જોશે તેણે તુને જે કાંઇ કહયુ છે તે સઘલુ ખોટું છે. હારેમન સિવાય તેનો બીજો કોઇ જોડયો બની શકે નહી. જો તુ મારી શિખામન નહી માનતો હોય તો મારા બેટા બેહરામના હાલ (કેવા થયા તે) તરફ તું જો. તેણે તે જગ્યાએ (યાને જ્યાં તે ચાબુક સોધવા ગયો હતો ત્યાં) લશકરને મોકલી આપ્યુ અને તેણે જેહાનમાં આપણી સાથે એવી રીતનું (તેને મારી નાખવાનુ) કામ કીધું. વળી તેણે લડાઇમાં ગોદરેજના ખાનદાનીઓના કેવા હાલ કીધા તે તો તુ જાણે છે. મે ચદ્રના, આદરગુશસ્પના આતશના અને પાદશાહના તાજના સોગદ લીધા છે[1] કે, જ્યાં સુધી હું જીવશ ત્યાં સુધી હુ લોહીનાજ આંસુ પાડશ અને મારાં દુખનો ઉપાય એક હીન્દી તલવાર (થી કીનો લેવામાજ) બનશે"

જ્યારે રૂસતમે એમ સમજ્યું ત્યારે તેણે ગોદરેજને કહયુ કે, "તારૂં કેહેવું અકકલ સાથે જોડાયલુ લાગે છે. પીરાન એવોજ છે અને તે કાંઈ છુપી વાત નથી કારણકે એ બુઢો કાંઇ આપણી તરફ દીલસોજી ધરાવનારો નથી, તોપણ હુ તેની ભલી ચાલને લિધે તેની સાથે લડવાનુ પસંદ કરતો નથી. તેણે આપણા ઇરાની પાદશાહ (ખસરૂ) સાથે શુ શુ કીધુ છે? અને સીયાવક્ષને લગતા કાંમ માટે તે કેટલો બધો દલગીર થયો હતો. જો તે પોતાનુજ બોલેલુ ફરી જશે અને આપણી સામે લડાઇ કરવાને આવશે તો તેને આ ફાંસાથી બાંધી લેવાને માટે તો હું મારી પાસે કમંદ ધરાવુ છું, કે જેમાં હુ જોરાવર હાથીઓને પણ

---

૧. એ બેત લખેલી નકલમા વધારે છે.

કેદ પકડું છું. તે આપણી આગળ પેહેલો ભલા વિચારથીજ આવ્યો છે તો તે હવે લડાઈ કે કજીયો સોધશે નહીં. પણ જો તે પોતાનાંજ બોલેલાંથી ફરશે તો તે આપણાથી દુખ અને ગમમાં ગીરફતાર બનશે." ત્યારે ગોદરેજે અને તુસે તેની તારીફ કરતાં કહયું કે, "તારે માટે સુરજ પણ અફસોસ ભર્યો બનતો નથી. પીરાનની ફરેબ ભરેલી અને જુઠી ઠગાઇવાળી વાત તારી આગળ પ્રકાશ પકડી લેશે (યાને તેના જુઠા ઢોંગ તારી આગળ ચાલી શકશે નહી) જેહાન હમારા પાદશાહના ડોકાં અને તાજ વગરની બનતી ના અને તુ હમેશાં તેના તખત આગળ હાજર રેહેજે" રૂસતમે કહયુ કે, "હવે રાત વધારે અંધારી બની છે અને વાત કરવાથી આપણા મગજો ઠાકી ગયા છે, માટે આપણે જઇને અરધી રાત સુધીમાં જમી લેઇએ અને અરધી રાત લશકર માટેની જન્જાલમાં ગુજાર્યે જેહાનનો પેદા કરનાર એમાંથી શુ ખુલ્લુ કરે છે અને શું છુપાવે છે તે આપણે જોઇશું." વળી તેણે ઇરાનીઓને કહયુ કે, "આજે રાતે હુ દારૂ પીતા પીતાં એક સારી આગાહી કરૂ છુ, કે આવતી કાલે પેલો સામેસ્વારનો ગુરજ કે જે વડે મે માજનદરાંનમા લડાઇ કીધી હતી તે હું ગરદન ઉપર ઉઠાવશ અને લડાઈના મેદાન તરફ જવશ તે વખતે મગર જેવા શખ્સોથી પણ મારી સામે ટકી શકાવાનુ નથી. જો તે વખતે હુ હુમલો કરવાનેજ કમર બાંધશ તો તમામ છાવણી, તાજ, ગુરજ, તથા વળી જબરા હાથીઓ અને હાથીદાંતના તખતો એ સઘલું લાવીને હું ઈરાનીઓને સોંપી દેવશ." આથી પાદશાહના વફાદાર નામદારો વચ્ચે ખુશાલીના પોકારો ઉઠી રહયા. પછી જ્યારે સઘળા ઇરાનીઓના મગજ દારૂથી ગસ્ત બન્યાં ત્યારે ઈરાની સિંહ બચ્ચાઓ પોતાના તંબુઓ તરફ પાછા ફર્યા અને તેઓને ઉઘાવાની તથા આરાયશ લેવાની અગત્ય જણાઇ

ઈરાનીઓ અને તુરાનીઓએ લશકર તૈયાર કીધું અને તેઓએ સામતી લડાઈ કીધી તે વિષે.

જયારે સુરજે પોતાનુ પ્રકાશીત તાજ દેખાતુ કીધુ અને ચન્દ્રનો ચેહેરો રૂપેરી ઢાલ જેવો બન્યો તથા તે ચંદ્રએ લોકોની વાતચિતથી બીહીને નિચાનમા ઉતરી જઇને પોતાનો ચેહેરો છુપાવી દિધો, ત્યારે તુરાની દરગાહમાંથી વાજીં-ત્રોના અવાજ સભલાવા લાગ્યા અને ઘોડાઓથી ઉડતી ધુલથી જેહાન સીસમ જેવી કાલી બની. જમીન ગુલીના રંગની બની અને હવા ધુલારાંથી ભરાઇ ગઇ. ત્યારે રૂસતમે પણ લડાઈના હથીયાર સજી લીધાં. ઇરાની લશકરે સફ સમારી અને તેમાં જે બેટાઓ હતા તેઓ લડાયક અને જેઓ બાપો હતા તેઓ કીના ભર્યા બન્યા. કેશવાદનો બેટો બખતર પેહેરીને તથા ગુરજ પકડીને જમની

તરફ ઉભો ફરીબરૂજે પોતાની જગ્યા લશકરની દાબી પાંખે પસંદ કરી લિધી. તેની સાથના નામદારોના દિલ પણ કીનાથીજ ધોવાયલાં બન્યાં. નોજરનો બેટો તુસ લશકરના મધ્ય ભાગમાં ઉભો. તે વખતે જાણે જમીન ઉપર ભાલાઓ માટે પણ જગ્યા રહી હતી નહી. તેહેમતન પેહેલવાનોને દુશમનોથી બચાવવા માટે લશકરની હરોલમાં આવ્યો

પેલી તરફ ખાકાન લશકરના મધ્ય ભાગમાં જઇ ઉભો અને તેના હાથી-ઓથી ત્યાંની તમામ જમીન ગુલીના રંગની બની. શિંહ જેવો કુનદર કે જે લડાઈ વખતે એક બાધુર સ્વાર ગણાતો હતો તે જમની બાજુએ રહયો લડાઇનો અનુભવી કેહાર દાબી બાજુએ રહયો અને તેના સ્વારોના ઘોડાની નાળથી જમીન ધ્રુડાઇ જવા લાગી. પીરાન લશકરની હરોલમા ફરતો રહયો અને તેણે કીનો ઇચ્છનારા શંકલ આગળ જઇને કહયુ કે, "ઓ હીન્દના નામદાર! શરવાનના મુલકથી તે સિંધ સુધીના મુલકો તારા હોકમ હેઠેલ છે તે તો મને એમ કહયું હતુ કે, આવતી કાલે બામદાદે હું ચોબાજુએથી લશકરને લડવા માટે લાવીને ઇરાની પેહેલવાનો સાથે લડાઈ કરીને કોઇ પણ જવાન કે બુઢા શખ્સને હુ જીવતો રેહેવા દેવશ નહી. ત્યાર પછી હું રૂસતમ સાથે લડાઇ કરી તેનાં ડોકાને વાદલ સુધી ઉચું ઉડારીને ધુલમાં નાખશ" શંકલે તેને જવાબ દિધો કે, "હું મારા કેહેવાથી ફરવાનો નથી અને તેમ કેહેવામાં તું સરાહગાત પણ જોશે નહી. હુ હમણાજ તે પેહેલવાનોને પકડનારા રૂસતમ આગળ જઇને તેના શરીરને તીરની અણીથી સીવી લેવશ હુ લડાઈ કરીને તેના ઉપર કામુ-સનો કીનો લેવશ અને ઇરાનીઓના કામને મુશકેલ બનાવશ." પછી તેણે તુરતજ લશકરને ત્રણ ભાગમાં વેહેચી નાખી ઢોલ વજડાવીને તે મેદાનમાં ધુલને ઉડતી કીધી. જોરાવર હાથીઓ સાથના લશકરનો એક ભાગ ત્યાંથી ઉપડયો જેની હાર બે માઇલ સુધી ખેચાઇ. હાથીના માવતોના માથાં તરેહવાર રંગના કપડાંથી અને સંગારથી સંગરાયલાં હતાં અને તમામ માવતોએ તાજ તથા કાનમાં કરી પેહેરી હતી. તેઓની ગરદન સુનાની સાકલીઓથી સંગરાયલી હતી અને કમરે સુનેરી કમરબંધ બાંધ્યા હતા હાથીઓ ઉપર ચીનાઈ રેસમી કપડાં પાંઠરીને તેની ઉપર તખતો અને સુનાની અમબારીઓ મુકી હતી. જેવો ઉમેદથી ભર્યો ખાકાન ખુશાલ દિલે સફેદ હાથી ઉપર બેઠો તેવાજ સરનાઇ ફુકાવાના અવાજો સાથે જબરા હાથીઓએ ત્યાંથી કુચ કરવા માંડી. ખાકાનની જમની બાજુએ ત્રીસ હજાર બાધુરો અને નેજાવાલા સ્વારો આવી ઉભા. જ્યારે દાબી બાજુએ ત્રીસ હજાર પેહેલવાનો કમાનો અને ચીનાઇ ઢાલ સાથે આવી ઉભા. ચીનના ખાકાનનો હાથી લશકરના મધ્ય ભાગમાં ઉભો અને એ રીતે તમામ

જમીન લીપાઈ ગઈ. પછી શંકલે હાથમાં હીન્દી તલવાર પકડીને લશકરની બે હારો વચ્ચેથી ચાલવા માડયુ. તે પગથી તે માથાં સુધી હોમાય પક્ષીના પીછની વણતવાલી એક હીન્દી છતરીથી ઢંકાયલો હતો તેની પુઠે તથા તેની જમની અને ડાબી બાજુએ જેઓની તેને અગત્ય હતી તેઓ ચાલયા જ્યારે પીરાને એ પ્રમાણે જોયુ ત્યારે તે દિલથી ખુશી થયો અને તેણે તેહેમતન સાથની લડાઈ માટેની મનની ચિંતા દૂર કરી નાખી તે હોમાનને કેહેવા લાગ્યો કે, "જમાનો આજની લડાઇને આપણા દિલની ખાહેશ મુજબની બનાવશે આ અસબાબ સાથે આટલા બધા બાહાદુર સ્વારો જેઓમાંનો દરેક સિંહ જેવો નામદાર છે એટલે તુ આજ રોજે તારા પગને સફની બાહાર કાઢતો ના, અને આજે તથા કાલે તું લડાઇનો વિચાર પણ કરતો ના. તારી ખાહેશ પણ લડાઈમા હોમાવાની લાગતી નહી હોવાથી તુ ચીનના ખાકાનની પુઠેજ ઉભો રેહેજે. જો તે જાબુલી તુને ;તારા વાવતા અને લશકર સાથે ત્યાં જોશે તો તારૂં કામ મુશકેલ થઇ પડશે માટે આપણુ કામ કેવુ થાય છે અને આપણું નસીબ કેવી બાજી રમે છે તે આપણે જોઇશુ"

પછી તે ત્યાંથી જ્યાં પેહેલવાન પીલતન હતો તે તરફના ઈરાની લશકરમા ગયો અને ઘોડા ઉપરથી નિચે ઉતરી તેણે તેને કેટલીક દુવાઓ દિધી કે, "ઉચું આસમાન તારાથીજ જલકાટ પકડે છે. માટે તારા ઉપર કોઇપણ જાતની વિપતી આવી પડતી ના, અને તારો વખત પડતીમાં રેહેતો ના.' ઓ પેહેલવાન! જ્યારે હુ તારી આગલથી ગયો, ત્યારે મે તારો પેગામ (તુરકી લશકરના તમામ) જવાન અને બુઢાઓને પુગાડયો તારી જે કાંઇ ખુબી હતી અને તે ખુબી ગાવાની જેહાનમા કોઇનામા શક્તિ નથી, તે સઘલી મે તેઓને કહી મે તેઓ આગળ સુલેહ તથા લડાઇની વાતો વિસ્તારીને કહી અને તારે માટે પણ જાતજાતની વાતો કહી. પણ આખરે તેઓ બોલ્યા કે, 'આપણે એ પ્રમાણે કરીજ કેમ શકીએ? તેની મરજી મુજબ આપણે આપણો કાનો કાઢી નાંખીને ખજાનો, સુનુ, માલ અને સગારવાલી ચિજો જે તે આપણી પાસેથી માગે છે તે આપણે આપી પણ શકીએ, પણ ગુનેહગારોને તો તેને આપી શકાય નહી.' માટે તું ધ્યાન પુગાડ અને એ ખાનગી વાતો ઉપર તું ફરીથી વિચાર કર. જેમ તું જાણે છે તેમ જે કોઇ ગુનેહગાર છે તે તો અફરાસીયાબનાજ સગાઓ છે. માટે તું એવી ઉટાવલી વાત ના કર તું હમારી પાસેથી જેઓને માંગે છે તે સઘના મોટા દરજાના, બુજોર્ગો તથા તખત અને તાજના ધરાવનારાઓ હોવાથી તેઓને હમે તુંને કેમ સોપી શકીએ અને એમ બનીજ કેમ શકે? એ માટેની ફીકરથી તો જમાનો પણ બુઢો બની જાય છે.

વળી ચીન, સકલાબ, ખતલાન અને તુરાન જમીનમાંથી એવું મોટું લશકર આવ્યું છે. અને હવે તેઓ પુછે છે કે "આટલા બધા લશકરને જમીન અને દરીઆ માર્ગે અત્રે લાવીને હવે અફ્રાસીયાબ સુલેહ શાને માટે કરવા માંગે છે?" મે તો તેઓને ઘણા ખુબીભર્યા જવાબ દિધા અને હાલે હું તેઓ આગળથી તારી આગળ (એ સઘલું કેહેવાને) જડપથી આવ્યો છુ તેઓ પાસે દરીઆના પાણી જેટલું લશકર હોવાથી તેઓ લડાઇજ કરવાની ઉટાવલમાં પડયા છે તેઓ પોતાના હાથ પગને પણ ઓલખી શકતા નથી અને તુને તો તેઓ કુતરાનેજ નામે ઓલખે છે હીન્દુસ્તાનનો પાદશાહ પોતાની તીર કમાન અને હીન્દી તલવાર સાથે તારી સામે લડવા આવવા માંગે છે. પણ એ સઘલું લશકર તું પીલતનથી સેવટે રડતુજ બનશે એવી મારી ખાતરી છે."

જ્યારે રૂસતમે એમ સમજ્યુ ત્યારે તેણે ઘણોજ ગુસ્સે થઇને પીરાનને કહયુ કે, "ઓ બદબખ્ત! તું આવી ડાહાપણ સાથની ફરેબ ભરેલી વાતો શુ કામ કરે છે? તુ તારી ધાસ્તી વચે કેવી રીતે ટકી શકવાનો છે? મને જેહાનના પાદશાહ ખસરૂએ જાહેરમાં તેમજ ખાનગી રીતે તારી જુઠાઇની ઘણીએક વાતો કહી હતી પણ હાલે જ્યારે હુ તારૂ ડાહાપણ અને તારા વિચારો જોઉ છું ત્યારે પગથી તે માથાં શુધીની તારી જુઠાઇ મને માલમ પડી આવે છે પણ તું વગર ફોકટનો તારાજ લોહીમાં તકફ્ડીઆં મારતો પડશે તેજ બુરૂ ગણાશે અને તેથી વધારે બુરૂ તો હવે પછી થશે હાલે તુ જે જમીન ઉપર રહે છે તે જો બેહેસ્ત જેવી હશે તોપણ તે દોજખ જેવીજ બનશે વળી મેં તુને કહયુ પણ હતુ કે 'આ વગર ઇનિશાફની સુમીયત ભરેલી જમીન છોદીને તુ (ઇરાનની) આબાદ જમીન ઉપર આવ કારણકે જેનુ ડોકુ અઝદાહાના મોઢાંમાં હોય તેની જીદગી કીમત વગરની ગણાય છે' માટે (ત્યા આવવાથી તો) તુ તે ઇનશાફવાલો અને દયાલુ પાંદશાહ કે જે જવાન, સખાવતનો કરનારો અને ખુબસુરત છે તેને જોઇ શકશે પણ તુંને તો જાતજાતના વસ્ત્રો અને રેશમી કપડાંઓનાં કરતાં સાંપનુ માંસ અને વાઘનુ ચામડુજ ઘણુ ગમતુ હોય એમ જણાય છે. પોતાનુ તોખમજ બરબાદ કરીને તેમાંથી ફળ નિપજાવવાનો દાવો તારી માફક બીજો કોઈ કરે નહી."

પીરાને તેને જવાબ દિધો કે, "ઓ નેકબખ્ત! તારૂં સોભઈતુ ઝાડ (યાને શરીર) ફળદરૂપ અને ખુશાલ રેહેજો એવી સઘલી (ડાહાપણની) વાતો તારા સિવાય બીજુ કોણ જાણે છે? માટે તારી ઉપર સરદારોની દુવા ઉતરજો મારો જીવ અને મારૂ દિલ તારાં ફરમાન હેઠેલ છે અને મારૂં રવાન તો તુને હમેશનુ ગીરવી મુકેલુ છે. તુ મને ફકટ આજની એક રાત બક્ષ કે હુ તેના ઉપર એકલો

વિચાર કરૂં અને વળી તુરાની લશકર સાથે પણ એ વાત કરૂ." એટલું કહીને તે તુરતજ પોતાના લશકર તરફ ગયો, પણ તેનુ દિલ તો જુઠાઈથી ભરેલુ અને મગજ કીનાથીજ ભરેલું રહયું હતું જ્યારે પીરાન તે બંધે લશકર વચેથી પાછો ફર્યો ત્યારે જમીન એક પ્રકાશતા પાહાડ જેવી બની હતી. રૂસતમે ઇરાનીઓને કહયુ કે, "હવે મે તો લડાઇ કરવા માટેજ કમર બાધેલી છે તેથી તમો સઘલાઓ પણ તમારાં મગજને કીનાભર્યાં બનાવો અને તમારા લડાયક ભવાંઓ ઉપર ગુસ્સાનીજ કરચલી ચઢાવો કારણકે આજે એક ભારી લડાઇ થશે જેમાંથી મેઢાઓ અને વરૂઓનો તફાવટ માલમ પડી આવશે. મને પેલા નજુમીઓએ કહયુ છે કે, 'મારૂં દિલ એ લડાઇથી દુખી થશે, કારણકે એ લડાઇ બે પાહાડ જેવા લશકર વચ્ચે થનાર છે અને બંધે તરફના લશકરના રેડાયલા લોહીથી આ જમીન પણ ધોવાઈ જશે લડાઇના અનુભવી સરદારો અત્રે ભેગા મલશે અને એ લડાઇમાં જેહાનના પેહેલવાનો માર્યા જશે જે કોઈ મારી આગળ લડવા આવશે તેઓની કીનાની અસર આ જમીન ઉપરથી છુપાઈ જશે અને તેઓના પોલાદી ગુરજો મીન જેવા નરમ બનશે ' માટે તમો કાંઈ એ લડાઇ માટે તમારા દિલને દુખી કરતા ના. જો ઉચું આસમાન મને યારી આપશે તો હુ તે (હીન્દી રાજા)ના બે હાથોને કમંદના ફાંસામા બાંધશ. તમો સઘલાઓ પણ તે તુરકી નામદારોથી ગભરાયા વગર ટોલાબંધ સાથે રહીને લડજો જો એ લડાઈમા મારૂં મોત પણ નિપજશે તો અંજુમન વચેથી મારૂ નામ ગુમ થવાનું નથી " (હવે સાયર અત્રે કહે છે કે, "ઓ ભાઇ !) તારે પણ તારૂ નામ અત્રે લાબો વખત રાખી જવું જોઇએ. જો તું નહી રેહવા માંગતો હોય તો આવાં કામો પણ કરતો ના. તુ તારાં દિલને ત્રણ પાંચ દિવસની દુન્યા ઉપર બાંધતો ના, અને એ નુકશાનકારક દુન્યા ઉપર તું ઘણો નચિંત પણ રેહેતો ના. જો તારૂ રવાન અકલનુ સાથી બનશે તો તુને ભલા ભુડા દિવસોને ગણવા પડશે નહી તાજના અને ખજાનાના માલેકો પણ આ ત્રણ પાચ દિવસની દુન્યા ઉપર દિલ બાંધતા નથી." પછી લશકરે રૂસતમને જવાબ દિધો કે, "તારૂં ફરમાન આસમાન અને ચંદ્રથી પણ ચઢતું છે. હમો તિક્ષણ તલવારથી એવી તો લડાઇ કરીશુ કે જેથી હમારૂં નામ રસ્તાખેજ ગુધી યાદ રહી જશે." એટલુ કહયા પછી ઢોલોના અવાજ નિકળ્યા અને હવા કાળી તથા જમીન સીસમ જેવી બની બંન્ને બાજુનુ લશકર નજદિક આવતું ગયાથી તુ કેહેશે કે જાણે શમશીર અને તીરોના વરસાદ સાથનુ કાલુ વાદલ ચઢી આવ્યું છે અને તેનાથી જેહાન પણ દામરના દરીઆ જેવી કાલી બની છે તથા તીરોની પોલાદી અણીઓથી અને ઓકાબ પક્ષીના પીછોથી પ્રકાશતા સુરજનો ચેહેરો

પણ કાલો થયો છે. તું કેહેશે કે ભાલાની અણીઓ ધુલારા વચેથી જાણે લોહીથી ખરડાયલા તારાઓ હોય તેમ લાગે છે. ગાયરૂપી ગુરજના સખત ફટકાઓથી તુ કેહેશે કે જાણે આસમાનમાંથી પથરા પડે છે અને બલું રંગની પ્રકાશતી તલવારોથી જાણે વસંતના વાદલો લોહીનુ પાણી રેડે છે, અને ભારી ગુરજોના ફટકાઓથી જાણે લુહાડના હથોડા પડતા હોય તેમ લાગે છે (ત્યાં પડેલા) લોહીમાં અને મગજોમાં કાંતા અને ધુલ ભરાઇ ગઈ, અને સરદારોની તોપીના ચુરેચુરા બન્યા સફેદ માથાનો ગોદરેજ બોલવા લાગ્યો કે, "જયારથી મે મરદાનગી દેખાડવાને કમર બાંધી છે ત્યારથી મે એવી લડાઇ થઇલી જોઇ નથી, જેહાન મુવેલાંઓથી એવી રીતની બની હોય અને એક પડે તો બીજો લડવાને તૈયાર થયો હોય એવી વાત બાહુરોને મોઢેથી સમજી નથી

સંકલ સાથે રૂસતમે લડાઇ કીધી અને તે રૂસતમના હાથમાંથી છટકી ગયો તે વિષે.

પછી શંકલે લશકરની હરોલમાંથી પોકાર કરીને કહયું કે, "હું પેહેલવાનોને નિચે ફેંકનાર લડાયક છું. તેથી પેલો સગજી બચો હવે લડાઇમાં કેવી મરદાનગી ધરાવે છે તે અને તેની લડાઇ કરવાની રીત કેવી છે તે આપણે જોઇશુ." પછી તેણે લડવાની જગ્યા તરફ પોતાનો ઘોડો હકારીને મેદાનમાં આવી પોકાર માર્યો કે, "પેલો સગજી[1] બચો ક્યાં છે? હવે તે મારી સાથે લડવા આવે તો સારૂ" જ્યારે રૂસતમે કાનોથી શંકલનો એ પોકાર સમજ્યો, ત્યારે તેણે લશકરમાંથી તેના તરફ નજર કીધી અને તેને જોઇને બોલ્યો કે, "હુ પરવરદેગાર પાસેથી જાહેર તેમજ છુપી રીતે એવુંજ ચાહાતો હતો કે પરદેશીઓના આવાં ભારી લશકર વચેથી કોઇપણ બાહુરી દેખાડે અને મારી સાથે લડાઇ કરે. તોપણ હું શંકલને કે ચીનના ખાકાનને તથા તુરાન જમીનના પેહેલવાનો અને બાહુરોને જીવતા રહેવા દેવાનો નથી." પછી તેણે શંકલ આગળ આવીને પોકાર કીધો કે, "ઓ એ બુન્યાદ અને નિચ તોખમના શખ્સ! જાલેજરે તો મારૂં નામ રૂસતમ આપ્યું છે ત્યારે ઓ બદ તોખમના! તુ મને સગજી કરીને કેમ બોલાવે છે? તું જોજે કે એ સગજીજ તારૂં મોત બનશે અને તારૂં બખતર તથા લોઢાની તોપી બેશક તારૂં કફન બનશે." એટલું કહી પીલતને પોતાના હાથમાં જીવને છીનવી લેનારો નેજો પકડીને તેની આગળ *પવનવેગે ધસી જવા માટે પોતાના પાહાડ જેવા ભારી ઘોડાને ત્યાંથી આગળ

---

૧ 'સગજી' એટલે કુતરાના જેવો.

દોડાવ્યો, અને ફીનો લેવા માટે પોતાની પેહેલવાની બાજુને ખુલ્લી કરીને તેને એક નેજાનો ફ્કકો મારી જીન ઉપરથી ઉચકી લિધો અને તેને ઉડલાવી નાખીને જમીન ઉપર ફે કયો પછી રૂસતમે તેની આગળ જઇને પેહેલી તિક્ષન તલવાર (તેને કાપવાને) હાથમા ધરી. પણ તેવાંમાં સાંમખી બાજુએથી તુરકી, સકલાબી અને હીન્દી બાધુરોએ ત્યાં ધસી આવીને તે પેહેલવાન ઉપર ઝેહેર પાયલા તીરો વડે એક હુમલો કીધો, અને રૂસતમને એક ગોરખર માફક આસપાસથી ઘેરી લેઇને તે જોરેમંદ હાથીના કબજામાંથી શંકલને છોડવી લિધો એ પ્રમાણે શંકલે પોતાના દિલ ઉપર બખતર હોવાથી શરીરને કાંઇ પણ ઈજા વગર રૂસતમથી પોતાનો જીવ બચાવ્યો. પછી શંકલે ભવાં ઉપર ગુસ્સાનો ચિલ્લો ચઢાવી ચીનના ખાકાન આગળ દોડી જઇને કહયુ કે, "એ રૂસતમ કાંઇ માણસ નથી. તેનો જેહાનમાં કોઇ પણ હરોફ જણાતો નથી. તે પાહાડ જેવા ઘોડા ઉપર એક જબરદસ્ત હાથી હોય એવો લાગે છે તેની સામે ફકટ આ ભેગું લશકરજ લડી શકે. જો કોઇ પણ તેની સામે એકલો લડવા જશે તો તેમ કરવાથી તે તેના હાથમાંથી છુટકારો પાગી શકશે નહી" ત્યારે ખાકાને તેને કહયું કે, 'આજે સહવારે તો તુ બીજી રીતના વિચાર જણાવતો હતો અને જુદીજ વાતો કરતો હતો."

પછી ખાકાને પોતાના ભેગા લશકરને તેના ઉપર એક પાહાડ માફક ધસી જઈને તેને તેના નામદારો તથા બાધુરો સાથે વચમાં ઘેરી લેઇ તેઓનો અત લાવવા ફરમાવ્યાથી તે તુરાની લશકર તલવાર સાથે તેના ઉપર હુમલો કરવાને પાહાડ માફક ધસી ગયુ આથી સિહ જેવા રૂસતમે પણ તુરતજ તલવાર ઉપર હાથ નાંખીને તે ચીનાઇ લશકરની વચલી પાંખને ફારી કાઢી. તે જ્યાં જ્યાં તલવાર ઉગામતો ત્યાં ત્યાંથી માણસોના ડોકાને મેદાનમાં ઉડારતો હતો તેની સાથે લડાઇ કરવામાં પાહાડના પણ આશરા હતા નહી અને હાથી જેવાંથી પણ તેની નજર આગળ ટકી શકાતું હતુ નહી તેઓએ એવી રીતે આસપાસથી ધુલને ઉડતી કીધી કે જેથી માથે આવેલો સુરજ પણ અધારો બન્યો, તેઓએ તે સિહને પકડનારા રૂસતમ ઉપર પુશકલ નેજાઓ, ખજરો, ગુરજો અને તીરો સાથે હુમલો કીધો પણ રૂસતમ તો જાણે બામબુની ઝાડી વચે આવી ગયો હોય અને જમીનની સપાટી લોહીને લીધે દારૂ બનાવયાની જગ્યા બની હોય એમ વિચારતો હતો તે જનુની સિહ માફક જોશ સાથે પોકાર કરીને એકજ ફટકે સો નેજાઓને કાપી કાઢતો. ઇરાની બાધુરો પણ તેની પીઠે રહીને પોતાના દિલમાં ફીનો ભેલીને લડતા હતા. પુશકલ નેજાઓ, ગુરજો, લાઠીઓ અને તલવારોથી તું કેહેશે કે જાણે હવા વાદલમાંથી કરાં વરસાવે છે. લડાઈનું તમામ

મેદાન માર્યા ગએલાઓના તમામ શરીરો, હાથ, પગો, ડોકાંઓ, તોપીઓ અને તાજોથી ભરાઇ ગયું. ધુલારાંને લિધે ઉચેનું આસમાન પણ જમીન જેવું બન્યું. તથા ત્યાં પુશકલ લોકોની ગરદન અને છાતીના ચુરેચુરા થયા. ચીનાઈ, શકની, હીન્દી, સકલાબી, હરરી અને પેહેલવી જાતોના લશકરથી ત્યાંની જમીન, નદી અને પાહાડ ભરાઈ ગયા. એ સઘલું ભેગું લશકર ત્યાં એકજ માણસ (રૂસતમ)થી એમ ઘાહેલ થઈ પડયાથી પીરાને ગુલબાદ તરફ ચેહેરો ફેરવીને કહયું કે, "હવે આ લડાઇમાંથી તમામ રસકસ જતો રહયો છે, કારણકે આપણામાં તેની સામે લડવાની શકિત રહી નથી, અને તેના જેવો લશકર ગોઠવનાર પણ જેહાનમાં કોઇ રહયો નથી. જો આવી રીતની વાતનું કોઈ બ્યાન કરે તો તે અકકલમંદો માની પણ શકે નહી. કારણકે ત્રણઘણા અને લખો લડાયક માણસો તો એ એક સ્વારની બીસાડમાં પણ આવતાં નથી. એવા કીનાથી તો અફરાસીયાબને નુકસાંન પુગશે અને તે હવે રૂસતમને લિધે આરામ અને ઉંઘ કેમ ભોગવી શકશે? હવે તે આપણને ધીક્કારશે અને લડાયકોને તાણા મારશે. વળી બીજુ એકે તેના ગુસ્સો કરવાથી કાંઈ આપણા ડોકાં પણ છુટકારો પાંમવાના નથી."

પેલી તરફ રૂસતમ ઈરાનીઓને કેહેવા લાગ્યો કે "આપણને એ લડાઇથી કાંઇપણ નુકસાંન થયું નથી. હવે આ હાથીઓ, તથા સામન, તખતો અને સોભઇતાં તાજો એ સઘલું હું હમણાજ ચીનાઓ પાસેથી છીનવી લેઇને ઇરાનીઓને આપી તેઓને ખુશાલીનો વખત બક્ષશ. મને ઈરાનીઓમાથી કોઇની પણ મદદ જોઇતી નથી ફકટ મને રખશ, પગો અને પરવરદેગાર મદદ બક્ષશે તો તેજ બસ છે. સકલાબી, સંગાની અને ચીનાઇ સ્વારોમાંથી હું કોઇને પણ જીવતો રેહેવા દેવશ નહી કે જેથી તે આ જમીન ઉપર પાછો પગ મુકી શકે. હું આ પાદશાહોને કે ચીનના ખાકાનને આ જમીન ઉપર પાછા પગ મુકવા માટે જીવતા જવા દેવાનો નથી. ૧ આજનો દાહાડો આપણી ફતેહનો છે અને ઉચું આસમાન આપણા નસીબને દિપતું બનાવશે. તેઓની બુરી વાતોથી હવે તેઓ ઉપર બુરાઈજ ઉતરશે. બુરાઓને બુરાં કાંમોથીજ બુરાઈ પુગે છે. જો પરવરદેગાર મને જોર બક્ષશે તો મારો રખશ ઘણાએક ખુબીવંતા હુનરો દેખાડશે. હું આ મેદાનમાં ગોરખરનોજ શેકાર કરશ અને ફળદરૂપ જગ્યાને કાંતાવાલી (ઉજડ) બનાવશ. હવે કાંઇપણ કોશેષે તમારામાંના એકે અત્રેથી પવનવેગે લશકર તરફ જવું અને જેવો હું અત્રેથી દોડવા માંડું કે તમો પણ કોષેશ કરી વાજીંત્રો અને સરનાઈઓ વજડાવીને તમામ જમીનને ઉડતી ધુલથી અને

૧ એ બેત લખેલી નકલમાં વધારે છે.

ઢોલના અવાજથી સીસમ જેવી કાલી બનાવજો. જેમ લુહાડ હથોડા વડે પોલાદ ટીપે તેમ તમો પણ તેઓના મોટાં લશકરની કાંઇ પણ ફીકર વગર ભારી ગુરજો અને લાઠીઓથી ફટકાવવા માંડજો, અને દરીઓ હોય ત્યાંથી પણ વાદલ સુધી ધુલ ઉડતી કરજો. તમો તે સકલાબીઓ અને ચીનાઓની હારને તોડી નાખજો અને જમીનને હવા જોવા દેતા ના. તમો સઘલાઓ મારી તોપી તરફજ નજર ડેરવજો અને જેવો હું પોકાર મારૂં કે તમો પણ મારફાડ કરજો.” એટલું કહી તે ત્યાંથી એક મસ્ત હાથી માફક હાથમા ગાવ્યાની ગુરજ ધરીને ગયો અને દુશમનોના લશકરની જમની બાજુએ બુમો પાડતો જઇને ત્યાંના લશકર ઉપર હુમલો કીધો તેણે તે લશકરની તમામ જમની પાંખને તોડી નાખ્યાથી તેઓની પુશકલ તોપીઓ અને માથાંઓ ગુમ થયાં

રૂસતમે સાવેહ સાથે લડાઈ કીધી અને તેમાં શાવેહ માર્યો ગયો તે વિષે.

કામુસનો એક સાવેહ નામનો ખેશી જે બાધુર અને દરેક ઠેકાણે પગલાં ભરનારો હતો તે હાથમાં હીન્દી તલવાર પકડીને તેહેમતન આગળ લડવ આવ્યો, અને રૂસતમ ઉપર કામુસનો કીનો લેવાને જમની તથા ડાબી બાજુએ તલવારનો હાથ ફેરવવા લાગ્યો તેણે રૂસતમને કહયુ કે, “ઓ જોરાવર હાથી! નાઇલ નદીના મોજા કેવા હોય છે તે હવે તુ જોઇ લે, હુ માર્યા ગયલા કામુસનો તારી ઉપર કીનો લેવશ કે જેથી તું હવે પછી લડાઇ જોવા પાંમેજ નહી.” રૂસતમે તે સાવેહનુ એમ કેહેવુ સમજતાંજ ગુરજ ઉપર હાથ નાખીને તે બાહાર કાઢયો અને તે ઉચકી તેના માથાં ઉપરની લોઢાંની તોપી ઉપર માર્યો. આથી તું કેહેશે કે જાણે તેના શરીરે માથુ જોયું હતુ જ નહી તે તેને નિચે નાખીને ઉપરથી રખશને ચલાવી લેઈ જવાથી જેહાનમાં શાવેહનું નામ નિશાણુજ રહયું નહી આથી (તુરકી) લશકરનો જીવ તેને માટે દુખી બન્યો અને કશાનીનો ઝુન્ડો ઉધો પડયો. વળી તે રૂસતમ સાંમે કોઇ પણ ટકી શકયુ નહી પણ તેમનાં ડોકાંઓ તેના રખશની નાલ નિચે એકઠાં થયાં.

કહારેકહાની રૂસતમને હાથે માર્યો ગયો તે વિષે.

પછી રૂસતમના તે જગ્યાએથી (દુશમનના લશકરની) ડાબી પાંખ તરફ જવાથી ત્યાંનું તમામ લશકર ગમગીન બન્યુ. તે બાજુનો પેહેલવાન એક સિંહ જેવો અને કાલા ઝુન્ડાવાળો કહારેકહાની હતો. તેણે દૂરથી રૂસતમની લોઢાંની તોપી જોતાંજ ગુસ્સે થઇને એક જનુની સિંહ માફક પોકાર મારીને કહયું કે, “હું આ

ફીનાના મેદાનમાં તું સગજી બચ્ચા ઉપર તુરાનીઓ અને ચીનાઓનું વેર લેવશ. તારી સાથે લડાઇ કરવાનું નામદારોએ મને સોંફેલું છે, અને હું સિંહ જેવું દિલ અને ભારી ગુરજ ધરાવનારો છું." પછી તે લશકર વચેથી ઘોડો દોડાવીને પીલતન આગળ ફીનો લેવાને આવ્યો. પણ તેણે ·રૂસતમની લોઢાંની તોપી નજદિકથી જોતાંજ તેના ગાલ સમણુલ ફુલ જેવા ફીક્કા થઇ ગયા. તે પોતાના દિલ સાથે બોલ્યો કે, "એક જોરાવર હાથી જેવા સાથે લડાઈ કરવી એ નીલ નદીમાં દુબકી માર્યા બરોબર છે." તુ કેહેશે કે તે હવે બીજીજ રીતનું બોલવા લાગ્યો. બે જાતનું બોલનારાઓ સાથે અકકલ પણ જોડાયલી રહે છે. (તે બોલવા લાગ્યો કે) "વખતસર માથું બચાવીને નાહાસવું એ પેહેલવાનગીરી દેખાડી માથાને પગ નિચે રગડાળાતુ નાખવા કરતાં બેહેતર ગણાય." તેથી તેણે લશકરના મધ્ય ભાગ તરફ નાહાસવા માંડયુ. દરેક બાજુના સીપાહો તેહેમતનનો વાવતો જે લશકર વચેથી પાહાડની ટોંચ ઉપર જેમ એક ઝાડ હોય તેમ દેખાતો હતો તે તરફ જોવા પડયા. રૂસતમ તે કહારેકહાનીની પુઠે વટોલ્યાની જડપે દોડયાથી જમીન લાલ અને હવા કાલી બની. તેના કંમરબંધ ઉપર રૂસતમે નેજાનો ફટકો માર્યાથી તેનુ બખતર અને તેના બંધ તુટી ગયા અને જેમ તોફાની પવન ફુકીને ડાંખલી ઉપરના પાતરાંઓને તોડી પાડે તેમ તેણે તેને ઘોડા ઉપરથી તોડી પાડયો અને તેના કાલા ઝુન્ડાને ઉંધો નાખ્યો તું કેહેશે કે જાણે કહારેકહાની હતોજ નહી રૂસતમે જે કાંઈ કીધું તે ઇરાની પેહેલવાનોએ જોયા કીધું. ઇરાનીઓ ત્યાં મુબારક કાવ્યાની ઝુન્ડો તથા ઢોલ લાવ્યાથી, તથા નામદાર ગોદરેજ અને તુસ પણ ત્યાં આવી લાગ્યાથી ત્યાં જમની અને ડાબી બાજુએથી ધુલ ઉડી રહી. તે લશકરનો બચાવનાર પેહેલવાન (રૂસતમ) ફતેહમંદ બનતાંજ ઈરાની લશકરમાંથી (ખુશાલીમાં) રનશીગડાંના આવાજ નિકળ્યા.

પછી રૂસતમે હોકમ કીધો કે "ઇરાની સ્વારો વચેથી સો નામદારોને મારી આગળ મોકલી આપવા કારણકે હું હમણાજ પેલા હાથીઓ તથા હાથીદાંતનું તાજ તથા વલી પેલું સેતુ, સાંકલીઓ, મોતીઓ અને તાજો એ સઘલુ પેલા ચીનાની પાસેથી લેઇલેઇને ઇરાનીઓને તથા બાધુરોના ફતેહમંદ પાદશાહ (ખસરૂ) ને સ્વાધીન કરવા માંગુ છુ." આથી ઇરાનીઓમાંથી બખતર સાથના અને·ગાયની સુરતનો ગુરજ ધરાવનારા હજાર બાધુરો તેની આગળ આવ્યા. રૂસતમે તે ઇરાનીઓને કહયું કે, "તમો સઘલાઓ એકી વખતે ફીના માટે કંમર બાંધો. હું પાદશાહના માથાના તથા સુરજ અને ચંદ્રના તથા સીયાવક્ષની મટીના તથા ઇરાની લશકરના સોગંદ લેઇને કહુ છું કે ઈરાન જમીનનો એક

પણ નામદાર જો તે ચીનના સરદાર આગળથી નાહાસભાગ કરશે તો તે બંધી-ખાનું કે ફાંસીનો માંચડો કે ઉંડા ખાડા સિવાય બીજું કાંઇ જોશે નહી પણ તે માથાં ઉપર કાગજની બનાવેલી તોપી પેહેરશે. રૂસતમ સિંહની ખાસીયતનો છે અને તેના પંજા તે હરન (ખાકાન)નું ડોકું મેલવવાની ખાહેશ કરે છે, એમ તે લશકર જાણતું હોવાથી તે સઘલાઓએ ખાકાન તરફ જવા માટે ચેહેરો ફેરવ્યો અને તે તાજના સોધનારા પાદશાહ (ખસરૂ)ના સીપાઇઓ દાખેલ દીલના બન્યા. તે લશકરની હરોલમાંથી તેહેમતને પોતાના બાધુર રખશને લગામ સોંપી દેઇને હુમલો કીધો. તેણે ચંદ્રના આસમાન સુધી લોહી ઉડતું કીધું તેથી તારાઓ પણ એ લડાઇ જોવા લાગ્યા. મેદાનમાં પુશકલ ધુલ ઉડી રહયાથી એવું બન્યું કે કોઇથી તે મેદાનની સપાટી જોઇ શકાઇ નહી. સ્વારોની બાંગથી અને ભાલાઓના અઠડાવાના અવાજથી કોઇને પણ પાવડા કે લગામ જોવાની સુધ રહી નહી. તું કહેશે કે જાણે સુરજ પરદા પછવાડે જતો રહયો છે અને જમીન ઘોડાઓની નાલ નિચે દુખી બની છે. હવા સીધીઓના લશકરના જેવી (કાલી) બની અને મુવેલાઓને લિધે ત્યાંનો રસ્તો પણ દેખાયો નહી. તમામ મેદાન જીનો, બખતરો અને તોપીઓથી ભરાઈ ગયું અને ડોકાંઓ શરીરને છેલ્લી સલામ કરવા લાગ્યાં. હવામાં ધુલના વાદલ બંધાયાં અને લોહાં અઠડવાના અવાજથી જમીન ઢમઢમી રહી. ઘણાએક નામદારો તે લડાઇમાં નામદારી અને શરમને ખાતર વગર ફોકટના ડોકાંઓ ગુમાવવા લાગ્યા. રૂસતમ ત્યાં એવા તો પોકાર મારતો કે તું કેહેશે કે જાણે દરીઆ જોશમાં આવ્યો છે. રૂસતમ બોલતો કે, "આ હાથીઓ, તથા આ હાથીદાંતના તખતો, હારો, તાજો અને સાંકળીઓ એ સઘલું ઇરાનના પાદશાહ કએખસરૂને ઘટે છે, કારણકે તેજ જેહાનનો જવાન પાદશાહ છે. આવે દાહાડે આવી કોષેશ વખતે અને આવી રીતે હુનર દેખાડવાને વખતે તમુને તાજ અને દોરદમામ સાથે શું કામ છે? તમો સઘલાઓના હાથ બેડીમાં પડશે અને તમારી કંમરમા કમદના ફાસા ઉતારવામાં આવશે. હું તમોને જમીનના પાદશાહ કએખસરૂ આગળ મોકલી આપશ અને મનશુર કે ચીનના ખાકાનને હુ જીવતો જવા દેવશ નહી. તમો મારી પાસેથી જીંદગી માંગી લેશો એજ બસ છે. કારણકે તાજ અને વિટીઓ તો બીજા શખ્સોને ઘટે છે. જો એમ નહી થશે તો હું આં મેદાનમાની ધુલને ઘોડાઓની નાલ વડે ચંદ્ર સુધી ઉડતી કરશ."

ખાકાન કેદ પકડાયો અને દુશમનીઓ હારી ગયા તે વિષે.

એ સમજીને ખાકાને ગાલ્ર દેવાને જબાન ખોલી અને તેણે તેને કહયુ' કે, "ઓ બુરા શરીરના અને બુરાં રવાનના શખ્સ ! ઇરાનને તથા પેલા પાદશાહને તથા તેના પેલા લશકરને તો સામી મારી પાસેથી જીંદગી માંગી લેવી પડશે. તું એક કુતરો હોવાથી તો તું હરેક શખ્સ કરતાં વધારે બુરો છે. ચીનનો પાદશાહ તો તુને એક કમીના સીપાઇ તરીકે ગણે છે." એટલું કહીને જેમ સીયાલાનો પવન ઝાડ ઉપર ફુકે તેમ તેણે તેના ઉપર તીરનો એક સખત મારો છોડયો. તેથી ત્યાંની હવા ગોકાબ પક્ષીના પીછોથી ઢકાઇ ગઇ. કોઇ પણ લડાયક શખ્સે એવી લડાઈ સ્વપને પણ જોઈ હતી નહી. જ્યારે ગોદરેજે તેના ઉપર આવો લોઢાંનો વરસાદ પડતો જોયો ત્યારે તેનું દિલ રૂસતમ માટેની ફીકરથી ફાટી જવા લાગ્યું. તેથી તેણે રેહામને કહયું કે "તું અત્રે ઢીલ કરતો ઉભો ના રેહ. પણ બસો સ્વારો સાથે લગામ હીલવીને બાહાર પડ અને એ લડાઈમાં રૂસતમની પુઠે રહી ચાચી કમાન અને ખડગના તીર વડે તેની સંભાલ કર." તેણે વળી તુરતજ ગેવને પણ કહયું કે, "તું પણ લશકર સાથે લેઇને આ મેદાનમાં દુશમનો સામે નામદારી મેલવવાની કોશેશ કર આરામ અને આશાયસ ભોગવવાનો આ વખત નથી. આજનો દાહાડો કાંઈ ઢીલ કરવાનો કે હાક ખાવાનો પણ નથી. માટે તું બાહુરો સાથે જમની તરફ જઇને પેલો પીરાન અને હોમાન ક્યાં છે તે જોઇ કાઢ. પેલો તેહેમતન ચીનના ખાકાન સામે આસમાન અને જમીન કેવું એક કરે છે તે તું જો જે કોઈ ફીના વખતે તેને માટે શ્રાપભર્યું ઇચ્છતો હોય તેની બદનજર અને દુવા કદીપણ ફળતી ના." આથી રેહામ એક ચીત્તા માફક ગુસ્સે બનીને તેહેમતનની પીઠે લડવા માટે ગયો રૂસતમે તે સિંહ જેવા રેહામને કહયુ કે, "મારો રખશ રખેને લડાઇ કરવાથી હાકી જાય તેની મને ફીકર લાગે છે. જો તે હાકી જશે તો હુ ઘોડા વગરનો બની જવશ અને લોહીની નદી વચે ભીનાતો બનશ. આ લશકર તો તીડો અને કીડીઓના ટોલા જેવું છે, માટે તુ હાથીઓ અને હાથીના માવતોને વિખેરી નાખ. આપણે તે સઘલા હાથીઓને સનગાન અને ચીનના નવાઇ જેવા હડીઆઓ સાથે ખસરૂ આગળ લેઈ જઇશું, પછી તેણે તેજ જગ્યાએથી પોકાર મારીને કહયું કે, "હવે તુરકીઓ અને ચીનાઓનો મદદગાર હારેમન થજો. ઓ ગુમાયલા નસીબના નાચારો ! તમો સઘલાઓ નાચાર, ગમખારી ભરેલા અને ગેરઇનશાફ ખમનારાઓ છો. શું તમુને રૂસતમ કે જે અઝદાહ જેવાઓને પણ મરદાનગી ભરેલા ગણતો નથી અને જે લડાઇ

વખતે હાથીઓનીજ સોધમાં રહે છે તેની ખબર નથી? અથવા તો શું તમારાં મગજ અક્કલથી ખાલી બન્યાં છે? શું મારી સાથે લડાઇ કરવાથી તમારા મગજ ધરાયાં નથી? મારી પાસે તો (તમો માટે) ગુરજ અને તલવારના ફટકાના હદીઆ સિવાય બીજુ કાંઈ નથી.” પછી તેણે જીન ઉપરથી પેચદાર કમંદને ખુલ્લી કરીને તેના બીજા છેડાનો આંટો જીન સાથે ભેલવી ઘોડાને તેજી બનાવ્યો અને અઝદાહના કાનના પરડા ફાટી જાય એવો પોકાર માર્યો. પછી તે જ્યાં જ્યા કમંદનો ફાંસો ફેકતો ત્યાંની જમીનને બાહાદુરોથી ખાલી કરી નાખતો તેની ઇચ્છા ચીનાઓ સાથે લડાઈ કરવા સિવાય બીજી કાંઇ નહી હોવાથી તે કમંદનો વીટ બાજુએ ઓલવીને ચીનાઓ તરફ ગયો અને ત્યાંથી હરેકાઇ સરદારને ફીનાના અવેજમા પોતાની કમંદના ફાંસામાં પકડીને જીન ઉપરથી ખેચી લેવા લાગ્યો વળી તે લડવાની જગ્યામાં સપેહસાલાર તુસ રનશીગડાં અને પરગમોનો અવાજ વાદલ સુધી પુગાડતો હતો. ફરતુસ એમ જોતાંજ લડવાને આવ્યો અને પીલતન સાથે લડવાને એક વાઘ માફક બાજી પડયો. તેહેમતન ઉશકેરાઇને એક સુસવાટ જેવો બન્યો અને તેણે પેહેલવાન સામ માફક તેને પોતાના પંજા વડે પકડીને જીન ઉપરથી ઉઠાવી નિચે નાખ્યો અને તેના બે હાથો બાંધી લેઇ લશકરને સોંપી દિધો પછી તે કમંદને બાજુએ લટકાવીને અને ગુરજ હાથમાં પકડીને ત્યાંથી દોડતો લશકરની હરોલમાં આવ્યો. રૂસ્તમ નામદારો સાથે કેવી લડાઇ કરતો હતો તે જ્યારે ગરચેહે જોયું ત્યારે તે લડાયક શખ્સ પોતાનાં મનથી ચિરડાવા લાગ્યો અને જડપથી લડવાની જગ્યાએ આવીને પીલતન ઉપર તીરનો મારો છોડયો અને પોતાની કમાનને વસંતની મોસમના વાદલ જેવી બનાવી. પણ તેહેમતને તેના ઉપર કમંદનો ફાંસો ફેકીને તે બાહાદુરની કમર તેમા સીકડી લિધી અને તેને ઇરાનીઓને સોંપી દેઇને પોતે ત્યાંથી પાછો ફર્યો અને તે મેદાનમા જડપથી કાલુઇ આગળ ગયો. કાલુઇએ એમ જોતાજ પોતાના હાથમાં એક ગુરજ અને હીન્દી તલવાર પકડી તેની પીઠેથી જડપથી આવીને પવનવેગે તેના ફટકા રૂસતમના માથાની તોપી ઉપર માર્યા. પણ નામદાર પેહેલવાન રૂસતમે પોતાનો નેજો બાહાર કાઢીને તેની અણી કાલુઇને ભોંકી દિધી અને જેમ દડાને ચોગાનની લાકડીથી ઉડારી નાખે તેમ તેને ખડગ લાકડાના બનાવેલાં જીન ઉપરથી ઉડારીને નિચે નાખ્યો અને તેના બે હાથોને વાઘના ચામડાંના પતાથી બાધી લિધા. ચીનના ખાકાને એ બનાવ હાથીની પીઠ ઉપરથી જોયો અને તેણે ત્યાંની જમીનને નાઇલ નદી માફક હીલી રહેલી દિઠી. ત્યાંથી ખાકાને જાણે એક હાથી ઉચા પાહાડ (જેવા રખશ) ઉપર હાથમા સિંહના ચાંમડાની કમંદ પકડીને બેઠો હોય તેમ તેને જોયો જે

કાલાં વાદલ ઉપરથી ગીધોને પણ નિચે લાવતો જણાતો હતો અને જેની લડાઈ આસમાન ઉપરના ચંદ્ર અને તારાઓ પણ જોવા પડયા જ્યારે ખાકાને તેને સફેદ હાથીની પીઠ ઉપરથી જોયો ત્યારે તેણે પણ પોતાના દિલની ઉમેદને કાપી નાખી. તેણે લશકરમાથી ઈરાની ભાષા સારી રીતે જાણનાર એક નામદારને સોધી કાઢીને કહયું કે, "તું પેલા સિંહ જેવા શખ્સ આગળ જઇને કેહે કે, હવે તુ લડાઈમાં એટલી બધી ઉટાવલ ના કર ચગાની, શકની, ચીનાઇ અને હરતું લશકર કાંઇ તારી સામે પોતાના દિલમાં જરાએ કીનો ધરાવતુ નથી અત્રે હવે એક ખતલાનનો પાદશાહ અને બીજો ચીનનો શાહાનશાહ રહયો છે. તે પારકા શખ્સો સાથે પણ તુને કાંઈ કીનો નથી. અફ્રાસીયાબજ એક એવો પાદશાહ છે જે આતશ અને પાણી વચેનો ફરક સમજી શકતો નથી. તેણે આ પ્રમાણે તમામ દુન્યાના લશકરને લડવા ભેગુ કરી તથા આવી લડાઇ કરીને પોતાનુ જ બુરૂ કીધુ છે પણ કોઈ પણ શખ્સ લોભ વગરનો, નામના વગરનો અને શરમ વગરનો હશે નહી. માટે હવે લડાઇ કરવા કરતાં સુલેહ કરવી વધારે સારી છે. માટે ચાલ કે આપણે સાથે મલીને સુલેહના કોલકરાર કર્યે અને જેમ તુ માગે છે તેમ હવે હું તુને માણસોની પણ જામીનગીરી આપશ. દર વર્ષે હમો તે પાદશાહ (ખસરૂ)ની હજુરમાં ગાવના સો ચામડાં [1] ભરીને મેહેસુલ મોકલી આપીશું '" પછી તે કાસદે પીલતન આગળ આવીને તુટેલાં દિલે જબાનને બોલતી કીધી અને તેને કહયું કે, "ઓ લડાયક નામદાર! હવે તારે માટે લડાઇ કરવાનો અંત આવ્યો છે, માટે તુ મોજમજાહ કરવાનુ જ પસંદ કર. હવે થઇ ગયલાં કામ માટે તુ ચીનના ખાકાન તરફ જરા પણ કીનો રાખતો ના. જ્યારે ખાકાન લડાઈ કરવાથી પાછો હટવા માગે છે તો તું પણ પાછો ફર કે જેથી લશકરનો પણ લડાઇ કરવાથી અંત આવે. જ્યારથી કામુસ તારે હાથે માર્યો ગયો ત્યારથી સઘલા નામદારોના મગજ (લડાઇ કરવાથી) ફરી ગયાં છે. તુ હમારા કેટલા નામદારોને મારી નાખવા ચાહે છે? હમે તારૂં શું કીધુ છે? તુ હમારી પાસે શું માગે છે? તુ કયાં સુધી એમ લોહી રેડવું ચાલુ રાખશે? શું તારૂં દિલ લઢાઇ કરવાથી ધરાયું નથી?" જ્યારે તેણે તેની આગળ ખાકાનનો પેગામ પુરો કીધો ત્યારે નામદાર પેહેલવાન રૂસતમે તેને જવાબ દિધો કે, "તુને પેલો ખજાનો, હાથીઓ, ઘોડાઓ, તાજો અને હાથીદાંતના તખતો એ

---

[1] અત્ર ખાકાન જે ગાયના સો ચામડા મોકલી આપવા કબુલે છે તે કાંઈ ખાલી ચાંમડાં નહી પણ જેમ 'કકેકોહજાદ,' જેનું દાસ્તાન આપણે આગલ વાચી ગયા છીએ તે, નરીમાન, સામ અને જાલની પાસેથી સો ચામડા ભરીને સુનું લેતો હતો તેવીજ મકસદમા સમજવું

સઘલું મારી આગળ લાવવું પડશે. તમોજ ઇરાનને તારાજ કરવા ઉપર તો મંડયા હતા ત્યારે તમો આવી પત્રાજી અને આવી આવી વાતો શા માટે કરો છો ? હું તે પાદશાહના ડોકાંને બચાવી માફ કરશ પણ તેની સાંકલી, તાજ તથા તેના હાથીદાંતના તખતવાળો હાથી એ સઘલું તો મારૂંજ બનવું જોઈશે." ત્યારે તે કાસદ બોલ્યો કે, " ઓ રખશના માલેક ! હજી કાંઈ તારા હાથમાં હરણ (પુર) પકડાયું નથી તેની આગમચ તું આટલી બધી વેહેચની કરી ના લે. હજી તમામ મેદાન મરદાનેમરદોથી તથા હાથીઓ અને લશકરથી ભરેલું છે અને ખાકાન જેવો શખ્સ તો તાજ, ખજાનો અને તખતનો ધરાવનાર છે. જમાનો પોતે કેમ ફરશે, અને કોણ લડાઇમાં ફતેહ પામશે તે સઘલું કોણ જાણે છે ?" જ્યારે રૂસતમે એમ સમજ્યુ ત્યારે તેણે ઘોડાને તેજ બનાવીને કહયું કે, " હું સિંહોને મારનાર તાજબક્ષ રૂસતમ છું. હું જોરાવર શરીર ધરાઉં છું અને મારી બાજુએ કમંદ લટકેલી રહે છે. જ્યારે અફસોસ કરવાનો દાહાડો આવ્યો છે ત્યારે તુને શિખામન આપવી સુજ પડે છે. જેવો ચીનનો ખાકાન મારી કમંદ તથા મારા સિંહ જેવા જોરાવર પંજા જોશે તેવોજ તે જરૂર કેદ પકડાશે અને પોતાના જીવને માટે બેજાર બનશે " એમ કહીને તે કમંદના ફાંસાને પાછો ફેંકવાં લાગ્યો અને સ્વારોના માથાઓને કેદ પકડવા લાગ્યો. એ રીતે હવે તે પેલા સફેદ હાથી આગળ આવી લાગ્યાથી તે ચીનનો શેહેનશાહ પોતાના જીવથી નાઉમેદ બન્યો. આથી ચીનના પાદશાહે તે હાથીના માંથાં ઉપર અંકોશની અણી ભોકીને પોતે ફરવરદીન મહીનાના (વસંતના) વાદલના ગડગડાત માફકનો પોકાર માર્યો. પછી તેણે લડાઇ કરવા માટે ભાલો હાથમાં ધરીને તે તિક્ષણ પંજાના રૂસતમ ઉપર ફેંકયો કે જેથી તે રૂસતમને કદાચને હરાવવા પાંમે અને તે નામદારીભર્યા સરદારને કેદ પકડી શકે. પણ જેટલા વખતમાં તેના ભાલાએ રૂસતમની ઉપર અસર કીધી નહી તેટલા વખતમાં તો રૂસતમે પોતાની કમંદ તેની છાટીમાં ભેરવી પણ લિધી. તે કમંદ રૂસતમના હાથમાંથી છુટતાંજ તે પાદશાહનું માથું તેમા પકડાઈ ગયું. રૂસતમે તેને હાથી ઉપરથી નિચે ખેંચી કાઢી જમીન ઉપર નાંખ્યો અને ચીનના ખાકાનની બાજુઓ બાંધી લિધી. ત્યાર પછી તે તેને હાથી, તાજ તખ્ત અને અમ્મારી વગર ચલાવતો શહદ નદીના કીનારા સુધી લેઇ ગયો. ફરેબ ભરી દુન્યાનો આવોજ કાયદો છે. ઘડીકમાં તે ચઢતીએ ચઢાવે છે તો ઘડીકમાં તેને પડતીમાં લાવી નાખે છે. જ્યાં સુધી ફરતું આસમાન કાયમ રેહેશે ત્યાં સુધી એજ પ્રમાણે ચાલુ રહેશે. તે ઘડીકમાં લડાઇને ઝેહેર જેવી બનાવે છે તો દોસ્તીને મધ જેવી બનાવે છે. (ઓ જેહાન !) તુ એકને ઉચા આસમાન ઉપર

ચઢાવે છે તો બીજાને તું ખુવારી ભરેલો, રૂદન કરતો અને ગમગીન બનાવે છે. એકને તુ ઉડા ખાડામાંથી ઉચકી ચંદ્ર સુધી ચઢાવે છે તો બીજાને ચંદ્ર ઉપરથી ઉડા ખાદામાં ફેંકે છે તું એકને ચઢાવીને પાદશાહી આપે છે તો બીજાને દરીઆમાની મછીઓને સોપી દે છે. તુંને નથી એક સાથે મોહોબત માયા કે નથી તુને બીજા સાથે કીનો ઓ જેહાનના પેદા કરનાર! એનો ભેદ જાણુનારો તુંજ છે. તારાથીજ જેહાનમાં ચઢતી પડતી થાય છે. હું નથી જાણુતો કે તું કેવો છે? તોપણુ જે કાંઇ છે તે તુજ છે.

આર પછી રૂસતમે ભારી ગુરજ ઉપર હાથ નાખીને તેણે ત્યાંના બુઢ્ઢા અને જવાનોને એકજ સરખા ગણુવા માંડયા મેદાનમાં તે એવી રીતે દાખલ થયો કે જેથી તે લડાઇના મેદાનનો રસ્તો તે કીડી અને તીરોના ટોલાં જેવાં લશકર માટે તંગ બન્યો. પુશકલ ઘાહેલ બનેલા અને માર્યા ગયલાંઓથી ત્યાં લોહીની નદી બની. કોઈ ત્યાં ડોકાં વગરનો પડેલો હતો તો કોઇનુ ડોકું ઉધું પડેલું હતુ જેવું તેઓનું ચલકતું નસીબ કાલું બનવા લાગ્યું કે તેવીજ રાત પણુ તુરતજ દાહાડાની નજદિકમાં આવી લાગી વળી તેવામા પવન ફુંકવા લાગીને એક કાલી વાદલી ચઢી આવ્યાથી સુરજ અને ચંદ્રની રોશની પણુ ગુમ થઇ આથી દુશમનો પોતાના હાથ પગને પણુ પીછાણી શકયા નહી, જેથી તેઓએ લાંબે રસ્તેથી (નાહાસવા માટે) જંગલનો રસ્તો ધર્યો પીરાન જે દૂરથી લડાઇની તપાસ રાખતો હતો, તેણે જ્યારે ફરતુસ, મનશુર, ચીનના ખાકાન અને તુરાન જમીનના નામદારો ઉપર ફરતા જમાનાને એમ રૂઠેલો દિઠો તથા તેણે બુજોર્ગોના ઝુન્ડાઓને ઉંધા વલેલા અને ઘાહેલ થયલાઓને ધુલ વચે ખુવારી સાથે પડેલા જોયા, ત્યારે તેણે પેહેલવાન નસતીહનને તથા ગુલબાદને કહયુ કે, "હવે તો જબ્યા અને ખંજરો પણુ છુપ્યા બન્યા છે." પછી તેઓએ પણુ કાલા ઝુન્ડાને ઉંધો નાંખીને ત્યાંથી આડેઅવલે રસ્તે નિકળીને નાહાસવા માંડયુ ગેવે દુશમનના લશકરની તમામ જમની પાંખનો નાશ કીધો. અને ત્યાંના મેદાનને દુરરાજ પક્ષીના પીછાં જેવું બનાવ્યુ. પછી તેણે પીરાન કયાં છે તે જાણુવા માટે તુરકી લશકરની જમની અને ડાબી બાજુએ સોધ ચલાવી. પણુ જ્યારે તેણે તેને ત્યાં દિઠો નહી ત્યારે તે કીનો લેનારા બાધુર રૂસતમ આગળ પાછો ફર્યો એ લડાઈમાં લડાયક ઘોડાઓનો પણુ (મોટો) નાશ થયો અને તે મેદાનમાં સઘલાઓ ઘાહેલ થઇ દુખ વેઠતા પડયા. ઈરાનીઓ ખુશાલીભર્યા દિલે પાહાડ તરફ પાછા ફર્યા જે લશકરની હરોલમાં તેહેમતન ચાલવા લાગ્યો. તેનુ શરીર લડાઇ કરવાથી ઠાકેલું હતું તોપણુ તે લડાઇના પરીણામથી તેનું દિલ ખુશ હતું. જેહાનનુ કામ અને તેનો ખવાસ એવીજ રીતનો

છે. ત્યાં તમામ લોઢાંની તોપીઓ તથા બખતરો લોહી અને ધુલ વચે ખરડાયલાં પડેલાં હતાં અને ઘોડાના બખતરો ભાગીને ભુકો બન્યા હતાં. ડોકાંઓ, પગો, તલવારો અને પાવડાઓ લોહીથી તરબોડ બન્યા હતા અને મુરડાઓને લિધે ત્યાંના પાહાડ કે ખીન કાંઇ દેખાતુ હતુ નહી જ્યા સુધી તેઓ નાહીને પરવાર્યા નહી ત્યાં સુધી તેઓ એકબીજાને ઓલખી શકયા નહી. તેથી તેઓએ માથા વેરથી દિલને ધોઇ સાફ કીધાં તેમના દુશમનો ભારી બેડીમાં શીકરાયલા હોવાથી તેઓનાં દિલ કીનાથી ધોવાઈ ગયાં રૂસતમે ઇરાનીઓને કહ્યુ કે, "હવે આપણે આપણી કમર છોડીએ ફતેહમદ પરવરદેગારની હજુરમા જવા માટે ગુરજ, ખજાનો કે કમરબધની અગત્ય રેહેતી નથી. તેથી આપણે સઘળા આપણા માંથાને (બદગી કરવા માટે) કાલી ધુલમા નાખ્યે અને પછી આપણે સઘળા માથાં ઉપર તાજ પેહેરીશુ કારણકે આપણા નામદારો વચેથી એક પણ શખ્સ ગુમ થયો નથી કે જેને માટે હાલે આપણા દિલ દુખી થયા હોય. જે વખતે જેહાનના પાદશાહ (ખસરૂ)ને એવી ખબર મળી હતી અને પાછલથી તેણે તે વાત મને પણ કહી હતી કે 'સપેહસાલાર તુસ પાહાડ વચે જઈ ભરાયો છે અને તેને પીરાને અને હોમાને ઘેરી લિધો છે' ત્યારે પાદશાહના એમ બોલવાથી મારા હોશકોશ ઉડી ગયા હતા અને મારા મગજમા લડાઇ કરવાનો જુસ્સો ઉશકેરાયો હતો મારૂં દિલ ગોદરેજ, બેહરામ અને રીવનીજ માટે બલીને સીસમ જેવુ કાલુ બન્યાથી હુ તિક્ષણ પજાનો બનીને ઇરાનથી ઉપડયો હતો અને કેહે પણ વધુવાર વિસામો લેવાને થોભ્યો હતો નહી જ્યારે મારી નજર ચીનના ખાકાન ઉપર તથા તેના નામદારો અને કીનો લેનાર મરદાનેમરદો ઉપર તથા આવી બાજુ, હાથ અને આવા ગુરજવાલા પેલા દમામદાર અને મોટા દરજ્જાના કામુશ ઉપર પડી ત્યારે હુ દિલ સાથે ધારવા લાગ્યો હતો કે હવે મારા વખતનો અત આવ્યો છે કારણકે જ્યારથી મે મરદાનગી દેખાડવા માટે કમર બાંધી ત્યારથી તે આટલી મારી લાંબી ઉમરમા આવુ લશકર અને આટલો બધો અસબાબ મે જોયો હતો નહી. હુ મારો ભારી ગુરજ લેઇને અધારી રાતે માંજદરાનના દેવો આગળ ગયો હતો ત્યારે પણ મારૂ દિલ મરદાનગી માટે કદી પણ એટલુ બધુ દગમગ્યુ હતુ નહી, અને તેથી હું બોલ્યો હતો કે મારા દિલોજાનથી હુ તેઓને તોડશ પણ આ લડાઇમાં તો મે મારા સીહા વખતને આવી લાગેલો જોયો હતો અને મારૂ જેહાનને દિપાવનારૂ દિલ સીહા બનેલું દેખાતું હતુ પણ હાલ જ્યારે આપણે પરવરદેગારની મદદથી તે સઘળાઓને એક પછી એક ધુલમાં રગડોલાતા કીધા છે ત્યારે તો આએજ સજાવાર ગણાય કે તેજ સાહેબ આપણને જોર તથા ઉચ્ચુ નસીબ બક્ષનાર અને સનીશ્વર તથા સુરજને

બનાવનાર છે એમ સમજવુ એ કામમાં કદાચનં આપણે પડી પણ ભાગ્યા હતે અથવા તો ધાસ્તીમાં પણ આવી પડયા હતે. બીજુ એકે જ્યારે તે જેહાનનો પાદશાહ સેવટે કાસદોથી એ જીતની બાબદ માટે વાકેફ બનશે ત્યારે તે નામદાર દરબાર ભરી અને માથા ઉપર પાદશાહી તાજ મુકીને ગરીબ લોકોને પુશકલ ચિજોની બક્ષેશ કરસે એવા પાદશાહના જાન ઉપર આપણી દુવા ઉતરજો. હવે આપણે લડાઇનો પોશાક કાઢી નાખીશું અને આસાયશ લેઇને આપણી ખુશાલીનો વધારો કરીશુ બેશક ગમ કે દિલની ખુશાલી તો પસાર થઇ જશે પણ જમાનો તો આપણી જીદગીના દમની ગણત્રી કર્યા જશે માટે હવે બેહેતર એજ ગણાય કે આ દયા વગરના આસમાન તરફ જાખી નજરે પણ જોયા વગર આપણે પણ દારૂની જામો (પીતા તે)ની ગણત્રી કરીએ માટે હવે આપણે મધરાત સુધી દારૂ પીને બુજોર્ગોની યાદ કરવામાં આપણા હોટોને ખુલ્લા કર્યે તથા ફતેહમંદ પરવરદેગાર કે જેનાથીજ મરદાનગી, નસીબ અને હુનર મલે છે તેના શુકરાના કર્યે આપણે આ ત્રણ પાંચ દિવસની દુન્યા ઉપર આટલી- બધી હાએ અફસોસ સાથે આપણા દિલને નહી બાધીએ એજ લાયક ગણાય"

આથી મોટી પડગીના લોકો તેની તારીફ તરીને બોલ્યા કે, "તારૂ તાજ અને વીટી તારા વગરની રેહતી ના, અને તારી બુન્યાદ અને તોખમ તથા તારી માતા કે જેણીએ તારા જેવો બેટા જણ્યો છે તે હમેશા લોકોથી ચહવાયલી બનજો જે કોઇને ત્યાં પીલતન જેવી ઓલાદ ઉતરે તેનુ માથું ફરતા આસ- માનથી પણ ઉચુ ગણાય તુ તો જાણે છે કે હમારી ઉપર તે કેટલીબધી મેહેર કીધી છે તારા જીવતરથી આસમાન પણ ખુશાલ રેહેજો હમે સઘલા મુવેલા જેવા અને બરગસ્તે હાલતમા હતા તેઓ તારાથીજ પાછા જીવતા અને જેહાનને દિપાવનારા બન્યા છીએ" એ પ્રમાણે પેહેલવાનોના સરદારોએ તેની તથા દીન અને ઇનસાફના આપનારા પરવરદેગારની પુશકલ તારીફ કીધી પછી તેણે પેલા હાથીદાંતના તખત સાથના હાથીને તથા સુનાની સાંકલી અને તાજને ત્યાં હાજર કરવા ફરમાવ્યુ ત્યારબાદ પાદશાહી દારૂ તથા જામો હાજર કરવામાં આવી અને તેણે તેનાથી પેહેલ વેહેલી જેહાનના પાદશાહના નામની યાદ કીધી તે વખતે તેણે સરનાઇ અને વાજીત્રો વજાડવાનો હોકમ કીધો જેથી તેનો અવાજ બે માઇલ સુધી પુગયો જ્યારે તે જેહાન પેહેલવાન દારૂથી ખુશાલ બન્યો ત્યારે તેઓ ત્યાંથી ખુશાલીભર્યા અને રોશન રવાન સાથે પોતાની જગ્યાએ ગયા. જ્યારે ચદ્રમાએ રાતનુ પેહેરણ ફારયુ અને ફીરોજાનુ તખત આસમાન ઉપર મુકાયુ ત્યારે ચોકીબાનો પાહાડો અને મેદાનમાં ચોકી કરવાને વિખેરાઇ ગયા. લાંબી અધારી રાત પુરી થતાં અને રોશનીવાલુ ખંજર (સુરજ)

દેખાવા માંડતાંજ તથા જમીનની સપાટી યાકુત જેવી બની રેહેતાંજ, તે છાવણીમાંથી વાજુ બાહાર પડયું અને લશકરના પેહેલવાનોએ ત્યાથી કુચ કરવા માંડી. તે વખતે રૂસતમે તે બાધુરોને કહયુ કે, "પીરાનની નિશાન કેહે પણ માલમ પડતી નથી, તેથી તમો પેલી લડાઇની જગ્યા તરફ (તેની સોધમાં) જાઓ અને દરેક બાજુએ લશકરને પણ મોકલી આપો આથી શેરમર્દ બેજન લશકરનો સરદાર બની તે લડાઇવાલી જગ્યાએ ગયો તેણે ત્યાંની તમામ જમીન મુરડાંઓથી અને સરસામનથી ભરેલી જોઇ ચો બાજુએ આઇતો ખજાનો માલમ પડતો હતો તે તમામ મેદાન તેણે ઘાહેલ થયલાઓથી ભરેલું જણાયુ જે સઘલાઓ ધુલમા લપેટાઇને પડયા હતા પણ ત્યાંની તમામ જમીન નાના મોટા તબુઓથી ભરાયલી હોવા છતા ત્યા તેઓને કોઇપણ જીવતા શખ્સો ઉભેલા જણાયા નહી આથી રૂસતમને એવી ખબર પુગાડવામાં આવી કે, "ત્યાંની જમીન તુરકીઓ વગરની ખાલી પડી છે" ત્યારે રૂસતમ ઇરાનીઓના હીચકારાપણા માટે તથા તેમના ઉઘાઇ જવા માટે એક ઝનુની સિંહ માફક છેડાઈ પડયો તેણે ઘણા સખત સખુનો કેહેવાને જબાન ખોલી અને બોલ્યો કે, "કોઇના પણ મગજમાં અકકલ જોડાયલી હોય એમ લાગતુ નથી. શુ આવા બે પાહાડો વચેથી દુશમનોનુ લશકર ટોલાંબધ બની એકજ વખતે નાહાસી જાય! શુ મે ચોકીબાનોને જગલ, મેદાન અને પાહાડ તરફ બાહાર પડી ઉભા રેહેવાને કહયુ હતુ નહી? તમોએ તમારા માથાને ઉઘ અને આસાયશને સોંપી દેવાથી દુશમનો કોષેશ કરી બાહાર નિકળી ગયા છે અને તમારા શરીરની આશાયશનુ પરીણામ આપણા ગમ અને દુખમા આવ્યુ છે. તમો મેહેનત કરો તોજ ખજાનો એકઠો કરો. શુ હુ તમોને કેહેતો હતો નહી કે જો હું એક દાહાડો પણ શરીરની આશાયસ ભોગવુ તો ઇરાની વિપટીઓથી મનેજ હેરાન બનવું પડે" પછી તે તુસ ઉપર એક વાઘ માફક ચીરડાયો કે, "શુ આ જગ્યા લડાઇનું મેદાન છે કે સુવાની જગ્યા છે? હવે પછી તુને આ મેદાનમા લશકર સાથે હોમાન, ગુલબાદ, પીરાન, રૂઇન અને પોલાદનીજ ચોકી કરવી પડશે. તુને તારા મુલક માટે એમ કરવુ પડે છે અને રૂસતમને પણ પોતાના મુલકને માટે એમ કરવુ પડે છે જો તમો તાકાટ ધરાવતા હોવો તોજ તમો લડાઇ કરો હવે પછી તમો મને એમ માહાત કરશો? જ્યારે હુ લડાઇમાં ફ્તેહ પાંમ્યો ત્યારે આખરે મારૂં સઘલુ કીધેલું કામ નાશ પામ્યુ. હવે તું દુશમનોના જાશુસોની અને તેઓની ધારણા શુ છે તેની સભાળ રાખજે. અને ગભરાત ફેલાયા અગાઉ તેઓના નામ શુ છે તે જાણી લે જે. તે જાશુસોને પકડતાજ તુ તેઓના હાથપગ લાકડી વડે ભાંગી નાખજે અને તેઓ

પાસેની સઘળી ચીજો જપટ કરજે, અને તેઓના પગો બાંધી તેમને ઉચા હાથી ઉપર નખાવીને એ પ્રમાણે તેઓને પાદશાહ આગળ મોકલી આપજે કે જેથી તે પાદશાહની દરબારમાં તેઓ માર્યા જાય. વલી (લુટના) પૈસા, જવેહરાત, હાથીદાંતના તખતો, રેશમી કપડાંઓ, તાજો અને ખજાનો એ સઘલુ ઈરાની સીપાઇઓ વચે કોણ કોણ પાસે છે તે પણ તુ જોઇ કાઢીને એ તમામ માલ તુ તારી પાસે મ ગાવી લેજે. એ મેદાનમાં તો જેહાનના નામદારો ગણાતા ઘણા પાદશાહો આવ્યા હતા, જેઓ ચીન, સકલાબ, હીન્દુસ્તાન અને દહેરના રાજાઓ ગણાતા હતા અને તે સઘલાઓ શેહેરોના માલેક અને ખજાનાવાલા હતા. પેહેલાં એ સઘલામાંથી પાદશાહને માટે એક હદીઓ કાઢી રાખવો જોઇશે, અને પછીજ તારો અને મારો ભાગ પાડવો જોઇશે ” આથી સપેહસાલાર તુસે ત્યાં જઇને સઘલુ એકઠુ કરવા માડયું. તે લડાઈના મેદાનમાં પેહેલવાનોએ ઉતરી પડી સુનેરી કમરબધો, પોખરાજના તાજો, રેશમી કપડાંઓ, હાથીદાતના તખતો, તીરકમાનો, ઘોડાના બખતરો, ગુરજો અને હીન્દી ખજરો એકઠાં કીધા અને એ સઘલાનો પણ ત્યાંના બે પાહાડો વચે પાહાડ જેવો ઢગલો બનાવ્યો જે જોવાને તેની આસપાસ લશકર એકઠું થયુ (તે ખજાનો કેવો હતો તે માટે) તું એટલીજ અટકલ કર કે એક પોહોળી છાતીનો સ્વાર પોતાના શરીરના જોરથી અને બાહાદુરીથી એક ચાર પીછવાળો તીર ફેકે તો તે પણ તે ઢગલાના આ નાકેથી તે પેલે નાકે સુધી જઇ પુગે નહી.

જ્યારે રૂસતમે તે તરફ નજર કીધી ત્યારે તેણે અજબ થઇને ઘણીક વખત ખોદાતાલાનું નામ યાદ કીધુ અને બોલ્યો કે, “ આ જમાનો ઢગધરા વગરનો છે. ઘડીકમાં તે મોજ કરાવે છે તો ઘડીકમાં લડાઇ કરાવે છે આ માલમતા જેમ એકની બીજાએ લિધી તેમજ ફરતી રહે છે ઘડીકમાં તે (જમાનો) શ્રાપ વરસાવે છે તો ઘડીકમાં ભલી દુવા દે છે. એ રીતે એક ખજાનાની જતન કરી જાય છે તો બીજો આવી તેનુ ફળ ચાખે છે કામુશ અને ચીનના ખાકાન કે જેઓની ધારણા ઇરાન જમીનમાં આગ સલગાવવાની હતી, તેઓ આ જોરાવર હાથીઓ, માલમતા, આ લશકર અને તૈયાર ખજાનાથી, તથા પૈસા અને માલ મીલકતથી ખુશખુશાલ રેહેતા હતા, અને પરવરદેગાર કે જેણે આસમાન, જમીન અને જમાનાને પેદા કીધો છે તથા જેણે પુશકલ જાહેર અને છુપી ચીજો બનાવી છે તેની એક ઘડીભર પણ યાદ કરતા હતા નહી તેઓની પાસે લશકર હતું અને વલી તેઓ ખજાનાથી આબાદ હતા પણ તેઓનાં સઘલા કામો માટેના વિચાર બેદાદી ભરેલા હતા. તેઓએ પાકપરવરદેગારને યાદ નહી કીધાથી તેઓ ફરતાં આસમાનથી ખુશાલી પણ જોઇ શકયા નહી. હવે આ જુદા જુદા મુલકોના

બુજોર્ગોને તથા દરેક મુલકના નામીચા સરદારોને આ જોરાવર હાથીઓ ઉપર બેસાડીને હુ પાદશાહ આગળ મોકલી આપવા માગુ છુ તથા વલી સુનાના તખતો અને સુનાની તોપીઓ તથા આ માલમતા તથા તેને લાયકની જે કાંઇ ચિજો છે તે પણ હું જોરાવર ઉટો ઉપર લાદીને મોકલી આપવા માંગુ છુ. હુ મારી તલવારથી તથા હાથના જોરથી તમામ જેહાનને (તેને માટે) ખુલ્લી કરી આપશ અને બુરી કરણીવાલા શખ્સોને આ જેહાનમા રેહેવા દેવશ નહી પણ તે દરેક શખ્સને આ તલવાર વડે સ્વાદ ચખાડશ. હુ મારા ઘોડાને દોડાવતો અત્રેથી કંગદેજ સુધી જવશ. લડાયક માણસોએ એવાં કામમાં ઢીલ કરવી ઘટતી નથી. જો કોઈ ગુનેહગારો અને ખુની હોય તેઓ જો આ જેહાનમા (જીવતા) રહે તો તે ગુનાહ ભરેલું છે. હું તે તમામ ખુનીઓના લોહીથી મારા હાથ ધોવશ અને બુરાઓને જીવતા રાખશ નહી કે જેથી તેઓ છુટાપણું ભોગવ્યા કરે. હુ બુત-પ્રશતોના માથાંને ધુલમાં લોટતા કરશ અને પાક યજદાનનો રાહ જાહેર કરશ "૧ ગોદરેજે તેને કહયુ કે, "ઓ ભલા વિચારના શખ્સ! જ્યા સુધી આ જગત રહે ત્યાં સુધી તુ પણ જાવેદાન જીવજે." ત્યાર પછી રૂસતમે પોતાના પાદશાહ માટે મગરૂરી ધરાવતા એક કાસદને ચુટી કાઢયો. એ કામ માટે કાઉસનો બેટો ફ્રીબરૂજ કે જે પાદશાહ આગળ જવાને લાયક હતો તેને ચુટી કાઢવામાં આવ્યો અને તેને રૂસતમે કહયુ કે, "ઓ ઉચી પડવી ધરાવનારા નામદાર! તુ પાદશાહી તોખમનો છે તેમ એક પાદશાહ પણ છે હમારી વચે તુજ ભલા વિચારો અને હુશીયારી ધરાવનારો છે તેમજ પાદશાહ આગળ સીયાવક્ષની જગ્યા રાખનાર (બાપ) તરીકે પણ તુ જ છે માટે તુ એવા હુનરો, એવી અક્કલ, અને આવી તોખમ સાથે ખુશાલ રેહેજે અને તારાથી બીજાઓ પણ ખુશાલ રેહેજો તારા જેવો બાહુર અને હુનરની પરવરશી કરનારો જવાન જેહાનમાં બીજો કોઇ નથી માટે તુ એ મેહેનત ઉઠાવી લે અને અત્રેથી જઇને મારૂં નામુ તે જવાન પાદશાહને પુગાડી આવ તુ તારી સાથે આ બંધીવાનોને તથા ઉટોને અને તમામ અસબાબને તથા વલી આ હારો, સાંકલીઓ, તાજો, તોપીઓ અને હાથીદાંતના તખત સાથના જોરાવર હાથીઓને પણ લેઇ જા." ફ્રીબરૂજે તેને જવાબ દિધો કે, "ઓ ફ્રાડી ખાનારા સિંહ જેવા શખ્સ! હું તે રસ્તો ધરવાને હમણાજ કમર તંગ બાંધીને તૈયાર છું."

૧ અસો જરથોસ્તની આગમચના ઈરાનીઓ પણ ઈરાનમા યજદાપ્રસ્તી દીન પાળતા હતા. ઘણા જુના જમાનાઓથી ઈરાનીઓ બુત પ્રશતીઓના વેરી ગણાતા હતા અકસર કરીને પાદશાહ કએખસરૂ બુત પ્રસ્તીનો મજબુટ વેરી ગણાતો હતો અને તેણે બુત પ્રસ્તોના પુશકલ દેહેરા તારાજ કીધા હતા .

રૂસતમે ફરીબરૂઝ મારફતે કએખશરૂ ઉપર એક નામું અને હદીઓ મોકલી આપ્યો તે વિષે.

પછી તેણે એક અનુભવી મુનશીને બોલાવીને જે કાંઈ ઘટતી વાત (લખવાની) હતી તે તેની આગળ કહી આથી તેના હોકમથી એક રેશમી કપડાં ઉપર એક પાદશાહી નામુ અ મબર વડે લખવામાં આવ્યુ. તે નામાની સરૂવાતમા તેણે ખોદાની તારીફ લખાવી કે, "પરવરદેગાર છે અને હમેશાં બરકરાર રહેશે. તેજ સાહેબ સુરજ, ચ દ્ર અને સનિશ્નરનો બનાવનાર છે તથા તેજ દમામ, પાદશાહી અને જોરને સાચવી રાખનારો છે આસમાન, જમાનો અને દુન્યા તેનીજ છે તથા રવાન અને અક્કલ તેના હોકમ મુજબ ચાલનારા છે. તેની દુવા તુ પાદશાહા ઉપર ઉતરજો અને જમાનો તારાથી હમેશા યાદગાર રેહેજો હુ તારા હોકમ મુજબ હમાવન પાહાડ કે જ્યાં ત્રણ મુલકોના લશકર એકઠાં થયાં હતાં તેની વચે આવી પુગ્યો હતો એ લડાઇમા દુશમનોના એક લાખથી પણ વધુ તલવારબાજ સીપાઇઓ હતા. ચીનથી તે સિધુ નદી સુધીના મુલકોના કશાની, શકની, ચીનાઇ અને હીન્દી લશકરો ત્યાં હતાં ત્યાં કાશમીરથી તે સહદ પાહાડની તલેટી સુધીમાં હમોએ તંબુઓ, હાથીઓ અને અમબારીઓજ જોઇ હતી. હુ તે પાદશાહોની દોલતથી ડરી ન જતાં તેઓ સાથની લડાઇમા મેં તેઓનો ધાણ કાઢી નાખ્યો છે એ લડાઇ ચાલીસ દાહાડા સુધી ચાલી હતી. તેમાં તું કેહેશે કે જાણે તેઓ ઉપર જેહાન રૂઠી હતી. હથીયારોની અણીઓને લિધે અને તીરો સાથે જડેલા ઓકાબ પક્ષીના પાછોને લિધે કોઇ રોશન દિવસને વખતે પણ સુરજને જોઈ શકતુ હતુ નહી ત્યાં તમામ મુલકોના પાદશાહો હાજર હતા, કે જેઓ ખજાનો, તખત અને તાજ સાથે આવ્યા હતા લોહી અને મુરડાંઓને સબબે તે બે પાહાડ વચેની જગ્યાના મેદાનો અને જંગલો વચેથી પસાર પણ થવાતું હતુ નહી. લગભગ ચાલીસ ફરસગ જેટલી જમીન લોહી અને કીચલથી ભરાઇ ગઇ હતી આવી મોટી દોલતની જો હુ છેલ્લે સુધી વાત લખવા બેશુ તો આ નામું ઘણું લાંબુ થઇ જાય. મેં લડાઇમા લગભગ ત્રણ લાખ તલવારબાજ દુશમનોને માર્યા હશે. વળી સઘળા પાદશાહો જેવા કે ફરતુસ, મનશુર અને ચીનનો ખાકાન કે જેઓના ઘોડાઓ નિચેની જમીન પણ ધ્રુજતી હતી તેઓને મે હાથીઓની પીઠ ઉપરથી કમંદના ફાંસામાં કેદ પકડીને ખેચી કાઢયા હતા હાલે આ હદીઆ તથા પાદશાહી જહવેરાત સાથે મે તેઓને તુ પાદશાહ આગળ મોકલી આપ્યા છે. હવે હું પાછી લડાઇ કરવાનોજ વિચાર અને ડેડાવ કરૂ છુ કે જેથી પેલો

ગુરૂઇ મારી તલવારના સપાટામાં આવી શકે હું તેના ડોકાંને અનજુમનના સરદાર સીયાવક્ષના કીનામાં મારી તલવારની અણી નિચે નાખશ તમામ લોકોની જીભ તારીજ તારીફ કરતી રેહેજો, અને ફરતાં આસમાનની ટોંચ તારી ચાલવાની જમીન બનજો." જયારે તે નામાને સીલ સાંમ કરવામા આવી ત્યારે પાદશાહી ખાનદાનના ફરીબરૂજને તે સોંફવામાં આવ્યું તેની સાથે તે (બધીવાન) પાદશાહો, હાથીઓ તથા ત્રણ હજાર ઉંટો જે તે મેદાનમાંથી લાદવામા આવ્યાં હતાં તે ચાલવા લાગ્યાં કાઉસનો બેટો ફરીબરૂજ ત્યાંથી ખુશાલી સાથે ગયો અને ખસરૂ નજદિક જવાને જડપથી રસ્તો કાપવા લાગ્યો. પેહેલવાન પીલતન તથા તે લશકરના બુજોર્ગો અને પેહેલવાનો પણ તેની સાથે થોડે રસ્ને વલાવવાને ગયા. રૂસતમે તેને ત્યાંથી વિદાય કરતા તેની સાથે બગલગીરી કીધી, અને પાદશાહ ફરીબરૂજે આખમાંથી આંસુઓ પાડયાં જયારે અંધારી રાતના જુલફાંઓ દેખાવા લાગ્યા, ત્યારે તેઓ તે જગ્યાએથી પાછા લશકર તરફ ગયા અને ત્યાં તેઓ ખુશાલી સાથે દારૂ પીતા બેઠા એકગમ જોરથી વાજાં વાગતાં હતાં તો બીજી ગમ જોરથી વાંસલીઓના અવાજ નિકળતા હતા ત્યાર પછી તેઓ પોતાના વિસામાની જગ્યાએ ગયા દરેકે પોતાની ઇચ્છાઓને પોતાની છાતીએ ધરી જયારે સુરજે પીલા દીનાર જેવા રંગથી અંધારાના પરડા ઉપર જુલમ ગુજાર્યો, ત્યારે તેજ વખતે તે છાવણીના દરવાજા આગળથી સરનાઇના અવાજો નિકળવા લાગ્યા. તેહેમતને હુમલો કરવા માટે પાછી કમર બાંધી અને પેલા જડપ ચાલના ઘોડા (રખશ) ઉપર બેઠો. તેણે ત્યાંથી સરસામન ઉઠાવવાનો અને મુશકેલીભર્યા રસ્તા ઉપર કુચ કરવાનો હુકમ કીધો. તેઓએ ઉજડ અને લાંબો રસ્તો પસંદ કીધો અને એ પ્રમાણે તે લડાયક લશકરે પસાર થવા માડયું. તેહેમતને તુસ અને ગેવને કહયું કે, "ઓ મરદાનગી ભર્યા નામદાર પેહેલવાનો! હું હવે તેઓનો આ થોડો અસબાબ પણ હાથ કરી લેવશ, કે જેથી તે બુરી મનશનીના લોકોની જગ્યા તંગ બને (યાને તેઓ ભુખમરાથી માર્યા જાય.) એમ કોણ જાણતું હતુ કે તે યુકિનબાજ બેબુન્યાદ માણુસ (અફરાસીયાબ) ચીન, સકલાબ, અને હીન્દુસ્તાનનુ લશકર (અત્રે) લાવશે હુ તેને લડાઈથી એવો ધરાઈ ગયલો અને હોંશ વગરનો બનાવશ અને તેના શરીરની પણ સીયાવક્ષ સાથે ઘોરમા ખાક બનાવશ, જેથી હવે પછી હીન્દુસ્તાન, શનગાન, સકલાબ અને ચીનના લોકો તેની તારીફ ગાય નહી " પછી તેણે ઢોલ વજડાવીને તે મેદાનમાંથી ધુલને ઉડતી બનાવ્યાથી હવા ધુલાંરાંથી અને જમીન માણુસોથી ભરાઈ ગઇ તે લડાયક નામદારોને લગતી વાત વાદલ સુધી પુગી ગઇ. તેઓ તે લડાઈની જગ્યાએથી બે મંજલના રસ્તા સુધી આગળ વધ્યા.

ત્યાં સુધીની જમીન સુરડાંઓથી કાલી બની હતી. તેઓએ ત્યાં એક જંગલ જોયું જ્યાંથી ઉતરાન આવ્યું હતું તે તમામ જંગલ અને ત્યાંની નદી લશકરથી કાલી બની તેઓએ ત્યાંજ ઉતારો કીધો અને ત્યાં ખુશાલી સાથે વીસામો લેઇને પોતાના લશકરના બુજોર્ગોની (દારૂથી) સલામતી લિધી રૂસતમ હાથમાં દારૂની જામ પકડીને ત્યા ખુશાલી સાથે રેહેવા લાગ્યો. કોઇ ત્યાં ખુશાલ જણાતે તો કોઇ ઉંઘ કાઢતો જણાતો હતો ત્યાંના દરેક મુલકોમાંથી દરેક નામદારો અને સરદારો તરફના કાસદો હદીઆ, સામન અને નેસારની ચિજો સાથે (સુલેહના પેગામ લેઇ) આવવા લાગ્યા. અને એ સઘલું તે નામદાર (રૂસતમ)ની સનમુખ લેઇ જવા લાગ્યા.

પેલી તરફથી પાદશાહ કાઉશનો બેટો ફરીબરૂજ ઇરાનના શાહાની તરફનો રસ્તો કાપવા લાગ્યો એ બાબદને ઘણા દિવસો વહી ગયા પણ ઉચાં આસમાને તો ફરવાથી જરાપણ આસાયસ પકડી નહી તેટલામાં ઇરાનના પાદશાહની હજુરમાં એક શખ્સે આવીને કહયું કે, "પાદશાહ કાઉસનો બેટો ફરીબરૂજ માર્ગમાંથી આવતો જણાય છે" આથી તે પાદશાહ અને તેના બાધુરો ઢોલ, રનશીંગડા અને મોટાં લશકર સાથે તેને સામે લેવાને ગયા. તે ફરીબરૂજે ખસરૂ આગળ આવી લાગતાંજ તેને જોઇને નમન કીધું અને પાદશાહ ઉપર ઘણીએક દુવાઓ કરતાં કહયું કે, "એ જમાનાના મુબારક પાદશાહ! તારાથી ઉચાં આસમાનનું દિલ ખુશાલ બનજો અને તારા ઇનશાફથી જેહાન આબાદ રેહેજો" પછી તેણે તેને પેહેલવાન રૂસતમનું નામુ આપ્યુ જે પાદશાહોના પાદશાહે વાંચ્યું. જે કાંઇ લશકરના પેહેલવાન રૂસતમે લડાઇ માટે લખ્યું હતું તેથી તે અજબ બની અચરત થયો. પછી ખસરૂએ પેલા બંધવાઓ તરફ તથા ઉંટો, હાથીઓ અને બીજા ઘાહેલ થયલાઓ તરફ નજર કીધી. ત્યારબાદ તે ત્યાંથી લગામ ફેરવીને પોતાને મઠકે જઇને પેલું કેઆની તાજ માથા ઉપરથી કાઢી નાખી તથા ઘોડા ઉપરથી નિચે ઉતરી પરવરદેગારની હજુરમાં ખાકની ઉપર નમન કરતો પડયો અને બોલવા લાગ્યો કે, "ઓ તમામ જેહાનને પેદા કરનારા સાહેબ! એક જુલમગારે (અફરાસીયાબે) મારી ઉપર જુલમ ગુજારીને મને બાપ વગરનો બનાવી દુખી અને ગમગીન કીધો હતો. પણ તે દુખ અને ગમમાંથી તેજ મારો છુટકારો કીધો અને મને આ તાજ તથા તખત ભોગવતો બનાવ્યો. તેથી જમીન અને જમાનો મારા ગોલામ બનીને મારી આગળ રહયા છે અને હું જેહાનનો તમામ ખજાનો ભેગો કરવા પાંમ્યો છું. એ માટે હું મારી રૈયતનો નહી પણ તારોજ ઉપકાર માનું છું. ફકટ તું રૂસતમના જીવને મારી આગળથી ખુચવી લેતો ના." જ્યારે તે એ પ્રમાણે બોલી રહયો ત્યારે તે ત્યાંથી તે હાથીઓ

અને બંધવાઓની આગળ (તપાસ કરવાને) પાછો ફર્યો. તેણે તે બંધવાઓને બંધીખાનામાં લેઈ જવાને તથા બીજી જે કાંઇ ચિન્જો હતી તે સઘલી જલદિથી ખજાનચીન આગલ લેઈ જવાને ફરમાવ્યું. પછી એક ખુશનુમા દીવાનખાનું તૈયાર કરાવી ત્યાં ચીનના ખાકાનનો ઉતારો કરવામાં આવ્યો.

કએખસરૂએ એક ખેલાત સાથે રૂસતમના નામાંનો જવાબ મોકલી આપ્યો તે વિષે.

તે આખો દિવસ પાદશાહે રૂસતમના નામાનો જવાબ લખવામાં કાઢયો અને ખુજેર્ગીના બાગમાં એક ઝાડ રોપાવ્યું તેણે તે નામામાં પેહેલવેહેલી પરવરદેગારની તારીફ કીધી અને લખાવ્યુ કે, "જે લડાઇમા તેં ફતેહ મેલવી હતી તે પરવરદેગાર સાહેબનીજ મદદથી હતી. તે સુરજનો અને ફરતાં આસમાનનો સાહેબ કે જેનાથીજ લડાઈ, દોસ્તીનો સંબંધ અને મોહોબત માયા રહે છે, તેણે આ રીતે આસમાનને બનાવ્યું છે અને દિવસ તથા રાતને જેહાનમાં ગોઠવી આપ્યાં છે. એકને તે ધણાજ બુરા વખત સાથે પેદા કરે છે તો બીજાને તખતને લાયકનો પેદા કરે છે. ગમી અને ખુશાલી તે પાક યજદાંનથીજ રહે છે અને તેનાથીજ મરદાનગી તથા વળી ધાસ્તી અને ફીકર રહે છે" બીજું તેણે એ પ્રમાણે લખાવ્યુ કે, "ઓ પેહેલવાન! તુ પાકીજેહ શરીરનો અને રોશન રવાનનો રેહેજે. જે કાંઈ તેં મને કેહેવાડયું છે તે, તથા તેં જે બંધવાઓ, હાથીઓ, તાજો, તખનો, પુશકલ ઉટો અને પાંઠરવા પેહેરવાની પુશકલ ચિન્જો મોકલી છે તે મને આ દરબારમાં પુગી છે એ સઘલો સામાન કે જે લડાઇમાં તારે હાથ આવ્યો હતો તે મોજમજાહ અને અમનચમન કરવાને લાયકનો છે. તોપણ પેલો શખ્સ અફરાસીયાબ કે જેનો અંત પેહેલો આવવો જોઈતો હતો તે એ રીતે પોતાના જીવથી તો ધરાઇ ગયો હશે. તુરાની લશકર સામે આવી મેહેનત ઉઠાવવાના તથા રાત અને દિવસ લડાઈ વચ્ચે રેહેવાનાં તારા આ કામ માટે હું રાત અને દિસ વાકેફ રેહેતો હતો પણ મે એ બાબે કોઈ પણ પારકા શખ્સ આગળ મારા હોટ ખોલ્યા હતા નહી. હું દુખથી ચીરાઇ જતા દિલ સાથે રાતે અને દિવશે પરવરદેગારની હજુરમાં બંદગીમા રોકાયલો રેહેતો હતો, પણ જે કોઇનો રૂસ્તમ જેવો પેહેલવાન હોય તે જો હંમેશ સુધી જવાની ભોગવતો હોય તો તેમાં ખોટું નથી. તેં બંધીવાન કીધેલો ચીનનો ખાકાન પણ હાથી ઉપર બેસીને અત્રે આવી પુગ્યો છે અને ગમને લિધે તેના ભવાંને કરચલી વલી છે. તેને મારી નાખવાનું મારૂં દિલ થતું નહી હોવાથી તે બેડીમાં સીકરાઈ બંધીવાન તરીકે રહેલોજ ભલો છે. કારણકે એક વખતે મને મારા વજીરે નશી-

યત દિધી હતી કે, 'જ્યારે તું દુશમનને જીવતો કેદ કરવા પાંમે તો તું તેને વગર ફેકટનો ઉટાવળો બનીને મારી નાખતો ના. કારણકે તું જ્યારે પણ ઇચ્છીશે ત્યારે તે તારો બંધવોજ છે પણ જો તે માર્યો જશે તો તેને કોઈ શખ્સ પોતાની લાંબી ઉમર આપીને પણ પાછો જીવતો કરી શકવાનો નથી.' માટે એ જ્યાં સુધી જીવતો રેહેશે ત્યાં સુધી હું તેને બંધીવાન તરીકેજ જીવતો રેહેવા દેવશ કે જેથી એ ખાકાનથી હવે પછી આપણને નુકસાંન પુગે નહી. બીજું એકે તેં લડાઇમાં આટલા બધા નામદાર પાદશાહોને મારી નાંખ્યા, પણ એક પાદશાહ હોય તેને એમ જડપથી મારી નાંખવો ઘટતો નથી. કારણકે તેનામાં ભલા ગુણો અને રીતભાતો હોય છે. માટે ઓ નેકબખ્ત! તું દરેક કામમા ઉટાવલો બનતો ના, પણ જ્યારે ઘણી અગત્ય પડે ત્યારેજ તું લોહી રેડવાની ઇચ્છા કરજે. મારો બાપ એમજ ઉટાવલે માર્યો ગયો હતો, જેને માટે અફ્રાસીયાબ ઉપર મારા શ્રાપ પડજો ઓ પ્યારા બાહાદુર પેહેલવાન! તુ (ફ્રકટ) તારા હાથ લંબાવીને તે દુશમનોને તારા બધીવાન કરજે. તારા જેવો નોકર ફરતું આસમાન પણ ધરાવતું હશે નહી. તારા ઉપરની મોહોબતને તારૂં નસીબ કદી પણ કાપી નાખતુ ના." તે નવીસદાએ દુવા સાથે તે નામું પુરૂં કીધું અને પાદશાહે તેના ઉપર પોતાની મોહર કીધી પછી તેણે એક ખેલાત તૈયાર કરવાને ફરમાવ્યું તથા લગામ અને કમરબંધો તૈયાર કરાવ્યા. કરચલીવાલા બાલની અને સુનેરી કંમરબંધ સાથની સો ખુબસુરત ઓરતો તથા સુનેરી અસબાબ સાથના સો મોઘી કીંમતના ઘોડાઓ, તથા ચીનાઇ રેસમી તાકાઓથી લાધેલાં સો ઉટો, તથા વળી પાંદરવાના ગાલીચાઓથી લાધેલાં સો બીજાં ઉટો, પ્રકાશીત યાકુતોવાલી બે વીટીઓ તથા હીરા અને સુનાથી બનાવેલું ચઢતી કારીગરીનું તાજ તથા સુનેરી પાદશાહી પોશાકો, તથા વળી સાંકલીઓ, હારો અને સુનેરી કંમરબંધો તેણે તૈયાર કરાવ્યા. વળી તેણે તમામ સરદારો માટે પણ હદીઆઓ તૈયાર કીધા કે જેમાં તેનો એક ખજાનો ખાલી થઇ ગયો. તેણે ફ્રીબરૂજ માટે પણ એક ગુરજ, તલવાર, એક સુનેરી તાજ અને સુનેરી જોડા મંગાવ્યા અને પછી તેને ઇરાનથી સપેહસાલાર રૂસતમ તરફ પાછુ ફરવાને ફરમાવ્યું. પાદશાહે રૂસતમને કેહેવાડયું કે, "જ્યાં સુધી તું તે ઉચા દરજ્જાના પાદશાહ અફ્રાસીયાબનું માથું તારી કમંદના ફાંસામાં પકડે નહી ત્યાં સુધી અફ્રાસીયાબ સાથે લડાઈ કરતાં તારે ખાવુંપીવું કે એશઆરામ કરવો તેમજ સુવુ ઘટતું નથી." આથી ફ્રીબરૂજ ઈરાની રૈયતના પાદશાહની ખાહેશ મુજબ ત્યાંથી પાછો ફર્યો.

તુરાની લશકરના હારી જવાની ખબર અફરાસીયાબને પુગી તે વિષે.

હવે પેલી તરફ અફરાસીયાબને ખબર થઇ કે, "પાણીના દરીઆમાંથી આતશે બાહાર આવીને તુરાની જમીન ઉપર કામુશ, મનસુર અને ચીનના ખાકાનની ઉપર હાર લાવી નાખી છે. ઇરાનથી એક લશકર કે જેનાથી ફરતાં આસમાનનો રસ્તો પણ તગ બની ગયો હતો તે લડાઇ કરવા માટે આવ્યાથી ત્યાં ચાલીસ દિવસ સુધી લડાઈ ચાલી હતી અને જેહાન રાત અને દિવસ એકજ રંગની બની હતી સ્વારોથી ઉડતી ધુલથી ત્યાં સુરજ પણ જણાતો હતો નહી એ રીતે તેનુ ખુલેલુ નસીબ પાછું ઉંઘમા પડયુ છે અને પરીણામમાં તે ઓહોલાં લશકરમાંથી લડાઇ કરવાને લાયકનો એક પણ સ્વાર બચી શકયો નથી તેઓએ ખુજોર્ગોને તથા પેલા નામદારી ભર્યા તમામ પેહેલવાનોને ભારી બંદમાં કેદ કરી તેઓને હાથીની પીઠ ઉપર નાખીને ખુવારી સાથે ત્યાં મોકલી દિધા છે. તેનું બે માઈલ સુધીના વિસ્તારનું એકઠુ થયલું એક લશકર કે જેને અત્રેથી હજારો તુરકી બુજોર્ગો સાથે ચીનનો ખાકાન ઇરાન જમીન તરફ લેઈગયો હતો, તેમાંથી તે લડાઇમાં એટલા બધા તો માર્યા ગયા છે કે તેઓની વચેથી જવાની કોઈને માટે જગ્યા પણ રહી નથી વિગેરે "

બીજી તરફથી પીરાન પણ પોતાના નામદારી ભર્યા લશકર સાથે ખોતનને માર્ગે અફરાસીયાબ આગળ આવી લાગ્યો તેઓ વચે કોઇ પણ કશાનીઓ કે હીન્દીઓ રહયા હતા નહી અથવા તો મનશુર રૂસતમની તલવાર લેઇને પણ આવ્યો હતો નહી. પણ લડાઇની જમીન બે માઇલથી વધારે વિસ્તાર સુધી લોહીથી ભરાયલી બન્યાથી તે તુરાનની જમીન હાથીઓ અને બુજોર્ગોથી ખાલી થઇ ગઈ હતી હવે બીજી તરફથી વળી એક બીજુ લશકર પણ નજદિક આવવા લાગ્યુ કે જેની હરોલમાં તેહેમતન કીનો લેનાર તરીકે ચાલતો હતો. તે લશકરની લડાઈ વચે અગર જો તુ પણ હમારી સાથે ત્યા આવે તો તુ પણ પાહાડને મેદાન અને મેદાનને પાહાડ તરીકે સમજે. જયારે એ વાતની ખબર અફરાસીયાબને પોંહચી ત્યારે તેનું દિલ દુખભર્યું બન્યુ અને તેના માથાંમાં ગમનો ધુમાડો ભરાયો. તેણે તમામ વજીરોને તથા સરદારોને બોલાવી મગાવીને તેઓ આગળ બનેલાં કામોની વાત કીધી કે, "ઈરાનથી એક લડાયક લશકર નામદારો સાથે આએ તરફ આવે છે પેલુ આપણું આટલા બધા અસબાબ સાથનુ અને અને સીપાઇઓ સાથનુ ભારી લશકર તો હાર ખાઈ ગયું છે. મને કામુશનો અને ચીનના ખાકાનનો એટલા બધા તો ગમ લાગે છે કે જાણે તેઓએ મનેજ

બાંધીને જમીન ઉપર ફેંક્યો છે. તે લશકરમાનું ઘણું મારયું ગયું છે અને ઘણું ઘાહેલ થયું છે અને બાધુરોમાથી બે ભાગ જેટલાઓ તો બંધીવાન થયા છે જેઓને હાથીની પીઠ ઉપર નાખીને ઇરાન લઇ જવામાં આવ્યા છે. ત્યાંની કેટલા માઇલો સુધીની જમીન લોહીથી ખરડાઇ ગઇ છે. તેથી આપણે હવે શુ કર્યે? અને એનો ઉપાય શુ કરી બતાવ્યે? આપણું દિલ એ બાબે નચિંત તો બનાવી શકાતું નથી. અગર જો રૂસતમ સામો આવીને ઉભો રેહેશે તો આએ મુલક કે એ મુલકનો કાંતોકચરો પણ રહી શકશે નહી કારણકે મેં પોતે તેની લડાઇ જોયલી છે, અને વળી લડાઇના અનુભવી શખ્સોથી પણ સમજ્યુ છે[1] કે, ફીનાને વખતે તેણે તુરાન જમીનના બુજોર્ગોની સાથે કેવી બુરાઈ કીધી હતી? માજનદરાનના પાદશાહના તેણે કેવા હાલ કીધા હતા? અને હાલે ફરતા જમાનાથી આપણા સરદારોના પણ કેવા હાલ બનાવ્યા છે?[1] જ્યારે હું બરૂ માફૂકનો એક નાનો છોકરો હતો ત્યારે હુ રએ શેહેર તરફ લશકર લેઇને (લડવા) ગયો હતો તે વખતે તેણે આવીને મને એવો જીન ઉપરથી ઉચકી લિધો હતો કે તેથી આપણા પેહેલવાનો પણ તેનાથી દગ થઇ ગયા હતા ત્યાં મારો કંમરબંધ તુટી જવાથી અને મારો પોશાક ફાટી જવાથી હું તેના પગ આગળ નિચે તુટી પડયો હતો.[2] એવી રીતની મેં તેની લડાઇ જોઇ હતી અને વળી તેમ લડાઇના અનુભવીઓથી પણ સમજયું છે. તેણે માજનદરાનના બુજોર્ગો સાથે એકલો લડવા જઇને પોતાના ભારી ગુરજ વડે કેવી વર્તણુંક ચલાવી હતી. અને તેણે સફેદ દેવનુ પેત તથા પોલાદ, ગન્દી અને બીદ દેવોના[3] જીગરોને ચીરી કાઢયાં હતા."

આથી મોટા દરજ્જાના શખ્સોએ પોતાની જગ્યા ઉપરથી સામતા ઉભા થઇને તેને જવાબ દિધો કે, "ઈરાનમાં જે સઘલાઓએ લડાઇ કીધી હતી તે સકલાબ અને ચીનના નામદારોએજ કીધી હતી અને તેઓએ કીનો લિધો હતો. તેં શા માટે તેઓને જેહાનમાંથી તારાં લશકર વચે બોલાવીને તારો સઘલો ખજાનો નકામો બરબાદ કીધો? તોપણ (એટલું તો ઠીક છે કે) આપણા

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

૨ અફરાસીયાબ અતરે જે લડાઈ વિષે વાત કહે છે તે તેના બાપ પશંગના વખતમા પેહેલવેહેલો મીનોચેહેરની સામે લડાઈ કરવાને ગયો હતો અને ત્યાંથી તે રૂસતમને હાથે માર્યો જતો બચી ગયો હતો તે માઠેનો એ ઈસારો છે

૩ પોલાદ, ગનદી અને બીડ એ દેવોના નામ છે જેઓને માજનદરાનની લડાઈ વખતે રૂસતમે મારી નાખ્યા હતા.

લશકરમાંથી કોઇપણ ગુમ થયા નથી અને આ મુલકના લોકોના એક ઉપર એક લોહી રેડાયાં નથી. હવે જ્યારે તેઓ આવે છે તો આપણે લડાઈ કરીશું અને આપણે ચિત્તાઓ માફક દુશમનો સામે લડીશું. તું રૂસતમની શા માટે ધાસ્તી રાખે છે? અને દુશમનોની ઇચ્છા મુજબ તુ શા માટે એટલોબધો દુખી થાય છે? હમે સઘલાઓએ હમારી માયથી મરવા માટેજ જનમ લિધો છે, અને જ્યારથી હમોએ લડવા માટે કંમર બાધી છે ત્યારથી તેને હમે છોડીજ નથી. જો તે હમુને પોતાના પગ આગળ ધુલમા નાંખશે તોપણ હમો હમારા કાંમનો બદલો તો મેલવીશુ હમોએ કીનો લેવા માટે સામટી કંમર બાંધી છે અને તેથી તે ઇરાનીઓ વચેથી હવે કોઇપણ જીવતો રેહેશે નહી." જ્યારે તે પાદશાહે મોટી પડવીના શખસોનો એવા જવાબ સમજ્યો ત્યારે તેણે લશકર વચેથી વકતાઓને ચુટી કાટયા તથા તેણે બાધુરોને અને નામદારોને બોલાવી મંગાવ્યા. આથી તે સઘલાઓ ખાવાપીવાથી, સુવાથી અને આરામ ભોગવવાથી અટકી ગયા પછી તેણે ખજાનાનાં બારણા ખુલ્લાં કરીને લશકરને પૈસા આપ્યા તથા તેઓના દિલમાંનાં લોહીને ઉશકેરીને તેમના રવાનને ગરમી આપી લડાયક પેહેલવાનોથી ત્યાની જમીન એવી બની કે, તું કહેશે કે જાણે આસમાન પણ કીનાભર્યું બન્યું છે.

ફરીબરૂજ ખેલાત લેઇને રૂસતમ આગળ આવી પુગ્યો અને રૂસતમે સોગડ શેહેર તરફ લશકરને કુચ કરાવી તથા તેણે બીદાદ શેહેરનો કીલ્લો ખુલ્લો કીધો તે વિષે.

પેલી તરફ એક પછી એક ઈરાની પેહેલવાનોએ પણ કીના માટે પોતાની કમર તંગ બાંધી. એ પ્રમાણેની તૈયારીઓ થઇ રહી તેટલા વખતમાં ફરીબરૂજ પણ ખુશાલ દિલનો બનીને અને સાથે પાદશાહ તરફનો હદીઓ કે જેમ તાજ, સાંકલી વિગેરે હતું તે લેઇને રૂસતમ આગળ આવી લાગ્યો. પેહેલવાન પીલૈતન તેને જોઇને ખુશી થયો અને તેની નજદિક લશકરના સરદારો ભેગા થયા. સરદારોએ તેને પાદશાહને માટેની ખેરઆફીયત પુછી, તથા તેને રસ્તા (ની મુસાફરી) માટેની, (ઇરાનના) મુલકો વિષેની અને તખત તથા તાજ વિષેની ખબરો પુછી. પાદશાહી તોખમના ફરીબરૂજે તેઓને એવો જવાબ દિધો કે, "જેહાનનો પાદશાહ પોતે ખુશાલ અને તંદરોસ્તીભર્યો છે." આથી ઈરાની લશકરના તમામ નામદારોએ તે નામદાર પાદશાહ માટે ખુશાલી જાહેર કીધી.

પછી તેઓએ તે પેહેલવાનની ઉપર દુવા કીધી કે, "ફ્રસતમથી આ જમીન આબાદ થજો. તેનાથી જેહાનના પાદશાહનો જીવ ખુશાલ રેહેજો અને ઇરાનનો મુલક આબાદ બનજો. તારા જેવો હુનરમંદ, ચાલાક અને રોશન રવાનનો પેહેલવાન બીજો કોણ થવાનો છે ?" પછી તેણે તે જગ્યાએથી લશકરને કુચ કરાવી અને સોગડ શેહેર તરફ આવીને ત્યાં બે અઠવાડયાં સુધી થોભ્યો. ત્યાં તેણે ગોરખરોનો શેકાર કરવા ઉપર અને દારૂ ઉપર હાથ લંબાવ્યો એ પ્રમાણે તેણે કેટલો વખત ખાઇપીને ગુજાર્યો. પછી તેણે ત્યાંથી લશકરને તે મુલકની વધારે અંદર કુચ કરાવી અને એક મંજલનો રસ્તો કાપ્યા બાદ તેઓને એક શેહેર જણાયું તે શેહેરનું નામ બીદાદ હતું કે જ્યાં એક કીલ્લો હતો. તે શેહેર માણસોની વસ્તીથી આબાદ હતું. ત્યાંના લોકોનો ખોરાક માણસો(ના ગોસ્ત)નો હતો અને તેથી વખતો વખત ખુબસુરત ઓરતો ગુમ થઇ જતી હતી ત્યાંના આવા પલીદ પાદશાહના ખાણાંની ઉપર નાના છોકરા સિવાય બીજું કાંઇ આવતુ હતું નહી. જે કોઇ ઓરત ખુબસુરત જણાતી અને જેણી દેખાવમાં અને કદમાં હરણ જેની લાગતી, તેને તે પાદશાહ પોતાની તેબલ ઉપર રંધાવી મગાવતો અને એ પ્રમાણે તે બુરો પાદશાહ પોતાનો ગુજારો કરતો હતો. આથી તેહેમતને ત્રણ હજાર બખતરવાળા અને બખતર સાથના ઘોડાઓવાલા સ્વારોને ગસતહમ સાથે તથા બે મોટી પડવીના સ્વારો સાથે તે કીલ્લા તરફ જવાને ફરમાવ્યું તે સરદારોમાં એક ગેવનો બેટો બેજન અને બીજો હજીર હતો કે જેઓ લડાઈમાં ધરપકડના કરનારાઓ હતા. તે (બીદાદ શેહેરના) પાદશાહનું નામ કાફુર હતું કે જેનો તે શેહેર ઉપર હોકમ ચાલતો હતો. જ્યારે તેણે સમજ્યું કે ઇરાનથી એક લશકર આવ્યું છે અને તેનો સપેહસાલાર કીનો લેનારો એક નામદાર છે ત્યારે તે કાફુરે લડાઇના હથીયારો સજીયાં અને તમામ શેહેરના લોકો પણ તેની માફક વાઘ જેવાં બન્યાં તેઓ કમંદ ફેંકનારા લડાયક લોકો હતા અને લડાઇમાં ગોયા તેઓ પથ્થર અને લોઢાંના ઢીંમરાં જેવા હતા. તે કાફુર ગસ્તહમ સાથે લડવાને ઉતર્યો અને તે બંધે લશકર એકમેક સાથે લડવાને ભેલાઇ ગયા. એક સિંહ જેમ હરણ આગળ બાહુરીથી આવે તેમ તેઓ લડાઈ કરનારા હોવાથી ઇરાની પેહેલવાનો વચેથી ઘણાઓ માર્યા ગયા અને તે લડાઇના સોધનારાઓના ડોકાં ઉધાં પડવા લાગ્યાં. જ્યારે ગસતહમે જેહાનને એવી રીતની જોઇ અને તે નાપાક દેવોની હદેલીમાં જેહાનને પકડાયલી જોઇ ત્યારે તેણે સ્વારોને ભરાઇને તેઓની હીલચાલ તપાસવા, અને દૂરથી તીરનો મારો છોડવા ફરમાવ્યું.

કાપુરે પોતાના નામદારોને ફરમાવ્યું કે, તેઓના લોઢાંના બખ્તર ઉપર તીરોની અણીની અસર થશે નહી માટે તમો ભારી ગુરજથી તેઓ ઉપર હુમલો કરીને તમારી લડાઇ દેખાડો અને તે જોરેમંદોને તમારી આગળ નબલા પાડો.' આથી સઘલાઓએ તે લડાઇના મેદાનમાં ગડગડાત કરતા સિંહો માફક અને જનુની વાઘો માફક એકી વખતે લડવાની કોશેષ કીધી તેઓએ બાહાદુરીને અને પેહેલવાની હુનરોને અમલમાં મુકયા અને તે સઘલાઓના ટોકાંઓને પગ નિચે ફેકવા લાગ્યા એ પ્રમાણે તેઓએ થોડો વખત લડાઇ કીધાથી ગોયા થોડો વખત દરીઆમાંથી આતશ સલગી ઉઠયો હોય એમ જણાયુ. આ બીજાં કામે ઇરાનીઓને મુશકેલીગાં મુકયા અને તે સઘલાઓ લડાઇ કરવાથી એકી વખતે કંટાલી ગયા ઇરાનીઓમાનાં ઘણાઓ માર્યા ગયાથી અને તેઓના માથા ઉપરથી બલાનુ વાદલ પસાર થવા લાગ્યાથી ગસતહમે જડપથી બેજનને કહયુ કે, “ તુ તારા ઘોડાને અત્રેથી થોડો વખત પાછી ફેરવ અને તમામ તલવારો ગુરજો અને કમંદો લેઈ આવ, અને તેમ કરીને તે સરકશોના માથાંને કેદ પકડ.‧તુ અત્રેથી બસો સ્વારો સાથે લગામ ફેરવીને કુચ કરી જા અને જે કાંઈ કરવું પડયું છે તે રૂસ્તમને પણ જણાવ.” તેથી ગેવનો બેટો બેજન ત્યાંથી પવનની જડપે ગયો અને તેહેમતન આગળ જઇને સઘલું કહયું. રૂસતમ એક પળમાં ઘોડા ઉપર ચઢી બેઠો, પણ તેના લશકરે એ ચઢતી પડતીની વાત જાણી નહી. એ રીતે જેમ એક કાળા પાહાડ ઉપરથી ધોધ ગબડી આવે તે જડપે રૂસતમ તે મેદાનમાં આવી લાગ્યો. ત્યાં તેણે ઇરાનીઓમાંથી પુશકલ શખ્સોને માર્યા ગયલા અને ઘણાએક સરદારોને તે લડાઈમાં બરગસ્તે હાલતમાં આવેલા જોયાથી તેણે કાપુરને કહયુ કે, “ ઓ હુનર વગરના બુરા શખ્સ ! હવે હું તારો અંત લડાઇમાં લાવી મુકશ. ” પણ કાપુરે તે ફળદાર પાદશાહી ઝાડ (રૂસતમ) ઉપર એક સખત હુમલો કીધો અને તે સિંહોને પકડનાર રૂસતમને લાગે તેમ તેણે તેના તરફ એક તીરની માફક પોતાની તલવાર ફેકી પણ રૂસતમે પોતાની ઢાલ આડી ધર્યાથી તેની તલવારે તે ઢાલ ઉપર અસર કીધી નહી ત્યારે કાપુરે જાલના બેટાની ગરડન પકડવાને તેના ઉપર કમંદ ફેકી. પણ રૂસ્તમે એક છેડાયલા હાથી માફક પોકાર માર્યાથી કાપુર એક મુઢની માફક પોતાની જગ્યાએ થંભ ઉભો રહી ગયો. પછી જાલના બેટાએ તેના માથાં ઉપર ગુરજનો એક ફટકો માર્યાથી તેનુ માથુ, ટોપી અને ગરદન સામટી છુડાઈ ગઇ. તેનું ભેજુ માથાંમાંથી નાકને રસ્તે બાહાર નિકળી પડયું અને તે લડાયક કાપુર નિચે પડયો. પછી ત્યાંના વડાઓ કે નાનાઓને ઓલખ્યા વગર રૂસ્તમ ત્યાંથી કીલ્લાના બારણા આગળ હુમલો લેઇ ગયો. તેઓએ કીલ્લાના બારણા બંધ કરી નાખ્યાં

અને કીલ્લા ઉપરથી ધરપકડ કરવાને તીરનો મારો છોડવા લાગ્યા. તેઓ બોલ્યા કે, "ઓ જોરેમર્દ અને હુશીયાર શખ્સ ! ઓ વાઘનું ચામડું પેહેરનારા હાથી જેવા શખ્સ ! તારા બાપે તુને જન્મ આપીને તારૂં નામ શુ પાડયું છે ! તેણે શું તારૂ નામ કમંદ ફેકનારો અથવા તો લડાઈનું આસમાન આપ્યું છે ? પણ આ કીલ્લા આગળ તારી મેહેનત કીધેલી તો ફોકટ જશે. કારણકે તારી આગળ હમારી લડાઈની વાત જાણકારોએ કીધી હશે. ફરીદુનનો બેટો તુર ઇરાનથી આવતાં જ્યારે આ રસ્તે હંકારી જતો હતો ત્યારે તેણે તમામ રીતના માહીતગાર શખ્સોને બોલાવીને તેણે પથરા, લાકડા, ઇતરડી અને બામબુનો આવો એક કીલ્લો બાંધવાનો પાયો નાખ્યો હતો. તે કીલ્લો ઘણીએક યુક્તિઓ અને મેહેનત પછી આ રીતે બંધાઇ રહયો હતો અને તે બાંધવા પાછલ મેહેનતને નિચવી નાખી હતી અને ખજાનાને ખાલી કરી મુકયો હતો. બાધુર માણસોએ પુશકલ મેહેનત કરીને એ પ્રમાણે કીલ્લાના મીનારાઓ ઉભા કીધા હતા. માટે એ કીલ્લા ઉપર કોઇપણ શખ્સ પાદશાહી ભોગવી શકવાનો નથી અને તુંને પણ એવી મેહેનત કરવાથી કીમત મળવાની નથી એ કીલ્લામાં પુશકલ હથીયારો અને ખોરાક ભરેલો છે અને તે સઘલુ લેઈ આવવાને જમીનમાંથી એક રસ્તો (કાઢેલો) છે. જો તુ વર્ષો સુધી મેહેનત કરશે અને લડાઇ કર્યા કરશે તોપણ તારે હાથ કાંઇ પણ મલવાનું નથી. તુરે જાદુઇ કીધેલી હોવાથી અને એક ફકીરે જાદુઈ ફુંક મારેલી હોવાથી એ કીલ્લા ઉપર કીલ્લાને તોડવાનુ હથીયાર પણ અશર કરી શકતું નથી."

જયારે રૂસ્તમે એમ સમજ્યું ત્યારે તે વિચારવંત બન્યો અને તેનું લડાયક દિલ એક ઝાડી માફક ગુચવનમાં પડયું. એ લડાઇ તેની ખાહેશ મુજબની નિવડી નહી રૂસ્તમ તે કીલ્લા ઉપર ચારે બાજુએથી લશકરનો હુમલો લેઈ આવ્યો. એક બાજુએ ગોદરેજ રહયો, બીજી બાજુએ તુસ કે જેની પુઠે હાથી, રનસીગડા અને ઢોલો રેહેતાં હતાં તે રહયો અને ત્રીજી બાજુએ બખતર અને કાબુલી ખંજર સાથનુ જાબુલી લશકર રહયું તે કીલ્લો જીતવા આવનારાઓ ઉપર કીલ્લા ઉપરથી પથરા અને તીરોનો મારો છોડવા માડયો જ્યારે રૂસ્તમે એમ જોયું ત્યારે તેણે એક કમાન ઉચકી જેથી તમામ કીલ્લાના લોકો તેનાથી અચરત બન્યા. પછી જે કોઈ કીલ્લામાંથી ડોકું બાહર કાઢતો તેને જમ છીનવી લેવા લાગ્યો તેના તીરની અણી તેમના મગજ સાથે એવી ખાનગી મસલત કરતી કે લડાઇ કરવાનું કામ બુરાઇમાં ફેરવાઈ જતું ત્યારબાદ તેણે તે કીલ્લાનો પાયો ખોડી કાઢવા માંડયો અને તેના માણસોએ તેની દિવારોને નિચે તોડી પાડવા માંડી. પછી તેઓએ નિચેથી લાંકડાં મુકીને તે ઉપર કાલું નફ્તેલ ચોપડયું. જ્યારે

તે કીલ્લાની અરધી દિવાર તોડી ત્યારે તે લાકડાંઓને આતશથી સલગાવી મુકયાં. આથી તે તુરે બનાવેલો કીલ્લો નિચે તુટી પડયો અને તેની આસપાસની સઘલી બાજુએ (ઇરાની) લશકર ફરી વલ્યુ અને તેઓને રૂમતમે કમાન અને ખંડગ તીરો વડે લડાઈ કરવા ફરમાવ્યુ દુશમનોના સઘલા પેહેલવાનોએ એકી વખતે ખજાના માટે, પોતાના છોકરાં બચ્ચાંઓ માટે તથા વળી પોતાના દેશ અને કબીલા માટે પોતાના માથાં બરબાદ કીધાં તે મોટી પડવીના શખ્સો જાણે પોતાની માતાથી જનમ્યા હતાજ નહી ઇરાની બાહુરો હાથમાં ઢાલ તથા તીર કમાન પકડીને તુરતજ ઘોડા ઉપરથી નિચે ઉતરી પડયા, જેઓની સાથે બેજન અને ગસતહમની સરદારી હેઠેલ નેજાવાલુ લશકર પણ ગયુ આતશના તેજદાર બલતાંઓથી અને તીરના મારાથી દુશમનો માટે નાહાસવાનું અશકત થઇ પડયુ તેઓ કીલ્લાના મીનારામાંથી બાહાર આવતાંજ નાહાસભાગ કરતા અને રૂડન કરતા જંગલમાં દોડી જતા આથી બાહુર રૂસતમે તુરતજ કીલ્લાના દરવાજા બંધ કરાવ્યા અને તે નાશ કરવા અને ખુનામરકી ચલાવવાને આગળ વધ્યો. તેણે તેઓના એક ભાગને તીરોથી વિંધી નાખ્યા અને બીજા ભાગને તેના પેહેલવાનોએ કેદ પકડયા. ઇરાની લશકર ત્યાંથી પુશકલ સુનું રૂપુ તથા મોંઘી કીમતની ચિજો તથા ઉંટો, ગોલામો અને ગોલામડીઓ મેલવીને પોતાની છાવણી તરફ પાછુ ફર્યું. તેહેમતને ત્યાં જઇને માથાવેરથી શરીર ધોયું અને પછી પેહેલાં પરવરદેગારની હજુરમાં બંદગી કરવાને ગયો તે ફતેહ મલી તે માટે તેણે શુકર ગુજારી કરીને પરવરદેગારની તારીફ કીધી પછી તેણે ઈરાનીઓને કહયું કે "તમોએ પણ પરવરદેગારની હજુરમાં બંદગી કરવાને જાહેરમાં જવા કરતાં છુપાછુપ જઇને આ ફતેહ માટે તેની ન્યાએશ કરીને તેની આવી ભલાઇઓ માટે તારીફ ગાવી જોઇએ" આથી તે સરદારોએ પણ પરવરદેગારની હજુરમાં એકી વખતે જમીન ઉપર પોતાના માથાં નાંખ્યા જયારે તેઓ પરવરદેગારની તારીફ ગાવાથી પધાર્યા ત્યારે તેઓએ નામદાર રૂસતમની તારીફ ગાઇ કે "લડાઇમાં દરેક શખ્સથી તારા જેવુ બનાતુ નથી બીજાઓ તો નામદારી મેલવવા કરતાં બેસી રેહેવું સારૂ ગણે. પણ તારૂં આવું હાથી જેવુ શરીર તથા આ બખતર અને સિંહ જેવા પંજા હોવાથી તું સિંહો સાથે પણ લડાઈ કરવાને ઢીલ કરનો નથી." તેહેમતને જવાબ દિધો કે, "હું મારાં જોર અને દમામને પરવરદેગાર તરફના મલેલા ખેલાત તરીકેજ ગણું છુ તમો સઘલાઓ પણ તેમાં ભાગ પડતા હોવાથી તમોને પરવરદેગાર આગળ ફરીઆદ કરવાની જગ્યા રહી નથી."

પછી રૂસતમે ગેવને ફરમાવ્યું કે, "તું ઢાલ સાથના અને બખતરવાલા

થોડા સાથના દસ હજાર સ્વારો લેઇને જહપથી પોતનના મુલક તરફ જા અને તુરકીઓને ત્યાં ભેગા થવા દેતો ના " આથી જ્યારે રાતે પોતાના કાલા વલ ખાધેલાં જુલફાં દેખાડયાં અને ચંદ્રની પીઠ ગમથી વાંકી વળેલી જણાઇ ત્યારે ગેવ લડાયક સ્વારો સાથે ત્યાંથી બાહાર પડયો એ હુમલો કરવા જવામાં ત્રણ દાહાડા નિકળી ગયા. (ચોઠે દાહાડે) જ્યારે સુરજે પોતાનું તાજ દેખાડયું અને રૂસતમ હાથી દાંતના તખત ઉપર આવી બેઠો ત્યારે બાધુર ગેવ ઘણાએક બાધુરોને તુરાનથી કેદ પકડીને ત્યાં આવી લાગ્યો તેઓ વચે તવાજ શેહેરની પુશકલ પુટલીઓ જેવી ખુબસુરત ઓરતો તથા મોઘી કીંમતના ઘોડાઓ અને તરેહવાર બીજો શામન હતો તેમાનો એક ભાગ રૂસ્તમે પાદશાહ માટે મોકલ્યો અને બીજો ભાગ સઘલા સીપાઇઓ વચે વેહેંચી આપ્યો પછી ગોદરેજ, તુસ, ગેવ, ગસ-તહમ, રેહામ, પેહેલવાન શીદુશ અને ગેવનો બેટો બેજન એ સઘલાઓએ સાથે ઉભા થઈને રૂસતમની નવેસરથી તારીપ કીધી ગોદરેજ બોલ્યો કે, " ઓ નામદાર ! તમામ જેહાન તારી મોહોબત મેલવવાને ગરજવત રહે છે. તેથી હવે પછી હુ મારા હોટોને દિવસે કે રાતે તારી તારીફ કીધા વગર ખુલશે નહી. તુ હમેશાં ખુશાલી સાથે અને રોશન રવાન સાથે જીવવું કરજે. હમેશાં તું અકકલમાં બુજોર્ગો જેવો અને દોલતમા જવાન રેહેજે. તારા વડીલોથી ઉતરી આવેલાં એ ખાનદાનનો તારા બેટાના બેટાઓ સુધીમાં (જલદિથી) અંત આવી જતો ના. તું વગર ગરજનો અને સારા નસીબનો રેહેજે અને જેહાનમાં ઉંચો દરજ્જો ભોગવનારા શખ્સો ઉપર તું શરદારી ભોગવતો રેહેજે. જેહાનનો પેદા કરનાર તારો મદદગાર થજે તથા જથીન અને જમાનો તારો ખેરખાહ બનજો. જે કોઇ આ જમીનની સપાટી ઉપર ફરી વલ્યો હશે તથા જેણે દુન્યાની એશ-આરામ તથા લડાઇ અને કીનો જોયા હશે, તેણે એકજ જગ્યામાં એટલું બધું લશકર એકઠું થયલુ જોયુ હસે નહી અથવા તો કોઇ અકકલવાન બુઢા શખ્સોથી સમજ્યું પણ હશે નહી તે લશકરમાના પાદશાહો, હાથીઓ, હાથીદાંતના તખતો, માણસો, ઘોડાઓ, ખજાનો અને તાજોને આ મેદાન વચે ઉપરથી સેતારાઓ પણ જોવા પડયા હતા (અને તેઓ અજબ બન્યા હતા) કે આવું મોટુ લશકર લડાઇમાં હાર ખાઇ ગયું. આપણે અત્રે ઘણા બાધુરી ભર્યા પેહેલવાનોને મારી નાખ્યા છે, પણ તેમ કરવા સિવાય કાંઇ ઉપાય હતોજ નહી. હમો તો તે અઝું દાહોના દુખથી બુમબરાડા પાડતા હતા પણ તારી કમાને હમોને છુટકારો બક્ષીઓ છે. તેથી તુંજ ઈરાનના તાજ તરીકે અને સરકારોને ટેકા તરીકે છે. તુ નામદાર છે અને હમો તારા ચાકરો છીએ. તારાં એ કામોનો બદલો પરવર-દેગાર એવી રીતે વાલજો કે તારો ચેહેરો હમેશાં હસ્તો રહે. હમારા હાથમાં

તારો બદલો વાળી આપવાની તાકાત નથી. ફક્ત હમારી જીભથીજ તારી તારીફ થાય છે. દાહાડે દાહાડે તારી ચઢતીમાં વધારો થજો અને તારા હાથના પંજા સો માણસો જેટલો હુનર ધરાવવાને શક્તિવાન બનજો." ૧ તેહેમતને તેઓની વલતી તારીફ કરતાં કહયું કે, "ઓ નામદાર, ચાલાક અને બાહાદુર સરદારો! તમો જમીનના બીજા પેહેલવાનો સાથે આબાદ રેહેજો તમો બાહાદુરોથીજ મારી પીઠ સીધી રહેલી છે અને મારી જબાન મારા રોશન દિલની ગવાહી આપે છે તમારા જેબ આપનારા ચેહેરા જોવાથી મારો ચેહેરો તાજો રહે છે અને તમારી માયાથી મારૂં રવાન દીપતું બને છે." પછી તે બોલ્યો કે, "આપણે અત્રે ત્રણ દિવસ સુધી ખુશાલી સાથે જેહાનને દિપાવતા રહીશુ અને ચોથે દિવસે અફ્રાસીયાબ સાથે લડાઈ કરવા માટે અત્રેથી ઉપડી જઈશું અને ત્યાં પાણીમા પણ આગ સલગાવશું આપણે આપણા લશકરને તે મુલકની જમીન તરફ હંકારીશુ અને ત્યાં એકી વખતે ઉઠલપાઠલ કરી નાખીશુ." પછી એવા ઠેડાવ સાથે તેઓ ત્યાંથી બરખાસ્ત થયા બાદ ત્યા દારૂ લાવવામા આવ્યો અને રામશગરોને વાજીંત્ર સાથે બોલાવી મંગાવવામા આવી તમામ નામદારો રૂસ્તમના ફરમાવ્યાથી મજાહ કરવા અને ખાણીપીણી કરવા પડી ગયા.

રૂસ્તમના આવી પુગ્યાની ખબર અફ્રાસીયાબને થવાથી તેણે લડાઇની તઈયારી કીધી તે વિષે.

જ્યારે અફ્રાસીયાબને ખબર થઈ કે, "રૂસતમ લડાઇ કરવા માટે ઉતાવલ કરે છે" ત્યારે તેનું દિલ તે વાત સમજી ગમગીન બન્યુ અને તેના દિલ ઉપરના સઘલાં રેસમી કપડાં જાણે કાંતાના હોય તેમ લાગ્યાં તેણે દિલ સાથે વિચાર કીધો કે, "તેની સાથે લડાઈ કરવાનુ કામ કોણ બજાવશે? મારી પાસે લશકર તો પુશકલ છે પણ તે લશકરનો સરદાર કોણ બનશે? તેની સાથે લડાઇ કરવાની તાકાત કોણમાં છે, કે જે તેની તલવારના તાપથી હાર ખાય નહીં?" ત્યારબાદ તેણે ત્યાંથી ફરી મોટેથી કહયુ કે, "આપણામાથી કોણ તેની સામે લડાઇમાં બરોબરી કરશે? તુરકીઓ વચેથી તેનો બરોબરીઓ આપણે કોઇ જોતા નથી, કે જે લડાઇમાં તેની બરોબરની જગ્યા લે મે જેને આગળ જોયો હતો તેજ જો એ રૂસતમ હોય તો તેની સાથે લડવા માટે હુ પણ ઘણો દુખી બનું છું." ૧ એ પ્રમાણે દુખી થયા પછી તેણે ખાનગી રીતે કહયું કે "આપણે લડાઇમાં તેનો બરોબરયો કોણને લાવીશુ? ૧ જ્યારે હું એક બરૂ જેવો (યાને નાજુક) નાનો છોકરો હતો ત્યારે મેં તેની સામે લશકર તૈયાર કીધું હતું. ૧ તે

---

૧ એ અંત લખેલી નકલમાં વધારે છે.

વખતે તેણે મારી આગળ આવીને મને જીન ઉપરથી ઉચકી જ્યાં લશકર વચે લડાઈ ચાલતી હતી તેની વચે મને લેઇ જઈ નિચે ફેંકયો હતો." ૧ ત્યારે લશકરે અફ્રાસીયાબને જવાબ દિધો કે, "તું તારાં મગજને રૂસતમ સાથે લડાઇ કરવાથી એમ ફેરવી ના નાખ તું એવો એક શખ્સ છે કે જે લડાઈમાં લોહીના મોજાઓને જમીન ઉપરથી ચંદ્ર સુધી ઉછલતા કરી શકે છે. તારી પાસે પુશકલ હથીયાર, માણુસો અને ખજાનો છે, ત્યારે તું શા માટે લડાઇ કરવા સારૂ દિલથી દુખી થાય છે? તે એકલા એક સ્વાર સાથે લડાઇ કરવા માટે તું ગમગીન ના બન, પણ આ બાહાદુર પેહેલવાનો તરફ નજર કર. જો તે રૂસતમ બાહાદુર હોય અને એકલો લડતો હોય તો તુ પણ એમ જાણ કે તારા પેહેલવાનો પણ લોટાના (કીલ્લા) જેવાજ છે તે રૂસતમને લિધે નજીવી વાતો લાંબી થઈ પડે છે માટે તુ તારા લશકરથી તે માટેનો ઉપાય કર તુ તેના વાદલ સુધી પુગેલા માથાને ધુલમાં નાખ કે જેથી ત્યાર પછી આપણને પાદશાહ કએખસરૂની કે ઇરાનની કાંઇ ધાસ્તી રહેજ નહી. પછી કએખસરૂ કે તેનુ તખત, કે પેલી ઇરાનની ભુમી કે ત્યાના ઝાડપાન, કાંઇ આબાદ રહેવાના નથી, માટે તુ આ નામદારીભર્યા લશકર તરફ નજર કરીને તેઓમાથી લડાયક જવાનોને જોઈ કાઢ. આ નદીઓ અને જમીનને માટે, તથા હમારા ફરજંદો, ઓરતો, બાળકો અને તમામ કુટુંબને માટે હમો સઘલા હમારાં શરીરને કપાઈ જવા દેઈશું આ મુલક દુશમનોને સોંપી દેવા કરતાં તેમ કરવુ જ ભલું ગણાય"

જ્યારે અફ્રાસીયાબે એવી વાત સમજી ત્યારે તેણે જુના વખતની લડાઇઓને (મનમાંથી) વીસારી નાખી અને તેણે પોતાના ન્યાગાનોની જમીન માટે તથા પોતા માટે એક નવોજ વિચાર કરવા માડયો. તેણે એવો જવાબ દિધો કે, "હવે જ્યારે કામ મુશકેલ થઇ પડયુ છે તો હુ લડાઇના હથીયારોને આગળ ધરશ કએખસરૂ પોતાના નસીબથી ખુશાલી ભોગવતો અને મોજમજાહ કરતો બને તો હું તેમ થવા દેવાનો નથી. પેલા જાબુલી રૂસતમના ડોકાને લડાઈ વખતે મારા પંજા હેઠેલ લાવીને તેને ધુલમાં રગડોલશ જ્યારે તેના મમાવાની જમીન રૂસતમને હદીઆ તરીકે મલશે ત્યારેજ તે મારો નબીરો વિચાર કરતો ઓછો થશે. હું હવે તે નબીરાને કે આ લડાઇને વધુવાર રેહેવા દેવશ નહી અને એ વાતને શમશેરથી દાબી દેવશ" પછી તેણે લશકરને તૈયાર રેહવાને ફરમાવ્યું અને તેણે નવેસરના કીનાસાથે ત્યાથી ઉડાંગીરી કીધી આથી નામદારોએ તેની તારીફ કીધી અને તેઓએ બાહાદુરોને કીનો લેવા માટે બોલાવી મંગાવ્યા. ત્યાં એક ફરગાર નામનો સિંહ જેવા દિલનો શખ્સ હતો જે ઉંડી

---

૧. એ બેત લખેલી નકલમાં વધારે છે.

નજરનો અને છટકાંથી જડપથી ચેટનારો હતો. અફ્રાસીયાબે (તેની સાથે મસલત કરવાને) તે જગ્યા પારકાઓથી ખાલી કીધા પછી તે પૂરગારને કહયું કે, "ઓ મોટી પડવીના શખ્સ! તું હમણાજ તે ઈરાની લશકર તરફ જઇને ત્યાં પેલા લડાયક રૂસતમ ઉપર નજર કર. તેના સ્વારો કેટલા અને કેવા છે? તથા આ દેશના કયા કયા શખ્સો તેના ભોમ્યા બન્યા છે? તેઓના જંગી હાથીઓ કેટલા છે અને માણસો કેટલા છે? તથા સારા માહા ઇરાની પેહેલવાનો પણ કેટલા છે તે તું તપાસ કરીને જોઇ કાઢજે." જ્યારે ફરગારે ઇરાની લશકરના કામથી વાકેફ બનવાને ત્યાંથી પીઠ ફેરવીને રસ્તો કાપવા માંડયો, ત્યારે તે તાજને સોધનાર પાદશાહ અફ્રાસીયાબનું દિલ ગમગીન બન્યાથી તેણે પોતાનો ચેહેરો પારકાઓને દેખાડયો નહી. પણ તેણે કોઇને મોકલીને પોતાના બેટાને પોતાની પાસે બોલાવી મંગાવી તેની સાથે કેટલીક અગત્યની ખાનગી વાતો કીધી તેણે શીદેહને[1] કહયુ કે, "ઓ અકકલમંદ બેટા! તારૂ લશકર તારો ગમ કયાંથી કરવાનું છે? જાણુકે તે (દુશમનોનું) લશકર પુશકલ છે અને તે ઘણાક સ્વારો સાથે અત્રે લડવાને આવે છે. સિંહ જેવાં દિલનો રૂસતમ છે કે જે શમશેરથી ધુલને કાદવવાલી બનાવે છે તે તેઓનો સપેહસાલાર છે તે સિંહોને પકડનારા રૂસતમે કામુશને, મનશુરને અને ચીનના ખાકાન જેવાને તથા કેહારને, નામદારી મેલવનારા ફરતુસને, કુનદરને, શનગલને અને હીન્દુસ્તાનના પાદશાહને, તથા કેશમીરથી તે સિંધુ નદી સુધીના મુલકોના લશકરને ફતેહમંદી સાથે કાપી નાખ્યું છે અને કેટલાકોને તે બંધીવાન કરી લેઇ ગયો છે. ચાલીસ દિવસો સુધી તેણે એ (આપણા) લશકર સાથે લડાઈ કીધી હતી. તેટલા વખતમાં તેણે કેટલોક વખત લડાઈ કીધી તેમ કેટલોક વખત ફુરસદ લીધી હતી તેઓ સાથે લડાઇ કરતા આખરે રૂસતમે તે હાથી જેવાઓને પોતાની કમંદના ફાંસામાં કેદ પકડયા અને દરેક મુલકના સ્વારો અને પેહેલવાનોને, તથા જુદા જુદા મુલકોના હથીયારો, ઢારો, ઘોડાઓ, તાજો અને પેલાં હાથીદાતના તખતો સાથે ઈરાન મોકલી દિધાં છે. હાલે વલી તે એજ રીતે પોતાના તમામ બાહાદુરો અને નામદારો સાથ આ મુલક તરફ આવે છે. તેથી હું અત્રે ઘણો ખજાનો કે તખ્ત

---

1 બુનદેહેશ (બાબ ૩૧) મા અફ્રાસીયાબના ત્રણ બેટા જણાવ્યા છે, જેઓના નામ 'ફરીસ્પા એ ચુર,' 'શાન' અને 'શીદેહ'છે એ ઉપરાત તેના બીજાં પણ ફરજદો હતા એમ તેમા જણાવ્યું છે. અફરાસીયાબ મીનોચેહરના બેટા નોજરની એક છોકરી નામે "જેહાનસાજ" સાથે પરણ્યો હતો (એ બાબે જુઓ વોલ્યુમ ૧ લુ, પાનુ ૬૫૦) એ ઓરતથી તેને ત્યા 'ફરીસ્પા એ ચુર' અને 'વીસ્પાન ફરશ' (ફરગીસ) ના જન્મ થયા હતો.

રાખવા માંગતો નથી કારણકે એ કામમાં મારૂં નસીબ ઉંધું વલેલું જણાય છે. માટે હાલે જે કાંઈ ખજાનો, તાજ કે કમરબંધ તથા જે કાંઈ સુનેરી સાંકલીઓ તથા સુનેરી ઢાલો છે તે સઘળું હુ અલમાસ નદી તરફ મોકલી આપવા માગું છું કારણ કે હાલે કાંઇ મોજમજાહ કરવાનો કે ગાણતાણ કરવાનો વખત નથી. પેલા તિક્ષણ પંજાવાલા રૂસતમથી હું દુખી બન્યો છું. તેના મગરમચ્છ જેવા દાચાં આગળ કોણ નચિંતાઇથી રહી શકે? રૂસતમ કાંઈ લડાઈ વખતે માણસ જેવો રેહેતો નથી. તે પોતાને થયલા જખમથી દુખી થતો નથી યાતો તે દુખથી રડતો નથી તે નેજાઓ, તલવારો કે તીરોથી. યાતો તેના ઉપર બુદ્ધ આસમાન ગુરજનો વરસાદ પાડે તો તેનાથી પણ બીહીતો નથી તુ તેને જાણે તાબાનો અથવા લોટાનોજ બનેલો ધાર તે કાંઈ માણસની તોખમનો હોય એમ મને લાગતુ નથી પણ ગોયા હારેમનની તોખમનો લાગે છે. તેના લડવાના એટલાં બધાં હથીયાર છે કે જેના ભારથી જમીનની કમર પણ થાકી જાય છે તે બખતર, હથીયારો, લોઢાની તોપી અને બબરેબ્યાન ધરાવે છે અને તે ગરજના કરતા વાદલ માફક પોકારો મારે છે તેની સામે જોરાવર હાથીઓ પણ લડાઈમા ટકી શકતા નથી, અને તેના હથીયાર સામે નાઇલ નદીમાંનાં વાહાન પણ ટકી શકતાં નથી તેની નિચે પવનવેગે ચાલનારો એક પાહાડ જેવો ઘોડો રહે છે તું એમજ કેહેશે કે જાણે તે આસમાન ઉપરથીજ ઉતરી આવ્યો છે. તે હરન જેવી ચલનનો અને સિંહ જેટલીજ ધાસ્તી ઉપજાવનારો છે. તે દરીઆ અને પાહાડોને બાધુરીથી પસાર કરી જાય છે. તારા પુછવાથીજ એ વાત હું તુને કહુ છુ. દરીઓ પસાર કરી જવામા તે રખશ એક વાહાનનાજ જેવો છે. મને તેના સ્વાર સાથે ઘણી વખત લડાઇ કરવી પડી હતી. રૂસતમનુ બખતર વાઘના ચામડાંમાથી જે બનાવેલું છે તેના ઉપર જોકે મે તીરોથી અને કોહોડાલીઓથી અજમાયશ કીધી હતી તોપણ તેની ઉપર મારાં હથીયારો અસર કરી શક્યાં હતાં નહી. હાલે આપણે અજમાયશને ખાતર એકવાર ફરીથી લડાઇ કરીશુ અને કેવો વખત આવે છે તે જોઇશુ. જો પરવરદેગાર મને મદદ કરશે અને ઉચુ આસમાન પણ તેજ મુજબ ફરશે તો આપણે ઇરાનને કે ત્યાંના પાદશાહને સલામત રેહેવા દેઇશું નહી. એ લડાઈનું કદાચને એવુંજ સેવટ આવે પણ બીજા હાથ ઉપર જો તે લડાઇની ફતેહ રૂસ્તમનેજ મલશે તો હું અત્રે વધુવાર થોભ્યા વગર ચીનના દરીઆની પેલીમેર જતો રેહેવશ અને આ તુરાન દેશની જમીનને તે (ની દયા)ને માટે રેહેવા દેઈ જવશ. તેથી ઓ તું બાપના જીવ જેટલાજ વાહાલા બેટા! હું આ નાકદર ફરતાં આસમાનની બેવફાઈ માટે ડરૂં છું."

શીદેહે તેને જવાબ દિધો કે, "ઓ અક્કલમંદ પાદશાહ ! જ્યાં સુધી તાજ અને તખ્ત રહે ત્યાં સુધી તું સુખ સાથે જીવવું કરજે તુ દમામ, રોબ, ગુર્જેગી, બુન્યાદ, નસીબ અને મરદાનગી ધરાવનાર છે. તેથી તુને શિખામણો શિખવવાની મને કાંઈ અગત્ય નથી તોપણ તું આ ફરતા જમાના તરફ નજર પુગાડીને જો કે પીરાન, હોમાન, અને ફરશીવરદ જેવાઓ તથા ગુલબાદ અને નસતીહન જેવાઓ પણ લડાઈમા ભાગેલાં હથીયારના અને તુટેલા દિલના બન્યા છે. તુ કહેશે કે જાણે તેઓ ગમથી તુટી ગયલા હોય તેવા લાગે છે માટે જ્યારે તુ જાણે છે કે તે ભારી લશકર આવે છે ત્યારે તારે આ લડાઈમાં બરબાદ થવા માટે તારી કીરતીને જોહોકાવવી જોઈતી નથી. શું તુ ત્યાં લડવા માટે જેહાનના પાદશાહોને લેઇ ગયો હતો નહી ? અને શું તેં તે કામમાં જેહાનની અજમાયશ મેલવી નથી ? હું મારા જીવના તથા તુરાનના લશકરના પાદશાહના તથા સુરજ, ચંદ્ર, તાજ અને તખતના સોગદથી કહુ છું કે કામુશના તથા ચીનના ખાકાનના હાલથી મારૂ દિલ દુખી અને મારૂ માથુ કીનાભર્યુ બન્યુ છે. છતા હાલે તો તારે લશકરને કંગદેજ તરફ લેઇ જવું ઘટે છે અને લડાઇ ઉપર ધ્યાન પુગાડવુ ઘટતું નથી ચીન અને માચીનથી લશકર મંગાવીને પછી તેને દુશમનો આગળ નાશ પામવા માટે વરવું એ તુને લાયક નથી." એટલુ કહીને શીદેહ કીનાભર્યા દિલ અને ઉશકેરાયલાં મગજ સાથે પોતાની આરામ કરવાની જગ્યાએ ગયો. કારણકે અંધારી રાતે પોતાની ભયંકાર આંખ ખુલ્લી કીધી હતી અને તે વખતે ગમથી વાંકી વલેલી પીઠ સાથનો ચંદ્ર પણ દેખાવા લાગ્યો હતો, તેથી તમામ જેહાન કાલી કસ્તુરી જેવી બની હતી તે ફરગાર એ વખતે ઇરાની લશકર આગળથી ત્યાં પાછો ફર્યો અને તેણે તુરતજ અંધારી રાતના આરામ કરવાના અને ઉંઘવાના વખતે અફ્રાસીયાબ આગળ જઇને કહયું કે, "હું તારી બુલંદી ભરેલી દરબારમાંથી તે દેવોને બાંધનારા રૂસતમ તરફ ગયો. ત્યાં મેં એક લીલા રંગનો મોટો તંબુ જોયો, જ્યાં એક ફાડી ખાનારાં વરૂ જેવો સ્વાર હતો. ત્યા અઝદાહની આકૃતીવાલો એક ઝુન્ડો ઉભો કરવાર્મા આવ્યો હતો. તું કેહેશે કે જાણે તે અઝદાહજ હીંતનો હતો. તે તબુમાં ફાડી ખાનારા જોરાવર હાથી જેવો એક શખ્સ હતો, જેણે બબરેબ્યાન પેહેરીને ઉપરથી કમરને તંગ બાંધી હતી તેની નજદિકમાંજ તેનો આસમાની રંગનો એક ઘોડો ઉભેલો હતો. તે ઘોડાને માટે તુ કેહેશે કે જાણે તે પોતાની જગ્યાએ આરામ પણ લેવા માગતો હતો નહી તેના સામન સાથે તેના ઉપર જીન અને લગામ ચઢાવેલાં હતા અને તે જીનની બેઠક સાથે પેચદાર કંમદને ઓલવી મુકી હતી. ત્યાં સપેહસાલાર તુસ, ગોદરેજ, ગેવ ફરીબરૂજ, ગુરગીન અને બાહુર શીદુશ

જેવાઓ હાજર હતા. ગોરાજેહ ગસતહમ સાથે ચોકીબાન બન્યો હતો કે જેઓની સાથે ગેવનો બેટા બેજન પણ હતો "

ફરગારની એ વાતથી પાદશાહ ગમગીન બન્યો તેટલામાં તે લશકરના પેહેલવાન અફરાસીયાબ આગળ એક શખ્સે આવીને કહ્યું કે, "પીરાન બુજોર્ગો અને લડાયક પેહેલવાનો સાથે આ તો જણાય છે." આથી તેણે પીરાન આગળ ફરગારની કેટલીક વાત કહી અને તેને પુછ્યું કે, "લડાઈમા રૂસતમ સામે તેનો હરીફ કોણ બનશે?" ૧ પીરાને તેને જવાબ દિધો કે, "તે લડાઇમાં નામદારી યા શરમીંદગી મેલવ્યા સિવાય આપણો કાંઇ ચારો રહયો નથી આપણે તો આપણા સ્વદેશ માટે તથા આપણા કુટુંબકબીલા અને ફરજંદો માટે કોશેશ કરી જોઇશું." જ્યારે અફરાસીયાબે તેનાથી એ પ્રમાણેનો જવાબ સમજ્યો, ત્યારે તેણે લડાઇ કરવાની ઉટાવલ કરવા માંડી તેણે પીરાનને ફરમાવ્યુ કે, "તું લશકર લેઈને કીનો લેનારા રૂસતમ સામે રવાના થા" આથી તે સપેહસાલાર તેની આગળથી બાહાર પડયો અને સઘલાઓએ લડવાને માટે મેદાન તરફ ચાલવા માંડયુ તેથી તે મેદાનમાથી પોકારો અને ઢોલના અવાજો સંભલાવા લાગ્યા અને તમામ જેહાન ધુલારાંથી સીશમ જેવી કાળી બની તે લશકર એટલું બધું તો હતુ, કે તુ કેહેશે કે તેથી ઉડતી ધુલથી તમામ જેહાન પણ ઢકાઇ ગઇ. સરનાઇ વજાડનારાઓએ સરનાઇના ચિચવાટા કાઢવા માંડતાંજ હાથીઓ પુઠે હાથીઓ પસાર થવા લાગ્યા અફરાસીયાબે પણ મેહેલમાંથી મેદાનમાં જઇને કીનો લેવાની ઉટાવલ કરવા માંડી.

અફરાસીયાબે રૂસતમ સાથે લડવા માટે પુલાવંદને બોલાવી મંગાવ્યો તે વિષે.

તેણે જે કાંઇ પીરાનને કેહેવુ હતું તે કહી લિધા પછી તે મેદાનમાંની એક ખાનગી જગ્યાએ ગયો અને ત્યાંના તંબુમાંથી તેણે પારકાઓને બાહાર કાઢયા પછી તેણે પોતાની આગળ એક મુનશીને તેડીને બેસાડયો. તેણે તે અનુભવી લખનારને પોતાની પાસે બોલાવીને કહયું કે, "બુજોર્ગોનો આ ભરમ ખાનગી રેહેવો જોઈએ છે તું પુલાવંદ ઉપર એક નામું લખવાની તૈયારી કર અને આ ભરમના બંધ તેની આગળ ખુલ્લા કર તેમા તુ પેહેલવેહેલી પાકપરવરદેગારની તારીફ લખ કે, 'તે સાહેબથીજ જોર તેમજ દુખ પણ મલે છે. તે સાહેબ સનીશ્વર સેતારાનો, ફરતાં આસમાનનો, બુધ સેતારાનો અને પ્રકાશતા સુરજનો માલેક છે.' પછી તું તે પેહેલવાનોને બાધનાર મુબારક સપેહસાલાર

૧ એ બેત લખેલી નકલમાં વધારે છે.

પુલાવંદની તારીફ કરીને પેલા લડાયક પેશાના નામદાર (રૂસ્તમ)થી તથા પેલા હુનરભર્યા સરદારો તુસ, ગોદરેજ, અને બીજા બાહાદુરોથી આપણી ઉપર શુ શું આવી પડયું છે તે તેને જણાવજે. પેલો ઇરાનના મુલકનો અને ત્યાની રૈયતનો માલેક જે મારો નબીરો થાય છે તેના કામ વિષે પણ તુ સઘલું લખજે કે, 'મે તેને મારા પ્યારા જીવ માફક, અને તેના ઉપર પવનથી પણ નુકસાન નહી પુગે તેવી રીતે ઉછાર્યો હતો ' અગરજે ઉચું આસમાન મારો મદદગાર થશે તો પુલાવંદ આ મારી જમીન તરફ (મારી મદદે) આવી લાગશે 'એ લડાઇનાં સકલાબ અને ચીન સરજમીનનુ પુશકલ લશકર ઉધુ પડયુ છે અને માર્યું ગયું છે તથા ઘણાએક મુલકો ઉજડ બન્યા છે એમ સઘલુ ઇરાનના બાહાદુરોથી બન્યુ છે. તે લશકર હીલચાલ કરતા પાહાડ જેવુ છે અને તેનો પેહેલવાન રૂસતમ જેવો સપેહસાલાર છે. લડાયક ગોદરેજ જેવા તથા તુસ અને ગેવ જેવા શખસો ઢોલના અવાજને વાદલ સુધી પુગતા બનાવે છે તેથી જો રૂસતમ તારે હાથે માર્યો જશે તોજ એ લશકર આ મુલકનો રસ્તો ફરીથી ધરશે નહી આ મુલકને જે સઘલુ દુખ વેઠવુ પડયુ છે તે ફકટ રૂસતમથીજ છે માટે આ કાંમમાં તુ મારો મદદગાર બન જો તેનુ મોત તારે હાથે આવશે તો અલબટે આ જમીનની સપાટી ઉપર શાતી ફેલાશે અને ત્યારેજ હુ મારી આબાદ પાદશાહીમાંથી (તુને અરધી આપી) મારે પોતાને માટે ફકટ અરધા ભાગથી વધારે રાખશ નહી તેનો બાકીનો ભાગ તથા તખત અને ખજાનો એ સઘલુ તારૂ ગણાશે કારણકે હાલની લડાઈનો અને હમારા દુખનો આધાર તારી ઉપરજ છે આલમની વચે તારૂ નામ બુલદીએ પુગશે અને તુ તુરાન જમીનનો પ્યારો સરદાર ગણાશે '"

પછી તે નામા ઉપર પાદશાહની મોહર દાબવામાં આવી. જ્યારે ચંદ્ર કર્ક રાશીમાંથી બાહાર આવ્યો ત્યારે શીદેહે પોતાના બાપની હજુરમાં તે નામું લેઇ જવાને કમર બાધી કારણકે કાસદ તરીકેની મેહેનત ઉઠાવી લેનારો તેજ બનવા ઇચ્છતો હતો. પુશકલ ધાસ્તીને સબબે તે પુલાવંદ નજદિક વીજલીની જડપે જઇ લાગ્યો. ત્યા તેણે તેની તારીફ ગાઈને પછી તેને તે નામુ આપ્યું અને તેની આગળ રૂસતમના તમામ કામની વિગત કહી. પુલાવંદ એક પાદશાહ હતો જેનું માથું આસમાનની બુલદી સુધી પુગ્યુ હતુ. તેની રાજધાની ચીનના એક પાહાડી મુલકમાં [૧] આવેલી હતી, જે મુલકમા તેનો બરોબરીયો કોઈ હતો

૧ ચીનનો પાહાડી મુલક જે અતરે જણાવ્યો છે તે ચાઈનીજ તારતરીનો સમજવો

નદી તેનું ઓહોલું અને લડાયક માણસોનું લશ્કર હતું તથા તેનો સપેહસાલાર એક મગરના જેવો અને લશકર વાઘોના જેવુ હતુ પછી તે હાકેમે પોતાના સલાહકારોને બોલાવી મગાવીને એ બાબે તેઓ સાથે ઘણીએક વાતો કીધી. અને જે કાંઇ નામામાં લખાઇ આવ્યું હતું તે સઘલુ તેઓને કહયુ કારણકે તે જેહાનને જીતનારો, બાધુર અને આપઅખત્યાર હતો. પછી તેણે તમામ અસબાબ બાહાર કાઢવા અને મેદાનમાં છાવણી નાખવા માટે ફરમાવ્યું. તેણે લશકરને તથા પેહેલવાનો અને બાધુરોને એકઠા કીધાથી તે લશકરના પેહેલવાનો વચેથી ઘોઘાટ નિકળવા લાગ્યો પુલાવદ આગળ ચાલવા લાગ્યો તેની પુઠે તેનો ઝુન્ડો ચલાવવામાં આવ્યો અને તે ઝુન્ડા પુઠે ઢાલ, તોપી અને કમરબંધ સાથનું લશકર ચાલ્યુ. તેણે પાહાડ ઉપરથી નિચે ઉતરીને નદી પસાર કીધી અને અફ્રાસીયાબ નજદિક આવી લાગ્યો. આથી તે પાદશાહની દરગાહમાથી (ખુશાલીના) વાજીત્રોના અવાજ નિકળ્યા, અને અફ્રાસીયાબના એકએક સીપાઇઓ તેને સામે લેવાને ગયો તે જેહાનના અનુભવી અફ્રાસીયાબે તેની સાથે બગલગીરી કીધી અને પછી તેઓએ ગઇ ગુજરીની પુશકલ વાતો કીધી અફ્રાસીયાબે તેની આગળ કોણકોણથી તુરકોઓને દુખ ખમવુ પડે છે તેની તથા તે કામના સેવટ અને ઉપાયની વાતો કીધી. પછી તેઓ ભપકા સાથે ચાલતા મોટા પાદશાહી તબુમાં ગયા અને ત્યા જઇ નવા વિચારો અને નવી તકરારો કીધી અફ્રાસીયાબે તેની આગળ ઢીલભર્યાં તથા ઉટાવલાં કામોની તરેહતરેહની વાતો કીધી તેણે તેની આગળ પોતાને હાથે થયલાં સીયાવક્ષના ખુનની અને તેમાંથી વધી પડેલી એ વાત અને લડાઈની, તથા ખાકાન, મનશુર અને કામુશ માટે બનેલી વાતો કહી સમજાવી. તેજ વખતે વળી તેણે તેને એમ પણ કહયું કે, "આ મારૂ સઘલું દુખ ફકટ એક શખ્સ કે જે વાઘના ચાંમડાંનો પોશાક પેહેરે છે તેને લિધેજ છે તેના તે બબરેબ્યાનને લિધે તથા તેની લોઢાંની તોપી અને ચીનાઇ ઢાલને લિધે તેની ઉપર હથીયારો પણ અસર કરી શકતાં નથી. હવે તુ બયાબાનો અને લાબા રસ્તાઓ કાપીને અત્રે આવ્યો છે તો હમારાં કાંમોનો તુજ ઉપાય કરી આપ"

આથી પુલાવદનો જીવ ઘણો વિચારવંત બન્યો કે એ કામનો તે કેવી રીતે બંધોબસ્ત કરશે પછી તેણે અફ્રાસીયાબને એવો જવાબ દિધો કે, "લડાઇ કરવામાં આટલી બધી ઉટાવલ કરવી ઘટતી નથી રૂસતમ તેજ હોવો જોઇએ કે જેણે માજંનદરાનને તારાજ કીધુ હતુ અને તે ભારી ગુરજથી જીતી લિધુ હતું. તેણે વળી સફેદ દેવનુ પેત ચીરી કાઢયુ હતુ તથા પોલાદ, ગંદી અને બીડ દેવના જીગરોને ચીરી નાંખ્યા હતા. (જો તે તેજ રૂસતમ હોય તો) તેની

સાથે લડાઈ કરવાની મારામાં શકિત નથી, અને તેની સાથે લડાઇ કરૂં તો તેને હુ નુકસાન પણ પુગાડી શકીશ નહી. તોપણ મેં તો મારાં શરીર અને જીવને તારા વિચાર પ્રમાણે ચાલવા માટે અર્પણ કીધેલા છે. માટે તારા હંમેશના રેહેનુમાં તરીકે અકકલજ રેહેવી જોઇએ છે હુ લડાઇ દરમીયાન તેને માટે કાઇ યુકિત કરવા આ તેની આસપાસ એક વાઘ માફક ભમતો રેહેવશ તુ તારા લશકરને તેના લશકર આસપાસ ફેરવી લાવજે કે જેથી તેનુ મગજ આપણો અસબાબ જોઇને અજબ બને. જોકે હુ તેની બાજુ કે ગરદનને મારા હાથોથી ભાંજી શકશ નહી તોપણ કાંઇ યુકિત તો કરી શકશ." આથી અફ્રાસીયાબનો જીવ ખુશાલ બન્યો અને તેથી તેણે રંગીત દારૂ અને વાજીત્રો મંગાવ્યા જ્યારે પુલાવંદ દારૂથી મસ્ત બન્યો ત્યારે (પુલાવંદ) મોટે અવાજે બોલ્યો કે, "મે ફરીદુનને, ઝોહાકને તથા જમશેદને ખાવાપીવાથી તથા આરામ કરવાથી ગમગીન બનાવી દિધા હતા. મારા અવાજથી (હીન્દના) બ્રાહમણો તથા આ લશકરના બાધુરો પણ ધ્રુજી રહે છે તેથી હુ લડાઇમા મારી તિક્ષણ તલવારથી પેલા જાબુલીના ટુકડેટુકડા કરી નાખશ મારી આગળ રૂસતમ શુ ખીસાડમાં છે? તે તો ફકટ એક મુઠી ભરીને ધુલ જેવો છે હું કએખસરૂની, કે તુસની કે ગેવની જરાએ ધાસ્તી રાખતો નથી" તેની આવી વાતથી તે લશકર હસવા પડયુ, કારણકે તેવી વાત કરાવવામા દારૂ તેનો સાથી બન્યો હતો [1] જ્યારે તે હુશીયારીમાં હતો ત્યારે તો તેને તેહેમતન સાથે લડાઈ અજમાવે એવો કોઇ શખ્સ જણાયો હતો નહી.[1]

પુલાવંદે ઇરાની પેહેલવાનો સાથે લડાઈ કીધી તે વિષે.

જ્યારે સુરજે પોતાનો પ્રકાશીત ઝુન્ડો દેખાતો કરીને અંધકારના પરડાને ખોલી નાખ્યો, ત્યારે પાદશાહની દરગાહમાથી વાજુ બાહાર પડયું અને સીપાઇઓના પોકારો વાદલ સુધી પુગવા લાગ્યા જોરાવર શરીરનો પુલાવંદ બાજુએ કમંદ લટકાવીને લશકરની આગળ ચાલવા લાગ્યો તે બધે લશકરે સફ સમારતાજ ત્યા હવા ઘેરા રંગની અને જનીન કાળી બની. તેહેમતન બબરેબ્યાન પેહેરીને તે જોરાવર અને જનુની હાથી જેવા ઘોડા ઉપર બેઠો તેણે ચિરડાઇને તુરાની લશકરની જમની બાજુએ હુમલો કરીને તુરકીઓના પુશકલ પેહેલવાનોને મારી નાખ્યા પુલાવંદે એવું જોઇને જીન ઉપરથી પોતાની પેચદાર કમંદ ખુલ્લી કીધી અને એક મસ્ત હાથી માફક તુસ સાથે લડવાને વલગ્યો. તુસે કમંદ બાજુએ લટકાવી દેઇને ગુરજ હાથમા ધર્યો પણ તેણે તેનો

---

[1] એ બેત લખેલી નકલમાં વધારે છે.

કમરબંધ પકડીને સેહેલાઇથી તેને જીન ઉપરથી ઉંચે ઉચકી જમીન ઉપર અફાલ્યો. જ્યારે ગેવે તેની આવી લડાઈ જોઇ અને તેણે નોજરના બેટા તુસનું માથું ઉધું પડેલુ જોયું, ત્યારે તેણે પોતાના શરીર તથા જીવને લડવા માટે તૈયાર કરીને પોતાના ઘોડાને ત્યાંથી જોરમાં દોડાવી મુકયો ગેવ બખતર પેહેરીને તથા ગાયની સુરતનો ગુરજ હાથમાં પકડીને તે દેવ સાથે એક નર શેર માફક બાજી પડયો. પણ પુલાવંદે તેના ઉપર પોતાની કમંદ ફેંકી જેમાં ગેવનુ માથું પકડાઈ ગયુ. જ્યારે ભાર્ગમાથી રેહામ અને બેજનને તેનુ આવુ જોર અને તેનો ગુરજ તથા તેની લડાઈ કરવાની રીત જોઇ, ત્યારે તે બંધે શખ્સો પુલાવંદના હાથોને પોતાની કમંદના ફાંસાથી બાંધી લેવા માટે ગયા તે પુશકલ હુશીયારી ધરાવનારા પુલાવંદે હાથ સાથે હાથ અફાલીને પોતાના ઘોડાને ઉશકેરી એક પોકાર માર્યો અને તેણે તે મોટી પડવીના બાહાદુર પેહેલવાનો તથા નામદારી ભર્યા સિંહ જેવાઓને પણ ધુલમા પછાડી તેઓને પણ બીસાડ વગરના બનાવી દિધા જે સઘલુ કેટલાક સ્વારોએ મેદાનમાંથી જોયુ પછી તેણે કાવ્યાની ઝુન્ડા આગળ જઈને તેને પણ તલવારથી ચીરી કાઢી બે ટુકડા કરી નાખ્યા. આથી તે ઝુન્ડો ધુલમાં પડયો જે કામ ઈરાનીઓ માટે ઘણુ બુરૂં હતુ. ઇરાની લશકરમાંથી પોકારો ઉઠયા અને તે લડાઈમાં લડવા માટે ત્યાં કોઇપણ પેહેલવાન રહયો નહી. જ્યારે ફરીબરૂજ, ગોદરેજ, અને બીજા બાહાદુરોએ તેને લડાયક દેવની નિશાણીનો જોયો, ત્યારે તેઓએ જઇને કીનો લેનારા રૂસ્તમને એ સઘળુ કહયુ. તેઓ બોલ્યા કે "આ લડાઇના મેદાનમા પુલાવંદે એકપણ નામદારને જીન ઉપર બેઠેલો રેહેવા દિધો નથી, તથા પેહેલવાનોના લશકર વચેથી એક પણ એવો સ્વાર રહયો નથી કે જેને પુલાવંદે ગુરજ, ખંજર, તીર અને કમંદ વડે ધુલ ઉપર ફેંકયો નહી હોય. તેથી એક નાકેથી તે બીજે નાકે સુધીનુ તમામ લડાઈનું મેદાન માહેતમ કરવા પડયુ છે. માટે એ કામમાં તું રૂસતમજ હમારી ફર્યાદને પોહોંચનારો થા." પછી તે લશકરના જમના તથા ડાબા ભાગમાંથી તથા મધ્યાન ભાગમાથી રૂડન અને પોકારો ઉઠી રહયા બુઢા ગોદરેજને એવો વિચાર આવ્યો કે, "રેહામ અને બેજન જેવા સિંહને પકડનારા બેટાઓ ગોદરેજ આગળથી ગુમ થઈ ગયા છે." તેથી તેણે પરવરદેગાર હજુરમાં ફર્યાદ ઉઠાવી કે, "હું આટલા બધા નબીરાઓ અને બેટાઓ ધરાવતો હતો, અને તેથી મારૂ માથુ સુરજ સુધી ઉંચે પુગતું હતું. પણ તે સઘલાઓ મારી હજુરમાંજ લડાઇમા માર્યા ગયા છે અને મારો આવો જલકટો સેતારો અને દાહાડો બરગસ્તે બન્યો છે મારા જવાનો માર્યા ગયા છે અને હું બુઢો જીવતો રહી ગયો છું. તેથી આવી તોપી અને કંમરબંધ ધરાવવા માટે મારી

ઉપર શરમ પડજો " પછી તેણે કંમરબંધ છોડી નાખીને તથા માથાં ઉપરથી તોપી ફાઢી નાખીને જારએજાર રડવુ સરૂ કીધુ. જ્યારે રૂસતમે તેને એમ કરતાં સમજ્યો ત્યારે ઘણો દલગીર થયો અને તે (ગુસ્સાથી) ઝાડની ડાલી માફક ધ્રુજવા પડયો

રૂસતમે પુલાવંદ સાથે લડાઈ કીધી તે વિષે.

પછી રૂસતમ પુલાવદની આગળ આવ્યો તો તેણે ત્યાં તેને એક ઉચા પાહાડ જેવો દિઠો તે પેલા ચાર બાહાદુરોને ગોરખરો માફક ત્યાં નીચે પડેલા અને તેઓના દુશમનને સિહની માફક ત્યા ઉભેલો જોઇને ગમગીન બન્યો. વળી તેણે તે તમામ લશકરને પણ વધતુ ઓછુ ઘાહેલ બનેલુ અને તે બાજુની લડાઇ ખોદાને હાથ સોંફાયલી જોઈ, ત્યારે તે દિલ સાથે બોલ્યો કે, "આ આપણો દાહાડો હવે કાલો બન્યો છે અને આપણા નામદારોના સરદારો હેરાન થઈ પડયા છે આપણી લડાઈ જાણે ઉલટાઇ ગઈ છે અને આપણુ ખુલેલુ નસીબ ઉંઘમા પડયુ છે. પેહેલુ તો એકે આજે મને પણ સુસ્તી લાગે છે ગઈ રાતે પીધેલા દારૂથી મારા માથામાની ઉંઘ પણ ઉડી નથી વળી બીજુ એક એ તુંદી ભરેલો દેવ ભયકાર શરીરનો અને એક બાહાદુર સ્વાર જેવો છે." પછી તેણે પોતાના પગો હીલવીને રખશને તેજીવાલો બનાવ્યો અને તેણે ચીરડાઈને તેના ઉપર હુમલો કરવાનો કસદ કીધો તેથી તેણે તેને કહયુ કે, "ઓ તુંદી ભરેલા દેવ ! હવે તું જમાનો ફરેલો જોસે " તે ઇરાની પેહેલવાનોને કાને રૂસતમનો એ અવાજ ગયો અને જ્યારે તે સપેહસાલાર રૂસતમે પણ તે પેહેલવાનોને ઘોડા વગરના જોયા, ત્યારે તે બોલ્યો કે, "ઓ જેહાનના પરવરદેગાર ! જે કાંઇ જાહેર તેમજ છુપુ છે તેનાથી પણ તુ ચઢતો છે માટે તુ મને લશકરને તોડવાનો મારો (આગળો) વખત હાલે પાછો બક્ષ અને મને તે લશકરને તોડનારા દેવને હરાવનારો બનાવ હુ આવો તગ દાહાડો જોઉ તેના કરતાં તું આ લડાઇમા મારી આંખોને વિચલી બનાવજે. હોમાન, પીરાન અને આ નરદેવથી ઇરાની લશકરમાથી આવી રીતના દુખના પોકારો ઉઠીયા છે, ગેવ, રેહામ, તુસ અને બેજન જેવાઓ કે જેઓ સિહો પાસે અફસોસ પોકરાવાનારા છે, તેઓ સઘલા ઘોડા વગરના થઈ પડયા છે એ બુજોર્ગોના ઘોડાઓ તીરથી માર્યા ગયા છે અને તેઓ વગર ફોકટની ઘોડા વગર લડાઇ કરવાની કોષેશ કરે છે.

પછી તે પુલાવદ દેવ સાથે લડવાને વલગ્યો અને પોતાની પેચદાર કમદ તેના ઉપર ફેકી પણ તે લડાયક સ્વારે ધાસ્તી ખાઇને પોતાની ગરદનને તેમાથી ચોરાવી લીધી અને તે લડાઇ કરવાથી પણ કટાલી ગયો. જ્યારે તેહેમ-

તનની કમંદ કાંઈ કારગત લાગી નહી, અને તેણે પોતાનું માથું તે કમંદના ફાંડામાંથી બાહાર કાઢી નાખ્યું, ત્યારે પુલાવદે તેને કહયુ કે, "ઓ જેહાનના અનુભવી બાહુર શખ્સ ! અને ઓ નામદારી ભરેલા સિંહ ! તારી આગળથી જોરાવર હાથીઓ નાહાસી જતા હોય તોપણ તુ હવે મારીથી નાઇલ નદીના મોજાઓ (કેવા ઉછલે છે તે) જોશે હવે તું મારો લડાઇનો આતશ (તેજી), તથા મારી કમંદ, દિલ અને મારૂં લડવાનુ જોર તપાસ હવે પછી તુ તારા પાદશાહની કે નામદારોની કે બાહુરોની નિશાણુ મેલવવાનો નથી. હવે પછી તું ઇરાન જમીનને સ્વપનામાં જોવા સિવાય બીજી રીતે જોવાનો નથી. હું તારૂં લશકર અફરાસીયાબને સોંપી દેવશ અને મારા તીરની અણીથી તારૂં શરીર વિંધી નાખશ હવે પછી પેલો બુઢો જાલ તુને પોતાની આંખો વડ પાછો જોઇ શકવાનો નથી " રૂસતમે પુલાવદને એવો જવાબ દિધો કે, "કયાં સુધી તુ મને એમ ગભરાવશે, બીધરાવશે અને ફરેબ રમ્યા કરશે ? ખરા લડાયકો કાઇ એવી પતરાજી કરતા નથી, અને જો તેમ હોય તો બેશક તેઓના ડોકાં બરબાદ થાય જો તું બાહુરજ હોય યા નામદાર હોય, તોપણ તું પેલા નામદારો સામ અને કેરશાસ્પ જેવો હોઇ શકવાનો નથી " જ્યારે પુલાવદે એ વાત સમજી ત્યારે તેને પેલી જુના વખતની વાત યાદ આવી ગઈ કે, "જે કોઇ ગેરરાસ્તીથી લડાઈ કરે તો તે તુટેલાં દિલ સાથે અને ફીક્કા ચેહેરા સાથે પાછો ફરે છે. ૧ અગરજો તારા દુશમનથી યા તારા દોસ્તથી તુને બુરાઇ પોહોંચે તોપણ તે બુરો હોય યા ભલો હોય તોએ તેને ઇનશાફ આપવો ઘટારત છે આ તેજ રૂસતમ છે કે જેણે ભારી ગુરજ વડે અંધારી રાતે માજનદરાનને જીત્યુ હતુ "

પછી તેણે રૂસતમને કહયુ કે, "ઓ લડાયક શખ્સ ! હવે આપણે શા માટે એટલો બધો વખત થોભી રહીએ ? ' એટલુ કહીને તેઓ એકમેક ઉપર ધસી ગયા અને એકમેક ઉપર હાથ મારીને ધુલને ઉડતી કરવા લાગ્યા. તેઓ બંધે ગોયા જનુની હાથીઓ યાતો લડાયક સિંહ જેવા લાગતા હતા પછી પીલતને તેનાં માથાં ઉપર ગુરજનો એક ફટકો માર્યો, જેનો સાદ દૂર ઉભેલાં લશકરમાં પણ સમજાયો પુલાવંદની આંખે એવાં તો અંધારા આવ્યા કે તેથી તેના હાથમાં લગામ પણ પકડી શકાઇ નહી આથી તે દુખને લિધે જમની બાજુએ

૧ રાસ્તીથી લડનારાઓને ખોદા મદદગાર થાય છે એમ ગાથામાથી અનેક ઈસારાઓ મલે છે વલી મેહેર ઇજદ જે સચાઈનો ફરેશતો છે તે પોતે પણ બે લસકરો લડતાં હોય તેમાના સચાઈની રાહે લડતા લશકરનેજ પોતા તરફની મદદ પોહોચાડે છે એમ મેહેર યશ્ત ઉપરથી પણ જણાય છે.

ફરી જઇને બોલ્યો કે, "આજનો દિવસ બળાનો દાહાડો લાગે છે" તેહેમતન તો એમ ધારતો હતો કે તેનાં માથાંમાનું મગજ તેના બેઉ કાનને રસ્તે બાહાર નિકળી પડયું હશે. પણ જ્યારે પુલાવદ જીન ઉપરજ બેઠેલો રહયો ત્યારે તેહેમતન પરવરદેગારને યાદ કરવા પડી ગયો કે, "ઓ ફરતા જમાનાથી પણ વધારે ચઢતા ખોદા! તું જેહાનનો સંભાલનાર, સર્વે વાકેફ અને પરવશી કરનાર છે. જો આ લડાઇમાં મને ફરતા જમાનાથી ઈનશાફ મલશે નહી તો મારૂં રવાન આ જેહાનમાં આબાદ રહી શકશે નહી. વળી અફરાસીયાબ જુલમગાર છે, માટે તું મારૂ જોર, હાથની બાજુ અને હુનરને મારી પાસેથી છીનવી લેતો ના. તુને પુલાવદના હાથે મારો જીવ મારાં પીંજરામાંથી બાહાર કઢાવવો લાયક નથી. જો હુ તેને હાથે માર્યો જવશ તો ઇરાનમાં એક પણ લડાયક શખ્સ રેહેશે નહી. ત્યાં કોઈ ખેદુત કે કારીગર જીવતો રેહેશે નહી કે ત્યાંની જમીન કે જેહાન કે મુલક કાંઇ બચી જશે નહી."

પછી રૂસતમે પુલાવદને પુછ્યુ કે, "શુ તુંને પેહેલવાનોના ગુરજથી નુકસાન પુગ્યુ છે? તારા બે હાથમાંથી તારી કાલી લગામ છુટી કેમ ગઇ? હવે ઓ દેવ! તુ ઘોડા ઉપરથી નિચે ઉતર અને મારી પાસે માફ માંગ" પણ પુલાવદે તેને એવો જવાબ દિધો કે, "તારા એ ગુરજથી મને કાંઇ પણ નુકસાન થયુ નથી" પછી પુલાવંદે પોતાની પોલાદી તલવાર બાહાર કાઢીને તેનો ફટકો તાજબક્ષ રૂસતમના માંથાં ઉપર માર્યો. પણ તે ચીનાની તલવારથી તેને કાઇ પણ અસર થઇ નહી અને તેથી તે લડાયક પુલાદ અચરત થયો. એ પ્રમાણે તે બે પેહેલવાનો કીના સાથે પોતાના ચેહેરા એકમેકની સામે કરીને લડાઇ કરવા લાગ્યા [1] પુલાવદે તેના ઉપર સખત પોલાદનું એક ખંજર છુટું ફેંકયુ. [1] પણ રૂસતમના બબરેબ્યાનને લિધે તેના ઉપર તેની અસર થઈ નહી અને તેથી તે દેવનુ જીગર લોહીથી ઉકળતું બન્યુ. [1] જ્યારે તેની તલવારે રૂસ્તમ ઉપર કાંઇજ અસર કીધી નહી ત્યારે તે જલ્લાદ જમાનાની સાથે છેડાઇ પડયો તેની આવી ગરદન અને આવાં ખભાં જોઇને પુલાવદે ગમગીન બનીને એકવાર ફરીથી જાલના બેટા રૂસતમને કહયુ કે, "તુ ફકટ આજનો દાહાડો તારૂં બબરેબ્યાન, લડવાના (ખાસ) હથીયારો અને કાલા રંગની લોઢાંની તોપી કાઢી નાખીને બીજુ બખતર પેહેર કે હુ પણ વળી બીજું પેહેરીને જડપથી સામે લડવાને માટે આંઉ" રૂસતમે તેને જવાબ દિધો કે, "એમ કાંઈ બને નહી વેહેતી નદીનો રસ્તો કાંઇ એ પ્રમાણે બદલાતો નથી હું કાંઇ એ હથી-

[1] એ બેત લખેલી નકલમા વધારે છે

યારોને બદલવાનો નથી અને તું પણ જે હથીયારો રાખે છે તેજ રાખ." આથી તે મોટી પડવીનો પુલાવંદ અને પેલો પેહેલવાન એ બંધે એકવાર પૂરીથી લડવાને વલગ્યા. રૂસતમના બબરેબ્યાન અને પોલાદી બખતર ઉપર પુલાદના ભારી ગુરજની અસર નહી થવાથી તે લડાયક પેહેલવાન પુલાવંદે તેને કહયુ કે, "એક મરદની મરદાનગી કુસ્તી રમવાથી માલમ પડી આવે છે. માટે તું એક ફાડી ખાનારા સિંહ જેવો ગણાતો હોવાથી જો તું તેમ પસંદ કરતો હોય તો આપણ બધે કુસ્તી રમવા માટે કમર બાધ્યે અને આપણે એકમેકનો કમરબંધનો ગાંઠ પકડીને બધે સાથે કુસ્તી રમીએ અને જોઇએ કે, જમાનો કોણને મદદ આપે છે? અને એ લડાઇથી કોણ આજેજ બને છે?" રૂસતમે તેને જવાબ દિધો કે, "ઓ મુરખાઇ ભર્યા દેવ! શું તું બાહુરોના હથીયારોના જખમ ખમવાને શકિતવાન નથી, કે પેલાં કોહલાં માફક એમ યુકિતઓ કરતો ફરે છે? બે એક પડવીના શખ્સો હોય તો એવો ફરેબ રમવાનો ફાયદો શું? વળી તું કુસ્તી રમતાં રમતા પણ એજ પ્રમાણે કાંઇ યુકિતઓ અને ચાલાકીઓ રચવા જશે અને તારી ગરદન આસપાસ વિટલાયલા મારા હાથમાંથી પણ તું છુટો થવા માગશે"

એટલુ કહીને તે રખશની પીઠ ઉપરથી નિચે ઉતર્યો આથી તે દેવનું દિલ ધાસ્તીથી ઝરી ગયું (કુસ્તી કેમ રમવી) તે બાબે તે બંધે જણાએ વાત કીધી અને પછી (કુસ્તીનો તરીકો જાળવવાને) તેઓએ સખત સોગદ લિધા કે, તે બાહુરો વચેની લડાઈમાં બધે તરફથી કોઇએ પણ મદદ મેલવવી નહી. પછી તેઓ ઘોડા ઉપરથી નિચે ઉતરીને આશાયશ માટે જરા થાક લિધી અને ત્યાર બાદ તે બંધે નામદારી ભર્યા પેહેલવાનો અને કીનો લેનારાઓ ત્યાંથી કુસ્તી રમવા માટે ગયા. તેઓ ત્યાં એવાં વચન સાથે ગયા કે બધે તરફના લશકરે કોઇપણ બાજુના કીનો લેનારને મદદ કરવા આવવું નહી તેઓ લશકરથી અરધા ફરશગને અતરે રહયા અને ત્યાં પુલાવંદ અને તેહેમતન જેવા બે ઝનુની સિહો કુસ્તી માટે બાઝેલા હોવાથી સેતારાઓ પણ એ કુસ્તી જોવા પડીયા પેહેલા તેઓએ પોતાના હાથોને એક-મેક સાથે ઘસીઆ અને પછી તે બધે લડનારાઓએ કમરબધના ગાંઠ પકડયા. જ્યારે શીદેહે રૂસતમની બાજુ અને ગરદન જોઇ ત્યારે તેણે પોતાના જીગરમાંથી એક થડી હાયે મારીને પોતાના બાપ અફરાસીયાબને કહયુ કે, "આ જોરાવર શખ્સ કે જેને તુ દેવનો બાંધનાર રૂસતમને નામે ઓલખે છે તે હમણા પોતાના આવાં જોરથી અને મજબુટ હાથોથી પેલા દેવ પેહેલવાનના ડોકાંને ભોંય ઉપર ફેંકશે. હવે આપણને આપણા પહેલવાનો સાથે નાહાસવા સિવાય તું બીજો

છુટકો જોશે નહી. માટે તું હુલરાઇથી ફરતાં આસમાન સાથે બાઠ ના જીલ." અફ્રરાસીયાબ બોલ્યો કે, "મારૂ મગજ તારી આવી વાતથી અધીરૂં બને છે. માટે તુ અત્રેથી જઇને પુલાવંદ કુસ્તીમા કેવા હાથ દેખાડે છે તે તું જોઈ આવ. તેણે શુ રસ્તો લેવો તે તેને તુરકી ભાષામાં શિખવજે કે જેથી તે ઉભેલા પીલતનને નિચે ફેંકી શકે. તેને કહેજે કે, 'જેવો તુ તેને નિચે ફેંકે તેવોજ તુ તલવારથી તેનો ઇનશાફ કરી નાખજે." શીદેહે તેને જવાબ દિધો કે, "તુ પાદશાહે તારા લશકરની હજુરમાં તેમ નહી કરવાનુ શું વચણ આપ્યું નથી? તે છતાં જો તુ ઉટાવલો બનીને વચણ તોડશે તો તારાથી એ લડાઇમાં સારૂં પરીણામ નિપજશે નહી તુ તારાં (પાદશાહી વચણના) નિર્મલ પાણીને (વચણ તોડીને) કાલુ ના બનાવ કારણકે તેમ કરવાથી એબ કાઢનારાઓ તારીજ એબ કાઢશે" આથી તે પાદશાહે તેને પોતાની જબાન વડે ગાલો દેવા માંડી અને ચિરડાઇને તે બેટા માટે બુરા વિચારનો બન્યો પછી તેણે તેને કહયુ કે, "અગર જો પુલાવંદ દેવને તે બદખાહ શખ્સથી નુકસાન થશે તો આ મેદાનમાં કોઇ પણ શખ્સ જીવતો રેહેશે નહી તુ તો હુનર ધરાવ્યાને બદલે ફકટ જીભનેજ વાપડી જાણે છે" એટલુ કહીને તે પોતેજ લગામ તાણીને એક સિહની માફક તે બે બાધુર માણસોની લડવાની જગ્યાએ ગયો. ત્યા તેણે તે બે મસ્ત હાથીઓ કે જેઓ વાદલ માફક પોકાર કરતા હતા અને પોતાના બે હાથોને લડવા માટે રોકી રાખ્યા હતા તેઓની લડત જોઇ પછી અફ્રરાસીયાબે પુલાવંદને કહયું કે, "ઓ બાધુર સિહ! જેવો તુ તેને કુસ્તીમાં હેઠો નાંખે તેવુજ તુ તેના જીગરને ખંજર વડે ચીરી નાખજે એવી વખતે તેવો હુનર ધરાવવો ઘટે છે અને કામ કરતી વખતે બડાઇ હાંકવી ઘટતી નથી"

જયારે ગેવે તેઓની વચે અફ્રરાસીયાબને ગયલો જોયો અને તેણે ત્યાં તેને ધરપચ કરતો અને વગર ફોકટની બકબક કરતો જોયો, ત્યારે તે પણ પોતાના ઘોડાને ઉશકેરીને દોડાવીને ત્યાં ઉટાવલે આવી લાગ્યો. અફ્રરાસીયાબના કોલ તોડવા માટે તે શકમંદ બન્યાથી તેણે રૂસ્તમને એ પ્રમાણે કહયુ કે, "ઓ લડાયક શખ્સ! તુ તારા નોકરને જે હોકમ આપવો હોય તે ફરમાવ તુ અફ્રરાસીયાબની રીતભાત તરફ, તેની અમસથી બકબક તરફ અને તેની આટલી બધી ધરપચ તરફ નેગાહ પોહોંચાડ. તે જાણે પુલાવંદના દિલને જીતથી દિપાવવા અને તેને કુસ્તીમા ખંજર વાપડતાં શિખવવા માટેજ આવ્યો હોય તેમ લાગે છે." રૂસ્તમે તેને જવાબ દિધો કે, "લડાઇ કરનાર હુ છુ તથા કુસ્તી રમતાં ઢીલ પકડનાર પણ હુજ છું તમો લોંકો એ બાબે શુ કાંમ ધાસ્તી રાખીને તમારાં દિલના એમ બે ટુકડા કરો છો? હુ ઉચ્યાં આસમાનના શોગંદ લેઇને કહુ છું કે

હું થોડાજ વખતમાં પુલાદ્દવદના માથાં અને ગરદનને ધુલમાં રગડાતી કરશ. અગર જો મારા હાથ એ લડાઇમાં જોરાવર પણ નહી નિવડે તોએ શું કામ (તમોએ અત્રે આવીને) મારાં દિલને વગર ફોકટનુ તોડી નાખવુ જોઇએ ? જો આ કમઅકકલી જાદુગરે (અફ્રાસીયાબે) પરવરદેગારના નામથી કીધેલા કોલકરાર તોડયા હોય તો તેના એમ કોલ તોડવા [1]માટે તમારે શામાટે ડરવુ જોઇએ ? કારણકે તેણે તો તેમ કરીને પોતાના માથાના તાલક ઉપર કાલી ધુલ નાંખી છે " પછી તેણે એક સિંહ માફક પંજા લંબાવીને તે લડાયક મગરની ગરદન પકડી અને જોર અજમાવીને તે પુલાવદને એક ચીનારના ઝાડની માફક તેની જગ્યાએથી ઉખેડી કાઢયો અને તેને ગરદન સુધી ઉચે ઉઠાવીને જમીન ઉપર પટકીને તુરતજ પરવરદેગારના શુકરાના કીધા તે લડાઇનો કરનાર પુલાવંદ થોડો વખત બેશુધ થઇ ગયો અને કાલી ધુલ ઉપર લાંબો વખત સુટેલો પડી રહયો ? આથી ઇરાની લશકરમાંથી ખુશાલીના અવાજો નિકળ્યા અને વાજીંત્ર વજાડનારાઓએ તે તરફનો રસ્તો લિધો. સરનાઇના તથા સજ અને હીન્દી ધાંટોના અવાજો વાદલ સુધી પુગી રહયા જાણે તે પુલાવંદના શરીરના હાડકાઓ ભાંગી ગયા હોય તેમ તેનો ચેહેરો સમબુલ ફુલ માફક ફીકકો બન્યો રૂસતમે પણ એમજ ધાર્યું કે પુલાવદના શરીરમાનાં હાડકાં દરૂસ્ત હાલતમા રહયાં હશે નહી અને તેથી તે બાધુર તે અઝદાહનુ શરીર ત્યાંજ પડેલુ રેહેવા દેઇને પાછો રખશ ઉપર ચઢી બેઠો. તે સિહને પકડનાર રૂસતમ પોતાના લશકર આગળ જઇ લાગતાંજ પુલાદ્દવદે આસપાસ નજાર કીધી અને પછી ત્યાંથી તીરની માફક નાહાસીને લોહીથી ઉકળતા દિલ સાથે અને આંસુ ભરીઆ ચેહેરા સાથે અફ્રાસીયાબ આગળ ગયો. તેના શરીરમાંનાં હાડકાં ભાગીને ભુકો થઇ ગયાં હતાં તે છતાં તે રૂસ્તમની ધાસ્તીથી ડરી જઇને એ રીતે ત્યાં નાહાસી આવ્યો. પુલાદ્દવદ કાલી ધુલ ઉપર ઘણો વખત સુધી પડી રહયો અને થોડો વખત સુધી તો તે લડાયક શખ્સની સુધી પણ જતી રહી. જ્યારે તેહેમતને પુલાદ્દવદને જીવતો જોયો અને તમામ મેદાનમાં લશકરને વિખેરાયલુ જોયુ ત્યારે તેનુ દિલ અતીશે દલગીર બન્યુ અને તેણે લશકરને કુચ કરાવી તથા જેહાનના અનુભવી ગોદરેજને પોતાની આગળ તેડીને ફરમાવ્યુ કે, "તમો તેઓ ઉપર તીરનો મારો છોડીને હવાને વસતની મોસમના વરસાદના વાદલ માફકની બનાવો. " આથી એક હાથ ઉપરથી બેજને તથા બીજા હાથ ઉપરથી ગેવે તથા અનુભવી રેહામે અને બાધુર ગુરગીને તીરોનો એવો તો મારો છોડયો કે

---

૧ એ બેત લખેલી નકલમાં વધારે છે.

તું કેહેશે કે તેઓ જાણે ત્યાં આતશજ રેડતા હતા અને ખંજર વડે જાણે જેહાનને બાળી નાખતા હતા. આથી પુલાદવંદે લશકરને કહયું કે "તમો તખત, ખજાનો કે નામદારી મેલવ્યા વગર શાને માટે તમારા ડોકાઓ બરબાદ કરો છો? તમો અત્રે ઉભા રહીને એ લડાઈ કરવાની યાદ પણ કાંય કરો છો?" એમ કહીને તેણે તે લશકરને આગળ દોડતુ કરીને તે પોતે પણ ત્યાંથી નાહાસી ગયો એ રીતે તેણે ફરેબ રમીને રૂતસમથી પોતાનો જીવ બચાવ્યો

અફરાસીયાબ રૂસતમ આગળથી નાહાસી ગયો અને તેનું અરધું લશકર મારયું ગયું અને બાકીનું અરધું કેદ પકડાયું તે વિષે.

પછી પીરાને અફરાસીયાબને કહયુ કે, "જેહાનનુ લશકર પાણીન દરીઆ માફક જતુ રહે છે મે તો કહયુ જ હતુ કે પેલા સુમ હાથના રૂસતમને લિધે આપણાથી આ મુલકમાં નચિંતાઇ સાથે બેસી શકાવાનુ નથી. પેલા જવાન (સીયાવક્ષ) ના ખુન, કે જેને માટે હવે ઉપાય રહયો નથી, તેને લિધે તેં હમારા દિલને તીરની અણીઓથી વિંધાવ્યાં છે. હવે જ્યારે તારી આગળ (મદદગાર તરીકે) કોઈ નથી તો તુ પણ અત્રે શુ કામ થોભે છે? પેલો પુલાવંદ દેવ પણ પોતાનુ લશકર લેઇને અત્રેથી નાહાસી ગયો છે. ઇરાનીઓનુ તો બખતરવાળા ઘોડાઓ સાથનુ એક લાખથી પણ વધારે સ્વાર લશકર છે અને સિંહને પકડનાર રૂસ્તમ પણ તેમની હરોલમાં છે. વળી જમીન લોહીથી ભરેલી અને હવા તીરોથી ભરાયલી બની છે આપણુ દરીઆ તરફથી, મેદાનો તરફથી તથા બ્યાબાનો અને પાહાડો તરફથી ટોલાબંધ લશકર ભેગુ થઇને આવ્યા છતાં જ્યારે તેમાના માણસો બાકી રહયા નહી ત્યારે આપણે દેવને પણ અજમાવી જોયો છે. તેથી આવી લડાઇ થઇ, કુસ્તી રમાઇ અને આટલો બધો ગોગાટ મચી રહયો હવે જ્યારે રૂસ્તમજ અત્રે આવ્યો છે તો તુ તેની સામે ટકી શકવાનો નથી માટે તેની આગળથી નાહાસવા સિવાય તારો બીજો કાંઈ છુટકો રહયો નથી ચીનની પેલી બાજુની જમીનની સપાટી ઉપર જ્યા પણ ખુણુ હોય ત્યા આપણને જતું રેહેવુ જોઈએ છે તું તારાં લશકરને અત્રે સફ ખેંચી ઉભેલુંજ રેહેવા દેઇને તારા ખેરખાહો સાથે દરીઆ તરફ હકારી જા"

જ્યારે લડાઇ કરવા માટે તે મેદાન તંગ બન્યું ત્યારે તે પાદશાહે તેને જે કાંઇ રસ્તો સુજ્યો તે પ્રમાણે કીધુ તે પોતાનો ઝુન્ડો ત્યાંજ રેહેવા દેઇને પોતે ત્યાંથી જતો રહયો અને જડપથી ચીન અને માચીન તરફનો રસ્તો કાપવા લાગ્યો. પણ તેનું લશકર ઇરાની લશકરની સામાસામું થઈ જવાથી જમીન

કાલીં વાદ્દલ જેવી બની રહી. તુરતજ તેહેમતને પોકાર કરીને કહયું કે, "હવે તમો નેજા અને તીર, કમાન મુકી દેઇને શમશેર અને ગુરજથી મારકાપ કરો, અને ઉચાઈએથી તમારો હુનર દેખાડો.'' તેજ પળે વાઘ જેવો રૂસતમ પણ પોતાનો શેકાર જોઇ કાઢવાને ફીનો લેવા માટે ફર્યો તે તમામ ઇરાની લશકરે એક પોકાર મારીને પોતાના નેજા પાહાડની ઉચાઇ સુધી ફેંકયાથી તે મેદાન એવું બન્યુ કે ત્યાં મુરડાઓને લિધે જરાપણ ચાલવાની જગ્યા દેખાઇ નહી. આથી તે તુરકી લશકરનો એક ભાગ માફ માગતો આવ્યો અને બીજા ભાગે માર્ગમાં નાહાસભાગ કરવા માંડી તે ભરવાડ વરગનું ટોલું વેરવિખેર બની ગયુ, અને તમામ મેદાન હાથ પગ અને ટોકા વગરના શરીરોથી ભરાઇ ગયુ આથી રૂસતમે એવુ ફરમાવ્યુ કે, "હવે મારી નાખવુ બસ કરો. દરેકને વખતો વખત એવો હીસ્સો મલે છે. જમાનો એજ પ્રમાણે (એક વખત) ઝેરી ફળ ચખાડે છે, તો બીજી વખતે તેજ જમાનો ઝેહેરનો ઉતાર આપે છે. હવે તમો સઘલાઓ લડાઈનો પોશાક ઉતારી નાંખીને ભલા કામોનો વધારે કરો તમો તમારાં દિલ આ ત્રણ પાચ દિવસના મુશાફરખાના જેવી દુન્યા ઉપર શામાટે બાંધો છો ? કારણ કે તે તો તમોને ઘડીકમા ખુશાલ તો ઘડીકમાં દુખી બનાવે છે તે ઘડીકમાં હારેમન માફક લડવા આવે છે તો ઘડીકમા લગનની ખુશાલી અને રંગરાગ લાવે છે. માટે તમો નિર્દોશ બની ચુપકીદી પસંદ કરો, કારણકે તેઓ બુરી દુવા દે તેના કરતાં ભલી દુવા દિધેલી સારી છે "

પછી તે જંગલમા સુના રૂપાની ચિજો, બખતરો તથા બીજું જે કાંઈ હતુ તે સઘલું સોધી કાઢવામાં આવ્યુ તેમાથી તેણે ગોલામો, ઘોડાઓ, તલવારો તોપીઓ વિગેરે એ સઘલુ પાદશાહ આગળ મોકલી આપ્યું તેમાંના તાજો, કસ્તુરી, અમબર વિગેરે કેટલીક ચિજોનો ભાગ તેણે પોતાને માટે રાખ્યો. બાકીની જે સઘલી ચિજો તે મેદાનમાં હતી તે લશકર વચ્ચે વેહેંચી આપી. પછી તે તુરાની પાદશાહની રસ્તાઓ અને જંગલોમા સઘલે સોધ કરવામાં આવી. પણુ તેનો જમીન કે દરીઆમાથી પત્તા મલ્યો નહી, એટલુજ નહી પણુ તે અફરાસીયાબની કાઈ ખબર પણુ મલી શકી નહી તેઓએ ત્યાથી એટલાં બધાં તો ઉટો અને ઘોડાઓ મેલવ્યા કે તે ઘોડાઓને લિધે લશકર પણુ ગરજ વગરનું બન્યુ.

રૂસતમ અને તુસ ઇરાન તરફ પાછા ફર્યા તે વિષે.

પછી તેઓએ તુરાન જમીનમાંથી લશકરી અસબાબ, મોઘી કીંમતના બખતરો, તાજો અને તખતો એ સઘનો સામન ઉઠાવ્યો. આથી ત્યાં પોકારો અને રંનશીંગડાંના અવાજો નિકળયા અન ઘાટ તથા પરગમો વાગવા લાગ્યાં,

એ રીતે તે ઇરાની લશકરે ખુશી ખુશાલી સાથે ઇરાન તરફ જવાનો રસ્તો ધર્યો. જ્યારે પાદશાહ કએખસરૂને તે રૂસતમ બાબેની ખબર મલી ત્યારે ઇરાન શેહેરમાંથી અને ત્યાંની દરબારમાંથી ખુશાલીના અવાજો નિકળયા. ગુરજ અને બખતરના સાહેબ (રૂસતમ) ની આમદને લિધે ઇરાનમાંથી વાજીંત્રના અવાજો વાદલ સુધી પુગવા લાગ્યા. જેહાનના મોટા અને નાના દરજ્જાના શખ્સો વચે એક જાતની ખુશાલી પથરાઇ રહી પાદશાહનુ દિલ સાતમાં બેહેસ્ત જેવું બન્યુ અને સઘલાઓએ પરવરદેગારના શુકરાના કીધા. પછી પાદશાહે ત્યાંથી તેને લેવા જવાને બાહાર પડવાને પોતાની આગળ એક હાથી લાવવાને ફરમાવ્યું. ત્યાંના રેવાજ પ્રમાણે તમામ શેહેરોને સગારવામાં આવ્યાં અને ત્યાં દારૂ પીવાનુ, વાજીત્ર વાગવાનું અને રામશની પાળવાનું ચાલી રહયુ. દરેક ઠેકાણે રંનશીગડાં અને વાજા વાગવા લાગ્યા અને લોકો નેસાર કરવા માટે કસ્તુરી અને દારૂથી ભરેલી તસ્તો લેઇને બાહાર પડયાં [1] આથી એક નાકેથી તે બીજે નાકે સુધીના હાથીઓની ગરદનો કસ્તુરી, દારૂ અને કેશરથી રગાઈ ગઇ હાથીના માવતો તાજો પેહેરીને ઠઠેરો કરી રહયા અને તેઓના કાનમા લુલકો લટકી રહયા. પુશકલ લોકોએ તેના ઉપર કેશર, દીરમ, કસ્તુરી અને અંમબર સાથે ભેલીને નીશાર કીધો તે નામદાર ખસરૂનુ તાજ દૂરથી તેહેમતનને જણાતાજ તમામ જેહાનના લોકોએ ખુશાલીના પોકારો કીધા રૂસતમે નિચે ઉતરીને પાદશાહ આગળ આવી નમન કીધુ અને ખસરૂએ તેને લાંબી મુસાફરી વિષેની ખબર અંતર પુછી. રૂસતમે પાદશાહ સાથે દાબીને બગલગીરી કીધી એ પ્રમાણે ત્યાં લાંબો વખત નિકળી ગયો. જેહાનના પાદશાહે તે મોટા દરજ્જાના નામદાર પેહેલવાનની પુશકલ તારીફ કીધા પછી પીલતનને પાછુ ઘોડા ઉપર બેસવા ફરમાવ્યુ પાદશાહે આખે રસ્તે રૂસતમનો હાથ પોતાના હાથમાજ પકડેલો રાખ્યો. તેણે તેને કહયુ કે, " તું ત્યાં આટલો બધો વખત કાંય થોભી રહયો ? કારણકે તારી મોહોબતને લિધે તો (જુદાઇથી) હમારી ઉપર જાણે આતશ વરસ્યો " રૂસતમે પાદશાહને જવાબ દિધો કે, " હમો પણ તારા વગર એક પળ પણ ખુશાલ દિલે રહી શકયા નથી."

એમ કરતાં તેઓ રસ્તામાંથી ચાલતા પાદશાહના મેહેલમાં પાદશાહી દરબારગાહમાં આવી લાગ્યા પાદશાહ પોતે સુનેરી તખત ઉપર બેઠો અને તેની પાસે નામદાર રૂસતમ બેઠો તુસ, ફરીબરૂજ, ગોદરેજ, ગેવ, ફરહાદ, ગુરગીન, રેહામ વિગેરે પેહેલવાનો પણ ઇરાની પાદશાહની પુઠે ઘોડા ઉપર બેસીને ગયા,

---

1 એ બેત લખેલી નકલમા વધારે છે.

અને તેઓએ રૂસતમ અને ખસરૂ ઉપર મોતીનો નેશાર કીધો. પછી કએખ-સરૂએ તે લડાઈના મેદાનની તથા ત્યાં તેઓ ઉપર પડેલાં દુખની અને તુરાની સીપાઇ સાથે થયલી લડાઇની વાતો પુછયાથી ગોદરેજે તેને કહયુ કે, "ઓ પાદશાહ! તે લડાઇની વાતો તો ઘણી લાંબી છે. માટે તારે પેહેલાં હમુને દારૂ, જામ અને આરામ આપવો ઘટે છે. પછી જો તું તે લડાઇ વિષે પુછશે તો વાજબી ગણાશે" આથી પાદશાહે હસીને ખાંનાનો સુફરો બીછાવવાનો હોકમ કીધો અને તેઓને પુછયું કે, "ખચીત તમો માર્ગમાં ભુખ્યા થયા હશો" પછી તે ખાણા ઉપર દારૂ હાજર કરવામાં આવ્યો, તથા રામશગરોને પણ ત્યાં બોલાવવામાં આવી ત્યાર પછી ત્યા તેણે અફરાસીયાબ માટેની, પુલાવદ દેવ તથા તેની સાથે રમાયલી કુસ્તીની, રૂસતમની પેચદાર કમ દની, તથા વળી તે આગમચ ખાકાન, કામુસ અને અશકબુસ જેવા બાહુરો અને પેહેલવાનો સાથે થયલી લડાઈની તથા પેલાં હાથીઓ અને ઢાલોવાલાં બોહોલાં લશકરો માટેની એક નાકેથી તે બીજે નાકે સુધીની તમામ વાતો પુછવી સરૂ કીધી ગોદરેજે તેને કહયું કે, "ઓ પાદશાહ! રૂસતમ જેવો તો કોઈપણ સ્વાર પોતાની માતાથી જનમ લેશે નહી જો તેની સામે દેવ કે સિંહ કે અઝદાહ પણ આવે તોપણ તે તેના લાબે સુધી પુગતા પંજામાંથી છુટકારો પામતો નથી. તું પાદશાહ ઉપર હજારો હજાર આફ્રીન હોજો અને તારા આ નામદાર પેહેલવાનો ઉપર તારી ઉમેદો બધાયલી રેહેજો" તે તાજ પેહેરનારો પાદશાહ તેની આવી વાતથી એટલો તો ખુશી થયો કે તુ કહેશે કે જાણે તેનુ માથુ સની-શ્ચર સેતારા સુધી પુગ્યુ. પછી તેણે જવાબ દિધો કે ' ઓ જેહાનને જીતનારા, ચાલાક અને રોશન રવાનના પેહેલવાન! તે શખ્સ કે જેનાથી અક્કલ શિખાય છે, તેને સંભાલનાર ફરતો જમાનો થજો. એ પહેલવાન ઉપરથી બુરી નજર દૂર રેહેજો અને તેની તમામ જીંદગી અમન ચમન સાથની ગુજરજો."

પછી તેઓ એક અઠવાડયું સુધી હાથમાં દારૂની જામ સાથે બેઠા. તેનાથી ગોયા તાજ અને તખત પણ ખુશાલીમાં આવી ગયા. ત્યાં તે પેહેલવાનો આગળ વાજીંત્ર અને ગાયનમાં પણ રૂસતમનીજ વાતો ગવાતી હતી. એ પ્રમાણે તેહેમ-તન તે દરબારમાં પાદશાહ આગળ હાથમાં જામ સાથે રહયો. ત્યાર પછી તેણે પાદશાહને કહયુ કે, "ઓ હુનરમંદ તાજદાર પાદશાહ! તું જેહાનનો માલેક અક્કલમંદ છે તેમજ ખરો બેરખાહ છે. પણ હવે મારી ખાહેશ જાલનો ચેહેરો જોવાની થઇ છે." આથી પાદશાહે તીજોરીના બારણા ખોલાવ્યાં અને તેમાં સા-ટેલી જેજે મોંઘી કીમતની ચિજો જેવી કે યાકુતો, તાજો, વિટીઓ, રેશમી

તાકાઓ, બારબરીના પોશાકો, તાજ અને લુલક સાથની બાંદીઓ, જીન સાથના સો ઘોડાઓ, લાદેલાં સો ઉટો, કસ્તુરી અને અગરચા ભરેલી તબકો, એ સુનેરી જોડાઓ અને ગુરજની એક જોડ કે જે ઉપર પાદશાહી જવેહરાતો જડેલાં હતાં અને તે નામદારોને લાયકનાજ હતા એ સઘલુ તેણે તેહેમતનને માટે મંગાવ્યું પછી પાદશાહ પોતે રૂસતમને વલાવવા માટે તેના માર્ગમાં બે મંજલ સુધી તેની સાથે ગયો જ્યારે પાદશાહ લાંબી મજલથી ઠાકી ગયો ત્યારે તેંણે ઘોડા ઉપરથી નિચે ઉતરીને રૂસતમને છેલ્લી સલામ કીધી રૂસતમે ત્યાથી ખસરૂને વિદાય કીધા પછી ઇરાનથી જાબુલ તરફ જવાનો રસ્તો ધર્યો. ત્યાર પછી તમામ જેહાન પાદશાહ તરફ વફાદાર રેહેવા લાગી અને જેમ તે ચાહાતો હતો તેવી રીતે જેહાન તેની સાથે વર્તવા લાગી હવે હુ આ કામુસ સાથની લડાઇનું પણ સેવટ લાઉ છુ એ વાત લાંબી હોવા છતાં મે તેમાંની એક કડીને પણ ઓછી થવા દિધી નથી જો એ દાસ્તાનમાથી એક બોલપણ ઓછો થાય તો મારૂં રવાન માહેતમ કરવાની જગ્યા (દોજખ) લે. પુલાદવંદ પોલાદી બેડીમાં સીકરાયો નથી તેને માટે મારૂં દિલ ખુશાલીભર્યું બન્યું છે. હવે તુ મારૂ અકવાંન દેવ સાથની લડાઇનુ બ્યાન સમજ અને તે લડાઇ નામદાર રૂસતમ સાથે કેવી થઇ હતી તે તું જો. રવાન અને અક્કલના બનાવનાર પરવરદેગારની સેતાયશ કરવી તુ પસંદ કર કે જેમ કરવું તુને ઘટે છે. ઓ રોશન રવાનના અક્કલમંદ શખ્સ ! જો કે તુ તેની તારીફ કરવાને કેવી રીતે શક્તિવાન થશે? આપણી સઘલી અક્કલ પણ તેમ કરવામાં નાચાર બને છે માટે તેવા (ખોદાની પીછાન કરવામાં) અશકતો માટે આપણને રડવુ જોઇએ પણ તુ એટલું તો કબુલ કરજે કે તે હસ્તી ધરાવે છે અને તે એકજ છે. અક્કલમંદ રવાનને માટે એ સિવાય બીજો કોઇ રસ્તો નથી ફીલસુફો અને પંડીતો જે રસ્તે ચાલવા કહે છે તે રસ્તે હુ ચાલનારો નથી. એકજ ખોદાને માનવાની વાત સિવાય બીજી વાતો બેહેતર જણાય નહી. એ વાત કહો યા ના કહો તોપણ ખોદા તો એકજ છે. જે કાંઈ ચિજો તારી નજરમાંથી પસાર થાય અને તેની સમજ તારા દિલમાં અક્કલને સબબે ઉતરે, તો તેમ બનવુ નેકીના પોહોંચાડનાર પરવરદેગારથી છે એમજ તુ સમજજે, અને એ સિવાય બીજુ કાંઈ તુ સમજતો ના. અગરજો તું (આ દુન્યામાં) ઘડાયલો હોય તો માર્ગમાં સંભાળથી પગલાં ભરજે, કારણકે સેવટે એ સઘલી વાતો તારી સાથે આવવાની નથી. એકદમ બેંચતાંજ તારૂં શરીર અને જીવ છુટા થશે માટે જે ચિજ તુને બુજોર્ગીએ ચઢાવે તેજ કરવી બસ છે તારી જીંદગીનો વખત તારી આગળથી વહી જશે અને તારી હંમેશની આરામ કરવાની જગ્યા તો બીજી જેહાન બનશે.

માટે પેહેલાં તું જગતકરતાનીજ યાદ કરતો રેહે અને તેનીજ યાદ કરવાને માટેની તું સરૂવાત કરતો રેહે કારણકે તેનાથીજ ફરતુ આસમાન ઉસ્તવાર રહયું છે અને વળી તેજ સાહેબ નેકીનો રસ્તો દેખાડનાર છે. જેહાનને તપાસતા તે અજાયબીથી ભરેલી દીશે છે, અને કોઈ પણ શખ્સ તેને માટેનો દાવો કરવાના સાધન ધરાવતો નથી, કારણકે જીવ પણ અજાયબીવાલો છે અને શરીર પણ અજાયબી ધરાવનારૂ છે. માટે તુને પેહેલી ચિજ તે અદાજો રાખવો ઘટે છે બીજુ એકે તારાં માથાની ઉપર આસમાન ફરતુ રહે છે, જેથી તારી સામે તુને દાહાડા પછીના દાહાડાઓ આવતા દેખાય છે જે અક્કલમદ એ વાત સમજશે તો તેની અક્કલમાં પણ વધારો થશે. તો પણ જો તુ તેનો સારજ યાદ રાખશે તો તુ ભલમનસાઇવાલો બનશે અને તારી મોટાઇના દાવાનો ઘટાડો થશે

ખસરૂએ રૂસતમને અકવાન દેવ સાથે લડવાને બોલાવી મંગાવ્યો તે વિષે.

હવે તુ બુઢા દેહેકાનની આ વાત સમજ. કદાચને એટલી બધી મનોરંજક વાત બીજી કોઇ હશે નહી વાત કેહેનારા દેહેકાને એવુ કહયુ છે કે, એક દિવસે બામદાદે કએખસરૂએ પોતાના બાગને વસંતની માફક સગાર્યો અને ગોદરેજ, તુસ, ગસતહમ, બુરજીન, જમશેદની તોખમનો કેરશાસ્પ, ૧ ગેવ, લડાઇનો અજમાવનાર રેહામ, ગુરગીન અને મુબારક વિચારનો ખરરાદ જેવા બુજોર્ગ પેહેલવાનો ત્યાં પાદશાહ સાથે આવી બેઠા તે વખતે તેઓ વચે કામુસ, ખાકાન, મનશુર અને ફરતુસની લડાઇ માટેની વાત ચાલતી હતી તેઓ તા પાદશાહની યાદમાં દારૂની જામ પીને સઘલા ખુશાલ બન્યા હતા જ્યારે દાહાડો ઉગ્યાને એક કલાક વહી ગયો ત્યારે ત્યાં મેદાનમાંના ભરવાદો આવી લાગ્યા. તેઓએ ખસરૂ આગળ આવીને જમાનને બોસો લેઇ તે મુબારક તોખમના પાદશાહને કહયું કે, " ગોસ્પદોના ટોલાં વચે એક ગોરખર આવી ચઢયું છે કે જે બધીખાનામાંથી છુટી આવેલા દેવ જેવું છે તુ કહેશે કે જાણે તે ઘોડાઓની ગરદન તોડનારા નરસિહ જેવું છે જે વખતે સુરજ પોતાનો રંગ પાંઠરે છે અને આસમાન બતરોને સુનેરી પાણીથી ધોવાયલાં બનાવે છે તે વખતે તે એક ઘોડાને તેની હાર વચેથી બાહાર ખેંચી લેઈ જાય છે અધારી રાતેજ તે તેની

અતરે ફીરદોસીએ જણાવેલો કેરશાસ્પ જો રૂસતમના વડવા નરીમાનનો બાપ હોય તો તે તો અત્યાર આગમચનો ગુજર પામ્યો હતો. જે કેરશાસ્પને તે અતરે હાજર કરે છે તે જાલ અને રૂસતમના વડીલ નહી પણ તેના ખાનદાનનોજ કોઈ શખસ હોવો જોઇએ.

પુઠ પકડી શખે છે તું કેહેશે કે જાણે તેની જાંગ તથા આગળા અને પાછલા પગો એક ઉંચા ઘોડા જેવા છે" ખસરૂએ ધાર્યું કે, "એ કાંઈ ગોરખર હોય નહી, અને જો તે ગોરખરજ હોય તો તે ઘોડાના કરતાં વધારે જોર ધરાવે નહી." તેથી તેણે ભરવાદોને કહયુ કે, "એ કાંઇ ગોરખર નથી" પછી પાદશાહે પેહેલવાનોને એ પ્રમાણે કહયુ કે, "ઓ દોર દમામવાલા પેહેલવાનો! હાલે મને એક જોરાવર સિંહ જેવા પેહેલવાનની અગત્ય છે માટે તેને તમો પેહેલવાનોમાંથી કોણ બાધી શકશે?" પછી ખસરૂએ દરેકની તરફ લાંબી નજર કીધા છતા તેને તે પેહેલવાનોમાંથી કોઇપણ (તે કામ માટે) પસંદ આવ્યો નહી જાલનો બેટો રૂસતમ કે જે એ ફર્યાદને પોહોંચી શકે તેના સિવાય બીજા કોઇને પણ તેણે એ કામ માટે લાયક જોયો નહી. આથી તેણે તેના ઉપર મોહોબત અને ઇનિસાફથી ભરપુર એક નામું લખ્યું અને તે લેઈ જવાનુ કામ પેહેલવાનો વચેથી તેણે મીલાદના બેટા ગુરગીનને સોંપ્યું. તેણે એક મુબારક મુરત જોઇને તેને કહયુ કે, "તુ રાત અને દિવસ ધુમાડાની જડપે રસ્તો કાપીને માર્ગમાં ઠાક લિધા વગર આ મારૂં નામું જાબુલમાં જાલના બેટા આગલ લેઇ જા. તેને તુ મારી પુશકલ મોહોબત સાથની દુવા પોહોંચાડીને કેહેજે કે, 'આસમાન તારા વગરનું ખાલી રેહેતું ના' જેવું તે એ નામું વાચી રેહે તેવોજ તું તેને કેહેજે કે, 'ઓ નામદારી સોધનારા શખ્સ! હું જે દમામ ધરાઉ છું તે તુનેજ આભારી છે માટે તુ ઉઠ અને અત્રે આવીને મને તારો ચેહેરો દેખાડ.'"

આથી ગુરગીન જડપથી ફુકતા પવનને વેગે શેહેરમાંથી બાહાર પડયો અને જેમ એક ગોરખર પોતાના જીવની ધાસ્તીથી (શેકારી આગળથી) દોડે તેમ તે માર્ગમાં દોડવા લાગ્યો જાબુલમાં તે નામદાર આગળ આવી પુગતાંજ તેણે તેને પાદશાહનું નામું પોહોચાડયુ. તેહેમતને પાદશાહનો એવો હોકમ સમજતાંજ ત્યાંથી તે ભપકા સાથે ચાલીને પાદશાહની દરબારમાં આવી લાગ્યો. ત્યા તેણે તેના તખત આગળની જમીનને બોસો લેઇને તેના તખત આગળ તેને દુવા દિધી અને બોલ્યો કે, "ઓ પાદશાહ! તેં મને બોલાવ્યો તે મુજબ હું આવ્યો છું. મને તુ શું ફરમાવે છે? તું જે હોકમ આપે તે બજાવવાને મેં મારી કમર બાંધેલી છે. ચઢતો દરજ્જો અને ભલાઇ તારી સાથે જોડાયલી રેહેજો." ખસરૂએ તેને જોતાંજ માનથી નવાજ્યો અને તેને પોતાના પાદશાહી તખત ઉપર સાથે બેસાડયો. પછી તેણે રૂસતમને કહયું કે, "ઓ પેહેલવાન! તુ હમેશાં ખુશાલ અને રોશન રવાન સાથે જીવવું કરજે. તારા દીદારથીજ મારો મુબારક વખત છે અને તારા જીવથીજ મારૂ નસીબ ખુલેલું રહે છે. ઓ

પીલતન ! વળી એક કામ નિકળી આવ્યાથી મે તુંને આ ખુન્નોરંગી ભરી અંનજુમન વચ્ચે બોલાવી મંગાવ્યો છે. જો તું એ મારા હોકમ મુજબ મેહેનત ઉઠાવી નહી હતે તો તાજ અને ખજાનો મેલવવાને પણ તું તારી કંમર બાંધતે નહી. મારા ભરવાદો એમ કહે છે કે, 'ગોમ્પંદોના ટોલા વચ્ચે એક ગોરખર આવી ચઢયું છે.' પછી તેણે જે કાંઇ વાત ભરવાદોથી સમજી હતી તે રૂસતમને પેહેલેથી તે છેલ્લે સુધી કહીને કહયું કે, "હવે આ તેહેમતન ! વળી તુને આ મેહેનત ઉઠાવીને એ લડાઇમા તારી પરીક્ષા દેખાડવાની છે તુ જા, પણું તેનાથી તું તારી સંભાલમા રેહેજે, કારણકે કદાચને તે ફીનો સોધનાર હારેમન હશે" રૂસતમે તેને એવો જવાબ દિધો કે, "તારે નસીબે તારા તખતનો ગોલામ એ માટે ડરતો નથી. મારી તિક્ષણ તલવારથી દેવ કે સિંહ કે નરઅઝદાહ છુટકારો પાંમનાર નથી."

પછી તે એક નરસિંહ માફક હાથમાં કમંદ પકડીને અને અઝદાહ જેવા (રખશ) ઉપર સ્વાર થઇને તેનો શેકાર કરવાને બાહાર પડયો તે સિંહ રૂસતમ જે મેદાનમાં ભરવાદો ગોશપદો રાખતા હતા તે તરફ ચાલવા લાગ્યો. તેણે તેની ત્રણ દિવસો સુધી તે મેદાનમાં સોધ ચલાવી અને તે ઘોડાવાલી જગ્યાની આસપાસ શેકાર કરવા લાગ્યો. ચોઠે દિવસે તેણે તે (ગોરખર) ને ભપકા સાથે મેદાન તરફ ચાલી આવતું અને તેની આગળથી ઉતરના ફુકાતા પવન માફક પસાર થઈ જતું જોયું. તે એક પ્રકાશતા સુનેરી રંગના ઘોડા જેવો લાગતો હતો પણ તે ચામડાંની અંદરનો એક બદસુરત રાક્ષસ હતો. આથી રૂસતમે પોતાના ઘોડાને ઉશકેરીને (તેની પુઠે) દોડાવ્યો પણ જેવો તે તેની નજદિક આવી પુગ્યો તેવાજ તેના વિચાર ફેરવાઈ ગયા. તે એમ બોલવા લાગ્યો કે, "એને મારી નાખવું જોઇતું નથી પણ તેને કમંદના ફાસામાં પકડવું જોઇએ છે હું તેનો શેકાર કરીને તેનો નાશ કરવા માંગતો નથી, પણ તેને જીવતું પકડીને પાદશાહ આગળ લેઈ જવા ચાહુ છું." આથી રૂસતમે તેના ઉપર કેઆની કમંદ ફેકીને તેનું માથું તેના ફાંડામાં પકડવા ઇચ્છ્યુ. પણ તેની કમંદ જોતાંજ તે બાહુર ગોરખર તેની નજર આગળથી ઓચિંતુ ગેપ થઇ ગયું. આથી રૂસતમે વિચાર્યું કે, "એ કાંઇ ગોરખર નથી અને તેથી તેના ઉપર જોર અજમાવ્યાથી તેનો કાંઇ ઉપાય થવાનો નથી. અકવાન દેવ સિવાય એ બીજો કોઈ હશે નહિ, માટે તેને તલવાર મારવી એ હવામાં માર્યા બરોબર છે. એક દાનાવથી મે સમજ્યુ છે કે, આ તેની રેહેવાની જગ્યા છે અને અજબ જેવું તો એ છે કે તે ગોરખરનાજ ચાંમડાં છીનવી લે છે. માટે હવે એનો ઉપાય શમશેરથીજ કરવો પડશે અને તેના સુનેરી રંગના ચામડાંમાંથી લોહી વેહેવું કરવું પડશે."

તેટલાંમાંતો તે ગોરખર જંગલમાંથી પાછું ફરતું જણાયાથી તે પેહેલવાને પોતાના ઘોડાને ઉશકેરી મુકયો તેણે કમાન ઉપર ચિલ્લો ચઢાવીને પવન વેગે દોડતા ઘોડા ઉપરથી આદર ગુશસ્પના આતશની જડપે એક તીર ફેકયો. પણ જે વખતે તે પોતાની કેયાની કમાન ખેંચતો હતો તેજ પળે તે ગોરખર બીજી વખતે ગેપ થઇ ગયુ. એ પ્રમાણે તેણે પોતાના ઘોડાને ઓહોળાં જંગલમાં દોડતો રાખ્યો અને તેમા એક દહાડો અને એક રાત વહી ગઈ હવે તેની ખાહેશ પાણી પીવાની અને નાન ખાવાની તથા થોડો વખત ઘોડાના જીન ઉપર માથુ મુકીને સુઈ જવાની થઇ તેથી તે નિર્મલ પાણીની ઉટાવલે સોધ કરતો હતો તેટલામાં તેની નજરે ગોલાબ જળ જેવો પાણીનો ચશમો નજરે પડયો આથી તેણે નિચે ઉતરીને રખશને પાણી પાયુ પછી ઠાકને સબબે તેણે સુવા માટે આખ મિચી તેણે કેઆની જીન કે જે (ઘોડા ઉપર) તંગ બાંધ્યુ હતુ તે ખોલ્લુ કરીને તે ખડગ લાકડાંના બનાવેલા જીનની ગાદી તેણે તકીઆ તરીકે વાપડી તેનો રખશ મેદાનમા ચરવાને ગયો અને રૂસતમે તે નાલાં નજદિક જીનના તકીઆ ઉપર પોતાની સુવાની જગ્યા કીધી.

અકવાન દેવે રૂસતમને દરીઆમાં ફેંકી દિધો તે વિષે.

જ્યારે અકવાને દૂરથી રૂસતમને ઉઘાતો દિઠો ત્યારે તે પવનમા ફેરવાઇ જઇને તેની આગળ આવ્યો. તેણે તે પેહેલવાનની આસપાસની જમીનને કાપી કાઢી અને પછી તેને ઉચે ઉચકયો તે તેને મેદાનમાંથી આસમાન ઉપર ઉચકી લેઈ ગયો. જ્યારે રૂસતમ જાગૃત થયો ત્યારે તે તેમ જોઇને દલગીર બન્યો અને તેનું અકકલભર્યું મગજ દલગીરીથી ભરાઈ ગયુ. પછી રૂસતમે પોતાના મન સાથે વિચાર કીધો કે, "એ પલીદ દેવે મારે માટે આવી જાલ પાંકરી રાખીજ હશે હવે મારા દિલ, જોર અને આવી બાજુને માટે, તથા મારો ઘોડો, તલવાર, અને ગુરજને માટે મને અફસોસ છુટે છે આવા કામથી તો જેહાનમા ખરાબી થશે અને અફ્રાસીયાબની મુરાદો બર આવશે. મારા આવા કામથી જેહાનનું બુરૂ થશે. તેણે મારાં ખીલતા બજારને આવુ અધારૂ બનાવ્યુ છે. હવે ગોદરેજ, ખસરૂ કે તુસ તથા તખત, તાજ, હાથી કે ઢોલ કાંઇ રેહેવાનું નથી. આવા બીહામના દેવ ઉપર મારો કીનો કોણ લેશે? એ દેવની બરોબર્યો તો કોઈ થઈ શકશે નહી"

જ્યારે રૂસતમ પોતાને માટે એમ ધ્રુજતો હતો, ત્યારે અકવાને તેને એ પ્રમાણે કહયુ કે, ઓ પીલતન! મારી પાસેથી તુ તારી ખાહેશ માંગી લે કે, હવે હુ તુંને તારા મરજી મુજબ કયા ફેકુ તો લાયક ગણાશે? હુ તુને પાણીમાં ફેકુ, ક પાહાડ ઉપરથી ગબડાવી દેઉ? તું લોકાની વસ્તીથી દૂર કયા પડવા

માંગે છે ?" જ્યારે રૂસતમે તેનુ કેહેવુ સમજ્યું અને તે બીહામના દેવના હાથમાં પોતાના શરીરને જોયુ, ત્યારે તે પેહેલવાન પીલતન પોતાના દિલ સાથે બોલવા લાગ્યો કે, "તેની યુક્તિ મુજબ તેના દરેક સખુન પણ ભલા હશે નહી હવે હુ તેને જે કેહેવશ તેથી તે ઉલટુંજ કરશે, અને તે કાઈ વચણ કે બોલ પાલશે નહી. જો હું તેને દરીઆમા ફેંકવા કેહેવશ તો તે બુરી તોખમનો હારેમન મને પાહાડ ઉપર નાખી દેશે પાહાડ ઉપર મને ફેંકવાથી મારા ટુકટે ટુકડા થઇ જશે. અને તેમ કરીને મારી ઉપર તે રસ્તાખેજ વરસાવશે માટે હવે તે મને પાણીમાંજ ફેંકવાનો વિચાર કરે એવો મારે ઉપાય કરવો જોઇએ" પછી રૂસતમે તેને એવો જવાબ દિધો કે, "મને ચીનના એક દાનાવે એ બાબે એક એવી વાત કહી છે કે, જેનો જીવ પાણીમા જતો રહે તો તેનુ રવાન મીનોઇ જેહાનમાં સરોશને જોઇ શકે નહી. ૧ તેથી તેનુ રવાન એકજ જગ્યાએ જારી કરતુ પડો રહે છે અને તે ભપકા સાથે બીજી જેહાનમાં દાખલ થઇ શકતુ નથી માટે તુ મને દરીઆમાં ફેંકતો ના અને મછીઓને મારૂં કફન બનાવતો ના તુ મને પહાડ ઉપરજ ફેંક કે જેથી વાઘો અને સિંહો મારા જેવા બાહુર માણસના પંજા જોઇ શકે."

અકવાન દેવે રૂસતમથી એમ સમજતાજ દરીઆની ગરજનાના જેવો પોકાર કીધો અને બોલ્યો કે, "હુ તુને એવી જગ્યાએ ફેંકવા માંગુ છું કે જેથી તું બધે જેહાનમાંથી ગુમ થઇ જાય" તે બુરી ખસલતના દેવે એમ બોલી રેહેતાંજ તેને પોતાના હાથમાથી ઉંડા દરીઆમાં ફેંકી દિધો, અને તેનાથી જે કાઇ સમજયુ હતું તેથી ઉલટુ જ તે દેવે કરી બનાવ્યુ જેવો રૂસતમ હવામાથી દરીઆ નજદિક આવી લાગ્યો તેવીજ તેણે પોતાની તિક્ષણ તલવારને મ્યાનમાંથી ખેંચી કાઢી અને જે મગરો તેને ખાઇ જવાના ઇરાદાથી આવ્યાં તેની સાથે લડાઇ કરીને તેણે ઉધાં પાડયા. તે પોતાના ડાબા હાથ અને પગોની મદદથી તરવા લાગ્યો અને બીજા હાથ વડે પોતાના કામમાં એક પળની પણ ઢીલ કીધા વગર દુશમનો વચેથી પોતાનો માર્ગ કરવા લાગ્યો. જે કોઇ લડાયક માણસો હોય છે તે એવાજ હોય છે જો કોઇ પોતાની મરદાનગીથી ઉસ્તવાર રહે છે તો જમાનો પણ તેના પંગાને કાપી શકતો નથી જાણે કે ફરતી દુન્યાજ

---

૧ લાશને પાણીમા નાખવી એ વંદીદાદમાં જણાવ્યા મુજબ પુલ ગુજાર નહી થાય એવો ગુનાહ ગણાયો છે મરણ પછી સરોશ ઇજદ ગુજરેલા રવાનોને પુલગુજાર થવામા મદદ આપે છે અને તે રવાન પુલગુજાર થાય ત્યા સુધી તેની નેગેહબાની કરે છે પણ જે શખસ પાણીમા નસો નાખી પાણીનો બીગાડો કરે અને જીવતાઓને નુકસાન પુગાડે તેની રેહેબરી સરોશ ઇજદ કરતો નથી. આથી રૂસતમ અકવાન દેવને એ ઢબમા કેહેતો જણાય છે.

એવી છે. તે ઘડીકમાં મધનો વરસાદ પાડે છે તો ઘડીકમાં ઝેહેર નાખે છે. રૂસતમ પોતાની મરદાનગીથી દરીઆને કીનારે તરી ગયો અને જમીન ઉપર આવી લાગ્યો, જ્યાં તેને એક જંગલ જણાયુ આથી તેણે પરવરદેગાર કે જે બંદાઓનાં શરીરને બુરાઈ પુગવાથી બચાવી લે છે તેની બંદગી કરવા માંડી. પછી તેણે કમરબંધના ગાંઠ ખોલી નાખીને ત્યા આસાયશ લિધી, અને એક ઝરા નજદિક પોતાનું બબરેબ્યાન મુકયુ. જ્યારે તેની કમંદ તથા હથીયારો સુકાયાં ત્યારે તે જોરાવર સિંહે પોતાનું બખતર પાછું પેહેર્યું અને જ્યાં તે ઉંઘાયો હતો અને તે બુરી ખસલતનો દેવ તેના ઉપર ચિરડાયો હતો તે ઝરા આગળ પાછો આવ્યો પણ ત્યાના મેદાનમા તેની જલકટી કારકારદીવાલો રખ્શ નાહી જણાયાથી તે જેહાનનો સોધનાર રૂસતમ જમાના સાથે ગુસ્સે બન્યો તે ચિરડાતો અને લગામ તથા જીન ઉઠાવતો દલગીર દિલે રખશની સોધમા ચાલવા લાગ્યો તે શેકારોની સોધ કરતો એ પ્રમાણે ચાલતો જતો હતો તેટલામાં એક શેકારવાલી જગ્યાએ આવી લાગ્યો જ્યાં સઘલી ઝાડીઓ હતી અને ઝરાઓ વેહેતા હતા. ત્યાં દરેક ઠેકાણે તીતરો અને જંગલી કબુતરોના શેકારો હતા અફ્રાસીયાબના ઘોડાવાલાઓનો વડો તે ઝાડી વચે ઉંઘાવા પડયો હતો. રૂસતમને જોતાંજ તુરતજ તેના રખશે તે ઘોડાઓનાં ટોલાં વચેથી એક દેવ માફક પોકાર માર્યો તેને જોતાંજ રૂસતમે પોતાની કેઆની કમંદ તેના ઉપર ફેંકીને તેમાં તેની ગરદન પકડી. પછી તેણે તેની ચાકરી કરી તેના ઉપર જીન નાખ્યું અને નેકીનો પોહોંચાડનાર પરવરદેગારની યાદ કરી લીધી. ત્યાર બાદ તે તેના માથામાં લગામ ઓલવીને તેના ઉપર ચઢી બેઠો અને પોતાની તિક્ષણ તલવાર ઉપર હાથ નાખીને યજદાંનુ નામ લેઇ પોતાની તલવાર વડે તે સઘલા ઘોડાનુ ટોલુ તેણે હાંકવા માંડયુ, પણ તે ઘોડાવાલો ઘોડાઓની બુમો સમજતાંજ ગભરાયલો અકલાયલો ઉંઘમાંથી જાગૃત થયો અને ત્યાં જે કોઇ સ્વારો હતા તેમને મદદે બોલાવીને દરેકના હાથમા કમંદ અને કમાન આપી તેઓને નામીચા ઘોડાઓ ઉપર સ્વાર કીધા કારણકે તે જંગલમાં આટલા બધા સ્વારો આગળ કોઇએ આવવાની હીમત કીધી છે એમ સમજી તેઓ બુરી મનશાનીના બન્યા પછી તે સ્વારો તે લડાયક સિંહ (રૂસતમ)નું ચામડું ચીરી કાઢવા માટે ઉશકેરાયલા જંગલમાં ગયા રૂસતમે તે જડપથી દોડતા આવતા શખ્સોને જોતાંજ કીનાની તલવાર મ્યાનમાંથી જડપથી બાહાર કાઢી અને એક સિંહ માફક બરાડ મારીને પોતાનું નામ જાહેર કીધું કે, "હું સામના બેટા દસ્તાનનો બેટો રૂસતમ છું." પછી તેણે તે માણસોમાનાં અરધાને પોતાની તલવારથી મારી નાખ્યાં. જ્યારે તે ભરવાડોએ એમ બનતાં

જોયું ત્યારે તેઓએ ત્યાંથી નાહાસવાને પીઠ ફેરવી. તેઓ દોડતા હતા તેમની પુઠે રૂસતમ પણ બાજુએ પેચદાર કમાન ઓલવીને જડપથી દોડવા લાગ્યો.

રૂસતમે ઘોડાઓની ચરવાની જગ્યાએ અફ્રરાસીયાબ સાથે લડાઇ કીધી અને અફ્રરાસીયાબ નાહાસી ગયો તથા અકવાન દેવ રૂસતમને હાથે માર્યો ગયો તે વિષે.

અજબ જેવુ તો એ છે કે અફ્રરાસીયાબ પણ તેજ વખતે પોતાના ઘોડાઓ જોવાને ત્યા પવન વેગે આવી લાગ્યો. તેની સાથે તેના પેહેલવાનો હતા અને સાથે દારૂ તથા વાજીત્ર પણ રાખ્યા હતાં કે જેથી તે તેના ઘોડાવાલાઓ દર વર્ષે ત્યાંના જંગલમાં નદી નજદિક જે જગ્યાએ તેના ઘોડાના ટોલાંઓને એકઠા કરતા હતા ત્યાંજ (મોજમજાહ કરી) પોતાના દિલનો ગમ ઓછો કરે. અફ્રરાસીયાબને તે જંગલ આગળ આવી લાગતાંજ ત્યાં તેના ઘોડાઓની કે ઘોડાવાલાઓની નિશાણુ જણાઈ નહી પણ તેટલામાં તેણે તે જંગલમાંથી એકાએક પોકારો આવતા સમજયા અને ઘોડાઓની પુઠે ઘોડાઓને દોડતા જોયા વળી તે બાધુરોને રખશના પગલાંની નિશાણુ પણ ધુલમાં પડેલી દૂરવેરથી માલમ પડી આવી તેટલામાં ત્યાં તે બુઢો ઘોડાવાલો ગભરાયલો, રૂડન કરતો અને તીરોથી વિંધાયલો જડપથી દોડતો આવી લાગ્યો તે ઘોડાવાલાએ તુરાનના પાદશાહ આગળ આવી લાગતાંજ જે અજબ બનાવ બન્યો હતો તે તેને કહયો કે, "રૂસતમ એકલોજ આ જંગલમાંથી (આપણા) ઘોડાઓના ટોલાં હાંકી જાય છે અને તેણે હમારામાનાં ઘણાઓને મારી નાખ્યા છે પણ તે પોતે બચી ગયો છે" જયારે અફ્રરાસીયાબે એ વાત સમજી ત્યારે તેની આગળ જુનો વખત પાછો તાજો થયો. તેથી ત્યાં તુરકીઓ વચ્ચે ઘણીએક વાતો ચાલી રહી કે, "હવે જયારે એ કીનો સોધનાર રૂસતમ એકલોજ આ જંગલમાં આવ્યો છે તો આપણે સઘલાઓએ પણ બખતર પેહેરવાં જોઇએ છે કારણ કે આપણા એ કામથી તો આપણું નામ મંગલ સેતારાથી પણ ઉચે ચઢશે. આપણે તે એકલાને એવો તો લોહીથી જરક્તો બનાવીશું કે તે ખુવારે હાલ અને રૂડન કરતો માર્યો જશે."

પછી તે પાદશાહે પોતાના ચાર હાથીઓ અને લસકર સાથે રૂસતમની પુઠ પકડી. તેઓ રૂસતમ આગળ આવી લાગતાંજ રૂસતમે બાજુએથી કમાન બહાર કાઢી તેઓ તરફ જડપથી ધસી જઇને તેઓ ઉપર તીર અને કમાન વડે તથા પોલાદી તલવાર વડે જાણે બરફનુંજ વાદલ તોડી પાડયુ. જયારે તેઓમાંનાં ૬૦

બાધુર પેહેલવાનો માર્યા ગયા ત્યારે તેણે શમશેર અને તીર મૂકી દેઇને ગુરજ હાથમાં ધર્યો અને તે નામદારોમાંથી બીજા ૪૦ ને મારી નાખ્યા. આથી તે પાદશાહ ગમગીન બન્યો અને તેણે ત્યાંથી નાહાસવાને પીઠ ફેરવી. તેથી રૂસતમે તેની પાસેથી પેલા ચાર સફેદ હાથીઓ પણ લેઇ લીધા અને તે લશકર જેહાનથી નાઉમેદ બનીને ત્યાંથી જતુ રહયું ગુરજનો ધરાવનાર રૂસતમે પણ વસતની મોસમના વાદળ માફક તેઓની પુઠે જઇને તે વરૂઓ ઉપર ગુરજનો માર મારી તેઓની તોપીઓ અને બખતરો ભાંજી ફોડી નાખ્યાં પછી તે ત્યાંથી પાછો ફર્યો અને તે હાથીઓને તથા ઘોડાનાં ટોલાને તથા જે કાઇ સઘલો માલ તેને હાથ આવ્યો હતો તે લેઇને તેણે આગળ હકારવા માંડયુ. જ્યારે તે બપકા સાથે તે ઝરા આગળ પાછો ફર્યો ત્યારે તેનુ લડાઈ સોધતું દિલ લડાઇ કરતુજ બન્યુ

જ્યારે અકવાને તેને બીજી વખતે પાછો આવેલો જોયો ત્યારે તે બોલ્યો કે, "શુ તુ હજુ લડાઇ કરવાથી ધરાયો નથી? શુ તુ દરીઆના મગરોના પંજામાંથી પણ છુટીને આએ જગલમા લડાઇ કરવા પાછો આવ્યો છે?" જ્યારે તેહેમતને તે દેવનુ એમ કેહેવુ સમજ્યુ ત્યારે તેણે એક લડાયક સિહ માફક પોકાર માર્યો અને જીન ઉપરથી પેચદાર કમદ ઉઠાવી તેના તરફ ફેંકીને તેમાં તેની કમર પકડી લિધી પછી જીન ઉપર ફરી પીઠેથી પોતાનો લુહાડના હથોડા જેવો ભારી ગુરજ ઉઠાવીને એક મસ્ત હાથીની માફક તે દેવના માથાં ઉપર માર્યો, જેથી તેનુ માથુ, મગજ અને ગરદન સઘળું છુંડાઈ ગયું પછી તેણે નિચે ઉતરીને પોતાનુ પાણી પાયલુ ખજર ઉગામી તેના ડોકાને તેના શરીર ઉપરથી કાપી કાઢયુ. ત્યાર બાદ તેણે તે પરવરદેગાર કે જેનાથી તે કીનાને દિવસે ફતેહ જોતો હતો તે સાહેબની બંદગી કીધી. જે કોઇ શખ્સ પરવરદેગારના શુકરાના કરતો નહી હોય તેવા બુરા શખ્સને તું દેવનેજ નામે ઓલખજે. જે કોઇ માણસાઈપણાના રસ્તા ઉપરથી ઉલટો ચાલે તથા અકકલમદોના કહયા મુજબ વર્તે નહી અને તેનો નેક અર્થ સમજે નહી તો તેવા શખ્સને પણ તું દેવોમાંનો એક ગણજે અને તેને આદમી તરીકે ગણતો ના.[1] અગરજો કોઇ શખ્સ જોરેમદ પેહેલવાન હોય તથા તે જોરાવર બાજુનો અને ઉચા કદનો હોય તો તું તેને પેહેલવાનોની પેહેલવી ભાષામા પેહેલવાન તરીકે ઓલખજે, અને તેને અકવાન દેવ તરીકે ગણતો ના. ઓ મોટા દરજ્જાના બુઢા શખ્સ! તે જેહાનની

---

૧ ફીરદોસીએ અતરે જે દેવનો અરથ સમજાવ્યો છે તે અવસ્તાનાજ ભાવારથ મુજબ સમજાવ્યો છે

લીલી સુકી ચાખી છે તો હવે તું એ બાબે શું કહે છે? આ બાંબો જમાને આટલીબધી ચઢતી પડતી લાવી નાખશે એમ કોણ જાણે છે? અને આ જડપથી ફરતા આસમાનના ગુમબજમા કેટલી મજાહ અને કેટલી લડાઇઓ સમાયલી છે તે પણ કોણ જાણે છે?

જેવુ રૂસતમે તે દેવનુ ટોકું કાપી નિચે નાખ્યુ તેવોજ તે હાથી જેવા દેખાવના ઘોડા ઉપર પાછો બેઠો. પછી તે તમામ ઘોડાના ટોલાંને તથા જે તુરકીઓ જે કાંઇ સામન ત્યાં વેરવિખેર નાખી ગયા હતા તેને આગળ હાંકવા માંડી તે સઘલાં સાથે ઈરાન આવ્યો એ પ્રમાણે તમામ જેહાન તેનાથી આરાસ્તે બની માર્ગમાંથી એ ખબર પાદશાહને આવી મલી કે, “રૂસતમે જે ગોરખરને કમદના ફાસામાં પકડવાની અત્રેથી કંમર બાંધી હતી તે મુજબ કરીને તથા તે દેવને તથા બીજા હાથીઓને પોતાને હાથ પકડી હાલે દમામ સાથે પાછો આવેછે. તે પોતેજ આ જમીન ઉપરનો હાથી અને દરીઆમાના મગર જેવો છે અને તેની તલવાર આગળથી સિંહ, દેવ, કીનો સોધતો માણસ કે કોઈપણ છુટકારો પામી શકતા નથી, વીગેરે” આથી તે પાદશાહે તેને સામે લેવા જવાની તૈયારી કીધી અને તેથી પેહેલવાનોએ માથે તાજ પેહેર્યા. સરનાઇના અને ઘાંટોના અવાજે વચે તેઓ હાથીઓ અને શાહનશાહી ઝુન્ડો સાથે લેઇને તેને લેવાને ગયા તેને એસ્તેકબાલ લેવા જવા માટે શુમાર વગરનુ લશકર પણ ત્યાંથી ગયુ જેહાનનો પાદશાહ પણ એ ખબરથી ખુશાલીમા આવી ગયો જેની રૂસતમની તે નામદારી ભર્યા પાદશાહના ઝુન્ડા ઉપર નજર પડી અને તેણે પાદશાહના એસ્તેકબાલ લેવા આવ્યાની ખબર સમજી તેવોજ તેણે ઘોડા ઉપરથી નિચે ઉતરી જમીનને બોસો લિધો. આથી સીપાઈઓએ ખુશાલીના પોકારો કીધા અને તેઓએ રનશીગડા અને ઢોલ વજાડયાં. રૂસતમ ખસરૂનુ તાજ સાથનું માથુ જોતાંજ ઘોડા ઉપરથી નિચે ઉતરીને તેની આગળ દોડયો [1] તેણે પોતાના નામદારી ભર્યાં માથાંને જમીન ઉપર મુકીને એ પ્રમાણે કહયુ કે, “ઓ પાક યજદાંના પેદા કીધેલા પાદશાહ! હું તારો એક કમીનો બદો છુ, માટે તારા જેવા મોટા દરજ્જાના પાદશાહે મને લેવા આવવુ ઘટતુ હતું નહી. [1] ઈરાનીઓ વચે હુ તો એક કમીનો બદો છું અને પાદશાહના નોકરોમાનો એક છું” [1] તે જેહાનના પાદશાહે તારીફ કીધી કે, “તારી તલવાર સાથે તારો આસમાન પણ દોસ્ત રેહેજો. [1] તારા જેવા શખ્સને જમાનો યાદ કરતો રેહેશે. તુ હમેશાં જીવતો રેહેજે અને તારીથી હમારા જીવ ખુશાલ થજો.” [1] પછી લશકરના સરદારો રૂસતમ આગળ ઘોડા

---

૧. એ બેત લખેલી નકલમા વધારે છે.

ઉપરથી નિચે ઉતરી પડયા જ્યારે શેહેનશાહ પોતે ઘોડા ઉપરજ બેઠેલો રહયો. પાદશાહે નામદારોના સરદાર તાજબક્ષ રૂસતમને પાછું રખશ ઉપર બેસવા ફરમાવ્યાથી તેહેમતન એક પાહાડ માફક રખશ ઉપર ચઢી બેઠો અને ત્યાંથી તેની સાથે રવાના થયો અને તમામ લશકર પણ ત્યાંથી તેની પુઠે રવાના થયુ

તેઓ નેકખાહી કરતા અને ખુલ્લાં દિલે પાદશાહના મેહેલમાં આવી લાગ્યા. ત્યાં તેણે તે ઘોડાઓ ઇરાનીઓ વચે વેહેંચી આપ્યા પણ પોતાના બેસવાના ઘોડા તરીકે તો તેણે રખશનેજ રાખ્યો તે હાથીઓ કે જેઓ આગળ સિંહોથી પણ જવાતુ હતુ નહી તેઓને પાદશાહી હાથીખાનામાં મોકલી આપ્યા. એક અઠવાડયું સુધી તે મેહેલને સંગારેલો રાખ્યો અને ત્યાં દારૂ, વાજીત્ર અને રામશગરોને હાજર કરવામાં આવી. રૂસતમે દારૂ પીતા પીતાં પાદશાહ આગળ તે અકવાન દેવનીવાત વિસ્તારીને કહી કે, "આવુ ખુબીવાલુ તથા આવી ગરદન, ડોક, રંગ અને સંગારવાલુ ગોરખર મે જોયુ હતું નહી પણ જ્યારે મે તેના શરીર ઉપરનું ચામડુ તલવારથી ચિરી કાઢયુ ત્યારે તેના ઉપર તેના દુશમનો કે દોસ્તો પણ દયા કરતે નહી. તે એક સાપ માફક તે ચામડામાંથી બાહાર આવ્યો જો (મારે બદલે) કોઈ બીજો શખ્સ હતે તો તે તેની માફ માગી પડતે તે સાંપનુ માથુ એક હાથીનાં માથા જેવડુ મોટુ હતુ તેના બાલ લાંબા અને મોઢુ દુકર જેવુ દાતોથી ભરેલુ હતુ તેની બે આંખો સફેદ અને હોટો કાલા હતા કોઇથી તેના શરીર તરફ જોવાઇ શકાતે નહી. આવુ જોર અને શરીર ઉંટ પણ ધરાવતુ હશે નહી તેના લોહીથી ત્યાનુ મેદાન લોહીના દરીઆ જેવુ બન્યું. મે તેના શરીર ઉપરથી તેનુ ડોકુ ખંજર વડે કાપી કાઢયું, જેથી તેનુ લોહી હવામાં ઉડવા લાગ્યુ" કએખસરૂ તેની એ વાત સમજીને અજબ થયો અને તેણે દારૂની જામ મુકી દેઇને જે સાહેબે આવો પેહેલવાન પેદા કીધો હતો તેની તેણે તારીફ કીધી જેહાનમાં એવી અજબ વાત કોઇએ પણ સમજી હશે નહી અને રૂસતમ જેવો મારદાનગીવાલો, ઉંચા કદનો અને દેખાવલો કોઈપણ બીજો શખ્સ થયો હશે નહી

તે પાદશાહ બોલ્યો કે, "આસમાનના પેદા કરનારે મને ઇનશાફ અને મોહોબતનો આવો હીસ્સો બક્ષયો હતે નહી તો હુ કમીનો શખ્સ આ જેહાનમાં રહયો પણ હતે નહી તેનાથી તો હુ દર પળે હાથીઓ અને સિંહ જેવાઓના શેકાર કરી શકુ છુ." એ પ્રમાણે તેઓ બે અઠવાડયા સુધી ખુશાલી સાથે રહયા અને ખુશાલી સાથે દારૂ પીતા એકમેકની યાદ લેવા લાગ્યા ત્રીજે અઠવાડયે તેહેમતને એવો ઠેડાવ કીધો કે, તે ફતેહમંદી અને ખુશાલી સાથે પોતાને મઠક પાછો ફરે તેથી તેણે પાદશાહને કહયુ કે, "મારી ઇચ્છા સામના

બેટા જાલને મલવાની થઈ છે અને તેથી હુ તે ખાહેશને છુપાવી શકતો નથી. હુ ત્યાં જઇને આ દરબારમા જલદી પાછો ફરશ અને પછી બીજા ફીનાની તૈયારી કરીશ સીયાવક્ષનો ફીનો કાઇ આ ઘોડાઓ અને ગોસ્પદો ઉપર લેવો ઘટતો નથી" આથી જેહાનના પાદશાહે ખજાનાના બારણા ખોલ્લા કીધા અને ત્યા જે મોટી કીમતનુ જવેહરાત છુપાવી રાખ્યુ હતુ તે લાવીને તે ખજાનામાથી એક જામ ભરી કાઢી, તથા તે સાથે પાંચ સુનેરી વણતના પાદશાહી પોશાકો, સુનેરી કમરબંદવાલા રૂમી ગોલામો, સુનેરી સાકલી સાથની ગોલામડીઓ, ગલીચાઓ, હાથીદાતના તખતો, રેશમી તાકાઓ પૈસા, ફીરોજાના તાજ વિગેરે તે પાદશાહે રૂસતમ માટે મોકલી આપ્યું અને કેહેવાડયું કે, "આ હદીઓ પણ તુ તારી સાથે લેઈ જા ફકટ આજનોજ દાહાડો તુ હમારી સાથે રેહેજે અને પછી તુ જવાનો વિચાર કરજે" આથી તે સઘલાઓએ સાથે બેસીને દારૂ પીધો અને બામદાદ સુધી તેણે ત્યાથી જવાનો વિચાર પણ કીધો નહી પાદશાહ તેને બે ફરસગ સુધી દૂર માર્ગમાં મુકવાને ગયો અને પછી ત્યાથી તેને વિદાય કરવાને માટે તેણે તેની સાથે બગલગીરી કીધી. જ્યારે તે પાદશાહ રૂસતમ સાથે માર્ગમા પુરતી રીતે ભેટી રહયો ત્યારે તે ત્યાથી પાછો ફર્યો. ત્યાર પછી તે પાદશાહ તરફની મોહોબતથી તમામ જેહાન સીધી ચાલવા લાગી અને તે જેમ ઇચ્છતો તેમ તે જેહાન વર્તવા લાગી. એજ પ્રમાણે બુઢુ આસમાન ફરતુ રહે છે. ઘડીકમા તે કમાન માફક વળેલુ રહે છે તો ઘડીકમાં તે તીર જેવુ સીધુ બને છે હવે નામદાર પેહેલવાન રૂસતમ અને અકવાનની વાતનુ સેવટ આવ્યુ છે પાક પરવરદેગાર કે જે ખાકને પણ બોલતી અને જોતી કરે છે તેની હું સેતાયશ કરૂ છુ. તે સાહેબ નરસિહ જેવાઓને કીડીથી શીક્ષા પુગાડે છે અને જોરાવર હાથી ઉપર મચ્છરને બ ધુરી બક્ષે છે. હવે પછી બેજન કે જેને રાણીદુકકરો સાથે લડાઈ કરવા જવુ પડે છે તેનુ બ્યાન આવે છે. બેજનની લડાઇ કેવી હતી તે વિષે હુ હવે કેહેવશ, અને તે લડાઇથી પણ તુને રડવું આવ્યા વગર રહેશે નહી

બેજને રાણીદુક્કરો સાથે લડાઇ કીધી તે વિષે.

એક રાતે એવુ અધારૂ હતુ કે જાણે રાતે પોતાનું મોઢું દામરથીજ ધોયું હતું, તે વખતે આસમાન ઉપર મગલ, બુધ કે સની સેતારાઓ પણ દેખાતા હતા નહી. ચદ્રએ પણ બીજીજ રીતનો સગાર સજેલો હતો અને તે પોતાને મુકામે જવાની તૈયારોમાં પડયો હતો. તે ચદ્ર આ થોડો વખત થોભવાની દુન્યાથી કાયર થયો હતો અને તેથી તે કંમરમાંથી પટલો અને દિલે તવાયલો બન્યો હતો,

તેના તાજનો પોણો ભાગ કાલો મારી ગયો હતો; જેથી હવા જાંખી બની હતી. તે કાલી રાતના લશકરથી ખેતરોમાં અને મેદાનોમા કાગડાની પાંખ જેવો કાલો ગાલીચો બીછાયો હોય તેમ લાગતુ હતુ આસમાન પોલાદ માફક કીટાયલુ બન્યું હતું તું કહેશે કે જાણે આસમાનનો ચેહેરો દામરથીજ લપેટાયો હતો. આવી રાતે પ્રકટ હારેમનનીજ આંખો વડે સઘલે જોવાઈ શકાય. જાણે કાલા સાંપેજ પોતાનુ મુખ ઉઘાડું મુકયુ હતું. બાગો અને નદીકાંઠાનો દેખાવ જાણે દામરના દરીઆના મોજા ઉછલતા હોય તેવો થઇ રહયો હતો ફરતું આસમાન પણ જાણે હેભત ખાઇને થભ થઈ ગયુ હતુ અને જાણે સુરજના હાથ પગો સુસ્ત બન્યા હતા. તુ કહેશે કે દામરના રગની ચાદર હેઠલ જાણે જમીન ઉઘમાં પડી છે. જેહાનનું પોતાનુ દિલ પણ ધાસ્તી ખાધેલુ બન્યુ હતુ વખ-તના ચોકીબાને ધાટ વજાડવો પણ બધ કીધો હતો. પક્ષીના અવાજ કે ચોપગાંની બરાડ કાંઈ સમજાતું હતું નહી જમાનાએ પણ જીભને સારૂ નરસુ બોલવાથી બધ કીધી હતી નિચે કે ઉપર કાંઈ દેખાંતુ હતુ નહી. મારૂ દિલ વખતની આવી લાંબી ઢીલથી દલગીર બન્યાથી હુ આવી દલગીરી વચેથી ચોકી ઉઠયો. મારાજ ઘરમાં મારો એક મેહેરબાન હતો તેની પામે મે હાંક મારીને દીવો મગાવ્યો. આથી તે મારી મહેરબાન પુટલી (ઓરત) એ બાગમા આવીને મને પુછયું કે "તું શા માટે દીવો માંગે છે? શુ તુને આવી અધારી રાતે પણ ઉઘ આવતી નથી?" મે તેને જવાબ દિધો કે, "ઓ પુટલી! હુ ઉઘનસી માણસ નથી. માટે તુ સુરજ જેવો દીપતો એક દીવો લેઇ આવી મારી આગળ મુકીને ખુશાલીની મીજલશની તૈયારી કર અને હાથમા વાજીત્ર અને દારૂજ પકડવો સરૂ કર" આથી તે મારી મેહરબાન પુટલી બાગમાંથી પાછી ગઇ અને પ્રકાસ્તી બતી અને દીવા લેતી આવી. તેણી દારૂ, સપ-રચદ, સંતરા વિગેરે બીજી ભેટો તથા એક જડાવદાર પાદશાહી જામ લેતી આવી. ઘડીકમા તેણી દારૂ પીતી તો ઘડીકમા વાજીત્ર વજાડતી. તું કેહેશે કે જાણે ત્યાં હારૂત[૧] જાદુ કરતો હતો. આથી મારૂ દિલ

૧ મુશલમાન ગ્રથકારોના લખાન મુજબ "હારૂત" અને "મારૂત" નામના બે ફરેશતાઓ હતા જેઓએ માણસ જાતને ખોદાના તખત આગળ શખત ઠપકો આપ્યાથી ખોદાએ તેઓને, માણસજાત જેજે લાલચોને સરન થાય છે તેના અનુભવ મેલવવાને, માણસના આકારમા નિચલી દુન્યામા મોકલ્યા હતા ત્યા તેઓ પણ એ લાલચો સામે ટકી શકયા હતા નહી. તેઓ આ દુન્યામા ઓરતોના લલચાવ્યાથી તમામ બદફેલીમા પડયા. જેથી ખોદાએ તેઓને બબીલોનના એક કુવામા ઉંધે મસતક લટકાવી મુકયા હતા, જ્યાં તેઓ કયામત સુધી દુખ ખમતા પડી રહેશે.

ફતેહથી તમામ કામ ઉપર લાગવા માંડયું અને અંધારી રાત જાણે રોશન દિવસમાં ફેરવાઈ ગઇ મારો મેહેરબાન દોસ્ત જે કાંઇ મને કેહેતો તે હુ સમજયા કરતો એમ હમે દારૂની જામ સાથે રોકાઇ ગયા. તે સુરજ જેવા ચેહેરાના ચદ્રએ મને કહયુ કે "ઉચુ આસમાન તારા જીવથી ખુશ રેહેજો. તુ દારૂની જામ ભરતો રહે તેટલામા હુ આ દફતરમાથી જુના વખતની એક કાહાની વાંચી સમજાવસ તારા કાનથી જયારે તુ મારૂ કેહેવુ સમજશે ત્યારે-આસમાનના કામોથી તુ અજબ બનશે એ વાત મોહબત અને ફડ ફરેબથી ભરેલી છે અને તે સઘલી અકકલવત માણસને લગતી વાત છે." મેં તે સરોવર જેવીને જવાબ દિધો કે, "ઓ ચદ્ર જેવા ચેહેરાની ઓરત! આજ રાતે તું મને એ વાત કહી સમજાવ" તેથી તેણીએ મને કહયું કે "તુ એ પેહલવી દફતરની વાત મારીથી સમજીને તે કવિતામા જોડજે" મે તેને જવાબ દિધો કે, "ઓ ચદ્ર જેવી ખુબસુરત ઓરત! તુ તે લાવ અને મારી આગળ વાંચીને મેહેરબાનીનો વધારો કર જેથી મારૂ વિખેરાયલુ મન રાહાત પામે અને એ અધારી રાતે મને નીરાંતે ઉઘ આવે ઓ મારા સગાર પામેલા મેહેરબાન દોસ્ત! મારી તબીયત તારાથી સુધરી જશે હું તારાથી જે કાંઇ એક પછી એક બાબ સમજશ તે સઘલો હેવાલ કવિતામા જોડશ. ઓ ભલા વિચારની મેહેરબાન ઓરત! હું એ વાત બીજાઓ આગળ કરશ અને તે માટે પરવરદેગારના શુકરાના કરશ." આથી તે મેહેરબાન ખુબસુરત ઓરને જુના વખતની લખાયલી એક ચોપડીમાંથી આ દાસ્તાન વાંચ્યુ. હવે તુ આ મારી કવિતારૂપી વાત ઉપર તારૂ ધ્યાન આપ અને તેમાની શિખામણ તુ ધ્યાનમા રાખીને હુશીયાર દિલનો બનજે

જયારે કએખસરૂ (તુરાન ઉપર) કીનો લેલાને આવ્યો, ત્યારે જેહાને બીજી રીતનો સંગાર ધર્યો હતો. પેલું તુરાન જમીનનુ તખત અને તાજ ગુમ થયુ હતું અને ઇરાની પાદશાહનું તખ્રત સુરજ સુધી પુગ્યું હતું આસમાન ઈરાન દેશનુ મદદગાર બન્યુ હતુ અને તેણે નિરદોશોની ઉપરજ પોતાની મોહોબત પાઠરી હતી જમાનો જેવો આગળ હતો તેવોજ બન્યો હતો અને ખસરૂનો ચેહેરો વફાદારીના પાણીથી ધોવાયો હતો. જે નદીમાનુ પાણી એકી વખતે જતુ રહયું હોય ત્યા અક્કલમદ માણસે પોતાની સુવાની જગ્યા કરવી ઘટતી નથી. જેહાનનો બે તૃત્યાશ ભાગ કએખસરૂ સાથે એકમત બન્યો હતો કે હવે સીયાવક્ષનો કીનો પાછો લેવોજ જોઇએ.

એક દિવસે તે પાદશાહ દારૂ પીતો બેઠો હતો અને તેના લશકરના પેહેલવાનોની તે સલામતી ચાહતો હતો. તેનું તખત કસબી કપડાંથી સંગારેલું

હતું અને તેણે માથાં ઉપર હીરાજડીત તોપી પેહેરી હતી. તેના હાથમાં દારૂથી ભરેલી એક યાકુતની જામ હતી. તેનુ દિલ અને તેના કાન વાજીત્ર સમજવા ઉપર રોકાયલા હતા તેની સાથે તેના બુજોર્ગો જેવાકે કાઉસનો બેટો ફરીબરૂજ, ગસતહમ, ગોદરેજ, કેશવાદ, ફરહાદ, ગેવ, મીલાદનો બેટો ગુરગીન અને પેહેલવાન શાપુર, તથા પાદશાહ નોજરના ખાનદાનનો લશકરને તોડનાર તુસ તથા ખરરાદ અને લડાઇનો જીતનાર બેજન વિગેરે પાદશાહના વફાદાર પેહેલવાનો હાથમાં પાદશાહી દારૂ ધરીને ખુશાલી પાળતા બેઠા હતા ત્યાંના શીશામાંનો શરાબ યમનનાં અકીક જેવો લાગતો હતો, અને તેની નજદીકમાં નસતરૂન [1] ફુલનો તોરો મુકેલો હતો પરી જેવા ચેહેરાવાલી ઓરતો ખસરૂ આગળ ખીદમતમા ઉભી હતી તેઓના માથા ઉપરના બાલના જુલફા ચંપેલી અને કસતુરીનો પમરાત આપતાં હતા. તે મીજલસની તમામ જગ્યા રંગ બેરંગી તથા સગારેલી હતી અને તમામ દરબારના લોકોએ તે સરદાર હજુર ખીદમતગારીની કમર બાંધી હતી

તેટલામા પરદા પાછલથી એક નોકર બાહાર આવ્યો અને તેના સરદાર આગળ હુશીયારીથી જઇ ઉભો તેના હાથમા જાત જાતના મેવાઓ સાથની એક ઠાલ હતી જે તે પાદશાહને નજર કરવા માગતો હતો [2] તે બોલ્યો કે, "કેટલાક અરમાનીઓ તથા ઇરાન અને તુરાનની સરહદના લોકો જેઓ આ દરબારમાં દૂર વેરથી ઇનશાફ ચાહાતા આવ્યા છે તેઓ પાદશાહ આગળ જવા માંગે છે" તે ખીદમતગારોના વડાએ એમ સમજતાંજ ભપકાથી ચાલીને પાદશાહના તખત આગળ જઇ તેઓથી જે કાંઈ સમજ્યું હતું તે પાદશાહને કહયું અને તેનો હોકમ માગ્યો પછી જેમ ઘટતુ હતુ તેમ તેણે તેઓને ત્યાં હાજર કીધા તેઓ સઘલા રડતા, પોકારતા અને ફર્યાદ કરતા આવ્યા અને અદબઆલી તથા માથુ નમાવીને તેની આગળ રૂડન કરતા ઉભા અને બોલ્યા કે, "ઓ ફતેહમંદ પાદશાહ! તુ જાવેદાન સુધી જીવ્વુ કરજે. જાવેદાન જીવવું તુને ઘટારત છે હમો ઇનશાફ માગવાને તુરાનની પેલી બાજુએથી ઇરાનની આ બાજુએ દૂરના શહેરથી આવ્યા છીએ તે જગ્યાને તુ આરમીનીઆને નામે ઓલખ હમો તુ ખસરૂ આગળ અરમાનીઓ તરફનોજ પેગામ લાવ્યા છીએ. તુ ખુશાલી સાથે અને રોશન રવાન સાથે જાવેદાન જીવવુ કરજે તારો હાથ દરેક દેશના બુરાઓ ઉપર પુગતો રેહેજો. તમામ હફતેકેશ્વરનો તુ પાદશાહ હોવાથી દરેક રાજાના સંકટમા તું મદદ કરનારો છે તુરાનની સરહદ અમારા

---

૧ નસતરૂન ફુલને ઇંગ્રેજીમા Narcissus ને નામે ઓલખે છે.

૨ એ બેત લખેલી નકલમા વધારે છે.

મુલક તરફથીજ પસાર થતી હોવાથી હમારી ઉપર તેઓથી પણ એકવગી આફત ગુજરે છે. ત્યાંના ઇરાનને લગતા મુલક તરફ એક જંગલ આવેલું છે જે હમારૂં ચિત્ત રોકેલુ રાખે છે તેમાં કેટલીક જાતના ખેતરો છે જેના ઝાડ તરેહ તરેહના મેવાના ફલો આપે છે. હમારૂ અને હમારાં કુટુંબનું પોશન તે ઉપરજ થાય છે માટે ઓ ઇરાનના પાદશાહ! તુ હમોને ઇનશાફ આપ, કારણ કે ત્યાં હાલે હજારો રાણીદુકકરો ઉતરી પડયાં છે તેઓએ તે જંગલ અને ખેતરોનો કબજો લિધો છે. તેઓના દાત હાથી જેવા છે અને તેઓ પાહાડ જેવા શરીર ધરાવે છે અરમાની રૈયત તેઓથી કાયર થઇ રહી છે તેઓથી શુ ઢોરોને કે ખેતરોને નુકસાન પુગે છે હમોએ જે ઝાડા ઉગાડયા હતા તે સઘળાને તેઓ દાતોથી ભાજીને ટુકડા કરી મજાહ મેલવે છે તેઓનાં દાતની બરોબરી સખત પથર પણ કરી શકતો નથી માટે હમારૂ નસીબ તેઓથી ઉંધુ વલ્યુ છે."

જયારે તેણે તે ફર્યાદ કરનારાઓનુ કહેવુ સમજ્યુ ત્યારે તે પાદશાહનુ દિલ દરદથી દુખી બન્યુ ખસરૂએ તેઓને દુખ છતાં માનથી નવાજ્યા અને પછી પોકાર મારીને બાહુર પેહેલવાનોને પુછવા લાગ્યો કે, "મારી અંજુમન પચે આ મારા નામદારો અને પેહેલવાનોમાથી કોણ નામદારી મેલવવા માગે છે? અત્રેથી જે કોઈ તે દુક્કરોથી ખવાઇ જતા જંગલ તરફ નામદરી મેલવવા અને લડાઇ કરવા જશે અને તે દુક્કરોના ડોકાઓને તલવારથી કાપશે તેને હું ખજાનાથી અને જવેરાતથી નવાજવાને ચુકશ નહી" પછી પાદશાહે પોતાના ખજાનચીનને ફરમાવ્યું કે, "જાત જાતના જવેહરાતથી ભરેલો એક સુનેરી ખુમચો તેના તખત આગળ લાવી હાજર કરે. તથા સુનેરી લગામ સાથના દસ ઘોડાઓ કે જેના ઉપર પાદશાહ કાઉસના નામ દામેલાં હોય તેઓને પણ રેશમી જુલથી સગારી લાવી હાજર કરે." પછી તેણે તે નામદારોની એક સભા બોલાવીને ત્યાં તે જમીનના પાદશાહે એ પ્રમાણે કહયુ કે, "ઓ તારીફને લાયકના નામદારો! એવો કોણ છે જે મારૂ દુખ તે પોતાનુ દુઃખ ગણી લે? અને પછી મારા ખજાનાને તે પોતાનો ખજાનો બનાવે?" પણ મુબારક તોખમના બેજન સિવાય તે અંજુમનમાથી બીજા કોઇએ જવાબ દિધો નહી. બેજને પેહેલવાનો વચેથી આગળ વધીને જેમ ખોદાની તારીફ કરે તેમ તે પાદશાહ ઉપર દુવા કીધી કે "તારા હોકમથી એ કામ કરવાને હુ બાહાર પડું છું કારણ કે તારેજ માટે હું મારૂ શરીર અને મારો જીવ ધરાઉ છુ." જયારે બેજન એ પ્રમાણે બોલ્યો ત્યારે બીજી બાજુએથી ગેવ એ કામ તેને મુશકેલ જણાયાથી તેના ઉપર ડોલા ગુરકવા લાગ્યો. તેથી તેણે પેહેલાં પાદશાહની

તારીફ કરીને પછી બેજનને તેનો રસ્તો દેખાડવા માંડયો. તેણે પોતાના ફરજંદને કહયુ કે, "એ જવાન! તુ તારાં બલ ઉપર કેમ એટલો મુસતાક રહે છે? જો એક જવાન ઉચ્ચુ તોખમ ધરાવવા સાથે દાનાવ પણ હોય તોએ તે અનુભવ મેલવ્યા વગર હુનર શિખી શકતો નથી તેણે ભલા અને બુરા લોકોને કસી જોવા જોઇએ અને દરેક રીતનો કદવાશ અને મીઠાશ ચાખવો જોઇએ. જે માર્ગે તું કદીપણ ગયો નહી હોય તે માર્ગ તુ જવા ના ચાહ અને પાદશાહની હજુરમાં વગર ફોકટની આબરૂ ના ગુમાવ

બેજન જવાન હતો અને તે હુશીયારીવાલું નસીબ ધરાવતો હોવાથી તેને બાપના એમ બોલવાથી સખત રીસ ચઢી તેણે તેને જવાબ દિધો કે, "એ ફતેહમદ બાપ! તુ તારી સુસ્તીને લિધે મારે માટે આવો શક લેઇ જા ના હુ લશકરના તોડનારા ગેવનોજ બેટો બેજન છું અને તેથી હુજ તે દુક્કરોના ડોકાંઓને શરીરથી જુદા કરી શકશ માટે તુ મારૂં એ કેહેવુ કબુલ કર, કારણકે હુ વર્તણુકમાં જવાન તેમ વિચારમા દાનાવ છુ" બેજનના એમ બોલવાથી પાદશાહે ખુશી થઇને તેની તારીફ કરી તેને (જવાનો) હોકમ આપ્યો. ખસરૂએ તેને કહયુ કે, "એ હુનરવાલા શખ્સ! તમામ બુરાઇ સામે તુ એક ઢાલ જેવો છે જે કોઇનો તારા જેવો નોકર હોય અને તે દુશમનથી ડરે તો તે હલકા મગજનો ગણાય." પછી તેણે તુરતજ મીલાદના બેટા ગુરગીનને કહયુ કે "બેજન તુરાનનો રસ્તો જાણતો નથી, તેથી તેના અસબાબ અને ઉટો સાથે તુ પણ જા અને તેનો ભોમ્યો બની તેને મદદ થા." આથી બેજને મુસાફરીની તેયારી કીધી અને કમર બાધીને માથે તોપી પેહેરી. બેજને મીલાદના બેટા ગુરગીનને સાથી તરીકે સાથે લિધો. ત્યાર પછી તે લાબી મુશાફરીએ જવાને તથા શેકાર કરવાને પાદશાહની દરબારમાંથી શેકારી કુતરાઓ અને લશકરીઓ સાથે લેઇને નિકળ્યો અને સીહ માફક ફીન ઉદારતો તથા હરનો અને ગોરખરોના ડોકા શરીરથી જુદાં કરતો માર્ગમાં આગળ વધવા લાગ્યો. શેકારી કુતરાઓના પંજાથી તમામ જંગલ તેજીવાલુ બન્યુ અને તેઓ શેકારની છાતી અને તેમના જીગરનો ગમ ચીરી કાઢવા લાગ્યા તમામ ગોરખરોની ગરદન તેની કમદના ફાંસામાં આવવા લાગી જાણે બેજન દેવોને બાંધનાર તેહેમુરસ બન્યો હતો શકરાઓ તીતરોને પંજામાં ધરી હવામાથી ચંપેલીના ફુલો ઉપર લોહીનો વરસાદ વરસતો કરવા લાગ્યા એ રીતે જાણે તેઓ તમામ રસ્તાને બાગ ધારી લેતા આગળ રસ્તો કાપવા લાગ્યા

એમ કરતાં તેઓ પેલા જંગલ કે જે માટે પાદશાહ ઘણો ચિંતાતુર બન્યો હતો તેની આગળ આવી લાગ્યા. તે બાહાદુર શખ્સના તે જમીન ઉપર

આવી લાગતાંજ તેનું દિલ લડાઇના વખત માફક જોશભર્યું બન્યું. જ્યારે એજને તે જંગલ ઉપર નજર કીધી ત્યારે તેનું દિલ ગુસ્સાથી ઉકલવા લાગ્યું. તે દુકકરો એમ જાણુતા હતાં નહી કે તેમનો શેકાર કરવા માટેજ એજને ઘોડા ઉપર જીન બાંધ્યુ હતુ જંગલની ઘણો નજદિક આવી લાગતાંજ તેણે દરેક બાજુએથી દુક્કરો સાથે લડવાને છેડની સોધવા માંડી. તેણે મીલાદના બેટા ગુરગીનને કહયુ કે, "તુ અદર આવ, નહી તો કે એ જગ્યા મોકલી કરી બાજુએ ઉભો રહે. જેવો હું દુકકરો સાથે તીરથી લડાઇ કરૂં તેવોજ તું પેલાં નજદીકના નાળા આગળ જજે અને મેદાનમાંથી પોકારો સાંભળતાંજ ગુરજ ઉઠાવી તારી હુશીયારીમા રેહેજે અને જે કોઇ દુક્કર મારા હાથમાંથી છટકીને તારી તરફ આવે તેના માથાંને ગુરજના એકજ જખમથી જુદી નાખજે." ત્યારે પેહેલવાન ગુરગીને એજનને જવાબ દિધો કે, "મને જવાન પાદશાહ ખશરૂ સાથે એવો કોલકરાર થયો નથી, માટે તારે મારી પાસેથી હાલે એવી મદદ માંગવી નહી. હુ તો ફકટ તુને માર્ગ દેખાડશ જવેહરાત અને સુનું રૂપું તો તે ઉઠાવી લેઇને એ લડાઈ કરવાને કમર બાંધી છે પાદશાહે મને તો તું રસ્તો ભુલે ત્યારે મદદ કરવાને ફકટ મોકલ્યો છે, ૧ માટે લડાઈ કરવાના કામમાં તુ મારી મદદ માંગતો ના હુ તો ફકટ તુને માર્ગ અને રસ્તોજ દેખાડશ. ૧" જ્યારે એજને તેની એવી વાત સમજી ત્યારે તે ચીરડાઇ ગયો અને તેનો ચેહરો જોઇ તેની આંખે અધારાં આવ્યા તે બાહુર શખ્સ કમાન ઉપર તીર ચઢાવેલો રાખીને એક સિંહ માફક ઝાડી વચે ગયો અને વસત રૂતુના વાદલ માફક ગરજના જેવો એક પોકાર કરીને (ઝાડી હીલવી) ઝાડના પાતરાંને વરસાદ માફક નિચે પડતા કીધાં તેણે લગામ ઘોડાને સોંપી દીધી અને કમાન મુકી દેઇ હાથમાં પાણી પાયલી તલવાર પકડીને એક દુકકરની પુઠે મસ્તાન હાથી માફક દોડયો. તે ભુંડો તેની સાથે લડવાને હુમલો લાવ્યાં અને દાંતોથી જમીનને ખોડવા માંડી જાણે તેઓ દાતોથી આતશજ પાડતાં હતાં તું કેહેશે કે જાણે તેઓ જેહાનને બાલી મુકવા માંગતા હતા જેમ પોલાદી કાનસથી પથરને ઘસે તેમ તેઓ પોતાના દાંતો ઝાડો સાથે ઘસવા લાગ્યાં. તેઓ ગોયા ત્યા લડાઇનો આતસ સલગાવવા લાગ્યાં. તેથી જાણે તે મેદાનમાંથી ધુમાડો નિકળયો. તેવામા એક ભુંડે હારેમનની માફક ધસી આવીને એજનના દિલ ઉપરનુ બખતર ફાડી કાઢયું. પણ એજને તેની છાટી વચે તલવાર ભોકી દીધાથી તેનું હાથી જેવું શરીર ચિરાઈ ગયું. તેથી તે ભુડો હવે કોહલાં જેવાં બીકણ બન્યા તે બાહુર શખ્સનું શરીર તેની તલવારથી રેડાતાં લોહીથી ખરડાવા લાગ્યાથી તેનું દિલ લડાઇ કરવાથી કંટાલવા

---

૧. એ બેત લખેલી નકલમાં વધારે છે.

માંડયું બાધુર બેજને તેઓના દાંત કાઢી પાદશાહ આગળ લેઇ જવા માટે તેમના ડોકાં કાપી કાઢી પોતાના ઘોડાના જીન સાથે બાંધી લિધા. તેઓના ડોકાં વગરના શરીરને પણ તેણે રસ્તામાં પડેલાં ન રાખતાં, આવા જોરાવર ભુડોનાં ડોકાં તેણે કેમ કાપ્યા તે હુનર પણ બેજન ઈરાની પેહેલવાનોને દેખાડવા માંગતો હોવાથી તેણે પહાડ જેવાં દરેક ભુડને ગાડાંમા નખાવ્યાં, જેઓનો ભાર ખેચતા બલદો પણ ઠાકી ગયા

ગુરગીનને બેજનની અદેખાઇ લાગ્યાથી તેણે તેને અફ્રાસીયાબની બેટી મનીઝેહના હાથમાં સપડાવ્યો તે વિષે.

તે બુરી મનશનીના ગુરગીનના હોશકોશ (બેજનના એ કામથી) ઉડી ગયા અને તેથી તે જંગલમાં એક બાજુએ ગુપચુપ ઉભો રહયો. તેની નજરે તે તમામ જંગલ કાલુ દેખાવા લાગ્યુ. તોપણ તેણે તેની તારીફ કીધી અને બાહેરથી પોતાની ખુશાલી જાહેર કીધી પણ પોતાના દિલથી તો તે કામને માટે તે દુખી બન્યો હવે તે ગુરગીન પોતે બદનામીને લિધે બીહવા લાગ્યો વળી તેના દિલને હારેમને ફેરવી નાખ્યાથી તેણે બેજનનું બુરૂ કરવા ધાર્યું. જે પ્રમાણે બેજનને નસીબે લખાયુ હતુ તેજ પ્રમાણેનો તેને વિચાર પણ આવ્યો. આથી ગુરગીને પરવરદેગારની યાદ કરવી પણ છોડી દિધી જે કોઈ બીજાને માટે માર્ગમા ઉડો ખાડો ખોદે તેને પોતાને માટેનીજ સભાળ રાખવી ઘટે છે ગુરગીને લોભને ખાતર અને નામદારી મેલવવાને ખાતર તે જવાનના માર્ગમાં બુરાઇની જાલ પાધરી. તેણે બેજનને કહયું કે, “ ઓ પેહેલવાન ! તારૂ દિલ લડાયક અને તારો જાન અકકલમદ છે. પરવરદેગારની મદદથી અને તારાં નસીબની ચઢતીથી તારાં આવાંજ કેટલાક કામો પણ પાર પડશે. હવે મારે જે કાંઈ કેહેવું છે તે હું તુને કહુછુ. હું અત્રે રૂસ્તમ અને ગેવ સાથે તથા ગસતહમ અને નોજરના બેટા તુસ સાથે તથા ગઝદહમ સાથે ઘણી વખત આવ્યો હતો હમોએ આ ઓહલા જગલમા તરેહ તરેહના હુનરો બતાવ્યા હતા અને તે બનાવને ઘણો લાંબો વખત વહી ગયો છે. તેથી હમારાં નામો ચઢતીએ પુગ્યા હતાં અને ખશરૂની નજરમાં હમો વાહાલા થઇ પડયા હતા અત્રે એક જશનગાહ છે જેકાંઈ ઘણુ દૂર નથી તેની એક બાજુએથી તુરાની ઉટોની વજારને જવાનો માર્ગ છે૧ તુરાન તરફ જવાને ફકટ બે દાહાડાના રસ્તા ઉપર તે આવેલું છે અને તે તમામ જગ્યા મોજમજાહ કરવાનેજ લાયકની છે. ૧ તું ત્યાં એક જંગલ આવેલુ જોશે

---

૧ એ બેત લખેલી નકલમાં વધારે છે.

જેમાં સઘળું લાલ અને પીળુજ દેખાય છે. સઘળી માણસોના દિલ તે જગ્યાથી ખુશ બને છે. ત્યાં તમામ ઝાડી, બાગો અને વહેતા ઝરાઓજ આવેલા છે. તે જગ્યા પેહેલવાનોને લાયકનીજ છે. ત્યાંની જમીન ગલીચા જેવી છે અને હવા કસ્તુરીનો પમરાત આપનારી છે. તું કેહેશે કે ત્યાંના ઝરાઓ ગોલાબ જલનાજ વહેછે, ચંપેલીના ઝાડની ડાંખલીઓ ફુલોના ભારથી વાંકી વળેલી રહે છે ત્યાં ફુલો જાણે મુરતી બને છે જ્યારે બુલબુલ તેમના પુજારીઓ બને છે તીતર પક્ષીઓ ફુલો આસપાસ ભપકામાં ફરે છે અને બુલબુલો સરોવરની ડાંખલીઓ ઉપરથી સરોદ ગાય છે. હવેથી અને હવે પછીના ઘણા દિવસો સુધી તે તરફનો નદી કીનારો બેહેસ્ત જેવો બનશે. ત્યાંના તમામ જંગલ અને પહાડ ઉપર દરેક બાજુએ તુ પરી જેવા ચેહેરાની ઓરતોને ખુશાલી સાથે ટોલાં બનીને બેઠેલી જોશે અફ્રાસીયાબની બેટી મનીઝેહ તો ત્યાંના બાગને સુરજ માફક જલેહદાર બનાવે છે જેમ તારાઓ ચંપેલીના ફુલ ઉપર નજર ફેંકે તેમ તે ચાંદરૂપી ઓરતો તેણીની ઉપર તારીફ સાથની નજર ફેંકેછે મનીઝેહ પોતાની સો દાસીઓ જે સઘળી સુંદર છે તેઓની સાથે એજ વખતે આ જંગલમા છાવણી નાખીને પડે છે. તે સઘળી પરદેપોશ રેહેનારી તુરકી છોકરીઓ સરોવર જેવા કદની અને કસ્તુરી જેવા બાલવાલી છે તે સઘળીઓ ગોલાબી ગાલની, આરામ પમાડનારી આંખોની, દારૂ જેવા લાલ હોટની અને ગોલાબના સોડમ વાલી છે તુ તે તમામ જંગલને ચીનાઇ દેહેડાંઓની માફક સઘલા સરસામનથી સંગરાયલુ જોશે. જો તે જશનગાહ તરફ જવાને આપણે એક દાહાડાની મુશાફરી કરીશું, તો તેઓમાંની કેટલીક પરીસુરત ઓરતોને આપણે કેદ પકડીશું અને ખસરૂનું વાહાળ ખેંચીશુ."

ગુરગીને એ પ્રમાણેનું બ્યાન કીધાથી તે જવાન પેહેલવાન બેજનનું મન ઉશકેરાયુ. તેથી તેણે તુરતજ નામદારી મેલવવાને પગલું ભરયું પણ તે જવાન હોવાથી તેણે નાદાનીનુજ પગલું લિધુ. તે બંધે શખ્સો જેમાં એક લોભી પેશાનો અને બીજો કીનો લેનારો હતો તેઓ લાર્બા મુશાફરી કરવાને આગળ વધ્યા. લશકરની પનાહી કરનારા તે પેહેલવાનોએ બે જંગલ વચે આવેલા એક દાહાડાની મંજલ જેટલા રસ્તા ઉપર વિસામો લિધો તેઓએ શેકારી કુતરાઓ અને શકરાઓ સાથે શેકારવાલા અરમાની જંગળમાં શેકાર કરીને મોજ મેલવી. તેટલામાં મનીઝેહ પોતે પણ સરદારોની બેટીઓ સાથે તુરાની જંગલમાં મજાહ કરવાને આવી લાગી તેના જેવો દેખાવ, ઉચાઈ, ચેહેરો અને બાલ ધરાવનારી કોઈ ઓરત તુરાન જમીનમાં હતી નહી તેણી અફ્રાસીયાબની પ્યારી બેટી હોવાથી બેજનના દિલમા તેણીને માટે પ્યારનો આતસ સલગ્યો. તેણીની સાથે

ખતા શેહેરની ચાંદરૂપી દિલબરો તથા પરી જેવા ચેહેરાની ઓરતો પણ આવી હતી. તેઓ સાથે તમામ સુના અને રૂપાની ચાલીશ પાલખીઓ હતી તેમાં તે રૂપેરી છાતીવાલી અને લલચાવનારી નાજનીનો બેઠી હતી. તેણી પોતાની સાથે તે જગલમાં મોજમજાહનો પુશકલ સામન લાવેલી હોવાથી તે મોજ કરવાની જગ્યાએ મોજ કરતી બેઠી તેથી તે તમામ જગલ જાણે સુરજો અને ચદ્રઓથીજ ભરાઇ ગયું. જ્યારે તે કુમારીકાને આવી લાગ્યાની ખબર ગુરગીનને પડી અને તમામ જગલ મરઘાની આખ જેવુ ખુબસુરત બનેલુ જણાયુ ત્યારે તેણે પાછું બેજન આગળ ગેલુજ દાસ્તાન કરવા માંડયુ અને તેને તે જશનગાહની તથા ત્યાંની મોજમજાહની યાદ આપી. તેથી બેજને ગુરગીનને કહયુ કે, "હુ ત્યાં જવાને હવે ઉટાવલ કરીશ અને તુરાનીઓ કેવી તરેહની મજાહ કરેછે તે હું તેઓની મજાહ કરવાની જગ્યામાં જઇને દુરથી તપાસીશ પછી હું તુરતજ મારો ભાલો આસમાન તરફ ઉચો ઉડાવીને તે નાની ટોલકી વચે જવાને લગામ ફેરવશ જ્યારે તેઓને જોવાથી આપણા દિલ ચાલાક બનશે ત્યારે આપણે તુરતજ વધારે હુશીયારી ભર્યાં વિચારો ચલાવીશુ" ગુરગીને તેને કહયુ કે, "તુ જા અને ખુશી થા તુ હમેશા ગમથી નિરાલો રેહેજે" આથી તે જવાન સપેહસાલારે જાણે તે શેકાર કરવા માટેજ આવ્યો હોય એવુ ડોલ ઘાલીને ત્યાંથી જવાની તૈયારી કીધી તેણે ખજાનચીનને કહયું કે, "પેલી મારા બાપની તોપી કેજે તે ખુશાલીની મીજલસ વખતે પેહેરે છે અને જેનાથી તમામ બઝમગાહમાં જલકાટ મારી રહેછે તે, તથા કએખશરૂવાલી સાકલી અને કાનમાં પેહેરવાનુ લુલક તથા ગેવનો આપેલો હીરાજડીત હાર એ સઘલુ લેઇ આવ કારણકે હાલે હમુને પણ બઝમમાજ જવુ છે આથી તે ખજાનચીન તેના હોકમ મુજબ જે કાઇ સાંટેલુ હતુ તે સઘલુ બેજન આગળ લેઇ આવ્યો. બેજને એક પ્રકાશતો રૂમી દગલો પેહેર્યો અને તાજમા હોમા પક્ષીનુ પીછ ખોસ્યુ પછી ઘોડાની પીઠ ઉપર જીન બાધવામાં આવ્યુ ત્યારબાદ તેણે હીરાજડીત કમરબધ મગાવીને પછી ત્યાંથી જવાને ઘોડા ઉપર ચઢી બેગી જડપથી તે તરફ ચાલવા માંડયુ તે જગલ આગળ આવી લાગતાજ તેનુ દિલ તેની ઈચ્છા માટે વિચારવત બન્યુ તડકાથી બચવાને તે એક ઉચા સરોવર નીચે ગયો પણ તેના દિલમાં મોહબત પેદા થવાથી ત્યારબાદ ત્યાંથી તે ખુબસુરત ઓરતના તબુની વધારે આગળ આવ્યો. તમામ જગલમાં રગરાગના સરોડ ફેલાઇ રેહેવાથી તું કેહેશે કે જાણે ત્યાં તેના રવાનનેજ આવકાર મલતો હતો. તુરતજ તે ત્યાં ઘોડા ઉપરથી નિચે ઉતરીને એક બામબુની ઝાડીના ઓથામા ગયો. ત્યાં તેણે પોતાના ઘોડાને બાંધ્યો અને પછી તેઓને ચીમાઇને જોવા લાગ્યો. તે તમામ જંગલ,

ખુબસુરત ઓરતોના ચેહેરાથી વસંતના બાગ માફક સંગાર પાંમેલું હોવાથી તે પેહેલવાનની સબુરી અને હુશીયારી ગુમ થઇ ગઇ. તેણે પોતાના કાનો તેઓના સરોડ સમજવા ઉપર રોકેલા રાખ્યા. નામદાર બેજનને તે ચાલહાલ કરતો ચંદ્ર પોતાને હાથ કેમ કરવો તેના વિચાર આવવા લાગ્યા. તેટલામા માર્ગમાં ઉભેલા તે લશકરી પેહેલવાન ઉપર તે તખુમાની ખુબસુરત ઓરતની નજર પડી તેના ઉપર મનીઝેહની નજર પડતાંજ તે બેજન તેણીને એક ફાકડો શખ્સ જણાયો. તેનો ઘોડો ઝ ડ પાસે બાધેલો તેણીને દેખાયો. આ કામથી મનીઝેહ ઘણીજ અજબ બની. બેજનનો ચેહેરો દુરથી યમન શેહેરના માણેક માફક દિપી રહયો હતો તેણે જેહાન પેહેલવાનના જેની માથે ટોપી પેહેરી હતી અને તેનુ દિલ રૂમી રેશમી પોશાકથી સોભી રહયુ હતુ તખુમાંથી નજર કરતાંજ મનીઝેહે બેજનનું આવુ સરોવર જેવુ કદ અને ચેહેરો જોઇ લિધો [1] તેણી બેજનનો આવો ખુબસુરત ચેહેરો જોઇને છક થઇ તેથી તેના દિલે બેજન માટેનીજ મોહબત ધરી. મોહોબતની સોધમાં આવેલા તે શખ્સ ઉપર તેણીની તખુમાંજ મોહોબત ઉશકેરાયાથી તેણીએ એક દાસીને તેની આગળ બેપીઆની જડપે એવુ કહીને મોકલી કે, "પેલા ઉચા સરોવરના ઝાડના છાયદા હેઠેલ જઇને તે ચંદ્ર જેવા ચેહેરાનો શખ્સ કોણ છે તે તુ સોધી કાઢ ? શુ તે જીવતો થઈ આવેલો સીયાવક્ષ પોતેજ છે કે તે કોઈ પરી છે ? તે અત્રે શા માટે આવ્યો છે અને આ તખુ આગળ તેને કોણ લાવ્યુ છે તે તુ તેને પુછ તે કોઇ પરીજાદ છે કે સીયાવક્ષ પોતેજ છે ? તુ તારી મોહોબતથી મારા દિલને એ પ્રમાણે શામાટે વિંધી નાખેછે ? શુ તું આવી નિક્ષણ રીતે પ્યારનો આતશ સલગાવીને જેહાનમાં રસ્તાખેજ વરસાવવા માંગે છે ? દર વર્ષે વસંત રૂતુમા હુ આ જગલમા જશનો કરૂ છુ, પણ મે આ જશનની જગ્યામાં તારા જેવો કોઇ શખ્સ જોયો નથી ઓ ઉચાં સરોવર જેવા શખ્સ ! ફકટ મે તુનેજ અત્રે તેવા જોયો છે. ઓ ચદ્ર જેવા શખ્સ ! તારા જેવો બીજા કોઇને મે જોયો નથી માટે તારૂ નામ શુ છે ને તું કયાથી આવ્યો છે તે મને કેહ" તે દાસીએ બેજનની છેક નજદિક આવી લાગતાંજ નમન કરીને તેની તારીફ કીધી. પછી તેણીએ બેજનને મનીઝેહનો પેગામ પુગાડતાં કહયુ કે, "જો તું મારા મેહેમાન તરીકે આવ્યો હોય તો તારા ઉપર મારૂ પણ શરીર અને જીવ ફીદા છે" આથી બેજનના બે ગાલો ગોલાબ માફક ખીલી રહયા. પછી તે આપમટલબી બેજને તેણીને કહયુ કે, "ઓ માઠા શબ્દો સાથના પેગામની લાવનારી ! હું સીયાવક્ષ નથી કે કોઈ પરીજાદ પણ

---

1 એ બેત લખેલી નકલમા વધારે છે.

નથી. હું તો બાધુરોના વતણ ઈરાનથી આવ્યો છું. હું ઈરાન તરફથી લડનારા ગેવનો બેટો બેજન છું અને અત્રે ભુંડો સાથે લડવાને આવ્યો છું. મે તેઓને માર્ગમાં મારી નાખીને તેમના દાંત પાદશાહ આગળ લેઇ જવા માટે તેઓના ડોકાં પણ કાપી લિધાં છે. પણ તેટલાં મને આ બઝમગાહની ખબર મલતાજ મારૂ મુબારક નસીબ મને અફ્રાસીયાબની બેટીના દર્શણ કરાવે એવા હેતુથી હું ગોદરેજના બેટા ગેવ તરફ તુરત કુચ કરી ગયો નથી મેં આ જંગલને રાચરચીલાંથી ભરેલા ચીનના દેહેડાં માફક સંગાર પાંમેલું જોયું છે. તેથી જો તું મારી સારી સેવા બજાવશે અને મને પેલી ખુબસુરત ઓરત આગળ લેઇ જઇને મારી મોહબતમાં તેણીનુ દિલ મેલવી આપશે તો હુ તુને સુનાનું તાજ, કાનનુ લુલક અને કમરબંધ ભેટ આપશ "

બેજનના એમ કેહેતાંજ તે દાસી ત્યાંથી પાછી ફરી અને તે બેજનનો ચેહેરો કેવો ખુબસુરત છે, તેનું કદ કેવુ ઉચું છે, તેને પરવરદેગારે કેવો સુંદર ઘડેલો છે તે વિષેનો ભરમ મનીઝેહના કાનમાં તેણીએ પુગાડયો. તે દાસીએ મનીઝેહને એમ કેહેતાજ અને મનીઝેહે એ છુપો ભેદ જાણતાજ તે દાસીને કહયું કે, "તું ઘણી દાનાવ છે અને મારાં શરીર અને જીવ ઉપર સરદારી ભોગવનારી છે." પછી તુરતજ તેણીએ તેને જવાબ કેહેવાડયો કે, "તેં જે વિચાર કેહેવાડયા છે તે મારે હાથ પુગ્યા છે માટે તુ મારી આગળ ભપકાથી ચાલ્યો આવ અને મારા ગમગીન જીવને ખુશ બનાવ તુને જોવાથી મારી આંખ રોશન બનશે અને આ જગલ તથા મેદાન બાગ જેવુ બનશે." આથી તે કાસદ તેની રેહેનુમાઇ કરવાને ગયો અને બેજનના દિલ અને કાનને તેણીનો જવાબ કહી સમજાવ્યો તેથી બેજને તે વાત થવાની જગ્યાએ થોભી ન રેહેતા તે સરોવરના છાયડા હેઠેલથી આગળ વધવા માડયું અને ઉટાવલે અફ્રાસીયાબની બેટીના તબુ તરફ પગલાં ભર્યાં તે સુનેરી કંમરબંધથી બાધેલી કમર સાથે એક ઉચા સરોવર માફક તબુમા દાખલ થયો મનીઝેહે સામી આવી તેની સાથે બગલગીરી કીધી અને તેની કમરેથી કેઆની કમરબંધ છોડી નાંખ્યો. તેણીએ તેને મુસાફરીની અને લડાઇની ખબરો પુછી કે "તારી સાથે બીજુ કોણ, એ દુક્કરો સાથે લડવાને આવ્યુ છે? ઓ ખુબસુરત શખ્સ! તુ આવો ચેહેરો અને આવુ કદ ધરાવી દુક્કરોથી એમ કાંય દુખી થાયે?" પછી તેણીએ તેના પગને કસ્તુરી અને ગોલાબ જળથી ધોયા અને ત્યાર બાદ ખાવા માટેની ઉટાવલ કરવા માડી. ભાતભાતની ખાવાની વાણીઓ જે તેને માટેજ વધારાની કરવામા આવી હતી તે ત્યાં લાવી મુકવામાં આવી પછી ત્યાં ગાયનની બેઠક કરવામા આવી. ત્યારબાદ તે તંબુને પારકાઓથી ખાલી કરવામાં આવ્યો

અને ફકટ નોકરી કરનારી ઓરતોજ સીતાર અને ચંગ સાથે ખુશાલીના ગીત ગાતી ત્યાં ઉભી રહી. રેસમી કપડાં પાંઠરી ત્યાંની જમીનને મોરના રંગની બનાવી. તે જગ્યા ખીનખાબ અને દીનારોથી ચીત્તાના ચાંમડાં જેવી જણાવા લાગી. તમામ તંબુ કસ્તુરી અને અંમબરથી તથા પોખરાજ અને સુનાથી સંગારેલો હતો. ઘણા વર્ષનો જુનો શરાબ બીલોરી જામોમાં પીવાયાથી ગેવના બેટા બેજનના જોરમાં વધારો થયો તેઓ ત્રણ દિવસ અને રાત સાથે સુતાં, પણ તે મસ્ત ઉંઘે તેના ઉપર જુલમ ગુજાર્યો.

મનીઝેહ બેજનને પોતાના મેહેલમાં લેઇ ગઇ અને તે અફ્રાસીયાબનાં હાથમાં સપડાઇ ગયો તે વિષે.

જ્યારે ત્યાંથી મનીઝેહના જવાનો અને બેજનના દીદારથી મોહટાજ બનવાનો વખત નજદિક આવી લાગ્યો ત્યારે મનીઝેહ બેજન માટે દલગીર રેહેવા લાગી. તેણીએ દાસીઓને પોતાની આગળ (વિચાર કરવાને) બોલાવી અને એક દાસીએ તેણીના હોકમથી બીજા દારૂ સાથે બેસુધ કરનારો દારૂ ભેળવી તેને આપ્યો. તે પીતાજ તે છાકટ થઇને પડયો અને તેનુ માથું ભોય ઉપર ઝુમાઈ ગયુ પછી એક ઉચી બનાવતની પાદશાહી પાલખી કે જેના તમામ ફરકા રૂપાના અને હાથી દાંતના બનાવ્યા હતાં તેને ભરેલાં રેસમી કપડાંથી ઢાંકી તેમા પેહલવાન બેજનને સુવાડયો. ત્યાર બાદ તે સુટેલાને ત્યાંજ મુકી તેણીએ મુસાફરી માટે બીજી પાલખીઓ તૈયાર કરાવી અને પછી એક ઠેકાણે ઉતારો તો બીજે ઠેકાણે આસાયશ લેતા તેઓ આગળ વધ્યાં બેજનની સુવાની જગ્યામાં કપુર પાંઠર્યો અને સુખડના લાકડાં ઉપર ગોલાબ રેડી રાખ્યો. મનીઝેહ તેને પોતાની છાતી સાથે દાબેલો રાખતી. પણ તેથી તેણીએ એજ બેજનને લિધે પોતાના શરીર અને જીવને નુકસાંન પુગાડયુ [૧] જ્યારે તેઓ શેહેરનજદિક આવી લાગ્યાં ત્યારે તેણીએ તે ઉંઘાયલા બેજનને ચાદરમાં છુપાવી દિધો અને તેઓ રાતે છુપાછુપ મેહેલમાં દાખલ થયાં અને એ માટે પારકાંઓ આગળ જરાએ સંસારો થવા દિધા નહી તે મેહેલમાં તેને માટે સુવાની જગ્યા તૈયાર કીધા બાદ બેજનને હુશીયાર કરવાની ઉટાવલ કરવા માંડી તેને સુધ્ધીમાં લાવવા તેના કાનમાં હુશીયારી લાવવાની દવા રેડવામાં આવી બેજને જાગૃત થતાંજ અને સુધીમાં આવતાજ પોતાની ગોદમાં તે ગુલબદન દીલદારને દિઠી અફ્રાસીયાબના મેહેલમાંજ તે ચદ્રરૂપી ઓરત સાથે એક ટકીએ પોતાનું માથું ટેકવેલું તેણે જોયાથી બેજન પોતા ઉપર ચીરડાવા લાગ્યો અને હારેમ-

---

૧ એ બેત લખેલી નકલમાં વધારે છે.

નથી બચવાને યજદાંનનો આસરો સોધવા લાગ્યો. તે બોલ્યો કે, "ઓ મારા પરવરદેગાર! હવે મારો અત્રેથી છુટકો થવાનો નથી તોપણ ગુરગીન ઉપર તુ મારો કીનો લેજે અને મારૂં દુ:ખ અને મારા શ્રાપ તેને સમજાવજે. કારણ કે મને બુરાઈ પુગાડવાને તેણેજ મને આવો રસ્તો દેખાડયો હતો અને મારી સાથે તે હજારો મક્કર રમ્યો હતો. એ પ્રમાણે તેણે મારાં દિલને આડે રસ્તે દોરવીને હાલે મને વગર ફોકટનો ઉડાં ગારમાં નાખ્યો ૧ છે." પણ મનીઝેહે તેને કહયુ કે, "તું તારા દિલને ખુશ રાખ અને નહી બનેલા બનાવને તુ હવા સરખા ગણ મરદાનેમરદો ઉપર તરેહ તરેહના કામો આવી પડે છે. ઘડીકમા ખુશાલી તો ઘડીકમાં લડાઇની દોરધામ આવી પડે છે" પછી તેણીએ તેના હાથમાં દારૂની જામ ભરી આપીને એ પ્રમાણે કહયુ કે, "ઓ પાદશાહ કએ-ખસરૂના વફાદાર સિહ! તુ આ દારૂ પી જા અને ખુશાલીના વખતમાં જરાએ વિચાર કે ગમ ના કર. ગમ કીધાથી કાઇ તારૂ દુ:ખ વધવાનુ કે ઘટવાનું નથી. હજી સુધી તો તે કાઇ દુ:ખ જોયુ નથી તો તુ શા માટે દિલમા ગમ ધરે છે? જો પાદશાહ અફરાસીઆબને તારાં કામની ખબર પડશે તો હુ મારા મીઠા જીવને પણ તારા બચાવ માટે ઢાલ તરીકે વાપડશ ત્યાર બાદ તેઓ ખાવાપી-વાની જગ્યાએ ગયાં અને પેલા તંબુઓમાની ગોલાબ જેવા ચેહેરાની દરેક ઓરતને ચીનાઇ લેબાશ સજીને ત્યાં આવવાને ફરમાવ્યુ. આથી તે પરીચેહેર ઓરતોએ ગાવા માટે વાજીંત્રો ઉડાવ્યા અને રાત અને દિસ તેઓ એ રીતે ખુશાલીમા ગુજારવા લાગ્યા

જયારે એ બાબદને એક લાંબો વખત વહી ગયો ત્યારે એ બાએની ખબર ત્યાંના દરબાનને પડી. તેણે છુપાછુપ તમામ ભેદો સોધી કાઢયા અને સરૂવાતથી બનેલુ કામ જડપથી જોઇ કાઢયુ. જે કોઇ મુરખાઇથી વાતો કરે તે પોતા ઉપર બલાના ઝાડને તોડી પાડે છે આથી તે દરબાને તે કોણ છે, તેનું સેહેર કયું છે, અને તેની એ પ્રમાણે તુરાનમાં આવવાની મટલબ શુ છે તે સોધી કાઢયુ. એ જાણ્યા પછી તેને તેના જીવની ધાસ્તી લાગવા માંડયાથી તે પોતાનો ઉપાય કરવાની ઉટાવલમાં પડયો. અફરાસીયાબને એ ખબર આપવા સિવાય બીજો કાંઈ ઉપાય તેણે નહી જોયાથી તેણે ત્યાંથી જડપથી પગ ઉચકયા અને તુરાની પાદશાહ આગળ જઈને કહયું કે, "તારી બેટીએ ઇરાનથી પોતાનો વર સોધી કાડયો છે." તે પાદશાહનુ દિલ તેના આવા કામથી અજબ બન્યુ, પણ તેણે અકકલ સમાલી લેઇને તેને પોતાની આગળથી હરકાતી કાઢયો. પાદશાહે તેની વાત કાનેકાન સમજતાંજ તેના દિલમાંથી અકકલ અને હુશીયારી

૧ એ બેતનો તરજુમો લખેલી નકલ મુજબ કીધો છે

જતી રહી, ૧ અને તે પોતાની જગ્યામા નેટરના પાડદાં માફક ધ્રુજવા લાગ્યો અને તે માણસ મોતનેજ વાજબી ધારવા લાગ્યો ૧ તે જેહાનને બોધનાર પાદશાહ પરવરદેગારને યાદ કરવા લાગ્યો તુ કહેશે કે તે જાણે ફુકતા પવન વચે એક નેતરનુ ઝાડ છે. તેની આંખમાથી તેના હાથ ઉપર આંસુઓ તપકવા લાગ્યા પછી તે ચીરડાઇને બોલયો કે, "જે કોઇને ત્યાં બેટી હોય અને જો તે તાજદાર પાદશાહ પણ હોય તોએ તે બુરાજ નસીબનો ગણાય. જેને ત્યા બેટાની જગ્યાએ બેટી આવે તો તેનો જમાઇ ગોર બને એજ ભલુ" તેણે મનીઝેહના આવા કામ માટે ચીરડાઇને કેરાખાન નામના સરદારને પોતાની આગળ બોલાવીને કહયુ કે, "એ નાપાક ઓરત માટે તુ મને કાઇ હુશીયારી ભરેલી તદબીર દેખાડ" કેરાખાને પાદશાહને જવાબ દિધો કે, "એ કામમા ચોકસાઇ સાથે નજર કરવી ઘટે છે. જો એજ પ્રમાણે બન્યુ હોય તો મારાથી વચમા બોલાય નહી. તોપણ (બીજે વખત) કાને સમજેલુ નજરે જોયા બરોબર આવતુ નથી' જ્યારે અફ્રાસીયાબે તેનો આવો જવાબ સમજ્યો ત્યારે તેણે કેરાખાનના કહયા મુજબ ઉટાવલે ચાલવા માંડયુ. તેણે કરસીવજને કહયુ કે, "ઇરાનથી આપણે કેટલુ નુકસાંન જોયુ છે અને હવે પછી પણ જોઇશુ આવો બુરાઇનો ફાસો જમાનાએ શા માટે કીધો હશે? ઇરાનના પાદશાહનો તો મને ગમ હતો તેમા વળી બુરા ફરજંદનો ગમ વધ્યો છે" પછી તેણે દુખથી ઉકળાતા દિલે અને આખોમા આસુ સાથે કરસીવજ આગળ એ સઘલી વાત કહી, અને તેને ફરમાવ્યુ કે, "તું અત્રેથી હુસીયાર મગજના સ્વારો લેઇ જઇને તેના મેહેલ અને બારી બારણા ઉપર ચોકી રાખ અને તે મેહેલમાં કોણ છે તે જોઇ કાઢીને તેને બાધી મારી આગળ ઘસડી લાવ."

જ્યારે કરસીવજ તે મેહેલના દરવાજા આગળ આવી લાગ્યો ત્યારે તેને મેહેલમાંથી ખાણીપીણીના અવાજો સંભલાયા. અફ્રાસીયાબના મેહેલના તે ભાગમાંથી ચગ અને સીતારના અવાજ આવતા હોવાથી સ્વારોએ તે મેહેલને ઘેરી લિધો અને તેમનો સરદાર ત્યાના બધ બારણા આગળ ગયો. ૧ સ્વારોએ પાદશાહના મેહેલના બારી બારણા ઉપર ચોકી રાખી અને દરેક ઠેકાણેથી જવાનો રસ્તો ઘેરી લિધો જ્યારે કરસીવજે મેહેલના બારણા બધ કીધેલાં જોયાં તથા ત્યાં દારૂ પીવાનુ અને મોજમજાહનુ કામ ચાલુ રહેલું જોયું, ત્યારે તેણે મુકીઓ મારી તે બારણાના બધ તોડી નાખ્યા અને બારી વાતે કુદી તે મેહેલમા ઉતર્યો અને જડપથી મેહેલનો તે ભાગ કે જ્યાં તે પારકો શખ્સ હતો

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે

ત્યાં આવ્યો. જેવી તેની નજર બારણામાંથી બેજન ઉપર પડી, તેવુંજ તેનું લોહી તેને માટે ગુસ્સાથી ઉકલી આવ્યું. તે મેહેલમાં ત્રણ હજાર દાસીઓ સીતાર સાથે, દારૂ પીવામાં અને ગાવામાં રોકાઇ હતી, જ્યારે તે ઓરતો વચે બેજન લાલ દારૂથી હોટ ભીંજવતો અને મજાહ કરતો બેઠો હતો આથી કરસીવજે તુરતજ દુ ખથી પોકાર માર્યો કે, "ઓ નાપાક બુરી નિશાણના શખ્સ! હવે તુ જનુની સિંહના પંજામાં સપડાયલો હોવાથી તું તેની આગળથી તારો જીવ બચાવીને કયા જવાનો છે?" આથી બેજન પોતા ઉપરજ ચીરડાવા લાગ્યો અને બોલ્યો કે, "હુ વગર હથીયારે તેની સામે કેમ લડશ? મારા બચાવ માટે કેશવાદ ખાનદાનના ગોદરેજનો બેટો ગેવ હીયાં કયાં છે? હવે મારે એકી વખતે મારૂં ડોકું ગુમાવવું પડશે. મારી સાથે મારો ઘોડો કે તટ્ટું નહી હોવાથી આજે મારૂ નમીબ ઉંધુ વલવાનુ વળી આ મુલકમાં મારો કોઈ દોસ્ત પણ નથી. પરવરદેગાર સિવાય મારી દાદખાહી કરવાને બીજુ કોઇ નથી." પણ બેજન હમેશાં પોતાના પગના મોજામાં એક ધારદાર ખંજર છુપાવેલું રાખતો હતો, તે ઉપર હાથ નાખીને તેણે તે ખ જર બાહાર કાઢયું અને દરવાજા આગળ જઇને પોતાનુ નામ જાહેર કીધુ કે, "હુ કેશવાદના ખાનદાનનો નબીરો બેજન છું તથા હુ બાધુરો અને પેહેલવાનોનો સરદાર ગણાઉ છું. જે કોઇનું માથું તેના શરીરથી ધરાઈ ગયુ હોય તેના સિવાય કોઇપણ શખ્સ મારા દિલનું ચામડું ઉખેડવાને આવશે નહી. જેહાનમાં રસ્તાબેજ ઉઠે તોપણ કોઈ મારી નાહસ્તી પીઠ જોવાનો નથી" પછી તેણે બુમ પાડી કરસીવજને કહ્યુ કે, "મારાં નસીબે મારૂ બુરૂં કરવાની તૈયારી કીધી છે. પણ તું મારા ન્યાગાનોને તથા પાદશાહને તો ઓલખે છે તથા પેહેલવાનો વચે હું કેવી પડવી ધરાઉ છું તે પણ તુ જાણે છે. જો તું મારી સાથે લડવા ચાહતો હોય તો હું પણ લડવા માટે મારા હાથને લોહીથીજ ધોયલા રાખુ છું હુ જે કહુ છું તે જો તું ખરૂજ માનતો હોય તો લોહી રેડવાને માટે મારા હાથ ધોયલાજ છે.[1] (તે છતાં તું હુમલો કરશે) તો હું આ ખંજરથી તુરાનીઓ વચેથી પુશ્કલ સરદારોના ડોકાં કાપી કાઢશ. પણ જો તુ મને તુરાનીઓના સરદાર (અફ્રાસીયાબ) આગળ લેઇ જશે તો હું તેની આગળ મારો સઘલો હેવાલ કેહેવશ અને તું મારૂ લોહી રેડાતુ અટકાવવાની તેની પાસે માંગણી કરજે. તારે તો નેકીનેજ ભોમ્યો બનાવવો લાયક છે."

જ્યારે કરસીવજે તેની મટલબ જોઈ લિધી તથા લડાઇમાં તેની તેજી અને તેના મજબુટ હાથ જોઇ લિધા તથા જો લડાઇ થાય તો તેનું લોહી રેડી

---

[1] એ બેત લખેલી નકલમાં વધારે છે.

તેમાંજ તે હાથ ધોશે એમ તેણે જાણ્યું, ત્યારે તેણે તેનો વફાદાર બનવાના સોગંદ ખાધા અને તેનુ ભલું ઈચ્છતો હોય તેમ તેને કેટલીક સલાહો આપી. એ પ્રમાણે વચણ આપીને તેણે તેનું ખંજર મુકાવી દિધું અને મીઠી મીઠી વાતોથી તેને પોતાના ફાંડામાં પકડી લિધો પછી એક ચિત્તાની માફક તેના ઉપર તુટી પડીને તેણે તેના હાથ પગ બાંધી લિધા. જ્યાં દાહાડોજ બરગસ્તે હોય ત્યાં હુંનર શા ખપનો? વાંકી પીઠના આસમાનનું એવુંજ ફરવું છે. જ્યારે તું નમનતાઇ દેખાડશે તો તે તારી સાથે સખત થશે. ફરતી દુન્યાંના કામો પણ એવાંજ છે કે તે મોજમજાહને એક પળમાં માહેતમમાં ફેરવી નાખે છે. તેઓ તેને ઉતરી ગયલા ચેહેરા સાથે અને આંખોમાં આંસુ સાથે ત્યાંથી ઘસડી લેઇ ગયા જ્યારે બેજન બધાયલા હાથો સાથે અને ઉઘાડે માથે પાદશાહ આગળ આવી લાગ્યો, ત્યારે તે તેની તારીફ કરીને બોલ્યો કે "ઓ પાદશાહ! તારે સચાઈ ધારન કરવી ઘટે છે. હુ કાંઇ આ દરબારમાં મારી મરજીથી આવ્યો નથી. તેમ વળી આ કામમાં બીજા કોઇની પણ તકશીર નથી હુ તો ઇરાનથી ભુંડો સાથે લડવાને આવ્યો હતો. તેટલામાં મારૂં તારા જશનગાહ આગળ આવવુ થયુ. એક ગુમ થયલા શકરાની સોધમાં મેં મારા સગાંઓને અને કુટુંબને તજી દિધું. હું સુરજથી છાયડો મેલવવાને એક સરોવરના ઝાડ નિચે ઉંઘાયો હતો તેટલામા ત્યાં એક પરી આવી લાગી અને તેણે પોતાની પાંખ ખોલ્લી કરીને મને ઉંઘાયલોજ બગલમાં ધર્યો. તે મને મારાં ઘોડાથી છુટનો પાડીને લાંબે છેટે લેઇ ગઈ, પણ તેટલાંમાં તું પાદશાહની બેટીનું લશકર ત્યાં આવી લાગ્યું તેણીના સ્વારો તે જંગલ આસપાસ ફેલાઇ ગયા અને ઘણીએક પાલખીઓ મારી આગળથી પસાર થવા લાગી. તેવામાં દૂરથી મને એક તુરાની છતર દેખાયુ જેને ચોબાજુએથી તુરકી સ્વારોએ પકડયું હતું. તેઓ વચે રેસમી પરડાથી ઢાકેલી એક નવી તરેહની પાલખી હતી તેમાં એક પુટલી જેવી ઓરત પોતાનું તાજ સાથનું માથું એક ટકયા ઉપર ટેકવીને સુટેલી હતી. તેવામાં હારેમનને યાદ કરનારી કેટલીક પરીઓ તે સ્વારો વચે પવન વેગે આવી લાગી અને તેઓએ તે ખુબસુરત ઓરતો ઉપર જાદુ ચલાવીને મને તે પાલખીમાં ઓચિંતો બેસાડી દિધો. વળી હું જ્યાં સુધી અફ્રાસીયાબના મેહેલમાં આવી લાગ્યો ત્યાંસુધી મારી આંખો પણ ઉંઘમાંથી જાગૃત થઇ નહી. આથી એમાં મારો કાંઈપણ વાંક ગણાય નહી, તથા એ કામમાં મનીઝેહની પણ કાંઇ તકસીર ગણાય નહી બેશક તે પરીથીજ મારૂં નસીબ ઉંધુ વલ્યું છે કારણ કે મારા ઉપર તેણેજ આવું જાદુ ચલાવ્યુ હતું." જ્યારે તુરાની સરદારે તેની આવી વાત સમજી ત્યારે તેનુ દિલ આગળો કીનો લેવાને કીનાભર્યું બન્યું. ૧

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

આથી અફ્રાસીયાબે એવો જવાબ દિધો કે "તારી ઉપર બુરા વખતે ઉટાવલ કીધી છે. તું તેજ શખ્સ છે કે જેણે નામદારી પાંમવાને ઇરાન તરફથી મારી સાથે ગુરજ અને કમદથી લડાઈ કીધી હતી. હવે તુ બાંધેલા હાથ સાથે હોવાથી મારી આગળ એક ઓરત માફક છાકટ જેવી સ્વપનાની વાત કરે છે અને તારૂં માથુ મારા હાથમાંથી છોડવવાને આવી જુદી જુદી વાતો સમજાવી જોય છે." ત્યારે બેજને તેને એવો જવાબ દિધો કે, "ઓ પાદશાહ! તુ મારી આ વાત માન અને તે ઉપર વિચાર કર. જેમ ભુંડો પોતાના દાતોથી અને સિંહો પોતાના પંજાથી દરેક ઠેકાણે લડાઇ કરી શકે છે, તેમ પેહલવાનો પણ તલવાર, તીર અને કમાનથીજ બુરાઓ સાથે લડી શકે છે પણ જ્યારે તેવા એક પેહલવાન જેના હાથ બંધાયલા હોય અને તે હથીઆર વગરનો હોય તથા જેના હાથમાં પોલાદી બેડી નખાયલી હોય અને જો તે તિક્ષણ પંજાનો સિંહ પણ હોય અથવા તો તેના દિલમા લડવાની ગમે એવી શકિત પણ હોય તો પણ તે કેવી રીતે લડી શકે! જો તું પાદશાહ આ અન્જુમન વચ્ચે મારી બાહદુરી જોવા માંગતો હોય તો એક ઘોડો અને ભારી ગુરજ મંગાવ અને પછી તુરકીઓમાથી એક હજાર સરદારોને ચુટી કાઢ અને તે હજારમાથી જો હું એકને પણ લડાઇના મેદાનમા જીવતો રાખુ તો પછી તું મને મરદ તરીકે ગણતો ના" જ્યારે તેણે બેજનની આવી વાત સમજી ત્યારે તેણે તેના તરફ ગુસ્સાથી નજર કીધી. અને પછી કરસીવઝ તરફ જોઇ કહ્યુ કે 'તુ આ વાત સમજ્યા કેમ કરે છ? આ બુરી વર્તણુકના રીમન શખ્સ મારે માટે આટલુબધુ બુરૂ વિચારે છે તે શુ તુ જાણતો નથી? તે બુરૂ કરીનેજ ધરાયા નથી પણ હવે તે લડાઇ અને કુસ્તી રમવા માંગે છે. માટે તુ તેને બાંધેલા હાથ પગ સાથેજ અહીંથી લેઇ જા અને તેની જગ્યા આ જેહાનમાથી તુરતજ ખાલી કર આ દરબારની સામે જ્યાં દરેક બાજુથી લોકોની આવજાવ રહે છે ત્યા તુ એક ફાસી ઉભી કરાવીને એક પણ બોલ બોલ્યા વગર તે ઉંધા નસીબના શખ્સને તે ઉપર જીવતો લટકાવી દે, કે જેથી હવે પછી ઇરાનીઓમાથી કોઇપણ શખ્સ તુરાન તરફ નજર કરવાની હીમત કરે નહી." આથી બેજનને ચારાઈ જતા દિલ અને આસુભરી આંખો સાથે અફ્રાસીયાબ આગળથી ઘસડી લેઈ જવામા આવ્યો જ્યારે તુટેલા દિલનો બેજન દરબાર બાહાર આવ્યો ત્યારે તેની આંખોના આસુઓથી તેના પગ આગળ કાદવ બંધાયો તે બોલવા લાગ્યો કે, "જો પરવરદેગારે મારા આવા બુરા વખતમા મારે માટે મોતજ લખેલું હશે તો હુ ફાસીથી કે મરવાથી બીહીતો નથી હુ તો ઇરાની પેહેલવાનો માટે દુખી થાઉ છુ કોઇને પણ શ્રાહેદ કીધા વગર મારા દુશમનો મારા શરીરને ફાસી ચઢાવી શકતા

હોવાથી તેઓ મને નામરદ ગણશે મારાં એવાં મોતથી ખસરૂને પુજનારાં મારા ન્યાગાનોને મારે લિધે તાણાજાણી સમજની પડશે વળી મારૂં સ્થાન પણ આ જેહાનમાજ યોભી રેહેશે અને બાપને લાગેલા બત્તાને લિધે તે પોતાના અદલ મુકામે જઈ શકશે નહી અફસોસ ! કે મારા દુશમનોને હવે ખુશાલી ઉપજશે અને તેઓ મારા શરીર ઉપર પોતાના દિલની ઇચ્છા બર લાવશે (યાને જુલમ ગુજારશે) અફસોસ ! કે હવે મને શેહનશાહના કે ગેવના દીદાર જોવાના મલશે નહી અફસોસ ! કે તે બાહાદુર પેહેલવાનોથી હુ દુર પડી ગયો છુ. મારી જવાની અને નામદારી ઉપર અફસોસ હોજો પેલી ખાણી પીણી અને એસ આરામ માટે અફસોસ હોજો અફસોસ ! કે મારો પેલો પેહેલવાન બાપ મારી જુદાઇથી નાતાવાન બનશે. અફસોસ ! કે આ જગ્યાએ મારી ઉપર શુ જુલમ ગુજરે છે તે માટે તે બેખબર રેહેશે. અફસોશ ! કે આ જગ્યાએ મારી ઉપર શુ જુલમ ગુજરે છે તે માટે તે બેખબર રેહેશે અફસોસ ! કે આજે બેજનના શરીરમાથી તેનો જીવ નિકલી જવાનો છે એમ મારો બાપ જાણશે નહી અફ-સોસ ! કે હવે મારા ગાલો ફીકકા થઇ જશે મારૂ નસીબ શું કામ એ પ્રમાણે વાકુ બન્યુ હશે ? અફસોસ ! કે જ્યારે મારા જોડીઆઓ અને દોસ્તો એ બાબે વાકેફ બનશે ત્યારે મારા જીવ માટના ગમથી દુ:ખી દિલે હાએ મારશે અને બલીઆ કરીને તેઓ મારા હાલ ઉપર કેવુ રૂડન કરશે ? જો પરવરદેગાર હજી પણ મારી ઉપર બક્ષશ કરે અને મારા લડાયક શરીરને બચાવી લે તો તેથી મારા દુશમનોના દિલ લોહી ભર્યાં અને રૂડન કરતા બને. ઓ પવન ! તુ અત્રથી ઇરાન જમીન ઉપરની અને મારા નામીચા પાદશાહને તથા ગોદરેજ, ગસતહમ અને બાહાદુર ગેવને તથા તુસ, ફરીબરૂજ અને સિહ જેવા રેહામને તથા ઇરાન જમીનના તમામ પેહેલવાનોને મારી તરફનો આ પેગામ પુગાડ અને રૂસતમને તુ મારે માટેની ખબર પુગાડ, કે જેથી તે મારે માટે કીનામાં કમર બાંધે. તુ તેને કેહેજે કે 'બેજન મુશકેલીમા છે અને તેનુ શરીર નર-સિહના પંજા હેઠલ કચડાયલું છે' કેશવદના બેટા ગોદરેજને પણ તું મારી તરફથી કહેજે કે 'ગુરગીનના આવા કામથી આપણી આબરૂ ગઇ છે. મને બલાના નાખનાર એજ શખ્સ છે, કે જેને લિધે અત્રે મારી ફરીયાદને પુગનાર કોઈ શખ્સને હુ જોતો નથી' તુ ગુરગીનને પણ કહેજે કે 'ઓ સુસ્ત વિચા-રના પેહેલવાન ! તુ બીજી જેહાનમા મારે માટે શુ જવાબ દેશે ? મે તો તારે માટે પુશકલ મરદાનગી બતાવી હતી કે જેમ બીજા કોઇએ પણ કોઇ શખ્સને માટે કીધુ હશે નહી. પણ તેના બદલામા તે તો બુરાઈજ કીધી છે, અને મને બલાની જાલમાં ફસાવ્યો છે. હું પેહેલવાનો આગળ તારી વર્તણુંક માટે કહી

દેવશ એવો તુંને બુરો શક હશે. તારી નામરદી માટે ડરીને તેં મારા જીવ અને રવાનનું નખોદ વાલ્યુ છે. હવે જ્યારે પણ ગેવ મારા આવા હાલ માટે સમજશે ત્યારે તે તારી તરફ લાંબો વખત સુધી જોશે નહી તે તારા નામને જેહાનમાં બાલી મુકશે અને મોટા દરજ્જાના લોકો તેની આગળ તારૂં નામ પણ દેવાની હીંમત કરશે નહી'" એવી રીતે તે રડતાં રડતાં જીવથી નિરાશ બન્યો એ વિષે જો તુ પણ અચરત થાય તો તેમાં કાઇ ખોટુ નથી પણ પરવરદેગારે તેની જવાની ઉપર દયા કીધી અને તેના આવા બુરા વિચારને તોડીને દૂર કીધા જેવા તે ઝાડને ઉખેડનારા (તુરકી) ઓ તે ઝાડ (બેજન)ને એ પ્રમાણે તોડવા માંગતા હતા તેવામા દૈવ યોગે દૂરથી પીરાન આવતો જણાયો.

પીરાને અફરાસીયાબ પાસે બેજનના જીવ માટે માફી માંગી તે વિષે.

જ્યારે પીરાન વીસે ત્યાં આવી લાગ્યો ત્યારે તેણે માર્ગમાં સઘલે તુરકીઓને કમર બાધેલા જોયા. ત્યા તેણે એક સુલીને પણ ઉચે ઉઠાવેલી અને તે ઉપર એક કમદ લટકાવેલી જોઇ તેથી તેણે તુરાનીઓને પુછ્યું કે, "એ સુલી શાને માટે છે? અને તુરાની પાદશાહનુ દિલ કોણથી દુખાયુ છે?" કરસીવજે તેને જવાબ દિધો કે, "બેજન કે જે ઇરાનથી પાદશાહનો દુશમન બની આવ્યો છે તેને માટે એ છે" આથી તુરતજ પીરાન પોતાનો ઘોડો હકારીને બેજન આગળ ગયો ત્યાં તેણે બેજનને હથીયાર વગર તુટેલાં દિલનો જોયો. તેના હાથ પીઠ પાછલ મજબુટ બાંધેલા હતા અને તેનુ મોઢુ સુકાઈ ગયલુ તથા મોઢાં ઉપરથી રંગ પાણી ઉડી ગયલુ દેખાતું હતુ પીરાને તેને પુછ્યું કે "તું અત્રે કેમ આવ્યો? શુ તુ અત્રે તારૂં લોહી રેડાવાને ઈરાનથી આવ્યો છે?" આથી બેજને પોતાના બદખાહ સાથીથી તેના ઉપર શુ શુ ગુજર્યું તે સઘલો હેવાલ તેને કહી સમજાવ્યો. તે સમજી પીરાન વીસે તેને માટે દુ:ખી બન્યો અને આંખોમાંથી આંસુ પાડવા લાગ્યો. પછી તેણે સીપાઇઓને ફરમાવ્યુ કે, "તમો થોડા વખત તેને ફાસી ચઢાવ્યાથી અટકજો, અને તેને અત્રેજ રાખજો. કારણ કે હુ જઈને પાદશાહની મુલાકાત કરી તેને નેકબખતીનો માર્ગ દેખાડવા માગું છુ." આથી પીરાનના હોકમથી તેઓથી ફરી શકાય એમ નહી હોવાથી તેઓ બોલ્યા કે, "ઓ મોટી પડવીના પેહેલવાન! હમો એને અત્રેજ થોભાડી રાખીશું કારણકે અફરાસીયાબનો સલાહકાર તું પેહેલવાન પોતેજ છે" પછી તે પીરાન વીસે ત્યાંથી પોતાનો ઘોડો હકારીને જડપથી તુરાનના પાદશાહ આગળ આવ્યો. તેણે એક નોકર માફક મેહેલમાં દાખલ

થઇ, તથા પાદશાહની સનમુખ અદબ સાથે તેના તખત આગળ ચાલી જઇને અફ્રાસીયાબ ઉપર એક લાંબી દુવા કીધી, પછી એક સલાહકાર વજીરની માફક તેના તખત આગળ ખરે પગે ઉભો પાદશાહ પામી ગયો કે નેક ખસલતનો પીરાન એમ કાંઇક મટલબથીજ ઉભો છે તેથી તેણે તેને હસ્તાં પુછ્યું કે, "મને કેહ કે તું શું માંગે છે? કારણ કે મારી આગળ વધારે માન પાંમેલો તુંજ છે જો તું સુનુ કે જવેહરાત માંગશે યાતો પાદશાહી કે લશકર માંગશે તો તે પણ હુ મારા ખજાનામાંથી તુને આપવાનો અટકાવ નાખીશ નહી માટે તું એમ દુખી શુ કામ થાય છે?" જ્યારે પાદશાહના વફાદાર પીરાને એમ સમજ્યું ત્યારે તેણે જમીનને બોસો લિધો અને પછી ઉઠી ઉભો થઇને બોલ્યો કે "તારૂં તખત જાવેદાન સુધી ટકેલુ રેહેજો. તારા નસીએ તારે માટે તખત સિવાય બીજી કોઇ જગ્યા રેહેતી ના જેહાનના પાદશાહો તારી તારીફ ગાય છે અને તપતો સુરજ પણ તારી વખાન કરે છે તારા નગીબની પુનાઇથી ઘોડાઓ, જોરાવર હાથવાલા માણસો કે બીજુ જે કાંઈ મને જોઇએ તે મારી પાસે છે મારી ઇચ્છા કાંઇ મારા પોતાને માટે નથી તારા નોકરોમાનો કોઈપણ મુફલેશ નથી. તારી પાદશાહીમાં હુ તો આબાદ છું મારી બુન્યાદ મુબારક પડવીના બુર્જોગોંથી ઉતરી છે તેથી કોઇ મારી નચિંતાઇ છીનવી લે અને મારૂ નામ દુબાડે તેનીજ મને ચિંતા છે શું મે અગાઉ ઘણીક વખતે તુ પાદશાહને કેટલાંક કામો માટે શિખામણ દિધી હતી નહી? પણ મારા કેહેવા મુજબ તુ નહી વર્તયાથી મને પણ એ કામથી હાથ ઉઠાવવો પડયો હતો. મેં તુંને કાઉસના બેટાને નહી મ રી નાખવા કહયું હતું તેનુ કારણ એજ કે તેથી રૂસતમ અને તુસ દુશમન બનતે. સીયાવક્ષ પણ કેઆની પાદશાહની તોખમનો હતો અને તેણે તારી મોહબત મેલવવાને કંમર બાંધેલી હોવાથી તેણે ઇરાનથી આવી તુરાનમાં વતણ કીધું હતુ પણ તેં તેની સાથે પણ તારૂં વચન તોડયું હતુ. તેં સીયાવક્ષને નાહક મારી નખાવીને મધમાં ઝેહેર ભેલ્યુ હતુ. વળી હવે તું પેલા ગેવને તથા પેહેલવાનોના સરદાર બાધુર રૂસતમને પાછો વીસરી નાખે છે. ઇરાનીઓએ તુરાનના મુલકને કેવી ઇજા પુગાડી હતી તે શુ તુને માલમ નથી? તેથી તો તેં તુરાનના મોટા ભાગને ઘોડાઓના પગ નિચે કચડાવાને સોંપી દિધો હતો અને આપણા નસીબને કડવું બનાવી દિધું હતું. હજી તો સામના દસ્તાનની તલવારની અણી મીઆનમાં બોસાઈ નથી તેટલા તો રૂસતમ તેના તરફથી ડોકાંઓ ઉડારવા લાગ્યો છે અને તે સુરજ સુધી લોહીને ઉડતું કરે છે. વળી તેમાં જરા આરામ મલ્યો તેટલામાં તું બીજો ફીનો સોધે છે અને વગર ફોકટનું ઝેહેરી ફુલ સુંઘવા માંગે છે. તેવી હાલતમાં જો તુ બેજનનું લોહી રેડશે તો વળી તુરા-

નમાં કીનાની ધુલ ઉડતી થશે. તું પાદશાહ અક્કલમંદ છે અને હમે તારા નોકર છીએ. માટે તું તારા દિલ અને આંખોને ખોલીને નજર પુગાડ કે જે બુરાઇનો ફેલાવો તે કીધો તેનું ફળ ઇરાનના પાદશાહથી તે શું મેલવ્યું. તેવામાં વળી તુ આવી (બેજનને મારવાની) ઇચ્છા કરે છે અને બલાના ઝાડને ફલદાર બનાવે છે ઓ જેહાનના માલેક અને પાદશાહ! જ્યારે એક કીનાના બે કીના થાય ત્યારે તો તેની સામે આપણીથી ટકી પણ શકવાનુ નથી તારે લિધે કોઇપણ ગેવને કે પેલાં જોરાવર મગરમછ બાહુર રૂસતમને તથા કેશાદના પોલાદી પંજાવાલા બેટા ગોદરેજને અત્રે લડવા આવેલા નહી જોય એટલે સારૂ ઓ પાદશાહ! ગેવ એવો તો બાહુર છે કે તેને માટેની થોડી વાતને તુ ઘણીજ જાણજે ઓ પાદશાહ! મારા જેવા બંદાની શિખામણ તુ કબુલ કર અને હજી પણ તારી આખ અને દિલના પરડા ખુલ્લા કર"

જ્યારે પીરાને તે તિલણુ આતશ ઉપર (આ પ્રમાણે) પાણી રેડયુ ત્યારે અફ્રાસીયાબે તેને એવો જવાબ દિધો કે 'બેજને મારી સાથે જે કીધુ છે તે તુ જાણતો નથી તેને લિધે તો ઇરાન અને તુરાનમાં મારૂ મોટું ઉતરી ગયુ છે વળી પેલી બુરા કરતુકની દુકતીથી મારા બુઢા માથાને કેટલીબધી રૂસવાઇ પુગી છે તે પણ તુ જાણતો નથી. તેને લિધે મારી તમામ બુરખાવાલી બાનુઓ આલમ વચ્ચે બદનામી પામી છે હવેથી જાવેદાન સુધી મારા કુટુંબને નામોશી લાગશે અને મારી તમામ રૈયત અને મારૂં લશકર મારી હસી કરશે જો બેજનનો જીવ મારે હાથથી બચી જશે તો સઘલે ઠેકાણે મારી નિંદા થશે તેથી આપણને રૂસવાઇ અને દુ:ખ સાથે રેહેવુ પડશે અને પીલા આંસુ આખોમાથી પાડવા પડશે." ત્યારે પીરાન તેના ઉપર પુશકલ દુવાઓ કરીને બોલ્યો કે, "ઓ નેકબખત સાચા પાદશાહ! તુ જે કાંઇ કહે છે તે ખરૂં છે તું નેકનામી સિવાય બીજું કાંઈજ સોધતો નથી. તોપણ તું સરદાર આ મારા હુશીઆરી ભર્યા વિચાર ઉપર જરા ઉંડી નજર પુગાડ તુ તેને મારી નાખવાનું અને ફાસી ચઢાવવાનુ પસંદ કરે તેના કરતાં આપણે તેને ભારી બેડીમાં સીકરીએ, કે જેથી ઇરાનીઓ તે ઉપરથી ધડો લેશે અને એવા બુરા કામ કરવાને હવે પછી કમર બાંધશે નહી. તારા બંધીખાનામાં જે કોઈ બંધાયલો પડે છે તેનુ કોઈ નામ પણ લેઇ શકતુ નથી" આથી તે સરદારે જે પ્રમાણે પીરાને ઘટતું જોયુ તે પ્રમાણેજ કીધું. તેની પણ જબાન અને દિલ ત્યા એક સરખુ જ જણાયું. પાદશાહની રેહબરી કરનારો જો પાકીજેહ વજીર હોય તો તે પાદશાહનુ તાજ અને તખત દિપી રહે છે જ્યારે અફરાસીયાબે એ વાત સમજી ત્યારે તેણે પોતાના અસલ વિચારને બીજી રીતે ફેરવ્યો. પાદશાહે કરસીવજને

તુરતજ એ પ્રમાણે ફરમાવ્યું કે "તું એક ભારી બેડી અને એક અંધારો ખાદો તૈયાર કર અને બેજનના બે હાથ સાંકલથી બાંધીને જેમ મસ્ત હાથી ઉપર વિટાલે તેમ તેના ઉપર રૂમી બેડી વિટાલ અને તેને પગથી તે માથાં સુધી સીકડીને ભારી ખીલાઓથી બાંધી લે પછી તેને તું તે ઉડા ખાદામાં ઉંધો લટકાવ કે જેથી તે સુરજ અને ચંદ્રને જોવાને પણ બેનસીબ રહે. ત્યાર પછી ત્યાં હાથીઓ લેઇ જઇને પેલો અકવાન દેવવાલો પથર કે જે તેણે જેહાનના માલેકના ઉડા દરીઆમાંથી કાઢી ચીનના જંગલમાં ફેંકયો હતો, તે પથરને બેજન ઉપર ફીનો લેવા માટે ઘસડાવી લાવીને તે જોરાવર હાથીઓની મદદથી તે ઉંડા ખાદાના મોઢાં ઉપર ઢાંકી દે તે પથર લાવી ખાદાને ઢાંકી દેઇને જ્યાં સુધી તે રૂડન કરતાં કરતાં બેસુધ થઈ જાય ત્યાં સુધી તું ત્યાં થોભજે પછી ત્યાંથી તુ પેલી નાપાક મનીઝેહ કે જેનાથી મારા ખાનદાંનની આબરૂ લુટાઇ છે તેના મેહેલ તરફ તુ સ્વારો સાથે જઇને તે મેહેલને તારાજ કરજે તથા તે ઉધા નસીબની ઓરતનું તાજ છીનવી લેઇને તેના ઉપર લેઆનત નાખીને કહેજે કે 'ઓ બુરા નસીબની ઓરત! તુને તાજ અને તખત લાયક નથી. તેં મને શરમ પોહોચાડી મારી પાદશાહી કીર્તીને જાખ લગાડી છે અને મારાં તાજને ધુલમાં ફેંકયું છે.' પછી તેના સુંદર કપડા કાઢી નાખી તેણીને તું પેલા ખાદા આગળ લેઇ જઇને કેહેજે કે, 'જેને તેં તારાં તખત ઉપર જોયો હતો તેને હવે તું ખાદામાં જોયા કરજે તુ તેની આગળ વસંતની મોસમ જેવી પ્યારી હતી તો હવે તેનો ગમ કરનારી પણ તુંજ થજે અને તુજ તેના આ તગ બધીખાનાનો દારૂગો બનજે' પછી તુ તેણીને જડપથી ત્યાં લેઇ જઈને બેજનને સોંપી દેજે અને તે બંન્નેને રૂડન કરીને મરી જતાં ત્યાં મુકી આવજે. આવો શરમભર્યો દાહાડો જોવાના કરતા જો મારી આંખો લડાઈમાં આંધરી બનતે તો તે બેહેતર ગણાતે." આથી કરસીવજે તેની આગળથી જઈ તેના બુરા વિચાર મુજબનુ કામ બજાવ્યું. તેણે ગેવના બેટા બેજનને સુલી આગળથી ઘસડી લેઇ જઇને બાંધેલો ખાદા આગળ લાવી તેને પગથી તે માથાં સુધી લોઢાની સાંકલથી સીકરી લિધો. તેની કંમરે રૂમી બેડી ઘાલી અને હાથોને સાંકલથી બાંધ્યા પછી ત્યાં લુહાડો પાસે પોલાદી હથોડાથી મજબુટ ખીલાઓ ઠોકાવ્યા બાદ તેને તે ખાડામાં ઉધો લટકાવી તેનાં મોંઢાં ઉપર પેલો પથર મુકયો. પછી ત્યાંથી કરસીવજ લશકર સાથે તે છોકરીના મેહેલ તરફ આવ્યો. જેવી એ વાત મનીઝેહના કાને પુગી તેવોજ તેણીનો ચેહેરો આંસુઓથી ઢંકાઈ ગયો. તેનો તમામ ખજાનો કરસીવજે તારાજ કીધો અને તે ચાંદ જેવી ઓરતને અપાયલું તાજ પાછું છીનવી લિધુ. ત્યાંથી મનીઝેહ ફકટ એક ચાદર ઓઢીને

ઉઘાડા પગ અને માથાં સાથે ગેઇ. તે ખાડાવાલી જગ્યામાં તેણીને ઘસડી લેઇ જવામાં આવી. જેથી તેનો ચેહેરો વસંત જેવો હોવા છતાં તેણીની આંખો લોહીભરી બની. કરસીવજે તેને કહયું કે, "હવે તારૂં ઘરબાર આજ છે. તું આ બંધીખાનાનો જાવેદાન સુધી દારૂગો બનજે." પછી પાદશાહનો જે કાંઈ સંદેશો કહેવો હતો તે મનીજેહને કહીને કરસીવજ ત્યાંથી જડપથી પાદશાહ આગળ આવ્યો. જ્યારે કરસીવજ તે બંધીખાનાના ખાડા આગળથીજ પાછો ફરયો ત્યારે મનીઝેહ તો દુખભરી બનીને ત્યાંજ રહી, અને તેણી તે જંગલ આસપાસ રૂડન કરતી ભટકવા લાગી. જ્યારે એક દાહાડો અને રાત વહી ગઈ ત્યારે તેણી રડતી ખાડા આગળ પાછી આવી અને તે ખાડામાં (ખોરાક સાથનો) હાથ ઉતરે એટલી જગ્યા કીધી જ્યારે પાહાડ પાછળથી સુરજ બહાર નિકળતો ત્યારે બારણે બારણે ભટકીને મનીઝેહ નાન એકઠા કરતી અને દિવસે એ પ્રમાણે એકઠું કીધેલું તે ખાડાના અંધારામાંથી અંદર ઉતારતી અને બેજનને તે આપીને તેણી રડયા કરતી. એ પ્રમાણે તેણી કમનસીબ જીંદગી ગુજારવા લાગી. જ્યારે તેણી માટે બેજન રૂડન કરતો ત્યારે તે ચંદ્ર જેવી ઓરત તેનો ગમ કરવાથી ઢાકી જતી. [1] ખોરાક ખાધા પછી તેઓ આખી રાત રૂડન કરતાં એ પ્રમાણે મનીઝેહ બેજન માટે ઉપાયો રચતી ત્યા રેહેલા લાગી. [1] આ ત્રણ પાંજ દિવસની દુન્યાની આવીજ રસમ છે ઘડીકમાં તે ખુશાલી તો ઘડીકમા તે દુખ લાવે છે.

ગુરગીન પાછો ઇરાન ફર્યો અને તેણે ત્યાં બેજન માટે જુઠી જુઠી વાતો કીધી તે વિષે.

તે જગ્યાએ ગુરગીન એક અઠવાડયું થોભવા છતાં જયારે બેજન પાછો ફર્યો નહી, ત્યારે તેણે આંસુઓથી ભીંજાયલા ચેહેરા સાથે તેની દરેક બાજુએ શોધ ચલાવી. હવે તે પોતાના કામ માટે પસતાવા લાગ્યો કારણ કે તેણે એ રીતે પોતાના મીત્રનુ જ બુરૂં કીધું હતુ. જયાંથી બેજન ગુમ થયો હતો ત્યાં સુધી તે પોતાનો ઘોડો દોડાવતો આવી લાગ્યો અને તે તમામ જંગલ ફરી વલ્યો. પણ ત્યાં તેણે કોઇને જોયો નહી અને એક પક્ષીનો વટીક અવાજ સમજયો નહી. એ પ્રમાણે તે પોતાના દોસ્તને હાંક મારતો જંગલમાં ભટકવા લાગ્યો તેવામાં તેણે એકાએક નદીની પેલી બાજુએ દુરથી બેજનનો ઘોડો જોયો. તેની લગામ તુટી ગટલી અને જીન ઉઠલાઇ પડેલુ હતુ તથા તેના હોટ લબડતા હતા અને તે કીના ભર્યો બન્યો હતો આથી ગુરગીન પાંમી ગયો કે બેજનની જીંદગીનો

---

[1]. એ બેત લખેલી નકલમા વધારે છે

કારોબાર આખેર થયો છે અને તે કાંઇ હવે ઇરાન આવી શકશે નહી. યાતો બેજન ફાંસીએ લટકયો હોય, નહી તો કોઈ ખાદામાં બંધીખાનામાં તે પડયો હશે. તેને અપ્રાસીયાબથી કાંઈપણ નુકશાન પુગ્યું હશે. પછી તેણે પોતાની કમંદ વડે તે ઘોડાને બાંધ્યો અને પોતાના કરતુક માટે પસ્તાવો કરતો અને કાંઇક યુકિત રચતો તે ત્યાંથી પાછો ફર્યો. મેદાનમાંથી તે પોતાની સાથે બેજનના ઘોડાને પણ હાંકી લઇ ગયો અને પોતાના તંબુમાં આવીને ત્યાં એક દહાડો થોભ્યો. પછી તેણે ત્યાંથી ઠાક કે આસાયશ લિધા વગર રાત અને દિવસ ઇરાન તરફ જવા માંડયુ. જ્યારે ગુરગીનના બેજન વગર મુસાફરીએથી પાછા ફરવાની ખબર પાદશાહ કએખશરૂને મલી, ત્યારે એ વાતની ગુરગીનથી તલાશ કીધા વગર તે પાદશાહે ગેવને એ ખબર કહી નહી પણ તુરતજ ગેવને પણ પોતાના લડાયંક બાધુર બેટાના ગુમ થયાની ખબર પુગી. આથી તે દુઃખથી ચીરાતાં દિલ સાથે અને આંસુભર્યાં મોઢાં સાથે મોહલ્લામાં દોડયો અને બોલવા લાગ્યો કે, "હજી બેજન કેમ નહી આવ્યો હશે? કોણ જાણે તેનું આરમીન્યામાં શું થયું હશે?" પછી તેણે કેશવાદનો ઘોડો કે જે તેણે આવા હીંગામ માટે રાખ્યો હતો તે લાવવાને અને તેના ઉપર જીન બાંધવાને ફરમાવ્યું. તે મગર જેવા બેજન માટેના કીનાએ ગેવના દિલમાં જગ્યા કીધાથી તે તુરતજ ઘોડેસ્વાર થઇને ત્યાંથી પવન વેગે નિકળી ગયો અને બેજન કયાં છે અને તેનુ શું થયું છે તે બાબે તલાશ કરવા તે ગુરગીનના માર્ગ તરફ સામે ધસી ગયો. તે દિલ સાથે બોલવા લાગ્યો કે "આખરે ગુરગીને કાંઈ તેની સાથે છુપી બુરાઈ કીધેલી લાગે છે. હાલે તો હું ત્યાં જાઉ છું પણ જો હુ બેજનને જોવશ નહી તો તુરતજ તે ગુરગીનનુ ડોકુ જુદુ કરી નાખશ." એમ કરતાં ગેવ ગુરગીનની સામે આવી લાગ્યો તેને જોતાંજ ગુરગીન ઘોડા ઉપરથી ઉતરી પડયો અને પીખાયલા ચેહેરા સાથે તેની આગળ દોડી આવીને ધુલમાં ઉઘાડે માથે આલોટીઆં મારવા લાગ્યો તે તેને પુછવા લાગ્યો કે, "ઓ સેપાહોના ચુનંદા સપેહસાલાર અને પાદશાહના સરદાર! તું આંખોમાં આસુ સાથે આ રસ્તે શાનો સામો આવ્યો છે? હવે જ્યારે હું ખુવારે હાંલ થયો છું તો હવે મને મારો મીઠો જીવ ઘટારત પણ નથી. તારો ચેહેરો જોવાને મારી બે આંખો શરમાય છે અને તે આંખોમાંથી ગરમ આંસુઓ વહે છે. તુ કાંઇ હમણા એમ ધારતો ના કે મારાથી તુને બેજનની ખબર મલશે યાતો તેના જીવને કાંઇ નુકસાન પુગ્યુ નથી એમ હુ કહી શકીશ." જ્યારે ગેવે પોતાના બેટાનો એક છાકટ માફક ધુલથી લપેટાયલો ઘોડો ગુરગીને પકડેલો જોયો તથા તેણે ગુરગીનની કાનોકાન વાત સમજી ત્યારે તે બેસુધ થઇ ઘોડા

ઉપરથી તુટી પડયો. પછી તેણે પોતાના માંથાને ધુલમાં ખોસી દીધું અને પોતાનો પેહેલવાની પોશાક ફારી કાઢયો. તે મોઢાં અને માથાના બાલો પીખતાં અને માથાં ઉપર ધુલ છાંટીને રૂદન કરતો બોલ્યો કે, "એ આસમાનના પેદા કરનાર સાહેબ! મારા દિલમાં તેંજ હુશીયારી અને મોહબત ભરી છે, પણ હવે જયારે મારૂં ફરજંદ મારાથી જુદુ થયુંછે ત્યારે તો આ દુન્યા સાથનો મારો સંબંધ પણ તું તોડી નાખે તો તે વાજબી ગણાય. મારા રવાનને પણ તું પેલા ભલા લોકોની બેહેસ્તવાલી જગ્યામા લેઈ જા. કારણકે તું મારા દિલના દુખથી સારી રીતે વાકેફ છે તે બેજન જેહાનમાં મારો કેવો દિલસોજ અને મદદગાર એક પુરો બેટો હતો. પણ મારી બદબખતીને લિધે તે હાલે મારાથી છુટો થયો છે અને હું એ રીતે અઝડાહના દાચાંમાં પડયો છું" પછી તે પાછી ગુરગીનને વાત પુછવા લાગ્યો કે "તેની સાથે જમાનો સરવાતમાં કેવા નિવડયો હતો? હવે શું જમાનાએ કોઇ બીજાને તેની જગ્યાએ ચુટી કાઢયો છે? શુ તે તારી નજર આગળથી (ખરેખર) ગુમ થયો છે? મને કહે કે તે બુરા લોકોથી તેના ઉપર શું ગુજર્યું છે? શું તેના ઉપર આસમાનનો ફાંસો આવી પડયો છે? એવો કયો દેવ તેની આગળ જંગલમાં આવ્યો કે જેણે તેનો નાશ કીધો અને તેને બરગસ્તે હાલ બનાવ્યો? તુને તેનો આ સ્વાર વગરનો ઘોડો કયાંથી મલ્યો? અને બેજન તારીથી કયાં છુટો પડયો?" ગુરગીને તેને જવાબ દિધો કે, "તું શાંત થા અને એ કામ કેમ બન્યું, ત્યા શુ શુ બનાવ બન્યા, તેણે તે ભુંડો સાથે જંગલમાં કેમ લડાઇ કીધી તે માટેની આ સઘલી મારી વાત ખુલ્લા કાનથી સમજી લે એ તુ હમેશા તખતને દિપાવનારા પેહેલવાન! મારી આ વાત સમજીને તું વાકેફ થા. અત્રેથી હમો ભુડો સાથે લડવા ગયા પછી હમે આરમીન્યા જઇ પુગ્યા જ્યા હમે એક જંગલને ખેતર માફક તમામ વેરાન થયલું જોયુ. ત્યાના ઝાડો ઉખેડાઈ ગયલાં અને ખેતરો વેરાન બનેલા હતાં ત્યાંની તમામ જગ્યા ભુડોનુજ રહેઠાન બન્યાથી ત્યાના તમામ શેહેરો પણ વેરાન થયાં હતાં જ્યારે હમે નેજા ઉઠાવીને તે જગલમાં લડવા માટે પોકારો કરવા લાગ્યા ત્યારે ત્યાં પાહાડ જેવાં મોટાં ભુડો આવવા લાગ્યા. તેઓ છુટા છુટા નહી પણ ઠારેઠાર ટોલાબંધ જણાતાં હતાં આથી અમો પણ સિંહો માફક લડાયક બન્યા અને દિવસ વહી જવા છતાં હમો લડતા ઠાકયા નહી હમોએ હાથી-ઓની માફક તેમનો નાશ કીધો અને તેઓનાં દાંતો ખીલા વડે તોડી કાઢયા. પછી હમો ત્યાંથી આખે રસ્તે ખુશાલી પાળતા અને શેકાર કરતા ઈરાન તરફ આવવા નિકળ્યા તેવામા એક ગોરખર કે જેના જેવુ ખુબસુરત ગોરખર કોઇએ પણ જોયુ હશે નહી તે હસુને જંગલમાં જણાયુ. તે રગે ગોલાબી હતુ

અને તેના ઉપર બગલાના રંગ જેવા બાલો હતા. તે બામદાદ જેવું રલ્યામતું અને પાહાડી બકરા જેવા ચેહરાનું હતું. તે સીમુર્ગની માફક પાંખ(યાને દોડવાની જડપ) ધરાવતું હતું અને તેની પોલાદ જેવી ખરી હતી. તેનું માથુ, કાન અને પુછડી બેજનના ઘોડા જેવીજ હતી તેની ડોક સિંહ જેવી અને ચલનમાં તે પવન સરખુ હતુ તું કેહેશે કે તે (રૂસતમના) રખશનીજ તોખમ ધરાવે છે અને જાણે તે વસત જેવી ખીલતી ખુબસુરત ઓરતજ છે. મેં આવી સગારવાલી વસતની મોસમ પણ જોઇ નથી. જયારે આવું સગરાયલુ ગોરખર બેજને જોયુ ત્યારે તેના દિલમાં તે ગોરખરથી ઉલ્લટ ઉપજી તેથી તેણે પોતાના ઘોડાને દોડાવી મુકયો. જાણે તેની ખરી પથર સાથે તક્કર ઝીલવા લાગી. જેવો બેજન તે ગોરખર આગળ જઇ લાગ્યો તેવોજ તું કહેશે કે તે જાણે પ્રકાસ્તા સુરજ જેવુ બની ગયુ. તે બેજન આગળ એક મોટો હાથી જેવુ બનીને આવ્યુ અને બેજને તેના માથાં ઉપર કમદ ફેકી પણ તે કમંદ ફેકતાંજ ગોરખર તેનેજ ધસડવા લાગ્યુ. ગોરખર આગળ અને બેજન તેની પછવાડે દોડવા લાગ્યો ગોરખરના અને તે સ્વારના દોડવાથી ઉડી રહેલી થુલથી તે જગલમાં જાણે ધુમાડો ફેલાઇ ગયો. તુરતજ જમીન દરીઆ માફક ઉછલી રહી અને તે કમદ ફેકનાર બેજન અને ગોરખર બધે ત્યાંથી બેમાલુમ થઈ ગયા હુ પણ તેઓની પુઠે તમામ જગલમાં અને પાહાડ ઉપર ભટકવા લાગ્યો. દોડતાં દોડતાં મારો ઘોડો પણ ઠાકી ગયો. એ રીતે તેની પુઠ પકડયાથી આ ઘોડો અને જીન સિવાય મને જેહાનમાંથી બેજનની કાંઇપણ નિશાણ મલી નહી તેના ગમથી મારૂ દિલ આતશ માફક બલવા લાગ્યુ. અને હુ (મન સાથે) બોલવા લાગ્યો કે 'તેણે ગોરખર સાથે કાંય લડાઇ કીધી હશે?' હુ તે જગલમાં ઘણો વખત થોભ્યો અને તેને ચોબાજુએથી હાંક મારયા પછી તે જોરાવર ગોરખર સફેદ દેવ હશે એમ સમજીને હું નાઉમેદ બની ત્યાંથી પાછો ફર્યો."

જ્યારે ગેવે તેની આવી હીકમત ભરી વાતો સમજી ત્યારે તે સમજી ગયો કે તેનાજ કામથી તેનો નાશ થયલો હોવો જોઇએ તેને ગુરગીનની તમામ વાત મુરખાઇ ભરી લાગી. વળી તેની આંખો હમેશ કરતાં વધારે ચલકતી જણાઇ તથા તેનો ચેહેરો પાદશાહની ફીકરથી ઉટરી ગયલો, શરીર ધ્રુજતુ અને દિલ ગુનાહભર્યું જણાયુ જ્યારે ગેવે પોતાનુ ફરજંદ ગુમ થયલુ જોયુ અને તેને તેની વાત જોડી કાઢેલી લાગી ત્યારે હારેમને ગેવના દિલને ભમાવ્યુ તેથી તેણે ત્યાં માર્ગમાંજ તેનો નાશ કરવા ધાર્યો અને ગમે એવી શરમ પોહોચે તોપણ તેણે ગુરગીન ઉપર પોતાના એક પુરા બેટાનું વેર લેવા ધાર્યું. લાંબો વિચાર કરતાં પણ તેને આશાનું જરાએ કીરણુ નહી માલણ પડયાથી તે બોલ્યો

કે, "ગુરગીન પોતાની ઈચ્છામાં ગમે એવો હારેમન જેવો હોય તોપણ તેને મારી નાખ્યાથી મારા હાથમાં શુ આવવાનું છે. જોકે તેણે એ કામમાં ઠગાઈ વાપડી છે તો પણ હુ તેની ડોક મારે હાથે કાપવા માંગતો નથી.[1] તેનો જીવ લેવાથી એજનને શુ ફાયદો થનાર છે? માટે એ બાબે હુ કાંઈ બીજોજ ઈલાજ કરીશ. હુ તેને પાદશાહ આગળ લેઇ જાઉ કે જેથી ગુરગીનનેજ મોઢેથી તેનો ગુનાહ ત્યાં જાહેર થઇ જશે. પછી તેના ઉપર કીનો લેવાનુ મારે માટે કાંઈ ઘણુ કામ રેહેશે નહી. તેથી મને મારો ભાલો હાલે ફોકટમાં દિવાલ ઉપર અજમાવવો જોઇતો નથી" પછી તેણે મોટેથી પોકારીને ગુરગીનને કહયુ કે, "ઓ નુકસાન ભર્યા બુરી કરણીના રીમન શખ્સ! મારો ચદ્ર જેવો પ્યારો બેટો કે જે સ્વારોનો વડો અને મારે મનથી પાદશાહ જેવો હતો તેને તે જ ખુચવી લિધો છે. તે મને મુશકેલીમાં નાખીને તે બેટા માટેના ઈલાજ માટે જેહાનમાં ભટકતો કીધો છે. તારી આવી કાવાદાવા ભરી વાતોથી હુ હવે આરામ, ઉંઘ અને ધીરજ કેમ મેલવશ? હુ જ્યાં સુધી પાદશાહને મલું ત્યાં સુધી તુને બ ધીવાન કીધા સિવાય બીજો કાઈ ઉપાય નથી. પછી મારા તે અનુભવી બેટા માટે હુ તારી ઉપર મારા ખજરથી કીનો લેવશ."

ગુરગીન ઉપર કયખસરૂ ગુસ્સે થયો અને તેને બંધીખાને નખાવ્યો તે વિષે.

પછી તે આંખોને આંસુભરી બનાવીને ત્યાંથી કીનાભર્યા દિલ સાથે પાદશાહ આગળ આવ્યો અને તેને દુવા કીધી કે, "ઓ પાદશાહ! હમેશા તુ જેહાનનો ભોગવતો ખુશાલી સાથે કરજે ઓ નેક બખ્ત પવિત્ર પાદશાહ! શુ તુ મારી ઉપર વીટેલુ જાણતો નથી? મારો દુન્યામાં એક પુરો બેટા હતો જેનાથી હું રાત અને દિસ ખુશ રેહેતો હતો અને જેના જીવને દુખ પુગયાની ધાસ્તીથી હુ રડયા કરતો હતો અને તેને ખોહી દેવાની ધાસ્તીથી હુ બલી મરતો હતો ઓ પાદશાહ! હાલે ગુરગીન મુસાફરીથી પાછો ફર્યો છે પણ મને તેનુ બોલવુ બકબક ભર્યુ અને તેનુ અ ત કરણ ગુનાહભર્યું દિસે છે તે મારા પવિત્ર, નામદાર અને મારા સલાહકાર બેટા માટેની બુરી ખબર લાવ્યો છે. તેનો એક ઘોડો કે જેના ઉપર ઉધું જીન લટકેલું છે તેના સિવાય તે બેજનની બીજી કાંઇ ખબર લાવ્યો નથી. માટે ઓ મારા પાદશાહ! જો તું એ બાબે ઉંડી તેહકીક કરશે તોજ આ કામમાં મને ઈનશાફ આપેલો ગણાશે. માટે મને તું ગુરગીન પાસે ઈનશાફ અપાવ કારણકે તેનાથી મારી જીંદગી ધુલ બરોબર થઈ

---

1 એ બેત લખેલી નકલમા વધારે છે.

છે." આથી ગેવનું તે પાદશાહ દુ;ખી દિલ જોઇ ગમગીન બન્યો અને માથે ગુસ્સા સાથે કોલાહ પેહેરી. પાદશાહનો ચેહેરો પણ તખત ઉપરથી ફીકકો જણાયો. બેજનના ગમથી પાદશાહનુ દિલ દુ:ખી બન્યાથી તેણે ગેવને પુછ્યુ કે "તે નેકબખ્ત બેજન કયાં છે? અને ગુરગીન તે બાબે શુ કહે છે?" આથી ગેવે ગુરગીનથી પોતાના બેટા માટે જે વાત સમજી હતી તે ખસરૂ આગળ કહી સમજાવી. જ્યારે ગેવને મોઢેથી ખસરૂએ એવી વાત સમજી ત્યારે તેણે તેને કહયુ કે, "એ બાબેનો તુ વિચાર ના કર અને રડ ના કારણકે મને તો બેજન જીવતો હોય એમ લાગે છે માટે તુ ખુશી થા અને તે ગુમાયલાં ફરજંદ માટે ઉમેદ ધર. કારણકે મે હમણાજ હુશીયાર દિલના અને અક્કલભર્યા નામીચા મોબેદોથી એવી આગાહી સમજી છે કે, જયારે હુ ઇરાની સ્વારો સાથે બેધડક તુરાનના મુલક તરફ લડાઇ કરવા જવશ અને હુ સીયાવક્ષનો કીનો લેવાને મારાં લશકરને કુચ કરાવશ અને તે મુલકનો હાથીઓ મારફતે નાશ કરાવશ, ત્યારે તે કીના વખતે બેજન પણ મારી સાથેજ રહીને ત્યાં હારેમન માફક લડાઇ કરશે માટે જા અને એ બાબે તારાં દિલને તુ દલગીર ના રાખ. હુ પણ તેનીજ સોધમા રેહેવશ." આથી ગેવ ગમગીન દિલે અને આંખોમાં આંસુ સાથે તથા ફીકકા ગાલો સાથે દુખી બનીને ત્યાંથી ગયો. જ્યારે ખસરૂની દરબારમાં ગુરગીનને દાખલ કરવામાં આવયો, ત્યારે તેણે પાદશાહની દરબારને પેહેલવાનોથી ખાલી થયલી જોઇ. દરબારના સઘલા પેહેલવાનો બેજનનો ગમ ધરીને ત્યાંથી ગેવની સાથે રૂડન કરતા ચાલી ગયલા હોવાથી જ્યારે તે મેહેલમાં પાદશાહની હજુરમા આવયો ત્યારે તેનો જીવ પોતાના બુરા વીચાર માટે શરમીંદો બન્યો તેણે કએખસરૂ સામે આવી લાગતાંજ જમીનને બોસો લેઇને પાહશાહની તારીફ કીધી. પછી તેણે તખત નજદિક ભુડોના પોલાદ જેવા દાંતો મુકીને નમન કરતાં બોલ્યો કે, "ઓ ખસરૂ! દરેક કામમાં તુ ફતેહભર્યો રેહેજે તારા તમામ દિવસો નોરોજના જેવા ખુશાલી ભર્યા બનજો. આ ભુડોનાં માથાં જેમ કપાયલાં છે તેમજ તારા દુશમનોના માથાં પણ કપાયલાં બનજો" પછી પાદશાહે તે ભુડોના દાંતો તરફ નજર કીધી અને તેને પુછ્યુ કે, "તારી મુસાફરી કેવી નિવડી? તારીથી બેજન કેમ છુટો પડયો? તેના ઉપર હારેમને કેમ બુરાઇ પુગાડી?" જેવું ખસરૂએ તેને એ પ્રમાણે પુછ્યું તેવોજ ગુરગીન દુ:ખી થઇને તે જગ્યાએ ઉભોજ રહયો. તેનાથી વધારે બોલી શકાયું નહી, પણ તેનો ચેહરોજ ગુનાહ જાહેર કરવા લાગ્યો. તેનો ચેહેરો પાદશાહની ધાસ્તીથી ફીકકો બન્યો અને તેનુ શરીર ધ્રુજવા લાગ્યો પછી તેણે તે જગલ માટેની તથા પેલાં ગોરખર માટેની કેટલીક નહી ઘટતી વાતો કીધી. જ્યારે ઉલટપાલટ તપાસ

કરતાં તેની વાતો ટકી શકી નહી ત્યારે પાદશાહે ચીરડાઇને તેને પોતાના તખત આગળથી હાંકી કાઢયો. તેને ખસરૂએ ચરેલાં મગજનો અને બુરા વિચારનો ધારી લિધો તેથી તેણે તેને ઠપકો આપતાં કહયુ કે, "શુ તે આગળ દસ્તાને કહી સમજાવેલી વાત સમજી નથી? કે, જો ગોદરેજના ખાનદાન ઉપર એક સિંહ પણ કીનો લેવાની કોષેશ કરે તો તેનુ જલદીથી મોત આવી જાય છે.' જો તુને તારાં બુરાં કામોની સજા કયામતને વખતે યજદાંનની આગળ થવાની હતે નહી તો હું તારા માથાંને હારેમનના પક્ષી માફક શરીરથી જુદુ કરાવતે." પછી ખસરૂએ લુહાડને એવો હોકમ કીધો કે, "એક ભારી બેડી અને ખીલાઓ તૈયાર કર અને તેમા ગુરગીનના પગો બાંધ, કે જેથી એ બધીખાનુ ભોગવવાથી આવા બુરા વિચારના શખ્સને ધડો મલે." પછી તેણે તુરતજ ગેવને કેહેવા માંડયુ કે, "તુ હુશીયાર થા અને દરેક ગમ અને દરેક ઠેકાણે બેજનની સોધ કરાવ. હમણા હુ પણ કેટલા લડાયક સ્વારોને દરેક બાજુ દોડાઉ છુ, કે જેથી બેજનની ખબર આપણને મલી આવે. આપણને એ કામમાં ચાલાકી સાથે ઉટાવલ કરવી ઘટે છે તોપણ જો તેની ખબર મલતા ઢીલ પણ થાય તોએ તુ તારી અક્કલને ખાલી કરી નાખતો ના: જ્યાં સુધી ફ્રરવરદીન મહીનો[1] આવી લાગે ત્યાં સુધી તુ થોભી જા. કારણકે તે વખતે સુરજનો પ્રકાશ ઘણો દિપી રેહેશે, તથા તે વખતે બાગો ફુલોથી ખુશનુમા દેખાશે અને ફુલોના ૫મરાત સાથનો પવન માથાં ઉપર છટકાવ કરશે તથા જમીન ઉપર લીલોટરીની ચાદર પંઠરાશે અને ફુલોના કયારાઓ ઉપરથી ફુકતો પવન રૂડનના પોકાર કરશે. તે વખતે મારી પાક ઇચ્છાઓ હોરમજદથી બર આવશે હુ તે યજદાંનની ફરમાવેલી બદગી કરશ અને પછી પેલી "જામે ગીતી નુમા" યાને તમામ જેહાનની ખબર આપનારી જામ[2] મગાવશ અને તે લેઇને પરવરદે-

---

૧ ફીરદુસી વસતની મોસુમ ફ્રરવરદીન મહીનાથી સરૂ થતી જણાવે છે જયાં જયા તે જમશેદી નોરોઝ વિષે લખે છે ત્યા તે એ નોરોઝને ફ્રરવરદીન મહીનો અને હોરમજદ રોજ પડતો જણાવે છે.

૨ એ "જામે ગેતી નુમા" ને "જામે જેહાનુમા" અથવા તો "જામે જમશેદ" ને નામે પણ ઓલખવામા આવે છે કેટલાકોએ જામને દારૂ પીવાના વાસન તરીકે ગણે છે તો કેટલાકો એક આરસી તરીકે ગણે છે કહેવામા આવે છે કે આગલા પાદશાહોને એ જામમા જોતાજ કાઇ પણ ગુમ થયલી ચિજનો પતો લાગી જતો હતો. એ જામમાં જોવાને માટેનો વખત ફકટ જમશેદી નોરોજનોજ દિવસ ગણાતો હતો, તે દિવસ સિવાય બીજે કોઇ વખતે તે જામમાથી ખબર મલતી હતી નહી એ જામ પાદશાહ જમશેદે બનાવેલી ગણવામા આવે છે અને જમશેદ પછી એ જામ પેહેડી દર પહેડી દરેક પાદશાહ પાસે સચવાયલી રેહેતી હતી. અગત્યની ખબરો મેલવવાને પાદશાહે

ગારની હજુર ખરે પગે બંદગીમાં ગુઝાવશ. તે જામમાંથી તમામ હફ્તેકેશ્વર દેખાશે તેથી તેમાંથી હું દરેક ખડ અને દરેક મુલક જોવશ. (તે જોતાં) હુ મારા ન્યાગાને કે જેઓ નામાંકીત પાદશાહો અને ભલા લોકો હતા તેઓની તારીફ ગાવશ ત્યારે બેજન જ્યા પણ હશે તે હું તુને કહી શકશ. મને તે જામમાંથી સઘલી વાત માલમ પડી આવશે." જ્યારે ગેવે એ વાત સમજી ત્યારે તે ખુશી થયો અને ફરજંદનો ગમ કરવાથી અટકયો. તેણે હસીને પાદશાહ ઉપર દુવા કીધી કે "જમીન અને જમાનો તારા વગરના રહેતાં ના. ઉચુ આસમાન તારીજ મરજી મુજબ ફરતું રેહેજો અને તુંને બુરી નજરથી નુકસાંન પુગતુ ના. ભલાઈના પોહોંચાડનારા યજદાંનની તારા ઉપર દુવા ઉતરજો, કારણકે તારાથીજ પાદશાહી તાજ અને વીટી સોભી રહે છે." જ્યારે ગેવ ખસરૂના તખત આગળથી ગયો ત્યારે ખસરૂએ ચોબાજુ સ્વારો દોડાવ્યા અને બેજનનો કાંઇ પત્તો પાંમવાને તેણે તમામ જેહાન આસપાસ સોધ ચલાવી. આથી ઈરાન અને તુરાનની તમામ જમીન ધુંડી વાલવામાં આવી પણ તેનો કાંઈ પત્તો મલ્યો નહી.

કએખસરૂએ બેજનને "જામેગીતી નુમાય"માંથી સોધી કાઢયો તે વિષે.

જ્યારે ખુશાલીભર્યો નોરોઝ નજદિક આવી લાગ્યો ત્યારે કએખસરૂને તે મુબારક જામની અગત્ય પડી ગેવ પણ ઉમેદ ભર્યા દિલ સાથે પોતાના બેટાની ખબર મેલવવાને ત્યાં આવી લાગ્યો જ્યારે ખસરૂએ ગેવનો કુમલાયલો ચેહેરો જોયો અને તેનું દિલ ગમથી દુખી જોયું, ત્યારે તે પાદશાહે ગેવ ઉપર મેહેરબાની કરીને તે હીરાજડીત જામ મંગાવી. પછી તેણે પરવરદેગારની બંદગી કરવા જવાને માટે એક રૂમી જભો પેહેરી લિધો. ત્યારબાદ તેણે જગત કરતા સનમુખ બંદગીના પોકાર કીધા અને તેની કેટલીક તારીફ ગાઇ. તેણે તે ઇનશાફી સાહેબ હજુર અરજ કરીને બુરી કરણીના હારેમન સામે મદદ ચાહી. પછી તેણે ત્યાંથી ભપકાથી તખત આગળ ચાલી આવીને માથે કેઆની તાજ પેહેર્યું. ત્યારબાદ તેણે તે જામ હાથમાં લિધી અને તેમાથી તમામ હફ્તેકેશ્વર

નોરોઝનેજ દિવસે એ જામનો ઉપયોગ કરતા. એ જામમાથી તમામ દુન્યાને લગતી ખબરો મલતી જણાવે છે કેટલાકોનુ એવુ મત છે કે પાદશાહ જમશેદ ખગોળ અને નજુમ વિધ્યામા ઘણોજ પૂરવીન હતો, અને તેણે પોતાના એ વિધ્યાના જ્ઞાનથી નજુમને લગતો એક નકસો બનાવ્યો હતો, કેજે તમામ તારાઓની ચાલની મુકરર ગણત્રી કરી ઉપજાવી કાઢયો હતો. નજુમ વિધ્યાના પુરવીનોને તેઓની દરેક બાબદની ગણત્રી માટે એ નકસો ઘણો ઉપયોગી થઈ પડતો હતો એમ જણાય છે.

જમીન ઉપર નજર ઠેરવી જોવા લાગ્યો. ઉચ્ચાં આસમાનનું કામ અને નિશાન શું છે, કેવી છે અને કેટલી છે તે તેમાંથી જણાઇ આવતું હતું. તે જામમાં મીનથી તે મેષ રાશી સુધીનાં તમામ ચીતારો પાડેલા હતા. તેમાં શું સની કે બરેસપતી કે મંગલ સેતારા તથા સિંહ રાશી તથા શું સુરજ કે ચંદ્ર કે સુકર કે બુધ તારાઓ વિગેરે ચિતાર્યું હતું તે ચાલાક પાદશાહે તેમાંથી જે કાંઇ બનવાનું હતું તે સઘલું જોઇ લિધું. પછી તેણે પોતાની આગળ તે જામ મુકીને જે કાંઇ વધતું ઓછું બનનાર હતું તે બાએ વિચાર કીધો. ૧ તેણે સાત ખંડોમાના દરેક ખંડ ઉપર નજર પુગાડી કે જેથી તેમાંથી બેજનનો પત્તો મલી આવે. એમ કરતાં તે કરકસારના મુલક આગળ આવી લાગ્યો અને પરવરદેગારની મેહેરથી ત્યાં તેણે બેજનને એક ઉંડા ખાડામાં ભારી સાંકલોથી બંધાયલો જોયો જ્યાંથી તે બેજન દુઃખને લિધે મોત માંગતો જણાયો. વળી એક પાદશાહી ખાનદાનની છોકરી ત્યાં તેના દારગા તરીકે કમર બાંધીને રહેલી જણાઇ. તુરતજ પાદશાહે ગેવ તરફ નજર ફેરવી અને હસીઓ, જેથી તેનું તખત પ્રકાશી રહયું. પછી તેણે તેને કહેવા માંડયુ કે, "હજી બેજન જીવતો છે, માટે તું તારા દિલને ખુશ કર અને તમામ બુરાઇઓથી તારા ઉચ્ચાં શરીરને ખાલી કર. જો તું ફીકર નહી કરે તો હું તુંને કહુ કે તે હાલે બેદીથી સીકરાઇને બંધીખાને પડેલો છે હવે પછી કદાચને તેના જીવને નુકસાંન પણ પુગે. કારણકે બેજન તુરાનના બંધીખાનામાં છે અને કોઇ ઉચ્ચ ખાનદાનની છોકરી તેના ચોકીબાન તરીકે છે બેજને ગુરગીનના કેહેવા ઉપર ધ્યાન આપ્યાથી હાલે તેના પગ આગળ તેના આંસુથી પુશકલ કીચલ બન્યુ છે. ૧ તેના ઉપર પડેલી પુશકલ શખતી, દુખ અને ગમથી હું પણ દુખી થાઉ છું. એ રીતે તે પોતાનો કાલ કાઢે છે અને તે વસંતના વાદલની માફક ચાલુ આંસુઓ પાડે છે. તે પોતાના સગાવાહાલા માટે નાઉમેદ બનીને નેતરના ઝાડ માફક તવાયલો અને ધ્રુજતો રહે છે. તેની બે આખો આંસુભરી અને દિલ દુઃખભર્યું છે. તે પોતાની જીભ વડે કુટુંબીઓનીજ યાદ કરતો રહીને વસંતના વાદલ માફક રૂડન કરે છે તથા તે તેવી જીંદગી વચે મોત માંગે છે. માટે હવે તેનો ઉપાય કરવા અત્રેથી કોણ જશે? અને કોણ એ કામ બજાવવાને કંમર બાંધી ઉભો થશે? અઝદાહના દાચામાં જવાનું કોણ ઇચ્છશે અને તેને કોણ દુખમાંથી છોડવશે. તિક્ષણ પંજાના રૂસતમ સિવાય બીજા કોઇને એ કામ ઘટતું નથી. કારણકે ઉંડા દરીઆમાંના મગરને બાહાર લાવનાર પણ રૂસતમજ છે. માટે તુ નીમરોજ તરફ જવાને તારી કંમર બાંધ અને તે મુસા-

---

૧. એ બેત લખેલી નકલમાં વધારે છે.

ફરી કરતાં માર્ગમાં રાતે કે દિસે આસાયશ લેતો ના. એ બાબે માર્ગમાં કોઈ આગળ પણ બોલ્યા વગર તું મારૂં નામું રૂસતમ આગળ લેઇ જા.",

ગેવ બેજનને છોડવી લાવવા માટેનું કએખસરૂનું નામું રૂસતમ આગળ લેઈ ગયો તે વિષે.

પછી ત્યાં એક મુનશીને બોલાવીને પાદશાહે તેને રૂસતમ ઉપર નામું લખવા ફરમાવ્યું. તેમાં મોટી પડવીના કએખસરૂએ પોતાના બેરખાહ રૂસતમ ઉપર લખાવ્યું કે, "ઓ હુનરમંદ પેહેલવાન જાદા! જેહાન પેહેલવાનો વચ્ચે તુંજ નામદારીભર્યો છે. મારા વડીલોની યાદગારી તારીથીજ સચવાઇ છે અને લડાઇ માટે તુંજ હમેશાં કંમર બાંધનારો છે. તારી ધાસ્તીથી તો મરદાનગી દેખાડતા વાઘો અને પોકાર મારતાં દરીઆના મગરો તુંનેજ પોતાની ગરદન સોંપી દે છે તું પાદશાહો અને કેઆનીઓના દિલ અને પીઠ જેવો છે અને દરેક શખ્સની ફર્યાદ સમજી (તેના તરફથી) કમરે કંમરબંધ બાંધનાર છે. માજનદરાનના દેવોથી જેહાનને ધોઈ નાખનાર તુંજ છે. અને બુરાઓના માથાં તેંજ ભાંજ્યાં છે તેં કેટલાબધા તાજદારોના માથાને તખત ઉપરથી છીનવી લેઇને તેઓનાં પાયતખ્તોનો નાશ કીધો છે. ઘણાએક દુશમનો તારાથી જીવ વગરના થયા છે અને ઘણાએક મુલકો અને શેહેરો વેરાન બન્યાં છે. તું પેહેલવાનોનો સરદાર અને લશકરનો કંમર કાંઠો છે, અને તુંજ પાદશાહો આગળ માન ધરાવનારો છે તારા ગુરજથી તમામ જાદુગરોને તેં તોડીને પાદશાહોના તાજોને દિપતાં બનાવ્યાં છે. શું અફ્રાસીયાબે કે શું ચીનના ખાકાને પોતાની વીટીમાં તારૂજ નામ કોતરાવ્યું છે. તારે હાથે જે ગાંઠ બંધાયો હોય તે છોડનારનું જીગર પણ તુટી જાય છે. તેવો ગાંઠ બાંધનાર અને છોડનાર ફકટ તુજ છે. કેઆનીઓ માટે તું એક મુબારક આસમાન (છતર) જેવો છે પરવરદેગારે તુંને હાલના વખત માટે એક હાથી મીસાલ પેદા કરીને તુંને આવી છાતી, બાજુ, હાથના પંજા અને મુબારક તોખમ બક્ષી છે. પાદશાહ કાઉસને તથા ગેવ, ગોદરેજ અને તુસને (માજંનદરાનના) બંધીખાનામાંથી છુટા કરનાર તું પોતેજ હતો. તેજ તારા ઇનશાફી હાથથી તેઓને અંધારા ખાડામાંથી પકડીને બાહાર કાઢીયા હતા. હાલે વળી તારે માટે શાબાશી મેળવવા લાયકનું એક કામ નિકલ્યું છે દેવ જેવા ચેહેરાના તુરકીઓથી ગોદરેજના કુટુંબીઓ ઉપર કદી પણ આવું કામ આવી પડયું નથી. અરમાનના રેહેવાશીઓ કે જેઓના તમામ ખેતરોનો ભુંડો નાસ વાળી નાખતા હતા તેઓ ઇનશાફ ચહાતા મારી આગળ આવ્યા હતા જે વિષેની બનેલી સઘલી વાતો મેં આ નામામાં જણાવી છે તથા

બેજન જ્યાં ગુમાયો હતો ત્યાંની જગ્યા પણ મેં તેમાં દર્શાવી છે. એવા કામને લિધે દુખી ગેવ પોતાના બાહુર બેટાને ખાતર મુસાફરી કરતો તારી સનમુખ આવ્યો છે. માટે એ સિંહ જેવા મોટા દરજ્જાના શખ્સ ! સપેહસાલાર ગેવે મરદાનગી બતલાવતાં શું શું કીધુ હતું તથા તે બાહુરે માજંનદરાનની લડાઇમાં પણ પોતાના ભારી ગુરજ સાથે હરોલમા રહીને શું શુ કરી બતાવ્યુ હતુ તેથી તો તું પોતે વાકેફ છે તે એક બુજોરગી ભર્યો પેહેલવાન તેમજ વળી તારો જમાઇ હોવાથી તેનાથી તારૂં સખી દિલ ખુશ રહે છે કદી પણ ગેવનુ દિલ (દુ:ખથી) એવું બન્યું નથી. પણ તેને બેજન માટે ઘણું દુ ખ વેઠવું પડયું છે, અને મેહેનતો ઉઠાવવી પડી છે. ઇસફાહાન, હમાદાન અને રએના તમામ લોકોએ (એ માટે) પોતાના પોશાક ફાડી નાખીને દિલ ધુલે ભર્યાં છે, તે દેવોને બાંધનારા નામદાર પેહેલવાન માટે મારૂં દિલ અને જીવ પણ દુખી બન્યા છે વળી એ બાબે ગેવ અને ગોદરેજ પણ તારા ઉપર ઉમેદ બાંધે છે, કારણ કે આજે તુંજ દરેક મુલકનો પેહેલવાન ગણાય છે. મારી આગળ તેઓ જે માન ધરાવે છે તેથી તેમજ તેઓની ખુશ જબાન, દિલ અને રાહારીતીથી પણ તુ વાકેફ છે. માટે તારે તેઓને એમ દુખમાં રાખવા જોઈતા નથી તુંને જે કાંઈ જોઇએ તે મારા માણસો અને ખજાનામાંથી તુ માંગી લેજે, કારણ કે એ ખાનદાનને કોઈપણ રીતનો ગમ લાગવો જોઇતો નથી જેહાનમા સૌથી વધારે દિપી રહેલા બેજનના ગુમ થયાની વાત તે તો સમજી હશે ગેવનો તેના સિવાય બીજો કોઈ બેટો નથી અને વળી તે બેટો તેને ઘણો મદદગાર હતો. તે મારી આગળ પણ પુશકલ માન ધરાવતો હતો. વળી તે મારો અને મારા ન્યાગાનોનો ખેરખાહ હતો. હાલે મેં તેની દરેક તરફ સોધ ચલાવીને તેને સોધી કાઢયો છે અને તમામ ભલું ભુડું મારી આગળ ખુલ્લુ થયું છે. હવે એ મારૂં નામુ લેઇને ગેવ પોતાના નામદારો અને સ્વારો સાથે તારી આગળ આવે છે. ૧ માટે જેવુ તું એ નામુ વાચે તેવોજ તુ થોભ્યા વગર ઉટાવલે ઉડીને ગેવ સાથે અત્રે આવજે કે જેથી આપણે સામતા મલી એ બાબે વધુ ઓછા મુબારક વિચારો જણાવ્યે. હમે તારી આગળ માણસો, ખજાનો કે જોઈતી ચિજો હાજર કરીશુ. તારાં મુબારક પગલાંથી તારી નામદારી વધશે અને તુરાનમાંથી તારી સઘલી ખાહેશ બર આવશે. માટે તારીથી જેમ બને તેમ બેજનનો છુટકારો કરી તુ તારા નસીબને ખીલતું બનાવજે. ”

પછી પાદશાહે તે નામા ઉપર પોતાની વીટી દાબીને મોહર કીધી અને તે નામુ લેઇને ગેવે પાદશાહની તારીફ કીધી. પછી તેણે ત્યાંથી બાહાર પડી

---

૧ એ બેત લખેલી નકલમાં વધારે છે.

પોતાને ઘરે જઇને સીસ્તાનની મુસાફરી માટે ઉટાવલે તૈયારી કરવા માંડી. તેણે ખોદાનું નામ લેઈ તેની મદદ ચાહીને પોતાના કુટુબના તમામ સ્વારોને તૈયાર કીધા. તેણે ત્યાંથી કુચ કરતાંજ એક શેકારને જડપે બે દાહાડાનો માર્ગ એક દાહાડે કાપવા માડયો. હીરમન્દ[1] નદી તરફનો રસ્તો પકડવાને તેણે જંગલ તરફ ચાલવા માંડયું અને એક બેપ્યાની જડપે દોડયો તેઓએ દુ:ખી દિલે પાહાડો અને જંગલો તરફ મોઢાં ફેરવીને રસ્તો કાપવા માંડયો. જ્યારે (જાબુલના) ચોકાબાને ચોકીની જગ્યાએથી ગેવને જોયો ત્યારે તેણે એ ખબર તુરત જાબુ-લમાં પુગાડી દિધી તુરતજ તેણે સામના બેટા દસ્તાન આગળ જઇને કહયું કે, "ઓ નેકનામ સરદાર ! કોઈ સ્વાર હીરમન્દ નદી આગળથી અત્રે આવતો જણાય છે, જેની પુઠે કેટલાક બીજા સ્વારો પણ છે. તે સ્વારે એક કાબુલી તલવાર ધરી છે અને તેની પુઠેથી એક ઝુન્ડો ઉડે છે." જ્યારે સામના દસ્તાને તે ચોકીબાનનો પોકાર સમજ્યો, ત્યારે તેણે ઘોડાને લગામ પોહવાને ફરમાવ્યુ. કદાચને તે કોઇ ફાનો લેવાને આવતો તો નહી હોય તે તપાસવાને તે માર્ગમાં સામો ઘોડો દોડાવતો ગયો પણ તેણે તો કુમલાયલા ચેહેરા સાથે ગેવને માર્ગમાંથી આવતો જોયો આથી તે ગભરાઇને દોડયો અને દિલ સાથે બોલવા લાગ્યો કે "વળી પાદશાહ કએખસરૂ માટે કાંઈ નવું કામ નિકળેલુ હોવાથી તેણે ગેવને કાસદ તરીકે મોકલ્યો હશે." જ્યારે તે પેહેલવાન અને સીપાઇઓ નજદિક આવી લાગ્યા ત્યારે તેઓ જાલની તારીફ કરતા આગળ આવ્યા. તેઓને દસ્તાને ઇરાનીઓની તથા પાદશાહ અને તુરાનના બુજોર્ગોની ખબર અંતર પુછી. તુરતજ પેહેલવાન ગેવે જબાન ખોલીને તે છુપી ખબર તેને કહયા પછી તેણે તેને બુજોર્ગોની તથા પાદશાહ અને મુબારક તોખમના બાધુરોની દુવા પુગાડી. ત્યાર બાદ તેણે દસ્તાન આગળ પોતાના દિલના દુ:ખની અને પોતાના ખોવાયલા બેટાના ગમની વાત કહી. પછી તેણે જાલને પુછ્યુ કે "શુ તું મારાં મોઢાંનો રંગ તથા મારા બુતનુ ચામડું આંસુ તીપકાવાથી વાઘના જેવું બનેલુ જોતો નથી ? મને દિસના કરાર કે રાતે ઉંઘ નથી. મારૂ દિલ ચાલુ દુખમાં ગીરફતાર છે" જ્યારે દસ્તાને એ પ્રમાણે સમજ્યું ત્યારે તે પણ દુખી થયો. તેના ગાલ ઉતરી ગયા અને તે પણ રૂદન કરવા લાગ્યો. પછી ગેવે તેને રૂસતમ માટેની ખબર પુછતાં કહયુ કે "રૂસતમ કયાં છે ?" જાલ બોલ્યો કે, "રૂસતમ ગોર-ખરના શેકારે ગયો છે અને તે સુરજ અસ્ત પાંમતાં આવી લાગશે" ત્યારે તે બોલ્યો કે, "મારે તો ત્યાંજ જવુ પડશે અને મોઢે મોઢું મલવુ જોઇશે. કારણ કે હું તેને માટે ખસરૂ તરફનું એક નામુ લાવ્યો છું." દસ્તાને તેને કહયું

[1] એ હીરમન્દ નદી સીસ્તાનમાથી વહે છે.

કે "તારે ત્યાં જવાની અગત્ય નથી. કારણકે તે પેહેલવાન શેકારેથી જલદિ પાછો ફરનાર છે. તેથી રૂસતમ આવે ત્યાં શુધી તું ધરેજ થોભીને આજની રાત તું હમારી સાથે ખુશીમાં ગુજાર." આથી તે બધે જાલના મેહેલમાં આવ્યા અને ત્યાં એ વાત ઉપર તે બધેએ વિચાર ચલાવ્યા ગેવના મેહેલમાં આવી લાગતાંજ તેહમતન પણ ત્યાં શેકારેથી આવી લાગ્યો. તેના નજદિક આવતાંજ ગેવે સામો જઇને ઘોડેથી ઉતરી તેને નમન કીધુ રૂસતમે ગેવનું દિલ દુખી અને ચેહેરો આંસુ ભર્યો જોયો. ગોયા તેની આંખોમાંથી આંસુની નદીજ વેહેતી જણાઇ. જ્યારે રૂસતમે ગેવનું દિલ દુખી અને ચેહેરો આંસુથી ધોવાયલો જોયો ત્યારે તે દિલ સાથે બોલવા લાગ્યો કે "કદાચને ઇરાનમાં તે મોટા નસીબના પાદશાહનું કાંઇ કામ બીગડયું હશે.'' પછી તેણે ઘોડા ઉપરથી ઉતરી તેને બગલગીરી કીધી અને તાજવર ખસરૂ માટે તથા ગોદરેજ, તુસ અને ગસતહમ માટે તથા લશકરના તમામ પેહેલવાનો માટે તથા શાપુર, રેહામ, બેજન, ફરહાદ, ગુરગીન અને બીજા દરેક માટે વધુ ઓછી ખબર પુછી જ્યારે ગેવે બેજનનુ નામ કાંનથી સમજયું ત્યારે તેનાથી તેની મરજી ઉપરાંત બુમ પડાઇ ગઇ થોડો વખત સુધી ગેવે રૂડન કીધુ અને પછી તેણે પીલતન પેહેલવાનની તારીફ કરતાં કહયુ કે, "ઓ તારીફને લાયકના જમીનના તમામ નામદારોના સરદાર! બુરા નસીબને લિધે મારા ઉપર કેવી આફત ગુજરી છે તે તું જો. તારો ચેહેરો જોઇને તથા તારી માયાકુલ પુછપરછ અને વાત સમજીને હુ ઘણો ખુશ થયો છુ એવી તારી વાતથી જીવ વગરનો શખ્સ પણ પાછો જીવ મેલવી શકે અને બુઢા જુવાન બની જાય. તેં જેઓનાં નામ દિધાં તે સઘલા તનદરોસ્ત છે. બેજન સિવાય તેઓએ પણ તુંને દુવા સલામ કહેવાડી છે. ઓ બાધુર પેહેલવાન! બેજનના બધીખાનાની અને તેના ઉપર ગુજરતાં દુખોની મને કોણ ખબર પુગાડશે? મારાં બુરા નસીબે મારા બુઢાપામાં મારી ઉપર શુ વિટયુ છે તે તુ શું જાણે? જેહાનમાં મારો તે એકપુરો બેટો કે જે પવિત્ર અને મારો રેહેનુમા હતો તે મારી નજર આગળથી ગુમ થઇ ગયો છે. કોઇના પણ કુટુંબ ઉપર એવો ગમ આવી પડયો હશે નહી. તેથીજ તું જેમ જોય છે તેમ હું રાત અને દિશ કકડતા તડકામાં ઉટ ઉપર મુસાફરી કરતો અત્રે આવ્યો છું. ૧ મેં બેજન માટે જેહાનમાં રાત અને દિસ દરેક શખ્સથી સોધ ચલાવી હતી. પણ હાલે પાદશાહે ખરે પગે પરવરદેગારની બંદગી કરીને પેલી "જામે ગેતીનુમા"માંથી તેને સોધી કાઢયો છે. ફરવરદીન મહીનો અને હોરમજદ રોજના કેઆની જશનને ૨ દીને તેણે ઘણી અરજ-

૧ એ બેતનો તરજુમો લખેલી નકલ મુજબ કીધો છે. ૨ એ જશન તે જમશેદી નોરોજનું જશન છે. એ જશન બરોબર ફરવરદીન મહીનો અને હોરમજદ રોજે

ગુજારી સાથે દાદારની બંદગી કીધા બાદ તે આતશ કદેહમાંથી પાછો આવીને માથે તાજ પેહેરી, કંમર બાંધીને તખતે બેઠો. પછી તેણે તે પ્રકાશતી જામને પોતાની આગળ મુકીને તેની રીત પ્રમાણે તેમાંથી દરેક તરફ જોવા માંડયું. તેમ કરતાં તેણે તેનો પતો તુરાનમાંથી મેલવ્યો છે. કારણ કે બેજન પડતા દહાડાને લિધે હાલે ત્યાં ભારી બેડીમાં શીકરાયલો છે. જેવું કએખશરૂએ તે જામમાંથી એ પ્રમાણે સોધી કાઢયું તેવોજ તેણે મને તું પેહેલવાન આગળ ઉટાવલે મોકલ્યો છે. તેથીજ હું ઉમેદ ભર્યો બની ફીકકા ચેહેરા અને જાખ મારેલી આંખો સાથે અત્રે આવ્યો છુ. એનો ઉપાય કરનાર જેહાનમાં ફકટ હું તુંનેજ જોઉ છુ અને દરેકની ફર્યાદને પોહંચવાને કમર બાધનારો પણ તુજ છે" એમ કહેતાં તેની આખો આંસુથી ભરાઈ ગઇ અને તે જીગરમાંથી થડી હાએ મારવા લાગ્યો પછી તેણે તે નામુ રૂસતમને આપતાં ગુરગીનના તમામ કામોની વિગત તેની આગલ કહી. રૂસતમે આંસુભરી આંખો સાથે તે નામું તેની પાસેથી લિધુ. તેનુ તમામ દિલ અફરાસીયાબ ઉપર કીના ભર્યું બન્યુ અને તેણે બેજન માટે જારજાર રડીને આંખોમાંથી આંસુ પાડયાં. કારણ કે તેઓ લાંબા વખતથી સગા બનયા હતા. નામદાર રૂસતમની બેટી ગેવની ઓરત થતી હતી તેમજ વળી ગેવની બેહેનને પીલતને ઓરત બનાવી હતી. તે બાધુર ઓરતથીજ પેહેલવાન ફરામરજ જનમ્યો હતો. વળી અન્જુમન વચે નામદારી પાંમેલો પેહેલવાન બેજન પણ પીલતનની બેટીથી જનમ્યો હતો. આથી રૂસતમે તુરતજ ગેવને કહયુ કે "તું એ માટે ફીકર ના કર. કારણ કે હવે રૂસ્તમ બેજનનો હાથ પોતાના હાથમાં પકડયા વગર અને તેની બેડી તથા બધીખાનું તોડયા વગર પોતાના રખશ ઉપરથી નિચે ઉતરનાર નથી. પરવરદેગારની મદદથી અને પાદશાહના હોકમથી હું તેને તે અંધારા ગોફામાંથી બાહર કાઢશ." પછી ત્યાંથી તેઓ રૂસ્તમના મેહેલમાં ગયા અને રસ્તે ચાલતાં ત્યાં જવાનો વિચાર ચલાવ્યો. જ્યારે રૂસતમે તે પાદ-

---

યાને ખ્રીસ્તીઓની તારીખ ૨૧ મી મારચે પડવું જોઇએ, કે જે વખતે સુરજ મેષ વીસુવ (Vernul equinox) મા દાખલ થાય છે હાલે આપણો નોરોજ યાને નવું વર્ષ ફરવરદીન મહીનો અને હોરમજદ રોજે પડે છે ખરો, પણ તે જેમ મેષ વીસુવના હીંગામ ઉપર પડવો જોઈએ તેમ પડતો નથી એનું કારણ એજ કે જેમ આપણા કદીમ ન્યાગાનો વર્ષની કસરની ગણત્રી કરી દર ચાર વર્ષે એક દિવસનો ઉમેરો ગણતા હતા તેમ હાલે આપણે કોઈપણ રીતે ઉમેરતા નથી. તેથી આપનો નોરોજ હાલે પડતા જમશેદી નોરોજથી દૂર પડી ગયો છે. જમશેદી નોરોજ એજ જરથોસ્તીઓનો ખરો નોરોજ છે. પણ દર ચાર વર્ષની કસર ગણત્રીમાં નહી લેવાતી હોવાથી આપણા તમામ જશનો પોતાના નેમેલે વખતે પડતા નથી.

શાહનું નામુ વાંચ્યું ત્યારે ખસરૂના નામાંનુ લખાણ વાંચીને તે અજબ થયો. તે નામામા લશકરના તે નામદાર પેહેલવાન ઉપર જેહાનના પાદશાહે પુશકલ દુવા કીધેલી હોવાથી તેણે તુરતજ ગેવને કહયુ કે, "હું પાદશાહના હોકમ મુજબ મુસાફરી કરવાની ઉટાવલ કરશ અત્રે સુધી આવતાં તુને જે મેહેનત ઉઠાવવી પડી અને આવો મુશકેલ માર્ગ કાપવો પડયો તે ઉપરથી હુ તારૂં આ દુઃખ અને ગમ સમજી શકયો છું. દરેક જગ્યાએ કીનો લેતાં તુ મારી સાથેનો સાથે રેહેનાર હોવાથી હું તારે માટે પુશકલ માન ધરાઉ છુ સીયાવક્ષનો તેમજ બાજનદરાન ઉપર કીનો લેવાને વખતે તુજ કમર બાંધીને બાહાદુરોની હરોલમા રહયો હતો તારા દીદાર જોઇ હું ઘણો ખુશી છુ તેમજ વળી બેજન માટે હુ દુખી પણ છું માટે તુને આટલો બધો સોગ કરતો અને જમાનાથી તુટેલા દિલનો બનેલો મારે જોયા કરવો ઘટતો નથી હવે આ નામું પાદશાહ તરફથી આવેલુ હોયાને લિધે તેના હોકમ મુજબ મારે રસ્તો કાપવો ઘટે છે. તારે માટે પણ મારૂ જીગર ચીરાઇ જાય છે અને તેથીજ હું બેજન માટે એ કામ બજાવવા કંમર બાંધુ છું જો પરવરદેગાર મારા જીવને મારા શરીરમાંથી છીનવી પણ લેશે તોએ હુ એ કામ બજાવવાની કોશેશ કરશ. હું બેજન માટે મેહેનત ઉઠાવવાની જરાએ વાન કરશ નહી પણ મારો જીવ, મારા માણુસો અને મારો ખજાનો હુ તેને માટે ફીદા કરશ જેહાનના ફતેહમદ પાદશાહના નસીબથી અને પરવરદેગારની મદદથી હું મારી કંમર બાંધશ અને તેને બંધીખાનામાંથી અને અધારા ખાદામાથી છુટો કરી લાવીને નામદાર ખસરૂના તખત આગળ હાજર કરશ માટે તુ ત્રણ દિવસ મારે ઘરે ખુશાલી ભોગવતો રેહે અને દારૂ પીને ગમ દૂર કર મારા ઘર સાથે તારાં ઘરને જુદાઇ નથી મારો અને તારો જીવ, શરીર, ખજાનો અને સઘલુ એકજ છે. ત્રણ દીવસ આપણે ઘરમાં ખુશાલી ભોગવતા રહીશુ તથા પેહેલવાનો અને પાદશાહની યાદમાં સલામતી ચાહીશુ ચોઠે દાહાડે આપણે ઈરાન તરફ જઇશુ અને પાદશાહના હોકમ મુજબ બાહાદુરી બજાવીશું." રૂસતમના એ પ્રમાણે કહેતાજ ગેવે ઉભો થઇને તે પેહેલવાનના હાથ, પગ અને કપાલ ઉપર બોસા લિધા પછી તેણે તેને દુવા દિધી કે, "ઓ નામદાર! તું તારા જોર, મરદાનગી, નસીબ અને હુનર સાથે તથા તારાં આવા શરીર, હાથી જેવુ જોર અને મોબેદ જેવી અક્કલ સાથે આવીજ રીતે જાવેદાન સુધી જીવજે. દરેક ભલા કામમાં તું જશ પાંમજે અને એજ રીતે મારા ગમનો કાત દૂર કરી મારાં દિલને પ્રકાશતું બનાવજે" જ્યારે રૂસતમે ગેવનુ દીલ ખુશ થયલુ જોયુ ત્યારે તેણે પોતાના કામનું પણ સારૂં સેવટ જોયું તેણે બાવરચીના વડાને ખાણુ હાજર

કરવા તથા બુઝર્ગો અને દાનાવોને બોલાવી લાવવા ફરમાવ્યું. આથી તે પેહેલવાન સરદાર સાથે જવારેહ, ફરામરજ, દસ્તાન અને ગેવ ખાણા ઉપર જમવા બેઠા જ્યારે તેઓ નાન ખાઇને પરવાર્યા ત્યારે ગાયન અને દારૂ સાથની બેઠક કરવામાં આવી. તેના જવેહરાતથી સણગારેલા દીવાનખાનામાં ગવૈયાઓ અને દારૂ પીરશનારાઓ આવી લાગ્યા દરેકે પોતાના હાથમાં માણેકના રંગના દારૂની જામ પકડી અને ચંગ વાજીત્રના અવાજ વચે તેઓએ દારૂની જામો ખાલી કરવા માંડી. રૂસતમે ત્રણ દિવસ સુધી જવાની ઉટાવલ કર્યા વગર પોતાના મેહેલમાં દારૂ પીઆ કીધો. તેઓએ તે ત્રણ દીવસ અને રાત ખુશાલી સાથે મોજ મજાહમાં ગુજારી ચોઠે દાહાડે જ્યારે જવાનો વખત નજદિક આવ્યો ત્યારે તેઓએ ત્યાંથી સરસામન ઉઠાવ્યો. રૂસતમે તમામ સામન બાંધવાનો અને ઇરાન તરફ જવાની તૈયારી કરવાનો હોકમ કીધો તેણે પોતાના મુલકના બાહાદુર સ્વારોને પણ પોતાની સાથે લેઈ જવા તૈયાર કીધા. પછી તેણે કમર બાંધીને રૂમી લેબાસ પેહેર્યો અને રખશ ઉપર જઇ બેઠો તેણે જીન ઉપર પોતાના બપાત્રાનો ગુરજ લટકાવ્યો. રૂસતમનું મગજ લડાયક અને દિલ ઉપાય માટે વિચારવંત બન્યુ. તેના રખશના કાન આસમાન તરફ ઉચા થયા અને તે તાજબક્ષ રૂસતમનું માથું સુરજથી પણ ઉચું ચઢયું. પછી જેમ કરવું ઘટતું હતું તેમ કરીને ત્યાંથી તેઓ જાલ અને ફરામરજને છોડી ચાલ્યા તેણે લશકરમાંથી એકલાખ લડાયક જાબુલીઓને ચુટી કાઢયા અને પછી પોતે ગેવ સાથે ત્યાથી જવાને નિકલ્યો. તેઓએ પોતાની સાથે જે કાંઈ લેઇ જવા જોગું હતું તે લેઈ લિધું અને ફરામરજને જાબુલમાં રાખ્યો. પછી તેઓએ ઇરાન તરફનો રસ્તો લિધો અને આખે રસ્તે કીનાભર્યાં દિલે ચાલ્યા કીધા. જ્યારે રૂસતમ ઇરાન નજદિક આવી પુગ્યો અને તેને કએખસરૂનું પાયતખ્ત દેખાવા લાગ્યુ, ત્યારે મધ જેવો મધુર પવન ફુકીને રૂસતમને માયાભરી ખુશાલી સાથે આસમાન તરફથી દુવા પુગાડવા લાગ્યો. તેટલામાં ગેવે રૂસતમને જઇને કહયું કે, "તું પેહેલવાન ત્યાં આવી લાગે તેની અગાઉ હુ અત્રેથી જઇને તેહેમતન રખશ ઉપર રસ્તો કાપતો આવી લાગે છે એવી ખબર પાદશાહને પુગાડું." રૂસતમે કહયું કે "ખુશીથી જા અને પાદશાહને પણ ગમથી મોકલો થવાને કહે." આથી પેહેલવાન ગેવ રૂસતમ આગળથી જતાંજ જેહાનના પાદશાહની દરબારમાં દાખળ થયો અને તેણે પાદશાહ આગળ જઇ તેના તખતને બોસો લેઇને તેને તે ખુશાલીભરી ખબર આપી. કએખશરૂ આવતાંજ તેણે નમન કરીને તેની આગળ કેટલીક તારીફ ગાઈ. પાદશાહે ગોદરેજના બેટા ગેવને પુછયું કે "રૂસતમ કયાં છે? અને તે અત્રેથી કેટલો દૂર છે?" ગેવે તેને જવાબ દિધો કે, "એ

નામદાર પાદશાહ! તારા નસીબે કોઇપણ કામ પાર પડે છે. રૂસતમ તારા હોકમથી જરાએ ફર્યો નથી પણ તેના દિલને તો તારો હોકમ બજાવવાને બાંધેલુજ રાખેલું મેં જોયું છે. જેવુ મેં તેને તુ પાદશાહનુ નામું આપ્યું તેવુ જ તેણે તે નામાને આંખ અને કપાલ સાથે દાબ્યું અને પછી તેણે પોતાની લગામ મારા ઘોડા સાથે બાંધી લિધી આવી રીતનો રૂસતમ પાદશાહ તરફ વફાદાર છે. હું હાલે તું પાદશાહને તેહમતનના આવ્યાની ખબર કેહેવાને તેની આગળથીજ આવ્યો છું" ત્યારે કએખસરૂએ ગેવને પુછયુ કે "બુજોર્ગોને ટેકા જેવો અને વફાદારીના મૂળ જેવો રૂમતમ હાલે કેટલો દૂર છે? તે ચાહવાને લાયક છે કારણ કે તે ભલાઈ દેખાડનારો અને પાદશાહ તરફ વફાદાર છે." ગેવે પાદશાહને તુરતજ જવાબ દિધો કે "ઓ તખત ભોગવનારા નામદાર! [1] હુંતુને તેના આવ્યાની ખબર આપવાને તેને બે મજલ જેટલા રસ્તા ઉપર છોડીને અત્રે આવ્યો છુ [1] તેના આગળથી જલદી આવવાનુ કારણ એ કે તેહમતનના આવ્યાની ખબર હુ તુને પુગાડી દેઉં." [1]

ઇરાનના બુજોર્ગો રૂસતમને સામે લેવા ગયા અને રૂસતમ કએખસરૂ આગળ આવી લાગ્યો તે વિષે

આથી ખસરૂએ ડાહયાઓ, રાજકુવરો અને બાહુરોને રૂસતમને સામે લેવા જવાને ફરમાવ્યુ તેથી મોટે ભાગે પેહેલવાનો, બાહુરો અને દુશમનને મારનારા ગુરજવાલા માણસોએ પાદશાહ કાઉસના રેવાજ મુજબ ત્યાંથી ઉઠીને તેને સામા લેવા જવાની તૈયારી કીધી. સ્વારોથી ઉડતી ધુલથી જેહાન કાલી બની અને ઘોડાઓ તથા ઉટો પોકારવા લાગ્યા અને વાવતાઓ પ્રકાશી રહયા. તેઓ રૂસતમ આગળ આવી લાગતાજ તેને નમન કરવાને ઘોડેથી નિચે ઉતર્યા. જેહાન પેહેલવાન રૂસતમ પણ દુખી પેહેલવાનોની ખબર પુછવાને ઘોડેથી નિચે ઉતર્યો અને દરેકે તેને નમન કીધુ જ્યારે તે પેહેલવાને એ પ્રમાણે જોયું ત્યારે તેણે દરેકને તપતા સુરજ અને પ્રકાસ્તા ચાંદ જેવા પાદશાહની ખબર પુછી [1] પછી સર્વે બોલ્યા કે "તારૂં ભલે પધારવું થયુ તારાથી તમામ બુરાઇઓ દૂર થજો [1] પછી રૂસતમે તથા પેહેલવાનોએ ચલકતા આદર ગુશસ્પના આતશ માફક પાછા સ્વાર થઇને ત્યાંથી પાદશાહ આગળ ચાલવા માંડયુ નામદાર રૂસતમ તેમની હરોલમાં ચાલવા લાગ્યો. રૂસતમે ગરીબ નવાજ પાદશાહ આગલ આવી લાગતાંજ તેની આગલ પાધરો જઇને નમન કીધું. તે જેવી

---

[1] એ બેત લખેલી નકલમાં વધારે છે

મોહબત અને તારીફને લાયક હતો તેવી તારીફ કરતો ખસરૂ આગળ ગયો. રૂસતમે માથુ ઉચકતાંજ તેની તારીફ કીધી કે, " તમામ વર્ષો સુધી તું તારા તખત સાથ જોડાયલો રેહેજે. હોરમજદની માફક તું આ રાજ્યની પરવરસી કરતો રેહેજે બેહમન માફક તાજ તખતનો સંભાળનાર થજે. અરદીબેહેસ્ત તુને તમામ વર્ષો સુધી માન મરતબાનો પુગાડનાર થજો. તીર અને બેહરામ તારો ચોકીબાન થજો. સેહેરેવરથી તું ખુબ્જેર્ગી ભર્યાં નામ, દમામ અને હુનર સાથે ફતેહમંદ રેહેજે. તારા વડીલો અને ખાનદાન તુને મુબારક થજો. ખોરદાદથી તુ જમીનોનો અને મુલકોનો પાદશાહ રેહેજો. આદરથી તું રાત અને દીસ પ્રકાસ્તો રેહેજે. તુ ખુશાલ રેહેજે અને તારૂં તાજ જેહાન દીપાવનારૂં બનજો. અસફંદારમદ તારો પાસબાન થજો અને અક્કલ તારા રોશન રવાનમાં જીવ તરીકે રેહેજો દેહ દાદારથી તુને મુબારક બદલો મલજો અને તમામ બુરાઈના બારણા તારે માટે બંધ થજો. દેહ તારે માટે મુબારક દીવસોનો લાવનાર બનજો. પરવરદેગાર તારી ઇચ્છા મુજબ દરેક ચિજ આપતો રેહેજો અને પુશકલ પાકોથી તારો મુલક આબાદ બનજો.[1] આવાં ઇજતથી તારૂં કાંમ મુબારક બનજો ફરતુ આસમાન તારો નોકર બનજો અમરદાદ તારા ચોપગાંઓનુ શરીર બનજો હમેશાં તારૂ નસીબ અને શરીર ખુશાલ રેહેજો." જ્યારે રૂસતમ ઉભો ઉભો આ દુવા કરી રહયો ત્યારે પાદશાહે તેને પોતાની પાસે બેસવાની જગ્યા આપી. પછી તેને ખસરૂએ કહયું કે " તું ભલે પધાર્યો. તારા જીવ ઉપરથી બુરાઓના હાથ દૂર રેહેજો. તુ જેહાનના પાદશાહોનો પેહેલવાન છે. જે કાઇ ભરમ હોય છે તે તારાથીજ જાહેર થાય છે અને જાહેર હોય તે તારાથીજ છુપું બને છે. તુ કેઆનીઓનો એક પુરો અને લશકરનો મદદગાર છે. ઇરાનનો સંભાળનાર અને લશકરનો બચાવનાર તુંજ છે. તારા દિદારથી અને તારા આવા હુનરભર્યા ચાલાક જીવથી તેં મને ખુશાલ કીધો છે. જવારેહ, ફરામરજ અને સામનો દસ્તાન તનદરોસ્ત અને ખુશાલ તો હશે ?" આથી રૂસતમે નિચે ઉતરી તેના તખતને બોસો લેઇને કહયું કે " ઓ ખીલતાં નસીબના હુનરમંદ પાદશાહ! તે ત્રણે તારા નસીબથી તનદરોસ્ત અને ખુશાલ છે. ખરો બાગ્વવંત તે ગણાય કે જેને એમ પાદશાહ યાદ કરે." પછી પાદશાહે પોતાના રસાલાના વડાને ફરમાવ્યું કે, " તું ગોદરેજ, તુસ અને બીજા પેહેલવાનોને બોલાવ તથા દારૂ પીરશનારાઓને દારૂની મીજલશ બનાવવાને તૈયાર કર, તથા બાગનો નદી તરફનો દરવાજો ખુલ્લો કર. ત્યાં તું સુનેરી તખત મુકા-

---

1 એ બેત લખેલી નકલમા વધારે છે.

વીને દરેક મુલકના પાદશાહો માટેની જગ્યા તૈયાર કર " આથી દરબારના હજુરીયાએ બાગના દરવાજા ખોલી નાખીને ત્યા પાદશાહોને લાયકની બેઠક તૈયાર કીધી. ગોલાબ એરવતાં ઝાડની નિચે તેણે સુનેરી તાજ તખત મુકવા ફરમાવ્યું તથા બાગમાં પાદશાહી ગાલીચાઓ પથરાવીને તે બાગને ચેરાગ માફકનો (દિપતો) કીધો. પાદશાહના તખત આગળ તેના તાજ તખત ઉપર છાયડો ફેલાવવાને એક રૂપેરી ઝાડ ઉભુ કીધુ. તેની ડાંખલીઓ સુનાની અને યાકુતની બનાવી હતી અને તેના ઉપર જાતજાતના ખુશનુમાં જવેહરાતો જડયાં હતાં. તેના તમામ પાતરા અને ફળ અકીક તથા પોખરાજના હતાં અને તેઓ ઝાડ ઉપર લુલક માફક લટકતાં હતાં તે સુનાના બનાવેલા સતરા અને સપરચ઼દ અંદરથી પોકળ હતા અને તેમા દારૂ સાથે કસ્તુરી છુડીને ભરવામા આવતી હતી. તે ફળમાં તમામ છીદ્ર હોવાથી જ્યારે પાદશાહ તે તખત ઉપર ચઢી બેસ્તો ત્યારે તેના ઉપર તે કસ્તુરીનો છટકાવ થતો.

પછી પાદશાહ આવીને તે સુનેરી તખત ઉપર બેઠાથી તે ઝાડમાંથી કસ્તુરીનો છટકાવ થયો. સઘલા દારૂના શોખીનો જવેહેર જડેલાં તાજ સાથે કીનખાબના અને ચીનાઇ પોશાકો પેહેરીને પાદશાહના તખત હજુર આવી ઉભા તે સઘળાઓએ ગલામાં સાંકલી અને કાનમાં લુલક સાથે દિલે સુનેરી પોશાક પેહેર્યા હતા. તેઓએ ખુશાલીભર્યા દિલ સાથે હાથમાં દારૂની જામ પકડેલી હોવાથી તેમના ચેહેરા ગોબાબી બન્યા હતા પણ તેઓ છાકટ બન્યા હતા નહી. તેઓના ચેહેરાનો રંગ લાલ રૂમી કપડાં જેવો હતો. ત્યાં સઘલે અગર બલતું હતુ અને ચંગ વાજીંત્રના અવાજો નિકળી રહયા હતા. ખસરૂએ રૂસતમને તખત આગળ આવીને તે ઝાડ નિચેના તખત ઉપર સાથે બેસવાને ફરમાવ્યું. પછી પાદશાહે રૂસતમને કહયુ કે, " ઓ મારા ભલા વખતના ભલા દોસ્ત! ઇરાન ઉપર આવતી દરેક આફત વખતે તુ એક ઢાલ સમાન છે તું જાણે હમેશાં સીમુર્ગની માફક તારી પાંખનો છાંયડો કરનાર છે. દરેક મુશકેલીને વખતે શુ ઇરાન માટે કે કેઆની પાદશાહો માટે તુંજ કમર બાધે છે. તું ગોદરેજના ખાનદાનની તથા તેમની ચપલતા, મેહેનત અને ફાયદા નુકસાનની લાયક રીતે પીછાણ કરનારો છે. તેઓ હમેશાં કમર બાંધી મારી બાજુએ ખરે પગે ઉભા રેહેનારા અને મને ભલો માર્ગ દેખાડનારા છે પેલી તુરકી રૈયત વચે પ્રકટ ગેવજ એખલો મને નુકસાનમાંથી બચાવનાર બન્યો હતો તેના ખાનદાન ઉપર કદી પણ એવી આફત આવી હતી નહી કહી ચિજનો ગમ ફરજદ કરતાં વધારે સખત હોય? તેથી જો એનું કામ કરી આપવાને તુ તારી કમર બાંધશે તો ફાડી ખાનારા સિંહથી પણ તારી સામે આવવાની હીમત થવાની

નથી. તેથી જો એ કામ ઉઠાવવાની તું કમર બાંધે તો મને કોઇ બીજાને જેહાનમાંથી સોધવો પડવાનો નથી. માટે બેજનને સારૂ તુ કાંઇ ઉપાય કર. કારણ કે તેના ઉપર તુરાનીઓએ જુલમ ગુજાર્યો છે. તુને જેટલા જોઇએ એટલા ઘોડા, હથીયારો અને માણસો મારા ખજાનામાંથી તું લેવાની વાત કરતો ના." જ્યારે રૂસ્તમે કએખસરૂથી એમ સમજ્યુ ત્યારે તેણે જમીનને બોસો લેઇ ઉઠીને દુવા દિધી કે "ઓ નેકનામ ! તુ સુરજ માફક દરેક ઠેકાણે પધારનારો થજે તારાથી લોભ, ગુસ્સો અને તંગી દુર થજે અને તારૂ બુર ઇચ્છનારાઓનુ દિલ બલીને ખાખ થજો તુજ પાદશાહોનો પાદશાહ અને સરદારોનો સરદાર છે. જેહાનના બીજા પાદશાહો તારી આગળ પગની રજ બરોબર છે આ તખતે તારા જેવો સુરજ માફક પ્રકાશતો અને ચાંદ માફક દિપતો એક પણ પાદશાહ જોયો નથી તેજ ભલાઓને બુરાઓથી જુદા પાડયા છે. જાદુગરોના અને અઝદાહોના ફાંદા તેજ બાળ્યા છે તારાં કેઆની ખોરેહથીજ મે માંજનદરાનના દેવોના માથાં ભારી ગુરજથી છુડયાં હતાં. મને મારી માતાએ તારી નોકરી માટેજ જન્મ આપ્યો છે. માટે તુ આરામ સાથે ખુશ રેહેજે. મે મારા કાનો પાદશાહનો હોકમ બજાવવાનેજ અર્પણ કર્યા છે. માટે તુ મને જે માર્ગ બતાવશે ત્યાં જઇશ. એટલે સુધી કે એ ગેવ માટેનુ મુશકેલ કામ ઉઠાવતાં મારી ઉપર જો હવામાંથી આતશ ફુકાય યા મારી આંખોમાં ભાલાઓ ભોકાય તો પણ હુ મારી લગામ તુ પાદશાહના હોકમથી ઉલટી ફેરવવાનો નથી. તારાં ખોરેહની બરકતથી હુ એકલોજ એ કામ બજાવશ અને તે માટે કોઇ પેહેલવાન કે મરદાનેમરદને હુ સાથે લેઈ જવા પણ માંગતો નથી" રૂસતમના એમ બોલવાથી તેના ઉપર ગોદરેજે, ગેવે, ફરીબરૂજે, ફરહાદે, પેહેલવાન શાપુરે તથા લશકરના બુજોર્ગોએ પરવરદેગારની મેહેર ચાહી. તેઓ હાથમાં દારૂ ધરી તે પીને મસ્ત થયા અને સપેહસાલાર પછી દસ્તાનની સલામતી લિધી. પાદશાહ પણ ખુશ બની દારૂ પીવા લાગ્યો તેથી ખુશાલીને લિધે ત્યાં જાણે વસતના દરવાજા ખુલી ગયા

રૂસતમની સીશરશથી ગુરગીનનો છુટકો થયો તે વિષે.

જ્યારે ગુરગીનને તેહેમતનના આવ્યાની ખબર પડી ત્યારે તેના ગમની કુંચી મલી છે એમ તે સમજી ગયો. તેથી તેણે રૂસતમને કેહેવાડયું કે "ઓ નેક પગલાના મુબારક નેકનામ ! તું બુજોર્ગીનુ ઝાડ અને વફાદારીનો ખજાનો છે. સખાવત કરનારા માટે તુ દરવાજો છે, અને બલાને પણ તુંજ બાંધનાર છે. કોણ છે તારા જેવો બીજો શખ્સ કે જેની એમ યાદ થતી હોય? જમાનો અને જેહાન તારાથી કદીપણ ખાલી બનતાં ના. મારા કેહેવાથી તુ ગુસ્સે થાય

નહી તો મારી કરણી માટેની તુંને આ વાત કેહેવા માંગુ છુ. આ વાંકી પીઠનું આસમાન કે જેણે મારા દિલના ચેરાગને વગર ફાકટનો બુજવી નાખ્યો છે તેના કામ તરફ તુ ધ્યાન પુગાડ. તેણે મારો માર્ગ અંધારો કીધો છે. મારી સરજતમાં જે લખાયલુ હશે તે બન્યું છે. જો મારા આ ગુનાહ માટે માફી મલી શકતી હોય તો તે મેલવવાને હું પાદશાહ આગળ આતશ ઉપર મરવાને પણ તૈયાર છુ. જેથી મારા બુઢાપાના વખતમા જે કાલી તીલી લાગી મને બદનામી મલી છે તે દૂર થાય. માટે જો તુ મારા તરફથી પાદશાહની માફી ચાહાશે તો હુ તુને મદદ થવાને જોરાવર હરણ માફક મારી કમર બાધીશ. બેજન આગળ જઇને હુ તેની આગળ ખાકમાં પડશ કે જેથી તેમ કર્યાથી હુ મારા પવિત્ર ધર્મમાં પાછો આવશ." જ્યારે રૂસતમને ગુરગીનનો એ પેગામ મલ્યો ત્યારે તેના દુ:ખ માટે દલગીર થઇને તેણે જીગરથી થડી હાએ મારી અને તેના આવા કઢંગા કામ માટે દયા ખાવા લાગ્યો. પછી તેણે તે કાસદને કહયુ કે, "તુ અત્રેથી પાછો જા અને તેને કેહે કે, "ઓ નાપાક મુરખ! ઉંડા દરીઆના મગર આગળ પેલા વાઘે જે વાત કહી હતી તે શુ તે સમજી નથી? તે વાત એ છે કે, 'જ્યારે અકકલ ઉપર હવશ ફાવી જાય, ત્યારે હવશના પંજામાંથી કોઇનો છુટકારો થતો નથી' અકકલવંત તે કે જે હવશને નિચે દાબે જેથી તે બાહાદુર સિંહ જેવો ગણાય. તારે તો તેને શેકારેથી અત્રે જલદી લાવવો હતો અને તેને બલા હોરી લેવા જવા દેવો હતો નહી. પણ તેં શેકારીના ફાંદા તરફ જોયા વગર પેલાં બુઢાં કોહલા જેવી યુકિત કીધી. આવી તારી કઢંગી ચાલ માટે હવે મારાથી ખસરૂ આગળ તારૂં નામ પણ લેવાઈ શકાતું નથી. પણ જ્યારે હુ તુને તદન નાચારી સાથે પસ્તાતો જોવશ ત્યારેજ હું તારા એ ગુનાહ માટે ખસરૂની માફી મેલવશ અને તારા કાલા ચંદ્રને પાછો દિપતો કરશ. જેહાનના માલેક પરવરદેગારના હોકમથી જો બેજન છુટવા પાંમશે તોજ તું તારા જીવ માટે પણ છુટકારો મેલવી શકશે અને બંધીખાનામાંથી છુટશે તથા તારા ઉપરથી પેહેલવાનોની ખફગી દુર થસે. પણ જો એથી ઉલટુ બનશે તો તારે તારા જીવ અને દિલની મોહબતને મુકી છુટવી પડશે. હુજ પરવરદેગારની મદદથી અને પાદશાહના હોકમથી તારી ઉપર કીનો લેવા પેહેલો આવશ. જો હુ તેમ નહી કરશ તોપણ હુનરમંદ ગેવ તો તારી ઉપર પોતાના બાહાદુર બેટાનો કીનો લેશેજ."

રૂસ્તમે એ બાબે પાદશાહ આગળ વાત કર્યા અગાઉ એ બનાવ બનવાને એક દાહાડો અને રાત પસાર થવા દિધી. બીજે દાહાડે સુરજ ઉગતાંજ જ્યારે પાદશાહ રૂપેરી હાથી દાંતના તખત ઉપર બેઠો ત્યારે ત્યાં તેહેમતને આવીને તેને

ઉંચા હાથ કરી દુવા દિધી અને પછી ફતેહમંદ પાદશાહથી ઉમેદ ચાહતાં તેણે પાદશાહ આગળ ગુરગીનની અને તેના બુરા દાહાડે તેનુ નસીબ ઉંધું વલ્યાની વાતો કીધી. પાદશાહ બોલ્યો કે, "ઓ મારા સપેહસાલાર! શું તું તેને બંધીખાનામાંથી છોડાવવાને મારી માફી ચાહે છે? પણ મે તો તાજ તખતના, અક્કલ બક્ષનારા સાહેબના તથા સુરજ ચંદ્રના સોગંદ ખાધા છે કે બેજન બંધીખાનામાંથી જ્યાં સુધી છુટે નહી ત્યાં સુધી મારાથી ગુરગીન આફત સિવાય બીજુ કાંઇ જોશે નહી માટે તુ એ ઇચ્છા સિવાય તલવાર, વીટી, તાજ, તખત વિગેરેની ઇચ્છા હોય તે માંગ" ત્યારે રૂસતમ બોલ્યો કે "ઓ તખત ઉપર નામદારી ભોગવનારા નગીના! જો ગુરગીને બેજનનું બુરૂં ઇચ્છયુ હોય તોપણુ તે હવે પસ્તાય છે અને તેને પોતાનો જીવ ફીદા કરવાને પણ તૈયાર છે. જો આજે ગુરગીન પાદશાહની માફી મેલવવા પામશે નહી તો તે દીન અને ધર્મમાંથી પણ બાટલજ રહેશે. જે કોઈ અક્કલનો માર્ગ ચુકયો હોય તો આખરે તે પોતાની બુરી કરણી માટે પસ્તાય છે તારે તેની કારકીરદી તરફ અને કીનાને હીંગામે તેણે જે લડાઇઓ કીધી હતી તે તરફ નજર કરવી ઘટે છે" આથી ફતેહમંદ પાદશાહે રૂસતમને ખાતર ગુરગીનને ઉંડા ખાદામાંથી છુટો કીધો પછી પાદશાહે રૂસતમને પુછયુ કે "હવે તું એ કીના માટે કેમ કામ લેવા માંગે છે? માર્ગને માટે જો તુને લશકર કે ખજાનો જોઇતો હોય તો તે તુ મારી પાસે માગી લે. મને અફ્રાસીયાબના બુરા ખવાશની ફીકર લાગે છે કે રખેને તે બેજનનું ઉટાવલે ખુન કરી નાખે. કારણ કે તે ઘણો તુંડ તેમજ જોરાવર દેવ જેવો છે. તે યુક્તિ, ફંદફરેબ અને જાદુ કરનાર હોવાથી એક પળમાં બેજનના દિલને ધ્રુજતું બનાવી દેશે અને જલ્લાદના પગ આગળ તેને ગબડતો કરશે." રૂસતમે જેહાનના પાદશાહને એવો જવાબ દિધો કે, "હું એ બાબે છુપી તૈયારી કરૂ છુ. યુક્તિજ એવાં બંધીખાનાની કુચી ગણાય તેથી એમાં ઉટાવલ જોઇતી નથી હમે વેપારી વેશે તુરાનમાં જઈ ઘણો વખત થોભીશુ માટે હાલે મારે એજ કામ સારૂ લગામ ફેરવવી પડશે એ કાંઈ ગુરજ, તલવાર અને ભાલા વાપડવાનો વખત નથી. મને તો પુશકલ સુનુ રૂપુ અને જવેહરાત સાથે જોઇશે અને ફીકર સાથે ઉમેદ ધરીનેજ જવુ પડશે મારે પાંઠરવાના ગલીચાઓના અને પેહેરવાના કપડાંઓના ભાવતાલ જાણવા જોઇશે, તેમજ ત્યાં છુટે હાથની બક્ષેશો પણ કરવી પડશે" જ્યારે ખસરૂએ તેની એવી વાત સમજી ત્યારે તેણે પોતાના ખજાનચીનને ફરમાવ્યુ કે "મારો વજીર જેમ ફરમાવે તેમ પુરાણા પાદશાહી ખજાનામાંથી ખજાનો લાવી હાજર કર." આથી પાદશાહના ખજાનચીને ઠેલીઓના મોઢાં ખોલ્લાં કરીને દીનાર અને જવેરાતોથી

તખતની જગ્યા દિપતી બનાવી. તેહેમતને આવી સઘળું તપાસીને તેમાંથી જોઈતુ પસંદ કરી લિધુ તેણે પૈસાથી દસ ઉંટો લાધ્યાં અને સો ઉપર ઉંચો સામન અને ખોરાક લાધ્યો. પછી સામનની તપાસ કરનારા વડાને રૂસતમે લશકરમાંથી એક હજાર સ્વારોને ચુંટી લેવા ફરમાવ્યુ વળી બાધુર સિંહ જેવા શખ્સો જેવા કે ગુરગીન, શાવરાનનો જ ગેહ, તલવારબાજ ગસતહમ, લશકર દોરવનાર અને પેહેલવાનોની તથા તાજ તખતની પાસબાની કરનાર ગોરાજેહ, રેહામ, બાધુર પેહેલવાન ફરહાદ અને સિંહ જેવા પેહેલવાન અશકશ એ સઘલાઓને પણ તેણે કમર બાંધવા ફરમાવી આથી તેઓને લશકર અને સામનની સભાળ માટે તૈયાર થવુ પડયુ તેઓએ પણ પોતાનો વધતો ઓછો સામન લાધી લિધો. તેને જે કાંઈ સામન તપાસનાર સરદારોની, બાધુરોની, તથા ગુરજ સાથના લડાયક શખ્સોની અગત્ય હતી તેઓ રૂસતમના ફરમાન મુજબ સર્વે તૈયાર થયા

રૂસતમ બેજનનો છુટકારો કરવા વેપારીવેસે તુરાન ગયો તે વિષે.

બામદાદે જ્યારે રસાલાદાર સરદાર દરબારમાં આવ્યો ત્યારે મરધાના બોલવાના પરોઢયાને વખતે તે પેહેલવાનોએ જવા માટે હાથીઓ ઉપર સામન લાઢયો ઉંચાં સરોવરના જેવો તેહેમતન હાથમાં ગુરજ ધરીને તથા જીને કમદ લટકાવીને ત્યાં આવી લાગ્યો તેહેમતને અગાશી ઉપર ઉભો રહીને તમામ નામદારોની, પેહેલવાનોની અને સિંહ જેવા શખ્સોની ગણત્રી કીધી. તેઓ વચ્ચે ગુરગીનનું નામ સમજતાંજ કએખસરૂનો ચેહેરો ગુસ્સાથી લાલ બન્યો. એ રીતે રૂસતમ પાદશાહી દરબારમાંથી પોતાના લશકર સાથે ઉપડી ગયો તેણે જતાં જતાં કએખસરૂ ઉપર દુવા કીધી. હરોલમાં પેહેલવાનો અને તેમની પુઠે લશકર ચાલવા લાગ્યુ. સર્વેએ પોતાના જીવ હાથની હથેલીમાં ધર્યા અને તેમના નેજા અને તીર તેઓના રાહબર બન્યા. સર્વેએ પોતાના હાથ લોહીથી તદન ધોઈ કાઢયા જ્યારે તે તુરાનના મુલક આગળ આવી લાગ્યો ત્યારે તેણે લશકરને માટે સરદાર ચુંટી કાઢયો પછી તે પેહેલવાને લશકરને કહયુ કે, "તમો અત્રેજ હુશીયારી સાથે થોભજો અને પાક યજદાં મારા જીવને મારા શરીરમાંથી છીનવી લે (નહી) ત્યાં સુધી અત્રેથી જરાએ ખીસતા ના લોહી રેડવા માટે તમો તમારા હાથોને તેજીવાલા બનાવીને તૈયાર રેહેજો પછી તે લશકરને ઇરાનને લગતી જમીન ઉપર રાખીને પોતે સરદારો સાથે તુરાનનો રસ્તો ધર્યો તેઓએ કંમરબંધ છોડી નાખીને વેપારી જેવા કપડાં પહેર્યાં અને તે પેહેલવાનોએ પણ

પોતાના રૂપેરી કંમરપતા છોડી નાખીને ખાકી રંગના પોશાક પેહેરી લિધા. ત્યાર પછી તેઓએ તરેહ તરેહવારના સામન સાથની એક વ જાર બનાવી તુરાનનો માર્ગ ધર્યો તેમાં મોટી કીંમતના આંક ઘોડા હતા જેઓ વચે રખશ પણ હતો. વળી બીજા પેહેલવાનોને સ્વાર થવા માટેના પણ તેમાં ઘોડાઓ રાખવામાં આવ્યા. દસ ઉંટો ઉપર બેમુલાં જવેહર લાદયાં અને સો ઉંટો ઉપર તમામ લશકરી પોશાક લાદયો તેમના પુશકલ હોહા અને શોરબકોરથી તથા ઘંટોના અને તેહમુરસ્પના જમાનાની સરનાઇઓના અવાજથી તમામ જંગલ ગાજીવાજી રહયું. એ રીતે રૂસતમ પીરાનના શેહરમાં આવી લાગ્યો ત્યાં સુધી કુચ કીધી. તુરાન મુલકનું એ શેહેર પીરાનની માલેકીમાં હતું, પણ તે વખતે પીરાન શેકારે ગયલો હોવાથી તેના મેહેલની ચોકી કરવાને પણ ત્યાં કોઈ રહયું હતું નહી. રૂસતમે પીરાન વીસેને શેકારેથી પાછો ફરેલો માર્ગમાંથી જોતાંજ એક સુનેરી જામ જવેહરાતથી ભરીને તે ઉપર એક રેસમી કપડુ ઢાંકયુ તથા તેની સાથે બે મોટી કીમતના સુનેરી જીનવાલા ઘોડાઓ કે જેના જીન ઉપર તમામ જવેહરો જડી લિધા હતાં તે પોતાના નોકરોને સોંપીને તે સાથે તે તેના તરફ ચાલતો ગયો અને તેના આગળ ભપકા સાથે આવી લાગતાંજ તેની તારીફ કરતાં બોલ્યો કે, " ઓ નામદાર! તારા જેવું નસીબ કે હુનર ધરાવનાર દમામવાલો અને તાજ સાથનો કોઈ પણ શખ્સ ઇરાન કે તુરાનમાં હશે નહી. તુજ પાદશાહના વજીરના ઓધ્ધાને જેબ દેનાર છે." એ રીતે તે જેહાનને જીતનાર રૂસતમ તેની સનમુખ એવી રીતે આગળ પડયો કે પીરાન તેને મુદલ ઓળખી શકયો નહી. તેથી તેણે પુછયું કે " બોલ કે તું કયાંથી આવ્યો છે? તું કહી જાતનો છે? અને તારી મુસાફરી કયાંથી શરૂ થઇ છે?" રૂસતમે જવાબ દિધો કે, " હું તારો નોકર છુ. મારૂ દાનાપાણી પરવરદેગારે તારા શેહેરમાં કીધુ છે હું એક ઇરાની વેપારી છું અને તુરાન તરફ આવ્યો છું. દૂર દેશાવર સુધી આવવાની મેં જંજાલ ઉઠાવી છે તે એટલા માટે કે માલ વેચી અત્રેથી ખરીદી કરૂં. હું જાતજાતની ખુશનુમા ચિજો વેચું છુ. હું તારા તરફ મોહોબત ધરાવનાર છું અને તેથી મારા દિલમાં ઉમેદ મજબુટી પકડે છે. માટે જો તું મને તારા આશરા હેઠળ લેશે તો અત્રે હું મારૂં જવેહરાત વેચીને તેને બદલે ચોપગાં ઢોરોની ખરીદી કરવા માગું છું. તેથી હું તારી દાદ માગું છું કે મને કોઇ હેરાન કરે નહી અને મારી ઉપર તારી દયાના વાદલથી જવેહરનો વરસાદ વરસે." પછી પેલી પાદશાહી ગોહરોથી ભરેલી જામ સાથે પેલા અરબ તોખમના મોટી કીમતના ઘોડાઓ કે જેમના બાલ ઉપર એક ધુલની રજકણને પણ પવન બેસવા દેતો હતો નહી તે તેણે બીજા મોટા દરજાના

લોકોની હાજરીમાં ભેટ તરીકે નજર કીધા અને તે માલ તેની પુશકલ તારીફ કરતાં તેને સ્વાધીન કીધો આથી તેનુ કામ પાકકું બન્યું જ્યારે પેલી ચલકતી જામમાં પીરાને જવેંહરાત જોયુ ત્યારે તેણે તેને માનથી નવાજીને તથા તારીફ કરીને એક ફીરોજાના તખત ઉપર બેસાડયો અને બોલ્યો કે "ભલે તું ખુશી સાથે શેહેરમાં નચિંત દાખલ થા. હમે તુને હમારી આગળ રાખીશુ તારે તારા માલ માટે ફીકર કરવી નહી તુંને કોઇ સાથે પણ કજીયો થશે નહી. માટે તારી પાસે જે કાઇ મોંઘી ચિજો હોય તે જઇને શેહેરના લાવી અત્રેથી તારી ચિજોના ખરીદદારો સોધી લે હુ તુને મારા બેટાનાજ ઘરમાં ઉતારો આપીશ અને ત્યાં તું મારા એક સગા માફક રેહેજે." રૂસતમ બોલ્યો કે, "ઓ પેહેલવાન! હુ તો મારી વજાર સાથેજ રેહેવા માગુ છુ, પણ મારો તમામ અસબાબ તારો હોય તેમ ગણજે હવે હુ મારે ગમે ત્યાં રહુ તો ચાલી શકશે પણ મારી પાસે તરેહવાર જવેહરાત છે તેમાંથી કાઈ ગુમ થવું જોઈતુ નથી. ઓ પેહેલ-વાન! હવે તારાં ફતેહ ભર્યાં નસીબથી હુ વગર હરકતે શેહર બાહાર પણ રહી શકશ." આથી પીરાન બોલ્યો કે "જા અને તારી મરજીની જગ્યા પસંદ કર મારા ચોકીદારો તારી આગળ સંભાળ માટે રેહેશે તારૂ કામ બજાલાવ-વાને એક ઘર પસંદ કરી લે અને તારો સામન એક કોઠારમાં ભર" પછી તુરાનમાં એવી ખબર ફેલાઇ કે "ઇરાનથી નામદાર પેહેલવાન પીરાન આગળ એક વંજાર આવી છે" એ ખબર જવેહરીઓને થતાજ તે ખરીદદારોના કાન તે તરફ ખેંચાયા આથી ગલીચા અને જવેહરાતની ખરીદી કરનારાઓ તેમજ તે જોવા આવનારાઓ પીરાનની દરગાહમાં આવવા લાગ્યા. તેથી દીવસે જ્યારે સુરજ જેહાનને દિપાવતો ત્યારે તે વખાર આગળ જાણે બજાર ભરાતુ હતું એ રીતે રૂસ્તમના તુરાનમા આવ્યાને લાંબો વખત વહી ગયો.

મનીઝેહે બેજન ઉપર વિતેલી વાત રૂસતમને કહી તે વિષે.

આ વજારની ખબર મનીઝેહને થતાંજ તેણી તુરતજ શેહેરમાં દોડી આવી. તે અફ્રાસીયાબની બેટી આંખોમાં આસુ સાથે અને ઉઘાડે માથે રૂસતમ આગળ આવી અને પછી આંસુ લુછી નાખીને તેને દુવા દેઇ પુછવા લાગી કે "તુને અત્રે તારી ખેંચેલી મેહેનતનું ફળ મલ્યુ છે કે અને એ મેહે-નત ઉઠાવવા માટે તુંને પસ્તાવો લાગતો નથી કે? ઉંચુ આસમાન તારી મરજી મુજબ ફરજો અને તુને બુરી નજરથી નુકશાન પુગતું ના તેં તારા દિલની ઉમેદ પુરી પાડવાને કંમર બાંધી છે અને મેહેનત કીધી છે તેમાં તુંને

ખોટ આવતી ના. હમેશાં અક્કલ તારો શિક્ષક રેહેજો. ઇરાનની આબાદી અને જમાનાની ખુશાલી થજો ઇરાન જમીનની તથા ત્યાંના તારીફ લાયક પાદશાહ પેહેલવાનોની શું ખબર છે.[1] ? પેહેલવાનોનો પાદશાહ કએખશરૂ કેમ છે ? ઇરાનના લશકરની તથા ગેવ ગોદરેજની શુ ખબર છે ? શુ બેજન માટેની ખબર ઇરાનમાં પુગી નથી ? શુ તેના વડીલો તેનો કાંઇ ઉપાય કરવા માંગતા નથી ? આવો ગોદરેજના ખાનદાનનો એક જવાન લોઢાની બેડી વચે હેરાન થાય છે તેના હાથ પગ ભારી બેડીમા બંધાયા છે અને લુહાડોએ તે ખીલાઓ સાથે જીકડી લિધા છે તે તમામ બેડીમાંજ સીકડાયલો હોવાથી અને તેનું દિલ સાંકલે સોહરાતુ હોવાથી તે દુખ્યાનો તમામ લેબાશ લોહીથી ખરડાયલો બન્યો છે મને મુફલેશીને લિધે ઉંઘ પણ આવતી નથી અને તેને રૂડન કરતો જોઇને મારી આંખો પણ આસુભરી રેહ છે" તેણીની એ વાતોથી રૂસતમે ડર ખાધો અને તેથી તેને પોતાની આગળથી હાંકી કાઢવાને બુમ પાડી કે, "દૂર જા. હુ ખસરૂને કે તેના જવાન સરદારોને ઓળખતો નથી. ગોદરેજ અને ગેવની મને ખબર નથી ત્યારે તુ મારૂં માથુ શા માટે ખાય છે ?" આથી તેણીએ રૂસતમ તરફ તગર તગર જોઇને જાર જાર રડવા માડયુ અને તેણી ખુવારીના આંસુ પાડતાં બોલી કે "ઓ અકકલભર્યા સરદાર ! તુને આવુ તોછડાઈભરયુ બોલવું લાયક નથી. જો તુ એ વાત કરવા માંગતો નહી હોય તોએ પણ તારે મને એમ હાંકી કાઢવી જોઇતી નથી. કારણ કે મારૂ દિલ દુખે ચિરાઈ ગયુ છે. કદાચને ગરીબોની ખબર અંતર પુછવાનો ઈરાનીઓનો રવૈયો હશે નહી." રૂસ્તમ બોલ્યો કે "ઓ ઓરત ! તુને શુ છે ? શુ હારેમને તારા ઉપરજ રસ્તાબેજ પાડી છે ? હુ તો મારા વેપારના કામમાં તે ખલલ કર્યાથી તારી સાથે એમ તોછડાઇથી વર્તયો. પણ એવી તોછડાઇથી તુ અપમાન લેતી ના. કારણ કે મે તો મારૂ દિલ ધંધામાં રોકયુ છે. બીજુ એકે મારૂ રહેઠાન કએ-ખસરૂવાલાં શેહરમા નથી. હું તો પેહેલેથીજ ગેવ કે ગોદરેજને ઓલખતો નથી. તે મુલકમાં હુ કદીપણ ગયો નથી." પછી તેણે જલડીથી તે દરવીશ માટે કાંઇ ખાવાતુ લાવવાનો હોકમ કીધો ત્યારબાદ તેણે તેની એક પછી એક વાત જાણવા માગી અને પુછ્યુ કે "તારી ઉપર જમાનો શા માટે એટલો બધો રૂઠયો છે ? તુ ઇરાન અને ત્યાંના પાદશાહની શા માટે પુછપરછ કરે છે ? ઈરાન તરફ એમ નજર રાખવાની તારી શું મકશદ છે?" મનીઝેહ બોલી કે "ત્યારે તું મારા દુખ અને ગમની શાની પુછપરછ કરે છે ? મારૂ મગજ અને દિલ પેલા ઉડાં ખાદામાના બંધીવાનને સબબે દુ:ખી રહે છે. ઓ સખી શખ્સ ! મારી બે

---

[1] એ બેત લખેલી નકલમાં વધારે છે.

આંખો-તેથીજ તારી તરફ ખેંચાઈ હતી કે હું તારાથી ગેવ અને લડાયક ગોદરે-જની કાંઇ નવી ખબર સમજું. પણ તેં તો દાવરોનો દાવર પરવરદેગારનો પણ ડર કીધા વગર કજીયાખોરની માફક પોકાર માર્યો. હું તો અફ્રાસીયા-બની બેટી મનીઝેહ છું. સુરજે પણ કોઇ દિવસ મારૂં ઉઘાડું શરીર જોયું હતું નહી પણ હમના તે માટે મારી આંખો આંસુભરી અને દિલ દુખભર્યું રહે છે. મારા બે ગાલો બારણે બારણે ભટકીને રોટલી અને છાસ એકઠી કરતાં ફીક્કા બન્યા છે. પરવરદેગારે મારી આવી તકદીર કીધી છે. બેજન નામના એક કમનસીબ શખ્સને લિધે હુ તાજ તખત ભોગવતી હેઠે ગબડી છું. એથી વધારે પડતો વખત કોણનો હોય? પણ આખરે પરવરદેગાર તે આશાન કરશે. પેલો બીચારો બેજન ઉડાં ખાડામાં પડયો પડયો દિવસ કે રાત યા સુરજ કે ચાંદ કાંઇ જોઈ શકતો નથી તે પરવરદેગાર પાસે મોત ચાહાતો કાદવમાં ભારી ખીલા અને સાંકલો વચે પડયો છે તેથી મારા દુખમાં બીજા દુખનો વધારો થાય છે અને મારી આંખોમાંથી આંસુ પડે છે. માટે હવે પછી જો તારૂં ઇરાન જવું થાય અને ત્યાં તુંને કેશવાદના બેટા ગોદરેજની ખબર મલે અથવા તો તું ખસરૂની દરબારમાં ગેવને કે રૂસતમને જોય તો તુ તેમને કહેજે કે 'બેજન ઉડા ખાડામાં કેદ પડયો છે અને જો તમો મદદે આવતાં અસુર કરશો તો તેનો અંત આવી જશે. માટે જો તમો તેને મલવાજ ચાહાતા હોવો તો નચિતે આશાયશ લેતા ના. કારણકે ઉપરથી પથર તેના ઉપર ઢંકાયો છે અને નિચે તે લોઢાંમાં સીકડાયલો છે.'" એમ કહીને તે મોહોબતના આંસુઓ પાડવા લાગી. રૂસ્તમે પુછયું કે, "ઓ ખુબસુરત ઓરત! તું તેને માટે એમ દયાના આસુ શા માટે પાડે છે? તારા બાપનેજ તુ કાંય નહી અરજ કરતી? અને તેમ કર-વાને તું મોટી પડવીના શખ્સોનેજ કાંય નહી ઉશકેરતી? કદાચને તારા બાપના લોહીનું ખેચાન તારા તરફ થયાથી તે તારે માટે બલાપો કરીને તેને માફી બક્ષશે. જો મને તારા બાપની ધાસ્તી હતે નહી તો તુને મદદ કરવાને હુ હદ ઉપરાંત ચિજો બક્ષતે." પછી તેણે તેણીને ગમતો દરેક જાતનો ખોરાક લાવવાને બાવ-રચીને હોકમ કીધો. એક રોસ્ત મરઘી મગાવી તેની આસપાસ નરમ નાનો વિંટાલીને એક પરીની જડપે રૂસતમે તેમાં એક વીટી છુપાવી દિધી. પછી તે આપતાં બોલ્યો કે, "પેલા ખાડામા પુરાયલાની તપાસ કરનારી તુ હોવાથી આ તું તેને માટે લેઇ જા." આથી તે ખાવાનું પોતાની છાટીએ છુપાવીને મની-ઝેહ તે ખાડા આગળ જડપથી ગઇ અને કાંઇ લખેલા રૂમાલમાં વિંટાલેલી સઘલી ચિજો તે રૂમાલ સાથેજ તેણીએ બેજનને સોંપી.

રૂસતમના આવ્યાની ખબર બેજનને થઇ તે વિષે.

બેજને તે ખાનું જોઇ અજબ થયાથી તે સુરજ જેવી ઓરતને ખાડામાંથી પુછવા લાગ્યો કે, "ઓ મારી મેહરબાન! આવી જાતનો ખોરાક તું ક્યાંથી લાવી? તેમ કરતાં તું મેહેનત ઉઠાવનાર મેહેરબાનને ઘણી સખતી અને મેહેનત ભોગવવી પડી હશે" મનીઝેહે જવાબ દિધો કે, "ઇરાનથી પૈસા કમાવાને એક ઘણો તવગર વેપારી પોતાની વજાર સાથે તુરાનમાં આવ્યો છે. તેની પાસે ઘણીએક તરેહવાર ચિજો છે તે દમામવાલો અને હુશીયાર પવિત્ર શખ્સ છે અને તે પુશકલ જવેહરાત ધરાવે છે તે જોરેમંદ હાથનો અને મોટાં દિલનો છે તેણે મેહેલ આગળ વખાર બનાવી છે મને એ પ્રમાણે રૂમાલમાં બાંધીને ખાનુ આપનાર એજ શખ્સ છે. તેણે મને પરવરદેગારથી ઘણીએક દુવા દેતાં કહયુ કે 'તું એ બાંધેલી ચિજો ખાડા આગળ લેઇ જા અને જો તે કાંઇ બીજુ નવુ નવું મંગાવે તો તે પણ લેઇ જજે.'" બેજને ધાસ્તી અને ફીકર સાથે ઉમેદભર્યો બનીને તે નાનને ખુલ્લાં કીધાં અને તે ખાનાને ઇનિશાફ આપવાને જેવા તેણે હાથ લબાવ્યા તેવીજ તેને તેમાં છુપાયલી વીટી જણાઇ તેણે તેનું નગ તપાસી તે ઉપરનુ નામ વાંચ્યું અને પછી અચરતી અને ખુશાલી સાથે હસવા લાગ્યો રૂસતમની તે ફીરોજાની મોહરવાલી વીટી ઉપર લોઢાંથી બાલ જેવા બારીક હરફે લખાન કોતરેલુ તેને જણાયું. જ્યારે તેણે વફાઇના ઝાડ ઉપર આવાં ફળ દિઠાં ત્યારે તેના ગમને ખોલવાને માટેની કુચી આવી છે એમ તે પાંમી ગયાથી તે પાદશાહની માફક ખુશાલીથી હસવા લાગ્યો જેનો અવાજ ખોહમાંથી બાહાર સમજાયો આવા અંધારા ખોહમાં તેની બાંધેલી હાલત હોવા છતાં મનીઝેહે જ્યારે હસવાનો સાદ સમજ્યો, ત્યારે તેણી અજાયબી સાથે મનસે બોલવા લાગી કે, "દીવાનાઓજ પોતાના કામ માટે એમ હસીઆ કરે." પછી મનીઝેહે તેને અજાયબી સાથે પુછ્યું કે, "ઓ નેકબખત! તુ શા માટે એમ હશે છે? તુ તમામ દિવસોને રાતના જેવાજ જોય છે છતાં તું હસવાને હોટ કેમ ખોલે છે? માટે એ શું ભરમ છે તે મને ખોલીને કેહ. શુ હવે કાઇ સારૂં નસીબ દેખાવ દેવાનું છે? બેજને જવાબ દિધો કે "મારૂં નસીબ મુશકેલીને દૂર કરે એવી મને ઉમેદ આવી છે માટે જો તો સોગંદ ખાઈ મારી સાથની વફાઇ નહી તોડવાનું વચન આપે અને એકમૈત થાય તો એ તમામ હકીકત હુ તુને કહું. પણ જો કોઇ ઓરતના હોટ નુકસાન દૂર રાખવા માટે સીવી લેવામાં પણ આવ્યા હોય તોએ ઓરતની જબાન બંધ રેહેતી નથી." એમ સમજતાંજ મનીઝેહ રડતાં બોલવા લાગી કે "મારા ઉપર મારા બદખાહોથી આવી બદબખતી ગુજરવાથી અફસોસ કે મારા ખુશાલીના

દિવસો વહી ગયા છે અને મારૂં દિલ તુટેલુ અને આંખો રડતી બની છે. પણ બેજનને મે મારૂ દિલ અને જાન અર્પણ કીધા છતાં તે પણ હાલે મારા ઉપર એમ શકમંદ બન્યો છે મારો બાપ અને કુટુંબના સર્વે કોઇ મારા ઉપર ખફા થયાથી મને વસ્ત્ર વગર લોકો વચ્ચે હાંકી કાઢી છે એ રીતે મે મારે હાથેજ મારો ખજાનો, પૈસા, તાજ અને જવેહરાત તેમજ મારૂ સર્વસ્વ તારાજ કીધું છે. પણ આખેરે મને બેજનની ઉમેદથી પણ નાચાર બનવુ પડે છે. મારે મનશે તમામ જેહાન અકારી બન્યાથી મારી આંખો સફેદ બની છે. હવે મારાથી બેજન્ પણ એમ ભરમ છુપાવવા લાગ્યો છે માટે ઓ પરવરદેગાર તુ મારો સાહેદ રેહેજે" બેજન બોલ્યો કે "તુ જે કાઇ બોલી છે તે ખરૂ છે તારૂં તમામ કામ મારે લિધેજ ઉંધુ વલ્યુ છે ઓ મારા હુશીયાર મેહેરબાન દોસ્ત! દરેક કામમા તુ મને ઠપકો આપશે તો હુ લાયક ગણીશ કારણ દુખ વેઠતાં મારૂ મગજ તો ખાલી થઇ ગયુ છે. જાણુ કે પેલો જવેહેરી કે જેના ચાકરે તુને મારે માટે ખાવાનુ બાંધી આપ્યુ તે તુરાનમાં મારે માટેજ આવ્યો છે તે કાઈ જરજવેહરાત માટે ગરજાઉ નથી પરવરદેગારે મારી ઉપર એમ બક્ષેશ કર્યાથી હું હવે બોહલી જગતને જોના પામશ મારા લાંબા વખતના ગમને તેજ છુટકો બક્ષશે અને મને આ હાડમારીમાથી અને ગમે તવાઇ જવાથી છોડવશે. હવે તુ તેની આગળ પાછી જઇને તેને ખાનગી કેહે કે "ઓ જેહાનના કેઆની પેહેલવાન! તુ દિલે મેહેરબાન અને શરીરે ઉપાય કરનારો લાગે છે. પણ રખશનો માલેક રૂસતમ તુ પોતે છે યા નહી તે મને કેહે" આથી મનીઝેહે તે જંગલમાથી પવન વેગે જઇને રૂસતમને બેજનનો પેગામ પુગાડયો. જ્યારે તે ઉપાય સોધતી દૂર વેરથી આવેલી ખુબસુરત ઓરતનુ કહેવુ તેણે સમજ્યુ ત્યારે તે સરોવરના જેવી ગોલાબી ચેહેરાની ઓરત બેજનથી તમામ વાકેફ બની છે એમ રૂસતમ પામી ગયો તેથી તે બોલ્યો કે "ઓ ખુબસુરત બાઇ! તારી બેજન તરફની મોહબતને પરવરદેગાર કદી પણ ખુચવી લેનો ના હવે તુ તેને કેહેજે કે 'હા, તે રખશનો માલેક રૂસતમ પોતે છે અને પરવરદેગારે તુને મદદ આપનાર તરીકેજ તેને મોકલ્યો છે. તારે માટે તે વિઠ [illegible] ઈરાન અને ઇરાનથી તુરાન સુધીનો બીકટ માર્ગ કાપી આવ્યો છે. [illegible] આટલા બધા દિવસો સુધી તે જે પુશકલ ગમ વેઠયો છે તેવી દુખી અને ગમભરી હાલતમાથી હવે તુ છુટકો પામનાર છે એ વાત તેને કહયા પછી તુ છુપીજ રાખજે અંધારી રાતે તુને કાઈપણ અવાજ સમજાય તે ઉપર તું ધ્યાન આપતી રેહેજે. તુ દિવસે જંગલમાંથી લાકડાં એકઠાં કરી લાવીને રાત પડતા તે સલગાવી આતશ પાડજે.'' મનીઝેહ એ વાતથી ખુશ થઇ અને

તેનું દિલ ગમથી તદ્દન મોકલું બન્યું. તે પાહાડી જગ્યા કે જ્યાં તેણીનો ગમ વીસરાવનાર બેજન ખાડામાં પુરાગો હતો ત્યાં જડપથી આવીને તેણીએ કહયું કે, "પેલા મુબારક પગલાંના નેકનામને મે તારો સઘલો પેગામ કહયો છે તેના જવાબમાં તે બોલ્યો કે બેજન જે નામ નિશાન માગેછે તે મુજબનોજ તે શખ્સ છે હવે તુ કાંય દુખી દિલે રખડે છે અને આસુથી ચેહેરાને ધોયા કરે છે? તે બોલ્યો કે 'હમે હમારી કમર બાંધી, પંજાને વાઘ જેવા બનાવી તારીજ સોધમાં નિકલ્યા છીએ તેથી હવે જ્યારે તેને તારી પક્કી ખબર મલી છે તો તેની માણસો કાપનારી તલવારને તુ પાછી જોવા પામશે. હુ મારા હાથથી જમીનને હમનાજ ફાડી કાઢશ અને તે ભારી પથરને આસમાન સુધી ઉડતો કરશ' વળી તેણે મને કહયુ છે કે, 'જ્યારે હવામા અંધકાર ફેલાય અને સુરજના પંજામાથી રાત છુટકારો પામે ત્યારે તુ એક પાહાડ માફકનો આતશ સલગાવજે, જેથી તે ખાડાના મોઢાં આગળ દીવસના જેવી રોશની થાય અને તે ખાડાનુ મોઢું સોધી શકાય તથા માર્ગમાથી તે રોશની તરફ ચાલી આવવાનુ બની શકે.'" જ્યારે બેજને એ પ્રમાણેનો પેગામ સમજ્યો ત્યારે તે ખાડામાં ખુશી થવા લાગ્યો. પછી તે પરવરદેગાર તરફ મોઢુ ઉચુ કરીને બોલ્યો કે "ઓ પાક રેહેમી દાદગાર! તુ દરેક દુખને હીંગામે મારો મદદગાર બન્યો હતો માટે (આ વખતે પણ) તુ મારૂ બુરૂ ઇચ્છનારાઓના દિલ અને જીવને તીરથી વિંધનારો થજે. પેલો જુલમગાર અફરાસીયાબ જેનાથી હુ ગમગીન, દુખી અને બરીએલ થયો છું એમ તું જાણે છે, તેના ઉપર તુ મને ઈનશાફ આપ કે જેથી હુ આ શુમ સેતારાને દુર કરીને મારે વતન અને દેશ પાછો જાઉ" (પછી તેણે મનીઝેહેને કહયું કે) "ઓ મારે ખાતર દુખ ખમતી મારી માશુક! તેં મારા ઉપર તારો જીવ, દિલ, અને સઘલી ચિજો ફીદા કીધી છે મારે માટે તે મેહેનત ઉઠાવ્યાથી મારૂં સઘલું દુખ ખુશાલીમાં ફેરવાઇ ગયુ છે. મારે ખાતર તુંએ તારૂં તાજ, તખત, કમરબંધ તથા વલી તારો ખજાનો, કુટુંબીઓ અને માય બાપને તજ્યાં છે પણ જો મારી જવાનીમાંજ હુ એ અઝદાહના પંજામાંથી છુટકારો પામશ તો હુ તુને યજદાં પ્રસ્તીઓની રાહરીતી મુજબ પગે લાગી, મારા હાથ લંબાવી, તુને મારા હાથમાં પકડશ અને તારી ભલાઇનો બદલો વાલી આપવાને હુ પાદશાહના એક વફાદારની માફક મારી કમર બાંધેલી રાખશ માટે આટલી હાલે આ બીજી મેહેનત ઉઠાવી લે કે જેથી તું ઘણો ખજાનો અને ચિજો પાંમશે" આથી મનીઝેહ લાકડાં એકઠા કરવાને ત્યાથી ઉટાવલે ગઈ અને ઝાડોની ડાલ ઉપર પક્ષી માફક ચઢવા લાગી. તેણી લાકડાં લેઇ જતાં સુરજ તરફ નજર કરતી કે પાહાડ પછવાડેથી ક્યારે રાત પોતાનું

માથું બાહાર કાઢે. આખરે સુરજ પણ નજર આગળથી દુર થયો અને કાલી રાત પોતાનુ લશકર પાહાડ ઉપર લાવી કે જ્યારે જેહાનનુ લોક આરામ લેવા લાગ્યુ અને જેહાનની દેખીતી ચિન્હો છુપી થઇ ગઇ કાલી રાતે પોતાનુ લશકર દિવસ સામે લેઇ આવતાંજ જેહાનને દિપાવનાર સુરજના માથાંને કેદ પકડી લિધું. તેથી રાતનુ લશકર પાહાડ ઉપર આવતાંજ મનીઝેહે જઇને આતશ મલગાવ્યો જેથી દામર જેવી કાલી રાતની આંખો બલી જવા લાગી. તેટલામાં માર્ગમાંથી તાબાંના ઢોલના જેવો સાદ આવતો તેણીને સમજાયો જે સાદ રખશની લોહાંની નાલના અફડાવાને લિધે આવતો હતો.

રૂસતમે બેજનને ખાડામાંથી બાહાર કાઢયો તે વિષે.

પેલી તરફ તેહેમતને રૂમી બખતર પેહેર્યું અને તે બખતરના બંધ બાંધી લિધા. પછી તે સુરજ અને ચંદ્રના સાહેબ પરવરદેગાર સનમુખ બંદગી માટે ગયો અને તેની મદદ માગી. બંદગી કરતાં તે બોલ્યો કે, "મારા બુરાઓની આખ આવલી થજો અને બેજનને માટેના આ કામમાં મને જોર મલજો." પછી તેણે પેહેલવાનોને કીનાની કમર બાધવા ફરમાવ્યુ. આથી તેઓએ પણ ઘોડા ઉપર જીન બાંધીને લડાઇ માટે પંજાને તિક્ષણ બનાવ્યા. પછી તેહેમતને પેલી રોશની તરફ જવાનો માર્ગ ધર્યો અને એ રીતે તે માર્ગ સોધતો ત્યાં આવી લાગ્યો. પેલો અકવાન દેવવાલો પથર કે જેની નિચેના ખાડામાં બેજન ગમ કરતો અને તવાતો પડયો હતો ત્યાં જ્યારે તે આવી લાગ્યો, ત્યારે તેણે પોતાની સાથના સાત પેહેલવાનોને કહયું કે, "તમો અત્રે કામે વલગી જઇને તે ખાડાના મોઢાં ઉપરના પથરને ઉટાવલે ખીસાડી નાખો" આથી તે પથરને ખાડા ઉપરથી ખીસાડવાને તે લશકરના સરદારો ઘોડા ઉપરથી નિચે ઉતર્યા. તેઓ તે પથર ઉપર પુશકલ હાથ અજમાવતા ઠાકી ગયા પણ તે પથરો જરાએ હીલ્યો નહી. તે નામદારો પરસેવે ગરકાવ થવા છતાં તે પથરો ખાડા ઉપરથી જરાએ ખીસ્યો નહી. અંતે તે સિંહ જેવો પેહેલવાન ઘોડા ઉપરથી નિચે ઉતર્યો અને પોતાના બખતરનો છેડો કમરે ખોસીને જોર પેદા કરનારા યજદાં પાસેથી તેણે જોર માંગી લિધુ અને પછી હાથના એક આંચકાએ તે પથરને દૂર ગબડાવી દિધો તે પથરો ચીનના જંગલમાં ગબડી પડયો અને તે પડતાં જમીન ધ્રુજી રહી એ રીતે તેણે યજદાંથી પાંમેલાં જોર વડે કોષેશ કરીને તે ખાડાનું મોઢુ ખોલી નાખ્યુ. પછી તેણે પોકાર મારીને બેજનની ખબર પુછી. રૂસતમે તેને માટે ફોકેફોક રડતાં પુછ્યુ કે, "તારા આવા બુરા હાલ કેમ થયા? તું જેહાનને હાથે મધનો હીસ્સો પાંમનારો તેને ઝેહેરની જામ કેમ પીવી પડી?" બેજને તે ખાડામાંથી તેને વલતો સ્વાલ પુછયો કે "તુને મારે ખાતર

માર્ગની કેટલી જંજાલ ઉઠાવવી પડી હશે? જ્યારથી મારે કાને તારો અવાજ પડયો ત્યારથી તે ઝેહેર પાછુ ચોખાં મધમાં ફેરવાઇ ગયુ છે. તે આ મારૂ રેહેઠાન તો જોયુ હશે? એની જમીન લોઢાંની છે અને માથે આસમાનની જગ્યાએ પથર દેખાય છે. મારૂ અને મનીઝેહનુ દિલ પુશકલ દુખ, સખતી, ગમ અને મેહેનત ખમવાને લિધે આ ત્રણ પાચ દિવસની દુન્યા ઉપરથી ઉઠી ગયુ હતુ' રૂસતમ બોલ્યો કે "હવે બક્ષનાર પરવરદેગારે તારા જીવ ઉપર પુરતી મેહેરબાની કીધી છે પણ ઓ ભલી ખશલતના અક્કલમદ શખ્સ! મારે તારી પાસેથી એક માંગણી કરવાની છે તે એકે પેલા મીલાદના બેટા ગુરગીનને તુ માફ કરે અને તારા દિલનો કીનો અને તુને થયલો ગેરઇનશાફ દૂર કરે" બેજને જવાબ દિધો કે, "ઓ મારા મદદગાર! મે કેવુ દુખ વેઠયુ છે તે તુ શું જાણે? ઓ સિહ જેવા દિલના સરદાર! એ મીલાદના બેટા ગુરગીને મારી સાથે શુ શુ કીધુ છે તે તુ જાણતો હશે નહી મારી તો તેના ઉપર જેવી નજર પડશે તેવાજ હુ તેના ઉપર કીનો લેવાને રસ્તાખેજ વરસાવશ" રૂસતમ બોલ્યો કે "જો તુ એમ બુરાઇજ દેખાડવાનો હોય અને મારૂ કહયુ માનવાનો નહી હોય તો હુ તુને જેમ બાધેલો છે તેમ એ ખાડામાજ સબડતો રાખશ અને હુ ઘોડે બેસી મારે મકાન જઇશ" ત્યારે તેને કાને રૂસતમનુ એમ બોલવુ સમજાયુ, ત્યારે તે સાંકડા ખાડામા રડવા લાગ્યો અને તેને જવાબ દિધો કે "મને મારી બદબખતીએ પેહેલવાનોથી, કુટુબથી, અને અજુમનથી દૂર કીધો જોકે ગુરગીને મને આટલીબધી બુરાઇ પુગાડી છે છતા હુ તે આજ રોજથી વીસરી જાઉ છુ એ સઘલું વીસારીને હુ તેની સાથે ખુશ રેહેવશ અને તેનો કીનો દિલમાંથી ભુસરી નાખશ" આથી રૂસતમે પોતાની કમદ તેના બધીખાનામાં ઉતારી અને તેને બાધેલા પગો સાથેજ ખાડામાંથી ઉપર લિધો તેનુ શરીર નાગુ હતુ અને તેના બાલ અને નખ વધી ગયલાં હતાં દુખ, મેહેનત અને ભુખમરાને લિધે તે તવાઈ ગયો હતો તેનુ તમામ શરીર લોહીએ ખરડાયલુ અને ચેહેરો ફીકકો હતો જ્યારે રૂસતમે તેને આવાં બધીખાના અને બેડીથી કજરાયલો દિઠો ત્યારે તે રડી પડયો તેનુ તમામ શરીર લોઢાંની સાંકલથી ટકાયલુ હતુ આથી રૂસતમે હાથ લબાવી તે સાકલો તોડી કાઢી અને તેના પગના કડાં અને બેડીથી છુટો કીધો પછી તેઓ તે ખાડા આગળથી ઘર તરફ ગયા રૂસતમના એક હાથ ઉપર બેજન અને બીજા હાથ ઉપર તેનો દારૂગો મનીઝેહ ચાલવા લાગ્યા તે બધે જવાનો ગમભર્યા ઘોડા ઉપર બેઠાં અને તે પેહેલવાન આગળ સઘલો હેવાલ કહી સમજાવ્યો. પછી તેહેમતને બેજનને માથાંવેરથી નાહાવા અને દિલ ઉપર નવો લેબાશ પેહેરવા

કહયું. ત્યાર બાદ તેની આગળ ગુરગીને આવીને પોતાની બુરી વર્તણુક માટે માફી ચાહાતાં તેની આગળ પોતાનો ચેહેરો ધુલમાં ઘસીઓ અને તેણે જે બુરી સલાહ આપી હતી તેને માટે પસ્તાવો જાહેર કીધો· આથી બેજનના દિલમાંનો કીનો નિકળી ગયો અને તેણે તેના ઉપર વેર લિધુ નહી પછી તેઓએ ઉટો ઉપર માલ લાઢવા માડયો અને ઘોડાઓ ઉપર જીન બાંધ્યાં. રૂસતમ પણ પોતાનું માનીતું બખતર પેહેરી લેઇને રખશ ઉપર બેઠો તથા તેના નામદારો શમશેર અને ભારી ગુરજો બાહાર કાઢીને તૈયાર થયા લડાઇ લાયકનો તમામ ઘટતો માલ અને સામન તૈયાર કરવામાં આવ્યો પછી તે અસબાબ સાથે ચાલાક બુધ્ધીનો અશકશ દરેક ઠેકાણેના લશકરને ચોંપમાં રાખવાને ત્યાંથી ઉપડી ગયો. તમામ વજારનો સામન હરોલમાં ચલાવ્યો અને અને સઘલા સીપાહો નજદિકમાં છુટા છુટા ચાલવા લાગ્યા રૂસતમે બેજનને પણ ફરમાવ્યુ કે "તું પણ અશકશની સાથે મનીઝેહને લેઇ ઉપડી જા કારણ કે હુ તો અફ્રાસીયાબ ઉપર કીનો લેવાને આજ રાતે ખાવા પીવા, ઉઘાવા કે આરામ લેવા માંગતો નથી તેનો નાશ વાળવામાંજ મારી મીઠી ઉઘ સમાશે હુ અફ્રાસીયાબનુ ડોકુ કાપીને પાદશાહ કએખસરૂ માટે લેઈ જવશ માટે તુ મનીઝેહ સાથે અત્રેથી ચાલી જા કે હુ મારા તિક્ષણ પંજાથી તુરાનમા રસ્તાખેજ કરૂ હુ હવે તેની દરબારમા એવુ કામ બજાવવા માંગુ છુ કે જેથી તેનુજ લશકર તેની હસી કરે તે તો પેલા ગારમાં પુશકલ દુખ અને સખ્તી વેઠી છે તેથી એ લડાઇમા તારે હાજર રેહેવુ જોઇતુ નથી" બેજન બોલ્યો કે "હુ તો ત્યાં પેહેલો આવવાનો કે જેથી મારી હાજરીમા તમો નવેસરથી કીનો લેઇ શકો. કારણકે હું બધીખાનામાં દુખ વેઠી ઘણોજ હેરાન થયો હતો તેથી એ લડાઈમાં તો મારા જેવા દુખ્યાએ હાજર થવુ જ જોઇએ"

રૂસતમ સાત પેહેલવાનો સાથે અફ્રાસીયાબના મેહેલમાં રાતે અંચીતો છાપો મારીને ત્યાંથી પાછો ફર્યો તે વીષે.

પછી તે સાતે પેહેલવાનો તિક્ષણ બુધ્ધીના અશકશને તમામ સામન સોંપીને રૂસતમ સાથે ત્યાથી જવાને નિકળ્યા સઘલા પેહેલવાનોએ લગામ જીન ઉપર મુકી દેઇને હાથમાં કીનાની તલવાર ધરી રાતના ઉઘાવા અને આરામ કરવાને વખતે તેઓ ત્યાંથી અફ્રાસીયાબના મેહેલ આગળ જઇ લાગ્યા. ત્યાંના બારણાના અડગરા તથા કલોને રૂસતમે મુક્કીઓથી તોડી નાખીને તેઓ અંદર દાખલ થયા પછી ત્યાંના સઘલાઓના ડોકાં શરીરથી જુદાં થવા

લાગ્યાં અને તેમના હાથો ધુલથી અને મોઢાં લોહીથી ખરડાવા લાગ્યાં. રૂસતમે દરવાજા ઉપરથી અફ્રાસીયાબને પોકાર કીધો કે, "હાલે તુને જે ખુશ ઉંઘ લાગે છે તે હવેથી ખુશ લાગતી ના તું તખતે સુવે અને બેજન શું ગારમાં રીબે ? હવે તો તુને ત્યાં રસ્તામાં સાંકળનો ઢગ જણાશે. જાલનો બેટો જાબુલી રૂસતમ અત્રે આવ્યો છે તેથી તારે માટે આ સુવાનો વખત નથી. તારાં પેલા બંધીખાનાના દરવાજા મેં ભાંગ્યા છે. તેની સંભાળ અર્થે તેં જે ભારી પથર મુકયો હતો તે છતાં બેજનના હાથ પગો ત્યાંથી છુટા થવા પાંમ્યા છે. પોતાના જમાઇ ઉપર કોઇએ પણ એવુ દુખ પાડયુ નથી. સીયાવક્ષ માટે થયલી લડાઈ, તેનો લેવાયલો કીનો તથા આ મેદાનમાં રખશના પગોથી ઉડેલી ધુલજ તારે માટે પુરતી હતી. ત્યારે શા માટે તું ફરીથી બેજનનો જીવ લેવાને તલપ્યો ? હવે હુ તારાં દિલને દુખી અને તારા માથાંને (હમેશની) ઉંઘમાં પડેલુ જોવા માગુ છુ." પછી વળી બેજને બુમ પાડી કે "ઓ બુરી ખસલતના કમઅકકલી પાદશાહ ! જ્યારે તેં મને તારાં તખતની ઉંચી જગ્યા આગળ બંધાયલો ઉભો કીધો હતો તે વખતંનો તુ વિચાર કર હુ તે વખતે એક વાઘ માફક લડાઈ કરવા માંગતો હતો પણ તે (ફરેબ રમીને) મારા હાથો તંગ બંધાવી લિધા હતા પણ હવે તું મને મેદાનમાં છુટો ઉભેલો જોશે. તેથી હવે જનુની સિંહથી પણ મારી સામે કીનો લેવાની હીમત થશે નહી."

આથી અફ્રાસીયાબ ઘરમાં પોકાર કરવા લાગ્યો કે "મારા લડાયકો શું ઉંઘનાં બંધીવાન થયલા છે ? ઉઠો અને તેઓને ચોબાજુએથી ઘેરી લેઓ. મારી પાસે નગીના અને તાજ મેલવવાની કોણ કોણ ઇચ્છા રાખે છે ?" આથી અફ્રાસીયાબના લશકરને લગતા જે કોઈ તે તરફ લડવા ગયા તેઓ માર્યા ગયા કે ઘાહેલ થઇને પાછા ફર્યા ચોબાજુએ ધરપકડના પોકાર ઉઠયા અને ત્યાં લોહી રેડાયાથી રેલા ચાલવા લાગ્યા તુરાની લશકરમાંથી જે કોઇ ત્યાં આવતા ગયા તેઓની જગ્યા જમ ખાલી કરવા લાગ્યો. પછી ઇરાનીઓએ કીનો લેવાની વધારે ઉટાવલ કરવા માડયાથી અફ્રાસીયાબને મેહેલમાંથી નાહાસવુ પડયુ રખશના માલેક રૂસતમે મેહેલમાં દાખલ થઇને ત્યાંના તમામ ગલીચાઓ અને પોશાકોનો નાશ કીધો પરી જેવા ચેહેરાની પાદશાહની ઓરતોએ તમામ ઇરાની પેહેલવાનોના હાથ કબુલ કીધા તેઓએ પાદશાહના મેહેલમાંથી ખડગ લાકડાના જીન સાથના મોઘાદાત ઘોડાઓ કે જેમના વાઘના ચામડાના બનાવેલા જીનમાં જવેહરાતો જડી લિધા હતાં તે તથા બીજો કેટલોક સામન લુટી લિધો પછી તેઓએ તુરાનમાં વધુ વખત થોભ્યા વગર ઘોડાઓને પોતાની વજાર પાછલ દોડાવી મુકયા કે જેથી તેઓ વચે તેઓ માટે ગભરાત

ફેલાય નહી. રૂસતમ માર્ગની હાકથી એટલો તો હાકી ગયો હતો કે તેને માથા ઉપર તોપી રાખી મુકયાથી દુખ થતુ હતુ પુશકલ મેહેનત કર્યાથી સ્વારોમાં તેમજ ઘણુ દોડયાથી ઘોડાઓની નેસમા જોર રહયુ હતુ નહી. તોપણ રૂસતમે લશકર ઉપર પેગામ મોકલ્યો કે "તમો કીનાની તલવારને મ્યાનમાંથી ખેચેલી રાખજો, કારણકે હુ ચોકશ જાણુ છુ તેમ હવે પછી જમીન ઘોડાઓની સુમથી કાલી બનશે અફ્રાસીયાબ એક ભારી લશકર તૈયાર કરશે કે જેઓના નેજાથી સુરજ પણ ઢ કાઈ જશે" આથી લડાયક સ્વારોએ એકી વખતે દોડ-ઢામ કરી મુકી અને તેઓએ પોતાના પંજા લડવા માટે તિક્ષણ બનાવ્યા. નેજા વાપડનારાઓએ પોતાના નેજા સાફ કીધા અને તેઓએ લડવા માટે લગામ ધરી રાખી ઇરાની ચોકીબાનો દુર ચોકી કરવાને ગયા અને તુરકી સ્વારોને માર્ગમાંથી આવતા તપાસવા લાગ્યા મનીઝેહ પોતાના તંબુમા જઈ બેઠી અને તેણીના નોકરો તેણી આગળ ઉભા રૂસતમે તેણીને એમ ખુશ જોતાજ તેણી આગળ તેના બાપની વાત કીધી અને બોલ્યો કે "જો કે કસ્તુરીને ઢોલી નાખ્યા છતાં તે પોતાનો સોડમ છોડતી નથી ત્રણ પાચ દાહડાની દુન્યાની એવીજ રસમ છે ઘડીકમા તે ખુશ ખુશાલી બક્ષે છે તો ઘડીકમાં દુખ અને મેહેનતમા લાવી નાખે છે"

અફ્રાસીયાબ રૂસતમની પુઠે લશકર લેઇ આવ્યો અને તેઓ વચે લડાઈ થતાં અફ્રાસીયાબ હારી ગયો તે વિષે.

જ્યારે પાહાડી જગ્યામાથી સુરજે માથુ બાહાર કાઢયુ ત્યારે તુરાની સ્વારોએ સામન બાધવા માડયો શેહેરમા પોકારો વચે દોડટામ ચાલુ થઈ ઢોલના અવાજોથી તું કેહેશે કે જાણે કાન પણ બેહેરા થઇ જતા શહેર માહેલા સઘલા અફ્રાસીયાબની દરબારમા આવ્યા અને ત્યા કમર બાધી સફ સમારી ઉભા સઘલાઓ પોતાના વતન અને પડવી ઉપરથી મન ઉતારો કરી લડવાને તૈયાર બન્યા તુરાની બુર્જોગોએ બાધેલી કમર સાથે પાદશાહ આગળ માથા ધુલમા મુકયા તેઓ લડવાનેજ તૈયાર થયા અને તેમના દિલ ઇરાનીઓ ઉપર કીનો લેવાને તલપ્યા તેઓ બોલ્યા કે 'આપણી ઉપર એ વાત હદથી બાહાર વીતી છે માટે આપણે એ કામની કેવી સરૂવાત કર્યે બેજનની વર્તણુકથી તથા આ લડાઇથી આપણી ઉપર જાવેદાન સુધીનો કલંક રેહેશે તેઓ ઇરાનમાં આપણને મરદ તરીકે ગણશે નહી પણ આપણને બાધેલી કમરવાલી ઓરતો તરીકે બોલાવશે." આથી સરદાર અફ્રાસીયાબે એક વાઘ માફક છેડાઇ પડીને

એ નામોશી ટાલવાને હથીયાર ભીડવાને ફરમાવ્યું તેણે પીરાનને કહ્યું કે "આપણને ઈરાનીઓથી આટલો બધો અફસોસ ખમવો પડેલો હોવાથી તું લડાઇનો સામન તૈયાર કર" આથી પાદશાહની દરગાહમાંથી સરનાઇ અને ઢોલ વાગવા માંડયા અને તુરાની લશકર ઉશકેરાયલુ બન્યુ પેહેલવાનો મેહેલ સામે સફ સમારી ઉભા અને ત્યાથી રનશીગડા તથા ઢોલના અવાજ નિકળયા પછી તે લશકરે તુરાનથી કુચ કીધી જેથી ત્યાની જમીનની સપાટી દરીયાથી બીજી રીતની જણાતી હતી નહી જ્યારે ઈરાની ચોકીબાનોએ ચોકીની જગ્યા-એથી જમીનને દરીઆ માફક જોશમા આવેલી જોઇ ત્યારે તેઓએ રૂસતમને આવીને કહયુ કે, "હવે તુ લડવાની તૈયારી કર, કારણકે સ્વારોથી ઉડતી ધુલથી જમીન કાલી થઈ ગઇ છે" રૂસતમ બોલ્યો કે "મને તેની દરકાર નથી. આપણા હાથોથી આપણે તેમને ધુલમાં લોટતા કરીશુ" પછી તેણે મનીઝેહને સઘલા સરસામન સાથે ત્યાથી વિદાય કીધી અને પોતે લડાઇનો પોશાક પેહેર્યા બાદ તેણે એક ઉચી જગ્યાએ જઇ ત્યાથી તે લશકરને તપાસ્યુ ત્યારબાદ બાધુર રૂસતમે ઝનુની સિહ માફક પોકાર મારીને કહ્યુ કે "એક કોહલું સિહના પંજા આગળ કેટલી બીસાડ ધરાવે ?" પછી તેણે બાધુર પેહે-લવાનોને પોકાર કીધો કે, "આજે અત્રે લડાઇનુ કામ નજદિક આવ્યું છે, તેથી તમારી તલવાર અને સખત લોઢાના જબ્યા કયા છે તથા નેજાઓ અને ગાયની સુરતના ગુરજો કયા છે' કારણકે તમુને હમણા તમારા હુનર દેખા-ડવા પડશે અને તમોને કીનાના મેદાનમા ઉતરવુ પડશે" પછી તેહેમતનના રખશ ઉપર બેસવા સાથે સરનાઇઓ વાગવા લાગી રૂસતમ પાહાડ ઉપરથી મેદાનમા આવ્યો અને તુરાની લશકર ઘણું આગળ આવતાજ તે ઇરાની લશ-કરને ખુલ્લી જગ્યામા લાવ્યો અને તેમનો દરેક બાજુથી રસ્તો ઘેરી ઉભો રૂસતમે લશકરને મેદાનમા ગોઠવવા માડયુ જેથી ઘોડાઓથી ઉડતી ધુલથી જેહાન કાલી થઈ અશકશ અને ગસતહમ પુશકલ સ્વારો સાથે જમની બાજુએ ઉભા તથા રેહામ અને જગેહ ડાવી બાજુએ ઉભા. એ લડાઇ સઘલા-ઓને તુચ્છ લાગતી ગેવના બેટા બેજન સાથે રૂસતમ મધ્ય બાજુએ રહયો અને તે પેહેલવાનોની સભાલ કરનાર અને લશકરને જોર આપનાર બન્યો. બીસ્તુન પાહાડ લશકરની પુંઠ હતો જ્યારે તલવારોના કીલ્લા જેવુ લશકર આગળ ઉભુ હતુ

જ્યારે અફરાસીયાબે રૂસતમની સરદારી હેઠેલનું લશકર જોયુ ત્યારે તેણે લશકરને ધીરજ ધરવા કહી દલગીરી સાથે લડાઇનુ બખતર પેહેર્યુ તેણે ધારા મુજબ સફ સમારી જેથી હવા ગુલીનો રંગ પકડવા લાગી અને જમીન ઢંકાઈ

ગઇ તેણે જમણી બાજુએ પીરાનને તથા ડાબી બાજુએ હોમાનને રાખ્યો અને કરસીવજ તથા શીદેહને વચમાં રાખ્યા પછી તેણે સઘલે નજર કીધી. તેહેમતન લોટામા ટકાયલો હોવાથી એક કાલા પાહાડ જેવો જણાતો હતો. તે પોતાના લશકર આસપાસ ફરી વલ્યો. પછી તેણે તુરાની સરદાર તરફ ઘોડાને દોડાવતાં પોકાર માર્યો કે, "ઓ ઉંધા નસીબના તુરકી! તારો મુલક, તાજ, અને તખત તારાથી શરમીદુ બન્યુ છે. સ્વારો જેવુ લડાયક દિલ તું જેમ ધરાવનારો નથી તેમજ તુને લશકરના પેહેલવાનો વચે શરમ પણ નથી. તું જેટલી વખત જમીનને માણસો અને ઘોડાઓથી ટકાયલી બનાવીને મારી સામે કીનો લેવા આવ્યો તેટલી વખત મારા લશકરને લડાઇમાં જોરાવર પજાનુ બનતાં જોતાંજ મે તુને લડાઇમાંથી પીઠ ફેરવી નાહાસ્તાંજ જોયો છે. મારો દસ્તાન બાસ્તાન નામામાંથી આ વાત કરે છે તે તે સમજી હશે નહી? તે એજ કે 'એક જગલ ભરીને ગોરખરોથી કાંઇ એક સિંહ બીહતો નથી તેમજ સઘલા તારાઓ સામતા મલીને પણ સુરજ માફક પ્રકાશી શકતા નથી. બાધુર શાબર જ્યારે વરૂના પજાનુ નામ સમજે છે ત્યારે તેનુ દિલ અને કાન ફાટી જાય છે તેમજ જ્યારે બાજ હવામાં ભમે છે ત્યારે નર તીતર તેના પંજાથી ડરતુ રહે છે કોહલુ કાંઇ બાધુરો સાથે લડાઈ કરવાને અને ગોરખર સિહના પજા સાથે લડત કરવાને આવતુ નથી' તારા જેવો હલકો પાદશાહ બીજો કોઇ હોતો ના અને જો હોય તો તેની પાદશાહી બરબાદ થજો. હવે તારો જીવ અને શરીર આ મેદાનમાથી મારે હાથથી બચવાના નથી"

તે બીહામનો તુરકી તેની આવી વાત સમજતાંજ ધ્રુજવા અને જોરમાં શ્વાશ લેવા લાગ્યો. પછી તે છેડાઇને બોલ્યો કે "ઓ તુરકી નામદારો! આ મેદાનમા તમો લડાઇ કરવા કે મોજ કરવા માંગો છો? તમોને લડવાના કામમાં મેહેનત તો કરવીજ પડશે અને તેવી મેહેનત કરશો તોજ તમો ખજાનો પણ મેલવશો માટે તમો કોષેશ સાથે એકી વખતે હુમલો કરો અને તે બુરી મનશનીના શખ્સો ઉપર જેહાનને તગ બનાવો" જ્યારે તુરાનીઓએ પોતાના સરદારથી એવી વાત સમજી ત્યારે તે પેહેલવાનો વચેથી ઝનુની પોકારો ઉઠી રહયા સુરજ ધુલારાંથી એવો કાલો બન્યો કે તુ કેહેશે કે જાણે જેહાન પાણીમાં ગરક થઈ હાથીઓ ઉપરથી પરગમો વાગવા લાગ્યાં તથા રનસીગડાં તથા સરનાઇઓ જોરથી ફુકાવા લાગી. હથીયારોને લિધે જાણે પેહેલવાનો કીનાના મેદાનમાં લોઢાનો કીલ્લો ઘસડી લાવ્યા હોય તેમ લાગતુ હતું. બધે બાજુના સ્વારોના પોકારથી મેદાન ધ્રુજી રહયું અને પાહાડો ફાટી જવા લાગ્યા. તલવારો ધુલારામાંથી એવી ચમકતી કે તુ કેહેશે કે જાણે લા રસ્તા-

મેજ વરસે છે. બખતરો અને લોઢાંની તોપીઓ ઉપર પોલાદી ગુરજો જાણે કરાં માફક વરસતા હતા. રૂસતમના પેલા અઝદાહની આકૃતિવાલા ઝુન્ડાથી પ્રકાશતો સુરજ પણ કાલો બનતો તમામ આસમાન તીરોથી ઢંકાઈ ગયુ. તું કેહેશે કે જાણે સુરજ સુધી દામરનો ધુવો ફેલાઇ વલ્યો છે જ્યાં રૂસતમ રખશને જો હોકાવતો ત્યાંની જમીન ઉપર સ્વારોના ડોકાંઓ પડતાં તે તુટેલી લગામના એક ઉટ માફક ગાવ્યાની ગુરજ સાથે દોડતો તેણે તુરકી લશકરના મધ્ય ભાગમાં એક વરૂ માફક જઇને તેના મોટા લશકરને વિખરાવી નાંખ્યાથી જેમ પવનથી ઝાડના પાદડાં ખરે તેમ ઉધા નસીબના સ્વારોના ડોકાં નિચે ગબડવા લાગ્યા

પછી રૂસતમે પેહેલવાનોને એ પ્રમાણે કહયુ કે "ઓ મારા નામદાર ઇરાની સરદારો અને બાહાદુરો! તમો ઉટાવલા થાઓ અને લડીને તુરકીઓનો નાશ કરો, તથા તેમના સરદારોને માથે લોહીના તાજ પેહેરાવો. કારણ કે આજે કીનો લેવાનો અને જેહાનને હારેમનોથી ધોઈ સાફ કરવાનો વખત છે તેથી તમો પેહેલવાની જોર અજમાવીને તમારી મરદાનગીથી આ જમાનને તમારા પગ નિચે કચડો ઓ સરદારો! આજે તમો એક એવી કોષેશ કરો કે તે જયા સુધી જેહાન હસ્તી ભોગવે ત્યા સુધી વીસરાય નહી" જેવા તે બાહાદુર પેહેલવાનોએ તેહેમતનના આવા મરદાનગી ભર્યા સખુનો સમજ્યા તેવોજ જમના હાથ ઉપરથી અશકશે પવનવેગે દોડીને તલવારબાજ કરસીવજ ઉપર કીનો લેવા ચાહયુ. પેહેલવાનો ગુરગીન, રેહામ અને ફરહાદે તુરાની પાદશાહના લશકરની જમની પાંખનો નાશ કીધો તિક્ષણ પંજાનો બેજન તુરકી લશકરના મધ્ય ભાગમાં લડાઇને બદલે જાણે મોજ કરવાનેજ ઉતરી પડયો તમામ મેદાનમાં લોહીની નદી ચાલવા લાગી અને તુરકી પાદશાહનો ઝુન્ડો ઉંધો વલ્યો જ્યારે તે પાદશાહે પોતાના બાહાદુરોના માર્યા જવા સાથે પોતાના નસીબને ઉધું વલેલુ જોયું ત્યારે તેણે હાથમાંથી હીન્દી તલવાર ફેંકી દિધી અને એક આશુદા ઘોડા ઉપર બેસીને પોતાના બાહાદુરો સાથે ઉટાવલે તુરાન તરફ નાહાસવા માંડયુ અને ઇરાનીઓ ઉપર કીનો લેવાની ઇચ્છા છોડી દિધી. સિંહોને પકડનારા રસતમે તેની પુઠ પકડીને તેના બાહાદુરો ઉપર ગુરજ અને તીરનો વરસાદ છોડયો. તેણે બે ફરસગ સુધી જાણે બીહામના અઝદાહ માફક માણસોને ફુકી માર્યા તેણે હજાર તુરકી સ્વારોને લડાઇમાંથી કેદ પકડયા પછી જીતમાં મેલવેલો સઘળો સામન સીપાઇઓને વેહેચી આપવાને માટે તે લડાઇના મેદાનમાંથી છાવણીમાં ગયો અને ત્યાં બક્ષેશ કીધા પછી તેણે હાથીઓ ઉપર સામન લદાવીને ત્યાંથી ફતેહભર્યા પાદશાહ કએખસરૂ આગળ પાછો ફર્યો.

રૂસતમ તુરાનથી કુએખસરૂની દરબારમાં પાછો ફર્યો તે વિષે.

જ્યારે બાહાદુર પાદશાહ ખસરૂને ખબર મલી કે "સિંહ જેવો રૂસતમ ફતેહમંદ બનીને મેદાનમાંથી પાછો ફરે છે તથા તે બુરી મનશાનીના અઝદાહના કબજામાથી બેજન બંધીખાનેથી અને બેડીમાથી છુટયો છે, તથા વળી તેણે તુરાની લશકરનો કચ્ચરઘાન કાટીને દુશમનોના ડોકાં નિચે કે કયા છે," ત્યારે તે ખુશી થઈને પરવરદેગારની બંદગી કરવાને ગયો અને ત્યાની જમીન સાથે ચેહેરો ઘસીઓ ત્યારે ગેવ અને ગોદરેજને એ ખબર મલી ત્યારે તેઓ પણ ઉટાવલે ફતેહમંદ પાદશાહ આગળ આવ્યા આથી ત્યા ગડબડ મચી રહી તથા લશકર ભેગુ મલી ફતેહની નોબત વજાડતુ માર્ગમાથી પસાર થવા લાગ્યુ દરબારમા રનસીગડા ફુંકાયા અને લશકરે ખુશાલીના પોકારો કીધા ત્યાનુ મેદાન ઘોડાઓની નાળથી કાલુ બન્યુ અને શેહરમા પરગમો વાગવા લાગ્યા સ્વારો ભપકાથી દોડધામ કરવા લાગ્યા અને જમીન દાતવાલા જોરાવર હાથીઓથી ભરાઈ ગઈ લશકરની હરોલમા ઢોલ અને વાજા વાગતા હતા તથા ગોદરેજ અને તુસની પુંઠ ઝુન્ડા ઉડી રહયા હતા એક હાથ ઉપર નાંદો અને સિંહોને સાકલે બાંધેલા ઉભા રાખ્યા, જ્યારે બીજા હાથ ઉપર લડાયક સ્વારો ઉભા એ રીતે ગોઠવાયલી હાલતમા ફતેહમંદ પાદશાહે લશકરના તે પેહેલવાનને લેવા જવાને ફરમાવ્યુ આથી તે લશકર ત્યાથી ટોલાબંધ જવાથી તે જમીન પેહેલવાનોથી પાહાડ જેવી બની જ્યારે પેહેલવાન રૂસતમ વજારના સામન વચેથી દેખાવા લાગ્યો ત્યારે ગોદરેજ તથા ગેવ તથા ઇરાની લશકરના તમામ બુજોર્ગો ઘોડા ઉપરથી ઉતરીને પગે ચાલતા તેની સામે ગયા જેહાન પેહેલવાનના ઘોડા ઉપરથી નિચે ઉતરનાજ બુઢાઓ અને જવાનોએ તેને નમન કીધું ગેવ અને ગોદરેજે તેની તારીફ કીધી કે, "ઓ પેહેલવાનોના નામદાર સરદાર! દરેક ઠેકાણે ઇરાની સિંહો તારાથીજ બાહાદુર બને છે માટે ફરતુ આસમાન તારાથી કદીપણ ઘરાઈ જતુ ના તુને પરવરદેગારની મદદ જાવેદાન સુધી મલતી રેહેજો અને સુરજ ચંદ્ર તારી ઇચ્છા મુજબ ફરતા રહેજો. હમારાં તમામ કુટુંબને તે (આ કામથી) તારૂં ગોલામ બનાવ્યું છે કારણકે હમારો ગુમાયલો બેટો તારાથીજ પાછો મલ્યો છે હમે તારીથીજ ગમ અને દુખથી છુટા થયા છીએ અને તારે લિધેજ હમો પાછા ઇરાનમાં કમર બાધનારા બન્યા છીએ" પછી સઘલા મોટી પડવીના સરદારો પાછા સ્વાર થયા અને ભપકાથી જેહાનના પાદશાહની દરબાર તરફ ચાલવા લાગ્યા. જ્યારે તેઓ જેહાનના પાદશાહની રાજ-

ધાની તરફ આવી લાગ્યા ત્યારે ત્યાં તે લશકરની સંભાળ કરનારો પેહેલવાન ઘોડા ઉપરથી નિચે ઉતર્યો. પેહેલવાનોની તથા મોટાઇભર્યા તાજની સંભાળ કરનારો તે પાદશાહ તેને લેવાને સામો આવ્યો. તે જેહાનના પાદશાહનો દોરદમામ રૂસતમને જણાતાંજ પાદશાહના લેવા આવવાની વાતથી તે જાણીતો થયો આથી રૂસતમે મેહેનતથી અને મુસાફરીથી થાકેલો હોવા છતાં નિચ ઉતરીને તેને નમન કીધુ. પાદશાહ ખશરૂ તેને બગલગીરી કરતાં બોલ્યો કે "ઓ મરદોને મદદ આપનારા અને હુનરમદોને જીવ બક્ષનાર પેહેલવાન! જેહાન તારી તલવાર વગરની ખાલી રેહેતી ના અને તારી કમરં હમેશની બાંધેલી રેહેજો" પછી બેજનનો હાથ પાદશાહ તથા તેના બાપને સોંપી આપવા માટે તેહમતને તેનો હાથ પકડીને ત્યાં લાવી હાજર કીધો અને તેમ કરી ગોદરેજની તથા તેના બુઢા બાપની વાકી થમલી પીઠને પાછી સીધી કીધી પછી રૂશતમે પેલા હજાર તુરકી બધવાઓને બાંધેલા પાદશાહ આગળ હાજર કીધા. આથી પાદશાહે મોહબત સાથે રૂસતમની તારીફ કીધી કે, "હમેશાં આસમાન તારી ઇચ્છા મુજબ વર્તજો હમેશાં તારૂ મગજ અકકલથી તર રેહેજો અને તારૂ દિલ ખુશાલીભર્યું રેહેજો. તારૂ પવિત્ર શરીર બુરાઓના કરતુકથી દૂર રેહેજો જાલ ખરેખર ભાગ્યશાલી ગણાય કારણકે તે જ્યારે પણ આ સસાર તજી જશે ત્યારે તે તારા જેવી યાદગારીને જેહાનમાં પુઠે મુકી જશે જાબુલનો મુલક જે સિહ જેવા બાહુર પેહેલવાનોનેજ ઉછેરનારો છે તે ખરેખર મુબારક ગણાય તારા જેવો એક પેહેલવાન ધરાવવા માટે ઇરાન દેશ તથા તેના મુબારક પેહેલવાનો ખુશાલ રેહેજો. એ ત્રણેથી વધારે ચહડતુ નસીબ તો મારૂ ગણાય કારણકે તારા જેવો પેહેલવાન મારા તખતની નોકરી કરે છે તારાં સઘલાં કામો સુરજની ઉચાઈ સુધી પોહોંચ્યાં છે અને તમામ જેહાનમાં તારી ભલી કરણી જાણીતી છે. તું પોતે ઇરાનના તાજ જેવો અને પેહેલવાનોને ટેકા સમાન છે તારા વગર એક પળ પણ જેહાન ખાલી રહે એમ હમે ઇચ્છતા નથી. વળી તારા વગરનું નીમરોજ પણ ખાલી હોતુ ના. જેહાને તારા જેવા બીજો કોઇ નેકનામ જોયો હોય એમ મને માલમ નથી." પછી પાદશાહે તુરતજ ગેવને કહયું કે, "તે ગેબી સાહેબે તારા ઉપર દયા કીધી છે. કારણકે પરવરદેગારે તારા એક પુગ બેટાને રૂસતમને હાથે પાછો અપાવ્યો છે." આથી બાહુર ગેવ જમીનને બોસો લેતાં બોલ્યો કે "તારા વિચારોથી જેહાન કદિપણ કટાલતી ના. જમાનો જ્યા સુધી કાયમ રહે ત્યાં સુધી તું ખુશાલ જીવજે. તારૂં મગજ રૂસતમથી જાવેદાન સુધી આબાદ રેહેજો તેમજ મુબારક જાલનું દિલ પણ તેનાથી ખુશ રહેજો." પેહેલવાન ગોદરેજે પણ એમજ

સઘલાઓની તારીફ કીધા પછી ખસરૂએ ખાનુ લાવી મુકવા ફરમાવ્યું તથા ચઢતી અક્કલવાલા બુઝોર્ગોને ત્યાં બોલાવી મંગાવ્યા. જયારે તે સરદારો ખાના ઉપરથી ઉઠયા ત્યારે દારૂની એક બેઠક કરવામાં આવી ત્યાં તે મીજલશ દિપાવનારાઓના, દારૂ પીરશનારાઓના તથા કાનમા લુલકવાલા ચંગ વાજીંત્ર વજાડનારાઓના માથાં ઉપર ભારી તાજો પેહેરાવવામા આવ્યા હતા, જેના સુનામાં મોતીઓ જડી લિધાં હતાં. ત્યાંના સઘલાના ચેહેરાનો રંગ રૂમી રેશમી કપડાં જેવો (લાલ) હતો ચંગના અવાજ સાથે પરી જેવી ગાનારીઓ ગાયન ગાવા લાગી, જ્યાં સુનેરી તબકો સુધ કસ્તુરીથી ભરીને મુકવામા આવી તથા તેની આગળ ગોલાબબાસો મુકી. જેમ પુનમનો ચાદ સરોવરના ઝાડ ઉપરથી પ્રકાશી રહે તેમ પાદશાહ પાદશાહી દમામથી પ્રકાશતો હતો. આખરે પાદશાહના સઘલા વફાદાર પેહેલવાનો દારૂથી મસ્ત બનીને તે સરદારના મેહલમાંથી ઘરે ગયા

સહવાર પડતાં રૂસતમ કમર તંગ બાંધીને ખુલ્લા દિલે દરબારમાં આવ્યો અને પોતાને વતન પાછા ફરવાની રજા મેલવવાને પાદશાહ સાથે વાત કીધી. આથી પાદશાહે જવેહરાતથી જડેલા દગલા અને ટોપી સાથનો એક કીંમતી લેબાશ હાજર કરવા ફરમાવ્યાથી, ખજાનચીને મોતીઓથી ભરેલી એક પાદશાહી જામ, જીન સાથના સો ઘોડાઓ, ભાર લાધેલાં સો ઉંટો, કંમર બાંધેલી સો પરી જેવી ઓરતો, કાનમા સુનેરી કરી સાથના સો ગોલામો, વિગેરે સઘલું જેહાનના માલેક પાદશાહની હજુરમાં લાવી હાજર કીધું પાદશાહે એ સઘલું જાબુલી રૂસતમને એનાયત કીધુ પછી તે જમીનને બોસો લઈ ત્યાંથી જવાને ઉઠયો. તેણે કેઆની કોલાહ માથે પેહેરીને તથા કમરે કંમરબંધ વિટાલીને પછી પાદશાહ ઉપર દુવા કરી ત્યાથી વિદાય થયો અને જડપથી સીસ્તાનનો રસ્તો ધર્યો પછી જે બુઝોર્ગો રૂસતમ સાથે મેહેનત ઉઠાવવામા, લડાઇ ઉઠાવવામાં તથા ખુશાલી અને ગમ પાળવામાં સામેલ હતા તેઓને પણ પાદશાહે તેમની પડવી મુજબના હદીઆ બક્ષ્યા. આથી તેઓ પણ પાદશાહના મેહેલમાથી ખુશ થઇને ગયા. જયારે પોતાના પેહેલવાનોને નવાજવાના કામથી પાદશાહ પરવારીને પોતાના તખ્ત ઉપર નચિંત બેઠો ત્યારે તેણે બેજનને પાસે આવવા અને તેના ઉપર પડેલાં દુખ અને મેહેનતની વાતો કરવાને ફરમાવ્યું તેથી તેણે પાદશાહ આગળ પેલાં સાકડાં બંધીખાનાની તથા પેલી લડાઇની પુશકલ વાતો કીધી. વળી તેણે પેલા બુરા વખતના ફરવા વિષેની તમામ હકીકત પાદશાહને કહી સમજાવી તેથી પાદશાહે તે કમનસીબ કોકેરી મનીઝેહના દુખ અને ગમ માટે દિલસોજી દેખાડી તેણીને પુશકલ નવા-

જેશ કીધી. તેણે સુના અને મોતીની વણુત કીધેલા સો રૂમના રેશમી પોશાકો, એક તાજ, દસ પૈસાથી ભરેલી થેલીઓ, નોકરો, કાપડના ટાકાઓ અને બીજી જાતજાતની ચિજો હાજર કરવાને ફરમાવ્યુ પછી તેણે બેજનને કહ્યુ કે, "આ સઘલો સામન તે દુખી દિલની છોકરી માટે તું લઈ જા અને મારા તરફથી તેને બક્ષેશ કર. તુ તેને દુખી કરતો ના તથા તેની સાથે કડાઇથી વાત કરતો ના તેણીને તારે લિધે કેટલુ ખમવુ પડ્યુ હતુ તેનો તુ વિચાર કરજે અને આ ફરતા જમાના ઉપર નજર રાખતો રહીને તેણીની સગતમાં ખુશાલી સાથે વખત ગુજારજે. જમાનો જેને ઉચે આસમાને ચઢાવે છે અને નુકસાનથી દુખ અને ગમ પુગાડયા વગરનો રાખે છે તેનેજ તે ઉચા આસમાન ઉપરથી પાછો ધુલમા નાખે છે અને તેના ઉપર સઘલી તરફથી ધાસ્તી અને ચિંતા લાવી નાખે છે જેને તે લાડ લડાવી પોતાની ગોદમાં ઉછેરે છે તેનેજ તે પછી તગ ઉડા ખાડામાં ઉતારે છે. જ્યારે બીજાને તે ઉંડા ખાડામાંથી તખત ઉપર લેઈ જઈ બેસાડી તેને માથે હીરાજડીત તાજ મુકે છે. જેહાનને પોતાની બુરી કરણી માટે જરાએ શરમ નથી તેની સાથે કોઇથી તકરારમાં ઉતરાતું નથી. તે હમેશાં ભલાઈ અને બુડાઈના કામમા મદદ કરનારી હોવા છતાં તે કોઇને પણ આરામ આપવા માંગતી નથી. આ ત્રણ પાંચ દિવસની દુન્યાનુ આવુ જ કામ છે ભલા અને ભુડાની તેજ રાહનુમાઇ કરે છે. માટે તુ પૈસા મેલવવાનો ગમ ખાતો ના ગમ વગર સખાવત કરનારનું દિલ ભલુ ગણાય. તું પૈસા ખાતર તુદ અને બુરા ખવાશનો બનતો ના. તારી પાસે પૈસા નહી હોય તો બેહેતર, કારણ જે કોઈ ખજાના અને પૈસા તરફ જોતા નથી તેનો તમામ વખત ખુશાલીભર્યો ગુજરે છે"

હવે આ દાસ્તાન જે પ્રમાણે મેં પેહેલેથી સમજ્યું હતુ તેજ પ્રમાણે મે તમામ કીધુ છે જ્યારે હુ બેજનના કામો દર્શાવવાથી પરવાર્યો છું ત્યારે હવે હું તુંને ગોદરેજ અને પીરાનની વાત કહી સમજાવશ. જે બ્યાનથી જેહાન જારજાર રડશે એજ પ્રમાણે ભલા અને ભુડાં કામો બન્યાં જાય છે જો તું લાભનો માર્ગ પકડવાની કમર બાંધશે તો તારા ઉપર જગનું કામ મુસકેલ થઈ પડશે માટે તું અઝદાહના દાચાં વચે હોય તોપણ તારે એક વખતે ચઢતી સોધવી લાયક છે બીજુ એ કે જ્યારે જેહાનમાં બરકરારીજ નથી ત્યારે આ ત્રણ પાચ દિવસની દુન્યાને બોહોલી કહો યા તગ કહો તે સરખુજ છે. લોભનો પુજારી અને કીનો સોધનાર જેહાનમાંથી કોઈની તારીફ સમજતો નથી. જ્યારે બાગમાનું સીધું સરોવર (શરીર) વાકુ વળે છે અને તેનો રોશન ચેરાગ (જીવ) બુજાય જાય છે ત્યારે તેના પાદડા કરમાઇ જઈન ડાખલીઓ સુસ્ત બને

છે. પછી તેનું માથું બોંયે પડવાને વાકું વળે છે. એ રીતે તે ખાકમાંથી પેદા થયલું પાછું ખાકમાંજ મલી જાય છે અને સઘલે તેને માટે ફીકર ચીંતા અને દુખ રહે છે. માટે દાનવ અને બુજોર્ગ માણસોને જેહાનમાં નિર્દોશ બનવું ઘટે છે. જો તું જેહાનમાં લાંબો વખત પણ જીવે તોબી દુખને સબબે તારા શરીરને અંતે અત્રેથી જવાની ફરજ પડશે જીંદગી એ છેડા વગરનો ઉંડો માહાસાગર છે જેના ભરમના ખજાનાના બારણા ખોલવાની કોઇ પાસે કુંચી નથી. જો તું જેમ વધારે જીવશે તેમ તુને વધારે જીવવા ગમશે. તોપણ તારી સાથે જેહાન આડી ચાલીને તુને એક દિવસે ખાઇ જશે. જ્યારે તેનાથી કાંઇ ઉપાય રેહેતો નથી ત્યારે તો તુને ત્રણ ચિજ કરવી ઘટે છે, જે કર્યાથી તારી નીદા થતી અટકશે. તે ચિજો એજ કે તુ ખા પી, પેહેર અને બક્ષેશ કર એમ કર્યા સિવાય તારે બીજી વાતો ઉપર ધ્યાન આપવું જોઇતુ નથી. જો તુ એ ત્રણથી દૂર જશે તો તુ સઘલી મુશકેલી અને લોભ વચેજ જીવશે લોભ સાથે તું ગમે એટલી મેહેનત કરશે તો પણ તુ ગરજાઉ રેહેશે. જ્યારે જેહાન તારી થવાની નથી એમ તુ જાણે છે તો તું શામાટે તારા જીવ અને રવાનને દુખી કરે છે ? તુ જે કાઇ ધરાવતો હોય તે ખાઇ પી લે અને વધારે માગણી કરતો ના, કારણક લોભથી આબરૂ ગુમાય છે.

અફ્રાસીયાબે ઈરાન તરફ પાછું લશકર મોકલ્યું તે વિષે.

જેમ મે સમજયું છે તેમ તે તુરકી પાદશાહ અફ્રાસીયાબનું દિલ લોભની પુઠે મંડલુ હોવાથી તે હંમેશનું દુખી રેહેતુ હતું. જ્યારે બેજનને માટેનુ કામ તમામ પુરૂં થયુ છે ત્યારે વળી હું અફ્રાસીયાબના નામને પાછું હાજર કરૂં છુ. પેલુ લડાઈનું મેદાન કે જ્યાં રૂસતમે અફ્રાસીયાબની ઉપર જેહાનને કાલી બનાવી હતી ત્યાંથી તે અફ્રાસીયાબના પાછા ફર્યા બાદ જ્યાં સુધી તે ખુલુખ શેહેર સુધી આવી પુગ્યો ત્યાં સુધી તેણે ઉટાવલે કુચ કર્યા કીધી. શરમને લિધે જાણે તેનુ માથું જેહાનમાંથી ગુમ થયુ હતુ. અફ્રાસીયાબ લડાઈના હુનરોથી જાણકાર અને હુશીયાર દિલના શખ્સો જેવાકે પીરાન, સલાહકાર કરસીવરજ, કરાખાન, શીદેહ, કરસીવન, હોમાન, ગુલબાદ, ફરશીદવરદ, તથા લડાઈના મગર માફકનો પીરાનનો બેટો રૂઈન એ સઘલાઓની સાથે દુખી દિલે મેહેલમાં દાખલ થયો. તેણે તેઓ સાથે વાત કરતાં તમામ બની ગયલા બનાવોને વિસ્તારીને કહયા અને બોલ્યો કે, "જયારથી મેં પાદશાહી તાજ પેહેર્યું અને પ્રકાશતો સુરજ અને ચંદ્ર મારી ઉપરથી ચાલુ

ફરતા રહયા ત્યારથી મોટી પડવીના શખ્સો મારા મદદગાર બન્યા હતા અને તેઓમાંથી કોઇપિણુ મારી લગામને પાછી ફેરવી શકતો હતો નહીં. મીનોચેહેર સાથની લડાઇ પછી ઇરાનીઓના હાથ તુરાનીઓ ઉપર ફરીથી લાંબા બન્યા હતા નહી. પણ હાલે તો તેઓ ઇરાનથી મારા ઘેર સુધીચાલી આવીને રાતના મારા જીવ ઉપર પણ હુમલો કરવાની હીમત કરે છે તે હીચકારા લોકો બાધુર બની ગયા છે અને હવે સિહના રેહેઠાણુ સુધી હરનો આવવા લાગ્યાં છે. માટે આપણુને પણુ એનો કીનો લેવાને જલદિથી લડાઇ કરવી ઘટે છે નહીતો કે તેઓ આ મુલકનો નાશ કરી નાખશે. તેથી હાલે મને ઘટે છે કે મારા આ મુલકના પેહેલવાનોને સઘલે ઠેકાણે કાસદો તરીકે મોકલી આપુ અને હજારો હજાર તુરકીઓ અને ચીનાઇ લડાયક શખ્સોને બાંધેલી કંમર સાથે બોલાવીને આપણે લશકર લેઈ જઇએ અને ઇરાનની આસપાસ દરેક ઠેકાણે લડાઈઓ કર્યે." આથી સઘલા મોબેદોએ પોતાના સરદાર આગળ પોતાના હુશીયારી ભરેલા વિચારો જાહેર કીધા કે, "હવે આપણુને જીહુન નદી પસાર કરવી જોઇએ અને ત્યાંનાં બોહોળાં મેદાનોમાં પાદશાહી ઢોલોને ઠોકાવવાં જોઇએ. આપણુને આમુઇના મેદાનમાં આપણી લશકરી છાવણી નાખવી જોઇએ અને રાત દિસ હુમલાઓ કરવાથી અટકવુ જોઇતું નથી કારણુકે લડાઇ કરવાની અને લોહી રેડવાની તથા ગેવ અને રૂસતમ જેવા સાથે લડવાની જગ્યા તેજ છે." એ રીતે શેહેરોને જીતનારા તે નામદારોએ અને પેહેલવાનોએ પોતાના પ જાઓને છુપી રીતે ઝેહેર પાયા.

જયારે અફ્રાસીયાબે તેઓની આવી વાતો સમજી ત્યારે તે પણુ પોતાના નસીબને માટે દિપી રહયો અને પોતાની ખુશાલી જાહેર કીધી. તેણે તે પેહેલવાનો અને મોબેદોની ઉપર સરદારોની રશમ મુજબ દુવા ગુજારી. પછી તેણે પોતાની આગળ નામુ લખનારા નવીસદાઓને બોલાવી મંગાવ્યા અને તેઓની સાથે જે કાઇ વાત કરવી હતી તે કીધી પછી તેણે અજુમન વચેથી કાસદોને બોલાવ્યા અને તેઓને ફગફુર તથા ચીનના શાહની નજદિક મોકલ્યા. તેણે દરેક મુલકના દરેક નામદારો અને સરદારો ઉપર નામાં મોકલ્યાં અને ત્યાંથી તેણે લડાઇ કરવા ચાહાનારાઓનુ અને રૂસતમની સામે વેર ધરાવનારાઓના લશકરને બોલાવી મગાવ્યુ આથી બે અઠવાડયાની મુદતમાં ચીન અને ખોતનથી તથા તુરકસ્તાનની આસપાસના મુલકોની રૈયત વચેથી તે લશકર આવી લાગ્યું. [1] તેથી જમીન તોફાની દરીઆ માફક ઉછલવા લાગી અને ત્યાં એવુ બન્યુ કે ત્યાંની

---

[1] એ બેત લખેલી નકલમા વધારે છે.

જમીનની સપાટી કાઇને પણ દેખાઈ નહી. તેના ઘોડાઓના જે કાંઇ ટોલાં હતાં તે સઘલાંઓને શેહેરમાં લાવી એકઠાં કરવામાં આવ્યાં, તથા વળી જે ખજાનો તુરના વખતથી બાપથી દીકરાઓને ઉતરી આવ્યો હતો અને છુપો રહયો હતો તે સઘલાની કોઠલીના મોઢાં ખોલવામાં આવ્યાં અને તેણે પૈસા આપવાનું રાત દિસ ચાલુ રાખ્યું. જ્યારે તમામ રીતે લશકર તૈયાર થયુ અને તે ખજાનો મલવાથી ગરજ વગરનું બન્યું, ત્યારે તેણે પેહેલવાનોમાથી પચાસ હજાર માણુસો કે જે સઘલા લડાઇ કરનારાં અને કામ બજાવનારાં હતા તેમને ચુંટી કાઢયાં. પછી તેણે પોતાનો લડાયક બેટો શીદેહ કે જે બાહુર સિંહ જેવાઓ વચે ઉચુ માથુ રાખનારો હતો, તેને એ પ્રમાણે કહયુ કે, "આ લડાયક લશકરને હુ તુંને સોંપું છુ. તે લેઇને તુ ખવારજમ[1] તરફનો રસ્તો ધર અને તે ખવારજમના મુલકનીજ તું સંભાલ રાખતો રેહેજે અને લડાઇ કરવા માટે તુ તારી કમરને હમેશાં બાધેલી રાખજે" વળી તેણે પીરાનને ચીનના નામદારો વચેથી બીજા પચાસ હજાર શખ્સોને ચુંટી લેવાને ફરમાવ્યુ અને કહયુ કે, "તુ ઇરાનના મુલક તરફની અને તે નવા સરદાર (ખસરૂ) ના તખત ઉપર (મારૂં) તખત મુક. લડાઇ અને કીનાની વાત સિવાય તુ જરાપણ સુલેહની વાત કરતો ના આતશ અને પાણીને જે કોઇ સાથે ભેલવા માગે છે તેણે તે બધે ચિજને ઉપર ગોયા જુલમ ગુજારેલો ગણાય." આથી તે ખુલ્લા દિલના બંધે પેહેલવાનો જેમાનો એક અક્કલમદ અને બુઢો હતો અને બીજો જવાન હતો તેઓ અફ્રાસીયાબની શિખામણ મુજબ ત્યાંથી ઉપડી ગયા તે બધે બુઢા અને જવાને વાદલની ગરજના જેવા પોકાર કરતાં, સુનેરી ઘાંટો તથા ગુરજો અને તલવારોની સાથે રસ્તામાં આરામ લિધા વગર ઉટાવલે ચાલવા માડયું

તુરાની લશકરના આવી પુગ્યાની ખબર કએખસરૂને થઇ અને તેણે ગોદરેજને તેઓ સાથે લડવાને મોકલ્યો તે વિષે.

પછી તે ફતેહમદ પાદશાહ (ખસરૂ) ને એવી ખબર થઇ કે, "તુરાનથી એક લશકર ઇરાન તરફ આવે છે અને તે બુરી તોખમનો જુલમગાર અફ્રાસીયાબ કીનાને લિધે આરામ અને ઉંઘ વગરનો બન્યો છે તે શરમને છુપાવવા પોતાનુ માથુ જાણે ઉચુંજ રાખવા માંગે છે અને તેથી તે સઘલી

---

[1] ખવારજમનો મુલક જીહુન નદીને કાઠે આવેલો છે અને તે કેસપીયન સમુદ્ર સુધી લંબાયલો છે એ મુલકનો થોડો ભાગ ઇરાનીઓના હાથમા અને થોડો ભાગ તુરાનીઓના હાથમા હતો.

તરફ લશકરને લડવા માટે મોકલ્યો જાય છે, અને ઈરાન તરફ પોતાની લગામ ફેરવીને આવવાને માટે ભાલાની અણી ઉપર ઝેહેર ઘસી રાખે છે. તે ત્રણ લાખ લડાયક સ્વારો સાથે જીહુન નદી પસાર કરીને અત્રે આવવા માંગે છે તે લશકર એવી રીતનું છે કે જે શરમ મેલવવા કે જીતવાને માટે જીહુન નદી આગળથી આસમાન સુધી ધુલ ઉઠારતુ આવે છે તથા ઢોલ અને તાસાના અવાજથી અફરાસીયાબની દરબારના બાધુરોને ઉંઘ પણ આવતી નથી તુ કહેશે કે ત્યાં સરનાઇના અવાજોથી અને ઘાંટોના ઠોકાવાથી અંતકરણ પણ પોતાની જગ્યાએથી નિકળી પડી બાહાર આવવા માંગે છે જો તે લશકર લડવાને ઇરાનમાં આવી લાગશે તો તેના માર્ગમા બાધુર વાઘ જેવાઓ પણ સામે જઇ શકશે નહી. તેણે ઈરાનની સરહદ ઘેરવાનુ કામ પીરાનને સોંપ્યું છે અને તેની સાથે પણ કાંઈ થોડુ લશકર મોકલવામાં આવ્યુ નથી. વળી પચાસ હજાર માણસોનું લશકર કંમર બાંધીને ખવારજમના મુલક તરફ લડવાને માટે ગયું છે. સિંહ જેવા દિલનો શીદેહ કે જે તલવાર વડે આતશના દિલને પણ છીનવી લે છે તે તેઓનો સપેહસાલાર બન્યો છે. તે લશકર મસ્ત હાથીના જેવું છે અને તેઓની સાથે લડતાં એક પાહાડનો પણ આંકો આવે" વિગેરે.

તે જવાન પાદશાહ અનુભવીઓનું એ પ્રમાણેનુ કહેવુ સમજતાંજ વિચારવંત બન્યો. તેથી તેણે તુરતજ કહ્યુ કે, "ઓ અક્કલમંદ શખ્સો! મે મોબેદોથી એવું સમજ્યુ છે કે જ્યારે પણ તુરાનીઓનો ચંદ્ર (વાલો ઝુન્ડો) ઉચાઇએ ચઢે છે ત્યારે ઇરાનીઓના સુરજ (વાલા ઝુન્ડા)થી તેને નુકસાન પુગે છે. માટે જેવો કાલો નાગ માથુ બાહાર કાઢે કે તેને છુંડી નાખવો તે નાગ દરમાથી નિકળેલો લાકડીની આગળ દુખ ખમવાનેજ જાય છે જ્યારે પણ એક પાદશાહ જુલમનુ ઝાડ રોપે છે તો તેની આગળથી પાદશાહી અને નસીબ ચાલી જાય છે" પછી તેણે સઘલા મોબેદોને બોલાવી મંગાવીને તેઓ આગળ જે કાંઇ વાત સમજી હતી તે કીધાથી લડાયક અને ડાહાપણવાળા બુજોર્ગો જેવા કે દસ્તાન, રૂસતમ, ગોદરેજ, ગેવ, શીદુસ, રેહામ, પેહેલવાન ફરહાદ, બેજન, અશકશ, ગુરગીન, ગસતહમ, જંગેહ, ગઝદહમ, નોજરના ખાનદાનનો નામદાર તુસ અને મુબારક તોખમનો કાઉસનો બેટો ફરીબરૂજ તથા તે સિવાય લશકરના બીજા તમામ નામદારો કે જેઓ તે જેહાનના પાદશાહની આગળ ઘેટાંના ટોળા જેવા હતા તે સઘલા ઈરાનના પાદશાહની સાથે ખાનગી મસલહત કરવાને બેઠા પાદશાહે તે પેહેલવાનોને એ પ્રમાણે કહયું કે, "સઘલા તુરકીઓ લડાઈ અને મોટી પડવી સોધતા રહે છે જ્યારે પણ એ દુશમન લશકર તૈયાર કરે છે ત્યારે તે તિક્ષણ પંજાવાલોજ બને છે. માટે આપણને

પણ લડાઈની તૈયારી કરવી ઘટે છે.” પછી તેણે દરબારમાંથી રનશીંગડાં ફુંક-વાનો અને જોરથી પરગમો વજાડવાનો હોકમ કીધો. પાદશાહ પોતે મેહેલમાંથી ભપકા સાથે મેદાન તરફ ગયો, ત્યાં તેને માટે એક હાથી ઉપર તખત તૈયાર કરવામાં આવ્યું હાથીની પીઠ ઉપરથી મોહરો ફુકવામાં આવ્યાથી તુ કહેશે કે જાણે જમીન ઉપરથી કાળો ધુમાડોજ નિકળવા લાગ્યો છે. ત્યાની હવા કાલી અને જમીન લીલા રંગની બની તથા લશકરના બાધુરો વાઘ જેવા બન્યા તેઓએ કીનાભર્યાં દિલના બની હાથમાં ગુરજ પકડયા પેહેલવાનોથી જમીન તોફાની દરીયા જેવી બની. પછી પાદશાહની દરબારમાંથી એક (બાંગીનો) પોકાર સમજાયો કે, “ઓ ઈરાની લશકરના પેહેલવાનો ! જે કોઇ લગામ અને પાવડાનો ઉપયોગ કરનારાઓ (સ્વારો) હોય તેઓએ ઘેરમાં નચિંતાઇથી બેસવું ઘટતું નથી.” વળી તેણે કરજુમ અને હીન્દુસ્તાનના સ્વારો, લડાયક શખ્સો, બાધુરો અને પેહેલવાનો ઉપર તથા અરબસ્તાનના બાધુરો અને નામ-દારો ઉપર એવુ ફરમાન મોકલ્યું કે, “મને લડાઇ માટેની તૈયારી કરનારા, ફાડી ખાનારા સિંહો જેવા અને મેદાનમાં સ્વારો વચે નેજા વાપડનારા ત્રણ લાખ માણસોની અગત્ય છે તેથી જે કોઇ ચાલીસ દાહાડામા પાદશાહ આગળ આવી પુગશે નહી, તેઓ માથે પેહેલવાનની તોપી પેહેરવાને લાયક ગણાશે નહી.” પછી પાદશાહના તે નામા સાથે દરેક બાજુએ કાસદ તરીકે સ્વારોને દોડાવવામાં આવ્યા પાદશાહે હોકમ ફરમાવ્યાને બે અડવાડીઆં થયા તેટલામાં તો પાદશાહનુ પાયતખ્ત લશકરથી જોશમા આવી ગયુ. આથી તમામ મુલક પણ લશકરને લિધે જોસમાં આવ્યો અને તમામ જેહાનમાથી પોકારો નિકલ્યા.

પછી એક બામદાદે મરઘાના બોલવાને વખતે દરેક ઠેકાણેથી ઢોલોના અવાજ સમજાતાંજ દરેક મુલકના બુજોર્ગો પોતાના લશકર સાથે આવીને પાદશાહની દરબાર આગળ સફ સમારીને ઉભા જુના વખતના ખજાનાના બારણા ખુલ્લાં કરવામાં આવ્યાં અને લશકરને પૈસા આપવા માંડયા તમામ લશકર પાદશાહ તરફથી મળેલા ખજાના અને પૈસાથી માથા ઉપર શુનેરી ટોપી પેહેરવા લાગ્યું. ઘોડાના અને માણસોના બખતરના પાહાડ જેવા ઢગથી ત્યાં જાણે લોઢાંનુંજ બનેલુ લશકર એકઠું થયું હતુ. જયારે લશકરનુ તમામ કામ તૈયાર થયુ ત્યારે પાદશાહનુ દિલ પણ તેઓથી પરવાર પામ્યું. પેહેલ વેહેલાં શમ-શેરના મારનારા ત્રીસ હજાર સ્વારોને તે નામદારોના લશકરમાંથી ચુટી કાઢીને ખસરૂએ તે લશકરને રૂસતમને સોંપી તેને કહ્યુ કે, “ઓ નામદારી ભરેલા પેહેલવાન ! તું સીસતાનનો રસ્તો લે અને એ લશકરને હીંદુસ્તાનને માર્ગે કુચ કરાવીને ગજનીમાં લેઇ જા. કારણ કે ત્યાં સુધીની તે ઉંચી જગ્યા તારા તાજ,

નખત અને અમલ હેઠેલ છે. જયારે તે સઘલાં રાજયો એક થશે તો તેથી વાઘ અને મેંઢાં એકજ ઓવારે પાણી પીતાં થશે. ત્યાં તું ફ્રામરજને તારૂ તાજ અને સત્તા બક્ષજે અને પછી તુને જોઈતાં હોય તેવાં માણસોને લશકરમાંથી ચુંટી કાઢીને ત્યાંથી (કુચ કરવાને) ઢોલ, સરનાઈ, રણશીગડાં અને ઘંટા વજડાવજે અને જરાપણ કેશમીર કે કાબુલમાં થોભતો ના. કારણકે અફ્રાસીયાબ સાથની એ લડાઇને લિધે હમારૂ મગજ ખાવા પીવા, ઉંઘાવા કે આરામ લેવા ચાહાતું નથી પછી તેણે એલાનાન[1] અને ગરેચેના[2] મુલકનો કબજો લોહરાસ્બને[3] સોંફ્યો અને તેને કહયુ કે, "ઓ મુબારક તોખમના પેહેલવાન ! તુ અત્રેથી લશકરના આ પેહેલવાનોમાંથી એક ટુકડી ચુટી કાઢીને એક પાહાડ જેવુ લશકર લેઇ જા. તું તે લશકર લડાયક સ્વારોનુંજ લેઇ જજે કે જેથી તે તુરકીઓનો તુ ધાણ કાઢી શકે." પછી તેણે અશકશને ફરમાવ્યું કે, "તું ત્રીસ હજાર નેજા વાપડનારા જોરાવર વાઘો જેવા અને ફાડી ખાનારા વરૂ જેવા શખ્સોનું લશકર ખ્વારજમ તરફ લેઈ જા અને ખ્વારજમમાં તું તારૂં મુકામ કરજે અને ત્યાં શીદેહ સાથે લડાઇ કરજે." તેણે ચોઠું લશકર ગોદરેજને સોંફતાં કહયુ કે, "ઓ પેહેલવાનની તોખમના બાધુર ! તુ અત્રેથી ઈરાનના બુજોર્ગો જેવા કે ગુરગીન, જંગેહ, ગસતહમ, શીદુશ, ફ્રરહાદ, ખરરાદ, ગેવ, પેહેલવાન ગરાજેહ અને બાધુર રેહામને સાથે લઇને મલવા માટે જા." પછી તેણે તેઓને કમર બાંધી લડાઈ કરવાને તુરાન તરફ કાંઇપણ ઢીલ વગર જવા ફરમાવ્યાથી કેશવાદના ખાનદાનનો ગોદરેજ તથા વળી બીજા પેહેલવાનો અને બાધુરો પાદશાહના હોકમથી ઘોડા ઉપર સ્વાર થયા અને સપેહેસાલાર ગોદરેજ તે લશકરની હરોલમાં ચાલવા લાગ્યો.

પછી પાદશાહે ગોદરેજને (શિખામણ દેતાં) ફરમાવ્યુ કે, "હવે તું કંમર બાંધીને લડવા માટે જાય છે, માટે તુ સંભાલ રાખજે અને તારા હાથને ગેરઈનશાફી કરવા તરફ લંબાવતો ના. તુ ત્યાંના આબાદી ભર્યા મેહેલોને તારાજ કરતો ના. જે કોઇએ તારી સામે લડવા માટે કમર બાંધી નહી હોય તેઓને કાંઇપણ નુકસાન નહી પુગે તેમ વર્તજે. કારણ કે આપણા જેવાઓ તર

1 'એલાનાન" એ તુરકસ્તાનના એક શેહેરનું નામ છે

2 'ગરચેહ' એ ખુજીસતાનના એક શેહેરનું નામ છે

3 'લોહરાસ્બ' એ પાદશાહ ગુસ્તાશપના બાપનું નામ છે એને અવસતામાં 'અઉરવત અસ્પ' ને નામે ઓલખવામા આવ્યો છે અને પેહેલવીમા લોહરાસ્બને નામે ઓલખ્યો છે. એ લોહરાસ્બ કએકોબાદના બેટા કએઅપીવેહના બેટા કએપીસનના બેટા માનુશના બેટા અઉઝવનો બેટો થતો હતો.

ફથી થયલાં ખુરાં કામોને પરવરદેગાર પસંદ કરશે નહી. આ જેહાન ત્રણ પાંચ દિવસના મુસાફરખાના જેવી છે અને અત્રેથી આપણને તો ચાલી જવાનું છે. તેથી જયારે તું તુરાનના મુલકમાં લશકરને લેઇ જાય ત્યારે તું મગજમાં આતશ રાખીને તારાં દિલને ઉટાવલું બનાવતો ના. તું સંભાલ રાખજે અને તુસની માફક ઉ-સકેરાઇ જતો ના. દરેક (નજીવાં) કામ માટે તુ (લડવા માટે) હાથી ઉપર ઢોલ બાંધ્યા કરતો ના. દરેક કામમાં તું દરેકને ઇનશાફ આપતો રેહેજે અને નેકી પોહોંચાડનારા યજદાંની યાદ કરતો રેહેજે. એક હુશીયાર અને તમામ કહેલુ યાદ રાખે એવા એક અનુભવી શખ્સને તુ પીરાન આગળ મોકલીને કેટલીક શિખામણોથી તેના કાન ખુલ્લા કરજે, અને તેને મેહેરબાનીના ભાર અંદર ઢાંકી મુકજે " ત્યારે તે લશકરના સપેહસાલારે પાદશાહને એવો જવાબ દિધો કે, " તારો હોકમ ચંદ્રવાળાં આસમાનથી પણ વધારે ચઢતો છે. તેં મને જેવુ ફરમાવ્યુ છે તેજ પ્રમાણે હું કરશ. કારણકે તુ જેહાનનો પાદશાહ છે અને હું તારો ગોલામ છું " પછી તે પેહેલવાનના ઘર આગલ ગડબડ ઉઠી રહી અને વાજીત્રના અવાજથી જમીન ધુજવા લાગી. દમ બેદમ લશકર છાવણીમાં આવતુ ગયુ અને સ્વારોથી ઉડી રહેલી ધુલથી જેહાન કાળી બની લશકરની હરોલમાં સાઠ હાથીઓ ચાલવા લાગ્યા જે સઘલા જબરા હાથીઓથી જેહાન પણ કચડાઇ જવા લાગી. તે જોરાવર હાથીઓમાથી ચાર મજબુત હાથીઓને પાદશાહ માટે તૈયાર કરવામાં આવ્યા અને તેઓની પીઠ ઉપર તે તાજવાલા અને દમામ સાથના પાદશાહને બેસવા માટે સુનેરી તખતો મુકવામાં આવ્યાં. પછી તે મસ્ત હાથી ઉપરના સુનેરી તખત ઉપર તેણે ગોદરેજને બેસવા ફરમાવ્યું. ત્યારબાદ તે હાથીઓને ત્યાંથી ઉશકેરીને ચલાવવામાં આવ્યા અને ધુલને ઉડતી કીધી તે ધુલના ઉડવા સાથે તેણે પોતાના નેક નસીબને યાદ કીધું અને તે બોલ્યો કે " પીરાનના જીવનો આપણે નાશ કરીશુ અને તેના જેવા પેહેલ-વાનને આપણાં હાથીના પગ નિચે કચડીશું." પછી પાદશાહના હોકમથી તે લશકર કોઇને દુખ દિધા વગર મનજલે મનજલની મુસાફરી કરવાને આગળ વધ્યું.

ગેવ પીરાનને ગોદરેજનો પેગામ પુગાડવા ગયો તે વિષે.

જયારે ગોદરેજ રીયુબદ નામના શેહેર આગળ આવી પુગ્યો ત્યારે તેણે તમામ સરદારોને તે લશકરમાંથી ચુંટી કાઢયા. તેણે નેજા વાપડનારા બાહુરો વચેથી હજાર નામદારી ભર્યા બાહુર શખ્સોને તથા ઇરાનીઓ વચેથી લડાયક અને નામદારી ભર્યા દસ બોલકના સ્વારોને ચુટી કાઢયા. પછી તે સપેહસાલારે પોતાની આગળ ગેવને બોલાવી મંગાવીને જે સઘલું પાદશાહે

તેને કહ્યુ હતું તે તેને કહી સમજાવતાં કહ્યું કે, " ઓ મારા હુશીયાર ભગજન-ના બેટા ! આટલા બધા સરદારો વચ્ચે તુજ તારૂં માથું નામદારી સાથે ઉચ્ચું રાખી શકે છે. મેં તારેજ લાયકતું એક લશકર જે દરેક મુલકના સરદારોનુ બનેલું છે તે ચુંટી કાઢયુ છે. એ લશકર સાથે તુ પીરાન આગળ જઇને તેને એ સઘલું કહી તેનો જવાબ સમજી લેજે. તું પીરાનને કહેજે કે 'હુ પાદશાહ-નાજ હોકમથી આ લશકર સાથે તેની આગળ આવ્યો છું. કેમ બોલવુ ચાલવું તે તુ સમજે છે. તારી તરફથી કોઇને દુખ અને હેરાનગતીપુગી હોય એવાં કામથી તુ નિર્દોશ છે, જ્યારે તમામ તુરાનના મુલકે તો હમારા નામદાર પાદશાહ સાથે બુરાઇ કરવા માટે કંબર બાંધેલી છે. મુબારક ફરીદુને જેહાનમાં પોતાના દુખ અને વિપતીઓને સબબેજ પોતાની આખો આંસુભરી કીધી હતી. વળી ઇરાન દુખભર્યું બન્યાથી તે પાદશાહ પણ દુખથી બલતો હતો. કારણકે ઇરજના સોગને સબબે ચંદ્ર પણ પ્રકાશી શકનો હતો નહી. એ દુખ તુર અને સલમે ઇરજ ઉપર જુલમ ગુજાર્યાને લિધે મારા ખાનદાન ઉપર આવી પડયું હતું. ફકટ તુજ એ અંજુમનમાંના તુરકીઓ વચેથી તારી પોતાની (ઇરાનીઓ તરફની) માયા અને વફાદારીને સબબે તેમની વખાણ ગાવાનો દાવો કરે છે. પણ એવી મોહબતના નામ હેઠેલ તુ જુઠું બોલે છે. હું કાંઈ તારા દિલમાં શાતી અને મોહોબત જોતો નથી.' એવું બન્યુ છે કે તે શરમાલ પાદશાહ કએખસરૂએ મને ફરમાવ્યુ છે કે, 'તુ પીરાન સાથે સઘલી નરમાશથીજ વાત કરજે કારણકે તેણે સરદાર સીયાવક્ષના વખતમાં તેની સાથે એકપણ દિવસે બુરાઇનો પાયો નાખ્યો હતો નહી. વળી તે મારી આગળ માનને લાયક છે કારણકે તે મારા બાપનું ખુન કરવાથી બેગુનાહ હતો. તેં જે ગુનાહો અત્યાર સુધીમાં કીધા છે તેમાં તે પાદશાહોમાના કોઇને દુખ દિધું નથી. પાદશાહ (અફરાસીયાબ) તારા તરફનુ સઘલુ થયલુ લેઈ ચલાવે છે અને તેમાં જે કાંઈ ભલું છે તેના બી તારાથીજ રોપાયલા છે.' તેથી એવું બનવુ જોઇતું નથી કે તારા આગળા કેટલાક ગુનાહોને માટે તારો મારે હાથે નાશ થાય. કદાચને અફરાસીયાબની તરફથી લડાઈ કરતાં તારૂ મોત તારી ઉપર સેટાબી કરે તેથી ઇરાનના બુજોર્ગો અને મારો બેટો (ગેવ) તારી આગળ આ મારી તરફની શિખામણ કહી સમ-જાવશે. તેથી તારે જે કાંઇ વાત કેહેવી હોય તે તું તેઓને કહેજે અને એજ પ્રમાણે તુ પણ જે વાત પુછવી હોય તે તેઓને પુછજે. જો તારી જબાન તેઓ ઉપર ફાવી જશે તો તું દુખમાંથી મોકળો થશે અને જીવ ખોહોતો બચશે. વળી તારો મુલક અને તારા ખેશીઓ આબાદ બનશે અને તારી ગરદન મારી તલવારથી બચી જશે. જો તારો ગુનાહ હમોને માલમ પડશે નહી તો તારી

ઉપર હમારી મેહેરબા'ની રહેશે અને તારૂં તાજ અને તખત ચાલુ રેહેશે.[૧] પણ જો તારો ગુનહ માલુમ પડશે તો પછી તુ તારા જીવને માટે પાદશાહને હાથે નચિંત રહી શકશે નહી. પછી એ ફીનો લેવાને માટે હું, મારો ગુરજ કે પાદશાહનું લશકર એ સઘલા આરામ લેશે કે ઉંઘાશે નહી અફ્રરાસીયાબ ઉપર ફીનો લેવાને હમારા પાદશાહને કાંઈ ઘણું લશકર તૈયાર કરવુ પડશે નહી. તોપણ તું મારી તમામ શિખામણ માનીને મારૂં હુશીયારી ભરેલું કેહેન સમજજે. પેહેલુ એકે જે કોઇ ફીનાનો પાયો રચે છે તો તેના બદીયાનેની બોંય ઉપર પણ તેનું લોહી રેડવાનુ લખાય છે તેથી જે કોઇએ સીયાવક્ષનું લોહી રેડવા માટે હાથ લંબાવ્યા હોય અને ગેરઇનસાફથી જેહાનનો નાશ કીધો હોય તેઓને તુ કુતરાઓની માફક બાંધીને તુરાની અનજુમન વચેથી મારી આગલ મોકલી આપ, કે જેથી હુ તેમણે પાદશાહ આગળ મોકલી આપું પછી તે તેઓને યાતો ગરદન મરાવે કે યાતો તેઓને માફ કરે. ઇનિશાફની દરબારમા તે સઘલાઓના નામ લખાયલાં છે અને જેહાનની પાસબાની કરનારા મારા પાદશાહે તે મને પણ લખાવ્યાં છે. આ બુજોરગીભર્યુ દાસ્તાન તે સમજ્યુ હશે નહી કે, ' એક ફાડી ખાનારો સિંહ તો વરૂને પોતાની આગળ નિચેજ પટકે છે.' તેથી જે કોઇએ તે પાદશાહના ખુનમા હાથ લંબાવ્યા હશે તેની જગ્યા જમાનાએ ધુલ સિવાય બીજી કાંઈ બનાવી નથી બીજુ એકે તારી પાસે જે કાંઈ સઘળો ખજાનો છે તે સઘલો તારા કાળા જીવનો દુશમન છે માટે તે સઘનુ જેવા કે મોઘી કીમતના ઘોડાઓ, જવેહરાત, પૈસા, રેસમી તાકા, તાજો, તલવારો, તોપીઓ, ઘોડાના બખતરો, હીન્દી તલવારો અને એ વટરોગે સઘલો લશકરી અસબાબ તથા સુનું રૂપુ એ સઘલુ તુ મારી આગળ મોકલી આપ તથા જે કોઈને તેં ગેરઇનશાફીથી પકડયા હોય તેઓને કાઇ પણ નુકશાંન પુગાડયા વગર મારી આગળ મોકલી દે, કે જેથી તું તારા જીવને પણ પાછો ખરીદી લેઇ શકે અને આખરે તુ તારો ઉપાય કરી શકે તેમાંથી જે કાંઈ પાદશાહને લાયકનું હશે તે હું જેહાનના પાદશાહ કએખસરૂને માટે મોકલી આપશ તથા બીજુ જે કાંઇ સઘળુ હશે તે તમારાથી જે કાંઈ ગુનાહ થયો હશે તેના બદલામાં મારા લશકરને બક્ષશ. બીજુ એકે તારો પ્યારો બેટો કે જે તારા તખતનો અને વીટીનો નેગેહબાન છે તેને તથા લશકર ઉપર સરદારી ભોગવનારા તારા બે ભાઇઓ કે જેઓ હર વખતે (નામદારીથી) પોતાની ગરદનને ચંદ્ર સુધી ઉઠાવતા રહે છે તેઓને મલી એ ત્રણેને જો તે નામદાર અનજુમન વચેથી

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

તું મારી આગળ જામીન તરીકે મોકલી આપશે, તો તારાં એ કામથી હું નચિંત બનશ અને તું તેમ કરીને તારાં વફાદારીના ઝાડ ઉપર ફળ ઉગતાં કરશે તુ પણ તેજ વખતે નજર પુગાડીને એમાંનો એક રસ્તો પસદ કરી લેજે એક રસ્તે તુ પાદશાહ (ખસરૂ) ની નજદિકીએ પુગશે અને તું પોતે તારાં કુટુબ સાથે ખસરૂની નજદિક આવશે અને તેની મેહેરબાનીનો છાયો ભોગવશે. તું અફ્રાસીયાબને માટેની તારાં દિલની મોહોબત તોડી નાંખજે અને અધારી રાતે સ્વપનામાં પણ તું તેને જોતો ના. હું તુને વચણ આપુ છું કે ખસરૂ તારાં માથાંને (નામદારી ભર્યું બનાવી) પ્રકાશતા સુરજ સુધી પુગતું કરશે. તું તેના દિલની મોહોબતથી તો વાકેફ છે. તેથી તુ તેનાથી નામદારી શિવાય બીજુ કાંઈ મેલવશે નહી અગરજો તું તુરાની પાદશાહથી બીહીતો હોય અને તેથી ઈરાનમાં આવવા માગતો નહી હોય તો તું તુરાનને ખાલી કરીને ચાજ[૧] તરફ જઇને તથા તારૂં તખત પણ ત્યાં લેઇ જઇને ત્યાં તારૂં તાજ પેહેરતો રહેજે. જો તારો વિચાર અફ્રાસિયાબ તરફજ ધલેલો હોય તો તું હમારી આગળ થોભ્યા વગર તેની આગળ ચાલી જજે કારણ કે જે વખતે હમોને લડાઇની તૈયારી કરવી પડે છે ત્યારે હમારૂ દિલ સિહ જેવુ બને છે અને હમારી લડત વાઘ જેવી હોય છે. તેથી હું કોઇપણ તુરકીને તે તખતનો હીસ્સો ભોગવવાને જીવતો રેહેવા દેવશ નહી મારી કમાન વાદલ જેવી છે અને તેમાનો વરસાદ ઝેહેર (ના તીરો)નો છે. જો તુ એ મારા કેહેવાથી ફરવાજ માગતો હોય અને તારો વિચાર લડાઈજ કરવાનો હોય અને તારૂં મગજ વિચાર વગરનું અને કાવાદાવા ભર્યું હોય અને જો તારાંમાં ફાડી ખાનારા સિહ સાથે લડવાની શકિત હોય તોજ તુ લડાઇની તૈયારી માટે ઉઠીને અત્રે આવજે. જયારે બંધે બાજુનું લશકર સફ બેચશે ત્યારેજ ગુનેહગાર કોણ છે અને નિર્દોશ કોણ છે તે માલમ પડી આવશે[૨] જો તું મારા આ કેહેન ઉપર ધ્યાન આપશે નહી તો આખરે તારૂ કામ પસ્તાવાતું થઈ પડશે. પણ તે વખતે કીધેલો પસ્તાવો તુંને કાંઈ ફાયદો કરશે નહી. કારણ કે તારાં ડોકાંને જમની તલવારજ કાપી કાઢશે"

તે પેહેલવાને પોતાના બેટા આગળ એ પ્રમાણે એ વાત કહી અને તે વાત એક પછી એક પીરાન આગળ કહેવાને ફરમાવ્યું. આથી ગેવ તે કડવાશવાળી વાતો તમામ યાદ રાખીને પોતાના બાપ આગળથી બલખ તરફ ગયો. ત્યા તેણે ઉતારો લિધો અને જે પ્રમાણે તેને ગોદરેજે ફરમાવ્યુ હતુ તેમ તેણે

---

૧ 'ચાજ' એ ખોતનના મુલકના એક શેહેરનું નામ છે.

૨ ગુનેહગારોની બાજુએજ હાર હોય છે એમ આપણા ગાથામા અને મેહેરયશતમાંથી પણ શીક્ષણ મલે છે.

પીરાનની આગળ કોઇ શખ્સને જડપથી મોકલ્યો. પછી તેણે પોતે પણ તેજ રાતે લશકરને એકઠું કીધું અને તમામ બલખ શહેરના દરવાજા આગળથી કુચ કરીને વીસેકરદ શેહેર આગળ જઇ પુગ્યો. કારણકે તે શેહેરમાં પીરાન પોતાના લશકર સાથે ઉતર્યો હતો અને તે ઇરાનનું તાજ અને તખત લેવા માંગતો હતો. તે કાસદ પીરાન આગળ આવી લાગતાંજ તે તુરકી સપેહસાલારે તે સીપાઇની મુલાકાત લિધી. તે સીપાઈએ પીરાનને કહ્યુ કે "ગેવ પોતાની સાથે બુરજોગો અને બાહુર પેહેલવાનોને લેઇને બલખ તરફ આવ્યો છે" જયારે પીરાને એમ સમજયું ત્યારે તેણે કાન ઉંચા કીધા (યાને ચેટી ગયો) અને લશકરના પેહેલવાનોમાં ચકચાર ઉઠી રહી. (ચેટવણીના) રણશીગડા અને ઢોલ વજાડવામાં આવ્યા જેથી જમીન ઘોડાઓની નાળથી સીસમના જેવી બની. તેના લશકરના દસ હજાર એકસો લડાયક સ્વારો ત્યા ભેગા થયા. તેઓમાથી તેણે તે લશકરનો બેતૃત્યાંશ ભાગ ત્યાંજ રેહેવા દિધો અને પોતે અનુભવીઓને સાથે લેઇને ત્યાંથી ગયો. પીરાને જીહુન નદી આગળ આવી લાગતાંજ તે લશકરને પોતાની આસપાસ નદી કીનારા આગળ રાખ્યાથી જીહુન નદીની નજદિકમા જાણે નેજાઓની દિવાર બની. પછી તેણે ત્યાં ગોદરેજના બેટા ગેવ સાથે મુલાકાત કીધી. તેઓની તે વાતચીતમા એક પખવાડયું વહી ગયુ કે જેથી તે લડાઈ ગેરકાયદે થયેલી ગણાય નહી. તે (ઇરાની)ઓએ તરેહ તરેહની વાતો કીધી અને પીરાને તે સમજી લીધી. આથી તુરકીઓની ગુનેહગારી જાહેર થઇ. ઈરાની બુર્જોગોએ તે વાત કીધા પછી તુરાનીઓ તરફના જવાબની ઉટાવલ કરવા માંડી. તેટલા વખતમાં પીરાને એક ખેપીઆને ઉટાવલે અફરાસીયાબ આગળ મોકલી આપ્યો, (અને તેને કેહેવાડયુ) કે "ઈરાનના તખત તરફથી કેશવાદના ખાનદાનના ગોદરેજે (લડવાને માટે) લશકર સાથે પેહેલવાની તોપી પેહેરી છે (યાને સપેહસાલાર બન્યો છે) તેના તરફથી લશકરને તોડનારો તેનો વાહાલો બેટો ગેવ એક કાસદ તરીકે મારી આગળ આવ્યો છે. મે મારા કાન અને દિલને તારૂ ફરમાન બજાવવા તરફ તાણેલાં રાખ્યા છે અને મારાં વચણ મુજબ તુ નેજ મેં મારો જીવ ગીરવી મુકેલો છે" જ્યારે એ વાત તુરાનના સરદારને કાને પુગી, ત્યારે તેણે તલવારના મારનારા ત્રીસ હજાર સ્વારોનુ એક લશકર ચુટી કાઢીને તેને સારૂ મોકલી આપ્યુ અને તેને કેહેવાડયું કે, "તુ કીનાની શમશેર ઉઠાવીને ઈરાનીઓથી જમીનની સપાટી ખાલી કરી નાખજે. હવે ગોદરેજ, ગેવ, ફરહાદ, ગુરગીન કે બાહુર રેહામ કોઇપણ જીવતા રેહેવા જોઇતા નથી. હુ પણ હવે તુરકી સ્વારો સાથે આવી લાગીને તમામ ઇરાનના મુલકને લોહીનીજ નદી બનાવી દેવશ. આ

વખતે હું હુશીયાર મરદાને મરદોની અક્કલ મુજબ કએખસરૂનો નાશ કરશ."
જ્યારે પીરાને તે ભારી લશકર જોયું તથા દરેક શખ્સની આંખ વરૂની માફક લોહીથી તરસી બનેલી જણાઇ ત્યારે તેને જોર મલ્યાથી ઉશકેરાઇ જઇને તેણે દિલના હુનરો ધોઈ નાખી દિલમાં દાધ પકડયો. તે ભલી ખાશીયતના પીરાને જુલમ એખત્યાર કીધો અને તેણે વિચાર કરીને લડાઇ કરવાનીજ ખાહેશ કીધી.

પીરાન તરફનો જવાબ મેલવીને ગેવ પાછો ફર્યો અને બંધે લશકરે લડવા માટે સફ ખેંચી તે વિષે.

પછી તેણે તુરતજ ગેવને કહયુ કે, "તું અત્રેથી પાછો જવાની ઉતાં-ગીરી કર અને પેહેલવાન ગોદરેજ આગળ પાછો જા કારણ કે હમુને તો આ બાજુએથી (મદદ તરીકે) લશકર આવી મલ્યુ છે અને તેઓ ઇરાનનું તખત મેલવવાનીજ ખાહેશ કરે છે. માટે તુ ગોદરેજને કેહેજે કે, 'હવે તુ મારી પાસેથી દાનાવ લોકો અક્કલ ભરેલુ જોય નહી તેવી કોઇ માંગણી કરતો ના; પેહેલુ એકે (તુરાની) નામદાર પેહેલવાનોને તારે હાથ સોંપી દેવાની કોણુની તાકાટ છે? બીજું તું લડાઈના બખતરો, લશકર, મોંધી કીમતના ઘોડાઓ, તખતો, તાજો તથા વળી મારા રોશન રવાનના ભાઇઓ અને મારો પ્યારો બેટો જે મારા પેહેલવાન જેવો છે તે સઘલાંને મારી આગળથી દૂર કરવા કહે છે. પણ અક્કલમદો એવી સઘલી વાતો કરે તે કાચી ગણાય એવી જીંદગી ગુજા-રવા કરતાં મારે માટે મોતજ બેહેતર ગણાય કારણ કે હુ અફરાસીયાબનો પેહેલવાન હોવાથી મારે તો તેની પુજા કરવી ઘટે છે. એક જોરાવર સિંહ સાથે લડાઈ કરતાં એક વાઘે પણ એવીજ રીતની વાત કીધી હતી જો તુ કહેછે તેમ નામદારી મેલવવા જતાં મારૂં લોહી રેડાશે તો તે શરમ ભરેલી જીંદગી ગુજારવા કરતાં બેહેતર ગણાશે. બીજું એકે પાદશાહ અફરાસીયાબનો પણ મને પેગામ પુગ્યો છે અને તેના ફરમાનથી મારી મદદે લડવા માટે એક લશકર પણ આવે છે."

ગેવે તેનો એવો જવાબ સમજતાંજ તે પોતાના નામદારો અને બાહુર પેહેલવાનો સાથે ત્યાંથી પાછો ફર્યો જેવો ગેવ તેની આગળથી પાછો ફર્યો તેવોજ સપેહસાલાર પીરાન પોકાર મારતો લડવા માટે આગળ વધવા લાગ્યો. તેણે કનાબદ[1] પાહાડ આગળ આવી લાગતાંજ તે પાહાડની તળેટી આગળ પોતાનું લશકર દોરાવ્યુ ગેવે પોતાના બાપ આગળ આવી લાગતાંજ પીરાનનો એક પછી એક તમામ જવાબ કહયા બાદ ગોદરેજને કહયું કે, "હવે તું પણ

---

[1] 'કનાબદ' એ તુરકસ્તાનની એક પાહાડી જગ્યાનું નામ છે.

જ્યાં લડાઇ કરવા માંગતો હોય ત્યાં લશકરને લેઇ જા, કારણકે તેનો કાંઇ સુલેહ કરવાનો વિચાર નથી, અને તે ઇનશાફી સાહેએ તેના દિલમાં જગ્યા કીધી નથી મે તેની સાથે તરેહ તરેહની વાતો કીધી અને તેં જે કાંઇ કેહેવાડયુ તે કહયું. તોપણ જ્યારે તેને તેઓનોજ ગુનાહ માલમ પડયો, ત્યારે તેણે એક ઉંટ સ્વારને પાદશાહ આગળ મોકલી આપીને કેહેવાડયું કે, 'ગોદરેજ અને ગેવ લડવા માટે આવી લાગ્યા છે માટે તારે પણ હવે વગર ઢીલે લશકર મોકલી આપવું.' તેથી અફરાસીયાબ તરફથી એક લશકર આવી પુગ્યુ છે, અને જ્યારે હમે પાછા ફરતા હતા ત્યારે તે લશકર પણ (જીહુન) નદી પસાર કરતું જણાયું હતું. હવે તેણે ફીનો લેવા માટે હાથીઓ ઉપર ઢોલ પણ બધાવ્યાં હશે અને આપણી સાથે લડવાની પેહેલ પણ કીધી હશે'' આથી તે પેહેલવાને ગેવને જવાબ દિયો કે, ''પીરાન પોતાના જીવથી ધરાઇ ગયલો લાગે છે. હું પણ તેનાથી બુરાઇનીજ વકી રાખતો હતો. તોપણ જેહાનના પાદશાહના હોકમ મુજબ મને તેની આગળ જવુ પડયું હતુ. કારણ કે (તેમ કરવા શિવાય) ઉપાય રહયો હતો નહી. પણ હવે પાદશાહે તેના દિલની અજમાયશ મેલવી છે. જ્યારે પાદશાહે મને ત્યાથી લશકર લેઇ જવા ફરમાવ્યુ, ત્યારે મેં પાદશાહને એવી વાત કહી હતી કે, 'જે કોઇનું પોતાના બોલવા મુજબનુ સાચુ દિલ નહી હોય તેવા શખ્સ માટેની તું તારાં દિલમાંની દયાને તોડી નાંખ પીરાનની તમામ ચાહયા તો તુરકીઓ તરફ છે, માટે તું પાદશાહ (ખસરૂ)એ તો તેના માટે હાથ ધોઇ નાખવા ઘટે છે."

પછી બાહાદુર પીરાને પોતાના સિંહ જેવા લશકરને જડપથી ગેવની પુઠે કુચ કરાવી. જ્યારે તે લશકર આવી પુગ્યાની ખબર ગોદરેજને પડી ત્યારે તે પણ પરગમ વજડાવીને રીયુબદમાંથી બાહાર પડયો. તે મેદાન છોડીને પાહાડ આગળ આવી લાગ્યો અને ત્યાના બોહોલાં મેદાન તરફ પોતાના લશકરને લેઇ ગયો. તેણે તે પાહાડની પછવાડેના જંગલમાનાં મેદાનમાં લશકર ભેગુ કીધું. જ્યારે પીરાને પોતાના લશકરને કનાબાદથી કુચ કરાવી તે વખતે દિવસની રોશણી પણ જણાતી હતી નહી. તુરકીઓ તરફથી લડવા માટે (તેની પાસે) કમર બાંધેલા અને બખ્તરવાળા એક લાખ સ્વારો હતા, જે સઘલા કમર બાંધીને તથા નેજાઓ અને હીન્દી તલવારો હાથમાં પકડીને ત્યા લડવા માટે આવ્યા. બંધે બાજુના લશકર પોતાના હથીયારથી અને માથે પેહેરેલી તોપીઓથી પાહાડ જેવાં બન્યા. પછી સરનાઇઓના ચીચવાતા સમજાવા લાગ્યાથી તુ કહેશે કે જાણે તે જગ્યા ધુજી રહી રીયુબદના મુલકથી તે કનાબાદ સુધી સઘલુ લશકરજ જણાતું હતુ, જેઓથી તે મેદાનો અને જંગલો જાબુશ અને કાલા

રંગના બન્યાં હતાં. લશ્કરથી ઉડતી ધુલથી દિવસની રોશણી પણ રહી નહી અને નેજાઓને લિધે હવા જાણે હથીયારો સિવાય બીજાં કસાની બનેલી લાગતી હતી નહી. ઘોડાઓના ખંખારથી અને લશકરથી ઉડી રહેલી ધુલથી સુરજ અને ચંદ્રની રોશણી પણ ગુમ થયલી લાગી. ભાલાઓ ત્યા તારા જેવા અને તલવારો સુરજ જેવી લાગતી ત્યાંની જમીન લોઢાંનીજ બની ગઇ અને વાદલ ધુલારાંનુ બન્યું. પેહેલવાનોના બુમ બરાડાથી જમીન ગાજી રહી અને લોઢાની તોપીઓ અને ભાલાથી આસમાન પણ લોઢાંનુ જ બન્યું. ગોદરેજે તે તુરાની લશકરને દરીઆ માફક ઉછલતું જોયુ. પાહાડ પછવાડેથી રાત આવી લાગી તોપણ વાવતા પછીના વાવતાઓ અને ટોલા પછીના ટોલાંઓ આવતાં બંધ પડયાં નહી. જ્યારે અંધારી રાત થઇ ત્યારે લશકરની હરોલમાં હાથીઓને લાવીને ત્યાંનો માર્ગ બંધ કરી નાખ્યો. પછી બંધે તરફના લશકરમા (રાંધવા માટે) આતશ સલગાવવામાં આવ્યા. લડાયક પેહેલવાનોના બુમબરાડાથી તુ કહેશે કે તમામ જેહાન હારેમનોની બની છે અને ત્યાંની સરહદની કોર દુશમનોથી ભરાઇ ગઈ છે. તે પાહાડી જગ્યામાં વાજીંત્રોના પોકારો થઇ રહેવાથી કાળા રંગની રાતનુ દિલ પણ ચીરાઇ જતું હતુ. કાળા પાહાડ પછવાડેથી સફેદી દેખાવા માંડતાંજ ઇરાની સપેહસાલાર લશકરની હરોલમાં આવી એક આસુદા ઘોડા ઉપર ચઢી બેઠો અને ચોબાજુએ પેહેલવાનોને ગોઠવીને જગ્યા કરી આપી. તે લશકરની જમની બાજુએ પાહાડ આવ્યો હતો કે જે પાહાડ બાધુરોની એ લડાઇ માટે નચિંત હતો અને તેની દાબી બાજુએ વેહેતી નદી આવી હતી. જેમ શરીરને રવાન બંધએસ્તુ હોય છે તેમજ તે સઘલુ (પાહાડ અને નદી) બંધએસ્તું આવ્યું હતું. નેજા ધરાવનારાં લશકરની પુઠે બખતરવાલું અને તીર ફેંકનારૂ પાયદલ લશકર હતુ. ત્યાં જે લડાયક પાયદલ લશકર હતું તેને સ્વારો સામે જવા ફરમાવ્યુ. નેજાવાળાં લશકરે પણ ઢાલવાળા અને પવનવેગે જનારા ઘોડેસ્વાર સરદારો સાથે સફ ખેંચી. એ પ્રમાણે તે પાયદલ લશકર નેજાવાળા લશકરની પુઠે તીરોની કોઠલીઓ, તીરો અને હથીયારો સાથે ઉભુ રહયુ.[1] તેઓએ કમાનને બાજુએ ઓલવી દિધી અને તેઓના જીગરનુ લોહી જાણે જોશમાં આવ્યું. લડાયક સ્વારો તેઓની પુઠે રહયા જેઓની તલવારોએ આતશનો રંગ પકડયો. પાહાડ જેવા મજબુટ હાથીઓ કે જેઓના પગોથી જમીન પણ કાયર બની હતી તેઓને પુઠે રાખવામાં આવ્યા. મુબારક (કાબ્યાની) ઝુન્ડો કે જેમાનાં જવેહરાતો ચંદ્ર માફક પ્રકાશ આપતાં હતાં તેને લશકરની વચે રાખ્યો. પોલાદી તલવારો પણ તે કાબ્યાની ઝુન્ડાના પ્રકાશથીજ ચકચકી રહી. તું કહેશે

1. એ બેત લખેલી નકલમાં વધારે છે.

કે જાણે કાળા ચેહેરાવાળી રાતે આસમાન ઉપર તારાઓ ચલકે છે. તેણે એ પ્રમાણે તે લશકરને બેહેસ્ત માફક સંગાર્યું અને તે વફાદારીના બાગમા કીનાના સરોવર રોપ્યાં. તેણે ફરીબરૂજને જમની પાંખે રાખ્યો અને તેના લશકરની પુઠે લશકરનો સરસામાન રાખવામાં આવ્યો. ગેવના ખાનદાનના સરદાર ગોરાજેહને તથા કેઆની તખતની પાસબાની કરનારા જવારેહને ફરીબરૂજની મદદે બોલાવવામાં આવ્યા અને એ પ્રમાણે લશકરની એક બાજુ સંગારી. પછી તેણે પેહેલવાન રેહામને ફરમાવ્યું કે, "ઓ કેઆની તખત અને તાજના લડાયક પેહેલવાન ! તું તારા સ્વારો સાથે મેષ રાશીના નોરોજના સુરજ માફક લશકરની ડાવી બાજુએ જા, અને તારાં લશકરને દમામથી દીપતું બનાવીને તે લશકરની તારી પેહેલવાનીથી તું સંભાળ કરજે અને તે લડાઈમાં પેહેલવાનોને બાળનારી તારી તલવારથી એક ફાડી ખાનારા સિંહ માફક પેહેલવાનો ઉપર ફાવી નિકળજે." આથી રેહામ અને તેના સાથીઓ તેમ કરવાને ત્યાંથી ભેગા નીકળ્યા તે લશકરી પેહેલવાનો વચે ગસતહમ પણ એક હતો તેની સાથે લડાઇમાં નહી હટે તેવો બીજો ગઝદહમ અને કમાનમાંથી તીર છોડનારો ફરૂહેલ[1] હતો. વળી તેણે દસ હજાર બખતરવાલા ઘોડા સાથના સ્વારો સાથે ગેવને જવા ફરમાવ્યું તે વખતે ત્યાં જે કોઇ લડાયક પેહેલવાનો હતા તેમાં તે બેટો લશકરને પુસ્તી આપનારો ગણાતો હોવાથી તેની સાથે લડાયક શખ્સો જેવા કે ગુરગીન, શાવરાનનાં જંગેહ વિગેરે ત્યાં ગયા. વળી લશકરની સંભાળ કરનાર ગોદરેજે ત્રણ હજાર સ્વારોને ઝુન્ડા સાથે નદી કીનારા તરફ તેમજ વળી તે પેહેલવાનોના લશકરમાંથી ત્રણ હજાર સ્વારોને ઝુન્ડા સાથે પાહાડ તરફ મોકલી આપ્યા. તે લશકર વચેથી એક ચોકીબાન સરદાર પાહાડના મઠાલાં ઉપર ગયો અને તે ઉચી ગરદન રાખીને રાત અને દાહાડો ચોકી કરવાની જગ્યાએથી નજર ફેંકી ચોકી કરવા લાગ્યો. તે તુરાની લશકરના માર્ગ ઉપરજ તપાસ રાખતો હતો અને તે રસ્તા ઉપર જો તે કીડીના પણ પગલાં જોતો તો તે ચોકી કરવાની જગ્યાએથી બુમ પાડી મુકતો. તે જેમ કેહેતો તેમ ગોદરેજ સાવચેટ રેહેતો હતો. એ રીતે તેણે તે લડાઇના મેદાનમાં એવી ગોઠવણ રાખી કે જાણે સુરજ અને ચંદ્ર પણ લડવાનીજ ખાહેશ કરતા હતા. જો લડાઈમાં કોઇ લાયક સપેહસાલાર મલે તો તેનુ લશકર બાઘુર મગરથી પણ ડરે નહી. ત્યાર બાદ ગોદરેજ પણ લશકરની સંભાળ કરવાને પોતાની સપેહસાલારને ઘટતી જગ્યાએ ગયો. તેણે તે દિલજીત કાવ્યાની ઝુન્ડાને ત્યાં ઉંચો ઉડતો કીધો અને લશકરની વચોવચમાં પેહેલવાનોની જગ્યા કીધી. પછી તેણે તમામ સરદારોને પોતાની આગળ બોલાવી

---

[1] 'ફરૂહેલ' એ એક ઇરાની પેહેલવાનનું નામ છે.

મંગાવ્યા, જેમાં શીદુશ તેઓની પછવાડે અને ફરહાદ તેઓની આગળ ચાલ્યો. તેઓનો સપેહસાલાર ગોદરેજ લશકરની વચે રહયો અને તેના ઉપરથી કાવ્યાની ઝુન્ડો જે જાણે સુરજ અને ચંદ્રનુ નુર પણ છીનવી લેતો હતો તે છાયડો કરવા લાગ્યો.

પછી પીરાને દૂરથી તે લશકરની તપાસ કરીને તેનો સામન અને તેની આવી રીતની લશકરની ગોઠવણો જોઇ લિધાથી તેનું દિલ દુખ અને ગમથી ઉઠલાવા લાગ્યું. તે તમામ મેદાન, જંગલ, પાહાડ અને બ્યાબાન ભાલાઓથી ભરાઈ ગયેલુ અને લગામો જાણે એકમેક સાથે વણાઇ ગયેલી દેખાઇ આથી તે તુરાની સપેહસાલાર પુશકલ ગમગીન બન્યો અને પોતાના નસીબના કાલા થઇ ગયલા સુરજ ઉપર ચિરડાવા લાગ્યો. જ્યારથી તેણે તેઓના લશકરની જગ્યા તરફ નજર કીધી ત્યારથી તેની લડાઇ કરવાની ખાહેશ રહી નહી. પછી તેણે નહી તે લડાઇની જગ્યા જોઇ કે નહી તેણે લશકરની સફ તરફ નજર કીધી, પણ તે ગુસ્સાથી હાથ સાથે હાથ અફાલવા લાગ્યો. કારણકે તે જે કામ માટે આવ્યો હતો તે તો બજાવવુ જ પડવાનું અને પોતાનો ઘોડો પેહેલવાનો સામે દોડાવવોજ પડવાનો હતો તેથી તેણે પોતાના નામદારો અને પેહેલવાનો-માંથી જે કોઈ લડવાને પેહેલા હાથ લબાવે તેવાઓને, તથા અપ્રાસીયાબના લશકરમાં જે કોઇ કીનો લેવામાં ઉટાવલા હતા તેવાઓમાથી તેણે ત્રીસ હજાર તલવાર મારનારા લડાયક સ્વારોને ચુટી કાઢયા. તેણે તુરતજ હોમાનને લશક-રનો વચલો ભાગ સોંપ્યો કે જ્યાંનુ લશકર વાઘોને મારનારૂં અને લડાયક હતું. તેણે અનદરીમાનને અને ખાસાબને બોલાવીને લશકરની બન્ને બાજુએ ઘોડે-સ્વારો તરીકે ગોઠવ્યા. તેણે તેઓને તે લશકરી મેદાનની ડાવી બાજુ ત્રીસ હજાર બાહાદુર પેહેલવાનો સાથે સોંપી આપી. વળી લડાયક લેહાક અને ફરૂશીદવર-દને પણ તેણે ત્રીસ હજાર લડાયક પેહેલવાનો સોંપ્યા અને તેઓએ લશકરની જમની બાજુએ પોતાની જગ્યા કીધી. આથી ત્યાંની તમામ જમીન લોઢાંથી કાલી બની જનગુલેહ, ગુલબાદ તથા ફરીયાદ વખતે કામ લાગે એવો સપેહરમ જેવા પેહેલવાનોને દસ હજાર નેજાવાળા સીપાઇઓ સાથે તલવાર વાપડનારા સ્વારોની પુઠે રેહેવાને મોકલી આપ્યા તાબાં જેવાં શરીરનો રૂઈન ખોતનના દસ હજાર પેહેલવાનો સાથે બાહાર પડયો કે જેથી તે એક સિંહ માફક પોતાના બાહાદુર પેહેલવાનો સાથે સરાનના જંગલમાં ભરાઇ બેસે અને પાહાડ તથા નદી તરફ ચોકીબાન લશકરને મોકલી આપે કે જેથી ઈરાનનો સપેહસાલાર તે જોઇ ગભરાઇ જાય. જો તે (સપેહસાલાર) મેદાનમાં આગળ પગલાં ભરે અને ત્યાંથી આગળ વધે તો

સપેહસાલાર રૂસ્તમ એક સિંહ માફક તેની પુઠેથી તેના ઉપર બાહાદુરી સાથે હુમલો કરે વલી એક ચોકીબાન પાહાડને મઠાલે દિવસે ચોકી કરવાને અને (રાતે) તારાઓની ગણત્રી કરવાને રહયો. જો ઇરાનીઓનો એક પણ સ્વાર દૂરથી તુરાની સપેહસાલારની તરફ લગામ ફેરવીને જતો તો તે ચોકી કરવાની જગ્યાનો ચોકીબાન બુમ પાડી મુકતો જેથી તમામ લડાઇનું મેદાન જોશમાં આવતું હતુ. પછી તે બંધે તરફનું લશકર એકમેકની સામે ગયું. તમામ લડાયક નામદારો ત્રણ દાહાડા અને રાત સુધી ત્યાં એવી રીતે ઉભા કે તું કહેશે કે જાણે કોઇનો હોટ પણ હીલટો નથી ગોદરેજ પોતાના મનથી એમ વિચારતો કે, "અગર જો હું મારી પોતાની જગ્યા તેઓને સોંપી આગળ વધુ છું, તો દુશ્મનોનુ લશકર મારી પીઠે આવી લાગે અને તેઓ મારી મુઠીમાં પવન સિવાય બીજુ કાંઇ રાખે નહી." તેથી તે રાત અને દિસ લશકરની હરોલમાં ઉભો રહીને સુરજ અને ચાંદથી સારા સગન જોતો કે "એ સગન સાથનો વખત કોણનો થશે? અને આગળ વધવુ કોણને લાયક થઇ પડશે? લડાઇ વખતે કહી તરફથી પવન ફુકીને સ્વારોની આંખોને ધુલારાથી ઢાંકી નાખશે? કે જેથી હું તેઓ ઉપર જીત મેલવી શકુ અને મારાં લશકરને લડાઇમાં પવન વેગે ઉતારૂં." પેલી તરફ પીરાને પણ પોતાની બે આંખોને ઠેડવેલી રાખી કે, "ગોદરેજનું દિલ કીનાથી કયારે ઉશકેરાય અને તે પોતાના લશકરને કયારે હંકારી પોતાની પીઠેની જગ્યા ખાલી કરે કે જેથી તેનુ ભરાયલુ લશકર પુઠેથી તેની જગ્યાએ આવી જાય"

લડાઇમાં ઢીલ થવાથી બેજનને છેડાઇ પડીને ગેવ સાથે કેટલીક વાતચીત કીધી તે વિષે.

ચોથે દાહાડે ગેવના બેટા બેજને લશકરની પુઠેથી લશકરના મધ્ય ભાગ તરફ જઇ પોતાના તમામ કપડા ફાડી નાખીને પોતાની ઉપરથી આસમાન સુધી ધુલ ઉડારતો પોતાના બાપ આગળ હાજર થયો અને બોલ્યો કે "ઓ લડાઇના અનુભવી બાપ! તું એમ વગર ફોકટનો થોભી રહીને શું કરવા માગે છે? પાંચમો દાહાડો પણ નજદિક આવી લાગ્યો છે અને આપણને તો લડાઇને બદલે રાત અને દિસ આશાયશ ભોગવની પડે છે નહી સુરજ કોઇપણ પેહેલવાનની શમશેરને જોતો કે નહી કોઇ પેહેલવાન હવામાં હીલચાલ કરતો. સ્વારો હથીયારો અને બખતરમાં સજ થયલા હોવા છતાં કોઇની પણ નેશમાં લોહી હીલતું જણાતુ નથી ભારના બોજા હેઠેલ બાહાદુરો દબાઇ જાય છે અને પરીણામમાં તેઓથી કાંઇ રંગ દેખાડાતો નથી. નામદાર રૂસતમ પછી ગોદરેજ જેવો

બીજો કોઇ સ્વાર ઇરાનમાં ગણાતો નથી. પણ જ્યારથી તે પશનની[1] લડાઇમાંથી પાછો ફર્યો અને ત્યાં ભારી લડાઇ ચાલી ઘણાઓ માર્યા ગયાથી તથા તેના ઘણા બેટાઓ લાડનની[2] લડાઇમાં માર્યા જવાથી ત્યાંથી પાછો ફર્યો અને ત્યારથી ઈરાનીઓનુ નસીબ ઉલટાઇજ ગયુ છે તે (ગોદરેજ) તુટેલાં દિલનો બનેલો હોવાથી (લડાઇની) રાહારીની ભુલી ગયો છે, અને તે લડાઇનુ મેદાન પણ જોવા ઇચ્છતો નથી હવે તેને બુઢાપાને લિધે આંખોને ઉચે (આસમાન તરફ) ફેંકવી પડે છે અને માથાને ઉચા આસમાન તરફ (સગન જોવાને માટે) ફેરવવું પડે છે. તે પેહેલવાન કે જે લશકરની ગણત્રી રાખતો હતો નહી તેને હવે તારાઓની ગણત્રી કરવી પડે છે અને ચંદ્રની ચાલ તપાસવી પડ છે તેના લડાયકો લડાઇમાં મુનએખથી ઉખેડાઈ ગયલા હોવાથી હવે તેના શરીરમા લોહી રહયુ નથી એમ ધારી શકાય. જેહાનના અનુભવી ગોદરેજ માટે મને અજાયબી લાગતી નથી તેનું કારણ એકે તેનુ રવાન પોતે હવે આ જેહાનમાં રહયું નથી. પણ ઓ બાપ! તારે માટે હું (એ ઢીલથી) અજબ થાઉં છુ. કારણકે ઝનુની સિંહ જેવાઓ પણ હમણા તારોજ હુનર સોધે છે. બધે તરફના લશકરે તારા ઉપર નજર ઠેડવી રાખી છે માટે તુ જરા તારાં મગજને તેજ બનાવ અને તારો ગુસ્સો જાહેર કર હવે જ્યારે હમણા જેહાન ગરમ બની છે અને હવા રોશન થઈ છે ત્યારે લશકર લડાઈ કરવાનુ આવકારદાયક સમજશે. જ્યારે આવો ખુશનુમા વખત પસાર થઇ જાય અને બરફથી જમીન પોલાદ માફક બધાઈ જાય ત્યારે જો નેજા ઉપર હાથ લબાવવામાં આવે તો પીઠેથી બરફ પડે અને આગળથી લડાઈ કરવી પડે. તેવા વખતમાં પેહેલવાનો વચેથી કોણ હરોલમાં આવીને એ લડાઈના મેદાનમાં લડવાનું છે? જો તુ છુપાઇ રહેલા લશકરથી બીહીતો હોય તો તુ મને લડાયક અને કીનો લેનારા શખ્સોમાંથી મારા એક હજાર ચુટી કાઢેલા લડાયક સ્વારો સોંફ કે જેથી હમો તેઓની છુપાઇ બેસવાની જગ્યાએથી ધુલને ઉડતી કર્યે, અને ચંદ્ર સુધી ઉડતી કરીને તેઓને વિખેરી નાખ્યે."

બેજનનું એમ કેહેવુ સમજીને ગેવ હસી પડયો અને તેણે તે બાહુર બેટાની ઘણી તારીફ કીધી. તેણે પરવરદેગારના શુકરાના કરતાં કહયુ કે "હુ તારા શુકરાના કરૂ છુ કે તે મને આવી નેકીની પરીક્ષા કરનારો બેટો બક્ષ્યો છે, તેજ તે બેટાને જોર, હુશીયારી અને દીન બક્ષી છે. તું તેના દરેક કામને

---

૧ 'પશન' એ એક જગ્યાનું નામ છે કે જ્યાં પીરાન અને તુસ વચે લડાઈ થઈ હતી

૨ 'લાડન' એ પણ જગ્યાનું નામ છે કે જ્યા પીરાન અને ગોદરેજ તથા તુસ વચે લડાઈ થઈ હતી.

અને કીનો સોધવાની રીતને વખાણે છે. તેથી જેમ ઘટતું હતું તેમ તે પેહેલવાનજાદાને તેં મને (તુરાનમાં કેદ પકડાયલો) પાછો મેલવી આપ્યો છે." પછી તે બોલ્યો કે, "જો આપણા ફરજંદો બાધુર અને સિંહ જેવા હોય નહી તો તેનાથી આપણે આપણી માયા અને સંબંધ તોડી નાખી શકયે અને તેનો બાપ દરીઆના પાણી અને તેની માય ધુલ બને તોપણ ઓ મારા બાધુરી ભરી વાત કરનારા બેટા ! તુ તારા બપાવા માટે એવી રીતે જબાન ના ખોલ. કારણકે તે તો લડાઇનો અનુભવી અને વધારે અકકલ ધરાવનારો આ નામદારી ભર્યા લશકરનો સરદાર છે. જે કોઈ જમાનાથી ઘડાયલો હોય તેને દરેક કામમાં શિખવવા જવાની અગત્ય નથી જો આપણા સ્વારો હથીયારના ભાર નિચે દબાયલા છે તો તુરકીઓ કાંઇ રંગબેરંગી કપડાંમા નથી સઘલાઓજ કમભાગ્ય અને ઉંધા નસીબના છે અને સઘળાઓની આખો આસુભરી અને જીગરો લોહી ભર્યા છે. પણ એ લડાઇનો અનુભવી બુઢ્ઢો ગોદરેજ એવું ઇચ્છે છે કે પેહેલાં તુરકીઓ લડાઇમા ઉતરે, કે જેથી તે પાહાડ તેઓની પીઠ પાછલથી દૂર થતો જાય અને પછી તે પણ પોતાનુ કીનો લેનારૂ ટોલાબંધ લશકર લઇ જાય જ્યારે તે લશકર સઘલી જમીન ઉપર ફરી વળશે ત્યારેજ તુ ગોદરેજના ગુરજનો સ્વાદ જોશે. બીજું એક ભલા બુરા સગન ઉપર અને આસમાનના તમામ ફરવા ઉપર આધાર રાખવામાં ડાહાપણ સમાયનું છે. જયારે તે ભલો વખત આવી લાગશે ત્યારેજ તે જેહાનને તુરકીઓથી ખાલી બનાવી દેશે." ત્યારે બેજને પોતાના બાપને કહયુ કે, "ઓ તમામ જેહાનના પેહેલવાન ! જો તે બખતાવર બપાવાનો એવોજ વિચાર હોય તો આપણે આ રૂમી પોશાક પેહેરેલો નહી રાખીએ તો સારૂ. માટે હુ તો જઇને લડાઇનો પોશાક કાઢી નાંખીને મારા કુમલાયલા ચેહેરાને દારૂથી ગોલાબી રંગનો બનાઉ છું. જ્યારે હુ જેહાનના પેહેલવાનને કામ લાગવાનો હોવશ ત્યારેજ હું લડવા માટે કંમર બાંધીને આવશ."

હોમાને લડાઈમાં ઢીલ થવા માટે પીરાનનેં તાણો માર્યો તે વિષે.

પેલી તરફ તુરાનના લશકરમાંથી હોમાને એક સિંહ માફક પોતાના ભાઇ આગળ આવીને કહયુ કે, "ઓ સરદાર અફરાસીયાબના પેહેલવાન ! આપણને હવે આ લડાઈમાં ઉતાવલ કરવી જોઇએ છે. પાંચમો દાહાડો પણ આવી લાગ્યો છે અને આટલા બધા સ્વારોએ તો લડવા માટે કંમરજ બાંધેલી રાખી છે. તેઓની કમર બખતરથી અને દિલ કીનાથી છોલાઈ ગયાં છે, અને તેઓએ પોતાની બધે આંખોને ઇરાન જમીન તરફ ઠેડવી રાખી છે. મને કહે કે તેં

લશ્કરને સામેસામા ચેહેરા શાને માટે કરાવી રાખ્યા છે? તારૂં દિલ શું વિચાર ધરાવે છે? જો તારો વિચાર લડાઈજ કરવાનો હોય તો લડાઇ અજમાવ અને જો તારો વિચાર અત્રેથી પાછું ફરવાનો હોય તો તુ અત્રે થોભ પણ ના કારણકે ઓ પેહેલવાન! એ તો તુને શરમ ભરેલું છે, અને બુઢાઓ અને જવાનો તારા આવાં કામ માટે હસે છે. આ તેજ લશકર છે કે જે આપણી સામે (આગળ) લડવાને આવ્યું હતું અને લોહી પાણી ઉડી ગયલા ચેહેરા સાથે નાહાસી ગયુ હતુ. તેઓમાના ઘણાઓ લડાઇમાં કપાઇ મુવા હતા અને તેઓના લોહીથી તમામ જમીન નદી જેવી બની હતી આપણી તરફના નામદાર સ્વારો કાંઇ કમ નથી, તેમ પેલાં લશકરમાં પેહેલવાન રૂસતમ પણ (લડવાને) આવ્યો નથી. જો તારી મરજી લોહી રેડવાની નહી હોય અને જો તું તેઓ સાથે લશકર-ને ભેલવા ચાહાતો નહી હોય તો એ લડાયકોમાંથી તું મને એક ભાગ ચુટી કાઢીને આપ અને પછી આ મેદાનમાં તું મારો કીનો જોજે. પીરાને હોમાનની એ વાત સમજતાંજ જવાબ દિધો કે "તુ ઉટાવલો ના બન અને એટલી બધી તુડાઇ ના કર ઓ ભાઇ! તું જાણુ કે મારી સામે આટલાં બધાં લશકર સાથે કેવો શખ્સ લડવા આવ્યો છે? તે કએખસરૂના બુજોર્ગોમાંનો ખાસ તથા નામદારોનો સરદાર અને વળી પેહેલવાન છે. પેહેલું તો એ કે તેનાથી કએખસરૂ દરેક અજુમન વચે મારા પાદશાહ કરતાં વધારે નામદારી ભોગવે છે. બીજું એકે તે પાદશાહના પેહેલવાનો વચે ગોદરેજ જેવી પદવી ધરાવનાર બીજા કોઇને હુ જોનો નથી. તે બાધુર, મરદાનગીવાલો, હુશીયાર વિચારનો અને ડાહયો છે ત્રીજું એકે તે પોતાનું જીગર ઘણુ દાઘેલ રાખે છે. તેના આટલા બધા બેટાઓ (લડાઈમાં માર્યા જવા)ના દુખથી તેનું દિલ લોહીથી ઉકળતું રહે છે કારણકે આપણે તેઓના ડોકાંને તેમના શરીરથી જુદાં કીધાં હતાં અને તેમના લોહીથી જમીન ઉપરની ધુલને પણ બેસાડી દીધી હતી. તેથી હવે જ્યાં સુધી તેના શરીરમાં જીવ છે ત્યાં સુધી આ કીનો લેતાં તે વલ ખાતા સાંપ જેવોજ બનશે. ચોહું એકે બંધે લશકરો બે પાહાડ વચે ટોલું થઈ એકઠાં થયલાં છે. તું જ્યાં જોશે ત્યાં તેને માટેનો કાંઇ રસ્તો નથી. તેથી તું વિચાર કર કે એ મેહેનત કાંઈ ઓછી નથી. જ્યાં સુધી તે પાહાડમાંના માર્ગમાંથી તેઓ પોતાના માથાં બાહાર કાઢે ત્યાં સુધી તો એમજ કરવાની કાંઈ કોષેશ કરવીજ જોઇએ. જો તેઓ ઠાકી જઇ સુસ્ત બનશે તોજ તેઓ લડાઇમાં પેહેલાં હાથ લંબાવશે. તેથી તે પોતાના લશકરને જેવું પાહાડમાંથી બાહાર કાઢશે તેવોજ હું તેના માથાં ઉપર તીરનો વરસાદ છોડશ અને પછી આપણે તેઓની આસપાસ દેવાલ માફક ફરી વળી ફાડી ખાનારા સિંહ માફક તેઓના જાન લેઇશું. ત્યારેજ આપણી

તમામ ખાહેશ તેઓ ઉપર પાર પડશે અને સુરજ સુધી આપણી નામદારી પુગશે. તુ લશકરને પુસ્તી આપનાર અને પાદશાહનો સરદાર છે અને તારૂ તાજ આસમાન અને સનીશ્વર સુધી ઉંચે ચઢેલું છે. જો કોઇ પોતાના નામને બુલંદીએ ચઢાવવા માટે ગરજાઉ હોય તેને લોભ આસપાસ ભમવુ જોઇતુ નથી. બીજું એકે તું બરાડ મારતા વાઘ સામે તે નામદારોમાંથી કોઈ બાહાર પડવાનુ નથી જો તું ચાલીને તેની સામે જશે તો તે પેહેલવાનોમાંથી જે નામદારી મેલવ્યા વગરના હશે અને જેઓ બાહાદુરો સાથે લડવામાં કરાર વગરના હશે તેને તે લશકરમાથી તારી સામે મોકલી આપશે. આથી કાંઈ તારૂ નામ બુલંદીએ પુગવાનું નથી અને વળી ઇરાનીઓને પણ કાંઈ નુકસાંન થવાનુ નથી. બીજુ એ કે તે શખ્સ તારૂ લોહી રેડવામા ફાવી જાય તો પછી આ તુરકી બાહાદુરો માટે ઘણું બુરૂ થઇ પડે." હોમાને તેના કેહેવા ઉપર ધ્યાન આપ્યુ પણ તેને તેની રીતભાત ખોટી જણાઈ તેથી તેણે એવો જવાબ દિધો કે, "એવો કોણ ઇરાની સ્વાર મારી સામે લડવા આવવાનો છે? તુને તો એવી મેહેરબાની દેખાડવાનીજ તેવ પડેલી છે જ્યારે મને તો લડાઇ કરવાનીજ ઉમેદ રહે છે તારી મરજી કીના લેવાની નહી હશે તો તારા જીગરમાં લડાઇનો આતશ પણ બલતો હશે નકી માટે હું તો મારા દોડનારા ઘોડા ઉપર જઇને જીન નાખું છું અને બામદાદ થતા હુ કીનો સોધવાનુ કામ બજાવશ"

હોમાને ઇરાની લશકર સામે જઇને પોતાનો હરીફ માંગ્યો તે વિષે.

જ્યારે હોમાન પોતાની છાવણીમાં પાછો ફર્યો ત્યારે તે પોતાના દાંતોને દુકકર માફક કચકચાવવા લાગ્યો. બામદાદ થતાં તે ફાડી ખાનારા સિંહ માફક એક દુભાશીયાને સાથે લેઈ ઘોડા ઉપર બેસીને લડવાની તલબ કરતા દિલ સાથે અને પાદશાહ માટે કીનાભર્યા મગજ સાથે ઇરાની લશકર આગળ આવ્યો. જેવું પીરાને જાણ્યું કે હોમાન લડવા માટે ગયો છે તેવીજ જેહાન ગમથી તેના ઉપર તંગ બની. તેનું જીગર હોમાનના એ કામથી ઉશકેરાયું અને તેને પોતાના બાપથી સમજેલી એક વાત યાદ આવી કે "અક્કલવાલો શખ્સ દરેક કામમા ધીરજ ધરે છે અને તે કતોકત વખતે પોતાના માથાંને લડાઈમાં જોહોંકાવતો નથી પણ છાલકાં મગજનો શખ્સ પેહેલેથીજ ઉટાવલો બને છે અને તેના પરીણામમા આખરે તેવાં કામથી તેને ગમી ઉપજે છે. જે સ્વારના માથાંમાં મગજ નહી હોય તો તે જો મોતી જેવા શખુનો બોલે તોપણ તેમાં મીઠાશ હોતો નથી." (પછી તે બોલ્યો કે) "જો આ લડાઈમાં હોમાન ઉટાવલજ કરે છે તો તે

આખરે તે તેમાંથી શું ફાયદો મેલવશે તે હું જાણી શકતો નથી. જેહાનનો ઇનશાફી બાપ તેનો મદદગાર થજો. તેના સિવાય બીજા કોઇને હુ તેનો મદદ-ગાર જોતો નથી." જ્યારે વીસેહનો બેટો હોમાન તે મેદાન કે જ્યાં કેશવાદનો બેટો ગોદરેજ પોતાના લશકર સાથે ઉભો હતો ત્યાં પેહેલવાનો સાથે લડાઇ કર-વાને આવી લાગ્યો ત્યારે લશકરના ચોકીબાનો તેની સામે ગયા. સઘલા ઇરાની સ્વારો શકમંદ બનેલા હોવાથી એક ચોકીબાને તે દુભાશીયા આગળ જઇને પુછપરછ કીધી કે, "આ લડાયક પેહેલવાન કે જે પોતાના હાથમા એક ગુરજ અને જીન ઉપર કમંદ ઓલવીને વગર ફીકટનો આ મેદાનમાં આવ્યો છે તે અત્રેથી એક જાશુસ માફક કયાં જવા ચાહે છે?"

આથી તે દુભાશીયાએ ઇરાનીઓને જવાબ દિધો કે, "હવે તલવાર અને ભારી ગુરજનોજ વખત આવ્યો છે, કારણકે આ સિંહ જેવાં દિલનો નામદાર શખ્સ તમારા લોકો સાથે લડાઇજ કરવા ચાહે છે. તે સરદાર વીસેહના ખાનદાનનો છે અને તેનું નામ હોમાન છે કે જેની તલવાર સિહોના દિલમાં મ્યાન થાય છે" જયારે ઇરાનીઓએ તેનો ગુરજ તથા તેની કમર બાંધવાની ઢપ અને તેનુ પાદશાહી કદ જોયુ, ત્યારે તે નેજાવાળું લશકર તેનો દમામ જોઇને લડાઇ કરવાથી અટકી ગયુ તે સઘલાઓએ તેની આગળથી પાછા ફરીને તે દુભાસીઆ આગળ જઇને કહયું કે, "જે કાંઈ હમે કહીએ તે તું હોમાન આગળ જઇને તુરકી ભાષામા કહી સંભલાવ કે, "હમારી તારી સાથે લડવાની ઇચ્છા નથી. ગોદરેજે હમુને લડવાનો હોકમ કીધો નથી. પણ જો તુ લડાઈ કરવા માંગતો હોય તો તે લશકરના નામદાર પેહેલવાન આગળ જવાનો તારો રસ્તો ખુલ્લો છે." પછી તેઓએ હોમાનને નામીચા પેહેલવાનોના સરદારોને માટેની તથા પેહેલવાનો કહી તરફ અને લશકર કયાં છે તથા લશકરની જમની અને ડાબી બાજુઓ કોણુ કોણુ સભાળે છે તે બાબેની એકેએક નિશા-ણીઓ આપી. બીજી તરફથી તે ચોકીબાન તુકડીએ એક જડપ ચાલના ઉટ-સ્વારને તે પેહેલવાન તરફ દોડાવીને તેને કેહેવાડયુ કે, "પેલા લડાઇના મેદાન-માંથી હોમાન તુ પેહેલવાન સાથે એક વાઘ માફક લડવાને આવે છે."

જેવો હોમાન તે ચોકીબાનોની ટુકડી આગળથી ગયો તેવોજ તેણે રેહામ આગળ ઝડપથી જઇને મોટો પોકાર માર્યો કે, "ઓ હુશીયાર નસીબના સરદારના બેટા! બંધે તરફ સફ ખેચીને ઉભેલાં લશકર વચેથી આ મેદાનમાં આવવા માટે તું તારી લગામ ઢીલવ. તુંજ લમકરની જમની બાજુએ રેહેનારો અને સિહ જેવા પંજાનો હોવાથી ઇરાનની સંભાળ કરનારો અને સરદાર ગણાતો હશે તેથી જો તુ ઇચ્છતો હોય તો તારે મારી સાથે લડવાને આ નદી

તરફ નહી તો પાછાડ તરફ આવવું પડશે જો તું આવી શકતો નહી હોય તો ફરહેલ સાથે ગસતહમ મારી સામે જડપથી આવે. માટે આ બાધુરો વચેથી કોણુ મારી સાથે તલવાર, ભાલા અને ભારી ગુરજથી લડાઈ કરવા માગે છે? મારી સામે ફીનો'લેવા જે કોઇ આવશે તેને જમ જમીન ઉપર પાંઠરી દેશે બીજું એકે જે કોઇ લડાઇમાં મારી તલવાર જોય છે તો તેથી સિંહ જેવાઓના દિલ અને વાઘ જેવાઓના ચામડાં ફાટી જાય છે" ત્યારે રેહામે તેને જવાબ દિધો કે "આ લડાઇના શોધનાર નામદાર! હમો તુંને તુરકીઓ વચે અકકલ-વાળો સમજતા હતા, પણુ હમો જેમ ધારતા હતા તેથી ઉલટોજ તું નિવડયો છે કારણુકે તુ આ મેદાનમાં એખલો બાધુરી કરતો લશકર સામે આવ્યો છે તું એવી અટકલ કરતો હશે કે જેહાનમાં કોઈપણુ તલવારવાલો સ્વાર તારી માફક લડવાને કંમર બાંધશે નહી પણુ તું એક પાદશાહથી સમજેલી આ મારી વાત યાદ રાખ અને તારી ગરદનને અકકલના ફાંડામાંથી છોડવ, કે 'જે કોઇ લડાઇ કરવાને પેહેલો જાય તેણે પાછો ફરવાનો માર્ગ સોધી રાખવો જોઇએ નહી બાધુર ગેવ, કે જેણે તારા નરસિંહ જેવા ભાઇ પીરાનના બે કાનો પોતાના ખંજર વડે વિધી નાખ્યા હતા અને તે તુરાનના પેહેલવાનના દિલને ગમભર્યું બનાવ્યું હતુ, તેની તલવારનો શું તુને કાઇ વિચાર હતોજ નહી? માટે એ લડાયક સરદાર! તુ અત્રેથી પાછો ચાલી જા જો નામદાર પેહેલવાન ગેવ એ બાબદથી વાકેફ થશે તો તે આવીને તારા પણુ બે કાનો કાપી કાઢશે અને તુ એ પ્રમાણે સખત રીતે હીનો બનીને તુરાનીઓ આગળ પાછો ફરશે. હું તુને એ સઘલું એટલા માટે કહુ છુ કે તું લડાઇમાં નામીચો શખ્સ છે. હમે સઘ-લાઓ લડાઇ કરવાને માટે તો મજબુટ પજા ધરાવ્યે છીએ છતાં પાદશાહના સપેહસાલારનો હોકમ નહી હોવાથી કોઇ પણુ તારી સાથે લડાઇ કરશે નહી. જો તુ પેહેલવાનો સાથે લડાઇજ કરવા માગતો હોય તો તુ તે પેહેલવાનની આગળજ કાંય નહી ગયો? તું ગોદરેજ પાસેથી લડાઈ કરવાનો હોકમ માંગ અને પછી તું હમોને લડાઇમાં ઉતરવાને બોલાવ." હોમાને તેને જવાબ દિધો કે, "તુ એવુ અકકલ વગરતું ના બોલ અને અત્રે મારી આગળ એવું બાહાનું ના સોધ. તું આ નેજાની જગ્યાએ સોયની અણી પસંદ કર કારણુકે તું કાંઈ મરદાને મરદ સ્વાર અને ફીનો લેનારો ગણાય નહી." પછી તે ત્યાંથી લશકરના મધ્ય ભાગ તરફ પસાર થયો અને પોતાના દુભાસીયાને સાથે લેઇને એક જોરાવર હાથી માફક લશકરની બીજી બાજુએ ફરીબરજ આગળ આવીને તેને બુમ પાડીને કહયું કે, "એ બુરી નિશાણુના અને નામદારો વચે નમાવેલી ગરદન રાખનારા શખ્સ! તારી પાસે કાવ્યાની ઝુન્ડા સાથે જે સ્વારો, હાથીઓ અને સુનેરી જોડા છે તે સઘલું

તુને લડાઇ વખતે તુરકીઓને સોંપી દેવું પડશે. જેથી ઈરાનમાં તારા પેહેલવાનો તુને મરદ તરીકે ગણે નહી. તું એક સરદાર (યાને પાદશાહ) હતો તેનો હવે નોકર બન્યો છે અને તુને ગોલામ તરીકે કંમર બાંધવી પડે છે. તું સરદાર સીયાવક્ષનો ભાઇ હોવાથી તારી તોખમ મુજબ તો તું એક શપેહસાલારથી પણ ચઢતો ગણાવો જોઇએ. સીયાવક્ષનો કીનો લેવા માટે તુજ લાયક ગણાય અને તારેજ કીના માટેની તૈયારીઓ કરવી ઘટે છે. હું પણ તુરાનના પાદશાહ તુરની ઓલાદનો છું અને તેથી ઓલાદ ધરાવવામાં હું તારી બરોબરનોજ છુ. માટે તું જરા વાર મારી સામે આ મેદાનમાં આવ કે આપણે લશકર આગળ લડાઇ કર્યે. જો તું અત્રે મારી આગળ આવવાને પગલાં ઉચકશે તો તેથી તારૂ નામ પ્રકાશતા સુરજ સુધી પુગશે. પણ જો તુ મારી સાથે લડવા નહી આવશે તોપણ ચાલશે પણ જવારેહનો બેટો ગરાજેહ કયાં છે તે જોઇ કાઢ અને પેહેલવાનોમાંથી જે કોઈ ઇરાનીઓ વચે નામદાર ગણાતો હોય તેઓમાના કોઇને પણ તું મારી સામે લાવ."

ત્યારે ફરીબરૂજે તેને પાછો જવાબ દિધો કે, "તું ફાડી ખાનારા સિંહો સાથે કીનો ના સોધ લડાઇના દિવસનું પરીણામ એવુ જ નિપજે છે કે તેમાં એક ખુશાલ અને ફતેહમંદ ઉતરે છે તો બીજો દુખી થાય છે. જો તું ફતેહમંદ થયો હોય તોએ તુ નુકસાંનથી પણ ડરતો રેહે કારણકે આ ઉચું આસમાન કાંઇ એક સરખુ ફરતું નથી લડાઇ એક વાંધાનો નિવેડો લાવનાર છે કે જે આપણા જુના વખતના મકાનોને પણ વેરાન બનાવી દે છે જો પાદશાહ મારા હાથમાંથી આ ઝુન્ડો પણ છીનવી લે તો તે રવા ગણાય, કારણ કે તે ગમે તેને હાથી અને લશકર સોંફનારો છે. કએકોબાદ પછી કેઆનીઓના કીનામાં જે કોઇ શખ્સે બુજોર્ગીની કોલાહ પેહેરી હોય અને જેહાનને આબાદ કરવાને જેણે કમર બાંધી હોય તો તે પેહેલવાન કેશવાદનો બેટો સપેહસાલાર ગોદરેજ છે. તે હમેશાં લશકરની હરોલમાં રહીને કીનો લેનારો છે અને બાપેદાદેથી ઉતરી આવેલો પાદશાહોનો પેહેલવાન અને સરદાર છે. બીજુ એકે તેનાજ ગુરજથી તારા સરદાર (પીરાન)ના વખતનો અંત આવશે. તેજ લશકરને લડવાનો હોકમ આપનાર છે અને નામદારી મેલવી કે હાર પાંમવી તે તેના ઉપરજ આધાર રાખે છે. તેથી જો તે મને તારી સાથે લડવાનો હોકમ આપશે તો તે મારાં દુખી દિલ માટેની ગોયા દવા ફરમાવશે. ત્યારેજ તુ જોશે કે એ જંગના મેદાનમાં હું કેવી રીતે મારાં માથાંને શરમીંદગીમાંથી આસમાન સુધી પુગાડી શકું છું" ત્યારે હોમાન બોલ્યો કે "બસ. હું તો તુને બકબકમાંજ હુશીયાર જોઉ છુ. તારી કંમરે બાંધેલી આ તલવાર વડે તે લડાયક શખ્સોમાંથી કોણ

કોણુને ધાહેસ્ત કીધા છે ? આવો સોભા વગરના ગુરજ કે જે લોઢાંની તોપી અને બખ્તર ઉપર પણુ કારગર થતો નથી તે વડે શું તું લડાઈ કરશે કે?” પછી તે ત્યાંથી એવાં જોશ સાથે પાછો ફર્યો કે તું કહેશે કે જાણે તે સિંહ સાથે લડનારો બન્યો છે. તે બાધુરો ઉપર કીનો લેવાની કંમર બાંધીને કેશવાદના ગોદરેજ આગળ આવ્યો અને એક મોટી બાંગ મારી કે “ ઓ દેવને બાંધનારા પુર મનશનીના સરદાર ! પાદશાહ ખસરૂએ લશકરને માર્ગમાં આગળ કાઢયા પછી તે પાદશાહ સાથે તે જે કાંઇ વાત કીધી તે મે જાણી છે. વળી પાદશાહ તરફના પીગન માટેના હદીઆ અને વચણની વાત તથા તે જે હોકમ મોકલ્યો તે વાત પણ લશકરને પનાહ બક્ષનારા તારા એકપુરા બેટા ગેવ કે જે એક કાસદ તરીકે તુરાની લશકરમાં આવ્યો હતો તેનાથી મે સમજી છે. ત્યાર પછી તે પાદશાહ આગળ સુરજ અને ચંદ્રના તથા તાજ અને તખતના સોગદ લિધા હતા કે ‘ જો લડાઇ વખતે મારી નજર પીરાન ઉપર પડશે તો હું તેનો નાશ કરશ.’ પછી તે એક ફાડી ખાનારા સિંહ માફક લશકર તૈયાર કીધુ અને હમારી સાથે લડવાની ખાહેશ કીધી હતી. ત્યારે હવે તું એક ગમગીન બનેલાં હરણુ માફક પાહાડ પછવાડે ગરજાઉ હાલતમાં શુ કામ બેઠો છે ? તથા જેમ એક શેકાર સિંહ નર આગળથી નાહાસે અને તેની પુઠે બાધુરી સાથે સિંહ દોડે તેમ તુ જગલમાં તગ જગ્યા પસંદ કરી શાનો બેઠો છે ? શું તું જીવનો ગમ ધરી નામદારી કે હાર કાંઇ પામવા માંગતો નથી ? જરા તુ તારા થોડા લશકરને જગલ તરફ મોકલ તું તારા લશકરને એમ પાહાડ પછવાડેજ કાંય રાખી મુકે છે ? કીના વખતે તુ પાહાડી જગ્યામાં કીલ્લો બનાવીને ભરાઇ બેસશે એવુ શુ તેં પાદશાહને વચણુ આપ્યું હતુ ?”

ત્યારે ગોદરેજે તેને જવાબ દિધો કે “ તુ જરા વિચાર કર, કારણકે એવી વાત શું તુને કરવી ઘટતી છે ? હવે જ્યારે તે અનજુમન તરફનો જવાબ મેલવ્યો નથી ત્યારે વગર સમજવે તે અનજુમન તરફનો જોખમ શુ તું મારી ઉપર લાવી મુકે છે ? તું જાણ કે મને પાદશાહનો એવોજ હોકમ હતો અને મેં એજ પ્રમાણે સોગદ ખાઈ વચણુ પણ આપ્યુ હતુ હવે જ્યારે હુ ભારી લશકર સાથે અને ઈરાનના નામીચા બાધુર સરદારો સાથે અત્રે આવ્યો છું ત્યારે તું પેલાં બુઢાં કોહલા માફક શેકારીની ધાસ્તી રાખી જગલમાં એવી રીતના ફદ ફરેબ રમીને ઉપાયો રચવા માંગે છે અને ગુરજ, ભાલા અને કમદ આગળથી નાહાસવા માગે છે માટે તું એવી બાધુરી ના કર અને હમારી સાથે લડવા ના માંગ. કારણકે એક કોહલુ કાઈ ચાલી ચલાવીને સિંહના માર્ગમાં આવે નહી ” જ્યારે હોમાને ગોદરેજનો એવો જવાબ સમજ્યો ત્યારે તે લડાઇના મેદાનમા

એક સિંહ માફક ઉછળવા લાગ્યો અને તેણે ગોદરેજને કહયું કે, "તુ મારી સાથે લડવા આવતો નથી તેનું કારણ કાંઈ તુને હાર મલે તેનું નથી. પણ પશંનના મેદાનની લડાઈ જોયા પછી તું તુરકીઓ સાથે લડાઇ કરવાથી તારાં મગજને ફેરવતો રહયો છે. વળી તેં મને લાદનની લડાઈમાં અજમાવ્યો હતો અને મને લડાઈના મેદાન વચે ગભરાવી માર્યો હતો. જો તું જેમ કહે તેમજ હોય અને તેમ કહીને તુ મારી રીતભાત તપાસવા માંગતો હોય તો તું તારાં લશકરમાંથી મારી સાથે આ મેદાનમાં લડાઇ કરે એવા એક શખ્સને પસંદ કર. કારણકે મે ફરીબરૂજ અને રેહામ સાથે એક બાધુર મગર માફક લડવા માંગ્યું તથા તારાં તમામ લશકર વચે હું ફરી વલ્યો છતા એક પણ પેહેલવાન મારી સામે લડવા આવ્યો નથી. તુરકીઓ સાથે લડવુ કાંઇ ગોદરેજ માટે બુરૂં ગણાય નહી અને તેણે તેઓનું કેહેવું સાંભલ્યા કરવુ ઘટતું પણ નથી. તુ તો લડાઇ વખતે એવુ બોલનારો શખ્સ છે કે 'ફીકકા રંગના પાહાડને હુ મારાં ખંજર-વડે લાલ રંગનો બનાઉં' માટે આ કીનાના મેદાનમાં તુ જરા મારી સાથે લડવા આવ અને ભારી ગુરજથી કીનો લે. ઓ નામદાર ! તારા તો ઘણા બેટા છે અને તે સઘલાઓએ હમારી સાથે લડવાને કંમર બાંધી છે. માટે તેમાના એકને તુ મારી સામે લડવાને માટે મોકલ. જો તું લડાઇજ કરવા માગતો હોય તો ઢીલ શાની છે?

આથી પેહેલવાન ગોદરેજે એ બાબે ઘણો વિચાર કીધો કે, "પેહેલવા-નોમાંથી તેની સામે કોણ જશે. જો હું નામદારો વચેથી કોઇ ફાડી ખાનારા વાઘ જેવાને તેની સામે મોકલું છુ, તો તેથી હોમાન આ મેદાનમા માર્યો જાય અને પછી તુરકીઓમાંથી કોઈ શખ્સ કીનો લેવા આવે નહી તથા તેઓના પેહેલવાનોના દિલ દુખી બને. પછી કોઈ પણ ઉટાવલ કરી લડાઈ કરવા આવે નહી. તેનું લશકર કનાબદ પાહાડ તરફ જતુ રેહેવાથી લડાઈ દરમયાન આપણને આ મેદાનમા નુકસાંન પુગે. વળી જો આ લશકરના નામદારો વચેથી કોઈ માર્યો જાય તો તેથી મારૂ નામ પણ ગુમ થાય. પેહેલવાનોના દિલ લડતાં તુટી જાય અને ત્યાર પછી હોમાન સામે કોઇ ટકી શકે નહી. તેથી ભલુ એજ કે તેની સાથે છેડતી ન સોધતાં આપણે તેના ભરાઇ બેઠેલાં લશકરનો માર્ગજ તેને માટે બંધ રાખ્યે. તેથી જો તેઓ હીમત ધરી લડાઇ કરશે તો તે લશકર (પોતાની મેલે) તે તંગ જગ્યામાથી અત્રે આવશે." પછી તેણે હોમાનને એવો જવાબ દિધો કે, "તું અત્રેથી ચાલી જા. જોકે તુ તુંડાઇભર્યું બોલવા અને નવુ કામ કાઢવા માટે મારી આગળ તારી જબાન ખોલે છે, તોપણ હું તુને જાહેર અને છુપી રીતે ઓલખું છું. તુરકીઓમાનો કોઇપણ અકકલ ધરાવતો નથી અને

તેઓ પોતાનાજ વિચાર માટે ખુશી થાય છે લડાઇ વખતે એક જોરાવર સિંહ કોહલાંના લોહીમાં પોતાના પંજા ખરડતો નથી તે શું તું જાણતો નથી? બીજું એકે બંધે લશકર એવાં બન્યાં છે કે તેમાનાં સઘલાંઓએ લડવાનેજ ગરદન ઉચકેલી છે. જો બે શખ્સો કીના માટે બાહાર પડી લડાઇ કરે તો શું બીજા સઘલા નામદારો પોતાના પંજાને કરડયા કરે? માટે સામટું લશકર બાહાર પડવુ જોઇએ. અને સામતાજ જખમો મારવા જોઇએ. તેથી હમણા તો તું તારા લશકર તરફ પાછો જા અને તારા નવા સરદાર આગળ (ખાલી વડાઈ લેઈને) તારી ગરદન ઉચી કર કે, 'મે ઇરાનીઓ સાથે ગમે એટલી લડાઇ કરવા માંગી તોએ કોઇ પણ સરદ હાય માર્યા સિવાય મારી સામે બીજું કાંઇ કરી શકયો નહીં આથી તારૂ નામ પણ એ લડાઈમાં ઉચાઇએ ચઢશે અને પછી પીરાનથી તારી સઘલી ખાહેશ બર આવશે." ત્યારે હોમાને મોટી બાંગ મારી તેને કહયુ કે, "તારા પેહેલવાનો કોણ કોણ છે? અને સરદારો કેટલા છે? આ લડાઇમા મને જેહાનના પાદશાહે (અફ્રાસીયાબે) કહેલી એક વાત યાદ આવે છે કે 'જો તુ કેઆની તખત મેલવવા ચાહાતો હોય તો મેલવ અને તે મેલવવાને તુ તારો ચેહેરો આતશ આગળથી પણ ફેરવતો ના' પણ તુને તો લડવાની કે મારામારી કરવાની ઇચ્છા થતીજ નથી વળી જે કોઈ ગોલાબ તોડવા માગે તે કાંટાના માર્ગમા જવા વગર મેલવી શકે નહીં ઇરાનીઓ વચે તુ એવો એકપણ શેરમર્દ ધરાવતો નથી કે જે આ લશકર વચે મારી સાથે લડાઇ કરી શકે તેથી તુ યુકિત રચી હમુને પાછા ફેરવવા માંગે છે પણ જો હમો તારાં ફરેબ સોધી કાઢશુ તો તે હમે ચાલવા દેઇશુ નહીં.

આથી તમામ લડાયક નામદારોએ ગોદરેજને કહયું કે "તારે એમ કરવું જોઇતુ નથી. તારે તો હમારામાથી કોઇને પણ તેના ઉપર કીનો લેવા માટે આ મેદાનમાં મોકલવો ઘટે છે કે જેથી હમે જઇને તે મગજ વગરના અને તાપ અને ગરમી વગરના તુરકીના જીવનો હોંશકોશ ઉડારી નાખ્યે" ત્યારે ગોદરેજે જવાબ દિધો કે "આજે તેની સામે લડવા જવુ લાયક ગણાય નહી" આથી હોમાન તેના એમ બોલવાથી એક બાધુર સિંહ માફક છેડાતો ત્યાથી પાછો ફર્યો. તેણે હસીને તે સપેહસાલાર આગળથી પોતાનો ચેહેરો ફેરવ્યો અને ઉટાવલે લશકરના ચોકીબાનો આગળ જઇ કમાન ઉપર તીર ચઢાવીને તેઓમાના ચાર શખ્સોને ઘોડા ઉપરથી નિચે મેદાનમાં નાખ્યા. લશકરના ચોકીબાનોએ તે નામદાર તુરકીની જખમ મારવાની રીત જોતાંજ તેનો રસ્તો ખુલ્લો કીધો અને તેની સાથે લડયા વગર ત્યાંથી નાહસી ગયા. પછી તે એક મસ્તાન માફક ટેકડી ઉપર ચઢયો જ્યાં તેના પોકારોથી પાહાડમાં ગરજના થવા લાગી. ત્યાં તેણે માથું

ઉચું કરી એવી રીતે નેજો ફેરવ્યો કે વીસેનો હોમાન ત્યાં ફતેહમંદ બન્યો છે એમ તુરાનીઓ જાણે જેવો તેણે નેજો ઉચે ફેરવ્યો કે તે મેદાનમાથી સરનાઇ અને રનશીગડાં વાગયાં અને તુરાની લશકરના બાહાદુરોએ ખુશાલીથી પોતાની તોપી સુરજ અને ચંદ્ર તરફ ઉચે ઉડારી હોમાનના એ રીતે ફાવી જવાથી તે માટેના દુખથી ગોદરેજ દુખી બન્યો. તે સપેહસાલાર શરમ પુગવાથી ગમગીન બન્યો અને ગોસ્સો અને ખીજવાત તેના ઉપર જુલમ ગુજારવા લાગ્યા બાહાદુરો વચે શરમ લાગ્યાથી તેનુ દિલ પરસેવે ગરકાવ બન્યુ. આથી તે સપેહસાલારે સગન જોવા માંડયા કે લોહી રેડવાની શરૂવાત તેઓથી થયલી હોવાથી તે બુરાઇથી તેઓનુંજ બુરૂં થશે યા નહી. પછી તેણે પોતાના બાહાદુરો તરફ નજર પુગાડી કે તેની એ લડાઇથી તેઓ માટે શું જણાઇ આવે છે?

બેજનને હોમાન સાથે લડાઈ કરવાનું ગોદરેજ પાસે માંગી લિધું અને તેમ કરવા માટે તેણે તેનો હોકમ મેલવ્યો તે વિષે.

જ્યારે બેજનને ખબર થઇ કે "સિંહ જેવા હોમાન સામે કોઈ નહી થવાથી તે ફતેહમદ નિવડેલો ગણાયો છે. તેણે લશકરની જમની અને ડાબી બાજુના બાહાદુરોમાંથી કોઈ હરીફ તેડયા છતાં બાહાદુરોમાંથી કોઈપણ તેની સામે નહી જવાથી તે હોમાને તુંડાઈથી તાણો મારતાં ત્યાંથી ચેહેરો ફેરવ્યો તથા તેણે લશકરના સ્વારો વચેથી ચાર શખ્સોને મારી નાખીને ભોંયે પછાડયા વિગેરે," ત્યારે તેણે એક વાઘ માફક છેડાઇ પોતાના પંજા તેની સાથે લડવા માટે તિક્ષણ કરવા માડયા તેણે પોતાના હાથી જેવાં શરીરના નામીચા ઘોડા ઉપર જીન બાંધવા ફરમાવ્યું અને પોતે લડવા માટે રૂમી બખતર પેહેરીને જડપથી પોતાના ઘોડાને તંગ બાંધ્યો. પછી તે યુકિત કરતો પોતાના બાપ આગળ ગયો અને તેની આગળ પોતાના બપાવાની વાતો કરતાં બોલ્યો "ઓ બાપ! શુ હું તુને વારંવાર કેહેતો હતો નહી કે ગોદરેજની અકકલ ઘણી કમ થતી જાય છે. શું તુ તેનામાં ફેરફાર થયલો પણ જોતો નથી? તેના આટલા બધા બેટાઓના ડોકા શરીરથી જુદાં થવાને સબબે અને તે સઘલાઓ લડાઈના મેદાનમાં માર્યા જવાને લિધે તેનુ દિલ પુશકલ ગમ અને દુખથી ધાસ્તીભર્યું અને જીગર લોહી ભર્યું બન્યુ છે તેથી એવું બન્યું છે કે તે તુરકીઓ સિંહ માફક બાહાદુરી કરતા આપણા બાહાદુરો વચેથી તેની આગળ આવે છે. તે (હોમાન) હાથમાં નેજો ધરીને મારા બપાવા આગળ ગયો અને તેણે ત્યાં મસ્તાન માફક પોકારો માર્યા પણ તે (ગોદરેજ) નામદારોનું આવું નામીચું લશકર ધરાવતો હોવા છતાં શું

તેને તેઓ જયે કોઇ લડવા લાયકનો અને તેને નેજા ઉપર ઉચકી જેમ મરચીને સીક ઉપર ચઢાવે તેમ તેને નેજા ઉપર ખોસવા માટે એક પણ સ્વાર જણાગો નહી? માટે ઓ મારા પુશકલ અકકલવાલા મેહેરબાન બાપ! તુ મારાં એ ખભાંને પેલાં સીયાવક્ષના બખતરથી ઢાંક. કારણકે તેની મરદાનગી ઉપર ધુલ ઉડતી કરવાને મારા સિવાય બીજો કોઇ તેની સાથે લડાઈ કરવાને લાયક નથી."

ત્યારે ગેવે તેને જવાબ દિધો કે, "ઓ બેટા! તું હુશીયાર થા અને થોડો વખત મારૂં કેહેવુ સમજી લે. હુ તુને કહુ છું કે તું ઉટાવળો ના થા અને ગોદરેજને માટે એમ બુરા સખુન ના બોલ કારણકે તે અનુભવી અને વધારે અકકલ ધરાવનારો છે અને વળી તે આ લશકરનો નામદાર સરદાર છે. તેની પાસે હાથીને પુરા પડે એવા સઘલા કીનો લેનારા જગી સ્વારો છે, છતાં તેણે કોઇને પણ હોમાન સાથે લડવા ફરમાવેલું નહી હોવાથી તારી જવાનીએ તુને દુખી બનાવ્યો હશે અને તેથી તું એમ ઉચી ગરદન કરીને મારી આગળ આવી ખાહેશ સાથે દોડી આવ્યો છે. પણ એ કામમાં હું તારી સાથે મલતો થતો નથી. માટે તું મારી આગળ એવી વાત કરતો ના" બેજને તેને કહયુ કે, જો તુ મારી ઇચ્છા પાર પાડવા ઇચ્છતો નથી તો તુ મને નામદાર પણ બનેલો જોવા ચાહાતો નહી હોય હુ તો તે બાધેલી કમરવાલા સરદાર (ગોદરેજ) આગળ જઇને હોમાન સાથે લડવાને મારા હાથ છાતીએ થોકુ છુ" એમ કહી તે ત્યાથી પોતાનો ચેહેરો ફેરવી ઘોડાને દોડાવીને ગોદરેજ આગળ આવ્યો તે દુખ સાથે તારીફ કરતો તેની આગળ હાજર થયો અને તેને આ પ્રમાણે કહયું કે, "ઓ જેહાનના પાદશાહના પેહેલવાન! તું તો દરેક કામ સમજનાર અને તખતને દિપાવનાર છે. જોકે હુ હુશીયારીમાં ઘણો કમ છું તોપણ હું તારામાં એક એવી અજાયબી જોઉ છું કે તે આ લડાઈના મેદાનને બાગ જેવું (શાંત) બનાવ્યુ છે અને તારાં દિલને તુરકીઓ ઉપર કીનો લેવાથી ખાલી કીધુ છે. આજે આઠમો દાહાડો નજદિક આવી લાગ્યો છે અને એ રીતે રાત દિસ આશાયશ લેવી જરાએ ઉપયોગી થઇ પડશે નહી કારણકે (હજી સુધી) સુરજે પેહેલવાનોની તલવારો જોઇ નથી અને તે હવાને જોશમા આવેલી બનાવી નથી વળી વધારે અજબ જેવુ તો એ છે કે એક ભુલોચુકો બદબખ્ત તુરકી કે જે બુરી કરણીનાને માટે નેકીનો પોહોંચાડનાર યજદા પણ બુરૂ ઇચ્છે છે, તે પોતે તુરાની લશકરમાંથી ચાલી ચલાવીને તારી આગળ તારે હાથે પોતાનો નાસ કરાવવા આવેલો હોવા છતાં તે તો તે ફાડામાં સપડાયલાં ગોરખરને જવા દિધું. તારી ધારણા એ બાબે શુ હતી તે હુ જાણતો નથી. કદાચને એમ હશે કે જો ઇરાનીઓ બેધડક તેનુ લોહી રેડે તો પીરાન લડવા આવે નહી, પણ તે (પીરાન)

કીનાની સરૂવાત કરે અને પોતાનું લશકર આ મેદાનમાં સામું લાવે એમ તો તું ધારનોજ ના મેં પણ મારા હાથ લોહી રેડવા માટેજ ધોયલા છે અને તેની સાથે લડવા માટે કમર બાંધેલી છે, તેથી જો તું પેહેલવાન મને હોકમ આપે તો હુ તેની સામે એક ફાડી ખાનારા વાઘ માફક જાઉ. માટે તું પેહેલવાન સીઆવક્ષના હથીઆર, લોઢાંની તોપી અને રૂમી બખતર તે બખતરના બધના એકેએક ગાંઠ છોડી નાંખીને મને આપવાને સપેહસાલાર ગેવને ફરમાવ.

જ્યારે ગોદરેજે તેનુ કેહેવુ સમજ્યું, તથા તેનું આવું દિલ, તકરાર કરવાની રીત અને તેની હુશીયારી જોઇ ત્યારે તેણે ખુશી થઇને તેની ઘણી તારીફ કીધી કે, " તારૂં સારૂ નસીબ જાવેદાંન સુધી તારાથી ફરતુ ના. જ્યાં સુધી તું વાઘ જેવા ઘોડા ઉપર બેસશે ત્યા સુધી મગરો ફુફારા મારવાથી દમ ખાશે અને સિહો લડવાથી આશાયશ ભોગવશે તું પોતે જરાપણ આશાયશ ભોગવ્યા વગર દરેક લડાઇમાં અને દરેક મેદાનમાં હરોલમાં રેહેજે તું દરેક લડાઇના મેદાનમાં બાહાદુરી સાથે જજે અને તેમા સિંહ માફક ફતેહમદ નીવડજે. પણ તું સંભાળજે અને તેની સામે લડવા જઈ શકતો હોય તોજ તેની સાથે લડાઇ કરવા ચાહાજે. કારણકે હોમાન એક બુરા કરતુકનો રીમન શખ્સ છે અને તે લડાઇમાં બખતર સાથે પાહાડ જેવો લાગે છે. તુ તો જવાન છે અને તારાં માથાં ઉપરથી આસમાન પુરૂ ફરી વલ્યુ પણ નથી. ત્યારે શુ તુ તારા શરીર માટે મોહોબત પણ ધરાવતો નથી ? માટે તુ થોભી જા કે હુ એક લડાઈમાં અનુભવ પામેલા વાઘ જેવા શખ્સને ગરજના કરતા વાદલ માફક તેની સામે લડવાને મોકલી આપુ કે જેથી તે તેના ઉપર બરફ પડે તેમ તીરનો વરસાદ છોડે અને તેના માથાં સાથે તેની લોઢાંની તોપીને સીવી લે." બેજને તેને કહયુ કે, " ઓ પેહેલવાન! બાહાદુર જવાન હુનર ધરાવનાર હોવા જોઈએ. જો તે મને ફરદ સાથની લડાઇમાં અજમાવ્યો હતે નહી તો તુને હાલે મને નવેસરથી અજમાવવો પડતે. પશનની લડાઈમા મેં દૂર સુધી જવાનો રસ્તો કાપ્યો હતો અને કોઇએ પણ મને કીના વખતે પીઠ મડનો જોયો નથી તેથી જો હુ બીજાઓના કરતાં હુનરમાં કમી હોઉ તો મને જીવવુ પણ ઘટતું નથી. જો તું મને 'હોમાન સાથે લડાઈ ના કર' એમ કહીને એ વાતથી અટકાવશે તો હુ તુ પેહેલવાન આગળથી પાદશાહ આગલ જઇને ફરીયાદ કરશ અને હવે પછી કમર બાંધવી અને પેહેલવાની તોપી પેહેરવી હુ પસદ કરશ નહી " આથી ગોદરેજ હસી પડયો અને તે તેનાથી ખુશાલ બનીને એક સીધ્ધાં સરોવર જેવો બન્યો. તે બોલ્યો કે, " ગેવના ધનભાગ્ય કે તે તારા જેવો બાહાદુર બેટો ધરાવે છે. તે મુબારક દાહાડો કે જે દિને બેજન પોતાની પાકજાદ માતાથી જનમ્યો તે મને

હમેશાં યાદ રહેશે. જ્યારથી તેં તારા એ પંજા લડવા માટે ખુલ્લા કીધા છે ત્યારથી વાઘોના પંજા પણ લડવાથી ઠાકી જાય છે માટે હાલે હું તુને હોમાન સાથે એ લડાઈ કરવાનો હોકમ આપુ છુ, પણ તારૂં નસીબ તારૂ રેહેનુમા બનવું જોઇએ આપણા જેહાનને પેદા કરનાર યજદાના સોગદથી અને આપણા પેહેલવાનોના પાદશાહની ફતેહના સોગદથી હુ કહુ છુ કે એ હારેમનના હોશ-કોશ તારે હાથેજ ઉડી જશે માટે તુ તેને યજદાના હોકમથી મારી નાખ કે જેથી આ લડાઈમા પીરાનની કમર તુટી જાય, અને તે નામદારીથી અકડે નહી, તથા ફતેહ પામવાની તાપશ કરે નહી હુ હમણાજ ગેવને કહુ છુ કે બેજન જે બખતર તારી પાસે માગે છે તે તેને આપ કે જેથી તે તે વડે તેના ઉપર ફતેહમંદ નીવડે અને મારી નજદિક તારી આબરૂનો વધારો થાય જો તુ તારા હરીફને હરાવશે તો હુ દોલત, લશકર, તખત અને તાજ વડે તારી પદવીને ફરહાદ અને ગેવથી પણ વધારે ચઢાવશ "

તે બપાવાએ પોતાના ફંડ ફરેબ ભર્યા નબીરા આગળ એવી વાત કીધી ત્યારે તે ઘોડા ઉપરથી નિચે ઉતર્યો અને જમીનને બોસો લેઇ તે બાપ ઉપર દુવા કીધી. પછી તે પેહેલવાને તુરતજ ગેવને બોલાવી મગાવીને તેની સાથે તે જવાન બાબેની વાતો કીધી અને જે પાદશાહી બખતર બેજન લડવા માટે માગતો હતો તે વાત કહી તે બેટા (ગેવ)એ બાપને એવો જવાબ દિધો કે "ઓ તમામ જેહાનના પેહેલવાન ! આ જેહાનમા ફકટ બેજન મારો જીવ અને જાન જેવો છે એવા બેટાનો જીવ કાંઇ મારી નજરમાં નજીવો નથી હુ તેને મારી આંખોથી દૂર કરવા માંગતો નથી અને તેને અઝદાહના દાચામા મોકલવા ચાહાતો નથી." ત્યારે ગોદરેજે તેને કહ્યું કે, "ઓ મેહેરબાન ! એને માટે તારે એ સિવાય બીજો પણ વિચાર કરવો જોઇએ છે. કારણકે બેજન ગમે એટલો જવાન અને નવો છે તોપણ તે દરેક કામમાં સરદાર જેવી અક્કલ ધરાવે છે વળી બીજુ એકે આ જગ્યા કીનો લેવાની અને હારેમનોથી જેહાનને ધોઇ નાખવાની છે પાદશાહના હોકમ મુજબ સીયાવક્ષનો કીનો લેતી વખતે કુટુંબી સંબંધ તરફ જોવુ જોઇતુ નથી અગરજો વાદલમાંથી પોલાદી તલવારો પણ વરસે તોએ આપણને આપણા જીવનો વિચાર કરવો જોઇતો નથી. તારે એનુ દિલ લડાઈમા તોડી નાખવુ ઘટતુ નથી અને તેને નામદારી પામતો ઢાંકી મુકવો જોઈતો નથી. કારણકે જો એક જવાન નબલો બનવાનો ધંધો પકડે તો તેની મનશની હલકી પડી રવાન કાલુ બને છે."

જ્યારે ગેવે તેનો એવો જવાબ મેલવ્યો ત્યારે તેનો કાંઇ ઉપાય રહયો નહી. તેથી વળી તેણે પોતાના બેટા ઉપર શિખામણ અજમાવવાની કોષેશ

કીધી અને તેના વિચારને લડાઇ કરવાથી અટકાવવા ચાહયુ. પણ તે બેટાએ (બેજનને) તેને કહયુ કે "ત્યારે તો તું મારી નામદારીને શરમ પુગાડવાની તૈયારી કર" આથી ગેવે ગોદરેજને કહયુ કે "એ જેહાનના પેહેલવાન! જ્યાં જીવ સાથે લડાઈ ઉઠે ત્યા ફરજદ, કે ખજાનો, કલશકર, કે શરમ, કે સરદારનો કે પાદશાહને હોકમ ચાલે નહી મારો આગળ ચાલતા સખત વખત આવે છે તો બેજન શા માટે પોતાનો જીવ આપે? જો તે લડાઈજ કરવા માગતો હોય તો તેના હથીયારો કયા છે? તે મારૂ બખતર મેલવશે તેમા તેનુ શું વળવાનુ છે?" તે લડાયક બેટાએ બાપને જવાબ દિધો કે, "મને તારાં બખતરની પણ અગત્ય નથી. શુ તું એમ ધારે છે કે તમામ જેહાનના પેહેલવાનો તારા એ બખતરથીજ લડી શકે છે? જો સીયાવક્ષનુ બખતર લડવા માટે હતેજ નહી તો શુ નામદારો બાહાદુરી મેલવતેજ નહી?" (એમ કહીને) તેણે પોતાનો ઘોડો લશકર આગળથી લડવાની જગ્યાએ જવા માટે દોડાવી મુકયો જેવો તે લશકર આગળથી દેખાતો બધ થયો તેવુજ ગેવનું દિલ તેને માટેના ગમથી ઉછલવા લાગ્યુ તે પસેમાન બન્યો અને દુખી દિલે આંસુ પાડી રડવા લાગ્યો પણ ફરજદ માટેનું દુખ અને ગમ કેવો હોય છે તે તુ જો તેણે પોતાનો ચેહેરો આસમાન તરફ ઉચો કરીને દુખી દિલે આસુ પાડી તુટેલાં જીગરે પરવરદેગારને કહયુ કે, "એ જેહાનના દાવર' તું મારાં તુટેલા દિલ તરફ નેગાહ કર. તુ મારા દિલને બેજનને માટે બલેલુ બનાવતો ના. કારણકે મારા પગો મારી આખોના આંસુમાં કલમ માફક બોળાય છે (યાને મારા પગો આંસુના ખબોચ્યામા દુબી ગયા છે) એ પરવરદેગાર! તુ મને તેને પાછો બક્ષ અને તેના જીવ આગળથી બુરો વખત દૂર કર." પછી તે પેહેલવાન વિચારભર્યા મગજે અને પોતાના જવાન બેટાના એ કામથી લોહીથી ઉકળતાં દિલે મન સાથે વિચાર કરતો ત્યાંથી ગયો કે, "મે તેને વગર ફોકટનો દુખી કીધો હું કાંય નહી તેને માટે તે સામન લાબ્યો. જો હોમાન તેને કાંઈ નુકસાન પુગાડશે તો પછી એ બખતર, તલવાર, અને કમરબધ મને ના ખપના! હુ તો ગમ, દુખ અને ગુસ્સા ભર્યોજ રેહેવશ અને મારૂ દિલ તેની ખાહેશ કરતુ અને આખો આસુભરીજ રેહેશે."

પછી તેણે ત્યાથી લડવાની જગ્યાએ પોતાના બેટા આગળ વંટોલ્યાની જડપે દોડી જઇને કહયું કે "તુ હમુને શુ કરવા દુખી કરે છે? જરા ઠોભવાને બદલે એટલી બધી ઉટાવલ તુ શા માટે કરે છે? લડાઇ વખતે એક કાલો નાગ મગરને ઉડા દરીઆમાથી બાહાર લાવવાને ગમે એટલા ફુફાડા મારે તો શુ થયુ? માહાતાબનું ચાદરનુ ગમે એવુ પડનું હોય તોપણ તે

પ્રકાશતા સુરજને કાંઇ ઢાંકી શકે ? હવે જ્યારે તું મારા હોકમ મુજબ પાછો નહી ફરતાં હોમાન તરફ ઉટાવલે જાય છે તો તેનુ પરીણામ શું આવશે તેનો તેં વિચાર કીધો છે ? ” ત્યારે બેજને તેને જવાબ દિધો કે “ ઓ બાહુર બાપ ! તુ મારા દિલને સીયાવક્ષનો કીનો લેવાથી પાછુ ફેરવ ના કારણકે એ જેમ લડાયક શખ્સ છે તેમ હુ પણ છું. માટે હુ તારે નસીએ તેના આગળથી મારો ચેહેરો ફેરવશ નહી. વળી મારી તકદીરમાં લખાયલુ કાઇ (મોતથી) જુદુંજ છે. કારણકે જમાનો જેહાનને પેદા કરનારના હાથમા છે અગરજો બનવા કાલ બનવાનુજ હોય તો દિલમાં ગમ ના રાખ અને ગભીર ના બન ” જ્યારે તેણે પોતાનો બાહુર બેટો કે જેણે એક સિહ માફક લડવા માટે કમર બાધી હતી તેનું કેહેવુ સમજ્યું, ત્યારે તેણે રાહ કાપનારા ઘોડા ઉપરથી નિચે ઉતરી તેને સીયાવક્ષનો ઘોડો અને બખતર સોફતાં કહયુ કે, “ જો તારી મરજી લડવાનીજ હોય અને મારી આવી શિખામણ ઉપર તારી ઇચ્છા ફાવી જતી હોય તો તું આ માર્ગ કાપનારા ઘોડા ઉપર બેશ કે જેથી તારી નિચેનો રસ્તો તે કાપી જાય, તેમજ મારૂ બખતર પણ તુને કામ આવે કારણકે તુને તે હારેમન જેવા સાથે લડવાનુ છે ” જ્યારે તેણે પોતાના બાપનો ઘોડો પોતાની આગળ ઉભેલો જોયો, ત્યાર તેણે પોતાના નાના કદના ઘોડા ઉપરથી પવન વેગે નિચે ઉતરીને સરદાર સીયાવક્ષનું બખતર પેહેરી તે બખતર ઉપર કમરબધના ગાંઠ માર્યા અને પછી હાથમા ગુરજ પકડીને તે પાદશાહી ઘોડા ઉપર ચઢી બેઠા. ત્યારબાદ એક દુભાશીયો કે જે તુરકી જબાન સારી રીતે જાણતો હતો તેને લશકરમાથી ચુટી કાઢયા પછી તે કમર બાંધીને એક ફાડી ખાનારા વાઘ માફક સીયાવક્ષનો કીનો લેવા ગયો.

જેવો બેજન હોમાન આગળ આવી લાગ્યો તેવોજ હોમાને તેને એક લોઢાના પાહાડ માફક જોશમા આવેલો જોયો. તેના બખતરના પ્રકાશથી તમામ જગલ દિપી રહયુ હતું અને તે બખતર નિચે એક હાથીના જેવોજ ઘોડો હતો. પછી બેજને દુભાશીયાને ફરમાવ્યુ કે, “ તુ તે બુરી મનશનીના શખ્સને બુમ પાડીને કહે કે, ‘ જો તુ લડવા માગતો હોય તો અત્રે આવ કે બેજન તારી સાથે લડાઈ કરે. ” આથી તે દુભાશીયાએ (હોમાનને) કહયું કે, “ ઓ લડાઇના અનુભવી સ્વાર ! તુ તારા ઘોડાને આ મેદાનમાં શાનો દોડાવ્યા કરેછે ? જો તું અફરાસીયાબ તરફથી બુરાઇજ કરવાને આવ્યો હોય તો તારી ઉપર તુરાન જમીનનો શ્રાપ ઉતરજો. તેંજ કીનો લેવાના પગલાં લિધાં છે અને તુંજ તુરાનનો એક ગુનેહગાર બુરી ખાશીયતનો તુરકી છે તુ પરવરદેગારના શુકરાના કર અને તે યજદાની મદદ ચાહ કે તે તુને આ મેદાનમા મારી સામે લાવ્યો છે.

હવે તું તારા આ જોરાવર ઘોડાની લગામ ખેંચ કારણકે કીનો લેતાં હમણાજ તારૂં લોહી રેડાશે તું મારી સાથે આ જંગલ, મેદાન અને પાહાડ વચ્ચે ફરીને એક લડવાની જગ્યા પસંદ કર જો તું બધે બાજુના લશકરની હારો વચ્ચે નામદારી અને દરજજા માટે લડાઇ કરશે તો ત્યાંથી તુને તારા દુશમનો તેમજ દોસ્તો જોશે અને તુને બાધુરો વચ્ચે ચઢતો ગણશે." જયારે હોમાને એમ સમજયું ત્યારે તે ઘણો હસવા લાગ્યો અને તેને એવો જવાબ દિધો કે, "ઓ બદબખ્ત' તું તો તારા શરીર ઉપર ઘણો નચિંત લાગે છે પણ તારૂં ડોકું તારાં શરીરથી ધરાઇ ગયલું માલમ પડે છે. ગેવ તારે માટેના દુખથી તવાઇ જતો હોવાથી તો મને ત્યાંથી પાછો ફેરવ્યો હતો. હવે હું તારાં ડોકાંને શરીરથી જુદું કરવાને વાર લગાડશ નહી તું તારા ખાનદાન ઉપર આટલી બધી બાધુરી કરતો હશે? પણ જેમ એક શકરો તીતર પક્ષીને પંજામાં પકડીને સરોવરની ઉંચી ડાખલી ઉપર જઇ બેસે અને તે (પક્ષી) તેના પંજામાં પાંખ ફફડાવતુ અને લોહીથી તપકતુ બુમો પાડે અને આંખોમાંથી આંસુ ખેરવે તેમ તુ મારા પંજામાં બનશે. પણ તું હમણા આવેલો શા ખપનો? કારણ કે હવે તો રાત પડી છે. માટે તું હમણા તો જા કારણ કે અંધારી રાતે તુંને બચાવી લિધો છે હાલે તો હુ જરા લશકરમાંજ પાછો જાઉ છુ અને બામદાદ પડતા હુ મારા સરદાર આગળ જવા પછી ત્યાથી મારી ગરદન ઉંચી કરીને તારી સાથે લડવા માટે જડપથી આવશ"

બેજને તેને એવો જવાબ દિધો કે "જા, પણ તારી પુઠે ખાડો (ઘોર) રેહેજો અને હારેમન તારો સરદાર બનજો. મારા તમામ દુશમનો માર્યા જજો અને બીજા જે લડાઇમાં જીવતા રહયા હોય તે સઘલા ઉંધા પડજો કાલે તું લડાઈના મેદાનમા આવ્યા પછી તુને (તારો) પાદશાહ કે લશકર પાછો જોવા પાંમવાના નથી. તારા ડોકાંને તેની જગ્યાએથી હું એવુ દૂર કરશ કે ત્યાર પછી તુને લશકરનો વિચાર આવશેજ નહી" પછી તેઓએ ત્યાંથી પોતાના ચેહેરા પાછા ફેરવ્યા અને તે રાત્રે તો તેઓ લડાઇનું મેદાન છોડી ગયા. તેઓ પોત-પોતાની છાવણીમાં પાછા ફર્યા અને પોતાના પેહેલવાનો આગળ ગયા તેઓ આખી રાત દુખી રહયા અને તેમના બાલ જંજાલને લિધે સફેદ બન્યા. તેઓના દિલ લડવા માટે નાસબુર બનેલાં હોવાથી જેવી સફેદી પાહાડ પછવાડેથી બાહાર નિકળી અને કાલી રાતના પોશાકની કોર દેખાતી બંધ થઇ તેવાંજ હોમાને લશકરી હથીયાર પેહેરી લિધાં અને પછી તે સઘલી વાત પીરાન આગળ વીસ્તારીને કહી કે "મેં ગેવના બેટા બેજનને લડવા તેડયો છે અને આખી રાતમાં તેની સાથની લડાઈ માટેની ગોઠવણ કીધી છે." પછી તેણે લશકરમાંથી એક દુભાશીયાને બોલાવીને તેને એક ગોલાબી રંગના ઘોડા ઉપર બેસાડી લિધો, (અને

તેને કહ્યું કે) "તું બેજન આગળ જઇને કેહે કે 'તુ જલદી તૈયાર થા કારણ કે હુ પણ વટોલ્યાની જડપે આવી લાગુ છુ "૧ આથી તે કાસદે ત્યાથી જઇ બેજનને કહ્યું કે "તારો જીવ તારી સાથે આ જેહાનમાં જોડાયલો રેહેજો.૧ હવે પેહેલવાન હોમાન ત્યાંથી પાછો પૂરી તારી સાથે લડવાને વટોલ્યાની જડપે આવી લાગે છે"૧ પછી હોમાને તે લડાઇની જગ્યાએ આવીને પોતાની બે આંખોને બેજનના માર્ગ તરફ ઠેડની રાખી. તેટલામા બેજન પણ લડાઇની તૈયારી કરીને પોતાના તગ બાંધેલા ઘોડા ઉપર બેશીને પોતાના દુભાશીયા સાથ એક લડાયક વાઘ માફક ભપકાથી દોડતો આવ્યો. તેણે દિલ ઉપર પેહેલવાની બખતર પેહેર્યું હતુ અને એક પાદશાહી તોપીથી તેનુ માથુ જકડએલું રહ્યુ હતુ તેણે હામાનને કહ્યુ કે, 'આ મગરૂર શખસ' ગઇ રાતે તુ તારૂ માથુ મારી આગળથી સલામત લેઇ ગયો હતો. પણ મને ઉમેદ છે કે આજ રોજ આ મારી તલવાર તારા ડાકાને શરીર ઉપરથી એવી રીતે કાપી કાઢશે કે જેથી ધુળમા તારા લોહીથી કાદવ બનાશે મારા દિલને એક વાત યાદ આવ છે કે 'એક જોરાવર મેઢાએ એક હરણને એમ કહ્યું હતુ કે જો જગલ તમામ રેસમના ગલીચા જવુ બને તોપણ જે જાલમાથી મારો પગ છુટ્યો હોય ત્યા હું તારી માફક પાછો ફરૂ નહી" હોમાન બોલ્યો કે આજે ગેવ પોતાના બાહાદુર બેટા માટે તુટેલા દિલનો બનનાર છે હવે તુ કનબાદના પાહાડ આગળ કે રીયુબદના[૨] મેદાનમા લડવા માગે છે ' એમ કાધાથીજ કોઇની પણ ફરીયાદનો પોકાર દૂર સુધી જાય નહી અને ઇરાની અને તુરાનીઓમાંથી કોઇપણ મદદ કરવા આવે નહી.' બેજને તેને કહ્યુ કે, "તુ કયાસુધી એવી વાતો કર્યા કરશે ? તુ ને જ્યાં ગમે ત્યાં લડાઇ કર '

બેજન અને હોમાન વચ્ચે લડાઇ થઇ તેમાં હોમાન માર્યો ગયો તે વિષે.

પછી બેજને પોતાના ઘોડાને ઉશકેરીને ધુલ ઉડારવા માડી અને પોતાની લડવાની કમાન ઉપર તીર ચટાવવા માડ્યા તે બધે ખુનીઓ ત્યા પોતાના માથા ચદ્ર સુધી પુગાડવા અને પાદશાહ તરફથી એ રીતે કીનો લેવા લાગ્યા તેઓએ કનાબદના પાહાડ આગળથી બાહાર પડીને મેદાન તરફ પોતાના ચેહેરા ફેરવ્યા અને ત્યા એક ગીચ જગલમા આવી પુગ્યા, કે જ્યાની જમીન ઉપર

૧ એ બેત લખેલી નકલમા વધારે છે

૨ 'રીયુબદ' એક મોટા મેદાનનુ નામ છે.

માણસના પગલાં પણ પડેલાં જણાયાં નહી. ત્યાંના આસમાન ઉપરથી ગીધો અને ત્યાંની ધુલ ઉપરથી નર સિંહો પણ પસાર થયા હતા નહી બન્ધે બાજુના લશકરમાંથી ત્યા કોઇપણ યારી અને મદદે આવી શકે એમ તેઓએ જોયું નહી વળી તેઓએ એવાં વચણો લિધા કે “કોઇએ પણ દુભાસીયા સાથે નકામુ બુરી મનશનીનુ બનવું નહી, અને આપણામાંથી જેનો પણ જીવ બચે તે આ દુભાસીયા માટે દિલમા કીનો રાખે નહી, કે જેથી આ જમાનાની ગીરદરાથી જે કાંઈ સારૂ માઠ બને તે માટે તથા લડનારાઓની રીતભાત કેવી હતી અને લડાઇ કેવી થઇ અને લડાઇમા તેઓની વર્તણુક અને કામો કેવા હતા તે માટે તેઓ પોતાના પાદશાહ આગળ જઈ વાત કરે.” એટલું કરી તેઓએ ઘોડા ઉપરથી નિચે ઉતરીને બખતરના બંધના ગાઠ ઉપર ગાઠ વાલ્યા પછી તે જંગી સ્વારો પોતાના લડાયક ઘોડાને કીના માટે મજબુટ પથ્થર માફક ખેચી લાવ્યા. તેઓ તે ઘોડા ઉપર જીન બાંધતાંજ ગુસ્સાભર્યા અને કીનાભર્યા દિલના બન્યા પછી તેઓ પોતાના વિચારને જેમ બજાવવા જોઈતા હતા તેમ બજાવવા લાગ્યા, અને તે લડાઇમા તેઓએ હોમાવ્યુ તેઓની કમાન એક પછી એક પોલાદી અણીના ખડગ તીરથી તંગ બનવા લાગી. તેઓએ તીર ફેંકીને પરવાર્યા બાદ નેજાથી લડવાની તૈયારી કીધી અને જમની અને દાવી બાજુએ ફરવાને લગામ ફેરવવા માંડી અને તેઓના અણીવાલા પાણી પાયલા નેજાથી બખતરના ટુકડેટુકડા ઉડવા લાગ્યા. હવે કોણનો દાહાડો અને નસીબ બરગસ્તે બને છે તે તું જો તેઓના મોટા ગરમીથી (દમ લેવા) સિંહો માફક ઉઘાડા બન્યાંથી તેઓને પાણી અને આરાયશની અગત્ય જણાઇ

તેઓ હાક લેઇને આશુદા બનતાંજ અને પેલા તપેલા આતશ ઉપર પાણી રેડાતાજ તેઓએ ઢાલ અને તિક્ષણ તલવાર ઉઠાવ્યાથી તું કહેશે કે જાણે તે દાહાડો રસ્તાખેજનોજ હતો જેમ કાલાં વાદલમાંથી પ્રકાશીત વિજલી પડે તેમ તે લોઢાંની ટોપી અને તલવારના અઠડવાથી આતશ સળગતો હતો આવું આબદાર (તલવારનુ) લોઢુ તે લોઢા (ની તોપી) સાથે અઠડવાથી તેના જખમ આગળ તે (તોપીનુ) લોઢું ટકી શકતુ હતુ નહી તે બાધુરોના હાથમાંની ચલકતી તલવારો વિજલી માફક નિચે ઉતરતી હતી તેઓના હાથ લોહી રેડવાથી થાકયા નહી અને તેઓના દિલ લડાઈ કરવાથી કંટાલ્યાં નહી તેઓએ તલવાર પછી ગુરજ ઉઠાવ્યા અને પછી લડાઇના અંદાજની હદ ઓળંગી જવા લાગ્યા. ત્યાર પછી તેઓનુ કામ તે લડાઈમા જોર અજમાવવા ઉપર આવી પડયુ એ પ્રમાણે તેઓ લડાઇમા ઘોડાની પીઠ ઉપરથી કોઇને પણ ઉઠાવવાની નામદારી સોધવા લાગ્યા જે કોઈ વધારે જોરાવર હોય તેજ કમરબંધ ધરીને સામાને

ઘોડાં ઉપરથી ઉચકીને પોતાની આંગળ નિચે પટકી શકે. જોર અજમાવતાં તે પેહેલવાનોના પાવડાના પતા તુટી ગયા, પણ લડાઇના મેદાનમાં ધાસ્તીને લિધે તેઓ પોતાના ઘોડાથી જુદા થયા નહી તેમજ એકમેક ઉપર ફાવી શકયા નહી. પછી તે બંધે લડતા અટકી ઘોડા ઉપરથી નિચે ઉતરીને એકજગો દમ લેવા લાગ્યા અને તેઓના દુભાશીયાએ તેઓના ઘોડા ધર્યા. તે બંધે લડવૈયાઓ ફાડી ખાનારા સિંહ જેવા લાગતા હતા. ઠાક લિધા પછી તેઓએ પાછા ઉઠયા અને કુસ્વી રમવાની તૈયારી કીધી. એ પ્રમાણે તે બંધે ખુનીઓ બામદાદથી તે સુરજે અંધારૂં પાઠયું ત્યાં સુધી ધાસ્તી અને ઉમેદ વચે રહયા તેઓએ એકમેક સાથે એવી લડાઇ કીધી કે તેઓમાના એકે પણ કીનો લેવાથી પોતાનું માથુ ફેરવ્યું નહી. પુશકલ મેહેનત કરવાથી અને સુરજના તપવાથી તેઓના મોઢાં સુકાઇ ગયાં અને પરશેવાથી શરીર ગરકાવ બન્યાં. પછી તેઓ એકમેકની આહાલીથી ચાલીને પાણી પીવા ગયા. પાણી પીધા બાદ બેજનને દુખ સાથે ઉઠી નેકીના પોહોંચાડનાર દાદારની યાદ કીધી. તેનું શરીર જેમ પવનથી નેતરનું ઝાડ ધ્રુજે તેમ ધ્રુજવા લાગ્યું અને તેનું દિલ પોતાના મીઠા જીવને માટે નાઉમેદ બન્યું. તેણે યજદાંને એ પ્રમાણે કહયું કે, "ઓ પરવરદેગાર! તું મારી જાહેર તેમજ છુપી વાતનો જાણનાર છે જે આ લડાઇ હું કરૂં છું તેમાં અને લડીને કીનો લેવામાં જો તુ ઇનશાફ જોતો હોય તો આજે તું મારૂં જોર તોડી નાંખતો ના પણ તુ મારી ચાલાકીને સભાલી રાખજે"

પછી હોમાન પણ દુખથી બળીને કાયલો થતાં દિલ સાથે એક કાગડા માફક તુટેલાં દિલે આવી લાગ્યો તેઓ ઠાક લિધા પછી પાછા ભપકાથી વાઘ માફક ચાલી આવીને લડાઈમાં ઉતર્યા અને આ કે પેલાને જમીન ઉપર પટકવાને તેઓ એકમેક ઉપર જોર અજમાવવા લાગ્યા. હોમાન બેજનથી વધારે જોર ધરાવતો હતો પણ જયારે તેના નસીબનો સુરજજ બરગસ્તે બનેલો હોય તો તેના હુનરમાં પણ ખામી રહી જાય છે. તેઓએ તરેહવાર રીતે જોર અને કલા વાપડી પણ ઉચાં આસમાનનીજ કલા ચઢતી નિવડી બેજને એક વાઘ માફક પોતાના હાથો નાખીને પોતાના પંજાને તેના માથાંથી તે પગ સુધી લંબાવ્યા. તેણે દાવે હાથે તેની ગરદન અને જમણે હાથે તેના પગ પકડીને તે ભારી હરણ જેવા (હોમાન)ની પીઠ વાંકી કરી નાખી પછી તેણે તેને જમીન ઉપરથી ઉઠાવીને ભોંય ઉપર પછાડયો અને પવન વેગે પોતાના હાથ ખંજર ઉપર લંબાવી તે ખંજર નિચે ઉતારી તેના ડોકાંને શરીરથી જુદુ કરી નાખ્યું અને પછી તેને એક અઝદાહ માફક ફેંકી દિધો હોમાન ધુલમા તરફડવા લાગ્યો અને તે તમામ મેદાન લોહીની નદી માફક બન્યું. બેજને તેનુ હાથી જેવું શરીર કે જેમા

સીધું સરોવર બાગમાં પડયું હોય તેમ પડયું હતું તેને તરફડતું જોયા કીધું. બેજનને તેને માટે ઘણી અજાયબી લાગી અને પછી તે ત્યાંથી પાછો ફર્યો. તેણે જેહાનના પેદા કરનાર તરફ પોતાનો ચેહેરો ફેરવ્યો અને બોલ્યો કે, "ઓ દુન્યા અને જમાનાના કરતાં સૌથી ચડતા ખોદા ! તું રોશન રવાન મારફતે જીવને નસીયત દેનારો છે તુ એકલોજ છે અને તારા સિવાય જેહાનને પેદા કરનાર બીજો કોઇજ નથી. તારા આ કાંમો આગળ અકકલ પોહોંચી શકિત નથી આ હુનર વાપડવામાં ફકટ મારો એકલાનો'જ તમામ ભાગ નથી. કારણકે આવા હાથી જેવા ઉપર વેર લેવાની મારામાં તાકાટ હતી નહી. મેં સીયાવક્ષના તથા મારા બાપના હેસી ભાઈઓના કીનામાં તેનુ ડોકુ કાપી કાઢયુ છે હવે તેનું રવાન મારાં રવાનનુ ગોલામ બની રેહેજો અને તેનુ શરીર સિંહોના પંજાથી ચુડાઈ જજો " પછી તેણે તેનુ ડોકું પોતાના જીન સાથે બાંધી લિધુ અને તેના શરીરને ઉગાડા બખતર સાથે અને તુટેલા કમરબંધ સાથે ધીકકારથી ધુલમા ફેકી દિધુ તેનું શરીર એક જગ્યાએ તો ડોકું બીજી જગ્યાએ હતુ. તમામ જમાનો બસફરેબ દેનારો છે અને તેનાથી ગુજરતી સખતાઈ માટે કોઇ પણ મદદગાર નથી જેહાનના જેવી કોઇની કરણી નથી અને તેના ઉપર દિલ બાંધવુ એ લાયક નથી.

જેવુ વીસેના બેટા હોમાનનું કામ ખરાબ બન્યુ તેવાજ બંધે લશકરના દુભાશીયાઓ, જેમ ચીનાઇ મુર્તીઓ આગળ બ્રાહ્મણો પગે લાગતા જાય તેમ જડપથી બેજન આગળ તેની તારીફ કરતા આવ્યા. જ્યારે બેજને પોતાની લડવાની જગ્યાએથી નજર કીધી, ત્યારે તેને તે તુરાની લશકર વચ્ચેથી પસાર થવા સિવાય બીજો કાઈ છુટકો જણાયો નહી. માણસોને મારી નાખનારાં તે તુરાની લશકર માટે તેને ધાસ્તી લાગી, કારણકે તેઓને તેમના કામ માટેની ખબર પડતાંજ તેઓ તેની સાથે લડવાને પાહાડ માફક ઉતરી પડે આથી તેણે તે ટોલી સાથે લડવાનુ પસંદ કીધુ નહી હોમાન પાસે તેના લશકરનો ઝુંન્ડો તેમજ તેનો તેજ ચાલનો ઘોડો પણ હોવાથી તેણે સીયાવક્ષનુ બખતર દિલ ઉપરથી કાઢી નાખ્યુ અને હોમાનનુ બખતર દિલમાં પેહેરી લિધુ પછી બેજન તે હાથી જેવા ઘોડા ઉપર તે નામદાર સરદારનો વાવટો હાથમાં ધરીને બેઠો અને તે તે જગ્યાની, પોતાનાં ખુલેલાં નસીબની તથા તે મુબારક જમીનની તારીફ કરતો ત્યાથી ગયો હોમાનના સાથીએ જ્યારે પોતાના સરદાર ઉપર આવી બુરાઇ ગુજરેલી જોઈ ત્યારે તે તેની ધાસ્તી કરવા લાગ્યો પણ બેજને તેને કહયું કે " તું ઈજા માટેની ફીકર ના કર કારણકે હમારી વચ્ચે એવાજ (દુભાશીયાઓને દુખ નહી દેવાના) કોલકરાર થયા હતા અને એવુંજ વસીયત હતું. માટે તું

હવે તારાં લશકર તરફ જડપથી જઇને જે કાંઇ તેં મારીથી જોયું છે તે તું તેઓને કેહે." આથી તે દુભાશીયો ત્યાથી ગયો અને એજન કમાન ઉપર તીર ચઢાવીને જડપથી કનાબદના પાહાડ તરફ ગયો જેવો તે તુરકી સપેહસાલારનો વાવતો અને ભાલો તે તુરકી ચોકીબાનોએ દુરથી દીઠો તેવાજ તેઓ ચોકી કરવાની જગ્યાએથી ઉઠીને ખુશાલીના પોકારો કરવાની તૈયારી કરવા લાગ્યા. તે ચોકીબાનોએ એક ઉટસ્વારને જડપથી પીરાન આગળ દોડાવ્યો કે, "પાદશાહના ફતેહમંદ નસીબથી હોમાન લડાઇના મેદાનમાંથી નાઠતો આવતો જણાય છે. પેલા ઇરાની નામદારનો વાવતો ઉંધો પડયો છે અને તેનું શરીર લોહીમા ગરકાવ થઇને ખાવાર હાલ ધુલમા પડયુ છે " આથી તેનુ તમામ લશકર ખુશાલીના પોકારો કરવા લાગ્યુ અને સપેહસાલાર પીરાને હોમાનને સમજવા તરફ કાન ખેંચેલા રાખ્યા તે એવી ખુશાલી હતી કે જે મોતની નાઉમેદી લાવનારી અને ત્યાર પછી માથા ઉપર કરોના વરસાદ પાડનારી હતી તેટલામા તે દુભાશીયો પણ તુરાની લશકર વચે આવી પુગ્યો અને હોમાનને બુરી મનશનીના એજનથી જે બુરાઇ પુગી હતી તે તેણે કહી તુરતજ તે ખબર પીરાનને પુગી કે તેના તો પાદશાહી દમામને કાલાશ પુગ્યો છે આથી તુરાની લશકરમા રૂડન ચાલવા લાગ્યુ અને પેહેલવાનોએ માથાં ઉપરથી ટોપી કાઢી નાખી તમામ જેહાનમા અંધકાર ફેલાયો અને તેમા રોશની રેહી નહી તે ખોટી ખબરથી કાંઇ ફાયદો મલ્યો નહી. જ્યા રોશની દિસ્તી હતી ત્યા તેઓને અંધકાર જણાવા લાગ્યો અને સઘળાઓની આંખ અજાયબી લાગવા માંડી

જેવો એજન એ લશકરની હારો વચેથી પાદશાહી તખતના આસરા હેઠલ આવી લાગ્યો તેવોજ તે લશકરની પનાહી કરનારા સિંહ જેવા દિલના પેહેલવાને તે કાલા વાવતાને ઉંધો નાખ્યો જ્યારે તે ઇરાની લશકરના ચોકીબાનોએ તે કાલા વાવતાને ઉંધો પડેલો જોયો, ત્યારે તેઓએ ચોકીની જગ્યાએથી પેહેલવાન ગોદરેજ તરફ ચેહેરા ફેરવીને તે માટે પોકાર મારીને કહયું. પછી તે ચોકીબાનમાથી એક ઉટ સ્વારે કાસદની જડપે તે પેહેલવાન (ગોદરેજ) તરફ જઇને કહયુ કે, "એજન એક સિંહ માફક ફતેહ સાથે આવ્યો છે અને તેણે કાલો વાવતો ઉંધો નાખ્યો છે આથી ગેવ કે જે એક દીવાનાની માફક રૂડન કરતો અને પોકાર મારતો ચોતરફ દોડતા ફરતો હતા તથા તે ખુશ રેહેવાને બદલે ઘણી માહેતમ કરતો પોતાના બાહાદુર બેટાની ખબર માટે તકેદારી કરતો હતો, તેને જેવી એજન માટેની એ ખબર મલી તેવોજ તે પોતાના ફરજંદને સામો લેવા ગયો જ્યારે તેની નજર પોતાના પ્યારા બેટાના ચેહેરા ઉપર પડી ત્યારે ગેવે ઘટતી રીતે ઘોડા ઉપરથી નિચે ઉતરીને જમીન ઉપર

પોતાનું માથુ મુકીને પરવરદેગારની તારીફ કીધી ત્યારબાદ તેણે પોતાનું ફરજંદ કે જે બાધુર અને અકકલમંદ જવાન હતો તેને ફરીથી પોતાની છાતી સાથે ચાંપ્યા પછી તેઓ ત્યાથી પાદશાહના શપેહસાલારની તારીફ કરવા માટે જડપથી ગયા તેઓએ તે પેહેલવાનને દુરથી જોતાજ તે નખીરો કે જેનુ બખતર લોહીથી ખરડાયલુ અને માથુ ધુલથી ભરાયલુ હતું અને જેણે પેહેલવાન હોમાનનુ ડાકુ જીન સાથે બાંધેલુ હતુ તે ઘોડા ઉપરથી નિચે ઉતર્યો. પછી બેજનને પોતાના બપાવા આગળ જડપથી દોડીને જે કાઇ બન્યુ હતું તે તેની આગળ વિસ્તારીને કહયુ [1] અને પેહેલવાન હોમાનનુ બખતર તેનુ ડોકુ અને તેનો ઘોડા ત સપેહસાલાર ગોદરેજ આગળ હાજર કીધો. આથી તે પેહેલવાન બેજન માટે એટલો તો ખુશ બન્યો કે તુ કેહેશે કે જાણે તેણે પોતાના રવાનને પણ તેના ઉપરથી સદકે કરવા માગ્યુ તે પેહેલવાને તેના સેતારા માટે અને તેના ખુલેલા નમીબ માટે પરવરદેગારની તારીફ કીધા બાદ પોતાના ખજાનચીને ફરમાવ્યુ કે "તુ પાદશાહી લેબાશ સાથે એક તાજ લેઇ આવ. જે લેબાશ સુનેરી બાયવાલો અને તેના ઉપર મોતીની ભરત કીધેલી હોય અને તે તાજ અને કમરબંધ સુરજ માફક પ્રકાશતા હોય. વળી તેને માટે સુનેરી લગામ સાથના દસ ઘોડા તથા સુનેરી કમરબંધ સાથની અને પરી જેવા ચેહેરાની દસ ગોલામડીઓ પણ લેઈ આવ" પછી તે તેને આપતા બોલ્યો કે "ઓ સિંહ નર જેવા પેહેલવાન! તે અઝદાહ જેવા હોમાનને કોઇપણ ભોંયે પટકી શકતુ હતુ નહી પણ તે તારી આ તલવાર અને હાથોથી તેમ કરીને લશકરનો માર્ગ ખુલ્લો કીધો છે અને તે તુરકી પાદશાહનુ દિલ તદન તોડી નાખ્યું છે તેથી આપણુ તમામ લશકર સિંહ માફકનુ બન્યુ છે અને તેઓની નિચેના ઘોડા પણ જડપ ચાલના અને દોડનારા થયા છે."

નસતીહને રાતને વખતે ઓચિંતો હુમલો કીધો અને તે બેજનને હાથે માર્યો ગયો તથા બંધે લશકર વચ્ચે ચાલેલી ભેગી લડાઇ વિષે.

પેલી તરફ પીરાન દુખી અને ગુસ્સાભર્યો બન્યો. તેણે દુખથી ચોરાઇ જતા દિલે અને આંસુભરી આંખો સાથે તુરતજ એક શખ્સને નસતીહન આગળ મોકલીને કેહેવાડયુ કે, "ઓ નામદાર મદદગાર પેહેલવાન! તારા

[1] એ બેત લખેલી નકલમા વધારે છે.

ભાઇનું ખુન થવાને લિધે હવે તુને વગર ઢીલે લડવા માટે તિક્ષણુ પજાનો બનવુ ઘટે છે. એ કીના માટે લડવાને તું અજમાયશ પાંમેલા હજાર સ્વારોને કમર બંધાવીને લેઇ જા અને ઇરાનીઓ ઉપર સખેખુન વરસાવીને સાંની જમીનને લોહીથી જીહુન નદી જેવી બનાવ, કે જેથી તુ હોમાનનો કીનો પાછો લેઈ શકે અને દુશમનોના માથાને સુડી વચે લાવી શકે માટે તું આપણા લશકરને દોડતુ તે મેદાન તરફ લેઈ જઇને તે લશકર આગળ જઇ પુગ ' ત્યારે નસતીહને તેને કેહેવાડયુ કે, " હુ એમજ કરશ અને જમીનને લોહીથી જીહુન નદી જેવી બનાવશ. " જ્યારે અંધારી રાતના બે પોહોર ગુજર્યા ત્યારે હથીયારબંધ સ્વારોથી તે મેદાન જોશમા આવ્યુ સઘલા તુરકીઓએ હુમલો કરવાની અને હુમલો કરીને નામદારી મેલવવાની તૈયારી કીધી. જેવો નસતીહન તે કીનો લેનારા લશકરને ઇરાની લશકર આગળ લાવી પુગ્યો તેવામા બામદાદની સફેદી બાહાર નિકળ્યાથી ચોકીબાનોએ ચોકીની જગ્યાએથી તેઓને જોયા. આથી તે ચોકીબાનોએ બુમ મારીને લડાઇના અનુભવી શખ્સોને ચેટાવ્યા કે, "તુરાની લશકર જડપથી આવી લાગે છે " લડાઇના અનુભવીઓને તે ખબર મલતાજ તેઓ જડપથી ગોદરેજ આગળ દોડયા. વળી તે પાહાડ ઉપરની ચોકી આગળથી પણ એક ખેપ્યાને ઇરાની લશકરના સપેહસાલાર આગળ દોડાવવામા આવ્યો કે, " એક લશકર વેહેતા પાણી માફક આવી પુગ્યુ છે જેને માટે તુ કેહેશે કે તે વિસ્તારવાનો જીભમાં તાકાત નથી " જે પ્રમાણે સખેખુન વરસાવવાની રસમ હતી તે ઉપરથી તે સપેહસાલાર એમ શામાટે બન્યુ તે સમજી જવાથી તે પેહેલવાને લશકરને ફરમાવ્યુ કે " તમો રોરાન રવાન સાથે સાઉચેટ રેહેજો અને તેઓના (આવતા) અવાજ ઉપર ધ્યાન આપજો કે જેથી તે લશકરની શુ હીલચાલ છે તે માલમ પડી આવે " પછી તેણે તુરતજ પેલો તલવાર વાપડનાર બાહુર પેહેલવાન ગેવના બેટા બેજનને બોલાવી મંગાવી તેને કહયુ કે, " તારૂ નસીબ અને તારી ખાહેશ ભલી હોજો, અને દુશમનોના દિલ તારા નામથી તુટેલાં બનજો. આ મારા નામદારો અને મરદાનમરદો વચેથી તુને જોઇએ એટલા મારા પેહેલવાનો લેઇ જા અને એક સિંહ માફક આ હુમલો કરવા આવેલાઓની સામે જઇ મરદાનગી દેખાડીને તેઓ ઉપર તુ આસમાન તોડી પાડ " આથી બેજને તે લશકરમાથી એક હજાર બાહુર અને લડાયક સ્વારો ચુટી કાઢયા. પછી તે બંને લશકરો કીનાભર્યા અને લડાઇની તૈયારી સાથે એકમેકની આગળ આવી પોહોચ્યા સઘલાઓએ ગુરજો બાહાર કાઢયાથી આસમાન ઉપર ધુલારાનુ વાદલ બાઝી ગયું અને તે વાદલમાંથી કાલી ધુલ નિચે ઉતરી તુરાની સીપાઇઓના ચેહેરા ઢાકી નાખ્યા, જ્યારે તે લશકરના સરદારે

તે કાલી ધુલ કે જેનાથી તે તુરકી લશકર ઢકાઇ ગયુ હતું તે જોઈ ત્યારે તેણે કમાન ઉપર તીર ચઢાવવા ફરમાવ્યુ અને પછી ધરપકડના અવાજો શરૂ થયા. તેથી તમામ હવા કાલી બની ગઈ અને જમીન લોહીના દરીઆ જેવી બની ૧ તુરકી લશકરના બે ભાગ ભોયે પડયા અને ઘોડાના પગો લોહીમાં દુબવા લાગ્યા ૧

જેવો બેજન નસતીહન આગળ આવી પુગ્યો અને તેણે વીસેના ખાનદાની સરદારોનો વાવતો દિઠો, તેવોજ બેજનની (તીર ફેકવા માટે) ખુલી ફાધેલી છાતી આગળથી તીર ઉડીને નસતીહનના ઘોડાને આવીને લાગ્યો આથી તે ઘોડાએ દુખ સાથે ડોકુ નાખી દિધુ અને પછી નામના સોધનારા બેજને તેની આગળ જઇ તેને ગુરજનો એક ફટકો માર્યો, જેથી તે તુરકીનુ માથું મગજથી ખાલી થઈ ગયુ અને તેનુ કામ બરગસ્તે બન્યુ. પછી બેજને ઇરાનીઓને કહયુ કે, "જે કોઇ (લડવાને માટે) કમરે કમરબધ બાધીને શમશેર અને ગુરજ સિવાય બીજુ કાંઈ જોશે તો હુ તેમની કમાનો તેઓનાજ મગજ સાથે અફાલીને ભાજી નાંખશ. કારણકે તુરકીઓ દેખાવમા પરી જેવા ખુબસુરત ચેહેરા ધરાવે છે પણ લડવામા તમામ અભાગ્યા છે" આથી બાહુરોએ હીમત ધરી અને સઘલાઓએ પોતાની ચકચકીત તલવાર બાહાર ખેચ્યાથી તમામ હવાએ લોઢાના કલ જેવો રંગ પકડયો અને તમામ જમીન લોહીના દરીઆ જેવી બની તમામ મેદાનમાં હાથી જેવા શખ્સો તેમના શરીર ઉપરથી ડોકા જુદા થયાથી એક ઉપર એક પડવા લાગ્યા તુરકીઓના બે ભાગ સીપાઇઓ ભોયે ઉધા પડયા અને ઘોડાઓના પગો લોહીમા દુબવા લાગ્યા તુરાની લશકર તે મેદાનમાથી પોતાના લશકર તરફ નાહાસવા લાગ્યુ અને ઇરાનીઓએ તેમની પુઠ પકડી જયારે પીરાને લશકર સાથે પોતાના ભાઇને જોયો નહી ત્યારે તેને મનથી જેહાન અંધારી બની. આથી તેણે એક સ્વારને તે તરફ જડપથી દોડાવવા ફરમાવ્યું ૧ તેણે લડાઇના અનુભવી શખ્સોને પુછ્યુ કે "કોણ ઇરાની લશકર તરફ ઉટસ્વાર બનીને જશે અને મારી આગળ નસતીહન માટેની ખબર લાવશે? નહી તો કે હુ તો મારી બે આખોને બાહાર કાઢી નાખશ" આથી તુરતજ એક ઉટ સ્વાર બહાર પડયો અને તેણે ત્યાં જઇ તથા સઘલુ જોઈ પાછો ફરીને તેને ખબર આપી કે, "તુરાની લશકરના નામદારો વચે નસતીહન પોતે પણ તે મેંદાનમા કપાયલા ડોકા સાથે એક હાથી માફક પડેલો છે. તેનુ શરીર ગુરજથી ઘાહેલ બન્યુ છે અને તેમાથી નાઇલ નદી માફક લોહી વહે છે. અહીથી તે લડાઈ થવાની જગ્યા સુધીના માર્ગમા મે સઘલા તુરકીઓનેજ પડેલા જોયા છે."

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

જ્યારે પીરાને એમ સમજ્યું ત્યારે તે ઉશ્કેરાઇ ગયો અને તેજ પળે તે સપેહસાલારની સુદ્ધી જતી રહી પછી તેણે હાથો વડે પોતાનો રૂમી પોશાક ફારી કાઢ્યો અને હાએ! હાએ! પોકાર મારવા લાગ્યો તે બાલોને પીખી આસુ પાડવા લાગ્યો અને ખાવુ, પીવુ, આરામ કરવુ અને ઉંઘાવુ તેનાથી દૂર થઈ ગયુ તે બોલવા લાગ્યો કે, "ઓ જેહાનના પરવરદેગાર! હુ ખરેખર તારો ગુનેહગાર હોવો જોઇએ કારણકે તે મારી બાજુઓનુ જોર તોડી નાખ્યું છે અને એવી રીતે તે મારા નસીબ અને માગ સુરજને કાલો બનાવ્યો છે મારા પેલા વાઘોને મારનારા, પેહલવાનોને પકડનારા, બાહદુર, જવાન, સ્વાર જેવા, અને પડવી ધરાવનારા ભાઇઓ માટે મને અફસોસ ફુરે છે મારો તે વીસના ખાનદાનનો સરદાર પેહેલવાન હુમાન માગ જીવ કરતા પણ વધુજ વાહાલો ભાઇ હતો તથા મારો નસતીહન લડાઈમા કાડી ખાનારા સિહ જેવા (ભાઇ) હતો, જેની સાથે લડવા આવેલા વાઘો પણ તેની આગળ લોકડી જેવા બનતા હતા." તે એ પ્રમાણે થોડુ રડયા પછી બોલ્યો કે, 'ઓ સીપાઇઓ! મારી નજર આગળ તો સુરજ અને ચદ્ર કાલા બની ગયા છે. આ મેદાનમા હવે હુ કોણને મેલવશ? કારણકે મારે લડાઇ કરવા માટ લશકર તો લેઇ જવુજ પડશે" પછી તેણે રણશીગડા અને પરગમ વજડાવીને સામન બ વાગ્યા જેથી હવા કાલી અને જમીન મીસમ જેવી બની. કનાબદના પાહાડ આગળથી તે લશકર બાહાર પડયાથી સુરજ અને ચદ્રની રોશણી પણ ગુમ થઈ તે સઘલાઓએ પાહાડ પછવાડેથી બાહાર પડી મેદાનમા લડાઇની તૈયારીઓ કરવા માડતાજ ઇરાની સપેહેસાલારે પણ રનશીગડા વજડાવ્યા અને પોતાના લશકરને ત્યા લેઈ જઇ તેમનો રસ્તો ઘેરી લિધો લશકરની વચમા કાવ્યાની ઝુન્ડા રાખવામા આવ્યો અને હેરાલમા સઘલી બહુ રગની તલવારોજ ઉચકાયલી જણાઇ. તમામ લડાયક નામદારો નેજા અને ગાયના માથાના ગુરજ સાથે ઉભા બામદાદના વજકનાથી તે સાજે અધાર થયુ ત્યા સુધીમા તે લશકરો લડાઇના ઉતર્યાં અને તેઓએ એવી લડાઇ કીધી કે જેવી લડાઇ થયલી પેહેલવાનો અને નામદારોને ખબર પણ નથી. રાતને વખતે તેઓ પોતાની છાવણી તરફ પાછા ફર્યાં, પણ તે બન્ને લશકર કીનાભર્યાં અને લડવાનેજ તૈયાર જણાયા જ્યારે ઇરાની સપેહસાલાર રીયુઅદના મેદાનમા પાછો ફર્યાં ત્યારે તેનુ દિલ વિચાર કરવાથી કરાર પામ્યુ નહી. તે બોલ્યો કે, "આજે આપણુ ભારી લડાઇ કીધી છે અને તેઓના સરદારાને મારી નાખ્યા છે હવે મને એવા શક જાય છે કે પીરાન હમણા તુરાની પાદશાહ તરફ એક ઉંટ સ્વાર દોડાવીને તેની પાસેથી મારી સાથે લડવા માટે બીજુ લશકર મદદ તરીકે મગાવશે. માટે હુ પણ પાદશાહને એ વિષેની ખબર પોહોચાડુ."

ગોદરેજે ખસરૂ ઉપર મદદ માંગવાને નામું લખ્યું તે વિષે.

પછી ગોદરેજે એક નામુ લખનારા નવીસંદાને બોલાવીને કહ્યું કે, "હું તારી સાથે લડાઇ માટેની એક છુપી વાત કરવા માગુ છુ. પણ જો તુ (કોઈ બીજા આગળ) એ વાત કરવાને તારા બને હોટો ખોલશે અને વાત કરશે તો તારા સરને તેથી નુકસાન પુગશે" પછી તેણે પાદશાહને લશકરના એ કામથી વાકેફ કરવા માટે તેના ઉપર એક નામુ લખવા ફરમાવ્યુ. તેમાં તેણે જે કાંઇ બન્યુ હતુ અને પીરાનને જે કંઇ વાત તેની સાથે કીધી હતી, તથા તેણે ગેવને માઉર્નીને જે વચન તેને આપવા માગ્યુ હતું અને મેહેરબાની દેખાડવા માગી હતી, તથા તને કરતા આમમાનના કામો વિષે જે કાંઇ જણાવ્યુ હતુ અને પીરાને ગેવ તથા બાહાદુર અને અકકલમદ બુર્જેગોને જે જવાબ દિધો હતો, તથા ત્યાર પછી તેની પુંઠ વાઘોના જેવુ લશકર કનાબદના પાહાડ તરફ લડવા આવ્યુ અને ત્યાં કેવી લડાઇ થઇ તથા તે લડાઇમા તેઓએ પોતાના દિનો કીના ખાલી કીધા તે વિષે તથા હોમાન અને લડાયક નસતીહન વિષે સઘળુ યાદ કરીને ખસરૂને લખી જણાવ્યુ વળી એજને ગુરજવાલા લશકર સાથે લડાઇ વખતે શુ શુ કરી બનાવ્યુ તથા તેણે કેવી બાહાદુર વર્તણુક દેખાડી તે વિષે તથા જે કાંઇ બીજી બાબતો બની હતી તે સઘળી તે નામામા વિસ્તારીને લખી. એ પ્રમાણે તેણે લખાવ્યા પછી તેણે તે નામુ આ મુજબ પુરૂ કીધુ કે, 'જો અફ્રાસીયાબ હવે પછી લશકર સાથે નદી આગળ આવી લાગશે અને જો તે એ લશકરને લડવા માટે જીહુન નદી કીનારેથી ઇરાનમાં પસાર કરશે તો તેની સામે હમારાથી ટકી શકાશે નહી એમ તારે જાણવુ. માટે ઓ જેહાનના માલેક અને ઇરાનના પાદશાહ! તુ ખસરૂ પોતે પણ લશકરની મદદે આવી લાગશે તો તેથી પેહેલવાનાના માથા ઉપર તે (નવેસરથી) પેહેલવાનની ટોપી મુકી એમ ગણાશે વળી બીજુ એકે જો પીરાન પોતેજ લડવાને હાથ લબાવશે અને તેણે પોતાના પાદશાહ પાસથી લશકરની મદદ માગી હશે પણ નહી, તોપણ તારો ગોલામ પીરાન સાથે તારા નસીબે કેવી રીતે વર્ત્યો છે તેની ખબર તો તુ પાદશાહને મલશે બીજું એકે તુ ફતેહમંદ પાદશાહ તારા ગોલામને દેવબંધ રૂસતમની, લોહરાસબની અને અક્કલમદ અશકશની ખબર પુગાડશે

જ્યારે તે નામુ મોહર મારીને બધ કરવામા આવ્યું ત્યારે તેણે એક જડપ ચાલના ઉંટ ઉપર એક પાદશાહી બેઠક બાધવા અને તેની સાથે પુશકલ

ઘોડાઓને પણ બાહાર કાઢવાનો હોકમ ફરમાવ્યો પછી તે પેહેલવાને હજીર૧ કે જે એક હુશીયારીભર્યા બુઢ્ઢા જેવો જવાન હતો તેને પોતાની આગળ આવવા ફરમાવીને પોતાના તે જવાન હુશીયાર બેટા આગળ તમામ વાત કીધી તેણે તેને એ પ્રમાણે કહ્યુ કે, 'ઓ હુશીયાર દિલના બેટા' તુ એ કામ માટે તારાં દિલને જરા તેજી બનાવ જો તુ મારી નજરમાં ગમે એટલુ માન ધરાવતો હોય તોપણ તેને લાયકની પદવી હાલે તુને મેલવવી ઘટે છે માટે આ નામુ હાથમાં ધરતાંજ તુ પવન વેગે અત્રેથી નિકળી પડીને રાત અને દિવસ જરાએ આસાયશ લિધા વગર એ નામુ લેઈ જઇ પાદશાહને પુગાડ" પછી તેણે તેને ત્યાથી વિદાય કરવાને છાતી સાથે ચાંપ્યો, અને હજીર પોતાના સખ્તકતા બાપ આગળથી બાહાર પડયો તેણે લશકરમાથી પોતાના બે ખેશીઓને બોલાવી તેઓને જડપથી મજબુટ ઘોડા ઉપર બેસાડી દિધા પછી તે પોતાના બાપની છાવણીમાથી બાહાર પડયો અને દરેક મજલેથી તે બીજુ ઉંટ બદલતો તેનુ ખાવુ પીવુ અને આરામ લેવુ અધાગે ગતે પ્રકાશતા સુરજના ઉટ ઉપરજ રેહેતુ હતુ એ પ્રમાણે તેઓ દોડતી મુસાફરી કરતાં આઠમે દાહાડે પાદશાહ આગળ આવી લાગ્યા જેવો એક સ્વાર (એ ખબર પુગાડવાને) ઇરાનના રસ્તા ઉપર આવી લાગ્યો કે "નામદાર પાદશાહ આગળ કોઈ શખ્સ આવે છે," તેવોજ તેણે શમાખને૨ કેટલાક તારવત બાહુર સ્વારો સાથે સામો લેવા માટે મોકલી આપ્યો તેઓએ હજીરને પુછ્યું કે, "ઓ સિહોને પકડનારા પેહેલવાન જાદા! એવુ તે શુ બન્યુ છે કે તુ જેહાનના પાદશાહની દરગાહમા એટલોબધો અચબુચ આવી લાગ્યો છે?" પછી પરદા ઉચકી નાખવા ફરમાવ્યુ અને તેઓએ ઘોડા ઉપર બેગી પાદશાહની દરબાર તરફ ચાલવા માંડયુ હજીરે દરબારમા આવી લાગતા અને ખસરૂને જોતાજ પોતાનો ચેહેરો ખાક સાથે ઘસ્યો. પાદશાહે તેને કેટલીક પુછપરછ કરી માનથી નવાજીને પોતાની આગળ જગ્યા કરીને બેસાડયો પછી પાદશાહે તેને ગોદરેજની, લશકરના સરદારોની અને બીજા તમામ શખ્શોની ખબર પુછી તેણે ખસરૂને તે બુજોર્ગોની દુવા પુગાડયા પછી તેની આગળ લશકર માટેનો તમામ હેવાલ કહયો અને પછી તે રોશન રવાનના અક્કલમદ જવાને ખસરૂને પેહેલવાનનું નામુ પુગાડયુ પાદશાહે નામુ લખનારા નવીસદાને બોલાવી મગાવીને તે નામુ તેની આગળ વાચી જવા ફરમાવ્યુ જ્યારે તે નવીસદાએ ખસરૂ આગળ નામુ વાચ્યું ત્યારે તેણે પ્રકાશતા યાકુતોથી હજીરનુ મોહ્ઢ ભરી કાઢયું પછી

---

૧ 'હજીર' એ ગોદરેજનો બેટો થતો હતો

૨ 'શમાખ' એ એક ઇરાની પેહેલવાનનુ નામ છે

તેણે ખજાનચીનને ખજાનામાંથી પૈસા અને રેશમી કપડાંના તાકાઓ લાવવા ફરમાવ્યું. તે હોકમ સમજતાંજ ખજાનચીને એ સઘલું લાવીને ત્યાં એક એવો ઢગલો કીધો કે હજીર તેમાં માથાં સુધી ઢંકાઈ ગયો. વળી ગોહરો જડેલાં તાજ સાથે તેણે પાદશાહી સુનેરી પોશાકની જોડી પણ લાવવા ફરમાવ્યાથી એ સઘલું પણ સુનેરી લગામ સાથના દસ ખુબસુરત ઘોડા સાથે હજીર આગળ લાવી હાજર કરવામાં આવ્યું. વળી તેના સાથીઓને પણ ખેલાતથી નવાજવામાં આવ્યા અને તેઓને દીરમ, દીનાર તથા તરેહવાર ચિજોની ભેટ આપવામાં આવી. પછી તે તખત આગળથી તેઓ પાદશાહ સાથે ઉઠયા બાદ દારૂની અને વાજીંત્રની બેઠક કરવામાં આવી. હજીરે તેમજ પાદશાહના વફાદાર બુજોર્ગોએ એકી વખતે હાથમાં દારૂ ધર્યો અને તેઓએ એક દાહાડો અને રાત ત્યાં સાથે બેસીને ગુજારી. ત્યાં પાદશાહે એ બાબે વધતી ઓછી તકરારો કીધી. બામદાદ થતાં પાદશાહે પોતાનું મોઢું અને દિલ ધોયું અને પેહેલાં તે પરવરદેગારની હજુરમાં બંદગી કરવાને ગયો. તેણે બંદગી કરવાને નવો પોશાક પેહેર્યો અને ત્યાં તેની બે આંખો વરસાદ વરસાવતાં વાદલ માફક બની. તેણે પોતાની પીઠ નમાવી માથાંને નિચું મુકીને દાદારની એ પ્રમાણે તારીફ કરીને તેની પાસે ફતેહ અને દમામ માંગ્યો તથા તાજ અને બુલંદ તખત ચાહયું. તેણે પરવરદેગાર આગળ પોતાની આંખોમાંથી દુખના આંસુ પાડીને અપરાસીયાબની ફર્યાદ કીધી. પછી તે એક સીધાં સરોવર માફક ત્યાંથી આવીને દમામ સાથે તખત ઉપર બેઠો

ખસરૂએ ગોહરેજના નાંમાનો જવાબ લખાવ્યો તથા પોતે લશક્કર સાથે તેની મદદે ગયો અને તુસને દેહેસ્તાન તરફ મોકલી આપ્યો તે વિષે.

પછી તેણે એક અક્કલમંદ મુનશીને બોલાવીને તેની સાથે કેટલીક ઘટતી વાતો કીધી. તેણે તે નાંમાનો પાછો જવાબ લખાવતાં તેમાં તેની ખુબી ગાઇ. તે નામામાં પેહેલી ફતેહ, જોર અને દમામના માલેક પરવરદેગારની તારીફ કરવામાં આવી. પછી બીજી તે પેહેલવાનની તારીફ કીધી કે "તું હમેશાં જીવજે અને રોશન રવાનનો રેહેજે. તું ઘણી અકકલ ધરાવનારો મુબારક સપેહસાલાર છે કે જે અકકલભર્યા વિચાર અને લડાયક જોહેન ધરાવે છે. તું ગુરજ અને પોલાદી તલવારનો સાહેબ છે અને કાવ્યાની ઝુન્ડાને તું દિપાવનારો છે. હમારા પેહેલવાનો ફતેહમંદ નિવડયા છે તે માટે હમો પરવરદેગારના શુકરાના કર્યે છીએ. હવે જ્યારે તારો ચઢતો સેતારો તુંને રોશણી દેખાડે છે ત્યારે તું

દુશમનોનો જડપથી નાશ કરજે. પેહેલુ તું લખે છે કે 'મેં પીરાન આગળ ગેવને તથા બાહુર અને ડાહયા બુજોર્ગોને મોકલ્યા હતા અને તેને કેટલીક તરેહની શિખામણો કેહેવાડી હતી, પણ તેની બુરી ખાશીયતે મારી શિખામણ અને મારૂ એ કામને માટેનુ પેહેલવેહેલું વચણ કબુલ્યું નથી તથા તે સપેહસાલારે એ બાબે એક વાત કહેવાડી હતી કે પેહેલવેહેલેથીજ તેનો નિયમ કીનો લેવાનો છે કારણકે દરેક નાનો સરદાર કે જે બુરાઇની ખાહેશ કરે છે તે નેક માર્ગથી ફરે છે અને તેથી તેના રવાનતુ ઘટવુ થાય છે વિગેરે.' પણ મને તો એ વાતની પેહેલેથીજ ખબર હતી કે પીરાન કાંઇ કીનાથી ખાલી થવાનો નથી તોપણ તેની કેટલીક વર્તણુકને સબબે હુ તેની સાથે ઉડાન મારામારીમાં ઉતર્યો નથી હવે આસમાને એ વાત ખુલ્લી કરી નાખી છે, કે પીરાનની દિલસોજી તુરાનીઓ તરફજ ઘલેલી છે તથા તે જેહાનમા અફ્રાસીયાબ સિવાય બીજા કોઇને જોવા માંગતો નથી, ત્યારે તો તુ તેના દિલને અફ્રાસીયાબ તરફની મોહોબતથી ફેરવતો ના કારણક તે અક્કલ કરતા લોભને વધારે પસંદ કરે છે. પણ તેની ગમે એવી કોષેશ છતાં કઠણ પથરમાથી કાંઇ ઘાસ ઉગવાતું નથી. તોપણ તુ દુશમનો સાથે સારી વાતો કરશે તો સારૂ કારણ કે બાહુરોને સારીજ વાતો કરવી ઘટે છે બીજુ એ કે તે ભારી ગુરજથી તે લડાયકો સાથની લડાઇને યાદગાર કીધી છે તે સારાં નસીબને લિધે તથા સુરજ અને ચંદ્રની સારી ચાલથી અને લડાઇમાં સારી કોષેશ કરવાથીજ તેમ કીધી છે. મારી ખાતરી છે કે એ લડાઇ કરીને તુ એ લડાઈના મેદાનમા ફતેહ પામશે વળી તારો નબીરો કેવો હોય? તે તો તુ બપાવાના જેવોજ હોવો જોઇએ, અને લડાઇમાં યુકિત વાપડનારજ રેહવો જોઇએ. સિંહોથી ફાડી ખાનારા સિંહ સિવાય બીજુ શુ જન્મે? તેવો જે તે (બેજન) પણ પોતાના બાપ માફક નામદાર અને બાહુર છે તું ગેરઇનશાફ ભરી રીતે લડાઇ કરતો નહી હોવાથી તારી પાસબાની કરનારા યજદાંને તે પસદ છે જે કાંઇ જોર અને બાહુરી મલે છે તે યજદાં તરફથીજ મલે છે એમ તુ સમજજે અને એ પ્રમાણે સમજી તું તેનોજ આભારી રેહેજે. ચોથુ તું એમ લખે છે કે 'અફ્રાસીયાબ લશકરને નદી પસાર કરાવી લાવશે કારણકે તેની આગળ પીરાન તરફનો કાસદ પણ ગયો છે અને તે પાદશાહે પણ પીરાનની તરફ આવવાને ચેહેરો ફેરવ્યો છે.' તું એમ સઘલું કેહેવા માગે છે માટે હાલે હમે તેનો પાછો જવાબ મોકલ્યે છીએ. ઓ મારા વિચારવંત, હુશીયાર, અને દરેક કામમાં લાયકી ધરાવનારા સપેહસાલાર! તું જાણ કે તે આપણી સાથે લડાઈ કરવા આપવાને જીહુન નદી ઓલગી આવવાની ઢીલ એટલા માટે કરતો નથી કારણ કે ખાકાન તેને માટે

ચીનથી લશકર લાવ્યો હશે. તેથી તેને માટે બધે બાજુએથી કમીનગાહ બનાવવાનો વખત નજદિક આવ્યો છે બીજું એ કે તે હદ વગરના લશકર-માંથી તેણે તુરાની સરદારોને સઘલે વિખેરી મુકેલા હોવાથી લોહરાસ્પથી કે તિક્ષણ પંજાવાલા અશકશથી કે લડાઇને વખતે પેહેલવાનોને પનાહ આપનારા રૂસતમ જેવાઓથી પણ, તેઓની સામે હરબાજુએથી દુશમનો આવ્યાને લિધે અને તેઓના નદીની પેલી બાજુએથી લશકર લાવ્યાને લિધે પોતાના પગ તે જગ્યાએથી બાહાર કઢાતો નથી. નહી તો તેઓ પોતાની સઘલી જગ્યા દુશમનોને સોંપી દે. પાંચમી વાત એકે પેહેલવાનોની તરફની તારી મોહોબતને લિધે તારા દિલની ખાહેશ તેઓની ખબર જાણવાની થાય છે. તો ઓ સપેહસાલાર! તું જાણ અને વાકેફ થા અને તું દરેક કામમાં નસીબની સાથે જોડાયલો રેહ. જે રસ્તેથી સિંહ જેવો રૂસતમ (લડવાને) ગયો છે તે રસ્તે તે હીન્દુસ્તાન અને કેશમીરમાં (લડાઇની) ધુલ ઉડતી કરે છે વળી તિક્ષણ હુશીયારીવાલો અશ-કશ જે રસ્તે ગયો છે તે ખારજમમાં એકવગી માહેતમ ઉઠાવે છે. તે અશકશ સાથની લડાઈમાંથી શીદેહ નાહસી ગયો છે અને તેણે ગુરગનજના[૧] શેહેર તરફ જવાને પોતાનો ચેહેરો ફેરવ્યો છે. જે તરફ લોહરાસ્બ લશકર સાથે ગયો છે ત્યાંનો માર્ગ તેના સઘલા સરદારોએ ખુલ્લો કરી નાખ્યો છે તેઓએ અલા-નાન[૨] અને ગરકશતના[૨] કીલ્લાઓ ખાલી કરાવ્યા છે અને ત્યાં આપણી પાદશાહી ચાલુ થઇ છે. તેથી જો અફ્રાસીયાબ તે માર્ગમાંથી આવતો હશે અને તે લશકર જીહુન નદીના આ કીનારા આગળ પસાર કરશે તો તે નામદા-દારોજ તેની પુઠ પકડશે અને તેની મુઠીમા તેઓ પવન સિવાય બીજુ કાંઈ રાખશે નહી. તુ ધારી મુકજે કે જો તે પીરાનના કેહેવા ઉપર ચાલી આગળ પગલુ ભરશે તો તે પોતાના આબાદ શેહેરોને, મુલકોને અને પોતાની મુબારક બુન્યાદને ઉખેડાવી નાખશે અને દુશમનોને સોંપી દેશે. પણ પીરાન તરફથી રાતે કે દિવસે કાંઈ ખબર મલતી નથી તે માટે પોતાના બે હોટો હીલવીને વાત કરશે નહી તેથી જે દિવસે તે લશકર પાસે (જીહુન) નદી પસાર કરાવશે તે દિવસ કદી પણ તેને માટે મુબારક ગણાશે નહી જો તે આપણી સાથે લડાઇ કરવાની પેહેલ કરશે તો આપણામાથી કોઇપણ આવો અધારો અને તંગ દિવસ જોશે નહી હમે પણ હમણા જોરાવર સપેહસાલાર તુસને હોકમ કર્યે છીએ કે તે હાથી ઉપર ઢોલ બધાવે અને દહેસ્તાન અને ગુરગાન તરફનો મુલક પોતાના કબજામાં લે અને પોતાના માથાને સુરજ સુધી પુગાડે હું પણ

---

૧ 'ગુરગનજ' એ ખારજમના પાયતખત શેહેરનું નામ છે.

૨ 'અલાનાન' અને 'ગરકશ્ત' એ તુરકશતાનના કીલ્લાઓનું નામ છે.

લશકરને એકઠું કરીને હાથીઓ અને તખત સાથે તુસની પુઠે મદદ લેઈ જાવશ. માટે તું પીરાન સાથે લડવાથી ચેહેરો ફેરવતો ના. તુ પેહેલાં લશકરને ગોઠવજે અને પછીજ લડાઈ કરજે. જ્યારે હોમાન અને નસ્તીહન તેને મદદ કરવાથી (માર્યા જઇને) જુદા પડયા છે, ત્યારે તો તેને તે કામનો ગમ લાગ્યા હશે. જો તે ઇરાની નામદારો સાથે લડાઇ કરવા માંગે તો તું તેના હોકમ વગર પછો ફરતો ના. જો પીરાન તારી સાથે બાધુરીથી લડાઇ કરવા માગે તો તું બુરા દિલનો (હીચકારો) બનતો ના પણ તેની સામે સિંહ માફક જજે. લડાઈમાં તું અફ્રગસીયાબનો વિચાર કરતો ના પણ તું તારા દિલની ઇચ્છા બર લાવજે, અને તેની સામેથી મોઢું ફેરવતો ના જ્યારે તે લડાઈમાં લડાઈ સોધતો આવે ત્યારે તે હાથી જેવા આગળથી તુંને તારો ચેહેરો ફેરવવો ઘટતો નથી. એ લડાઈમાં તું તેઓની ઉપર ફતેહમંદ ઉતરજે અને તારાં દિલને એ કામમાં તંગ બનાવનો ના. લડાઇની વખતે પરવરદેગાર મને (ફતેહની) ખુશાલી બક્ષે એવી હું તો ઉમેદ રાખુ છું. વળી હું એમ પણ ધારછું કે જ્યારે હુ માર્ગમાંથી એ લશકરની પુઠે મારૂં લશકર લેઈ આવશ ત્યારે તું તેઓ માટે એવી ગણત્રી કરી રાખજે કે આપણી નામદારી પ્રકાશતા સુરજ સુધી પુગશે" વળી તે નામામાં પાદશાહે લશકરને પણ તુસની અને કાઉસની ઘણી દુવાઓ લખાવી. પછી તે નામા ઉપર ખશરૂએ મોહર કીધી અને તે કાસદને સોંપીને તેને દુવા દિધી.

જ્યારે હજીર ખસરૂ આગળથી બાહાર પડયો ત્યારે તે પાદશાહ નામું લખનાર સાથે આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો કે, "પરવરદેગારની લશકર ઉપર ઘણી મેહેરબાની થઇ છે. અને તમામ લડાઇ પાદશાહની મરજી મુજબનીજ થાય છે. વળી તે બોલ્યો કે, "જો અફ્રાસીયાબ તે જગ્યાએથી કુચ કરાવશે અને નદી પસાર કરશે તો મારૂ તે જગ્યાનું લશકરજ તેને હરાવી નાખશે. તોએ મને પણ અત્રેથી જવુ જોઇએ અને મારો વિચાર પણ એવોજ છે." પછી તુરતજ પાદશાહે નોજરના ખાનદાનીઓને બોલાવીને હોકમ કીધો કે "તમો લશકરને ઉટાવલે કુચ કરાવો અને લશકરને દેહેસ્તાન તરફ લેઇ જઇને ખારજમના તમામ મેદાનમા તે લશકરને ઉતારો. લડાઇને દાહાડે અશકશ તે લશકરનો સભાળનાર બનશે અને તે એક વાઘ માફક લડાઇમાં ઉતરસે." આથી તુસની દરગાહમાથી વાજીંત્રના અને પીતલની સરનાઈ અને ઢોલના અવાજો નિકળવા લાગ્યા. તે લશકરે અને સપેહસાલારે ત્યાંથી કુચ કીધાથી જમીન ઘોડાઓની નાળથી ઢંકાઈ જવા લાગી. તું કેહેશે કે જાણે સુરજ ફરતો ઠંભ થઇ ગયો છે અને સ્વારોની ધાસ્તીથી તે અટકી ઉભો છે. એ પ્રમાણે તેણે લશકરને એમ બે અઠવાડયા સુધી કુચ કરાવ્યા કીધાથી સુરજ

અને ચંદ્રની રોશણી પણ જતી રહી. પછી તે ફતેહમંદ પાદશાહની કુચ કરવા બાબેની ખબર પણ જેહાનમાં ફેલાઇ રહી. તુસે ઇરાની પાદશાહની દરબાર- માંથી કુચ કરતાંજ તુરતજ પાદશાહે પણ જવાની ઉટાવલે તૈયારી કરવા માંડી. તેણે તમામ બાધુર પેહેલવાનો તથા લડાયક નામદારો સાથે, તથા હાથીઓ, ઢોલ અને દમામ સાથે તથા તાજ અને શેહેનશાહી તખત સાથે એક લાખ ચુંટી કાઢેલા સ્વારો સાથે ગોદરેજ તરફ જવાનો રસ્તો ધર્યો. હજીર ખસરની અગાઉ ભપકાથી ઘોડો કુડાવતો અને દિલને ખુશાલ બનાવતો ત્યાં જડપથી આવી પુગ્યો. તેણે એ પ્રમાણે પોતાની સાથે સો ચાકરો લેઇને ગોદરેજ તરફ જવાનો રસ્તો ધર્યો.[૧] તું કેહેશે કે તે પોતાને મલેલા ખેલાતને લિધે ખુશી બેરરમી સાથે જમીન ઉપરથી ગબડી જતો હતો. જેવો તે ગોદરેજની છાવણી આગળ આવી પુગ્યો તેવાજ સરનાઇના પોકારો સમજાવા લાગ્યા. તમામ મોટી પડવીના શખ્સો કંમરે સુનેરી પતા બાંધીને તેને સામે લેવા માટે ગયા. જેવો હજીર તે નામદાર પેહેલવાન આગળ આવી લાગ્યો, તેવુજ તેણે પાદશાહ ખસરૂથી જે કાંઈ જોયુ હતું જેવું કે પાદશાહની નવાજેશ વિષે, તથા તેના વચણ વિષે, તથા તેણે ખુલ્લાં દિલથી જે નસીહતો દિધી હતી તે, તથા તેણે કેવી રીતે લશકરને માટેની માયા ધરી છે તે વિષે અને તેણે તે પેગામ સમજીને પોતાનો ચેહેરો કેવી રીતે ખુશાલ કીધો તે સઘલાં વિષે તેને કહયું. પછી તેણે તે જવાન પાદશાહનું નામું બુજોર્ગોની દુવા સલામ સાથે ગોદરેજને આપ્યું. તેણે તેનાથી પાદશાહની નવાજેશ વિષે સમજીને તે નામાંને પોતાની આંખો અને ચેહેરા સાથે દાબ્યું. જેવી તેણે તેની મોહર ખુલ્લી કીધી તેવુંજ તે નામું વાંચી સમ- જાવનારને સોંપ્યું, અને તેણે તેના સખુનો વાંચી સમજાવ્યા. પછી તે સપેહ- સાલારે પાદશાહની તારીફ કીધી અને તેનું ફરમાન બજાવવા માટે જમીનને બોસો લિધો. તે રાતે તે પોતાના બેટા સાથે વિચાર કરવામાં ગુટાયો અને બામદાદ પડતાં દરબાર ખોલીને ત્યાં બેઠો. લશકરના તમામ નામદારો પણ સહવારને પોહર માથાં ઉપર પેહેલવાની કોલાહ પેહેરીને ત્યાં આવ્યા. પછી હજીરે તે મુબારક પાદશાહનું નામું હાજર કીધું અને તે મુનશી આગળ લાવી મુકયું. તેજ વખતે તે મુનશીએ લશકર આગળ પાદશાહની એકેએક નસીહતો અને હોકમો વાંચી સમજાવ્યાથી તમામ લશકરે તે મેહેરબાન જમીનના પાદ- શાહ ઉપર દુવા કીધી. પછી તે સપેહસાલારે રોજીના ચુકવનારા કારભારીને બોલાવીને પૈસા ચુકવવા માટે તેને એક ગાદી ઉપર બેસાડયો. જે કાંઈ ઘોડા-

---

૧ એ બેત લખેલી નકલમાં વધારે છે.

ઓના ટોલાં પાહાડ આગળ ચરતાં હતાં તે સઘળાંને માણસો તેની આગળ લશકરગાહમાં હાંકી લાવ્યા. જ્યારે તેણે કીનો લેવાનો વખત આવેલો જોયો ત્યારે તેણે તે રોજી ચુકવનારને ખજાનાના બારણાની તથા તલવાર અને કંમર-બંધના બારણાની, તથા તાજ, બખતર અને સુનેરી તોપી રાખવાના બારણાની સઘલી કુચીઓ સ્વાધીન કીધી. તેણે તે સઘલો સામન લશકરમાં વેહેચી અપાવ્યાથી સ્વારો અને પાયદલ લશકર સ ગાર પાંમ્યુ તે લશકર એક પાહાડ જેવું બન્યું પવનવેગે ચાલનારા ઘોડાઓના પગલાથી જમીન કાયર થવા લાગી. તે સઘલાઓ લોઢાંમાં અને સુના રૂપાંગાંજ ગરક થયલા હોવાથી તેઓથી નર-સિંહો પણ ધાસ્તી ખાવા લાગ્યા પછી તેણે તેઓને લડાઇ કરવા ફરમાવ્યું જેથી તેઓએ કીનો લેવાને પોતાનું દિલ અને કાન અર્પણ કીધા. લશકરના ટોલેટોલાં બનીને તે સપેહસાલાર આગળ પાહાડની માફક ગયા સપેહસાલારે તેમની તપાસ લિધી. તમામ જમીન કાલી બનેલી અને આસમાન જાંખુ બનેલું દેખાયું તે બોલ્યો કે "ઉચા મરટબાનો જમશેદ પણ પોતાના તખત ઉપ-રથી આવું ઘોડાઓ અને બખતરો સાથનુ તથા સુનુ રૂપું અને લડાયક હાથીઓ સાથનું નર સિંહોનુ લશકર તૈયાર કરી શકયો હશે નહી અગરજો જેહાનનો પેદા કરનાર આપણને મદદગાર થશે તો હું અત્રેથી તે ચીન સુધી જવાને મારી લગામ ફેરવશ." એમ બોલ્યા પછી તેણે દાનાવ શખ્સોને બોલાવી મંગાવ્યા અને તેઓને નામદારો સાથે મોજમજાહ કરવા બેસાડયા. પછી તે ચગ અને સરનાઈના અવાજો વચ્ચે ખુશાલી સાથે દારૂ પીતો બેઠો અને ત્યાં પેહેલવાનો સાથે લડાઇનો વિચાર કીધો

પીરાને કેશવાદના બેટા ગોદરેજ ઉપર નામું લખ્યું તે વિષે.

ઇરાની સરદારે કેવી સરૂવાત કીધી છે તે વાતની ખબર જ્યારે પીરાનને પડી ત્યારે તેનુ દિલ તે ખબરથી ધાસ્તીભર્યું બન્યું તેથી તે કાઇ ઉપાય કરવા તરફ તથા કાવત્રાં અને ફરેબ રમવા તરફ ઢલ્યો તેણે પોતાના નોકરોનો કીનો લેવા માટે મુબારક વિચારના દાનાવ શખ્સથી આગમચેતી મેલવી અને પછી તે અજીત પેહેલવાન ગોદરેજ ઉપર નામુ લખવા મુનસીને ફરમાવ્યુ. તે નામાની સરૂવાતમાં તેણે તેની પુશકલ તારીફ કીધી અને જોરાવર દેવથી તેની પરવરદે-ગારથી પનાહી ઇચ્છી. પછી તેણે લખ્યું કે "જેહાનના પેદા કરનારથી હું જાહેર તેમજ છુપી રીતે એવું ઇચ્છુ છું કે તે પરવરદેગાર બંધે બાજુના લશકર વચેથી કીનાને ઉઠાડી નાખે. જો તું ગોદરેજ જેહાનમા કીનાનીજ

તૈયારી કરવા ઇચ્છતો હોય તો તારી સઘલી ખાહેશ જેહાનમાંથી પાર પડજો તું શુ ધારે છે? એ બાબે તારૂ શું ચાહાવુ છે? તુ ધ્યાન પુગાડ કે મારા નજદિકના ખેશીઓ અને મારા સિંહ જેવાઓ વચેથી મારા આટલા બધા બાધુરોને તેં ડોકાં વગરનાં શરીરના બનાવીને ધુલમાં ફેંકયા છે. છતાં શુ તું પરવરદેગારની વાસ્તી કે ફીકર કાંઇ રાખનો નથી? તેં તારા ચેહેરાને દયા અને અકકલ આગળથી ફેરવી નાખ્યો છે. હવે તે જે કાઇ ઇચ્છયુ તે તો મેલવ્યું છે માટે હવે વખત એવો આવ્યો છે કે તુ તારા ડોકાંને એ કીનાથી ફેરવ અને લોહી રેડવામા બાધુરી ના ગણુ એ લડાઇમા ઇરાન અને તુરાનના કેટલા સ્વારો માર્યા ગયા છે તે ઉપર તુ ધ્યાન પુગાડ. માટે હવે વખત એવો આવ્યો છે તારે માફી બક્ષવી ઘટે છે અને કીનો લેવાથી તારે આશાયશ પકડવી જોઇએ છે. એક માર્યા ગયલા શખ્સનો કીનો લેતા તુ કયા સુધી જીવતાંઓના ડોકા કાપ્યો જશે? જ્યારે વહી ગયલો વખત પાછો આવતો નથી ત્યારે તુ જેહાનમા કીનાના બી ના વાવ, તથા તારા રવાનને દુખી ના કર અને તારાં શરીરને તાવી ના નાખ હવે તુ લોહી રેડવાથી પાછો ફર જે શખ્સનુ નામ લાંબો વખત સુધી વગોવાયલુ હોય તેના ઉપર મોત પછી શ્રાપ ઉતરે છે. માટે તુ તારા નામને પણ કલંક ના લગાડ કે જેથી તુ આ દુન્યામાથી ખુશાલી સાથે પાછો ફરે [1] જે કોઈના કાલા બાલ સફેદ બન્યા હોય તેને (આ દુન્યામાં) રેહેવાની જાજી ઉમેદ રેહેતી નથી. જો તારૂ લશકર એકવાર ફરીથી આ કીનાની જગ્યામાં આવશે તો મને ફીકર લાગે છે કે આ બધે લશકરમાંથી તું કોઇને પણ જીવતો રહેલો જોશે નહી. જીવો ઉડયા જશે અને કીનો તો જયાનો ત્યાંજ રહેશે. ત્યાર પછી ફતેહમંદ કોણ નિવડયુ છે અને પ્રકાશતી જેહાનમાં ઉંધાં નસીબનું કોણ બન્યુ છે તે કોણ જાણવાનુ છે? તોએ પણ જો તું લોહીજ રેડવાનુ અને આ લડાઈના મેદાનમાં મારી સાથે લડવાનુંજ પસંદ કરતો હોય તથા ઇરાન જમીનને માટે તું સિંહોના જેવીજ લડાઈ કરવા ચાહાતો હોય તો મને કહે, કે જેથી હું હમણાજ એક કાસદને અફરાસીયાબ આગળ ઉટાવલે મોકલી આપું અને તે જેમ મને ફરમાવે તેમ આપણે આ જમીનને વેહેંચી લેઇએ અને પછી કીનાનો છેડો લાવી મુકયે. જે પ્રમાણે પાદશાહ મીનોચેહેરના રાજ્યમાં જેહાનના વાંતા પાડીને તે સંભાળતો રહયો હતો તેમ બક્ષેશનો કરનાર કએખસરૂ દરેક મુલકના આબાદ અને વેરાન ભાગ વિષે જે પ્રમાણે ફરમાવતો હોય તે પ્રમાણે જે કાંઈ શેહેરો ઈરાનના મુલકને પુગતાં હોય તે તું

---

1 એ બેત લખેલી નકલમાં વધારે છે.

મને કહે કે જેથી હમો તે તુરકીઓથી ખાલી કરી જઇએ. પેહેલાં આપણે ઇરાનથી પાહાડની બાબદ ઉપર આવ્યે તો ગુરચેગાનના[1] દરવાજાથી તે બસ્ત[2] શેહેરના દરવાજા સુધી અને બીજું તાલકાનના[3] શેહેરથી તે ફારયાબ શેહેર સુધીના નદીની અંદરથી ભાગ થવા જોઇએ છે. બીજાં બામ્યાન સુધીના પાંચ શેહેરો છે તથા ઇરાનની ભુમી અને કેઆનીઓની જગ્યા છે. બીજી પેલી મુબારક ગુરગાનાનની જગ્યા છે કે જેનું જેહાનના માલેક કએખસરૂએ એ નામ આપ્યું છે. બીજા બલખના દરવાજાથી તે બદખશાન સુધીના મુલકો છે કે જ્યાં તેના રાજ્યની નિશાણી દેખાય છે હવે નિચાન જગ્યાઓ ઉપર આવતાં આમુઇ[4] અને જમના[5] મેદાનો છે કે જે ખેલતાન[6] આગળ મલી જાય છે. વળી શંનગાન, તરમુદ અને વીસેગર જેવાં શેહેરો તથા બોખારા અને તેની આસપાસ આવેલાં આંઠ શેહેરો, તેમજ વળી બર્વેથી સોગદ શેહેરના દરવાજા સુધીના મુલકો કે જેની પાદશાહી ઉપર કોઇનો દાવો પુગતો નથી તે આવ્યા છે વળી જે તરફ પેહેલવાનોને બાલી નાખનાર રૂસતમ ગયો છે ત્યાં તેને હુ નીમરોજનો મુલક સોંપી દેવશ તેની આગળ ગયલાં લશકરને હું પાંછું બોલાવી લેવશ: અને હમો બાખતર તરફ જવાના માર્ગને ખુલ્લો કરી નાખીશું. વળી ત્યાંથી તે હીન્દુસ્તાનના દરવાજા શુધીનો માર્ગ પણ હુ ખાલી કરી નાખશ. હવે પછી આપણે આપણા રવાનને ગમગીન બનાવીશું નહી. કેશમીરથી તથા કાબુલ અને કનદહારથી તે સીંધ સુધીના મુલકને માટે પણ તું એમજ ગણી લેજે. જે તરફ લોહરાસ્બ લડાઇ કરવાને ગયો છે તેને હમો અલ્લાનાન[7] અને એનદુર[8] શેહેર સોંપી દેઇશું. એ અને કોહેકાફ સુધીના મુલકોને હું કાંઈપણ લડાઇ કીધા વગર અને મગરૂરી દેખાડયા વગર ખસરૂને હંમેશને માટે સોંપી દેવશ. વળી એજ રીતે જે તરફ અશકશ પણ ગયો છે ત્યાંની પણ તમામ જમીનને હું હમણા ખાલી કરી નાખશ. એ સઘલું કીધા બાદ હું સઘલે ઠેકાણેથી લશકરને મારી આગળ બોલાવી લેવશ અને તારી આગળ સોગંદ

---

૧ 'ગુરચેગાન' એ કુરજીસ્તાનના મુલકનો એક પ્રાત છે.

૨ 'બસ્ત' એક મુલકનુ અને ત્યાના કીલ્લાનું નામ છે

૩ 'તાલુકાન' એ એક એક શેહેરનું નામ છે

૪ 'આમુઈ' એ જીહુન નદીના કીનારા ઉપર આવેલું શેહેર અને તેને લગતાં મેદાનનું નામ છે.

૫ 'જમ' એ નદીકીનારાની જગ્યાનું નામ છે.

૬ 'ખેલતાન' એ બદખશાનના એક મુલકનું નામ છે.

૭ 'અલ્લાનાન' એ તુરાનના એક કીલ્લાનું નામ છે.

૮ 'અનદુર' એ બદખશાનના મુલકના એક શેહેરનું નામ છે.

લેઇને કોલકરાર કરશ અને ત્યાર પછી હું તારો બદખાહ બનશ નહી. તું જાણે છે ક હું તો સચાઇ પસદ કરૂં છું અને મારા દિલને મોહબત અને વફાદારીભર્યુ કરવા ચાહુ છું. હુ એ ખબર તુરાનના પાદશાહ આગળ મોકલી આપશ કે 'હવેથી આપણે આપણા મગજને કીનો રાખવાથી ફેરવી નાખવાં જોઇએ છે.' તેમજ વળી તું પણ ખસરૂ ઉપર એજ પ્રમાણે મોહરબધ એક નામું લખ અને તેને જાહેર કર કે 'હવે પછી મારૂ બોલવું ચાલવુ દયાની રાહતુ રેહેશે અને મારે લોહી રેડવા માટે લડાઇ કરવી નથી.' જ્યારે આપણા વચ્ચે એ સઘલા કોલ-કરાર ખરેખરા થશે ત્યારે ખસરૂ મારી પાસેથી ગમે તે ચિજો માંગી લેઈ શકશે. હું તે સઘલુ પાદશાહને માટે મોકલી આપશ અને લશકરને માટે કીનો લેવાના દરવાજા બધ કરશ જ્યારે હું તે સઘલુ કરી રેહેવશ ત્યારે વળી જામીનગીરી તરીકે પણ કાંઇપણ ચિજ મોકલી આપશ હુ મોહોબત, રેવાજ, અને દીન મુજબ વર્તશ અને મારા વફાદારીભર્યા હાથોથી કીનાભરી આંખોને સીવી લેવશ. કારણકે બાધુર તુર અને સેલમની બુરી ખાશીયત ઉતરવાથી તે બુજોર્ગીભર્યા પાદશાહ (અફ્રાસીયાબ)નો વખત હવે તુટી ગયો છે. નામવર આઇરિજના માર્યા જવાથી ફરીદુન દુખ ખમીને નાશ પાંમ્યો. માટે એ સિવાય તારે જે કાંઇ નેકીની રાહે માગવુ હોય તે માંગ અને ત્યાર પછી એ બાબેનું નામુ પાદશાહ ઉપર મોકલ આવી મારી સારી માંગણીને માટે ઇરાનની અનજુમન કાંઇ સુસ્તી ભર્યા વિચાર લાવશે નહી. કારણકે હુ એ વાત મોહબત ધરાવ્યા વગર કરતો નથી વળી મારી ઇચ્છા સારૂં સેવટ આવેલું જોવાની છે તારા કરતાં મારી પાસે વધારે ખજાનો અને માણસો છે અને તારા કરતાં મારી મરદાનગી માટેની નામના વધારે છે. તોપણ કીનાને તો તેંજ ઉશકેર્યો અને બેદાદીથી દરેક ઠેકાણે લોહી રેડ્યાં. પરવરદેગાર આપણાથી થયલી એવી બુરાઈ પસદ કરતો નથી તેથી તારે આ મુલકોમાથી મગરૂરીને ખાલી કરી નાખવી ઘટે છે મારૂં દિલ લશકર માટે બલ્યા કરે છે અને તેથી હું આવી કોષેશ કરીને આપણા વચેથી કીનાને તોડી નાખવા માંગું છું. બીજું એ કે જેહાનના પરવરદેગારની પણ મને જાહેર તેમજ છુપી રીતે ફીકર રહે છે. તેથી જો તું મારા કેહેવાથી માથું ફેરવશે અને મારી સાથે ભારી લડાઇમાં ઉતરવા માંગશે અને મારા કેહેવા ઉપર તું ધ્યાન નહી આપશે તો તું ગુનેહગાર ગણાશે અને હું બેગુનાહ રેહેવશ. જો તારી આગળ ઇનશાફ અને ગેરઇનશાફ એક સરખોજ હોય અને કીનો પાંઠરવા સિવાય તારો વિચાર બીજો કાંઇ નહી હોય તો તુ ઇરાનના પેહેલવા-નોમાંથી જે કોઇ ભારી ગુરજ વડે લડનારા હોય તેવા સરદારોને ચુંટી કાઢ અને તેજ પ્રમાણે હું પણ મારાં લશકરમાંથી લડાઇને લાયકના જે શખસો જોઇએ તે

ચુટી કાઢું પછી તે સવલાઓને સામેસામા ઉતાર્યે. અને આપણે આપણા માથાંને લડાઈ કરવા તરફ પાછાં ફેરવ્યે તેજ પ્રમાણે તું અને હુ પણ એકમેકની ઉપર કીનો લેવાને લડાઈમાં ઉતરીયે, જેથી નિર્દોશોનુ લોહી રેડાવાથી અને તેઓ સાથે લડાઇ કરવાથી અટકાવ થાય જે શખ્સને તુ ગુનેહગાર ધારતો હોય અને તેને માટે તું તારા દિલમાં દુખ ધરાવતો હોય તેનેજ હું લડાઇને દાહાડે તારી સામે લાવશ વળી તુંને એક બંધોબસ્ત પણ કરવો પડશે કે હમારા ખુન કરવાને જો તુ હમોને કેદ પકડે તો તેથી તમામ તુરકી પેહેલવાનોના નસીબ ઉધા વલેલા સમજવાં અને એ પછી તારે ફરીથી સીપાઇઓને દુખ દેવુ નહી અને હમારા મુલકને તેમજ પાયેતખ્તને આગ લગાડવી નહી. તારે તેઓને તુરાન તરફ જતા રેહેવાની રજા આપવી અને લશકરને છુપાવી રાખી તેઓને ઇજા કરાવવી નહી જો હુ તારી ઉપર ફતેહમદ નિવડુ અને મારૂ નસીબ નેક નિવડે તો હું પણ ઈરાનીઓની ઉપર ઓચિંતો હુમલો કરશ નહી પણ હમો હમારા ગુસ્સાને અટકાવીશુ અને કીનો લેઇશુ નહી હમે પણ તેઓને ઇરાનનો માર્ગ લેવા દેઈશુ અને તે એકએકને ઈરાનના પાદશાહ આગળ જવા દેઇશુ તેઓમાંથી એક પણ ઓછો થશે નહી અને તેઓ પોતાના જીવ અને માલને માટે નચિંત બનીને અત્રેથી જશે. જો તું એવી રીતની પણ લડાઇ કરવા ચાહાતો નહી હોય તો તુને જેમ ગમે તેવી રીતે લડાઇ કરજે. જો તું લશકર સાથે સામટી લડાઇ કરવા માંગતો હોય તો તમામ લશકરને લડાઈમા ઉતારજે અને તેમાં જેટલુ લોહી રેડાય તેને માટે તુ પેલી જેહાનમા (ગુનેહગાર તરીકે) લટકેલો રેહેજે.''

પછી તેણે તે નામાને બાંધ્યુ અને પોતાના વાહાલા બેટાને બોલાવી મંગાવ્યો તેનો એક બેટો કે જેનુ નામ રૂઈન હતુ અને જે તાંબાના જેવુ શરીર ધરાવનાર અને અનજુમનનો સરદાર હતો તેને તેણે બોલાવી મંગાવીને કહયું કે, "તુ ગોદરેજ આગળ જા અને તેની આગળ આ વાત કહી તેનો જવાબ હુશીયારી સાથે સમજી લે." જ્યારે રૂઈન તે નામદારની દરબારમાંથી જવા નિકળ્યો ત્યારે બીજા દસ સ્વારોને પણ તેની સાથે મોકળવામાં આવ્યા. પછી તેઓ અકકલમંદ અને રોશન રવાનનો રૂઇન પેહેલવાન ગોદરેજની છાવણીમાં જઇ પુગ્યો. જેવો પીરાનનો બેટો રૂઇન તે દરગાહમાં આવી પુગ્યો તેવોજ તેણે એક સીપાઇને તે પેહેલવાન ગોદરેજ આગળ મોકલી આપ્યો. ૧ આથી પેહેલવાન ગોદરેજે તે કાસદને બોલાવી મંગાવ્યાથી તે જવાન પોતાના તંબુમાંથી બાહાર પડયો. ૧ ત્યાં જઈ ગોદરેજને જોતાંજ તેણે અદબ વાલીને

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

પોતાનું માથું તેની આગળ નિચું નમાવ્યું સપેહસાલાર ગોદરેજ જ્યાં હતો ત્યાંથી ઉભો થઇને તેને જડપથી પોતાની ગોદમાં પકડયો. તેણે પીરાનની, તેના લશકરની, તથા પેહેલવાનોની અને પાદશાહની તથા તેના મુલકની ખેરઆફીયત પુછી. પછી રૂઇને તે નામુ બાહાર કાઢી તેની આગળ ધર્યું અને પોતાનો જે કાંઇ પેગામ હતો તે તેને કહયો. પછી મુનસીએ આવી તે નામુ ઝડપથી વાંચ્યું અને જે કાંઈ તે નામામાં લખેલુ હતું તે ગોદરેજ આગળ કહયું. જ્યારે તે નામું ગોદરેજ આગળ વંચાઇ રહયુ ત્યારે તે માહેલા તેના સારા સારા અને મીઠા પુશકલ બોલો, તેની સારી નશીયતો તથા તેણે સારા વચનો સાથનો જે માર્ગ બતલાવ્યો હનો તેથી તથા અકકલમંદ પીરાને તે નામામા જે યાદ કરીને લખ્યું અને જેજે સારી શિખામણો દિધી તે સમજીને સઘલા નામદારો અજબ થયા. પછી તેણે પેહેલવાન રૂઇનને કહયું કે "એ ભાગ્યવંત જવાન સપેહેસાલારના બેટા ! તારે પેહેલા હમારા પરોણા તરીકે રેહેવુ પડશે અને પછીજ તું નામાનો જવાબ મેલવશે" આથી તેને માટે એક નવો તખ્તુ તૈયાર કરવામાં આવ્યો અને તેમા પાદશાહને લાયકની બેઠકો બનાવી. તે તખ્તુને રૂમી રેસમી કપડાંથી સગારવામાં આવ્યો અને ત્યાં તેની સાથે સારી સારી વાતો કરવામાં આવી આથી તે પેહેલવાન (રૂઇન) પોતે પણ ત્યાં વિચારવંત દિલે બેઠો અને ત્યાં તે બંધે વાતો કરવા લાગ્યા એ રીતે એક અઠવાડયુ સુધી વાજીત્ર અને દારૂ સાથે રહયા પછી ગોદરેજે તે નામાનો જવાબ આપવાની તૈયારી કીધી.

ગોદરેજે પીરાનના નામાનો જવાબ વાલ્યો તે વિષે.

જ્યારે જેહાનને દિપાવનારો સુરજ ઉંચાઇએ ચઢયો ત્યારે તે સપેહસાલારે બપોરને વખતે દારૂ, વાજીત્ર સાથે ખુશાલી પાળવાની ગોઠવણો કરીને તે કાસદ (રૂઈન) ને પોતાની આગળ બોલાવી મગાવ્યો જ્યારે એ પ્રમાણે એક અઠવાડયું વહી ગયુ ત્યારે આંઠમે દિવસે સહવારે તે પાદશાહે નામું લખવા માટે મુનશીને બોલાવી મગાવ્યો. તેણે તેને તે નામાનો જવાબ લખવા અને નવેસરથી કીનાનુ ઝાડ રોપવા ફરમાવ્યુ. તે નામાની સરૂવાતમાં પેહેલાં તારીફો કરવામાં આવી અને પછી એક પછી એક દરૂસ્ત જવાબો લખાવા માડયા કે, "મે તે નામું તમામ વાચ્યું છે અને તેમાં લખેલુ લખાણ મે સમજ્યુ છે તેં રૂઇન પાસે એક પછી એક જે કાંઈ કેહેવાડયુ હતુ તે તારો પેગામ પણ તેણે હમુને પુગાડયો છે. તોપણ તારા એ કામ માટે અને તારી મીઠી મીઠી વાતો માટે હમોને અજાયબી ઉપજે છે. એ તારી વાત સાથે તારૂ દિલ કાંઇ મલતું થતું હોય અને તારૂં રવાન અકકલનો ખજાનો ધરાવતું હોય એમ લાગતું નથી. તું દરેક કામમાં મીઠાશનો ઉપયોગ કરે છે અને તેમ કરીને એવી સઘલી

વાતોને સગાર આપે છે. તેથી જે કોઈ પરઠમ અક્કલ ધરાવતો નહી હોય તે તો તારે વિષે મેહેરબાનીજ ભરેલા વિચાર કરે. પણ તું તો પેલી વેરાન જમીન જેવો છે કે જેના ઉપર જ્યારે સુરજ તપે છે ત્યારે દૂરથી તે ઉપર પાણી હોય એમ લાગે છે તું તો ગુરજ, ભાલા અને કમંદ વાપડવાને વખતે ફરેબ અને કાવત્રાંના પુટલાં જેવો છે મને તો તારી સાથે લડવા અને કીનો ધરાવવા સિવાય બીજુ કાંઈ કરવાનું નથી કારણકે આ કાંઇ જવાબ આપવાનો અને વાતચિત કરવાનો વખત નથી હાલે આસમાન કેમ ફરે છે તે તું જો. એ કાંઇ ફરેબ આપવાનો, કોલકરાર કરવાનો અને દયા દેખાડવાનો વખત નથી. પરવરદેગાર જેને જોર બક્ષવાનો હશે તેને તે ફતેહમદ બનાવશે અને સુરજ જેવું નસીબ બક્ષશે તોપણ તારાં એ કેહેણોનો જવાબ સમજ અને તેમ કરીને અક્કલને તારો સાથી અને નસીબને તારો સરદાર બનાવ પેહેલું તુ એમ કહે છે કે 'હુ તો દયાને લિધે તથા પરવરદેગારથી અને તેના રસ્તાખેજ કરવાના વખતથી (ડરીને) મારી ઉપર લડાઈ કરવાનુ આલ આવે એમ હુ ઇચ્છતો નથી કારણ કે એવાં કામથી મારૂ દિલ ગમગીન અને તગ બને છે' પણ જે વખતે તારા હોટમાંથી એ વાત બાહાર પડે છે તે વખતે તારૂ દિલ તારી એ વાત સાથે મલતુ થતું લાગતુ નથી. જો તારાં દિલમાં કાંઇ ઇનશાફ જેવું હતે તો લોહી રેડવાની સરૂવાત તારાથીજ થતે નહી કારણ કે પેહેલો તુજ લડાઇની સરૂવાત કરતો આવ્યો હતો અને પેહેલા તેજ એ કીનો લેવાને હાથ લંબાવ્યા હતા પાકીજેહ મગજનાં ઈરાની બુજોર્ગો જેવા કે ગેવ તેમજ બીજા હુશીયાર બુજોર્ગો તથા બાહુર પેહેલવાનો પેહેલેથીજ તારી આગળ શિખામણો આપતા, નસીહત કરતા અને મીઠા સખુનો બોલતા આવ્યા હતા. પણ તમે લોકોએ તો એક મુલકમાથી બીજા મુલકમાં જડપથી લડવા જવાને માટે લશકર પણ તૈયાર કીધુ હતુ. એ તમામ લડાઇ કરવામાં તેજ સરૂવાત કીધી હતી અને તારાથીજ લશકર જડમૂળથી ઉખેડાઇ ગયલું બન્યું છે. જે અક્કલ તુને પાછલથી આવી તે પેહેલેથી આવી હતે તો આખરે તુને નચિતાઇ આવી મલતે પણ જ્યાં ખાસીયતજ બુરી હોય અને બુરી ખામીઓ હોય તો તે તુને અક્કલના માર્ગમાથી આડે માર્ગે દોરવે છે. જે સેલમ અને તુરે ઈરાન :જમીનમાં તમામ ગેરઇનશાફ અને કીનો પાંઠરી મુકયો હતો તેજ તોખમનો અને તેજ ખાશીયતનો તું પોતે પણ હોવાથી તે તોખમ તરફની તારી બુરી માયા તુને ઘટતી છે તાજ તખત માટે નેકબખ્ત ઇરજ ઉપર તુરે કેવો જુલમ ગુજાર્યો હતો તે તો તું જાણે છે આ જમીનને સેલમ અને તુરથીજ બુરાઇ પુગી છે અને સઘલે ઠેકાણે બેદાદી અને કીનો રોપાયો છે. ફરીદુન તો દુખને સબબે તેઓ ઉપર રાત અને

દિસ શ્રાપ વરસાવવાજ પોતાના બે હોટ ઉગાડતો હતો. નેકીનાં પોહોંચાડનારા દાદારની મદદથીજ તે (ફરીદુન)ના દિલમાં દયા હોવાથી તેની પરવરશી થતી હતી મીનોચેહેરે તે કીનો પાછો લિધો હતો અને તેણે બુજોર્ગીભર્યાં ખોરેહથી જેહાનને સીધે માર્ગે ચલાવી હતી. જોકે તુરે બુરૂં કીધું તો તેણે પણ પાછી બુરાઈજ જોઈ હતી, અને એવીજ બાબદમાં એક લાંબી મુદત વહી ગઇ હતી. તેજ (તુરની) ખરાબ ખાશીયત અફ્રાસીયાબમાં ઉતરી છે અને તેથીજ તે નામદારોની વચે કમઅકકલી ગણાય છે સરૂવાતથીજ તેણે મીનોચેહેર ઉપર નવા કીનાનો પાયો નાખ્યો હતો અને તેજ પ્રમાણે તેણે નોજર અને કએકોબાદ સાથે કીધું હતુ વળી તેણે કએકાઉસ સાથે પણ તેવીજ રીતે કીધુ હતું અને આબાદ ઇરાનમાં ધુલ ઉડતી કીધી હતી. ત્યાર પછી વળી ફરીથી તેણે સીયાવક્ષનુ ખુન કરીને એજ રીતે લાંબા વખતના કીનાનુ બી નવેસરથી રોપ્યુ. તે નિર્દોશનો જીવ બરબાદ થયો ત્યારે તો તુંને ઇનશાફની વાત યાદ આવી નહી? એ કીનો લેતાં ઇરાનના કેટલાબધા તાજ તખત ધરાવનારા બુજોર્ગો નાશ પામ્યાં વળી બીજુ તુ એમ કહે છે કે 'તુ બુઢા માથાનો થઇને એમ કેટલી વખત લોહી રેડવા માટે કમર બાધ્યા કરશે?' તો એ ફડફરેબ ભરેલી જેહાનના અનુભવી શખ્સ! તુ જાણ કે લડાઈના દરેક અનુભવી શખ્સને ચઢતી પડતી તો વેઠવી પડે છે પરવરદેગારે મને નામદારીભર્યાં નસીબ સાથે લાબી જીદગી એટલા માટે આપી છે કે હું કીના વખતે તુરાનના મુલકમા ધુલને સુરજ સુધી ઉડતી કરૂં. મને ધાસ્તી એટલા માટે લાગે છે કે હું હજી સુધી એ કીનો બજા લાવી શકયો નથી અને તારા મુલકો અને શેહેરોને ઉખેડી કાટયાં નથી તેટલામાં પરવરદેગાર રખેને મારો જીવ શરીરમાંથી ખુચવી લે ત્રીજુ તુ એમ કહે છે કે, 'હું તારા દિલમાં પાક પરવરદેગાર માટેની ધાસ્તી યા ફીકર જોતો નથી શું તુ જાણતો નથી કે એ પ્રમાણે વગર ફોકટનુ લોહી રેડાયાથી આખરે શરીર (દોજખમાં) ગીરફતાર થાય છે? વિગેરે.' જો તારી આવી મીઠી વાતોથી હુ હમણા તારી સાથે લડાઇ કરવાથી અટકુ તો જમાનાના એ રીતના ફરવાના માટે પરવરદેગાર પુછપરછ (ઈનશાફ) કરવાને વખતે મને એમ પુછશે કે, 'મેં તુને સરદારી, જોર, મરદાનગી, પૈસા અને ડાહાપણ બક્ષ્યું હતું તે છતાં તે સીયાવક્ષના કીનામાં ઇરાનીઓની હરોલમાં રેહેવાને કેમ કંમર બાંધી નહી?' વળી મારા સીતેર વાહાલા બેટાઓના ખુન થયાં તેને માટે તે ઇનશાફી પરવરદેગાર મને પુછશે તો હુ એ કીનો લેવાથી પાછો કેમ હટયો તે માટે જેહાનનાં પેદા કરનાર આગળ શું જવાબ દેવશ? ઓ બુઢા સપેહસાલાર! તું ચોઠી વાત સીયાવક્ષના કીનાની કરે છે, અને કહે

છે કે 'એકનું શરીર ખાકી બની ગયાથી તુને બીજા જીવતાઓના પવિત્ર જીવ છીનવી લેવા ઘટતા નથી વિગેરે' તેને માટે તું જાણ કે તે (સીયાવક્ષ)ના ઉપર ચલાવેલી ગેરવર્તણુંક અને તેના શરીર ઉપર ગુજારેલા હરતરેહના જુલમ કે જે તમોએ ઇરાન સાથે કીધા બરોબર છે તેનાથી તમોએ કેયાનીઓને કેટલા-બધા આજુરદે કીધા છે? તમોએ કેટલાબધા કોલકરાર તોડયા છે? અને કેટ-લોબધો કીનો લિધો છે? તમો હમેશાં બદી તરફજ દોડતા રહયા છો. જ્યારે એ સઘળુ મને યાદ આવે છે ત્યારે હુ સુલેહ તે કેવી રીતે કરૂં? કારણ કે તું ભલાઇને તો તમામ બુરાઈ ગણી લે છે પાંચમુ તું એમ કહે છે 'હુ તારી સાથે કોલકરાર કરૂં અને તેને માટેના જામીન તરીકે તુને તુરાની સરદારોને સોંપુ વળી હમો ખસરૂ માટે ખજાનો મોકલી આપીએ; અને (તેમ કરી) હમો હમારે માટે મુશકેલીનો માર્ગ બધ કરીએ વિગેરે.' ઓ તુરાની લશકરના રક્ષક! તું જાણુ કે હમોને હમારા પાદસાહનો એવો હોકમ નથી. તેણે તો મને લડવા અને લડાઇ કરવા તથા સીયાવક્ષના કીનામા લોહી રેડવાનો હોકમ આપ્યો છે જો ખસરૂનો એ હોકમ હુ બજા નહી લાઉ તો પરવરદેગાર આગળ મારૂ રવાન શરમીદુ બને. જો તુ એવી ઉમેદ રાખતો હોય કે ખસરૂ તારા એ કેહેન તરફ મેહેરબાનીની નજરે જોએ તો જે જામીનગીરી અને જે માલ તું ધરા-વતો હોય તેને તથા વફાદાર લોહાક અને રૂઇનને જડપથી (હમાગ) પાદશાહ આગળ મોકલી આપ તેઓને માટે ઇરાનનો માર્ગ ખુલ્લો છે. છઠું એ કે, તેં જે શેહેરોને માટે લખ્યુ છે કે 'હમે તમામ આબાદ મુલકો અને શેહેરો તમુને સોંપી દેઇશુ અને તમામ લશકરને પાછું હમારી આગળ તેડી લેઇશું વિગેરે.' પણ પરવરદેગારે તે માટે તો મને વગર હાજતનો કીધો છે જો તું તેથી વાકેફ નહી હોય તો હુ તારી આગળ તેનો ભરમ ખુલ્લો કરૂ છુ કે બાખ-તરથી તે ખજરના[1] મુલક સુધીના સઘલા મુલકો લોહોરાસ્બના હાથમા ગયા છે નીમરોજની પેલી બાજુના ભાગથી તે સિધ સુધીના મુલકો રૂમી રેસમી કપડાંના જેવા બન્યા છે બાધુર રૂસતમે તે સઘલા પોતાની તિક્ષણ તલવાર વડે તેઓ ઉપર રસ્તાખેજ વરસાવીને જીતી લિધા છે. રૂસતમે તે હીન્દુઓના ડોકાં (તેમના) કાલા વાવતા સાથે પાદશાહ આગળ મોકલી આપ્યા છે દેહેસ્તાન, ખારજમ અને બીજા મુલકો કે જ્યાં તુરકીઓએ બલવો કીધો હતો ત્યાં ચોમે-રથી હુમલો કરીને તેઓને તુરકીઓથી ખાલી કરીને ઉજડ બનાવ્યા છે. શીદે-હની ઉપર અશકશે બરફની માફક (તીરોનો) વરસાદ વરસાવીને તે સીદેહનુ મોત નજદિક લાવી મુકયુ હતું. તેણે વળી બંધીવાનો, તથા અસબાબ અને

---

૧ 'ખજર' એ ગીલાનના દરીઆને કીનારે આવેલા એક મુલકનું નામ છે.

બીજી કેટલીક ચિન્હો ખસરૂ આગળ મોકલી પણ આપી છે. આ તરફ તું અને હુ લડાઈમાં ઉતર્યા છીએ અને એ મધ્યબીંદુમાં આપણે પણ હારજીતની વચે છીએ તે થોડો વખત મારી તથા આ નામદારો અને સિંહ જેવા પેહેલવાનોની લડાઇ તો જોઇ છે જો તું મારી સામાસામો આવી જાય તો હુ તુને એ સઘલી ચકચાર કરવાથીજ છુટકારો આપી દેઉ અને પરવરદેગાર તરફથી મલેલાં જોરથી અને પાદશાહના હોકમથી હુ આ લડાઇના મેદાનને લોહીમા ગરકાવ બનાઉ. ઓ લશકરના નામદાર પેહેલવાન' તુ આ સુરજ અને ચદ્રની ગીરદેશ ઉપર નજર પોહોંચાડ, કારણ કે ફરતાં આસમાનનો ફાંસો હવે નજદિક આવી પુગ્યો છે અને તુરકીઓના નસીબનુ માથુ સુડીવચે આવી ગયુ છે તારી બુરી ખાશીયતની કરણીથી પરવરદેગાર તારાં માથા ઉપર શું લાવી નાખશે તેનો તુ વિચાર કરજે. જમાનાએ બુરાઇને લિધે પોતાની દામન અદર ખેચી લિધી છે અને બુરા કામનો બુરો બદલો મલે એમ જણાય છે તુ પુશકલ વિચાર કરજે અને કાનને ખુલ્લા રાખજે અને અકકલવાન શખ્સોના કેહેવા ઉપર ધ્યાન આપજે તુ જાણ કે નામદારોનું આટલુબધુ લશકર જે તલવાર વાપડનારા એક લાખ સ્વારોનુ છે તે સઘલુ નામદારી મેલવનારૂ અને કીનો લેનારૂ લશકર તારાં કાવત્રાથી આ મેદાનમાથી પાછુ ફરવાનું નથી. હવે સાતમી વાત કેહેવાનો વખત આવ્યો છે તેં સોગંદ ઉપર વફાદારી દેખાડવાની સરૂવાત કીધી છે, પણ તે કોલકરારને માટે મને હવે તારી સાથે કાંઈ બોલવું નથી કારણ કે તારૂ રવાન અકકલની ખરીદી કરનાર નથી તે જે કોઈની સાથે કોલકરાર કીધા છે તેમા તે વફાદારીને આખરે રદતી કીધી છે. સીયાવક્ષ પણ તારા (એવાજ) સોગદથી બરબાદ થયો હતો, માટે કોઈપણ શખ્સ હવે તારા કેહેવા ઉપર નચિત બની શકે નહી સખ્તી વેઠવાને વખતે તે સીયાવક્ષે તુને કેટલો બધો યાદ કીધો તોપણ દુખ વખતે તેનો કોઇ મદદગાર થયો નહી. આંઠમુ તું કહે છે કે 'હું તારા કરતાં તાજ, તખત, મરદાનગી અને નસીબ વધારે ધરાઉ છું, તેમજ વલી મારી પાસે માણસો અને ખજાનો પણ પુશકલ છે, તોપણ મારૂં દિલ (તેમ કરવાને) મોહોબતને લિધે દુખાય છે ઈત્યાદી.' પણ મને તો એવો શક છે કે હાલ સુધી તેં મારી સાથે વગર શકે લડાઈ અજમાવી જોઈ હતી, પણ હવે તુ જાણે છે કે હું તો સરૂવાતથી તે આખેર સુધી સામે આવી ઉભો છું ત્યારે તુંને કીનાની વખતે કઢંગી રીતે મેહેરબાની દેખાડવી સુજી છે. તોએ હું પણ ખજાનો, તાજ, તખત અને હુનર ધરાવવામાં તારાં કરતાં તમામ રીતે ચઢતો બનશ. સેવટે તું કહે છે કે 'કેટલાક મરદાનેમરદોને તું લડાઇ માટે ચુંટી કાઢ. અને હું પણ તેજ માફક તુરકી લશકરમાંથી

ન્મારો અને બાહુરોને લેઈ આવું કે જેથી એવી રીતની દયા દેખાડવાથી આ મારા લશકર ઉપર ગેરઈનિશાફ અને કીનો પકડાયલો રહે એમ હુ ઇચ્છતો નથી વિગેરે' પણ હવે જ્યારે તુ તારાં દિલનો ભરમ અને તારા વિચાર સમજે છે ત્યારે તુ મેહેરબાની સાથે આગળ પગલુ ભરે છે જો હુ લશકરને એકબી-જાથી છુટું પાડું તો જેહાનનો પાદશાહ મારી ઉપર ગુસ્સે થશે. મારી સામે ગુનાહભર્યું એક લશકર હોય કે જેઓને લિધે (ઇરાની) રૈયતનુ દિલ દુખી થયું હોય છતાં હું એ બાબદમાં તેઓની તરફ ધલી જાઉ તો મારો પાદશાહ મારી સાથે એક મલનો થાય નહી. માટે મારે તો પેહેલાં તારા પાહાડ જેવાં ભેગા થયલાં સામતાં લશકરને મારા તમામ લશકર પાસે જખમ મરાવવા ઘટે છે. માટે જો તારે ફતેહજ મેલવવી હોય તો બધે લશકરની વચ્ચે તારે બે હાગજ બનવા દેવી ઘટે છે. નહી તો કે નામદાર મરદોથીજ આપણે તેમણે લાવીને તે બદલ લડાઈ કરાવી હતે. આ માગ કેહેનથી જો તારૂ દિલ તુટી જતુ હોય તોપણ હુ તો મારા એ કેહેનથી તુટેલાં દિલનો બનતો નથી જો તુ તારા તમામ લશકર સાથે મારી સામે આ મેદાનમાં ઉભુ રેહેવાનુ પસંદ કરતો નહી હોય તો તુ તારા સરદાર (અફ્રાસીઆબ) ની પાસે મદદ તરીકે બીજું લશકર મગાવ અને જડપથી તારાં કામને સભાળી લે. તારાં લશકરમાં જે તારા બેસીઓ, સગાઓ અને લાગતા વલગતાઓમાંથી ધાહેલ થયલા હોય તેઓને તુ છુટા પાડ અને તેઓ જ્યાં સુધી વૈદને હાથે સાજા થાય ત્યા સુધી! થોભ. જો તુ મારી પાસેથી તે માટે વખત અને ઢીલ કરવાનું માગી લેવા માંગતો હોય યાતો લડાઈની તૈયારી કરી લડાઇ કરવા માગતો હોય તો તે માટે હવે મુદત માગી લેવી એ તારૂં કાંમ છે પણ તે એવી સરતે કે લડાઇ વખતે તુ હમારી સાથે કાંઇ બાહાનુ કાઢે નહી યા તો હમારી સાથે એકાએક લડવાને આવે નહીં અથવા તો ભરાઇ બેસીને તુ હમારી ઉપર બેધડક હુમલો કરે નહી જો હવે તે પ્રમાણે બનસે તો પછી હુ સો વર્ષ વહી જશે ત્યાં સુધી એ કીનો લેયાજ કરશ એ કીનો લેવાથી પાછુ હટવાની મારી ઇચ્છા નથી મારી આખોમા તો રાત અને દિસ એક સરખાજ છે"

જ્યારે એ નાંમાનો જવાબ લખવો પુરો થયો ત્યારે તે પરી જેવો કાસદ (રૂઇન) કંમરે કમરબંધ બાંધી જડપ ચાલના ઘોડા ઉપર બેસી તથા તેની આસપાસ કેટલાક સ્વારોને રાખીને ત્યાં આવી લાગ્યો. પેહેલવાન રૂઇન ઘોડા ઉપરથી નિચે ઉતર્યા પછી તે સઘલા પેહેલવાનોને સરદાર (ગોદરેજ) આગળ હાજર કરવામાં આવ્યા. ત્યાં તે સપેહસાલારના હોકમથી મોબેદો તથા લશકરના તમામ અક્કલમદ નામદારો પણ અક્કલ સાથે અને રોશન રવાન સાથે તે પેહે-

લવાન આગલ જડપથી આવ્યા. પછી પેહેલવાન ગોદરેજે તે પેહેલવાન આગળ નામાનો જવાબ વાંચવા ફરમાવ્યું. જ્યારે બુજોર્ગોએ તે મુબારક મુનશીને મોઢેથી તે નામામાંનું લખાણ વંચાતું સમજ્યું ત્યારે તેઓએ પીરાનની હુશીયારી અને અક્કલને હલકી ગણી લિધી અને તેની સઘલી શિખામણોને તગ બનેલી દિઠી તેઓએ ગોદરેજની તારીફ કીધી અને તેને જમીનના પેહેલવાન તરીકે ગણ્યો પછી તે નામાંને મોહર કરી વીસેના ખાનદાનના પીરાનના બેટા રૂઇનને સોંફવામાં આવ્યું જ્યારે તેઓ ગોદરેજ આગળથી જવાને ઉઠયા ત્યારે તેણે સુનેરી લગામવાલા અરબી ઘોડાઓનો તથા તાજો, તલવારો અને સુનેરી મ્યાનોનો એક ખેલાત તૈયાર કરવા ફરમાવ્યું વળી તેણે તેના સાથીઓને પણ સુનું રૂપુ બક્ષ્યું તથા જેઓ કોલાહ અને કમરબધને લાયકના જણાયા તેઓને તેની બક્ષેશ કીધી. પછી રૂઇન અને તે દસ સીપાઇઓ ત્યાંથી ગયા અને પોતાના લશકર તરફ જવાનો માર્ગ લિધો. રૂઇન પીરાન આગળ આવી લાગતાંજ જેમ ઘટતું હતું તેમ બાપ આગળ આવી પોતાના માથાંને તખત આગળ નમાવ્યું અને જેહાનના અનુભવી પીરાને તેને બગલગીરી કીધી પછી તે પાદશાહના સપેહસાલાર તરફનું તે નામું તેને આપતાંજ તેણે ત્યાં જે જે જોયુ હતું તે તેને કહયું. ત્યાર બાદ મુનશીએ તે નામું તેની આગળ વાંચી સમજાવ્યું જેથી તે પેહેલવાનનો ચેહેરો એકાએક દામર જેવો કાલો બન્યો. તેનું દિલ દુખ ભર્યું અને જીવ ધાસ્તીભર્યો બન્યો તથા તેનું નસીબ તંગ બન્યું છે એમ તે પાંમી ગયો. આથી તેણે ધીરજ અને ચુપકીદી ધારન કીધી અને એ ખબર લશકરને જાણવા દિધી નહી. ત્યાર બાદ તેણે લશકરને કહયું કે "ગોદરેજનું દિલ રાહ ઉપર આવ્યું નથી. તેના સીતેર નામીચા બેટાઓના ખુન રેડાયાથી તેનું દિલ કીનો લેવાથી એક પળ પણ આરામ પકડતું નથી. જ્યારે તે વહી ગયલી બાબદને માટે નવેસરથી કીનાનો પાયો રોપે છે તો હું પણ કીનાથી માથું ફેરવવાને બદલે મારા ભાઇઓનાં કીનામાં કાંય નહી કંમર બાંધું? તે એવું ખુન થયું છે કે જે નવસો નામદારોનાં ડોકાં શરીરથી જુદાં થયા બરોબર છે. કારણ કે હોમાનના જેવો કંમર બાંધનારો કોઇપણ શખ્સ તુરાનના મુલકમાં હતો નહી. વળી નસ્તીહન કે જે એક એવું છાંયડો આપનારૂં સરોવરનું ઝાડ હતું તે પણ બાગમાંથી ગુમ થયું છે. માટે આપણને પણ હવે તેને માટે કંમર બાંધવી ઘટે છે હું પણ ઇરાનના શેહેરોને રેહેવા દેવશ નહી, પણ પરવરદેગારના બક્ષેશાં જોરથી અને તિક્ષણ તલવારથી તે અંજુમન વચે રસ્તાખેજ કરશ." પછી જેટલા લડાઇને લાયકના ઘોડાઓના ટોલાં હતાં તેઓને જડપથી છાવણીમાં લાવવામાં આવ્યા અને તમામ પાયદલ લશકરને એકવગું સ્વાર લશ-

ફર બનાવી દિધું. તેથી એકએકો સ્વાર બબે ઘોડા ધરાવતો બન્યો. ત્યાર બાદ તેણે પોતાના જુના વખતના ખજાનાના બારણા ખોલીને તેઓને પૈસા આપવા ઉપર દિલ રોકયુ.

પીરાને અફરાસીયાબ ઉપર પેગામ મોકલીને તેની પાસે મદદ માંગી તે વિષે.

જયારે તે એ સઘળું કરી રહયો ત્યારે તેણે રાતના ઉધાવાને વખતે એક કાસદ કે જે હુશીયારીવાળો, બુઢ્ઢા માણુસ જેવી અક્કલ ધરાવનારો, બોલકનો બાધુર, સ્વાર જેવો અને હીમતવાન હતો તેને અફરાસીયાબ આગળ મોકલી આપ્યો. પીરાને તેને કહયુ કે "તું અત્રેથી જઇ તુરાન જમીનના પાદશાહને કેહે કે, 'ઓ તાજના શોધનારા ઇનશારી પાદશાહ! જ્યારથી ઉચુ આસમાન કાલી ધુલ (દુન્યા) ઉપરથી ફરવા માંડયું છે ત્યારથી તારા જેવો કોઇપણ પાદશાહ તખત ઉપર બેઠો નથી; અને કોઇપણ શખ્સ પાદશાહનું નામ રાખવાને લાયક નિવડયો નથી તારા સિવાય બીજુ કોઇ તખતને લાયકનુ તથા કોલાહ પેહેરવાને તથા કંમર બાંધવાને લાયકનુ નસીબવાન થયુ નથી. જે કોઇ લડાઈ વખતે તારી સામે થાય તેના ઉપર પરવરદેગાર ધુલ ઉડતી કરજો હું તારો એક ગુનેહગાર બંદો છું અને તારા ચાલાકી ભરેલા હોકમ મુજબ ચાલી મેં મારાં માથાને ઉંચુ કીધુ નથી. મારે લિધે તું પાદશાહને કએખસરૂથી નુકસાન પુગ્યું છે. અને તેમ કરવા છતાં હું તેમાં મારો કસુર જોતો નથી કારણુકે એ સઘલું પરવરદેગારથી બન્યુ હતું અને બનવાકાળ બન્યું હતું. તેથી તે માટે વધુ બોલવામાં ફાયદો નથી. હવે મારે માટે જો તુ પાદશાહને ઠીક લાગે તો તું મારી ગરદન છોડવજે અને મારો ગુનાહ માફ કરજે ફરતાં આસમાને તારા નોકર આગળ શું શુ કીધું છે તે બાબેની હું (હવે) તું પાદશાહને ખબર પોંહોચાડું છું. મેં લશકરને કનાબાદના પાહાડ તરફ લેઇ જઇને ઇરાનીઓનો માર્ગ બંધ કરી લિધો હતો. સામી બાજુથી પણ ગોદરેજ અને બીજા સરદારોની સરદારી હેઠલ એક ભારી લશકર આવી લાગ્યું હતું. આના જેવું મોટુ લશકર મીનોચેહેર પાદશાહના વખતમાં પણ ઇરાનથી તુરાનમાં આવ્યું હતું નહી. તેઓએ રીયુબદના મેદાનમાં પોતાનું મઠક કીધું અને લશકરને તે પાહાડમાં સમાવ્યુ. ત્રણ દાહડા અને રાત સુધી લશકરોને વાઘની માફક સામેસામા મોઢાં કરીને તંગ ઉભુ રહેવું પડયું. પછી હમેજ તે લશકરને મેદાનમાં લાવવાને કીના । મેદાનમાં છેડતી સોધી. પણ તેથી ઇરાની સપેહસાલારને કાંઈ ગભરાત લાગ્યો નહી અને તે લશકરને પાહાડમાંથી બાહાર મેદાનમાં પણ

આવ્યો નહી. તેનું લશકર તે બાહાર આવ્યું નહી પણ (સાપો) આપણો પેહેલવાન ઉંધે મસ્તક પડયો. આ શું લશકર તરફથી કીનો લેવાને માટે જેહાનજીત ભાઈ હોમાન કીનો લેવાને ઉશ રાતો. નથી તે છેડતી સોધવાને ઇરાની લશકર તરફ ગયો અને ત્યાં તે સિંહ જેવા શખ્સનું શું થયું તે હું જાણતો નથી. ગેવનો બેટો (બેજન) તેના ઉપર કીનો લેવા આવ્યો અને તે બાહાદુર પેહેલવાને હોમાન સાથે લડાઇ કીધી. જ્યારથી તે બેજનના હથે માર્યો ગયો છે ત્યારથી મારૂં મગજ તેના ગમમાં પડયુ છે. કારણ કે એમ કદીપણ કોણ જાણતુ હતું કે તે ઘાસના તનખલાં જેવાને હાથે બાગમાના ઉંચા સરોવરના ઝાડ જેવાને નુકસાન પુગશે. આથી નામદારોના દિલ તુટી ગયાં છે અને દુખને લિધે તમામ ખુશાલી પડી ભાગી છે. બીજું એકે નામદાર નસતીહન જે દસ હજાર અનુભવી સ્વારો સાથે બામદાદ અગાઉ (લડવા માટે) સારી શેહેર આગળથી ગયો હતો તેનું પણ બેજનના ગુરજથી મોત નિપજ્યુ હતું. પછી હું પણ દુખી દિલે લશકરને બાહાર કાઢીને લડાઇના મેદાન તરફ પોકાર કરતો ગયો અને જ્યાં સુધી પાહાડ પછવાડેથી રાત આવી પોહોંચી ત્યાં સુધી એકમેકના લશકરે ત્યાં લડાઈ કીધી. જ્યારે તું પાદશાહના નવસો નામદારોનાં ડોકાં તેઓના શરીર ઉપરથી કપાઇ ગયાં અને લશકરના પેહેલવાનોનો મોટો ભાગ તલવારથી ઘાહેલ થઇ દુખી થઈ પડયો ત્યારે ઇરાનીઓ હમારી ઉપર ગાલેબ બન્યા. તેઓએ તો જાણે કીના માટેજ કમર બાંધેલી હોવાથી મને ફીકર છે કે હવે ફરતું આસમાન આપણી ઉપરથી પોતાની ચાહયા તોડી નાખવા માંગે છે. વળી ત્યાર પછી મેં એક બુરી ખબર મેલવી છે અને તેથી પણ મારૂં મગજ ગાભરૂ પડયુ છે. કારણ કે કએખસરૂ પોતાના લશકર સાથે તે સપેહસાલારની મદદે આ લડાઈના મેદાનમા આવનાર છે. જો એમ બને કે ખસરૂ હમારી તરફ આવવાને નિકળે અને એ વાત ખરીજ હોય તો તુ પાદશાહ તો જાણે છે કે હુ તેની સામે કીનો લેવાને મારા લશકર સાથે જઇ શકીશ નહી. પણ એ લડાઇ માટે તો તુ પાદશાહનેજ કીનો લેનારાં લશકર સાથે ઇરાન તરફ આવવા ચેહેરો ફેરવવો પડશે ત્યારેજ એ સઘની બુરાઇ તુરાનીઓ વાળી આપી શકશે અને કીના માટે તેઓ કમર બાંધી શકશે કારણ કે જો ઇરાની લશકરથી હમારા જીવને નુકસાન પુગશે તો પછી કોઇપણ કીનો લેવા ચાહાશે નહી." પછી તે કાસદ જે કાંઇ બોલી ગયો તે પીરાને સમજ્યું અને ત્યાર બાદ તે ત્યાંથી જડપથી ફુકતા પવન માફક નિકળી ગયો. તે એક જડપ ચાલનો ઘોડો કે જે આતશની માફક તેજી ધરાવનારૂં જાનવર હતુ તે ઉપર બેસીને દમ લિધા વગર તથા ઉલાયા કે આરામ લિધા વગર અફરાસીયાબ આગળ પવનવેગે જઇ પુગ્યો.

પાદશાહ આગળ આવી લાગતાંજ તેણે તેના તખતને બોસો લેઇ તેને પીરાનનો પેગામ પોંહોચાડયો. જ્યારે તેણે દુખ સાથે પીરાનનું કેહેન સમજ્યું ત્યારે તેનું દીલ દુખી અને ચેહેરો ફીકકો બન્યો. માર્યા ગયલાઓને માટે તેનું દીલ ચિરાઇ ગયું અને દુખી બન્યુ. વળી તે દુખી એટલા માટે હતો કે તેનું લશકર દુશમનોથી નાશભાગ કરતું હતું. અને તેનો તમામ મુલક વેરાન બનતો હતો. તે ચો બાજુએથી લડાઈમાં ઘેરાઇ ગયલો હોવાથી તેના ઉપર દુખથી જેહાન તંગ બનવા લાગી. તોપણ જ્યારે તેણે પીરાનનું આવું કેહેન સમજ્યું અને લશકરને તેની જગ્યાએજ જોયું, ત્યારે તેણે તેની તારીફ કરીને ખુશાલીથી પોતાના દિલમાની રોશણી (આશાના કીરણ)નો વધારો કીધો પછી તેણે તે કાસદને પોતાની આગળ બોલાવ્યો અને તે રાત તેની સાથે વિચાર કરવામાં ગુજારી બામદાદ થતાંજ તેણે પોતાના માથાં ઉપર તાજ પેહેર્યું અને તે કાસદને સામન લાઢવાનો અને મુબારક વિચારના પેહેલવાન આગળ પાછુ જવાનો હોકમ કીધો.

અફરાસીયાબે પીરાનના પેગામનો જવાબ મોકલ્યો તે વિષે.

તેણે (તેના નામાનો) એવો જવાબ આપ્યો કે, "તું પીરાનને કેહેજે કે, 'ઓ નામદારી ભરેલા અને સાચા પેહેલવાન! જ્યારથી તારી પવિત્ર માતાએ તુંને જનમ આપ્યો છે ત્યારથી તું દરેક અન્જુમન વચે નામદારી ભોગવનારો છે ૧ મારી આગળ તુ વધારે માન પાંમે છે અને દબદબાવાલા પેહેલવાનોમાં તુજ સૌથી ચઢતો છે. તુ મારી આગળ હમેશાં એક ઢાલ જેવો છે. તેં તારા પોતાના જીવને મારી ઢાલ બનાવી છે અને તે મારી ઉપર તારાં શરીરને ફીદા કીધું છે. ૨ એ પ્રમાણે તારી પાસે દોલત હોવા છતાં તું મારે માટે દરેક કામમાં તારે સારૂં આવુ દુખ હોરી લેઇને ચીનથી ઇરાન તરફ લશકર લેઇ જાય છે અને દુશમનોના દિલ અને નસીબને કાલાં બનાવે છે. તેથી તું એક સરદાર તેમજ જમીનનો પેહેલવાન ગણાય. તારા જાનની ઉપર હજારો આફ્રીન હોજો. તુર અને પશંગને માટેની તુંજ દાઝ ધરાવે છે. તારા જેવો બીજો પેહેલવાન આસમાને પેદા કીધો નથી. તારા જેવા કોઇ બીજા સપેહસાલારને લશકર પણ જોઇ શકશે નહી. પેહેલું તું કહે છે કે 'અંનજુમનની વચે હું

---

૧ એ બેતનો તરજુમો લખેલી નકલ મુજબ કીધો છે.

૨ એ બેત લખેલી નકલમાં વધારે છે.

પોતાનેજ ગુનેહગાર સમજુ છું, કે કએખસરૂ તુરાનમાંથી ઇરાનમાં જઇને હવે આપણી ઉપરજ કીનો લે છે.' તું જાણ કે હું એક પાદશાહ હોવા છતાં તે માટે દુખી થતો નથી અને મારાં દિલમાં એ બાએનો કદી પણ વિચાર કરતો નથી તેથી તારે પણ એ માટે દુખી થવું અને ગમને લીધે દિલને શરમભર્યું બનાવવું ઘટતું નથી. જે કાંઇ બનવ કાલ હોય છે તેજ પરવરદેગારથી બને છે અને તેને કોઇથી શિખામણ દેઇ શકાતી નથી. કએખસરૂ કાંઇ મારીથી રોશણી મેલવતો નથી અને તેથી તારે તે જુઠો નિવડેલાને મારો નબીરો કેહેવો ઘટતો નથી. હું પણ જેહાનમાં તેનો મમાવો ગણાવા માંગતો નથી. તેમજ વળી એવી સગઇથી હુ કાંઇ લાભ પણ મેલવવા માગતો નથી તેના એ કામ માટે બીજુ કોઈ ગુનેહગાર નથી અને મારે પણ તે માટે પરવરદેગાર સાથે કજીયો કરવો નથી. તેની ઇચ્છા મુજબ એ કામ બનાવવાતુ હતું તે બન્યું છે ત્યારે તારાથી મારા દિલને શું દુખ પુગેલું ગણાય ? બીજુ એ કે તું લશકરના કામ માટે તથા આસમાનના તથા સુરજ અને ચંદ્રના ફરવા માટે જે કહે છે તે માટે જાણવુ એ કે, ઉચું આસમાન કાંઇ એકજ સરખું ફરતું નથી ઘડીકમાં તે ખુશાલ રાખે છે તો ઘડીકમા તે ગરજાઉ બનાવી દે છે. તુ પણ એ કામ માટે તારા દિલને દુખી ના કર અને તારાં રવાનને એવાં બધથી બાંધેલું ના રાખ. જયારે લડાઇ વિષેનું એવુંજ કામ લખાયલુ છે ત્યારેજ જેમ બનવુ જોઇએ તેમ દરેક ઠેકાણેથી બને છે. તે સુરજ સુધી પુગેલાને નિચે ખેચે છે, નહી તો કે માથાને સુરજ સુધી પુગાડી દે છે. કપાઇ ગયલાંની વાત કરવી એ સ્વપના જેવી છે માટે તું તારા ભઇનો કીનો લેવાને ભુલતો ના. જે દિલ ભાઇના દુખથી ઘાહેલ થયલું હોય તો તે ઉપર વૈદની દવા કર્યાથી ફાયદો થતો નથી. ત્રીજુ તુ એ કહે છે કે 'ખસરૂ લડવા માટે પાયતખતમાંથી લશકર સાથે આવે છે' પણ કએખસરૂની પોતાની પાદશાહીમાંથી આવવાની એ ખબર તુને મલી છે તેથી કાંઈ ઉલટી હશે કદાચને સપેહસાલાર તુસ પોતાના લશકર સાથે માર્ગમાંથી દહેશતાન તરફ આવતો હશે. તે (ખસરૂ) લડાઇમાં પેહેલી સરૂવાત કરે એવો દિવસ કદી પણ કોઈ જોતું ના. હું પોતે પણ અત્રેથી સહવારના કુચ કરનાર છું અને લશકરને જીહુન નદીની પેલી બાજુએ હાંકી લાવનાર છું. હું ત્યારે ગોદરેજને કે ખસરૂને કે તુસને તથા તખત, તાજ, લશકર કે ઢાલને પણ રેહેવા દેવશ નહી. હુ ઇરાન તરફ એવાં એક લશકરને કુચ કરાવશ કે ત્યાર પછી કોઈ-પણ પાદશાહી તખતને જોશે નહી. હું સરૂવાટથીજ કએખસરૂ માટે કાંઇ મુલક રેહેવા દેવશ નહી અને આખરે તેના (ઉચાઇએ પુગેલા) માથાંને હેઠું પાડશ. હું તેના માથાંને ખંજરથી એવુ કાપશ કે તેને માટે તેની માય પણ જારજાર

રડશે. પણ ફરતા જમાનાથી બીજી રીતનુ કામ આસમાન ઉપરથી ઉતરશે તો નાચાર છુ ઓ જેહાનના અનુભવી નામદાર ' યજદાંએ તુંને જરા પણ ચિજ માટે મોહતાજ રાખ્યો નથી શું માણસો કે ખજાનો કે હાથનુ જોર વિગેરે સઘલી ચિજો તુ માંગશે તે તારા હાથમાજ છે હુ હમણા તારી આગળ ત્રીસ હજાર બાહુરો, અક્કલમદો, પેહેલવાનો અને સ્વારોનુ એક નામીચું લશકર પણ મોકલી આપુ છું કે જે તારાં ગમગીન થયલા દિલને પ્રકાશતું બનાવશે. અગરજો દસ ઇરાનીઓ અને આપણાંમાંનો એકજ (સામો) હશે તોપણ તે દસ તે એકની નજરમા એક હોય તેમ ગણાશે. જેવા તેઓ તારી આગળ આવી પુગે તેવોજ તું એક દિવસ પણ થોભ્યા વગર ગોદરેજના માથા અને તાજને તેની જગ્યાએથી તોડી કાઢજે વળી તે જે પાહાડને પોતાનો કીલ્લો કરી બેઠો હોય તેને તું તારા જ ગી ઘોડાઓ વડે ભોંય સાથ કરજે અને જ્યારે તુ લડાઇમાં ફતેહમદ નિવડે ત્યારે તુ તેઓનું લોહી રેડવાથી હાથને ખાંચતો ના ”

તે કાસદ પાદશાહનો એ પેગામ સમજીને તે લશકરના પેહેલવાન તરફ જવા નિકળ્યો અને તેની આગળ બાગની માફક (ખીલેલો) આવી લાગીને ચંમપેલીની ડાંખલી પવનથી વાંકી વલે તેમ તેને નમન કીધું અને તેણે પીરા-નને તથા પાદશાહના લડાયક નામદારોને તે પાદશાહનો પેગામ પુગાડયો. પીરાને તે પેગામ સમજતાંજ લશકરને બોલાવ્યુ અને ત્યા ફરીથા તે કાસદે એ વાત પેહેલેથી કહી સમજાવી અને તે સઘલી વાત સમજવા ઉપર લશકરે ધ્યાન આપ્યુ અને તેઓના દિલ ગમથી છુટા થયા. તોપણ તે (પીરાન)નું રવાન તો અ દરખાનેથી દુખભર્યું, તથા તેનુ દિલ લોહીથી ઉકળતુ અને નસીબ ધુલથી ભરેલુ રહયુ કારણ કે તેણે તો પાદશાહના લશકરને ચોબાજુએથી આછુંજ થતું જોયુ વળી તેનુ દિલ ઇરાનના પાદશાહ માટે પણ તગ બન્યું અને તે એકાએક લડાઈ કરવા આવી લાગશે એવી ફીકર કરતો રહયો આથી તે યજદાંનને એ પ્રમાણે અરજ કરવા લાગ્યો કે, “ ઓ પરવરદેગાર ! આ જમાનામાં તારી કેટલીબધી અજાયબી હું જોઉછું. જેને તુ ઉચે ચઢાવે છે તે નિચે પડતો નથી. તારા સિવાય બીજો કોઇ જેહાનનો માલેક નથી અને કોઈ કાયમ રેહેનારો નથી. ખસરૂનોજ દાખલો જોતા હાલના વખત સુધી એમ કોણુ જાણતું હતું કે તે એક પાદશાહ બનશે ફરતાં આસમાનના આ કામ તરફ નેગાહ કર. તે એટલાજ માટે કે આસમાને મારી પોતાની સાથે જુદાઇ કીધી છે. સુકા કાંતાઓ વચેથી તેજ તાજો ગોલાબ ઉગાડે છે અને ભાગ્યસાલી-ઓને નસીબે ધુલ પણ કસતુરી બની જાય છે. તું એટલાં માટે અજબ થા કે (મારા જેવો) મોટી પડવીનો શખ્સ પોતાના દિલને હમેશાં દુખભર્યું રાખે છે.

હું જાણતો નથી કે મમાવા અને નબીરા એ બે પાદશાહો વચે આવી લડાઈ શા માટે થવી જોઇએ તે બધે પાદશાહો અને બધે મુલકો એવા લડાયક બન્યા છે કે બધે લશકર (લડવાને) સામે સામા ચેહેરા કરી ઉભા રહે છે હું જાણતો નથી કે, હવે એ લડાઇનું સેવટ શુ આવશે? અને ફરતો જમાનો કોણને ઉપર ખેંચશે!" પછી તેણે યજદાંન આગળ જારજાર રડતા ફર્યાદ કીધી કે, "ઓ બક્ષેશ કરનારા રોશન પરવરદેગાર! અગરજો અફરાસીયાબ પોતાના તુરાની લશકરના નામદારે સાથે કીનાના મેદાનમા લડાઈ કરી મારેજ જવા અને હમારાં નસીબને ઉધાં વાળવા માંગતો હોય તો જેવો ખસરૂ ઇરાનથી કીનો લેવા આવે અને તેના હાથમાં આ તમામ જમીન જાય તેવોજ હુ મારા બખતરમાં ઘાહેલ થઇને પડુ અને તુ પરવરદેગાર મારાં શરીરમાંથી રવાનને ઉડાવી લીએ એજ વાજબી ગણાએ મારી રાહારીતીને કોઇ અટકાવે એવુ તું કદી પણ મારી આંખોને દેખાડતો ના જે શખ્સની ખાહેશ પ્રમાણે વખતનુ ફરવું નહી હોય તો તેની આગળ મોત અને જીંદગી એક સરખુ જ છે

ઇરાની અને તુરાની લશકર વચે ભેગી લડાઇ થઈ તે વિષે.

જ્યારે સુરજે પીલું રેશમી કપડુ (તડકું) પાંઠર્યું ત્યારે લડાઇનુ મેદાન દરીઆ માફક જોશમાં આવ્યુ બધે બાજુના લશકરમાંથી પોકારો ઉઠયા અને જમીન ઘોડાઓની નાલથી જોશમાં આવી. ટોલાબધ લશકર ચોબાજુએથી આવવા લાગ્યુ અને તમામ મેદાન અને પાહાડ બખતરોથી ઢંકાઇ ગયા. બધે તરફના વાઘ જેવા સપેહસાલારોએ લશકરને લડાઇમાં ઉતારવા માટે એકઠું કીધું. તે સીપાઇઓના (બનેલાં) વાદલમાંથી તે મેદાનમાં વરસાદ માફક તીરનો વરસાદ પડવા લાગ્યો જે પ્રમાણે બેહેમન મહીનાની રાતે[૧] કાલાં વાદલમાંથી વરસાદ વરસે તે પ્રમાણે ત્યાં તીરો અને તલવારોનો વરસાદ પડતો હતો. ઘોડાઓની નાળને લિધે જમીન લોઢાં જેવી બની અને લોહીથી પેહેલવાનોના હાથ લાલ બન્યા પુશકલ માર્યા ગયલાઓથી તથા કપાઈ ગયલાઓના ડોકાં રસ્તા વચે પડેલાં હોવાથી તે મેદાનમાં ફરી વળવાની અને ઘોડાઓના પગલાંઓને ત્યાંથી પસાર થવાની જગ્યા પણ રહી નહી. જમીન લાલ અને હવા ઘેરી બની તથા લોહીના દરીઆમાં મોજા પણ ઉછલવા લાગ્યા. તે બધે સપેહસાલારો

---

૧ બેહેમન મહીનો સીયાલાની મોસમનો મહીનો ગણાતો હતો. તેથી સીયાલાનો બરફ સાથનો વરસાદ આગળ એ મહીનામાં પડતો હતો.

બોલ્યા કે "અગરજો પેહેલવાનો આ કીનાના મેદાનમાં એ પ્રમાણેનીજ બુરાઈ કરશે તો અંધારી રાત થતાં સુધીમાં આસમાન, જમીન અને જમીનના માલેક સિવાય કોઇપણ સલામત રહેશે નહી. જ્યારે પીરાને તે લડાઇની જગ્યા એ પ્રમાણેની બનતી દિઠી, ત્યારે તેણે લેહાક અને ફરશીદર્વેદને ફરમાવ્યું કે, "જ્યાં સુધી તમારી સાથે લશકર છે ત્યાં સુધી જે કોઇ આ લડાઇ માટે લાયક હોય તેઓને તમો સ્વારો આપો કે જેથી તે લશકર કાંઇ ઉપાય કરવાને મેદાનમાં ત્રણે બાજુએ જાય તેઓમા જે લશકરનો ભાગ વધારે ચાલાક હોય અને દુશમનોથી લશકરનો વધારે બચાવ કરનારો હોય તેઓને તમો લશકરની પીઠેની જગ્યા સોંફ્જો અને (એ પ્રમાણે) તમો બંધે બાજુનો રસ્તો ઘેરી લેજો" તેણે લેહાકને ફરમાવ્યું કે, "તું પણ તારૂં લશકર એકઠું કરીને પાહાડ તરફ લેઈ જા અને ફરશીદર્વેદ પણ એજ પ્રમાણે નદી તરફ લશકર લેઈ જશે કે જેથી ત્યા સુરજ સુધી ધુલ ઉડતી બને"

જ્યારે તુરાની લશકરના નામદારો તે કીનો લેનારૂં લશકર લેઇને ત્યાં ગયા ત્યારે (ઇરાનીઓની) ચોકી કરવાની જગ્યા આગલના ચોકીબાને એક બેપ્યાને દોડાવ્યો ગોદરેજ પોતે પણ પોતાના લશકર સાથે ચોબાજુએથી દુશમનો ઉપર નજર રાખતો હોવાથી જેવી લેહાક અને ફરશીદર્વેદે છુપે રસ્તેથી આવીને ત્યાં ધુલ ઉડતી કરવા માંડી તેવાજ ઈરાની સ્વારો પણ લડવા વલગી પડયા અને એ પ્રમાણે ધુલને લોહી સાથે ભેલવા લાગ્યા. તે બેપ્યો પણ દરેક બાજુએ દોડીને પેહેલવાનોને વાકેપ્ કરવા લાગ્યો ગોદરેજે પોતાની પીઠેનુ લશકર કે જે પેહેલવાનોનુ બનેલુ હતુ તે તરફ નજર કીધા પછી તેણે પોતાનો વાહાલો બેટો હજીર કે જે પોતાના બાપની પુઠે તલવાર અને તીર સાથે રહેલો હતો તેને પીઠેના લશકરના બચાવ કરનારા ગોદરેજના બેટા ગેવ આગળ જવા ફરમાવ્યું અને કહયુ કે "તુ તેને કેહે કે તે પણ ટોલાંબંધ લશકરને મદદને માટે નદી અને પાહાડ તરફ મોકલી આપે તમામ લશકરને તેજ એકઠું કરે કારણ કે તે તેઓના ભરવાદ જેવો છે જ્યારે તેઓ તેના મેઢાં જેવા છે" વળી તેણે ગેવને બીજું એમ કેહેવા ફરમાવ્યું કે "તુ પુઠેના લશકર તરફ પણ એક બાહુર માણસને મોકલી આપ કે જેથી તુરાની લશકર તે જગ્યાનો નાશ કરે નહી અને ધુલને ઉડતી કરે નહી. તે તેની જગ્યા મુકરર કરીને નેમી આપે કે જેથી તે પોતે તે જગ્યાએથીજ આગળ વધે." જેવું બાંધેલી કંમર સાથના બાહુર હજીરે પોતાના મુબારક બાપનું કહેવું સમજ્યું તેવોજ તે પોતાના ભાઇ આગળ જડપથી ગયો અને જે કાંઇ તે પેહેલવાને તેને કહયું હતુ તે તેને કહયું. ગેવે એ વાત સમજતાજ તેણે દોડીને લશકરમાંથી એક ફરહાદ નામના પેહેલવાનને

ચુંટી કાઢીને તથા તેને પોતાની આગળ બોલાવીને તેને તમામ લશકર સોંપી આપ્યુ. પછી તેણે શાવરાનના જ ગેહને બાહુર અને લડાઇના અનુભવી બસો સરદારો સાથે લેઇને ફરશીદર્વદ તરફ હુમલો લેઇ જવા અને નદી અને પાહાડ આગળ ધુલને ઉડતી કરવા માટે ફરમાવ્યુ. વળી તેણે એજ પ્રમાણે પેહેલવાનોમાથી વાવતાવાલા અને જડપ ચાલના બસો પેહેલવાનોને મીલાદના બેટા ગુરગીનને સોંફયા અને તેને કહયુ કે "તુ પણ ગુરજ અને પાણી પાયલા ભાલાઓ સાથે અત્રેથી લગામ ફેરવ હવે તુ ને પણ તેઓ આગળ લશકર લેઇ જવુ ઘટે છે અને તે મેદાનમાં જઇ તારે તારો હુનર દેખાડવો ઘટે છે. કારણ કે તેઓના લશકરની કમર તદન તુટી ગઇ છે અને એ લડાઇમાં પેહેલવાનાના દિલ હેઠા પડયાં છે." વળી તેણે બેજનને કહયું કે "ઓ સિંહ જેવા શખ્સ ! તુ તો લડાઇ વખતે ફાડી ખાનારા વાઘ જેવોજ છે માટે હાલે દુશમનો સાથે લડાઈ કરતા તુને તારી સિંહ જેવી મરદાનગી કામ લાગશે ઇરાની લશકરની ઉમેદ તારા ઉપર લટકેલી છે, માટે તુ ને હાલે તે લડાઇમાં જવુ પડશે. તુ તેઓથી દૂર થતો ના, પણ તારા શરીરને હરોલમા રાખજે કારણ કે હાલે કીનાનો અને લડાઇનો વખત આવી લાગ્યો છે તું અત્રેથી દુશમનના લશકરના મધ્ય ભાગ તરફ જઇને તે જગ્યાએથી પીરાન ઉપર કીનો લે, કારણ કે તમામ તુરાનના મુલકને તેનાથીજ પુસ્ટી મલતી હોવાથી તારો ચેહેરો જોતાંજ તેની પીઠ ભાગી જશે જો તું તેના ઉપર ફતેહમંદ બનશે તો આપણું કામ પાર પડશે પરવરદેગાર તેમજ તારૂ સારૂ નસીબ તારા મદદગાર બનશે તેથી (આપણુ) લશકર મેહેનત અને સખતી વેડવાથી આશાયસ ભોગવશે અને તારી ઉપર જેહાનનો માલેક (પાદશાહ) ખુસાલ બનશે. અફરાસીયાબની કમર તુટી જશે તથા તેનુ દિલ લોહીથી ઉકલટુ અને આંખો આંસુથી ભરેલી બનશે" તે પેહેલવાને પોતાના બેટાને એ પ્રમાણે વાત કેહેવાથી તે બેટાએ લડાઇ કરવાને કમર તગ બાંધી. એમ સમજતાંજ લડાયક બેજન પોતાના ઘોડાને ઉશકેરીને વિજલી વેગે બાહાર નિકળી ગયો.

પછી તેણે જમની અને ડાબી પાંખના સ્વારોને સામટા બોલાવેલા હોવાથી ગુરાજેહ, ગસતહમ, પેહેલવાન હજીર અને બેજન સામતા બાહાર પડયા અને તે પેહેલવાનજાદાઓએ ત્યાંથી તુરાની લશકરની મધ્ય બાજુ તરફનો રસ્તો લિધો. તેઓએ શેકારી સિંહોની માફક પોતાના વિધેલા મોતી જેવા ઘોડાઓ ઉપર બેસીને તે લશકરની વચે જોહોકાવ્યું અને પોતાના દિલને કીનાથી ખાલી કરવા માડયાં આથી તે લડાઇને વખતે તમામ મેદાનમાં ઘોડાના બખતરો અને સ્વારો વેર વિખેર પડવા લાગ્યા. જેટલા ઘોડા ઉપરથી નિચે પડતા તેઓના

બખ્તર તેઓના કફન બનતાં અને સિહોના સીના તેમની ઘોર બનતી. પીરા-નના બેટા રૂઇને લશકરની પીઠેથી જેવી એ દોડધામ અને લશકરથી ઉડી રહેલી ધુલ જોઇ તેવોજ તે ભારી લશ્કરની પીઠેથી પોતાના વરૂ જેવા નામદારો સાથે ત્યાં આવી લાગ્યો અને જોરાવર વાઘ માફક લડવાને વળગી પડયો તેણે કોષેશ કર્યા છતા તે લડાઇમા ફતેહ નહી મેલવ્યાથી નાઉમેદ બનીને પોતાના હાથમાંથી હીન્દી તલવાર ફેકી દિધી અને તે લડાઇમાથી પોતાની પીઠ ફેરવી. તેજ પળે સપેહસાલાર પીરાન પોતાની જગ્યાએ અચરત બનીને ઉભો રહયો ગેવે પીરા-નનો ચેહેરો જોતાજ તેની સાથે લડાઈ કરવા માટે લગામ ફેરવી અને પીરાન આગળના ચાર મોટી પડવીના શખ્સોને નેજા વડે ઘોડા ઉપરથી નિચે નાખ્યા. વીસેના પીરાને કમાન ઉપર તીર ચટાવીને તે બુરી મનશનીના શખ્સ ઉપર તીરનો વરસાદ છોડયો. તેથી બાધુર ગેવે માથા ઉપર ઢાલને આડી ધરીને વરૂની માફક નેજાથી લડવા માડયુ જેવો તેણે સરદાર પીરાન ઉપર હુમલો કરી તેની સાથે નેજાથી લડવાનો ઠેડાવ કીધો તેવોજ તેનો ઘોડો પોતાની જગ્યાએ એવો સ્થંભ થઈ ગયો કે જ્યાં હતો ત્યાંથી તેણે આગળ પગલુ ભર્યું નહી. આથી તે નામદાર પેહેલવાને ચીરડાઇને તે જડપ ચાલના ઘોડાને ચાબુકનો ફટકો માર્યો અને પછી હોટ ખોલી તે ખુની બીહામના દેવ (પીરાન) ને ગાલ દેવા માડી તેણે નેજા ફેંકી દિધો અને માથા ઉપર વરૂના ચામડાની ઢાલ ઓલવી દેઇને કમાન ધરી પછી તેણે કમાનને.તીર મારવા માટે તાણીને છાતી ખુલ્લી કીધી કે જેથી તે પીરાનના હાથની સાથે તેની ઢાલને શીવી લે. તેણે ખંડગ લાકડાના ચાર તીર તેની છાતી ઉપર માર્યા પણ તે લડાયક શખ્સ ઉપર તે તીરોએ અસર કીધી નહી તેજ પ્રમાણે ગેવે ત્રણ બખતરને વિધે તેવા તીર તે સ્વારના ઘોડા ઉપર માર્યા, તોએ પીરાનનો ઘોડો કે પીરાન ધાહેલ થયો નહી તેટલામા ત્યાં ગેવના મદદગારોને આવી લાગેલા જોતાજ પીરાનનો કીનો વધી પડયો અને તે ગેવને ઘાહેલ કરી નાખવા અને તેના બાધુર લશકરને હાર આપવા ગેવ આગળ જડપથી ધસી ગયો. ગેવે પણ તેના તરફ જડપથી ધસી જઇને નેજા વડે પીરા-નના માથા ઉપરની લોઢાંની ટોપી ખેચી લિધી તોપણ પીરાનને કાઇપણ નુકશાન નહી પુગ્યાથી ગેવનુ દિલ તે કામથી દુખી બન્યુ તેટલામાં ગેવ આગળ તેના બેટાએ આવીને કહયું કે, "ઓ નામદાર મુબારક બાપ ! મે પાદશાહથી એવુ સમજ્યુ છે કે 'પીરાન ઘણીક લડાઇઓ કરશે અને તે મુશકેલીને વખને ઘણાએક તિક્ષણ પજાવાલા અઝદાહોના પજામાથી બચીને નાહાસી જશે. પણ આખરે તેનો જીવ ગોદરેજનેજ હાથે જશે.' માટે ઓ બાપ ! તું એટલીબધી મેહેનત ના કર. કારણ કે એનુ મોત હજી નજદિક આવ્યુ નથી, ત્યારે તુ મુશ-

કેલી વેઢી શું કરવા લાંબો વખત થયો તેની સાથે લડયા કરે છે?" તેટલામાં ગેવ આગળ તેનું લશકર પણ આવી લાગ્યુ તોપણ તે નામદાર પેહેલવાનનું દિલ ગુસ્સા ભર્યુંજ રહયું. જ્યારે પીરાને એમ જોયું ત્યારે તેણે ત્યાથી મોહુ ફેરવ્યું અને તે પોતાના લશકર તરફ ચાલી ગયો તે દુખથી ભરેલો અને ફીક્કા ચેહેરા સાથે લેહાક અને ફરશીદર્વંદ આગળ બુમો પાડતો આવીને બોલ્યો કે, "ઓ મારા નામદારો, બાહુરો, અને ખજરના વાપડનારાઓ! હું તમોને મારી છાતી આગળ રાખીને એવાજ વખતને માટે ઉછેરતો હતો. પણ હાલે જ્યારે લડવાને લશકર આવી પુગ્યુ છે અને દુશમનોથી આપણી ઉપર જેહાન કાલી બનતી જાય છે તેવા વખતમા હું કોઇને પણ નામદારી મેલવવા માટે તે લશકર સામે લડવા જતાં જોતો નથી."

એમ સમજતાજ તે નામદારોના દિલ કીનાથી ઉછલવા લાગ્યાં અને તેઓ તેની આગળ આવીને બોલ્યા કે, "અગરજો હમારા દિલમાં પાક જીવ હતે નહી તો હમુને તેની ફીકર કે ધાસ્તી પણ રેહેતે નહી. તોપણ હમે હમારા પોસાકની કોરને એકમેકની સાથે બાંધી લેઇશુ અને કીનો લીધા વગર હમો હમારી કમરને છોડીશુ નહી" પછી લેહાક અને ફરશીદર્વંદ ગેવની સામે જઇને તેની સાથે લડાઈ કરવા લાગ્યા. બાહુર લેહાકે ગેવ આગળ આવતાંજ તેની કમરબંધ ઉપર એક નેજાનો ફટકો માર્યો અને ગેવને જીન ઉપરથી ઘસડી કાઢી ઘોડા ઉપરથી જમીન ઉપર ઉંધો નાંખવા ચાહયુ પણ તે નેજાથી તેનું બખતર ચિરાયું નહી તથા ગેવના પગ રેકાબમાથી બાહાર પણ નિકળ્યા નહી. પછી ગેવે તેના ઘોડાને નેજાનો એક ફટકો માર્યાથી તે ઘોડાએ દુખથી પોતાનું માથુ નાંખી દીધુ અને મરદાનેમરદ લેહાક ઘોડા વગરનો થઇ ગયો. તેટલામાં ફરશીદવરદે દુરથી દોડી આવીને ગેવના નેજા ઉપર પવનવેગે તલવારનો ફટકો માર્યો જેથી તે નેજો કપાઇ ગયો અને ફરશીદવરદ ખુશાલ બન્યો. ગેવે તેનો આવો ફટકો જોતાંજ પોતની કમર આગળથી ભારી ગુરજ કાઢીને તેજી ફુંફારા મારનારા અઝદાહ માફક પોકાર મારી તેના ઉપર તેનો ફટકો માર્યો જેથી તેના હાથમાં પકડેલી તલવાર ઉડી ગઈ તુરતજ તેણે તેની ગરદન ઉપર એક બીજો ફટકો માર્યો, જેથી જાણે તેના શરીર ઉપર આતશ વરસવા લાગ્યો. તેના મોંઢા અને છાતીમાથી લોહી વેહેવા માંડયુ અને તેનુ શરીર વધારે અને વધારે સુસ્ત બનતુ ગયુ, તથા તેનુ માથુ ગુમવા લાગ્યું જ્યારે ગેવ એ પ્રમાણે કરવા રોકાયો હતો તેટલામાં લેહાક એક ઘોડા ઉપર જડપથી ચઢી બેઠો[1] પછી તે બંને બાહુરો (લેહાક અને ફરશીદવરદ) ગુરજ અને નેજા સાથે સિંહની માફક

---

[1] એ બેત લખેલી નકલમા વધારે છે.

ગેવ તરફ ધસ્યા. તે બાધુર સરદારો સાથે લડતાં ગેવ ઉપર ભારી ગુરજનો વરસાદ પડતો હોવા છતાં તે વાઘ જેવો સ્વાર જીન ઉપર બેઠેલો રહયો અને તે લડાઇથી તેને જરાપણ ગભરાત લાગ્યો નહી જ્યારે લેહાક અને ફરશીદવરદે તે સિંહ જેવાને આવી બલાતવારોથી ટકી રહેલો જોયો ત્યારે તેઓ ઘણાજ ગુસ્સાથી એકમેકને કહેવા લાગ્યા કે "આખરે પણ સેતારાઓની ચાલથી આપણી ખરાબી થશે. કારણ કે તે જીન ઉપર બેઠેલા (ગેવનુ) મગજ જાણે તાંબાનું છે અને તેના શરીર ઉપર સિંહના ચાંમડાં સિવાય બીજુ ચામડુ નથી" પછી ગેવ તુરતજ પોતાના મદદનીસો પાસેથી નેજો માંગી લેઇને જમની અને દાવી બાજુએ એવો ફરવા લાગ્યો કે જેથી બધે બાજુએથી તેઓમા ધાસ્તી પંઠરાઇ ગઇ. તોપણ કોઇનુ પણ માથુ નિચું પડયુ નહી તેથી ગેવ દિલ સાથે બોલવા લાગ્યો કે "આ લડાયક બાધુરોથી તો મારે માટે એક નવું કામ નિકળી આવ્યું છે. તેઓ કાંઇ તુરાનના સરદારો તરીકે નહી પણ માજનદરાનના દેવો તરીકે આવેલા લાગે છે. તેટલામાં ગરાજેહ હાથમાં રૂમી પોલાદનો નેજો ધરી તથા હરન જેવા ઘોડા ઉપર બેસીને ફરશીદવર્દ સાથે લડવા માટે ગેવની જમની બાજુએથી પવન વેગે આવી લાગ્યો. ગરાજેહે લડવા માટે પવનવેગે હાથ લંબાવતાજ તે ચાલાક તુરકીએ જીન ઉપર ચટોપાત સુઇ જઇને તેની કમરબંધ ઉપર નેજાનો ફટકો માર્યો, પણ તેના બખતરના ગાઠ તુટીયા નહી તેવામાં બાધુર ગરાજેહની પુઠેથી સિંહ જેવા બેજનને હાથનો એક તલવારનો ફટકો આવી પડયો અને તે ફરશીદવર્દના માથાં ઉપર અને લોઢાંની તોપી ઉપર વાગ્યો અને તે લોઢાંની તોપી (નિચે પડવા)થી જમીન પણ ચિરાઇ ગઇ આથી તેણે પોતાના તાલક ઉપર જમનો હાથ આડો ધર્યો અને (તોપી લેવાને) નિચે ઉતર્યો પણ તે જેમ ઇચ્છતો હતો તેમ બન્યું નહી તુરતજ ગસતહમ દુખી દિલે ઇરાની નામદારો સાથે ફીનો લેવાને બેજનની પુઠેથી તુરાની લશકર નજદિક આવી લાગ્યો. પણ અનદરઇમાને[૧] તુરાની લશકરમાથી પવનવેગે લડવાની જગ્યાએ આવીને ગસતહમની કંમર તોડી નાખવા માટે તેણે ગસતહમ ઉપર પોતાનો ગુરજ મારવા ઉગામ્યો. પણ તે ગુરજ ઉપર ગસતહમની તલવાર આવી પડી અને તેના બે ટુકડા કરી નાખ્યાથી તેનુ દિલ તેને માટે ધાસ્તીભર્યું બન્યું હજીરે પણ તે પેહેલવાનોની પુઠે આવી લાગીને અનદરઇમાન ઉપર તીર છોડવા માંડયા તેના તીર ઘોડાના જીન અને બખતરમાં થઇને તે ઘોડાને લાગ્યા અને તે ઘોડો ગ્વાન વગરનો બની ગયાથી તે મરદાનગી ભર્યો સ્વાર ઘોડા

---

૧ 'અંનદરઇમાન' એ તુરાની લશકરના પેહેલવાનનું નામ છે.

વગરનો બન્યો. તેણે પોતાના માથાં ઉપર ઢાલ આડી ધરી અને પછી ખુવારી સાથે ઉભો થયો આથી તમામ તુરકી સ્વારો પોકાર મારતા તેની આગળ દેવો માફક ધસી આવ્યા અને કાંઇ યુક્તિથી અ નદરઇમાનને તે લડાઇના મેદાન-માંથી લશકર તરફ ઘસડી લેઇ ગયા બામદાદથી તે પાહાડ પછવાડેથી રાત આવી લાગી ત્યાં સુધીમા ઈરાની અને તુરાની સ્વારોએ એકઠા બનીને એવો તો ફીનાને ઉશકેરી મુકયો કે જેથી ધુલ સાથે લોહી ભેલાઇ ગયુ. માણસો અને ઘોડાઓની સુદ્ધી જતી રેહેવા લાગી અને બુમો તથા પોકારો મારતાં મોઢાં થાકી જવા લાગ્યા

ઈરાનીઓ અને તુરાનીઓ લડાઇ કરવાથી પાછા ફર્યા તથા ગોદરેજે અને પીરાને અગોયાર લડવૈયાઓ પાસે લડાઇ કરવાનો બંધોબસ્ત કીધો તે વિષે.

જ્યારે જમીનની સપાટી સીસમી રંગની બની ત્યારે બધે તરફના લશક-રમાંથી રણશીંગડાં અને ઢોલના અવાજ નિકલ્યા સરનાઇ વજડનારાઓ હાથીની પીઠ ઉપર બેસીને તે લડાઇના મેદાનમાથી જડપથી પાછા ફર્યા બધે તરફના લશકરે એવો બંધોબસ્ત કીધો કે, "રાતને વખતે આપણે લડાઈના મેદાનમાંથી પાછા ફર્યે અને સહવાર પડતાં ઉડા દરીઆમાથી પણ ધુલને ઉડતી કરે તેવા મરદાનેમરદોને ચુટી કાઢયે કે જેથી તે તમામ લડાયક નામદારોજ એકમેકની સામે ચેહેરા કરીને ઉભા રહે અને લશકર લડાઇ કરવાથી છુટકારો પામે તથા નિર્દોશોનાં માથાંના લોહી રેડાય નહી" એવો બધોબસ્ત કરી તેઓ પાછા ફર્યા અને લાંબા માર્ગને ટુકો કરી નાખ્યો એમ તેઓએ ધાર્યું. બધે સપેહ-સાલારો કે જેઓ ફીનાથી દુખભર્યા બન્યા હતા તેઓએ લડાઇમાંથી ચેહેરા ફેરવ્યા. એક કનાબદના પાહાડ તરફ ગયો જ્યારે બીજો રીયુબદના મેદાન તરફ ભપકાથી ચાલીને ગયો તુરતજ પાદશાહના સપેહસાલાર ગોદરેજે લશકરમાંથી ચોકી કરનારી ટુકડીને રસ્તામાં (તપાસ માટે) મોકલી આપી સીપાહોના દિલ અને માથાં બખતરથી અને લોઢાંની તોપીથી ઓખવાઇ ગયાથી તથા તેઓના તલવાર સાથના હાથ લોહીથી ખરડાઈ જવાથી સઘલાઓએ હથીયારો, તોપીઓ અને બખતરોને ઉતારવા માટે ગાંઠ છોડવા માંડયા જ્યારે તેઓના શરીર લોઢાંના ભારથી હલકાં બન્યાં ત્યારે તેઓએ ખાવાનુ સોધવા માંડયુ અને કેટલોક દારૂ પીધો પછી બુઢા અને જવાનો એ લડાઇ બાબેનો ઉપાય કરવાને સાઉચેટી સાથે પેહેલવાનોની આગળ આવ્યા. ત્યા ગોદરેજે ગેવને કહયુ કે, "ઓ બાપ' આજે મારે માટે કેવો અજબ બનાવ બન્યો. જ્યારે હું તુરાની લશકર તરફ

હુમલો લેઇ ગયો અને તેઓની સફને તોડવા માંડીને માર્ગ ખુલ્લો કરતો એ રીતે હું પીરાન આગળ જઇ લાગ્યો ત્યારે મારો ઘોડો અટકી ગયો અને જરાએ આગળ પગલુ ભર્યુ નહી હુ મારૂ કામ બજાવવાને એવો ઉટાવલે ગયો કે તુ કેહેશે કે મેં તેના સાથીઓના ડોકાજ કાપી નાખ્યા હતે. પણ બેજને પાદશાહના બોલો યાદ રાખ્યા હતા તેથી તેણે તે મને કહી સમજાવ્યા કે;' પાદશાહે અહોની ચાલ ઉપરથી જે કહયુ છે તે મુજબ તો પીરાન તારે (ગોદરેજને) હાથે માર્યો જનાર છે.'" ત્યારે ગોદરેજે તેને જવાબ દિધો કે "ઓ મારા બેટા! બેશક તેનુ મોત મારે હાથેજ છે પરવરદેગારે મને બક્ષેલા જોરથી હુ તેના ઉપર મારા સીતેર નામીચા બેટાઓનો કીનો લેવશ." ત્યાર પછી લશકર તરફ નજર કરતાં તેન તે લશકર લડાઇની મેહેનતથી તથા લોહી રેડાવાથી, તથા દુશમનો સાથે દરેક બાજુએથી લડવાથી ઠાકી ગયલુ જણાયુ આથી તે બાધુરોના ચેહેરા ફીકા બનેલા જોઇને તે પેહેલવાનનુ દિલ દુખભર્યુ બન્યુ તેથી તે રેહેનુમાઈ કરનારા સારા નસીબના સપેહસાલારે તેઓને પોતાને મડક પાછુ ફરવાને ફરમાવ્યું, કે જેથી તેઓ ઠાકી ગયલા શરીરને જંગ અને લડાઇ કરવાથી આસાયશ આપે. આથી તે સઘલાઓ ત્યાંથી ગયા અને બામદાદે કીના ભર્યા અને લડાયક બનીને પાછા ફર્યા તેઓએ પોતાના સપેહસાલારને દુવા દિધી કે, "ઓ જમીનના નામદાર પેહેલવાન! તુને રાતે કેવી ઉઘ આવી હતી? હવે તું શુ કરવા માગે છે? તે તારા દિલને લડાઈ માટે કેવી રીતે તૈયાર કીધુ છે?"

ગોદરેજે લડાઇ કરવા બાબે પોતાના શરદારો સાથે વાત કીધી તે વિષે.

પછી તે પેહેલવાને તેઓને કહયુ કે "ઓ પેહેલવાનોના મુબારક નામદારો! તમારે રાત અને દિસ પરવરદેગારનીજ તારીફ કરવી ઘટે છે, કે જેથી આ સઘલો વખત લડાઇ કરવા પાછલ જાય છે તેમા આપણી મરજી મુજબનીજ લડાઈ નિવડે. મારા માથા ઉપરથી ઘણીએક અજાયબીઓ પસાર થઇ છે અને મે જેહાનને તજી જવા સિવાય બીજી રીતની જોઇ નથી ફરતું આસમાન આપણા કરતા ઘણે દરજજે ચઢતું છે જે શખ્સની મરજી મુવાફ્ક તે ફરે છે તે ભ ગ્યવ ત ગણાય છે પેહેલુ તો એ કે જુલમગાર ઝોહાક જેહાનના પાદશાહો વચ્ચે ચઢતા ગણાતા હતો પણ તેણે જેહાનમા આટલોબધો જુલમ ગુજાર્યાથી પરવરદેગાર તેનાથી દૂર થઈ ગયો તેથી હું એવુ ધારૂં છું કે તેણે બુરાઇ કર્યાથીજ તેની પાદશાહી પવનથી ફુકાઇ ગઇ હતી. તેના એવા કામો સાથે ઘણા વર્ષો વહી ગયા ત્યારે પરવરદેગારે તે બુરી મનશનીના શખ્સ ઉપર બુરાઈ

લાવી નાખી. જ્યારે તે ઈનશાઈી સાહેબથી તેનો જુલમ તામોશ કરી શકયો નહી ત્યારેજ તેણે એક ઈનશાઈી શખસને તેની સામે મોકલી આપ્યો, જે ઈન-શાઈી પાદશાહ મુબારક ફરીદુન હતો કે જાણે તે પાદશાહી મેલવવાને કમર બાધી હતી તેણે તે હારેમનના તમામ ફાદાઓ તોડી નાંખીને તમામ જેહાનને ઈનશાફથી સગારી હતી. બુરી મનશનીનો અને બુરી ખાશીયતનો ઝોહાક કે જેને પાદશાહો તાણો મારતા હતા તેની બુરી ખાશીયત અફરાસીયાબના ઉતરી છે અને તેથી તે આખોવડે નેકીનો ચેહેરો જોઈ પણ શકતો નથી. જ્યારે તેણે ઈરાનમાં કીનો પાઠર્યો અને ને ઈનશાફથી, દીનથી અને શહેરીતીથી ફર્યો ત્યારે તેણે તે કામના પરીણામમા સરદાર સીયાવક્ષને મારી નાખ્યો અને ઈરાનમાં નાસ પાડરવા માડયો. ત્યાર બાદ ગેવ ઈરાનથી કેવી રીતે કુચ કરી ગયો અને કેટલીબધી હાડમારી વેઠી ને તુરાનમાં રહયો ત્યાંથી કએખસરૂનો પત્તો મેલવ-વાને તે ધુત ઉપર ગીઝાનુ કરતો, તકીઆ તરીકે પથરને વાપડતો, શેકારના ગોશ્ત ઉપર જીવતો અને વાઘના ચામડાનો પોસાક બનાવીને રેહેતો હતો. એ પ્રમાણે તે અત્રેથી ગુમ થઇ ત્યા હોમલા વગરનો ફરતો રહયો. એમ કરતા તે અચાનુચ ખસરૂને જઈ મલ્યો અને તેને જોતાજ તેણે તેના ઉપર દુવા ગુજારી. પછી તેઓએ ત્યાંથી ઈરાન તરફનો રસ્તો લિધો ત્યારે તેની કજીયાખોર પીરાનને ખબર થઇ. તેથી ને લશકર લેઇને તેઓ બધેનો માર્ગમા નાસ કરવાને તુરતજ તેઓની પુઠે ગયો તે (પીરાન) કે જે ફકટ પોતાના પાદશાહની સભાળ કર-નારો હતો તેણે તેના તરફ પોતાના ધારા મુજબ બુરાઈનો હાથ લબાવ્યો. પછી એક લશકરે ગીયાવક્ષનો કીનો લેવાને કાંસે નદી તરફનો માર્ગ લિધો. તેથી એક મોટુ (તુરાની) લશકર લાડનના મેદાનમા આવ્યુ અને પશંનના મેદાનમા તેઓ માટે ઈરાનીઓ ઉપર રાતના હુમલો કીધો. જેમા મારા આટલા બધા બેટાઓ મારી નજર આગળજ માર્યા ગયા અને સઘલા નામદારોના દિલ તુટી ગયાં હાલે વળી પીરાન તમામ લડાયક સીપાઇઓ સાથે આવીને સામાસામે ઉભો છે પણ જ્યારે આપણી સાથે તેની પસદગીનુ કામ ઉતર્યું નથી ત્યારે તેને આવી આવી લાબી વાતો કરવી પડી છે. જ્યાં સુધી એક લશકર તુરાનથી આ મેદાનમા આવી લાગશે નહી ત્યાં સુધી તે એવીજ યુક્તિઓ કરતો રેહેશે. હવે તે (ફકટ) સરદારોજ લડવા બોલાવે છે માટે હવે એકેએકને તિક્ષણ પજા-વાલા બનવુ પડશે કારણ કે જો આપણે એ કામમાં સુસ્તી કરીશું અને એ લડાઈમાં હાથ લબાવીશુ નહી તો તે બાહાનું કાઢી લડાઇમાથી પાછો ફરશે અને કીનો લેવાથી અને હારજીત મેલવવાથી પોતાનું સર ફેરવશે. તેથી જ્યારે તેઓ આપણી સાથે એમ લડાઈ કરે ત્યારે આપણે તે નામદારોની ધુલ પખો-

દીશું જો પીરાન પોતાના બોલથી ફરશે નહી અને લડાઇ કરવાને હાથ લંબાવશે તો હુ તમારે ખાતર એ સઘલુ કબુલ કરશ અને એ કીના માટે હુ કમર બાંધશ હુ આ લડાઈના મેદાનમા ઇરાની લશકરની હજુરમાં મારાં બુઢા માથા સાથનાં શરીરને મરવા માટે સોપી દેવશ. હુ અને પેહેલવાન પીરાન તથા રૂઈન અને ગેવ એમ સઘલા બાધુર પેહેલવાન બની જઇશુ કારણ કે જેહાનમા કોઈ પણ જાવેદાન સુધી રહેવાનુ નથી જેહાનમાં આપણી તવારીખ સિવાય બીજુ કાઇ રેહેશે નહી. તેથી આપણુ નામ જેહાનમા બુલંદીએ ચઢે તેજ ભલું ગણાય કારણ કે મોત તો આપણી તરફ પણ પોતાનો ફાંસો નાખવાનુંજ છે. તેથી (ખુદરતી મોતે) મરી જઇએ કે (લડાઈમાં) કપાઇ જઇએ તેમાં મોત તો એક સરખુજ છે ફરતાં આસમાન ઉપર જેટલો થોડો વિશ્વાસ રાખીએ એટલુ સારૂ. માટે તમારે પણ નેજા સાથે અને માણસોને કાપનારી તલવાર સાથે જીન ઉપર ચઢી બેસવુ ઘટે છે અને તમારામાં જે કોઈ નામદારો હોય તેઓએ એકી વખતે કીના માટે કમર બાધવી ઘટે છે કારણકે તે તુરાનીઓનુ નસીબ ઘટવા માડેલુ હોવાથી હમણાજ એ કીનામાં ધાસ્તી બેસાડી દેવી જોઇએ છે. તુરાનમા હોમાન જેવો કોઇ સ્વાર હતો નહી, છતાં તેણે જ્યારે ગેવના બેટા બેજન સાથે લડાઇ અજમાવી ત્યારે તેનુ નસીબ બરગશ્તે બનતાંજ તે ઉધો પડયો તેનુ કપાયલુ ડોકુ હેઠું પડયુ અને તે લોહીથી જડકતુ બન્યું. તેથી આપણને તેઓ સાથે લડવાની ધાસ્તી રાખવી જોઉતી નથી અને લડાઈ કરવાથી હાથ ખાચવો જોઇતો નથી પણ જો પીરાન એ લડાઇ કરવા ચાહાતો નહી હશે અને પોતાના સામટાં લશકર સાથે ધુલારૂ ઉદાડવા માગતો હશે તો વળી આપણે પણ પાહાડ જેવા ભેગા લશકર સાથે તેની સમે જઇશુ કારણ કે તે સઘલા (તુરકી) ઓ તો તુટેલાં દિલના બનેલા છે અને તેઓના દિલ હમેશને માટે ગમ સાથે બંધાયલા છે આથી હુ ધારૂ છુ કે આપણનેજ ફતેહ મલશે અને તેઓ ઉપર આપણેજ કાલી ધુલ ઉડતી કરીશુ "

પેહેલવાન ગોદરેજે જેહાનને ધરાવનારા મુબારક પહેલવાનો આગળ એ પ્રમાણે તમામ વાત કીધાથી સઘલાઓએ તેની તારીફ કીધી કે, "ઓ પાક દીનના અને ભલા દિલના સરદાર ! પરવરદેગારે જ્યારથી જેહાનને પેદા કીધી છે ત્યારથી તારા જેવો પેહેલવન જેહાનમાં કોઇએ જોયો નથી ફરીદુન કે જેણે પોતાની પાદશાહી હેઠેલ તમામ જેહાનને લિધી હતી તે ઘણુ તારા જેવો નોકર ધરાવતો હતો નહી તુ તો લશકરને ટેકો આપનારા થાંભ જેવો છે અને પાદશાહનો તુ સરદાર છે પેહેલવાનોની કોલાહ તારાથીજ દિપે છે. તે તારો જીવ,

ફરજંદો અને સઘળી ચિજો (પાદશાહને) અર્પણ કરી દિધી છે પણ પાદશાહો પોતાના સરદાર પાસે વળી બીજું શું માગે ? પાદશાહ જે કાંઇ સઘળું ફરીબરૂજ અને તુસથી થયલું જોવા માંગે છે તેમના કરતા તારૂં કીધેલુ તેને દરૂસ્ત લાગે છે હમે સઘના તારાજ નોકર છીએ અને સઘલાઓના દિલ તારે માટેનાં વાહાલથી ભરેલાં છે. અગરજો પીરાન કીનો લેવાને તુરાની લશકરના સરદારોને આપણી આગળ લાવશે તો આપણા દસ અને તેઓના હજાર લડવૈયા હશે તોપણ તે લડાઇમાંથી કોણ પોતાના ચેહેરા ફેરવે છે તે તુ જોજે. જો તે લશકર ટોલાબંધ બનીને આ મેદાન અને પહાડમા લડવાને આવશે તો હમે સઘલાઓએ પણ એ કીના માટે હમારા દિલ ઘાહેલ બનાવ્યા છે, અને હમોએ લડવા માટેજ કમરે કંમરબંધ બાંધ્યો છે. હમો સઘલાઓના જીવ તુનેજ ફીદા રેહેજો. હમો સઘલાંઓ તેજ મુજબના વચનથી બધાયા છીએ" એમ સમજતાંજ ગોદરેજના દિલમાં રોશની દિપી નિકળી તેણે તેમની તારીફ કીધી કે, "ઓ જમીનના પાદશાહના પેહેલવાનો! લડાયક શખ્સોની, નામદાર સિંહોની તથા બાહુર સરદારોની એવીજ રીત હોય છે" પછી તેણે લશકરને ઘોડા ઉપર બેસવાનો અને કીના માટે કમર બાંધવાનો હોકમ કીધો. તેના લશકરનો દાવી બાજુનો ભાગ પેહેલવાન રેહામને અને સુરજ જેવા ચેહેરાના ફરહાદને સોંફવામાં આવ્યો જમની બાજુની જગ્યા ફરીબરૂજ અને કારનના ખાનદાનના કતમારેહને માટે જડપથી મુકરર કરવામાં આવી. પછી તેણે શીદુશને ફરમાવ્યુ કે "ઓ મારા બેટા! મારાં સઘલાં કામમાં તુ મારો લાયક સલાહકાર છે માટે લશકરના બચાવ અર્થે તું કાબ્યાની ઝુન્ડા સાથે લશકરની પુઠે રેહેજે. પછી તેણે ગસતહમને ફરમાવ્યુ કે, "તુ જા અને આ ઘડીએ લશકરનો સરદાર બન. તારે હુશીયારી સાથે લશકરને પુસ્તી આપનાર તરીકે સરદારની જગ્યાએ તપાસ સાથે રેહેવુ પડશે." પછી તેણે લશકરને હોકમ કીધો કે "કોઇએ પણ પોતાની જગ્યાએથી પોતાનો પગ બાહાર કાઢવો નહી. તમો સઘલાઓ ગસતહમની તારીપ કરતા રેહેજો અને દિવસે કે રાતે (ઘોડાના) જીન ઉપરજ બેઠેલા રેહેજો" આથી તે લશકર વચેથી પોકારો ઉઠી રહયા અને તે લડાઇના મેદાનમાં તેઓ રૂડન કરવા લાગ્યા. તેની આગળ તમામ લશકર ધસી આવ્યું અને સઘલાઓએ પોતાના માથાં ધુલ ઉપર મુકયાં અને બોલ્યા કે, "હમુને તો તુ બુઢાં માથાંવાલા લશકરના પેહેલવાનની સાથેજ કંમર બાંધવી જોઇએ અને લડાઇમાં જવુ જોઇએ" તેણે ગસતહમને સપેહસાલાર બનાવ્યા પછી તેને ઘણીએક નસીયતો અને શિખામણો દેતાં કહયું કે, "સંભાલ રાખજે, અને હુશીયાર રેહેજે; તથા લશકરને દુશમનથી સંભાળતો રેહેજે. ફુ

પણ રાત અને દિસ બખતરમાંજ રહીને લડાઇ કરતો રેહેજે. સંભાળજે અને તું તારા ચેહેરાને ખુલ્લો રાખતો ના જો શરૂવાતથી તું લડાઇથી પરવારી જઈ તારી ઉપર ઉધને ગલબો કરવા દેશે તો એ રીતે તું તારાં માથાંને પડતીમાં લાવી નાંખશે અને નહી સુનારા (દુશમન) ઓથી તારી ઉપર ધાસ્તી લાવી નાંખશે તુ એક ચોકીબાનને પાહાડને મહાલે રાખીને લશકરને દુશમનોથી નચિંત બનાવજે. જો તુરાન તરફથી એકુ રાતે ઓચિંતો હુમલો આવે તો તારે એક મરદાનેમરદની માફક લડાઇ કરવી, અને તે લડાઇ દરમીયાન તે પેહેલવાનો ઉપર હુમલો કરવો. જો એવુ બને કે, તુરાની લશકર તરફથી આ મેદાનમાં હમારા માર્યા જવાની અને હમારા શરીર વગરના ડાકાં તુરાન લેઇ જવાની તુંને બુરી ખબર મલે, તો તુ જ લશકરની સભાળ રાખજે અને તેને લડાઈમાં ઉતારતો ના તુ ત્રણ દિવસ સુધી એ કામ માટે ઢીલ કરજે અને ચોઠે દિવસે તો દમામ અને પડવીનો ધરાવનારો નામદાર પાદશાહ લશકરની મદદે આવી લાગશે." જ્યારે તેણે ગોદરેજનુ એ રીતનુ કેહેવુ સમજ્યુ ત્યારે તેની આખોમાંથી તેના ચેહેરા ઉપર આંસુઓ ટપકવા લાગ્યાં તેણે તેની તમામ નશીયતો કબુલ રાખી અને તે કામને માટે તેણે વચન આપતાં ગોદરેજને કહયુ કે, "તેં મને જેમ ફરમાવ્યુ છે તેમ કરવાને હુ મારી કમર એક નોકર માફક બાધેલી રાખશ"

પીરાને પોતાના સરદારો સાથે વાત કીધી તે વિષે.

આગળી લડાઇમા હાર મલવાથી તુરાનીઓ દુખભર્યા અને નાચાર બન્યા ત્યાં બેટા ફીકકા ચેહેરાનો બની પોતાના બાપને માટે રડતો તો ભાઇ પોતાના ભાઈનું ખુન થવાથી દુખી રેહેતો એ રીતે સઘલાઓ સોગમા અને ગમગીન રહયા. ઉચું આસમાન પણ તેઓ માટે ગમગીન બન્યુ. જ્યારે પીરાને તમામ લશકરને એ હાલતમા દિઠુ અને તેઓ ફાડી ખાનારા વરૂઓથી ઘાહેલ થયલાં મેંઢાં જેવા જણાયા, ત્યારે તેણે લશકરના તમામ સરદારોને બોલાવી મંગાવીને તેઓ સાથે કેટલીક વાતો કીધી તેણે તેઓને કહયુ કે, "ઓ અનુભવી પેહેલવાનો ! તમો સઘલા બુઢા અને જવાનો લડાઇમાં ઘડાયલા છો તમો અફરાસીયાબ આગળ કેવી બુજોર્ગી, માન અને આબરૂ ધરાવો છો. તમારાં નામોની ફતેહ અને દમામને લિધે તમારા કામોની વાખવાખી જેહાનમા ફેલાઈ છે હવે તમો આ એક લડાઈમાં હાર પાંમ્યાથી શુ તમો લડવાથી પણ એકી વખતે હાથ ખાચવા માંગો છો ? પણ તમો જાણજો કે જો આપણું લશકર સુસ્તી કરીને આ મેદાનમાંથી પાછુ ફરશે તો ઈરાનના બાહાદુર સરદારો ભારી ગુરજ ઉઠાવીને આપણી પુઠે આવશે અને ત્યાર પછી જેહાનમાં મોટા કે નાનાઓને

કોઇ જીવતા જોશે નહી. માટે તમોએ દિલમાંથી ધાસ્તી દૂર કરીને એ ગમ કરવાના કરતાં સબુરી એખત્યાર કરવી ઘટે છે. મોબેદોથી એવું કેહેવાયલું છે કે 'ફ્નેહમંદ યજદાંન જાવેદાન સુધી રેહેશે અને તમામ જેહાન પણ ચઢતી પડતી સાથે રેહેશે' તેનેજ લિધે આપણને ધાસ્તી સાથે ચાલવુ પડે છે આપણી સાથે લડનારૂ તે એવુ લશકર છે કે જે પેહેલા પાછુ હટશે અને પછી આપણી ઉપર હુમલો કરશે પોતાના જીવના સબંધને લિધે હાલે પોતાના વતન અને ફ્રજંદનો કોણ વિચાર કરે? તેથી તમારે એ લડાઇમાં કમર બાંધવીજ જોઇશે અને ઇરાનીઓની સામે કીનો લેવા જવુજ પડશે ગોદરેજે એવો બંધોબસ્ત કીધો છે કે 'હુ આ લશકરમાંથી સરદારોને ચુટી કાઢુ અને પછી આપણે તે સઘલાઓને સામાસામી (લડવાને) લાવ્યે અને બંવે બાજુના લશકરને એ કામથી આશાયશ આપ્યે' જો તે પોતાનુ વચણ એ પ્રમાણે બજા લાવશે અને સરદારોને લશકરમાંથી ઉભા કરશે તો તેમ, નહી તો કે જો તે લશકર સાથે લડવા આવશે તો આપણે સઘલાઓને પણ તિક્ષણ પંજાના બનીને તેની સામે જવુ પડશે જો આપણને ખંજર સામે ડાકાં લેઈ જવાં પડતાં હોય તો જેમ આપણે એક દિવસે જનમ્યા છીએ તેમ એક દિવસે મરવું પણ પડવાનુંજ છે. નહી તો કે હુ તેઓ (ફ્રી બેઠેલા)ના માથાને સુલીએ ચઢાવશ જમાનાનુ ફ્રવુ બંધે બાજુએ રેહે છે તેથી જે કોઇપણ શખ્સ મારા હોકમથી માથું ફેરવશે તો હું તેના ડોકાને શરીરથી જુદુ કરવા ફ્રમાવશ."

તુરતજ પેહેલવાનોએ તેને જવાબ દિધો કે "ઓ સરદાર અફ્રાસીયાબના પેહેલવાન! તેં લાંબો વખત થયો તારૂ તખત અને ખજાનો છોડીને હમારે ખાતર મેહેનત ઉઠાવી લિધી છે અને હમારી આગળ ગોલામ માફ્ક કંમર બાંધેલી રાખી છે વળી તેં તારા બેટા અને ભાઇને પણ મરવા દિધા છે. ત્યારે હમે હમારા માથાં શા માટે ફેરવ્યે? હમો પોતે કોણ છીએ? હમે તાર આવા બંદાઓ શાને માટે છીએ?" એટલુ કહીને તેઓ ત્યાંથી છુટા પડયા અને સઘળાઓએ લડવાની તૈયારી કરવા માંડી તેઓના સરદારે જે વાત કહી તે કરી બજાવવાને તેઓએ તમામ રાત તૈયારી કીધી બામદાદ થતાં છાવણીના દરવાજા આગળથી સરનાઇ અને રણશીંગડાના અવાજો નિકળવા લાગ્યા, તથા સઘલા નામદારો તીર અને કમાન સાથે ઘોડાના જીન ઉપર ચઢી બેઠા. તું કહેશે કે જાણે ઘોડાઓની નાળથી જમીન ઉપર લોટાની ચાદર પંઠરાઈ જમીનને ઢાંકી નાખી છે પછી તે સપેહસાલારે લેહાક અને ફ્રશીદવરદને કહયું કે, "ઓ! બાહાદુર નામદારો! આ લડાઇમાં તમારે તુરાની લશકરને સંભાળનાર બનવું જોઇએ છે. માટે એક ચોકીબાનને દિવસે ચોકી કરવાને અને રાતે તારાઓની

ગણત્રી કરવાને પહાડને મઢાલે રાખવો જોઇએ છે. જો એમ બને કે ફરતું આસમાન આપણી સાથે બુરાઇ કરે અને આપણી ઉપરની તમામ માયાને કાપી નાંખે, તો તમો લડાઇ કરવાની ઉટાવલ કરતા ના, પણ જલદિથી તુરાન તરફ ચાલી જજો. (અને ત્યાં જણાવજો) કે 'વીસેની તોખમનો કોઈપણ જીવતો રહયો નથી અને તમારા સિવાય સઘલા માર્યા ગયા છે'" ત્યાર પછી તેઓએ જીગરના દુખ સાથે રડતાં એકમેકને બગલગીરી કીઢી અને પછી તેઓએ એકમેકથી ચેહેરા ફેરવીને (લડાઈની) ગરજના તથા પોકારો કરવા માંડયા. તુરાની લશકરનો સપેહસાલાર પણ કીનાભર્યો બની પોકાર મારતો લડાઈના મેદાનમાં ગયો.

અગીયાર શખ્સોથી લડાઈ કરવા માટે પીરાને અને ગોદરેજે સરદારોનાં નામ ચુટી કાઢયાં તે વિષે.

પીરાને કેશવાદના બેટા ગોદરેજને જોતાજ તેની સાથે કેટલીક વાતો કરી તેના જવાબો સમજી લિધા. તેણે તેને કહયું કે, "ઓ અક્કલભર્યા પેહેલવાન! તુ તારા રવાનને મેહેનત આપી કયાં સુધી દુખી કરશે? તુરાનના મુલકમાં ગમનો ધુવો ઉડનો કર્યાથી સીયાવક્ષના રવાનને શુ ફાયદો ઉપજનાર છે? તેણે તો આ જેહાનમાંથી જઇને ભલા લોકોની જગ્યા પસદ કીધી છે અને ત્યાં જઇને તે કરાર પામ્યો છે તે છતા તુ આરામ કાય નહી પકડતો? બધે લશકર આ પ્રમાણે એકમેક ઉપર હુમલો કરતા રહયા છે અને બે હાથી જેવા શખ્સોના ડોકા શરીર ઉપરથી નિચે ફેકાયા છે બધે મુલકના લશકરનો તમામ નાસ થાય છે તેથી હવે આ મેદાનને માણસોથી મોકલુ કરવાનો વખત આવ્યો છે તમામ જેહાન માણસોથી ખાલી થતી જાય છે અને એ કીનો લેતાં આપણી લડાઈ પણ થડી બનતી જાય છે તે છતા આપણે નિર્દોશોને શા માટે મારી નાખ્યે? તેથી હાલે હુ તારી આગળ બે માર્ગ વિષેની વાત કરવા માંગુ છુ જો તુ હજીપણ એજ પ્રમાણે કીનો રાખતો હોય તો તુ પેલા પાહાડની તલેટી આગળથી લશકરને અત્રે (લડવાને) લેઇ આવ અને પછી તુ તારાં લશકરમાંથી ભપકા સાથે બાહાર પડ કે જેથી એ કીનો લેવાથી તારી ઇચ્છા પાર પડે (નહી તો કે) તુ અને હુ એખલા આ કીનાના મેદાનમા લડાયકોની માફક લડાઈ કર્યે અને તેજ પ્રમાણે બીજા લડાયકો પણ કરે. આપણામાથી જેઓ ફતેહમંદ નસીબના હશે તેઓની ઇચ્છા પાર પડશે અને તેઓ તખતે બેસશે. જો હુ તારે હાથે માર્યો જાઉ તો તુ તુરાની લશકર ઉપર કીનો લેતો ના. પણ તેઓ તારી આગળ આવીને તારો હોકમ બજા લાવશે અને આપણા કોલકરાર મુજબ તેઓ પોતાના માથાં તુને અર્પણ કરશે. અગરજો તું તારાં

લશકરના નામદારોની સાથે હમારે હાથે માર્યો જશે તો પછી. હું પણ તારા લશકર સાથે લડશ નહી અને તેઓને મારે માટેની ધાસ્તી યા ગમ કરવો પડશે નહી."

જ્યારે ગોદરેજે પીરાનનુ કેહેવુ સમજ્યુ અને ગ્રહોની ચાલે તેણે તેઓનુ તમામ કામ અંધકારવાલુ જોયુ, ત્યારે તેણે પેહેલાં પરવરદેગારની તારીફ કીધી અને પછી બીજી તે નામદાર પાદશાહની યાદ કીધા બાદ તેણે પીરાનને કહયું કે, "ઓ નામદાર! મેં તારૂ તમામ કેહેવું સમજ્યુ છે. તું મને કેહે કે સીયાવક્ષનું ખુન કરવાથી અફ્રાસીયાબને શુ ફાયદો થયો? તુ હવે તારૂ માથું ફેરવ ના કારણ કે જ્યારથી તેઓએ તે બકરાં જેવાનું ડોકુ કાપી કાઢયુ ત્યારથી હમારાં દિલ લોહીથી ઉકળતાં અને જીગરો તુટેલાં બન્યાં છે ત્યાર પછી વળી તેણે ઈરાનમા પુશકલ લોકોને મારી નાખી, લુટ ચલાવી, તથા જંગ મચાવીને ખલભલાત ઉભો કીધો. સીયાવક્ષે તારાં વચન ઉપર તો પોતાનું ડોકુ ખોહયું છે અને તેને તેંજ નાહક બરબાદ કીધો છે. ત્યાર પછી જ્યારે મારો બેટો તારી આગળ આવ્યો ત્યારે તેં મારી શિખામણો માની નહી તેં ફરી જઇને લડાઇ કીધી અને આતશ માફક હુમલા કરવા માડયા. હવે મને જાહેર તેમજ છુપી રીતે પરવરદેગારની પાસેથી એવી ઇચ્છા કરવી પડી છે કે તું મારી સામે કોઈ પણ દિવસે લડવાને આવે હાલે જ્યારે તુ તેમ આવ્યો છે ત્યારે તેમાં મારે ઢીલ કરવી જોઇતી નથી તેથી હવે આપણે બુટાં માથાંવાલાઓ લશકર વગર એકમેક સાથે લડાઇ કરીશું હવે તુ તમામ લશકરમાંથી યોડાનાં નામ ચુટી કાઢ કે જેથી તે લડાયક સરદારો તલવાર, ભાલા અને ભારી ગુરજો સાથે મારા બાધુરો સામે લડવાને આવે તથા તેઓ કોશેશ સાથે એકમેક સાથે લડાઇ કરીને એકમેકના ડોકાંને ધુલમાં ફેકે" પીરાને તેને કહયુ કે "હુ તારો ઉપકાર માનું છું અને ગણત્રી નહી થઇ શકે તેવાં લશકરમાંથી યોડાકોને બાહાર કાઢુ છું.[1] હું જેવા ઘટે તેવા બાધુર સ્વારોને ઇરાનીઓ સામે લડવાને લાવશ.[1] તુ પણ જેમ બોલ્યો છે તેમ બજા લાવજે અને મને આપેલા વચણથી ફરતો ના."[1] પછી તે તુરકી સંપેહસાલારે તે કામ માટેની તૈયારી કીધી અને તુરતજ લશકરમાંથી દસ સ્વારો ચુટી કાઢયા તે સઘલાઓ ઘોડા બખતર અને હથીયાર સાથના સિહ જેવા શખ્સો અને નેકનામો હતા. પેહેલવાન ગોદરેજે પણ તુરતજ ઈરાની લશકરમાંથી તેજ પ્રમાણે દસ જવાન સ્વારોને બોલાવી મંગાવ્યા. પછી તેઓ લશકર વચેથી બાહાર પડીને લડવાની જગ્યાએ ગયા. બે સપેહસાલારોએ એ રીતે એકમેક સાથે લડાઇ અજમાવી હોય એવો દેખાવ કોઇની

---

1 એ બેત લખેલી નકલમાં વધારે છે.

નજરે પડયો હશે નહી. તુરાની લશકરમાંના દર એક સ્વારે ઇરાની લશકરનો પણ એક એક સ્વાર લડાઈના મેદાન તરફ ગયો તેઓએ ત્યા ગેવ સાથે ગુરૂઇજરેહને ગોઠવી આપ્યો કે જે બધે જોરમા સરખા અને લડાયક હતા તે લશકર વચે ગુરૂઇજરેહ ઉપર પાદશાહ (ખસરૂ) નો તમામ શ્રાપ ઉતરેલો હતો. કારણ કે તેણે સીયાવક્ષની દાઢી હાથમા ધરીને તેના ટોકાને તેના શરીર ઉપરથી સાફ કાપી કાઢયુ હતુ. બીજુ કાઉસના બેટા ફરીબરૂજ સામે વીસેહનો બેટો ગુલબાદ ઝડપથી લડાઇની જગ્યાએ આવી લાગ્યો ગોદરેજનો બેટો રેહામ બારમાન સાથે એકબેકને માટે પુરો વિચાર કરતાં (સામેસામા) આવી લાગ્યા ગરાજેહ સીયામકની સામે લડવાને માટે ગયા. તેમા એક જનુની સિંહ તો બીજો ફાડી ખાનારા મગર જેવો હતો લડાઇનો અનુભવી બાહુર ગુરગીન અનદરઈમાન[1] સામે સિંહ માફક બાહાર પડયો. ગેવના બેટા બેજન સામે પેહેલવાન રૂઈન હતો. જેઓ લડાઈ કરતા જેહાનની રોશણી પણ છીનવી લેતા હતા. અખવાસ્ત[1] સામે શાવરાનનો જગેહ હતો અને બીજા બરૂતેહ[2] સામે મદદના પુગાડનારાઓમાથી ગોહરમ[1] હતો બીજો ફરૂહલ[2] જંગલેહ[1] નામના પેહેલવાન સાથે હતો જેઓ લશકર વચેથી સાથે બાહાર પડયા હતા હજીર[2] અને સપેહરમ[1] દેવ માફકના જોડયા હતા અને તેઓ લડાઇમા દુખના પોકારો ઉઠાવે તેવા હતા. કેશવાદનો ગોદરેજ અને પીરાન સાથે હતા. એ પ્રમાણે સઘલાઓએ કીનો લેવાનો અને જુલમ ગુજારવાનોજ ઠેડાવ કીધો. તે બંધે સપેહસાલારો પોતાના પાદશાહ અને દીન માટે કીનો લેવાને લોહીના તરસીયા બન્યા.

પેહેલાં તેઓએ એકમેક સાથે સોગદ લિધા કે કોઇપણ કીનો લેવાથી પોતાનુ માથુ (નાહસવાને) ફેરવે નહી, કે જેથી પરવરદેગાર કોણની તરફ મદદ કરવાને આવે છે અને એ લડાઇમાં કોણ ફતેહમદ નિવડે છે તે જણાય. તે લશકર વચે બે ટેકડીઓ હતી કે જ્યાથી સઘલી તરફ નજર પુગી શકે એમ હતુ એક ટેકડી ઇરાનીઓની તરફ હતી જ્યારે બીજી તુરાનીઓની તરફ હતી, કે જ્યાથી બધે તરફના લશકરો દૂરવેરથી માલમ પડતા હતા. તે ટેકડીની નિચે મેદાન અને જગલો આવ્યાં હતા જ્યાં બદબખ્ત તેમજ બખતાવર નિવડનારાઓ ગયા. પછી ગોદરેજે પોતાના નામદારોને કહયુ કે "પેહેલવાનો અને

---

૧ અનદરઇમાન, અખવાસ્ત, ગોહરમ, જગલેહ, સપેહરમ એ સઘલા તુરાની પેહેલવાનો હતા

૨ બરૂતેહ, ફરૂહલ, હજીર એ સઘળા ઇરાની પેહેલવાનો હતા.

માણસોને મારનારાઓમાંથી જે કોઇ તુરાની દુશમનોમાંના કોઇને હેઠે ફેંકે તે તુરતજ પોતાનો વાવતો એ ટેકડી ઉપરથી ઉંચે ચઢાવે. સપેહસાલ'ર પીરાને પણ એક નિશાણ નકી કીધી અને તે માટે તેણે એક બીજી ટેકડીને પસંદ કીધી પછી તેઓએ લોહી રેડવા માટે કંમર મજબુત બાંધીને મેદાન તરફ ચાલવા માડયુ ત્યાં તેઓ તલવાર, તીર, ગુરજ અને કમદોથી તરેહવાર હુનરો અજમાવવા લાગ્યા તુરાની બાહાદુરો અને પેહેલવાનો પણ ગુરજો, તીરો અને ચલકતી તલવારો બાહાર કાઢવા લાગ્યા જાણે લડાઈ વખતે જો એક પાહાડ પણ તેઓ સામે આવે તો તેને પણ તેઓ હેઠો પાડવાની ઢીલ કરે નહી. છતાં તે સઘલાના હાથો હાકતા તેઓ નિચે પડતા અને યજદાંન તરથી જોર મેલવનારાઓ તેઓને બાધી લેતા હતા તેઓ જાણે તેઓને બલાના ફાંડામાં ઉતારતા હતા કારણ કે તેઓએ બેદાદીથી ઘણાઓના લોહી રેડયાં હતાં. તે જગ્યામા લડાયક ઘોડાઓ પણ હાકવા લાગ્યા તુ કહેશે કે જાણે તેઓના આગળા પગો પાછલા પગો સાથે બધાઈ જતા હતા તુરકીઓનો દાહાડો બર-ગસ્તે બનેલો હોવાથી તેઓના લોહી ઉકળતા હતા અને તેઓની તમામ સચાઇ ઉધી વળતી હતી. જેહાનને પેદા કરનાર સાહેબની પણ એવીજ ઇચ્છા હતી જેથી તુ કહેશે કે જાણે જમીન તે પેહેલવાનોને પકડી લેતી હતી જેઓ નસીબ સજોગે મરદાનગી ધરાવનારા હતા તેઓ પોતાના તખત તરફથી લડતા રેહેતા હતા તે સરદારોએ પોતાના પાદશાહને માટેજ પોતાના શરીરોને તદન હાર-જીત માટેજ લડાઇમા સોંપી દિધા હતા. તેઓ લડાઇની જગ્યાએ જડપથી જઇને ટાંનો લેવા માટે એકમેક ઉપર હુમલો કરતા હતા. સપેહસાલાર પીરાન તંગી સાથનો બુરો વખત નજદિક આવતો જાય છે એવા ભરમથી જાણીતો થયલો હોવાથી તે બોલવા લાગ્યો કે, "ઓ ઇનશાફી પરવરદેગાર ' તુ મારી આગળથી બુરા વખતને પાછો ફેરવ, કે જેથી હુ મારા વતન અને દેશને પાછો જોઉ અને શુભ નસીબને પથર તળે દાબેલુ રાખુ." પીરાને આસમાનની ગણત્રી કરી લિધાથી તે જાણતો હતો કે તેની ઉપરથી આસમાન દયાને તોડી નાખવાનું છે. ઉચાં આસમાનનુ એવુ જ કામ છે અને તેનાથીજ ખુસાલી અને દલગીરી મલે છે. લડવા સિવાય તેણે બીજો કાંઇ ઉપાય જોયો નહી અને તેથી જુલમ-ગારો ઉપર જુલમ આવી પડેલો જણાયો ત્યાં ગોદરેજ અને પીરાન સામટા આવી પોહોંચતાજ તેઓ વચે તરેહવાર થોડી ઘણી વાતો ચાલી.

ફરીબરૂજ અને ગુલબાદ વચ્ચે લડાઇ થતાં તેમાં ગુલબાદ માર્યો ગયો તે વિષે.

ઇરાની લશકરના એ નામદારો વચેથી કાઉસનો બેટો ફરીબરૂજ બાહાર પડયો.[1] તે બાહાદુર પેહેલવાન ફરીબરૂજ લશકરમાંથી એક સિંહ માફક પેહેલો બાહાર પડયો અને કમાન ઉપર તીર ચઢાવીને જડપથી વીસેહના બેટા ગુલબાદ આગળ આવ્યો પણ તેની કોશેશ છતા તેની ઇચ્છા પ્રમાણે તેના તીરો જયારે પુગ્યા નહી, ત્યારે તેણે જમને હાથે ચલકતી તલવાર બાહાર ખેંચી તેની ગરદન ઉપર મારીને, તેનુ શરીર કમર સુધી બે ભાગમા ચિરી નાખ્યુ. પછી તેણે ઘોડા ઉપરથી નિચે ઉતરી કેઆની કમંદ જીન ઉપરથી ખેંચી કાઢીને તેનો ફાંસો ખોલી તે વડે ગુલબાદને પોતાના ઘોડા ઉપર બાંધી લિધો પછી તેણે પોતાના દિલ ઉપરના પોલાદી બખતરના બંધ છોડી નાખ્યા અને ફતેહભર્યા નામ સાથે તે ટેકડી ઉપર ચઢીને ત્યાથી બુમ પાડીને એ માટેની ખબર આપી કે, "હમારો સપેહસાલાર પણ (એમજ) ફતેહભર્યો નિવડે અને પાદશાહના તમામ દુશમનો તુટેલાં દિલના બને" જયારે પેહેલવાનો પોતાના મજબુત હાથો અને ગરદન સાથે (લડવાને આવ્યા) હતા ત્યારે ઇરાનીઓએ ફાળ જોઇને એવીજ અટકલ કીધી હતી

ગેવ અને ગુરૂઇજરેહ વચ્ચે લડાઈ થતાં ગેવને હાથ ગુરૂઇજરેહ કેદ પકડાયો તે વિષે.

પછી બીજો દેવ જેવો બાહાદુર ગુરૂઇજિરેહ ગોદરેજના બેટા ગેવ સાથે બાહાર પડયો. તેઓએ ઘણા વખત સુધી નેજાથી લડાઇ કીધી અને ધુલને લોહી સાથે ભેલવા માંડી. તે થતી લડાઇની ધારતીથી તે સ્વારોના હાથમાના ભાલાઓની અણી પણ ખરી પડવા માંડી. પછી તેઓએ કમાન અને ખડગ લાકડાંના તીર પકડયા અને કાંઇપણ ઢીલ વગર એકમેક ઉપર હુમલો કરવા લાગ્યા ગેવ તે પેહેલવાનને ઘોડા ઉપરથી નિચો પાડીને જીવતો પકડવા ઇચ્છતો હતો અને એ રીતે તુરકીઓમાથી મેલવેલા એક નવી જાતના હડીઆ તરીકે ખશરૂ આગળ લેઇ જવા માંગતો હતો. તેથી જયારે ગેવ તેની નજદિક આવ્યો ત્યારે ગુરૂઇ તેના હાથે પડતીમા આવવાની ધાસ્તી ખાવા લાગ્યો. તેથી તેણે તુરતજ પોતાનો હાથ તલવાર ઉપર નાખ્યો બાહાદુર ગેવ એક ગાયની સુરતનો ગુરજ પકડી જોરાવર વાઘ માફક બુમો પાડતો તેની સામે જડપથી આવી

---

[1] એ બેત લખેલી નકલમા વધારે છે

ઉભો અને તેની તોપી સાથનાં માંથા ઉપર તે ગુરજનો ફટકો માર્યો; જેથી તેના તાલકમાંથી લોહી નિકળીને તેના ચેહેરા ઉપર તપકવા લાગ્યું. પછી ગેવે જીન ઉપરથી પોતાનો હાથ લંબાવી તેને પકડીને મજબુટ હીલવ્યો. તેથી તે જીનની ઉપર કૌવટ વગરનો બન્યાથી ઘોડા ઉપરથી નિચે તુટી પડીને બેસુધ થઇ ગયો. આથી તે લડાયક વાઘે (ગેવે) ઘોડા ઉપરથી નિચે ઉતરી તેના બે હાથો પીઠ પાછલ મજબુટ બાંધી લિધા પછી તેણે તેને જીન ઉપર આગળથી બેસાડીને ત્યાંથી ઘોડાને દોડાવ્યો અને હાથમાં વાવતા સાથે નિશાણી કરવાની જગ્યાએ ટેકડી ઉપર ચઢી ગયો અને પાહાડ તુટી પડે એવો પોકાર મારીને જમીનના પાદશાહની ફતેહ થઈ તે માટે તે પેહેલવાન દુવા દેવા લાગ્યો કે, "નામદાર પાદશાહ કએખસરૂની પાદશાહી એ પ્રમાણેનીજ રેહેજો અને તેનું બુરૂં ઈચ્છનારાઓ સોગભર્યા થજો.

ગરાજેહ અને સીયામક વચ્ચે લડાઇ થતાં સીયામક મરી ગયો તે વિષે.

તુરાની લશકરમાંથી ત્રીજો સીયામક ગરાજેહ સાથે લડાઇની જગ્યાએ આવ્યો તે બન્નેએ હાથમા નેજા પકડી મસ્ત હાથીઓ માફક બુમો પાડવા માંડી. તેઓના મગજ ગુસ્સો, લડાઈ અને કીનાથીજ ભરેલાં હતા. ત્યારબાદ તેઓ હાથમાં ભારી ગુરજ પકડી લડાયક સિંહો માફક છેડાતાં એકમેકના માથાં છુડવા લાગ્યા. તેઓની જીભ તરસથી ચિરાઇ જવા લાગી અને તેથી પેલુ મુશકેલીભર્યું કામ નજદિક આવી લાગ્યું. તેઓ ઘોડા ઉપરથી નિચે ઉતરી કુસ્તી રમીને એ પ્રમાણે કીનાને ઉશકેરવા લાગ્યા ગરાજેહે એક સિંહ માફક છાપટ મારીને તેને પવનની ઝડપે નિચે પટકયો તેથી તે જમીન સાથે એવો અફલાયો કે તેના હાડકાઓનો ચુરો થઇ ગયો અને તેનો જીવ તેજ પળે નિકળી ગયો. તુરતજ ગરાજેહે તેને ઘોડા ઉપર બાંધી લિધો અને પછી વિજલીના આતશની ઝડપે જીન ઉપર ચઢી બેસી તથા સીયામકના ઘોડાને પણ તુરત હાથમાં ધરીને એક મસ્તાન માફક ટેકડી ઉપર ચઢયો. એ પ્રમાણે પોતાનો દુશમન ઉંધો વલ્યાથી તથા પાદશાહની અને તેના ઉચાં તખતની ફતેહ થયાથી તથા તેના ચઢતાં નસીબે તેની ઇચ્છા પાર પાડયાથી તે મુબારક વાવતો હાથમાં ધરીને ભપકાથી ચાલતો ખુશાલીભર્યો ત્યા ગયો પછી તેણે નિચે ઉતરીને પાદશાહના નસીબ માટે પરવરદેગારની તારીફ કીધી. આથી પીરાનના પેહેલવાનો 'ઝનુની' સિંહો માફક ઉશકેરાઇ બુમો અને પોકારો મારવા લાગ્યા.

ફરૂહલ અને જંગલેહ વચ્ચે લડાઇ થઇ તેમાં જંગલેહ માર્યો ગયો તે વિષે.

ચોહી વારણુ ફરૂહલ અને જ ગલેહની હતી અને તે બંધે લડાયક સિંહોના જેવા હતા એશક ફરૂહલના જેવો તીર અને કમાનથી લડાઇ કરનારો બીજો કોઇપણુ શખ્સ ઇરાનીઓમાં હતો નહી. તેણે તે બીહામના તુરકીને દૂરથી જોતાજ કમાન ઉપર તીર ચઢાવ્યો અને તેને તાણીને તે જ ગલેહ ઉપર તીરનો મારો છોડવા માંડયો અને તેની સઘલી બાજુએથી ભરાવાની જગ્યાને ઘેરી લિધી. તેવામાં તેની જાંગમાંથી એક તીર પવનવેગે પસાર થઇ ગયો અને તે ઘોડાને અને માણસને સાથે સીવી લિધો. ઘોડાએ દુખને લિધે માથું નિચે નાંખી દિધું અને જ ગલેહ ફીકકે ચેહેરે તેના ઉપરથી છુટો થયો. તે જંગલેહનું માથુ પણ ઉધું પડયું અને તેનો જીવ જતો રહયો. જાણુ કે તે એવા બુરા વખતને માટેજ જનમ્યો હતો. ફરૂહલે નિચે કુદીને તેનું ડોકુ કાપી કાઢયું તથા તેના દિલ ઉપરથી રૂમી બખતર કાઢી લિધું. પછી તેનુ ડોકું જીનના પતા સાથે બાધી લેઇને તથા તેના ઘોડાને હાથ વડે પકડીને તે એક વાઘ માફક લોહીથી ખરડાયલી તલવાર અને હાથો સાથે ટેકડી ઉપર ચઢયો. તે જે ચાહતો હતો તે બનેલુ હોવાથી તેણે ત્યાંથી ખુશાલ દિલે પોતાના વાવતાને સીધ્ધો ઉચે ધર્યો.

રેહામ અને બારમાન વચ્ચે લડાઇ થઇ તેમાં બારમાન માર્યો ગયો તે વિષે.

પાંચમો શખ્સ ગોદરેજનો બેટો રેહામ હતો કે જેણે બારમાન સાથે લડાઇ કરવાની હતી. તેઓએ ખડંગના તીર અને કમાન પકડતાંજ ત્યાંથી તે જગી સ્વારોના પોકારો નિકળવા માંડયા. તેઓની કમાન તમામ ભાંગીને તુટી જતાંજ તેઓએ નેજા અને તલવાર ઉપર હાથ લંબાવ્યા તે બંધે જેમ લડાયકો હતા તેમજ બાહુરો અને સ્વારો પણ હતા તથા વળી હુશીયાર તેમજ લડાઇનો ઘણો અનુભવ પાંમેલા હતા. તેઓ એકમેક સાથે ઘણુ લડયા પછી. લડાયક રેહામે તેની જાંગ ઉપર એક નેજો ફેંકયો જેથી તેનો ઘોડો નિચે પડયો. અને તે તેના હોકમ હેઠેલ આવ્યો. બારમાન એક પેહેલવાન માફક તેના ઉપરથી કુદવા ગયો પણુ તે સ્વાર ઘોડાની નિચે આવી જવાથી રેહામે એક બીજો બાલો તેની પીઠમાં ભોકી દિધો જે તેના જીગરમાં બેસી ગયો. પછી રેહામે નિચે ઉતરીને પરવરદેગારની તથા જમીનના પદશાહના સરાં નસીબની તારીફ કીધી. તે તેને સીયાવક્ષના કીનામાં અબરૂ ઘસડી લેઇ ગયો અને કીનાથી

તેનું લોહી પોતાના ચેહેરા ઉપર ચોપડયું. પછી તેણે તેને જીન ઉપર ચઢાવી તેનું ડોકુ લટકતું રાખીને તેના પગ નિચેથી મજબુટ બાંધી લિધા અને ઘોડા ઉપર બેસીને તેને નિશાણી કરવાની જગ્યાએ જડપથી ઘસડી લેઇ ગયો. તેનું દિલ દરદ અને ગમથી છુટકારો પાંમવાને લિધે તે ખુશાલ દિલે ટેકડી ઉપર ચઢયો. ૧ પાદશાહની અને બુલંદ તખતની ફતેહથી ચઢતાં નસીબના બનેલા રેહામે જેહાનના પાદશાહની, ખસરૂના તોખમની અને તેના નેકખાહોની ત્યાંથી તારીફ કીધી

રૂઈન અને બેજન વચે લડાઈ થઇ તેમાં રૂઇન માર્યો ગયો તે વિષે.

છઠો ગેવનો બેટો બેજન રૂઈન સાથે જડપથી બાહાર પડયો અને તે બંધેએ કમાન ઉપર તીર ચઢાવ્યા. તે બધે ફાડીખાનારા સિંહ અને બીહામના હાથીઓ માફક જમની અને ડાવી બાજુએ ફરીને સાથે લડવા લાગ્યા. તેઓએ એકમેક ઉપર ઘણા હુમલા કીધા, પણ તેઓની કમાનમાંથી છુટેલા તીર અસરકારક નિવડયા નહી. તેથી તુરતજ ગેવના બેટાએ પોતાના પોલાડી ગુરજ વડે પેહેલવાન રૂઈન સાથે લડવા માડયુ એ લડાઈમાં તે તેના ઉપર ફતેહ મેલવવા લાગ્યો અને જમીનને ચિરી નાખે તેમ દોડીને તેના ઉપર તેણે હુમલો કીધો. તેણે તે પોલાદી દાંડો હવામાં ગુમાવીને તેના માથાં ઉપર માર્યો જેથી તેના તાલકમાંથી મગજ અને લોહી બાહાર નિકળી પડયું. તેણે જીન ઉપર બેઠાં બેઠાંજ વીસેહના પીરાનને યાદ કરીને પોતાનો મીઠો જીવ મુકી દિધો. પછી તે ઘોડા ઉપરથી નિચે ઉઠલાઇ પડયો તેનું તમામ શરીર લોઢાંમાં ઘકાયલું હોવા છતાં તેનું માથુ લોહીથી ભરાઈ ગયું. તે ફાયદો મેલવવા તો આવ્યો પણ હજી તે પોતાની જવાની ભોગવવાની ખુશાલી પણ પામે તે આગમચ તેને પોતાનો કીંમતી જીવ ખોહવો પડયો. જેહાન એવીજ દુખથી ભરેલી અને ચઢતી પડતીવાલી છે તેમાં દરેક ચઢતી પછી પડતી મુકવામાં આવેલી છે. પછી બેજને ઘોડા ઉપરથી નિચે ઉતરીને હારેમન માફક તેના ડોકાંને તલવાર વડે શરીરથી જુદુ કરી નાંખ્યું. પછી તે મરણ પાંમેલો ઘોર કે કફન મેલવવા નહી પાંમે તે માટે તેનામાં કમદનો ફાંસો ભેરવીને તેને જીન ઉપર ખેંચી લિધો. રૂઈનની કદર ખાવાને ત્યાં કોઈપણ શખ્સ હતો નહી. પછી બેજને એક મસ્ત હાથી માફક પોતાના ઘોડા ઉપર ચઢી બેસીને તથા તે ફાંસાની દોરી પોતાના

---

૧ એ બેત લખેલી નકલમાં વધારે છે.

હાથમાં ધરેલીજ રાખીને ત્યાંથી પોતાના જોરાવર 'ઘોડાની લગામ ફેરવી અને હાથમાં સિહની આકૃતીવાલો વાવટો ધરી તેના જાબુરો રંગ દરેક બાજુએ ફેલાવતો જડપથી ટેકડી તરફ નિકળી ગયો. ત્યાંથી તે બોલ્યો કે, "ફતેહમંદ પાદશાહ (ખસરૂ) હમેશાં કોલાહ પેહેરનાર પેહેલવાનોનો સરદાર રેહેજો. તમામ જેહાન જેહાનના પાદશાહ આગળ ગોલામ બનીને રેહેજો અને તેના સઘલા પેહેલવાનોના દિલ જાગૃત રેહેજો." ૧

હજીર અને સપેહરમ વચ્ચે લડાઇ થઇ તેમાં સપેહરમ માર્યો ગયો તે વિષે.

હજીર કે જે નામદારીભર્યો પેહેલવાન અને ઉચી પડવીનો સ્વાર હતો તે પેહેલવાનો વચેથી સાતમો બાહાર પડયો અફ્રાસીયાબના ખેસીઓ વચે સપેહરમ જે આબરૂ અને પડવી ધરાવનારો નામદાર પેહેલવાન હતો તેણે ગોદરેજના એ બેટા સાથે લડાઇ અજમાવી. કારણ કે તેના લશકરમાં તેના જેવો બીજો કોઇ સ્વાર હતો નહી. તે બંધેએ લડવાની જગ્યાએ જઇને ત્યાંથી તે મેદાનમાંની કાલી ધુલ ઉડાદવા માંડી. તે બંધે શમશેરથી લડવા લાગ્યા અને તેથી જાણે તે લોઢાંમાંથી આતશ પડવા લાગ્યો. બાધુર હજીર જે એક સિહ માફકનો હતો તે બાધુરી સાથે સપેહરમ સામે ગયો અને જેહાનને પેદા કરનાર પરવરદેગારનું નામ લેઇને અને જેહાનના જવાન પાદશાહના નસીબને યાદ કરીને તેની લોઢાંની તોપી ઉપર તેણે એક શમશેરનો ફટકો માર્યો કે તુરતજ તેનું મોત આવી ગયું. તે તુરતજ ખુવારે હાલ અને લોહીમાં તડબોડ થયલો ઘોડા ઉપરથી નિચે પડયો, અને મુબારક હજીરે ઘોડા ઉપરથી નિચે ઉતરીને તેને તેના નામદારી ભર્યાં જીન સાથે બાધી લિધો. પછી ઘોડા ઉપર ચઢી બેસી ઘોડાની લગામ પકડીને તેણે ત્યાથી ચેહેરો ફેરવ્યો અને ટેકડી ઉપર ચઢી જઇને ત્યાં પોતાના સારા નસીબની અને મુબારક જમીન (ઇરાન) ની તારીફ ગાઇ. તોપણ તેણે એ નસીબવતો વખત તથા ખુલેલું નસીબ પરવરદેગાર તરફથી મલેલું ગણી લિધુ.

ગુરગીન અને અનદરઇમાન વચ્ચે લડાઈ થઇ તેમાં અનદરઇમાન માર્યો ગયો તે વિષે.

તુરાની લશકરના અનદરઇમાન સાથે આંડમો ગુરગીન ફીનો લેવાને ગયો. તે બંધે જેહાનના અને લડાઇના અનુભવી શખ્સોએ ત્યાં આવીને લડવાની

---

૧ એ બેત લખેલી નકલમાં વધારે છે.

જગ્યા પસંદ કીધી. તેનાથી લડાઈ કરતાં તે ભાગી ગયા ત્યારે તે બંધે સરદારોએ હાથમાં કમાન ધરી વરૂના ચાંમડાની ઢાલ નિચે પોતાના ચેહેરા છુપાવીને કમાનમાંથી તીર છોડવા માંડયા તેથી તેઓના વરૂના ચાંમડાંની ઢાલ બખતર અને લોઢાંની તોપી ઉપર કરા માફક તીરો છુટવા લાગ્યા. તેવામા અનદરઇમાનના માથા ઉપર ગુરગીનનો એક તીર આવીને વાગ્યાથી તેની રૂમી તોપી સાથે તેનું તાલક સીવાઈ ગયુ. આવું સખત રીતે વાગ્યાથી તે સ્વાર જીન ઉપર ધ્રુજતો હતો તેટલામાં તે નામદારે તેને એક બીજો તીર માર્યો. તે તીર તે તુરકીના પેતમા પેવસ થવાથી દુખને લિધે તેની આખોમાંથી આંસુઓ પડવા લાગ્યાં. પછી ગુરગીને વટોલ્યાની જડપે કુદી પડી અનદરઈમાનનું ડોકુ શરીરથી જુદું કરી નાંખી તથા તેને જીનના પતા સાથે બાંધી લેઇ તે પાછો ઘોડા ઉપર ચઢી બેઠો અને તે સ્વારના ઘોડાની લગામ પોતાના હાથમાં ધરી અને કમાનને બાજુએ ઓલવીને તે ઉચી ટેકડી ઉપર જડપથી ચઢી ગયો. મદદના આપનાર યજદાંનની ફતેહથી તથા જેહાનના પાદશાહના ફતેહમંદ નસીબથી એ લડાઇમા ફતેહમંદ નિવડયાથી તેણે દિલને ખુશાલી આપનારો પોતાનો વાવતો ઉચો ઉભો કીધો.

બરૂતેહ અને ગોહરમ વચ્ચે લડાઈ થઇ તેમાં ગોહરમ માર્યો ગયો તે વિષે.

નવમો બરૂતેહ શમશેરના મારનાર ગોહરમ સાથે બાહાર પડયો. તે બંધે ખુની અને અંનજુમનના સરદારો હતા. તેઓ લડાઇના મેદાન તરફ જવાને બાહાર પડયા અને પાદશાહ તરફનો કીનો લેવા માટે લડવા વલગ્યા. તેઓએ તરેહવાર લડાઇઓ અજમાવ્યા બાદ હીન્દી તલવાર હાથમાં ધરી. તુરતજ બરૂતેહે પોતાનો ચેહેરો ફેરવીને ગોહરમની લોઢાની તોપી ઉપર તલવારનો એક ફટકો માર્યો જેથી ગોહરમ સીના સુધી બે ટુકડામાં ચીરાઈ ગયો. આથી દુશમનોનાં દિલ બરૂતેહ માટે ધાસ્તી ખાઈ ગયા. પછી ઘોડા ઉપરથી નિચે ઉતરીને તથા તુઝ નામના લાકડાંના બનાવેલાં જીન સાથે તેને બાંધી લેઇને તે પોતે પાછો ચઢી બેઠો અને પોતાના એક હાથમાં હીન્દી તલવાર તથા બીજા હાથમાં મુબારક ઝુન્ડો ધરીને તથા ગોહરમને ઘોડા ઉપર ઉંધો નાખીને એક જોરાવર વાઘની માફક ટેકડી ઉપર ચઢયો અને (ત્યાંથી) તે બોલ્યો કે, "ફતેહમંદ નિવડેલા પાદશાહનું તાજ હમેશાં સુરજ સુધી પુગેલુ રેહેજો."

શાવરાનના જંગેહ સાથે અખવાસ્તને લડાઇ થઇ તેમાં અખવાસ્ત મારયો ગયો તે વિષે.

પેહેલવાનો અને લડાયકોમાંથી દસમો શાવરાનનો જંગેહ લડવાને બાહાર પડયો, જેનો જોડીદાર નસીબ સંજોગે લડાયક અખવાસ્ત કે જેની સાથની લડાઇમાંથી કોઇપણ પોતાનું માથુ પાછુ ફેરવી શકતો હતો નહી તે હતો. અખવાસ્ત અને શાવરાનના જંગેહ બધે હાથમાં ભારી ગુરજ પકડીને અંદાજ મુજબ લડવા બાહાર પડયા. પુશકલ વખત લાગ્યાથી તેઓની લડાઇ ઘણી તંગ બનવા લાગી. લડતાં લડતાં અરબી ઘોડાઓ પણ હાકી ગયા જેથી તુ કેહેશે કે તે ઘોડાઓની નેસો પણ હીલી શકતી નથી જ્યારે (આસમાનના) ગુમબજમાથી પ્રકાશતો સુરજ નિચે ઉતરવા લાગ્યો અને તે મેદાન તપેલા લોઢાં માફક (લાલ) બન્યું, ત્યારે તેઓ ત્યાં એટલા તો ઠાકી ગયા કે તુ કહેશે કે તેઓથી આગળ પગલું ભરાશે નહી. તેથી તેઓએ અરસપરસ સમજુતી કીધી કે "હાલે આપણા જીગર ગરમીથી તપી આવ્યા છે, માટે આપણે આસાયશ અને ઠાક લિધા પછી લડવાને પાછા આવીશું" આથી તેઓ પોતાના લડાયક ઘોડાઓને એક બાજુએ લેઇ ગયા અને નિચે ઉતરી તેઓના પગ બાંધી લિધા. તેઓ આસાયશ લેઇને પાછા ઉઠયા અને પાછી લડાઇ કરવા અને કીનો લેવાની પાછી તૈયારી કીધી. તે સ્વારો લડવાની જગ્યાએ આતશ માફક નેજાથી લડવા લાગ્યા. તુરતજ જંગેહ તેના ઉપર ફાવી નિકલ્યો અને તેણે જમીનને ચિડી નાખે તેમ ઉટાવલે દોડીને અખવાસ્તની કંમરમાં નેજાનો એક ફટકો મારી તેને ઘોડા ઉપરથી ઉઠલાવીને નિચે અબરૂ નાખ્યો. પછી તેણે લડાઇનું મેદાન ફાટી જાય એવો વાડલના ગગડાત માફકનો એક પોકાર કીધો અને ઘોડા ઉપરથી નિચે ઉતરી તેની આગળ જઇને તેને અબરૂ હાલતમાં કાલી ધુલ ઉપરથી ઘસડી લાવ્યો, અને કાંઇ યુકિત વાપડીને તેને અબરૂ હાલતમાં જમીન ઉપરથી ઘોડાના જીન ઉપર નાંખ્યો. પછી પાછો ઘોડા ઉપર બેસીને તે ટેકડી તરફ ગયો. અજબ જેવું એ કે તુરકીઓ ઉપરજ નસીબ રૂઠવા લાગ્યું. જંગેહે હાથમાં વરૂની આકૃતીવાલો વાવતો ધરીને નિચાણમાંથી તે મુબારક ટેકડી ઉપર ચઢીને પોતાના દોસ્તોને દેખાડતાં પાદશાહની તથા જમીનના પેહેલવાનોની તારીફ કીધી.

ગોહરેજ અને પીરાન વચ્ચે લડાઇ થઇ અને તેમાં પીરાન મારયો ગયો તે વિષે.

દાહાડાના નવ કલાક પસાર થતાં તે બોહોલા મેદાનમાં તુરકીઓમાનો કોઈ (જીવતો) રહયો નહી. તે તુરકીઓના જીવ તલવારોથી છુટા થતા ગયા. તું કેહેશે કે દુન્યા નાકદર છે કારણ કે તે જે કોઇને નાજ નખરાંથી ઉધારે છે

અને તેને એ પ્રમાણે લાંબો વખત રાખ્યા પછી તેની ખુશાલી વગેરે તે ઓચિંતો હુમલો લાવે છે અને તેના ઉપર સખતી તથા ખુવારી લાવી નાખે છે. તે ઓચિંતો પવન લાવી આપણને એક દમમાં ફુંકી નાખે છે. એ પ્રમાણે આપણે તેને ઇનશાફ ગણીએ છીએ અને તેના ઉપર આધાર રાખ્યે છીએ તે શુમીઅતવાલી લડાઇથી તુરાનીઓ ઉપર લડાઇના મેદાનમાં શુમીયત સાથનાજ હુમલા થયા

એવું બન્યુ કે તુરાની લશકરના એક પણ સ્વારને તે મેદાનમાં બચેલો પીરાને નહી જોયાથી હવે ઇરાની અને તુરાની સપેહસાલારો તે બીહામના ફીના માટે એકઠા મલ્યા તેઓ દિલને દુખી તથા મગજને ફીનાભર્યાં બનાવીને ચાલતા તે લડાઈની જગ્યાએ આવ્યા લડાઇના મેદાનમાં લડતા સ્વારોથી ઉડી રહેલી ધુલથી સુરજ પણ કટાલી જવા લાગ્યો. તેઓએ તલવાર, ખંજર, ગુરજ અને કંમદથી તરેહ તરેહવારની ચાલાકી દેખાડી. પણ પરવરદેગારનું જેમ કરવું હતુ તેમ પીરાન ઉપર પણ તેનાથી એવીજ બુરાઇ પોંહોચી. પરવરદેગારની ઇચ્છા આગળ તેનો કાંઇ ઉપાય નહી રહયાથી તેના બેસવાના ઘોડામાં પણ જોર રહયું નહી. કેવો વખત આવ્યો છે તે પીરાને જોઇ લિધું અને તે પરવરદેગાર તરફથીજ બન્યું છે એમ તે પાંમી ગયો. તોપણ તેણે પરવરદેગાર તરફની મલેલી મરદાનગીથી ફરતા જમાના સાથે પણ લડત ચલાવી. પછી તે બંધે હુશીયાર તેમજ બુજોર્ગ લશકરના સપેહસાલારોએ તીર અને કમાન પકડીને જેમ પાનખર રૂતુનો પવન ઝાડ સાથે લડે તેમ તીરોનો મજબુટ વરસાદ વરસાવ્યો. ગોદરેજે લોઢાને વિંધી પથ્થરમાં પણ બેસી જાય તેવો એક ખંડગ લાકડાંનો તીર ચુટી કાઢીને તે પીરાનના ઘોડાના બખતર ઉપર મારીને તે ચિરી નાખ્યું જેથી તે ઘોડો ધ્રુજીને અને હાંફીને નિચે પડી ગયો. પીરાન પણ તેની નિચે આવી ગયો અને તે ઘોડો નિચે કચડાયલા બાધુર સ્વાર ઉપર તફડયાથી તેના જોરે પીરાનના જમના હાથના બાગીને બે ટુકડા થઇ ગયા. (તોપણ) તે તેમાથી મંડાઇને બાહાર નિકળ્યો અને તુરતજ ઉડી ઉભો થયો. પણ તેનું મોત નજદિક આવ્યુ છે અને તે બુરા વખતમાંથી છટકવાનો નથી એમ પાંમી જતાંજ તેણે ગોદરેજ આગળથી પાહાડ તરફ નાહાસવા માંડયુ. તે પોતાના હાથના દુખથી અને દોડવાથી ગાભરો બનીને જડપથી મોહું ફેરવી પાહાડ તરફ નાહાસવા લાગ્યો, કે જેથી તે પેહેલવાન ગોદરેજને પછાત રાખીને જડપથી પાહાડને મહાલે નાહાસી જાય. ગોદરેજ તેમ જોઇને જારજાર રડવા પડયો અને તે પણ જમાનાની ગીરદેશથી ધાસ્તી ખાવા લાગ્યો. તે સમજી ગયો કે જમાનો કોઈ સાથે વફાદારી દેખાડતો નથી પણ તે જફા ગુજારવાનેજ પોતાની કંમર બાંધેલી

રાખે છે પછી તે બુમ પાડીને બોલ્યો કે, "ઓ નામદાર પેહેલવાન! તુને શું થયું છે કે તું એક શેકારની માફક મારી આગળથી એમ ઘોડા વગર નાહાગી જાય છે? ઓ અંજુમનના સરદાર[1] તારૂં પેલુ લશકર કયાં ગયું? લશકરમાથી તો હવે કોઇ તારી મદદે આવતુ નથી. મે તુને એવી રીતે ફરીયાદ કરતો પણ જોયો નથી ? તારૂ પેલું સઘલું જોર અને મરદાનગી કયાં ગઇ? કયાં છે તારાં હથીયાર? કયાં છે તારૂં (બાહુર) દિલ? કયાં છે તારો ખજાનો અને તારૂં ડાહાપણ? તુ તો પેહેલવાનોનો દાંભ અને અફરાસીયાબનો મદદગાર હતો, પણ હવે તે પાદશાહના સુરજનો અસ્ત થયો છે. તારી આગળથી જમાનાએ પોતાનો તમામ ચેહેરો ફેરવી નાખ્યો છે, તેથી હવે તારે માટે ફરેબ રમવાનો વખત રહયો નથી, માટે તુ એવી યુક્તિ ના કર. હવે જ્યારે તારૂ કામ આવું બન્યુ છે તો તું માફ માંગી લે કે જેથી હું તુને તે પાદશાહ (ખસરૂ) આગળ જીવતો લેઈ જાઉ. તે ફતેહમદ પાદશાહ તુંને માફ કરશે કારણ કે તુ પણ મારીજ માફક બુઢાં માથાનો પેહેલવાનછે પીરાને તેને જવાબ દિધો કે "એવુ પણ બનતુ ના તેમજ આખરે મારી ઉપર બુરાઇ પણ ગુજરતી ના હવે પછી જો મારી જીદગી ચાલુ રેહે તોપણ માફ માંગવા આવવાનુ કામ મારે માટે ભારી ગણાય. હુ તો મરવા માટેજ જેહાનમાં જનમ્યો છુ અને તે કામ કરવાનુ મે તારે હાથ સોફેલુ છે. મે મોટાઓથી એવીજ વાત સમજી છે કે આ ખુશનુમા જેહાનમા તુ ગમે એટલો વખત રેહેશે તોપણ આખરે મોત તો છેજ અને તેની આગળ કાંઇ ઉપાય નથી. તેથી આ જગ્યાએ મારે માટે ફર્યાદ કરવાનુ કાંઈ કારણ નથી."

ગોદરેજે તે પાહાડની આસપાસ તેની એવી તો પુઠ પકડી કે જેથી તેનો માર્ગ રહયો નહી અને તે ગભરાતમાં પડયો. પછી ગોદરેજે ઘોડા ઉપરથી ઉતરીને જેમ એક શેકારી કરે તેમ તેણે ઢાલને હાથમા ધરી. એ રીતે તેણે ઢાલને આડી ધરીને અને ભાલો હાથમાં પકડીને નિચાનમાંથી ઉચાઇએ ચઢવા માંડયુ. પીરાને દૂરથી તેને એમ કરતાં દિઠાથી તે તુરાની સરદારે પથરને મથાલેથી નિચે કુદીને તેના ઉપર તીરની જડપે એક જમ્બ્યો ફેકયો, જે તે બુઢા સરદારની બાજુને આવી લાગ્યો. જ્યારે ગોદરેજ તેને હાથે એમ ઘાહેલ થયો ત્યારે તેણે પણ કીનાથી ઉશકેરાઇને એક જંમ્બ્યો ફેકયો જે પીરાનને વાગીને તેના દિલ ઉપરના તમામ બખતરને વિંધી તેના જીગરને રસ્તે પીઠમા દાખલ થયો. તેથી પીરાન તફડવા લાગ્યો અને બેસુધ થઇ ઉધે મસતક પડયો તેના મોઢાને રસ્તે જીગરમાનું લોહી વેહેવા લાગ્યું અને તેનું રવાન તેની રાહાનુમાઈ છોડી

---

૧ એ બેત લખેલી નકલમાં વધારે છે

ગયું.[1] તે ઝનુની સિંહ જેવો શખ્સ પોતાનું જીગર પોલાદી જંમખ્થી ઘાહેલ થવાથી ઉંધે મસ્તક નિચે પડયો અને સખત પાહાડ ઉપર થોડો વખત તરફડયા બાદ તે ફીનો લેવાથી અને લડાઇ કરવાથી (હંમેશનો) આરામ પાંમ્યો. જમાનાના પંજા ઝેહેર પાએલા હોય છે જે સિંહોના દિલ અને વાઘોના ચાંગડાંને પણ ચિરી કાઢે છે. ફરનો જમાનો પોતે પણ તેવોજ છે. તે ડાહયા શખ્સોની શિખામણો ઉપર ધ્યાન આપતો નથી જ્યારે ગોદરેજ તે પાહાડ ઉપર ચઢયો ત્યારે તેણે પીરાન્‌ને ત્યાં એ પ્રમાણે ખુવારે હાલ પડેલો દિઠો. તેનું દિલ અને હાથ ઘાહેલ થયાથી તેનુ માથુ ધુલ ઉપર પડેલું હતુ. તેનું બખતર ચિરાઇ ગયુ હતુ અને તેની કમર ભાગી ગઇ હતી આથી ગોદરેજ બોલ્યો કે "ઓ સિહનર જેવા શખ્સ! તુ તો પેહેલવાનોનો સરદાર અને બાહુરેનો પેહેલવાન હતો. તારા અને મારા જેવા ઘણાઓને જેહાને જોયા છે, પણ તે કોઇની પણ સાથે સુલેહથી રેહેવા ઈચ્છતી નથી."

જ્યારે ગોદરેજે તેને આવી રીતે ધુલ અને લોહી વચે ખુવારે હાલ મુવેલો જોયો,[2] ત્યારે તેણે વાકો વળીને પોતાનો હાથ લબાવ્યો અને અજબ છે કે તેણે સીયાવક્ષના ખુન માટે જારજાર રડીને તેનું લોહી ઉચકીને પીધુ અને

---

[1] ફીરદોસીએ આ અગીયાર તુરાની અને ઈરાનીઓ વચેની લડાઈનું જે બ્યાન આપ્યુ છે તેમા તેણે તુસની ગેરહાજરી જણાવી છે પણ વીસેહના બાહુર બેટાઓ સાથે લડાઇ કરનાર અવસ્તા મુજબ તો તુસ જણાયલો છે અવસ્તામા જણાવ્યા મુજબ તેણેજ વીસેહના બાહુર બેટાઓ ઉપર જીત મેલવી હતી આંવાચશ્તના ૫૪ અને ૫૫ મા ફકરામા તુસ અરદવીસુરથી એવી દુવા માગે છે કે "ઓ ખુબીવાલી, ઘણોજ ફાયદો કરનારી નિરમલ અરદ્વીસર! તું મને આ મુરાદ બક્ષ, તે એ કે હુ વએસકના બાહુર છોકરાઓને બુલદ પાક કંગદેજના ક્ષથ્રો-સુક નામના સૌથી ઉંચાં દરવાજા આગળ જેર કરનારો થાઉ, તથા તુરાની દેશોના લોકોને પચાસથી સો ઘણા, સોથી હજાર ઘણા, હજારથી દસ હજાર ઘણા અને દસ હજારથી અગણીત ઘણા હું મારૂ મુરાદ બક્ષનારી નિર્મલ અરદ્વીસૂરે તે ફીયાની જોર લેઇ જનાર, ભેટ આપનાર, આરાધના કરનાર, મુરાદ ચાહાનાર (તુસ)ને તે મુરાદ બક્ષી" અવસ્તા મુજબ તો ત્યારે પીરાનને અને પીરાનના ભાઇઓને મારનાર તુસ ગણાવો જોઈએ. આવા યશ્તના ૫૭, ૫૮ અને ૫૯ માં ફકરામા એજ મુજબ વએસકના બેટાઓ તુસને જેર કરવાની મુરાદ ચાહે છે પણ તેઓની તે મુરાદ અરદ્વીસર બરલાવતી જણાતી નથી આ અવસ્તાનો વએસક તે ફારસી વીસેહ નામમા બદલાઈ ગયો છે, પણ વએસક અને વીસેહ એ એકજ શખ્સ છે જેતે શાહાનામામા પીરાનનો બાપ જણાવ્યો છે.

૨. એ બેત લખેલી નકલમા વધારે છે.

મોંઢે ચોપડયું. પછી તેણે પરવરદેગારની તારીફ ગાતાં તેના સીતેર વાહાલા બેટાઓના ખુન રેડાયાં તે માટે પણ તે પરવરદેગારની હજુરમાં રડયો. ત્યાર-બાદ તેણે પીરાનનું ડોકુ શરીર ઉપરથી કાપી કાઢવા ઈચ્છયું પણ તેણે તેને એટલોબધો બુરી કરણીનો નહી જોયાથી તેણે તેના માથાં આગળ તેનો વાવતો ઉડતો કીધો અને તેના છાયડા નિચે તેનું માથુ મુકયું. પછી તે પોતાની બાજુ-માથી ઝરા માફક વેહેતાં લોહી સાથે પોતાના લશકર તરફ જવા નિકળ્યો. તે સિંહ જેવા શખ્સે લડાઇમાંથી ફતેહભર્યો પાછા ફરતાંજ પોતાનો ખુબસુરત વાવતો ઉંચે ચઢાવ્યો. પછી તે તમામ કીનાખોર લડાયક શખ્સો જે પ્રમાણે કીનો લેવાનો ચાલ હતો તે પ્રમાણે તે કામ પાર ઉતારીને અને મારી નાખેલા (હરીફો) ને જીન ઉપર બાંધીને, તે ટેકડી ઉપરથી લશકર તરફ જવાને નિકળ્યા. જ્યારે તે કીનો લેનારાઓ સાથે તે પેહેલવાન (ગોદરેજ) જણાયો નહી ત્યારે બુઢાઓ અને જવાનોએ રૂડનના પોકાર કરવા માંડયાં કે કદાચને પીરાનને હાથે ગોદરેજનું ખુન થવાથી તેનો પણ અંત આવ્યો હશે. આથી તે લશકરના પેહેલવાનનેજ નહી જોયાથી તમામ લશકર જારજાર રડવા લાગ્યું. પણ તેવામાં તેઓને કાલાં ધુલારાં વચેથી તેનો પણ વાવતો જણાયો, તેથી તે મેદાનમાં તેઓ પાછા ખુશાલ બની ગયા, અને જ્યારે ધુલારા વચેથી તેમને ગોદરેજના દર્શણ થયાં ત્યારે તો તે નામદારોના દિલ વગર દુખના બન્યાં. આથી તે લશકરની છાવણીમાંથી ઢોલોના અવાજ નિકળવાથી જાણે તે સાદ આસમાન સુધી પુગવા લાગ્યા. બુજોર્ગ લોકો હસ્તા અને ખુશી થતા તે પેહે-લવાન આગળ આવ્યા અને સઘલાઓ તેને કેહેવા લાગ્યા કે, "તુ પેહેલવાન પીરાન કે જે સિંહ જેવા દિલનો શખ્સ હતો અને તેની તમામ ઉમર ઉપર લડાઇ કરવા પાછલ ગઇ હતી તેને માટે ગમગીન બનીને પાછો ફરેલો લાગે છે" આથી તેણે તુરતજ તે પેહેલવાનો અને લશકર આગળ તમામ જાહેર અને ખાનગી વાત વિસ્તારીને કેહેતાં આંગળી વડે નિશાણી કરી લડવાની જગ્યા દેખાડીને પીરાન સાથે જમાનાએ શુ શુ કીધું હતું તે ત્યાં કહયું. પછી તેણે રેહામને ઘોડા ઉપર બેસીને તે (પીરાન) ને ત્યાં લાવવા માટે કંમર બાંધવાને ફરમાવતાં કહયું કે, "તેને તુ તારા જીન સાથે બાંધીને તે પાહાડ ઉપરથી નિચે લાવ. તું તેના વાવતા અને બખતરને પણ જેમ છે તેમજ બાંધી લેજે અને તેની કમરને જરાપણ હાથ લગાડતો ના" તે પેહેલવાને તેને એમ કેહેતાંજ રેહામ તોફાની પવનની જડપે ત્યાંથી બાહાર પડયો અને પીરાનનુ રોશન શરીર કે જે ઉપરનું બખતર તમામ લોહીમાં ગરકાવ થયું હતું તે તેણે જીન ઉપર ચઢાવીને કંમદથી બાંધી લેઇ તેને ઉંચા પાહાડ ઉપરથી નિચે ઉતાર્યું. જ્યારે

નિશાણી કરવાની જગ્યાએથી પેહેલવાનો અને બાધુરોએ તેનો વાવનો જોયો ત્યારે તે જમીનના પેહેલવાનની સઘલાઓ તારીફ કરતાં બોલ્યા કે, "ઓ ઇરાનીઓને પુસ્તી આપનારા તથા તાજ અને કેઆની તખતની નોકરી બજા-વનારા નામદાર! તેં ફતેહ મેલવવા અને જમાનાને તોડવા તારૂં શરીર અને જીવ લશકરને અર્પણ કીધાં છે

ગોદરેજે તે સરદારોને એવો જવાબ દિધો કે "જ્યારે આપણી લડાઈ એ પ્રમાણે ભારી થઈ પડી ત્યારે મારા દિલને એવું લાગ્યુ કે જો અફ્રાસી-યાબ પણ પોતાના લશકરને નદીની આ બાજુએ લાવે તો તેનું લશકર દુખ અને સખ્તીથી આસુદું ગણાશે અને મારૂ લશકર આટલીબધી ઉટાવલ કરવાથી ઠાકી ગયલું બનશે માટે મેં સાવચેટી ખાતર એક કાસદને પાદશાહ ખસરૂ આગળ મોકલીને તેના ઉપર કેટલીક સલાહ કેહેવાડી હતી કે 'જો તુરકીઓનો પાદશાહ અત્રે લશકર લાવશે તો હમો તેની સામે આ મેદાનમાં ટકવાના નથી.' તેથી હુ એમ ધારૂ છુ કે ખસરૂ પણ લશકર લેઇને આ મેદાનમાં જડપથી આવતો હશે માટે તમો કીનાના મેદાનમાં જેઓ માર્યા ગયા છે તેઓને એજ હાલતમાં લેઇ જઇ શકયે. તેમ કરવાથી તે ખુશી થશે અને આપણે ચઢતી પડતી મેલવીશું. કારણ કે તુરકીઓ અને ઇરાનીઓનો એ જગડો તેના આવવાથી ઓછો થઇ જશે તેથી હુ પરવરદેગારથી એવી ઉમેદ રાખુ છુ કે તે સુરજના જેવા દમામવાલો પાદશાહ અત્રે જલદી આવી લાગે. તેના તમામ કીનાભર્યું લશકર લાવવાથી આ લડાઈના મેદાનમાં દમામમાં વધારો થશે. વળી જો તુરાની પાદશાહ પણ લશકર લાવશે તો આ લડાઇમાં તે (ખસરૂ) આપ-ણુને મદદ લાગશે. જો ખસરૂજ (અત્રે) આવશે તો પાક પરવરદેગાર તરફથી મળેલાં જોરથી આપણને તે તુરકીઓની ધાસ્તી રેહેશે નહી" આથી સઘ-ળાઓ તેની તારીફ કરવા લાગ્યા કે "જમાનો અને જમીન તારા વગરના ખાલી રેહેતા ના. તારા બોલવામા તમામ ફાયદોજ સમાયલો છે અને સુરજ તથા ચંદ્ર પણ તારા દિદારથી રોશન રહે છે" પછી તેઓ મુવેલાઓને સાથે લેઇને તથા ગુરૂઇજરેહને કમદની દોરીથી બાંધેલા હાથો સાથે અને ગલામાં ફાંસા સાથે પગે ઘસડતો ચલાવીને ત્યાથી છાવણી તરફ ગયા જ્યારે તેઓ લશ-કરની નજર પડે એટલા નજદિક આવી લાગ્યા ત્યારે તે લશકર પોતાના સરદા-રને લેવાને સામુ આવ્યુ. સિંહ જેવો ગસતહમ લશકરની હરોલમાં ચાલતો બાધુર પેહેલવાન આગળ આવીને જમીનને બોસો લેઈ તેની તારીફ કરતાં બોલ્યો કે, "તારાં લશકરને તુ સહીસલામત તપાસી લે. તેં એ (લશકરને) જેવુ મને સોંપ્યું હતું અને તે જેમ ગોદરેજના હાથમાં રહયું હતુ તેમ ગસત-

એમના હાથમાં રહેલું હું તુંને પાછું સ્વાધીન કરૂં છું" તેટલામાં રીયુબદના પાહાડ ઉપરના ચોકીબાનના પોકાર સમજાયા કે "ધુલારાંને લિધે આખા મેદાનમાં કાળી રાત જેવો દેખાવ થયો છે અને અજબ જેવા ખુશાલીના પોકારો, તથા નગારાં અને ઢોલોના અવાજથી તું કેહેશે કે જાણે મેદાન પણ ધ્રુજી રહયું છે. વળી એક હાથીની પીઠ ઉપર ફીરોઝાનું તખત છે જે નાઇલ નદી માફક ચલકે છે. રાતા, પીલા અને જાંબુરા વાવતાઓના પ્રકાશથી જાણે પાદશાહી ઝુન્દાથી હવા બને તેવી બની છે એક સરોવર જેવો દમામદાર ઉચો વાવતો પણ દૂરથી દેખાય છે. સ્વારો અને હથીયારબંધ માણસોના ચાલવાથી એક નાકેથી તે બીજે નાકે સુધીની જમીન કાલા રંગની બની છે. અઝદાહના અને હોમાય પક્ષીની આકૃતિવાલા વાવતા પુંઠે વાવતાઓ જણાય છે જો તેઓ એમજ ઉટાવળી મુસાફરી કરતા આવશે તો તેઓ કાલે તો અત્રે આવી પુગશે.

લેહાક અને ફરશીદવરદને પીરાનના માર્યા જવાની ખબર થયાથી તેઓ નાહાસી ગયા તે વિષે.

વળી પેલી તરફ કનાબદના પાહાડ ઉપરના ચોકીબાને પણ એવીજ અગનયબી જોઇને તેણે લેહાક અને ફરશીદવરદ આગળ એ ખબર પુગાડવાને દોડતો આવીને કહયુ કે, 'તમામ મેદાન જાખા રંગનુ બન્યુ છે.[1] જો મારી આંખ આંધલી નહી હોય અથવા તો મારા હદ ઉપરાત દુર જોવાથી મારી નજર અજાઇ જતી નહી હોય તો મને લાગે છે કે યજદાએ તુરકીઓની ઉપર હલાકી પુગાડી છે અને તેઓએ ઉઠાવેલી તમામ મેહેનત ધુલ બરોબર બની છે ઉચી જગ્યાએથી એક લશકર પીઠેથી પોકાર કરતું આવતુ જણાય છે જેમાના દરેક હાથમા વાવતા પકડેલા છે. વળી મે સપેહસાલાર પીરાનનો ઝુન્ડો ઉંધો પડેલો અને તેનુ શરીર લોહીમાં તડબોડ થયલુ જોયુ છે અત્રેથી પેહેલવાન પીરાન સાથે જડપથી લડવા ગયલા દસ બાધુરોના ડોકાં પણ ઉધા વળેલા દેખાય છે અને તેઓને લોહીથી જજડતા શરીર સાથે તેઓ ઘોડા ઉપર નાંખી લેઇ ગયા છે. તે ઇરાની બાધુરો હાલે ત્યાથી ગસતહમ આગળ પણ જઇ પુગ્યા છે[1] રીયુબદના મેદાનની પેલી તરફથી એક કાલુ ધુલારૂ ઉડતું જણાય છે જેથી જમીન સીસમ જેવી કાલી બની છે." આથી લેહાકે અને ફરશીદવરદે તે મેદાનમાંથી ચોકી કરવાની જગ્યાએ જઇને ત્યાથી નજરે નજર પોતાના પાદશાહ જેવા સપેહસાલાર ભાઇને તેના ચુટી કાઢેલા સરદારો જેવા દસ સ્વારો કે જેઓ તુરકીઓ વચ્ચે બાધુર અને લડાયક હતા તેઓની સાથે માર્યો ગયલો જોયો તેથી તેઓએ ચોકી કરવાની જગ્યાએજ ઉશકેરાઇને જારી કરતાં

1. એ બેત લખેલી નકલમા વધારે છે.

પોતાના ભાઇના ખુનને માટે રૂડન કરવા માંડયું અને બોલ્યા કે, "ઓ સિંહ નર જેવા તુરકીઓના સપેહસાલાર! ઓ બાહદુર સ્વાર! જ્યારે તું જેહાનમાંથી એમ ચ.લી જવાનો હતો તો તું આવી સખાવત અને સચાઇ શા માટે ધરાવતો હતો? હવે તો દુશમનોનીજ તમામ ઇચ્છા પાર પડી છે અને તારૂં તો જેહાનમાં સઘલી બુરાઇ સાથનુજ સેવટ આવ્યું છે. હવે કોણ જેહાનમાં તારો કીનો લેશે? અને કોણ તારી રાહારીતી અને તારા રેવાજને પકડશે? હવે આ જમીન કે જમાના ઉપર તારાં લોહી (ખાનદાન)નુ કોઇ રહેલુ નહી હોવાથી તારા કીના માટે કોણ કમર બાંધશે?? તુરાનના મુલક અને અફ્રાસીયાબને માટે એ ઘણું બુરૂ થયુ છે અને તેથી તમામ ખરાબીજ નિપજશે. માટે હવે તો આપણા ડાકાને પણ કપાવી દેવા માટે આપણા શરીર, તલવાર અને હાથોને લોહીમા ગરકાવ બનાવવા જોઇએ." પણ તેઓને પીરાનની શિખામણો યાદ આવ્યાથી તેઓથી પોતાના બેવકુફીભર્યા બોલવા પ્રમાણે ચલાયું નહી. પીરાને ગોદરેજ સાથે લડાઇ કરવા જતી વખતે પેહેલવાન ફરશીદવરદને એમ કહયું હતુ કે, 'જો હુ કીનાના મેદાનમાં માર્યો જાઉ તો તમો તે લશકર સામે કોઇને પણ ઉભા રેહેવા દેતા ના કારણ કે કીનાના મેદાનમા મારી ગેરહાજરીને લિધે જમીન આપણા નામદારો માટે તગ બનશે અને વીસેહની તોખમનો કોઇ પણ શખ્સ પોતાના માથાંમાં મગજ સાથે જીવી શકશે નહી. વળી ઇરાનીઓએ હમુને કીનાના મેદાનમા મારી નાખીને હમારા શરીર વગરનાં ડાકાને ઇરાન લેઇ જવાથી આપણુ લશકર ગોદરેજ પાસે માફી માંગી લે તોપણ તમો પોતાને હલકા પડવા દેતા ના. તમારા બુરા દુશમનો તમારો જીવ લે તેના કરતાં તમો બ્યાબાનનો રસ્તો લેજો. કારણ કે હવે વીસેહના ખાનદાનના સઘલા માર્યા જવાથી તમારા સિવાય બીજો કોઇપણ શખ્સ બાકી રેહેશે નહી." ૧

આથી તેઓ આંસુભરી આખો સાથે અને તદન તવાઈ ગયલાં શરીર સાથે પોતાની છાવણી તરફ પાછા ફર્યાથી તે ભપકાદાર લશકર ભરવાદ વગરનું બન્યુ છે એવી વાત તમામ લશકર પણ ચેટી ગયુ. તેથી તે સઘલાઓ પણ જારી અને રૂડન કરતા અને આતશમા બલે તેમ બલતા અને હોટોમાંથી થંડી હાય મારતા લેહાક અને ફરશીદવરદ આગળ આવીને બોલ્યા કે, "જ્યારે તુરાની લશકરના ટેકા સમાન પેહેલવાન ગુજરી ગયો છે તો હવે આપણે આ લડાઇના મેદાનમાં શુ કરશુ. હવે કમર બાંધવાનુ અને લોઢાંની કોલાહ માથાં ઉપર મુકવાનું કોણનુ દિલ થશે?" લેહાક અને ફરશીદવરદે તેઓને જવાબ દિધો કે, "જ્યાં પરવરદેગારની ઇચ્છા હોય ત્યાં કોણની શકિત છે કે તેમ નહી

૧ એ બેત લખેલી નકલમાં વધારે છે.

કરી શકે? પરવરદેગારનું તેના ઉપર એવુંજ ગુજારવાનુ હશે કે તે ફોનો લેતાં ખુલારેહાલ માર્યો જાય, તેનુ ડોકું તેના શરીરની તલવાર વડે જુદું થાય, અને તે કાલી ધુલ સિવાય કફન માટે બીજુ કાંઇ મેલવી શકે નહી, અને તેના દુશમનો તેના લોહીથી ખરડાયલાં માથાં, પોશાક અને બખતર સાથે તેને દરેક ઠેકાણે મુવેલો ઘસડી લેઈ જાય. હવે જે બનવાનું હતુ તે તો બન્યુ છે અને પીરાન તો ચાલી ગયો છે અને તેના કામકાજો બરબાદ ગયાં છે જ્યાં સુધી તે જીવતો હતો ત્યાં સુધી તે લશકરના એક થાંભ જેવો હતો. તેનો જીવ લશકર તરફની માયાથી ભરેલો હતો લશકરને દુશમનોથી બચાવનાર તેજ હતો અને તેની આગળ નામદારોના ડોંકા કાંઇ બીસાડમાં હતા નહી. તેની નેકી અને બદી આ જેહાનમા રહી જશે અને પરવરદેગારે તેને હમણા ભલા કામ કરનોજ બનાવ્યો હશે. તે પોતાના ગુજરવા પછીનાજ વખતનો ગમ કરતો હતો અને તેથી તેણે લડાઈ દરમ્યાન ગોદરેજ પાસેથી વચણ લેઈ લિધુ હતુ કે 'જો હું ફોનાનાં મેદાનમા માર્યો જાંઉ તો તુ તુરાની લશકર ઉપર ફોનો લેતો ના.' આથી તે ઇરાનીઓ પોતાના વચણથી ફરશે નહી માટે તમોને તો હમણા અત્રે કાંઇ બીહવાનુ કે નુકશાંન ખમવાનું નથી. હવે તો નહી દુર થઇ શકે એવા ત્રણ કામો આપણને કરવાના રહયાં છે માટે તમો બુઢાઓ અને જવાનો તે ઉપર ધ્યાન આપો. જો તમારે માફી માંગવી હોય તો તમારે એ કામ માટે વિચાર ચલાવવો. બીજું એ કે ભલાં ભુડાને પોતાનો માર્ગ સોધી લેવા દેઇ તમોએ તમારાં કુટુબ તરફ પાછું ફરવુ. અને ત્રીજું એ ક તમોએ લડવા માટે સ્વારો એકઠા કરવા અને પછી એક એકે પોતાના ભાલાઓને લોહીમાં બોરવા માટે જો તમારો વિચાર લડવાનો હોય તો તમારે એજ મેદાનમાં થોભી જવું. કારણકે પીરાને પોતાના સરદાર પાસેથ લશકર મ ગાવ્યું હતુ તેથી તે પાદશાહે એક લશકર એકઠું પણ કીધુ હશે; અને જે વખત જાય છે તેટલાંમા તે લશકર આવતું પણ જણાશે. ત્યારે તમો સઘલા તેઓ ઉપર ફોનો લેજો. આપણે સઘલા ગમે એવા વિચાર કરીશું તોપણ પરવરદેગારની મરજી વિરૂધનુ સરૂવાતથી બીજુ કાંઇ બનવાનુ નથી જો તમારો વિચાર તમારા શેહેર અને પાયતખ્ત તરફ જવાનો હોય તો તેઓ કાંઇ આપણો રસ્તો ઘેરવાના નથી. જો તમારો વિચાર પાદશાહ (ખસરૂ) ની માફી મેલવવાનો હોય તો તે માટે પણ તૈયાર બની તમારે અત્રેથી જવું. દરેકનુ દિલ પોતાના શરીરનો પાદશાહ છે તેથી જો તમારી મરજી ઇરાન જવાની હોય તો તમો હમે બધે ભાઇઓ તરફ નજર રાખતા ના (યાને હમારી ફીકર કરતા ના); કારણ કે તેથી હમારાં દિલ કદી પણ ગુસ્સે થશે નહી. વીસેહના ખાનદાનનો હવે કોઇ

પણ શખ્સ રહયો નથી કે જે પોતાની કંમરે કંમરબંધ બાંધીને ફાયદો મેલવી શકે. કારણ કે પરવરદેગારથીજ તે (પીરાન)નો ઝુન્ડો તપતો હતો અને દરેક તેનાજ સબંધથી ફાયદો મેલવતા હતા.[1] માટે હમે તો પીરાનની શિખામણ મુજબ ચાલીને બ્યાબાનને માર્ગે તુરાન જઇએ છીએ જો તેઓ હમારો રસ્તો ઘેરશે તો હમારામાં જ્યાં સુધી જોર હશે ત્યાં સુધી હમો લડીશું"

જ્યારે તુરકીઓએ તેઓની એવી વાત સમજી ત્યારે તેઓએ તેનો શું જવાબ દિધો તે તુ જો તેઓ બોલ્યા કે "તે સપેહસાલાર પોતાના દસ નામદાર પેહેલવાનો સાથે એમ ખુવારે હાલ માર્યો ગયો છે. વળી બીજી તરફથી કએખસરૂ પણ આવતો જણાય છે, ત્યારે એ લડાઇના મેદાનમાં હવે કોણ થોભવાની હીંમત કરે? હવે આપણા ઘોડા, બખતર, હાથ પગ, ખજાનો, સપેહસાલાર કે આપણો મુલક કાંઈ રહયું નથી, તથા લડાઇ કરવાનું જોર કે નાહાસવાનો માર્ગ પણ રહયો નથી. તેથી હમારે હમારી પોતાનીજ સામે લડવુ ઘટતુ નથી. જો હમે પાછા ફર્યે અને ગોદરેજ તથા પાદશાહ હમારી પુંઠે લશકર અને હાથીઓ મોકલી આપે તો હમારામાનો એક પણ પોતાના જીવનો છુટકારો પામે નહી અને હમે હમારા વતણને કે કુટુબને પાછું જોઇએ નહી. હવે માફી માગવાથી કાંઇ હમુને બત્તો લાગશે નહી કારણ કે હમારી પાસે પુશકલ લશકર હોવા છતાં હમારો કોઇ સરદાર નથી તો હવે ત્યારે હમે તુરાનના પાદશાહનો ડર શા માટે કર્યે? હવે તો અફ્રાસીયાબ અને એક મુઠી ભરીને ધુલ એ -રખાંજ છે. તે ઇરાનના પાદશાહના જેવો કાંય નહી થયો? કારણ કે ખસરૂ તો પોતાના લશકર તરફ મેહેરબાની દેખાડનારો છે. તે તો પોતાના નામદારો સાથે બાજુએ કમાન ઓલવીને પોતાના લશકરની મદદે જડપથા આવી લાગ્યો છે જ્યારે તે નામદારો સાથે બાજુએ કમાન ઓલવીને પોતાના લશકરની મદદે જડપથી આવી લાગ્યો છે ત્યાંરે તે નામદારોનો પાદશાહ (અફ્રાસીયાબ) તો નદીની પેલી બાજુએ (તુરાનમા) ઉંઘાતો અને ખાણીપીણી કરતો આરામથી બેઠો છે" જ્યારે તે લશકરે એવો જવાબ દિધો ત્યારે તે બધે મોટી પડવીના શખ્સો પોતાની જગ્યાએથી જતા રહયા લેહાક અને ફરશીદવરદ ચેટી ગયા કે, "હવે નામદારી મેલવવાનો વખત રહયો નથી. લશકરે જે કાંઈ કહયુ છે તે સઘલું સાચુ છે. લશકરનો તેના ભરવાદ વગર નાશજ થાય." આથી તેઓએ ત્યાંથી વિદાય થવા માટે સામન બાંધીને બ્યાબાનનો લાબો રસ્તો લિધો. તેઓએ હાથમાં એક વાવતો પકડીને દુખી દિલે અને આંખોમાં આંસુ સાથે બીજા દસ નામદાર સરદારો કે જેઓ બાહુર અને

---

[1] એ બેત લખેલી નકલમાં વધારે છે.

લડાયક હતા તેઓની સાથે ત્યાંથી ચાલવા માંડયું. પણ માર્ગની ચોકી કરવાને જ્યાં ઇરાની બાહુર સ્વારો રહયા હતા ત્યાંથી તે તુરકીઓ પોતાના ઘોડા જડપથી દોડાવી જવાથી તે ચોકીબાનોએ પણ ત્યાંથી (તેઓની પુઠે) પોતાના ઘોડા દોડાવી મુકયા અને તેઓ વચે ન ધારેલી એક લડાઇ થઇ, જેમાં રેડાયલાં લોહીથી જમીન તદન લાલ થઇ ગઇ ઇરાનીઓના આઠ માણસો કે જેઓ લડાયક બાહુરો અને સિંહ જેવાઓ હતા તેઓ માર્યા જવા છતા તે તુરકીઓમાંના બે નામદાર પેહેલવાનો સિવાય બીજા કોઇપણ તે ચોકીવાલા મેદાનમાંથી પોતાના જીવ બચાવી શકયા નહી. તે બંધે બાહુરો તે જગ્યાએથી બયાબાનને રસ્તે સિંહો માફક નાહાસી ગયા. આથી ચોકી કરવાની જગ્યાએથી ચોકીબાનોએ બુમો પાડી કે, "ઓ બાહુરો અને પેહેલવાનો! તુરકી લશકરમાથી બે નામદારો બીજા દસ નામવર સ્વારો સાથે (નાહાસવાને) બાહાર પડયા હતા તેઓને ચેકીબાન લશકર સાથે એવી લડાઈ લગી પડી કે જેથી લોહી સાથે ધુલ ભેલાઇ ગઇ છે. તેઓએ ઇરાનીઓના આંઠ માણસોને મારી નાંખ્યા છે અને તે (બચેલા) બે શખ્સો કંમર બાંધીને અત્રેથી જડપમાં નિકળી ગયા છે." ગોદરેજ એ વાત સમજતાંજ બોલી ઉઠયો કે "એ બે માણસો લેહાક અને ફરશીદવરદ સિવાય બીજા કોઈ નથી. જ્યારે તેઓએ હુમલો કરવામાં હાર ખાધી છે ત્યારે તેઓ સરકશી કરીને પણ અત્રેથી જતા રહયા છે. જો તેઓ ઇરાનથી તુરાન તરફ જઇ લાગશે તો મને લાગે છે કે આ (આપણા) લશકરને નુકશાંન પુગશે. માટે હવે જે કોઈ પાદશાહ આગળ નામદારી મેલવવા ચાહાતો હોય તેને પોતાનુ માથુ રૂમી કોલાહથી ઢાંકીને લેહાક અને ફરશીદવરદ આગળ જઇ તે બંધેની શમશેરથી ધુલ પખોડવી જોઇએ છે" એ સમજી સઘલા ઇરાનીઓ અચકી ઉભા કારણ કે તેઓ થાકી જવાથી તથા તેમની કંમર બખતરોથી ઓખવાઇ ગયલી હોવાથી ગસતહમ કે જે લડવામાં એક જનુની સિંહ જેવો હતો તેના સિવાય તેઓમાથી કોઈએ તેને જવાબ દિધો નહી. તેણે સરદાર (ગોદરેજ) ને કહયુ કે "ઓ તખ્તને લાયકના શખ્સ! જ્યારે તુ તુરાની લશકર સાથે લડવાને ગયો હતો ત્યારે છાવણી અને લશકર મને સોપીયા પછીજ તુ તે લશકર સામે જઇ ઉભો હતો તમો સઘલા નામદારે એ નામદારી મેલવી છે. પણ લડાઇમાં મારે હીસ્સે તેવો ફાલો આવ્યો નથી: માટે હવે હુ એ કામમાં નામદારી મેલવુ અને જઇને તેઓને એકાએક મારા ફાંદામાં પકડુ.' આથી ગોદરેજ તેનાથી ખુશ થઇને હશી પડયો તથા તેના ચેહેરાએ ગમથી મોકલો બનીને તાજગી પકડી તેથી તે બોલ્યો કે, "તુ સુરજથી સારૂં નસીબ પામજે કારણ કે તુ સિંહ જેવો છે જ્યારે તારા શીકારો નર

ગોરખર જેવા છે. માટે તું જા કે જેથી પરવરદેગાર તારો મદદગાર થાય અને લેહાકના જેવા ત્રણ હજાર શખ્સો તારા શેકાર બને. જ્યારે પરવરદેગારે હમારે માટે ખુશાલીના દરવાજા ખોલ્યા છે. તો તુ પણ ફતેહ મેલવવાની ખાસ્તી રાખતો ના"[1]

ગસતહમે લેહાક અને ફરશીદવરદની પુઠ પકડી તે વિષે.

પછી ગસતહમે લડાઇનુ બખતર પેહેર્યુ અને પેહેલવાનોમાંથી જેઓને સાથે લેવા જોગ જોયા તેઓને પોતાના લશકરમાંથી બાહાર કાઢયા પછી તે ત્યાંથી પેલા બે નામદાર તુરકીઓ સાથે લડવાને જડપથી નિકળ્યો તમામ લશકર એમ બોલવા લાગ્યું કે "ગસતહમને તેઓથી કાંઇ નુકસાન પુગશે." હવે અફ્રાસીયાબ આગળથી પણ એક લશકર લડાયક બનીને પાણીમાં વાહાન ચાલે તે જડપે માર્ગ કાપતું મદદ માટે આવતું હતું, પણ તે દગુઇના મેદાન તરફ આવી લાગતાંજ તેઓને પીરાનના ગુજરી જવાની તથા તેજ માફક લડાયક બાહાદુરોના માર્યા જવાની ખબર થવાથી તે સઘલાઓ માર્ગમાંથી પાછા ફરીને પાદશાહ આગળ રૂદન કરતા ગયા ફરશીદવરદ અને લેહાક સાથે લડવા માટે ગસતહમના જવાની ખબર બેજનને થતાંજ તેને એવો વિચાર આવ્યો કે "તેના દગુહીના મેદાનમાં જઈ પુગતાંજ લેહાક અને ફરશીદવરદ સાથે લડાઈ કરતાં તેનો નાશ થવો જોઇતો નથી." પછી તેનું દિલ ગસતહમ માટેના ગમથી દુઃખી બન્યાથી તે એક ફાડી ખાનારા સિંહ માફક પોતાના બપાવા આગળ આવ્યો અને જેવી તેની નજર પોતાના બપાવાના ચેહેરા ઉપર પડી, તેવોજ તે રડીને મોટેથી કેહેવા લાગ્યો કે, "ઓ પેહેલવાન! તારો હોકમ બજાવનાર દરેક નામદારને તુ એમ વગર ફોકટનો માર્યો જવા દેઇને પછી ફરતાં આસમાનનું બાહાનુ કાઢે એ કાંઇ અક્કલની રૂએ સારૂં લાગતુ નથી તે બંવે સિંહોની માફક નાહાસનારા તુરાની લશકરના બાહાદુર પેહેલવાનો છે. તેઓ પીરાન અને હોમાન કરતાં પણ બાહાદુર છે અને તેમના ખાનદાનમાં તેઓ તે મુલકના બુજોર્ગે ગણાય છે હવે ગસતહમ તે બે શખ્સો સાથે લડવા ગયલો હોવાથી તે ત્યાં હારી જવો જોઇતો નથી. તેથી જો તે પેલા સિંહ જેવા શખ્સોને હાથે માર્યો જશે તો આપણી સઘની ખુશાલી દુખમાં ફેરવાઈ જશે." ગોદરેજે તેને એમ કેહેતાં સમજ્યુ ત્યારે તે પણ તે કામ માટે દલગીર થયો તેને માટે બેજન એવો બુરો વિચાર કાંય કરતો હશે તે ઉપર તેણે ત્યાર પછી થોડો વખત વિચાર

1 એ બેત લખેલી નકલમાં વધારે છે.

કીધો પછી તે પાદશાહના સીપેહસાલારે પેહેલવાનોને કહયું કે "જો કોઈ નામદારી અને પડવી મેલવવા માંગતા હોય તેઓએ ગસતહમની પુઠે જડપથી જઇને તે બુરા વિચારના શખ્સો સામે તેને મદદ કરવી" પણ કોઇએ પણ હજી ઠાક લિધેલી નહી હોવાથી તે લશકરમાથી તેને જવાબ દિધો નહી. પણ બેજને ગોદરેજને કહયુ કે "મારા સિવાય બીજુ કોઇપણ તેને મદદ થવાનુ નથી પેહેલવાનોમાંથી એ કામ બજાવવા કોણ બહાર પડવાનું હતું? કોઇપણ પોતાના જીવથી ધરાઇ તો જાય નહી. તેથી તેને માટે મારૂજ દિલ દાઝતું હોવાથી અને હુજ તેના તરફ માન ધરાવતો હોવાથી મનેજ જવુ પડશે." ગોદરેજે તેને કહયુ કે, "ઓ સિહ જેવા શખ્શ! જેહાનમાં તે (હજી) લીલી સુકી અજમાવી નથી. આપણે ફતેહમદ નિવડયા છીએ તે શુ તુ જોતો નથી? તેથી ઓ બેટા! તુ એ કામમા ઉટાવલો ના બન તેઓ ઉપર ગસતહમ જરૂર ફતેહમદ નિવડશે અને તે બંધેના ડોકાં ખજરથી કાપી કાઢશે હુ તેની પુઠે હમણાજ એક ધાડી ખાનારા સિહ જેવા સ્વારને મોકલુ છું જે તેને એ લડાઈમાં મદદ આપીને દુશમનોના માથા ઉપર ધુલ ઉડતી કરશે માટે તુ થોભી જા." બેજને જવાબ દિધો કે "ઓ અકકલમદ, હુશીયાર અને રોશન રવાનના પેહેલવાન! હાલે તે જયાં સુધી જીવતો છે ત્યાં સુધી તો તેને મદદની જરૂર છે, નહી કે જયારે તેનો નાશ થાય ત્યારે જો ગસતહમ એ લડાઇમા માર્યો જાય અને તેના વખતનો અંત આવી તેનુ કામ ઉધું વળે પછી તું એક સ્વારને તેની આગળ મોકલે તો શુ કામનુ? તેનું ડાકુ લોહીમાં પડીને તે માર્યો જયા વગર રેહેવાનો નથી. માટે તું મને હોકમ આપ કે હું તેનો ગમ કરીને તેની મદદે મારી કંમર તંગ બાંધું. જો તું મને એમ પણ કેહે કે 'તું જતો ના, નહી તો કે મારા પાણી પાયલાં ખંજર વડે હુ તારૂં ડોકું કાપી નાખશ,' તો હુ પણ તેનુ મોત આવ્યા પછી જીવવા માંગતો નથી. માટે તું એ માટે કાંઇપણ બાહાનુ કાઢનો ના." ગોદરેજે તેને કહયુ કે "જો તું તારા જીવ માટે વાહાલ ધરાવતો નહીજ હોય તો તું ઉટાવલે આગળ વધજે. જયારે તું લડાઇથી હજી ધરાયો નહી હોય તો કંમર બાંધીને તૈયાર થા અને માથું ધવડવા પણ થોભ તો ના. મને લાગે છે કે તારૂં દિલ તારા બાપ માટે દાઝતું નહી હોવાથીજ તું ચાલું તેનું જીગર બાલ્યા કરે છે. તુંને એ લડાઇ કરવા દેવામાં મને શું નુકશાન જવાનું હતું? પણ તુ એમ કરીને તો તારે માથે ધુલ ભરશે."

એજન ગમતહમની પુઠે ગયો તે વિષે.

એજને એમ સમજતાંજ પોતાનું માથું નિચું નમાવીને જમીનને બોસો લેઇ દરવાજા તરફ ચાલવા માંડયું. તેણે પોતાની કમર બાંધીને લડવા માટેની તૈયારી કીધી તથા પોતાના ઘોડા ઉપર જીન બાંધ્યુ. એજને શુ કીધું તે માટેની ખબર ગેવને થઇ (અને તેણે જાણ્યું) કે તેણે ફરશીદવરદ સાથે લડવાની કંમર બાંધી છે અને તે તુરાની લશકરના સ્વારો સાથે લડવા માટે માર્ગમાંથા દોડતો ગમતહમની પુઠે ગયો છે આથી ગેવ પણ તુરતજ કુદી ઉઠીને ઉટાવલે એક અરબી ઘોડા ઉપર ચઢી બેસીને તેની પુઠે ગયો અને તેને જોતાંજ તેણે ચીરડાઇને તેની લગામ એક બાજુએ ખેંચી કાઢીને કહયું કે "મેં તુંને કેટલી વખત કહયા છતા શું તુ મારૂ કહયું માનવા ચાહાતો નથી? હું કયારે તારાથી એક પળનું પણ સુખ જોવશ? તુ એમ ઉટાવલે દોડતો કયાં જાય છે? તુ દરેક કામમાં મારાં દિલને દુખી કરવા ના માંગ. મને કેહે કે મારા બુઢાપાના વખતમાં હવે તું મારૂ શુ કરવા માંગે છે? તારા સિવાય જેહાનમાં મારૂં બીજુ કોઇ ફરજંદ નહી હોવા છતાં તારે માટેના દુખને લિધે મારૂં રવાન ખુશ પણ રેહેતું નથી. આટલીબધી દસ રાત અને દિવસ સુધી ઘોડા ઉપર બેસી તલવારથી તે બદખાહો ઉપર કીનો લેઇ તે તારાં દિલને બખતર અને લોઢાંની તોપીથી ઘસી નાખવા છતા તું હજી લોહી રેડવાથી ધરાતો નથી? હવે જ્યારે પરવરદેગારે તુને ફતેહમંદ નસીબ આપ્યુ છે તો તુંને ખુશાલી સાથે આરામથી બેસવું ઘટે છે જમાના આગળ તુ તારાં માથાં સાથે કાંય રમત રમે છે? તું તારી તલવાર ઉપર ઘણોજ નચિંત બનેલો લાગે છે. જે કોઇ પોતાનો અંત લાવવા માંગતો નથી તે જેહાનમાંથી પોતાની મુરાદ પણ પાંમવા માંગતો નથી. તુ જમ સામે એવી ઉટાવલે ના દોડ, કારણ કે તેણેજ હવે આપણી સામે આવવાને ચેહેરો ફેરવ્યો છે. માટે તુ તારા બાપને ખાતર એ વાતથી પાછો ફર તારે મારૂ દિલ દુખવવુ ઘટતુ નથી" એજને તેને જવાબ દિધો કે "ઓ અક્કલથી પુર શખ્સ! એથી તો લોકો તારે માટે ઉલટો વિચાર લાવશે. તું કાંઇ આગળ બનેલા કામોને યાદ કરતો લાગતો નથી. તુ ફોકટમાં તારાં માંથાને ઇનસાફથી શું કાંમ ફેરવે છે? માટે ઓ બાપ! તુ જાણ કે એમ કરવામાં ઈનસાફ નથી. તુંને લાદનની લડાઈની અને તે લડાઇમાં ગમતહમે મારી સાથે શું ભલાઈ કીધી હતી તેની તુંને યાદ રહી હશે નહી. તેણે પોતાનો ગમ અને ખુશાલી મારાંમાં ભેલેલી હતી જો જ્યાં પરવરદેગારતુંજ કરવું હશે અને તે બુરા વખતને નજદિક લાવી મુકવાનો હશે તો દૂર રહયાથી પણ લખ્યા લેખ મીતવાના નથી. તેથી હાલે આવી લાંબી વાતો કરવાની પણ અગત્ય નથી. માટે

તું મારાં મગજને એ લડાઈ કરવાથી ના ફેરવ, કારણ કે મેં તો મારૂં શરીર એજ કામ ઉપર ફીદા કીધું છે ”

ત્યારે ગેવે તેને કહયુ કે, “ જો તુ પાછો ફરતો નથી તો મારે પણ પાહાડો અને ખીનો જોવી ભલી છે. માટે લડાઇ વખતે તુ મારા વગર ના જા. તારાં દરેક કામમાં હુ જ મદદગાર બનશ.” બેજને તેને જવાબ દિધો કે, “પાદ-શાહી ખાનદાનના નામદારો વચેથી બે ધાસ્તી ખાઇને નાઠેલા તુરકીઓની પુઠે આપણ જેવા ત્રણ પેહેલવાનો તે દૂગના માર્ગ સુધી દોડે એમ બનવું જોઇતું નથી.” ત્યારે ગેવ બોલ્યો કે “ ઓ બેટા ! તુ પાછો ફર કારણ કે હું ગસ-તહમની મદદે લડવા જવા માંગુ છું. બેજને તેને જવાબ દિધો કે “ તુ લડાઇ કરે અને હુ ખુશખુશાલ જીવતો ફરૂ એવો વખત કદી પણ આવતો ના. ખુશાલીની મીજલસમાં નામદારો મને શુ કેહેશે કે ‘ બેજન બેઠો અને બાપ લડાઇ કરવા ગયો.’ તેથી હું રોશન રવાનના પાદશાહના જીવના અને તેની તરફની મોહબતના તથા મારા નામદાર પેહેલવાન બપાવાના જીવના સોગંદથી કહું છુ કે ‘ સીયાવક્ષના ખુનનો કીનો લેવાની એ લડાઇ કરવાથી તુ પાછો ફર કે જેથી હુ જ માર્ગમાં આગળ વધુ, કારણ કે તુ મને એ લડાઈ કરવાથી પાછો ફરવા કહે છે તે કામમાં હુ કાંઇ તારો હોકમ પાળવા માગતો નથી ’ ” જ્યારે ગેવે આવા સખુનો સમજ્યા ત્યારે તેણે તેની તારીફ કીધી અને હટીને ત્યાંથી પાછો ફર્યો તે બોલ્યો કે “ તું જેવો ફતેહભર્યો જાય છે તેવોજ તું ખુલ્લાં દિલથી અને બુરાઇના હાથ બાધીને અત્રે પાછો ખુશાલ ફરજે.” પછી બેજન ગસતહમ ઉપર તુરાનીઓથી નુકશાન પુગે નહી તે માટે તેની પુઠે આગળ વધ્યો. એ રીતે તે પોતાના ઘોડાને માર્ગમાથી દોડાવીને તે તુરાની લશકરના સ્વારો સાથે લડવાને ગસતહમની પુઠે આવ્યો પેલી તરફથી તે બધે લેહાક અને ફર-શીદવરદ પણ માર્ગમાંથી વટોલ્યાની જડપે જોરથી દૂર નિકળી જવા લાગ્યા અને તેઓ ઇરાની લશકરથી નચિંત થઇને કલાકના આઠ ફરસંગને વેગે માર્ગ કાપવા લાગ્યા (માર્ગમા) તેઓએ એક જંગલ અને વેહેતો ઝરો જોયો કે જે પેહેલવાનો માટે આસાયશ લેવા જેવી જગ્યા હતી. ત્યાના જંગલમાં પક્ષીઓ, શેકારો અને સિંહો હોવાથી તથા ત્યાંના લીલોતરીવાલા ઝાડોની નિચેથી પાણી વેહેતાં હોવાથી તેઓ ત્યા શીકાર કરવાને ઘોડા ઉપરથી નિચે ઉતર્યા અને તે ઝરા તરફ તરસ છીપાવવા માટે ગયા જ્યારે તેઓએ પાણી મેલવ્યું ત્યારે તેઓને નાનની અગત્ય પડી કારણ કે ગમ કે ખુશાલીની વખતે કાંઇ મોહડુ બંધ રેહેતુ નથી. આથી તેઓએ તે જંગલમા આસપાસ ભટકીને ઘણી જાતના શેકારોને નિચે પટક્યા. પછી તેઓએ તીરની અણીથી આતશ પાડીને તેમાં

લીલાં અને સુકાં લાકડાં સલગાવ્યાં.૧ ત્યાર બાદ તેઓએ તે આતસ ઉપર કેટલાક કવાબ ભુંજવા મુકયા. તે ખાધા બાદ તેઓ પાણી પીવા ઝરા આગળ ગયા. પણ તે બાહુરોનો વખત હવે ધાસ્તીભર્યો બનશે. તેઓ ઉપર જુલમ શા માટે ફ્રાવવા માગતો હશે લેહાક ઉંઘાંઇ ગયો અને તેની આગળ ફરશીદવરદ ચોકી કરવા લાગ્યો જ્યારે રાત પડી અને સુરજે અંધકાર પકડયો ત્યારે તે બંધેએ ગમ સાથે પોતાના મગજ ઉંઘાવાને સોંફ્યા. ૧

ગસતહમને હાથ લેહાક અને ફરશીદવરદ માર્યા ગયા તે વિષે.

તેટલામાં ત જગ્યાએ જ્યા તુરાની પેહેલવાનો સાથે હતા ત્યાં ગસતહમ આવી ચઢયો તેના દોડતા ઘોડાને તેઓના ઘોડાનો વાસ માલમ પડયાથી તે ખંખાર મારીને જંગલમાં ધસી ગયો એજ પ્રમાણે લેહાકના ઘોડાએ પણ તુરતજ ખંખાર માર્યાથી લેહાકે ફરશીદવરદ આગળ દોડીને તેને મીઠી ઉંઘમાથી જગાડી કહયું કે, " તુ ખુશ ઉંઘમાથી ઉઠ અને આ બદબખતનુ ડોકુ મરદાનગી સાથે કાપી નાખ કારણ કે એક દાનાવે એવી એક મોટી વાત કહી છે કે ' એક સિંહ વરૂ સાથ લડાઈ કરતાં નાહાસી જાય તોપણ તે વરૂએ તેની પુઠે દોડવું ઘટતું નથી, કારણ કે તેને ત્યાં તેનુ બુરૂ નસીબ ઘસડી લાવે છે' માટે ચાલ ઉટાવલ કર કારણ કે ઇરાની લશકર આવી લાગશે અને તેઓ આપણો માર્ગ ઘેરી લેશે." આથી તે બંધે સ્વારો ઘોડા ઉપર બેસીને તે ખેતરમાંથી આગળ દોડવા લાગ્યા. તેઓએ તે જંગલમાંથી મેદાનનો રસ્તો ધર્યો તે બંધે પેહેલવાનો લડાયકો અને બાહુરો હોવાથી તેઓ મેદાન તરફ ગયા અને તે (ઇરાની) ઓએ કેવી રીતના કામની તૈયારી કીધી છે તે જોવા લાગ્યા તેવામાં દૂરથી ગસતહમ એક પણ સ્વાર વગર તેઓને જણાયો તે બાહુરોએ પોતાના ડાકા ઉચા કરીને જોતાંજ તેને જોઇને ઓલખ્યાથી તેઓ એકમેક સાથે વાત કરવા લાગ્યા કે "આપણી તરફ એકજ શખ્સ આવતો જણાય છે. એ લડવા આવતો શખ્સ ગસતહમ સિવાય બીજો કોઇ જણાતો નથી. તેણે હાથમા બાહુરોનો વાવટો ધરેલો છે. માટે તેની સામેથી આપણને નાહાસવાની અગત્ય નથી કારણ કે તેણે પણ આ મેદાન તરફજ આવવાને માટે મોઢું ફેરવ્યું છે. હવે ગસતહમનુ બુરૂં નસીબ તેના ઉપર જુલમ ગુજારવા માંગતુ હોવાથી તે આપણી આગળથી છુટકારો પામવાનો નથી " પછી તેઓએ ત્યાંથી તે મેદાન તરફનો રસ્તો ધર્યો કે તુરતજ ગસતહમ પણ તેઓની પુઠે કીનો લેવા આવી

---

૧ એ ખેત લખેલી નકલમા વધારે છે.

લાગ્યો તેણે તેઓ આગળ આવતાંજ એક ફાડી ખાનારા સિંહ માફક બરાડ મારીને તેઓ ઉપર ખડંગ લાકડાંના બનાવેલા તીરોનો મારો છોડયો પછી ફરશીદવરદ તેની સાથે લડવાને સામો આવતાંજ ગસતહમે તેના માથાં ઉપર તલવારનો એક ફટકો માર્યાથી તેના મગજ સાથે તેનું લોહી ભેલાઇ ગયું. તેથી તે નિચે તુટી પડયો અને તુરતજ પોતાનો જીવ મુકી દિધો એ રીતે તે વીસેહની તોખમનો નામદાર પેહેલવાન ગુજરી ગયો લેહાક પોતાના ભાઇનો ચેહેરો જોતાંજ સમજી ગયો કે તે પણ હવે લડાઇ કરવાથી નચિંત બન્યો છે. આથી તે તેને માટેના દુખથી ગભરાતમાં પડીને ધુજવા લાગ્યો. તેણે પોતાની નજર આગળ જેહાનને અંધારી બનેલી જોવાથી તે પણ પોતાના રોશણ રવાનથી ધરાઈ ગયો અને પોતાની બે આંખોમાથી આસુઓ પાડતાં કમાન ઉપર તીર ચઢાવી તેને ખેંચી ગસતહમ તરફ ફેંકયો. પેલો (યાને ગસતહમ) તીર ફેંકતો તો આ (લેહાક) પણ તીર ફેંકતો હતો અને એકનો પણ (વયર્થ જઈ) જમીન ઉપર પડતો હતો નહી તેથી થોડા વખતમાં તે બંધે સ્વારો ઘાહેલ થઇ પડયા. પછી તેઓ તલવારથી લડવા લાગતાંજ એકાએક ગસતહમે લેહાક ઉપર જીત મેલવી. તેણે પોતાના ઘોડાની લગામ ફેરવી તેના તરફ ધસી જઇને તેની ગરદન ઉપર તિક્ષણ તલવારનો ફટકો મારી તેના ઉપર એકાએક રસ્તાખેજ વરસાવી દિધી તેનું ડોકુ તેના પગ આગળ દડા માફક ગબડી પડયું અને તેથી તેની સઘલી લડાઇ અને કુસ્તીનો અંત આવી ગયો. ફરતાં આસમાનની એજ પ્રમાણેની કરણી છે તેણે પોતેજ ઉધારેલાઓજ ઉપરથી તે પોતાની માયા તોડી કાઢે છે. તેથી જો તુ આસમાનનું માથુ સોધવા જશે તો પેહેલાં તુ તેના પગ મેલવશે અને જો તુ પગ સોધશે તો તારી આગળ તેનું માથું આવી ઉભુ રેહેશે ગસતહમ પણ ઘોડા ઉપર બેઠેલો એટલો બધો તો ઘાહેલ થયો હતો કે તુ કહેશે કે તે પણ તેની સાથે મરી જવા માંગે છે. આથી તે ઘોડા ઉપરથી વાંકો વળી ગયો અને તેના ઉપરથી લોહી તપકવા લાગ્યું અને એજ હાલતમાં તેનો ઘોડો દોડવા લાગ્યો તેવામાં તે પેલી ઝરા વાલી જગ્યાએ આવી લાગ્યો જ્યા તેણે વેહેતા ઝરા સાથે છાયડાવાલી જગ્યા જોવાથી પોતે નિચે ઉતરીને ઘોડાને ઝાડ સાથે બાંધ્યો અને નસીબ સંજોગે મલેલાં પાણી આગળ તે ગયા તે પાણીમાંથી તેણે કેટલુંક પીધુ અને પછી પરવરદેગારના શુકરાના કીધા. તેવામા તુ કહેશે કે જાણે તે જમીને તેને એકાએક બાંધી લીધો તેનું તમામ શરીર તલવારથી ઘાહેલ થયલું હોવાથી તે ત્યાં કાલી ધુલ ઉપર પડયો પડયો દુખથી અલેટીઆ મારવા લાગ્યો અને વલખાવા લાગ્યો. તે બોલવા લાગ્યો કે, "ઓ જેહાનના પરવરદેગાર! તું તે (ઇરાની)

લશકરમાંના નામી સગાઓ વચેથી બેજનની અથવા તો કોઇપણ બાધુર પેહે-લવાનની મારી તરફ દિલસોજી ખેંચ કે જેથી તે આવીને મને આ જગ્યાએથી જીવતો યા મુવેલો ઈરાની લશકર તરફ લેઇ જાય, તથા આ તુરાની લશકરના નામદારોના ડોકાંને પણ તે ચાલાક પાદશાહ આગળ લેઇ જાય ? એમ થવાથી જાણે હું પણ નામદારી મેલવ્યા વગર દુન્યામાંથી મરી ગયલો ગણાવશ નહી એવી મારી ખાહેશ છે" એ પ્રમાણે તે પાક દિવસ ઉગ્યો ત્યા સુધીની આખી રાત દુખારાને લિધે સાપ માફક વલ ખાતો રડવા લાગ્યા .

બેજન ગસતહમ આગળ આવી લાગ્યો તે વિષે.

જ્યારે જેહાને સુરજથી રોશની પકડી ત્યારે બેજન તે જગ્યાએ આ.વી પોહોંચ્યા તે પોતાના ખોહવાયલા દોસ્તની નિશાણી પાંમવા તે જ ગલમાં ફરતો હતો તેટલામાં દુરથી તેનો આસમાની ર ગનો ઘોડો તેને દેખાયો કે જે ઘોડો તે ખેતરમા એક બેપ્યાના ઘોડા જેવો લાગતો હતો તે ત્યા એક વાઘ માફક પોતાની મરજી મુજબનુ ઘાસ ચરતો હતો તેના ઉપરનુ જીન ઉકલાઈ ગયું હતુ અને લગામ તુટેલી હતી વળી તેણે તેના જીનને તેની ઉપરજ લટ-કતું જોયું અને તેની રેકાબ અને કમદ તમામ લોહીથી ખરડાયલી દેખાઇ એમ જોતાંજ બેજન બેસુધ થઇ ગયો અને પછી તે ગરજના કરતા સિહ માફક બુમો પાડીને બોલ્યો કે "ઓ મારા મેહેરબાન અને ભલા દોસ્ત ! તુ આ મેદાનમાં કયાં મુવેલો પડયો હશે ? કોણે મારી પીઠને એમ ભાજી નાખી છે અને મારાં દિલને ઘાહેલ કીધું છે ? હવે તો હું મારા મીઠા જીવને શરીરમાંથી તોડી કાઢશ. હવે હુ શું બોલું અને તુને કયાં સોધું ? તારી સાથે ફરતુ આસ-માન પણ કેવી રમત રમ્યું છે ?" તેવામાં બેજન તે છાયડાવાલી જગ્યા કે જ્યાં ગસતહમ ઘાહેલ થઈ પડયો હતો ત્યાં આવી પુગ્યો.[૧] તે તેના ઘોડાના પગલા ઉપરથી તે ઝરાવાલી જગ્યા આગળ આવી લાગ્યો અને તેને ત્યાંનાં જંગલમાંથી જોઇ કાઢયો. ત્યાં આવી પુગતાંજ તે નામદારોના સરદારે ત્યાનાં ઝરા આગળ એકાએક ગસતહમને પડેલો જોયો. તેનુ તમામ બખતર અને તોપી ધુલ અને લોહીથી ખરડાઇ ગયા હતા અને તે ઘાહેલ થયલી હાલતમાં ઉંધે મસ્તક પડયો હતો. આથી બેજને પોતાનાં ઘોડા ઉપરથી જડપથી ઉતરી પડીને તેને પોતાના ખોલા ઉપર લિધો અને તેના શરીર ઉપરથી રૂમી પોશાક કાઢી નાંખ્યો તથા તેના ઘાહેલ થયલાં માથાં ઉપરથી તોપી કાઢી નાંખી તે ખુલ્લું કીધું. પછી તેના શરીર ઉપરના ઘાહો તપાસતાં તેના ઘાહો ઉપર ખાતા

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

નહી બંધાયલા હોવાથી તે ઘાહ નાસવંત માલમ પડયા. આથી એજન તેના શરીર ઉપર આસુ ટપકાવવા લાગ્યો અને તેનુ રવાન ગમગીન તથા દિલ દુખી બન્યુ તે પોતાની નજર તેના ઘાહ ઉપર ઠેડવેલી રાખીને તેની આગળ રૂડન કરતા બોલ્યો કે "ઓ મારા ભલા દિલના દોસ્ત! તુ તો જતો રહયો છે અને લડાઇ કરવાનુ કામ મારે માટે બુરૂ થઇ પડયુ છે. મારે આગમચથીજ તારી તપાસ રાખવી હતી અને જ્યાં તું લડતો હતો ત્યાં જલદિથી આવી પુગવુ જોઇતુ હતુ કે જેથી તારી મુશકેલીમાં હું તુંને મદદ થઇ પડતે, કારણ કે તુંને હારેમન જેવાઓ સાથે લડાઈ કરવી પડી હતી હવે તો તે દુશમનોની સઘલી ખાહેશ પાર પડી છે અને જે કાંઇ પોતે ઉમેદ ધરાવતા હતા તે તેઓ બજા લાવ્યા છે."

એજન એવા સખુનો બોલતો હતો તેવામાં ગસતહમ જરા હીલવા અને જડપથી દમ લેવા લાગ્યો. પછી તેણે એજનને કહયુ કે "ઓ નેકખાહ! તુ મારી આગળ તારો પોતાનો પણ નાસ થવા ના દે મારા પોતાના મોત કરતાં તારૂ દુખ મને વધારે લાગે છે. હવે તુ મારા ઘાહેલ થયલાં માથાં ઉપર પાછી ટોપી પેહેરાવી દેઇને મને આ જગ્યાએથી પાદશાહ આગળ લેઇ જઇ શકે એવી કાંઇ યુકિત કર. મારી એવી ઇચ્છા છે કે તે પાદશાહનો ચેહેરો એક છેલ્લી વખત જોવાને હું થોડો વખત જીવતો રહું પછી જો મોત આવે તો મને ધાસ્તી નથી કારણ કે આપણુ બીછાણું ધુલ સિવાય બીજું કાંઇ નથી જે કોઇ પોતાની મુરાદ પાંમી અને ઇચ્છા બર લાવીને મરે છે તે મુવેલો ગણાતો નથી બીજુ એ કે પેલા બીહીતા સુજતા બે બદખાહોનો પરવરદેગારે મારે હાથેજ નાસ કીધો છે તેથી જો તુ તેઓને પણ જીન ઉપર નાખી લેઇ જઇ શકતો હોય તો તેમ, નહી તો કે તુ તેઓના ડોકાં શરીર ઉપરથી કાપી કાઢીને તે નામદારોના બખતર અને ડોકાંજ તું અત્રેથી સાથે લેઈ આવ કે જેથી તેઓ સાથની લડાઈ કેવી હતી તે ઇરાનીઓ જાણે. વળી તુ એ વાત જેહાનના પાદશાહ આગળ વિસ્તારીને કેહેજે કે મેં કાઇ મારા માથાંને વગર ફોકટનું બરબાદ જવા દિધુ નથી મે પણ નસીબ પામવાને દરેક ઠેકાણે મારા પંજા અજમાવ્યા છે કારણ કે હુ પણ નામદારી સાથે જીત મેલવવા માંગતો હતો" પછી તેણે તુરતજ પેલા બે તુરકીઓ કે જેઓ દૂર મુવેલા પડયા હતા તે જગ્યા એજનને દેખાડી પણ એટલુ બોલતાજ તેનો જીવ જુદાઈ જવાથી એજન તેની આગળ રૂડન કરવા પડયો. પછી તેણે કાંઇપણ ટીલ કીધા વગર તેનો ઘોડો ત્યાં હાંકી લાવીને તેના તંગ બંધ ખોલી નાખી તે જીન ઉપરની ગાદીને તે ઘાહેલ થયલા માણસના શરીર નિચે પાંહરી અને પછી દુખ સાથે પુશકલ રૂડન કરતાં તેણે

પોતાના પોશાકની તમામ કોર ફારી કાઢીને તે તેના ધાહ ઉપર બાંધી લિધી. પછી તે ગમથી બેચેન થયલા જીવ સાથે ત્યાંથી ટેકડી તરફ દોડયો જવાથી તેણે તુરકી સ્વારોને વિખેરાઇને બ્યાબાનને રસ્તે નાહાસી આવતા જોયા. તેનું દિલ મરી જતા ગસતહમ માટે ચિંતાતુર બનેલું હોવા છતાં તે ટેકડીને મથાલેથી ઘોવની જડપે નિચે ઉતર્યો તેણે દુરથી તે ધાસ્તી ખાઈ ગયલા તુરકી સ્વારોમાંના બેને ઘોડા ઉપર બેસીને નાહાસ્તા જોયાથી પોતાની પેચદાર કમંદને જીન ઉપરથી ખોલી કરીને તેનો ફાંસો તે તુરકીઓમાના એકની ગરદનમાં ફેંકીને તેને ઘોડા ઉપરથી નિચે પાડયો. પછી તેણે તેને મારી બક્ષીને પોતાના કામમાં મદદગાર બનાવ્યો. ત્યાંથી તે વ ટોલ્યાની જડપે દોડીને લેહાક અને ફરશીદવરદ આગળ આવ્યો. તેણે તે લશકરના સરદારોને લોહીથી ખરડાયલા ધુલમાં ઉંધા પડેલા દિઠા. તેમના લડાયક ઘોડાઓ તેઓના માથાં આગળજ ચરતા હતા અને તેઓએ પોતાના સરદારની નજદિકમાંજ પોતાની ચરવાની જગ્યા બનાવી હતી. બેજનને એ પ્રમાણે જોતાંજ ગસતહમ કે જે એ ફીનાનો છેડો લાવ્યો હતો તેની તારીફ કીધી. પછી તેણે તે મારી બક્ષેલા તુરકી સ્વારને લશકરના સરદારોને જીન ઉપર ચઢાવવા ફરમાવ્યું. આથી તેણે તેઓના પગ અને કમર બાંધીને તેઓને જીન ઉપર ખેચીને બાંધ્યા.૧ પછી તે એક ફાડી ખાનારા વાઘ માફક ઘોડા ઉપર બેસીને ત્યાંથી ગસતહમ આગળ આવ્યો અને ત્યાં ઘોડા ઉપરથી નિચે ઉતરીને તેને કાંઇપણ દુખ દીધા વગર જડપ વાપડીને આસ્તેથી જીન ઉપર મુકયો. પછી તેણે તે તુરકીને પણ ઘોડા ઉપર બેસવા ફરમાવીને તથા ગસતહમને પોતાની બાઠમાં પકડીને તેણે પોતાના ઘોડાને ત્યાંથી આસ્તે આસ્તે હકાર્યો અને દિલસોજી સાથે તેણે તેને માટે દુવા ચાહી કે ("ઓ પરવરદેગાર!) તું તેને આ લડાઇના મેદાનમાંથી પાદશાહ આગળ જીવતો પોહોંચાડજે." એ પ્રમાણે બેજનને ગસતહમ માટે ગમ ભર્યાં રવાન સાથે દુખી અને ગમગીન બનીને ત્યાંથી પોતાનો ઘોડો હંકાર્યો.

પીરાન અને તુરાની સરદારો માટે કએખસરૂએ દખમું બનાવવા ફરમાવ્યું અને તેણે ગુરૂઇજરેહને મારી નખાવ્યો તે વિષે.

જ્યારે દિવસના નવ કલાક વહી ગયા અને સુરજ આસમાનનો ગુમબજ છોડવાની તૈયારીમાં હતો ત્યારે જેહાનનો પાદશાહ ખસરૂ પોતાના દોરદમામ

૧ એ બેત લખેલી નકલમાં વધારે છે.

સાથે પોતાના લશકર આગળ તે મેદાનમાં આવી લાગ્યો આથી સરદારો, તમામ નામદારો અને લડાયક લોકો પગે ચાલતા તેને સામે લેવા ગયા. અફ્લમ દોએ તેની તારીફ કીધી કે "ઓ પાદશાહ અને મોબેદોના સરદાર! તું હાથી જેવું જોરાવર શરીર અને ગેબ્બીયલ ફરેશતા જેવું રવાન ધરાવે છે. તારો હાથ બેહેમન મહીનાના (વરસાદના) વાદલ જેવો (સખાવતવાલો) છે અને તારૂં દિલ નાઈલ નદીના જેવું મોટું છે." તે પાદશાહ કે જે પોતાનું લશકર તેનો ચેહેરો જોઇ શકે એવી રીતે ઘોડા ઉપર બેઠો હતો. તેણે તેઓની તારીફ કીધી કે "આ જમીન પેહેલવાનોથી આબાદ રેહેજો." ગોદરેજ પણ પોતાના રેવાજ મુજબ તે પાહાડ જેવાં લશકરની પુઠે પોતાના લશકર સાથે ત્યાં આવ્યો. વળી તે દસ પેહેલવાનો કે જેઓએ પોતાના લશકર તરફથી તે લડાઇના મેદાનમાં ધુલ ઉડતી કીધી હતી, તેઓએ પોતાના મારી નાખેલા હરીફોના ડોકાં ઉંધા લટકાવીને તથા લોહીથીજ ખરડાયલા પોતાના બખતર, શરીર અને પોશાક સાથે તે લશકરની પુઠે પોતાના ઘોડા દોડાવતા આવીને તે પાદશાહને દુવા દિધી. લશકરના પેહેલવાન ગોદરેજે ખસરૂ આગળ આવી લાગતાંજ અને તે પાદશાહને દુરથી જોતાંજ ઘોડા ઉપરથી નિચે ઉતરી પડી તેની આગળ તેની તારીફ કરતો જઇને પાદશાહ આગળ ભોંય ઉપર વાંકો વલ્યો. વળી તેણે તે માર્યાં ગયલાઓને પાદશાહને દેખાડીને તુરતજ તેઓ સાથે લડનારાઓના નામ તેને કહયાં. પછી તે બાધુર ઇરાની પાદશાહ આગળ ગેવ ગુરૂઇંજરેહને દોડાવીને લાવ્યો. ખસરૂએ તે ગુરૂઇંજરેહને જોતાંજ પોતાના જીગરમાંથી એક થંડી હાએ મારી અને તે પાદશાહે જડપથી પોતાના ઘોડા ઉપરથી નિચે ઉતરીને પોતાના પરવરદેગારની બંદગી કીધી કે "પરવરદેગારના શુકરાના હોજો અને તેનાથી મદદ હોજો, કારણ કે તેજ ફતેહ અને મદદ આપનારો છે." પાદશાહ પરવરદેગારની આફ્રીન કરતાં અને દુવા ચાહાતાં એ પ્રમાણે ઉભો રહયો અને તેણે કેઆની તાજને માથાં ઉપરથી કાઢી નાખ્યું પછી તેણે પેહેલવાનોની અને તમામ લશકરની તારીફ કીધી કે, "ઓ મુબારક પગલાંના નામદારો! તમો આતશ જેવા છો અને (તમારા) તમામ દુશમનો ઘાસ જેવા છે. સપેહસાલાર ગોદરેજ અને તેના કુટુંબીઓ તિક્ષણ આતશ જેવાજ છે. તે સઘલાઓએ તો પોતાના જીવ અને શરીરને પણ જાણે ફીદા કીધાં છે અને તેઓએ તુરાનના મુલકનો દમ કાઢી નાખ્યો છે. હાલે તમો લોકોથીજ મારો પાદશાહી ખજાનો બનેલો છે માટે તમારી આગળથી હું મારા જમના હાથને ખાંચશ નહી." પછી તેણે તે માર્યાં ગયલાઓ તરફ નજર કીધી અને જ્યારે તેણે તે તુરાની સપેહસાલારનો ચેહેરો જોયો ત્યારે તેણે પોતાની બે આંખોમાંથી દુખનાં

આંસુ પાડીને તેની તમામ ભલી વર્તણુક યાદ કીધી. તે પીરાન માટે પોતાનું દિલ એવી રીતે બાલવા લાગ્યો કે તું કેહેશે કે જાણે તેમાં આતશ સળગ્યો છે. તેણે પોતાના ચેહેરાને આંસુથી ભરી નાંખીને તેના મોત માટે એક દાસ્તાન ચલાવ્યું કે "કમનસીબ એનું કે તે બીહામના અઝદાહ જેવો શખ્સ એક જોરાવર સિંહને પણ એક ફુફારામાં પોતાના ફાંડામાં પકડતો હતો. કોઇપણ મરદાનગી ધરાવનાર તેના જેવું જોર ધરાવતું હતું નહી. આવા તિક્ષણ પંજાવાલા શખ્સનું સેવટ આ પ્રમાણે આવ્યું છે. તમામ વર્ષો સુધી તું મારો ગમ ખાનારો હતો અને મારા સઘલા કામમાં (મારી તરફથી) તું તારી કંમર બાંધેલી રાખતો હતો. સીયાવક્ષનું ખુન થવાથી એજ ગમભર્યો બન્યો હતો અને તેનાથી એ કામમાં કોઇપણ (ઇરાની) દુખી બન્યો હતો નહી આવો તું મારો મેહેરબાન છતાં મારા દુશમનમાં ફેરવાઇ ગયો અને તેને માટે ઇરાનનો મુલક ધાસ્તી ખાતો થયો. હારેમને તેનું અંતકરણ ચોરીઆથીજ તેણે બીજી રીતનો ધંધો પકડવાનો વિચાર કીધો. મે તેને ઘણીએક શિખામણો અપાવી પણ મારૂં કેહેવુ તેને ફાયદાકારક નિવડયું નહી તેણે અફ્રાસીયાબ તરફથી પોતાનું માથું ફેરવ્યું નહી, પણ તેના પાદશાહે હવે તેને આવો બદલો અપાવ્યો છે. હમે તો એનો બદલો બીજી રીતે આપવા ચાહાતા હતા અને તેને તખત તથા તાજથી નવાજવા માંગતા હતા પણ આપણા વિચારથી વાત તો ઉલટી બની અને આસમાન તેના માંથા ઉપરથી બીજી રીતે ફર્યું છે. મેહેરબાની દેખાડવાની જગ્યાએ તે (આસમાન) નું દિલ જુલમગાર બન્યું છે અને તેનાં માથાં ઉપરથી તેણે બીજી રીતનો ચેહેરો દેખાડયો છે. તેથી તે લશકર લેઇને તમારી સામે લડવા આવ્યાથી ઈરાનીઓથી તેનો આવો નાશ થયો છે તેણે ગોદરેજની શિખામણોને, મારા હોકમને અને મારા પેહેલવાનોના કેહેવાનાને નિચા પાડયાથી પોતાના દિલની તમામ માયાનો નાશ કીધો અને ઝેહેરમાં ઝેહરનો ઉપાય મેલ્યો. તે તૈયારી સાથે તુરાનથી જડપથી આવ્યો પણ (જાણે) તેનું મોત ગોદરેજના નેજાથીજ હતું. તેણે અફ્રાસીયાબ તરફથી કીનો લેતાં પોતાના બેટાને, ભાઇઓને, તથા તાજ, કમરબંધ, બખતર, લસકર અને પોતાના વતનને બરબાદ કીધું છે, અને સેવટે મોતે પણ તેના ઉપર એટલીબધી ઉટાવલ કીધી છે."

પછી તેણે કસ્તુરી, ચોખો કપુર, અંમબર અને ગોલાબને સાથે ભેલીને તેના તમામ શરીરને લગાડવા અને તેના શરીરમાં કપુર અને કસ્તુરી ભરવા માટે ફરમાવ્યું. પછી તેના પવિત્ર શરીરને રૂમી રેશમી કપડાંથી ઢંકાવ્યું. તે પાહાડ તેની મત્તી બનવાની જગ્યા થઇ. લા ખસરૂએ મેહેરબાનીની રાહે

આસમાન સુધી મઠાલું પુગે એવું એક દખમું બનાવવા ફરમાવ્યું. તેમાં સર-દારોને ઘટે તેવાં તેઓના તખત મુકવામાં આવ્યાં અને તે તખત ઉપર તે પેહેલ-વાનોને કમરે કંમરબંધ સાથે અને માથે તાજ સાથે સુવાડવામાં આવ્યા. ફરેબ ભરેલી આ દુન્યાની આવીજ રીતભાત છે. તેમાં આટલીબધી ચઢતી છે અને તેટલીજ પડતી પણ છે. તેથી અક્કલમદોના દિલ પણ તેની કરણીથી તેમના કામમાં એમ હેરાન બને છે. ત્યારબાદ પાદશાહે ગુરૂઇજરેહની તરફ જોયું અને તેના ઉપર જેવા શ્રાપ ઘટતા હતા તેવા શ્રાપ દિધા. ખસરૂએ તેના કદરૂપા ચેહેરા તરફ તથા તેના માથા ઉપરથી દેવની માફક બાલ લટકતા હતા તે તરફ નજર કીધી. પછી તે બોલ્યો કે, "ઓ જેહાનને પેદા કરનાર સાહેબ! તુંજ જાહેર તેમજ ભરમની વાત જાણનારો છે કદાચને કાઉસે કાંઇ બુરાઇ કીધી હશે અને તેણે તું પરવરદેગારને ગુસ્સે કીધો હશે તેથીજ તેં આવા દેવને સીયા-વક્ષ આગળ મોકલી આપ્યો હશે. હુ નથી જાણતો કે તે નિર્દોશ તરફ એણે શા માટે કીનો રાખ્યો હશે? તોપણ તું જેહાનનો માલેક કે જે જેહાનનો નિભાવનાર, નેકીનો પોંહચાડનાર અને રૂહેતુમાઇનો કરનારો છે તેની મદદથી હું અફ્રાસીયાબ ઉપર સીયાવક્ષનો કીનો લેવશ અને તે કીનો લેવામાં હુ ઉટા-વલ કરશ." પછી તેણે ગુરૂઇજરેહને વલ ઉપર વલ આપીને લાંબા તાંટણા જેવો બનાવવા કહયું. જ્યારે તેના સાંઢે સાઢાં બંધથી જુદા થયા ત્યારે તેનું ડોકુ ગોસ્પદ માફક કાપી કાઢવામાં આવ્યું. પછી તેને પાણીમાં ફેકી દેવાનો હોકમ કરવામાં આવ્યો અને બોલ્યો કે "અફ્રાસીયાબના પણ એવાજ હાલ થશે." આ વળેલી પીઠના આસમાનની કરણી એવીજ છે. તે પોતે ઉછારે છે અને પછી પોતાનાંજ ઉછારેલાંને તે મારી નાંખે છે." તે પાદશાહ કેટલોક વખત સુધી તે લશકર માટેની ત્યાં ગોઠવણો કરવાને તથા જે કોઈ પાદશાહીને લાયક હોય તેઓને પાદશાહી અને જેઓ ખેલાત અને તાજને લાયક હોય તેઓને ખેલાત અને તાજ બક્ષવા તે મેદાનમાંજ થોભ્યો. પછી તેણે તુરતજ ગોદરે-જને ઇસફાહાનનો મુલક તથા બુજોર્ગીનુ તાજ અને ચઢતી પડવીવાલાઓનુ તખત બક્ષ્યું તથા તેની સાથે જે કોઇ મોટી પડવીના રાખ્સો કીનો લેવાની કોશેશ કરવાને અને નામદારી મેલવવાને લડાઇમાં ઉતર્યા હતા તેઓના કાંમન અંદાજા મુજબ તેઓની પડવી મુજબના તેઓને લાયકના ખેલાત તઇયાર કીધા. તેઓથીજ તે સઘલા (ઈરાનીઓ) બચ્યા હતા કારણ કે પીરાન જે ઉભેલો હતો તે તેઓથીજ નિચો પડયો હતો.

તુરાનીઓએ કુએખસરૂ પાસે માફી ચાહી તે વિષે.

પછી (તુરાનીઓ તરફથી) એક કાસદ કે જે તુરાની લશકરનો એક દાનાવ પેહેલવાન હતો તેણે પાદશાહ આગળ આવીને કહયુ કે, "તુ પાદશાહના હમો નોકરો અને ગોલામો છીએ માટે હમો તારા હોકમથી ઉલટા ચાલીશું નહી. જો કોઈ શખ્સ અઝદાહના ડાચામાં હોય તોપણ તે યજદાંનની ઇચ્છા વગર તેમાંથી છુટકો પાંમી શકતો નથી. હમો પોતે કોણ છીએ અને હમે હમારી કમર શા માટે તગ બાધી છે તે તો તારો સપેસસાલાર જાણે છે. સીયાવક્ષની બાબદમાં હમારો કાંઈ કસુર નથી પણ (હમારા) પાદશાહના દિલને હારેમન સીધે રસ્તેથી ખેચી લેઇ ગયલો હોવાથી તે પવનથી ભરેલો અને નાપાક વિચારનો પાદશાહ બન્યો હતો કે જેનામાં બુજોર્ગોને માટે શરમ કે ખોદા માટેનો ડર રહયો નથી. હમે તો તે વખતથી તે હાલે સુધી દુખી છીએ અને દિલના દુખને લિધે હમો હમારા ચેહેરાને આંખના આસુથીજ ધોતા બન્યા છીએ. હમારા કુટુંબ તુરાનમા ગમભર્યા રહે છે અને હમારી ઓરતો અને બાળકો માહેતમ કર્યા કરે છે. હમે કાઇ હમારી મરજીથી લડવા આવ્યા નથી અથવા તો હમો મુલકો કે તખતો પણ મેલવવા આવ્યા નથી એવાં કાંમથી તો હમારૂંજ બુરૂ થયું છે અને બાપો બેટા વગરના અને બેટાઓ બાપ વગરના બન્યા છે. તેથી જો તું હમુને માફ કરી હમારા જાન બક્ષશે તો હમે તારી આગળ ગોલામ માફક કંમર બાંધીશુ. હમો તારાં લશકર સાથે લડવા આવ્યાથી જાણે હમો સઘલા મગરના ડાચાંમા હોઇએ તેમ લાગે છે. આ લશકરમા ઘણાએક મોટી પડવીના સરદારો છે જેઓ તુ પાદશાહની ગોલામગીરી કરવા તૈયાર છે. હમો તો ગુનેહગાર છીએ અને તુંજ હમારો પાદશાહ છે અને તારો જે જે હોકમ મલે તે હમુને બજાવનો રવા છે માટે હમો સઘલાં કાંઇપણ કીનો રાખ્યા વગર અને કાંઇપણ ચકચાર કીધા વગર તારી આગળ હમારા માથાં લાવીને મુકીશું જો તારા દિલમાં હમારે માટે કીનો હોય તો તારા દુશમનોના ડોકાં તારે કપાવી નાખવાં એ તારો કાયદો છે પણ જો તુ માફ કરવા માંગતો હોય તો તેપણ ઘટતુ છે. જેમ તુ પાદશાહની મરજી હોય તેમ તુ કરજે." જ્યારે તેણે તેઓનું દુખસાથનુ કેહેન સમજ્યુ ત્યારે તે મોટાં દિલના પાદશાહે તેઓને માફી બક્ષી. પછી તે પાદશાહે તેઓ શુ ખાહેશ રાખે છે અને શુ ઉપાય કરવા માંગે છે તે જાણવાને તેઓને પોતાની આગળ આવવા ફરમાવ્યાથી સઘલાઓએ લોહીથી ઉકલતા દિલે અને કીનાના આંસુથી ભરેલી આખો સાથે આવીને પોતાના માથાં જમીન ઉપર મુકયાં. પછી પાદશાહ પોતાનો ચેહેરો આસમાન તરફ ફેરવીને બોલ્યો કે "ઓ મદદ કરનારા ઇનસાફી સાહેબ!

આ તેજ લશકર છે કે જે ફીનાભર્યા મગજ સાથે અત્રે ઇરાન જમીનની પાયમાલી ઇચ્છતું આવ્યું હતું. પણ જેઓ ઝેહેરી ડાપું ભરનારા હતા તેઓ વિખેરાઈ ગયા છે અને મગરૂરોએ પોતાના માથાં નિચાં નમાવ્યાં છે. તેઓને તું પરવરદેગારેજ આવે વખતે વિચાર વગરના, અકકલ વગરના તથા પગ અને માથાં વગરના બનાવ્યા છે તેથી જે કોઇ દોસ્ત હશે તેઓ તરફ હું મારા (મદદનો) હાથ લબાવશ અને કોઇપણ શખ્સ ફર્યાદ કરનાર થાય એવું હું જેહાનમાં ઇચ્છિશ નહી એ બાબે એક ભલા વિચારના શખ્સે એવી વાત કહી છે કે 'તું ફીના માટેજ તારા પગ જીન ઉપર ચઢાવજે' હવે મારા ખુલેલાં નસીબ પ્રમાણે કામ કરવાનું રહેલું હોવાથી આ મારો ઘોડો તે મારૂ પ્રકાશ આપનારૂં તખત ગણાશે. આપણુને આ ફીનામાં યાતો તખત અને તાજ મેલવવુ, નહી તો કે આપણુને કફનની રસમ મુજબનો સામન પાંમવો. વળી હું કાંઇ વાઘના પંજા હેઠેલ કચડાયલો નથી કે જેથી મારૂં મગજ અને માથું ગીધો ફાડી ખાય. હવે તો તમારીજ બુરી કરણી પુરવાર થયલી છે અને જે કોઇ અકકલમંદો છે તેઓ તેમ કબુલ પણ કરે છે. હું કાંઇ એવો શખ્સ નથી કે તમારાં લોહીમાં હાથ બોલું અને નહી બની શકે તેવાં કામને તંગ રીતે ધરૂં. જોકે તમો મારા તખતના ગમે એવા બુરૂં ઇચ્છિનારા હતા તોપણ તમો સઘલા મારાં રક્ષણ હેઠેલ છો. માટે જે કોઇ પોતે જેમ કરવા ચાહતો હોય તેમ કરી શકશે અને તે કામમાં કાંઈપણ વધ ઘટ થશે નહી. જે કોઇ શખ્સ પોતાના પાદશાહ આગળ જવા ચાહાતો હશે તેને હું અટકાવવાનો પણ નથી. હું તો વધુ કે ઓછું મેલવવાથી કે મેહેનત કરવા કે લોભ ધરાવવાથી પરવરદેગારની મદદથી ગરજ વગરનો છું." જ્યારે તુરકીઓએ પાદશાહનુ એમ કહેવું સમજ્યું ત્યારે સઘલાઓએ માથાં ઉપરથી તોંપી કાઢી નાંખી. તેઓ પાદશાહની ફતેહ આગળ નમી ગયા અને તે લડાયક વાઘો હરણ જેવા (ગરીબ) બન્યા. પછી પાદશાહે જે કોઇ પાસે હથીયાર હતાં તે સઘલાઓને પોતાની તમામ તલવારો અને ભાલાઓ તાબે કરી દેવાનો હોકમ કીધો. આથી ત્યાં ઘોડાઓનાં બખતરોનો તથા રૂમી કોલાહોનો ચંદ્રના આસમાન સુધી પુગે એવો ઢગલો બન્યો. તેવાંજ વળી તે નામદાર તુરકીઓના રાતા, પીલા અને જાંબુરા વાવટાઓ પણ એકઠા કરવામાં આવ્યા. પછી તેઓએ ત્યાં સખત સોગંદ લીધા કે "જ્યાં સુધી હમે જીવીશું ત્યાં સુધી હમે એક નાંકેથી બીજે નાંકે સુધીના સગલાંઓ તું પાદશાહનાજ ચાકરો અને ગોલામો રહીશું અને હમારા દિલમાં તેને માટેની મોહબત ધરીશું." જ્યારે તેઓએ એમ કીધું ત્યારે તે ચાલાક પાદશાહે તે લશકરનો ગુનોહ માંફ કીધો. પછી તેણે તે ભેગા થયલાઓને ત્યાંથી વિખેરી નાંખ્યાથી ત્યાંની તમામ જમીન તે લોકોથી ભરાઇ ગઇ.

બેજન ગસતહમ સાથે તથા લેહાક અને ફરશીદવરદની લાશ સાથે ઈરાની લશકરમાં પાછો ફર્યો તે વિષે.

ત્યાર બાદ ચોકી કરવાની જગ્યાએથી એક એવો પોકાર સંભલાયો કે "માર્ગમાંથી સ્વારોથી ઉડી રહેલી ધુલ માલમ પડે છે હુ દુરથી એક સ્વાર સાથે ત્રણ ઘોડા અને તેઓ ઉપર ત્રણ લાશો બાંધેલી જોઉ છું." આથી તે ઇરાન જમીનનો કયો શખસ હશે અને કોણે આ કીનાના મેદાન તરફ આવવાની હીમત કીધી હશે તે જોવાને ઇરાની લશકરના તમામ નામદારોએ અજાયબી સાથે તે માર્ગ તરફ પોતાની નજર ઠેરવી. તેટલાંમાતો બેજન પોતાની બાજુએ કમાન બોલવીને ત્યાં જડપથી આવી લાગ્યો લેહાક અને ફરશીદવરદને લોહીથી અને ધુલથી ખરડાયલા ઘોડાઓ ઉપર ઉંધા નાખેલા હતા અને બીજા એક ઘોડા ઉપર દુખી થતા અને ગમ કરતા ગસતહમને એક તુરકી પોતાના ખોલામાં પકડીને બેઠેલો હતો. બેજને ખસરૂ આગળ આવી તેના માંથા ઉપરનુ તાજ તથા તેનું ઉચું તખત જોતાંજ ત્યાં પોતાનું માથું ધુલ ઉપર મુકીને જમીનને બોસો લિધો. ખસરૂ પણ તેના દિદાર જોઈ ખુશ થયો અને તેને સ્વાલ કીધો કે "ઓ સિંહ જેવા શખ્સ ! આ લડાઈના મેદાનમાંથી તું કયાં ગયો હતો?" આથી બેજને તેની આગળ ગસતહમની તથા પેહેલવાન લેહાક અને ફરશીદવરદને માટેની અને તે સ્વારો સાથે લડતાં ત્યાં ગસતહમના ઘાહેલ થઇ પડવાની અને તેના રૂડન કરવાની થોડી ઘણી વાતો કીધી. પછી તે બોલ્યો કે "હવે ગસતહમ એક એવી ઇચ્છા કરે છે કે જે કામ તું પાદશાહ આગળ કાંઈ મુશકેલ નથી. તે તું પાદશાહના દિદાર જોવા માગે છે કે જેથી તે જોયા બાદ તેનો જીવ જાય તો કાંઇ નહી." આથી તે નમનતાઈ ચાહનારા પાદશાહે ગસતહમને પોતાની આગળ લાવવાનો હોકમ કીધો. ગસતહમ પોતે એવો તો ઘાહેલ બન્યો હતો કે તું કહેશે કે જાણે તેનો દમ પણ ચાલતો હતો નહી. જેવો તે બાધુરને શેહેનશાહનો સોડમ આવ્યો તેવોજ તેણે ફરીને તેના તરફ નજર કીધી અને પોતાની આંખોમાંથી માયાના આંસુ પાડયાં. આથી તે પાદશાહનો પણ ચેહેરો આંસુથી ભરાઇ ગયો અને ત્યાં જે કોઈ મોટી પડવીના શખ્સો હતા તેઓ પણ રડવા અને આતશ ઉપર ભુંજાય તેમ બલવા લાગ્યા. પાદશાહને પણ તેના મોત માટેનો અફસોસ થયો કારણકે તુરકીઓ સામે કીનો લેવાને વખતે તેનું માથું જાણે લુહાડના ધીમરાં જેવું હતું. તે (પાદશાહ) પાસે હુસંગ, તેહેમુરસ્પ અને જમશીદથી ઉતરી આવેલો એક મોહોરો હતો કે જેના વડે ઘાહેલ થયલાઓને માટે (સાચવવાની) ઉમેદ રેહેતી હતી. આ વારસો પાદશાહને મલ્યો હતો અને તે તમામ વર્ષો અને મહીનાઓ સુધી તેની બાજુએ બંધાયલો રેહેતો હતો. જયારે તેના

દિલની દયા ગસતહમ માટે ઉશકેરાઇ ત્યારે તે મોટી પડવીના શખ્સે તે મોહોરાને પોતાના જમના હાથ ઉપરથી છોડયો અને તેને ગસતહમની બાજુએ બાંધી લિધો, અને પછી તેના ઘાહો ઉપર તેણે હાથ ફેરવ્યો. ત્યાર બાદ તેણે હીન્દ રૂમ, ચીન અને તુરાનના મુલકોનો તથા ઇરાન જમીનના જે કોઇ તબીબો ત્યાં હતા કે જે સઘલાઓને એવા વખત માટે દુન્યાની ચોબાજુએથી લાવી રાખવામાં આવ્યા હતા તેઓને તેને માટે રોકયા. તેઓએ ગસતહમને એક ગાદી ઉપર સુવાડી તેના ઉપર તરેહવાર ઉપાયો અજમાવ્યા ત્યારબાદ કએખસરૂ પણ નેમાજ કરવાની જગ્યાએ ગયો અને ત્યાં પરવરદેગારની આગળ ઘણીએક છુપી વાતો (બંદગી) કીધી આથી તે ઘાહેલ થયલો શખ્સ એ અઠવાડયામાં સાજો થયો અને તે દુખ અને રજ ભોગવી ઉભો થયો.

પછી તેને ઘોડા ઉપર બેસાડી પાદશાહ આગળ હાજર કરવામાં આવ્યો. તે જેહાનના પાદશાહની તેના ઉપર નજર પડતાંજ તેણે ઇરાનીઓને કહયું કે "પરવરદેગારથીજ દરેક શખ્સ ખુશાલ અને સારા વખતવાલો બને છે. હવે ફતેહ મેળવ્યા સાથે આપણા ખુસાલી ભર્યા દિલને ગસતહમના ગમમાં ગમગીન બનાવવાં પડશે નહી. એ કામમાં સઘળી પરવરદેગારનીજ માયા છે. એ કાંઈ કોઇ શખ્સની અકકલથી અને દયાથી બનતુ નથી પછી તેણે તુરતજ ગેવના બેટા બેજનને બોલાવી મગાવી તેના હાથમાં તે બાહુર પેહેલવાન (ગસતહમ) નો હાથ આપીને કહયુ કે, "એ ભલું નસીબ યજદાં તરફથી મલેલું તું સમજજે, પણ તુ કદી પણ તારાં શરીર (થી એમ બન્યુ છે એમ સમજી તે) નો ઉપકારી રેહેતો ના કારણ કે તે સાહેબ પોતેજ જાવેદાન સુધીનો મદદગાર છે અને મુશકેલીને વખતે કોઇ પણ તેના શિવાય બીજા કોઇનો હાથ પકડતું નથી. અગરજો મુવેલા શખ્સનુ શરીર જીવતું થઇ શકતું હોય તો તેમ ગસતહમને પરવરદેગારેજ જીવતો કીધો છે" પછી તેણે ગસતહમને કહયુ કે, "હવે તુ સંભાળજે. હાલ સુધીમાં મે બેજન જેવો બીજો કોઇ જોયો નથી જો તેણે પોતાની ઉપર એ પીડા ઉઠાવી લિધી હતે નહી તો તુ આવી રીતની વખાણ કયાંથી જોતે?" પછી તે પાદશાહ રીયુબદના મેદાનમાં એક અઠવાડયું સુધી રહયો અને ત્યાં તેણે દીરમ, દીનાર અને તરેહવાર ચિજોની બક્ષેશ કીધી. તેણે ચોબાજુએ બુજોર્ગો અને મોટી પડવીના શખ્સો આગળ કાસદો મોકલ્યા અને તેમને કેહેવાડયું કે, "તમો લશકરના અસબાબ સાથે અત્રે આવો કારણ કે હમો કંગના પાદશાહ ઉપર હુમલો કરવાનો વિચાર કર્યે છીએ." હવે વાંચનાર, જયારે તું પીરાન સાથની લડાઇથી ધરાયો છે તો હવે કયેખસરૂની લડાઈનું બ્યાન (સમજવા) માટે તૈયાર થા. એ કીનાની વાત પછી જરા મીઠા સખુનોથી તું

તારા પવિત્ર મગજને શંગાર આપ કારણ કે જ્યારથી અફ્રાસીઆબ સાથનો કીનો જાગ્યો ત્યારથી પાદશાહ (ખસરૂ)ને પુશકલ મેહેનત ખમવી પડી હતી.

સુલતાન મહમુદની તારીફમાં તથાં જમાનાની ફર્યાદ વિષે.

પાદશાહ મહમુદ કે જેના ઉપર તખત, તાજ અને વિંટી વાહાલ કરે છે તેની ઉપર પરવરદેગારની આફ્રીન હોજો. તે તાજ અને ખજાનાનો સાહેબ છે તથા શમશેર અને બખતરનો માલેક છે. કારણ કે બક્ષેશથી તેનો ખજાનો ઉછળી રહે છે અને તેના નામથી બુજોર્ગીનું વધવું થાય છે. દરીઆને એક નાકેથી બીજે નાકે સુધી તેનું લશકર છે અને જેહાન તેના તાજના દમામ નિચે રહે છે. જેહાનની ખાનોમાં એવું સુનું રહયુ હતું નહી કે જેના ઉપ્યોગના ફળ તેના નસીબે મેલવ્યાં નહી હોય. તે દુશમનો પાસેથી સઘલું છીનવી લેઇને દોસ્તોને આપે છે અને ફતેહમંદ પરવરદેગાર તેનો મદદગાર રહે છે. ખુશાલીને વખતે તે ખજાનો રેડી દે છે અને લડાઇ વખતે તે સિંહો અને હાથીઓને ફેકી દેનારો બને છે. જ્યારે પણ તે પોતાની તિક્ષણ તલવારથી દેશો જીતે છે ત્યારે તે ત્યાંની જમીન ઉપર રસ્તાખેજ કરી નાખે છે. તલવાર વડે તેમજ જહવેરાત વેરી નાખતા હાથો વડે તે જેહાનમાં પોતાની યાદગારી મુકી જવા સિવાય બીજુ કાંઇ માંગતો નથી. કારણ કે ખુશાલી વખતે આસમાન તેને દરીઆને નામે ઓલખે છે અને લડાઇ વખતે તે તેને સુરજ જેવા ચેહેરાના સિંહ તરીકે ઓલખે છે. જેહાનમાં ધુલ અને પાણી અને વળી આસમાન ઉપરનો સુરજનો ઝરો તેને માટે એકમત થાય છે કે લડાઇમાં તેમજ બક્ષવામાં, કોશેશ કરવામાં અને નામદારી મેલવવામાં તેના જેવો કોઇપણ પાદશાહ થયો નથી. જો તેના કીના સાથે દયા ભેલાયલી હતે નહી તો તેના ગુસ્સાથી સેતારાઓને પણ નિચે આવી પડવું પડતે. તેનું શરીર જોરેમંદ છે અને તે એટલું બધું લશકર ધરાવેછે કે તેમાંથી પવનને પસાર થવાની પણ જગ્યા નથી. તેના લશકરની પુઠે સાતસો જોરાવર હાથીઓ રહે છે. જેહાનનો ખોદા અને ગેબરાઇલ[1] ફરેશતો તેના મદદગાર છે. તે દરેક સરદાર અને દરેક નામદાર પાસેથી તથા દરેક મુલકમાંથી ખંડણી લે છે. જો તેઓ ખંડણી નથી આપતા તો તેઓને પોતાનો મુલક તથા ખજાનો, તખત અને તાજ ખોહી દેવાં પડે છે. તેની સાથે થયલો બંધોબસ્ત તોડ-

[1] ગેબ્રીયલ એ જરથોશ્તીઓના સરોશ યજદના જેવો ગુણ ધરાવનાર ફરેશતો છે.

વાની અથવા તો તેના હોકમથી માથું ફેરવવાની કોણની હીંમત છે? ખુશાલીને વખતે જેહાન તેનાથી રોશન બને છે અને લડાઇમાં તે બખતર સાથના પાહાડ જેવો લાગે છે. તે બાહુર પાદશાહનું નામ અબુલકાસમ છે કે જે પોતાના સિંહ જેવા પંજાથી ગોરખરોને જીતી લે છે. તે જેહાનનો પાદશાહ મહમુદ લડાઈમાં બાહુરોના ડોકાંઓને ધુલમાં રગડોલાતાં કરે છે જ્યાં સુધી જેહાન રેહે ત્યાં સુધી તું જેહાનનો પાદશાહ પણ કાયમ રેહેજે અને ઉંચુ નસીબ તેના ચંદ્ર જેવાં તાજ જેવું બનજો. કારણ કે પ્રકાશતાં આસમાનને દિપાવનાર અને ખુશાલીની મીજલશમાં બક્ષેશ કરનારાં વાદલ જેવો તેજ છે તેનામાં અક્કલ છે તેમજ નેકનામી અને ઇનશાફ પણ છે. માટે તેના માથાં અને તાજ વગરની દુન્યા હોતી ના. તે સેપાહ જેવો, બાહુર દિલનો, ખજાનો રાખનાર અને હોકમ કરનારો છે, તેમજ લડાઇમાં અને ખુશાલીની મીજલશમાં તે મજાહ મેલવનારો છે તેનાથી જેહાનમાં એક (આબાદીનો) ગલીચો પઠરાયલો છે કે જેની હસ્તી કદી પણ છુપી રેહેતી ના. જે ગલીચા ઉપર તકીઆ અને ગોદરાં છે, જે અહમદના બેટા ફજલની[1] બેઠકની જગ્યા છે. પહરેજ રેહેવામાં, ઇનસાફમાં, દીનમાં અને અક્કલમા તેની બરોબરનો પાદશાહ માટે કોઇ સરદાર નથી. તેનાથીજ તેની પાદશાહીમાં નચિંતાઈ છે કારણ કે તે નામદાર સરદારોમાં ભલો ગણાય છે. તે ખુલ્લી જબાનનો તથા પાક દિલનો અને પાક હાથનો છે તથા તે પાદશાહ તરફ વફાદાર અને પરવરદેગારની બંદગી કરનારો છે. એ ડાહપણવાલા અને ઇનશાફી વજીરથી મારી અતીઘણી મેહેનતનો અંત આવ્યો છે. તેનાથીજ મેં આ બાસ્તાન નામું કે જે સાચા લોકોનાં પુસ્તકોમાંથી વધારે પસંદ કરવા જોગ છે તે લખ્યુંછે કે જેથી મારા બુઢાપાના વખતમાં એનું મને ફળ મલે અને મને બુજોર્ગી, પૈસા અને તાજ અપાવે. એવો બક્ષેશ કરનારો અને પાદશાહી તખત ઉપરથી પ્રકાશ આપનારો પાદશાહ મે કોઇને જોયો નથી. તેની સખાવત કે જેની કુચી નથી તે સખાવત મને કયારે જણાય તે માટે હું થોભી રહયો છું. તે દીનનો નેગેહદાર અને તાજનો સંભાળનાર છે અને તે હાથીદાંતના તખત ઉપર બેસી પોતાના મુલકને દિપાવનાર છે. બાહુરો સાથની લડાઇમાં તે કૌવટમંદ છે તથા વળી પુછપરછ કરવામાં તે દાનાવ છે. દીન અને અક્કલની ડાંખલીને તે ફળવંત બનાવે છે અને તેની અક્કલભરેલી દાનાઇથી તે પોતાના શકોને ફાડી કાઢે છે. તે વિચારશક્તિને લિધે તો નિર્દોશોમાનો એક ગણાય છે અને હમેશાં તેને પરવરદેગારની મદદ મલતી રહે છે.

---

૧ અબુફજલ એ માદશાહ મહમદનો કાબેલ વજીર હતો.

મેં તો એ પ્રમાણે મુશ્કેલેશી અને દુખ સાથેની જીંદગી ગુજારી. પાંસઠ વર્ષની ઉમર પસાર કીધી છે. જેવાં સાઠ ઉપર બીજાં પાચ વધુ વર્ષ પસાર થયાં તેટલામાં તો જેમ વસંતનો પવન જંગલને ખખડાવી નાખે તેવો હું ખખડી ગયો છું. સાઠ વર્ષની ઉમરમાં હું જે જોરાવર હતો તે હવે સુસ્ત બની ગયો છું અને લગામ પકડવાની જગ્યાએ હાથમાં લાકડી ધરવી પડે છે. મારો રાતા રંગનો ચેહેરો ચંદ્ર માફક ફીકકો બન્યો છે અને મારી કાલી દાઢીનો રંગ કપુર જેવો બન્યો છે. મારૂં સીધ્ધું શરીર બુઢાપાને લિધે વલી ગયું છે અને મારી આંખોની રોશની પણ ઘટી ગઈ છે જે વખતે મારી અઠાવન વરષની ઉમર હતી તે વખતે તો હું જવાન હતો. પણ હવે જ્યારે મારી જવાની જતી રહી છે ત્યારે હું જેહાનમાંથી એક મોટો પોકાર સમજું છું કે જેથી મારા વિચારો પુરાના બન્યા છે અને હું નુકસાન વગરનો બન્યો છુ તે પોકાર એ છે કે "ઓ તમો મુબારક ફરીદુનથી પોતાની નસલ સોધનારા નામદારો અને બાધુરો! જ્યારે તે ચાલાક દિલનો ફરીદુન જીવતો હતો ત્યારે તેની આગળ આ જમીન અને જમાનો ગોલામ બન્યા હતા. તેણે આ જેહાનને ઈનશાફ અને સખાવતથી જીતી લિધી હતી જેથી બીજા શહાનશાહોના કરતાં તેનું માથું વધારે ઉંચે ચઢવા પાંમ્યું હતું તેની તવારીખની નિશાણુ હમેશાં દિપતી રેહેજો કે જેથી તેના ફળ અને મુલ્યાં (વંશવેલો) જાવેદાન સુધી સચવાયલાં રહે." જ્યારથી મારા કાનોએ એ પોકાર સમજ્યો ત્યારથી મે એ પોકારને મારા કાનમાંજ રમતો રાખવા માંગ્યો નહી. પણ મેં તેના નામથી આ નામું લખવા માંડયું જેનું સેવટ તમામ ચઢતુ આવજો કે જેથી તખત, તાજ અને શમશેરનો માલેક (મહમુદ) મારો બુઢાપાના વખતમા મદદગાર થાય. હું બુલંદ પરવરદેગાર પાસે એવુ માગું છું કે તે મારાં શરીરને એજ પ્રમાણે નુકસાન પુગાડયા વગરતું રાખે, કે જેથી તે જેહાનના પાદશાહ (મહમુદ)ના નામથી એ નામું લખી કાઢું અને કોઇ પણ વાત જાહેર કીધા વગરની રાખું નહી. ત્યાર પછી તો આ હુનર વગરતું શરીર ધુલ માટે સરજાયલું છે અને ત્યાર બાદ આ રવાના થનારૂ રવાન તેની હંમેશગીની જગ્યામાં રેહેવાતું છે. બક્ષેશનો કરનાર ઇનશાફી પાદશાહ કે જેનાથી જેહાનમાં હુનરો જાહેર થાય છે અને જે હીન્દ અને ચીનનો તથા ઇરાન અને તુરાન જમીનનો માલેક છે, તથા જે ખુબસુરતી અને ઉંચી મનશનીનો સાહેબ છે તેનાથી નિંદા અને તાનાજાણી દુર રેહેજો. તેના અવાજથી તો જમીન ઉપરના વાઘોના અને દરીઆમાંના મગરોના ચામડાં ફાટી જાય છે. ખુશાલીની મીજલશમાં તેની આગળ પૈસા અને કાંકરા સરખાજ છે અને તેનું દિલ બક્ષેશ કરવામાં ધાસ્તી કે ફીકર રાખતું

નથી. સુરજ જેવો જેહાનનો પાદશાહ મહમુદ કે જે લડાઈમાં શમશેર ખેંચનારા સિંહ જેવો છે તે મને જેહાનમાં વગર હાજતનો અને પેહેલવાનો વચ્ચે સરફરાજ બનાવશે તે પોતાના તખત ઉપર જાવેદાન બેઠેલો રેહેજો અને ફરતું આસમાન તથા તેનું નસીબ તેના દિલની ખાહેશ મુજબનું રેહેજો. જે બાધુર હોય તેની વખાન થતી રેહેવી જોઇએ અને કોઇપણ શખ્સે તેની તારીફ સિવાય બીજી વખાણ જાણવી જોઇએ નહી. કારણ કે તે જેહાનનો પાદશાહ વિચાર કરવામાં વધારે ચ્હડતો છે અને તેના તાલક ઉપર ભરેસ્પતીના જેવુ તાજ રહે છે. ઓ પાદશાહ! મેં તારી એવી એક નોકરી બજાવી છે કે જે જેહાનમાં મારી યાદગારી જાળવી રાખશે. આબાદ બાંધકામો પવનથી અને સુરજના તાપથી નાશ પાંમે છે. પણ હું જે બુલદ મેહેલનો પાયો કવીતાથી નાંખું છું તેને પવન અને વરસાદથી કાઇપણ નુકસાંન પુગશે નહી. એ નામું લખ્યા બાદ જમાનાઓ વહી જશે તોપણ અક્કલમંદ સખ્સો તો એ નામું વાંચ્યાંજ જશે અને તું જેહાનનો પાદશાહ કે જેના વગરનું કોઇપણ આ તખ્તને જોતું ના, તેની તારીફ ગાયા કરશે. વળી તેનીજ કરણી તેની વખાન કરાવશે અને તેની અસરથી તમામ જેહાન ભરેલી રેહેશે. જ્યારે મારામાં તેની વખાન ગાવાની શકિત રહી નથી ત્યારે હુ તેના પગ નિચેની ધુલની તારીફ ગાઉ છું. તમામ જમાનો તેને જીવતોજ ટકાવેલો રાખજો અને અક્કલ તેના નસીબને દિપાવતી રેહેજો. તેનુ દિલ ખુશનુમા વસત માફક ખુશાલ રેહેજો અને તેનું શરીર ફરતા જમાનાથી છુટકારો પાંમતુ રેહેજો તેનાથી અંનજુમનના લોકોના દિલ ખુશાલ રેહેજો અને દરેક કામમાં તેને ફતેહ મલજો તથા તેનું શરીર જોરાવર રેહેજો જ્યાં સુધી ગોળ આકાર આસમાનની ગીરદેશમાં ભરેસ્પતી સેતારો ફરતો રહે ત્યાં સુધી તે માન અને સુખ સાથે રેહેજો અને તેના ઉપરથી બુરાઓની નજર દૂર થજો.

ત્યાર બાદ હવે હુ આગળા સાચા લોકોના કેહેવા મુજબ એ બાસ્તાન નામુ આગળ લખું છું. જેમ જેમ હુ ફરતા જમાનાની નજદિક આવતો જાઉ છુ તેમ મને શિક્ષક તરફના બોધની અગત્ય રેહેતી નથી. હવે જેમ કએખસરૂની લડાઇ આવતી જાય છે તેમ તમુને મારાથી જાદુઇઓ સમજવાની મળશે. હું હવે તે દાસ્તાનમાં ઉતરશ અને પથરમાંથી ગુલલાલાના ફુલોને ઉગતાં કરશ. મારાં મગજે એ વાત મેલવી તે અગાઉ તો હવે હું એવી રીતની વાએજ મેલવવા પાંમ્યો છું ઓ તુ આ સાબેટી ઉપર તારી બે આંખોને ઘડીકમાં ખુશાલીથી અને ઘડીકમાં ગુસ્સાથી ડેડવી રાખનારા શખ્સ! આ જડપથી ફરતા (આસમાનના) ગુમબજમાં તો આપણા દિલ નવાં નવાં દુખથી અજબ બને

છે. જ્યાં સુધી જમાનાનો દોર રહેશે ત્યાં સુધી એમજ રેહેશે પણ તું એ અજાયબીની મેહેમાનદારી ચાખવા માટે નવો સવો દાખલ થાય છે. એકને સઘલી ઉમર સુધી મેહેનત અને દુખ વેઠવું પડે છે અને તેને પસેમાની તથા દુખ ખાઈ નાખે છે. જ્યારે બીજાને ફાલે તમામ મધ અને મીઠાશજ આવે છે અને તે શરીરની નચિંતાઈ સાથે મોજ મજાહ અને ઉચું તખત ભોગવે છે એકને તમામ ફેલ અને ફરેબથીજ પસાર થવુ પડે છે અને તે ઘડીકમાં ચઢતી અને ઘડીકમાં પડતી જોય છે એવીજ રીતે જમાનો પોશન કર્યો જાય છે. તેમાં ગોલાબનો રંગ મેલવવા જતાં કાંતાનુ વધારે દુખ મેલવવું પડે છે. તેથી જ્યારે પણ કોઇની ઉમર સાઠ વર્ષની બને કે તે શખ્સે વધારે મેલવવાથી હાથ ખાંચવો જોઇએ. જે કોઇએ આસમાનના દોરની ઘણી અજમાયશ મેલવી હોય તેની ઉમર સીતેરથી વધારે ગુજરતી નથી. પણ જો તેમ વળી ગુજરવા પાંમે છે તો તે વધારે જુલમભર્યું ગણાય તેવી જીંદગી ઉપર તો રડવું ઘટે છે. એ સાઠ વર્ષ જો સાઠ મહીના જેવાં હોય અને જો તું અક્કલમદ હોય તો તું તે (સાઠ મહીના) નાથી પણ છુટકારો મેલવવા માગે. આ ફરતાં આસમાનમાંથી હું રસ્તો મેલવી શકતો નથી અને સુરજ અને ચંદ્રની જાલમાં સપડાઇ જતો નથી. પાદશાહ ગમે એટલી મેહેનતથી કોશેષ કરે છે તોપણ તે કીનાથી ધરાતો નથી અને ખજાનાથી મજાહ મેલવી શકતો નથી. તોપણ તેનો બીજી જેહાનમાં જવાનો વખત આવશે અને તેની કોશેષ તેની જગ્યાએજ રહી જશે. હવે તુ (પાછો) પાદશાહ કએખસરૂનો વિચાર કર અને દુન્યાનું જે કામ પુરાતુ બન્યું છે તેને પાછું તાજું બનાવ તેણે શમશેર વડે, કોશેષથી અને ઉપાયો રચીને પોતાના મમાવા ઉપર પોતાના બાપનો કીનો લિધો હતો. તેણે પોતાના મમાવાને મારી નાખ્યો તેમ તે પણ અત્રે રહયો નથી, તથા જેહાને પણ તેનો હોકમ માન્યો નથી ત્રણ પાંચ દિવસના મુસાફરખાના જેવી દુન્યાની રીત એવીજ છે માટે તું કોશેષ કરી રંજ ખેચવાથી દુર રેહેજે.

અફ્રાસીયાબ સાથે લડાઇ કરવા માટે કએખસરૂએ લશકર તૈયાર કીધું તે વિષે.

જ્યારે ગોદરેજ અને પીરાન વચેની લડાઇનો અંત આવ્યો ત્યારે તે ફતેહમંદ પાદશાહે બીજી લડાઇની તૈયારી કીધી. તેથી સરદારો દરેક બાજુએથી મોટા લશકર સાથે તેની આગળ આવ્યા. ત્યાં સરનાઈના અવાજો ઉંચે ચઢવા લાગ્યા અને તેઓએ આવીને મેદાનમાં છાવણી ઠોકી. હાથીની પીઠ ઉપર એક પીરોજાનુ તખત મુકવામાં આવ્યું અને જમીનની સપાટી નાઇલ

નદી જેવી બની. પાદશાહ પોતે તાજ પેહેરીને તે તખત ઉપર બેઠો જેથી તે મેદાનમાંથી અને તેની દરગાહમાંથી પોકારો નિકળી રહયા. મેદાનમાં ચાલવાની જગ્યા રહી નહી અને શેહેરમાં સુવાની પણ જગ્યા મલી નહી. રંનશીગડાં અને સરનાઇના અવાજથી જાણે જેહાન પણ બેહેરી બની અને ત્યાંની જમીન લોઢાંની અને આસમાન સીસમના રંગનુ બન્યું જ્યારે તે નામદાર પાદશાહે કંમર બાધીને હાથી ઉપરના તખત ઉપરથી પોતાનો મોહરો વજાડયો ત્યારે દરેક પાદશાહોએ પોતાની પાદશાહી દરબારમાંજ બેસી રહેવુ લાજમ ગણ્યું નહી તે બાધુરોના નમદાર પાદશાહ ખસરૂથી તેની પાદશાહીમાં એવોજ રવૈયો પડયો હતો. લોહરાસ્બ ૧ અને તિક્ષણ ૫ જાનો રૂસતમ કે જેઓ ઉડા દરીઆમાથી મગરને બાહાર ખેચનારા હતા તેઓને તથા બીજો નામદાર પેહેલવાન અશકશ કે જે લોકપ્રીય સખાવત કરનારો અને રોશન રવાનનો હતો તે સઘલઓને તેણે પુશકલ શિખામણો આપી જેજે મુલકોમાં મોકલ્યા હતા ત્યાંથી તેએના જે કોઈ પેહેલવાનો અને લડાયકો હોય તેઓ સાથે તેમને દરબારમા પાછા ફરવાનો હોકમ કીધો. તેણે ખજાનાના બારણા ખોલ્લાં કીધાં અને માણસોને રોજી આપી અને પોતાના બાપના રવાનની ધણીએક યાદ કીધી પછી તેણે તે લશકરમાથી કાશદો કે જેઓ બોલકના, રોશન દિલના અને અક્કલ વાપડનારા હતા તેઓને ચુટી કાઢયા. ત્યારબાદ તમામ નામદારો અને સ્વતંત્ર સરદારો ઉપર તથા દરેક નામદારો તથા દરેક મુલકો કે જેઓ ઉપર તે પાદશાહ સરદારી ભોગવતો હતો તેઓ ઉપર પેહેલવી ભાષામાં નામાઓ લખવામાં આવ્યાં કે "ફતેહમંદ પાદશાહ કએખસરૂએ હાથીની પીઠ ઉપરથી મોહોરો ફુકીને તમામ જમીનને નાઇલ નદી જેવી (હિલચાલ કરતી) બનાવી દિધી છે માટે તમો પણ આરામ લેવા અને ઉઘાવા પણ થોભતા ના, પણ અફ્રાસીયાબ ઉપર કીનો લેવાની તૈયારી કરજો." દરેક સરદાર કે જે તેની પાદશાહીમાં સરદારી ભોગવતો હતો તેણે જ્યારે એ પ્રમાણેનું નામું વાંચ્યુ ત્યારે દુન્યાના પેહેલવાનોમાં ચકચાર ઉઠી રહી અને જમીન દરીઆ માફક જોશમાં આવી. તમામ મુલકના સરદારોએ તે પાદશાહના પાયતખત તરફ પોતાના લશકર સાથે ચાલવા માંડયુ જ્યારે દરેક મુલકના નામદારોથી લડાઈ માટે લશકર તૈયાર બન્યું ત્યારે ખસરૂ તે લશકર આસપાસ ફરી વલ્યો અને તેણે દરેક

---

૧ લોહરાસ્બને અવસ્તામા "ઔર્વતસ્પ" અને પેહેલવીમા "કએ લોહરાસ્પ" કહયો છે એ પાદશાહ કએખસરૂનો પીત્રાઈ ભાઈ થતો હતો અને કાઉસના ભાઈ કએપશીનના દીકરા માનુશના દીકરા ઔઝવનો દીકરો થતો હતો. વળી તે કાઉસનો જમાઈ પણ થતો હતો.

બાજુનું લશકર ગોઠવી રાખ્યું. પછી તેણે તે નામદારી ભર્યાં લશકરમાંથી ત્રીસ-હજાર તલવાર વાપડનારા સ્વારો કે જેઓએ એ લડાઈ કરવા માટે પોતાના હાથોને લોહીથી ધોયા હતા તેઓને પોતાની સાથે લશકરના મધ્ય ભાગમાં રેહેવા માટે ચુટી કાઢયા. પછી તે લશકર વચેથી તાંબા જેવાં શરીરના અને અફ્રન વાપડનારા ત્રણ શખ્સો જેવો કે મોટો પેહેલવાન રૂસતમ તથા બીજો પેલો બુઢાં વરૂ જેવો દાનાવ દિલનો ગોદરેજ તથા ત્રીજો સુનેરી જોડાવાલો પેહેલવાન તુસ કે જે કાબ્યાની ઝુન્ડા સાથે રેહેતો હતો તેઓને ચુટી કાઢવામા આવ્યા. એક હાથ ઉપર તેણે મુબારક વિચારના મનુશાન અને ખુજાન સાથે તુસને માટે જગ્યા કીધી. માનુશાન [1] અને ખુજાન [2] એ સુનેરી તાજ પેહેરનારા પારસના મુલકના પાદશાહો હતા ત્યાથી જરા દૂર લડાઇમા બાલી નાખનાર પેહેલવાન આરશ [3] તથા લશકરને દિપાવનાર પેલો ગુરાનશાહ હતો. આ બે માનો એક ખુજીયાન લોકોનો પાદશાહ હતો જેનુ નસીબ તેનુ લડાઇ વખતનો સાથી બનતું હતુ તથા બીજો કેરમાનનો પાદશાહ હતો કે જે લડાઇ વખતે કાંઈ પણ ઢીલ કરવાનો દિલ સાથે વિચાર કરતો હતો નહી. વળી ત્યા ડાહાપણવાલો યમનનો રાજા સબ-બાખ હતો તથા બીજો સિહ જેવા દિલનો પીલતન ઈરિજ હતો કે જે કાબુલના મુલકનો પાદશાહ હતો અને તે ડાહાપણવાલો અને પહરેજગાર જેહાનનો માલેક હતો. બીજો સુરીયાનના મુલકનો પાદશાહ શમાખસુરી નામનો હતો કે જેણે પણ લડાઇ માટે કમર બાંધી હતી. તેના કરતાં વધારે ચઢતો લડાયક કારન હતો કે જે દરેક કામમાં ફતેહમદ અને લશકરનો તોડનાર હતો. તે ખાવર શેહેરનો પાદશાહ થતો હતો કે જે હુશીયાર અને હોકમ બજાવનાર જેહાનનો માલેક હતો. જે કોઈ શખ્સો કએકોબાદની તોખમના હતા તથા જેઓ અક્કલમદ અને ખાનદાની બુજોર્ગો હતા તેઓની તે પાદશાહે પોતાના દાવા હાથ ઉપર જગ્યા કીધી અને તેણે દિલ અફરૂજને લશકર ગોઠવનરો બનાવ્યો અધારી રાતે વાદલ ઉપર તલવાર મારનારા ગોદરેજની તોખમના બુજોર્ગો કે જેઓમાનો એક ગેવનો બેટો બેજન તથા બીજો પેહેલવાન રેહામ હતા તથા જેઓને તેમનો પાદશાહ બુજોર્ગો તરીકે ગણુતો હતો તેઓ, તથા મીલાદનો બેટો ગુરગીન અને રએના પેહેલવાનો એ સઘલાઓ પણ પાદશાહના હોકમથી ત્યાં પોતાની જગ્યાએ આવ્યા. જેમા એક જરસ્બની [4] તોખમનો પણ હતો કે જે વિજલીનો

---

૧. મનુશાન એ કએખસરૂની તરફેનદારીનો પારસનો હાકેમ થતો હતો. ૨. ખુજાન એ કએખસરૂના લશકરનો એક ઈરાની પેહેલવાન હતો. ૩. મીનોચેહેરના રાજ્યના તીરંદાજ આરસથી આ આરશ કોઈ જુદો શખ્સ હોવો જોઈએ. ૪. જરઅસ્બ એ નોજરનો બેટો થતો હતો.

આતશ સલગાવનારો મુબારક હતો. એ સઘલાઓ કએખસરૂની પુઠે રહી તેની સંભાળ કરવા લાગ્યા અને પોતાના ભાલાઓને વાદલ સુધી પુગાડવા લાગ્યા. રૂસતમ કે જે પોતે એકલોજ એક લશકરની ગરજ સારતો હતો તેને તુરતજ લશકરનો જમનો ભાગ સોપ્રવામાં આવ્યો. વળી જે કોઇ જાબુલસ્તાનથી ત્યાં આવ્યા હતા અને મોટી પડવીના બીજા સરદારો કે જેઓ દસ્તાનના સગાઓ હતા તેઓને પણ જમની બાજુથીજ જગ્યા સોંપ્રવામાં આવી. એ પ્રમાણે તેણે નામદારી મેલવવાની અને લશકરની ગોઠવન કરવાની ઇચ્છા કીધી. તેણે ડાબી બાજુ માટેનું લશકર કે જે મેષ રાષીના સુરજ જેવુ હતું તેની ચુટણી કીધી. તેનો સપેહસાલાર કેશવાદનો બેટો ગોદરેજ હતો તથા તેના મદદનીસ હજીર અને ફરહાદ હતા. બરદુ અને અરદબીલના મુલકના બુજોર્ગો કે જેઓ જેહા-નના પાદશાહની સેવામાં ઉભા હતા તેઓએ પોતાના સહેપસાલાર તરીકે ગોદ-રેજને માંગ્યો અને તેઓએ તેના લશકરના જમના ભાગને સોભઇતો બનાવ્યો. પછી તેણે લશકરના મધ્ય ભાગ આગળ લડાયક હાથીઓ ઉભા રાખી ત્યાંનો રસ્તો બંધ કરી લેવા ફરમાવ્યુ અને તે હાથીઓની પીઠ ઉપર પેટીઓ ચઢાવવામાં આવી. આથી ત્યાંની જમીન નાઈલ નદી માફક હીલતી બની. લડાઇ માટેના હજારો બાધુરોએ તે પેટીઓમાં પોતાના તીરો નાંખી લિધા. દરેક હાથીની સંભાળમાં ત્રણ ત્રણ હજાર સ્વારો હતા કે જે સઘલાઓ લડાયક અને નામદારો હતા. બગદાદના પેહેલવાનો અને લડાયક શખ્સો શાવરાનના જંગેહ સાથે રહયા. કુરખના મુલકના પેહેલવાનોના નાંમીચાં લશકરને પોતાની ગોલ આકાર કમાનો સાથે હાથીઓની હરોલમાં પાયદલ લશકર તરીકે ઉભુ રેહેવા ફરમાવવામાં આવ્યું. અગરજો એ માઇલને છેટે તેઓની સામે એક પાહાડ ઉભો રાખવામાં આવ્યો હોય તો તેઓ તીરવડે તે પથરના ભીતરને પણ વિંધી નાખતા હતા, અને તેવો જખમ મારવા માટે કોઇને પણ મદદની અગત્ય રેહેતી હતી નહી. વળી તે હાથીઓની પુઠે માથું વિંધનારા નેવું વેહેંટ લાંબા નેજાવાલું એક પાય-દલ લશકર ઉભું રાખવામાં આવ્યું તેઓએ ગીલાનની બનાવેલી ઢાલ આગળ પકડી હતી અને તેઓના જીગરનું લોહી (લડાઈ કરવાને) ઉકલતું હતું. તે નેજાવાલાં લશકરની પુઠે ઢાલવાલા અને બખતર વિધનારા તીરોવાલા સેપાહોની પાયદલ લશ્કરની હાર હતી. તેઓની પુઠે કમાન ઉપર તીર ચઢાવીને લડાયક સ્વારો ઉભા રાખવામાં આવ્યા. તે પાદશાહે ઢાલ, બખતર અને રૂમી કોલાહ સાથના ખાવરના મુલકનાં પેહેલવાનો અને નામદારો વચેથી ત્રીસ હજાર શખ્સો-ને ચુટી કાંઢી તે લશકર લડાયક સ્વાર ફરીબરૂજને સોંફ્યું તે પાદશાહ ફરી-બરૂજ સાથે દેહેસ્તાનના મુલકનો પાદશાહ તહવાજ કે જેની નજરમાં ખુરા

વિચારના શખ્સો તુચ્છ ગણાતા હતા તે રહયો. કારણ કે તે નામદાર તહમાજ દશમેહની તોખમનો હતો તે વખતે તે ખાનદાનવાલાઓને બુજોર્ગી મલતી હતી. ફરીબરૂજ આગળ જે લશકર એકઠું થયુ હતું તેના એક હાથ ઉપર નસતુહ રહયો. નેજાવાલા સ્વારોના એક હાથ ઉપર મોટી પડવીના લડાઈના અનુભવી સરદારો કે જેઓને બીદુઈનના જગલોમાંથી લાવવામાં આવ્યા હતા તેઓ રહયા. સરદારોની વચ્ચે નામીચો જહીર હતો કે જે જેમ સિંહ હરણને પંજાથી રગડી નાખે તેમ દુશમનોને રગડનારો હતો તેને નસતુહ આગળ જવા ફરમાવ્યાથી તે પાદશાહના દાબા હાથનુ લશકર પાહાડ જેવું બન્યું ત્યાં રૂમ અને બરબરસ્તાનથી પણ લશકર આવ્યાં હતાં જેમાના એક સરદારનું નામ કશવરસ્તાન હતુ તે લશકર પાયદલ અને સ્વાર સાથે ત્રીસ હજાર માણસોનુ બનેલુ હતું. આ સઘળું લશકર પાદશાહના દાવા હાથ તરફ ગયુ બીજુ એક લશકર ખોરાશાનથી પણ આવ્યુ હતું જે જેહાનને જીતનારૂ અને માણસોને મારનારૂ હતુ. તેઓના સરદાર આરશનો બેટો મનુચેહેર હતો કે જે નામદારી મેલવવાની વખતે તેઓના રક્ષક જેવો હતો વળી બીજો એક નામદાર કેરૂખાનની તોખમનો હતો જે જેહાનનો માલેક હતો અને કએકોબાદના ખાનદાનનો હતો. તેનુ નામ પાદશાહ ફીરૂજ હતુ. તે સપેહસાલાર જેવા દિલનો અને લશકરને દિપાવનારો હતો એક ગરચેહનો ૧ પાદશાહ હતો કે જે સિંહ જેવો હતો અને તેના ભારથી હાથીની પીઠ પણ વળીને નિચે પડતી હતી. તેઓની જગ્યા મનુચેહેરના એક હાથ ઉપર કરવામાં આવી અને તે લશકરને તે નામીચા સરદારોથી શણગારવામા આવ્યુ જે બુજોર્ગો નેજા, ગુરજ અને વખાણ સાથે કોહેકાફના મુલકમાથી આવ્યા હતા તે લશકર ફરીદુન અને જમશીદની તોખમનું ગણાતુ હતુ અને જાદશમની ૨ તોખમના લોકો માટે તેઓનુ દિલ કીના ભર્યું રહેતું હતુ આવું પાદશાહો અને પાદશાહી તોખમના લોકોનું બનેલું શમશેર વાપડનારૂ ત્રીસ હજાર મણસોનુ લશકર ચુટી કઢવામાં આવ્યુ અને તે સઘલું લશકર ગોદરેજનો બેટો ગેવ કે જેનાથી તમામ મુલકના લોકોના દિલ તાજાં બનતાં હતાં, તેને સોફવામા આવ્યું. ગેવની પુઠે સમકનાનનો બેટો અવા પોતના બાહદુર સ્વારો સાથે રહયો બીજા બાહદુર અને ચાલાક પેહેલવાનો પણ ગેવને મદદ કરવા તેની પુઠે રહયા. તલવારવાલા બાહદુર સ્વારોમાથી દસ હજારને જમના હાથ ઉપર મોકલી આપવામા આવ્યા. વળી પેહેલવાન જેવા બાહદુરોમાંથી બીજા દસ હજાર ગોદરેજના બેટા ગેવની પુઠે રેહેનારા બન્યા. તલવારનો મારનાર બરતેહ

૧ ગરચેહ એ ખુરજીસ્તાનના મુલકના એક શેહેરનું નામ છે.

૨ જાદશમ એ અફ્રાસીયાબનો બપાવો થતો હતો.

પોતાના પાહાડી લોકો સાથે તે લશકર વચ્ચે જડપથી આવી લાગ્યો કે જેથી તે પણ એ લડાઈમાં પોતાના નામદારી ભર્યા લશકર સાથે બાધુર પેહેલવાનો સાથે ગેવને મદદગાર બને. ચુટી કાટેલા લડાયક સ્વારોને લશકરની ડાબી તરફ પણ મોકલવામાં આવ્યા. બગદાદના પેહેલવાનો અને કુરૂખના મરદાનેમરદો લશ-રની હરોલમાં અર્ધગોળ કમાનો સાથે (એવી ઉમેદથી) ઉભા કે તે વડે તેઓ તીરોનો એવો તો વરસાદ વરસાવે કે હવાને પણ વસતની મોસમના વાદલ જેવી બનાવી દે. તે તરફના લશકરનો સરદાર જવારેહ હતો અને તે તમામ લશકર નવુંસવું લડાઈમાં ઉતર્યું હતું. પાદશાહે એ લડાઇ માટે પેહેલવાનોમાંથી (બીજા) દસ હજાર પેહેલવાનોને ચુંટી કાઢયા. તે લશકરની હરોલમાં લડાઇ જીતનારો કારન કે જે લશકરના નામદારો વચ્ચે સરદાર હતો તે ચાલતો હતો આથી તે બધે પાંખના લશકરમાં લડાઈ ઇચ્છતા અને ઘોડાઓને નિચે ફેંક-નારા પેહેલવાનોજ રહયા હતા.

ત્યાર પછી ગઝદહમે રૂસતહમને કહયું કે, "તુ લડાઇ જીતનારા કાર-નનો સાથી થઇ રેહેજે" વળી તુસના બેટાને વચગાલે હર તરફ રણશીંગડા અને ઢોલ સાથે ફરી વલવાનો પણ હોકમ ફરમાવવામાં આવ્યો કે જેથી તે તે લશકરમાં જેઓ યજદાં પ્રસ્તો નહી હતા તેઓના હાથને જુલમ ગુજારવાથી અટકાવી શકે, અને કોઇને પણ હરામનો ખોરાક ખાવા દે નહી અને કોઈની ઉપર પણ જુલમ ગુજરવા દે નહી. તેઓને જે કાંઇ જોઇતું હોય તે પાદશાહ પાસેથીજ માંગી લે અને તે દરેક કામમાં લશકર તરફ (થી બોલવા માટે)ની જબાન બને. પછી જેહાન ગાડાંઓ અને બલદોથી ભરાઇ ગઇ અને માર્ગની ખોરાકીને માટે તેઓને આગળ હકારવામાં આવ્યા. ચોકીબાનોને દરેક ઠેકાણે તપાસ અર્થે રાખ્યા જેઓ ઉંઘતાં માણસોના મગજને ચોંપવાલા બનાવતા. તેણે કીનો લેનારા રૂસતમને દરેક બાજુએ તપાસ રાખવાનો અને જયાં પણ પાહાડો ઉપર ચોકી કરનારૂં લશકર રાખવામાં આવ્યું હોય ત્યાંથી લશકરને વિખેરાઇ જવા નહી દેવાનો હોકમ કીધો. વળી તેણે લડાઇના અનુભવીઓને પણ દરેક બાજુએ મોકલી આપ્યા કે જેથી તેઓ સાવચેટી સાથે જેહાનનું કામ તપાસતા રહે. તેણે તમામ ગુફાઓ, પાહાડો, બ્યાબાનો અને જંગલોમાં તથા દરેક ઠેકાણે લશકરને ફરતું રાખ્યું. પછી તેઓએ પોતાની લગામને એકમેકની લગામ સાથે બાંધી લીધી અને એ પ્રમાણે તેઓએ લડાઇ કરવા માટે ગરદ-નને ઉંચી કીધી. આથી તેઓને લિધે કોઇને પણ ધાસ્તી કે દુખ જેવું કાંઈ રહયું નહી. પાદશાહ પોતાનો ખજાનો પણ સાથેનો સાથેજ હંકારતો. એ પ્રમાણે જ્યારે લશકરનું કામ તૈયાર થયું ત્યારે તેનું કેઆની તાજ આસમાન

સુધી ઉંચે પુગવા લાગ્યુ. બદખાહોના તથા નેકખાહોના દિલ ભેગાં મલી પેહેલવાનો સાથે લડાઇ કરવા સિવાય બીજી કાંઇ ઇચ્છા કરતાં નહી.

પીરાનના માર્યા જવાની ખબર અફ્રાસીયાબને થઇ અને તે લશકર લેઇ કએખસરૂ સાથે લડવા આવ્યો તે વિષે.

ચાચ શેહેરની પેલી તરફ તુરકીઓનો પાદશાહ પોતાનાં હાથીદાંતના તખ્ત ઉપર આરામ સાથે બેઠો હતો. પણ તેનું હજારો હજાર માણસોનું લશકર જે પોતાના સરસામન સાથે ત્યાંથી બબે વખતનું ગયું હતું તેના માણસો તે પાહાડી જમીન ઉપરથી જે કાંઇ ઝાડના પાદડાં અને ખેતરમાનો પાક મલતો તે પાદડાં અને ફ્ળો ઉપર સઘલાઓ ગુજારો કરતા હતા અને તેમની ખાહેશ જેહાનમાંથી મોત મેલવવાનીજ રેહેતી હતી. તુરકીઓનો પાદશાહ પોતે બીકંદ[1] શેહેરમાં પોતાના પુશકલ ખેશીઓ અને સગાઓને આસપાસ લેઇને બેઠો હતો. ચીન અને માચીનના તમામ નામદારો પણ તુરાન જમીનના તે પાદશાહ આગળ બેઠા હતા. છાવણીઓ અને તબુઓથી તમામ જમીન ભરાઇ ગઈ હતી અને તેઓને લિધે જમીન ઉપર જરાએ જગ્યા રહી હતી નહી. તે અફકલમંદ જેહાનનો પાદશાહ કુનદેઝ નામના કીલ્લામાં ખાતો, પીતો અને સુનો વસ્તો હતો. તેણે પોતાની બેઠક તે શેહેરમાં એટલા માટે કીધી હતી કે તે કુનદેઝનુ શેહેર ફરીદુને પોતે બાધ્યું હતું અને તે કુનદેઝમાં તેણે એક આતશકદેહ સ્થાપ્યું હતું કે જ્યાં સુનેરી હરફે ઝંદ અવસ્તા લખ્યા હતા. અગર જો તું પેહેલવી ભાષા સમજતો હોય તો એ કુન્દેઝ નામ પેહેલવી ભાષામાં હતું. હાલે તે કુન્દેઝ નામ બીકન્દમાં ફેરવાઇ ગયું છે અને ત્યાંનો જમાનો ફંદ ફરેબથી ભરેલો બન્યો છે. અફ્રાસીયાબ ફરીદુનનો નબીરો હોવાથી તેને કુન્દેઝ ઉટાવલે છોડવા ગમતું હતું નહી. તે પોતે તથા તેના વફાદારો ત્યાંના મેદાનમાં જઇ બેઠા હતા અને તેના લશકરને લિધે ત્યાંનુ આસમાન ગાભરૂં બન્યું હતું. તે તમામ છાવણી ચીનાઇ રેશમી કપડાના તબુઓની હતી અને તેમાં ઘણાએક પરડા પછવાડે પરડાઓ બનાવ્યા હતા. તુરકીઓના સરદાર દુરાની પાદશાહ પશંગની રીત મુજબ ત્યાંની છાવણીમાં એક વાઘના ચાંમડાંનો તંબુ જેમાં એક સુનેરી તખત મુકયું હતું અને તે તખત ઉપર સુનાની અને જહવેરાતની નકશી

---

[1] બીકંદ એ એક શેહેરનું નામ છે કે જે અફ્રાસીયાબનું પાયતખત ગણાતું હતું.

કરવામાં આવી હતી તે ઉપર હાથમાં ગુરજ સાથે તથા માથાં ઉપર તાજ પેહેરીને બેઠો હતો. તંબુના દરવાજાની બાહાર મોટા સરદારોના પુશકલ વાવતાઓ ઉભા કીધા હતા. તે છાવણીમાં દરેક શખ્સ કે જેને તે પાદશાહ આગળ વધારે આબરૂ હતી તેના તંબુઓ નાંખવામાં આવ્યા હતા આ શખ્સોમાં કેટલાક પાદશાહના ભાઇઓ, કેટલાક તેના બેટાઓ હતા તથા તે ઉપરાંત જે અજીણ્યાઓ હતા તેઓ હુનરમંદ હતા તે પાદશાહ પીરાનને લડાઈના મેદનમાં મદદ કરવા તે લશકરની પુઠે જવા ઇચ્છતો હતો.

તેવામાં બામદાદ પડતા એક સ્વાર ત્યા વટોલ્યાની જડપે આવી લાગ્યો અને તેણે તેને પીરાન માટે સઘલી વાત વિસ્તારીને કહી. તેટલામાં તમામ ઘાહેલ થયલાઓ પણ માંથાં ઉપર ધુલ ભરીને ત્યાં રડતા રડતા આવી પુગ્યા. તે દરેકે જે કાઇ જોયુ હતુ તે તથા ઇરાનીઓથી તુરાનીઓને જે નુકસાંન પુગ્યું હતું તેને માટે તથા પીરાન, લેહાક, ફરશીદવરદ તથા લડાઈ વખતના સઘલા નામદારો વિષે તથા તે લડાઇમાં હરોલના અને પુઠેના લશકરને કેવાં દુખ વેઠવા પડયાં હતાં તે વિષે તથા કએખસરૂએ ત્યાં તેજ દિવસે આવી પુગીને ત્યાની એક પાહાડથી તે બીજે પાહાડ સુધીની જમીનને લશકરથી ભરી નાખી તે વિષે તથા સઘલાં તુરાની લશકરે માફ માગી અને તે ભરવાડ વગરનું તમામ લશકર ગભરાતમાં પડયુ તે વિષે સઘલું ત્યા વિસ્તારીને કહયુ જ્યારે પાદશાહે એ વાત સમજી ત્યારે તે ગભરાતમાં પડયો અને તેનો ચેહેરો ગમગીન અને દિલ કાલું બન્યું. તેથી તે રડતો રડતો હાથીદાતના તખત ઉપરથી નિચે ઉતર્યો અને તે મોટા લોકો આગળ પોતાના તાજને પટકી નાખ્યુ. આથી લશકર પણ દુખ સાથે રડવા લાગ્યું અને નામદારોના ચેહેરા દુખથી ફીકા બન્યા. પછી તે જગ્યા પારકાઓથી ખાલી કરવામાં આવી અને ત્યાં તેણે પોતાના કુટુંબીઓની એક સભા બોલાવી. ત્યાં અફરાસીયાબ દુખ સાથે રડી પડયો અને પોતાના બાલ પીખીને આંસુ પાડવા લાગ્યો. તે રૂદન કરતાં બોલ્યો કે "ઓ નામદારી ભર્યા સ્વાર અને મારી આંખ જેવા રૂઇન ! તથા ઓ મારા હોમાન, ફરશીદવર્દ અને લેહાક જેવા લડાઇમાંના સિહો જેવા સ્વારો ! એ લડાઇ થવાથી હવે મારો બેટો કે ભાઇ કોઇ રહયા નથી, તથા લશકરના સપેહસાલાર કે સરદારો પણ રહયા નથી " તેણે તેમ રડીને પછી બીજી રીતની ગણત્રી કરવા માડી. તેને લશકરનો ગમ અને દુખ નવેસરથી તાજુ થયુ પછી તેણે ત્યાં તુરતજ સખત સોગંદ લિધા અને દુખ, ગમ અને રંજ સાથે એ પ્રમાણે બોલ્યો કે "હું પરવરદેગારના સોગંદ લેઇને કહુ છુ કે આ હાથીદાંતના તખતથી હુ બેજાર થયો છું અને મારૂં મગજ પણ તાજથી બેજાર બન્યું છે. તેથી હવે મારૂં બખતર,

મારો પોશાક, ઘોડો, મારૂં તખત, લોઢાની તોપી, મારૂં તાજ અને નેજો મારૂં ઝાડ બનશે. હવેથી હું ખાવા પીવા ઇચ્છશ નહી પણ હું મારી પોતાની પરવરશી તાજ માટેજ કરશ મારા તે નામદારોનો અને મારા જેહાન જીતનારા અને ખંજર મારનારાઓનો કીનો હુ તે નેહેસ્ત કએખસરૂ ઉપર લેવશ, કે જેથી જેહાનમાં સીયાવક્ષની તોખમજ રહે નહી

એમ બોલી તે રૂડન કરતો હતો તેટલામાં તેને કએખસરૂ માટેની ખબર મલી કે તેનું લશકર જીહુન નદી નજદિક આવી લાગ્યુ છે અને તેણે ત્યાંની તમામ જમીન ઉપર લશકર પાઠરી નાખ્યુ છે. આથી તેણે દુખ સાથે રૂડન કરતાં લશકરને બોલાવ્યું અને તેઓ આગળ પીરાન તથા તેના ભાઇ ફરશીદવરદ અને રૂઇન અને તમામ લડાયક પેહેલવાનોની કેટલી વાતો કરતાં કહયુ કે "હવે પછી તમે આશાયશ લેવા કે ઉંઘાવા ચાહાતા ના. કારણકે દુશમનોએ લશકર તૈયાર કીધુ છે અને તેઓ લડાયક બન્યા છે તેથી હમણા વિચાર કરવાનો કે ઢીલ કરવાનો વખત રહયો નથી પણ હાલે કીનો લેવાનો, લોહી રેડવાનો અને તેમા મીઠા જીવને હોમાવવાનો વખત આવ્યો છે. હું પણ પીરાનની મોહબત માટે અને ઇરાનના પાદશાહ ઉપર કીનો લેવા માટે દુખ વેઠશ" આથી તુરાની બુજોર્ગોએ આસું ભરી આંખો સાથે અફ્રાસીયાબને કહયુ કે "હમો સઘલા તુ પાદશાહના ગોલામ છીએ. માટે હમે જ્યાં સુધી જીવશું ત્યાં સુધી એ કીનો લેવાથી પાછા હટીશું નહી. હવે પીરાન અને રૂઈન જેવો તથા ફરીદુનની તોખમનો ફરસીદવર્દ જેવો કોઈ પણ શખ્સ માતાથી જન્મ લેવાનો નથી. હાલે હમો સઘલા મોટી અને નાની પડવીના લોકો તું પાદશાહના હોકમ હેઠેલ છીએ. અગરજો પાહાડો અને ખીનો લોહીના દરીઆ બને તોએ હમારી લબાઇ પણ વધતી જશે. તેથી જો ચદ્રનો માલેક હમારો મદદગાર થશે તો હમારામાનો એક પણ શખ્સ એ કીનો લેવાની જગ્યાએથી પાછો હટશે નહી." તે તુરકી પાદશાહનુ દિલ એમ સમજીને તાજુ બન્યું અને તેથી તે હમીને બીજા કામમા પડયો તેણે કીના ભર્યા દિલ અને પવન ભર્યા મગજ સાથે ખજાનાના બારણા ખોલીને લશકરને પગાર આપ્યો પછી મેદાનમાં અને પાહાડો ઉપર જે કાઇ ઘોડાઓના ટોલાં હતાં તે તેણે પોતાના ભેગાં થયલાં લશકરને બક્ષ્યા. તેણે એ લડાઈ માટે તુરકીઓમાથી તલવારવાલા ત્રીસ હજાર માણસોને ચુટી કાઢયા અને તેઓને પુશકલ શિખામણો અને સમજન આપીને ખુબસુરત બલખ શેહેર તરફ મોકલી આપ્યા કારણ કે નોજરનો બેટો ગસતહમ રાહાનુમાઈ કરનારા રોશન દિલના સ્વારો સાથે ત્યાં થોભ્યો હતો. તેણે

બીજા ત્રીસ હજાર લડાયક તુરકી સ્વારોનું લશકર ચુટી કાઢયું, અને તેઓને વાહાનોમાં બેસી જીહુન નદી પસાર કરી જવા ફરમાવ્યું. અંધારી રાતે કોઇપણ વાહાનો ઉપર હુમલો કરે નહી તે માટે તેણે લશકરને ચોબાજુએ મોકલી આપ્યું અને તમામ રીતના ઉપાયો લેઇ રાખ્યા. પણ પાક યજદાંનનો હોકમ તો જુલમગાર પાદશાહનો નાશ કરવાનો હતો. અફ્રાસીયાબ પોતાના અકકલમંદો, જેહાનના અનુભવીઓ અને તકરાર કરનારા મોબેદો સાથે અંધારી રાતે વિચાર કરવા બેઠો અને સાથે મલીને જેહાન ઉપર દાવી અને જમની ગમથી હુમલા લેઇ જવા માટે તરેહ તરેહની મસલહતો કીધી. તેઓએ ભેગા મલીને એવું મુકરર કીધું કે પાદશાહ પોતે જીહુન નદી પસાર કરાવીને લશકરને સામી બાજુના મુલકમાં લેઈ જાય. આથી બુરી મનશનીના લોકોની બુરાઇ તોડવા માટે તે લશકરને તુરતજ બે ભાગમાં વેહેંચી નાખવાનો ઉપાય લેવામાં આવ્યો પછી કેરાખાન કે જે તેનો વડો બેટો હતો તેને પોતાના બાપ આગળ હાજર થવાનો હોકમ કરવામાં આવ્યો. તુ કેહેશે કે જાણે તે (કેરાખાન) મરદાનગી બજાવવામા, ઉચાઈમાં, દેખાવમા, અકકલ ધરાવવામાં અને વિચારમાં તેના બાપ જેવોજ છે. તેણે આવાં મોટા લશકરમાથી જેહાનના અનુભવીઓ, નામદારો અને પેહેલવાનોનુ અરધુ લશકર તેને સોંપીને બોખારા તરફ તે લેઈ જવાનો અને પોતાના બાપની પુઠે જોરાવર પાહાડ માફક રેહેવાનો હોકમ કીધો. વળી હથીયારો અને લશકર તુરત મોકલી આપવાનો અને પુઠે આવતી ખોરાકી તેના માર્ગમાંથી છુટી પડી નહી જાય તેની સંભાળ રાખવાનો પણ તેનેજ હોકમ ફરમાવ્યો. પછી તે પાદશાહ પોતે પણ બીકંદમાંથી બાહાર પડયો અને જડપથી જીહુન નદીના કીનારા તરફ આવી લાગ્યો. તેનું નદીને એક નાકેથી તે બીજે નાકે સુધીનું જે લશકર હતું તે માટે એક હજારથી પણ વધારે વાહાનો લાવવામા આવ્યાં. તે વાહાનો એક અઠવાડયુ સુધી પાણી ઉપરથી (એક નાકેથી બીજે નાકે) પસાર થવા લાગ્યાં અને તે તમામ લશકર પાહાડો અને મેદાનમા ઉતરવા લાગ્યુ. હાથીઓના અને સિંહોના (જેવાઓ)ના ટોલાંને લિધે તે જીહુન નદી તેમને પસાર કરવી મુશકેલ થઇ પડી. વાહાનોને લિધે તમામ પાણી ઢંકાઈ ગયાં અને સેવટે લશકરને આમુઇ સેહેરની હદ ઉપર ઉતારવામાં આવ્યુ. અફ્રાસીયાબ પણ લડાઇનાજ વિચારો સાથે લશકરની પુઠે નદી પસાર કરી આવી લાગ્યો અને તેણે એક પછી એક ચાલાક અને રોશન રવાનના શખ્સોને ઉઠ ઉપર સ્વાર કરી ચોતરફ દોડાવ્યા. તેણે તેઓને

કહયું કે "તમો મેદાનની દાવી અને જમની બાજુએ જઇને તે (આપણા) લશકરને લાયકની લબાઇ અને પે હોલાઇવાલી જગ્યા જોઈ કાઢો." જ્યારે તે કામ બજાવનારા શખ્સો ચોબાજુએથી પાછા ફર્યા ત્યારે તેઓએ તે નામદાર પાદશાહને એ પ્રમાણે કહયું કે "આટલાબધાં લશકર માટે આ લડાઇના મેદાનમાં પુશકલ સુકું ઘાસ, અસબાબ અને મુકામ કરવાની જગ્યા જોઇશે. ગીલાનના દરીઆની એક બાજુએથી એક એવો માર્ગ છે કે જ્યાં ઘોડાઓને ચરવા માટેના ખેતરો અને મઠક કરવાની જગ્યા છે તે બાજુના જીહુન નદીના ભાગ ઉપરથી પાણીને માર્ગે રોશન રવાનના માણસો ખોરાક લાવી શકશે. તે રેતાલ અને બોહોલી જગ્યામાં મેહેલને બદલે નાના અને મોટા તંબુઓ નાંખી શકાશે" આ ખબરથી તેનુ દિલ ઘણુંજ આશુદ્દ બન્યું અને તેથી તે શેહેનશાહી તખત ઉપર આશાયશથી અઢીગીને બેઠો. તે પાદશાહે પુશકલ લડાઈઓ જોયલી હોવાથી પોતાના સલાહકારોના કેહેવા મુજબ ચાલતો હતો નહી તેણે મધ્યાનનું તથા પાંખોનું લશકર ગોઠવ્યુ અને દુસમનોની ચોકી કરનારૂ લશકર પણ તૈયાર કીધું તેમજ પાણી અને અસબાબ લાવનારાઓની જગ્યા તથા લશકરની જમની અને દાવી બાજુઓ બનાવવામાં આવી. એ પ્રમાણે એક પાદશાહી લશકર ગોઠવવામા આવ્યુ. લશકરના વચલા ભાગમાં એક લાખ તલવાર મારનારાઓને રાખ્યા. પછી તેણે લશકરના મધ્ય ભાગ તરફ પોતાની જગ્યાએ નજર કીધી. તે પોતેજ પાદશાહ તેમજ લશકર ગોઠવનારો પણ હતો. તેણે પશંગ કે જેના હાથ વાઘના પંજા જેવું જોર ધરાવતા હતા તેને પોતાના જમના હાથ ઉપર રેહેવા ચુટી કાઢયો. તેના જેવો નામદાર લશકરમાં કોઈ હતો નહી તથા કોઈ પણ ઠેકાણે તેના જેવો સરદાર પણ હતો નહી. એ પશગને તેનો બાપ શીદેહને નામે બોલાવતો હતો કે જે સુરજ માફક પ્રકાશનો હતો. તે પોતાનો ઘોડો દોડાવી વાઘની પુછડી ધરી લેઇ પોતાના હાથનુ જોર વાપડી તેને તોડી કાઢતો હતો, તે વળી હાથીની સુંઢ ઉપર તીગાઈ જતો હતો. તેનો અવાજ સમજીને સિંહો પણ નાહાસી જતા. તે પોતાનો નેજો તમામ લોઢાનો રાખતો હતો અને લડાઈના મેદાનમાં એક પાહાડને પણ વિંધી શકતો આથી પાદશાહે તેને પેહેલવાનો અને નામદારોમાંથી એક લાખ માણસો લડાઇ માટે સોંપ્યાં અને તે શીદેહને લશકરના જમના ભાગમાંથી અસબાબવાલી જગ્યા તરફ સ્વારો મોકલી આપવાનો હોકમ કીધો.[1] તેણે વળી તુરતજ લશકરનો દાવો ભાગ જેહાનને સોંપીને તેને કહયું કે "દરેક ઠેકાણે તારૂં સારૂ નસીબ તારા સાથી તરીકે રેહેજો."[1] લડાયક કેરાખાન તેનો ચોથો બેટો થતો હતો તે પણ પોતાની કંમર બાંધીને બાપ

---

૧. એ બેત લખેલી નકલમા વધારે છે.

આગળ આવ્યો. શાદેહથી નાની ઉમરનો તેનો એક બીજો ભાઇ હતો જે તેનો મુબારક જોડીઓ ગણાતો હતો. તે બાહુરનું નામ જેહેન હતું અને તેની ઇચ્છા થતાં જેહાનના પેહેલવાનો તેની આગળથી વિખેરાઇ જતા હતા કારણકે તે પોતાના બાપનો સલાહકાર જેવો હતો અને તેનુ મગજ અન્જુમનના (લોકોનાં મગજ) કરતા અક્કલમાં ચઢીયાતુ ગણાતુ હતુ. તેને ચેગુલ શેહેરના લડાયક સ્વારો ગણાતા એક લાખ તુરકીઓ સોંપવામાં આવ્યા, કે જેથી તે પશંગની પુઠેના લશકરની સભાલ રાખે અને જો વાદલમાંથી પથરા વરસે તોપણ ત્યાથી તે પાછો હટે નહી. જેહાનના પાદશાહ અફ્રાસીયાબનો એક નબીરો હતો કે જે સિહોની પીઠ ઉપરના માસમાથી કબાબ બનાવતો હતો. તેને જમના હાથ ઉપરનુ લશકર કે જેનાથી સુરૈંજ પણ જેહાનમાંથી ગુમ થઈ ગયો હતો તેને માટે પસદ કીધો. વળી તાતારના, બલખના અને ખુલુખના જે સ્વારો જેઓ સઘલા ખંજર વાપડનારા પેહેલવાનો ગણાતા હતા, તેઓનો સરદાર પાદશાહનો પાચમો બેટો કે જે પણ એક નામદારી ભર્યો લડાયક પેહેલવાન હતો તે બન્યો. અફ્રાસીયાબ તેને પેહેલવાનોનો પકડનાર પેહેલવાન એવા નામથી બોલાવતો હતો કે જે પોતાની તલવાર અને તીર પાહાડમા પણ ચલાવી દેતો હતો. તે ત્રીસ હજાર ખજરવાલા લડાયક પેહેલવાનો સાથે ત્યાંથી ગયો. દમુર અને જરબખાસ પણ નામદાર જેહેનની મદદે તેની સાથે જડપથી ગયા. જેહાનનો અનુભવી નસતુહ તેઓનો સરદાર બન્યો અને બાહુર પશગ તેઓની સંભાળ કરનારો બન્યો તે સઘળા ત્રીસ હજાર તરકોમાન પેહેલવાનો તીર, કમાન અને ગુરજ સાથે ત્યાંથી પસાર થયા અગરીરશ જેવો લડાયક પેહલવાન કે જે લોહી અને પાણીના ઝરાને એક સરખોજ ગણતો હતો તે નામદાર સાથે પાદશાહે લડાઈ માટે ચુટેલા તલવાર મારનારા ચાલીસ હજાર માણસો હતા તે લશકરનો સરદાર જેહાનને જીતનાર અને હાથી જેવાં શરીરનો પેહેલવાન કરમીવજ હતો. તે નામદાર પાદશાહે આ નામદારોના સરદાર અને લશકરના મદદગારને હાથીઓ પણ સોંપીયા હતા ત્યારબાદ તેણે પેહેલવાનો પચેથી બીજા દસ હજાર માણસો કે જેઓ લડાઇ વખતે કટાલવુ શું તે જાણતા હતા નહી તેઓને ચુટી કાઢીને બધે લશકરની સફ઼ા વચે હોદ ઉપર ઝીન ચઢાવીને લડવા જવાને ફરમાવ્યાથી તે લશકર ઇરાનીઓના દિલ અને પીઠને ભાંજવા માટે ત્યાંથી ઘોડા દોડાવતુ વિખેરાઈ ગયું ઇરાની લશકરની પીઠ પશ્ચિમ તરફ હોવાથી રાત પડતાં તેઓએ તેનો માર્ગ હાથીઓથી બંધ કરી નાખ્યો તે જેહાનના દિપાવનારા સરદારે (અફ્રાસીયાબે) એવુ કીધુ હતુ કે તે લશકર પોતાની નજર નીમરોજ તરફજ રાખે.

અફ્રાસીયાબના લડવા આવવાની ખબર ખસરૂને થઈ તે વિષે.

જ્યારે જેહાનનો પાદશાહ ખસરૂ લડાઇના અનુભવી જાસુસોથી તુરકી-ઓના તથા અફ્રાસીયાબના કામોથી એમ વાકેફ થયો કે "અફ્રાસીયાબ પોતાનુ લશકર નદીની આ બાજુને કીનારે લાવ્યો છે અને લશકરને જેહુન નદી ઓલગાવીને ત્યાંની જમીનના તમામ પથરા અને રેતી ઢાંકી દિધી છે." વિગેરે, ત્યારે પાદશાહ ખસરૂએ એમ સમજવાંજ પેહેલવાનોને બોલાવી તેઓ આગળ તેણે જે કાંઈ સમજ્યું હતું તે કહયું. પછી તેણે ઘટતી રીતે ઇરાની બુજોર્ગો વચેથી લડાયક શખ્સોનું એક લશકર કે જેણે નોજરના બેટા ગસતહ-મને મદદ કરતાં બલખમાં જેહાનનો કદવાસ અને ખારાશ ઘણો ચાખ્યો હતો તેને ચુટી કાઢયુ અને અશકશને જમ નદી ાા કીનારા તરફ તે લશકર, ખજાનો, હાથીઓ અને પૈસા લેઇ જવા ફરમાવ્યું, કે જેથી દુશમનોનું લશકર ઇરાનનો નાશ કરવાના ઇરાદાથી પુઠેથી સિંહો માફક આવવા ।। હીંમત કરે નહી. તેણે તે તમામ પેહેલવાનોને ત્યાં થોભાવીને ઢોલ તથા રનશીંગડાં વજડાવ્યાં અને ત્યાંથી લશકરને કુચ કરાવી. પણ તેણે વિચાર અને અક્કલ વાપડીને ઢીલ કરવા માંડી કારણકે લડાઇમાં ઉટાવલ કર્યાથી પાછલથી પસ્તાવે કરવા જેવું હતું. પાદ-શાહે તે બ્યાબાનમાં આવી લાગતાંજ પોતાના લશકરને ત્યાંથી પસાર થતું જોયુ અને લશકર બાએની કીધેલી તૈયારીઓ પણ જોઇ. તે લશકરને ખારજમ તરફ પસાર થવાનું હતું કે જયાંની રેતી અને મેદાન લડાઇને લાયક હતું. ત્યાં લશક-રના ડાવા હાથ ઉપર દેહેસ્તાન અને જમના હાથ ઉપર નદી આવી હતી, જ્યારે વચમાં રેતાલ જગ્યા અને હરોલમાં અફ્રાસીયાબ હતો. તે નામદારીભર્યા બાહાદુર મોટા લશકર સાથે ખસરૂ પોતે તેમજ રૂસતમ, ગેવ, ગોદરેજ અને તુસ પણ હતા. તેણે લડાઈના મેદાનની આસપાસ ફરીને તે બ્યાબાનને તથા ત્યાંના રસ્તાઓને તપાસીઆ. જ્યારે તે પોતાના મમાવાના લશકરથી વાકેફ બન્યો ત્યારે તે પાદશાહનું દિલ યુક્તિભર્યું બન્યું તે ધારતો હતો તેથી પણ તેનું વધારે લશ-કર હતું તથા તેના હાથીઓ જોરાવર અને પેહેલવાનો બાહાદુરીવાલા હતા. આથી તેણે તે લશકર આસપાસ ચર ખોડાવી અને ચોબાજુએ ચોકી કરનારૂં લશકર વિખેરી મુકયું. રાત પડતાં જે તરફ અફ્રાસીયાબ હતો તે બાજુની ચરમાં તેણે પાણી ભર્યું અને તે મેદાન આસપાસ કાંતાઓની ઝાડી પાથરી મુકી કે જેથી તે જગ્યાએથી દુશમનો પસાર થવાની હીંમત કરે નહી. જ્યારે મેષ રાસીમાંથી પ્રકાશીત સુરજે તમામ જમીનને

સંગારી મુકી, ત્યારે તુરકીઓના સપેહસાલારે લશકરની તપાસ લેઈને પીતલનુ રનશીગડું વજડાવી લશકરની સફ સમારી. જેહાન રંનશીગડાંના અને સીપાહીઓના પોકારોથી ગાજી રહી અને પેહેલવાનોએ માથાં ઉપર લોઢાંની કોલાહ પેહેરી. તું કહેશે કે જાણે જમીનની સપાટી લોઢાંની બની છે અને હવા પણ નેજાઓને લિધે બખતરથી સજ થયલી છે. બધે બાજુના લશકરો ત્રણ દિવસ અને રાત સુધી એજ હાલતમાં રહયાં અને કોઈએ પણ પોતાના હોટ હીલવ્યા નહી. તે બાજુએ અને આ બાજુએ સ્વારો જીન ઉપરજ બેઠેલા રહયા અને તેની હરોલમાં પાયદલ લશકર ઉભુ રહયુ તુ કેહેશે કે જાણે જમીન લોઢાંનો પાહાડ બની છે અને વળી આસમાનનો પોશાક પણ બખતરનો બન્યો છે. બધે પાદશાહો આગળ નજુમીઓ આવી વિચારવંત ઢપે ઉભા તેઓ જોતીશોના નકશામાંથી આસમાનનો શાહ કોણ તરફ દોડશે તે માટેનો ભરમ સોધવા લાગ્યા. તેઓ તે લડાઈમાં આસમાનની ચાલ જોતા બેઠા પણ તે નજુમીઓ તેમા અતીશે નાચાર બનવા લાગ્યા.

પશંગે અફ્રાસીયાબ સાથે વાત કીધી તે વિષે.

ચોઠે દિવસે જ્યારે કામ ઘણુ બારીક થઇ પડયું ત્યારે બાધુર પશંગ બાપ આગળ આવીને કેહેવા લાગ્યો કે, "ઓ મોટા દરજ્જાના શખ્સો વચ્ચે જેહાનમાં નામદારી ભોગવનારા અને મોટી પદવીના શખ્સ! આ આસમાન નિચે તારા જેવા દમામવાલો પાદશાહ કોઇ નથી તેમજ સુરજ અને ચંદ્ર પણ તારૂં બુરૂં ઇચ્છનારા નથી. જો તું અફ્રાસીયાબનું નામ લોઢાંનો પાહાડ પણ સમજે તો તે (પીગલીને) પાણીના દરીઆ જેવો બની જાય. તારા લશકરનો ભાર જમીનથી પણ ખમી શકાતો નથી અને સુરજ પણ તારાં તાજથી વધારે પ્રકાશ ફેંકી શકતો નથી. આ બુરી તોખમના અને બાપ વગરના તારા એશી સિવાય પાદશાહો વચેથી કોઇપણ તારી સામે આવી શકતો નથી તેં સીયાવક્ષને એક બેટા માફક રાખી તેના ઉપર બાપ જેવું વાહાલ દેખાડી દુખ ખમ્યું તથા નહી ગમે એવા જરાસરખા પવનને પણ તે તેના ઉપર હવામાથી લાગવા દેવાનું દરૂસ્ત જોયુ નહી પણ જ્યારે તે તારી સાથે સખત બન્યો ત્યારે તું પણ તેનાથી કંટાલ્યો કારણ કે તે તો તારૂં તાજ, તખત અને કોલાહ લેવા માંગતો હતો. જો તું જેહાનનો પાદશાહ તેને મારી નખાવતે નહી તો વીટી અને તાજ તેનુજ બનતે. હવે જ્યારે તે (ખસરૂ) તારી આગળ લડવા આવ્યો છે તો તે પણ જેહાનમાં લાંબો વખત જીવવાના નથી. તેંજ એ બદબખ્ત નાપાકને તેના બાપ તરીકે રહીને ઉછાર્યો પણ તેને ધુલને સ્વાધીન કીધો

નહી. તેને પર (પીછ) આવ્યાં ત્યાં સુધી તેં તેને રાખી મુકયાથી તો તુ પાદ્દશાહની મેહેરબાનીથી તે તાજને લાયકનો બન્યો છે. હવે તે એક પક્ષી માફક તુરાનથી ઇરાન તરફ ઉડી ગયો છે. તું કહેશે કે જાણે તેણે કડી પણ પોતાના મમાવાને જોયોજ નથી. તે બેવફા અને નાલાયક શખ્સ સાથે પીરાને પણ કેવા ભલાઇ કીધી હતી તે તું સારી રીતે તપાસ. તોપણ તે પીરાનની એ સઘલી માયા ભુલી ગયો અને પોતાના દિલને કીનાભર્યું અને મગજને ઉશકેરાયલું બનાવ્યું. જ્યારે તે તેની મુઠીમાં સપડાયો ત્યારે તેણે આવા એક મેહેરબાન પેહેલવાનને પણ મારી નાખવાની ખાહેશ કીધી. હવે તે ઇરાનથી લશકર લેઇને તિક્ષણ ૫ જા સાથે પોતાના મમાવા સામે લડવા આવ્યો છે. તે કાંઈ પૈસા કે તાજ કે ઘોડા અથવા તો શમશેર, ખજાનો કે લશકર માંગતો નથી પણ તે તો પોતાના સગાઓના જીવ સિવાય બીજું કાંઇ માંગતો નથી, અને એ સિવાયની બીજી કાંઈ વાત પણ કરતો નથી તું મારો શેહેનશાહ બાપ એક ઘણો ડાહાપણવાલો પાદશાહ છે. માટે તું મારી એ સાચી વાતનો સાક્ષી રેહેજે. લશકરને વળી નજુમીઓની અગત્ય શાની હોય? પેહેલવાનોએ તો પોતાના હુનર તલવારથીજ દેખાડવા જોઇએ. જે સ્વારો, જમની બાજુએ મારી સાથે છે તે સઘલાઓ લડવા માટે એક દિલ અને એક શરીરના બન્યા છે. તેથી જો તું પાદશાહ મને હોકમ આપે તો હુ તેઓના એક પણ સ્વારને રહેવા દેવશ નહી. હું તેઓના માથાંઓ અને તોપીઓ તીરોથી છીનવી લેવશ અને ચર કે ખાહીની પણ દરકાર કરશ નહી."

જ્યારે અફ્રાસીયાબે એવી વાત સમજી ત્યારે તેણે તેને જવાબ દિધો કે, "તું ઉટાવલો ના બન, અને તું દ્દાઈ ના કર. તેં જે કાંઇ વાત કહી છે તે સઘલી સાચી પણ હોય તોપણ મારે સચાઇ સિવાય બીજું કાંઈ સમજવું જોઇતું નથી. તું જાણે છે તો ખરો કે પેહેલવાન પીરાને જેહાનમાં સઘલો સચાઇનો માર્ગ ધર્યો હતો. તેના દિલમાં જરાએ જુઠાઇ હતી નહી અને તેણે ભલાઇ અને સચાઇ સિવાય બીજું કાંઇ સોધ્યું પણ હતું નહી. લડાઈ વખતે તે હાથી જેવું જોર ધરાવતો હતો. તેનુ દિલ દરીઆ જેવું અને ચેહેરો પ્રકાસ્તા સુરજ જેવો હતો. તેના ભાઇઓ હોમાન, લડાયક લેહાક અને ફ્રરશીદવરદ લડાઇમાં વાઘો જેવા હતા. તુરકીઓમાંથી એક લાખ કીનો લેનારા સરદારો જે સઘલાઓ નામદારી મેલવવાવાલા અને લડાયકો હતા તેઓ અત્રેથી ગુસ્સાભર્યા બની લડવા ગયા પછી તે સઘલાઓ માટે તો હું છુપ્યો ગમ કરૂ છુ અને રડું છું. તેઓ કીનાના મેદાનમાં એવી રાતે માર્યા ગયા કે તેમની નિચેની જમીન પણ લોહીના કાદવથી ખરડાયલી છે. તુરાન જમીનના સઘલા લોકો

તુરેલાં દિલના બન્યા છે અને દિલના ગમથી તેઓ તબાહ ચાલ્યા છે. હવે તેઓ પીરાનને સુવેલા સિવાય સ્વપનામાં પણ જોતા નથી અને કોઇપણ અફ્રાસીયાબનું નામ પણ લેતા નથી માટે જ્યાં સુધી આપણા નામદારો, લશકરના બુઝોર્ગો અને સ્વારો ઇરાનીઓને નજરે નજર તપાસે અને તેઓના દિલમાંથી દુખ, ગમ અને ગુસ્સો કમી થાય ત્યાં સુધી આપણને થોભવું પડશે. વળી ઇરાનીઓ પણ આટલાંબધા લશકરને ખજાના તખત અને તાજ સાથે જોશે ત્યારે હું જે વિખેરાઇ ગયલા સીપાઇઓ છે તેમને બાહાર કાઢશ અને તેઓના લોહીથી જંગલને ભરી નાખશ."

શીદેહે તેને એવો જવાબ દિધો કે "ઓ પાદશાહ! તું એ સિવાય કાંઇ બીજી રીતની લડાઇ કર. સામટી રીતે લડાઇ કરવી એ કાંઈ સારૂ ગણાય નહી. તેથી તો હાર મલે અને ફ્રુકટ મુઠીમાં પવન રહી જાય. લશકરમાં પેહેલો જોધ્ધો હું છું કારણ કે હું ઘોડેસ્વારી કરનાર, પેહેલવાન અને તાંબાના શરીરનો છું. હું એવો કોઇને જોતો નથી કે લડાઈ કરતાં મારા ઘોડા ઉપરથી હવામાં ધુલ ઉડતી કરે. મારી ઇચ્છા કએખસરૂ કે જે જેહાનનો જવાન પાદશાહ બન્યો છે તેની સાથે લડવાની છે. જો તે મારી સાથે લડાઇ કરશે તો તે ખચીતજ મારા હાથમાંથી છુટવાનો નથી વળી જો કોઈ બીજો મારી સામે લડવા આવશે તો હું વગર ઢીલે તેના માથાંને ધુલમાં ફેકશ, જેથી ઇરાનીઓના દિલ અને કમર ભાગી જશે અને તે રૈયતનુ કામ મુશકેલ થઇ પડશે." અફ્રાસીયાબે તેને જવાબ દિધો કે "ઓ લડાઇના અનુભવ વગરના શખ્સ! તારી સાથે એક શેહેનશાહ કેમ લડાઈ કરશે? જો તે લડાઇ કરવા માંગતો હશે તો તે મારો હરીફ છે અને તેથી તેના શરીરને અને તેની બાહાદુરીને હુંજ મારાં પગ નિચે કચડશ. જો તે મારી સામે લડાઈના મેદાનમાં આવશે તો પછી બંધે તરફના લશકરને લડવાથી આશાયશ મલશે. શીદેહ બોલ્યો કે, "ઓ જેહાનના અનુભવી શખ્સ! તેં દુન્યામાં પુશકલ લીલી સુકી જોઇ છે. તારી આગળ પાંચ પાંચ દીકરા છે તે છતાં જો તુજ લડાઇ કરવાનો વિચાર કરશે તો હમે તેમ કરવા દેઈશું નહી. તું મેદાનમાં હરોલમાં લડાઇ કરે તે તો લશકર તેમજ યજદાં પ્રસ્તીઓ પસંદ કરે નહી."

શીદેહ અફરાસીયાબનો પેગામ લેઇને કએખસરૂ આગળ આવ્યો તે વિષે.

પછી તેણે શીદેહને૧ કહ્યું કે "ઓ મારા જેહાન ધરાવનારા બેટા! તારી જીંદગીમાં તારીથી બુરાઇ દૂર રેહેજો. જો તું ખસરૂ સાથે લડાઇ કરવા-નીજ ઇચ્છા કરતો હોય તો એ માટે તું તારાં દિલને ગમગીન ના બનાવ. જા, તારો પરવરદેગાર મદદગાર થશે અને તારૂં બુરૂં ઇચ્છનારનું માથું ઉંધું પડશે. તું મારી તરફનો એક પેગામ કએખસરૂને પુગાડ અને તેને કેહે કે, 'જેહા-નનો તાલો ફેરવાઇ ગયો છે જે નબીરો પોતાના મમાના સાથે લડવા આવે તેનું મગજ બુરાઇ અને કાવત્રાં તરફજ હોવું જોઇએ. શું જેહાન મારામારી અને કીનાથીજ ભરેલી રહે એવીજ પરવરદેગારની ઇચ્છા હશે? સીયાવક્ષ કાંઈ નિર્દોશ માર્યો ગયો નથી. પણ તેને શિખવનારાઓથીજ તેનું ડોકું કપાયું હતું. એમાં જો મારોજ કસુર હતે તો તેમાં પીરાને, લેહાકે, રૂઇન અને ફરશીદવરદે શું કીધુ હતુ, કે તે મસ્ત હાથી જેવાઓને લોહીથી જરજરતા ઘોડા ઉપર બાંધી લેઇ જવા પડયા જો તું એમજ કેહેતો હોય કે હુંજ બુરા શરીરનો, બુરા વિચારનો અને હારેમનની ઓલાદનો છુ તો તું પણ તારી બુન્યાદ તપાસ કારણ કે તું પણ મારીજ તોખમનો છે તેથી એમ કરીને તો તું પોતાનેજ ધીકકારે છે. માટે એ કીનો લેવાનુ તો તું ગોદરેજ અને કાઉશનેજ માટે રેહેવા દે અને તેઓને લશકર લેઇને મારી સામે જડપથી આવવા દે. તું તો મારો સગો છે અને તેઓજ મારા દુશમનો છે. તેથી તેઓ પોતે એ લડાઇ કરે ત્યાં સુધી તો તુ થોભી જા હું કાંઇ બુઢો થયલો હોવાથી ગભરાઇને અને તારાથી બીહને એમ કેહેતો નથી. મારૂં લશકર દરીઆની તમામ રેતી જેટલું છે, જે સઘલા નર સિંહો અને બાધુરોનું બનેલુ છે ઓ બેટા! જ્યારે પણ હું હોકમ કરૂ છુ ત્યારે તેઓ લડાઇ વખતે કંગના પાહાડને પણ દરીઆ જેવો બનાવી દે છે. તોપણ હું લોહી રેડવા માટે અને જમાનાની બુરાઇ માટે પરવરદેગારથી એટલા માટે ડરૂં છુ કે આ લડાઇમાં આટલાબધા નિર્દોશ નામદારોના માથાં શરીર ઉપરથી નાહક કપાઇ જશે. જો તું મારી સાથે લડાઇ કરવાથી પાછો ફરી શકતો નહી હોય, અથવા તો તુને એ કામથી શરમ પુગતી હોય, તો તુ હમારી સાથે સોગંદથી વચન લે અને પછી હમારી સાથનું વચન નહી તુટે

---

૧ આ શીદેહ ફરંગીજનો સાવકો ભાઈ થતો હતો એમ બુન્દેહેશ ઉપરથી જણાય છે. તેણીના સગા ભાઇનું ત્યાં કરસ્પએચુર તરીકે નામ જણાવેલું છે. શીદેહ પશંગને નામે પણ ઓલખાતો હતો.

તેવી કોશેષ કરજે. હું પણ એ કામમાં તુને રાહ દેખાડતો રહીશ કે જેથી તારો ખજાનો અને તારૂં લશકર બચેલું રહે. જ્યારે તુ સીયાવક્ષ માટેનું એ કામ વીસરી જશે ત્યારે તુરાનમાના તારા મમાવાનેજ તુ તારો શીયાવક્ષ બનાવશે. જેહેન અને લડાયક પશ ગ કે જેઓ લડાઇમા ક ગ પાહાડને પણ દરીઆ જેવો બનાવી દે છે તેઓ તારા ભાઇ બનશે જે કાંઇ મુલકો ઇરાનને પુગતા હશે તે હુ તારો હોકમ થવે તુરકીઓથી ખાલી કરાવશ. મારા વડીલોના ખજાનામાં જે કાંઈ પૈસા, તાજ, એસવ ના તખતો, ઘોડા તથા વધતા ઓછાં હથીયારો વિગેરે છે કે જે મારા બપાવા જાદશમથી મને વારસામા ઉતર્યા છે, તેમાથી બુજોર્ગોનું તાજ, તખત અને કોલાહ તથા લશકરને માટેની જે કાઇ ચિજ તુ માંગશે તે સઘલું હું તારી આગળ મોકલી આપશ. મારા બેટા તારા પેહેલવાન બનશે અને તેઓનો બાપ તારો સગો ગણાશે તેથી બધે તરફના લશકરો લડાઇનુ દુખ ખમવાથી આસાયશ પાંમશે, અને આપના વચેની લડાઇઓ ખુશાલીની મીજલસોમા ફેરવાઇ જશે. પણ જો હારે મન તારા જીવને ફેરવી નાખે કે જેથી તુ ન અ તે કફન પેહેરવું પડે અને લડાઇ કરવા અને લોહી રેડવા સિવાય તારી મરજી નહી હોય, તથા મારી શિખામણ તારાં મગજમાં ઉતરતી નહી હોય તો તું ભપકા સાથે તારાં લશકરમાંથી બાહાર પડ અને હુ પણ મારી જગ્યાએથી મારા પગલાં બાહાર કાઢશ. પછી આપણે બધે લડાઈમા ઉતરીશુ કે જેથી બધે બાજુના લશકરને લડાઇ કરવાથી આસાયશ મલે તેમા જો હું માર્યો જાઉં તો પછી દુન્યા તારીજ છે. મારૂ લશકર તારા ગોલામ થશે અને મારા બેટાઓ તારા સગા બનશે. જો તું મારે હાથે માર્યો જાય તો હું પણ તારી આ રૈયતમાંથી કોઇને દુખ દેવશ નહી તારૂં લશકર મારી મારી મેલવશે અને સઘલા મોટી પડવીનાઓ મારા દોસ્ત તરીકે રેહેશે. બીજું એ કે જો તુ મારી સાથે લડવા અત્રે આવવા નહી માંગતો હોય અને મારા જેવા લડાઇના અનુભવી મગર સાથે લડાઇમાં ઉતરવા ચાહાતો નહી હોય તો મારો પશ ગ લડવાની કંમર બાંધી તારી સામે આવ્યો છે તે જ્યારે તારી સાથે લડવા માગે ત્યારે તું ઢીલ કરવાથી દુર રેહેજે. તેનો બાપ તો બુઢો થયો છે પણ તે જવાનના પગ મરદાનગીવાલા છે તે જવાન રોશન રવાનનો અને અકકલવાલો છે તેથી તે તારી સાથે લડાઈના મેદાનમા સિહોનું દિલ અને વાઘોના પંજા ધરાવીનેજ લડશે. પછી આસમાન કોણ તરફ ઢલે છે અને કોણના માથાં ઉપર તે માયાનું તાજ મુકે છે તે આપણે જોઇશુ. જો તું તેની સાથે પણ લડવા માંગતો નહી હોય તો તું તારે ગમેતેમ લડાઇ કરજે. આજની રાત લશકર આસાયશ મેલવે ત્યાં સુધી તુ થોભજે અને

જ્યારે પાહાડ પોતાના માંથાં ઉપર સુનેરી (તડકાંની) કોલાહ પેહેરે અને તેની આગળથી અંધારી રાત પોતાના પોશાકની કોરને ખેંચી લે, ત્યારે હું ભારી ગુરજવાલા નામદારીભર્યા લડાયક શખ્સોને લશકરમાંથી ચુટી કાઢશ અને પછી આપણે જમીનને લોહીના રંગથી રેશમી કપડાં જેવી બનાવીશું અને બદખા-હોને તેમના ઘોડા ઉપરથી છુપાયલા બનાવીશું બીજે દાહાડે મરધાના વાસ-વાને વખતે આપણે હાથીઓ ઉપર ઢોલ બંધાવીને સરદારોને મદદ માટે બાહાર બોલાવીશું અને નદીમાંના પાણીને લોહી જેવું બનાવીશું ઈરાન અને તુરા-નના બુજોર્ગો એકમેક સાથે લડાઇ કરશે અને કીનો લેશે. ત્રીજે દાહાડે આપણા પાહાડ જેવાં લશકરને કીનો લેવા અને લડવા ભેગું ઉતારીશું અને આ ઉચું આસમાન કોણુને ખુવાર કરે છે અને કોણુને વાહાલું ગણે છે તે આપણે જોઇશું.' જ્યારે તે બુરા વિચારનો મારો એ પેગામ સમજી રહે ત્યારે તે જો ફરી જાય અને મારી શિખામણુ નહી માને તો તું એકલો તે બંધે લશકર વચે મારી નજરથી દુર તેની સાથે લડાઈ કરજે. માટે આ ડાહાપણવાલા શખ્સો-માથી જેઓએ જેહાનમાં ઘણી લીલી સુકી વેઠી હોય તેવા ચારને તું ચુટી કાઢ."

આથી શીદેહે તેની તારીફ કીધી અને પછી તે ત્યાંથી બાહાર નિકળ્યો. પણુ તે બાપની આંખ આંસુ ભરેલી અને દિલ લોહીથી ઉકળતું બન્યું. તેની સાથે અકકલવંત અને લડાયક હજાર માણસો લશકરમાંથી બાહાર પડયાં. જ્યારે ચોકીબાનોએ માર્ગમાર્થા તેને દુરથી આવતાં જોયો અને તેઓએ તે તુરાની સપેહસાલારનો વાવનો અને નિશાણીઓ જોઇ, ત્યારે તુરકીઓમાંથી જેઓ આગળ વધી આવ્યા હતા અને જેઓ લડાઈના અનુભવ વગરના નવા સ્વારો હતા તેઓ મર્ગ ાના તે ચોકીબાન લશકર સાથે લડવાને વલગી પડયા અને શીદેહની હજરી વગર તેઓ નાહક લોહી રેડવા લાગ્યા આથી ઈરાની-ઓમાંના કેટલાક ઘાહેલ બન્યા અને તે જગ્યાએ લડાઇ ચાલુ રહી તેટલામાં ત્યાં શીદેહે આવી લાગીને ઇરની ચોકીબાન લશકરના હાલત જોઇ તેથી એ કામથી શીદેહનુ દિલ દુખી બન્યું અને તેણે લડતા પેહલવાનોને ત્યાંથી પાછા તેડી લિધા. પછી તેણે તે ઇરાનીઓને કહયુ કે "તમો પાદશાહ આગળ તમારી રેવાજ રસમ મુજબ એક સ્વારને મોકલી તેને કેહેવાડો કે, 'શીદેહ નામનો એક રોશન દિલનો શખ્સ પાદશાહ માટે તેના સમાવા ચીનના પાદશાહ અફ્રાસીયાબ તરફથી કેટલોક પેગામ લાવ્યો છે'" આથી તે ચોકીબાનો વચેથી એક સ્વાર ત્યાં જડપથી ગયો અને ઈરાની પાદશાહ આગળ ભપકા સાથે આવીને કહયું કે, "તુરાની લશકરના પાદશાહ તરફથી એક મનશાની-

વાલો શખ્સ કાલા વાવતા સાથે પેગામ લેઈને આવ્યો છે. તે પોતાનું નામ શીદેહ જણાવે છે અને તેનો એ પેગામ પુગાડવાને તેને કોઇ શખ્સ જોઇએ છે." આ વાતથી તે પાદશાહનુ દિલ શરમીંદુ બન્યું અને તેની આંખોમાંથી ગરમ આંસુઓ પડવા લાગ્યા પછી તે બોલ્યો કે "એ શીદેહ મારો મામો થાય છે અને તે મારા જેવીજ કાંનતી અને જોર ધરાવે છે." પછી તેણે પેહેલવાનો વચેથી કોઇ નામદારને સોધ્યો, પણ કાવેહના ખાનદાનના કારન સીવાય તેની આગળ બીજો કાંઈ નહી હોવાથી તેણે તેને કહયુ કે "તુ મુબારક પગલે તેની આગળ જા અને હમારી તરફની તેને દુવા પુગાડીને તેનો પેગામ સમજી લે."

જ્યારે કારન તે લશકર આગળ જઇ લાગ્યો ત્યારે તેણે વાવતાઓ વચેથી તેનો કાલો વાવતો જોઈ કાઢયો. તેણે શીદેહ આગળ આવીને તે પાદશાહની તથા ઇરાનીઓની પુશકલ દુવા તેને પુગાડી. તે જવાને પણ તેની સાથે મીઠી જબાને વાત કરવા માટે હોટો ખોલ્યા કારણ કે તે પોતે પણ હુશીયાર દિલનો અને રોશન રવાનનો હતો. તેણે જે એશઆરામ, ખુશાલી અને લડાઇ વિષે અફ્રાસીયાબની જે કાંઇ વાત સમજી હતી તે તેને જડપથી કહી જ્યારે કારને તે હુશીયારી ભરેલાં મગજવાલા નામદાર તુરકીની તે મીઠી મીઠી વાતો સમજી ત્યારે તેણે તે ઇરાની પાદશાહ આગળ આવીને તે અકકલ સાથે સબંધ ધરાવનારો તે પેગામ તેને કહયો ખસરૂને કારનથી તે વાત સમજતાજ જુના તખતની વાતો યાદ આવી. ખસરૂ પોતાના મમાવાના કામો માટે અને તેની યુકિત અને કાવાદાવાઓ સોધવા માટે હસી પડીને બોલ્યો કે "અફ્રાસીયાબ જીહુન નદી પસાર કરી આવવા માટે પસ્તાતો લાગે છે. તેથી તે હવે મારાં દિલને ફેરવવાની કોશેષ કરે છે અને મને પોતાના પુશકલ લશકરની બીહીક આપે છે. તેના હોટો એવી વાતોથી ભરેલા છે પણ તેની આંખો આંસુ વગરની લાગે છે; જ્યારે મારૂં દિલ તો જુના વખતની વાતોથી ભરેલુ છે ઉંચુ ફરતુ આસમાન ખરાબી વખતે જેમ ફરવુ જોઇએ તેમ હજી ફર્યું નથી એમ તે જાણતો નથી. માટે હવે મારાં દિલને કીના ભર્યું બનાવીને તેની સામે જવા તથા તેની સાથે લડાઇના મેદાનમાં લડવા અને કોશેષ કરવાને વખને ઢીલ નહી કરવા સિવાય હવે મારૂં બીજુ કાંઈ કામ રહયું નથી." ત્યારે તમામ અકકલમંદો અને લશકરના સરદારો એક અવાજે બોલી ઉઠયા કે, "એમ કાંઇ બને નહી જેહાનનો અનુભવી અને અકકલથી પુરો અફ્રાસીયાબ યુકિતઓ રચવા સિવાય બીજો કાંઇ સ્વપનો જોતો નથી. તે કાવાદાવા અને જાદુઇ, તથા ફરેબ, બુરા વિચાર અને બુરા ખવાશ સિવાય બીજું કાંઇ જાણતો નથી. હવે તેણે લશક-

રમાંથી શીદેહને ચુટી કાઢયો છે, કારણ કે બલાનો દરવાજો બંધ કરવાની તેણે એજ કુચી જોઇ છે. તે હમારી જીંદગીને ધુલ ભરી બનાવવાને ઇરાનના પાદશાહ સાથે લડાઇની માંગણી કરે છે. માટે તુ તેની આવી ચપલટાઇ ઉપર બાધુરી કરવા ના નિકળ અને તું ઇરાનથી અને તારાં તાજથી કંટાલ ના. તું તેની સાથે લડવાની ઉટાવલ ના કર, અને હમોને દુખ અને દરદથી ભરેલા ના બનાવ. જો શીદેહનો તારે હાથે નાશ થશે તો તેના લશકરનો એકજ નામદાર ઓછો થયલો ગણાશે. પણ જો તું અત્રેથી દૂર માર્યો જશે તો તેથી ઇરાન ઉપર કાલી ધુલ ઉડતી થશે. હમારામાંનો એકપણ શખ્સ જીવતો રેહેશે નહી તેમજ ઇરાન અને તેના મુલકો પણ સલામત રેહેશે નહી. હમારી વચ્ચે કોઈપણ એવો પાદશાહી ખાનદાનનો નથી કે જે પછી કીનો લેવાને કંમરે કંમરબંધ બાંધે. તારો મમાવો બુઢો અને જમાના ખાધેલો છે અને તે તુરાન અને ચીનમાં ઘણો લોકપ્રીય છે. તેણે જે બુરાઇ કીધી છે તેની એમ તોબાહ કરી નાચારીએ તે લડાઇ કરવા માંગે છે. વળી તે એમ પણ કહે છે કે જે ઘોડા, ખજાનો અને પૈસા કે જે તુર જાદશમને માટે મુકી ગયો હતો તે તથા વળી સુનાનુ તખત અને સરદારોનું તાજ, સુનેરી કંમરબંધ અને ભારી ગુરજો એ સઘલું પોતાના ખજાનામાંથી તારા ખજાનાને સોંફે કે જેથી તે એ સઘલી મુશ્કેલીઓને અટકાવી શકે તે જે કાંઈ શેહેરો ઇરાનને પુગતાં હોય તેઓને તુરકીઓથી ખાલી કરી જવા ચાહે છે ત્યારે તો આપણે પણ ફતેહ અને ખુશાલી સાથે ઇરાન તરફ ભપકાથી જઇએ અને થઇ ગયલાં કામને યાદ કરેં નહી." નામદાર રૂસતમ સિવાય બીજા બંધા બુઢાઓ અને જવાનો એ પ્રમાણે બોલ્યા. રૂસતમે એ સુલેહ કરવાથી એટલા કારણ માટે મોઢું ફેરવ્યું કે તેના પોતાના દિલમાં સીયાવક્ષ માટે કીનો વસ્તો હતો. આથી પાદશાહે પોતાના હોટોને દાંત વચ્ચે ધર્યા અને તેઓ તરફ દુખ સાથે નજર કીધી. ત્યારબાદ તે બોલ્યો કે. "આ લડાઇના મેદાનમાંથી ઈરાન તરફ ભપકા સાથે પાછા ફર્યે એમ કાંઇ બને નહી. આપણને મળેલી સઘલી શિખામણો તેમજ આપણા સોગંદો કયાં ગયા કે આપણે તે પાદશાહ કાઉસને આપેલાં વચનથી ફરી જઇએ. જ્યાં શુધી અફ્રાસીયાબ પોતાના તખત ઉપર જીવતો રેહેશે ત્યાં સુધી તો તેનાથી ઈરાનની ખરાબી થવાનીજ. જ્યારે આપણે કાઉસને આ આંખો વડે જોઈશું ત્યારે આપણે સઘલાઓ તેની આગળ શું તોજેશ કરશું? નેકબખત ઈંરજ ઉપર તાજ અને તખત માટે તુરથી શું શું વિટયું હતું તે તો તમોએ સમજ્યું હશે. વળી અફ્રાસીયાબથી નોજર ઉપર શું શું વિટયું હતું. તેણે તો તેને મારી નાખવાનીજ ઉટાવલ કીધી હતી. વળી તેણે સરદાર સીયાવક્ષને તાજ, ખજાના

અને તખત માટે નિર્દોશ મારી નાખ્યો હતો. એક ધ્રેબ દેનારો તુરકી તે લશકરમાંથી મારી આગળ ભપકા સાથે ચાલી આવ્યો અને તેણે મારી સાથે લડવાની ઇચ્છા કીધી તેમાં તમારા મોઢાં શા માટે એટલા બધાં ઉતરી ગયાં છે? વળી એથી મને તો તમારે માટે અજાયબી લાગે છે અને મારા જુના કીનામાં વધારો થાય છે. ઇરાનીઓ સઘલા કીનો લેવાથી પોતાની કંમર છોડી નાખે એમ હું કાંઇ ચાહાતોજ નથી. ઇરાની લશકર કે જે અત્રે લડવા માટે આવી પડયું છે તેમાંથી હું કોઇપિણ શખ્સને જોતો નથી કે જેણે તેઓ સાથની લડાઇમાં અફ્રાસીયાબનું કેહેવું એટલું બધું ઉઠાવલે માની લિધું હોય."

ઇરાનીઓ પાદશાહની એવી વાત સમજતાંજ પોતાની એ કશુર માટે દુખી થઇ તેની માંફ માંગતા બોલ્યા કે "હમે તારા ગોલામ છીએ. હમે તો તારી મેહેરબાની મેલવવા માટે એમ બોલ્યા હતા. તું પાદશાહ તો નેકનામી સિવાય અને દરેક કામોના સારાં સેવટ સિવાય બીજું કાઇ ચાહતો નથી. કદાચને તું ચઢતા વિચારનો પાદશાહ હમારી ઉપર એનો તાણો રહી જાય એમ ઇચ્છતો હશે નહી. તેની સાથે લડાઇ અજમાવવાની હીમત કરે એવો કોઇ સ્વાર ઈરાનીઓમાં નથી એમ કોણ કહે છે?" પછી તે લડાઇના મેદાનમાં સેપાહો પોકાર કરવા લાગ્યા કે, "શાહનશાહ સિવાય બીજું કોઇ એવી બાહાદુરી કરી શકશે નહી. પણ તેથી આપણા ઉપર જાવેદાન સુધી શરમ પુગેલી રહે એમ તે દાનાવેનો પાદશાહ ચાહાતો નહી હોય." પાદશાહે તેઓને એવો જવાબ દિધો કે "ઓ રાહનુમાઇના કરનારા મોબેદો! તમો જાણો કે લડાઇ વખતે એ શીદેહ પોતાના બાપને પણ મેદાનમાં મરદાનગીવાલો ગણતો નથી. તેના બાપે તેના હથીયારો જાદુઇના, જુઠાનાનાં, અંધકારના અને બદખાશીયતના બનાવેલાં છે. તેથી તમારાં હથીયારો તેના બખતર, તોપી અને તલવાર ઉપર અસર કરશે નહી. વળી તેનો ઘોડો પણ દેવની તાખમ ધરાવે છે અને તે સિંહ સાથે અજમાયશ કરનારો અને પવન જેવો તેજી છે. પરવરદેગારે જે કોઇને ખોરેહ બક્ષ્યુ નહી હોય તે તેની સાથે લડવાના પગ અને માથું ધરાવી શકતો નથી વળી તે કાંઈ તમારી સાથે લડવા ઉતરશે નહી કારણ કે તેમ કરવાથી તો તેના દમામને અને તેના ખાનદાનને શરમ પુગે. પણ એ ફરીદુનનો નબીરો "(શીદેહ) અને કોબાદનો નબીરો (ખસરૂ) એ બધે લડાયકો એક દિલ અને એક ખાશીયતના હોવાથી તેમ કરી શકશે. તેથી જેમ અફ્રાસીયાબે કાઉસના જીવને તેના બેટા માટે બલતો કીધો છે તેમ હું તેના બાપના જીવને તેને માટે બલતો બનાવશ." અહથી ઈરાન જમીનના સઘલા સ્વારોએ અને સિંહોએ તે પાદશાહની તારીફ કીધી.

શીદેહ કયખસરૂ પાસેથી જવાબ મેળવીને ત્યાંથી પાછો ફર્યો તે વિષે.

પછી તેણે લડાઈના શોખીન કારનને ફરમાવ્યું કે "તું પાછો જા અને તેને પાદશાહ તરફનો (આ પ્રમાણે) જવાબ પુગાડ કે આપણા વચેની હરીફાઇ લાંબા વખતની અને ચીવટ થઇ પડી છે તથા હવે એ વાતો તેની હદ પણ કુદાવી ગઇ છે. લડાયક હુનર ધરાવનારો શખ્સ લડાઈમાં લડતી વખતે ઢીલ કરતો નથી. હુ કાંઈ તારી પાસેથી તુરાનનો મુલક કે ખજાનો માંગતો નથી કારણ કે આ ત્રણ પાંચ દિવસની દુન્યામાં તે કોઇ સાથે રેહેતો નથી. હવે તો સુરજ અને ચંદ્રનો માલેક આ લડાઈમાં કોણને ખુશનુદ બનાવે છે તે જોઇએ ત્યાં સુધી હું જેહાનના પેદા કરનાર પરવરદેગારના અને કાઉસના તખતના સોગંદ લેઈ કહુ છુ કે જેમ ગોલાબ ઉપર પાનખર રૂતુનો પવન ફુકી તેનો જડપથી નાશ કરે છે તેમ હુ પણ તમો લોકોને તેટલો વખત પણ જીવતા રેહેવા દેવશ નહી. હમુને કાંઇ માલ ખજાનાની ગરજ નથી કે તું એમ જોર અને જુલમ વાપડતો મારી આગળ આવ્યો છે. જેની પીઠને પરવરદેગારથી ગરમી મળતી હોય તેનું દિલ અને નસીબ હમેશાં હસ્તું રહે છે. તારો મુલક, ખજાનો અને લશકર તેમજ તારૂં તખત, શેહેર અને તાજ એ સઘલું મારૂંજ છે. પશંગ પોતાના બખતરવાલા લશકર સાથે અત્રે મારફાડ કરતો આવ્યો અને હમારી સાથે લડાઇ કરવા ચાહયું. તે બામદાદના ઝઝકલાંથી મારો મેહેમાન બન્યો છે તે છતાં તેણે મારાં લશકરના ડોકાં ખંજર વડે છટકાવવાનું વાજબી જોયું છે. લડાઈના મેદાનમાં તેની સાથે લડે એવો કોઇ શખ્સ હું ઇરાની લશકરમા જોતો નથી. ફકટ હું અને શીદેહ અને હમારા હાથો અને તિક્ષણ તલવારો (એ માટે બસ) છીએ. પણ હું તેના ઉપર સેવટે રસ્તાખેજ વરસાવશ. જો હુ એ લડાઈમાં ફતેહભર્યો નિવડશ તો હું એ પ્રમાણે તે ફતેહ ઉપરજ નચિંત રેહેવશ નહી, પણ હું બંધે બાજુએથી મારા પેહેલવાનોને પોકાર મારતા બનાવશ અને તેથી તે મેદાન લોહીથી રંગીન બની જશે ત્યાર પછી હું સઘલા પેહેલવાનોને એક પાહાડ માફક એકઠા કરીને લડવા ઉતારશ.' જ્યારે તું એમ કહી રહે ત્યારે તું શીદેહને વધુ કેહેજે કે, 'ઓ અક્કલભર્યા નામદાર સ્વાર! તું અત્રે એકલો આવીને ફાંડામાં ફસી ગયો છે, પણ નામદારી મેલવવા આવ્યો નથી. તોપણ તું અફરાસીયાબનો આ પેગામ લાવેલો હોવાથી તારી ઉપર તારા ખુરા વખતે ઉટાવલ કીધી નથી. તારા પાદશાહે તો તુંને તેના લશકર વચેથી ઉશકેરીને અત્રે મોકલ્યો છે પણ તેમ થતાં તારૂ અસ્તોદાન અને કફન બંધે

અત્રેજ થઇ જતે. તે નચિત સરદારે તારી ઉપર નુકસાંન લાવી નાખ્યું હતે અને તારા ડોકાંને ગોરપંદ માફક શરીર ઉપરથી કપાવી નાખ્યું હતે અને તેથી જેમ કાઉસ પોતાના બેટાને માટે રડયો હતો તેમ તારો બાપ તારે માટે જારજાર રૂડન કરતે." આથી કારન તે પાદશાહ આગળથી તે કાલા વાવતા નજદિક જડપથી પાછો ગયો અને તેણે જે કાંઇ વાત સમજી હતી તે અને જે કાંઈ ખાનગી અને જાહેર વાતો કેહેવી હતી તે સઘલી તેને કહી. આથી શીદેહ આતશ ઉપર ભુજાય તેવાં બલતાં દિલ સાથે અફ્રાસીયાબ આગળ ગયો અને ત્યાં તેણે જે કાંઇ જાહેર તેમજ ખાનગી રીતે જોયું હતું તે સઘલું બાપ આગળ એક પછી એક યાદ કરીને કહયુ. એ જવાબથી તુરકી પાદશાહ ગમગીન બન્યો અને ગમ ખાઇને જડપથી દમ લેવા લાગ્યો. તેણે લાંબા વખત ઉપર જે સ્વપનો જોયો હતો અને જે દરેક શખ્સથી છુપાવી રાખ્યો હતો તે માટે તેનાં મગજે ફેર આવવા લાગ્યા અને દિલમાં હેબત ભરાઇ. તેનુ નસીબ તંગ બનતુ જાય છે એમ તે સમજી ગયો પણ શીદેહ બોલ્યો કે "આવતી કાલે આ મેદાનમાં મુરડાંઓના ઢગ વચેથી એક કીડીથી પણ પસાર થવાવાનુ નથી" આથી પાદશાહે તેને કહયું કે, "ઓ મારા બેટા! બામદાદ થતાં તું બે દિવસ સુધી લડાઇ કરવા માંગતો ના. તું કેહેશે કે જાણે એ લડાઇથી મારૂં દિલ તુટી જાય છે. હું એવું ઇચ્છું છુ કે જાણે મારા દિલને મારા શરીરમાંથી તોડી કાઢું." તે બેટાએ જવાબ દિધો કે, "ઓ તુરાન અને ચીનના પાદશાહ! તું તારાં દિલને એમ બુરૂં ના બનાવ. જેવો પ્રકાશીત સુરજ પોતાનો ઝુન્ડો બાહાર કાઢશે અને તે બલુ આસમાનને પ્રકાશતું બનાવશે તેવોજ હું ખસરૂ સાથે લડાઈમાં ઉતરશ અને તે પાદશાહ ઉપર કાલી ધુલ ઉડતી કરશ

કએખસરૂ સાથે લડતાં શીદેહ તેને હાથે માર્યો ગયો તે વિષે.

જેવી કાલી ચાદરે (રાતે) રોશની પકડી અને જેહાન પીલાં યાકુત માફક બની તેવોજ લડાયક પશંગ પોતાના ઘોડા ઉપર બેઠો. તેનું મગજ જવાનીની ધુંઈમાં ઉશકેરાયલુ બન્યુ અને તેથી તેણે પોતાના સફેદ દિલને બખતરથી ઢાંકયું અને માથાં ઉપર લોઢાંની પાદશાહી કોલાહ પેહેરી. એક લડાયક તુરકીએ તેનો ઝુન્ડો પોતાના હાથમાં પકડયો અને તે એક વાઘ માફક ત્યાં ભપકાથી ચાલીને ગયો. તે ઇરાની લશકર આગળ આવી લાગતાંજ એક નામદારે પાદશાહ આગળ જઇને તેને કહયુ કે "લશકરની બે હારો વચેથી

એક સ્વાર હાથમાં તલવાર ધરીને પોકાર મારતો અને ઉશકેરાયલો આવતો જણાય છે. તું કેહેશે કે જાણે તે ફાડી ખાનારો અઝદાહ છે અને પોતાના ફુંફારાથી તે જેહાનને બાલી નાખવા માંગે છે. તે તિક્ષણ પંજાનો નામદાર એમ કહે છે કે "તારા પાદશાહને તુ કેહે કે પશગ આવી લાગ્યો છે.'" એમ સમજીને પાદશાહે તેની કાંઇ ફીકર કીધી નહી, પણ પોતાનુ બખતર મંગાવીને બુજોર્ગોનો ઝુન્ડો ઉંચો પકડયો. તેણે પોતાના માથાં ઉપર એક રૂમી તોપી પેહેરી અને ગોદરેજના બેટા રેહામને પોતાનો ઝુન્ડો સોંફ્યો ૧ આથી તેનું લશકર જારી અને રૂડન કરવા લાગ્યું અને આતશમાં ભુજાય તેમ બલવા લાગ્યુ. તેઓએ ફર્યાદ ઉઠાવી કે "ઓ પાદશાહ! તું તારાં પાક શરીરને લોઢાંથી દુખી ના બનાવ જે સઘલુ પાદશાહ માટે કરવાનુ છે તે તખત ઉપર બેસવાનું છે. પણ તે તો ફીનો લેવા તારી કમર બાંધી છે. માટે તે શીદેહનુ કાલી ધુલ ઉપર બેસવા સિવાય બીજું કાંઇ થતુ ના અને તેની કાંઇપણ ઇચ્છા પાર પડતી ના." આથી તે પાદશાહે ગુરજ, બખતર અને લોઢાંની તોપી સાથે પોતાના લશકરને કેટલીક દુવા દેઇને કહયુ કે, "લશકરની જમની અને ડાવી પાંખના તથા મધ્યાન ભાગમાના કોઇપણ શખ્સે બીહવુ નહી. તમારામાના કોઇને પણ લડાઈ કરવાની અને ઉશકેરાવાની અગત્ય નથી. તમો ગોદરેજના બેટા રેહામના હોકમ ઉપર ધ્યાન આપજો. જ્યારે સુરજ આસમાનની ઉંચાઇએ પુગશે તેટલામાં તો કોણને નુકસાંન થયું છે તે તમે જોશો. જો તેમાં પશંગ ફતેહમંદ નિવડે તો તમો રૂસતમ મારફતે લડાઇનો સામન તૈયાર કરજો. તમો સઘલા તેની આગળ હોકમ બજાવનારા ગોલામ બનજો અને તેના એ દુખમાં નજદિક રહી ઉપાય કરજો. જે લશકરને રૂસતમ જેવો સંભાળનાર સરદાર મલે તે લશકરના લડાઇને લગતા સઘલા ઉપાયો સેહેલથી થઇ શકે છે. તમો તમારાં દિલને જરાએ દુખી કરતા ના. કારણકે એવા કામની સરૂવાત અને સેવટ એવીજ રીતનુ હોયછે. ઘડીકમાં ચઢતી તો ઘડીકમાં પડતી મલે છે. ઘડીકમાં ખુશાલી તો ઘડીકમાં ગભરાત હોયછે."

---

૧ આવા અને રામ યશ્ત મુજબ કએખસરૂને અઉર્વસાર નામના શખ્સ સાથે હાથોહાથ લડવુ પડયુ હતુ. ફીરદોસી કએખસરૂને જે શખ્સ સાથે લડતો ચિતારે છે તે તેનો મામો પશંગ છે કે જે શીદેહને નામે પણ ઓલખાતો હતો. તેથી અવસ્તાનો અઉર્વસાર તે ફીરદોસીનો શીદેહજ હોવો જોઇએ એ અઉર્વસારે કએખસરૂ સાથે લડતાં રામ ઈજદ પાસે એવી દુવા ચાહી હતી કે 'અએ જોરેમંદ વાએ ઈજદ ! આ મુરાદ તું મને બખશ, તે એકે ઈરાનના દેશોની પાદશાહીને સાથે જોડી નાખનાર બાહાદુર ખોસરૂ હસુને નહી મારે પણ હુ કએખોસરૂના

પછી તેણે બેહજાદ ૧ નામના કાલા ઘોડાને પવન વેગે દોડાવવા માટે ઉરાકેર્યો. તેણે નેજો, લોઢાંની ટોપી અને બખતર સાથે રાખ્યું અને કંમર બાંધીને એક એવો પોકાર માર્યો કે તે વાદલ સુધી જઇ પુગ્યો. શીદેહે તેને લશકરની બે હારો વચે આવેલો જોઇને જીગરમાંથી એક થંડી હાએ મારી અને બોલ્યો કે "તુ સીયાવક્ષનો અક્કલમંદ, હુશીયારી અને ચુપકીડીવાલો બેટો છે અને તુરાની લશકરનો પાદશાહ કે જેની કોલાહ ચંદ્રના આશમાન સુધી પુગે છે તેંનો નબીરો થાય છે પણ એ છતાં પણ તારી ઉપર પાદશાહ તરફ વફાદાર રેહેતા જેહાનના અનુભવી પેહેલવાનો શક લેઈ જાશે કારણ કે જો તારામાં મગજ હોતે તો તું તારા મામા ઉપરજ લડાઈ અજમાવવાને હાથ લંબાવતે નહી. તેથી તું લશકર આગળ લડાઇ કરે તેના કરતાં દુર જઇ તે માટેની એક જગ્યા પસંદ કર કે જેથી ઇરાન અને તુરાનનો કોઈ પણ શખ્સ આપણુને જોય નહી તેમજ આપણે આપણા મદદગારો અને દોસ્તોને પણ (મદદ માટે) નેડીએ નહી." ત્યારે પાદશાહે તેને જવાબ દિધો કે "એ ફ્રાડીખાનારા લડાયક સિંહ ! પાદશાહ અફ્રાશીયાબને હાથે માર્યા ગયલા નિર્દોશ સીયાવક્ષનો હું દાઘેલ દિલનો બેટો આ મેદાનમાં એમ કીનો લેવા માટેજ આવ્યો છું અને કાંઇ તખત કે સત્તા મેલવવા આવ્યો નથી. તેં શા માટે તારા બાપ આગળ મારી સાથે લડવાની ખાહેશ કીધી ? અને તેં લશકરમાથી મારીજ સાથે લડવા શા માટે ચાહયું ? તેં મને તેડયો પણ તેમ તેડવાનુ કોઇને પણ લાજમ હતું નહી કારણકે તેં મને અનઘટતી રીતે તારી સામે તેડયો છે. માટે તુંજ હવે એક લડવાની જગ્યા જે બંધે લશકરથી દુર હોય તે પસંદ કર." પછી તેઓએ એવો બંધોબસ્ત કીધો કે "બધે તરફથી કોઇને પણ એ કીનામાં મદદે આવવા દેવુ નહી. વળી આ શખ્સો કે જેઓ આપણા વાવતા ધરી ઉભા છે તેઓને કાંઇ નુકશાન પુગે અને તેઓના જીવ જાય એમ બનવા દેવું નહી"

પછી જેમ ખુશાલી ભોગવતો માણસ મજાહ મેલવવા જાય તેમ તે બંધે શખ્સો લશકરથી દુર ગયા તેઓ એક એવી જગ્યાએ આવી પુગ્યા કે જયાંની જમીન પાણી વગરની સખત હતી અને ત્યાં સિંહ કે વાઘ કોઇ પણ આવી શકતા હતા નહી. ૨ જે બાજુએ ખારજમનો મુલક આવ્યો હતો ત્યાંનુ બ્યાબાન

હાથમાંથી છુટી જાઉ ' આવાં યશ્ત મુજબ કએખસરૂએ પણ એ અહર્વંસારની સાથે લડતાં તેના ઉપર ફાવવાને માટેની આવા ઇજદથી દુવા ચાહી હતી. (જુઓ આવા યશ્ત, કરદો ૧૩ મો.)

૧ એ બેહુજાદ ઘોડાને સીયાવક્ષે કએખસરૂને વારસામા આપ્યો હતો.

૨ એ લડાઈની જગ્યા તરીકે રામ યશ્તમા સફેદ જંગલ નામનું જંગલ જણાવ્યું છે.

તેઓને એ લડાઇને લાયકનું જણાયું. તેવી સખત અને રેતાલ જગ્યા ઉપરની જમીન ઉપરના આસમાનમાથી ગીધથી પણ ઉડાતુ હતું નહી તેવી જગ્યામાં તેઓએ તે મોટી લડાઇ માટેની જગ્યા ઠેડવી અને ત્યાં તે બંધે લડવૈયાઓ વરૂ માફકના બન્યા. તે સ્વારો શેકાર કરતી વખતે ગોફામાંથી બાહાર પડેલા છેડાયલા સિંહ માફક બનયા અને જ્યાં સુધી સુરજ ઉંચાઇમાં તપવા લાગ્યો ત્યાં સુધી તેઓ લાંબા નેજા વડે લડવા લાગ્યા તેથી તેઓના નેજાની અણી પણ રહી નહી તથા તેમના ઘોડાના બખતરો અને લગામો પસીનાથી બીજાઇ ગયાં. પછી તેઓએ રૂમી ગુરજ અને તિક્ષણ તલવારથી એકમેક સાથે હરીફાઇ કીધી. તેથી તે સ્વારોથી ઉડી રહેલી ધુલથી હવા કાલી બની પણ તેઓ તે લડાઈમાં કંટાલ્યા નહી જ્યારે શીદેહે ખસરૂનુ દિલ અને જોર જોઇ લિધું ત્યારે તેના ચેહેરા ઉપર આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યાં. એ સઘલું ઇજદી ખોરેહને પ્રતાપે થાય છે અને તેનાથી તેને પોતાના શરીર માટે રડવું પડવાનું એમ તે પાંમી ગયો. વળી તેનો ઘોડો પણ તરસથી થાકી ગયો અને તેનું મરદાનગી સાથનું જોર કમી થવા લાગ્યું. જ્યારે શીદેહ તેનાથી કંટાલી ગયો ત્યારે તે દિલ સાથે વિચાર કરવા લાગ્યો કે "જો હું એ લડાઇમાં પાદશાહને એમ કહું કે 'ચાલ આપણે કુસ્તી રમવાને ઘોડા ઉપરથી નિચે ઉતર્યે અને આપણે લોહી અને પસીનાથી ખરડાઇએ" તો તે પોતાની આબરૂને ખાતર ઘોડા ઉપરથી નિચે ઉતરશે નહી અને પોતાના પાદશાહી શરીરને હલકું પડવા દેશે નહી પણ એવીજ યુક્તિથી જો હું તેના હાથમાંથી છટકશ નહી તો ખરેખર અઝદાહના મોઢાંમાંજ જઇ પડશ." તેથી તે બોલ્યો કે "ઓ પાદશાહ ! ભાલા અને તલવારથી તો કોઇપણ લડાઇ કરી શકે છે અને લગામ ફેરવી શકે છે. માટે તું ઘોડા ઉપરથી નિચે ઉતર કે આપણે કુસ્તી લડીએ અને સિહો માફક આપણા પંજા લંબાવ્યે." પણ જેહાનનો પાદશાહ ખસરૂ તુરતજ તેનો ઇરાદો પાંમી ગયો. તેથી તે દિલ સાથે બોલ્યો કે "'અગરજો એ લડાઇનું જોર ધરાવનાર ફરીદુનનો નબીરો અને પશ ગનો (દીકરાનો) દીકરો આશાયશ મેલવવા પાંમશે તો તે મારૂ માથું કાપનારો બનશે અને તે ઘણાએક સિંહ જેવા શખ્સોને બુમો પડાવશે. વળી જો હું કુસ્તી રમવા ઘોડા ઉપરથી નિચે ઉતરશ તો તેથી ઇરાનનીઓનું પણ કામ બગડશે" તેટલામાં રેહામ બોલ્યો કે, "ઓ તાજવર ! તું તારા ખાનદાનને એવા શરમ ભરેલાં કામથી હીતુ' ના પાડ. તું પાદશાહ પોતે ઘોડા ઉપરથી નિચે ઉતરીને લડાઇ કરે તો આપણા બધા સ્વારો તારે માટે શું ધારે ? જો તુંને ભોંય ઉપર પગ મુકવો પડતો હોય તો તેના કરતાં હું કેશવાદની તોખમથી મારી બુન્યાદ ધરાઉ છું માટે તેની

સાથે લડવા હુંજ ઘોડા ઉપરથી નિચે ઉતરશ. પણ તું તો જેહાનને પાદશાહ અને નામદારી ભર્યો પેહેલવાન છે." પાદશાહે તુરતજ રેહામને કહયું કે, "એ મેહેરબાની ભર્યા પેહેલવાન અને સ્વાર ! આ બાધુર પશ ગ પશંગનીજ (પાદશાહી) તોખમને છે તેથી તારે જાણવું જોઇએ કે તે પણ તારી સાથે લડાઇ કરશે નહી. વળી તેની સાથે લડતાં તું ટકી પણ શકવાનો નથી, કારણ કે આવો લશકરને દિપાવનારો શખ્સ તુરકીઓ વચે કોઈ નથી તે ફરીદુનના ખાનદાનનો લડાયક શખ્સ છે અને તેના જેવા કોઇપણ બાધુરે માયથી જનમ લિધો નથી તેથી તેની સાથે લડવાની મને શરમ પુગવાની નથી. તેથી ઘોડા ઉપરથી નિચે ઉતરીને હમેજ વાઘ માફક લડાઈ કરીશું"

પેલી તરફ શીદેહની આગળ તેનો દુબાશ્યો આવ્યો અને તેને કહયું કે "તે બુરા વિચારના શખ્સની બુરાઇથી તું દૂર રેહેવાનું પસંદ કર તારે પાછું ફરવા સિવાય બીજો કાંઈ છુટકો નથી કારણ કે તારામાં ખસરૂ સાથે લડવાની શક્તિ પણ નથી. તેથી પોતાના શરીર સાથે હરીફાઈ કરવા કરતાં તારે માટે દૃશમન આગળથી વખતસર નાહાસી જવુ વધારે સારૂ ગણાશે" ત્યારે તે નામદારીભર્યા દુબાસ્યાને શીદેહે કહયું કે "મરદાનેમરદોનો અવાજ છુપો રહેવો જોઇતો નથી જયારથી મે લડવા માટે કંમર બાંધી છે ત્યારથી મેં મારાં માથાંને સુરજ સુધી પુગાડયુ છે એમ તુ જાણ. તોપણ મેં લડાઇમાં આવું જોર, આવો દમામ અને આવો લડાયક હાથ ધરાવનારો પેહેલવાન કોઈ જોયો નથી. હવે જયારે મેં લડવાનુ જ માથે ઉઠાવ્યુ છે તો તે વખતે નાહાસવા કરતાં મારૂં અસ્તોદાન (કફન) બને તો ભલું ગણાય. વળી જો આપણે અઝદાહની આંખનો નાસ પણ કરીએ તોપણ આપણાથી ફરતા આસમાનની ગીરદેશથી દુર જવાનુ નથી. જો અત્રે તેને હાથેજ મારૂ મોત હશે તો તે કાંઈ દુશમન કે દોસ્તથી અટકાવી શકાવાનું નથી. તે મરદાનગીભર્યું જોર કેમ ધરાવે છે તે હું જાણું છું. તે નામદાર ઉપર ઇજદી ખોરેહ ઉતરેલુ છે. તોપણ ઘોડા ઉપરથી નિચે ઉતરીને લડાઇ કરતાં હુ તેના ઉપર ફતેહ પાંમશ અને લડાઇ કરતાં હું લોહીની નદી વેહેતી કરીશ." પછી જેહાનના પાદશાહે શીદેહને કહયુ કે "એ બુજોર્ગોની તોખમ ધરાવનારા નામદાર ! ખરેખર કેઆનીઓની તોખમનો એવો કોઇ પણ શખ્સ નથી કે જેણે ઘોડા ઉપરથી ઉતરીને કદી પણ લડાઈ કીધી હોય. તોપણ જો તારી ઇચ્છા એવીજ હોય તો તારી તે ઇચ્છાથી ઉલટી હું કદીપણ લગામ ફેરવશ નહી." (એમ કહીને) પાદશાહ પોતાના કાલા રંગના ઘોડા ઉપરથી નિચે ઉતર્યો અને કેઆની તાજને માથાં ઉપરથી કાઢી નાખ્યું. તેણે તે ઉંચ તોખમનો ઘોડો રેહામને સોંપ્યો અને પછી તેની આગળ વિજ-

લીના આતશ માફક ગયો. જેવો પશંગે તેને ઘોડા ઉપરથી નિચે ઉતરેલો દુરથી જોયો તેવોજ તે લડાયક મગર જેવો શખ્સ પણ ઘોડા ઉપરથી નિચે ઉતર્યો અને હાથીઓ માફક લડવાને વલગીને ધુલ અને લોહીથી ખરડાવા લાગ્યા. જ્યારે શીદેહે તે પાદશાહનું દિલ, ઉચું કદ અને વળી ઇજદી ખોરેહ સાથે તેનું લડવાનું જોર જોયું, ત્યારે તે તેના હાથમાથી છુટવાનો કાંઇ ઉપાય સોધવા લાગ્યો કે જેથી તે પોતાના યુક્તિબાજ દિલ માટે કાંઇ કીંમત આંકે. જેવો ખસરૂ તેના ભરમથી વાકેફ થયો તેવીજ તેણે મોટે બુમ પાડીને જેહાનને પેદા કરનાર પરવ-રદેગારના બક્ષેલાં જોરથી તે નામદાર કએખસરૂએ તેના ઉપર હાથ લબાવી જેમ એક સિંહ નર ગોરખર ઉપર પોતાનો પંજો મારીને તેને ઉંધે મસ્તક નાખે તેમ તેણે પોતાના ડાવા હાથે તેની ગરદન અને જમના હાથે પીઠ પકડીને તેને ઉચકયો અને જમીન ઉપર સખત અફાલ્યો, જેથી તેની પીઠના તમામ હાડકાં દુખથી જાણે વેરાઇ જવા લાગ્યાં, અને તેનો પગ ભાગી ગયો. પછી તેણે તિક્ષણ તલવારને બાહાર કાઢીને તે નામદારના દિલને એક નાંકેથી બીજે નાંકે સુધી ચીરી કાઢયું. તેણે તેના દિલ ઉપરનુ તમામ બખતર ફાડી કાઢયું અને પછી તુરતજ તેના તાલક ઉપર ધુલ નાંખી. ત્યાર બાદ તેણે રેહામને કહયું કે એ બાહુર અને ચપલ મગજના મારા મામાની કોઈ જોડી હતી નહી. માટે હવે તેને મારી નાખ્યા પછી તું એક મેહેરબાની કર અને તેને માટે એક પાદશાહી દખમું બનાવ. તું તેના મગજને કસ્તુરી અને ગોલાબથી ભર અને શરીરમાં ચોખો કપુર ભરીને તે સીવી લે. તેની ગરદનમાં તું સુનાની સાંકલી ઘાલવ અને તેના માથાં ઉપર અંબરની ભેજવાલું તાજ મુક."

પછી તે દુબાશયાએ માર્ગમાંથી તે તરફ નજર કરતાં તેની નજરે તે નામદારી ભર્યા શાહજાદાની લાશ પડી, કે જેને લોહીથી ખરડાયલી રેતીમાંથી તેઓ ઉચકતા હતા અને તેને પાદશાહ ખસરૂના લશકર તરફ લેઇ જતા હતા. આથી તે રડતો રડતો પાદશાહ આગળ આવ્યો અને તેને કહયું કે, "એ નામદાર ઇનશાફી પાદશાહ! હુ તો તેનો ફરમાવેલો ગોલામ હતો. હું કાંઇ એક લડાયક સ્વાર કે પેહેલવાન નથી. માટે એ પાદશાહ! તું મારી તરફ દયા દેખાડીને મને માફ કર. તારા જીવથી આસમાન પણ ખુશાલ બનજો." આથી પાદશાહે તેને કહયું કે "તું મને જે કાંઈ કરતાં જોયો છે તે પેલાં લશકર વચે જઇને મારા મમાવાને કહેજે." પેલી તરફ તુરાની નામદારોના દિલ અને તેમની નજર શીદેહ લડાઇમાંથી કયારે પાછો ફરે તે માટે માર્ગમાંજ બેચાઇ રહી હતી. તેવામાં તે સ્વાર તે નરમ રેતી ઉપરથી ઉઘાડે માથે અને આંખોમાં ગરમ આંસુઓ સાથે ત્યાં જડપથી આવી લાગ્યો તેના એમ આવતાજ આફરાસીયાબ તુટેલાં દિલનો

બન્યો અને આંસુઓથી તેની આંખો ભરાઇ ગઇ. તેણે જે કાંઇ વાત ઢંકાયલી હતી તે ત્યાં ખુલ્લી કીધી અને તે તુરકી સરદારને સઘલું કહયું. આથી તે પાદશાહ જેહાનથી નાઉમેદ બન્યો અને તેણે પોતાના કપુર જેવા સફેદ બાલોને પીખી કાઢયા. તે બુરો પેહેલવાન પોતાના માથાં ઉપર રેતી નાંખીને લશકર આગળથી ગયો. જે કોઇએ તે તુરકી પાદશાહને ચેહેરો જોયો તથા તેના શરીર ઉપરના પોશાકને તથા દિલને ફાડી કાઢેલું જોયું તેઓ લશકર વચે પોકાર કરવા લાગ્યા કે "સુરજ અને ચંદ્ર આપણી ઉપર ખેર કરે." અફ્રાસીયાબે રડતાં એ પ્રમાણે કહયું કે "હવે આપણે આરામ લેઇશું નહી તથા ઉંઘાઇશું નહી. તમો પણ મારા એ સોગમાં મદદ કરજો અને મારી બાજુએ રહી તમો સઘલા તેનો સોગ ધરજો. હવે પછી મારી તલવારની અણી પોતાની મ્યાન જોશે નહી અને હું પણ કદી ખુશાલ રહી શકશ નહી. આપણે આપણા પોશાકના છેડાને એક બીજા સાથે બાંધી લેઈશું અને ઇરાન જમીનના કાંઇ પણ શેહેરો કે મુલકોને રેહેવા દેઇશું નહી. જે દિલો દુખથી દુખી થાય નહી તે માણસોને દેવો અને ઢારોથી તમો જુદા ગણતા ના. નદી કીનારે ઉગેલાં સીધ્ધાં સરોવર જેવા શીદેહના શરીર માટે અને તે લડાયક સ્વારના ચંદ્ર જેવા ચેહેરા માટે હમો જે લોહીના આંસુઓ પાડીએ છીએ તે તરફ જે કોઇ ગમ કરતા નહી હોય તેઓની આંખોમાં શરમના આંસુઓ રેહેતાં ના." તે એવો દરદી બન્યો કે જેનો ઉપાય કોઈ વૈદ પણ ધરાવતો હતો નહી. પછી સઘલા નામદારોએ પાદશાહને જવાબ આપવા તેની આગળ જબાન ખોલી કે "પરવરદેગાર તારી મુશકેલી આશાન કરજો અને તારૂં બુરૂં ઇચ્છનારાઓના દિલને દુખી બનાવજો. હમારામાંનો એક પણ શખ્સ પશંગ માટેના દુખ અને કીનાને માટે દિવસ કે રાતે પણ ઢીલ કરશે નહી. આપણે તે તમામ લશકરના દિલને રડતું બનાવીશું અને તેઓનાં ડોકાં મેદાનમાં વિખેરાંયલાં બનાવશું. ખસરૂએ કાઇ પણ બુરાઈ કરવી બાકી રાખી નથી અને તેણે કીનામાં બીજો કીનો ઉમેર્યો છે." પાદશાહ દુખમાં ગરકાવ બન્યાથી તે લશકરનું દિલ પણ તુટી જવાથી તે સઘલાઓ રડતાં અને ઉશકેરાતાં લડાઈજ ઇચ્છવા લાગ્યા.

અફરાસીયાબ અને કએખસરૂના ભેગાં લશકર વચે લડાઈ થતાં તેમાંથી અફરાસીયાબ નાહાસી ગયો તે વિષે.

જ્યારે વરખ રાશિમાંથી સુરજે પોતાનું માથું બાહાર કાઢયું અને જંગલમાંથી કાયલોના પોકારો સંભળાવા લાગ્યા, ત્યારે લશકરની છાવણીમાંથી વાજીંત્રો તથા ઢોલ અને સરનાઇના ભેગા અવાજો નિકલ્યા. આથી પેહેલવાનો.

માંથી તલવાર વાપડનાર દશ હજાર પેહેલવાનો લડાયક જેહેન સાથે બાહાર પડયા. તે મેદાન જીતનાર લડાયક લડાઇમાં ઉતરવા સાથે તુરકી સ્વારો પણ હાથમાં કમાન સાથે લડાઇમાં ઉતર્યાં. તે અજમાયશ પામેલા દશ હજાર સ્વારો કે જેઓની જબાન ગાલમલોચથી ભરેલી અને હોટો લોહીથી ભરેલા હતા તેઓની સાથે બાહાર પડયો. ખસરૂએ તેઓને એ પ્રમાણે આવેલા જોતાંજ કાવેહના નબીરા કારનને અજમાયશ પામેલા દશ હજાર માણસોના ટોલાં સાથે તે લશકરના વચલા ભાગ સામે પાહાડ માફક જવાનો હોકમ કીધો. આથી કારન લડાઈમાં ઉતરવાની ઢાંઢલ કરવા પડયો અને એક પાહાડ માફક લશકરના મધ્ય ભાગ તરફ જવા બાહાર પડયો. ૧ નોજરનો બેટો ગસતહમ પણ લડાઇનો જુન્ડો ઉઠાવીને તે લડાઈના મેદાન તરફ જડપથી ગયો. આથી સ્વારોથી ઉડી રહેલી ધુલથી આસમાન ઝાંખુ મારી ગયું. સિપાહોથી જમીન અને વાવતાઓથી હવા ભરાઈ ગઇ. ખસરૂ પોતાના લશકરના મધ્ય ભાગમાંથી આગળ વધ્યો અને તેમ વળી અફરાસીયાબ પણ મેદાનમાં ઉતર્યો. તેથી ત્યાં એવુ બન્યું કે આસમાન સુધી અધંકાર ફેલાઇ ગયો. આથી લડાયક લોકોની આંખોને ઈજા પુગવા લાગી. જેવો લડાયક કારન ફતેહમંદ નિવડતો ગયો અને બાધુર જેહેન હાર પામતો ગયો તેવામાં પાહાડ ઉપર ચંદ્ર આવીને બેઠા (યાને ઉગ્યા)થી પેહેલવાનો લડાઈમાંથી પાછા ફરવા લાગ્યા. ઈરાનીઓ લડાઇમાં ફતેહમંદ નિવડયાથી પાદશાહ ખસરૂ તેઓ માટે ખુશી બન્યો. તેઓએ આખી રાત લડાઇની તૈયારીઓ કર્યા કીધાથી તેઓને ખાવાની અને સુવાની પણ ફુરસદ રહી નહી. જ્યારે સુરજે પોતાનું માથું બાહાર કાઢયું ત્યારે જેહાન પાછી લડાઇના અને હુમલાના અવાજોથી અને પોકારોથી ભરાઇ ગઇ. બંધે મુલકોના લશકરે સફ સમારી અને સઘલાઓએ લડાઈ કરવાને માટે હોટ ઉપર ફીણ ચઢાવ્યું. ઈરાનનો પાદશાહ પોતાના એક ખેરખાહ નોકરને લેઇને લશકરની પીઠેથી દૂર ગયો. તેણે એમ થોડે દુર જઇને ઘોડા ઉપરથી નિચે ઉતરી જેહાનના પેદા કરનારની કેટલીક તારીફ ગાઈ અને પોતાના ચેહેરાને કાલી ધુલમાં ઘસડી એ પ્રમાણે બોલ્યો કે "ઓ પાક ઈનસાફી સાહેબ! તું જાણે છે કે મેં આટલો જુલમ જોયા છતાં તે સબુરીથી આટલોબધો વખત ખમ્યો છે. માટે તે બુરી કરણીના શખ્સે જે લોહી રેડયું છે તેનો બદલો તું લે અને હું જે જુલમનો ખમનારો છું તેનો તું ભોમ્યો બન." પછી તે ત્યાંથી

---

૧ એ બેત લખેલી નકલમાં વધારે છે.

ગમ ભર્યાં દિલ સાથે અને બાદશાહના ૧ વંશવેલા માટે ફીનાભર્યા મગજ સાથે પોકાર મારતો પાછો લશકરના મધ્ય ભાગમાં આવ્યો અને મુબારક તાજ પોતાના માથાં ઉપર મુકયુ. ત્યારબાદ આં માણસોના પોકારો, રંનશીંગડાના અવાજે તથા સરનાઇ અને પીતલના પરગમોના અવાજો નિકળ્યા. સામી બાજુનું લશકર પણ પાહાડ માફક ટોલે ટોલાં બની ત્યાં ઉશકેરાયલું આવ્યું. તે લશકર જે પાણીના દરીઆ માફકનું હતું તેના મધ્ય ભાગમાં જેહેન અને અફ્રાસીયાબ રહયા. જ્યારે તે બંધે લશકરો પોતાને મઠેકેથી નજદિક આવી લાગ્યા ત્યારે તુ કેહેશે કે જાણે તે ખીણો અને જંગલોને પગ આવી ગયા છે. લશકરથી ઉઠેલી ધુલથી તથા તલવારોની અણી અને તીરોના ગીધના પીછથી શુરજ, પણ કાલો બન્યો. રણશીંગડાના પુશકલ ધોઘાટથી તથા સીપાઇઓના પોકારોથી તથા તે મેદાનમાં પેહેલવાનોના ગુરજો અફડવાથી ત્યાંના લોઢાં, પથરા અને પહાડ પીગલીને પાણી જેવાં બન્યા અને ત્યાં દરીઆમાના મગરો અને જમીન ઉપરના વાઘો વસી ગયા જમીન જુસ્સા ભરી બની અને હવા પોકારોથી ભરાઇ ગઇ. ફાડી ખાનારા વાઘો જેવાઓના અવાજથી કાનો પણ ફાટી જવા લાગ્યા. તું કેહેશે કે "જાણે તમામ જેહાન હારેમનના જેવી બની છે અને તેના પોશાકની કોર ઉપર દુશમનોનીજ કોર બની છે." ઠેકાણે ઠેકાણે ઈરાની અને તુરાની પેહેલવાનોની લાશોના પાહાડ જેવા ઢગલા બન્યા અને ત્યાંની તમામ રેતી ઉપર લોહી, ડોકાં અને હાથ પગો પડયાથી જાણે જમીનનુ દિલ પણ કમકમવા લાગ્યું. તમામ જમીન ઘોડાની નાલો હેઠે ઢકાઈ ગઇ અને જેમ સુતરાઉ કપડાને રંગી કાઢે તેમ તે લોહીથી રંગાઈ ગઇ.

પછી અફ્રાસીયાબના બાહાદુરો જે તરફ હાથીઓ ઉપર મુકેલી પેતીઓ હતી અને તે પેતીમાં તીરો ફેંકનારા બેઠા હતા તે તરફ જેમ પાણી ઉપર વાહાન ઝપકાથી ચાલે તેમ ચાલીને ગયા, તે હાથીઓને લિધે તે લશકરના મધ્ય ભાગ આગળ કીલ્લો બન્યો હતો, જે હાથીઓને લિધે ઉંચો લાગતો હતો અને તેઓ વડે માણસોનો માર્ગ બંધ થયો હતો. આથી તે હાથીઓ ઉપરની પેતીઓમાથી તીરનો વરસાદ છુટવા લાગ્યો અને ત્યાં ધરપકડના અવાજો ઉઠી રહયા. લશકરના મધ્ય ભાગમાંથી હાથીઓ અને નેજાવાલા સીપાઇઓ સાથનું ભારી લશકર બાહાર પડયુ. અફ્રાસીયાબે બે માઇલ દૂરથી પોતાના મોટા લશકર ઉપર તથા તે હાથીઓ ઉપરની પેતીઓ ઉપર પોતાની નજર ટેંડવેલી રાખી. તમામ જોરાવર હાથીઓના અને લશકરના કુચ કરવાથી જેહાનમાં અંધકાર ફેલાયો અને જરા પણ રોશની રહી નહી. આથી તેણે પોકાર માર્યો કે, "ઓ જંગી નામદારો! તમો તમારી મેલે તમારો શું કરવા નાશ થવા

દેવો છો. તમો સઘલા પેતીઓવાલા હાથીઓ નજદિક હાંકી લાઓ છો જ્યારે લડાઇ તો માઇલો સુધી કરવાની છે. માટે તમો એ લશકરના વચલા ભાગ આગળથી અને પેતીઓ આગળથી વધારે દુર જાઓ અને દાવી બાજુએથી જમની તરફ વધો." પછી તેણે લડાઇ અજમાવનારા જેહેનને લશકરના બુજોર્ગો સાથે પોતાની જગ્યાએથી આગળ વધવાને તથા લડાયક અને અજમાયશ પામેલા તમામ નેજાવાલા દસ હજાર સ્વારોને સાથે લેઇ જવાનો હોકમ કીધો. આથી તે લડાઇનો લડાયક સિંહ પોતાના મરદાનગીભર્યા નામદારો સાથે જડપથી દાવી બાજુએ ગયો. જ્યારે કએખશરૂએ તે તુરકીઓની આવી લડાઇ કે જેનાથી જેહાનમાંથી સુરજ પણ ઢંકાઇ ગયો હતો તે જોઇ ત્યારે તેણે પોતાના નામદારો કે જેઓ તેના લડાયક પેહેલવાનો હતા તેઓ તરફ પોતાનો ચેહેરો ફેરવીને હોકમ કીધો કે, 'તમો મેશ રાષીના સુરજ માફક લશકરના દાવી ગમના છેડા ઉપર તપતા રહો' આથી તેઓ નેજા અને ગાયની સુરતના ગુરજ ધરાવનારા દસ હજાર નામદારો સાથે ત્યાંથી ગયા. પછી પાદશાહે શમાખસુરીને હોકમ કીધો કે, "તુ ઇરાની લશકરના નામદારોમાથી દસ હજાર લડાયક શખ્સો કે જેઓ લડાઇને લાયકના જવાન પેહેલવાનો હોય તેઓને ચુટી કાઢ અને પછી લશકરની એ હારની વચે તલવાર ખેચાવીને તે દુશમનોના ડોકાં તેમની જીન ઉપરની બેઠક ઉપરથી નિચે ફેકાવ." આથી તે બધે લશકરો એ પ્રમાણે લડવા વલગ્યા. તેથી એવુ બન્યું કે તુ કેહેશે કે તેઓ જાણે એકમેક સાથે ભેલાઇ ગયા. હથીઆરોના ચકાચક અવાજો નિકળવા લાગ્યા અને તે લડાઇથી નદી માફક લોહી વેહેવા લાગ્યું. તેઓએ પેતી સાથના હાથીઓને એક બાજુએ કીધા અને ત્યાંની તમામ જગ્યા નાઇલિ નદી જેવી બની. જ્યારે જમની અને દાવી બાજુએથી એ પ્રમાણે ધુલ ઉડી રહી ત્યારે જેહાનના પાદશાહે પણ પોતાનું લડાઇનું બખતર મંગાવ્યું અને તે લશકરની સંભાળ કરનારો પોકાર મારતો અને ઉશકેરાયલો લશકરના મધ્ય ભાગમાંથી રૂસતમ સાથે આગળ વધ્યો. ત્યાં રણશીગડાં અને પરગમના અવાજો સંભલાવા લાગ્યા. સપેહસાલાર તુસ ખસરૂના એક હાથ ઉપર રહયો અને સુનેરી જોડાવાલા તમામ પેહેલવાનોને કાવ્યાની ઝુન્ડા સાથે ગોઠવવામાં આવ્યા તેઓએ દુખી દિલે પોતાની જગ્યાએથી આગળ વધીને તે ઇરાની પાદશાહની દાવી બાજુને સંગારી. લડાયક રૂસતમ પોતાના ભાઇ જવારેહ સાથે જમના હાથ ઉપર રહયો. કેશવાદના ખાનદાનનો જેહાનનો અનુભવી ગોદરેજ, તથા ઘણાએક બુજોર્ગો અને મોટી

પડવીના શખ્સો તથા જરસ્બ અને મનુશાંન[1] રૂસતમના એક હાથ ઉપર આવી ઉભા.

પછી તે લઢાઇનાં મેદાનમાં ધરપકડના અવાજો ઉઠી રહયા. આવી લડાઇ કોઇએ પણ જોઇ હશે નહી. પુશ્કલ માર્યા ગયલાઓને લિધે તે લડાઈના મેદાનમાની ધુલ ઉપરથી ચાલવાનો માર્ગ પણ દેખાતો હતો નહી. ત્યાંની તમામ રેતી ઉપર જે શખ્સોનો વખત ઉલટાયલો બન્યો હતો તેઓ ધાહેલ થઇને અને માર્યા જઇને પડયા હતા. તે મેદાન લોહીથી જીહુન નદી માફકનું બન્યું અને ત્યાં કોઈ ડોકાં વગરનો તો કોઈ ઉંધે મસતક પડયો હતો. તે મેદાનમાં સ્વારો અને ઘોડાઓના પોકાર સરનાઈના ચિચવાતાને પણ બાજુએ મુકતા હતા. તું કહેશે કે તેથી પાહાડોના દિલ પણ ચીરાઇ જતાં હતાં અને જમીન સ્વારોને લેઇને ઉડી જવા માંગતી હતી. શરીર વગરના ડોકાં અને ડોકાં વગરના શરીરોથી તથા ભારી ગુરજોના ઠોકાઓ અને ખંજર તથા ધારડાર તલવારોના ચમકારાથી સુરજ પણ નાહાસી જવાનો માર્ગ સોધવા લાગ્યો. તુ કેહેશે કે જાણે ત્યાં કાલુ વાદલ ચઢી આવી તે મેદાનમાં લોહીનોજ વરસાદ વરસાવે છે. જ્યારે લશકરની ડાવી પાખે ફરતુસ એક ગમ પાદશાહ કાઉસના બેટા ફરીબરજને હાથે માર્યો ગયો ત્યારે બીજા હાથ ઉપર ગેહીલા કે જે એકલો સો હાથી બરોબર હતો તે લશકરની જમની પાંખે મનુચેહેર પેહેલવાનને હાથે માર્યો ગયો. તેવામાં ભર મધ્યાનને વખતે જેહાનને દિપાવનારા સુરજ ઉપર પવન સાથનું એક વાદલ ચઢી આવ્યું અને સુરજને ઢાંકી નાખી જમીનની સપાટીને કાલી બનાવી દિધી. આ અધંકારથી જાણે આંખો પણ આંધલી બની ગઇ. જેમ જેમ સુરજ નિચાનમાં ઉતરતો ગયો તેમ તે તુરકી પાદશાહનું દિલ દરેક મુલકના સ્વારોના જુસ્સા માટે તથા દરેક જમીન અને દેશના સરદારો માટે, ધાસ્તીથી ધુજવા લાગ્યું. જુદી જુદી જાતનાં બખતરો અને વાવતાઓથી જેહાન જાણે રાતા, પીલા અને જાંબુશ રંગની બની. કરસીવજે પાદશાહની પીઠે રહીને તે લડાઈમાં ભેગા લશકરના હુમલાઓ ઉપર નજર રાખ્યાથી તેણે જમની બાજુએ જે એક દિલનુ અને એક શરીરનું હોય તેવુ મોટી પડવીના શખ્સોનું લશકર મોકલ્યું હતું તેને તથા વળી ડાવી બાજુના લશકરને ચોબાજુએ વિખેરાઇ જતું જોયુ. તે લશકર ચાલીસ હજાર તલવારના મારનારાઓનું બનેલું હતું અને તે શમશેરના વાપડનારા બુજોર્ગોમાંથી ચુટાયું હતું. આથી કરસીવજ લશકરની પીઠેથી બપકા સાથે પોતાના ભાઇ આગળ જડપથી આવ્યો. જ્યારે તે ભાઇએ પોતાના

[1] માનુશાન એ કએખસરૂની તરફદારીનો પેહેલવાન હતો જે પારસની હાકેમી ભોગવતો હતો.

ભાઇનો ચેહેરો જોયો ત્યારે તેને હીમત આવી અને લશકરને પોતાની આગળ રાખ્યું. પછી વળી તે લશકરમાંથી ધરપકડના અવાજો નિકળ્યા અને તીરોના પીછાથી હવા ઢંકાઈ ગઇ. સુરજની આડે અંધકાર ફેલાઈ ગયો અને દાહાડાની નજદિક રાત આવી લાગી હોય તેમ જણાવા લાગ્યું. તે બુરી ખાસીયતના અને મકકરબાજ કરસીવજે પોતાના ભાઈ આગળ દોડતાં જઇને કહયું કે "હવે તે પેહેલવાનો સાથે કોણુ લડાઈ કરશે? જમીન તો લોહીથી અને હવા ગીરદથી ભરાઈ ગઈ છે. તેથી જેવી રાત પડે તેવુંજ તું લશકરને પરગમ વજડાવીને પાછુ તેડી લે, કારણુકે નહી તો કે હમનાજ તુરકીઓ (નાહાસવાની) ખુમરાન કરી મુકશે. તુ તો લડવાને મંડયો છે અને લશકર તો નાહાસવા માંગે છે. માટે તું તારાં શરીર ઉપર એટલીબધી જફા પાડવા નાં માગ." જો કે તુરકી પાદશાહનું દિલ ગુસ્સા અને જુસ્સાથી ભરેલું હતું અને ગભરાતને લિધે તેનામાં બોલવાની પણુ હુશીયારી રહી હતી નહી તે છતાં તેણે લશકર વચેથી પોતાના ઘોડાને ઉશકેરીને દોડાવ્યો અને જડપથી તે મેદાનમાં જઇને ઈરાનીઓ વચેથી કેટલાક નામીચા શખ્સોને મારી નાખ્યા. જ્યારે ખસરૂએ એમ જોયું ત્યારે તે તેની પુઠેથી તેની આગળ આવ્યો. તે બંધે મુલકોના બંધે પાદશાહો જે આટલો બધો કીનો ધરાવતા હતા તેઓ થોડા સ્વારો સાથે ત્યાથી (લડવાને) જવા લાગ્યા. તે ખસરૂ સામે કીનો લેવા જાય તેની સામે કરશીવજે અને જેહેને કાંઇ ઉપાય જોયો નહી. તેથી તેઓએ તે (અફ્રાસીયાબ)ની લગામ ધરી લિધી અને તે ફેરવી નાખીને તેઓ આમુદના મેદાનમાંની રેતી ઉપરથી તેને ઉઠાવલે દોડાવી લેઇ ગયા. જેવો અફ્રાસીયાબ ત્યાંથી પાછો ફરીને નાઠો તેવુજ ઓસ્તો કીલાએ ૧ શુ કીધું તે તુ જો. તે ખસરૂ સાથે લડવાને વંટોલ્યાની જડપે આવ્યો. તુરતજ અઇલાનો પાદશાહ ૧ જે એક બાધુર વાઘ જેવો હતો તે તથા બીજો બોરજવીલા ૧ કે જે લડાયક નામદાર હતો તે પણુ તેની પુઠે આવ્યા. કારણુકે એ ત્રણે શખ્સો સખત પાહાડ જેવા અને જુલમગાર તથા સભ્યતા વગરના હતા. જ્યારે પાદશાહ કએખસરૂએ લશકર વચેથી એમ જોયું, ત્યારે તેણે પોતાના ઘોડાને ઉશકેરીને દોડાવ્યો અને એક પાહાડ માફક તેઓ આગળ આવ્યો. તેણે પેહેલવાન ઓસ્તો કીલાને એક નેજો મારીને જીન ઉપરથી ઉચકી જમીન ઉપર ફેંકયો. તેટલામાં હીલાના પાદશાહે લશકરની હરોલમાંથી પાદશાહ ખસરૂની કંમરબંધ ઉપર એક નેજાનો ફટકો માર્યો પણુ તે નેજાએ તેના બખતર ઉપર અસર કીધી નહી તેમજ તેના

---

૧ ઓસ્તોકીલા, અઈલાનો પાદશાહ અને બોરજવીલા એ ત્રણે તુરાની પેહેલવાનો હતા.

રોશન દિલમાં કાંઈ ફીકર પણ ઉપજી નહી. જેવું ખસરૂએ તેનું દિલ અને જોર જોઇ લિધું તેવીજ તેણે મ્યાનમાંથી ધારદાર તલવાર બાહાર કાઢીને તેના ભાલા ઉપર મારી જેથી તેના બે ટુકડા થઇ ગયા. આથી બેરજવીલાનુ દિલ ધાસ્તી ભર્યુ બન્યુ. જ્યારે તે બેરજવીલાએ પાદશાહનો આવો ફટકો તથા તેનું દિલ, જોર અને લડવાની કુનેહ જોઇ ત્યારે તેણે અંધારાં વચેથી નાહાસવા માંડયું. દુખથી જાણે તેના દિલ ઉપરની ચામડી ઉખેડાઇ જવા લાગી. જ્યારે તુરકી લશકરે તેનો એવી રીતનો લડાયક હાથ જોયો ત્યારે તે મેદાનમાં કોઇપણ પેહેલવાનો રહયા નહી. અફ્રાસીયાબ માટે એ વાત મોત જીવતની થઇ પડી કારણ કે તેનું કામ અધુરૂ અને ફળ વગરનું બન્યું. એ વાતથી તુરાની સ્વારો વાકેફ બનતાંજ તે સઘલાઓના હાથો હુમલો કરવાથી અટકી ગયા. જ્યારે તેઓ ખુવારે હાલ મેદાન છોડી જવા લાગ્યા ત્યારે તેણે (ખસરૂએ) બાંગીને મોટેથી પોકારીને કહેવા ફરમાવ્યું કે "આવા સિંહ જેવા શખ્સો સાથની લડાઈ રાતને વખતે થયલી હોવાથી મને રાતને વખતે પાછુ ફરવું પડે છે જો એ (લડાઇ) એકવગી આજેજ થઈ હતે તો ખુશાલીના બારણા તમારે માટે ખુલ્લા થઇ ગયાં હતે. પણ જ્યારે દિવસ રોશન થાય ત્યારે તમો હમુને અને હમારા દિલને ખુશ કરનારા ઝુન્ડાને પાછા જોજો. હમે તમામ મેદાનને દરીઆ જેવું બનાવી દઇશું અને સુરજના તપવાથી તે સરીયા સેતારા જેવું રાતું બનેલું લાગશે."

એ પ્રમાણે બંધે પાદશાહો અને બંધે લશકર પોતાની છાવણીમાં પાછા ફર્યા. જ્યારે અંધારી રાતનો અરધો ભાગ પસાર થયો અને ફરતું આશમાન પાહાડો ઉપરથી ફરતું રહયું ત્યારે તુરાની પાદશાહે સરસામન લાધી લિધો અને તમામ લશકરને લોઢાની ટોપી અને બખતરથી સજ કીધું. પછી તેણે તે દશ હજાર માણસોના ચોકીબાન લશકરને લોઢાંની તોપી અને બખતર સાથે સ્વાર થવા ફરમાવ્યું. અફ્રાસીયાબે તે લશકરને એ પ્રમાણે કહયું કે "જ્યારે હું નદી પસાર કરૂં ત્યારે તમો પણ મારી પુઠે એક પછી એક પસાર થઇ આવજો અને તમો જીહુન નદીની કે દિવસ યા રાતની ગણત્રી કરવા બેસ્તા ના." પછી અંધારી રાતે અફ્રાસીયાબ આમુઇનુ મેદાન છોડી ને નદી તરી ગયો, જ્યારે ત્યાંની જમીન ઉપરના રસ્તાઓમાં અને વેરાન જગ્યામાં લશકર વગરના મોટા અને નાના તબુઓ બેઠા પડેલા રહયા તેવામાં પાહાડને મઠાલેથી સફેદી દેખાવા માંડયાથી ચોકીબાનોએ તે (દુશમનોના) લશકરને મેદાનમાં જોયું નહી. આથી તેઓએ તે ખુશખબર સાથે પાદશાહ આગળ આવીને કહયું કે "પાદશાહ અફ્રાસીયાબ લડાઇનું મેદાન ખાલી કરી ગયો છે. ફકટ સઘલે ઠેકાણે નાના અને મોટા તબુઓજ દેખાય છે. પણ દુશમનોનો એક પણ સ્વાર ત્યા રહેલો જણાતે

નથી." ખસરૂ એમ સમજતાંજ દોડતો પાક પરવરદેગારની બંદગી કરવા ગયો અને ધુલ ઉપર પડીને બોલ્યો કે "ઓ રોશન પરવરદેગાર ! તું જેહાનને ઢકાવનાર, ઈનસાફ આપનાર અને પાલન કરનારો સાહેબ છે. તેંજ મને નામદારી તખત અને જોર બક્ષ્યું છે અને તે બુરા વિચારના શખ્સોના દિલ અને અક્કલને આંધલા બનાવ્યા છે. હવે તું તે જુલમગારને આ જેહાનમાંથી (એકવગો) દુર કર અને તેને હમેશગી સુધી (દોજખની) ધાસ્તીથી દુખી બનાવ." જ્યારે સુરજની સુનેરી ઢાલ ઉંચે ચઢી અને રાતે પોતાને માથે કીરોજા રંગનું જુનું પેહેરણ પહેર્યું, ત્યારે તે જેહાનના પાદશાહે હાથી દાંતના તખત ઉપર બેસી પોતાના માથાં ઉપર ખુશાલી આપનારૂં તાજ પેહેર્યું. આથી તમામ લશકર તેને મુબારકબાદી આપવા તેની આગળ આવીને બોલ્યું કે "તું જાવેદાન સુધી આ તખત માટે લાયક રેહેજે" પછી જે માલમતા ચીનના પાદશાહનું લશકર ત્યાં છોડી ગયું હતું તે માલમતા તેઓને મલવાથી તે લશકર વગર હાજતનું બન્યું. દરેક શખ્સ એમ બોલતો કે અફસોસની વાત છે કે આવો અકકલવાલો તે નામદાર પોતાના લશકર, રણશીંગડાં અને ઢોલ સાથે આ બાહુદરોના મેદાનમાંથી એ રીતે અંધારી રાતે નાહાસી ગયો છે" પછી તે ચાલાક પાદશાહે તેઓને કહ્યું કે "ઓ ઈરાની લશકરના નામદારો ! તમારા પાદશાહના જે દુશમનો હોય તેઓ લડાઈમાં દુખ ખમીને હાર પાંમે તેના કરતાં માર્યા ગયલા ભલા ગણાય જ્યારે ફતેહભર્યા પરવરદેગારે આપણને ખોરેહ, મોટાઈ, તખત અને પાદશાહી આપી છે તો તમો જેહાનમાં તે સાહેબની તારીફ કરતાં રહો અને રાત અને દિસ તેનીજ બંદગી કરો. કારણકે તેજ સાહેબ ઈચ્છે છે તો કોઇને કમનસીબ બનાવી દે છે અને કોઇ હુન્નર વગરના માણસને તખતે બેસાડી દે છે. એ બાબે કાંઇ પુછપરછ, હીલચાલ કે તકરાર થઈ શકાતી નથી કારણકે તેના ઇનશાફ આગળ માણસોનો કાંઇ ઉપાય રેહેતો નથી. હવે હું એ લડાઇના મેદાનમાં પાંચ દિવસ થોભસ. છઠો દહાડો જેહાનને દિપાવનાર હોરમજદ રોજ છે તેથી સાતમે દિવસે આપણે લશકરને અત્રેથી કુચ કરાવીશું. કારણકે તે (અફરાસીયાબ) જેમ કીનો વધારનારો છે તેમ હું કીનો લેનારો છું." પછી તેઓએ એ પાચ દિવસ સુધીમાં લડાઈના મેદાનમાંથી ઈરાની લશકરના માર્યા ગયલા શખ્સોને સોધી કાઢયા. તેઓએ તે ઇરાનીઓ ઉપરથી ધુલ ધોઇ કાઢીને તે માર્યા ગયલાઓની લાયકાત મુજબ તેઓ માટે દખમાં બનાવ્યાં

કએખસરૂએ એ ફતેહ માટેનું નામું કાઉસને મઠકે મોકલી આપ્યું તે વિષે.

પછી તેણે મુનશીને કાગજ, કસ્તુરી અને અ મબર સાથે પોતાની આગળ આવવાને હોકમ કીધો અને તે લડાઇ માટે જે કાંઈ ઘટતું લખવાનું હતું તે વિષે કાઉસ પાદશાહ ઉપર એક નામુ લખવામાં આવ્યું. તે નામાની સરૂવાતમાં પરવરદેગારની તારીફ કરવામાં આવી કે "પરવરદેગાર સાહેબ કે જે રેહેનુમ.ઇનો કરનાર છે તેની સેતાયશ હોજો." પછી બીજુ એમ લખવામાં આવ્યું કે "ઓ જેહાનની પાસબાની કરનારા મારા પાદશાહ! જો મારો બાપ જીવતો હતે તો તે બાપ તરીકે મારા જીવની સંભાળ રાખતે પણ તે બાપના જેવો (હાલે) તું છે. તારી મોટાઇ એક પાહાડ માફક જાવેદાન સુધી રેહેજો અને તારૂ બુરૂં ચાહનારાઓના દિલ તુટેલાં બનજો. તું જાણે છે તેમ મેં જેવું લશકરને હંકાર્યું તેવોજ તું ગુનાહભર્યો દુશમન પણ મારી આગળ આવી લાગ્યો ? હું ઇરાનથી ફરબ નદીના રેતાલ કીનારા ઉપર જઈ લાગ્યો અને ત્યાં ત્રણ રાતમાં ત્રણ ભારી લડાઇઓ કરવામાં આવી અફરાસીયાબન સ્વારોની સંખ્યા કોઇ દાનાવે સ્વપને પણ જોઈ હશે નહી. ત્રણસો નામદારો જેઓ તેના ભાઈ, કુટુંબીઓ, સગાવાહાલાઓ તથા મોટી પડવીના બુજોર્ગો અને તેમના ફરજંદો હતા તેઓમાંના જે કોઇના ડોકાં કપાયાં છે તે મેં તારી નજદિક મોકલી આપ્યાં છે. તે નામદારોના બસો કે જેમાંનો દરેક સો લડાયક સિંહ બરોબરના છે તેઓને કેદ પકડવામાં આવ્યા છે. એ તમામ લડાઇ ખારજમના મેદાનમાં થઇ હતી, અને તે આવી લડાઇ માટે આસમાને પણ તારીફ કીધી હતી. હાલે તે નાહાસીને જતો રહયો છે. અને જે વખત જાય છે તેમાં હમો પણ તેની પુઠે જડપથી જઈ લાગીશું." પછી તે નામા ઉપર કસ્તુરીથી મોહર કરવામાં આવ્યા બ દ એક કાસદ તે લેઇને સુકી રેતીમાથી પસાર થવા લાગ્યો. તે (વાંચીને કાઉસ) બોલ્યો કે "એ લડાઈ માટે આફ્રીન હોજો અને તમામ વર્ષો સુધી કએખસરૂ સાથે ભલુ નસીબ જોડાયલું રહેજો."

હવે જયારે અફરાસીયાબ લડાઇમાંથી પાછો ફર્યો અને તે જડપથી ફુકતા પવન માફક જલડીથી નદી પસાર કરી ગયો ત્યારે તે લશકર કેરાખાનના લશકરને જઇ મલ્યું ત્યાં દરેકે જે કાંઈ એ લડાઈમાં જોયુ હતુ તે વીસ્તારીને કહયું. તુરકી પાદશાહ અફરાસીયબ પોતાની તોખમના જે કોઇ જીવતા રહયા

---

૧. એ બેત લખેલી નકલમા વધારે છે.

હતા તેઓ આગળ પોતાના બે કીંમતી ફરજંદો માટે તથા તેના બુજોર્ગો, કુટુંબીઓ અને સગાવાહાલાઓ માટે એટલો બધો તો રડયો કે તું કેહેશે કે તેનો પોકાર વાદળ સુધી પુગ્યો તેમજ તે વાઘ જેવા અફ્રાસીયાબે આંખોમાંથી જાણે લોહીનાંજ આસુ પાડયાં. અફ્રાસીયાબને ઓખારામાં ઢીલ કરીને થોભવું પડયાથી તેણે (બીજા) સિંહ જેવા લડનારાઓને ત્યાં બોલાવી મંગાવ્યા તથા તે લશ્કરમાં જે કોઇ જીવતા રહયા હતા તેમાથી ચઢતી અક્કલના બુજોર્ગોને પણ તેણે પોતાની આગળ બોલાવ્યા. આથી તે લશકરમાં જે કોઇ સલાહ આપનારા હતા કે જેઓ તે લડાઇ કરવાથી કાયર બન્યા હતા તેવા મોટા દરજ્જાના શખ્સોએ તે મીજલશમાં આવતાજ પાદશાહ આગળ બોલવાને જબાંન ખોલી કે "આપણા લશકરમાં જે કોઈ મોટી પડવીના હતા તેઓ તો ચાલી ગયા છે અને તેમને માટે આપણા દિલ દુખી બન્યાં છે હવે તો તેવા સોએ વીસ પણ રહેલા નહી હોવાથી તે ચાલ્યા ગયલાઓ માટે આપણને રડવું પડે છે. હમારા એ સગાઓને લિધે હવે હમારા દિલ પૈસા અને ફરજંદો ઉપરથી પણ ઉતરી ગયાં છે. તુ પાદશાહે હમુને જેમ ફરમાવ્યુ તેમ હમોએ હમારી નાકેશ અક્કલ મુજબ હમારી ઉપર આટલુ વિટવા છતા જીહુન નદીની પેલેપાર એક લડાઇ તો કીધી. તુ જાણે છે કે તું તો એક પાદશાહ છે અને હમો તારો હોકમ બજાવનારા છીએ. જો તુ પાદશાહનો રોશન વિચાર અત્રેથી લશકરને ચાચ શેહેરમાં લેઈ જવાનો હશે તો જેવો તું પાદશાહ એ કામને માટે હોકમ આપશે તેવુંજ ગુલરજીયુન[1] શેહેરને પણ પસાર કરી જવામાં આવશે અને તું આરામ સાથે કંગના કીલ્લા પછવાડે રહી શકશે. કારણ કે હવે લડવાની અને આશાયશ લેવાની તેજ જગ્યા છે." પછી તે સઘલાઓ એ બાએ એકમત થયા અને ત્યાં કોઇએ પણ જુદુ મત આપ્યું નહી. આથી સઘલાઓ ગુલરજીયુન શેહેર તરફ આંસુભરી આંખો સાથે અને લોહીથી ઉકળતાં દિલ સાથે ગયા. તે તુરકી પાદશાહ ગુલરજીયુન શેહેરમાં ત્રણ દાહાડા થોભ્યો અને ત્યાં શકરા અને શેકારી કુતરા સાથે શેકાર કરીને આશાયશ પાંમ્યો પછી ત્યાથી તેઓ કોઇપણ જગ્યાએ વધુવાર ઢીલ કીધા વગર બેહેસ્ત કંગ તરફ ગયા. ત્યાં તેનો એક બેહેસ્ત માફકનો કીલ્લો હતો કે જ્યાંના ગોલાબ કસ્તુરીના સોદમના હતા અને ત્યાંની દરાખ ઉમદા હતી. તે જગ્યામા તે ખુશાલી સાથે અને હસી ખુશી સાથે ઉધાવા લાગ્યો. તું કેહેશે કે જાણે તે નચિંતાઈ સાથે જોડાઇ ગયો છે. તેણે ત્યાં ચોબાજુએથી બુજોર્ગોનું, બાહાદુરોનું અને સરદારોનું એક ભારી લશકર બોલાવી મંગાવ્યું. પછી અફ્રાસીયાબ ત્યાંના બાગમાં દારૂ ચંગ અને રબાબ નામના

---

[1] ગુલરજીયુન એ માવર ઉલ નેહેર નામના મુલકનું એક શેહેરનું નામ છે.

બાજીગરોના ,ગાણુતાણુ સાથે તથા ગોલાબ જલ અને શરાબના પ્યાલાં સાથની મીજલશ સમારી રેહેવા લાગ્યો. ત્યાં તે મોટી પડવીના શખ્સો સાથે દારૂ પીવામાં રાત અને દિસ ગુજારતો રહયો તેમજ અનુભવી શખ્સોને તપાસ અર્થે દરેક ઠેકાણે મોકલતો રહયો. એ પ્રમાણે તે લાંબો વખત વહી ગયો ત્યાં સુધી રહ્યો. એ જાહેર દેખાતી વાતમાં કોણ જાણે શું ભરમ હશે ?

કએખશરૂ અફરાસીયાબની પુઠે આવી લાગ્યો અને ત્યાં તે ભેગાં લશકર સાથે બીજીવાર લડાઇ થઇ તે વિષે.

જ્યારે કએખસરૂએ જીહુન નદી ઓલગી ત્યારે તેની આગળથી ખાવું, આરામ કરવો અને ઉંઘાવું દુર થઇ ગયુ જેવુ લશકર નદીની પેલી બાજુ આંગી ગયું કે તેણે દરેક સરદારને દુવા સલામ પુગાડીને કેહેવડાવ્યું કે "મારા એ પ્રમાણે આવવા માટે કોઇએ ધાસ્તી રાખવી નહી પણ હમારી પાસેથી પરવરદેગારને નામે જે કાંઇ માંગવું હોય તે માંગવું" તેણે (એ પ્રમાણે) એક મોટો ખજાનો ગરીબોને આપ્યો. જે કોઇ તેનાથી ખુશી થતું તેને તે વધારે આપતો. પછી ત્યાંથી તે સોગડ શેહેર તરફ ગયો કે જ્યા તેણે ગુવદોને આરામ કરવાની નવી રીતની જમીન જોઇ. તેણે તે શેહેરમાં પણ ખજાનાની બક્ષેશ કીધી અને તેઓ તે ચિજોથી આબાદ બને એવું ઇચ્છયું. દરેક ઠેકાણે મજલ કરતાં તે પાદશાહ આગલ રવારો મારી ચાહાતા આવવા લાગ્યા. ત્યાર બાદ જેવી તે પાદશાહને અફરાસીયાબ અને તેના લશકરની હીલચાલની ખબર મલી કે "કાકુલેહ પોતાના વાઘ જેવાઓના લશકર સાથે તેની મદદે આવ્યો છે. તે કીના અને દુખથી ભર્યો કાકુલેહ તુરાની તોખમ ધરાવે છે અને તે લડાઇનોજ હીંગામ સોધતો રહેછે. તેણે પેહેલવાનોના એક ભાગને ઇરાનનું તાજ અને તખત મેલવવા ચાચ શેહેરથી મદદ માટે મોકલી આપ્યો છે, તથા તે લશકરને એમ મોટા બ્યાબાનમાં ઉતારવામાં આવ્યુ છે અને તેમના સરદાર તરીકે તુરકને નેમ્યો છે. તેઓમાના દરેકે પાદશાહ અફરાસીયાબ તરફથી લડાઇ ઉઠાવી લિધી છે કે જેથી તેઓ નામદાર ઈરાનીઓનો માર્ગ ઘેરી શકે," તેવુંજ પાદશાહ કએખસરૂએ તે કામને બીસાડ વગરનું ગણ્યું કારણ કે તેના સરદારો અક્કલ પ્રમાણે વિચાર કરનારા હતા. પછી બોરડો અને અરદબીલથી જે કાંઇ લશકર આવ્યું હતું તેને તેણે ખીલખીલ તરફ જવા માટે પોતાની આગળ આવીને ત્યાથી પસાર થઇ જવા ફરમાવ્યું અને તેમાના સરદારો, મોબેદો અને જાગીરદારોની ગણત્રી કરાવી. ગસતહમ કે જે સિહો સાથે લડવા પણ દલગીર

થનો હતો નહી તે તેઓનો સરદાર બનીને ત્યાંથી ગયો. પછી તેણે નીમરોજના લશ્કરને પેહેલવાનોને બાળનાર રૂસતમ સાથે મસ્ત ઉંટો ઉપર બેસીને અને ઘોડાની લગામ ધરીને તેમને ચલાવી લેઇ જવા તથા તે બધે લશકર ઉપર ઓચિંતા હુમલા કરી રાતને વખતે લોહી રેડવા ફરમાવ્યું. આથી તે બધે તાજને લાયકના સરદારો તેમ કરવાને ત્યાંથી ગયા. એકે બયાબાન તરફનો રસ્તો લિધો જ્યારે બીજાએ ચાચ તરફનો રસ્તો ધર્યો પાદશાહ પોતે એક મહીનો સુધી સોગડ શેહેરમાં રહયો અને સોગડના તમામ લોકો પાદશાહના ખેરખાહ બન્યા. લશકરને પૈસા આપી તથા તેને આસુદ્દ બનાવીને લડાઇની ટક જોનો થોભ્યો. જે કોઈ લડાયક હતા અને જેઓ લડાઇની કુનેહ અને તદબીર જાણુનારા હતા તેઓને તેણે લાવીને મદદગાર બનાવ્યા, અને બુરી કરણીના લોકોના મગજને ગમગીન બનાવ્યા. તે લશકર લડાઇની તૈયારી કરી ઉંચી ગરદન અને તંગ કમર સાથે ત્યાંજ થોભ્યુ. તેણે વળી સોગદ અને કશાની શેહેરોમાથી લશકર ઉભુ કીધુ જેથી તેને માટે જેહાન અજબ બની.

તેવામાં જેહાનને જીતનારા અને કીનો લેનારા કએખસરૂના ઇરાની લશકર સાથે આવી પુગ્યાની ખબર તુરકીઓને થઇ. આથી સઘલાઓએ કીલ્લાઓ તરફ ચાલવા માંડયુ, જેથી જેહાન ગડબડથી અને હીલચાલથી ભરાઈ ગઈ. પછી પાદશાહ ખસરૂએ લશકરને કહયું કે "આજે જ્યારે તેઓનું કામ ઉલટાઇ જાય ત્યારે તુરકીઓમાથી જે કોઇ આપણો હોકમ માન્ય કરે અને તે લડાઇ કરવા માટે જેઓ પસતાતા હોય તેઓ સાથે તમો લડાઇ કરી લોહી રેડતા ના અને કોઇને પણ બુરો માર્ગ દેખાડતા ના. પણ જે કોઇ (આપણા) લશકર સાથે લડાઈ કરે અને તેમના દિલ રાહા ઉપર આવતાં નહી હોય તો તેમના લોહી રેડવાં તથા સઘલે ઠેકાણે વેરાન કરવુ અને લડાઇ કરવી તમારે માટે હલાલ ગણાશે" આથી ઇરાની લશકરે પોકાર કીધા અને તેઓએ પાદશાહનો હોકમ બજાલાવવા માટે પોતાની ગરદન સોંપી દિધી. પછી તે બાહુરોએ કીલ્લા તરફ ચાલવા માંડયું અને દરેક કીલ્લા આગળ એકએકો નામદાર જઈ ઉભો. તુરતજ કીલ્લાના મીનારા ભોંય સાથ થવા લાગ્યા અને ત્યાં કીલ્લા કે બેસવાની જગ્યા કાંઇ રહયુ જ નહી. શુ ગોલામો, દાસીઓ કે ઢોરો તથા સારી માઠી ચિજો ત્યાં કાંઇ રહી નહી. એ પ્રમાણે સો ફરશંગનો રસ્તો પસાર કરતાં ત્યાંનાં કીલ્લાઓ કે પાહાડો કે મેદાનો કાંઇ આબાદ રહયુ નહી જ્યારે તે લશકરને ગુલરજીયુન શેહેર આગળ લાવ્યો ત્યારે તે ત્યાંની દરેક બાજુએ એક ભોમ્યા સાથે ફરી વલ્યો. તેણે તે જગ્યા વસંતની મોસમના બાગના જેવી દિઠી અને ત્યાંના મેદાનો, ખેતરો, પાહાડો અને જમીનો તેણે લીલોતરીથી

ભરેલી દિઠી. ત્યાંના સઘલા પાહાડા શેકારથી ભરેલા અને જંગલો ઝાડોથી ભરાયલાં હતાં. જાણે તે જગ્યા ભાગ્યશાલી માણસનેજ લાયકની હતી. પછી તેણે છુપી ખબરો જાણી લેવાને અનુભવીઓ અને જાસુસોને મોકલી આપ્યા. તે જવાન પાદશાહના તખ્તુઓ એક વેહેતા ઝરા આગળ ઠોકવામાં આવ્યા. ત્યાં તે જેહાનનો માલેક પોતાના વફાદાર નામદારો સાથે સુનેરી તખત ઉપર બેઠો. ત્યાં તેણે રાતને રોશન દિવસ જેવી બનાવીને એક જશન કીધુ તેથી જાણે મુવેલાંઓ પણ ધુલમાં દટાયલાં ત્યાથી ઉઠી ઉભા થયા.

પેલી તરફ કગમાં અફ્રાસીયાબ શુ રોશન દિવસે કે રાતના સુવાને વખતે જે કોઇ લડાઇના અનુભવીઓ, બુજ્રોર્ગો, હુશીયારો અને જ્ઞાનીઓ હતા તેમને આ પ્રમાણે કેહેતો હતો કે "હવે હાલે દુશમનો આપણા બીછાણા સુધી આવી લાગ્યા છે તો હુ કગમાં કેમ આરામ લેઇ શકું?" ત્યારે સઘલાઓએ જવાબ આપવાને જબાન ખોલી કે "હવે તે બુરા વિચારના શખ્સોને મરવાનો વખત નજદિક આવેલો લાગે છે. હમે લડવા સિવાય બીજો કાંઇ માર્ગ જોતા નથી આટલુ બધું લશકર હોવા છતાં હીચકારાપણુ સારૂ ગણાય નહી." એટલું કહી તેઓ તેની આગળથી ઉઠયા અને આખી રાત લશકર તૈયાર કરવામાં ગુજારી. બામદાદે મરઘા બોલવાને વખતે તે છાવણીમાંથી ઢોલના અવાજો નિકળી રહયા અને લશકર કગમાંથી નિકળી મેદાનમા આવ્યું, જેથી કીડીઓ અને મગતરાઓનો જવાનો માર્ગ પણ બધ થઇ ગયો. જ્યારે તે લશકર ગુલ-રજીયુન શેહેર આગળ આવી લાગ્યું ત્યારે ત્યાંની જમીન બીસ્તુન પાહાડ માફક બની. એ પ્રમાણે ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી ત્યાં લશકર આવ્યા કીધુ, જેથી તમામ જેહાન વાસ્તી ભરી, લડાયક અને ઉશકેરાયલી બની. તેઓએ સાત ફરશગ સુધીની લાંબી સફ ખેચી અને ત્યાં માણસો કીડીઓ અને તીડો માફક વધી પડયાં. ચોઠે દાહાડે દરીઆમાથી તપતો સુરજ બાહાર આવતાં લશકરે સફ ખેંચી. અફ્રાસીયાબ, તેના સરદારો તથા નામદારીભર્યા અક્કલમંદ સ્વારો લશકરના મધ્ય ભાગમાં રહયા. લડાયક સિહ જેવો કબોરદ પોતાના પેહેલવાનો જેવા સ્વારો સાથે લશકરની ડાવી બાજુએ રહયો કીનાખોર કરસીવજ લશ-કરને દુશમનોથી સંભાળેલુ રાખવાને લશકરની પુઠે રહયો.

પેલી તરફ કએખશરૂએ પણ લશકરના મધ્ય ભાગમાં લશકરની મદદ માટે પાહાડ જેવા ગોદરેજને, નોજરની તોખમના તુસને, માનુશાનને, મુબારક તોખ-મના બુરાનને, મીલાદના બેટા ગુરગીનને, સિહ જેવા ગસતહમને, હજીરને અને બાધુર પેહેલવાન ગસતહમને રાખ્યા. લશકરની જમની બાજુએ કાઉસનો બેટો ફ્રરીબરૂજ કે જેનુ લશકર જાણે એક દિલ અને એક શરીરનું હોય તેવું

હતું તેની સાથે રહયો. પેહેલવાન મીનોચેહેરે લશકરની દાવી બાજુએ પોતાની જગ્યા કીધી. કારણ કે તે મરદાનગી ભરેલા શખ્સોની સામે ટકી રેહેનારો હતો. લશકરની પુઠે ગોદરેજનો ગેવ કે જે પુસ્તી આપનારો અને તમામ મુલકોની નેગેહબાની કરનારો હતો તે રહયો ઘોડાઓની નાળમાના ખીલાઓથી જમીન લોઢાંના પાહાડ જેવી બની તમામ મેદાન દરીઆ જેવુ બન્યું અને ઘોડાની નાળો (લોહીથી) લાલ બની. લશકરથી ઉડતી ધુલથી માથાં ઉપર વાદલ બંધાયુ અને સીસોડીના અવાજો સખત પથરના દિલને પણ ફાડી કાઢવા લાગ્યા જમીન કાલાં વાદલ માફક હીલતી બની તું કેહેશે કે જાણે તે લશકર પાછું ફરવાનુ જ નથી હવા સીસમી રંગની ચાદર જેવી બની અને તારાઓ ઢોલના અવાજથી ગમગીન બન્યા. તમામ મેદાનમાં મગજો, ડોકાંઓ અને હાથ પગો વેરાયલા પડયા જાણે કે જમીન ઉપર જરાએ જગ્યા રહી નહી મુવેલાઓના માથાંઓ ઘોડાની નાળથી છુંડાવા લાગ્યાં અને તમામ મેદાન શરીર વગરનાં ડોકાઓ અને હાથપગોથી ભરાઇ ગયું. અકકલમદ માણસો એક બાજુએ ભેગાં થયા અને તે બંધે લશકર માટે બલાપો કરવા લાગ્યાં કે “ જો આટલુ બધુ લશકર એક થોડો વખત આ મેદાનમાં દુખ અને કીના સાથે રેહેશે તો આ સ્વારોમાથી એક પણ જીવતો બચશે નહી અને આસમાન પણ નિચે તુટી પડશે.” કોડાલી અને લોઢાંની તોપીના પુશકલ અથડાત વચે જાણે રવાને: શરીરને છેલ્લી સલામ કરતાં હતાં. જ્યારે કએખસરૂએ આવી રીતની લડાઇ થતી જોઇ અને જેહાનને પોતાના દિલ ઉતર તગ બનતી જોઇ ત્યારે તે લશકરની પુઠેથી એક બાજુએ ગયો અને પરવરદેગાર પાસે ઇનશાફ માંગવા લાગ્યો કે “ એ તું અશો માણસની અકકલથી પણ ચઢતી અકકલ ધરાવનારા સાહેબ ! તુ જેહાનનો પાદશાહોનો પાદશાહ છે. કહડામાં તવાતાં લોઢાં માફક જો હું જુલમ ખમનારો હતે નહી તો હુ આ લડાઇમાં ફતેહમદ નિવડવા માંગતે નહી, અને તું દાદગર હજુરમા આવુ તગ કામ બનવા દેતે નહી.” એટલું કહી તેણે પોતાનું માથું ધુલમાં ઘસડયુ અને જેહાન તેના પોકારો અને અરજોથી ગાજી રહી. તેટલામાં ત્યાં એક સખત વટોલ્યો થઈ આવ્યો જેથી ઝાડોની લીલી ડાંખલીઓ તુટવા લાગી અને તે મેદાનમાથી ધુલ ઉડી તુરાની લશકરના ચેહેરા અને આંખોમાં જવા લાગી ત્યાંથી જે કોઇ લડાઇ કરતાં પોતાનુ મોઢુ ફેરવતુ તેનું ડોકું અફરાસીયાબના હોકમ મુજબ ખજરથી કાપી નાખવામાં આવતું અને તેથી ખાક અને રેતી સિવાય તેનું કફન બીજુ કાંઇ બનતુ નહી. જમીનથી તે આસમાન સુધી તમામ અધારૂ થઈ રહયુ. તુરકીઓમાંથી પુશકલ કેદ પકડાયા. જ્યારે રાત પડી અને તેણે કસ્તુરીના રંગની એવી કાલી ચાદર

ઓધી કે કોઇપણ ત્યાં લડવાને આવે નહી ત્યારે તે પાદશાહોએ લશકરને મેદાનમાંથી પાછુ બોલાવી લિધુ. જ્યાં સુધી આસમાનની સપાટી અંધારાંવાલી રહી ત્યાં સુધી તમામ પાહાડોની કઢણુમા તથા નદી આગળ હથીયાર, બખતર અને લોઢાંની તોપીવાલુ ચોકીબાન લશકર ચોકી કરતુ રહયુ. તેઓએ ચોબાજુએ આતશ સલગાવ્યો અને ચોબાજુએ ચોકીબાનો ફરતા રહયા.

જ્યારે આફતાબનો ઝરો બાહાર નિકળ્યો અને તેણે પાહાડોના ચેહેરાને પ્રકાશતા બનાવ્યા તથા જમીનને બદખશાનના માણેક માફક લાલ બનાવી ત્યારે અફ્રાસીયાબે તે સરદારો અને સ્વારોને લડાઇમાં ઉતારવાની અને લડાઇના મેદાનમાં હાર કે જીત મેલવવા લડાઇની તૈયારી કરવા માંડી. પણ પરવરદેગારની ઇચ્છા બીજી રીતની હતી. તે સાહેબની ઇચ્છા આગળ દરેક કામમાં કોઇથી ટકી શકાતું નથી. કાળા હબસી જેવા ચેહેરા જેવી તે અંધારી રાતે એક શખ્સે નોજરના બેટા ગસતહમ આગળથી પાદશાહ આગળ આવીને કહયુ કે "તુ જેહાનનો પાદશાહ જાવેદાન સુધી જીવવુ કરજે, કારણકે હમો તો ફતેહમદ બની ખુશાલી સાથે પાછા ફર્યા છીએ હમે રાતના ઉંઘાવાને વખતે અફ્રાસીયાબના નામદારો આગળ ઓચિંતા જઇ પુગ્યા પણ ત્યાં તેઓ તરફનો કોઇ પણ ચોકીબાન સ્વાર હતો નહી અને એ (ઓચિંતા હુમલા) બાબેનો કોઇને વિચાર પણ હતો નહી. તેથી જેવાં તેઓના મગજ ઉંઘમાથી જાગરૂત થયાં તેવાજ તેઓને તલવારો અને ગુરજો બાહાર કાઢવા પડયા અને રાતની દિસ થઇ તેટલામાં કેરાખાન સિવાય ત્યાં બીજુ કોઈ રહયુ નહી. તેઓના માણુસોમાથી ઘણા બચવા પામ્યા નહી. તમામ મેદાન ડોકાં વગરના શરીરોથી ભરાઇ ગયુ અને તેઓના બીછાણા જમીન તથા ધુલ તેમની ચાદર બની" વળી તેજ વખતે બામદાદ થતાં એક ઉંટ સ્વાર પણ રૂસતમ તરફનો ખુશ પેગામ લેઇને ત્યા આવી કેહેવા લાગ્યો કે "હમુને જેમ ખબર આપવામાં આવી તે મુજબ હમો તે બ્યાબાન તરફ ગયા. રૂસતમે રાત અને દિસ એક સરખીજ ગણીને જડપથી રસ્તો કાપ્યો અને જેહાનને દિપાવનાર સુરજનુ ચકકર બાહાર નિકલતાંજ દિસને વખતે હમો ત્યાં જઈ લાગ્યા. તેહેમતને કમાન ઉપર તીર ચઢાવેલોજ રાખ્યો અને નજદિક જઇ લાગતાંજ તેણે માંથાં ઉપર તોપી પણ પેહેરી લિધી પછી તેણે પેહેલાં બરૂનાં તીરને કામથાં ઉપર ચઢાવ્યા જેથી તે બ્યાબાન તુરકીઓ સાથની લડાઇથી મોકલું બની ગયુ. હવે તે તુરાન જમીન તરફ ફોનો લેવા ગયો છે અને કડાચને તું પાદશાહને ત્યાની પણ ખબર આવી મલશે." આ ખબરથી લશકરે ખુશાલીના પોકારો કીધા જે તુરકીઓના પાદશાહને કાને જઈ અઠ-

ડાયા તુરકીઓમાં જે કોઇ પાદશાહ તરફ વફાદાર હતા તેઓને ઘોડે સ્વાર થવાનો હોકમ થયો. તેટલામાં એક સ્વારે અફ્રાસીયાબ આગળ ઉટાવલે આવી બુમ પાડીને કહ્યું કે "આપણા લશકરનો કેરાખાન ફકટ સાઠ માણુસો સાથે બચીને આપણી નજદિક નાહાસી આવ્યો છે. (દુશમનના) લશકરે તુરાન તરફ ચાલવા માંડયુ છે અને તેઓને લિધે નદી પણ તેમની નિચે ઢકાઇ ગઇ છે"

આથી પાદશાહે પોતાના સલાહકારોને કહયુ કે "હવે એક ભારી લડાઇ કરવાની આપણુને અગત્ય પડી છે જો આપનુ તખત રૂસ્તમ લેઇ લેશે તો આપણો રસ્તો એફી વખતે ગુમ થયલો સમજવો આપણે કએખસરૂના ગમ અને દુખમાં કેવા પડયા છીએ તે જેમ આપણે જાણ્યું નથી તેમ તે હાલે જાણુતો હશે નહી પણ આપણે તો તેઓ ઉપર રાતના આતશ માફક હુમલો કરી લોહી રેડીને તે લોહીથી મેદાનની સપાટીને જીહુન નદી જેવી બનાવશું. જ્યારે કએખસરૂ પોતાના મોટાં લશકર સાથે ત્યાં આવી લાગશે ત્યારે તે શેહેરોમાં દિવાલો શિવાય બીજુ કાંઇ જોશે નહી" આથી તમામ લશકરે તથા રાહાનુમાઇ કરનારા ડાહાપણવાલા શખ્સોએ એજ ઉપાય જોયો તેથી તેણે જે કાંઇ સર-સામન હતો તે ત્યાજ રેહેવા દેઇને લશકરને તે મેદાનમાંથી આતશની જડપે હંકાર્યું તુરતજ એક ચોકીબાને જંગલમાંથી આવીને ખસરૂને કહયું કે "લશ-કરથી ઉડી રેહેલી ધુલથી હવા કાલી થઇ છે તમામ જમીન તુરકીઓથી ખાલી થયલી જોવાથી તે ખબર હું લશકરના પાદશાહને પુગાડવા આવ્યો છું. ફકટ મોટા નાના તંબુઓજ તે તમામ મેદાનમાં પડેલા છે પણ તેઓમાંનો કોઇ પણ શખ્સ તબુમા નથી" તે ચીનનો પાદશાહ કવખતે ફીનાનું મેદાન છોડી શા માટે ચાલી ગયો તે ખસરૂ સમજી ગયો કદાચને તેણે ગસતહમ અને રૂસ-તમ વિષેની ખબર મેલવી હોય અને તે ખબર ઉપરથી તે ઘણો ઉટાવલે અત્રેથી જતો રહયો હોય. આથી તેણે તુરતજ એક કાસદને દોડતો રૂસતમ તરફ રવાના કરીને કેહેવાડયુ કે, "અફ્રાસીયાબ એ રીતે પાછો ફર્યો છેં. મને લાગે છે કે તે તારી સાથે લડવા માટે ઉટાવલે આવ્યો હશે. માટે તું લશકર તૈયાર રાખજે અને સાઉચેટ રહી રાતે કે દિવસે તીર અને તીરની કોઠલી સાથેજ રાખજે" તે કાસદ કે જે જેહાનનો એક લડાયક પાદશાહ હતો અને જે આડા અવલા રસ્તાઓથી વાકેફ હતો, તે જ્યા સુધી રૂસતમ આગળ જઈ પુગ્યો ત્યાં સુધી ચાલ્યા કીધો. તેણે ત્યા સિહ જેવા દિલના રૂસતમને બાંધેલી કંમર સાથે જોયો. તેના લશકરે ગુરજોને ખાંધ ઉપર ઉડાવેલા હતા અને સઘલાઓએ[1]

---

1 એ બેત લખેલી નકલમા વધારે છે.

તેનો સાદ સમજવા ઉપર કાનને ખેંચેલા રાખ્યા હતા. પછી તેણે જે કાંઈ પેગામ હતો તે રૂસતમને કહયો, અને તેના પેગામના સેવટમાં રૂસતમ નચિંત રહયો. પેલી તરફ ફીનો સોધનાર કએખસર૨ પણુ કાંઇ ચકચાર કીધા વગર નચિંતે બેઠેલો રહયો. તેણે (તુરકીઓના) નાના અને મોટા તંબુઓ તથા તખતો અને તાજો જે કાંઈ ત્યાં હતું તે સઘનુ લશકરને વેહેંચી આપ્યું. પછી તેણે ઇરાનીઓના મુરડાં સોધાવી કાઢયાં અને તેઓના દિલ ઉપરથી લોહી અને મહોડું ધોવારી નાખીને તેમને માટે કફન બનાવ્યા જેવા તેઓને ધુલ અને લડાઇમાં રેડાયલાં લોહી વચેથી ઉચકી લિધા તેવાંજ તેણે મેહેમાનદારીના તરીકા મુજબ તે મુવેલાઓ માટેનાં દોખમાં બનાવ્યાં. પછી તેણે ત્યાંથી સામન ઉચકાવ્યો અને (કુચ કરવાને) લશકરને ઘોડેસ્વાર બનાવીને જડપથી તે તુરકી પાદશાહની પુઠે હંકાર્યું. જ્યારે અફ્રાસીયાબ તે શેહેર આગળ જઇ પુગ્યો ત્યારે તે એમ ધારતો હતો કે, "રૂસતમ તો ઉધાવામાં ચકચુર હશે અને તેથી હું હવે તેના માથાં ઉપર સખેખુન વરસાવરા અને આપણે તે લશકરના દિલ ઉપર ધુલ ઉડતી કરીશું." પણ તેણે તો અંધારાં વચે ચોકી કરનારાં લશકરને ઉભેલું જોયું અને મેદાનમાંથી ઘોડાના ખંખારો સમજાયા. આથી તે રૂસતમનું કામ જોઇ અચરતી સાથે અટકી ઉભો અને પછી વિચાર કરવા લાગ્યો. સઘલે લશ્કર છુડાયલું અને વેરવાન પડેલું હતુ અને તમના મીઠા જીવો ત્યાં ભમ્યા કરતા હતા. તેની સામે તિક્ષણ પંજાવાલો રૂસતમ ઉભો હતોજ અને વળી તેની પુઠેથી પાદશાહ પોતે પોતાના લડાયક સ્વારો સાથે (આવી ઉભો) હોવાથી તેણે જે કોઇ તેની આગળ હતા તેઓને પોતાની નજદિકજ બોલાવ્યા અને પોતાના દિલના વિચાર મુજબની કેટલીક વાતચિતો કીધી. તેણે તેઓને પુછ્યું કે "તમો એ બાબે શું ધારો છો?" ત્યારે તે નામદારી સોધનારાઓએ તે નામદારને એવો જવાબ દિધો કે "બેહેસ્ત કંગમાં તું પાદશાહનો તમામ ખજાનો છે તો હવે આટલી બધી મુશાફરીની મેહેનત ઉઠાવવી શા ખપની. બેહેસ્ત કંગની જમીનની ઉંચાઇ આંઠ ફરશગની છે અને તેની પોહોલાઇ ચાર ફરશંગની છે. ત્યાંના ઓરતો, છોકરાઓ, માણસો અને મોટું લશકર તારા ખજાના તરીકે રહેશે. અને તે બદખાહોને (ફોકટની) મુસાફરીના સંકટો વેઠવાં પડશે. ગીધથી પણ તે કીલ્લાના મીનારા ઉપરથી ઉડી શકાતું નથી. ત્યાંની એટલી બધી ઉંચાઈ કોઇના સ્વપનામાં પણ હશે નહી. ત્યાં ખોરાકી તેમજ મેહેલો, ખજાનો અને તાજો છે તથા મોટાઈ, હાકમી, તખત અને લશકર પણ છે. તે મુલકનું નામ બેહેસ્ત છે. ત્યાંની તમામ જગ્યા ખુશાલી અને આરામ આપનારી છે. ખુને ખુને કુવાઓ અને તાંકાંઓ આવેલાં છે અને તેની લંબાઇ પોહોલાઈ તીર ફેંકયા

જેટલી વેગલાઈની છે. ત્યાં હીન્દુસ્તાન અને રોમથી ડાહયા પુરૂષોને લાવી રાખવામાં આવ્યા છે અને તે મુલકની આબાદીથી ત્યાં જાણે બેહેસ્ત બની ગયું છે. હવે તે કીલ્લા તરફ જવાના વીસ ફરસંગ રહયા છે. પરવરદેગાર જાણનાર છે કે તે હવે કોણના હાથમાં જશે. તારે ફાલે તો આ જેહાનમાં ફકટ લડાઇ કરવાનીજ આવેલી છે પણ સેવટે કોઇના હાથમા પણ દુન્યા રેહેવાની નથી.''

અફ્રાસીયાબે બેહેશ્ત કંગ શેહેરમાં આસરો લિધો અને તેણે ચીનના ફગફુરની મદદ માંગી તે વિષે.

જ્યારે પાદશાહે તેઓનુ કેહેવુ સમજ્યું ત્યારે તે તેને ખુશ લાગ્યું અને તેથી તે જમાનાથી નચિંત બનીને ખુશ દિલથી લશકરના અસબાબ અને લડાઈના હથીયારો સાથે બેહેસ્ત કંગ તરફ ગયો. તે મોટાં શેહેર આસપાસ ફરી વળતાં તેને ત્યાં જરાએ પડત જગ્યા કે કાંતાવાળી ઝાડીઓ જણાઈ નહી. ત્યાં તેનો એક મેહેલ હતો જેનું મઠાલું આસમાનને લાગેલું હતું અને પાદશાહના હોકમથી તેના નોકરોએ તે બાંધ્યો હતો. તેણે તે દીવાનખાનામાં ઉતારો લિધો અને ત્યાં સઘલો અસબાબ ભર્યો તથા લશકરને દીરમ અને દીનારથી નવાજ્યું અને કીલ્લાને દરેક દરવાજે લશકર મોકલી આપ્યું તથા દરેક મુલકના સરદારો તેની સંભાળ કરતા રહયા. ચોકીબાનો દરેક ઠેકાણેના મીનારા ઉપર જઈ ઉભા અને ત્યાં રાત અને દિવસ તપાસ કરી તેની સંભાળ રાખતા રહયા. સરદારો અને વજીરો તેના જમના હાથ ઉપર આવી ઉભા ત્યારબાદ તેણે નામું લખનારા મુનશીને પોતાની આગળ બોલાવી મગાવ્યો. પછી લાખો દુવા સાથે તેણે ચીનના ફગફુર ઉપર એક નામું લખાવ્યું તેમા એમ લખાવ્યું કે, ''મારે ફાલે જમાનાની ગીરદેશથી લડાઇ સિવાય બીજું કાઇ આવતું નથી. જેને મારી નાખવો ઘટતો હતો તેને મેં સંભાળી રાખ્યાથી હાલે મારો બુરો વખત આવ્યો છે. તેથી હવે તુ ચીનના ફગફુર કે જેની દોસ્તીને માટે મારૂં રવાન સાબેતી આપે છે તેને અત્રે આવવું ઘટતું છે. જો તું પોતે નહી આવે તો તું તારાં લશકરને મોકલી આપજે કે જેથી તે ભપકા સાથે આ તરફ કીનો લેવાને ચાલ્યું આવે.'' તે કાસદ અફ્રાસીયાબ આગળથી નિકળેલો ચીનમાં રાતના ઉંઘાવાને વખતે આવી લાગ્યો અને તેણે જે કાંઇ સમજ્યું હતું તે તેને કહીને પેલું નામું આપી તેનો તમામ ભરમ તેની આગળ ખુલ્લો કરી કહયો. નામદાર ફગફુરે તેને માનથી નવાજી તેને માટે એક ખુશનુમાં મેહેલ તૈયાર કીધો. પછી જે

પ્રમાણે પાદશાહોની રાહારીતી હતી તે મુજબ ખાકાને ચોબાજુએથી લશકરને બોલાવી મંગાવ્યું.

પેલી તરફ અફરાસીયાબ પણ કંગમા મોજમજાહ, ખાનીપીની અને આરામ સાથે રેહેવા લાગ્યો. તેણે એક દીવાલ બાંધવાનો વિચાર કીધો અને એક મીનારો બાંધી તેમાંથી લડવાની જગ્યા કીધી તેણે તદબીરવાલા શખ્સોને કીલ્લાના મીનારા ઉપર ભારી પથરા ઘસડી લાવવા ફરમાવ્યું. વળી તેણે પુશકલ લડાઇના અનુભવી રૂમીઓને બોલાવી મગાવ્યા અને તેમના લશકરને કીલ્લાની દીવાલ પછવાડે રાખ્યું. આથી ચાલાક દિલના જાસલીક લોકો લડાઇને લગતા ભારી પથરા ફેંકવાના યંત્રો ઉપર ઘસડી લાવ્યા. તે કીલ્લાના તમામ મીનારાઓને ગોલ કમાનોથી, વરૂના ચામડાંની ઢાલોથી, બખતરોથી અને લોઢાની તોપીઓથી ભરી નાખ્યા. તેણે લુહાડોના એક ટોલાને કામે લગાડીને દરેક ઠેકાણે પોલાદના પંજા બનાવ્યા, અને તેને લાંબા નેજા સાથે બાંધ્યા કે જેથી જે કોઇ તે કીલ્લા ઉપર ચઢવા જાય તે પેલા તિક્ષણ પજામા પકડાઇ જાય અને નહી તો કે તે કીલ્લા આગળથી જડપથી નાહાસી જાય. તે દરેકને તેના દરેક કામમાં ઇનઆમ આપવા લાગ્યો અને સીપાઇઓને પૈસા આપી આબાદ કીધા વળી તેણે લશકરને પુશકલ લોઢાંની તોપીઓ, તલવારો, ઘોડાના બખતરો, ચીનાઇ ઢાલો અને તીર કમાનો બક્ષ્યાં અને તેઓ તેના તરફથી લડાઇ કરશે એવી ઉમેદ રાખી. જ્યારે તેઓ આશુદા બન્યા ત્યારે પાદશાહ પોતે અને તેના વફાદાર નામદારો ખુશાલીની મીજલશ ભરી બેસવા લાગ્યા ચગ વાજીંત્ર વજાડનારી પરી જેવા ચેહેરાની કેટલીક ઓરતો તે દરબારમાં ખુશાલી સાથે એકઠી થઇ. એ પ્રમાણે રાત અને દિવસ તે મીજલશ ભરતો અને ત્યાં તુરકી ઓરતોના હોટથી ગાયન સમજવા અને દારૂ પીવામાં રોકાતો એ રીતે તે આજની કે આવતી કાલની કાંઇ ફીકર રાખ્યા વગર દરરોજ ખજાનો ઉડાવતો રહ્યો. અગરજે જે કાંઇ બનવાનુ હોય તે બને તો દિલને ગમમાં રાખવું જરૂરત નથી અને ગમગીન બનવું જોઇતું નથી એ પ્રમાણે તે બે અઠવાડયાં સુધી ખુશાલી સાથે રહયો. કોણ જાણે છે કે આવતી કાલે કોણ ખુશાલ રેહેશે.

કએખસરૂ અફરાસીયાબના પુઠં કંગદેઝમા આવી લાગ્યો તે વિષે.

ત્રીજે અઠવાડાએ કએખસરૂ કંગમાં આવી લાગ્યો અને નેણે ત્યાં વાજીંત્રો અને ચંગના આ અવાજો સમજ્યા. તે સમજીને તે હસવા લાગ્યો અને

તે કીલ્લાની આસપાસ ફરી વલ્યો, અને નસીબનાં નખરાં માટે અજબ બન્યો. આવી જગ્યા જોઇને તેને અજાયબી લાગી. દિલને આરામ આપનાર આસમાન પણ તેની નોકરીમાં ઉભેલુ જણાયું તે બોલવા લાગ્યો કે "જેણે (સીયાવક્ષે) આવો કીલ્લો બાંધ્યો તે કાંઇ લડાઇ અને મારામારી કરવા માટે બનાવ્યો હતો નહી કે અફ્રાસીયાબ ઇરાનના પાદશાહ સીયાવક્ષનુ લોહી રેડી એમ આપણી આગળથી નાહાસ્તો તે કીલ્લામાં જઇ ભરાયો છે." પછી તેણે રૂસતમને કહયું કે, "ઓ પેહેલવાન ! તારે એ બાબદ ઉપર રોશન રવાનથી વિચાર કરવો ઘટે છે કારણકે પાક પરવરદેગારે આ લડાઇમા આપણી સાથે કેવી ખુબી કીધી છે અને આપણને ફતેહ આપી તેના નામને તેની ગુદાઇ, જુદાઈ અને કમ અક્કલને લિધે તથા બુરાઇને લિધે કેવુ બદનામ બનાવ્યુ છે તે આપણી આગળથી નાહાસી આ કીલ્લામા આવી ભરાયો છે અને જમાનાથી પણ આ પ્રમાણે નચિંત બન્યો છે. તે બુરો પેહેલવાન કે જે મુલકોનો સરદાર હતો તેનો હાલે તેના બુઢાપાને વખતે આવો સૌથી ખરાબ હાલ થયો છે. તેથી હુ તે માટે પરવરદેગારના શુકરાના કરવા રોકાવશ તો રાતના ત્રણ પોહોર સુધી હુ સુવશ નહી. કારણકે તે સાહેબથીજ ફતેહ અને જોર મલે છે અને તેજ સુરજ અને ચદ્રનો પેદાનો કરનારો છે." તે કીલ્લાની એક બાજુએ એક પાહાડ આવેલો હોવાથી તે તે બાજુએથી લશકરના હુમલાથી સલામત હતો. તેની બીજી બાજુએથી એક નદી કે જેનાથી કોઇ પણ શખ્સોનો જીવ ખુશ બનતો તે વેહેતી હતી. આથી તેઓએ મેદાનમાં છાવણી થોકી અને તે કીલ્લાની ચોબાજુએ એક એક પેહેલવાન ચોકી કરતો ઉભો કએખસરના નેજાની અણી પાતાલમાની મછી સુધી પુગતી હતી અને તેની દરબારનું આરકુ ચંદ્ર સુધી પુગતુ હતુ તેના લશકરે આંઠ ફરશગની જમીન ઘેરેલી હોવાથી તે લશકરના ભારને લિધે જમીનને પોતાના હાથ માથાં સુધી ઉચકવા પડતા હતા રૂસતમે જેહાનના પાદશાહ પાસે લશકર માંગીને જમના હાથ ઉપર પોતાની છાવણી નાખી. દાવા હાથ ઉપર દિલને ખુશ કરનારા (કાબ્યાની) ઝુન્ડા સાથે તથા રનશીગડાં અને પરગમો સાથે કાઉસનો બેટો ફરીબરૂજ અને તુસ રહયા. ત્રીજુ ગોદરેજના બેટાએ એક જગ્યા પસંદ કરીને ત્યાં આવી પોતાની છાવણી ઘેરી લિધી. રાત પડતાં દરેક ઠેકાણેથી (ચોકીબાનોના) પોકારો સમજાવા લાગ્યા અને તમામ જમીન જાણે લડવા માટે જોશમા આવી. પુશકલ પરગમો, રનશીગડાં અને સરનાઇના અવાજથી જમીનનું દિલ પણ જાણે ધ્રુજવા લાગ્યું. જ્યારે આસમાનના ચક્કર ઉપર સુરજનો રંગ ચઢયો અને તેણે રાતનું કસ્તુરી રંગનું કાલુ પેહેરન ફાડી કાહડ્યું

ત્યારે પાદશાહ પોતાના કાલા રંગના ઘોડા ઉપર બેઠો અને જઇને પોતાના લશકર આસપાસ ફરી વલ્યો.

પછી તેણે પીલતન રૂસતમને કહયુ કે, "ઓ અન્જુમનના નામદાર વડા ! હું એવી આશા રાખુ છું કે હવે પછી અફ્રાસીયાબ કદી સ્વપને પણ આ જેહાનને જોય નહી. જો તે મુવેલો કે જીવતો મારે હાથ આવશે તો તે હું યજદાન પ્રસ્ત તલવારની અણીજ જોવા પાંમશે જ્યારે તેની આટલી બધી સત્તા ચાલે છે ત્યારે તો હું ધારૂ છું કે તેને માટે ચોબાજુએથી લશકર આવી લાગ્યું હશે. તેઓ તેનાથી ડરીને ધાસ્તીનેજ લિધે તેને મદદ કરે છે. તેઓ કાંઇ કીનો લેવા અને ફતેહ મેલવવાને તેમ કરતા નથી. તેથી તે પોતાના લશકરને બોલાવે તેની આગમચ આપણે કોશેષ કરીને તેનો માર્ગ ઘેરી લેઇએ અને તે કીલ્લાના મીનારાઓને હેઠે લાવીને તેના પથરા અને ધુલ નદીમાં લેઈ જઇ નાખીએ. હવે લશકરના મુશકેલીના દાહાડા વહી ગયા છે અને દુખના દિવસો આરામમાં ફેરવાઇ ગયા છે જ્યારે દુશમનોએ કીલ્લાની દિવાલનોજ આસરો લિધો છે ત્યારે આપનું લશકર તેની લડાઇ અને કીનાને માટે ડરવાનું નથી. તે આ કીલ્લામાં તુટેલાં દિલ સાથે રેહેતો હશે. તેથી એ કીલ્લો પણ હવે પછી ખરેખર કાંતાવાલી જગ્યા બનશે. જો આપણે કાઉસનું કેહેવું યાદ રાખીશું તો આપણે આપણા રવાનને ઇનસાફ તરફ લેઇ જઇશુ." પછી તે બોલ્યો કે "આ કીનો ડાલ પાખડાં ઉપર લેવાનો છે તેથી જમાનો કાતને અને ધુલને બોસો લેશે નહી. ઝાડ માફક કીનાના પાદડાં તાજાં બનશે અને પાદશાહોનો કીનો લેપા માટે દિલ મોતથી પણ બીહીશે નહી. તે મેદાનમાં બાપ બેટા ઉપરથી ચાલી જશે. એ પ્રમાણે છસો વર્ષો પસાર થશે ત્યાં સુધી ચાલશે. પછી બાપ કીનો છોડી દેઇને પોતાને વગેસગે થશે અને બેટો તે દુખનો રેહેનુમાં બનશે." આથી બુજોર્ગોએ તેની તરીફ કીધી અને તેને પાક દિલના ખસરૂનો એલકાબ આપ્યો, અને તેઓ બોલ્યા કે "તારાથીજ તારા બાપના કીનાનું સેવટ આવશે. માટે તુ ખુશાલ અને ફતેહમદ થવા સિવાય બીજી રીતનો બનતો ના."

જેહેન અફ્રાસીયાબનો પેગામ લેઇને કએખસરૂ આગળ આવ્યો તે વિષે.

બીજે દિવસે જ્યારે સુરજ કાગડાના જેવાં અંધારામાંથી બાહાર આવ્યો અને સુનેરી ચેરાગને આસમાન ઉપર ટાંગેલો કીધો, ત્યારે કીલ્લાની ઉંચા-

ઇએથી પોકારો સમજાવવા લાગ્યા, જેથી તે પાદશાહનું દિલ વિચારવંત બની ગયુ. પછી તુરતજ કીલ્લાનો દરવાજો ઉગડયાથી જે કાંઇ ભરમ ઢંકાયલો હતો તે ખુલ્લો બન્યો દશ સ્વારો કે જેઓ દાનાઈ અને અકકલ તથા પડવીવાલા શખ્સો હતા તેઓની સાથે જેહેન કીલ્લામાંથી બાહાર નિકલ્યો. જેહેન તે છાવણીના દરવાજા સુધી આવી પોતાના નામદારો સાથે ત્યાં અટકી ઉભો રેહેવાથી દરબાને પાદશાહ આગળ આવીને કહયુ કે "જેહેન દશ સ્વારો સાથે ત્યાં આવ્યો છે." આથી પેહેલવાન મનુશાન ત્યાં આવીને તે અકકલમંદ જેહેનને પાદશાહ આગળ લઇ ગયો. તેટલાં પાદશાહ પણ પોતાના માથાં ઉપર દિલ સોભવનારૂં તાજ મુકીને હાથીદાંતના તખત ઉપર જઇ બેઠો. તે અકકલમંદ શખ્સ (જેહેન) ખસરૂ આગળ આવી લાગતાંજ તે (ખસરૂ)નો ચેહેરો આંખનાં આંસુઓથી ઢંકાઈ ગયો. લડાયક જેહેન તેનાં આવાં દુખથી અચરત બન્યો અને તેણે બુજોર્ગીવાળી કેલાહ માથાં ઉપરથી ઉચકી નાંખી. પછી તેણે તેનાં તખત આગળ આવી તેની તારીફ કરવા સાથે નમન કીધું. તે બોલ્યો કે, "ઓ નામદાર પાદશાહ! તું આ જેહાનને હમેશાં ખુબી સાથે પસાર થતી કર. હમારા મુલક તુંને મુબારક નિવડજો અને તારૂં બુરૂં ચાહાનારાઓના દિલ તુટેલાં અને આંખો ફુટેલી બનજો. તું યજદાં પ્રસ્ત પાદશાહ હમારા મુલકો ઉપર તારા દુવાના હાથ લંબાવીને હમેશાં જીવવું કરજે. તું ત્યાં ભલે પધાર અને ભલે ખુશાલી સાથે આવી બેસીને તમામ વાતો બલાઇથી કર. જો તું પાદશાહ આકલો નહી બને તો હું તુને અફરાસીયાબનો પેગામ કહું." જ્યારે તેણે તે પાદશાહનો પેગામ જેહેનથી સમજ્યો ત્યારે તેણે એક સુનેરી નિચું તખત લાવવાનો હોકમ કીધો. આથી એક તખત તે અકકલવાન પુરૂષ માટે લાવી મુકવામાં આવ્યુ અને જેહેન તેની ઉપર બેસીને પોતાના બાપનો પેગામ તે પાદશાહને કેહેતાં બોલ્યો કે "અફરાસીયાબ પોતાની આંખો આંસુથી ભરીને રડતો બેઠો છે હું તું પાદશાહને તે તુરાની લશકરના દુખી દિલના પાદશાહની દુવા પુગાડુ છું. પરવરદેગારના શુકરાના હોજો અને તેને તેની પનાહી હોજો કે હમારૂં ફરજંદ (કએખસરૂ) એવે દરજ્જે પુંગ્યું છે. તારો પાદશાહ બાપ કએકોબાદથી ઉતરી આવ્યો હતો અને તું તારી માયથી તુરકી તોખમ ધરાવે છે. તારી તોખમ આવી નામદારી ભરી ઓલાદથી હોવાથીજ જેહાનના પાદશાહો વચે તારૂં માથું આટલું વધારે ઉંચે ચઢે છે. વાદલની નિચેથી જડપથી ઉડતા ગીધો અને પાણીવાલા દરીઆના જોરાવર મગરો એ સઘલાં તારા તખતના પાસબાન છે અને તારાં નસીબથી ખુશાલ છે. જે કોઈ તાજ અને તખતવાલા બુજોર્ગો છે તેઓ આ જમીન ઉપર તારી

આગળ નિચા છે. બીહામના દેવના આ કામથી હું અચરત બન્યો છું કારણ કે તે મને નુકસાન પુગાડવા સિવાય બીજુ કાંઈ ઇચ્છતો નથી. તારી આવી મેહેરબાની અને સચાઇ છતાં મારૂ દિલ શા માટે જુઠાઇ તરફ ધલ્યું હશે કે મારે હાથે પાદશાહ કાઉસનો બેટો સરદાર સીયાવક્ષ નિર્દોશ માર્યો ગયો છે. એ દુખભરી વાતથી હું તુટેલાં દિલનો બન્યો છું અને ઉંઘ તથા ભુખ વગર એક ખુને પડયો છું મેં કાંઈ તે (સીયાવક્ષ) ને મારી નાખ્યો નથી, પણ નાપાક દેવે માંરી નાખ્યો છે અને તેણેજ મારા દિલમાથી જેહાનના ખોદાને માટેનો ડર તોડી નાખ્યો છે. તે (સીયાવક્ષ)નું મોત આવ્યુ અને મારૂં બાહાનું મલ્યું. તે દેવે જાદુથી મને પોતાના હાથમા લિધો. હવે તુ અક્કલમંદ છે અને એક પાદશાહ છે અને તુ લોકોથી પહરેજગાર તરીકે કબુલાયલો છે. માટે તુ ધ્યાન પુગાડ કે સીયાવક્ષ અને અફરાગીયાબના બાહાનામા આવા બાગો, મેદાનો, શ્રેરો અને મોહોલાવાલા મોટા મોટા શેહેરો એ ફીનો લેવામાં કયાં સુધી ખરાબ થયાં જશે? વળી પેલા લડાયક સ્વારો કે જેઓ હાથી જેવા શરીરના અને મગરના જેવા જોર ધરાવનારા હતા તેઓના કફન એ લડાઈમા સિહના મોઢાંમા બનવા સિવાય બીજી રીતના બન્યાં નથી, અને વળી તેમના ડોકાં તેમના શરીરની નજદિક પણ રહયાં નથી એકએકી મજલના રસ્તામા બ્યાબાન સિવાય અને વેરાન બનેલાં શેહેરો સિવાય બીજુ કાઇ રહયુ નથી. રસ્તાખેજના વખત સુધી હમારૂ નામ ફીનો લેનાર અને તિક્ષણ તલવાર તથા તીરોના જખમો ખમનાર સિવાય બીજુ કાંઇ રેહેવાનું નથી એ સઘલુ પરવરદેગારને પસદ નહી હોવાથી તેના પરીણામમા હમો નુકસાંન ખમી દુખી થઇએ છીએ તેથી જો તુ ખરેખરજ લડાઇ કરવા માંગતો હોય તો અને એક પળ પણ તારૂ દિલ ફીનો લેવાથી આસાયશ પાંમતુ નહી હોય તો, તુ આ જમાનાના ફરવા ઉપર નેગાહ પોહોંચાડ અને તેના સિવાય તારા દિલનો બીજા કોઇને શિક્ષક બનાવ ના. કારણ કે તારૂં મગજ ફીનાભર્યું અને દિલ લોહીથી ઉકલતુ હશે તોપણ હમે તો કીલ્લામા છીએ અને તારે ફાલે મેદાન આવેલું છે હુ જેને કગ ફહું છુ તે મારૂં બેહેસ્ત છે અને તે મારી જમીન અને ખેતરો ઉચે આવેલાં છે વળી અત્રે મારી પાસે ખજાનો પણ છે તેમજ અત્રે લશકર પણ છે અત્રેજ મારી સત્તા અને મારૂ તાજ પણ છે મારી મોજમજાહ અને ખાણીપીણી એજ જગ્યામા થાય છે અને લડાઇને વખતના સિંહો પણ

એજ જગ્યામાં રહેછે. તારે માટે હવે ગરમીનો અને જુસ્સાદાર વખત વહી ગયો છે તથા ગુલાબ અને, ગુલલાલાનો ખીલવાનો અને રંગરાગ તથા ખુશાલી કરવાનો વખત પણ વહી ગયો છે. તારી સામે હવે સીયાલો અને સરદી આવી ઉભી છે અને તેથી નેજા ધરેલા હાથો અકડી જશે. હુ જેમ જાણું છું તેમ જ્યારે વાદલ પોતાના ભવા ચઢાવશે ત્યારે હમારા આ મુલકની નદી પણ જમીનની માફક (બરફ બધાઇને) કઠણ થઇ જશે વળી જ્યાંથી હું તેડાવશ ત્યાંથી લશકર આવી પુગશે. પણ તુ તો સુરજ અને ચંદ્રની ચાલ આગળ ટકી શકવાનો નથી. તેથી જો ફરતો જમાનો લડાઇમાં તુને ફળ આપે એમ તું ધારતો હોય તો તો તેવા વિચારથી સામુ આસમાન ઉલટું ફરશે અને તારી મેહેનતના ફળ બીજો શખ્સ ખાઇ જશે જો તુ એમ કેહેવા માગતો હોય 'કે ચીનના તુરકીઓને હુ પકડુ અને આસમાનને જમીન ઉપર ફેકુ અને એ રૈયતનો તલવારથી નાશ કરૂ અને તારે હાથ મારૂ પકડાવુ થાય વિગેરે, પણ એમ તુ કાંઇ ધારતો મા, કારણકે તેમ બનવાકાલ નથી. જે કોઈ ધાસ્તીમા નહી હોય તેને તેમ બનતું નથી. પાદશાહ જાદશમના બેટાનો નબીરો ફરીદુનની ઓલાદથી અને જમશેદની તોખમથી ઉતરેલો છે પરવરદેગાર તરફથી અકકલ અને ખોરેહ મને પણ મલ્યું છે અને વળી મને સરોશની માફક પાંખ પણ છે જ્યારે મારો વખત બારીક થઈ પડશે ત્યારે મારૂ દિલ શિક્ષક તરફની શિખામણ માગશે નહી જેમ એક સેતારો સુરજની નજદિકમાં જાય તેમ પરવદેગારના હોકમથી હું રાતના ઉઘવાને વખતે કીમાકનો દરીઓ પસાર કરી જવશ અને આ મુલક તથા તાજ તુને સોંપી જવશ હવે કંગદેજ તારી આરામ કરવાની જગ્યા બનશે અને મને વળી એ શેહેરના કે લશકરના લોકો જોશે નહી પણ જ્યારે મારો કીનો લેવાનો અને બુઢાં માથા સાથે લશકર તૈયાર કરવાનો વખત આવશે, ત્યારે હું આવીને તારી ઉપર મારો કીનો લેવશ અને મારો રેવાજ દરેક ઠેકાણે પાછો ચાલુ કરશ. પણ જો તું તારાં મગજમાંથી કીનાને કાઢી નાખશે અને આ મુલકમાં દયાનું જાદુ કરવા માગતો હશે તો હું મારા ખજાના, તાજ અને કમરબંધના ભંડારના બારણા તથા વલી પૈસા, સુનુ અને જવેહરાતના ભંડારના બારણા ખુલ્લાં કરશ. ફરીદુનના બેટા તુરે અઇરજ પાસેથી જે કાંઈ લેઇ લિધું હતું તે તું તેમાથી કાઢી લેજે અને પછી કીનાને યાદ કરતો ના. જો તું ચીન અને માચીનનો મુલક પણ લેઈ લેશે તો તે વાજબી ગણાશે. માટે તારા દિલની જેવી ખાહેશ હોય તે પ્રમાણે તુ કર ખોરાશાન અને મકરાનની જમીન પણ તારી આગળ મુકાયલી છે અને તેમાંથી તું જે વધતું ઓછુ લેશે તેમાં મારી ખુશાલી સમાયલી છે. જો એ માર્ગે ચાલવાથી પાદશાહ કાઉસ ફરવા

માંગશે તો હું તું જેટલુ માગશે એટલુ લશકર તારે માટે મોકલી આપશ. હું તારાં તમામ લશકરને તવંગર બનાવશ અને તુને સુનેરી તખત અને તાજ આપશ. દરેક લડાઇમાં હું તારી મદદે રેહેવશ અને દરેક અંજુમન વચે હું તુંને પાદશાહ તરીકે ગણુશ પણુ જો તુ એ મારી શિખામણુથી તારૂં માથું ફેરવી તારા મમાવા ઉપર કીનો લેવાનીજ તૈયારી કરવા માંગતો હોય તો પછી જે કાંઇ તારી મરજી હોય તે મને કહી દે. પણુ તે આગમચ આગલાં પાછલાં પરીણામનો વિચાર કરજે, અને જેવો જેહેન પાછો ફરે કે તું લડાઇની તૈયારી કરવા માંડજે હુ પણુ લડવા માટે વાઘના જેવો બનેલો છુ.

કૈખસરૂએ અફરાસીયાબના પેગામનો જવાબ મોકલ્યો તે વિષે.

જ્યારે તેણુે જેહેનથી તે પાદશાહનુ કેહેવું સમજી લિધુ ત્યારે તેના તરફ હસતાં હસતાં નજર કરીને એ પ્રમાણે જવાબ દિધો કે "ઓ નામદારી સોધનારા નામદાર! મે એ સઘલી વાત પેહેલેથી છેલ્લે શુધી સમજી છે. જેવી દુવા તે મને સરૂવાતમાં દિધી છે તેવીજ દુવા તારા પણુ તાજ, તખત અને તારી સત્તા ઉપર ઉતરજો અફરાસીયાબની તે દુવા પુગાડતાં તું બોલ્યો કે, 'તેણુે આંખોને આંસુ ભરી બનાવી છે' તે પણુ મે જાણ્યુ છે. તારા તાજ અને તખત ઉપર પણુ તેવીજ દુવા ઉતરજો અને તુ ખુશાલી વગરનો અને ફતેહમદ નસીબ વગરનો હોતો ના. બીજુ એ કે તે પરવરદેગારના શુકરાના કીધા તે પરવરદેગારની પીછાણુ કરનારા પાદશાહ તરફથી થયલા પસંદ કરવા જોગ છે. તેમ કરવુ એ જેહાનના પાદશાહને માટે વધારે દિલ દિપાવનાર, પસંદ કરવા જોગ, ખુસાલીભર્યુ અને ફતેહ બક્ષનારૂં છે તું જેમ કહે છે કે 'આવા હુનર સાથ અક્કલ પણુ જોડાયલી રેહેવી જોઇએ,' તે મુજબ પરવરદેગારે મને તો તે આપેલી છે તુ જેમ બને તેમ મીઠા સખુનો વાપડી જાણે છે પણુ તું તેવોજ દિલનો પાક અને યજદા પ્રસ્ત નથી. જે કોઇ અક્કલમાં તવંગર હોય તેની કરણી તેના કેહેન કરતા ચઢતી હોય છે. મુબારક ફરીદુન કાંઇ સેતારો બન્યો નથી અને કાલી ખાકમાંથી તેનુ માથું કાંઈ બાહાર નિકળતું નથી. તું આસમાનથી ચઢતો હોવાની વાત કરે છે પણુ એમ કરીને તો તુ તારા ચેહેરાને શરમથી ધોઇ નાખે છે. તારા દિલમાં જાદુઇનીજ હાપન ભરેલી છે અને તારા બોલો તારી જબાન ઉપરજ ઘરેણાં તરીકે દિપે છે તારી જબાં મીઠા સખુનોથી ભરેલી છે પણુ દિલ જુઠાઇથી ભરેલુ છે. તેથી દાનાવોની આગળ તેવી વાત ઉજાશ પકડી શકતી નથી. તે જેના બાપને મારી નાખ્યો તેને તુ જેહાનના પાદ-

શાહને નામે ના બોલાવ હવે તો તે સીયાવક્ષના હાડકાં પણ રહ્યાં હશે નહી. વળી તેં મારી માયને પરદા પાછળથી બાહાર ખેંચી કાઢીને તેણીની ઉપર તેમજ વળી મેં કે જેણે હજી જનમ પણ લિધો હતો નહી તેની ઉપર એક એવો કીનો લેવા માંગ્યો કે જાણે તેં મારા માથા ઉપર આગજ સલગાવા માંગી. જે કોઇ દરબારમાં તારી આગળ હતા તેઓ પણ તારા આવાં શુભ જીવ ઉપર ફીટકાર નાખતાં બોલ્યા કે 'જેહાનમાં પાદશાહો, પેહેલવાનો અને મરદાનેમરદો વચેથી કોઇએ પણ આવું કામ કીધુ નથી' કારણ કે તે એક આલા દરજ્જાની ઓરતને તે અંજુમન વચે જલ્લાદને હાથ મારી નાંખવા સોંપી હતી, અને તારી બેટીના હમેલ તોડી પડાવવા તે તેના ઉપર નેતરના ફટકા મરાવ્યા હતા. તેટલામાં અકકલમંદ પીરાનનુ તે જગ્યાએ આવી લાગવું થયું અને જે તેણે નહી સમજેલું અને નહી જોયલું ત્યાં જોયુ. પણ પરવરદેગારનો તો એવો હોકમ હતો કે મારે દરેક અંનજુમનમાં નામદારી ભોગવવી હતી તેથી જે કાંઇ નુકશાન અને બલા મારા ઉપર પડવા માંગી તે તે સાહેબે મારાથી દૂરજ રાખ્યું. કારણ કે જમાનો મારે માટે એક ભરમ રાખતો હતો. ત્યાર પછી જ્યારે હુ મારી માતાથી જનમ લેઇ છુટો થયો ત્યારે જાણે હું કાંઇપણ બીસાડ વગરનુ બાળક હોઉં તેમ તેં મને ભરવાદો વચે મોકલી આપ્યો અને તેઓએ ત્યાં મને સિંહ બચાની માફકજ ઉછેર્યો. એ પ્રમાણે કેટલોક વખત ગુજર્યા બાદ પીરાન મને જંગલમાંથી પાછો લાવ્યો અને હુ તાજ અને તખતને લાયકનો છુ એવી તેણે મારી ઉપર નજર પુગાડી. તેથી તે મને તારી આગળ લાવ્યો, ત્યારે તે સીયાવક્ષની માફક મારૂં પણ ડોકું શરીરથી જુદુ કરાવવા ચાહયું અને મારા શરીર માટે કફન કરાવવા પણ ઈચ્છયું નહી, તેથી પાક યજદાંને મારી જબાનને મુગી કરી નાખી જેથી હું જ્યાં બેઠો હતો ત્યાં ઘેલાં ગાડાં કરવા લાગ્યો તેથી તેં મને બેદિલ અને અકકલ વગરનો ધારી લિધો અને તે તારી બુરી કરણીને જડપથી અમલમાં મુકી નહી. હવે તુ વિચાર કર કે સીયાવક્ષ સચાઇથી ક્યારે ફર્યો હતો અને તેનામાં તેં શું જુઠાઈ જોઇ હતી ! તેણે તો જેહાનમાં તારો આસરો લેવો પસંદ કીધો અને જેમ નામદારોને ધટતું હતું તેમ તે વર્ત્યો. તારે લિધે તેણે તાજ અને તખત છોડી દિધું અને પોતાના મુલકમાથી આવીને તુને પાદશાહ તરીકે ગણવા લાગ્યો. તેણે વફાદારીની સોધમા પોતાની રૈયતને તજી દિધી કે જેથી તું તેને વચન તોડનાર તરીકે ગણે નહી. તેં તેને જોતાંજ તેને તખત, બુજોર્ગી, પેહેલવાની દરજજો અને રહારીતી સોંપી. પણ તેટલામાં તારો બુરો ખવાશ ઉભરી નિકલ્યો અને તે પાક દિલના શખ્સને તે ઉંધો વાલી નિચે નાંખ્યો. તેના કીંમતી તાજ સાથના માથાને ગોસ્પદનુ ડોકુ વેહેરે તેમ વેહેરી કાઢ્યું. મીનોચેહેરના

વખતથી તે અત્યાર સુધીમાં તુ બુરા શરીરનો અને બુરી મનશાનીનો હોવા સિવાય બીજી રીતનો બન્યોજ નથી તુરથી નુકસાનની સરૂવાત થઇ અને તેણે પોતાના બાપની સાથે બદીથી કેવા હાથ ધોયા. એ રીતે એ બાપથી દીકરાને ઉતરતુ આવ્યું અને તેથી બુજોર્ગીની રાહાતારી, રેવાજ અને દીનની સાચવની થઇ શકી નહી પેલો ભલી ખાશીયતનો તારો ભાઈ અગરીરશ કે જેને નેકનામી મેલવવાની કેવી ખાહેશો હતી તેના તે દુખ ઉપજાવનારી રીતે બે સરખા ટુકડા કરી નાખ્યા એવી બુરાઇ પોતાના ભાઈ સાથે કોઇએ પણ કીધી હશે નહી વળી તાજદાર નોજર કે જેનો બાપ પાદશાહ હતો અને તે પાદશાહી તોખમનો હતો તેને તે ગરદન માર્યો, તે છતા તુ બુરી તોખમનો અને હારેમનની રાહારીતીવાલા બુગ શરીરનો શખ્સ હજી સુધી જીવતો રહયો છે જો કોઇ તારી બુરાઇનો હીસાબ કાઢે તો તે જમાનાના ફરવાના આંટાઓથી પણ વધારે નિકળે. તે તારૂ સુવાનું બીછાણુ દોજખમાજ મોકલી આપ્યુ છે તું જાણે માણસ જાતથી જનમેલો લાગતોજ નથી"

"બીજુ તુ કહે છે કે 'પલીદ દેવ મારા દિલને અને મારી રાહારીતીને દોજખ તરફ ઘસડી ગયો છે.' પણ વળી ઝોહાક અને જમશીદ૧ પણ એજ માફકના હતા અને જ્યારે તેઓ ગુજરી ગયા ત્યારે તેઓના દિલ નેકી નહી કરવા માટે નાઉમેદ બન્યા હતા અબલીસતો આપણા પણ દિલને આડે માર્ગે દોરવે છે અને દરેક નેક કામ ઉપરથી આપણા હાથને ટુકા કરવા માંગે છે. જેઓની બુરી ખાશીયત હશે અને બુરી શિખામણ પ્રમાણે ચાલનારા હશે તેઓથી બુરો વખત કાંઈ દુર થવાનો નથી. જે કોઈ સચાઈ આગળથી પોતાનું મોઢું ફેરવે છે તો તેને જુઠાઇ પકડી પાડે છે અને તેના કામ પણ જુઠાઇવાલાં બને છે વળી પશનની લડાઈમા હમારૂ જે મોટુ લશકર હતુ તેને પીરાને તે લડાઇના મેદાનમા મારી નાખ્યુ હતુ. તેથી ગોદરેજના કુટુંબીઓના રેડાયલાં લોહીથી જમીન ગોલાબી બની ગઇ હતી, અને આટલાબધા નુકસાંનો ઉપર નુકસાનો વધ્યા રહયા હતાં હવે જ્યારે વળી તુ તુગનીઓના લખો લડાયક સ્વારો સાથે આવ્યો અને લશકરને લડાઇ માટે આમુઇ તરફ દોરવી લાવ્યો ત્યારે પશગ તેઓ વચેથી મારી આગળ આવ્યો હતો તે તેને મારી આગળ

---

૧ જમશીદ જેવા કીર્તીવંત પાદશાહને ઝોહાક જેવા અતી બુરા પાદશાહ સાથે ફીરદોસીએ સરખાવીને તેના કીર્તીવંત કામોને તેને ઘણો ગેરઈનસાફ આપ્યો છે. માણસ ભુલને પાત્ર રહે છે અને તેની એક વખતની મનની નબલાઇને સબબે તેની આખી કીર્તીવંત જીંદગીને જાંખ લગાડવી તે એવા મોટા પાદશાહને ગેરઈનસાફ સમાન ગણાય.

મારૂં ડોકું કાપવા મોકલી આપ્યો કે પછી તું .મારા મુલકને વેરાન બનાવે. પણ જેહાનને સંભાળનાર પરવરદેગાર મારો મદદગાર બન્યો અને તેથી તેણે મારા દુશમનોના માથા અને નશીબને ઉધા વાલ્યા છે હવે તું મને કેહેછે કે 'તારાં તખતથી મારૂ દિલ દીપી રહે છે અને તારાં નસીબથી હું ખુશાલ રહુછુ વિગેરે.' પણ તુ ધ્યાન રાખજે કે જ્યા સુધી હુ સાચો રેહેવશ ત્યાં સુધી જ્યારે પણ હુ તારી કરણીને યાદ કરશ ત્યારે રસ્તાખેજ સુધી મારી તિક્ષણ તલવાર વડે વાત કરવા સિવાય હુ બીજી મોઢેથી વાત કરવાનો નથી હું મારાં કૌવટના, ખજાનાના, લશકરના, મારા નેક નશીબના, અને સુરજ અને ચંદ્રની ચાલના સોગંદથી કહુછુ કે હુ તુને મારીજ નાખશ અને પરવરદેગારની સન-મુખ ખરે પગે ઉભો રહીને તે સાહેબ સિવાય બીજા કોઈને આ જેહાનમાં હું મારો રાહાનુમા બનાવશ નહી સિવાય કે જ્યા સુધી જેહાન બુરાઓથી પવિત્ર બનશે ત્યા સુધી હુ ઇનશાફ અને સખાવત માટેજ મારી કમર બાંધતો રેહેવશ. હુ આ દુન્યાને ઇનશાફ અને સખાવતથી નવી બનાવશ અને તેને બુરાઓ વગર કાંઇ પણ ખામી વગરના બાગ જેવી બનાવશ. હું તુને જે કાંઇ વાત કહુછું તે તુ મારા મમાવાને કેહેજે અને એમ કેહેજે કે તુ લડાઈમાં આવાં બાહાના કાઢ ના." પછી તેણે તેને એક પોખરાજોથી જડેલુ તાજ તથા એક સુનાની સાકલી અને બે એરીગ આપ્યા. તુરતજ જેહેન પોતાના બાપ આગળ ગયો અને તેની આગળ એક પછી એક એ સઘળી વાતો કહી. આવા જવાબથી અફ્રાસીયાબ ગુસ્સે થયો અને તેનુ દિલ દુખી બન્યુ તથા તેનું મગજ ઉશકેરાઈ આવ્યુ આથી તેણે લશકરને ખજાનો અને પૈસા બક્ષ્યા તથા તેમને ગુરજ, તલવાર, લોઢાની ટોપી અને કોલાહ આપી.

કએખસરૂએ કંગદેઝનો કીલ્લો જીતી લિધો અને અફરાસીયાબ ત્યાંથી નાહાસી ગયો તથા જેહેન અને કરસીવજ કેદ પકડાયા તે વિષે.

અંધારી રાતથી તે જ્યા સુધી આસમાન ઉપર સુરજ ઉગ્યો અને પાહાડો સફેદ હાથીની પીઠ જેવા બન્યા ત્યા સુધી અફ્રાસીયાબ લશકર ગોઠવવામાં પડયાથી તુરકી સ્વારોને ઉધાવાનો વખત મલી શકયો નહી કગદેઝમાંથી ઢોલના અવાજે સમજાતાજ જમીન લોઢાં જેવી અને આસમાન સીસમ જેવું કાલુ બન્યુ. આથી તે ભલા વિચારનો નામદાર પાદશાહ (ખસરૂ) પણ બામદાદ થતાંજ ઘોડા ઉપર બેઠો અને જઇને તે કીલ્લા આસપાસ ફરી વલ્યો તથા લડાઈ કેમ કરવી તેની તપાસ કરવા લાગ્યો. તેણે પાહાડ જેવા રૂસતમને

પોતાના લશકર સાથે તે કીલ્લાની એક બાજુએ જવા ફરમાવ્યું. બીજી બાજુએ તેણે નોજરના બેટા ગસ્તહમને રેહેવા ફરમાવ્યું. મુબારક વિચારના ગોદરેજને ત્રીજી બાજુએ રેહેવા ફરમાવ્યુ. કીલ્લાની ચોથી બાજુએ તે ફતેહમંદ પાદશાહ પોતે પોતના હાથીઓ, ઢોલો અને લડાયક સ્વારો સાથે જઇ ઉભો એ પ્રમાણે લશકરને જેમ તૈયાર કરવુ ઘટતુ હતુ તે મુજબ ગોઠવીને તે પાદશાહ પોતાના તખત ઉપર જઇ બેઠો પછી તે પાદશાહે તે કીલ્લા આસપાસ એક ચર ખનવા માટે લશકરને ફરમાવ્યાથી રૂમીઓ, ચીનાઓ, હીન્દીઓ અને દરેક શેહેરના લડાઇમાં અનુભવ પામેલા પેહેલવાનોમાંથી જે કોઇ તેવુ કામ કરવાનું જ્ઞાન ધરાવતા હતા તથા તે કીલ્લા ઉપર લડાઇ કરવાને સામાર્થવાન હતા તેઓ તે કીલ્લેબંધ શેહેર આસપાસ જોરથી દોડી પોહોચ્યા અને ત્યા આસપાસ ફરીને તરેહવાર યુક્તિઓ કરવા લાગ્યા. ત્યા તેઓએ બે નેજાની ઉડાઇ સુધીની એક ચર ખોડી અને તેની આસપાસ લશકરને ફરતુ રાખ્યુ કે જેથી ત્યાં પુચ્યા વગર કોઇ પણ શખ્સ અંધારી રાતે ઓચિંતો હુમલો કરી કોઇને મારી નાખે નહી. પછી દરેક બાજુની ચોકી ઉપર પથરા ફેંકવાને માટેના બસો યંત્રો તથા ગુફનો લાવી રાખવામાં આવી તે કીલ્લાની દરેક બાજુએ બસો કુંડાલા પાડવામાં આવ્યાં અને તેમાંથી જેવાં તે બુરી મનશનીના લોકોના માથા દીવાલમાંથી બાહાર નિકળતાં તેવાંજ તે માથાં ઉપર પથરા ફેંકવાના યંત્ર વડે કરાં માફક ગુફનના પથરા જઇ પડતા હતા. તે સાંચાની પુંઠે રૂમી લોકો પોતાની કંમર તંગ બાંધીને પોતાના ચરખાઓ સાથે ઉભા રહયા પછી તે પાદશાહે બસો હાથીઓ મારફતે ઠાંભલાઓને તે કીલ્લા આગળ ઘસડાવી લાવવા ફરમાવ્યુ અને તે કીલ્લા નિચે એક ભોંયરૂ ખોડાવીને તેની નિચે તે ઠાંભલાઓ મુકાવ્યા, અને તે લાકડાંઓના સાંઠા ઉપર કાલુ નફતેલ રેડાવ્યુ. તે પાદશાહે એ પ્રમાણે તે યુક્તિ કરવા ફરમાવ્યાથી તે કીલ્લો આ ઠાંભલાઓ ઉપરજ ટકી રહયો હતો અને તેજ ઠાંભલાઓથી તે ભોય સાથ પણ થવાનો હતો. એક બાજુએ તે પથરા ફેંકવાના સાંચાઓથી અને તીરોથી તે તુરાની નામદારોના ચેહેરા કમલાથી પીલા થાય તેમ ફીક્કા થયા કીલ્લાની નિચે આતશ, નફતેલ અને લાકડા (કામ કરતાં) હતાં અને ઉપરથી ભારી ગુરજો વડે તે કીલ્લો તોડી પાડવામા આવતો હતો. જે પ્રમાણે લડાઈની અને કીલ્લાની જે તૈયારીઓ થઈ હતી તે પ્રમાણે ચારે બાજુએ લડાઇ ચાલી રહી જ્યારે એમ કરવામા આવતુ હતુ ત્યારે તે જમીનનો પાદશાહ પરવરદેગારની બંદગી કરવા લશકર વચેથી તેની હજુરમાં નમાજ કરવાની જગ્યાએ ગયો અને તે જેહાનના પરવરદેગાર આગળ પોતાની છુપી વાતો કરવા લાગ્યો. જેમ સાપ કીનાભર્યો બનીને ધુલ ઉપર વલ ખાય તેમ તેણે

પરવરદેગારની તારીફ કીધી કે "તારાથીજ મદદ અને બુલંદી મલે છે અને તારીજ મદદ દરેક સખતીને વખતે મલતી રહે છે તેથી જો મારા એ વિચારમાં તું સાહેબ ઇનશાફ જોતો હોય તો તુ એ પાયગાહમાંથી મારા પગોને પાછા ફેરવતો ના. તું તે જાદુગરના માથાને તખત ઉપરથી ઉંધું વાલજે અને મને ખુશાલ દિલનો અને ભલા નસીબનો બનાવજે."

જ્યારે તેણે પોતાનું માથું યજદાંનની બંદગીમાંથી ઉચકયુ ત્યારે તેણે પોતાના રોશન દિલને બખતરથી ઢાંકયુ પછી તે કંમરે કમરબંધ બાંધીને પોતાની જગ્યાએથી નિકળ્યો અને ધુમાડાની જડપે લડાઈમાં દોડયો. તેણે તે ભારી લશકરને દરેક દરવાજા આગળ સખત લડાઇમાં ઉતરવા ફરમાવ્યું આથી તેઓએ તે લાકડા અને નફ્તેલને સલગાવી મુકયાં અને ઉપરથી તેઓના માથાં ઉપર પથરાઓનો માર મારવા માંડયો ગોળા ગુફ્નોના ગુ ગુ અવાજોથી અને ઉડી રહેલી ધુલથી સુરજનો ચેહેરો પણ જાંખો બની ગયો. ગુફ્નો, પથરા ફેકવાના યંત્રો અને ધુલારાંથી જમીન લીલી અને હવા કાલી બની. હાથીઓના પોકારો અને સરદારોની બાગથી તથા તલવારોના ચમકવાથી અને અને ભારી ગુરજોથી તથા તીરના વરસાદથી અને લશકરથી ઉડતી ધુલથી તુ કહેશે કે જાણે ચંદ્ર સુરજ સાથે લડવા પડયો છે. આસમાન એવી રીતે ઢંકાઇ ગયું કે જેથી રોશન જેહાન પણ આંખો વડે દેખાઈ શકતી હતી નહી કાલાં નફ્તેલથી લાંકડાંઓ સલગવા લાગ્યા અને પરવરદેગારના હોકમથી બલતનની માફક બલવા લાગ્યાં તું કેહેશે કે જાણે તે કીલ્લાનો પાયો ઉલટાઈ ગયો અને તે પાહાડ માફક ઢગલો થઇને પડયો તે કીલ્લાનો કેટલોક ભાગ સિંહ જેવા તુરકીઓને કચડતો નિચે તુટી પડયો. જે કોઇનો બુરો વખત આવ્યો હોય અને જેને જેહાનની કમબખતી લાગી હોય તેનુ માથુ આખરે (મોતના) ફાંડામાં સપડાઈ જાય છે લડાઈ વચે તે પાદશાહના લશકરની ફતેહના પોકારો ઉઠી રહયા. તેઓએ તે ભાંગી પડેલા કીલ્લા તરફ ચાલવા માંડયું અને લડાયક રૂસતમ પણ ત્યાં જડપથી આવી લાગ્યો. તેટલામાં તે શેહેરના કીલ્લાને કેવી ખરાબી પુગી હતી તેની ખબર અફ્રાસીયાબને મલ્યાથી અફ્રાસીયાબે ત્યાં વંટોલ્લાની જડપે આવીને જેહેન તથા કરસીવજને મોટે સાદે કહયું કે "તમોને કીલ્લાના મીનારા સાથે શુ કામ છે? લશકરનો કીલ્લો તો તલવારથી બનવો જોઇએ. તમો તમારા મુલકને, તમારા બચ્ચાં છોકરાં માટે તથા તમારી દોલત અને કુટુંબને માટે તમારા પોશાકના છેડા એકમેક સાથે બાંધી લેઇને આ આસપાસના બુરાઓને તમો જીવતા રેહેવા દેતા ના."

આથી તે તુરકી લશકર ટોલાંબંધ બનીને એક પાહાડ માફક તે તુટી પડેલા ભાગ તરફ ગયું અને ત્યાં સિંહો માંફક લડવા વલગ્યું. બન્ને બાજુએથી સામટા પોકારો ઉડયા. તુરકી સ્વારો નેતર અને બામણુ માફક પોતાના દેશ અને વતન માટે ના ઉમેદ બની રડવા પડયા. પછી પાદશાહ (પસરૂ) એ રૂસતમને જે કોઈ નેજા ધરાવનારૂ પાયદલ લશકર હોય તેઓને તે ભાંગી પડેલી જગ્યાએ હરોલમા લાવવા અને ઘોડા વગર ત્યા એ પ્રમાણે કીનો લેવાને ફરમાવ્યુ. તે નેજાવાલાં પાયદલ લશકરની પુંઠે તીરની કોથલી, તલવાર, તીર અને ઢાલ એ હાથોમાં પકડીને એક બીજુ પાયદલ લશકર જઇ ઉભુ અને જંગી સ્વારો તેઓની સંભાલ કરવા લાગ્યા જ્યારે તેઓની લડાઈ સખત બનતી ત્યારે તે બધે ટોલીના સ્વારો અને પાયદલો લડવા માટે પાહાડ માફક ઉતરી પડતા. કીના-ખોર રૂસતમ એક ફાડી ખાનારા સિંહ માફક તમામ લશકરને કીલ્લાના ભાંગી પડેલા ભાગ આગળ લેઈ ગયો અને પછી વંટોલ્યાની જડપે કીલ્લા ઉપર ચઢી જઇને (તુરકીઓના) તે કાલા ઝુન્ડાને ઉંધો નાખ્યો અને ઈરાની પાદશાહની બહુ નિશાણીવાલો સિંહની આકૃતિવાલો ઝુન્ડો તે કીલ્લા ઉપર ચઢાવ્યો આથી ઇરાની લશકરના પાદશાહની ફતેહના પોકારો તે લડાઇના મેદા-નમા ગાજી રહયા તુરાની લશકરના પુશકલ માણુસો માર્યા ગયા અને કીનો લેનારા અફ્રાસીયાબનું નસીબ ઉંધુ વલ્યુ વળી જ્યારે ઘણી જોરમાં લડાઇ ચાલતી હતી ત્યારે તેઓ વચેથી રૂસતમે લડાઇની અજમાયશ પાંમેલા કર-મીવજ અને જોહેન જેવા શખ્સો કે જેઓથી તુરાની તખત ટકયું રેહેતું હતું તે બધેને કેદ પકડયા એક અફ્રાસીયાબનો ભાઇ અને બીજો તેનો બેટો થતો હતો. એ પ્રમાણે તેઓ ઉપર કમબખતી આવી પડી (ઇરાની) લશકર શેહેરમાં દાખલ થયું તે લશકર એવુ તો દાઘેલ અને કીનાખોર બન્યું કે ત્યાં તેઓ વેરાન કરવા અને લોકોને મારી નાખવા મંડી ગયા. તેથી ત્યાં હાએ અફ્સોસના પોકારો ઉડી રહયા. ઓરતો અને બાલકો ચીસાચીસ પાડવા લાગ્યાં અને પોતાની જગ્યા ઇરાનીઓને સોપી (નાહાસી) ગયાં. કેટલીક ઓરતો અને નાના બાળકો હાથીના પગ તલે કચડાઇને માર્યા ગયા તમામ તુરાન શેહેરનું લોક પવન વેગે નાહાસભાગ કરવા પડયું અને કોઇને પણ પોતાના વતણની કે દેશની યાદ રહી નહી. સઘલાની આંખો રૂડન કરવાને આસુઓથી ભરેલી હતી તમામ તુરાની પેહેલવાનોના નસીબ ઉંધાં વલ્યાં. તેઓની ઓરતો, માલ, મીલકત અને બાળકોને જપત કરી લેવામાં આવ્યાં જાણે રવાનો આસમાનથી અને શરીરો તીરોથી ઘાહેલ થતાં હતાં.

પછી અફ્રાસીયાબ લોહીથી ઉકળતાં દિલ સાથે અને આંસુભરી આંખો સાથે પોતાના મેહેલમાં ગયો અને તેનો જે મેહેલ હતો તેના મીનારા ઉપર ચઢી જઇને ત્યાંથી તેણે તમામ શેહેર ઉપર નજર કીધી. તેણે પોતાના લડાયક શખ્સોમાંથી એક મોટા ભાગને માર્યો ગયલો જોયો અને બીજો બાકીનો ભાગ તે લડાઇમા હાર ખાતો જતો હતો. ત્યાંથી સ્વારોના પોકારો તથા સરદારોની બાગો અને હાથીની પીઠ ઉપરથી સરનાઇના અવાજો તેને સમજાતા હતા. તેણે ત્યાંથી હાથીઓને જીવતાંઓ ઉપરથી ચાલી જતાં જોયા અને તેઓની આસ-પાસની જમીનને (મુરડાઓથી) ઢકાઈ જતી જોઇ. તેણે તમામ શેહેરને હાએ અફ્સોસ અને ફર્યાદ વચે જોયું. તેણે સઘલે ઠેકાણે આગ લાગતી, નુકસાંન થતું અને નાશ થતો જોયો. જ્યારે એક ખુશાલ હતો ત્યારે બીજો દુખ અને રંજથી ભરેલો હતો આ ત્રણ પાચ દિવસના મુસાફરખાના જેવી દુન્યાંની રસમ એવીજ રીતની છે. જ્યારે અફ્રાસીયાબે એ પ્રમાણેનુ કામ દિઠુ તથા તેણે આટલીબધી ખારતી અને લડાઇમાં હાર થતી જોઇ, તથા તેણે પોતાના દિકરા જેહેનને કે ભાઇ કરસીવજને કે પોતાના મુલકને, કે પોતાના તખત, પાદશાહી, ખજાનો કે જવેહેરાતને પોતાની પાસે રહેલુ જોયુ નહી, ત્યારે તે બલતો જલતો અને દુખ સાથે એખલો એ પ્રમાણે બોલવા લાગ્યો કે “આ ગોલ આસમાને મારી કેવી ખરાબી કીધી છે? હુ આ વખત મને મારી નાખવા અને મારૂં ખુવારી ભરેલુ મોત લાવવાને આવેલો નજરેનજર જોઉ છુ” પછી તે દુખ સાથે મીનારા ઉપરથી નિચે ઉતર્યો અને પોતાના બુજોર્ગોના તખતને છેલ્લી સલામ કરતાં બોલ્યો કે, “હુ તુને ખુશાલીના, આરામના અને મોજમજાહના દિવસો સાથે ફરીથી પાછુ કયારે જોવશ” પછી તે તે જગ્યાએથી ગુમ થઇ ગયો તેની હુશીયારી અને અકકલ તેની આગળથી પક્ષીં માફક ઉડી ગયાં. તે કીલ્લામા જે મેહેલ બાધેલો હતો તેની નિચેની જમીનમાંથી એક ભોંયરૂ બનાવવામાં આવ્યુ હતુ. તે ભોંયરાને માટે તેના લશકરનો કોઇ પણ શખ્સ વાકેફ હતો નહી કે તે મેહેલની નિચેથી એવો કોઇ માર્ગ હોય આથી તેણે નામદારો વચેથી બસો માણસોને ચુટી કાઢયાં અને તે બે માલુમ રસ્તેથી ગુમ થઇ ગયો પછી તેણે તે રસ્તામાથી નિકળીને જંગલનો રસ્તો પકડયો. એ બાબદથી તેના મુલકના તમામ લોકો અચરત બન્યાં. કોઇ પણ શખ્સ જેહા-નમાં તેને માટેનો પત્તો આપી શકતો હતો નહી એ પ્રમાણે તેને આખેરે દુખ ખમવુ પડયું

જ્યારે કએખસરૂ તે અફ્રાસીયાબનો મેહેલ કે જે સનીશ્ચર સેતારા સુધી પુગેલો હતો તેમાં આવી લાગ્યો, ત્યારે તે પાદશાહ પોતાના સુનેરી કોલાહ-

બાલા પેહેલવાનોની સાથે તેના સુનેરી તખત ઉપર જઇ બેઠો. તેઓએ તેની ઘણી પણ સોધ કીધી તથા તેનો પત્તો મેલવવા માંગ્યો પણ તે તે નામદારી ભર્યા સરદારોની કાઇ પણ નિશાણી મેલવી શકયો નહી. આથી પાદશાહે કરસીવજ અને જેહેનને તે તુરાની પાદશાહના એ કામ બાબે પુછયુ કે "તે (અફ્રાસીયાબ) કયા ગયો છે? તેની ભરાઇ બેસવાની જગ્યા કયાં છે? અત્રેથી આલોપ થઇ તેણે કયા આસરો લિધો છે?" તેઓ જે કાંઈ બોલતા તે પાદશાહ સમજી લેતો, પણ તે તેને માટેની કાંઇ પણ નિશાણુ મેલવી શકેયો નહી. આથી તે ફતેમંદ પાદશાહે ઇરાનીઓને કહયું કે, "હવે જ્યારે તે દુશમન પોતાના તખત ઉપરથી ઉઠીને દુખ પામતો થયો છે ત્યારે તેનુ નામ નિશાણુ પણ જેહાનમાંથી ઘટતું જશે અને તેને માટે મોત અને જીંદગી એક સરખી થઇ પડશે" પછી તેણે લશકરમાંથી અકકલમ દોને તથા જેહાનના અનુભવીઓ અને લડાઈમાં ઘડાયલા સરદારોને ચુંટી કાઢીને તેઓને આ પ્રમાણે કહયું કે, "તમો આબાદ રેહેજો. અને તમારા શરીર તથા દિલ ઇનશાફ ભર્યા બનજો. તે ઉંધાં નસીબના તુરકીના ખજાનાના દરવાજા (ખોલવા) હું તમોને સોંપી દેઉ છુ માટે તે ઉપર તમો સખત મેહેનત કરજો પણ અફ્રાસીયાબના મેહેલ ઉપરના આસમાનની ઉંચાઇએથી સુરજ (હમેશ માફક) તપતો રેહેવો જોઇએ છે (યાને આ મેહેલ જેમનો તેમ રેહેવા દેવો ઘટે છે.) વળી આ મેહેલમાંથી તેની પરદેપોશ ઓરતોના (હાય અફસોશના) અવાજો પણ મારે કાને પડે નહી એમ તમો કરજો (યાને તેઓને હેરાન કરતા ના.) જે કોઇ તે કીલ્લામાં ભરાઇ બેઠા હતા તેમની સંભાળ અર્થે તેણે ત્યા ચોકીબાનોને મોકલ્યા તે પાદશાહે પોતાના દરજાને છાજતી રીતે અફ્રાસીઆબના કુટુંબીઓમાનાં કોઇને પણ દુખ દિધું નહી. જ્યારે તેની એ પ્રમાણેની વર્તણુક જોઇ ત્યારે તેનુ તમામ લશકર બડબડાત કરવા પડયુ. તેઓ બોલવા લાગ્યા કે "અત્રે કએખસરૂ એવી રીતે આવ્યો છે કે જાણે તે પોતાના બાપને ત્યાં મેહેમાનદારી ચાખવા આવ્યો હોય. તેને તો તેનો બાપ કે જેનુ માથુ ઇનશાફ વગર ખંજરથી કાપી નાખવામાં આવ્યું હતુ તેના ખુનની તથા વળી તેની માય કે જેને પણ તેના તખત ઉપરથી ખેચી કાઢીને તેણીને નગન શરીરે રસ્તામાં ફેકાવી હતી તેની પણ યાદ રહી નથી. એ નિર્દોશ પાદશાહ ભરવાડો વચે ગોસ્પંદોના દુધ ઉપર ઉછેર્યો હતો તે કેમ કરીને વાઘ માફકના તિક્ષણ પંજા વડે અફ્રાસીયાબના ઘેર ઉપર રસ્તાખેજ વરસાવે? અને કેમ તેના મેહેલ અને દીવાનખાનાને ભોંય સાથ બનાવે! તથા કેમ તેના કુટુબીઓ ઉપર કીનાથી આતશનો વરસાદ વરસાવે"!

પછી ઇરાનીઓના એમ બોલાવાની સઘલી ખબર રફ્તે રફ્તે કએખસરૂને પુગ્યાથી તેણે કોઇને મોકલીને દાનાવ શખ્સોને બોલાવી મંગાવ્યા અને તેઓ આગળ કેટલીક દાનાઇભરી વાતો કીધી કે, "દરેક ઠેકાણે તુ ડાઇ દેખાડવી જોઇતી નથી અને કમઅકકલી સરદારની તારીફ ગાવી ઘટતી નથી. કીનો લેવાની જગ્યાએ આપણે ઇનશાફ એખત્યાર કીધો છે તેજ ભલુ ગણાશે. ગુસ્સામાં પણ આપણને કિર્તીનો વિચાર રાખવો જોઇએ કારણ કે કીર્તીથીજ આપણે જેહાનમાં યાદગારી રાખવા પાંમ્યે છીએ. જમાનો કોઈ સાથે જાવેદાન સુધી રેહેતો નથી. વળી આ ફરતુ આસમાન તે જમાનાથી જેમ બને છે તેમ દરેક ઉપર પુશ્કલ જુલમ પાડે છે." પછી તે જેહાનના પાદશાહે તેઓને હોકમ કીધો કે "તમો તેની પરદેપોશ ઓરતોને ખાનગી રીતે અત્રે લાવો અને તે પાદશાહની સઘલી પરદેપોશ બેટીઓમાથી જે કોઈ પરદામાંથી બાહાર આવવા નહી માગતી હોય તેને માટે તમો મને આવીને કહેો." જ્યારે ઇરાનીઓએ એ હોકમ મેલવ્યો ત્યારે તેઓ કીના ભર્યા બનીને મેહેલ તરફ ઉટાવલે દોડયા. તે પેહેલવાનો એમ ધારતા હતા કે ખસરૂ તેમની જીંદગીનો અંત લાવશે. આથી તેઓ તેમણે તારાજ કરવાની અને મારી નાખવાની તૈયારીઓ સાથે ખુવારે હાલ ત્યા ધસડી લેઇ ગયા.

અફ્રાશીયાબના કુટુંબની ઓરતોએ કએખસરૂની માફી ચાહી અને તેઓએ તેનું રક્ષણ મેલવ્યું તે વિષે.

આથી તે મેહેલમાથી રૂડનના પોકારો સમજાવા લાગ્યા કે "ઓ પુશકલ અકકલવાલા ઇનશાફી પાદશાહ ! તુ જાણે છે કે હમો તદન નિર્દોશ છીએ. હમે કાંઇ ખુવારી કે નાશ કરવાવાલાં હતાં નહી" પછી તે બાનુઓની વડી પોતાની બેટીઓ સાથે પાદશાહ આગળ રૂડન કરતી આવી આ દરેક બેટીઓ આગળ સોસો બાંદીઓ ચાલતી હતી અને દરેકના માથાં ઉપર યાકુતના તાજ પેહેરેલાં હતાં તે તાજમાના જવેહેરાતો પ્રકાશતા સુરજ માફક પ્રકાશ આપતાં હતાં. તેઓ સઘલી સુનેરી પોશાકમાં સજ થઇ હતી અને તેઓના હાથમાં એક એક સુનેરી જામ પકડેલી હતી. તે સઘલીઓના દિલ શેહેનશાહની ધાસ્તીથી ભરેલાં હતાં તેઓએ પોતાના માથાં તેની આગળ શરમથી નિચે નમાવ્યાં. તેઓએ એક હાથમાં ધુપદાંન અને બીજા હાથમાં જામ પકડી હતી, જે જામમાં કસ્તુરી યાકુત, સુનું અને જવેહેરાત ભરેલુ હતું. તેઓ તે ધુપદાનમાં કસ્તુરી, અને સુધ અગર બાલતી હતી. તુ કેહેશે કે સાતમાં આસમાન ઉપરથી જાણે

સનિશ્ચરે આ જમીન ઉપર સેતારાઓ વગસાવ્યા છે પછી તે બાનુઓની વડીએ તેના તખત આગળ આવીને તે પાદશાહની પુશકલ તારીફ કીધી. અફ્રાસીયાબે પોતાની સઘલી બેટીઓને લાડ સાથે ઉચ્ચારી હતી તેઓએ તેને એ પ્રમાણે નમન કરીને સઘલીઓએ જારજાર રડવા માંડયું કારણ કે તેઓ હવે આવી ખુવારી અને જારી સાથે જીવતી હતી જે કોઇ મોજમજાહ કરવાથી અને લાડ ભોગવવાથી પડી ભાગ્યુ હોય તેની તંગી વખતે તેના ઉપર દયા કરવી ઘટે છે. તેઓએ ત્યાં તેની દુખ વચે પણ તારીફ કીધી કે "ઓ નેક પગલાના અને સખી ખસરૂ ! જો તારી સાથે તુરાનથીજ ભલાઇ થઇ હતે તો તારૂં દિલ અંદરખાનેથી દુખી અને કીનાભર્યું રેહેતે નહી. ત્યારે તો તું અત્રે ખુશાલી ભોગવવાને ભપકાથી આવતે અને પાદશાહો તરફની દુવાઓ અને પેગામો સાથે અત્રે આવતે. હાલે તું આ મુલકનો પાદશાહ અને માલેક ગણાતે અને અત્રેના પાદશાહી તખત ઉપર તારા બે પગો મુકાતે ત્યારે સીયાવક્ષ પણ વગર ફોકટનો એમ માર્યો જતે નહી. પણ સુરજ અને ચંદ્રથી તેમ બનવાકાળ હોવાથી તે બુરી ખાશીયતના અફ્રાસીયાબે એમ કીધુ હતુ, જેથી તે હવે તારી માફી સ્વપનેજ મેલવશે મે તેને શિખામણો આપી પણ તેનો તેણે ફાયદો ધર્યો નહી, પણ ઉલટું તેણે મારી શિખામણથી પોતાનું માથુ ફેરવ્યું હતુ ત્યારે મારી આંખોમાંથી કેવાં લોહીના આંસુઓ પડયાં હતા તે માટેનો તો પરવરદેગારજ મારો શાક્ષિ છે. બીજુ એ કે આ જમીન ઉપર જેહેન જે તારો સગો થાય છે અને જે હાલે તારાં બંધીખાનામા રૂડન કરતો પડયો છે તે પણ મારો ગવાહ છે કે સીયાવક્ષને લિધે મારા ઘરમાં મારા દિલ અને જીવને કેટલો બધો સંતાપ ખમવો પડયો હતો. કારણ કે તે બુરા વિચારના અફ્રાસીયાબે મારી પુશકલ શિખામણો નહી સમજવાથી તેને પણ ફાયદો થયો નથી. હવે તેટલામા તેનો પણ આવો વખત આવી લાગ્યો છે અને તેની પાદશાહી ઉંધી વલી ગઇ છે. પોતાના તાજ અને કમરબંધનો તેણે પોતેજ નાશ કીધો છે તેનો દાહાડો અંધકારવાલો બન્યો છે અને તે ઉંધે મસ્તક પડયો છે. મોત કરતા તેની આવી જીંદગી વધારે ખરાબ ગણાય ગોયા જમાનાએ તેના શરીર ઉપરની ચામડીનેજ ઉખેડી કાઢી છે હવે તુ પાદશાહ તારા રેવાજ મુજબ હમોને નિર્દોશ તરીકે કબુલ. હમે સઘલીઓ પાક છીએ અને તુ ખસરૂની તરફ ચુસ્ત છીએ. હમે જેહાનમાં તેનુ નામ સમજવા સિવાય બીજુ કાઇ સમજીશુ નહી માટે તે જાદુગર અફ્રાસીયાબની બુરી કરણીને ખાતર તું હમો નિર્દોશો ઉપર ઉટાવલો બનતો ના શા માટે તું એમ ખુવારી કરી, જખમો મરાવી અને લોહી રેડીને ગુનાહમાં સંડોવાવા માગે છે. નિર્દોશોને ગરદન મરાવવા એ તુ પાદશાહ

માટે લાયક નથી. ઓ પાદશાહ ! એમ (માફ) કરવા સિવાય તારો બીજો કાઇ છુટકો નથી. કારણ કે આ ત્રણ પાંચ દિવસના મુસાફરખાના જેવી દુન્યામાં કોઈ જાવેદાન રહયું નથી. માટે તું એવું કર કે જ્યારે કયામત વખતે પરવરદેગાર તુને પુછે ત્યારે તુંને તારૂ મોઢુ તેની આગળથી શરમ સાથે ફેરવી નાખવુ પડે નહી "

એમ સમજીને ખસરૂ તે ઉવાં નસીબની ખુબસુરત ઓરતો માટે ઘણો દુખી થયો. તે પરદેપોશ ઓરતો માટેના ગમ અને દુખથી તેના ગાલો ચેરાગ માફક લાલ બની બન્યા અક્કલમંદ શખ્સોના દિલ પણ દુખથી ગમગીન બન્યા અને દરેકને પોતાના ફરજદો અને ઓરતોની યાદ આવી. આથી તે લશકરના સરદારો અને બાહુર નામદારો પણ પુશકલ દુવા માગવા લાગ્યા કે, "પરવરદેગારને ખાતર તે નામદાર પાદશાહ તેઓ ઉપર કીનો નહી લે તો સારૂ " પછી અકકલમંદ કએખસરૂએ એવો જવાબ દિધો કે, "જો મારૂં દિલ ગમે એટલુ કીનો લેવા તલપતુ હોય તોપણ જે ચિજ હમુને પસંદ નહી હોય તેવી બુરાઇ બીજાઓ ઉપર પણ હુ કરશ નહી. જ્યારે હુ તે મોટા દરજ્જાના નામદાર (અફરાસીયાબ) ના કામોનો વિચાર કરૂ છુ ત્યારે તે (કામો) પણ મને પસંદ પડતા નથી કારણ કે તેણે મારી હુનરમંદ બાય જેવી સાથે પણ બુરાઈ કીધી છે તોપણ હુ કોઈનુ પણ બુરૂં કરવાનો નથી." પછી તે પાકજાદ જેહાનનો માલેક જે આવી રીતનો હતો તેણે તેઓને પોતાની જગ્યાએ પાછુ ફરવાનો હોકમ કીધો અને તેઓને કહયુ કે, "તમો નચિંત રહો અને મારૂં કેહેવુ સમજો. હવેથી તમોએ મારી ધાસ્તી કરવી નહી. હું કાંઈ કસાઇ જેવો બેવફા નથી. કોઇપણ તમારાં શરી ને બુરાઇ પુગેલી જોવા માગશે નહી, અને જો તે તેમ જોવા માગશે તો તે વધુ વખત જીવવા પાંમશે નહી. માટે તમો તમારા શરીર અને જીવોને પરવરદેગારને સોંપીને તમારા મેહેલમાં નચિંત રેહેજો.

પછી ફતેહમંદ નસીબના ખસરૂએ ઇરાનીઓને કહયું કે, "તે સાહેબે આપણને આ મુલક તાજ અને તખત બક્ષ્યું છે ઇરાન તમારી બેઠકની જગ્યા હોવા છતાં તમોએ તમામ તુરાનનો મુલક પણ હાથ કીધો છે તેથી હવે તમો સઘલાઓ તમારા દિલમાથી કીનો બાહાર કાઢી નાખો અને આ મુલકમાં દયાનું જાદુ ચલાવો કારણ કે લોકોના દિલમાં લોહી રેડાવાની અને આ મુલક ગોલાબી રંગનો બનવાની ઘણી ધાસ્તી છે. દરેક કામમા પેહેલી નરમાશ જોઇએ છે તેથી આપણને સરૂવાતમાજ કજીયો કરવો ઘટતો નથી તુરાનનો સઘલો ખજાનો હુ તમોને સોપું છું અને તેને માટે હું કાઇ તમો ઉપર ઉપકાર

પણ કરતો નથી. તમો કોશેશથી ખુબીભર્યાં કામો કરજો અને જ્યાં જ્યાં પણ તમો સીયાલો (યાને ખરાબી) જુઓ ત્યાં તમો તેને વસંત (આબાદી) માં ફેરવી નાખજો. હું રફતે રફતે આ લશકરના એકેએકને પણ ખજાનાથી અને પૈસાથી ધરાઈ ગયલા બનાવશ માટે હવે લોહી રેડવાથી તો હાથને ખાંચ નાજ જોઇએ અને નિર્દોશોના માથાં કાપવા ઘટતાં નથી અમથો અમથો ગુસ્સો કરવામાં અને નિચે પડેલાઓને ક્ચુડવામાં મરદાનગી ગણાતી નથી તમો જે ઓરતો પરદેપોશ ફરતી હોય તેઓ આગળથી તમારા ચેહેરા ફેરવજો. વળી તમો પારકી ચિજો ઉપરથી પણ તમારી નજર ખીસાડી નાખજો, કારણ કે એવી ચિજો માટેજ દોસ્તના દુશમનો થાય છે. વળી નિર્દોશો ઉપર દુખ પાડવું પરવરદેગારને પણ પસદ નથી. તેથી જે કોઇ મારી અકકલ પ્રમાણે ચાલશે તે મારી જગ્યાને વેરાન બનાવવા ચાહાશે નહી વળી બીજુ એ કે જે કોઇ સરદાર આબાદ જગ્યાને વેરાન બનાવે તેને લોકો જુલમગાર અને શુમ ગણે છે." પછી પાદશાહે અફરાસીયાબના પોતાના અગત ખજાનાના સિવાય તુરાની રૈયતનો ખજાનો કે જેનો હીસ્સો કોઇને પણ મલતો હતો નહી તેના બારણાં ખુલ્લાં મુકવા માટે લશકરને ફરમાવ્યુ વળી તેણે તે તમામ લશકરને ખજાનામાંથી, હથીયારોમાંથી તખત અને તાજોમાથી પણ બક્ષેશ કીધી તુરકીઓનુ જે અગણીત લશકર ચોબાજુએ વિખેરાઈ ગયુ હતુ તે પણ પાદશાહ આગળ આવી ભેગુ થયુ તેણે તેઓને માફી બક્ષી અને તેઓ ઉપર નવાજેશ કરીને તેમના સઘલાં કામો જડપથી કરી આપ્યાં. તેણે તુરાની જમીનમાથી સરદારોને થોડો થોડો હીસ્સો બક્ષ્યો અને દરેક નામદારને એકએક શેહેર બક્ષ્યું. જે જે મુલકોમા જે કોઇ તેનો હોકમ માન્ય કરતો હતો નહી તેમના પણ જાન તેણે પોતાના બાધુરો મારફતે લિધા નહી જેમ જેમ દરેક મુલકના સરદારોના નામો મુકરર થતાં ગયાં તેમ તેમ તે જમીનના લોકો પાદશાહના ચાકર તરીકે બનતાં ગયાં. દરેક બાજુએથી જુદા જુદા સરદારોના એલચીઓ, હદીઆઓ અને પેગામો સાથે માર્ગમાથી એક પછી એક તે પાદશાહ આગળ આવવા લાગ્યા, અને તે સઘલાઓ પાદશાહ ખસરૂના નોકર બન્યા.

કએખસરૂએ કાઉસ ઉપર નામું લખી તેને એ ફતેહની ખબર પુગાડી તે વિષે.

પછી તેણે પોતાના પસદ પડતા મુનશીને તેડાવી મ ગાવીને તેની સાથે જે કાઇ વાત કરવી ઘટતી હતી તે કીધી તે નામાની સરૂવાતમાં તેણે જે સાહેબે આ જમીન ઉપરથી બુરાઇને અટકાવી તે પરવરદેગારની પેહેલી તારીફ

કીધી અને લખ્યું કે "તે સાહેબે તે જાદુગરોના ડોકાંને ઉંઘાં નાખ્યાં છે અને મારાં ઉંઘમાં પડેલાં નસીબને તેણે જાગરૂત કીધુ છે તે સાહેબથીજ ફોવટ, અક્કલ અને ઇનશાફ મલે છે અને તેનાથી દરેક ઠેકાણે જુલમ ખમનારાઓને ખુશાલી મલે છે." પછી લખાવ્યુ કે "તુ જેહાનનો અનુભવ પાંમેલો, ખુજોર્ગ અને નેકખાહ કાઉસ પાદશાહના નસીબથી આ અફરાસીયાબના ફગદેઝને આપણા લડાયક સરદારો અને ભારી ગુરજવાલા નામદારોએ એકજ લડાઇથી ખોલ્લું કીધુ છે અને તે અફરાસીયાબનું નસીબ ઉધમાં પડયું છે. મને લાગે છે કે ગુલરજ્યુનમાં લડાઈ માટે ખેચેની સફમાથી તેના ચાલીસ હજાર માણસો માર્યા ગયા હશે તેવામા એક સખત વ ટોલ્યો થઇ આવ્યો જેથી મોટાં ડાંખલી સાથના ઝાડો મૂળમાંથી ઉખેડાઈ જવા લાગ્યાં વળી જે કેટલુક લશકર હમારી ઉપર જીત મેલવવા માંગતુ હતુ તે નદીમાં જઈ પડયુ. પછી ત્યાંથી હમો બેહેસ્ત ક ગ તરફ ગયા કે જ્યાનો કીલ્લો લડવાની સામગ્રીઓથી અને માણુસોથી ભરેલો હતો તે કીલ્લાના બચાવ અર્થે લડનારા ત્રીસ હજાર માણસો હતાં જેઓ એ લડાઇમાં માર્યા ગયાં છે એવું બન્યુ કે તે શખ્સ જુલમગાર હોવાથી તેને તેની અકકલે અને તેના નસીબે મદદ આપી નહી. જેણે તેના તમામ મુલક ઉપર લશકર પાકરી મુકયું હતુ તે હાલે જેહાંમાંથી પણ ગુમ થઇ ગયો છે જે દિવસે મને (તેને પકડવામાં) ફતેહ મલશે તે દિવસે હું તે બાબેની તુ પાદશાહને ખબર પુગાડશ." પછી તેણે તે નામાં ઉપર સુનેરી મોહર કરીને તે નામું કાઉસ પાદશાહ ઉપર મોકલી આપ્યુ. ત્યાર બાદ તે જઇને ખુશાલી પાળવા બેઠો અને પરી જેવા ચેહેરાની ઓરતો તેની આગળ હાથમાં દારૂ સાથે આવી ઉભી તે જેહાનનો પાદશાહ પોતાના સરદારો અને અક્કલમંદ નામદારો સાથે ખુશાલ ખાવાપીવા બેઠો એ પ્રમાણે જ્યાં સુધી વસતની મોસમ બેઠી અને જેહાન તરેહવાર રગ અને ખુશબોવાલી બની તથા તમામ ખેતરોએ ગલીચાનો રંગ પકડયો અને હવા ચિત્તાના ચામડા જેવી રંગ બેરંગી બની તથા જંગલોમા ગોરખરો અને હરણો ભપકાથી દોડવા લાગ્યાં, ત્યા સુધી તે શેકારી કુતરાઓ અને ઉડતા શકરાઓ સાથે તથા કસ્તુરીના સોડમના દારૂ અને તરાજ શેહેરની ખુબસુરત ઓરતો સાથે પોતાનો વખત ખુશાલીમાં પસાર કીધો તમામ ચોપગા ઘોડાઓ એકી વખતે જોર એકઠું કરીને સઘલી બાજુએ વિખેરાઇ ગયા અને માણસો નરસિહો માફક ગરદન ઉપર હરણોને ઉઠાવીને લેઈ જવા લાગ્યા તેણે વળી લડાઇના અનુભવીઓને ચોબાજુએ તપાસ અર્થે મોકલી આપ્યા. એ પ્રમાણે તે ચાલાકી સાથે જેહાનમાં કામ કરતો રહયો

અફરાસીયાબના ફગફુરના લશકર સાથે આવી પુગવાની ખબર કએખશરૂને મલી તે વિષે.

તેવમાં ચીન અને ખોતનના મુલકમાથી ખબર મલી કે, "અફ્રાગીયાબ ત્યાંના લોકો વચે જઈ લાગ્યો છે અને ચીનનો ફગફુર તેની સાથે જોડાઇ ગયો છે અને તમામ ચીનનો મુલક ચકચાર ભર્યો બન્યો છે. ચીનથી તે ગુલ્લરજીયુન સુધીનુ એક લશકર તૈયાર થયુ છે અને ચીનનો ખાકાન તેઓનો સરદાર બન્યો છે વળી ચીનના ફગફુરે મોકલેલા માલમતાની તથા ચાકર, નોકર અને સામન સાથના ઘોડાઓની કીમત કોઇ પણ શખ્સ આકી શકતો નથી. સઘલાઓ તે અફ્રાસીયાબ ઉપર પાદશાહ તરીકે દુવા ગુજારે છે વળી તેને હાથ પીરાતનો ખજાનો અને તેના પૈસાથી લાદેલા છ હજાર ઉંટો પણ આવ્યા છે ખોતનમાથી એ સઘલો માલ મલી જતાજ તેની આગળ એક લશકર ભેગુ થવા પામ્યુ છે વિગેરે." જ્યારે આવી રીતની ખબર તે માકી પામેલા લશકરને માર્ગમાથી આવી મલી ત્યારે સઘલાઓએ ઇરાનીઓની સામે થવા માડયુ અને કીનો લેવાને પાછી કમર બાધી જ્યારે અફ્રાસીયાબે આવું લશકરને તોડનારૂં એક લશકર એકઠુ કરીને ખોતનમાંથી ઉઠાગીરી કીધી ત્યારે તુ કહેશે કે જાણે જમીન પણ તે લશકરનો ભાર ખમી શકતી નથી અને મેનારાઓની માફક તેના લશકરની પણ ગણત્રી થઈ શકતી નથી. પછી તેણે દુખભર્યા બની તે લડાયક લશ્કર સાથે ચીનથી કએખસરૂ તરફ આવવાને કુચ કીધી જ્યારે કએખસરૂએ તે લશકરની ખબર સમજી ત્યારે તેણે સભાળ અર્થે ચોકીબાન લશકરને તેના માર્ગમા રાખ્યુ તેણે કેશવાદના બેટા ગોદરેજને તથા સિહ જેવા પેહેલવાન ફરહાદને હોકમ કીધો કે, "ચોકીબાન લશકરને ચોકી કરતુ ઉભેલુ રાખીને તમો અત્રે ઇનશાફથી અને અકકલ જાલવીને રેહેજો" વળી તેણે ગોદરેજને કહ્યુ કે "આ લશકર તારૂં જ છે અને તે તારી પનાહ હેઠેલ રાત અને દિસ રેહેશે જ્યારે પણ તુ તુરકીઓમાના કોઇને કોઈ પણ વખત દુશમનની જરા પણ યાદ કરતા જોય ત્યારે તું તેને તુરતજ જીવતો સુલીએ ચઢાવજે અને પછી બે પગો બાધીને ઉંધો ટાગજે જો તુ દુખ નહી પામે તો નચિત રેહેજે અને આ લશકર તથા ખજાનાની સભાળ કર્યા કરજે."

કએખસરૂ તથા અફરાસીયાબે એકમેક સાથે લડવા માટે સફ ખેંચી તે વિષે.

પછી છાવણીમાથી વાજીત્રો સાથે સરનાઈ અને ચગના અવાજો નિકળવા લાગ્યા. કગમાંથી એક એવી રીતનુ લશકર બાહાર પડયું કે જે જાણે સુરજ સાથેજ લડાઇ કરવાની ઇચ્છા કરતું હોય. જેવુ ને લશકર શેહેરમાંથી બાહાર પડયુ તેવુજ તેણે જ્યાં લેઇ જવુ હતુ ત્યાં લેઈ જઇને સફ ખેચાવી. બધે લશકર વચેનુ છેટુ બે ફ્રરસગનુ રાખ્યુ. પછી પાદશાહે નામદારોને બોલાવી મગાવીને આ પ્રમાણે કહયુ કે "આજ રાત્રે તમો અત્રેથી જરા પણ ખીસ્તા ના, અને ઉઘવાની તથા આસાયશ લેવાની પણ ઇચ્છા કરતા ના." પછી તેણે તે જગલ આસપાસ ચોકીબાન લશકર ફરતું રાખ્યું અને આખી રાત તે લશકર ત્યા ફર્યા કીધુ એ પ્રમાણે ત્યા તેને એક અઠવાડયું સુધી થોભવું પડયું તેટલા તેણે ત્યાં લશકરના અસબાબની સઘલી તૈયારી કરી મુકી આઠમે દિવસે ચોકીબાન લશકરે માર્ગમાથી આવીને તે લશકરના આવી પુગવાની ખબર ખસરૂને આપી આથી તે પાદશાહે લશકરને એવી રીતે ગોઠવ્યું કે જાણે સુરજ અને ચંદ્ર પણ તેની સાથે લડવાની ઇચ્છા કરવા લાગ્યા. અફ્રાસીયાબે તે લશકરને જોતાજ તેણે પણ આવીને બરોબર સફ ખેચી. અફ્રાસીયાબે પોતાના અક્કલમંદોને કહયું કે "મારે મનથી તો આ લડાઇનુ મેદાન જાણે એક સ્વપનો હોય યા મજાહ હોય તેમ જણાય છે. મને તો જાણે લડવાની ઉટાવલ જેવું નહી હોય તેમ મારા તખત ઉપર ખુશાલ ઉઘ આવે છે. નાહાસ ભાગ કરતાં હાલે હું ઘણો થાકી ગયો છુ. જોકે મારૂ મગજ કીના ભર્યું બન્યું છે અને લડવાને માટે દિલ ઉશકેરાયલુ છે એ બોરેહ કએખસરૂનુજ બનશે કે નવેસરથી જમાનો મારે માથે ફરતો થશે તે હુ જાણુતો નથી આ મોત અને દુખ વચે પણ જો મારી ખાહેશ પાર પાડવાની હશે તો હુ ધારૂં છું કે હુ તેનો હરીફ બની શકશ." તેના ડાહાપણવાલા ખેશીઓ અને પારકાઓ બોલ્યાં કે "તુ પાદશાહને પોતાનેજ જો લડાઈ કરવી ઘટતી હોય તો પછી લશકરની અને આવી દોરધામની શું અગત્ય હતી? તારી આગળ તમામ ચિનાઓ અને તુરકીઓ ઉભેલા છે કે જેઓ પારકાને બદલે તારા કુટુંબીઓ જેવા છે. માટે હમે હમારા શરીર અને જીવ તુને અર્પણ કીધા છે જ્યાં સુધી આપણા વચે કોલકરાર છે ત્યાં સુધી એજ પ્રમાણે રેહેશે. જો તારા સો માણસો માર્યા જશે તો બીજા હજાર આવીને ઉભાં રેહેશે. માટે તું તારા શરીરને હલકુ ના સમજ. હમે તમામ લોકો તારૂં ભલું ઇચ્છનારા છીએ અને હમો તારાં તાજના દમામ

વડે જીવ્યે છીએ " ત્યારબાદ લશકરમાંથી પોકારો ઉઠી રહયાથી જમીન અને જમાનો લડાઇ અને જુસ્સાથી ભરેલો બન્યો તેટનામાં સુરજ અસ્ત પાંમવાથી કાલા ધુલારા વચેથી તારાઓ દેખાવા લાગ્યા

અફરાસીયાબે કએખસરૂ ઉપર સુલેહનો પેગામ મોકલ્યો અને કએખસરૂએ તે કબુલ કીધો નહી તે વિષે.

પછી તે તુરકી સેપેહસાલારે લડાઇના અનુભવી બે શખ્શોને ચુટી કાઢીને પાદશાહ કએખસરૂ ઉપર એક પેગામ મોકલ્યો કે " (આપણા) લશકરના પુશકલ પેહેલવાનો નાશ પામ્યા છે ઓ પાદશાહ! ઇરાનથી તે કંગદેઝ સુધીની લંબાઇ હજાર ફરસંગની હશે તે માહેલા પાહાડો, જંગલો, કઢનો અને બીજો ઝાડી અને તીરોની માફકના બન્ને તરફના લશકરોથી ભરાઇ ગયા હતા. પણ તે સઘલી કંગ અને ચીનથી તે ઇરાનની મુલકની જમીનો ઝીનાથી લોહીના દરીઆ જેવી બની છે અગરજે પાક યજદાન એવોજ ઉંડો વિચાર કરે કે માર્યા ગયલાઓના લોહીથી ત્યાની ધુલ ઉપર જાણે કલજમનો રાતો દરીઓ બની જાય તો તેમા બન્ને તરફના લશકરો પણ ગુમ થઇ જાય જો તુ મારી પાસેથી ખજાનો યા લશકર અથવા તો તુરાનનો મુલક કે તાજ કે તખત માગતો હશે તો હુ તે તુને અત્રેથી ગુમ થઇને પણ સારો જવશ. પણ મારા જીવની કુચી હુ તલવાર સિવાય બીજી કાંઇ ધરાવતો નથી. હુ તારી માયનો બાપ હોવા છતાં અને નીંરગ બનાવનારા ફરીદુનની તોખમ ધરાવતો હોવા છતા તારે મારી સાથે એમ કરવુ ઘટતુ નથી જો તારૂં દિલ બાપના ઝીનાથી દુખી થયુ હોય અને તારી નજરમા મારી આબરૂ પણ તેટલીજ ઘટી ગઈ હોય તો એ સઘની બુરાઇ માટે સીયાવક્ષ ગુનેહગાર ગણાશે કારણ કે તેનાથી મારૂ દિલ દુખ અને ગમથી ભરેલુ બન્યુ છે બીજુ ઉચાઇએ ફરતા સેતારાઓની ચાલથી જેમ આસરે લે છે તેમ નુકસાન પણ પુગે છે તેઓ સાઠ વર્ષ સુધી મારે માથેથી એવી રીતે ફર્યા છે કે મને મારા નામદારો સાથે જંગલમા નાહાસવુ પડયુ નહી હોય તુ જેમ મારો બેટો છે તેમ ઇરાનનો પાદશાહ પણ છે અને લડાઈમા તુજ સિંહ જેવા પંજા પણ ધરાવનાર છે માટે આ મેદાનની એક દુરની જગ્યા કે જેની નજદિકમા તારા વફાદાર શખ્શો હોય નહી ત્યા તુ લડવાનુ પસંદ કર કે જેથી આપણે બન્ને તે જગ્યામા લડવા ઉતર્યે અને ત્યાંથી લશકરને દુરજ રખ્યે. જો તાર હાથે હુ માર્યો જાઉ તો તારી જાલમા દરીઆનુ મગર પકડાયલુ ગણાશે. પછી તું તારી માયના સગાઓ

અને કુટુંબીઓને મારતો ના પણ કીનાને પહરેજ રાખી એટલોબધો ગુસ્સે પણ રહેતો ના. જો તુ મારે હાથે માર્યો જાય તો તારી રૈયત પણ પરવરદેગારની માફી પામશે હુ એક પણ શખ્સને દુખથી હેરાન થવા દેવશ નહી અને પછી તેઓને લડાઈના મેદાનનુ કાલુ ધુલારૂ પણ જોવા દેવશ નહી."

ખસરૂએ તે પેગામ કેહનારાઓથી એ પેગામ સમજીને સાગના દસ્તાનના બેટા (રૂસતમ) ને કહયુ કે, "માણસોને ફરેબ આપનાર આ બુરી કરણીનો તુરકી હજી સુધી ચઢતી પડતીથી ધડાયો નથી. તે લડાઈ વખતે એજ પ્રમણે એટલુબધુ કેહેવાડે છે ખરો પણ સાથે સાથે શાહેહનુ દખમુ પણ સોધતો રહે છે તે ફરીદુનના નબીરો અને પશગનો બેટો હોવાથી તેની સાથે લડવામા મને કાઇ શરમાવા જેવુ નથી" રૂસતમે તેને જવાબ દિધો કે, "ઓ પાદશાહ ! તુ તારા દિલમા લડાઇનો આતશ ના રાખ કારણ કે પાદશાહ લડવા જાય એ તેને માટે શરમ ભર્યુ છે પછી તે તારો હરીફ વાઘ પણ હોય તો શુ થયુ. બીજુ તે જે કેહેવાડે છે કે 'મારા લશકર સાથે તથા મારા કબીલા અને મુલક સાથે તું લડાઇ કરતો ના' પણ તારૂ તો દરીઆ જેવુ બોહોલુ લશકર છે તેથી તેઓનો વિચાર એ વાતથી ઉલટો કાંય નહી હોય ? જ્યારે તુ તારા મમાવા સાથે પરવરદેગારના સોગદથી બંધાવા માંગે છે ત્યારે તો તેના દિલમાં પણ કાઇ કાવાદાવા હોવા જોઇએ નહી તુ તારે તારા ભેગાં લશકરને જંગમાં ઉતાર અને આવી વગર અગત્યની વાતને તું ભુલાડી નાખ." જ્યારે ખસરૂએ રૂસતમની એવી વાત સમજી ત્યારે તેને તે જમાના ખાધેલા બુઢાનુ કેહેવુ પસદ પડયુ પછી તેણે તે એલચીઓને કહયુ કે, "એ બુરી મનશાનીનો શખ્સ જે મારી સાથે એમ લડાઇમાં ઉતર્યો છે તેણે સીયાવશ સાથે અનીવણી વફાદારી કીધી છે છતાં પણ તે વખતે તે પોતાની જીભને કાવાદાવા ભરી રાખતો હતો અને દિલને જુલમ ભર્યું રાખતો હતો. માટે તુ અત્રેથી જઇને તે બુરી કરણીના શખ્સને કેહેકે હવે પછી તુ એવી રીતનુ કેહેન કેહેવાડવાની કોશેષ કરતો ના. પાદશાહ જુડાઇથી દિપી શકતો નથી તે પોતાના રવાનને રોશની ભર્યુ દેખાડવાની કોકટમાં કોશેષ કરે છે છતાં તેનું દિનો જુદાઈથીજ ભરેલું રહે છે જો તારો વિચાર લડવાનો હોય તો તેજ પુરતો છે પણ મારે બદલે કોઇ બીજોજ શખ્શ તારી સાથે લડવા આવશે. તેહેમતન અને બાધુરો ગેવ કે જેઓ સિહ સાથે પણ લડાઇ કરે છે તેઓમાથી કોઇ મારે બદલે આવશે જો પાદશાહ પાદશાહનીજ સાથે લડાઈ કરતા હોય તો પછી આ લશકર અને દોરદામ શા માટે જોઇએ ? હવે પછી હુ તારી સાથે લડાઈ કરનાર નથી. માટે તુ તારા અંધારા અને તગ બનેલા વખતની સભાળ રાખજે."

આથી તે કાસદ ત્યાંથી પાછો ફર્યો અને તે પવન વેગે અફ્રાસીયાબ આગળ આવીને તેણે જે કાંઇ ત્યાં સમજ્યું હતું તે તેની આગળ યાદ કરીને કહયું અફ્રાસીયાબનો જીવ દુખભર્યો બન્યો અને તેણે લડાઇ કરવાની ઉટાવલ કીધી નહી. એક પાદશાહ (ખસરૂ) લશકરને લડવા ઉતારવા માંગતો હતો ત્યારે બીજો (અફ્રાસીયાબ) નાચારી સાથે લશકરને ખીસાડયા કરતો હતો. એક ઢીલ કરવા માંગતો તો બીજો ઉટાવલ કરવા માંગતો હતો જેથી જમીન પાણીના દરીઆ માફક (હીલતી) બની તીરનો વરસાદ વરસીયાથી તુ કેહેશે કે જાણે ત્યાં વાદલ વાઘોના દાચાંમાં કરાનો વરસાદ વરસાવે છે બામદાદથી તે સુરજ અસ્ત થયો ત્યાં સુધીમાં જમીન લોહીથી ભરાઇ ગઈ જેની નિચે મુવેલા શખ્સો પડયા હતા જયારે અધારૂ થયુ ત્યારે સ્વારોની આખે કાંઈ નહી દેખાવાથી તે લશકર ત્યાથી પાછું ફર્યું તે દમામવાલા અને તખતના માલેક શાહાનશાહે પોતાની છાવણીમાં પાછા ફરતાંજ તુસને કહયુ કે " આજની લડાઈ પશંગના બેટાની ઇચ્છા મુજબની નિવડી નથી તેથી મને શક છે કે તે આજ રાતે ઓચિતો છાપો મારીને પોતાના લાબા વખતના દિલના દુખને બાહાર કાઢવા માગશે " પછી તેણે જે બાજુએ તુરાની લશકરનો માર્ગ હતો ત્યાના રસ્તામાં એક ખાહી ખોદવાનો હોકમ કીધો વળી તેણે ત્યાં કોઇને પણ આતશ નહી સલગાવવાનો અને ધાટ ધાંટરડીનો આવાજ પણ નહી કાઢવાનો હોકમ આપ્યો. પછી તે લશકરમાં જે કોઇ પેહેલવાન જેવા સરદારો હતા તેઓને ચુટી કાઢીને ખસરૂએ રૂસતમને સોંફ્યા. વળી તેણે ઇરાનીઓમાંથી એક બીજો ભાગ કે જેઓએ હુમલો કરવાનેજ કમર કસેલી હતી તેને ચુટી કાઢયો અને તે લશકરની ટુકડી તેણે સપેહસાલાર તુસને સોપીને તેને તે પાહાડ તરફ લેઈ જવા ફરમાવ્યુ આથી તેહેમતન પોતાના લશકરને જગલ તરફ લેઈ ગયો અને સપેહસાલાર તુસ પાહાડ તરફ જવા નિકલ્યો તેણે વળી ડાવી જમની બાજુના બધે લશકરને પણ જગલમાં જઇ ભરાઇ બેસવાનો અને કામ પડવે જડપથી બાહાર નિકળી આવવાનો હોકમ આપ્યો પછી તેઓએ ત્યા બતી, રોશની યા ચોકીબાનોને રાખ્યા નહી. એક જંગલ તરફ ભરાઈ રહયો જયારે બીજો પાહાડની કટનમા જઈ ભરાયો કે જેથી જો અફ્રાસીયાબ રાતના ઉધાવાને વખતે તેઓ ઉપર ઓચિતો હુમલો કરે અને લશકરને લાવે તો તેઓ ત્યા ફરી વલ્યાથી તે ઘેરાઈ જાય અને તેને વધુ મદદ મળે નહી. પછી તે લશકરની આગળ અને પાછલા માર્ગમા ચર ખોદવામાં આવી અને તે ચરની પાછલ પાદશાહ પોતાના લશકર અને હાથીઓ સાથે રહયો.

અફ્રાસીયાબ રાતે ઓચિંતો છાપો મારવા આવ્યો તેમાં તેણે હાર મેલવી અને તે કંગદેઝ તરફ નાહાસી ગયો તે વિષે.

જ્યારે રાત વેહેવા માડી ત્યારે તે તુરકી પાદશાહે પોતાના લશકર સાથે હુમલો કરવા માટે કમર કસી તેણે લશકરમાથી અનુભવી શખ્સોને બોલાવ્યા અને થઈ ગયલાં કામો માટે લંબાનથી વાતો કહી. તે બોલ્યો કે "કાવત્રાંબાજ શુમ કએખસરૂ પોતાના મમાવાના લશકર ઉપર એમ ફતેહમદ નિવડયો તો છે તોપણ હાલે તે લશકર બેશક ઉંઘમા પડયું હશે અને તે તમામ લશકર પાહાડ અને જગલમા વિખેરાઈ પડયુ હશે તેથી હવે આપણે આપણા દિલમાંની ધાસ્તી કાઢી નાખીને બામદાદ વખતે તેઓ ઉપર છાપો માર્યે. જો આજેજ રાતે આપણે તેઓ ઉપર ફાવીશું નહી તો પછી કમીનાની માફક ધુલ ઉપરજ બેસવુ પડશે જો આપણુ નસીબ પ્રકાશ પકડશે નહી તો સઘલા ઉપાય રદ જશે અને મરદાનગી ખોટી નિવડશે" એ રીતે એ વાત મુકરર કરી તેઓ ઉઠયા અને સબેખુન કરવા માટે તૈયારીઓ કરવા માંડી. તેણે લશકરમાથી પચાસ હજાર માણસો કે જેઓ લડાયક તથા અનુભવી પેહેલવાનો હતા તેમને ચુંટી કાઢયા. આથી તે અનુભવી શખ્સો તથા લડાયક અનુભવી મરદો તેની આગમચ ત્યાંથી ઉપડી ગયા લડાઈના અનુભવીઓ વચે જેઓ તેની રેહેનુમાઇ કરનારા હતા તેઓ (ઇરાની) છાવણી આગળ આવી લાગ્યા છતાં ત્યાંની કોઇપણ જગ્યાએથી ચોકીબાનોના પોકારો નહી સમજ્યાથી તેઓએ જેહાનને આરામ પામેલી સિવાય બીજી રીતની ગણી નહી ત્યાં ચોકીબાન કે આતરા કે પવન કાઇ હતું નહી જાણે કોઇપણ ઈરાનીઓને તુરાનીઓની યાદજ હતી નહી એમ જોતાજ તેઓ ત્યાંથી જડપથી પાછા ફર્યા અને તેને કહયું કે "ઇરાનીઓમાંનો કોઇપણ રોશન રવાનનેઃ લાગતો નથી. સઘલાઓ મુરડાં માફક ઉંઘાયલા છે. તું કહેશે કે જાણે તેઓએ આખો દિવસ દારૂજ પીધો છે. ચોકી કરવાની જગ્યાએ પણ કોઈ તપાસ કરનારો નથી. ને તમામ જગલમા ઝાડીઓ ઉભેલી સિવાય બીજુ કાંઈ જણાતું નથી.

આ વાત સમજતાંજ અફ્રાસીયાબના દિલમાં રોશણીનો વધારો થયો. તેણે ત્યાંથી લશકરને મોકલી આપ્યું અને પોતે પણ ઘોડા ઉપર બેઠો અને પોતાના પેહેલવાનો સાથે હુમલો કરવાને કમર બાંધી તે પેહેલવાનોએ પાણીના દરીઆ માફક ત્યાં આવી લાગીને હુમલો કરવા માટેની ઉટાવલ કરવા માંડી. એ હુમલાની કુચ વખતે તેઓએ કાઇ પણ હથીયાર સાથે રાખ્યાં હતાં નહી તથા

રણશીગડાંના કે બીજા કાંઇપણ અવાજો નિકળતા હતા નહી તેઓ તે છાવણી આગળ આવી લાગતાંજ ત્યાંથી સરનાઇના પોકારો ઉઠી રહયા ઘોડેસ્વાર લોકોના પોકારો નિકળ્યા અને કાલો ઝુન્ડો ઉંચે ચઢયો જેઓ લશકરમા સરદાર તરીકે હતા તેઓએ પોકાર મારીને પોતાના ઘોડાને ઉશકેરી મુકયાથી તે સ્વારોમાના કેટલાકો ચરમાં તુટી પડયા અને બીજાઓએ લડાઇ કરવાથી પોતાના મોઢા ફેરવ્યા. એક બાજુએથી રૂસતમ જંગલમાંથી આવી લાગ્યાથી સ્વારોથી ઉડી રહેલી ધુલથી હવામાં અંધકાર ફેલાયો ગોદરેજના બેટો ગેવ અને તુસ બીજી બાજુએથી આવી લાગ્યા જેઓની હરોલમાં રણશીગડા અને ઢોલો વાગતાં હતા. પાદશાહ પોતે પણ કાવ્યાની ઝુન્ડા સાથે તૈયાર હતો સ્વારોએ ખેંચેલી તલવારોથી હવાએ જબુરો રંગ પકડયો અને આપ લે તથા ધરપકડના અવાજો નિકળવા લાગ્યા જેથી ઘોડાઓમા જીવ કે માણસોમા હુશીયારી રહી નહી ત્યાં લડાઇથી એ લોહીની નદી વેહેવા લાગી, અને તે લોહીના મોજાઓ ઉછલવાથી જમીને લાલ રંગ પકડયો પોલાદી તલવારોથી લશકરના પોશાકો ફાટવા લાગ્યા અને પાહાડનુ શરીર પણ બીહીને ધ્રુજવા લાગ્યું. કારણકે ત્યા લડાઇના અનુભવીઓ રસ્તાખેજ વરસાવતા હોવાથી ત્યાં બચવાનો કે નાહાસવાનો માર્ગ રહયો નહી. તેઓના સોએ દસ નામદારો પણ રહયા નહી અને માર્યા ગયલાઓથી નાહાસ ભાગ કરનારાઓ માટેનો માર્ગ પણ રહયો નહી.

જ્યારે એ લડાઈની ખબર તુરાની પાદશાહને પડી ત્યારે તે ઘણોજ તુટેલાં દિલનો બન્યો. કારણ કે ત્યાં લડાયક શખ્સો જારી અને રૂડન કરતા હતા અને વળી તેઓ પાદશાહ માટે દિલના દુખથી બલી મરતા હતા તેઓ બોલ્યા કે, "આસમાનની ગીરદેશ આગળ બેશક અકકલનુ ચાલતુ નથી જ્યારે દુશમનો એજ પ્રમાણે નકામા જીવો લે છે તો નાચારી સાથે હમો પણ એકરંગા જીવ ઉપર આવીને કોશેષ કરીશુ યા તો હમો સઘલા કપાઇ મરીશુ, નહી તો કે તારાં માથા ઉપર શેહેનશાહી તાજ મુકીશુ." આથી તે બંને છાવણીઓમાથી પોકારો ઉઠી રહયા અને ત્યાં સરનાઇના અવાજો ફેલાઇ રહયા. તેઓ પોતાના હાથમા શમશેર અને જમબીયા પકડીને ત્યા આવ્યા અને તે લશકરે ત્રણ ફરસંગ સુધીની સફ ખેંચી તે લડાઇનુ મેદાન દરીઆ જેવુ બન્યુ ત્યાં પ્રકાશતો સુરજ કે ચંદ્ર કાઇ જણાયુ નહી જેમ પાણીમા મોજાઓ ઉછલે તેમ લશકરની ફોજની ફોજ નજદિક આવતી ગઇ તુ કેહેશે કે તે મેદાન અને જંગલ લોહીથીજ ભરાઈ ગયાં અને સુરજ ફરતાં આસમાનની બાહાર નિકળી ગયો આસમાનનો ચેહેરો જાણે દામરમા વિટલાયો અને ત્યા કોઇને પણ પોતાના શરીર ઉપર દયા સ્ફુરી નહી. તેટલામાં ત્યાં એક સખત વંટોલ્યો

થઇ આવ્યો કે જેવો વ ટોહ્યો થયલો કોઇને પણ યાદ હતો નહી. તે મેદાનમાંથી એવી રીતે ધુલ ઉડવા લાગી કે તે જઇને તુરાની લશકરના મોઢાં અને આંખ ઉપર પડવા લાગી અને સઘલાઓના માથા ઉપરની તોપીઓને પણ ઉડારી નાખી જે જોઇ તુરાની પાદશાહ અચરત બન્યો તમામ મેદાન ડોકાંઓ, મગજો અને લોહીથી ભરાઈ ગયુ અને પથરોના રંગ પરવાલાં જેવા બન્યા આસાયશ વખતે જે તુરકી સ્વારો ચિત્તાનો શેકાર કરતાં તોબા પોકરાવતા હતા તેઓ ફરતા આસમાન સામે લડી શકયા નહી તે પવન તો માણસો સુધાંનાં ઘોડાઓને ઉડારી નાખતો હતો જ્યારે કએખસરૂએ પવનની જુમબેશ જોઇ ત્યારે તેને ઈરાનીઓના દિન અને નસીબ માટે ખુશાલી જણાઈ તેણે રૂસતમ, ગેવ, ગોદરેજ અને તુસ સાથે દોલોને લશકરના મધ્યાન ભાગમાં મોકલી આપ્યાથી તે લશકરના મધ્યાન ભાગમા ધરપકડ ચાલી રહી. એક હાથ ઉપર રૂસતમ જ્યારે બીજા હાથ ઉપર પાદશાહ પોતે રહયો. ધુલારૂ વાદલ માફક હવામા ઉચે ચઢયુ. તે એવુ વાદલ હતુ કે તીર અને તલવાર વરસાવતુ હતુ. દરેક જગ્યાએ (મુરદાંના) પાહાડ જેવા ઢગલા બન્યા અને બન્ને બાજુના લશકરના લોહી રેડાવાથી તેની આગળથી લોહીના ઝરા વેહેવા લાગ્યા. હવા જાણે કાલી ચાદર જેવી અને વળી જમીન પણ લોહીના દરીઆ જેવી બની તીરોના ગીધોના પાછથી આસમાન ભરાઇ ગયુ તે કાલા દિલના અફરાસીયાબે એ સઘલુ જોયુ તેણે ઇરાનીઓનો કાવ્યાની ઝુન્ડો જોયો પણ તેનો પોતાનો ઝુન્ડો લશકરના મધ્ય ભાગમાં જણાયો નહી આથી તે લશકરને સફ ખેચેલુજ ઉભુ રાખીને પોતે પોતાના નામદારો, પેહેલવાનો તથા પોતાના ખેશીઓમાંથી હજાર લડાયક માણસો સાથે લેઇને ત્યાંથી નાહાસી ગયો તેણે આડે અવળે રસ્તે બ્યાબાનનો માર્ગ લિધો અને પોતાના શરીરને કસ્તી આપી પોતાનો જીવ દુશમનથી બચાવ્યો પાદશાહ કએખસરૂ લશકર વચેથી પોતાના મમાવાને સોધવા લાગ્યો અને તેથી તે જડપથી તેના લશકરના વચલા ભાગ તરફ ગયો. તે પોતાના ઘોડાને ઉટાવલે દોડાવતો ત્યાં આવ્યો પણ તેણે ને તુરાની પાદશાહની કાઇ નિશાણ મેલવી નહી.

તે તુરકી લશકરે લશકરના મધ્ય ભાગ તરફ નજર કરતા ત્યાં કાલો ઝુન્ડો તેની જગ્યાએ નહી જણાયાથી તેઓએ લડાઇનો અસબાબ તાબે કરી દેઈ તે કેઆની પાદશાહની માફ માંગી લિધી. કએખસરૂએ એમ જોતાંજ તેઓના જીવને માફી બક્ષી અને પોતાના લશકરથી જુદી તેઓની પાએગાહ બનાવી. પછી તેણે એક સુનેરી તખત ત્યા લાવી મુકવાનો અને તે તખુમાં ચીનાઇ રાચરચીલુ ગોઠવવાનો હોકમ કીધો. પછી ત્યાર બાદ ત્યાં દારૂ લાવવામાં

આવ્યો અને રામશગરોને બોલાવી મંગાવવામાં આવી તથા તેણે લશકરના ઘણાએક સરદારોને પોતાની આગળ બોલાવ્યા. ત્યાં તેઓએ તે રાતે ખુશાલીનું જશન પાલ્યુ અને રોશન દિવસ થતા ધુલમાંથી મુરડાઓને ઉઠાવ્યાં. જ્યારે સુરજે પોતાનો હાથ આસમાન ઉપર લબાવ્યો અને તેણે કાલી રાતના ચેહેરાને નખો વડે પીખી નાંખ્યો ત્યારે તે ઇરાની શેહેનશાહે પોતાના આખા શરીરને ધોયું અને પછી એક એકાંત જગ્યા કે જ્યાંથી ઇરાનીઓમાનો કોઇ પણ શખ્સ તેને જોય નહી અને ઢોર કે ફાડી ખાનારા જાનવરો તેનો અવાજ સમજે નહી ત્યાં ઝદ અવસ્તા સાથે ભપકાથી ચાલીને ગયો અને બામદાદથી તે રાતે આસમાન ઉપર ચંદ્ર ઉગ્યો ત્યા સુધી પોતાના માથા ઉપર દિલને દિપાવનારૂ તાજ મુકીને તેના ઉપર જમાનાનુ ફરતુ ખુશાલી ભર્યું નિવડયુ તે માટે પરવરદેગારની બંદગીમાં રોકાયો. તેણે ત્યા પોતાના મોઢાંને ઘણીક ધુલમા ઘસ્યુ અને પોતાની બે આખોમાંથી ગાલો ઉપર આસુની બે રેલ વરસાવી ત્યારબાદ તે ત્યાથી પોતાના તાજ અને તખત તરફ ભપકા સાથે ખુશાલ દિલે અને નેકબખતી સાથે ગયા પછી ઇરાનીઓમાના જે કોઇ મુવેલા યા જીવતા ત્યા પડેલા હતા તેઓને તે લડાઇના મેદાનમાંની ધુલમાથી ઉઠાવી લિધા અને દુશમનોના શરીરને ત્યાં ખુવારેહાલ નાખી મુકયાં પછી તે મુવેલાંઓની તમામ મેદાનમા કબરો બનાવી. જ્યારે તેઓ મુવેલાને ઠર પાડી પરવારીઆ ત્યારે પાદશાહે લડાઇના મેદાનમા જે જે ચિજો જોઇ તે સઘલી લશકરને સોપી દિધી. પછી તે ત્યાથી બેહેસ્ત કગ તરફ ગયો. તેનું તમામ લશકર અફરાસીયાબથી આબાદ બન્યું હતું.

ચીનના ફગફુરે અને ખાકાને કુએખસરૂ પાસે માફી ચાહી અને અફરાસીયાબ કંગદેઝ તરફ નાહાસી ગયો તે વિષે.

જયારે તુરકીઓ તથા ઇરાન જમીનના પાદશાહ વિષેની ખબર માચીન અને ચીનમા પુગી ત્યારે ફગફુર અને ખાકાન દુખથી હેરાન બન્યા અને તે દરેક પોતાના મુલક તખતની ફીકરમાં પડયા તેઓ અફરાસીયાબને જે મદદો આપી તે માટે પસેમાન બન્યા અને ફીકરભર્યા દિલે કાંઇ ઉપાય યોજવા લાગ્યા ફગફુર બોલ્યો કે "હવે પછી અફરાસીયાબ સ્વપને પણ પોતાની મોટાઇ પાછી મલેલી જોવાનો નથી. તેને માટે બીજું લશકર અને અસબાબ મોકલી આપ્યાથી

બેશક આપણું કામ બીગડી જશે અને પછી આપણે ભાગે પસ્તાવોજ મલશે. વળી તે કામથી આપણો મુલક પણ વેરાન બનશે." આથી તેઓએ ચીન અને ખોતન તરફના હદીઆઓ તૈયાર કરવાને પોતાનો ખજાનો ખાલી કરવાના કાંમ ઉપર મંડી ગયા તેઓએ એક ભલા દિલના કાસદને બોલાવી તેની સાથે કેટલી ઘટતી વાતો કીધી ફગરૂરે જે કાસદ કએખસરૂ આગળ મોકલ્યો તે નેક દિલનો અને ખેરખાહ હતો તેની સાથે તેના ખજાનામાં જે કાંઇ પૈસા તથા વગર વાપડેલા જવેહરાતો તેને લાયકનાં હતાં તે પાદશાહ માટે માફી ચાહાવા સાથે મોકલી આપ્યાં. આથી તે કાસદોએ તેના તરફ જવાનો રસ્તો પકડયો. તે ચીનના બુજોર્ગો કાંઇપણ ઢીલ વગર ત્યાં આવી લાગ્યા. તેઓ એક અઠવાડયામાં ચીનથી કંગમાં આવી લાગ્યા ફતેહમંદ પાદશાહ ખસરૂએ તેઓને માનથી નવાજીને ઘટતી રીતે બેસાડયા. તેઓ જવેહરાત સાથની જે કાંઇ ઉત્તમ ચીજોની ભેટ લાવ્યા હતા તે તેણે કબુલ કીધી અને તે કાસદને કહયું કે "તું તેને કેહેજે કે 'તુ હમુને એમ વગર ફોકટની આબરૂ આપતો ના. એવું નહી બને કે તે અફરાસીયાબ એકુ અંધારી રાતે સુવાને વખતે તારી આગળ આવી ચઢે (અને તુ પાછો ફેરવાઇ જાય).'"

પછી તે કાસદે ત્યાથી પાછો ફરી પવનવેગે ફગરૂર આગળ આવીને તેને સઘલો પેગામ પુગાડયો ફગરૂરે તે પેગામ સમજતાંજ એક કાસદને રાતના સુવાને વખતે અફરાસીયાબ આગળ મોકલી કહેવાડયુ કે "હવે તું ચીન અને ખોતનના મુલકથી દુર રેહેજે અને તારી બુરી કરણી માટે તું દુખી રેહેજે. જે કોઇ પોતાનો સીધો માર્ગ ચુકે તો તે બુરી મણુસનીના શખ્સ સામે બુરાંજ કામો આવી ઉભાં રહે છે" જયારે અફરાસીયાબે આવી વાત સમજી ત્યારે તે પોતાના લાબા વખતની કરણીઓ માટે પસેમાન બન્યો તેણે પોતાનું બુજોર્ગી-વાલુ નામ ફેંકી દેઇને પોતાનો જીવ બચાવવા માટે આડેઅવલે રસ્તે બ્યાબા-નનો માર્ગ પકડયો જ્યારે તેણે દુખ, મેહેનત અને ગમ સાથનો વખત આવી પડેલો જોયો ત્યારે તે જડપથી અસપરૂજ પાહાડ તરફ જતો રહયો, ત્યાં તે રાત અને દિવસ દુશમનોથી સાઉચેત રેહીને દરેક ઠેકાણેથી શેકાર મેલવી તે ઉપર જીવવા લાગ્યો તે કમર બાંધેલી અને તીરથી કોડલી ભરેલી રાખીને જ્યાં જતો ત્યાં શેકાર ઉપરજ જીવતો.[1] એ પ્રમાણે તે એક દરીઆ આગળ આવી લાગ્યો તેની કંમર મેહેનતથી અને બખતરના ગાઢોથી છોલાઇ જવા લાગી. તે ઉંડા દરીઆ આગળ આવી લાગતાજ તેણે તે દરીઆની અધવચ યા છેડે

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

નદી જોવાથી વાહાનોની ગણત્રી રાખનારા શખ્સને ફરમાવ્યું કે "કીસ્તી તૈયાર કર અને મને દરીઓ પસાર કરાવ." ત્યારે તે દરીઆના રખેવાલે તેને જવાબ દિધો કે "ઓ ચીન અને ખોતનના મુલકના નામદાર! આ ઉંડો દરીઓ તું પસાર કરી શકશે નહી.[૧] મારી ઇકોતેર વર્ષની ઉમર થઇ છે પણ મેં સામી બાજુએ કોઇપણ વાહાનને જતું જોયુ નથી" ત્યારે તે મોટા દરજ્જાના અફરાસીયાબે તેને કહયું કે "જે કોઇ એ પાણીમાં માર્યો જાય તે શખ્સ ખુશાલ ગણાય. તેવા શખ્સને પછી દુશમન પોતાની તલવાર વડે મારી શકે નહી અને જેહાન પણ તેને માર્યા ગયલાઓની ગણત્રીમાં ગણે નહી." પછી તેણે સઘલા સરદારોને પાણીમાં પુશકલ વાહાનો ઉતારવા ફરમાવ્યું અને કંગદેઝ તરફ જવા સઢ ચઢાવ્યા એ પ્રમાણે તેણે ભલા અને બુડા લોકોથી પોતાનું માથું છુપાવી દિધુ. ત્યાં જઇ તે નચિંત થયો અને ત્યાં ખાવાપીવા અને ઉંઘાવા લાગ્યો અને લડાઈ કરવાથી નચિંત બન્યો. તે બોલ્યો કે આપણે અત્રે ખુશાલ રહીશું અને વહી ગયલાં કામોને યાદ કરીશું નહી જ્યારે મારૂં કાલું બનેલું નસીબ રોશન બનશે ત્યારે હું વાહાનમાં બેસી દરીઓ પસાર કરશ અને હુ મારો કીનો દુશમનો ઉપર લેવશ તથા મારી રાહારીતીને પાછી ચાલુ કરશ."

કએખસરૂએ કાઉસ ઉપર એ ફતેહ માટે નામું લખ્યું અને તેની સાથે બંધીવાનો તથા ખજાનો મોકલી આપ્યો તે વિષે.

જ્યારે તે જમાના ખાધેલા માણસે એક નવું કામ કાઢયું છે એવી વાતથી કએખસરૂ વાકેફ થયો ત્યારે તેણે રૂસતમને કહયું કે "વળી અફરાસીયાબ નદી માર્ગે કગદેઝ તરફ ગયો છે તેણે આપણુને પેહેલવાન માફક એમ કહયું હતું કે 'ઉચું આસમાન હમારો સાથી છે.' વાહાનો વડે તે દરીઓ પસાર કરી જવાથી આપણી તમામ મેહેનત બરબાદ ગઇ છે. મને મારા મમાવા સાથે ખંજરથી વાત કરવા સિવાય બીજી કાંઇ વાત કરવી પડશે નહી એ જુના વખતનો કીનો લેવાથી હું ફરવાનો નથી. તે બુરી મનશનીના દુશમનો મારાથી ખુલ્લી શમશેર અને કમાન સિવાય બીજું કાંઇ જોશે નહી. ફતેહમંદ યજદાનની કુમકથી સીયાવક્ષના કીનામાં હુ મારી કંમર કસશ અને તમામ ચીન અને મકરાનના મુલકમાં મારા લશકરને પાંહરી મુકશ તથા કીમાકનો દરીઓ

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે

હું પસાર કરી જવશ. જો માચીન અને ચીન મારી સાથે સીધાં ઉતરશે તો આપણે મકરાનના મુલકથી મદદ મંગાવીશુ નહી, પણ ફરતાં આસમાનની મેહેરબાનીથી હું મારા લશકર સાથે દરીઓ પસાર કરશ. જોકે મને કેટલીક જગ્યાએ ઢીલ કરવી પડશે તોપણ તે ખુની શખ્સને હું મારા પંજામાં પકડશ. તમોએ ઘણી મેહેનત ઉઠાવી છે અને તમો તમારા આબાદ મુલકને છોડી અત્રે આવ્યા છો. તોએ આપણે આ નવી મેહેનત પણ ઉઠાવી લેઈશું તો તેથી જેહાનને દુશમનો ઉપર છોડી દેવા કરતાં ભલું ગણાશે આપણી આ ફતેહથી અને દુશમનોની હાર થવાથી આપણુ નામ રસ્તાખેજ સુધી યાદગાર રહી જશે."

આથી તે પેહેલવાનો ગમગીન બન્યા અને તેઓ હાયભર્યા હોટોથી તથા ભવાં ઉપર કરચલી સાથે બોલ્યા કે, "દરીઓ મોજાઓથી ઉછળતો છે અને આપણુ તો આટલું બધુ લશકર છે, તેથી એ સરૂવાત અને કામ બરબાદ જશે. એ છેટુ છ મહીનાનું હોવાથી તે દરીઆમાંથી કોણ બાહાર આવશે તે કોણ જાણે છે? અફરાસીયાબને લિધે આપણા લશકરને નુકસાંન પુગશે. જમીન ઉપર તો હમો લડાઈમાં ઉતર્યા પણ દરીઆમાં તો હમો મગરના દાચાંમાં ઉતર્યા બરોબર ગણાઈશુ." એ પ્રમાણે દરેકે જુદાં જુદાં મત જણાવ્યાં. જ્યારે તે વાત વધી પડી ત્યારે રૂસતમે તેઓને એ પ્રમાણે કહયુ કે, "ઓ સરદારો! તમો જેહાનના અનુભવી અને મેહેનત ખમનારા સરદાર છો. આપણી એ મેહેનત કાંઈ નકામી જાય અને આપણી નચિંતાઈ બરબાદ થાય એમ લાગતું નથી. બીજું એ કે એ ફતેહ પાદશાહ પોતાના ભલા સેતારાઓથી મેલવી શકશે. ઇરાનથી આપણે (બેહેસ્ત) કંગ સુધી તો આવી પુગ્યા છીએ અને લડાઈ કરવા સિવાય આપણે જરા આસાયશ પાંમ્યા નથી. માટે જે કોઇ કામ કરે તે તેનું ફળ મેળવે છે. ફળ એજ પ્રમાણે મેલવાય છે અને એજ પ્રમાણે ગુમાવાય પણ છે."

જ્યારે લશકરે રૂસતમની એવી વાત સમજી ત્યારે તેઓએ નવી રીતે તેનો જવાબ આપ્યો. તે દાનાવ બુજોર્ગોએ ઉભા થઇને ખુબી સાથે જબાન ચલાવવા માંડી કે, "હમો સઘલા તું પાદશાહના ગોલામો છીએ વળી હમો ગોલામો સાથે તેના દોસ્ત પણ છીએ. માટે જમીન ઉપરથી જવુ કે પાણીમાં ઉતરવું તેનો હોકમ તારે કરવાનો છે તું હોકમ કર અને હમે સઘલા તારા નોકર છીએ." આથી તે પાદશાહે ખુશી થઇને તેઓને માનથી નવાજ્યા અને દરેકને તેઓના અંદાજા મુજબ બેસાડયા. પછી તેણે પોતાના મમાવાના ખજાનાના બારણા તેની સાથની સગાઇની કે તેના પ્યારની દરકાર કીધા વગર ખોલ્યાં અને હજાર જોરાવર ઉંટોને રેસમી તાકાઓ, જવેહરાત અને પૈસાથી

લાધ્યાં તથા દસ હજાર જોરાવર ઉંટો ઉપર લડાઇનો અસબાબ બાધ્યો વળી તે પાદશાહે જવેહરાત અને બેશુમાર પૈસાથી પણ ઉંટો લઢાવ્યાં પછી તેણે રાતે સુવાને વખતે ફરમાવ્યું કે, "અફરાસીયાબની ઓરતો વચે જે કોઈ તેની બેસીઓ અને સગીવાહલીઓ હોય પછી તે તેની બેટીઓ હોય કે નોકરો હોય તેઓને પાલખીમાં બેસાડી મેહેલમાંથી પાદશાહની છાવણી તરફ લાવો, તથા જુદા જુદા શેહેરોની જે કાંઈ યાદગાર કીંમતી ચિજો હોય તે તથા હજાર તુરકીઓ અને ચીનાઓને, તથા નામદારો અને બાધુરોમાંથી સો શખ્સો કે જેઓમાનો દરેક મરદાનગી ધરાવનારો હોય તેઓને પણ તમો જામીન તરીકે અત્રે લાવો." આથી અફરાસીયાબના કુટુંબીઓ અને સગાવહાલાંઓની આંખો અફરાસીયાબ માટેના ગમને લિધે આંસુભરી બની. વળી લોકપ્રીય જેહેન અને કરસીવજ જેવા શખ્સોને પગો બાંધીને પાલખીમા નાખ્યા પછી તુરતજ પાદશાહે ઇરાનીઓમાથી દસ હજાર શખ્સો ચુંટી કાઢીને એ સઘલું ગેવના હવાલામા સોફ્યું અને તેણે ગેવને કહયુ કે, "ઓ મુબારક પગલાના શખ્સ! તુ આ લશકર સાથે કેઆની પાદશાહ કાઉસ આગળ જા" પછી ખસરૂએ પોતાના મુનશીને કાગજ, કસ્તુરી અને અંબર લેઇ ત્યા આવવાનો અને કસ્તુરી, ગોલાબ તથા કાલી સાહીથી અફરાસીયાબ માટેની વીગતનું એક નામુ લખવાને હોકમ કીધો. આથી તેણે કલમ કસ્તુરી અને સાહીથી ભીજાતાંજ પેહેલી પરવરદેગારની તારીફ કરતાં લખ્યુ કે "પરવરદેગાર આપણને પાલનાર તેમજ આપણો અંત લાવનાર છે. તેણેજ જમીન અને જમાનાને સગાર પામેલાં કીધાં છે. તેજ સાહેબ એક કીડી તેમજ હાથીનો તથા નાચીજ ઘાસના તનખલાંથી તે નાઇલ નદી સુધીનો પેદા કરનાર છે. તેના કૌવટને લિધે સઘલાઓ તેની આગળ સરખા છે. હસ્તી અને નિસ્તીનો પણ તેજ માલેક છે. તે જે કોઇને પ્યારથી ઉધારે છે તેના ઉપર આસમાનથી પણ તુડાઇ સાથે ફરાતુ' નથી. માટે તે સાહેબની દુવા તુ જેહાનના પાદશાહ ઉપર ઉતરજો કે તે સાહેબથી તુંને આરામ મલે. અફરાસીયાબ પોતાની એસ આરામ માટે જે કીલ્લો ધરાવતો હતો કે જ્યાંના મેહેલમાં તેનુ તખત, તાજ, ગુન્જેગીં અને લશકર હતુ ત્યાં પણ હવે હુ આવી લાગ્યો છુ. જયા સુધી કીલ્લાના મીનારા ભોંય સાથ થયા ત્યાં સુધીના ચાલીસ દિવસ શુધી એવું બન્યુ કે દુશમન હમારે હાથ આવી શક્યો નહી. આ મેદાનમાં જે કાંઇ બન્યુ છે તેનુ વીગતવાર બ્યાન તારી આગળ ગેવ પોતે કરશે તું જ્યારે પણ પરવરદેગારની હજુરમા બંદગી કરવાને તારા હોટ ખોલે ત્યારે તુ રાતે યા દિવસે મારે માટે પણ દુવા ગુજારજે. હવે હમે માચીન અને ચીન તરફ લશકરને કુચ કરાવશુ અને ત્યાથી મકરાન તરફ

હંકારી જઈશું. ત્યાર પછી જો પરવરદેગાર મદદગાર થશે તો દરીઆ પણ પસાર કરીશુ."

પછી ગેવ તે મોટાં લશકર તથા બાહદુરો સાથે શેહેનશાહ આગળથી જવાને નિકલ્યો. પાદશાહ (કાઉસ) આગળ જઈ પુગવાને તે માર્ગમાં પવન માફકનો બન્યો: અને તેમ કરી પાદશાહ કાઉસ આગળ આવી લાગ્યો. તે નેક પગલેના પેહેલવાનજાદાની આવવાની ખબર કાઉસને પુગ્યાથી તેણે કેટલાંક લશકરને તેને લેવા જવા સામુ મોકલ્યું અને મોટી પડવીના શખ્સો પણ તેની તરફ જવાને બાહાર પડયા. બાહદુર ગેવ પાદશાહ આગળ આવી લાગતાંજ લશકરના પેહેલવાનોથી ત્યાં સિહોનુ મેદાન જેવુ થઇ ગયુ. ગેવે પાદશાહ કાઉસ આગળ આવી લાગી તેના તખત આગળની જમીનને બોસો લિધો. તેને જોતાંજ કાઉસે ઉઠી ઉભો થઈ હસીને તેના ચેહેરા ઉપર પોતાનો હાથ ફેરવ્યો. પછી તેણે તેને પાદશાહ તથા લશકરની તથા તેની ઉપર સુરજ અને ચંદ્રનું ફરવુ કેવુ થાય છે તે માટેની પુછપરછ કીધી આથી બાહદુર ગેવે તે પેહેલવાનો તથા બુજોર્ગી ભર્યા શેહેનશાહ માટે જે કાંઇ જોયું હતુ તે તેને કહયું. તેની તે વાત સમજી બુઢો પાદશાહ જવાન બની ગયો અને પછી તે નામું મુનશી આગળ વાંચવા માટે મુકયું. જ્યારે તે નામું ઇરાનના પાદશાહ આગળ વંચાઇ રહયુ ત્યારે ત્યા ભેગી મલેલી તમામ અન્જુમન અચરત બની. પાદશાહ કાઉસે પોતાના તખત ઉપરથી નિચે ઉતરી કેઆની તાજને માથાં ઉપરથી ઉતારી નાખ્યું અને ત્યાંથી જઇને કાલી ધુલ ઉપર બેસી પરવરદેગારની હજુરમાં બંદગી કરવા માંડી પછી ત્યાંથી ઉઠીને પાછો પોતાના વફાદાર પેહેલવાનો આગળ બેઠક ઉપર આવી બેઠો ત્યારે ગેવે જે કાંઇ ત્યાં જોયુ હતું તથા ઇરાની પાદશાહ કએખસરૂથી જે વાત સમજી હતી તે તેને કહી સમજાવી પછી ત્યા દારૂ લાવવામા આવ્યો અને રામશગરોને બોલાવી લાવવામાં આવી તથા ઇરાનના બાહદુર સરદારોને પણ બોલાવી મંગાવ્યા આખી રાત વાત કરવામા અને સમજવામા નિકળી ગઈ એ પ્રમાણે અધારી રાત સુધી દારૂ પીવાયો. ત્યારબાદ તેના દોસ્તો ખુશાલ દિલે પોતાના મેહેલમાં ગયા

જ્યારે સુરજે આસમાન ઉપર પોતાના પ્રકાશતા ભાલા ફેકયા અને રાત પોતાની લગામ ફેરવી ત્યાંથી નાહાસી ગઇ ત્યારે પાદશાહની દરગાહમાંથી વાજીંત્રોના અવાજો નિકળ્યા અને પેહેલવાનોએ તેની દરબાર તરફ જવા માંડયુ. પાદશાહ કાઉસે ગેવને પોતાની આગળ બોલાવીને તેને નામદારી ભર્યા પાદશાહી તખત ઉપર (સાથે) બેસાડયો. ત્યારબાદ તેણે સઘલા સામનને, તથા નામદારી ભર્યા નામીચા તુરકી પેહેલવાનોને તથા નીર્દોશ ચેહેરાની ઓરતો

કે જેઓએ (અફ્રાસીયાબના) જનાનખાનામાં ઘણો જુલમ ખમ્યો હતો તેઓને, તથા જેહન અને કાવત્રાંબાજ કરસીવજ કે જેણે સીયાવક્ષને ઉખેડી કાઢયો હતો તેઓને ત્યાં હાજર કરવા ફરમાવ્યું. તેણે તે બુરી કરણીના કરસીવજને જોતાંજ તેને જેવા શ્રાપ ઘટતા હતા તેવા શ્રાપ દિધા. વળી જેહેનને પણ બાંધેલા પગ સાથેજ તે બુલંદી ભર્યા તખત આગળ હાજર કરવામાં અબ્યો. પછી જે બંધવાઓ અને તવંગર શખ્સો ત્યાં હતા તેઓને તેમની લાયકાત મુજબના કામ ઉપર તેણે રોકી નાખ્યા. તેણે કોઇને ચોકીબાન તો કોઇને બંધીવાન બનાવ્યા, તથા કોઇને ઉમેદ ભર્યા તો કોઇને નુકશાન પાંમેલા બનાવ્યા. પછી કાઉસે આખોમાં આસું સાથે પાદશાહ અફ્રાસીયાબની બેટીઓ તરફ નજર કીધી અને પોતાના જનાનખાનામા તેઓની જગ્યા કીધી, જેથી તેમની ચાકરડીઓ તેઓને ત્યાંથી ઉઠાડીને લેઇ ગઇ. ત્યારબાદ જે કાંઇ સઘલા દીનારો અને વગર વાપડેલાં જવેહરાતનો ખજાનો હતો તે સઘલો તેણે ઇરાનીઓને આપી દિધો કે જેથી તેઓ તે જમીનના પાદશાહ ઉપર દુવા કરે. બીજી જે કાંઇ પવિત્ર ઓરતો હતી તેઓને તેણે સરદારોને સોંપી, પણ તેઓમાની મોટી યા નાની પડવીની ઓરતને તે પોતાના મેહેલમાં લેઇ ગયો નહી. જેહેન માટે તેને લાયકની ખોરાક, નોકર અને સલાહકારો સાથની એક જગ્યા તૈયાર કરવામાં આવી અને ત્યાં પાદશાહોના રેવાજ મુજબ તેને તરેહવાર અસબાબ સાથે મોજમજાહ કરતો રાખ્યો. વળી તેના કીલ્લામાં એક અંધારી જગ્યા જે દિલને અનગમતી અને દખમાની નજદિકીએ પુગાડે તેવી હતી તે કરસીવજને પાલે આવી ફરતાં આસમાનની વર્તણુક એવીજ રીતની હોય છે. જે પાદશાહ પોતાના હાથને સખાવત કરનારા બનાવે અને દિલને પવિત્ર રાખે તે સુખ્યા ગણાય તેવો શખ્સ પોતાને જેહાનમાંથી ગુજરી જવાનુ છે એમ જાણે છે અને તેથી તે મુરખાઇના દરવાજા આસપાસ ભમતો રહેતો નથી. જેની અક્કલ ઓછી હોય અને જેની અદેખાઇ સાથની ઇચ્છા હોય તેવા શખ્સોને તબીબો દીવાનો ગણે છે.

જ્યારે પાદશાહ તેઓનો નિકાળ કરીને પરવાર્યો ત્યારે તેણે ત્યાંથી પારકાઓને બાહાર કાઢયા અને તેણે એક મુનશીની અને કાગજની ઇચ્છા કર્યાથી તે માટે કલમની અણી તિક્ષણ બનાવવામાં આવી. ત્યારબાદ દરેક મુલકના દરેક નામદારો અને સરદારો ઉપર નામાં લખવામા આવ્યા કે " હવે તમામ તુરકસ્તાન અને ચીન પાદશાહ અફ્રાસીયાબના હાથમાંથી જતું રેહેવાથી ત્યાં વાઘ તથા મેંઢાં એકજ ઓવારે પાણી પીશે." પછી તેણે ગરીબોને તથા પોતાના નોકરોને (એ ખુશાલીમા) દીનાર અને દીરમથી નવાજ્યા. બે અઠવા-

ક્યાં સુધી પાદશાહની દરબાર આગળ લોકોના ટોલાં વચે બક્ષેશ કરવામાં કાંઈ હદ રાખવામાં આવી નહી. ત્રીજે અઠવાડયે તે પોતાના ઉંચા તખત ઉપર દમામ સાથે કરારથી બેઠો અને પોતાના દિલને વાજીંત્રોના અવાજ અને ગવૈયાઓના ગીતો વચે દારૂની જામોથી ખુશાલી પુગાડી. એ રીતે એક અઠવાડયું સુધી કેઆની કાઉસની જામમાં લાલ દારૂના મેંજા ઉછલતા રહયા. પછી નવો મહીનો બેસ્તાંજ ગેવને ખેલાત આપવાની તૈયારી કરવામાં આવી અને તેને તમામ સુના અને ફીરોજા (ના ઢગ) ની વચે બેસાડયો. ત્યાં તેને માટે સુનાની તબકો, ફીરોજાની જામો, સુનેરી કંમરબધો, રૂપેરી લગામો, સાંકલીથી, કાનના લુલકોથી, હારોથી અને મોતી જડેલાં તાજોથી સંગારેલી બાંદીઓ, પોશાકો, તખતો, ગલીચાઓ, સુગંધીઓ અને પાંઠરવાની ચિજો તૈયાર કરવામાં આવી.

ગેવ નામાનો જવાબ લેઈ કાઉસના તખત આગળથી કએખસરૂ તરફ પાછો ફર્યો તે વિષે.

પછી તેણે ગેવને ત્યાં બોલાવી મગાવી તેને પોતાની આગળ સુનેરી તખત ઉપર બેસાડયો અને તે ખેલાત તેની આગળ લાવી મુકયો. આથી ગેવે (ઉપકાર માનતાં) તેના તખત આગળ નાખધસની કીધી ત્યારબાદ ત્યાં મુનશી કાગજ, કસ્તુરી અને અંમબર લેઈ ભપકા સાથે આવ્યાથી તે પાદશાહે તેને આપઅખત્યાર પાદશાહ (ખસરૂ) ઉપર તેના નામાનો જવાબ લખવા ફરમાવ્યું. તેઓએ એવો જવાબ લખ્યો કે, " પરવરદેગારની મેહેરબાનીથી આવો વખત આવવા માટે હુ ઘણોજ ખુશ ખુશાલ બન્યો છુ. કારણ કે મારો નબીરો ફતેહમદ નસીબનો નિવડીને મોટો દરજજો, તાજ અને તખત મેલવવાને લાયક બન્યો છે. જેણે (યાને અફ્રારાસીયાબે) બુરાઇથી જેહાનને તંગીમાં લાવી નાખી હતી અને તમામ મુલકોને ખરાબીમાં અને લડાઇમાં ઉતાર્યા હતા તે જેહાનને તારે હાથે ઈનશાફ મલ્યો છે અને હવે તે (તુરાની) ઓ તે (અફ્રાસીયાબ) નુ નામ છુપાછુપ દેવા સિવાય જાહેર રીતે દેઇ શકશે નહી. તે જેટલી ઉમર જીવ્યો તેટલો વખત લોહી રેડનારો તથા તે બુરી કરણીનો, બુરી ખાશીયતનો અને તુંડજ રહયો. તાજદાર નોજર કે જે પાદશાહો વચે યાદગારીમાં પેહેલો હતો તેને તેણેજ ગરદન માર્યો હતો. તેનો ભાઇ અગરીરશ કયાં અને તે બુરાં શરીરનો પાદશાહ કયાં એ તો બુરી ઇચ્છાનો, બદનામી ભરેલો અને ઘેલો ગાંડો છે. માટે તેના પગલાં તુ તુરાનની કે મકરાનની જમીન ઉપર યા ચીનના દરીઆમાં રેહેવા દેતો ના. તેમ થવાથી તેનાથી જેહાનનો છુટકો થયલો ગણાશે અને જેહાનમાંથી બુરાઈ ટલશે અગરજો એકપુરો ખોદા જે

ઇનશાફનો સાહેબ છે તે જો તારો મદદગાર બનવા ચાહાશે તો તું જેહાનને બુરા લોકોથી પોહોંચતી હાનીથી, કમઅક્કલી શખ્સોના બકબકારાથી અને તેની બુરી કરણીથી ધોઈ નાખી શકશે. માટે પરવરદેગાર તરફથી મલેલા એ ઇનશાફ માટે તું ખુશી થા અને તુ જેહાનને નવે પાયે ચલવનાર તરીકે બન અગરજો હું તુને ખુશાલી ભર્યો પાછો ફરેલો અને બુરી ઇચ્છાના લોકોના દિલ દુખભર્યાં બનેલાં જોવશ તો પછી તે પાક યજદાંન કે જેનાથી ઉમેદ અને ધાસ્તી રહે છે તેની બંદગી કરવા શિવાય હુ બીજી રીતે રેહેવશ નહી. માટે તું જ્યાં સુધી ફતેહમંદ અને ખુશાલ બને ત્યાં સુધી તારૂં મગજ તર રેહેજો અને તારૂં દિલ ઇનશાફ ભર્યું રેહેજો. જેહાનને પેદા કરનાર તારો રેહેનુમા બનજો અને હમેશાં તારી જગ્યા તખત ઉપરજ થજો." પછી પાદશાહે તે નામા ઉપર મોહર કીધી અને ગેવે તેના મેહેલમાંથી આગળ રસ્તો ધર્યો. તે માર્ગમા કેડે પણ શોભ્યા વગર (બેહેસ્ત) કંગમાં કએ-ખસરૂ આગળ આવી પુગ્યો. ત્યાં તેણે તેને દુવા દિધા પછી તે નામું તેને આપ્યું તથા તેના બપાવાએ જે પેગામ મોકલ્યો હતો તે તેને કહયો તેની એ વાતથી પાદશાહ ખુશાલ બન્યો અને તેણે (ખુશાલી પાલવા) દારૂ મંગાવ્યો અને રામશગરોને બોલાવી

કએખસરૂ બેહેસ્ત કંગથી ચીન અને મકરાન તરફ ગયો તથા તેણે ફગફુર, ખાકાન અને મકરાનના પાદશાહ ઉપર પેગામ મોકલ્યો તે વિષે.

એ પ્રમાણે તે ફતેહ અને ખુશાલી સાથે ત્રણ દિવસ શુધી (મોજ કરતો) રહયો. ચોથે દિવસે જેહાનને દિપાવનાર સુરજે જેવી જેહાનને દિપાવવા માંડી તેવાજ તેણે જે પ્રમાણે પાદશાહોની અને ઇનશાફની રસમ હતી તે મુજબ લશકરને સોઢાંની તોપી અને બખતર આપ્યાં. તેણે તે મુલક નોજરના બેટા ગસતહમને સોંપ્યો અને પછી તેણે એક નામડારી ભર્યું લશકર તૈયાર કીધુ તેણે તે નાંમીચાં કંગમાંથી ચીન તરફનો રસ્તો ધર્યો અને શમશેરથી તેણે નવા મુલકો પોતાને હાથ કરવા માંડયાં. દિવસે કે અંધારી રાતે કાંઇ પણ લડાઈ થતી હતી નહી પણ ચોકી કરનારૂ લશકર રાત અને દિસ તપાસ કરતું રેહેતું હતુ એ રીતે તે પોતાના માથા ઉપર ધુલ નાખી રૂડન કરતો પોતાના બાપીકા શેહેર (કંગદેઝ) માં આવી લાગ્યો અને ત્યા પોતાના બાપના બાગમાં જે જગ્યાએ તેનુ લોહી તસમાં ઝીલી લેવામાં આવ્યુ હતું ત્યા ફરતાં બોલવા લાગ્યો કે " તે ઇનશાફી એક પુરો ખોદા જો મારો રેહેનુમાં થવા ચાહશે તો

હું આજ ભાલા વડે તેના લોહીને અત્રે પાણી માફક રેલાવું કરશ. પછી તે ત્યાંથી પોતાના તખત તરફ પાછો ફર્યો અને પાક પરવરદીગારની હજુરમાં છુપી રીતે બંદગી કરવા માંડી ત્યારબાદ તેણે લશકરમાંથી બોલકના અને વાત ચીતથી માહીતગાર કાસદોને ચુટી કાઢ્યા. તેણે તેમાંથી એક એકને ચીનના ખાકાન, ફગફુર અને મકરાન જમીનના સરદાર આગળ મોકલી આપ્યા અને તેઓને કહેવાડયું કે "જો તમો ઇનશાફી બનવા ચાહાતા હોવો અને મારા કહયા પ્રમાણે ચાલવા માગતા હોવો તો તમો તમારી આગળી કરણીને માટે ખરાં દિલથી પશેમાન બનીને મારા લશકર માટે ખોરાક મોકલી આપો અને નાચારી સાથે હમુને સામા મલવા આવજો. હમારા કેહેણથી જે કોઈ ઉલટો ચાલશે અને હમારી મુલાકાત કીધાથી દુર રેહેશે તેનું ડોકું હું મારી તિક્ષણ તલવારથી કાપી નાખશ અને તેના મેહેલમાં રસ્તાખેજ વરસાવશ."

એ મુજબ તે કાસદો જ્યાં જ્યાં તે નામદારી ભર્યા સરદારો હતા ત્યાંના મુલકમાં જઈ લાગ્યા આથી ફગફુર, ચીનનો ખાકાન તેમજ વળી દરેક મુલકના સરદારો ગમગીન બન્યા તેઓએ તે કાસદો સાથે એખલાસથી, નરમાશથી અને મીઠા સખુનોથી વાતો કીધી કે "હમે સઘલા તું પાદશાહના નોકરો છીએ. માટે હમો તારા હોકમથી ઉલટા ચાલીશુ નહી જે જે માર્ગોમાંથી (તારા) બાહાદુરોને પસાર થવું પડશે તે કેટલે દરજ્જે બીસમાર થઇ પડયા છે તે હમો તપાસતા રહીશું. હમો ત્યાં સરૂવાતથીજ ખોરાકી મોકલી આપીને તે જગ્યા આબાદ કરીશું અને જોઇતી ચિજો હમે લાવી આપીશું." વળી ત્યાં જે અકકલ ધરાવનારા લોકો હતા તેઓ બોલવા લાગ્યા કે "જો તે કએખસરૂ આપણી આગળથી કાંઇપણ નુકસાન કર્યા વગર પસાર થશે તો આપણે ગરીબોને પુશકલ ચિજોથી નવાજશું અને વળી તેમને પુશકલ ભેટો સાથે ખાવાનુ પુગાડીશું. પછી તેઓએ તે કાસદોને ભારી હદીઆ બક્ષ્યા તેથી તેઓ ખુશાલ દિલે તેની દરબારમાં પાછા ફર્યા જ્યારે નામદારી ભર્યો મકરાનનો કાસદ મકરાન જઇ પુગ્યો ત્યારે તેણે તે મકરાનના પાદશાહના દિલના વિચાર બીજી રીતના જોયા. તેણે તેના તખત આગળ જઇ લાગતાજ તેને તે નામું પુગાડયુ અને જે કાંઈ પેગામ હતો તે પણ મોઢેથી કહયો. પણ તેણે તુરતજ તે કાસદને અપમાન આપીને ત્યાંની રૈયતના દિલ ગમગીન બનાવ્યા. તેણે તેને કહયુ કે, "તુ ઇરાનના પાદશાહને કેહેજે કે 'વગર અનુભવે તુ હમારી ઉપર સરદારી ભોગવવા ના આવ. તમામ જમાનો મારા નસીબના અમલ હેઠેલ ચાલે છે અને મારાં તાજ અને તખતથી જમીન રોશન બને છે. જેવો પ્રકાશતો સુરજ આસમાન ઉપર ચઢે છે તેવોજ તે મેહેરબાનીની સાથે પેહેલાં આ મુલક ઉપરજ તપે છે. વળી હું અકકલ,

આબાદ ખજાનો, મોટાઇ, બાધુરી અને હાથનું કૌવટ ધરાઉ છું. જો તે મારા મુલક આગળથી પસાર થવા માંગતો હોય તો તે વાજબી છે કારણ કે જમીન દરેક જાનવર માટે ગણાય છે. જો તુ અત્રેથી પસાર થવા માંગશે તો હમો તારો માર્ગ બંધ કરીશું નહી. (પણ તે એવી સરતે કે) તું જતા જતાં મારાં લશકરને કાંઈ નુકસાંન પુગાડે નહી. જો તુ લશકર સાથે મારા શેહેરમાં હુમલો લાવશે તો આ પાદશાહીમાંથી તુને કાઇ હીસ્સો મલવાનો નથી. જો એમ હશે તો હું તુને મારી ધુલ ઉપરથી પણ પસાર થવા દેવશ નહી અને આ મુલકની જરાસરખી જમીન ઉપર પણ તારો પગ મુકવા દેવશ નહી. જો કે તેં તારાં નસીબથી સારો હીસ્સો મેલવ્યો છે તોપણ હું કાંઇ તુને ફતેહભર્યો બનવા દેવશ નહી."

જ્યારે પાદશાહે તેનો એવો જવાબ સમજ્યો ત્યારે તેણે પોતાના લશકરની તે જગ્યાએથી ઉઠાંગીરી કીધી. તે જેહાનનો જીતનાર-પોતાના નામદારી ભર્યાં લશકર સાથે ખોતનને માર્ગે ત્યાં બપકા સાથે આવી લાગ્યો. ફગફુર તથા ચીનનો ખાકાન તેની માફી માગતા અને તારીફ કરતા તેને સામા લેવાને આવ્યા. તેઓ ચીનથી ત્રણ મંજલનો છેટો કાપી પાદશાહ આગળ આવ્યા તથા સાથે પોતાના નામદારોને પણ લાવ્યા. તેઓએ ત્યાંના તમામ માર્ગોને ઝાડી વગરના સાફ બનાવ્યા હતા અને ત્યાંના ખેતરો તથા જંગલોને બેઠકની જગ્યા જેવી બનાવી દિધી હતી. તમામ માર્ગ લેબાશ અને ખોરાકીથી ભરપુર હતા તથા આસાયશની જગ્યાઓ મોજમજાહની સામગરીઓ અને બેઠકોથી ભરેલી હતી જ્યારે તે લશકર કોઈ શેહેર નજદિક જઇ પુગતું ત્યારે ત્યાં લોકો (ખુશાલીથી તેમને વધાવી લેવાને) તેમના માર્ગમાં માડવો બાંધતા હતા દીવાલ ઉપર રેશમી કપડાંઓ લટકાવવામાં આવતાં અને તેઓ ઉપર કસ્તુરી અને અમબર છાંટતા હતા. જ્યારે ફગફુર તે પાદશાહ સાથે પલોટાઈ ગયો ત્યારે તે ત્યાંથી આગલ મેહેલ તરફ જવા વધ્યો અને તેને કહયું કે "હમો તો તુ પાદશાહના નોકરો છીએ અને તારા બીજા નોકરો કરતા પણ નિચા છીએ. આ જેહાન તારાં નસીબથી આબાદ બનજો અને તુંને જોઇ તારા દોસ્તોના દિલ ખુશાલ રેહેજો. જો મારો મેહેલ તુ પાદશાહને લાયકનો નહી હોય તો તારો નોકર પણ તારી બરોબરીનો નથી એમ હુ ધારશ." આથી તે નામદાર પાદશાહ તેના મેહેલમાં દાખલ થયો અને તે નામદાર એક ઉચી જગ્યા ઉપર જઇ બેઠો. ચીનનો ફગફુર તેને નેસાર કરવા માટે એક લાખ ચીનાઇ દીનાર ત્યાં લેઈ આવ્યો અને પોતાના મુબારક વિચારના ઉમરાવો સાથે તેની આગળ ખરે પગે ઉભો. ખસરૂ ઇરાની લશકરના-નામદારો સાથે ચીનમાં ત્રણ મહીના સુધી રહયો ત્યાં સુધી

દર આમદાદે ફગફુરના નોકરો તે પાદશાહ માટે નવા નવા હદીઆ લાવીને હાજર કરતા.

ફએખસરૂએ મકરાનના પાદશાહ ઉપર બીજો પેગામ મોકલ્યો તથા મકરાનના પાદશાહ સાથે લડાઈ થઇ અને તેમાં તે માર્યો ગયો તે વિષે.

ચોઠે મહીને ઇરાનનો પાદશાહ ચીનમાંથી ઉઠાંગીરી કરી મકરાન તરફ ગયો જ્યારે રૂસ્તમ ત્યાંજ રહયો. તેણે મકરાન નજદિક આવી પુગતાંજ લશકરમાથી એક જેહાનના અનુભવી શખ્સને ચુટી કાઢી તેને મકરાનના પાદશાહ આગળ મોકલીને કહેવાડયું કે "પાદશાહો સાથે અકલનું જોડાન રેહેવું ઘટે છે. હમો કયાંવેરથી અત્રે આવ્યા છીએ તે ઉપર તું વિચાર પુગાડ. હમે કાંઇ છાકટ નથી અને હમારી ખાહેશ બજાવતાં સુઇ રેહેતા નથી. જેહાન મારાં તાજ અને તખતથી તો રોશન બની છે અને હમારૂ તખત મોટા દરજાનાં શખ્સોના માંથાં ઉપર ટેકાયલું છે. માટે તું મારા લશકરના માર્ગ માટેનો ખોરાક તૈયાર કર અને મારે માટે ખુબી સાથે એક જગ્યા તૈયાર કર. જો મારૂં લશકર ખાવાના ખોરાક વગરનું રહેશે, કે જેમ તેને ખોરાક વગરનું રાખવું તુને લાયક નથી, તો તેઓ તુરતજ બીજાઓની ચિજો ઉપર હાથ લંબાવશે તો પછી હું દરેક જનને પુગી શકશ નહી. જો તેઓ ખોરાક મેલવશે નહી તો તેઓ લડાઇ કરશે અને આ જેહાનને બુરી મનશનીના લોકો ઉપર તંગ બનાવશે. માટે જો તું મારૂં કેહેવું સમજશે નહી તો તુને ઘણાઓના લોહીથી તરબોર થવું પડશે. તારાં તમામ મકરાનના મુલકને તું વેરાન બનાવશે અને વગર કીને તુંને સિંહ જેવાઓ સાથે લડાઇ કરવી પડશે" આથી તે કાસદે ત્યાં જઈ તેનો પેગામ પુગાડયો, પણ તેના દિલમાં તે પેગામ સમાવાની અને ઈનશાફ આપવાની જગ્યા નહી હોવાથી એ વાત સમજી તે કમઅકકલી શખ્સનું મગજ ઉશકેરાઇ ગયું અને ચિરડાઇને પોંતાના મગજને બુરાઈ સાથે ભેલી નાખ્યુ. તેણે પોતાના વિખરાઇ ગયલાં તમામ લશકરને એકઠું કીધું અને ત્યાનાં મેદાનમાં લડાઇની જગ્યા તૈયાર કરવા માંડી. પછી તેણે તે કાસદને ફરમાવ્યું કે "તું ઉઠ અને તે બુરા વિચારના શખ્સ આગળ પાછો ચાલ્યો જા. તું તેને કહેજે કે તારો અધંકારવાલો વખત ફેરવાયાથી તુ આમ ખુશાલ અને જેહાનને દિપાવનાર બનના પાંમ્યો છે પણ તું મારી આગળ આવી લાગતાંજ મારો લડાયક હાથ જોશે તથા મરદાનેમરદ કોણ અને પેહેલવાન કોણ તે પણ તુ જાણશે,"

તે પાદશાહના કાસદના ત્યાંથી પાછા ફરતાંજ તમામ મકરાન ચકચાર ભર્યું બન્યું. એક પાહાડથી તે બીજા પાહાડ સુધીની જમીન ઉપર લશકર પંઠેરાઇ ગયું અને ત્યાં તમામ મકરાનનું લશકર ભેગું થયું વળી ત્યા બસો લડાયક હાથીઓને પણ લાવવામાં આવ્યાથી તું કહેશે કે ત્યાંની જમીન ઉપર જરાએ જગ્યા રહી નથી. ઘોડાઓના ખંખારોથી અને લશકરના જોસ્સાથી જાણે ચંદ્ર પણ આસમાન ઉપર ભુલો પડી ગયો. તેવામા એક ચોકીબાને પાદશાહ આગળ આવીને કહયું કે, "લશકરથી ઉડી રહેલી ધુલથી મકરાન કાલું બન્યુ છે. તમામ જમીનની સપાટી ઉપર વાવતાઓ અને હાથીઓજ જણાય છે અને તે હમણા તું પાદશાહને બે માઇલિના છેટા ઉપર જણાશે." આથી તેણે પણ લશકરની સફ ખેચવાનો અને તલવાર તથા ગુરજ હાથમાં પકડવાનો હોકમ કીધો. મકરાનનું ચોકીબાન લશકર પણ જંગલમાં જઇ તમામ રાત સુધી લશકર આસપાસ ફર્યા કીધું તખવાર કે જેની આગળ લડાઈ બીસાડ વગરની ગણાતી હતી તે ઇરાની લશકરની સંભાળ અર્થે રહયો તે એક નામદારીભર્યા સિંહ માફક જોરાવર હાથી જેવા (પેહેલવાન) સાથે લડવા વલગ્યો. ૧ તેણે તેને તલવારનો એક ફટકો મારી તેના બે ટુકડા કરી નાખ્યા અને મકરાનના પાદશાહના દિલને ધાસ્તીભર્યું બનાવ્યુ. એ પ્રમાણે બંધે તરફના લશકરે સફ ખેંચી. લશકરથી ઉડી રહેલી ધુલથી આસમાન પણ ઢંકાઇ ગયું બંધે તરફના પાહાડ જેવાં લશકરો નજદિક આવતાંજ લડવાને વલગી પડયાં. સપેહસાલાર તુસ લશકરના વચલા ભાગ તરફ જઇ ઉભો ત્યાંની હવા રનશીગડાં અને ઢોલના અવાજથી ભરેલી બની કાવ્યાની ઝુન્ડો હરોલમાં રાખ્યો અને સુનેરી જોડાવાલા શખ્સો પેહેલવાનોની પુઠે ઉભા. હવા તીરોથી અને જમીન હાથીઓથી ભરાઇ ગઇ અને તમામ જમીન નાઇળ નદી જેવી બની તે મકરાનનો પાદશાહ લશકરના વચલા ભાગમાં જ મળ્યાથી વિંધાઈ ગયો અને તે ઘાહથી તે બચી શકયો નહી. પછી એકે ખસરૂને પુછયુ કે "ઓ પાદશાહ! આપણે તેનું ડોકું કાપી લેઇએ?" પાદશાહે તેને જવાબ દિધો કે "આપણને એવા ખરાબ વિચાર સાથે તેના તરફ જોવુ જોઇએ નહી. હારેમનની કાલી તોખમના શખ્સ સિવાય પાદશાહનુ ડોકુ તેના શરીર ઉપરથી કાપવાની બીજું કોણ હીમત કરે? માટે તમો તેમાં કસ્તુરી અને ગોલાબ ભરી તેને આરામ કરવા માટે એક પાદશાહને ઘટે તેવું દખમુ બનાવો અને તેમા તેના શરીરને નગન ન રાખતાં તે પોતાના બખતરમાં જેમ ઘાહેલ થયલો છે તેમજ રેહેવા દેઓ તમો તેના મોહોને ચીનાઇ રેસમી કપડાંથી ઢાંકજો, કારણ કે બુજોર્ગોનુ મોત એ પ્રમાણેનુંજ હોય છે"

---

૧ અત્રે તખવાર કોણ પેહેલવાનની સાથે લડાઇ કરે છે તે જણાતું નથી.

તે લશકરમાંથી દસ હજાર સ્વારો અને ખંજર વાપડનારા પેહેલવાનો માર્યા ગયા તથા એક હજાર એકસો ને ચાલીસ કેદ પકડાયા. આથી બીજા જીવતાઓના મગજ ગમગીન બન્યા તેમના હાથીઓ તથા તમામ સામન, તથા લશકરના તંબુઓ અને સ ગારેલાં તખતો એ સઘલું ઈરાનીઓ લેઇ ગયા. આથી ઇરાની બુજોર્ગો તવંગર બની ગયા અને ઘણાકો તખત અને તાજવાલા બન્યા. ત્યાર પછી તે લડાયક બાધુરો મકરાનના મુલકોનો નાશ કરવા પડયા. આથી શેહેરમાંથી અને મેદાનમાથી ઓરતોના રૂડનના પોકારો નિકળવા લાગ્યા. તેઓની ઓરતો અને બચાં છોકરાંઓ કેદ પકડાયાં. જ્યારે પાદશાહનો ગુસ્સો તે રૈયત ઉપરથી ઓછો થયો ત્યારે તેણે ત્યાંથી લશકરને પાછુ ફરવાનો હોકમ કીધો આથી તિક્ષણ બુધ્ધીનો અશકસ નાસ કરવાથી અને લડાયક જુસ્સો દેખાડવાથી અટકયો પછી ત્યાં કોઇને પણ બુરાઇ કરવા દિધી નહી અને જો તેમ બનતુ તો તેને સખત બંધીખાનાનામાં પુરવામાં આવતો હતો તે શેહેરના જે કોઇ પહરેજગાર શખ્સો હતા તેઓ પાદશાહ આગળ માંફી માગતા આવ્યા અને કહયુ કે "હમો તો નિર્દોશ અને નાચાર છીએ, અને તે જુલમગારથી હમેશાં દુખ ખમતા આવ્યા છીએ. તેથી તારે જે કોઈ નિર્દોશ હોય તેઓને પાદશાહ તરીકે માફ કરવુ જોઇએ" આથી તે છાવણીમાં બાંગીઓના પોકારો સમજાયા કે "એ મુબારક વિચારના પેહેલવાનો ! હવે પછી જો એ જગ્યા-માંથી ગેરઇનશાફ, નાસ અને જુલમ વાપડયાથી લોકોના રૂડનના પોકારો સમ-જાશે તો તેવા જુલમગારોના તેમજ જે કોઇ પરવરદેગારની ધાસ્તી કરનારા નહી હશે તેઓના કાપીને બે ટુકડા કરવામા આવશે." એક વર્ષ સુધી તે જેહાનનો પાદશાહ મકરાનમાં રહયો અને ત્યા દરેક બાજુએથી ખેદુતોને બોલાવી મંગાવ્યા તેથી જ્યારે વસતની મોસમ આવી લાગી અને જમીન લીલોતરી-વાલી બની ત્યારે તમામ પાહાડો ગુલલાલાથી ભરાઈ ગયા અને મેદાનો લીલાં બન્યાં. ઘોડાઓને ચરવાના મેદાનો તથા શેકાર કરવાની જગ્યાઓ ફુલો અને ફુલોથી બાગ માફક સ ગાર પાંમી. પછી પાદશાહે પોતાના ખેરખાહ અશક-સને મકરાનમાંજ થોડો વખત રેહેવાનો અને ત્યાં ખુબી અને સચાઇ સિવાય બીજુ કાંઈ નહી સોધવાનો અને ઇનશાફના કામમા જુઠાઇને ફાવવા નહી દેવાનો હોકમ કીધો પછી તેણે શેહેરમાંથી જ ગલ તરફનો રસ્તો લિધો અને ત્યા તેનું દિલ તમામ મુશકેલીઓને સમજવા લાગ્યુ પાક પરવરદેગારના હોકમથી એવુ બન્યુ કે તેઓએ તે બ્યાબાનમાં ધુલ જોઇજ નહી. (કારણ કે) ત્યાં હવા વાદલોથી ભરાયલી રેહેતી હતી તથા જમીન પાકથી ઢકાયલી અને તમામ જેહાન લાલ અને સમબુલ ફુલોથી ભરેલી હતી. તેના લશકર માટેનો ખોરાક

ગાદાંઓમાં અને બળદો ઉપર લદાઇને હરોલમાં ચાલ્યો. ખેતરોમાં લીલોતરી-વાલી અને છાવણી નાખવા લાયકની જગ્યાઓ હતી તથા ત્યાંની હવા વાદલોથી ભરેલી અને જમીન પાણીથી ભરેલી હતી

કયખસરૂએ દરીઓ પસાર કીધો અને તેણે કંગદેજ પોતાને હાથ કીધું તથા અફરાસીયાબ નાહાસી ગયો તે વિષે.

જ્યારે તે દરીઆ આગળ આવી લાગ્યો ત્યારે તુરતજ પેહેલવાનોએ કંમરબધના ગાંઠ છોડી નાખ્યા પછી પાદશાહે તે તમામ લડાયકોને ચીન અને મકરનમાંથી તે દરીઆને રસ્તે હકાર્યા તે માણસોને પાણીમાં ઉતરવાને ત્યાની જમીન ઉપરથી જેટલાં વાહાનો મલ્યાં તે તેણે ભેગાં કીધા. પછી તેણે એક વર્ષ સુધી પાણીની મુસાફરીમા ચાલે એટલો ખોરાક તેમા ભરી લેવા ફરમાવ્યું ત્યારબાદ પાદશાહે સારા સેતારાઓની ચાલ તપાસી તે કીનારો આબરૂ સાથે છોડયો. તેણે પોતાની બદગીમાં વધારો કીધો અને જેહાનને પેદા કરનારની સેતાયશ કરવા માડી અને તેને કાંઇ પણ નુકશાંન વગર જમીન ઉપર પુગાડે એમ તે મોટા પરવરદેગાર પાસે ચાહયુ તે બોલ્યો કે " ઓ જેહાનના પરવરદેગાર ! તમામ જાહેર તેમજ ભેદી વાતોનો જાણનાર તુંજ છે. જમીન અને દરીયામાં સંભાળનાર તુજ છે તથા આસમાન અને સનિશ્ચર તારાનો માલેક પણ તુજ છે. માટે તુ મારા જીવની અને લશકરની તથા મારા ખજાનાની, તખતની અને તાજની સભાળ કરજે " તે દરીઆની ધાસ્તી એવી હતી કે તેમાંથી કોઇ પણ દુખી દિલનો થયા વગર રહયો નહી. છ મહીના સુધી તે વાહાનો દરીઆમા ચાલ્યા કીધા અને દરેકે તેમાંજ પોતાની સુવાની જગ્યા બનાવી. સાતમે મહીને જ્યારે અરધુ વર્ષ પસાર થયું ત્યારે ઉતર તરફનો પવન સામેથી ફુકયાથી તેઓ આડે અવલે રસ્તે ફાટવા લાગ્યા. તેથી વાહાનના સઢના મઠાલા જડપથી ફરી ગયાં અને ખલાસીઓના હાથમાં સુકાન રહયાં નહી આથી ખરદને માર્ગે વાહાનો એક જગ્યાએ આવી પુગ્યાં કે જેને ખલાસીઓ 'ફ્રેમ અલ્લા સદ' ને નામે ઓલખતા હતા. પરવરદેગારે એવું કીધુ કે તે પાદશાહના નસીબે પવન અને હવા સખત બન્યાં નહી પાણી વચે તે લશકર અચરત બન્યુ અને દરેક પોતાની આંગલી વડે પાદશાહને (અજાયબી) દેખાડવા લાગ્યા. તેઓએ પાણી વચે સિહો અને ગાયો જોઈ જે ગાયો સિંહો સાથે પણ જોર અજમાવી શકતી હતી. વળી ત્યા એવાં માણસો હતાં જેઓના બાલ કમદ જેટલા લાંબા હતા અને તેઓનુ તમામ શરીર ગોસ્પદોના જેવા

આલથી ઢંકાયલું હતું વળી તેઓમાના કેટલાકોના માથાં ભેસના માથાં જેવાં હતાં. તેઓના બે હાથો પીઠ પછવાડે અને પગો આગળ હતા. વળી કોઇનું શરીર મચ્છી જેવુ અને માથું વાઘ જેવુ તો કોઇનુ માથું ગોરખર જેવું અને શરીર મગર જેવુ હતુ કોઇનુ માથુ કુકકર જેવુ અને શરીર બકરાં જેવુ હતું એ રીતે ત્યાંના તમામ પાણી એ રીતના પ્રાણીઓથી ભરેલા હતા. સીપાઇઓ એક મેકને કાંઈ કાંઇ દેખાડીને પરવરદેગારનુ નામ યાદ કરવા લાગ્યા પછી આસમાનના પેદા કરનાર સાહેબનુ બક્ષવુ થવાથી હવા નરમ પડી ગઈ અને પાછો પવન જણાયો નહી સાત મહીને તેઓ દરીઓ પસાર કરી રહયા અને તેટલા વખતમા તેઓની તરફ પવને નેગાહ પોહોંચાડી નહી જ્યારે ખસરૂ દરીઆમાથી જમીન ઉપર જઇ પુગ્યો ત્યારે તેને ત્યા જંગલ જણાયુ પછી તે પરવરદેગારની હજુરમાં (તેનો ઉપકાર માનવા) બંદગી કરવાને ગયો અને ત્યાંની જમીન ઉપર પોતાનો ચેહેરો મસલ્યો. પછી તે કીસ્તીઓ અને વાહાનોને પાણીમાથી કીનારે લાવવામાં આવ્યા, અને ઉટાવલ કરવાનો વખત હોવાથી તેણે ઢીલ કીધી નહી તેની સામે બ્યાબાન, રેતાલ જમીન અને મેદાનો આવવા લાગ્યાં અને આસાનીભર્યા શરીર સાથે તે રેતાલ જગ્યા પસાર કરવામા આવી પછી ચીનની માફકના તમામ શેહેરો દેખાવા લાગ્યાં, જ્યાંના લોકોની ભાષા મકરાનીઓ જેવી હતી તે શેહેરોમાં પાદશાહે આસાયશ લિધી અને ત્યાંથી લશકરને માટેનો ખોરાક મગાવ્યો પાદશાહે ત્યાંની જમીન ગેવને સોંપતાં કહયુ કે "હવે તુ જમાનાથી તારૂ ફળ મેલવ પણ તુ ગુનેહગારો સાથે કરદો બનતો ના કારણ કે મારૂ દિલ તો ખજાના અને ચિજો ઉપરથી ઉઠી ગયું છે. હવે પછી હુ કોઇને પણ મારી સાથે રાખતો નથી પણ હુ પરવરદેગારની બંદગીમા રોકાવશ."

પછી તેણે એક નામદાર કે જે દરેક જાતની બોલી સમજી શકતો હતો તેને લશકરમાંથી ચુટી કાઢયો અને તેની મારફતે તેણે ત્યાંના પાદશાહો ઉપર પેગામ મોકલ્યો કે "જે કોઇ આરામ અને સુલેહ ઇચ્છતા હોય તેઓ ખુશી સાથે અને ખુશાલ દિલે અને ખેરખાહી સાથે હમારી દરબારમાં પધારે. એ હોકમથી જે કાંઈ ઉલટો ચાલશે તો તે પોતાના બુરા વિચારનો બદલો પાંમશે" તે કાસદે તેઓ આગળ જઇ પુગતાંજ તે શેહેનશાહનો પેગામ તેઓને પુગાડયાથી દરેકે તેને કહેવાડયું કે "હમો તો તારા નોકર છીએ અને વળી નોકરના દરજ્જાને પણ લાયક નથી." તે સરદારોમાંથી કોઇએ પણ પોતાના મગજ ફેરવ્યાં નહી પણ બુજોર્ગો અને જવાનો તેની દરબારમાં આવ્યા. શું જાગીરદારો કે શુ પાદશાહો તે પાદશાહની દરબારમાં નજર કરવાની ચિજો સાથે

આવવા લાગ્યા. ખસરૂએ એમ જોતાંજ તેઓને માનથી નવાજયા અને તેઓની ગરદનને સુરજ સુધી ઉચે ચઢાવી ત્યારબાદ તેણે કગદેઝમાંથી અફ્રાસીયાબ અને તેના બુલંદ તખતની ખબર કઢાવી, તે તરફના લોકોમાથી કેહેનારાઓએ એવુ કેહેવાડયું કે "હવે તારી સામે નદી કે પાહાડ કાંઇ નથી. અગરજો તુ તમામ સારા માઠા રસ્તાઓની ગણત્રી લેશે તો કગનુ છેટુ સો ફરસગથી વધારે નથી. જ્યારે તુ સીયાવક્ષનોજ બેટો થાય છે ત્યારે તો તુ લડાઈ કરવામાં પાણી અને આતસ જેવોજ હશે. તે જુલમગાર પાદશાહનો હવે જીવ પણ રહયો નથી અને તેના જુલમગાર માણસો પણ વધારે રહયાં નથી હવે જ્યારે તે અફ્રાસીયાબ પાણીનો દરીઓ તરી આવ્યો છે તો તે કગમાંથીજ તેની પ્રજા વચેથી મલી આવશે."૧ આ ખબરથી પાદશાહ ખુશી થયો અને તેને જે મેહેનતો ઉઠાવવાની રહી હતી તે તેને મનથી નજીવી જેવી લાગી તેણે તે લોકો માટે ખેલાતો તૈયાર કરાવ્યા અને પછી તે જેહાનના અનુભવી લોકોના ઘોડા બોલાવી મગાવ્યા તેણે તેઓને ત્યાંથી પાછા ફરવાને હોકમ કીધો અને પાદશાહ પોતે પોતાના લશકર સાથે કગદેઝ તરફ જવાને નિકલ્યો તેણે લશકર તૈયારી કરી તેમનો પગાર ચુકવી આપ્યો અને પછી નેકીના પોહોચાડનાર ખોદાતાલાની યાદ કીધા પછી તે બોલ્યો કે, "જે કોઇ બુરાઇ સોધનારો હોય છે તે પરવરદેગાર તરફની શિક્ષા ખમી દુખી થાય છે, તેથી એક કીડાના પણ શરીરને દુખનો હીસ્સો પુગાડે એવો શખ્સ આ શેહેરમાં રહેવા પાંમશે નહી."

જ્યારે તે જેહાનના પાદશાહની નજરે કગદેઝ પડયુ ત્યારે તેનો ચેહેરો આંખમાના આંસુથી ઢંકાઈ ગયો તેણે ઘોડા ઉપરથી નિચે ઉતરી પોતાનુ માથુ જમીન ઉપર નમાવીને પરવરદેગારની બંદગી કરવા માંડી અને બોલ્યો કે, "ઓ પાક ઇનશાફી સાહેબ ! તારી ધાસ્તી અને ફીકરથી ભરેલાં દિલનો હુ તારો ગોલામ છુ તેંજ મને જોર, દમામ, લશકર, દિલ, નસીબ અને હાથ પગ બક્ષ્યા છે કારણ કે તેથી હુ મારા બાપનાં આ શેહેરના કીલ્લાને પોતાનુ મઠાલુ જમીનથી ઉચે ચઢાવી ઉભેલો જોઉછુ પરવરદેગારના મળેલા ખોરેહથીજ સીયાવક્ષે આ ઉડા ખાદાવાલી જગ્યામા આવો કીલ્લો ઉઠાવ્યો હતો જે બુરાઇ તરફ હાથ લંબાવે તે જુલમગાર ગણાય છે. માટે સીયાવક્ષને મારી નાખનારા દરેકના દિલ તુટેલા બનજો તે કીલ્લો જોઈ તેનુ તમામ લશકર પણ તે નિર્દોષ

૧ કેએખસરૂ અફ્રાસીયાબની પુઠ પકડીને જેટલે છેટે આવી લાગ્યો હતો તેટલા છેટાને અવસ્તામા "નવ ફ્રાથ્વેરેસ" જેટલો ગણીઓ છે. આ 'ફ્રાથ્વેરેસ' એક જાતનુ જમીનની લંબાઈ માપવાનુ માપ ગણાઈ શકાય

સીયાવક્ષના લોહી રેડાયાની યાદથી રડવા લાગ્યું. કારણ કે તે બુરી મનશાનીના લોકોએ સીયાવક્ષનો નાશ કીધાથી જેહાનમાં આવું કીનાનું બી રોપાયું હતું. પછી તે જેહાનને જીતનાર પાદશાહ દરીઓ તરી આવ્યાની ખબર અફ્રાસીયાબને પડી. પણ તેણે તે સમજેલી વાત છુપીજ રાખી અને એક અંધારી રાતે કોઇને પણ જણાવ્યા વગર અને પોતાના જેહાનના અનુભવી લોકોને ત્યાંજ પડતા નાખીને તે ગમભર્યા દિલે ત્યાંથી એકલો હંકારી ગયો. જ્યારે કએખસરૂ કંગમાં આવી લાગ્યો ત્યારે તેનું મગજ ગમ ભર્યું અને દિલ લોહીથી ઉફલતું બન્યુ. ત્યાં તેણે પેલો દિલજીત બેહેસ્ત જેવો બાગ જોયો. તેના બાગો બેહેસ્તના ચેરાગ જેવા લાગતા હતા. ત્યાંના દરેક ખુણામાં પાણીના ઝરાઓ અને બાગો આવ્યા હતા અને ત્યાંની જમીન ઉપર સબુલ ફુલો ઉગી નિકલ્યાં હતાં તથા ઝાડની દાંખલીઓ બુલબુલોના રેહેઠાણની જગ્યા બની હતી. (તે જોઇ) દરેક શખ્સ બોલતો કે "આપણે જીંદગીની આખેરી સુધી અત્રેજ ખુશ ન રહીએ એવી આ ખુશનુમાં જગ્યા નથી."

પછી તે ચાલાક પાદશાહે ત્યા તુરાની લશકરના પાદશાહની સોધ કરવાનો હોકમ કીધો. આથી ત્યાંના મેદાનો, બંગા અને મેહેલોમાં તેની સોધ ચાલી રહી અને ચોબાજુએ ભોમ્યાઓ ફરી વલ્યા. તેની સોધ કરનારાઓ તેની ભરાવાની જગ્યા સોધી કાઢવાને બેભાન પણે ચાલ્યાજ કીધા. તેઓ તેની સોધ કરવા જડપમાં રોકાયા હતા તેટલામા તેઓએ તેના ઘણાક તખતો મેલવ્યાં. (તેનો પત્તો મેલવતાં) ઘણાએક નિર્દોશો માર્યા ગયા પણ તેઓ તે જુલમગાર પાદશાહની ભાલ મેલવી શકયા નહી. એ રીતે તે પાદશાહ એક વર્ષ સુધી મજાહ ભોગવતો અને દારૂ પીતો કંગદેઝમાં રહયો. ત્યાંની જમીન દિલને ખુશાલી આપનારાં બેહેસ્ત જેવી બની હતી અને બાગ બગીચાઓ ફુલોથી ભરાઇ ગયા હતા તેથી તે પાદશાહના દિલે ત્યાંથી પાછુ ફરવા ચાહાયું નહી આથી તે ફતેહમંદી અને ખુશાલી સાથે કંગમાંજ થોભી રહયો. આથી ઇરાની લશકરના તમામ પેહેલવાનોએ એક દહાડો પાદશાહ આગળ આવીને કહયું કે "શું તું પાદશાહના દિલને અત્રેથી ખીસવા ગમતુ નથી? અને શું તુને ઇરાન તરફ જવાનો વિચાર આવતો નથી? બુરા વિચારનો અફ્રાસીયાબ તો કદાચને દરીઆની પેલે પારે નિકળી પણ ગયો હશે વળી ત્યાંના તખત ઉપર બેઠેલો પાદશાહ કાઉસ ઘણોજ બુઢો થઇ ગયો છે અને તેની પાસે તખત, દમામ, ખજાનો કે લશકર કાંઇ રહયુ નથી. જેહાનના સરદારો તથા લશકર તથા વલી ભણેલાઓ અને લડાઇના અનુભવી શખ્સો તો તારી સાથે રહયા છે. તેથી જો અફ્રાસીયાબ કીના ભર્યો બનીને ઇરાન તરફ જઇ લાગશે તો ત્યાં

ઇરાનની સંભાલ કોણ કરશે ? જો તે પાછો તાજ અને તખતનો ધણી થવા પાંમશે તો પછી આપણે કીધેલી સઘલી મેહેનતો ફોકટ જશે." આથી તે પાદશાહે ઇગનીઓને જવાબ દિધો કે "તમારી એ શિખામણ ફાયદાકારક છે." પછી તેણે તે શેહેરમાંથી મોટા દરજ્જાના શખ્સોને બોલાવી મંગાવી તે જુલમ ખમેલા શખ્સો સાથે કેટલીક મસલત કીધી. તેઓમાથી જે કોઇ લાયક હતા અને જેઓ તે શેહેરમાં વધારે માનીતા હતા તેઓના શરીરના શગાર માટે પાદશાહે ખેલાતો તૈયાર કીધા પછી પાદશાહે કીલ્લાના ઉપરીને બોલાવી મંગાવીને કહયું કે "તું અત્રેજ ખુશાલીભર્યો રેહેજે પણ હમેશાં તે બુરા વિચારના શખ્સ (અફરાસીયાબને) માટે વિચાર કરતો રેહેજે." પછી તેણે જેટલો ખજાનો અને ઘોડાઓ તેની પાસે હતા તે ત્યાં બક્ષેશ કરી દિધા. આથી તે તમામ શેહેર તેનાથી તવગર બન્યું અને તેઓ હાર, સાંકલી, તખત અને તાજવાલા બન્યા.

કંગદેઝેથી કએખસરૂ સીયાવક્ષ ગેરદ તરફ પાછો ફર્યો તે વિષે.

પછી મરઘાઓને જાગરૂત બનવાના વખતે (બામદાદે) તેની દરબારમાંથી ઢોલના અવાજ સંભલાતાજ તે લશકર બ્યાબાનને માર્ગે ઉટાવલે કુચ કરવાને ત્યાંથી ઉપડી ગયુ. દરેક મુલકના નામદારો અને ત્યાંના સરદારો તે પાદશાહના અને લશકરના માર્ગમાં ચાલે એટલો જેટલો ખોરાક તેઓ ધરાવતા તેટલો સાથે લેઇને આવવા લાગ્યા. જે જે રસ્તામાંથી તેના લશકરનું પસાર થવું થતું ત્યાંના તમામ જંગલો અને મેદાનો બજાર માફકના બની જતાં. આથી પાહાડો, જંગલો અને બેસવાની જગ્યાઓ ઉપર (જુલમનો) હાથ લંબાવવાનું કોઇનું પણ દિલ થતુ હતું નહી. ત્યાંના બુજોર્ગો પાદશાહ માટે હદીઆઓ અને ભેટ કરવાની ચિજો સાથે લેઇને તેને સામા લેવાને આવતા હતા અને નામદાર ખસરૂને જોતાંજ તે સઘલાઓ તેની આગળ નમન કરતા તેજ વખતે તે જમીનનો પાદશાહ પણ તેઓને પૈસા, ઘોડાઓ અને ચીનાઇ તાકાઓ ભેટ આપતો.[1] જેવા તેઓ ખેલાત સાથે આવતા કે તેઓ ત્યાંથી ખજાનો પાંમતા અને તેઓમાનો કોઇપણ દુખી થઇને જતો હતો નહી ગેવ તથા તે શેહેરના જે કોઇ સરદારો હતા તેઓ પણ પોતાના લશકરની સાથે તેને સામા લેવાને આવ્યા. આથી તે ચાલાક પાદશાહે તે ગેવને માનથી નવાજ્યો અને તેણે તેને પોતાના બાપના રેવાજ મુજબનો ઓદ્ધો બક્ષ્યો. જ્યારે ખસરૂ દરીઆ આગળ આવી લાગ્યો

---

૧. એ બેત લખેલી નકલમા વધારે છે.

ત્યારે તેણે ત્યાં થોભીને વાહાનોને માટે તપાસ કીધી. તે બે અઠવાડયા સુધી દરીએ કીનારેજ થોભ્યો અને ત્યાં ગેવના દર્શણ થવાથી તેની સાથે કેટલીક વાતે વલગ્યો. તે બોલ્યો કે "જે કોઇએ કંગદેઝ જોયુ નહી હોય તેને જેહાનમાં જીવવું લાયક નથી." પછી તેણે કામ આરંભવાનો હોકમ કીધો, તેથી બે વાહાનોને પાણીમાં ઉતારવામાં આવ્યા. વાહાનોની પુઠે હજાર કીશ્તીઓ ઉતારવામાં આવી અને પછી તે પાદશાહે પાછુ પાણીમાં હકારવા માંડયું. જે કોઇ કીસ્તી હાંકનારા ભર દરીએ બાહાદુરી દેખાડનારા હતા તેઓને તે વાહાનોના સઢ ચઢાવવા અને છેડા વગરના દરીઆમાં તેઓને ઉતારવાનો હોકમ કીધો. જે દરીઆનો માર્ગ એક વર્ષે પસાર થઇ શકે તે સખત પવન ફુકવાથી સાત મહીનામાં પસાર થયો અને તે પાદશાહ અને લશકર પેલેપાર ઉતર્યા અને તેમને ખરાબ પવનથી પાછુ હટવુ પડયુ નહી તે પાદશાહે જમીન આગળ આવી લાગતાંજ અને વાહાનમાંથી નિચે ઉતરી જંગલો જોતાંજ જઇને પાક પરવરદેગારની બંદગી કરવાને પોતાનો ચેહેરો જમીન ઉપર ઘસ્યો. પછી તેણે પુશકલ ખોરાક અને પોશાક ખલાશીઓને તથા સુકાનીઓને બક્ષ્યો તથા વાહાનો હંકારવામાં જે શખ્સોએ ઘણી મેહેનત કીધી હતી તેઓને તેણે ખજાનામાંથી પૈસા અને ખેલાત આપવાનો હોકમ કીધો. પછી તેણે દરીઆ આગળથી જંગલનો રસ્તો લિધો. તેથી તમામ જેહાન તેને માટે અચરત બની.

જ્યારે એ ખબર અશકશને મલી ત્યારે તે લશકર તૈયાર કરીને પાદશાહને માર્ગમાં સામો લેવાને આવ્યો અને તેને જોતાજ અશકશે ઘોડા ઉપરથી નિચે ઉતરી પાદશાહ આગળની જમીનને બોસો લેઈ તેની તારીફ ગાવા માંડી. તમામ મકરાનને સંગારવામાં આવ્યુ અને રામશગરોને દરેક ઠેકાણેથી બોલાવવામાં આવી. આથી તમામ રસ્તે રસ્તે વાજીંત્રના અવાજ સમજાવા લાગ્યા. તું કેહેશે કે હવા અને વાજાનો સાઢ જાણે તાણાવાના માફક વનાઇ ગયા હતા. દિવાલો ઉપર રેસમી વાવતાઓ લટકાવવામાં આવ્યા હતા અને દીરમ સાથે શાકર ભેલીને પાદશાહના પગ આગળ લાવી નાખવામાં આવતી. મકરાનમાં જે કોઇ સરદારો તથા નામદારો અને પેહેલવાનો ગણાતા હતા તેઓ તે ફતેહમંદ પાદશાહ આગળ હદીઆ અને નજર કરવાની ભેટો સાથે આવ્યા. જે કાંઇ ચિજો તે મુલકમાં મલતી હતી તે અશકશે ત્યાં લાવીને તૈયાર કીધી. પાદશાહે જે કાંઇ અશકશ મારફતે મલેળું જોયુ તે તેણે કબુલ રાખ્યું. પછી તેણે તે નામદારોમાંથી એકને ચુટી કાઢી તેને મકરાનના મુલકનો સરદાર બનાવ્યો અને તેણે તેની તારીફ કરીને પુશકલ ખેલાતો બક્ષ્યા. જયારે પાદશાહ પોતે અને ઇરાન જમીનના નામદારો મકરાનથી ચીન આગળ આવી લાગ્યા ત્યારે સામના

બેટા જાલનો રૂસતમ લશકર તૈયાર કરીને ખુશાલી સાથે તેને સામો લેવાને આવ્યો. જેવો તેને દુરથી કએખસરૂ જણાયો અને તે નામદાર સ્વારે તેનું છત્ર જોયું તેવુ જ તેણે દુરથી ઘોડા ઉપરથી નિચે ઉતરી પડીને તેને નમન કીધું, અને તે નામદાર પાદશાહે તેને બગલગીરી કીધી તેણે તેની આગળ દરીઆમાં જે જે અજાયબીઓ જોઇ હતી તેનુ તથા તે જાદુગર અફ્રાસીયાબ ત્યાંથી કેમ ગુમ થઇ ગયો હતો તેનું બ્યાન કીધુ વળી તે ચીનમાં એક અઠવાડયું સુધી રૂસતમનો પરોનો રહીને ચીનથી માચીન તરફ કુચ કરી ગયો. તેણે ફગફુર અને ખાકાનને તે મુલકો પાછા સોંપી દિધા જેથી તેઓએ તે પાદશાહની પુશકલ તારીફ કીધી વળી તેણે તેઓને પુશકલ ખેલાતો બક્ષ્યા અને તેમને શિખામણો દેઇને તેઓના દિલને તમામ રીતે ગમથી મોકલાં કીધા. પછી તે અસપદાદ મહીનાના અરશીસગ રોજે સીયાવક્ષ ગેરદ તરફ ગયો. જ્યારે તે પોતાના બાપના શેહેર તરફ આવી લાગ્યો ત્યારે તેના ગલા આંસુથી ભરાઈ ગયા અને જીગર લોહીથી ઉકલવા લાગ્યુ. તે પાદશાહ જે જગ્યાએ બુરી નિશાણના કરસીવજે અને માણસોને મારી નાખનારા લ્યાનત ભરેલા ગુરઈજરેહએ ઇરાનના પાદશાહ (સીયાવક્ષ) નુ ડોકુ ખુત્રારે હાલ કાપી નાખ્યું હતુ ત્યા ગયો અને ત્યાની કાલી ધુલ પોતાના માથામા ભરી પોતાના ચેહેરા અને છાતીને નખોથી પીખી નાખ્યા. રૂસતમે પણ તે જગ્યાની ધુલ ઉપર પોતાનો ચેહેરો ઘસીઓ અને ગુરઈજરેહના જીવતર ઉપર લ્યાનત નાખી તેને કાલો ચીતાર્યો. કએખસરૂ ત્યાં બોલ્યો કે, "ઓ પાદશાહ! તુ જેહાનમાં મને તારી યાદગારી તરીકે રાખી ગયો છે તારો કીનો લેવાને મે કાઈ બાકી રાખ્યું નથી અને જ્યાં સુધી જેહાન રેહેશે ત્યા સુધી હુ તારે માટે દુખી રેહેવશ. મેં અફ્રાસીયાબ પાસેથી તેનુ તખત છીનવી લિધુ છે અને હવે પછી પણ હું આરામ લેવશ કે ઉઘાવશ નહી હું તે અફ્રાસીયાબને મારા હાથમા પકડવાની ઉમેદમાં છું કે હુ તેની આગળ આ જેહાનને અધારી અને તંગ બનાઉ." ત્યાર પછી તે પોતાનો ખજાનો કે જે માટે તેની માએ તેના બાપથી વાત સમજી હતી તે તરફ જવા નિકલ્યો તેણે તે ખજાનાના બારણા ખોલીને લોકોના પગાર ચુકવ્યા અને ખુશાલી સાથે તે શેહેરમા બે અઠવાડયાં સુધી રહયો તેણે રૂસતમને દસ દસ હજાર દીનાર સાથની બસો કોઠલીઓ બક્ષી તેમજ ગેવને પણ પુશકલ ચિજો બક્ષી જ્યારે નોજરના બેટા ગસતહમે પાદશાહને પોતાના બાપના શેહેરમાં આવી લાગવાની ખબર સમજી ત્યારે તે ભારી લશકર સાથે ઇરાની બુજોર્ગો અને બાહુરોને સાથે લેઇને તેને સામો લેવાને આવ્યો. જ્યારે તેણે દુરથી તે પાદશાહનો ચેહેરો અને તેનું તાજ જોયુ ત્યારે

તે પગે ચાલીને કેટલોક રસ્તો આગળ વધ્યો. તમામ લશકરે તે જમીનના ઈનશાફી પાદશાહની તારીફ કીધી. પછી પાદશાહે ગસતહમને પાછો ઘોડેસ્વાર થવા ફરમાવ્યું અને તેનો હાથ પોતાના હાથમાં ધરીને ત્યાંથી ખુશાલી સાથે આગળ વધ્યો

પછી તેઓ ત્યાથી બેહસ્ત કગ તરફ ગયા. પાદશાહની હાજરીથી લશકરને આબરૂ અને ખુશાલી મલી. વફાદારી ફળદાર ઝાડ માફકની હોય છે કે જેના ઉપર દર વખતે નવા નવા ફળો ઉગ્યા કરે છે ત્યાં તે સ્વારો તેમજ પાદશાહ કે કોઈપણ ખાવાપીવાથી અને શેકાર કરવાથી ધરાયા નહી. તુરકીઓમાં જે કોઇ નામદારો હતા તેઓ પણ તેના તરફની નવાજેશથી હાજત વગરના બન્યા. ત્યાં પ્રકાસ્તા દિવસે કે રાતે સુવાને વખતે પણ અફ્રાસીયાબ માટેની ખબર કઢાવવામાં આવતી કોઈપણ તુરકી હવે તેની યાદ કરતો નહી અને વળી જેહાનમાં પણ કોઈ તેની યાદ કરતુ હતું નહી. તે જેહાનના પાદશાહે એક રાતે પોતાનુ તમામ શરીર ધોયુ અને ઝંદ અવસ્તા સાથે ત્યાથી દુર બંદગી કરવાને ગયો તેણે ત્યાં તમામ રાત સુધી પોતાનું માથું જમીન ઉપર મુકીને જેહાનના પેદા કરનાર સનમુખ મીનતજારીથી બંદગી કીધી અને બોલ્યો કે "આ તારો કમીનો ગોલામ પોતાના જીવને હમેશા દુખભર્યો રાખે છે. હું અફ્રાસીયાબ કે જે તુ ઇનશાફી સાહેબના (સાચા) માર્ગ ઉપર ચાલતો નથી અને જેહાનમાં કોઇને પણ તે ઈનશાન તરીકે ગણતો નથી તેની સોધમાં જેહાનના પાહાડો, મેદાનો, જંગલો અને દરીઆઓ ફરી વલ્યો છું. તુ સાહેબ પોતે પણ જાણે છે કે તે ઈનશાફ ઉપર અને તારા માર્ગ ઉપર ચાલનારો નથી અને તેણે ઘણાએક નિર્દોશોના ડોકાં કાપી લોહી રેડાતાં કીધાં છે. પણ એ ઇનશાફી એકપુરા ખોદા! તું તે બુરી કરણીના શખ્સ (અફ્રાસીયાબ) આગળ લેઇ જવામાં મારો રેહેતુમા થા. જો કે હું તારો એક કમીનો ગોલામ છુ તોપણ તુંજ પરવરદેગારની હુ બંદગી કરનાર છુ. જેહાનમા તે (અફ્રાસીયાબ)નું નામ કે તેનો અવાજ કાંઇ સમજાતો નથી તોપણ જે મારે મનથી ભરમ છે તે તારી આગળ ભરમ નથી. એ ઇનશાફી સાહેબ! જો તું તેના ઉપર ખુશ હોય તો તું મારા મગજને હવે લડાઇ કરવાથી પાછુ ફેરવ. તેને માટેના આ કીનાના આતશને મારા દિલમાંથી ખેંચી લે અને તારી રાહારીતી મુજબની મારી રાહરીતી બનાવ." પછી તે નામદાર અને નસીબવંત જવાન બંદગી કરવાની જગ્યાએથી પોતાના તખત આગળ પાછો ફર્યો અને તે બેહેસ્ત કગમાં લડાઈ અને લડાઇના હથીયારોથી નચિંત બનીને રેહેવા લાગ્યો.

કએખસરૂ ઇરાન તરફ પાછો ફર્યો અને તે ફારસમાં કાઉસ આગળ આવી લાગ્યો તે વિષે.

જ્યારે કંગમાં પણ રહયાને તેને લાંબો વખત વહી ગયો ત્યારે તેને કાઉસના દીદાર જોવાની ઇચ્છા થઈ. આથી તેણે કબચાકથી ૧ તે ચીનના દરીઆ સુધીનો મુલક નોજરના બેટા ગસતહમના હવાલામા સોફ્યો વળી તેણે ગસતહમને બેહદ લશકર સોંપીને કહયુ કે "તુ સાઉચેત દિલનો અને ખુશાલ રેહેજે. તું (કામ પડવે) તારા હાથને ચીન અને મકરાન જમીન ઉપર લબાવેલા રાખજે અને નામા સાથે ત્યા કોઇ શખસને મોકલ્યા કરજે વળી તુ અફ્રાસીયાબની ખબર પણ મેલવતો રેહંજે કે જેથી આ જમીનની સપાટી તેનાથી (જલદિથી) ખાલી થાય" પછી તે જગ્યામા જે કાઇ દીનારો, વગર વાપડેલાં મોતીઓ, કસ્તુરી, કપુર, સુનેરી લગામો, હારો, ઘોડાઓ, તખતો, ગોલામો, પાંઠરવાના ગલીચાઓ, ચીનાઇ રેસમી કાપડના તાકાઓ વિગેરે અસબાબ હતો તે તથા મકરાન જમીનમા જે કાંઇ ચિજો પેદા થતી હતી તે સઘલી ચિજોથી બલદોના ચાલીસ હજાર ગાડા ભરી તેઓને તે પાદશાહની હરોલમાં ચલાવવામા આવ્યાં તે જોઇ દરેક બોલતા કે, "કાઇપણ પાસે આટલો બધો માલ હશે નહી અથવા તો કોઇએ જોયો પણ હશે નહી." તે લશકર એટલુ તો મોટું હતું કે તે ત્યાંના પાહાડ અને મેદાનમાં રાત અને દીસ કુચ કરતુ રેહેતું. તે સરદાર આંખ મીચીને ઉઘાડે તેટલામા તો તે નવે નવે મનજલે જઈ લાગતો એ પ્રમાણે તે ચાચ સુધી આવી લાગ્યો. ત્યાં તેણે હાથીદાતના તખત ઉપર પોતાનું તાજ ઓલવ્યું. સોગદમાં તે એક અઠવાડયાંથી વધુ રહયો ત્યા તલીમાન અને ખુજાન પેહેલવાનો તેને એસ્તેકબાલ લેવાને આવ્યા. પછી તે ત્યાંથી બોખારા તરફ જ્યાંથી ત્યાંની જમીને લશકરથી તમામ ઢકાઇ ગઇ ત્યાં પણ તે એક અઠવાડયું સુધી ખાવાપીવા અને આશાયશ લેવાને ચોભ્યો બીજે અઠવાડયે તે વહી જતા વખત માટે ગમગીન બનીને એક નવો પોશાક પેહેરી ભણુતો ભણુતો આતશકદેહ જે ફરીદુનના બેટા તુરે બાંધ્યું હતુ અને જેમાં મોટા મેહેલો બાંધવામાં આવ્યા હતા ત્યાં ગયો. ત્યાં તેણે પરવરદેગારની બંદગી કરવાને પોતાનો ચેહેરો કાલી ધુલ ઉપર ઘસ્યો અને મોબેદો વચે છુટે હાથે સુતું રૂપું રેડયુ તથા આતશ ઉપરથી કેટલાક જવેહરાતનો નેશાર કીધો ત્યાર પછી તેણે ત્યાથી આગળ વધવાને મોઢું ફેરવ્યું અને તે પાદશાહ ખુશાલ દિલે આગળ વધ્યો. તે (અંતે) જેહાનમાં ઘણીએક લીલી સુકી ખમીને જીહુન નદી પસાર કરી બલખમાં આવ્યો.

---

૧ કબચાક એ તારતરીના એક ભાગનું નામ છે.

એક અઠવાડયું સુધી તે પાદશાહ બલખમાં પણ ગોભ્યો અને અઠવાડયું ખલાશ થતાં તેણે આગળ વધવાનુ પંસદ કીધું. દરેક શેહેરમાં તે એક એક નામદાર સરદારને લશકર સાથે રાખતા આવ્યો પાદશાહ જે જે જગ્યામાંથી પસાર થતો ત્યાંના રસ્તાઓમાં માંડવો બાંધવામાં આવ્યો તે તાલીકાન અને મર્વ સુધી આવી લાગ્યો તેટલામાં ત્યાંના મુલકો સરનાઇ અને વાજીત્રોના અવાજથી ભરાઇ ગયા. એક નાકેથી તે બીજે નાકે સુધી ત્યાંના લોકોએ કેસર, કસ્તુરી સાથે દીરમ અને દીનારો ભેલીને તેના ઉપર રેડી મુકયા. તેઓએ તમામ શેહેરને સગારી મુકી ત્યાં દારૂ અને વાજીત્ર સાથે રામશની પાલી. પછી પાદશાહે હાથીઓ, ખજાનો અને લશકર સાથે નેશાપુરનો રસ્તો લિધો. તે શેહેરમાં જે કોઇ ગરીબો હતા તથા જેઓ મેહેનત કરીને ગુજરાન મેલવતા હતા તેઓમાના દરેકને તેણે પોતાના ખજાનામાંથી પૈસા બક્ષ્યા જેથી તેની દસ-દસ હજાર દીનારની પચાવન હેલીઓ ખાલી થઇ ગઈ પછી તે ત્યાંથી દામગાન શેહેર તરફ ગયો જ્યાંના પણ તમામ રસ્તામાં અનૃ અને દીરમ પંથરાઈ ગયા પાદશાહે ત્યા પણ એક અઠવાડયું આશાયશ લિધી અને ત્યાંના હાથી, ઘોડા અને લશકરની તપાસ લિધી તેણે અઠવાડયાની આખેરીએ રએ તરફ જવાનો વિચાર કીધો અને તેણે તમામ માર્ગમા વાજીત્ર અને દારૂ સાથે ખુશાલી પાલવા ધારી. રએમા તેણે બે અઠવાડયાં બક્ષેશ કરવાના અને ઈનશાફ આપવામાં ગુજાર્યાં અને ત્રીજે અઠવાડગે બગદાદ તરફ જવાનો વિચાર કીધો રએથી તેણે કેટલાક ઉંટ સ્વારોને કએકાઉસને એ ખબર પુગાડવાને પારસ મોકલી આપ્યા. એ ખબર મેલવ્યાથી તે પાદશાહનુ દિલ તાજગીભર્યું બન્યું. તું કેહેશે કે તે પોતાની હદ ઓલંગીને બીજે છેડે ગયું. તેણે મેહેલોમાં સુનેરી તખતો મુકાવ્યાં અને ઘરોમાં ચીનાઇ સરસામનો ગોઠવાવ્યા શેહેરમાં અને માર્ગમાં તથા તમામ મોહોલા, ચકલા અને બજારોમાં મંડપો બધાવ્યા. તમામ નામદારો તથા ઇરાનના બુજોર્ગો અને બાધુરો તેને લેવાને સામા ગયા રસ્તે રસ્તે આરકાંઓ બાંધવામાં આવ્યા અને ત્યા સુનુ વિખેરાઇ પડયાથી ત્યાંની જમીન કીનખાબ જેવી લાગતી હતી ત્યાં તમામ કસ્તુરી અને મોતીઓ વેરી મુકવામાં આવ્યાં અને તે આરકાઓમાથી તેના માથા ઉપર વેરાઇને પડતાં હતાં.

કએકાઉસ પોતાના નામદારો સાથે શેહેરમાંથી બાહાર પડતાંજ અને જવાન પાદશાહે પોતાના બપાવાને પેલે નાકેથી જોતાંજ પોતાના જડપ ચાલના ઘોડાને (તેની આગળ જવાને) દોડાવી મુકયો અને ત્યાં ઘોડા ઉપરથી નિચે ઉતરી પડી તેને નમન કીધુ. કાઉસે પણ તેની પુશકલ તારીફ કીધી અને તેઓએ એકમેકને બગલગીરી કરી એકમેકના ચેહેરા અને કપાલ ઉપર

ધાબુએક બોમા લિધા તેઓ પોતાની (અફ્રાસીયાબને કેદ પકડવાની) ખાહેશ પાર પાડયા વીનાની લાંબો વખત થયો છીંદગી ગુજારતા હોવાથી તે બંધે જારજાર રડયા કએકાઉસ તે નેકબખત અને નેક પગલાંના પાદશાહની તારીફ કરતાં બોલ્યો કે "આ જેહાન, બુજોર્ગોનુ તાજ અને કેઆની તખત તારા વગરનુ રેહેતુ ના કારણ કે સુરજે તારા જેવા પાદશાહને તારા ઘોડા અને બખતરને તથા તારાં તાજ અને તખતને જોયાં નથી જમશીદ અને ફરીદુનના વખતથી તે હાલે સુધીમા આસમાન અને જમીને તારા જેવા કોઇ પાદશાહને જોયો નથી. વળી મોટા દરજ્જાના પાદશાહોમાંથી કોઇએ પણ આવી મેહેનત કીધી નથી અને જેહાનના જાહેર તથા છુપા ભરમો જોયા નથી જો સીયાવક્ષ દુખમામાંથી હાલે પાછો ફરી શકતો હતે તો તે પણ તારા જેવો દમામ પામવાની ઇચ્છા કરતે જો ક તે તો ચાલી ગયો છે ત્યારે તો આ જેહાન તુને મુબારક થજો અને તારુ બુરૂ ઇચ્છનારાઓના દિલ અને જાન તુટેલા બનજો" પાદશાહ કએખસરૂ બોલ્યો કે, "એ સઘલુ તારે નસીબેજ બન્યુ છે અને તારાંજ ઝાડ (યાને ખાનદાન) ની ડાલી ફુલવત બની છે જે શખ્સનો તુ જેહાનમા બપાવો ગણાતો હોય તેને માટે પથરમાંથી પણ ઘાસ ઉગી નિકળે છે" આથી તે બપાવાએ તેના હોટ ચુમીને કહયુ કે "હવેથી મારી (બાકી-ઉમરની) રાત અને દિસ તારા વગરની રેહેતી ના પછી કાઉસે પોખરાજ, યાકુત અને સુનુ લાવીને તે પાદશાહના તાલક ઉપરથી એવો નીશાર કીધો કે જેથી તેના હીરા જડીત તખતના પૈયા પણ તેમાં ઢકાઈ ગયા.

પછી તેણે અનજુમન બોલવવા અને મેહેલના બીજા ભાગમાં ખાણાની તૈયારી કરવા ફરમાવ્યું. આથી મોટા દરજ્જાના બુજોર્ગો સુનેરી સંગારવાલા બાગમાં તે પાદશાહ આગળ આવી બેઠા ખસરૂએ જે કાંઇ અજાયબીઓ કે જેવી કોઇએ નજરે નજર જોઇ હતી નહી અને કોઇને મોઢેથી સમજી પણ હતી નહી તે તેઓ આગળ કહી સમજાવી તેણે દરીઆની મુશાફરીનું અને કંગદેઝનું તથા કંગદેઝ શેહેરની જાહોજલાલીનુ, ત્યાંના મેદાનો, ખીણો, બાગો અને ચેરાગ જેવા દિપતા બગીચાઓનુ તેઓ આગળ બયાન કીધું અને તે નામદારોના હોટોને અજાયબીથી ફાટેલા કીધા કએકાઉસ પણ તે બયાન સમજી અચરત બન્યો અને તેણે તે ઉપરથી તેની બાહુરીનો ખ્યાલ મેલવ્યો. તેણે તેને કહયું કે "આજે નોરોજ (જેવો દાહાડો) છે અને બેસ્નો મહીનો છે અને તે સાથે આપણે નવા પાદશાહની નવી નવી વાતો પણ સમજીએ છીએ. મેં તારા જેવો કોઇપણ પાદશાહ જોયો નથી અને એવી વિગત મારા કાને કોઇથી પણ કદી સમજી નથી. માટે હવે હમે એવાંજ તાજા નસીબના બનવાને દાર

સાથે ખસરૂની યાદ લેઇએ.'' આથી તે સુનાથી સંગરાયલા બાગને સંગારી મુકયો અને ત્યાં દારૂ તથા યાકુતની જામો લાવી હાજર કરવામાં આવી. કએ-કાઉસના મેહેલમા એક અઠવાડયું સુધી દારૂની જામોના મોજા ઉછલવા લાગ્યા. આંઠમે દિવસે પાદશાહે ખજાનાના બારણા ખોલ્લાં કીધાં અને જેઓએ આ સઘલી મેહેનત ઉઠાવી હતી તેઓને માટે તેણે દરબાર ભરી. જે કોઈ બુજોર્ગોએ તે (ખસરૂ) ની સાથે લડાઇમા, મોજમજાહમા, ખુશાલીમા અને ગમીમાં ભાગ લિધો હતો તેઓની પડવી મુજબના ત્યાં ખેલાતો તૈયાર કરવામા આવ્યા અને ખજા-નામાથી જે કાંઈ મોઘામા મોંઘી ચિજો હતી તે ત્યાં મંગાવવામાં આવી ત્યાર બાદ (તે લેઇને) મોટા દરજ્જાનો દરેક શખ્સ પોતાના નામદારી ભર્યા લશકર સાથે પોતાના મુલક તરફ ગયો પછી ત્યાં લશકર માટેનું કામ બજાવામાં આવ્યું અને તેઓને પાદશાહી ખજાનામાથી એક વર્ષનો પગાર બક્ષવામાં આવ્યો. ત્યાર બાદ તે જેહાનનો પદશાહ તેના બપાવા સાથે દરબાર ભર્યા વગર વાતે બેઠો. ખસરૂએ પાદશાહ કાઉસને એ પ્રમાણે કહયુ કે "આપણે પરવરદેગાર સિવાય કોણુનો માર્ગ સોધ્યે ? હમે તો એક દાધેલ દિલના લશકર સાથે એક વર્ષ સુધી બ્યાબાનો અને દરીઆમાંના માર્ગો ઓલંગ્યા તોપણુ ત્યાનાં પાહાડો કે બ્યાબાનો કે પાણીના દરીઆમાથી હમોને તે અફ્રાસીયાબની ભાલ મલી નથી. જો તે થોડી પળ પણુ કગમાં દાખલ થવા પાંમશે તો તે વગર ઢીલે ચોબાજુએથી વલી લશકર લેઇને આવશે. તેથી વલી ગમે એટલો પરવરદેગાર આપણો મદદગાર હોવા છતાં પાછી મેહેનત અને સખતી સામી આવી ઉભી રેહેશે" જ્યારે તે બપાવાએ પોતાના નબીરાથી એવી વાત સમજી ત્યારે તેણે તેને પોતાની બુજોર્ગી મુજબની શિખામણો આપવા માંડી. તે બોલ્યો કે "આપણે બે ઘોડા લેઇને આદર ગુશસ્પના આતશખાના તરફ જડપથી જઇએ અને યજદાં પ્રસ્તીઓની રીતી મુજબ આપણા હાથ પગો અને શરીર ધોઇ જેહાનના પરવરદેગારની હજુરમા આજુજી સાથે આપણી છુપી દુવાઓ ભણીએ. આપણે તે આતશના કેબલા આગળ. ખરે પગે ઉભા રહીએ કે જેથી તે પાક યજદાંન આપણો મદદગાર બને અને અફ્રાસીયાબે જે જગ્યામાં પોતાની આરામ કરવાની જગ્યા બનાવી હોય તે જગ્યાના માર્ગની તે પરવરદેગાર આપણને નિશાણી આપનાર બને.'' આ વિચારમાં તે બંધે એકમત થયા અને તે માર્ગે ચાલવાને તેઓમાંથી કોઇ પણ ફર્યું નહી તે બંધે પવન વેગે ઘોડા ઉપર બેઠા અને જડપથી આદર ગુસસ્પના આતશખાના તરફ ગયા. તેઓ બધે ત્યાં સફેદ પોશાક પેહેરી પોતાનાં દિલને ઉમેદ ભર્યા બનાવીને ધાસ્તી સાથે દાખલ થયા. તેઓ તે આતશના કેબલાને જોતાંજ

બંદગી કરવા ગુટાયા અને જેમ આતશ ઉપર ભુજાય તેમ દુખી બન્યા. ત્યાં તે બધે પાદશાહ સુરજ અને ચંદ્રના પેદા કરનાર સનમુખ જારી અને રૂડન કરવા લાગ્યા. તેઓએ ત્યા મોબેદો વચે જવેહરાતની ખેરાત કરવા સાથે પરવરદેગારની યાદ કીધી. ત્યા જ્યારે પણ ખસરૂ પોતાના ચેહેરાને આંખના પાણીથી ધોતાં ઝંદ અવસ્ના ભણતો ત્યારે સાથે તે ત્યા પૈસા પણ રેડી દેતો હતો. એ મુજબ તેઓ એક અઠવાડયું સુધી પરવરદેગારની ખીદમતમાં રહયા. પણ તેથી તુ એમ ના સમજતો કે તેઓ આતશ પુજનારા હતા. કારણકે આતશ તો તેમના કેબલા તરીકે હતો. તે પ્રસ્તેશ કરનારાઓની આંખો ત્યાં આસુથી ભરેલી બની હતી જો તુ ગમે એવા લાબા વિચાર કરશે તો તું કાંઇ પાક યઝદાની ગરજ વગરનો નથી એમ તુને માલમ પડશે. તે પાદશાહો તથા તેના બાધુરો એ રીતે આબાદગાનના આતશ કદેહમાં એક મહીને સુધી રહયા।

અફ્રાસીયાબે એક પાહાડના ગોશામાં આસરો લિધો અને તે હોમ નામનાં ફરીદુનની તોખમથી ઉતરી આવેલા શખ્સના હાથમાં પકડાઇ ગયો તે વિષે.

હવે એવુ બન્યું કે અફ્રાસીયાબ ઉંઘ અને ખોરાક વગર દરેક ઠેકાણે ભટકતો ફરતો રેહેવા લાગ્યો. તેના જીવને નચિંતાઇ કે તેના શરીરને કાંઇ ફાયદો મલતો હતો નહી, પણ નુકસાંન થવાની ધાસ્તીથી તે હમેશા ગભરાતો રેહેતો. તેણે જીવથી નચિંત અને તંનદરોસ્ત બનવા માટે જેહાનમાંથી એવી કોઈ જગ્યા સોધી કાઢવા ચાહી આથી તેણે બરડા શેહેરની નજદિકમાં એક ગાર સોધી કાઢયો, જે પાહાડની ટોચે આવેલો ગાર દુન્યાથી બેમાલુમ હતો. તે જગ્યા ઉપરથી બાજ પક્ષીનું ઉડવું થતુ હતું નહી અને તે ગારની નિચેથી સિંહના પગલા પણ જણાતા હતા નહી, તેમજ રાણીદુક્કરનું રેહેઠાણુ પણ ત્યા હતું નહી તે જગ્યા શેહેરોથી દુર અને દરીઆની નજદિકમાં આવી હતી એ જગ્યાને તું અફ્રાસીયાબનાં હગ[1]

---

૧ એ 'હગ'ને મલતો અવસ્તા બોલ 'હકન' છે અને તે હકનનો અર્થ પણ ભોયરૂ થાય છે આ ભોયરૂ અફ્રાસીયાબે કએખસરૂને હાથે સીકશ્ત મલવાની આગમચ પોતાને છુપાછુપ ભરાઈ બેસવાને માટે બધાવ્યુ હોય એમ માલમ પડે છે આ ભોયરૂ ધાતુનુ બનાવ્યુ હતુ અને તે હજાર માણસ પુર ઉંચાઇનુ તથા સો ડાભલાવાલુ હતુ આ ભોયરામાથી અફ્રાસીયાબે પોતાનુ રાજ્ય જવા પછી અરદવીસુરની આરાધના કરીને ઈરાની ખોરેહ મેલવવાની ખાહેશ ચાહી હતી પણ તેની એ ઈચ્છા પાર પડી હતી નહી.

(ગોફા) તરીકે પીછાણુ. તે જગ્યાને માણસોની વસ્તીથી દુર જોયાથી તે નાચ'ર પાદશાહ તે પાહાડ આગળ ગયો ત્યા તેણે ખોરાક લેઇ જઇને ભર્યો અને જીવની ધાસ્તી વગર તેણે ત્યા પોતાનુ રેહેઠાણ બનાવ્યુ અને તે ગારમાં એક ઉચી જગ્યા બનાવી. એ પ્રમાણે તે કેટલોક વખત સુધી એ ગારમાં પોતાની કરણી માટે પસેમાન થતો અને લોહીથી ઉકલતા દિલ સાથે રહયો. જ્યારે પણ કોઈ નામદારનુ દિલ લોહીનું તરસ્યું બને છે ત્યારે તે પોતાના તખત ઉપર લાબો વખત સુધી ટકી શકતો નથી તે આવી રીતનો તખતની માલેકી ધરાવનારો, નેક સેતારાનો અને ભાગ્યશાળી જેહાનનો પાદશાહ હોવા છતા જ્યારે તે લોહી રેડવા લાગ્યો ત્યારે તેના દુશમનો ઉભા થયા. માટે પાદશાહ તેજ ભાગ્યશાલી ગણાય જે બીજા પાદશાહોનુ લોહી રેડે નહી.

હવે તે તખતે ડાહાપણ ભર્યા ફ્રીદુનની તોખમથી ઉતરી આવેલો એક ભલો શખ્સ કે જે કેઆની દમામ અને બુજોર્ગી ધરાવનારો વફાદાર પુરૂષ હતો અને જેણે પાદશાહની નોકરીમા કંમર બાંધેલી હતી, તેની બંદગી કરવાની જગ્યા તે તમામ પાહાડોમાં હતી તે મોજમજાહ અને માણસજાતથી દુર થયો હતો. તે નામદાર વફાદાર શખ્સ જે શેહરોથી દુર રેહેતો હતો તેનુ નામ હોમ હતુ. તે ગોફા જે પાહાડને મથાસે આવ્યો હતો તે લોકોના વસવાટથી ઘણો દુર હતો તોપણુ તે હોમના રેહેઠાણુની ઘણો નજદિક આવ્યો હતો. એક દિવસે તે હોમનું ઇનશાફી પરવરદેગારની બંદગી કરવાને પાહાડ ઉપર જવુ થયુ ત્યાં તે હોમ પાહાડી જગ્યા ઉપર જેહાનના પેદા કરનાર પરવરદેગારની બંદગી કરતો હતો ત્યારે એક રાતના ઉંઘાવાને વખતે તેનુ તે પાહાડ આગળ જવુ થયુ જ્યાં તેણે તે અફ્રાસીયામનો ગોફા જોયો ૧ હોમ જ્યારે ત્યા એક ઉનના જભામાં ઢંકાઇને એ પ્રમાણે બંદગી કરતો હતો તેટલામાં તે (અફ્રાસીયાબ)ના ગુફામાથી તેના કાને રૂડનના સાધ સમજાયા જેવુ તેણે તે રૂડન સમજ્યું, તેવોજ તે જડપથી દોડતો તે ગાર આગળ આવ્યો. ત્યાં અફ્રાસીયાબ જે જારીભરેલુ રૂડન ખરા દિલથી કરતો હતો તે તરફ તેના કાન ખેચાંયા તે બોલતો હતો કે "એ સૌથી મોટા દરજ્જાના સાહેબ! તુ મારા દિલના ભરમથી તો વધારે વાકેફ છે. જો કે હુ એટલો બધો ગમગીન બની વગર ફોકટનો દુખી બન્યો છુ. હું તો તારો ગુનાહભર્યો ગોલામ છું અને નાચારી સાથે તારી પનાહમા આવ્યો છું માટે તુ મને મારૂ તખત અને તાજ પાછુ બક્ષ અને મારો ખજાનો તથા લશકર મને પાછુ મોકલ. નહી તો કે તુ મારા રવાનને મારા શરીરથી જુદુ કરી નાખ. કારણકે મારી પાસે

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

તાજ કે ખજાનો રહયો નથી અને હુ મારી રૈયત વગરનો બન્યો છું. મને મારા દેશ, મુલક, તાજ અને ખજાના વગરની આવી જીદગી અને દુખ પસંદ નથી. હુ મારા તમામ દેશો અને મુલકો માટે તથા મારૂ તમામ સુનુ, ખજાનો અને જવેહરાત માટે, તથા તાજ અને સુનેરી તથા હાર્થદાતના તખત માટે તથા હાર, સાકલી અને સુનેરી તાજ માટે તથા મારી સઘલી તલવારો અને મારા સઘલા ભારી ગુરજો માટે તથા લગામ ફેરવનારા મારા સ્વારો માટે તથા મારા ભાઇઓ અને બેટાઓ માટે અફસોસ કરૂછુ. જમાનાથી મારી ઉપર આ કેવું દુખ ગિટયુ છે." પછી વળી અફરાસીયાબ રૂડન કરતાં પોતાની આંખો આસુથી ભરીને એ પ્રમાણે બોલ્યા કે, "અફસોસ ! ઓ સરદાર ! ઓ નાનીચા નામદાર ! ઓ બુઝોર્ગી ભરેલા ! ઓ નામવરોના નામવર ! (એક વખત) તમામ તુરકસ્તાન અને ચીન તારા હોકમ હેઠલ હતું અને તારો દરેક ગમ હોકમ ચાલતો હતો, પણ હાલે તો તુ તેમાંથી ફકટ એક ગોફો ધરાવી શકયો છે ત્યારે પેલા તારા બુજાર્ગો અને લડાયક પુરૂષો કયાં ગયા? તારો તમામ ખજાનો, તારી મરદાનગી, તારી બાહુરી, તારૂ જોર અને ડાહાપણ એ સઘલુ કયાં ગયું? તારી બુઝોર્ગી કયાં ગુમ થઈ ગઇ છે? અને તારૂ તાજ, તખત, મુલકો અને લશકર એ સઘલુ કયાં છે? પેલી તારી છાતી અને બાજુ કયા ગઇ? અને તારા તીર અને કમાન કયા છે? તેમાંનું હાલે તો તારી પાસે જરા પણ નથી તારી પ્રકાશતાં યાકુતોની વીટીઓ કયા છે? કે જે વડે જમીનના પોણા ભાગ ઉપર તારો હોકમ ચાલતો હતો કયા ગયા તારા રાત દિસના હુમલાઓ? અને કયા છે તારૂ ભેગુ લશકર? કયા છે પેલા તારી આગળ ખરે પગે ઉભા રેહેનારા બુઝોર્ગો કે જેઓ તારા દરેક કામમા રેહેનુમાઇ કરનારા હતા કયાં ગયા પેલા ઉચા મેહેલો? કે જે સઘલાઓ તુને નુકસાનને વખતે આસરો આપતા હતા કયાં છે તારી દરબારમાની પેલા મોબેદોની હારો ક જે મોબેદો શરદારોને મદદ કરતા હતા? કયા ગયા તારા બાહુરો અને મરદાનેમરદો? કે જેઓ લડાઇ વખતે તારી આગળ ઉભા રેહેતા હતા પણ હમણા તો તુ આવા તંગ ગારમા આવી પડયો છે અને પથરાવાલા પાહાડો વચે તુ નાહાસ્તો ભાગતો ફરે છે." જ્યારે તે હોમે ૧ તે તુરકીનુ આવું રૂડન

---

૧ આ હોમ તે અવસ્તાનો 'હઓમ ફ્રાષ્મિ' છે આ હોમે દ્રવાસ્પ અને અશી આગળ એવી દુવા ગુજારી હતી કે "ખુની તુરાની અફ્રાસીયાબને હુ બાધુ તથા બાધીને ચલાઉ તથા બાધીને કએખસરૂ આગળ લેઈ જાઉ, જેથી કેખસરૂ તેને ઉડા ઓહોલા પાણીવાલા ચએચિસ્ત સરોવરની પેલેપાર મારે." આ હોમની મુરાદ બર આવી હતી એમ જણાવ્યુ છે.

સમજ્યુ, ત્યારે તેણે બદગી કરવી છોડી દિધી. અને તે જગ્યાએથી આગળ વધ્યો તે બોલ્યો કે "રાતે સુવાને વખતે આવો રૂડનનો અવાજ અફ્રાસીયાબના અવાજ સિવાય બીજા કોઇનો હોય નહી." જ્યારે તેના દિલમાં તે વિચારે મજબુટી પકડી ત્યારે તેણે અંધારા ગારમાં સોધ કરવા માંડી. તેણે તે ગારમાંથી અફ્રાસીયાબનો ગોફો કે જેમા તેણે આરામ લેવાની અને ઉધાવાની જગ્યા કીધી હતી તે સોધી કાઢ્યો આથી હોમે એક ફાડી ખાનારા સિહ માફક ત્યાં જઇને પોતાની કમર ઉપરનુ ઉનનુ કપડું ખુલ્લું કીધુ અને એક કમદ કે જે તે પતો બાંધવાની જગ્યાએ રાખતો હતો અને તે જાણે તેને પરવરદેગારની મદદથી મલી ગઇ હતી (એમ સમજીને) તે કમંદ હાથમાં ધરી ગોફામા દાખલ થયો પણ હોમ તેની આગળ આવી લાગતાજ પાદશાહ અફ્રાસીયાબ કુદીને ઉભો થયો. તેણે તેને ગોફામાથી સોધી કાઢતાંજ બારીકીથી તપાસ્યો. ૧ પણ અફ્રાસીયાબે હોમને વલગી પડીને કાંઈ ઉટાવલે યુક્તિ કરવા માંડી. ૧ તેઓ થોડો વખત એમ એકમેકને વલગી રહયાથી તેઓના શરીરમાંથી પસીનો તપકવા લાગ્યો ૧ તે બંધે લાબો વખત સુધી વલગી રહયા, પછી આખરે હોમે તેને નિચે નાખ્યો. હોમે તેને જમીન ઉપર નિચે પછાડતાંજ તેની બાજુઓ બાધી લિધી પછી તે તેને ધસડતો ધસડતો ત્યાંથી લઇ ગયો, જેથી અફ્રાસીયાબ માહા મેહેનતે તેની પુઠે ધસડાવા લાગ્યો. જો તુ એ બાબદથી અજબ થાય તો તે ખરૂં છે. જે કોઇ જેહાનમાં પાદશાહ ગણાતો હોય તેને નેકનામી સિવાય બીજુ કાંઈ પસંદ કરવુ જોઇએ નહી. પાદશાહે તેજ (નેકનામી) ખરીડવી જોઇએ અને તેજ ભોગવવી જોઇએ. જેણે આ જેહાનમા આટલી બધી નામદારી અને ખાહેશ મેલવી હતી, તથા જોર, લશકર, ખજાનો અને નામદારી ભોગવી હતી તેણે (સેવટે) આ જેહાનમાંથી સીધ્ધો એક ગોફો પસંદ કીધો. પણ તે વખતે તે થોડુજ જાણતો હતો કે એજ ગોફો તેને માટે બલાના ફાંદા જેવો થઇ પડશે.

હોમના હાથમાંથી અફરાસીયાબ છટકીને નાહાસી ગયો તે વિષે.

જેવી હોમે તે પાદશાહની બાજુ બાધી લેઇ તેને તેની રેહેઠાણની જગ્યામાંથી ધસડી આગળ ચાલવા લાગ્યો તેવોજ તે તેને કેહેવા લાગ્યો કે "ઓ પરવરદેગારની પીછાણના કરનારા, તેની ધાસ્તી અને ફીકરના રાખનારા

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

અને તેની પ્રસ્નેશના કરનારા શખ્સ! મારી પાસેથી તું શું માંગે છે? હું જેહાનનો કયો શખ્સ છું? હુ તો આ છેડા વગરના ગારમાં અમસ્ઠો છુપાઇ બેઠો છું. હું એક વાખાનો માર્યો વેપારી છુ અને મારા પૈસા જતા રેહેવાના ગમ અને દુખમાં પડેલો છું. તેથી હુ આ તંગ ગોફાનો રસ્તો લેઇ આવી રીતે ગમ અને સોગ કરતો બેઠો છુ" હોમે તેને જવાબ દિધો કે "આ કાંઇ તારી આરામ કરવાની જગ્યા નથી (પણ ભરાવાની જગ્યા છે) તારાં નામથી તમામ જેહાન ખલભલી રહી છે જેહાનના પાદશાહોમાંના કોણે તારી માફક પોતાનો ભાઇ કે જે પાક યજદાંન તરફ સાચો હતો તેને મારી નાખ્યો છે? તેજ અગ્રીરસને, નોજર જેવા નામદાર પાદશાહને તથા સીયાવક્ષ કે જે કેઆનીઓમાં યાદગાર છે તેઓને મારી નાખ્યા હતા, પણ તે વખતે તો તુને આવા વખતની યાદ હતીજ નહી માટે તારા જેવો જુલમગાર પાદશાહ નહી હોયલોજ ભલો. જો તેં પાદશાહોના ડોકાં ઉડારી લોહી રેડયાં હતે નહી તો તુને તારા તખત ઉપરથી આવા છેડા વગરના ગારમા નાહાસી આવવુ પડતે નહી" જ્યારે અફ્રાસીયાબે આવા સખુનો સમજ્યા ત્યારે તુ કેહેશેકે જાણે તેના મગજમાંથી હોસકોશ ઉડી ગયા આથી તેણે તેને કહયું કે, "ઓ જોરાવર શખ્સ! જેહાનમાં તું કોણને નિર્દોશ ગણશે. મારા માથા ઉપરથી ઉચાં આસમાનનુ એ રીતનુ ફરવું થવાથીજ મારાથી દુખ, મેહેનત અને નુકશાંન જાહેર થયું છે પરવરદેગારના હોકમથી કોઇ પણ ફરી શકતુ નથી પછી તે શેર નરોની ગરદનનો ધરનારો હોય તો શુ થયુ? માટે તુ મારી ઉપર દયા કર. જો કે મેં ઘણાઓ ઉપર જુલમ ગુજાર્યાં છે તો પણ તેને માટે હુ લાચાર છું. હું મુબારક ફરીદુનનો નબીરો તારી કમંદમાં હાલે સીકરાઈ પડયો છું તું મને આવી હલકી હાલતમા બાંધીને કયા લેઇ જવા માંગે છે? શું તું કયામતના વખત માટે પરવરદેગારથી બીહીતો નથી?" હોમે તેને જવાબ દિધો કે "ઓ બુરી મનશનીના બુરા શખ્સ! મને લાગે છે કે હવે તારો વધુવાર જીવવાનો વખત રહયો નથી તારી વાત તો બાગમાનાં કાંતાં જેવી છે, પણ કએખસરનેજ હાથે તારૂ મોત છે."

પણ એ ગમખાર બનાવથી હોમનું દિલ દુખા થયલું હોવાથી તેનાથી કેઆની કમંદ ઢીલી પકડાઈ ગઈ. જ્યારે તેણે જોયુ કે તે પહરેજગાર શખ્સે પાદસાહ જેવાના એમ રડવા ઉપર દયા કીધી છે ત્યારે તે જોર વાપડીને તેના હાથમાંથી છટકી ગયો અને દરીઆમાં કુદી પડીને ગુમ થઇ ગયો. ૧ તેવામાં

૧ અફ્રાસીયાબ એક અથગ તરનારો હોય એમ અવસ્તા ઉપરથી પુરવાર થાય છે. જમીયાદ યશ્ત મુજબ તે વોઉરૂકશ દરીઆના ઉંડાનમાથી કેઆની

એવુ બન્યું કે કેશવાદના ખાનદાનનો ગોદરેજ, ગેવ તથા બીજા નામીચા શખ્સો સાથે ત્યાંથી ભપકાથી સ્વારી કરતો પાદશાહ આગળ જતો હતો તેની નજર માર્ગમાંથી દરીઆ તરફ ખેચાઇ. તેથી ગોદરેજે નદીની પેલી બાજુએથી નદી જોવા માટે તે નેકીનો પોહોંચાડનાર પરવરદેગારના શુકરાના કીધા. તેટલામાં ને નદી કીનારે હોમ પોતાના હાથમાં કમદ પકડીને મદદ માટે બુમ પાડતો હતો તે તેની નજરે પડયો. ત્યાંનુ પાણી એટલુબધુ તો કાલું બનેલુ જણાતું હતું કે તેથી તેના નોકરોની નજરે કાંઇ પડયુ નહી આથી ગોદરેજ દિલ સાથે બોલવા લાગ્યો કે "કદાચને એ પહરેજગાર શખ્સ નદિ કીનારે શેકાર પકડતો હશે અને માછલીની જાલમાં મગર પકડાઈ ગયલુ હોવાથી તે જોઇને તે અજબ થતો હશે" તેથી તેણે તેને પુછયુ કે "એ પહરેજગાર શખ્સ! તારો ભરમ શુ છે? તે મને જણાવ તું એ નદીનાં પાણીમાં શુ સોધે છે? શું તું તેમાં તારૂ શરીર ધોવા માગે છે?" ત્યારે હોમે તેને જવાબ દિધો કે, "એ નામદાર શખ્સ! આ બનેલા કામ ઉપર તું ધ્યાન આપ. આ પાહાડને મઠાલે મારૂં રેહેઠાણુ છે જે માણસોની વરતીથી દુર મારી બદગી કરવાની જગ્યા તરીકે છે. ત્યા હુ અધારી રાતે પરવરદેગારની બદગી કરૂ છુ અને આખી રાત યજદાંનની પ્રસ્તેશ કરતો રહુ છુ. મરઘાઓને વાસયાને વખતે મારે કાને જારજાર રૂડન કરવાનો અવાજ સમજાયાથી તુરતજ મારા રોશન દિલમાં વિચાર ઉભા થયા કે એ (અફ્રાસીયાબને લગતા) કીનાને હુજ જેહાનમાથી મૂળ મેખથી ઉખેડી કાઢશ રાતના ઉધાવાને વખતે આવી રીતના રૂડનના પોકારો અફ્રાસીયાબ સિવાય બીજો કોઇ કાઢે નહી. આથી હુ કુદીને ઉભો થયો અને તે તમામ પાહાડ અને ગારમાં તેને માટે મેં સોધ ચલાવી. તેથી એ નામદાર મને ગુફામાંથી મલી આવ્યો. બુરા નસીબનો શખ્સ ગુફામાં સુટો સુટો પોતાના તાજ તખતને માટે જારી અને રૂડન કરતો હતો. જેવો હું ગોફામાં જઈ લાગ્યો તેવોજ સુવાની જગ્યામાંથી ચોંકી ઉઠયો. તેવામા તેના પગોને પથરની સખત ઠોકડ લાગ્યાથી મેં તેના લોહી રેડનારા એ હાથોને મજબુત બાંધી લિધા. પછી હુ જ્યારે તેને પાહાડ વચેથી દોડાવી લેઇ આવતો હતો ત્યારે તે ઓરતની માફક રૂડન કરવા અને પોકાર મારવા લાગ્યો. તેના જારી ભરેલાં પુશકલ રૂડનથી અને તેના સોગદ ખાધાથી મેં તેનો બધ જરા ઢીલો મુકયો તેથી તે મારા હાથમાંથી છટકી આ જગ્યાએ નાહાસી ગયો છે અને તેથી હું મારા

ખોરેહ પોતાને હાથ લાવવાને માટે ત્રણવાર દુબકી મારતો જણાય છે, પણ તે કેઆની ખોરેહ હાથ મેલવવામા ફતેહમંદ નિવડયો હતો નહી. આ ઉપરથી જણાય છે કે તે દરીઆના ઉડાનમા દુબકી મારવામાં એકો હતો.

જીવને જોખમે તેની સોધમાં પડચો છું. તે આ ખુનજેસ્ત ૧ નદીના પાણીમાં છુપાઇ બેઠો છે. માટે જે કાંઈ બન્યુ છે તે હું તુંને કહુ છું." જ્યારે ગોદરેજે એ હેવાલ સમજ્યો ત્યારે તેને આગલા લોકોની કેહેવત યાદ આવી. તેથી તે વિચારવંત બનીને જેમ અજબ થયલાં માણસો કરે છે તેમ તે આતશકદેહ (કે જ્યાં પાદશાહ બંદગી કરતો હતો તે) તરફ ગયો. ત્યાં તેણે પેહેલવેહેલાં આતશ આગળ ન્યાએશ કીધી અને તેમ કરીને પરવરદેગારનો ઉપકાર માન્યો. પછી ત્યાથી પરવારીને જે ભેદ ભરેલી વાત તેણે સમજી હતી તે પાદશાહ આગળ ખોલીને કહી. આથી તુરતજ તે પાદશાહો ઘોડા ઉપર બેઠા અને આદર ગુશસ્પના મકાનમાંથી બહાર પડયા. તે જેહાનનો પાદશાહ વિચારવંત બનીને તુરતજ હોમ આગળ આવી લાગ્યો

અફ્રાસીયાબ વિષે જે કાંઇ બન્યું હતું તે માટે હોમે કાઉસની ખાતેરી કીધી તે વિષે.

હોમે તે તાજદાર પાદશાહોના દિદાર જોતાંજ તેઓના ઇનશાફ માટે તારીફ કીધી. વળી પાદશાહોએ પણ તેના પરવરદેગાર તરફના ભક્તિભાવની તારીફ કીધી. પછી પાદશાહ કાઉસે હોમને આ પ્રમાણે કહયું કે "પરવરદેગારના શુકરાના અને તેની મદદ હોજો કે હુ આવા જોરાવર, અક્કલમંદ અને કૌવટમંદ હાથના યજદાનપ્રસ્ત શખ્સને જોવા પાંમ્યો છું." તે બંદગી કરનાર હોમે તેને જવાબ દિધો કે "તારા ઇનશાફથી આ જમીન આબાદ બનજો. આ જવાન પાદશાહ માટે આજનો દિવસ મુબારક થજો અને તારૂં બુરૂં ઇચ્છનારાનાં દિલ તુટેલાં બનજો. જ્યારથી એ પાદશાહ અત્રેથી કંગદેઝ તરફ ગયો ત્યારનો હું આ પાહાડી જગ્યામાં બંદગીમાં રોકાયો હતો અને હું એવું ઇચ્છતો હતો કે પરવરદેગાર તે (પાદશાહને) આ જમીન ઉપર આબાદ રાખે. હવે જ્યારે તે પાછો (સહી સલામત) ફર્યો ત્યારે હું ખુશાલ અને હસતો બન્યો અને તેને માટે પરવરદેગાર આગળ દુવા ચાહવા લાગ્યો. તેટલામાં એક રાતે મુબારક સરોશે મને આ બાબદથી એકાએક વાકેફ કીધો. મને તે છેડા વગરના ગારમાંથી એક પોકાર સમજાયો અને તે સમજતાંજ મેં તે સાદ તરફ કાન ખેંચ્યા. ત્યાં કોઇ શખ્સ પોતાના હાથીદાંતના તખત માટે તથા મુલકો, લશકર અને તાજ માટે જારી કરી રડનો હતો તેથી હું તે પાહાડની ટોંચ ઉપરથી મારા હાથમાં પતાની

૧ આ ખુનજીસ્ત નદી તે અવસ્તાનો ચએચિસ્ત સરોવર છે કે જ્યાં અફ્રાસીયાબ કએખસરૂને હાથે માર્યો જતો જણાવ્યો છે.

વિટાલેલી કમંદ પકડીને આ તંગ ગોફા તરફ આવ્યો. મેં ત્યાં અફરાસીયાબ કે જેણે પોતાની આસાયશની અને ઉંઘાવાની જગ્યા બનાવી હતી તેનો ચેહેરો જોયો તેને મે મારી કમંદના ફાંડામાં મજબુત બાંધી લિધો અને તેને નાચાર બનાવીને તે તંગ ગોફામાંથી બાહાર ખેંચી લાવ્યો મે તેને મજબુત બાંધેલો હોવાથી તેણે જારજાર રૂદન કરતાં મને કહ્યુ કે 'ઓ નેક બખત ! આ તંગ બંધને જરા ઢીલા કર" જેવુ મેં તેમ કીધુ તેવોજ તે મારા હાથમાંથી છટકીને નિચે નદીમા નાહાસી ગયો છે મેં તેના માંગવાથી કમંદને ઢીલી કીધી અને આ નદી આગળ આવી લાગતા તે બંધમાંથી છુટો થઇ ગયો [1] અને હાલે તે પાણીમાં ગેપ થઇ ગયો છે માટે હવે આ જેહાનમાંથી તેના પગલાં કાપી કાટવા જોઇએ છે જ્યારે કરસીવજ તરફની મોહોબતથી તેનુ લોહી દોડશે ત્યારજ હવે આસમાન તેનુ માથુ બાહાર લાવશે. માટે જો તું મોટો પાદશાહ તેના ભાઇને બેડીમા બાંધેલા પગ સાથે અત્રે લાવવાનો હોકમ કરશે અને તેને અત્ર લાવીને તેનુ કૌવટ અને જોર ઘટી જાય તેમ તેની ગરદન આસપાસ ગાયનુ ચામડું તંગ સીવી લેવાડશે તોજ તેના દુખનો અવાજ અફરાસીયાબને પોહોચતા તે પાણીમાથી બાહાર આવશે"

આથી તેણે દરબારના નોકરોને તલવાર અને ગીલાની ઢાલ સાથે જવાનો અને તે શુમ કરસીવજ કે જેણે આ જમીન ઉપર ઘણો આજાબ પાડયો હતો તેને ત્યાં લાવવાને ફરમાવ્યુ. પછી તેણે એક જલ્લાદને તેના તરફ કાંઇ પણ માન ધરાવ્યા વગર તેને ત્યાં ઘસડી લાવવાનો હોકમ કીધો પછી તેની ગરદન ઉપર ગાયનુ ચામડુ એવી રીતે વિંટાલવામા આવ્યુ કે જેથી તેનુ કૌવટ અને જોર જતુ રહ્યુ તેની ચામડી ફાટી જવાથી તે દયા ચાહાવા તથા પરવરદેગારની મદદ માંગવા લાગ્યો. જેવો અફરાસીયાબે તેનો અવાજ સમજ્યો તેવોજ તે દરીઆમાંથી બાહાર આવ્યો અને હાથ પગ અફાલતો (યાને તરતો તરતો) જે જગ્યાએ પાદશાહની પાયગાહ હતી ત્યાં આવ્યો. જ્યારે તેણે તે જમીન ઉપર પોતાના ભાઇની બાંગો સમજી ત્યારે તેણે ત્યા જે જોયુ તે મોત કરતાં તેને બુરૂ જણાયુ કરસીવજે તે (અફરાસીયાબ) ને પાણીમા જોતાંજ આસુભરી આખો સાથે અને ઉશકેરાયલા દિલે પોકાર કીધો કે "ઓ જેહાનના પાદશાહ! ઓ નામદારોના સરદાર અને મોટા દરજાના તાજોના તાજ! તારી રસમો, રેવાજો અને રાહારીતીઓ કયાં ગઇ? કયાં છે પેલા તારા સરદારો, તાજ, ખજાનો અને લશકર? કયા ગયા તારા ઓચિંતા હુમલાઓ અને જાદુગર દેવને પણ બંધીવાન કરનારી તારી કમંદ તથા કમાન?

1 એ બેત લખેલી નકલમા વધારે છે.

ક્યાં ગયા તારા સ્વારો, મેદાનો, દડાઓ અને તારી વાખવાખી કરનારી ચોગાન બાજીની રમતો ? ક્યાં ગયા પેલા ફાડી ખાનારા સિંહોને હેઠે પટકવાને માટેના તારા સિહના જેવા રાતના ઓચિંતા હુમલાઓ ! ક્યાં છે તારી સઘલી અક્કલ અને હાથનું જોર અને કયા છે તારા વફાદાર સરદારો ? ક્યાં ગયો તારો લડાઇનો દમામ અને તારૂ જોર ? કયા છે તારી ખુશાલીની મીજલશો અને દારૂની જામો ? કે તુને હાલે દરીઆનો આસરો લેવો પડયો છે અને બુરો સેતારો તારી નજદિક આવી લાગ્યો છે"

અફરાસીયાબ કેદ પકડાયો અને તે તથા કરસી-વજ કએખસરૂને હાથે માર્યા ગયા તે વિષે.

જ્યારે અફરાસીયાબે એ પ્રમાણે સનજ્યુ ત્યારે તે રડવા લાગ્યો અને લોહી જેવા આસુ પાડવા લાગ્યો, અને તેને એવો જવાબ દિધો કે "હું જેહાનની આમપામ જાહેર તેમજ ખાનગી રીતે ઘણો ફર્યો છુ અને આ બુરાઇની બક્ષશથી દુર રેહેવા ચાહયા છતા નાગ માથા ઉપરથી એ બુરાઇથી પણ વધારે બુરાઈ ગુજરે છે. હવે તો મારે મનથી મારી જીંદગી ખુવાર બની છે અને તારે માટે મારૂ રવાન દુખ ભર્યું બન્યુ છે. એ રીતે ફરીદુનના નબીરો અને પશગંના બેટો એક મગરના ફાડામા ફસી ગયો છે તેઓ ચામડા વદે તારી ચામડીને ઓખવી કાઢે છે તેથી હુ કોઇના પણ દિલમા અક્કલ અને શરમ જોતો નથી"[1] જ્યારે તે બધે સરદારો એ મુજબ વાતમા રોકાયા હતા ત્યારે તે હોમનુ રવાન તેને પકડવાની યુકિતમા રોકાયુ હતુ તે અફ-રાસીયાબને દુરથી જોતાંજ તુરતજ તે તાપુને રસ્તે અદર કુદી પડયો અને પોતાની કમરેથી કેઆની કમદ ખોલીને એક જોરાવર સિહ માફક તેની સામે ગયો અને ફાસો વાલેલી કમદ તેના ઉપર ફેકીને તે પાદશાહનુ માથુ તેમાં પકડી લિધું તેણે તેને દરીઆમાથી ખેચીને ખુવારેહાલ મેદાનમાં નાખ્યો, જેથી તેની તમામ જીંદગી ધુન મની તેણે તેને તે પાદશાહોને સોપી દિધો જેથી તુ કેહેશે કે જાણે તેની બરબાદી થઈ પછી તે જેહાનનો પાદશાહ તિક્ષણુ તલવાર લેઇ કીના ભર્યાં મગજ અને ઉશકેરાયલા દિલે તેની આગળ ગયો. આથી તે કમઅક્કલી અફરાસીયાબ બોલવા લાગ્યો કે "મે સ્વપનામા આવોજ દાહાડો જોયો હતો. આસમાન મારી ઉપરથી લાબો વખત સુધી ફર્યું છે અને હાલે તેણે ભરમના પરડાને ફાડી કાઢયો છે." પછી તે મોટે સાઢે બોલ્યો કે "ઓ કીનો લેનારા બુરા શખ્સ ! મને કહે કે તુ શા માટે તારા

---

1 એ બેત લખેલી નકલમા વધારે છે

મમાવાને મારી નાંખવા માંગે છે ?" ખપરૂએ તેને જવાબ દિધો કે, "ઓ બુરી કરણીના શખ્સ ! તું ગાળ અને ઠપકાનેજ લાયક છે પેહેલાં હું તારા ઉપર તારા ભાઇના ખુનનો આરોપ મુકુ છુ, કે જેવું બુરૂ કામ કોઈ સરદારે કદી પણ કીધુ નથી બીજુ પેલો નામદાર પાદશાહ નોજર કે જે જેહાનનો માલેક અને અઇરજની એક યાદગારી તરીકે હતો તેને તે તિક્ષણ તલવાર વડે ગરદન માર્યો હતો અને તેમ કરીને તે જેહાનમાં રસ્તાખેજનો વધારો કીધો હતો વળી ત્રીજુ તે પેલો મીયાવક્ષ કે જેના જેવો યાદગાર સ્વાર જેહાનમાં કોઇએ પણ જોયો નથી તેનુ પણ જેમ ગોસ્પદનુ ડોકુ કાપી કાઢે તેમ તેનુ ડોકુ કાપી કાઢયુ હતુ. તે છતા તુ ઉચા આસમાનથી પણ ઉચે ચઢયો ગયો હતો તુ મારો મમાવો તો થાય છે પણ તે કેટલો બધો નાસ કીધો છે ? શુ તે આવા બુરા દહાડા ઉપર તારી નજર પુગાડીજ નહી ? એવી એવી બુરી કરણીઓ કરવામા તુ જડપથી ઉટાવલજ કર્યો ગયો અને તે બુરાઇઓનો બદલો તુ બુરાઇથીજ પાંમ્યો છે"

ત્યારે અફ્રાસીયાબ બોલ્યો કે, " ઓ પાદશાહ ! જે કાંઈ બનવા કાલ હતું તે તો બન્યુ છે. હવે તારે મારી પણ વાત સમજવી જોઇએ છે તારી માયને ઘરેથી આવેલી હમો જોઇએ ત્યાં સુધી તુ જરા થોભી જા અને પછી તુ એ વાત કરજે" ખસરૂએ તેને જવાબ દિધો કે " જો તુને મારી માયને મલવાની ઇચ્છા થતી હોય તો તે મારી સાથે કેવી બુરાઈ કીધી છે તે ઉપર તુ પેહેલા નજર પુગાડ. મારો બાપ નિર્દોશ છતાં હુ આ દુન્યામા જનમું તે આગમચ મે તારી તરફના કેવા કેવા નુકસાંનો જોયાં છે તે તે પાદશાહ સીયાવક્ષનુ ડોકુ કપાવી નાખ્યાથી તેનુ હાથીદાંતનુ તખત અને તાજ પણ તેને માટે રૂદન કરતુ બન્યુ હતુ. જો વધી ગયલી આગ કોઇથી ઓલવાતી નહી હોય તો તુ મારીથી નુકસાન પામ્યા વગર બંધીખાનુ મેલવ-વાની ખાહેશ કેમ કરી શકશે ? જ્યારે એક ભરવાડ ફાડી ખાનારા વરૂને પકડવા પાંમે અને જો તે તેને જીવતુ રાખે તો તેમા તેની બાહાદુરી ગણાય નહી જો એક બાહાદુર શખ્સ સિંહને ઝડીમાથી પકડે અને તેને લાંબો વખત સુધી જીવતો રાખી મુક અથવા તો તે એક ઘાહેલ થયલા સિંહ ઉપર દયા દેખાડે તો તેજ સિંહ તેને હેંક પાડે છે. માટે હવે તો પરવરદેગાર તરફની શિક્ષા મેલવવાનો તારો વખત આવ્યો છે અને પરવરદેગારના ભરમથી તેને એ બુરાઇનો બદલો મલવા પામ્યો છે" એમ કહી તેણે તેની ગરદન ઉપર હીન્દી તલવારનો ફટકો માર્યો અને તેના કાલા શરીરને ધુલમા ફેકયુ તેના કાન અને સફેદ દાઢી લોહીથી રાતી બની અને તેથી તેનો ભાઇ પણ જેહાનથી નાઉમેદ બન્યો. અફ્રાસીયા-

બના રાજ્યનુ તખત ખાલી પડયું અને તેના સારા વખતનો છેડો આવી ગયો. તેની બુરી કરણીથીજ તેના શરીર ઉપર બુરાઈ પુગી માટે ઓ બેટા ! જે બુરાઈ બધ પડેલી છે તેની કુચી તુ મેળવવા ના માગ. બુરાં કામોથી આખરે બુરી કરણી કરનાર ઉપર બુરાઇ પુગે છે એમ જ્યારે તુ જાણે છે તો હવે તું શુ મેળવવા ચાહે છે ? જે પાદશાહ ઈજદી ખોરેહવાલો હોય તો તેનો તમામ ગુસ્સો બધીખાનામા બધ રેહવો જોઇએ છે. જ્યારે તે ખુનરેજી કરનારો બને ત્યારે તે ગમગીન પણ બને છે અને ઉચા આસમાન તરફથી તેનો બદલો પાંમે છે આકલા બેહેરામને એક મોબેદે એ પ્રમાણે કહયુ હતુ કે "તુ નિર્દોશ લોકોના લોહી રેડતો ના જો તુ તારૂ તાજ કાયમ રેહે એમ ઇચ્છતો હોય તો તુ ધીરો અને પાક વિચારનો બનવા સિવાય બીજી રીતનો બનતો ના વળી પેલાં તાજે માથાને જે કાઇ કહયુ હતુ તે ઉપર પણ તુ નજર પુગાડ. તેણે કહયું હતુ કે 'ઓ માથા ' તારા મગજ સાથ અક્કલ જોડાયલી રેહેવી જોઇએ ' "

તે પોતાના ભમાવાનુ કામ પુરૂ કરી રહયા પછી કરસીવજ આગળ આવ્યો. આથી કરસીવજના બન્ને ગાલો ફીક્કા બન્યા અને તેનુ દિલ કાઇ યુક્તિ રચવા ઉપર રોકાયુ. તેના નોકરો જેમ બુરી કરણીના શખ્સને વટે તેવી રીતે તેને ભારી બેડીમા નાખીને તેના બુરા હાલ કરવા માટે જલ્લાદ આગળ ખુવારે હાલ ઘસડી લાવ્યા તેણુ દુખી હાલે કએખસરૂ આગળ આવી લાગતાજ પોતાના ફીક્કા ગાલો ઉપર આસુ પાડવા માડયા આથી ઇરાની પાદશાહે જબાન ખોલીને તેને પેલી તખ્ત અને ખજરની યાદ આપી તથા બુજોર્ગી ભર્યા નામદાર અઇરજ ઉપર ફરીદુનના બેટા તુરે અને બાહુર મેલમે શુ ગુજાયુ હતુ તેની પણ યાદ આપી પછી જલ્લાદને હેકમ થવાથી તે તિક્ષણ તલવાર બાહાર કાઢીને તથા પોતાના દિલને ઉશકેરાયલું બનાવીને ત્યા આવી લાગ્યો તેણે તે શાહજાદાના કમરમાથી બે ટુકડા કરી નાખ્યા અને તેમ કરીને તેણે તેના લશકરના દિલને ધાસ્તી ભર્યા બનાવ્યા ૧ તે બન્ને પાહાડ જેવાઓને ત્યા પાસે પડેલા રેહેવા દિધા અને લોકોનુ ટોલુ તે જોવાને દુરથી ઉભુ તે પાદશાહે તેઓની

---

૧ પાદશાહ કએખસરૂએ ટ્રાસ્પ અને અશીથી એવી ઉમેદ ચાહી હતી કે "મને આ મુરાદ બખશ તે એ કે ઉડા ઓહોલા પાણીવાલા ચએચસ્ત સરોવરની પેલે પાર ખુની તુરાની અફરાસીયાબને જુલમથી માર્યા ગયલા સ્યાવખશના કીનામા તથા નરૂ ખાનદાનના શુરા અગરેરસના કીનામા હુ જે સ્યાવખ્સનો છોકરો છુ તે મારૂ." આ મુરાદ એ ઈજદોએ પાર પાડી હતી જે બનાવ તવારીખમા પણ નોધાયા છે.

આગળ તેઓથી શું શું જદ્ધા વિટી હતી તે કહયું. અને પછી તેણે તે બંધે માર્યા ગયલાઓ તરફ નજર કીધી. ત્યારબાદ તેણે પોતાના સલાહકારોને તે પાદશાહનુ શરીર ધુલ અને લોહીથી સાફ કરવાનો હોકમ કીધો. પછી તે લાશને ચીનાઇ કપડાંથી ધાકવામા આવી અને વળી તેને માટે બીવરના ચાંમડાનુ તથા મલહમ નામના કપડાનુ એક કફન બનાવવામા આવ્યુ. ત્યારબાદ તેનાં દખમામાં એક સુનાનુ તખત મુકવામાં આવ્યુ એને તેના માથામાં ગોલાબ અને કસ્તુરીનો ભેલ કરીને ભરવામા આવી પછી તેને તે તખતમાં સુવાડીને ત્યાથી ઉડાવી લેઇ ગયા તેના ઉપર તેનુ બુરૂ નસીબ કેટલો વખત સુધી રૂડન કરતુ રહયું જે પેહેલવાનોના દિલમા તેને માટે કીનો રેહેનો હતો તેઓજ હવે તેના કીનાથી બે ટુકડા થયલા શરીરને ત્યાથી ઉચકી લેઇ ગયા. ખસરૂ એ પ્રમાણે કેહેવા લાગ્યો કે "હવે આપણે કીનો લેઇ રહયા છે અને દુખના આતશને દિલમાથી ઓલવી નાખ્યો છે હવે મારા બપાવાનો બક્ષેશ કરવાનો અને મારો આસાયશ અને આરામ લેવાનો વખત આવ્યો છે. હવે આપણુને નવી રસમ ચાલુ કરવી ઘટે છે અને ઠેકાણે ઠેકાણેના કેદ પકડાયલા બધવાઓને નવાજવા ઘટે છે મારો મમાવોજ લોહી રેડનારો હતો તે હવે જ્યારે ચાલી ગયો છે ત્યારે હવે એઓથી શુ બનવાનુ છે? બુરાઇ કરવીજ નહી કે એમ બુરો અત જોવો પડે બુરાઈ કર્યાથી તો જેહાનમા નામ બુરૂ થાય છે. તુ જો કે આ જડપથી ફરનારો આસમાનનો ગુમબજ ગરમી અને સરદી સિવાય બીજું કાંઈ છુપુ રાખી શકતો નથી તુ જેહાનનો ડર રાખીને ચાલ અને પાક યજદાંનની બદગી કર્યા કર કારણ કે ફતેહ તેમજ બુરૂ નસીબ તે સાહેબથીજ મલે છે અને તેજ સાહેબથી તનની નચિંતાઈ તેમજ મેહેનત અને સખતી પણ મલે છે"

જ્યારે તે પાદશાહે પરવરદેગારથી પોતાની સધતી ખાહેશો મેલવી ત્યારે તે નદી આગળથી પાછો આતશખાના તરફ જડપથી ગયો તેઓએ ત્યા આતશખાના પાછલ (સખાવતમા) પુશકલ સુનુ રેડયું અને ગણુ ગણુ ભણતા પુશકલ દુવાઓ ચાહી તેઓ ત્યા ખરેપગે આખો દહાડો અને રાત રેહેનુમાઈના કરનારા જેહાનનાં પેદા કરનાર પરવરદેગારની સનમુખ બદગી કરતા ઉભા જ્યારે કએખસરૂનો ખજાનચીન જરઅસ્બ ૨ ત્યા આવી લાગ્યો ત્યારે તેણે તે આદરગોશસ્પના આતશખાના ઉપર પુશકલ બક્ષેશો કીધી. વળી તેણે ત્યાના મોબેદોને પણ ખેલાતો તથા દીરમ, દીનાર અને બીજી પુશકલ

---

૨ જરઅસબ એ નોજરના બેટાનું નામ છે.

ચિજો બક્ષી તે શેહેરમાં જે કોઈ ભીખારીઓ હતા તથા જેઓ મેહેનત કરીને ગુજરાન મેલવનારા ગરીબો હતા તેઓ ઉપર પણ તેણે પોતાનો ખજાનો રેડી મુકયો અને ઇનશાફ તથા સખાવતથી જેહાનને પાછી તાજી કીધી. પછી તે કેઆની તખત ઉપર બેઠો અને દરબારના બારણા ખુલ્લા રાખીને લોકોના હોતોને ફર્યાદ કરતા બંધ કીધા ત્યારબાદ દરેક મુલકના પાદશાહો ઉપર તથા દરેક નામદાર અને દરેક સરદાર ઉપર તેણે નામાઓ લખાવ્યાં તે નામાઓ ઉગમનથી તે પશ્ચિમ સુધી જ્યા જ્યા નામદાર સરદારો હતા તેઓ ઉપર જઈ પુગ્યા કે "કએખસરૂની તલવારથી હવે તે અઝદાહ જેવા અફરાસીયાબની ખરાબીનો અંત આવ્યો છે તેણે ત્યા સુધી જેહાનને તમામ બુરાઇથી પાક બનાવી અને તમામ જેહાનને ફીકર ધારતી વગરની બનાવી ત્યા સુધી ફતેહમંદ પરવરદેગારે આપેલા અંતરને વિષે જરાપણ આસાયશ લિધી નહી અને કમરને પણ છોડી નહી જાણે તેનાથીજ સીયાવક્ષનુ રવાન પાછુ જીવતુ થયુ છે અને હવે તમામ જેહાનના લોકો તેનાજ નોકર બન્યા છે" ત્યારબાદ તે જેહાનના પાદશાહે એવો હોકમ કીધો કે "એ મુબારક નામદાર સરદારો ! તમો તમારી ઓરતો અને તમારા છોકરાઓને (જીયાફત માટે) શેહેરની બાહાર લેઇ જાઓ અને ખાવાની ચિજો મેદાનમા લેઇ જઇને ખુશાલી પાલો. તમો ગરીબોને તથા તમારા નોકરો અને માણસોને તમામ ચિજોની બક્ષેશ કરો." આથી પાદશાહી ખાનદાનના પેહેલવાનો પરવાર પામ્યાથી મોજ કરવા પડયા. જરઅસ્બની તોખમના જે કોઈ શખ્સો હતા તેઓ આદર ગોશસ્પના આતશકદેહના મકાનમા ગયા અને ત્યા પાદશાહ કાઉસની સાથે ચાલીસ દિવસો સુધી મજાહ પાળતા અને દારૂ તથા વાજીત્રની મોજ ભોગવતા રહયા [1] જ્યારે જેહાન ઉપર ચાદરાતનો ચંદ્ર પાદશાહના માથા ઉપરના સુનેરી તાજ માફક પ્રકાશવા લાગ્યો (યાને નવો મહીનો બેઠો) ત્યારે તમામ બુજર્ગોએ પારસ તરફ ચાલુ મુકયુ અને પછી તેઓએ લડાઈ કરવાથી અને ચકચારભરી વાતો કરવાથી આસાયશ મેલવી તે પાદશાહ માર્ગમા જે જે શેહેરોમા દાખલ થતા ત્યાના લોકો તેના તખત આગળ ભેગા મલતા. ત્યાં પાદશાહ પોતાની થેલીઆના મોઢા ખુલ્લા મુકતો જેથી તમામ પહરેજગાર લોકો તવંગર બની જતા હતા

---

૧ આતશબેહેરામોના મકાનોમા આગળ પાદશાહો જશનો અને બીજા મોટા હીગામો પાળવાને માટેના જશનગાહ યાને મોજમજાહ કરવાની જગ્યાઓ બનાવતા હતા ત્યા લોકો જમશેદી નોરોજ, મેહેરગાન, જશને સદેહ વિગેરે મોટા જશનો અને માહાભારત બનાવોના હીગામ ઉપર ભેગા મલતા હતા અને જશનો કરી મોજમજાહ ભોગવતા હતા.

કએખસરૂની પાદશાહી સાઠ વર્ષની[1] હતી. કાઉસ ગુજરી ગયો અને કએખસરૂ તખત ઉપર બેઠો તે વિષે.

જ્યારે કાઉસ નચિત બન્યો ત્યારે તે પોતાના દિલનો તમામ ભરમ બદગી મારફને યજદાન આગળ કેહેવા લાગ્યો તે ત્યા એ પ્રમાણે બોલતો કે "ઓ જમાનાથી ચડતા સાહેબ! મને તુ તમામ ભલાઇનો શિખવનાર બનજે. હુ બોરેહ, નમીમ, બુજોર્ગી, પેહલવાની તથા તાજ અને તખ્ત તારાથીજ પામ્યો હતો તે કોઇને પણ મારા જેટલો ખજાનો અને તખ્ત ધરાવનાર અને મોટો નામનાગીનો હીસ્સો ધરાવનાર બનાવ્યો નથી મે તારા પાસેથી એવુ માગ્યું હતુ કે એક નામદાર કામ્મસ સીયાવક્ષના કીનામા કમર બાધનાર બને કે જે પ્રમાણે મારી આખો જેવા (પ્યારા) નબીરાને જ તેમ કરતા જોયો છે. તેણે મારા કીનાને પોતા તરફનો કીનો બનાવી લિધો હતો તે એવો જેહાન જીતનારો છે કે જેણે તમામ, બુજોર્ગી અને અકલ ધરાવીને જેહાનના બીજા પાદશાહોને એક બાજુએ મુકયા છે હવે જ્યારે મારી ઉંમર દોઢસો વર્ષની વહી ગઇ છે અને મારાં માથા ઉપરના કસ્તુરી જેવા બાલ કપુર જેવા સફેદ બન્યા છે તથા વલી મારૂ લાડ કરતા સરોવરના જેવુ સીધ્ધુ શરીર વળીને કમાનના જેવું વાકુ બન્યુ છે તે છતા મારી જીદગીનો અત લાવનારો છેડો હુ પામ્યો નથી" એ બાબદને ઘણો વખ્ત વહી ગયો નહી તેટલામાં તો તેનુ નામ જેહાનમાં એક યાદગારી તરીકેજ રહયુ (યાને તે ગુજરી ગયો). આથી જેહાનનો માલેક કએખસરૂ તખત ઉપરથી ઉતરીને કાલી ધુલ ઉપર (ગમ કરતો) બેઠો ઈરાનીઓ વચે જે કોઇ નામદારો હતા તેઓ પણ ભપકા સપકા વગર પગે ચાલતા ત્યા આવી લાગ્યા તે સઘલાઓએ બલુ અને કાલા રંગના (સોગના) પોશાક પહેર્યા એ પ્રમાણે તેઓ તે પાદશાહના સોગમા એક અઠવાડયુ સુધી રહયા. તેના અસ્તોદાન (યાને કબર)ના માટે એક ઉચો મેહેલ બાંધવામાં આવ્યો અને તેને મહાલે દસ ગુમબજ બનાવવામા આવ્યા. ત્યારબાદ પાદશાહના નોકરો તથા સીપાઇઓ દેમાસકસના તથા રૂમી બનાવટના રેસમી કપડાં ત્યાં લેઈ આવ્યા અને તેના શરીરમા અગર, કપુર અને કસ્તુરી ભરીને તે બાંધી લેવામાં આવ્યું પછી તેના બદનને એક હાથીદાતના તખ્ત ઉપર મુકવામા આવ્યુ અને એક કપુર તથા કસ્તુરીનુ તાજ બનાવીને તેના માથાં ઉપર મુકયુ જ્યારે કએ-

---

૧ બુનદેહેશમા પણ કએખસરૂની પાદશાહી સાઠ વર્ષની જણાવી છે.

ખસરૂ તેના તખત આગળથી પાછો ફર્યો ત્યારે તેની ખાબગાહની જગ્યા (યાને તે કબર)ના બારણા મજબુટ બધ કરી લેવામાં આવ્યાં ત્યારબાદ કએકાઉસે કીના અને લડાઈના મેદાનથી આરામ પકડવાને લિધે તેને કોઇએ પણ પાછો જોયો નહી. આ ત્રણ પાચ દિવસના મુસાફરખાના જેવી દુન્યાનો કાયદો એવોજ છે તેમાં તુ પણ જાવેદાન સુધી રેહેવાનો નથી માટે તુ એટલીબધી મેહેનત ના કર દાનાવ શખ્સો કે બખતર અને લોઢાની તોપી પેહેરનારા લડાયકો પણ મોતના પજામાંથી છુટવાના નથી જો આપણે પાદશાહ હોઇશુ અથવા તો ખાલી હાથના ફકીર હોઇશુ તોપણ સેવટે આપાબુ બીછાબુ ધુલજ બનશે અને ઇટરડીજ તકીઓ બનશે માટે તુ ખુશાલી ભર્યો બેસ અને તારી ઉમેદ પાર પાર્યો જા જો તુ તારા દિલની ખાહેશ પામે તો તુ નામદારી સોધજે. જેહાનમા તમામ કામના દરવાજા હોય છે પણ મોતનો દરવાજો તો બીજી જેહાનમા હોય છે જો તારી ઉમર બારસો વર્ષની પણ થવાની હશે તો પણ તારી જગ્યા નાની ધુલ સિવાય બીજી કાઇ બનવાની નથી માટે તુ એમજ જાણ કે જેહાન તો તારો દુશમન છે અને જમીન તારો બીસતરો થવાની છે તથા ઘોર તારો પોશાક બનવાની છે. ¹

પાદશાહે ચાલીસ દિવસ સુધી પોતાના બપાવાનો સોગ રાખ્યો અને તેટલો વખત તે ખુશાલીથી અને તાજ તખતથી દુર રહયો એકતાલીસમે દાહાડે તે માથા ઉપર પેલુ દિલને દિપાવનારૂ તાજ પેહેરીને હાથીદાંતના તખત ઉપર બેઠો. તમામ લશકર તથા સરદારો અને સુનેરી કોલાહ પેહેરનારા બુજર્ગો પાદશાહની દરગાહમાં એકઠા થયા ત્યાં તેઓએ ખુશાલી સાથે તેની તારીફ કીધી અને તેઓએ તેના તાજ ઉપરથી મોતીઓનો નેસાર કીધો. તમામ જેહાનમાં ખુશલીના પોકારો ફેલાઇ રહયા કે "પાદશાહનુ ફતેહમંદી સાથે તખતે બેસવું થજો."

કએખસરૂએ જેહનને બંધીખાનામાંથી છુટો કીધો અને તેને તુરાનની પાદશાહી બક્ષી તે વિષે.

પછી તેણે અફ્રાસીયાબના બેટા જેહનને દમામદાર અને ભપકા ભર્યો બનાવી પોતાની આગળ હાજર કરવા ફરમાવ્યુ. આથી તેનો હોકમ બજા-

¹ ફીરદોસી કાઉસનુ મોત અત્રે બનતુ જણાવે છે પણ તે પાદશાહ તો અત્યાર આગમચનો મરણ પામેલો હોવો જોઈએ અને તેના ભાઈઓના મરણ પછી એ કએખસરૂ તખતે આવતો હોવો જોઇએ.

લાવનારાઓ તેની આગળથી જેહન આગળ ગયા અને તેઓએ જેહેનને પગમાં બેડી સાથે જોતાંજ તે બેડીને તેને કાંઇ પણ ઈજા પુગે નહી તેમ તોડી કાઢી. પછી તેઓ તે શખ્સને તે નામદારની દરબારમાં લેઇ આવ્યા. જેહેનની નજર પાદશાહ ઉપર પડતાંજ તેણે નાચારી સાથે જમીનને બોસો લિધો. ભલા લોકોના તે પાદશાહ આગળ તેના આવી પુગતાંજ તેના દિલના લોહીના મોજા આંખો તરફ પુગી આંસુને રસ્તે બાહાર પડવા લાગ્યા. તે જેહેન જે મુબારક વિચાર ધરાવનારો નામદાર હતો તે પાદશાહ આગળ ઉભો ઉભો રડવા લાગ્યો જ્યારે ખસરૂએ તેની એ રીતની માયા જોઈ ત્યારે તેણે જીગરમાંથી એક થંડી હાએ મારી તેનામાં ખસરૂની પોતાની બાપ તરફનો લોહીનો હીસ્સો હોવાથી તે લોહી જોસમાં આવી તેનો ચેહેરો આતશ જેવો બની ગયો. આથી તે પણ પોતાના ચેહેરા ઉપર આસુઓ પાડવા લાગ્યો અને સરદાર અફ્રાસીયાબ માટેની ઘણીએક યાદો સાથે બોલ્યો કે "જો તેણે પેહેલે-થીજ લોહીમાં હાથ બોલ્યા હતે નહી અને તેણે પોતાની દીન અને રાહરસમ તરફ ધ્યાન પુગાડયું હતે તો તેની સફેદ દાઢી લોહીથી રાતા રંગની બની હતે નહી અને તે પોતાના મુલક માટે પણ નાઉમેદ બન્યો હતે નહી જો તેણે મને પોતાની આગળ પોતાના ફરજંદ તરીકે રાખ્યો હતે તો હુ તેને પાદશાહ સિવાય બીજો કોઇ ગણતે નહી. પણ બુરો વખત એવીજ રીતનો હોય છે અને તેના પાદડાં ઝેહેરી અને ફળો સાપ જેવાં હોય છે" જ્યારે જેહેને પાદશાહને મોઢેથી એવી વાતો સમજી ત્યારે તેણે જમાનાથી પોતાના જીવ માટે નચિંતાઇ પકડી. ખસરૂથી એ ભરમ જાહેર થતાંજ તેણે તેના ઉપર ઘણી એક બુજોર્ગોની દુવા ગુજારી કે "તું જાવેદાન સુધી તાજ અને તખત સાથે જીવવું કરજે અને દરેક ઠેકાણે તું હમેશાં ફતેમંદ નસીબનો નીવડજે તારી આગળ જેહાનના મોટી પડવીના શખ્સો ગોલામ જેવા બનજો અને તેવો ગોલામગીરીમાંથી નામદારી પાંમેલા થજો હવે પછી હું પણ તારી દરબારના એક નોકર જેવો રેહેવશ અને હુ જ્યાં પણ હોવશ ત્યાં હું તારા વિચારનેજ મલતો રેહેવશ. હું તારા હોકમથી ઉલટો ચાલશ નહી અને મને તું જે કાંઇ ફરમાવશે તે બજા-વ્યાથી હું પાછો ફરશ નહી."

તેના આ પ્રમાણે બોલવાથી પાદશાહ ઉઠીને ઉભો થયો અને તેને પોતાના જમના હાથ ઉપરના એક તખત ઉપર બેસાડયો પછી તેણે તેને કહયું કે "ભલાઓની શિખામણો તરફ જોઇને હવે પછીને માટે તું આવોજ બનજે. હાલે તો તુ આસાયશ પકડ અને તારા નસીબનું ફળ તું મેલવ્યો જા. હુ તુને તખત અને તાજ બક્ષી પાછો ઇનશાફ આપવા માંગુ છું અને જે કાંઈ

તુરનો મુલક હતો તે હું તુને આપું છું. કારણ કે તુરની તોખમ તારા જેવી હોવા માટે હું ખુશી છું. તું પશંગનો નબીરો અને ફરીદુનના ખાનદાનનો છે. માટે હવે તારે તારાં માથાને ઇનશાફથી ફેરવવું ઘટતું નથી. મને તારી તરફ દયા છુટે છે અને વળી તુ ને મારી સાથે લોહીની સગાઇ પણ છે. ૧ માટે તું મારી શિખામણની બાહાર જતો ના તુ જેહાનને ઉપ્યોગી થઈ પડજે અને અક્કલ સાથે રહી ઈનશાફના માર્ગથી ફરતો ના જો તું તારૂ સર ઇનશાફના માર્ગમાંથી ફેરવશે તો તારા બાપનીજ માફક હુ તારૂ પણ ડોકુ કપાવી નાખશ. તારો બાપ બુરાઇ કરીને જેહાન છોડી ગયો અને તે દોજખમાં અઝદાહના દમમા જઇ પડયો છે જ્યારે તે યજદાંનના માર્ગમાંથી છુટો થઇ અને દીનને માર્ગેથી ભુલો પડી દેવોની રાહારસમ પકડી બેઠો તથા તેણે સીયાવક્ષને નિર્દોશ મારી નાખ્યો ત્યારેજ મેં તેણે એમ યુક્તિથી મારી મુઠીમાં પકડયો હતો અને મે મારી મરદાનગીથી તથા મારી સારી રાહ રીતીથી તેના ઉપર મારો સવ્રલો કીનો લિધો હતો મે તેનૂ ડોકું ચકાવ પક્ષીના ડોકાં માફક કાપી કાઢયાથી તે જોર અને શકિત વગર ધુલમા તડફડતો પડયો. તેની દાઢીના સફેદ બાલ લોહીથી રાતા બન્યા અને તે નાચારી સાથે જેહાનથી નાઉમેદ બન્યો તેની રાહારીતી અને કામો બુરા હોવાથી તેને માટે કોઇ પણ જારી કરીને રડયુ નથી પેલા જુલમગાર ઝોહાક અને તુર માટે હું કહુંછું કે તેઓ પણ ખુની હતા. કારણ કે ઝોહાકે કીનાથી જમશેદને મારી નાંખ્યો અને પેલા તુરે પાક દીનના અઈરજને મારી નાખ્યો હતો. પણ પાછલથી બીજા બે પાદશાહોને હાથે પરવરદેગારે લડાઈના મેદાનમાં તેઓ ઉપર શું ગુજાર્યું તે તુ જો. ફરીદુને પરવરદેગાર તરફના મેલવેલાં જોરથી અને બાહાદુરીથી પોતાની પેહેલવાની કમદ ફેકીને પેલા જુલમગાર ઝોહાકને કેદ પકડયો હતો અને તે નાપાકને તખત ઉપરથી નિચે નાંખ્યો હતો અને તેને લેઇ જઇને એક ઉડાં ગારમાં ફેકી ત્યા તેને પાહાડમા ઉંધો તાગ્યો હતો. તેથી લોકો તેના દુખમાંથી છુટવા સાથે તમામ લડાઈ અને મારામારીનો અંત આવી ગયો હતો. બીજે કીનો પેલા ઇનશાફી મીનોચેહેરે અઇરજના કીનામાટે કમર બાંધી લિધો હતો તે ઉટાવલાં દિલ સાથે અને કીના ભર્યા મગજ સાથે ઇરાનથી ચીન સુધી ગયો હતો અને તેણે પણ ફતેહમંદ યજદાંનથી મેલવેલાં જોરથી જુલમગાર તુરનુ ડોકુ તેના શરીરથી જુદુ કીધુ હતુ પરવરદેગારનો હોકમ અને તેની રાહરીતી એવીજ છે. કારણ કે જે કોઇ નિર્દોશીના ડોકાં કાપે છે

૧ આ જેહેન ફરંગીસનો સગો ભાઈ થતો હતો, જેનુ બુનદેહેશમાં "ક્રસ્યવેશુર" નામ જણાવ્યું છે.

તેના ડોકાં તે સાહેબ વગર ફીકર કે વાસ્તીએ કપાવી નાંખે છે અને તે નાપાકનું શરીર ધુલને સોંપે છે માટે તું ધ્યાન રાખજે અને તેઓના જેવો બનતો ના અને કોઇને તું ફર્યાદ કરતો જોયા કરતો ના."

જેહેને તુરતજ જવાબ આપવાની તૈયારી કીધી અને બોલ્યો કે "ઓ જેહાનના ઇનશાફી પાદશાહ! મેં તારો હોકમ બજા લાવવા મારી કંમર બાંધી છે અને તેથી હું મારૂ સર તારાં તખત આગળ ધુલ ઉપર મુકુછું. હુ તારા ગોલામ કરતાં પણ નિચા દરજ્જાનો છું કારણ કે હું કાંઈ તાજ કે તખત ધરાવતો નથી. જો તું મને તુરાન જમીન તરફ મોકલી આપશે તો હું પરવરદેગારની હજુરમાં તારે માટે દુવા ચાહાવશ. હું દર વર્ષે મારામાં જેટલી શક્તિ અને તાકાત હશે તેટલી ખંડણી તારે માટે મોકલ્યો જવશ અને કોઈ પણ જગ્યાએ તારી આગળ કમર બાંધીને હાજર થવશ અને ત્યાં આવીને તું તાજદાર પાદશાહનો ચેહેરો જોવશ. હુ તારાં તખત આગળની જમીનને બોસો લેવશ અને તારાં તખત અને નસીબને દુવા દેવશ. હું તુંને નજર કરવા માટે અગર, કસ્તુરી અને અમબર લાવશ અને તારા મેહેલની જમીનને ચીનાઈ રેશમી કપડાંથી ઢકાતી કરશ. હવે તારો નોકર તારાં આ નામદારી ભર્યાં બુલંદ તખત આગળ જે અરજ કરે છે તે અરજને જો હું લાયક હોઉ તો તુ મારી જનાનાની ઓરતો તથા મારાં ફરજંદોને તથા મારી બેહેનો અને સગાંવાહાલાંઓને મને પાછાં બક્ષ કે જેથી હું તેઓને તુરાન લેઇ જાઉ." પાદશાહે તેની આવી વાત સમજતાજ તેની ઇચ્છા મુજબનોજ તેનો જવાબ આપ્યો. પછી તેણે કલમ, કસ્તુરી અને અમબર સાથે એક મુનશીને પોતાની આગળ હાજર થવાનો હોકમ આપ્યો અને તેને એક રેશમી કપડાં ઉપર પાદશહી રાહારીતી મુજબનો એક પરવાનો લખી કાઢવા ફરમાવ્યું. તેમાં તેણે જેમ ફરીદુને તુરાન જમીનની વેહેચણી કીધી હતી તે મુજબની વેહેચણી કરી તેને સોંપી અને તેને કહ્યુ કે "હવે તુ એથી વધારે ભાગ જેહાનમાંથી મેલવવાને ચાહાતો ના અને જેઓએ જુલમ ખમીઆ હોય તેઓને તથા ગરીબોને તુ ઇનશાફ આપજે." તેજ વખતે પાદશાહે ખજાનચીનને કહયું કે "જા અને એક ખેલાત તથા પાદશાહી તાજ લેઇ આવ" આથી તે ખજાનચીન એક કેઆની તાજ, એક ખેલાત અને સરદારોને લાયકનો ઘોડો લેઇ ત્યાં હાજર થયો. પછી ખસરૂએ જેહેનને તે તાજ માથાં ઉપર પેહેરવાનો અને નુકશાનથી મોકલો થઈને પાદશાહ સાથે ખુશાલ બનવાનો હોકમ કીધો. વળી જેહાનના પાદશાહે તુરતજ તેની બેહેનો તથા સગાંવાહાલાંઓ કે જેઓ દરેકનો આધાર તેના ઉપર હતો તેઓને તેમની ખુશાલી વચે જેહેન આગળ બોલાવી મંગા-

ર્યા. તેણે તેઓમાના દરેકને તેઓની લાયકાટ પ્રમાણેના ખેલાત સંગાર, સાથના તાજ અને પુશકલ માલ મીલકત બક્ષી અને તેઓને તુરતજ જેહેન સાથે તેઓને વતન વિદાય કીધા. પછી તેણે તુરતજ મુનશીને બોલાવી મંગાવ્યો અને તેને રેશમી કપડાં ઉપર નોજરના બેટા ગસતહમ ઉપર એક નામું લખાવ્યું અને તેને વગર ઢીલે અને ઠોભ્યા વગર ઇરાન તરફ પાછો ફરવાનો અને ત્યાંની જમીન તુરતજ જેહેનને હવાલે સોંફવાનો હોકમ કીધો.

આથી બામદાદે મરઘાના બોલવાને વખતે જેહેનની દરગાહમાંથી ઢોલના અવાજો નિકળ્યા તેણે એક ઘોડા ઉપર બેસી તુરાન તરફ કુચ કીધી અને ખુશાલી ભોગવતાં અને મજાહ કરતાં તે તમામ રસ્તો પસાર કીધો તેણે તુરાન નજદિક આવી લાગતાંજ એક મુબારક પગલાંનાં કાસદને ચુટી કાઢી હોકમ કીધો કે, "તુ ગસતહમ આગળ ઉટાવલે જઇને આપણે લગતી સઘલી વિગત તેની આગળ કેહે" આથી તે કાસદે પાદશાહનુ કેહેવું સમજતાંજ ત્યાંથી પવન વેગે રસ્તો કાપવા માંડયો અને તેણે નેકખાહ ગસતહમ આગળ આવી લાગતાંજ કહયુ કે "જેહેન પાદશાહ તરફથી અત્રે આવી લાગ્યો છે." જયારે ગસતહમ તે કામથી વાકેફ બન્યો ત્યારે તે જેહનને માર્ગમાં સામો લેવાને ગયો તેને માટે તમામ તુરાનને સંગારવામાં આવ્યું અને દારૂ, વાજીત્ર અને રામશગરોને ત્યાં હાજર કરવામાં આવી. જેવો જેહેન પોતાના શેહેરમાં આવી લાગ્યો તેવાજ ત્યાંના આગળા પાદશાહોની રસમ મુજબ દરેક ઠેકાણે વાવતાઓ ઓલવી દેવામાં આવ્યા અને તમામ મોહોલ્લાઓ અને ઘરોમાથી તેના ઉપર દીરમનો નેસાર કરવામાં આવ્યો. ત્યાં તે અફરાસીયાબના તખત ઉપર બેઠો અને તમામ ઉંઘમાં પડેલાઓના મગજને જાગૃત બનાવ્યા. તે બે અઠવાડીયા સુધી ગસતહમ સાથે મજાહ ભોગવતો રહયો અને તેણે તેને ખેલાત તેમજ પુશકલ ચિજો બક્ષી ત્યારબાદ તેણે ખજાનાના દરવાજા ખુલ્લા કીધા અને ગસતહમને ત્યાંથી વિદાય કરવાની તૈયારીઓ કીધી તેણે તે સઘલી ચિજો ગસતહમને સોફતા કહયુ કે "એ અક્કલ અને હુશીયારીવાલા પેહેલવાન ! તુ આ સઘલો હદીઓ પાદશાહ આગળ લેઇ જા અને જેહાનને પનાહ બક્ષનાર પરવરદેગારના નામથી તુ તેને કેહેજે કે 'તુજ પાદશાહ છે અને હમો તારા ગોલામો છીએ. હમે દરેક ઠેકાણે તારી નોકરી બજાવતા રહીશું.'" ગસતહમે તે કબુલ રાખ્યુ અને તેણે તેને દુવા દિધી કે "તું હમેશાં ખુશાલ અને સગન ભર્યો રેહેજે." પછી તેઓએ તે આખી રાત મજાહમાં ગુજારી અને તરાજ શેહેરની ખુબસુરત ઓરતો તેઓ આગળ ગાતી રહી. જ્યારે આસમાન ઉપર સફેદી પોતાનું લશકર લાવી અને કાલી

રાતે પોતાના પોશાકનો છેડો અંદર ખેંચી લિધો, ત્યારે તે નોજરના ખાન-દાનનો શાહજાદો (ગસતહમ) પાદશાહી રેવાજ મુજબ સુભ મુરતે ત્યાંથી ઘોડા ઉપર બેઠો. તેણે તુરાનથી ઇરાન તરફનો રસ્તો ધર્યો અને બાધુરોના પાદશાહ આગળ આવી લાગ્યો. તેના આવ્યાની ખબર ઈરાનીઓને મલતાંજ તેઓએ તેને લેવા જવાની તૈયારી કીધી. તુસ પોતાના પેહેલવાનો સાથે તેની આગળ આવ્યો અને જેવુ તે પેહેલવાનોએ તેનુ તાજ સાથનું માથું જોયું તેવાજ તેઓ ઘોડા ઉપરથી નિચે ઉતર્યા. તુસે તેની આગળ આવી તેને બગલગીરી કીધી અને તેના ચેહેરા ઉપર બોસા લિધા તેજ પ્રમાણે બીજા પેહેલવાનો અને બાધુરો પણ સઘલા તેની આગળ આવ્યા. પછી તે પેહેલ-વાનો ઘોડા ઉપર બેસીને ત્યાથી વિજલીના આતશની જડપે હકારી ગયા. ગસતહમે તે મોટા દરજ્જાના લોકો સાથે તે શેહેરમાં જેહાનના પાદશાહની દરબાર આગળ આવી લાગતાંજ તે પેહેલવાનોની સાથે દરબારમાં દાખલ થયો. ત્યાં તે ઘોડા પરથી નિચે ઉતરી દરબારમા દોડી ગયો અને જેવી તેની નજર પાદશાહના ચેહેરા ઉપર પડી તેવીજ તેણે તેના તખત આગળની જમીનને બોસો લિધો. તે ખુશાલ પાદશાહે તેને જોતાંજ તેની સાથે લાંબો વખત સુધી બગલગીરી કીધી. પછી તેણે તેને પાદશાહી તખત ઉપર બેસાડયો અને તેને જેહેનની તથા તુરાની રૈયતની ખબર પુછી. તેણે તેને એવો જવાબ દિધો કે "ઓ પાદશાહ ! જેહેન તરફની પુશકલ દુવાઓ સાથે આ ભેટો તુને પુગની થજો. તારી યાદ વગર તે એક પળ પણ રેહેતો નથી અને તે તારોજ હોકમ બજા લાવવાને કંમર બાંધેલી રાખે છે." પછી ખસરૂએ તુરતજ એક સરદારને ફરમાવ્યુ કે "ઓ જવાન ! તું દારૂથી જામો ભર અને ખાનું હાજર કર" જ્યારે તેઓ ખાનુ ખાઈ પરવારીઆ ત્યારે તેઓએ દારૂ, વાજીંત્ર અને રામશગરની તૈયારી કીધી. તેઓ આખી રાત વાજીત્ર વજાડતા અને ગીત ગાતા રહયા અને દરેકે ખસરૂને દુવા દિધી જ્યારે સુરજે પોતાનો સુનેરી ચેહેરો દેખતો કીધો અને તે તડ-કાંથી જેહાનને ધોવા માડી ત્યારે ગસતહમે તે સામાન કે જે જેહેને મોકલી આપ્યો હતો-તે સઘલો જેહાનના પાદશાહ આગળ લાવી હાજર કીધો. ખસરૂએ તે સઘલું જોયા પછી તખત ઉપર બેઠાંબેઠાં ઇરાનીઓ વચે વેહેંચી આપ્યું. એ પ્રમાણે જ્યાં સુધી સાઠ વર્ષ ગુજર્યાં ત્યાં સુધી તેણે રાજ કીધું અને તેટલાં તે તમામ જેહાન પાદશાહના તાબા હેઠલ રહી.

કએખુસરૂએ જેહાન ઉપરથી દિલ ઉઠાડી નાખ્યું અને લોકોથી એકાંતવાસમાં રહીને પરવરદેગારની બંદગીમાં રોકાયો તે વિષે.

પરવરદેગારના કામો અને શક્તિઓ બાબે તે મોટા દરજ્જાનો વિચારવંત બન્યો. તેથી તેણે (એક દિવસે દરબારમા) એમ કહયું કે "શુ હીન્દુસ્તાન, કે ચીન કે રૂમ સુધીની દરેક ઠેકાણેની તમામ જમીન આબાદ બનેલી છે. વળી ઉગમથી તે આથમન સુધીના પાહાડો, જંગલો તથા સુકી અને ભીણી જમીનોને મેં તમામ બદખાહોથી ખાલી કીધી છે અને ત્યાં મારૂં ફરમાન ચાલવા સાથે બુલદ તખત મારૂ બન્યુ છે તમામ જેહાન દુશમનોની ધાસ્તી વગરની બની છે અને એ પ્રમાણે મારા માથા ઉપરથી ઘણો એક વખત વહી ગયો છે. મે મારાં દિલને કોના તરફ દોડાવ્યા છતા હુ પરવરદેગારથી મારી સઘલી મુરાદો પાંમ્યો છુ તો પણ મારા રવાને હેંકાર કે બુરો વિચાર, કે હારેમનના જેવો કીનો ધરાવવો જોઇતો નથી, નહીતો કે હુ બુરી કરણીના ઝોહાક અને જમશેદ જેવો બનું અને તુર તથા સેલમની બરોબરીનો થાઉ એક તરફથી હુ કાઉસની તોખમ ધરાઉ છુ, તો બીજી તરફથી હેંકાર અને કીનાથી ભરેલી તુરાની તોખમ ધરાઉ છુ તેથી (મને ધાસતી છે કે) કાઉસની માફક તથા જાદુગર અફરાસીયાબ કે જે સ્વપનામાં પણ જુદાઇ સિવાય બીજુ કાંઇ જોતો હતો નહી તેની માફક મને આખરે પરવરદેગારથી નાસીપાસ બનવુ પડશે અને મારાં રોશન રવાનને ધાસ્તી વચે લાવી નાંખવુ પડશે. જો હું જુદાઇવાળો અને અક્કલહીન બનું તો મારૂ ઇજદી ખોરેહ મારાથી છુટુ પડી જાય અને તેથી મને અંધકારમાં જઇ પડવુ પડે અને મારૂં માથુ અને તાજ ધુલમાં જઇ પડે. જેહાનમાં વલી મારૂ બુરૂ નામ યાદગાર રહી જાય અને પરવરદેગાર સનમુખ હુ બુરો બદલો પામુ મારા આવા રંગરૂપનો અને ચેહેરાના નાશ થાય અને મારા હાડકા ધુલ નિચે ડટાય મારો હુનર ગુમ થઇ તે જગ્યા નાસીપાસી પકડે અને બીજી દુન્યામા મારૂ રવાન દલગીર રેહે. મારૂ તાજ, તખત બીજો શખ્સ લેઇ બેસે અને તે પોતાના પગ તળે મારા નસીબને કચડે. મારીથી બુરાં નામની યાદગારી રહી જાય અને લાબો વખત સુધી મેહેનત લેઇ ઉગાડેલા ગોલાબો કાંતામા ફેરવાઇ જાય માટે હવે જ્યારે મેં મારા બાપનો કીનો લિધો છે તો ખુબી ભરેલી રીતે મારે જેહાનને સગાર આપવો જોઇએ. જેઓને મારી નાખવા ઘટતા હતા તેઓને મે મારી નાખ્યા છે કારણ કે તેઓ જુઠા અને પાક યજદાન તરફ સખત હતા.

એવી કોઇ આબાદ કે વેરાન જગ્યા રહી નહી હશે કે જ્યાં મારી તલવારની સત્તા ચાલી શકતી હશે નહી. જેહાનમાં ગમે એવા તખત તાજ ધરાવનારા બુઝોર્ગો હશે તો પણ તેઓ મારી આગળ ઉતરતા છે તેથી હું પરવરદેગારના શુકરાના કરૂં છું કે તેણે મને આવો દમામ, આવી સેતારાની ચાલ તથા આવું હાથ પગોનું જોર બક્ષ્યુ છે. તેથી હવે હુ આબરૂ સાથે પરવરદેગારનો માર્ગ સોધવાને જાઉ તો તેજ સારૂં ગણાય જેથી આ મારી છુપી ખુબીઓ વચ્ચે ફતેહમંદ યજદાંનનો કાસદ મારા રવાનને ભલાઓની એવી જગ્યામાં લેઇ જાય કે જે જગ્યા આ કેઆની તાજ અને તખત કરતા ચઢતી છે. કોઇ પણ મારા કરતા વધતી નામદારી, ફતેહ, મોટાઇ, ભલાઇ, આરામ અને મોજ ભોગવી શકશે નહી હમે જેહાનનો તમામ ભરમ સમજ્યો છે અને ભલા ભુંડાઓને જાહેર તેમજ છુપી રીતે જોઇ લિધા છે એક ખેદુત હોય કે તાજવાલો પાદશાહ હોય તેને એવટે તો મોત આગળજ જવુ છે."

પછી પાદશાહે નોબતખાનાના સરદારને હોકમ કીધો કે "જે કોઇ આ દરબારમા આવે તેને તું ભલી સમજાવતોથી પાછો વારજે પણ તુ નમતાઇ વાપડજે અને તુંડ બનતોના" તેને એ પ્રમાણે કહી તે કમર બાધ્યા વગર બાગમાં બંદગી કરવા ગયો ત્યાં તેણે બંદગી કરવાને પોતાનુ શરીર ધોયુ અને પછી અક્કલના ચેરાગથી પરવરદેગારનો માર્ગ સોધવા માંડયો. તેણે એક નવો સફેદ જામો પેહેરી દિલને ઉમેદ ભર્યું બનાવી બંદગી કરવા માંડી. તે એ પ્રમાણે બોલ્યો કે "ઓ તુ મારા પવિત્ર જીવના કરતાં પણ ચઢીયાતા સાહેબ ! તુ પવન, આતશ અને ધુલનો બનાવનાર છે માટે તુ મારી સંભાલ કર અને મને ઘણીજ અક્કલ તથા ભલાં ભુંડા કામોનો વિચાર બક્ષ કે જેથી હુ તારી આગળ આવી તારી બંદગી કરીને ભલાઇનો વધારો કરૂં. તું મારા ગુનાહો માફ કરીને જુઠા કામો કરવાથી મારા હાથોને પાછા વાલ. ઓ બક્ષણના આપનાર સાહેબ ! તું બુરા વખતને અને દેવોની યુકિતને મારા જીવથી દુર રાખ કે જેથી લોભ કાઉસ, ઝોહાક અને જમશીદની માફક મારા રવાન ઉપર સીતમ પાડે. નહી જો સચાઇના દરવાજા મારે માટે બંધ થાયતો જુઠાઇ અને બુરાં કામો મારા ઉપર ફાવી જાય. માટે તું મારી ઉપરથી દેવની સત્તાને દુર રાખજે કે જેથી તે મારાં રવાનનો નાસ કરી નાખે નહી તુ મારાં રવાનને તે ભલા લોકોની જગ્યાએ (યાને બેહેસ્તમાં) પુગાડ અને એજ રીતે તું મારી સંભાળ કરતો રેહેજે" તે એ પ્રમાણે એક અઠવાડયુ સુધી રાત અને દિવસ ખરેંપગે બંદગી કરતો ઉભો તેનુ શરીર તે જગ્યાએ હતું તોપણ તેનો જીવતો બીજીજ જગ્યાએ હતો. અઠવાડયાની આખેરીએ તે હીલવા.

લાગ્યો અને તે બંદગી કરવાની જગ્યાએ (વધુવાર) રેહેવાની તેનામાં શકિત રહી નહી. તેથી તેણે આંઠમે દહાડે બંદગી કરવાની જગ્યા છોડીને જડપથી પાદશાહી તખત તરફ ભપકાથી આવ્યો. પાદશાહના આવાં કામથી ઇરાની લશકરના તમામ પેહેલવાનો અચરતીમાં ગરકાવ બન્યા અને તે લડાયક નામદારો એ બાબે એક મેક સાથે વિચાર કરવા લાગ્યા.

ઇરાની સરદારોએ પોતાની સામે દરબારના દરવાજા બંધ થયા તે માટે કએખસરૂને પુછપરછ કીધી તે વિષે.

જ્યારે તે નામદાર પાદશાહ તખત ઉપર આવી બેઠો ત્યારે દરબાનોના સરદારે આવી દરબારના પરડા ઉચકી નાખવાનો અને રૈયતને દરબારમાં આવવા દેવાનો હોકમ કીધો. તેથી ઘોડા દોડાવનારા બુજોર્ગો અને સિંહ જેવા શખ્સો જેવાકે તુસ, ગોદરેજ, બાધુર ગેવ તથા ગુરગીન, બેજન, સિંહ જેવો રેહામ, શીદુસ શાવરાનનો જગેહ, ફરીબુરૂજ, ગસતહમ અને બીજા નામદારો ત્યાં અદબ-વાલીને આવ્યા. પાદશાહને જોતાજ તેઓએ તેને નમન કીધુ અને પછી સઘલાએ પોતાનો ઉભરો ત્યા ખાલી કરવા માડયો કે "ઓ નામદારી ભરેલા બાધુર પાદશાહ! તુ જેહાનનો માલેક અને સરદારોનો સરદાર છે પરવરદેગારે જ્યારથી આ જેહાનને પેદા કીધી છે તથા તેણે આ આસમાન બાંધ્યુ છે અને જમીન પાંઠરી છે ત્યારથી આ હાથી દાંતના તખત ઉપર તારા જેવો કોઇ પાદશાહ બેઠો નથી. તારાથી સત્તાની વીટી અને તાજ પ્રકારા પકડે છે. હથીયારો, જીન અને ઘોડા તુજ વાપડનારો છે તથા આદર ગુશસ્બનાં આતશ કદેહને પણ તુજ રોશન કરનારો છે. તું મેહેનતથી ડરતો નથી અને ખજાનાથી છલકાટો નથી. જેહાનમાં તારા ખજાના કરતાં તારી મેહેનત વધારે છે. હમો સઘલા પેહેલવાનો તારા ગોલામો છીએ અને તારા દીદાર જોઇનેજ હમો શઘલા જીવ્યે છીએ. તેં તારા તમામ દુશમનોને ધુલમાં નાંખ્યા છે અને હવે તુને જેહાનમાં કોઇની ફીકર કે ધાસ્તી રહી નથી. દરેક મુલકમાં તારૂં ખાસ લશકર અને ખજાનો રહે છે. તું જે જગ્યામાં પગ મુકે છે ત્યાં તું મેહેનત ઉઠાવવાજ તૈયાર રહે છે. હમો જાણતા નથી કે આવા વખતમાં તું પાદશાહના વિચારો શામાટે દલગીર બનતા જાય છે? હવે તો તારો વખત આ જેહાનમાંથી બદ્લો મેલવવાનો છે પણ ગમ કરવાનો અને દુખી બનવાનો વખત નથી. શું તું પાદશાહને હમારી પાસેથી કાંઈ ચિજ જોઇએ છે? અથવા તો હમારો કાંઇ વાંક થયો હોય તેનો તું ગમ રાખે છે? હમોને તે તુ કહે કે હમો તારા દિલને ખુશી કર્યે અને તારા ગાલોને લોહીયાર તથા દિલના આતશને તેજ

બનાવ્યે. ઓ જેહાનના પાદશાહ ! જો તારો કોઇ દુશમન હોય તો તેને માટે તું હમોને કહી દે. તારા જે કોઈ તાજવાળા પાદશાહો છે તેઓ પોતાનું તાજ અને તખત એટલા માટે ધરાવે છે કે જ્યારે તેઓને . બાહુરોની કોલાહ પેહેરવી પડે, ત્યારે તેઓ મારવું કે મરવું એમજ ગણી લે. માટે તારો એવો શું ભરમ છે તે તું હમોને કેહે કે જેથી તે સઘલાનો હમે ઉપાય કર્યો.

ઇરાની સરદારોને કએખસરૂએ જવાબ આપ્યો તે વિષે.

તે કુલવંત પાદશાહે તેઓને એવો જવાબ દિધો કે "ઓ ઉપાય કરનારા પેહેલવાનો ! જેહાનમાં મને કાંઇ દુશમન માટેનું દુખ નથી અથવા તો મારો ખજાનો ખાલી થઇ ગયો હોય તેનું પણ દુખ નથી. વળી લશકરના કામથી પણ હું કાંઇ દુખી નથી તેમજ તમારા વચે કોઇ ગુનેહગાર શખ્સ પણ નથી. જ્યારથી મેં મારા દુશમનો ઉપર મારા બાપનો કીનો લિધો છે ત્યારથી મેં જેહાનને ઇનશાફથી અને દીનની રસમ મુજબ સમાળેલી રાખી છે. જેહાનમાં કાળી ધુલની એવી કોઇ રજકણ પણ રહી નથી કે જેણે મારી દયાલુ સત્તાથી પોતાનું ફળ મેલવ્યુ નહી હોય. માટે તમો તમારી તલવારને મ્યાનમાંજ રેહેવા દો અને તલવારની જગ્યાએ દારૂની જામ હાથમાં ધરો. લડાઇના બુમરાનોને બદલે સરનાઇ અને ચંગોના અવાજે સમજતા રહો અને દારૂથી રંગરાગ ઉડાવો. કારણ કે જે કાંઈ આપણને કરવુ ઘટતું હતું તે તો આપણે કરી રહયા છીએ અને જેહાનને દુશમનોથી ખાલી કીધી છે. હું તો નેક નીઅતના વિચારો સાથે પરવરદેગારની હજુરમાં એક અઠવાડયુ સુધી બંદગી કરવાને ખરે પગે ઉભો હતો. હું એક છુપી ઇચ્છા ધરાઉ છું અને તે જેહાનના માલેક પરવરદેગાર પાસેથી માગુ છું. જ્યારે મને તેનો જવાબ મલશે ત્યારે તે હું જાહેર કરશ. તે જવાબથી મને મુબારક વખત મલેલો ગણાશે. તમો પણ પરવરદેગાર આગળ બંદગી કરો અને આ ખાહેશ મલવા માટે અને ખુશાલી ભોગવવા માટે તેની તારીફ ગાઓ. કારણ કે તેણેજ મને ભલા અને બુરા લોકોની ઉપર સત્તા બક્ષી છે. તે સાહેબ કે જે આપણને માર્ગ બતલાવે છે તેની તમો તારીફ ગાઓ. ત્યારબાદ તમો સઘલાઓ મજાહ પાળો અને તમા-! રા મનને બુરાઓથી નચિંત બનાવો. તમો એટલુ તો યાદ રાખજો કે આ આધાર વગરનું આસમાનનું ચક્કર પરવરશી કરનારને કે પરવરશી ભોગવનારને ઓલખતું નથી. તે તો બુઢા તેમજ જવાનને સામટા પાળે છે તેથી હું તેનામાં જેમ ઇનશાફ જોઉછું તેમજ જુલમ પણ જોઉછું."

આથી તે તમામ પેહેલવાનો ગમ ભર્યા અને તુટેલાં દિલે પાદશાહ આગળથી બાહાર પડયા તુરતજ પાદશાહે દરબારના ચોપદારને કહયું કે "તું આ દરબારના પરદા પાછલ બેશી રેહેજે અને પારકાઓને કે મારા સગાઓમાના કોઇને પણ મારી આગળ આવવા દેતા ના. પછી તેજ રાત્રે તે બંદગી કરવાની જગ્યાએ પાછો ગયો અને સર્વે વાકેફ પરવરદેગાર આગળ પોતાના હોટ ખોલી એ પ્રમાણે બોલવા માંડયુ કે "ઓ સૌથી ચઢતા સાહેબ! તુ પવિત્રાઇનો અને ચઢતા દરજ્જાનો વધારો કરનારો છે માટે જ્યારે હુ આ ત્રણ પાંચ દિવસની દુન્યામાંથી ગુજરી જાઉ ત્યારે તું મીનોઈ દુન્યામાં મારો રેહેનુમાં બનજે મારૂં દિલ જુદાઇથી વિટલાયા વગરનુ રેહેજો અને મારૂં રવાન રોશન દિલના લોકોવારી જગ્યા પામજો."

ગેવ જાલ અને રૂસતમને ઈરાનમાં લાવવા માટે જાબુલસ્તાન તરફ ગયો તે વિષે.

એક અઠવાડયુ પસાર થઈ જવા છતા પણ ખસરૂએ પોતાનો ચેહેરો લોકોને નહી દેખાડયાથી લોકોમાં ગડબડ અને ચકચાર વધી પડી તમામ પેહેલવાનો, બુઝોર્ગો, ડાહયા શખ્સો અને તકરાર કરનારા શખ્સો તથા ગોદરેજ અને નોજરના ખનદાનનો તુસ એ સઘલાઓ ભેગા મલ્યા અને તેઓ વચે ઇનશાફ અને ગેર ઇનશાફ બાબેની વાતો ચાલી તે ચઢતી મનશનીના પાદશાહ માટે તથા યજદા પ્રસ્તીઓ માટે અને બુરી કરણીના શખ્શો માટે ત્યા વાદવિવાદ ચાલી રહયો તે સઘલાઓ ત્યા મોટા પુરૂષો, બુઝોર્ગો અને જેહાનના ડાહયા શખ્સો માટે વાતો કરવા લાગ્યા તેથી ગેવના બાપે ગેવને કહયુ કે "ઓ નસીબવતા દીકરા! હમેશાં તુજ તાજ અને તખતની નોકરી બજાવનાર છે ઇરાનને ખાતર તે તારૂં વતન અને સગાવાહાલાંઓને છોડી ઘણી મહેનત ઉઠાવી હતી. હાલે વળી તારે માટે બીજું એક દલગીરી ભર્યું કામ કરવાનુ રહયું છે કે જે કાંમ પણ હલકુ ગણાય નહી. તુ જાબુલસ્તાન તરફ જા અને ત્યાંથી એક સ્વારને કાબુલસ્તાન તરફ મોકલી જાલ અને રૂસતમને કેહેવાડ કે પાદશાહ પોતાનો રસ્તો ભુલી યજદાનના માર્ગમાંથી ફરવા લાગ્યો છે. તેણે નામદારો સામે પોતાની દરબારના દરવાજા બંધ કીધા છે અને હાલે તેણે દેવની સાથે બેસવા માંડયુ હોય તેમ લાગે છે. હમે ઘણી પણ ખાહેશ જણાવીને અને તેની માફી ચાહીને તેવી વાતોથી તેની પાસે ઇનશાફ ચાહયો છે. પણ તે તેનો જવાબ દિધા વગર સઘલુ સમજ્યા કરે છે. હમે તેનુ દિલ કપટી અને મગજ મગરૂરી ભરયું બનેલું જોઇએ છીએ

તેથી તે પણ પાદશાહ કાઉસ માફક આડે માર્ગે જનારો બને અને તેને ખોદાના માર્ગમાંથી દેવ ફેરવી નાખે એવી હમુને ફીકર છે. તમો લોકો (હમારા) પેહેલવાનો છો અને વધારે દાનવ છો તથા તમો જોરમદીથી કાંઇ બનવા કાલ હોય છે તે ઉપર ફાવી નિકળો છો. માટે હાલે તમો પાક વિચાર ધરાનારા કનોજ, દનબર, મરગ અને માએ શેહેરના તથા કાબુલના નજુમીઓને તથા જાબુલસ્તાનના પાક વિચારના શખ્સોને સાથે લેઇને ઇરાન તરફ પધારો અને તેઓની સાથે અત્રેની દરબારમા એક અંજુમન ભરો. કએખસરૂએ હમારીથી પોતાનો ચેહેરો અને વિચાર છુપાવ્યાથી અત્રેની રૈયત ચકચારભરી બની છે. હમે હર તરેહના વિચારો કરી જોયા છે પણ એ વાતનો છેડો તું દસ્તાનથીજ આવે એમ લાગે છે"

ગેવ ગોદરેજની એ વાત સમજતાજ લશકરમાથી બાહુર શખ્સો ચુટી કાઢી ગુસ્સા અને વિચારો સાથે ઇરાનથી સીસ્તાનનો માર્ગ ધર્યો. તેણે દસ્તાન અને રૂસતમ આગળ આવી લાગતાંજ જે અજાયબીઓ જોઇ અને સમજી હતી તે તેઓને કહી અને પછી તેણે દલગીરી સાથે નામદાર જાલને કહ્યુ કે "હમે હાવે ઘણા મેહેનતમા આવી પડયા છીએ." પછી તેણે રૂસતમને કહ્યુ કે "હવે તુ ડાહયાઓ, નજુમીઓ તથા મોબેદોને આપણી સાથે ત્યાં આવવાને કાબુલથી તથા જાબુલથી તેડાવી મગાવ" આથી મોબેદો, સરદારો, નજુમીઓ અને ડાહયાઓ જાલ આગળ ટોલાંબધ આવી લગતાંજ તેઓએ જાબુલથી ઇરાન તરફ કુચ કીધી

કએખસરૂએ બીજી વખત દરબાર ભરી અને તેણે દરબાર બાબે સરદારો સાથે વાતો કીધી તે વિષે.

સાત દિવશ તે જેહાનનો પાદશાહ પાછો ખરેપગે બંદગી કરવા ઉભો. આઠમે દાહાડે જેહાનને દિપાવનાર સુરજ દિપવા માંડતાંજ દરબાને દરબારનો પરડો ખોલી નાખ્યો અને પાદશાહ સુનેરી તખત ઉપર આવી બેઠો. આથી તમામ વજીરો અને પેહેલવાનો જેહાનના પાદશાહ આગળ આવ્યા અક્કલથી ભરપુર અને રેહે-નુમાઇ કરનારા તે બુજોર્ગો તેની આગળ ઘણે વખતે ખરેપગે ઉભા પાદશાહે તેઓને તેમ જોતાજ માનથી નવાજ્યા અને કેઆની રીતી મુજબ તેઓને બેસાડયા, પણ તે ઉભેલા વફાદાર નામદારોમાંથી કાંઇ પણ ત્યાં બેઠા નહી અને અદબ છોડી નહી. પણ તેઓએ હોટ ખોલી બોલવા માંડયુ કે, "ઓ રોશન રવાનના ઇનસાફી પાદશાહ! તું આપઅખત્યારી તેમજ શાહાન-શાહી બોરેહ ધરાવનાર છે. જમીનથી તે સુરજ અને ચંદ્ર સુધીની આ દુન્યાં

તારીજ છે. હમે સઘલા પેહેલવાનો તારા ગોલામો છીએ અને તારા હોકમ અને વિચાર તરફ માથાં નમાવનારા છીએ. હમે તમામ મુબારક વિચારના પેહેલવાનો તારા ગોલામ બની તારી આગલ ઉભા રહી આ દરબારમાં હમારો શું કસુર થયો છે, અને હમારો દરબારમાં આવવાનો માર્ગ કાંય બંધ કરી નાખ્યો છે તે જાણુવા માંગ્યે છીએ. આજ કેટલો વખત થયો હમારાં દિલ તે માટે દુખી અને ગમ ભર્યાં બન્યાં છે. જો તું પાદશાહ હમો તારા વાંકદાર થયલા જાગીરદારો આગળ તારો એ ભગ્મ ખોલશે તો તારો ગમ એક દરીઆ સારૂ હશે તો તે દરીઆને પણ હમો જમીન બનાવી દેઇશુ અને તમામ મુલની ચાદરને કસ્તુરીની બનાવીશુ. વળી જો તે ગમ પાહાડ માટે હશે તો હમે તેને બુનએખથી ઉખેડી કાઢીશું અને હમારા ખંજરથી દુશમનોના દિલને તોડી નાખીશું. જો એ ગમનો ઉપાય ખજાનાથી થતો હોય તો તે ખજાના અને પૈસા માટેનો ગમ પણ તુ જોશે નાહી. જાણે હમે સઘલાઓ તારાજ ખજાનાના પાસબાન છીએ. હમે તો તારાં દુખ માટે દુખી બની રડતા બન્યા છીએ ”

ત્યારે તે જેહાનના પાદશાહે જવાબ દિધો કે “હું કાંઈ પેહેલવાનોની ગરજ વગરનો હોઉં એમ નથી, તોપણ મારાં દિલનો ગમ કાંઇ હાથના જોર માટે તથા માણુસો યા ખજાના માટે નથી. આ મુલકમાં કાંઇ દુશમન પણ ચઢી આવ્યો નથી કે તેને માટેનો તમો મને ગમ કરતાં જોવો. મારૂં રોશન દિલ એક ઇચ્છા ધરાવે છે જેને હુ મારા દિલમાંથી તોડી શકતો નથી. તેથી હાલે હું અંધારી રાતથી તે સફેદ રોશન દિવસ સુધી તે ઇચ્છા પાર પડવાની ઉમેદ ધરી રાખુ છુ. જ્યારે તે ઇચ્છા હુ પામશ ત્યારે મારો સઘલો ભરમ હું તમોને કેહેવશ અને જે વાત મેં છુપી રાખી છે તે જાહેર કરશ. માટ તમો અંત્રથી ફતેહમંદ અને ખુશાલ બનીને પાછા જાઓ અને તમારા દિલમાં એ બાબેનો વિચાર રાખતા ના.” આથી સઘલા મોટા દરજ્જાના પેહેલવાનોએ તેની તારીફ કીધી. પણ તેઓ દુખીજ રહયા. જ્યારે તેઓ તે ફતેહમંદ પાદશાહ આગળથી નાઉમેદ બનીને પાછા ફર્યા ત્યારે તે ચાલાક પાદશાહે દરબારના પરડા પાછા નાખી દેવાનો અને દરબાનને દરવાજા આગળ બેસી રેહેવાનો પાછો હોકમ કીધો. પછી તે જેહાનનો પાદશાહ પાછો સૌથી ચઢતા પરવરદેગાર આગળ ગયો અને તે સાહેબ તેનો રેહેનુમા બને એવું તેણે તેનાથી ચાહયું. તે બોલ્યો કે, “ઓ આસમાનના બનાવનાર સાહેબ! તું ભલાઇને અને દયા સાથના ઇનશાફને દિપાવનારો છે. જો તું ખોદાવંદ મારીથી ખુશાલ બનતો નહી હોય તો આ પાદશાહી ભોગવવાથી મને કાંઈ ફાયદો મલવાનો નથી. જો તું મને તે કેહેતો નહી હોય તો પણ જો મારી ખામીઓ દુર થઇ હોય તો મારી બેઠક બેહેસ્તમાં બનાવજે.”

કએખસરૂએ સ્વપનામાં સરોશને જોયો અને તેણે તેનાથી આ જેહાનમાંથી પસાર થવાનો માર્ગ મેલવ્યો તે વિષે.

એ પ્રમાણે તે શૌથી ચઢતા પરવરદેગાર સનમુખ પાચ અઠવાડયાં સુધી ખરેપગે બદગી કરતો ઉભો અને અધારી રાતે પણ એમ મેહેનત કરવાથી તે પાદશાહ આશાયશ લેતો હતો નહી. એક રાતે જ્યારે ચદ્રમાએ ઉગવુ કીધું ત્યારે તે ઉંઘમાં પડયો પણ તેનું રોશન રવાન જેહાનમા અકકલનું સાથી બનેલું હોવાથી જાગૃત રહયુ ત્યારે તેણે સ્વપનામાં મુબારક સરોશને હલવેથી તેના કાનમાં એમ બોલતો જોયો કે "ઓ નેક તાલેના અને નેક નસીબના શાહ ! તે ઘણા તાજો તેમજ હારો પેહેર્યાં છે અને તખતો વાપડયાં છે. હવે જો તુ આ જેહાનમાંથી જલદી જતું રેહેવાની ઇચ્છા રાખતો હોય તો તે પણ તુ મેલવી શકશે તે પાક જગ્યા (યાને બેહેસ્ત) ના સાહેબના છાયડા હેઠેલ જો તે તું પામે તો આ અંધકારવાલી દુન્યામાં તું ઠોભતો ના. તું તારો ખજાનો બક્ષી દેવા માંગતો હોય તો તે લાયકોનેજ બક્ષજે અને આ ત્રણ પાંચ દિવસની દુન્યાનો કબજો તુ કોઇને સોપી દેજે. જ્યારે તું દરવીશોને તવંગર બનાવશે અને તારા કુટુંબીઓ ઉપર નવાજેશ કરશે ત્યારેજ જુલમગારો જેહાનમાંથી તુટેલા બનશે અને જે જાહેર અને છુપી વાત હશે તે તું જાણતો થશે. સૌ કોઇ બલાના ફાંદામાથી અથવા તો અઝડાહાના દાચાંમાંથી બચ્યાથી પોતાને સલામત ગણે છે. માટે જે કોઇએ તારે ખાતર મેહેનત ઉઠાવી હોય તો તેઓએ પૈસા માટેજ તેમ કીધુ છે એમ તું જાણજે. તેથી તું તેઓને બક્ષજે અને લાયકોને પુશકલ ચિજોથી નવાજજે. કારણ કે હવે તુ અત્રે વધારે વખત રેહેવાનો નથી. તુ તખત માટે કોઇ એવો પાદશાહ ચુટી કાઢજે કે તેનાથી આ જમીન ઉપરની એક કીડી પણ નચિંત રહે જ્યારે તું જેહાનની વેહેચણી કરી રેહે ત્યારે તુ જરા પણ આસાયશ લેતો ના. કારણ કે હવે તારે માટે જવાની તૈયારી કરવાનો વખત નજદિક આવ્યો છે. તારા જેવા હુનરો લોહોરાસ્બથીજ જાહેર થઇ શકશે માટે પાદશાહી તખત અને કંમરબધ તું તેનેજ આપજે. તે પરવરદેગાર પાસેથી જે (બેહેસ્તની) જગ્યા માંગી છે તે હવે તારી બની છે માટે તું મોત વગરજ ઉપર ચઢી જા અને ત્યાં ભપકા સાથે દાખલ થા." તેણે તેને બીજી ઘણીએક છુપી ચિજો કહી કે જે આગાહીથી તેને અજાયબી ઉપજી. જ્યારે તે દુખી પાદશાહ ઉંઘમાંથી જાગૃત થયો ત્યારે તેણે તે બંદગી કરવાની જગ્યાને પરસેવાથી ભીજાઇ ગયલી જોઇ

આથી તેણે પોતાનો ચેહેરો જમીન ઉપર મુકીને પરવરદેગારની તારીફ સાથે મોટેથી બંદગી કરવા માંડી તે બોલ્યો કે "હું જેમ બને તેમ અત્રેથી જવદિ જાઉં તો મારાં દિલની મુરાદ હું પરવરદેગારથી પામેલો ગણાઉ." પછી તે એક નવો પોશાક હાથમા પકડી પાદશાહી તખત તરફ ગયો અને ફકટ તે પોશાક પહેરીને પાદશાહી હાર, સાંકલી અને તાજ વગર હાથીદાંતના તખત ઉપર ગોઠવાઇ બેઠો

જાલ અને રૂસતમ કએખસરૂ આગળ આવી લાગ્યા અને તેઓએ તેને શિખામણો દિધી તે વિષે.

છઠ અડવાડયે જાલ અને રૂસતમ બંને અનમનીઆ અને ગમગીન દિલે ત્યા આવી લાગ્યા જ્યારે એ ખબર ઇરાનીઓને પુગી ત્યારે તેઓ દુખી દિલના હોવા છતા તેઓને સામે લેવા ગયા અને રૂસતમ, જાલેજર તથા પુશકલ હુનરવાલા મોબેદો માર્ગમાથી તેઓની નજરે પડતાંજ જે કોઈ જરસ્બના ખાનદાનના શખ્સો હતા તેઓ તેને સામે મલવાને ઘોડા દોડાવી ગયા સુનેરી જોડાવાલા તમામ નામદારો પણ ત્યા કાબ્યાની ઝુન્ડા સાથે આવી લાગ્યા જ્યારે ગોદરેજ તેહેમતન આગળ આવી લાગ્યો ત્યારે તેની આખોમાંથી ચેહેરા ઉપર આસુઓ ગબડવા લાગ્યા અને તેઓ આગળ આવેલુ તેનુ લશકર પણ ફીકકા ચેહેરાનુ જણાયુ તે સઘલાઓના દિલ ખસરૂને લિધે દુખી અને ગમગીન હતા તેઓએ જાલ અને રૂસતમને કહયુ કે "એબલીસના શિખવ્યાથી પાદશાહ ગુમરાહ બન્યો છે. તેની તમામ દરબાર રૈયતથી ભરાય છે પણ રાતે કે દિવસે તેને નો કોઈ જોઈ શકતુ નથી અઠવાડયાંઓ પછી હાલે તે દરબાર ખુલ્લી કરશે ત્યારે હમો ત્યાં જઇશુ અને હમો ત્યારેજ ત્યાં જવાનો માર્ગ પણ મેલવીશુ તમોએ જે કએખસરૂને ખુશાલ અને રોશન રવાનવાલો જોયો હતો તેથી જુદીજ તરેહનો તે હાલે બન્યો છે. તેનુ સીધાં સરોવર જેવુ શરીર વાકુ વળી ગયું છે. અને તેના ગોલાબી ગાલોએ બેહી ફુલ જેવો સફેદ રંગ પકડયો છે તેના ચેહેરાને કોઇની બુરી નજર લાગી છે કે શુ તે હમો જાણતા નથી. તેના ગોલાબની પાંદડી જેવો (રાતો) ચેહેરો શાથી કરમાઈ ગયો હશે ? હમુને લાગે છે કે ઇરાનીઓનુ નસીબ કાલુ થઇ ગયું છે અને પાદશાહને તેના બુરા સેતારાથી નુકસાંન પુગ્યું છે. યાતો તેનુ દિલ પાક યજદાની બીહીકથી એટલુ બધુ ગમગીન બન્યુ હોય નહી તો કે તેને દેવે ખરે માર્ગેથી ખોટા માર્ગ ઉપર ફેરવી નાખ્યો હોય. તે તેનો જેહાનમાંથી એકવગો નાસ કરવા માંગતો હોય."

ત્યારે બાધુર જાલે તેઓને કહયું કે "કદાચને પાદશાહ તખત ભોગવવાથી કંટાલ્યો હશે, તે કોઈ વખતે ત્રાહજો અને કોઇ વખતે દુખી તથા ઘડીકમા ખુશાલ તો ઘડીકમા દલગીર બનતો હશે માટે તમો તમારા દિલને એટલા બધા ગમગીન બનાવો ના, કારણ કે ગમથી તો ખુશાલ જીવ પણ ગમગીન બને છે. હમે તેને પુશકલ નસીહત દેઇશુ અને શિખામણ આપીશું અને તેવી શિખામણથી તેના સેતારાને ફાયદાકારક બનાવીશુ" પછી જે કોઈ મુસાફરી કરતા ત્યાં આવ્યા હતા તેઓ ઉટાવલી ચાલે દરબાર તરફ ગયા તુરતજ દરબારના પરદાઓ પણ ખુલી નાખવામા આવ્યાથી દસ્તાન, પીલતન રૂસતમ, તુસ, ગોદરેજ અને ત્યાની અનજુમન તથા ગુરગીન, બેજન, ગસતહમ તથા તે પેહેલવાનો સાથે જે કોઇ આવ્યા હતા તેઓ પોતાના અદાજા મુજબ તે દરબારમા ખુસી સાથે દાખલ થયા શેહેનશાહ ખસરૂ દસ્તાનનો ચેહેરો જોતાંજ અને પરદા પાછલથી રૂસતમનો અવાજ સમજતાજ વિચારવંત બની તખત ઉપરથી ઉઠી ઉભો થયો અને તેનો હાથ ધરી તેના વતનની ખબર પુછવા માંડી. જે કોઇ જાબુલના, કનોજના, દનબરના અને કાબુલના દાનાવો હતા તે સઘલાઓની પણ તેણે ખબર પુછી અને તેઓને માનથી નવાજ્યા. વળી ત્યાં જે કોઇ ઈરાનીઓ હતા તેઓના અદાજા મુજબ તેઓની પણ પદવી વધારી આપી. તમામ નામદારી ભરેલા પેહેલવાનોમાના એકેએકે તેની આગળ નમન કીધુ જાલે તેની પુશકલ તારીફ કરતાં કહયુ કે "તું જેટલાં વર્ષો અને મહીનાઓ જીવે તેટલા તુ ખુશાલી સાથે જીવવુ કરજે. મીનોચેહેરના વખતથી તે કએકોબાદ સુધીના નામદારોમાંથી તથા વળી ઝુ તેહેમાસ્પ અને કએકાઉસ તથા મુબારક પગલાનાં બુજોર્ગો અને પાદશાહોમાથી તથા સીયાવક્ષ કે જે મારા બેટા સમાન હતો અને જે દમામવાલો, ઉચાં શરીરનો અને તાજવાલો હતો તેમાંથી હમો જેને યાદ કરી શકતા હોઇએ નો તે તુ પાદશાહ છે. માટે તુ ફતેહ, મરદાનગી, ઈનશાફ અને અકકલ સાથે હમેશાં બરકરાર રેહેજે. તુ ફતેહ અને ખુશાલીભર્યો પાછો ફર્યા બાદ તમામ જેહાનને તેં ઇનશાફથી ભરપુર બનાવી છે. તારી આગળ મોટા દરજ્જાના લોકો તારા પગની ધુલ થવા સિવાય શું બીસાડમાં છે? તારૂ નામ જે ઝેહેરના ઉતાર તરીકે છે તેની આગળ ઝેહેર શું બીસાડમા છે? પણ મેં એક ઘણી નાલાયક ખબર મેલવી છે અને તે ખબર મલતાં હુ અત્રે ઉટાવલે ચાલી આવ્યો છુ. તું ઇરાનના પાદશાહને હુ તે ખાનગી કેહેવશ કારણ કે તે છુપી વાત તારાથી છુપાવવી જોઇએ નહી આથી હું સેતારેસનાસો, બાધુરો તથા દનબર, મરગ અને માય શેહેરના સરદારો કે જેઓને હું મલ્યો તેઓ પણ હીન્દુસ્તાની નજુમ સાથે લેઇને મારી સાથે

આવ્યા છે, કે જેથી તેઓ આસમાનનો ભરમ શું છે અને પાદશાહે પોતાની માયા ઇરાન ઉપરથી શા માટે ઉતારી નાખી છે તે જોય. મને એક શખ્સે ઇરાનથી આવીને કહયુ કે 'તું ફતેહમંદ પાદશાહે દરબાનને દરબાર આગળના પરદા નહી ઉચકવાનો હોકમ કીધો છે અને તું પાદશાહે હમો લોકોથી પોતાનો ચેહેરો છુપાવ્યો છે' આથી હું ઇરાનીઓની દાઝ હઇડે ધરી એક ગીધની જડપે અથવા તો પાણી ઉપર કીસ્તી ચાલે તેમ ઉટાવલે અત્રે આવ્યો છું કે જેથી તે જે બાબદ છુપાવી છે તે હું તું જેહાનના પાદશાહને પુછું. ત્રણ ચિજથી દરેક કામ સમરે છે અને તેનાથીજ પાદશાહી તખત પણ નચિંત બને છે. તે એજ કે ખજાનો, મેહેનત અને મરદાનેમરદોનુ લશકર છે. એ વગર લડાઇનો વેહેવાર ચાલી શકતો નથી ચોઠું એકે હમો પરવરદેગારની સેતાયશ કરીશુ અને રાત દિસ તેજ સાહેબની બંદગી કરીશું કારણ કે તેજ સાહેબ ઇનશાનોની કાંમોને પેહોંચનારો છે અને તમામ વીઘ્નોને તે હટાવનારો છે. વળી હમો ગરીબોને પુશકલ ચિજો પછી તે ચિજોમાં હમુને વાહાલી પણ ચિજ હશે તોપણ તે બક્ષીશું, કે જેથી તે સાહેબ તારાં રવાનને રોશન બનાવે અને અક્કલ તારા મગજના બખતર તરીકે બને.

કએખસરૂએ જાલને જવાબ આપ્યો તે વિષે.

જ્યારે ખસરૂએ દસ્તાનથી એ વાત સમજી ત્યારે તેણે તેને દાનાઇથી જવાબ આપતાં કહયુ કે 'ઓ પાકીજેહ મગજના બુઢા શખ્સ! તારા સઘલા વિચારો અને તારી બોલવાની રીત મીઠાશ ભરેલી છે. મીનોચેહેરના વખતથી તે હાલે સુધી તુ નેક મનશનીનો અને નિર્દોશ હોવા સિવાય જુદી રીતનો નથી. વળી પેલો નામદાર પીલતન રૂસતમ અંજનુનને મગરૂર થવા જોગ કેઆનીઓનો એક ઠાંભ છે તે સીયાવક્ષની પરવરશી કરનાર અને તેની નેક અને બદ હાલતમાં તેને પુગી વળનારો હતો. જે કોઇ લશકર તેનો ગુરજ, શુરીર, લોઢાં ની તોપી, અને તેની સિંહ જેવી ગરદન જોય છે કે તે વધારે લડાઇ કર્યા વગરજ તીર અને કમાનને મેદાનમા વેર વીખેર હાલતમાં નાંખી નાહાસવા પડે છે તે મારા બાગાંનો તરફથી કીનો લેનારો અને એક મુબારક વજીર માફક રાહાનુમાઇનો કરનારો છે. તેં ઉઠાવી લિધેલી મેહેનતોનું હું બ્યાન કરવા બેસું તો મારી વાત સો પેહેડી સુધી ચાલ્યા કરે અને વીસરાય નહી. જો તારી એ ખુબીભરી કારકીરદી માટે તપાસ કરાવવામાં આવે તો એ તારી તારીફ ઘટતી ગણાય. બીજું તુ મને મારાં કામ માટે તથા દરબાર નહી ખોલવા માટે અને મારા તરફથી પુગતાં દુખો માટે પુછે છે તે બાબે જણ

તુંને હું સઘલી વાત કેહેવશ કે જેથી તું રફતે રફતે તેથી વાકેફ થાય. પરવર- દેગાર પાસે હુ જે ઈચ્છા માંગુ છું તેની આગળ હું આ જેહાનને જરાએ ખીસાડમાં ગણતો નથી એ ઇચ્છા હું આજ પાંચ અઠવાડયાં થયાં રેહેનુમાઇ કરનારા ઇનશાફી સાહેબ પાસેથી માંગતો રહયો છું કે જેથી તે મારાથી થયલા ગુનાહો માફ કરે અને મારા અંધકારવાલા ચદ્રને તે દિપતો કરે. તે સાહેબ મને આ ત્રણ પાચ દિવસની દુન્યામાંથી ઉઠાવી લે અને આ દુખ અને રંજ- ભરી દુન્યામાં રેહેવા દે નહી આગળા પાદશાહો માફક હું મારૂં માથું ફેરવી આ રાસ્તીના માર્ગમાંથી બાહાર નિકળી જવા માંગતો નથી. હવે હું જે ઇચ્છા મેલવવા માંગતો હતો તે મે મેલવી છે તેથી મારે હવે તૈયારી કરવી જોઇએ છે કારણ કે મને એ માટેની બસારત મલી છે ગઇ રાતે બામદાદ થતાં મારી આખ જરા લાગી હતી ત્યારે પરવરદેગાર તરફથી મારી આગળ મુબારક સરોશ આવી લાગ્યો હતો અને મને કહયુ હતુ કે "ચાલ તૈયાર થા, કારણકે હવે તારો જવાનો વખત થયો છે તારી ગમગીનીનો અને ઉજાગરાનો અંત આવ્યો છે' તેથી હવે મારો દરબાર ભરવાનો, લશકર માટેનો તથા તાજ તખત અને કમરબધ માટેનો ગમ ખાવાનો પણ અત આવ્યો છે." આથી તે પેહેલવાનોના દિલ પાદશાહ માટે ગમગીન બન્યાં અને સઘલાઓ દુખી અને ગુમરાહ બન્યા.

કૈખસરૂને જાલે ઠપકો આપ્યો તે વિષે.

જ્યારે જાલે એવી વાત સમજી ત્યારે તે ગુસ્સે થયો અને જીગરમાંથી થંડી હાએ મારવા લાગ્યો. તેણે પોતાનો ચેહેરો ઈરાની રૈયત તરફ ફેરવ્યો અને ગમથી તેના દિલ ઉપર દુખનો પાહાડ તુટી પડયો. તેણે ઇરાનીઓને કહયુ કે "એમ કાંઈ ચાલે નહી એના મગજમાં અક્કલ માટેની જગ્યા રહી નથી. જ્યારથી મેં મારી કમરે કમરબધ બાંધી કેઆનીઓના તખત હજુરમાં નોકરી બજા વવા માંડી છે ત્યારથી પાદશાહો વચેથી આ શખ્સ માફક બોલતાં મેં કોઇને જોયો નથી જો એવું બોલાયું હતે તો તે હમારાથી છુપ્યું પણ રહયું હતે નહી તેણે આપણી આગળ જે વાત કહી છે તેની સાથે કોઈ પણ મલતુ થાય નહી. કદાચને દેવ તેનો દોસ્ત બન્યો હશે અને તેણે તેના મગજને પરવરદેગારના માર્ગમાંથી ફેરવી નાખ્યું હશે આવી રીતની ડાલ તરફ યજ- દાંનની પ્રસ્તેશ કરનારા ફરીદુન અને હુશંગે પણ પોતાના હાથ કદી લબાવ્યા નથી. તોપણ જો કે મારા જીવને નુકસાન પુગશે છતાં હુ તો તેને તમામ સાએ સાચી વાત કેહેવાનો.' ઇરાનીઓએ તેને એવો જવાબ દિધો કે "કેઆ-

નીઓ વચેથી કોઇએ પણ એવી વાત કીધી નથી. માટે તું તે પાદશાહને જે કાંઇ કેહેશે તેની સાથે હમો સઘલા મલતા થઇશુ નહી તો તે કદાચને પોતાની રાહારીતી પણ વીસરી જશે." તેઓનો એવો જવાબ સમજી જાલ ઉઠી ઉભો થયો અને એ પ્રમાણે બોલ્યો કે, "ઓ સખી અને સાચા ખસરૂ ! એક જમાનો ખાધેલા બુઢાની તું આ વાત સમજ જો તુને મારા વિચાર ઉલટા દિસે તો તેનો (વચમા) જવાબ દેતો ના. કારણ કે મારૂ કેહેવુ સચાઇ સાથે કદવાશથી ભેલાયલુ છે પણ તે કદવા સખુનથીજ જુડાઇનો દરવાજો બંધ થઈ શકશે. માટે હું તુને આ અન્જુમનની હજુરમાં જે સાચી વાત કહુ તેને માટે તુ મારી સાથે ગુસ્સે થતો ના તારી નાતાએ તુને તુરાન જમીનમાં જનમ આપ્યાથી તારો આરામ અને તારા દાણા પાણી તે જગ્યામાં થયાં હતાં. તું એક બાજુએ સરદાર અફ્રાસીયાબ કે જે જાદુઇ સિવાય સ્વપને પણ બાજુ કાંઇ જોતો હતો નહી તેનો નબીરો થાય છે અને બીજી બાજુએ વળી કાઉસ કે જેનો ચેહેરો ગુસ્સા ભર્યો અને દીલ કાતરાથી ભર્યુ રેહતુ હતુ તેવો બુરી આદતનો શખ્સ તારો બાપાવો થાય છે તેની મોટાઈ, પાદશાહી તાજ અને કમરબધની સત્તા પુગવાના પવિત્ર સુધા ગાદી હોવા છતા તેણે આસમાન સુધી જવા ઇચ્છયુ અને ત્યાના તારાગોની ગીરદેશનો હીસાબ લેવા માંગ્યો હતો ત્યારે મે તેને પણ પુગકલ શિખામણો દેઇ આ એજ માફકના કદવા સખુનો કહયા હતા તેણે પણ મારી ઘણીએક શિખામણો સમજવા છતાં કાંઇ ફાયદો મેલવ્યો હતો નહી તેથી હુ તેની આગળથી પણ દુખી અને ગમ ભર્યા દિલે પાછો ફર્યો હતો તે આસમાન ઉપર ઉચે ચઢતાજ પાછો ઉંધે મસતક ધુલમાં આવી પડયો હતો તે છતા પણ પાક યજદાને તેની જીંદગી ઉપર બક્ષેશ કીધી હતી. પણ તે યજદાંનથી નાસીપાસ બની તથા મગજને કીના ભરયું અને દિલને દુખી બનાવી પાછો ફર્યો હતો. વળી જ્યારે તે પણ શમશેર વાપડનારા તથા બખતર અને ગાયની સુરતના ગુરજવાલા એક લાખ માણસ સાથે લડાઇ કરવા માટે પ્રાડી ખાનાગ સિંહ માફક જઇને ખારજમના મેદાનને લશકરથી સંગાર્યું હતુ, ત્યારે તુ પણ ઉટાવલો બની તારા લશકરની હરોલમાથી ઘોડા વગર ચાલતો પશગની સામે લડવા ગયો હતો. જો તે તારી ઉપર ફાવ્યો હતે તો તારે લિધે સરદાર અફ્રાસિયાબ ઇરાનમા ધમી આવતે અને તેના હાથમાથી ઈરાનીઓના બૈરી છોકરાં બચી શકતે નહી અને પછી કોઇપણ તેની સામે કીના માટે કમર બાંધતે નહી. પણ પરવરદેગારે તુને તેના હાથમાથી છોડવી અને તારી ઉપર બક્ષેશ કરીને તે વાપડેલી અકકલને કાયમ રાખી હતી જેઓ જુલમગારો હતા તેઓને તથા જેઓ તે રાખનારા પરવરદેગારથી નાસીપાસ બન્યા હતા તેઓને

તેં મારી નાખ્યા અને જ્યારે હવે તારો આરામ કરવાનો, પેહેરવા ઓઢવાનો, બક્ષેશ કરવાનો અને દારૂ પીયા કરવાનો વખત આવ્યો છે ત્યારે હું તુને એટલુંજ કેહેવા માગુ છું કે તુ પાદશાહ અને તારૂં લશકર મેહેનત કરવાથી નચિંતાઈ પકડે અને વર્ષો અને મહીનાઓ સુધી આપણે આપણા જીવને તાજા બનાવ્યે પણ હાલે તો વલી ઇરાનને માટે કામ મુશકેલ થઇ પડયું છે. વળી તેથી વધારે બુરૂ તો આ બીજુ છે કે તારૂં દિલ દુખવા ભર્યું બન્યું છે હાલે તું પરવરદેગારના માર્ગથી ફર્યો છે અને તુ જુડાઇ તરફ ઢલીને બુરે માર્ગે ગયો છે. પણ એ બુરાઇથી તારા શરીરને ફાયદો પુગવાનો નથી અને પરવરદેગારને પણ પસંદ પડવાનુ નથી ઓ પાદશાહ! જો તારો આવોજ વિચાર હોય તો તારો હોકમ કોઇપણ બજાવવાનુ નથી તેથી તુને એ વાતથા પસતાવો થશે. માટે તુ વિચાર કર અને દેવોનુ કહયુ ના કર. વલી જો તું આવોજ દેવનો માર્ગ સોધનો હશે તો તે જેહાનનો માલેક તારાં ખોરેહને છીનવી લેશે તેથી તું દુખભર્યો બનશે અને તારૂં શરીર ગુનાહ ભર્યું બનશે ત્યાર પછી તુને કોઇપણ પાદશાહ કરીને બોલાવશે નહી માટે તુ યજદાંનનીજ પનાહ સોધ અને યજદાંનની તરફજ ધલેલો રેહે કારણ કે તે નક લોકોનો રેહેનુમાઇ કરનારો છે. જો તુ મારી આ શિખામણ ઉપર જરાએ ધ્યાન આપશે નહી તો તુ બુરી કરણીના હારેમનને માનનારો ગણશે જેથી તારી ફતેહ, તારૂં નસીબ, તારી પાદશાહી સત્તા તથા તારૂં તાજ અને તખત રેહેવા પામશે નહી. માટે અકકલ તારા જીવની રેહેનુમાઇ કરનાર બનજે કારણ કે તુને આગળ ચાલતા ઘણો લાબો માર્ગ લેવાનો છે તેથી તુ અક્કલમંદ બનજે અને ફતેહમંદ વિચારનો થજે અને પાકીજગી સાથે તારૂં મગજ તેને ઠેકાણે રેહેજો" જ્યારે દસ્તાનની એ વાતનો છેડો આવ્યો ત્યારે તેને પેહેલવાનોએ પણ એક અવાજે કહયુ કે "આ બુજોર્ગ શખ્સ જે કાંઈ બોલ્યો છે તેને હમો મલતા થઇએ છીએ અને હમો સચાઇને છુપાવવા માગતા નથી"

જાલના ઠપકાનો કએખસરૂએ જવાબ આપ્યો તે વિષે.

જ્યારે કએખસરૂએ તેઓનું એમ કહેવુ સમજ્યુ ત્યારે તે થોડો વખત ગુસ્સે રહયો અને કાંઇ બોલ્યો નહી. પછી તેણે વિચાર કરીને કહયું કે "ઓ જેહાનના અનુભવી જાલ! તારી હદ વગરની મરદાનગીથી તારી આટલી બધી ઉમર ગુજરી છે. તેથી જો હું તારી સાથે આ અંજુમન વચ્ચે તોછડાઇથી વાત કરૂં તો તે જેહાનનો માલેક મારા તરફની એવી બુરાઈ પસંદ પણ કરે

નહી. વળી બીજું એ કે તેથી રૂસતમ પણ દુખી બને અને તેના દુખી થવાને લિધે ઇરાનને નુકસાંન પુગે. બીજુ એકે જો હુ રૂસતમની મેહેનતનો હીસાબ કાઢુ તો તે તે નામદારના ખજાનાથી પણ વધારે થાય મારી આગળ તારા બેટાએ જાણે પોતાનુ શરીર આડે ધરયુ છે અને તેથી તેને લિધે બુરી મનશાનીના લોકોને ઉંઘ કે ભુખ રેહેતી નથી તેથી હુ તારો જવાબ ખુબી સાથેજ પાછો આપુછુ અને હું તારાં દિલને બુરા સખુનોથી તોડી નાખવા માગતો નથી." પછી ખસરૂએ આ પ્રમાણે મોટે અવાજે કેહેવા માંડયુ કે "ઓ નસીબવતા નામદારો! આ ભેગી મળલી અન્જુમન વચે જે તમામ વાતો દસ્તાને મને કહી છે તે મે સમજી છે જેહાનનો માલેક પરવરદેગાર જે યજદાંન છે તેના કસમથી હુ કહુ છુ કે હુ દેવનો હોકમ બજાઉ તેવા માર્ગમાથી દુર છુ જો હું મારા દુખના ઉપાય તરીકે પણ એવો રસ્તો લેઉ તો પરવરદેગાર મારી જીદગીને ઓછી કરી નાખજો મારા રોશનીવાલાં દિલે આ જેહાનને જોઇ લિધી છે અને તેની બુરાઇઓને લિધે મારૂ અતકરણ પોકાર કરે છે" પછી તેણે તુરતજ જાલને કહયુ કે, "તુ ઉટાવલો ના બન જે કાઇ તુ બોલે તે તારે રીતસર બોલવુ જોઇએ પેહેલુ તુ તુરાની ખાનદાનને માટે બોલ્યો કે, 'તે ખાનદાનમાથી કોઇપણ અકકલમદ અને ચાલાક જનમ્યો નથી વિગેરે.' પણ હુ તો સીયાવક્ષનો બેટો તેમજ જેહાનનો પાદશાહ છુ અને તેથી અક્કલવાલો અને કેઆનીજ તોખમનો પાદશાહ હુ છુ હુ તે દિલનો દિપાવનાર, અકકલથી ભરપુર અને નેક પગલાના કએકાઉસ પાદશાહનો નબીરો થાઉ છુ, જો કે હુ માય તરફથી અફરાસીયાબની તોખમ ધરાઉ છુ કે જે અફરાસીયાબના ગુસ્સાને લિધે તારી ઉંઘ અને ભુખ જતી રહી હતી. એ અફરાસીયાબ પણ ફરીદુનનો નબીરો અને પશગનો બેટો હતો માટે તેવાં ખાનદાનોથી મને પોતને માટે શરમાવા જેવુ નથી. કારણ કે તે અફરાસીયાબની ધાસ્તીને લિધે તો ઈરાનના સિહો પોતાના શરીરને (જીહુન) નદીના પાણીથી પણ ધોતા હતા નહી. બીજુ એ કે કાઉસે તે (ઉડવાની) પેતી બનાવી તેથી તો તેણે પોતાના માથાને પાદશાહી ભોગવ્યાથી પણ વધારે ઉચુ ચઢાવ્યુ હતુ. તારે તો એમ ધારવુ જોઇએ કે તેમા તેની મનશકિત ચઢતી હતી. માટે તે પાદશાહને આવો તાણો ધરતો નથી. હવે જયારે મે મારા બાપનો કીનો લિધો તેથી તો મે જેહાનને ખુબીથી આરાસ્તા કીધેલી ગણાય. જેના ઉપર મારો કીનો હતો અને આ જમીન ઉપર જેનાથી જુલમ ગુજરતો હતો અને ગેરઇનશાફી ચાલતી હતી તેઓને મે મારી નાખ્યા હવે આ જેહાનમાં મારૂં કામ રહયુ નથી અને વળી બુરી ખાશાયતવાલા શખ્સોમાથી કોઇપણ પાદશાહ

તરીકે રહયો નથી. જ્યારે પણુ મને પાદશાહી વિષે અને લાંબા વખત સુધી રેહેતા ખજાના વિષે લાંબા વિચારો આવે છે ત્યારે જો હુ કાઉસ અને જમશેદને માર્ગે ચાલુ ના મારી પણુ સત્તા તેઓની માફક પાછલથી ગુમ થવાના સંભવ લાગે છે. વળી પેલા નાપાક ઝોહાકથી અને બાધુર તુર કે જેઓના જુલમથી જેમ જેહાન પણુ ધરાઇ ગઇ હતી તેમ જ્યારે મારા વખતનો અંત આવે ત્યારે તેઓની માફક મને પણુ દોજખમા ઘસડી લેઇ જવામાં આવે તેની હુ પણુ ધાસ્તી રાખુ છુ. બીજુ તે એમ કહયુ કે, 'મે શીદેહના સાથે એક બાધુર મગર માફક લડાઇ કીધી તો તેમ કરતાં મને તેનાથી એવી બુરાઈ પુગને કે જેથી ઇરાનમા કોઈ પણુ સ્વાર દેખાને નહી અને લડાયક ઘોડા દોડાવનારાઓ પણુ રેહેને નહી કારણુ કે હુ તેની સાથે લડવાને એકલો ગયો હતો તેમ જવા કરતા મને થોભી જવુ જોઇતું હતું વિગેરે' પણુ તે પશગ સાથે લડાઇ કરવાનુ કામ હું ઘણુજ નજીવુ ગણુતો હતો અને તેથીજ હુ ઇરાન તરફથી તેની સામે તિક્ષણુ પંજાના બનીને ગયો હતો. જે કોઇ પરવરદેગાર તરફનુ ખોરેહ ધરાવતો હોય તથા જેનુ નસીબ પ્રકાસ્તું હોય તેનાથીજ તેમ બની શકે છે આજ પાચ અઠવાડયા થયાં હુ મારા હોટોને રાત અને દીસ બદગીમા ખુલ્લા રાખુ છુ જેથી જેહાનનો રાખનાર પાક યજદાન મને એ ગમથી અને કાલી ફુલમા દટાવાથી મને છુટો કરે. હુ આ લશકરથી અને તાજ તખતથી ધરાઇ ગયલો હોવાથી અત્રેથી જલદી પછો ફરવા અને મારો મુસાફરીનો સરસામન બાધવા માગુ છુ. પણુ ઓ બબર જેવા સામના મુબારક બેટા દસ્તાન ! તુ મારે માટે એમ બોલ્યો કે, 'દેવે મારા ઉપર ફાસો નાખ્યાથી અને તેણે મને સીધે માર્ગેથી અધકાર અને જુદાઇના માર્ગ તરફ ફેરવ્યાથી મારૂ રવાન કમીનું અને દિલ કાલુ બન્યુ છે' જો મારા દિલને સીધે માર્ગેથી દેવે ફેરવ્યુ હતે તો મે આ લશકરના મોટા ભાગનો નાશ કીધો હતે મે તમામ સરદારોન દુખી બનાવ્યા હતે અને મારા સઘલા પેહેલવાનોના જીગરના લોહી મે પીધા હતે. મે ખેડુતોની ઘડનસલ કાપી નખાવી હતે અને ગેરઇનશાફ સિવાય હુ બીજુ કાઇ પુછને નહી. મારાથી તે એક મોટી આગ સલગેલી જોઈ હતે અને તેથી મારૂ દિલ કોઇને પણુ ભલાઇ સાથની શિખામણો આપતે નહી વળી મેં આતશખાનાખામાં પાણી રેડાવી તેના બારણા બધ કરાવ્યાં હતે અને મોબેદોના શરીર કપાવી નાંખ્યાં હતે પણુ જ્યારે એવી બુરી ખાશીયતોના દરવાજાથી હું દુર છુ ત્યારેજ હુ નવેસરથી મીનોઇ જેહાનનો માર્ગ ખુલ્લો કરી શકુછું. એ ઉપરથી તું જાણી શકશે કે મારાં એ કામો

ઈજદની રાહના છે અને ને કાંઈ દેવના હોકમ મુજબના અને અક્કલ વગરના નથી. ઓ જાલ ! હું જાણુતો નથી કે તે જે એ સઘનુ મને કહયુ તે શા ઉપરથી કહયુ ? તે મારામા એવી શુ બુરાઈ જોઇ છે ? હુ જાણુતો નથી કે તુ (કયામતના) બુરા વખતે પરવરદેગારથી કેવો બદલો પાંમશે ?"

જાલે કચ્એખસરૂના મારી ચાહી તે વિષે.

જ્યારે દસ્તાને તેની એવી વાત સમજી ત્યારે તે દલગીર થયો અને તેનો ચેહેરા સામુ જોવાને તેની આખોને ભાગી પડી ગયુ તુરતજ તે રડતો રડતો ઉઠી ઉભો થયો અને એ પ્રમાણ બોલ્યો કે, "ઓ યજદાન પ્રસ્તી પાદશાહ ! એ સઘલુ મારાથી ઉટાવલે અને ડાહાપણ વગર થયુ છે તુ તો પાક છે અને પરવરદેગાર તરફનુજ ડાહપણ ધરાવે છે જો મન દેવે ભભેરાવ્યો હોય તો તે માટેનો મારો એ ગુનાહ તારે માફ કરવો ઘટે છે એવુ બન્યુ છે કે જેહાનમા આવી વાત બનવા માટે મોટા કે નાના દરજ્જાવાલા શખ્શોમાંથી કોઈએ પણ મને કહયુ નહી પણ હુ હમણાજ વાકેફ થયો છુ એ વાત તો પરવરદેગારને લગતી છે અને તે હારેમનને લગતી અને બુરાઈ તરફની નથી મારી ઉમર હજારથી પણ વધારે વર્ષની થઇ છે અને હું દરેક પાદશાહની હજુરમા કમર બાધનો આવ્યો છુ પણ તુ જે રાતે સુરજ અને ચદ્રા પેરા કરનાર પરવરદેગારનો જે માર્ગ સેવે છે તેવ માર્ગ પાદશાહોમાના બીજા કોઇને મે સાધતા જોયો નથી હું કાંઈ તુ ખ રથી જુદો પડવા માગતો હતો નહી કે જે માટેના મારા દલગીર જીવની ગવાહ તારીક ની અકકલ છે. ઇમાનને માટે અને દરેક બન્દાઓને માટ તારી ડી કોઈ નાડ તો તારી એ લ થી જ્યારે ચડતી ગણાય કે આવા ઇનર દીઆ ની બન્દાના બખ્તને હમ ગથી જુદા પડવાની ઇચ્છા થઈ છે જ કચ્એ મ ઓ ખ ગો કીવો છે તો તેનાથી જમાનાની બુરાઇ દુર રે જે જ્યારે પાદશાહે દસ્તાનની એવી વાતો સમજી ત્યારે તે નેકખાહના એ પસ ાવો તેને પસદ પડયા તેથી તેણે પોતનો હાથ લબાવીને તેનો હાથ પાતાના હાથમા પકડયો અને તેન પોતાની બેઠકની જગ્યાએ ખેચ્યો. તે કચ્એખસર પામી ગયો કે તે જાલ સુરજ જેવા ચેહેરાના પાદશાહ તરફની મોહબત ધરાવ્યા વગર એવા સખુનો કહે નહી.

કુએખસરૂએ ઇરાની સરદારોને શિખામણ દિધી તે વિષે.

પછી પાદશાહે જાલેજરને એ પ્રમાણે કહયું કે "હવે પછી પણ તુંજ એજ પ્રમાણે તારી કમરને બાંધેલી રાખજે. હવે તમો તેમજ રૂસતમ, તુસ, ગોદરેજ, ગેવ અને બીજા નામદારો અને બાહાદુરો પોતાની છાવણીને આપણા મુબારક ઝુન્ડા સાથે શેહેરમાંથી શેહેરની બાહાર લેઇ જાઓ અને ત્યાં જે કાંઈ નાના મોટા તમ્બુઓ હોય તે વડે મેદાનમાં એકકની જગ્યા બનાવો તને ત્યાં એક ખુશાલીના પ્રસંગની માફક બુજોર્ગો ઝુન્ડાને તથા હાથીઓ અને લશકરને જનકતા બનાવો આથી રૂસતમે ખશરૂના કેહેવા મુજબ કીધુ અને તે છાવણીને બાહાર લેઈ જવામા આવી સઘળા ઇરાનીઓ પણ તેનો હુકમ બજાવવાને કમર બાંધી મેદાન તરફ ગયા આથી તે પાહાડથી તે બીજા પાહાડ સુધીની જમીન સફેદ, કાળા, રાતા અને જાંબુડા તમ્બુઓથી ભરાઇ ગઈ તે તમ્બુઓમાં વચે કાવ્યાની ઝુન્ડા નાખવામા આવ્યો જેની જેહ નમાં રાતા પીળા અને બહુ રંગની રૂ નીફ્રેન્ત રહી મોમાન (?) ... લશકર નજદિકમા પાદશાહના તમ્બુની પડદામા જાલનો તમ્બુ ઉભા કરવામા આવ્યો તેના જમના હાથ ઉપર પેહેલવાન રૂસતમના તથા કાબુલના બુજોર્ગો અને રોશન રવાનના શખ્સોના તમ્બુઓ હતા તેઓની હરોલમાં તુસ, ગોદરેજ, ગેવ, પેહેલવાન બેજન અને બાહાદુર ગુરગીનના તમ્બુઓ હતા. તેની પુઠે શાપુર અને તેની સાથે ગસતહમ અને જે કોઈ બુજોર્ગો હતા તેઓના પણ તમ્બુઓ હતા પછી પાદશાહ હાથમા ગાયની સુરતનો ગુરજ પકડી એક સુનેરી તખત ઉપર આવી બેઠો પાદશાહના એક હાથ ઉપર નામદારી ભરેલા હાથી અને ભયકર સિંહની માફક જાલ અને રૂસતમ ઉભા રહયા. તેના બીજા હાથ ઉપર તુસ, ગોદરેજ, ગેવ, ગુરગીન, ફરહાદ અને બાહાદુર શાપુર ઉભા પછી પાદશાહ તે લશકરના કામ બાબે શુ કેહેવા માંગે છે તે સમજવાને સઘલાઓએ તેના ચેહેરા તરફ નજર ઠેરવી રાખી તુરતજ પાદશાહે મોટે શાહાદે બોલવુ સરૂ કીધુ કે, "ઓ નામદારો અને લડાયક મરદાનેમરદો ! તમોમા જે કોઇ વિચાર અને અક્કલ ધરાવનાર હશે તેઓ જાણી શકશે કે સઘલા સારા માઠા બનાવો વહી જનાર છે આપણુ સઘલાઓને પણ આ દુન્યામાથી ચાલી જવાનું છે અને આ દુન્યા તો ત્રણ પાચ દાહાડાના મુસાફરખાના જેવી છે ત્યારે આવાં દુખ ગમ અને મેહેનત શા માટે જોઇએ ? એવો કોઈ પણ જેહાનમાં લાંબો વખત રહયો નથી કે જેને ચાલી જવાની અગત્ય રહી નહી હોય. જે વખતે તમારી

ગરદન અને પીઠ વાંકી વલી જશે તે વખતે તમો તમારી મુઠીમાં પવન સિવાય બીજું કાંઇ રાખી શકશો નહી જ્યારે તમારા ઉપર દુખનો ભાર આવી પડશે ત્યારે તમારૂ શરીર તેમજ હુશીયારી એક સરખાં રહેશે નહી. તમો જ્યારે આંખથી જોઈ શકશો નહી કે પગથી ચાલી શકશો નહી ને વખતે મોટે અવાજે બોલશો કે 'ઓ ખોદાય! તુ મને કાંઈપણ વખત લગાડયા વગર તારી આગળ જડપથી તેડી લે કારણ કે હું કાલી ધુલવાલી દુન્યાથી ધરાઈ ગયો છું' તેથી જ્યારે આપણે લશકરની વચ્ચે હોઇએ ત્યારેજ ગુજરી જવુ સારૂ છે. આપણે કાઇપણ જોર વગરના બન્યે ત્યારે ગુજરી જવુ ફોકટનુ છે હાલે તે સાહેબ આપણા ચામડાં અંદર સાથે હોવાથી આપણી કરણીના બદલો બીજી તરેહનો મલે છે તેથી તમો સઘનાઓ પાક યજદાનથી ડરતા રહો અને આ ખાકી દુન્યામાં નચિંત ના રહો કારણ કે દરેકનો હાલનો વખત વહી જશે અને જમાનો તો આપણા ગની ગણત્રી રાખ્યો જશે પાદશાહ હુશગવી તે પાદશાહ કાઉસ સુધીના તમામ પાદશાહો ખોરેહ તખત અને તાજ ધરાવનારા હતા, પણ જેહાનમા તો તેઓના નામ સિવાય કાંઈ રહયુ નથી. તે ગુજરી ગયલાનુ નામ કોઇપણ લેતુ નથી લોકોને નાશીપાસી આપનારા પાદશાહો પણ આખરે તેઓની બુરી કરણીને લિધે દુખી બન્યા હતા જ્યારે તેઓ એ રીતના હતા તો હુ પણ મેહેનત લેઇ કોશેષ કરનારો એક બંદો છુ. મેં ઘણીએક કોશેષ કરી મેહનતા ઉઠાવ્યા છતા આ જેહાનમા તો મે કોઇને રહલો જોયો નથી તેથી હાલે આ ત્રણ પાચ દિવસની દુન્યા ઉપરથી મારા દિલ અને જાનને ઉઠાવી લેઇ હુ દુખ અને રંજ વેઠું છુ. હુ જે માગતો હતો ને સઘલુ હાલે મેલવા ચુકેલો હોવાથી હુ આ કેઆની તખત આગળથી મારો ચેહેરો ફેરવીને ચાલી જાઉ છુ જે જે શખ્સોએ મારે માટે મેહેનત ઉઠાવી હતી તેઓને હુ મારા ખજાનામાથી જે માગે તે બક્ષવા માગુ છુ હુ જેટલે દરજ્જે દરેકનો ઉપકારી થયો છુ તે હુ નેકીની પીછાણ કરનારા યજદાનને કેહેશ હુ આ મારી માલ મીલકત, હથીયારો તથા આઇતો ખજાનો ઈરાનીઓન બક્ષુ છુ. તમો વચ્ચે જે જે મોટા દરજ્જાના શખ્સો છે તેઓમાના દરેક સરદારન હું એકએક મુલક બક્ષુ છુ. તેમજ હુ મારા પૈસા, ગોલામો અને ગાય ઢોરને માટે ગણત્રી કરાવવાનો અને તે સઘલુ બક્ષેશ કરવાનો વિચાર કરૂ છું કે જેથી હુ મારો પેલી દુન્યાનો માર્ગ ખુલ્લો કરૂ અને અત્રેના ગમથી મારાં દિલને ખલાસી આપુ. હવે તમો ખુશી સાથે તમારો હાથ ખાણીપીણી ઉપર લંબાવજો અને એક અઠવાડયું સુધી ખાઇપીને મજાહ કરજો અને હુ આ ત્રણ પાંચ દિવસની

દુન્યામાંથી મુક્તિ પાંમુ અને દુખથી દુર થાઉં એવું ઇચ્છજો."

જ્યારે કએખસરૂએ આવી શિખામણની વાત કહી ત્યારે તેને માટે પેહેલવાનો અજબ થયા તેઓમાનો એક બોલતો કે, "આ પાદશાહ તો દીવાનો થઇ ગયો છે અને તેના દિલમાની અક્કલ જાણે તેના ન્યાગાનો આગળ જતી રહી છે. એના સિવાય આવી વાત આગળ કોઈપણ શખ્સે કીધી નથી કારણ કે તે સઘલાઓ તો વિચાર સાથે અક્કલને જોડાયલી રાખતા હતા" આથી મોટી પડવીના શખ્સો સઘલા ગમગીન બન્યા અને તેઓ મોજમજાહથી અને ખુશાલીથી દુર થયા તેઓ એકમેકને ટીકવા લાગ્યા, પણ કોઇ શખ્સ એ ભરમની ચાવી ધરાવી શકયો નહી. તેઓએ તેના પગ ઉપર પોતાના માથાં મુકયાં અને દીવાનાની માફક તેજ જગ્યાએ પડી રહયા પછી જાલે તુરતજ તે બુજોર્ગો અને ભેગી મલેલી રૈયત આગળ આ પ્રમાણે કેહેવા માડયુ કે, "હુ જાણુતો નથી કે તેનું શું થશે? તે આ તાજ તખતથી શા માટે છુટો થવા માગતો હશે? એ નામદાર પાદશાહના પોતાના દિલમા શુ વિચાર હશે? લશકરના કામને માટે એ શું હોકમ આપવા માંગતો હશે? તેના તમાંમ કામો અને બોલવુ તો ખોદાની રાહતું છે અને તે કાંઇ જુદાઇ ભર્યું અને અક્કલ વગરનુ નથી." પછી તે સઘલાઓ (પાદશાહનો હોકમ બજાવવાને) ત્યાંથી ટોલાબંધ બનીને ગયા, જેથી તમામ મેદાનો, ખીનો અને પાહાડો ઉપર જાણે લશકરજ જણાતુ હતુ. મેદાનમાંથી સરનાઇના અવાજો અને ઘોડાના ખખારો સમજાતા હતા જેથી તું કેહેશે કે અવાજ જાણે વાદલ સુધી પુગતા હતા. એ પ્રમાણે એક અઠવાડયુ સુધી તેઓએ ખુશાલી પાળી અને તેટલો વખત કોઇને પણ ગમ કે મેહેનતની યાદ આવી નહી

કએખસરૂએ ગોદરેજ સાથે વસીયત નામું કીધું અને તેણે પોતાની મીલકત મોટા દરજ્જાના શખ્સોને બક્ષી તે વિષે.

આઠમે દાહાડે પાદશાહ સાંકળી, ગુરજ અને સુનેરી તાજ પેહેર્યા વગર તખત ઉપર બેઠો અને તેનો ચાલી જવાનો વખત ઘણોજ નજદિક આવી લાગતાંજ તેણે પોતાના ખજાનાના દરવાજા ખુલ્લા કીધા. જ્યારે તે આબાદી ભરેલો ખજાનો ખુલ્લો થયો, ત્યારે તેણે કેશવાદના બેટા ગોદરેજને પોતાનો વકીલ બનાવ્યો અને તેને કહયું કે, "તું જાહેર અને છુપી રીતે જેહાનમાં શું શું કામ બને છે તે તપાસતો રેહેજે. ઘડીકમાં

ખજાનો એકઠો કરવો પડે છે અને પછી તે સખતી વેડી એકઠો કીધેલો
ખજાનો પાછો વેરી નાખવો પડે છે. તેથી ઇરાનની અતરાફમા જે જે ધર્મ-
સાલાઓ અને પુલો વેરાન બન્યા હોય તેની તુ સભાળ કરતો રેહેજે.
બીજુ એ કે જે જે તલાવો ઇરાનીઓથી કે અફરાસીયાબ તરફની ઇજાથી
બીગડવા પાંમ્યાં હોય તેઓની પણ તુ સભાળ રાખજે બીજુ એ કે જે
બચ્ચાઓ મા વગરના હોય અને જે ઓરતો ધણી વગરની નાચાર હોય
તથા જે શખ્સો કાઇ પણ ચિજના હાજતમદ હોય તે દરેકનુ દુખ તું દુર
કરતો રહેજે તું તેઓ સામે ખજાનાના બારણા બધ રાખતો ના પણ જમા-
નાની ખુરાઈથી ડરીને બક્ષેશ કરતો રેહેજે. જે જે શેહેરો વેરાન બનીને
વાઘો અને સિહોના રેહેઠાણ બન્યા હોય તેઓની તુ તપાસ કરતો રેહેજે.
બીજુ એ કે જયા જયા પણ આતશકદેહો હોય અને તે હેરબદો (યાને
મોબેદો) વગર વેરાન થઈ પડયાં તો ત્યા તુ આતશને પાછા રોશન કરાવજે.
અને તેમ કરી તેની સાથે તુ તારા નેક નામને જોડાયલુ રાખજે. ત્રીજું
એ કે જે કોઇ શખ્સો પોતાના દિલે અશકત થયા હોય અને પોતાની જવા-
નીના વખતમા પૈસા ગુમાવી નાખ્યા હોય તથા જે જે કુવાઓ પાણી વગરના
બન્યા હોય અને વળી તે ઘણા વખતના જુના હોવાથી બીસમાર થયા
હોય તેઓને તુ આ ખજાનાથી તથા સુના રૂપાથી આબાદ કરજે. તુ
મોતને યાદ કરીને પૈસાને બીસાડ વગરના ગણજે" વળી બીજા જે ખજા-
નાનો તે ધણી ગણાતો હતો અને જે કાઉસે તુસ શેહેરમાં એકઠો કીધો
હતો તેને માટે તેણે ગોદરેજને ફરમાવ્યું કે "તુ તે જાલ અને રખશના
નેક રૂસતમ વચે વેહેચી આપજે" પછી તેણે પોતાના તનને લગતાં વસ્ત્રોની
ગણતરી કીધી અને તે સઘળાં તુરતજ રૂસતમને હવાલે કીધાં વળી બાહુરોને
લાયકના હાર અને સાંકલીઓ તથા બખતરો અને ભારી ગુરજો જે હતા
તે ગસતહમને બક્ષ્યા કારણ કે તે સઘલુ તેને ઘટતુ હતુ. વળી તેની પાસે
ઘોડાઓ તથા નામીચાં જીનો હતાં તે તથા જે મોઘી કીમતના ઘોડાઓના
ટોલાં હતાં તે તેણે શાહજાદા તુસને બક્ષેશ કીધા. તમામ બાગ બગીચાઓ તથા
જે જે મેહેલો તેને ગમતા હતા તે તેણે ગોદરેજને બક્ષ્યા. તેના શરીર ઉપર
પેહેરવાના બખતરો કે જે તેના ખજાનામા હતાં અને જે ચિજોથી તેને ઘણી
મેહેનત કરવી પડી હતી તે સઘલુ જયારે ખસરૂ તખતથી કટાલ્યો ત્યારે
બાહુર ગેવને બક્ષવામાં આવ્યુ. તે પાદશાહે મેહેલો, મોટા તબુઓ, છાવ-
ણીઓ, તથા વલી નાના તંબુઓ અને ઢોરો કાઉસના બેટા ફરીબરૂજને
બક્ષ્યા. વળી બખતરો, લોઢાંની તોપીઓ, રૂમી કોલાહો તથા એક સાંકલી કે

જે બ્રેસ્પતી સેતારાથી વધારે ચલક મારતી હતી તે તથા પ્રકાશીત યાકુતો જડેલી બે વીટીઓ કે જેની ઉપર તે જેહાનના પાદશાહનું નામ કોટરેલું હતુ અને જે વીટીઓ જેહાનમાં થોડી આસકારા હતી નહી તે સઘલી ચિજો તેણે બેજનને આપી પછી તેને આ પ્રમાણે કહયુ કે "આ ચિજો તુ મારી યાદગારી તરીકે રાખજે અને નેકીના બીજ સિવાય બીજુ કાંઈ રોપતો ના એક સુનાનુ તખત, બે સુનાની સાંકલીઓ, એક ફીરોજાની બનાવેલી મોહર અને એક સુનેરી કમરબધ એ સઘલુ તેણે ગસતહમના બેટા ગઝદહમને આપ્યુ અને તેને કહયુ કે "તારા પાક જીવ સાથે અકકલ જોડાયલી રેહેજો" તેણે એક બીજો ખેલાત તથા પ્રકાશીત યાકુતોથી બનાવેલી જામો ગેહામને આપી મોઘી કીમતના દસ ઘોડાઓ અને સુનેરી તાજોવાલી અને કોલાહ અને કમરબંધવાલી દસ પરી જેવી ખુબસુરત ઓરતો તથા ફાડયા વગરના કપડાના તાકાઓ તથા દિલને આરામ આપે એવા બે નાના છોકરાઓ એ સઘલુ લાવીને શીદુશને આપ્યુ. બે સુનેરી બખતરો તથા સુનેરી તોપીઓ, સુનેરી ઢાલો, સુનેરી ગુરજો તથા દસ હીન્દી તલવારો અને ઘોડાના બખતરો તથા પાદશાહોને લાયકના મોટા નાના તંબુઓ એ સઘલું લાવીને અશકશને આપ્યું તેથી તેણે તેની આગળની જમીનને બોસો લીધો. એજ પ્રમાણેની ચીજો મીલાદના બેટા ગુરગીનને, બુરજીનને જંગેહ અને ફરહાદને પણ તેણે બક્ષી પછી તેણે ઇરાનીઓને કહયુ કે હવે મારો જવાનો વખત નજદિક આવ્યો છે અને મારી ઇચ્છા તાજી બની છે. માટે તમોએ બીજુ જે કાંઈ માંગવુ હોય તે મારી પાસેથી માગો. કારણ કે આ સભા બરખાસ્ત કરવાનો હવે વખત થયો છે." આથી મોટી પડવીના સઘલા શખ્સો જારી અને રૂડન કરવા લાગ્યા અને તે શેહેનશાહ માટે દુખી બન્યા દરેક શખ્સ એમ બોલતો હતો કે " પાદશાહ આ તાજને માટે કોણને પોતાની યાદગારી તરીકે થેડવશે" ?

જાલે કએખસરૂ પાસે રૂસતમ માટે સનદ માંગી તે વિષે.

જ્યારે ખસરૂથી વફાદાર દસ્તાને એ પ્રમાણે સમજ્યુ ત્યારે તેણે જમીનને બોસો લિધા પછી ઉઠી ઉભો થઇ તેને એ પ્રમાણે કહયુ કે "ઓ જેહાનના પાદશાહ ! જો એમ ઘટતું હોય કે મારી કોઈ પણ ઇચ્છા રહી જાય નહી તો રૂસતમે ઈરાન માટે લડાઓ કરી, મેહેનત અને દુખ વેઠી તથા નામદારી મેલવીને શુ શુ કીધુ છે તે તો તું જાણે છે. જ્યારે કએકાઉસ માંજનદરાન ગયો હતો ત્યારે તેનો એ નોકર તેનાથી ઘણુ એક

ફરસંગોને છેટે દુર હતો. તેવામાં જેવી રૂસતમે કાઉસ પાદશાહને તથા નામદાર ગોદરેજ અને તુસને દેંવોએ કેદ પકડયાની ખબર સમજી તેવોજ તે એકલો માજંનદરાન તરફ જવાને નિકલ્યો. ત્યા જતાં તેને માર્ગમા બયાબાનો, અધકાર, દેંવા, સિહ, જાદુગર ઓરત તથા બાધુર અઝદાહ મલ્યો હતો. એ રીતે સખતી અને મેહેનત વેઠતો તથા માર્ગ કાપતો માંજંનદરાનમાં પાદશાહ આગળ જઇ લાગ્યો હતો તેણે સફેદ દેવનુ પેત તથા અવલાદ, ગનદી અને બીદ દેવોના જીગર ચીરી કાઢયાં હતાં વળી તેણે તેજ વખતે સનજે દેવના ડોકાંને તેના શરીર ઉપરથી તોડી કાઢયું હતુ અને તેનો પોકાર આસમાન સુધી પુગ્યો હતો. વળી જ્યારે કાઉસ હામાવરાન ગયો હતો ત્યારે ત્યાં તેને તુસ, ગોદરેજ, ગેવ તથા બાધુર અને અક્કલમંદ પેહેલવાનો સાથે ભારી બધીખાનામા પુર્યો હતો ત્યા પણ તેહેમતન ઇરાનીઓનુ અને ચુનદા જાબુલીઓનુ એક ભારી લશકર લેઇને જઈ લાગ્યો હતો અને તેણે કાઉસને તથા ગોદરેજ, ગેવ અને તુસને છુટા કીધા હતા. જેહાનમા કોઇ પણ મોટી યા નાની પડવીનો શખ્સ સોહરાબ જેવું ફરજદ ધરાવતો હતો નહી પણ રૂસતમે કાઉસ પાદશાહ તરફથી કીનો લેતાં તેને પણ (અજાનપણે) મારી નાખ્યો હતો અને પછી તે માટેના દુખથી તે મહીનાઓ અને વર્ષો સુધી રડતો રહયો હતો. ત્યાર પછી વળી તેણે કામુશ સાથે કેવી લડાઇ કીધી હતી અને મરદાનગી સાથે ધુલને વાદલ સુધી ઉડતી કીધી હતી હુ તેના કામોની ગમે એટલી વાતો કરૂ તોપણ તે દાસ્તાનનુ કાંઇ સેવટ આવવાનુ નથી હવે જો તુ પાદશાહના તાજ અને તખત સાથના સબધનો છેડાજ આવ્યો હોય તો તે સિંહ જેવા દિલના ખેરખાહને તુ શુ આપી જવા માગે છે?"

ત્યારે ખસરૂએ એવો જવાબ દિધો કે "તેના કામોની અને તેણે હમારી નજદિક વેઠેલી મેહેનતો અને કીધેલી લડાઇઓની કદર જેહાનનો પરવરદેગાર કે જે ઇનશાફ, આરામ અને દયાનો આપનાર છે તેના સિવાય બીજુ કોણ બુજી શકે? તેની વાતો કાઇ ખાનગી નથી અને તેની બરોબર કોઇ પણ પોતાનુ માથું આસમાન સુધી પુગાદનાર નથી." પછી તેણે મુનશીને કલમ, કસ્તુરી અને અંબર સાથે ત્યાં આવવાને ફરમાવ્યુ. અને તે નામદારી ભર્યા અને પાક દીનના જેહાનના પાદશાહ કએખસરૂએ દરેક અનજુમન વચે મરદાનગી માટે વખણાતા પેહેલવાન પીલતન માટે એક પરવાનો લખાવ્યો કે "રૂસતમજ જેહાનનો સરદાર ગણાશે અને તે જેહાનનો માલેક અને આલાક પેહેલવાનોનો સરદાર રહેશે. તેજ લશકરનો ફતેહમંદ સપેહ-

સાલાર અને લશકરને દિપાવનાર રેહેશે અને નીમરોજનો મુલક તેનોજ ગણાશે." પછી તે સનદ ઉપર અદલ કએખસરૂએ પોતાના રેવાજ મુજબ સુનાની મોહર કીધી અને તે સનદ તેને સોફતાં તેની તારીફ કીધી કે "આ જમીન રૂસતમથી આબાદ રેહેજો" વળી સામે સ્વારના બેટા જાલ સાથે જે કોઇ મોટી પડીના શખ્સો અંગ ઉપર બખતર પેહેરીને ત્યાં આવ્યા હતા તેઓને પણ તેણે લેબાશો તથા સુનુ રૂપુ બક્ષ્યું. એ મુજબ દરેક શખ્સ તેનાથી એવો હીસ્સો મેલવતા પામ્યા

ગોદરેજે પોતાના બેટા ગેવ માટે કએખસરૂ પાસેથી સનદ માંગી તે વિષે.

જાસે એમ જોતાજ તે ચાલાક અને ફતેહમદ નસીબના પાદશાહની પુશકલ તારીફ કીધી જેવો તે બેઠો તેવોજ ગોદરેજ ઉઠી ઉભો થયો અને પાદશાહ સાથે રાસ્તીથી વાત કરવા માંડી અને બોલ્યો કે "ઓ ફતેહમદ નસીબના પાદશાહ! મીનોચેહેરના વખતથી તે કએકોબાદના વખત સુધી તથા કાઉસથી તે મુબારક તોખમના પાદશાહના વખત સુધીમા તારા જેવો તખતનો સાહેબ મે કોઈ જોયો નથી હમે બુજોર્ગી આગળ કંમર બાંધેલી રાખી એક દિવસ પણ આરામથી બેઠા નથી મારા ઇહોતેર બેટા અને નબીરાઓમાંથી હાલે આંઠ જીવતા રહયા છે અને બાકીના ગુજરી ગયા છે. વળી ચાલાક દિલનો ગેવ સાત વર્ષ સુધી ભુખ વેઠીને ખુવારેહાલ તુરાનમા રહયો હતો. જંગલમાં તે ગોરખરને ખાઇને જીવ્યો હતો અને તે શેકારી જાનવરોના ચાંમડાંનો પોશાક પેહેરતો હતો ઇરાનમા આવી પુગ્યા પછી પણ જે કાંઇ બન્યુ અને ગેવે તુ પાદશાહ માટે કેટલી મેહેનત કીધી તે તો તે જોયું છે. જ્યારે હવે તુ પાદશાહ તાજ અને તખતથી કટાલ્યો છે ત્યારે તે પણ તુ પાદશાહ તરફની ભલી નજરની ઇચ્છા કરે છે" પાદશાહે તેને જવાબ દિધો કે "તે (ગેવ) નો ગુણ તેથી પણ વધારે છે અને તેથી ગેવ ઉપર હજારો દુવા ઉતરજો જેહાનનો માલેક ખોદા તેનો દોસ્ત રેહેજો અને તેનું બુરૂ ઇચ્છનારાઓનાં ગોલાબો (યાને સુખ) કાંતાથી ભરેલા રેહેજો. મારૂ જે કાંઇ વધતું ઓછું છે તે સઘલુ તારાજ હાથમાં છે. માટે તુ રોશન રવાનનો અને તનદરૂસ્ત રેહેજે પછી તેણે તે (ગેવ) ને કુમ અને ઇસ્ફાહાનનો પરવાનો, તથા બુજોર્ગી ભરેલો ખેતાબ અને મોટો દરજ્જો બક્ષ્યો તે પાદશાહ તરફનો પરવાનો મુનશીએ કસ્તુરી અને અંબરથી રેસમી કપડાં ઉપર લખી આપ્યો. પછી તે ઉપર સુનેરી મોહર માર્યા બાદ પાદશાહે તે નામા સાથે તેની તારીફ કરવા

માડી કે "પરવરદેગાર ગોદરેજ ઉપર ખુશ રેહેજો અને તેનુ બુરૂ ચાહાનારાઓના દિલ ગમભર્યાં રેહેજો." પછી તેણે ઈરાનીઓને કહયુ કે "બાહુર ગેવ કે જે પેહેલવાનોના જેવી ગરદન અને સિંહો જેવા પંજા ધરાવે છે તેને માટે તમો યાદ રાખજો કે એ મારા તરફની એક યાદગારી જેવો છે, અને તમારી નજદિક મારા તરફની તે જામીનગીરી તરીક છે માટે તમો સઘલા તેના હોકમ હેઠલ રેહેજો અને ગોદરેજના કેહેવાથી પણ ઉલટા ચાલતા ના." આથી ગોદરેજના ખાનદાનના જે કોઇ સરદારો હતા તેઓએ તે જવાન પાદશાહ કએખસરૂ ઉપર દુવા ગુજારી.

તુસે કએખસરૂ પાસે પોતા માટે સનદ માંગી તે વિષે.

જેવો ગોદરેજ બેઠો કે તુસ ઉઠીને ઉભો થયો અને ખસરૂ આગળ જઇ જમીનને બોસો લિધો પછી તેણે તેને કહયુ કે, "ઓ પાદશાહ! તુ અમેંગ રેહેજે. બુરાઓના હાથ તારાથી દુર રેહેજો ફરીદુનની ઓલાદના બુજોર્ગોથી હું ઉતરી આવેલો છુ. કોબાદ પણ હમારી મુબારક પેહેડીથી ઉતરી આવ્યો હતો મે ઇરાનીઓનીજ નોકરીમા કમર બાંધેલી રાખી છે અને તે બાંધેલી કમર હું કદી પણ કમરેથી છોડીશ નહી હમાવન પાહાડ આગળની લડાઈમાં મારા શરીર ઉપરના બખતરથી તો મારૂ શરીર પણ સોહરાઈ ગયુ હતુ. મે તેટલો વખત કાંઈ પણ કપડાં પેહેર્યા હતા નહી સીયાવક્ષનો કીનો લેવા માટેની તે લડાઈમાં હુ દર રાતે લશકરની ચોકી કરવા રહેતો હતો. બલાદનની લડાઇમા જો કે હુ અઝદાહના દાચામા (યાને ધાસ્તીમા) હોવા છતાં મે લશકરને તજ્યુ હતુ નહી જ્યારે કાઉસ હામાવરાનમા કેદ પકડાયો, ત્યારે બીજી બેડી તુસની ગરદનમા નાખવામા આવી હતી વળી હુ તેની સાથે માજનદરાનમા પણ કેદ પકડાયો હતો અને તે પાદશાહને માટે હું પણ ગમમા ગીરફતાર બન્યો હતો. અગર હુ ભલો કે ભુડો હોઉ તો પણ હું તેની આગળ દરેક ઠેકાણે સપેહસાલારનો ઓધ્ધો બજાવતો હતો. મે કોઈ પણ ઠેકાણે લશકરને વિખેરાઇ જવા દિધુ નથી, અને કોઇએ પણ મારે માટે ફર્યાદ કીધી નથી હવે જયારે તું પાદશાહ તાજ અને ખજાનાથી ધરાઇ ગયો છે અને આ ત્રણ પાંચ દિવસની દુન્યામાથી ચાલી જવા માંગે છે તો મારૂ જોર કેવું હતુ તે માટે તુ તારો વિચાર શુ જણાવે છે? તુ તો મારો હુનર અને ખોડખાપણથી જાણીતો છે." તે પાદશાહે તેને એવો જવાબ દિધો કે 'તારાં નસીબથી તું જમાનાની મદદે

ઘણો લાંબો વખત સુધી કાવ્યાની ઝુન્ડા સાથે જોડાયલો રેહેજે અને તું તેઓનો સુનેરી જોડાવાલો સપેહસાલાર થઇ રેહેજે ૧ જેહાનમાં આ નાકેથી તે ખોરાશાન સુધીનો મુલક તારો ગણાશે અને ત્યાંના નામદારો વચે તારાં શરીરનો કરાર રેહેશે." પછી તે બુજોર્ગો અને નામદારોની હજુરમાં તેને માટે પણ તેજ પ્રમાણેની સનદ લખવામાં આવી અને ત્યારબાદ તે કાગજ ઉપર સુનેરી મોહોર મારીને તથા એક સુનાની સાકલી અને સુનાનો કમર બધ તેને આપીને તેણે તેની પુશકલ તારીફ કીધી કે "તારા ઉપર કોઇનું પણ દિલ કીના ભર્યું રેહેતુ ના"

કએખસરૂએ લોહરાસ્બને પાદશાહી આપી તે વિષે.

જ્યારે તે બુજોર્ગોના એ કામથી પરવાર્યો ત્યારે તે શેહેનશાહ તખત તરફ ગયો હવે પાદશાહી દફતરમા સરદારોની વચે લોહરાસ્બનું ૨ નામ રહી ગયુ છે કે જે કોઇએ વાંચ્યુ નથી ત્યારે રોશાનીને જરા પણ કોશેષ કરવાની રહી નહી અને જમીનને માટે તેનો નાદર પોશાક (તડકુ) રહયો નહી (યાને રાત પડી), તથા અંધારાએ સફેદી ઉપર જીત મેલવી અને જેહાનને અંધકારથી પનાહ આપવા માડી, ત્યારે તે જેહાનનો ઇનશાફી પાદશાહ કએખસરૂ સુનેરી તાજ પેહેરીને તખત ઉપર બેઠો. પછી તેણે લાહરાસ્બને કોલાહ પેહેરાવી પાદશાહની હજુરમા લાવવા માટે બેજનને ફરમાવ્યુ તે પાદશાહ લોહરાસ્બને આવતો જોતાંજ ઉઠી ઉભો થયો અને તેની તારીફ ગાતા હાથ લાબો કીધો. તેણે તે નામદારી ભર્યા હાથીદાંતના તખત ઉપરથી નિચે ઉતરીને પોતાના માથાં ઉપરથી દિલને દિપાવનારૂ તાજ ઉચકયું અને તે લોહરાસ્બને સોપી તેની ઇરાન જમીનના પાદશાહ તરીકેની તમામ તારીફ ગાઈ કે, "આ તારૂ તાજ તુને મુબારક થજો અને તારી આગળ તમામ જેહાન ગોલામ બનજો મે પુસ્કલ દુખ અને મેહેનત ભોગવ્યા પછી હવે એ તાજ, પાદશાહી અને ખજાનો તુને બક્ષ્યો છે. માટે હવે પછી તું તારી જબાનથી ઇનશાફની રાહે બોલવા સિવાય બીજી રીતે બોલતો ના કારણ કે

૧ "શત્રોઇહાએ અઇરાન" નામની કેટાબમા તુસને નવસો વર્ષ સુધી લસકરના વડાની પદવી ભોગવતો જણાવ્યો છે તુસ પછી લશકરનુ વડપણ જરીરને, જરીર પછી બસ્તુરને અને બસ્તુર પછી કરજમને પોહોચ્યુ હતુ.

૨ બુનદેહેશ મુજબ એ લોહરાસ્બ કાઉસના ભાઈ પીસાનના દીકરાના દીકરાનો દીકરો થતો હતો

ઇનશાફથીજ તું ફતેહમંદ અને ખુશાલ બની શકશે. તારૂં નસીબ હમેશનું તાઝુ રહે એમ જો તુ ઇચ્છતો હોય તો તું દેવને તારા રગાનનો દોસ્ત બનાવતો ના તું અક્કલમંદ અને નિર્દોશ બનજે અને તારી જીભને હમેશાં સંભાલેલી રાખજે."

પછી તેણે ઇરાનીઓને કહયુ કે "તમો એના નસીબથી અને એના તખતથી ખુશાલ દિલના રેહેજો" આથી તમામ ઇરાનીઓ અચરત બન્યા અને તેઓ ફાડીખાનારા સિંહ માફક છેડાઇ પડીને બોલ્યા કે, "શુ હમે હવે લોહરાસ્બને પાદશાહ તરીકે બોલાવ્યે ?" (તેવામા) ઇરાનીઓ વચેથી જાલે[1] ઉઠી ઉભો થઇને તેના દિલમા જે ખરા વિચારો આવતા હતા તે તેને કહી સમજાવ્યા તે બોલ્યો કે "ઓ ઉંચે દરજ્જેના શેહેનશાહ! જો તુ ખાકને પણ ઇજત આપે તો તે વાજબી છે. તે શખ્સનુ નસીબ ધુલે મલેલુ હોજો અને તેના રવાન માટે ધુલજ ઝેહેરનો ઉપાય બનજો કે જે લોહારાસ્બને ઇનશાફ સાથે પાદશાહ ગણે. એવો ગેરઇનશાફ હમે કદીપણ ચાલવા દેઇશુ નહી ત્યારે તે (લોહરાસ્બ) જરસ્મ સાથે ઇરાનમા આવ્યો હતો ત્યારે તો હમે તેને તેના ઘોડા સાથે એક કમીના (નોકર) તરીકે જોયો હતો તે તેને લશકર, ઝુન્ડો અને કમરબંધ આપીને અલાનાનની ચઢાઇ ઉપર મોકલી આપ્યો હતો પણ મને તો તેની તોખમ કે હુનર કાંઇ માલમ નથી મે કોઇને પણ એમ પાદશાહ બનેલો સમજ્યો નથી શું તુને પાદશાહી તોખમના આટલાબધા બુજોર્ગોમાથી એ માટે કોઇ યાદ આવ્યો નહી ?"

સામના બેટા દસ્તાનની એ વાતને ત્યા ભેગા મલેલા સઘલાઓએ ટેકો આપ્યો. ઇરાનીઓ (ભેગે અવાજે) પોકારી ઉઠયા કે "ઓ પાદશાહ! હમે હવે પછી હમારી કમર લડવાને બાંધીશુ નહી. જો લોહરાસ્બને જમાનો ઉંચે ચઢાવવાનો હોય તો હમારામાંનો કોઇપણ લડાઇમા લડવા ઉતરશે નહી" જ્યારે ખસરૂએ દસ્તાનની એવી વાત સમજી ત્યારે તેણે તેને કહયુ કે "તુ આકલો અને ઉટાવલો ના બન. જે કોઇ એ બાબદને ગેરઇનશાફ કહેતો હોય તો તે ધુમાડા સિવાય આતશ મેલવી શકશે નહી જેઓને અંધકારવાલા ધુમાડા કરતાં

---

૧ લોહરાસ્બ ઇરાનની ગાદીએ બેસે તેની સામે ઇરાની સરદારોની સાથે જાલે પણ વાંધો લિધો હતો અને તેણે બીજા તવારીખ નવેશોના જણાવ્યા મુજબ લોહરાસ્બ અને તેના વારેસોની પાદશાહી કદીપણ કબુલ રાખી હતી નહી જેથી પાછલથી જાલના વારેસો અને લોહરાસ્બના વારેસો વચે મીનાકેશો ઉઠયો હતો અને ભારી લડાઇઓ થઇ હતી જેમા જાબુલસ્તાનના નામીચા પેહેલવાન માર્યા ગયા હતા.

રોશની વધારે સારી લાગતી હોય તેઓએ તો એ કામથી ખુશી થવું જોઇએ છે. કારણ કે પરવરદેગાર આપણા લોકોથી બુરાઈ પસંદ કરતો નથી, પણ તે ફરતા જમાનાથી બુરાઇને ઉખેડી કાઢે છે. પરવરદેગાર તેનેજ નેકબખત બનાવે છે અને તેનેજ પાદશાહીને લાયકનો અને તખતને દિપાવનારો ગણે છે કે જે દીનદાર, શરમવાલો, દમામદાર અને ઉચ તોખમ ધરાવતો હોય, તથા જે સખાવત કરનારો, ફતેહમંદ, હુશીયાર અને ખુશાલ રેહેતો હોય. મારા એમ કેહેવામાં પરવરદેગાર સાહેદ છે. કારણ કે લોહરાસ્પમાં એ હુનરો સીધા ઉતરેલા છે જેહાનના પાદશાહ હુશંગનો એ નબીરો થાય છે અને વળી તે સખી, અક્કલમંદ દિલનો અને પાક હાથનો છે. તે પશીન અને કએકોબાદની તોખમનો છે અને તેનું દિલ દાનાઈથી ભરપુર અને મગજ ઇનશાફથી ભરેલુ છે આ જમીન ઉપરથી તેજ જાદુગરોના પગલાં ઉખેડી કાઢશે અને પાક યજદાંનની રાહારીતી ચાલુ કરશે. ૧ તેની શિખામણોથી જમાનો જવાન બનશે અને તેનું પાક ફરજંદ પણ એજ રીતનું નિવડશે. પરવરદેગારે મને તેનાજ તરફ ચેહેરો ફેરવવા કહયું છે, અને તેથી તેના હોકમથી મે ઉલટુ કીધું નથી. માટે તમો તેના ઉપર એક પાદશાહ તરીકે દુવા ગુજારો અને આ શિખામણ પછી તમો મારા એ હોકમથી ફરતા ના જે કોઇ મારી એ શિખામણથી ફરશે તેને ઉઠાવેલી તમામ મેહેનતો મારી આગળ બરબાદ થડશે. વળી એ રીતે તે પરવરદેગારને પણ નીમખહરામ નિવડશે અને તેથી તેના દિલમાં ચોગાજુએથી ધાસ્તી ઉપજશે" જેવા જાલે તેના આ પાક સખુનો સમજ્યા તેવાજ તેણે પોતાનો હાથ લંબાવી પોતાના આંગલાં ખાકને લગાડયાં (યાને પગે પડયો). તેણે પોતાના હોટોને કાલી ધુલમાં ઘસીઆ અને એક અવાજે લોહરાસ્પને પાદશાહ ગણ્યો તેણે તે જેહાનના પાદશાહ (લોહરાસ્પ) ને કહયું કે, "તું ખુશાલ રેહેજે અને બુરાઓના હાથો તારાથી દૂર રેહેજો. આ ફતેહમંદ અને સખી પાદશાહ (કએખસરૂ) સિવાય લોહરાસ્પ પાદશાહી તોખમ ધરાવે છે એમ બીજું કોણ જાણતું હતું? હવે જ્યારે મે કાલી ખાક વડે સોગંદ લિધા છે અને મારા હોટોને તેનાથી ખરડી નાંખ્યા છે ત્યારે તું તે ગુનાહ તરીકે ગણી લેનો ના." આથી બુજોર્ગોએ પણ તે (લોહરાસ્પ)ના ઉપર મોતીનો નેસાર કીધો અને તેની પાદશાહ તરીકે તારીફ ગાઈ.

૧ લોહરાસ્પ પોતે જમશીદથી ઉતરી આવેલી દીનનો પાળનાર યજદાંપ્રસ્તી હતો એમ પેહેલવી દીનકરદમાં જણાવ્યું છે.

કએખસરૂએ ઇરાનીઓને તથા પોતાની દાસી-ઓને ત્યાંથી વિદાય કીધી તે વિષે.

જ્યારે પાદશાહ કએખસરૂ લોહરાસ્પના એ કામથી પરવાર્યો ત્યારે તેણે રૈયતના કામ ઉપર ધ્યાન પુગાડયુ. તે મુબારક પાદશાહે ઇરાનીઓને કહયું કે, "આવતી કાલે તમો તમારે માર્ગે ચાલ્યા જજો. જ્યારે હુ આ કમીની દુન્યામાંથી ચાલી જવશ ત્યારે હુ પાક પરવરદેગાર પાસેથી તમારે માટે માફી માંગી લેવશ." પછી તેઓને વિદાય કરતાં તેણે પોતાની આંખોમા પુશકલ આસુઓ સાથે દરેકના ચેહેરા ઉપર બોસા લિધા વળી તેણે જારજાર રૂડન કરતા તમામ પેહેલવાનો સાથે બગલગીરી કરીને કહયું "કે હું પરવરદેગાર પાસે એવુ ચાહુ છુ કે આ અનજુમનને પણ હું મારી સાથે (પેલી જેહાન) લેઇ જાઉ" આથી ઇરાની લશકરે બુમ પાડી કે "આસમાન ઉપરથી સુરજ પોતાનો માર્ગ ચુકી ગયો છે." ત્યા ઘરેઘર, મોહોલાઓમાં, બજારોમાં અને અન્જુમનમાં બાળકો, મરદો અને ઓરતો મોટે અવાજે રૂડન કરતા હતાં અને હાએ અફ્સોસ પોકારતાં હતા. દરેક ઘરમાં તે પાદશાહ માટે માહેતમ ચાલી રહી. તમામ સરદારોએ પોતાના માંથા ધુલમા નાખ્યા અને સઘલાઓએ દુખથી પોતાના લેબાશ ફાડી કાઢયા. તમામ જમીન પણ ધુજવા લાગી તેથી તે બનાવથી બુર્જોર્ગો અચરત બન્યા. તેજ પળે પાદશાહે ઇરાનીઓને કહયુ કે, "તમો સઘલા આ મારી શિખામણ ઉપર ધ્યાન આપજો. જે કોઇ દમામ અને ઉંચ તોખમ ધરાવતા હોય તે સઘલાઓ પરવરદેગારની આવી બક્ષેશને માટે ખુશાલ બનજો. હાલે મેં મારા રવાનને એવી રીતે ઉધાર્યું છે કે જેથી હું હવે નેકનામી સાથે ચાલી જાઉ છુ. આ ત્રણ પાંચ દિવસની દુન્યા ઉપર મે મારૂ દિલ બાંધેલું નહી હોવાથી સરોશ મારી રેહેનુમાઈ કરનાર તરીકે મને આવી મલ્યો છે" એટલુ કહી તેણે કાલા રંગના બેહેજાદ ઘોડાને ત્યાં મંગાવ્યો તેથી તે લશકરમાંથી મોટા અવાજ અને ફર્યાદના પોકારો નિકળવા લાગ્યા તે ગમગીન બની પોતાના પાદશાહી મેહેલમાં ગયો તે સીધા સરોવર જેવો કએખસરૂ વાંકો વલી ગયો હતો. તે (પાદશાહ) ની સુરજ જેવી ચાર ઓરતો હતી કે જેવા ચેહેરા કોઇએ સ્વપનામા પણ જોયા હતા નહી. તેણે તે પુટલી જેવી ઓરતોને જનાનખાનામાંથી પોતાની પાસે બોલાવીને તેઓ આગળ પોતાના દિલનો સઘલો ભરમ કહયો કે "હું આ ત્રણ પાંચ દિવસની દુન્યામાંથી ચાલી જાઉછું તે માટે તમો દિલમાં દુખ અને રંજ ધરતાં ના. હવે પછી તમો મને આ ગેરઇનસાફી ભરેલી ખાકી દુન્યામાં વધુ વખત જાવેદાન સુધી જોશો નહી. હું તે

ઇનશાહી સાહેબની આગળ જનાર છું કે જ્યાંથી પાછાં ફરવાનો માર્ગ હું મેળવી શકનાર નથી."

આથી તે સુરજ જેવી ચાર ઓરતોના હોશકોશ ઉડી ગયા અને તેઓ ગમથી અને દુખથી તેમજ મોહોબતથી રૂડન કરવા લાગી. તેઓએ પોતાના ચેહેરાને નખથી પીખી નાખી બાલને તોડી કાઢયા તથા રંગબેરંગી સુગંધી કપડાંઓ ફાડી કાઢયાં. ત્યાર બાદ તેઓ સુદ્ધીમાં આવતાં રૂડન કરી અને બુમેઃ પાડી બોલવા લાગી કે "હમુને પણ તુ આ ત્રણ પાંચ દિવસની દુન્યામાંથી લેતો જા અને એ નેક કામમાં હમારો રેહેનુમા બન" તે મોટા દરજ્જાના પાદશાહે તેઓને કહયું કે "તમો પણ એ રસ્તેથી પસાર થવાનાજ છો. પેલા જેહાનના પાદશાહ જમશીદની બેહેનો (હાલ) કયા છે? અને પેલા દોરદ-મામવાલા નામદારો પણ કયા છે? મારી માતા પેલી અફરાશીયાબની બેટી કે જેણી તુરાનથી જીહુન નદી પસાર કરીને અત્રે આવી હતી તે કયાં છે? તુરની બેટી માહઆફ્રીદ કે જેના જેવી ઓરત કોઇએ પણ જેહાનમાં જોઇ નવી તે કયાં છે? તે સઘલાંઓએ પોતાનું બીછાણું અને તકીઆ ધુલ-માંજ બનાવ્યા છે. પણ તેઓ દોજખમાં ગયા છે કે બેહેસ્તમા છે તે હું જાણુતો નથી. જો જમીન પોતાનો સરવાતથીજ તે સેવટ સુધીનો ભરમ ખુલ્લો કરી આપે તો તેની છાતી તાજવાલા પાદશાહોથી પુર જણાય, તેનુ પેતું સ્વારોના લોહીથી બરેલુ જણાય, તેના પોશાકની કોર દાનાવ શખ્સોથી ભરાયલી અને તેનુ ચકચકીત પેહેરન માહાતાબ જેવી ઓરતોથી ભરેલું જણાશે. તમો તમારા માથાં ઉપર તાજ મુકો કે લોઢાંની તોપી મુકો તોપણુ તમારાથી મોતના દાંતથા દુર નાહાસી શકાવાનું નથી. તેથી શરીરને નેકીથીજ આરાસ્તા કીધેલું ભલું ગણાય. કારણ કે ભલાઇને કોઇપણુ છીનવી લેઈ શકતો નથી. તમો મારા એમ ચાલી જવા માટે દુખી થતા ના, કે જેથી મારો માર્ગ મારી નજરે રોશન બને" પછી તેણે રડતાં રડતા લોહરાસ્પને પોતાની આગળ બોલાવી મંગાવી તેની સાથે ઘણો વખત સુધી વાતો કીધી. તેણે લોહરાસ્પને કહયું કે "આ પુટલીના જેવી ઓરતો મારી છે અને તેઓ મારા બાગને દિપાવનારી છે. તેઓ મારી સાથે બેસનારી અને મારી સાથે મેહેલમાં રેહેનારી હતી. માટે જ્યાં સુધી તુ જીવતો રહે ત્યાં સુધી તુ તેઓનુ પોસન કરજે. જ્યારે પરવરદેગાર તુને પોતાની પાસે બોલાવે ત્યારે તુને તારા કામો માટે તેની આગલ શરમ ઉપજે અને મને ત્યા તું સીયાવક્ષ સાથે એકઠો મલેલો જોય ત્યારે તે બે પાદશાહની શરમથી તું ગમગીન બને એવું કાંઇ કરતો ના." ખસુ..

રૂએ લોહરાસ્બને જે કાંઇ કહયું તે કબુલ કરતાં તે બોલ્યો કે "હું તેઓને મારી આંખ માફક છુપાવી રાખશ." પછી કએખસરૂએ પોતાની કંમર તગ બાંધીને ત્યાંથી ઈરાનીઓ આગળ જઇ તેઓને કહયું કે "તમો મારે માટે દિલમાં ગમ કે દુખ રાખ્યા વગર અત્રેથી તમારા મેહેલમાં જડપથી ચાલી જાઓ. આ જેહાન ઉપર તમો મુસ્તાક રેહેતા ના. કારણ કે તે છુપી રીતે કપટ ધરાવે છે. જેહાન તો હમેશની રેહેશે અને આપણને તો ચાલી જવાનું છે અને માણસોની ભલાઇ સિવાય બીજું કાંઇ રેહેવાનું નથી. તેટલા માટે તમો જાવેદાન સુધી સખાવત કરનારા અને ખુશાલ રેહેવા સિવાય બીજી રીતના બનતા ના. મારા તરફની આ ભલી શિખામણ સિવાય બીજું કાંઇ યાદ રાખતા ના. તમો સઘલા ખુશ ખુશાલી સાથે પરવરદેગારની હજુરમાં બંદગી કરતા રેહેજો અને જ્યારે તમારો જવાનો વખત થાય ત્યારે તમો ખુશાલ અને હસ્તા બનજો." આથી ઇરાની લશકરના તમામ નામદારો તે પાદશાહ આગળ પોતાના માથા જમીન ઉપર મુકીને બોલ્યા કે "હમો તું પાદશાહની શિખામણોને જીવ માફક ગણીશુ કે જેથી હમારા જીવ જાવેદાન સુધી રેહેનારા બને."

કએખસરૂ પેહેલવાનો સાથે મેદાનમાંથી પાહાડ તરફ ગયો અને ત્યાંથી તે ગુમ થઇ ગયો તે વિષે.

પછી તેણે લોહરાસ્બને ત્યાંથી પાછુ ફરવાનો હોકમ કીધો અને તેને કહયું કે "હવે મારો વખત વહી જાય છે. માટે તુ જા અને રેવાજ પ્રમાણે પાદશાહી તખત ભોગવ તું જેહાનમાં નેકીના બીજ સિવાય બીજું કાંઇ વાવતો ના. જ્યારે તુ રંજ ભોગવવાથી પરવાર્યો હોય ત્યારે તું કાઇ તાજ અને ગજ ઉપર મોજમજાહ ભોગવનો ના. તું એમજ જાણી લેજે કે તારો વખત ઉતાવળ પકડતો જાય છે અને પરવરદેગાર આગળ પુગવાનો રસ્તો નજદિક આવી લાગ્યો છે. તું તમામ ઇનશાફનેજ સોધતો રેહેજે અને ઇનશાફજ આપ્યો રેહેજે. જેહાનમાં સરદારોના શરીરને તું મોકલાં રાખજે." આથી લોહરાસ્બે તુરતજ ઘોડા ઉપરથી નીચે ઉતરીને જમીનને બોસો લેઈ રૂડન કીધુ પછી ખસરૂએ તેને કહયું કે "તું વિદાય થા અને ઇનશાફના કામમાં કપડાંના તાણાવાણા માફક વણાઇ જા." પછી ઇરાની સરદારો તથા અકકલમંદ બુજોર્ગો અને બાહાદુરો જેવાકે દસ્તાન, રૂસતમ, ગોદરેજ, ગેવ, પેહેલવાન બેજન અને બાહાદુર ગસતહમ તથા સાતમો

કાઉસનો-ફ્રીબરૂજ, અને આંઠમો નામવર તુસ એ સઘલા ત્યાંથી કએખસ્રર સાથે ગયા. તેનું લશકર પણ ટોલેટોલાં બની તે મેદાનમાંથી પાહાડની ટોંચ ઉપર ગયું. તેઓ ત્યાં એક અઠવાડયું સુધી હાએ મારતા રહયા અને સુકાયલા હોટોને જરા પાણીથી ભીજવવા લાગ્યા. તેઓ પાદશાહની આવી ચાલ માટે ગુસ્સે બની રૂડન કરવા લાગ્યા. પણ તે દુખ સામે કોઇનો પણ ઉપાય રહયો હતો નહી. દરેક મોબેદ છુપાછુપ બોલતો કે "જેહાનમાં કોઇએ પણ એવી રીતની વાત કીધી નથી." જ્યારે સુરજે પાહાડની ટોંચ ઉપરથી માથુ બાહાર કાઢયું ત્યારે ત્યા જેહાનની ચોબાજુએથી લોકો આવવા લાગ્યા. તે (આવેલા) ઇરાની ઓરતો અને મરદો લખોની સખ્યામાં હતાં અને તેઓ રૂડન કરતા પાદશાહ સાથે ચાલવા લાગ્યા જાણે તે પાહાડ પણ રૂડન અને જારી કરતો હતો અને સખત પથરો પણ જોશમાં આવી ગયા હતા. સઘલાઓ બોલ્યા કે "ઓ પાદશાહ! તુને શું થયુ છે કે તારૂં રોશન દિલ ગમ અને દુખભર્યું બન્યું છે. જો તુ રૈયત માટેનો ગમ રાખી આ તાજને કમીનુ ગણતો હોય તો તે તું હમોને કેહે અને આ જુની દુન્યામાથી ચાલી જઇ ઇરાનના તખત ઉપર નવા પાદશાહને ના બેસાડ. હમે તારા ઘોડાના પગની ધુલ બનીશું અને તારા આદર ગુશસ્પના કેમલાની પ્રસ્તેશ કરીશું. તારી તે અક્કલ, હુશીયારી અને વિચાર કયાં ગયા? કારણ કે ફ્રીદુન જેવાની નજદિક પણ સરોશ આવ્યો હતો નહી. હમે સઘલા પરવરદેગાર આગળ બંદગી કરીશું આતશકદેહમાં જઇને ન્યાએશ કરીશું કે જેથી પાક પરવરદેગાર હમારી ઉપર બક્ષેશ કરે અને તે વારૂ મોબેદના જેવું દિલ હમારે ખાતર પાછુ દિપતું કરે."

તેઓના આવાં કામથી પાદશાહ અચરત બન્યો અને ભેગી મેલેલી અંજુમનમાંથી તેણે દાનાવોને બોલાવી મંગાવીને તેઓને કહયુ કે, "અત્રે સઘલું સારૂંજ થનાર છે અને તે સારા માટે તમોએ રડવુ જોઇતુ નથી. તમો સઘલાઓ પરવરદેગારના શુકરાના કરો અને ખુશાલ બની પરવરદેગારની પીછાણ કરવાથી ઉલટા ના ચાલો. કારણ કે તમો મને જલડીથી પાછા મલશો. તેથી મારા જતા રેહેવા માટે તમો દલગીર ના થાઓ." પછી તેણે તે પાહાડ ઉપર આવેલા સરદારોને કહયું કે, "તમો સઘલા તમારા પાદશાહ વગર અત્રેથી પાછા ફરો. કારણ કે મને તો ઘણું દુર જવાનું છે અને મારો જવાનો માર્ગ પાણી વગરનો અને સખત છે કે જ્યાં ઘાસ, ઝાડ કે પાતરાં વટીક ઉગતાં નથી. માટે તમો એમ ભટકવાથી છુટા થાઓ અને તમારાં રવાનને માટે રોશનીનો માર્ગ ખુલ્લો કરો. આવી રેતાલ જગ્યામાંથી દરેકથી પસાર થવાવાનું નથી પણ જેઓ પુશકલ ખોરેહ અને સારો બાંધો ધરાવનાર હશે તેઓથીજ

બનશે." આથી દસ્તાન, રૂસતમ અને બુઢા ગોદરેજ જેવા જેહાનના અનુભવ પામેલા, દાનાવ અને યાદદાસ્ત શક્તિવાળા ત્રણ મોટી પડવીના બાધુર પેહેલવાનો એવી વાત સમજતાંજ ત્યાંથી પાછા ફર્યા. પણ તુસ, ગેવ, ફ્રીબરૂજ અને બાધુર પેહેલવાન બેજન ત્યાંથી પાછા હટઆ નહી. તેઓ તેની સાથે એક દહાદો અને રાત આગળ વધ્યા અને બીહામની રેતાલ જમીન તથા બ્યાબાનો પસાર કીધા. માર્ગમા તેઓને એક પાણીનો ઝરો દેખાયો તેથી તે જેહાનને સોધનાર કએખસરૂ તે તરફ જઈ પુગ્યો. તેઓ તે નીંમળ પાણીને માટે, ઘોડા ઉપરથી નિચે ઉતર્યા અને તેમાંથી થોડુ પીને ત્યા આશાયશ લિધી પાદશાહે તે જાગીરદાર પેહેલ્લવાનોને આ પ્રમાણે કેહયુ કે "આજ રાતે આપણે આ જગ્યાએ આશાયશ લેઇએ. આપણે બની ગયલા બનાવોની ઘણી સરખી વાતો કરી લેઇએ, કારણ કે હવે પછી મને કોઇ પણ જોનાર નથી. જેવો પ્રકાશીત સુરજનો ઝુન્ડો ઉચે ચઢશે અને કાલી જમીન સુનેરી પાણી જેવી બનશે તેવોજ મને છુટા પડવાનો વખત થશે પણ મને સરોશની સાથે (તે વખતે) દોસ્તી થશે જો મારૂં દિલ એ માર્ગેથી પાછુ ફરશે તો મારા કાલાં થઇ ગયલા દિલને હુ મારા શરીરમાંથી તોડી કાઢીશ." જયારે અધારી રાતનો કેટલોક ભાગ આગળ વધ્યો ત્યારે તે નામદાર પાદશાહ યજદાંનની હજુરમાં બદગી કરવાને વાકો વલ્યો. તેણે તે નીંમળ પાણીથી પોતાનુ શરીર ધોયુ અને પછી ધીમે અવાજે ઝંદઅવસ્તા ભણવા માડયા. પછી તેણે તે અકકલમંદ નામદારોને કહયું કે "હવે તમોને જાવેદાન સુધીની સલામ હોજો હમણા જેવો સુરજ આસમાન ઉપર ચઢશે કે ત્યાર પછી કોઇ પણ મને સ્વપણે જોવા સિવાય જોશે નહી. જો આવતી કાલે આ રેતાલ સુકાં મેદાનમા વાદલ ઉપરથી કસ્તુરી વરસે તો પણ તમો અત્રે રેહેતાના. આ પાહાડ ઉપર એક મજબુટ વંટોલ્યો થઈ આવશે કે જેથી ઝાડોના પાતરાંઓ અને ડાંખલીઓ તથા ઝાડો પણ તુટી પડશે. કાલા વાદલમાંથી બરફ વરસવું કરશે જેથી તમો ઇરાન તરફ જવાનો માર્ગ પણ મેલવી શકશો નહી." આની વાતથી તે સરદારોના મગજ ભારી બન્યાં અને તે બાધુરો દુખ સાથે ઉધાઈ ગયા.

ખસરૂ સાથે જનારા પેહેલવાનોનો નાસ થયો તે વિષે.

જેવું પાહાડ પછવાડેથી સુરજે પોતાનું માથું બાહાર કાઢયું તેવોજ તે પાદશાહ તે નામદારોની નજર આગળથી ગુમ થઇ ગયો ૧ આથી તે પાદશાહને સોધનારાઓએ ત્યાં તે રેતાલ જમીનમાં અને બ્યાબાનમાં ફરી તેની સોધ ચલાવી, પણ તેઓએ કેહેથી પણ ખસરૂની નિશાણ મેલવી નહી. આથી તેઓએ ગાભરા બની ત્યાંથી પાછા ફરવા માંડયું અને તેઓ તંગ દિલના અને દુખી બનીને પાદશાહને મેલવ્યા વગર માર્ગ કાપવા લાગ્યા તેઓ ગમગીન અને દુખી દિલે રૂદન કરતા તે ઝરા આગળ પાછા આવ્યા. તેઓ દરેક તે જેહાનના પાદશાહ માટે દુવા ગુજારતા તે પાણીના ઝરા આગળ નિચે ઉતર્યા. પણ ફરીબરૂજના પાક જીવ સાથે અક્કલ જોડાયલી હોવાથી જે કાંઇ ખસરૂએ (તોફાન થવા માટે) કહયુ હતું તે તેણે તેઓને કહી સમજાવ્યું. પણ તે પેહેલવાનો તેને સામો જવાબ આપવા લાગ્યા અને તેઓએ તેના કેહેવા ઉપર દિલ લગાડયું નહી. તેઓ બોલ્યા કે, જમીન ગરમ અને નરમ છે તથા હવા પણ રોશન છે, તેથી આવી ટાકેલી હાલતે અત્રેથી જવું

---

૧ આવી ભેદભરેલી રીતે કએખસરૂના ગુમ થવા બાબે અવસ્તામાથી જાજુ લખાન મલતું નથી ફકટ આફ્રીને સ્પીતમાન જરથોસ્તમા તેને મોત વગરનો કહેલો છે ત્યા કહયુ છે કે "કેખસરૂના જેવા બીમારી અને મોત વગરના થજો." દાદેસ્તાન (બાબ ૩૯ ફ. ૩) મા કયામતને વખતે મદદ કરનારા જે અમર્ગ પુરૂશો જણાવ્યા છે તે કેરશાસ્પ, કએખસરૂ, તુસ અને વેવન (ગેવ) ને જણાવ્યા છે તુસ અને ગેવને ફીરદુસીએ બરફના તોફાનમાં માર્યા ગયલા જણાવ્યા છે, પણ દાદેસ્તાન મુજબ તો તેઓ પણ અમર્ગ રહેલા છે કએખસરૂની કારકીરદી માટેનુ બ્યાન કરતા દીનકર્દની સાતમી કેતાબ (S B E. Vol XLVII)માં જણાવ્યું છે કે "It [the glory] came to Kai-khusroi, son of Siyavakhsh, and through it he smote and vanquished Frangrasiyak of Tur, the wizard, and his fellow-miscreation Kersevazd of those of Vakgir, and many other very evil devastators of the werld, he also joined in the destruction of that idol-temple which was on the shore of Lake Kakast, and demolished that fiendishness which was awful. On account of the desirableness of means for the renovation of the universe, he is also on a throne, which is assuredly selected by that destiny, at a secret place where there is an immortal preserver for his body until the renovation, through the will of the creator.

વાજબી ગણાય નહી. જ્યારે આપણે આસુદા બનીશું અને કાંઇ ખાઇને ઝરા આગળ સુઇશું ત્યાર પછી આગળ વધીશું." આથી તે સઘલાઓ ઝરા આગળ નિચે ઉતરીને ખસરૂ માટેની વાતો કરવા લાગ્યા કે," કોઇએ પણ આવી અજાયબી જોઈ હશે નહી અને તેથી તે વાત જમાનાઓ સુધી યાદગાર રેહેશે. એ રીતે પાદશાહનું જતું રેહેવું આપણે જોયું નથી અને વળી નામદારોથી સમજ્યુ પણ નથી તેના ચઢતા નસીબ, તેની અક્કલ, તેની બુજોર્ગી, તેનો દેખાવ અને તેના કદાવર આંગ માટે અફ્શોસ છુટે છે. તે ઉંચ તોખમનો શાહાનશાહ કે જે પાદશાહો વચે મરદાનગીમાં માથુ ઉંચું ચઢાવનારો હતો તેને માટે અફ્શોસ છુટે છે. કોઇ પણ જીવતો પરવરદેગારની હજુરમાં જાય તે વાત સમજી અક્કલમદો હસી કરશે. તેનું શું થયું છે તે જેહાનમાનું કોણ જાણી શકશે? જે બાબદ કાને સમજેલી નહી તેને માટે આપણે શુ કહીશુ? ગેવે તે નામદારોને એ પ્રમાણે કહયું કે "બાધુરો પોતાના કાનોથી એવી વાત કદી પણ સમજશે નહી. તે મરદાનગી વાલો, બક્ષેશ કરનારો, ઇનશાફ્વાલો, હુનરમદ, ઉચા કદનો, સારા દેખાવનો તથા નામદારી અને તોખમ ધરાવનારો પાદશાહ લડાઇમાં પોતાના લશકર વચે એક હાથી જેવો અને ખુશાલીની મીજલશ:માં તાજ સાથના એક ચંદ્ર જેવો હતો."

તેઓ પાસે જે કાંઇ ખાવાનુ હતું તે તેઓએ ખાઈ લિધા પછી તેઓ તુરતજ સુઇ ગયા તેટલમાં પવન નિકળી આવી વાદલ ચઢી આવ્યું અને વાદલથી હવા વાઘના ચાંમડાં જેવી (કાબર ચીત્રી) બની. પછી તે જમીન ઉપર બરફ વરસવા માંડતાંજ તે નામદારોના નેજા દેખાતા બંધ થઇ ગયા અને સઘલાઓ બરફમાં દટાઈ ગયા. હુ જાણતો નથી કે તેઓ તે જગ્યામાં ક્યાં સુધી જીવ્યા. થોડો વખત તેઓ બરફની નિચે તરફડયાં મારવા લાગ્યા અને દરેક ઠેકાણેથી ઉંડા ખાડા ખોડવા લાગ્યા પછી તેઓમાના કોઇનામાં પણ જોર નહી રેહેવાથી આખરે તેઓના મીઠા જીવ નિકળી ગયા પેલી તરફ રૂસતમ પણ જાલ અને થોડાક સ્વારો સાથે તે પાહાડ ઉપર થોભ્યો. તેઓ ત્રણ દિવસ સુધી તે પાહાડ ઉપર રૂડન કરતા રહયા. ચોડે દિવસે જ્યારે સુરજે જેહાનને દિપાવવા માંડી ત્યારે તેઓ બોલ્યા કે "જે કામ બનવાનું હતુ તે ધીમે ધીમે બની ચુકયું હશે. હવે ત્યારે આપણે આ સખત પાહાડ ઉપર એમ ક્યાં સુધી થોભ્યે. જો પાદશાહ જેહાનમાંથી નાબુદ થઈ ગયો હોય અને આપણી વચે હવા માફક ઉડી ગયો હોય તો હવે બીજા નામદારો કે જેઓએ ખસરૂની શિખામણ માની નહી તેઓ ક્યાં જતા

રહયા છે ?"તેઓ તે પાહાડને મઠાલે એક બીજુ અઠવાડયું સુધી ચોભ્યા અને અઠવાડયાની આખરે તે સઘલાઓ ગભરાતમાં પડયા. તેઓએ તે સઘલાં માટે જારી અને રૂડન કીધાં અને તપતા આતશ ઉપર ભુંજાય તેમ (ગમથી) બળવા લાગ્યા. કેશવાદનો બેટો ગોદરેજ પોતાના બાલ પીખવા લાગ્યો અને આંસુ પડતાં પોતાના ચેહેરાને સોહરી કાઢવા લાગ્યો. તે બોલ્યો કે "મારા ઉપર કાઉસના ખાનદાનથી જેવી બુરાઇ ઉતરી છે તેવી કોઇએ જોઈ પણ હશે નહી. હું મારા નબીરાઓ અને બેટાઓની ફોજ ધરાવતો હતો કે જેઓમાંના દરેક મુલકો ધરાવનારા અને માથા ઉપર તાજ પેહેરનારા હતા. સીયાવક્ષનો કીનો લેતાં તે સઘલાઓ માર્યા ગયા અને મારા સઘલાં કુટુંબનો બરગસ્તે વખત આવ્યો. વળી હવે મારી નજર આગળથી બીજાઓ પણ ગુમ થયા છે. મારી ઉપર ગુજરેલી એ અજબ વાત કોણ જાણવાનું છે ?" દસ્તાને તેને ધીરજના સખુનો કહયા કે, "તું તારી અકકલને પરવરદેગારના ફનશાફ ઉપર જોડેલી રાખ. કદાચને તેઓ પાદશાહને બરફ વચેથી સોધી કાઢતાંજ રસ્તો મેલવીને અત્રે પાછા ફરશે. હવે આપણુને આ પાહાડને મઠાલે ચોભવું જોઇતુ નથી; કારણ કે અત્રે કાંઇ ખોરાકી નહી હોવાથી આપણુને અત્રેથી જવુંજ જોઇએ. આપણે થોડાકોને તે રસ્તે ચાલતા મોકલ્યે કે જેથી તેઓ એક દિવસમાં તે સેપાહોનો પત્તો મેલવી લાવશે." આથી તેઓ દુખ સાથે રૂડન કરતા તે પાહાડ ઉપરથી પાછા ફર્યા. તેઓમાંના દરેક પોતાના ખેશીઓમાંથી, યા ફરજંદોમાંથી, યા દોસ્તોમાંથી યાતો પેલા બાગ માહેલા સરોવર જેવા પાદશાહમાંથી કોઇને પણ યાદ કરવા લાગ્યા. જેહાનની રાહ રીતીઓ આવીજ છે અને તેમાંથી એક સરખી રીતે સારૂંજ પસંદ કરવાનું મલતું નથી. તે એકને કાલી ધુલ ઉપરથી ઉચકી ઉંચે ચઢાવે છે તો બીજાને તે પાદશાહી તખત ઉપરથી નિચે નાખે છે. વળી તે પેહેલા માટે ખુશી થતી નથી તેમ બીજા માટે દલગીર પણું થતી નથી. ઉંચા આસમાનની આવી રીતીઓ છે. પેલા પેહેલવાનો અને જેહાનનો કયાની પાદશાહ કયાં છે તે માટેનો વિચાર તુ તારાં દિલમાંથી જેમ બને તેમ દુર કર.

કએખસરૂના ગુમ થવાની ખબર લોહરાસ્પને થઇ તે વિષે.

તે પાદશાહ તથા તેની સાથે જે લશકર માર્ગમાં ગયું હતુ તેના આવા ફેજથી જેવો લોહરાસ્પ વાકેફ થયો તેવોજ તે સુનેરી તાજ પહેરી તખત ઉપર બેઠો અને પેહેલવાનો સુનેરી કંમરબધ બાંધીને ત્યાં આવી લાગ્યા. જે કોઈ મોટા દરજ્જાના શખ્સો હતા તથા જેઓ નામદારો વચે મોટી પડવી ધરાવનારા હતા તેઓ ત્યા આવી બેઠા પછી લોહરાસ્પે ઉભો થઇને તેઓ તરફ નજર કરીને ખુખી સાથે સચાઇભરી વાત બોલવા માંડી તેણે મોટે અવાજે કહયું કે "ઓ (મારા) લશકરના સરદારો! તમોએ પાદશાહ કએખશરૂની તમામ શીખામણો અને વાતો સમજી હશે મારા રાજઅમલ ઉપર જે કોઇ ખુસી નહી હશે તેઓ માટે હુ ધારશ કે તેઓએ ખસરૂની શીખામન યાદ રાખી નથી જે કાંઈ મને કએખસરૂએ ફરમાવ્યુ છે અને કહયુ છે તે મુજબ હુ કરીશ. તેનો હોકમ બજા લાવવાને હું ઘણી કોશેષ કરીશ તેમ તમો પણુ તેની શીખામણુ બજા લાવવાને હાથ ખાંચતા ના અને કાંઇ પણુ વાત મારીથી છુપાવતા ના. જે કોઇ પાદશાહની શીખામણુ મુજબ નહી ચાલશે તે શખ્સ પરવરદેગારનો પણુ મોટો ગુનેહગાર ગણાશે. માટે તમોને (મારે માટે) જેકોઈ સારા માઠા વીચારો જણાવવા હોય તે સઘલા તમો મારી આગળ ખુલ્લા કરો." ત્યારે સામના બેટા (જાલ)એ તેને જવાબ દીધો કે "તારાં નામને પાદશાહ તરીકે ખશરૂએ ઉચે ચઢાવ્યું છે તે મુજબ હું તેની નશીયતો અને શીખામણો કબુલ રાખુ છું. મારા પગો તેની શીખામણુની હદની બહાર જવા માંગતા નથી. માટે તુંજ પાદશાહ છે અને હમો તાંરા નોકરો છીએ. તેથી તારા વીચારોથી અને હોકમથી હમો પાછા હટીશું નહી. તારો ચાહ મેલવવાથી હું તેમજ મારો જાબુળી રૂસતમ તથા બીજા જે કોઈ છે તેઓ પોતાના હાથ કદી પણુ ધોશે નહી. એ માર્ગથી જેકોઇ ઉલટા ચાલશે તેઓના હાથ ભલું કરવાથી ટુકા બનશે."

જયારે લોહરાસ્પે દસ્તાનની એવી વાત સમજી ત્યારે તેણે તેની તારીફ કીધી અને તેની સાથે બગલગીરી કરીને તેને એ પ્રમાણે કહયું કે " તમારામાંથી ઇનિશાફ અને સચાઇનુ ઘટવુ અને ઓછું થવું થતુ ના. કારણુકે પરવરદેગારે તમોને અત્રેથી દુખ અને બુરાઇઓ નાબુદ કરવા માટેજ પેદા કીધા છે. તમોને તે ભાગ્યવતા અને ભલા સેતારાના પાદશાહ ખસરૂએ નીમરોજની પાદશાહી સોંપી છે, માટે હવે જે કાંઈ પાદશાહી તમારે હાથ છે તે જ્યાં સુધી તમારા હાથમાં રહે ત્યાં સુધી કાયમ રાખજો. મને કાંઇ મારી દોલતનો હીસ્સો તમારે માટે પાડવો

પડયો નથી તેથી આ શરીર, કબીલો કે પાદશાહી એ તમારૂંજ છે." પછી તેણે ગોદરેજને કહયું કે "ઓ જેહાનના પહેલવાન ! તું જે કાંઇ ભરમ ધરાવતો હોય તે તારા દીલમાંથી બહાર કાઢીને મને કેહે.", ગોદરજે તેને જવાબ દીધો કે "હું તો હવે ગેવ, બેહરામ કે બેજન વગરનો એખલો અતુલો બની ગયોછું." એટલું બોલી તેણે પોતાના માંથાથી તે પગ સુધીના કપડાંને તથા ચીનાઇ અને રૂમી દગલાને ફારી કાઢયો. પછી તે બુઢા ગોદરેજે મોટા દરજજાના શખ્સોને કહયું કે "જે કોઈ ધુલમાં દટાય તેજ શખ્સ મુબારક ગણાય. મને મારાં તમામ ફરજદો માટે અફસોસ છુટે છે. મારા સઘલા તે ખુબસુરત ગોલામો માટે અફસોશ છુટે છે. પેલા તાંબા જેવી કાયા ધરાવનારા ગેવ માટે તથા જેહાનના સોધનારા અને તલવારના મારનારા મારા બેજન માટે મને અફસોસ છુટે છે." જ્યારે તે પોતાના કુટુંબ માટેના દુખથી ઉશકેરાઈ ગયો ત્યારે તે રૂડન કરતાં અને બુમો પાડતાં એ પ્રમાણે બોલવા લાગ્યો કે "હું પણ હવે જે પ્રમાણે મને દસ્તાન કેહેશે તે પ્રમાણે ચાલશ અને તેનાથી કાંઇ પણ વાત છુપાવશ નહી. પાદશાહ કએખસરૂને પેહેલાં જેમ કહયું હતું તેવોજ હું હાલે પણ છું. તે ઉપરથી તો તે મને સખત જામીનગીરી તરીકે ગણતો હતો. તું હમારો પાદશાહ છે અને હમો તારા નોકરો તથા જેહાનમાં તારો હોકમ બજા લાવનારા છીએ." પછી તમામ સરદારોએ પણ લોહરાસ્બની તારીફ ગાઈ અને તેનો હોકમ બજાલાવવા માટે પોતાના માથાં જમીન ઉપર મુકયાં. તેઓની આવી વાતથી લોહરાસ્બનું દિલ તાજું બન્યું અને તે ખીલી રહીને બીજી રીતની ગણત્રી કરવા લાગ્યો. જ્યારે તે પોતાનું કામ પોતાની ગણત્રીથી સમજવા લાગ્યો ત્યારે તેણે એક નવું સુંનાનુ તાજ બનાવ્યું અને પછી તે શેહેનશાહી તાજ પોતાના માથાં ઉપર મુકવાને એક ઘણોજ મુબારક દહાડો ચુટી કાઢયો. તેણે મુબારક તોખમના ફરીદુનની માફક મેહેરંગાનના મોટાં જશનને દાહાડે માથાં ઉપર તાજ પેહેર્યું. મેહેર મહીનાના મુકરર મેહેર રોજે કે જ્યારે સુરજ આસમાન ઉપર તુલા વિશુવમાં દાખલ થાય છે તે દાહાડે તેણે કએખસરૂના મેહેલને સંગાર્યો અને તાજગી સાથે પરાનને દિપતું કીધું. જેહાનમાં ચઢતી પડતી એજ પ્રમાણેની છે. એક ખુશાલ રેહે છે તો બીજો ધાસ્તીમાં રહે છે. ખુશાલી અને દુખ જેહાનમાંથીજ મલે છે, તેથી કેમ, કાંય અને કેવી રીતે એવી એવી પુછપરછોને તોડી કાઢવી ઘટે છે હવે આ ખસરૂના કામોના હેવાલથી આપણે પરવારીયા છીએ તો લોહરાસ્બના કામો તરફ હવે ફરીશું. હવે આપણે પાદશાહ લોહરાસ્બ માટે તાજ અને તખતની તૈયારી કરી તેને તખતે બેસાડીશુ. તે બુલંદી ભર્યા પાદશાહની ફતેહ કે જેને માટેની

ઉમેદ અને નુકશાનની ધાસ્તી રહેતી હોવાથી તેનાથી તેના દોસ્તોના દિલને ભલાઈ અને જુઠાઓને નુંકસાન પુગશે. હવે તું આ બુઢા શખ્સ ઉપર મેહેરબાની ભરી અકલથી તેની તારીફ ગાવાને તારી જબાંન ખોલજે. જેહાનની રાહરીતી અને રેવાજ એવોજ છે. તે આ ગમથી પેલી ગમ અને પેલી ગમથી આ ગમ ફરતી રહે છે. જો કોઈ કડવા સખુનોથી દુખી થયલો હોય છે તેનુ દુખ તેના જુના દારૂ (શાહનામા)થી જતું રહે છે. જો કોઇ શખ્સ ઉપર સેવટે બુઢાપો ગાલેબ આવે છે તો તે જુનો દારૂ તેને જવાન બનાવી દે છે. એ દારૂમાં ગોહરો માલમ પડતાં હોવાથી એક ડાહાપણવાલો શખ્સ પણ ગોહર જેવો બની જાય છે નહી તો કે તે પલીદ બને છે. જેની પીઠ વાંકી થઇ હોય અને જેનું કદાવર અંગ કજરાઇ ગયું હોય અને તે જો એ દારૂથી અરધોજ છાકટ બને તો તેનું માથુ સનીશ્ચર સુધી પુગે છે. જો બુરા દિલનો માણસ તે પીએ છે તો તે બાધુર બને છે. જો એક કોહલું તે પીએ છે તો તે ફાડી ખાનારો સિહ બની જાય છે તેથી જ્યારે તે ગોહર તું મેલવવા પાંમશે ત્યારે તુ પોતે (ભેદના) બધ બારણાની કુચી બની જશે

લોહરાસ્બની પાદશાહી ૧૨૦ વર્ષની હતી. લોહરાસ્બ તખતે બેઠો અને તેણે શેહેરો બનાવ્યાં તે વિષે.

મોટા દરજ્જાના લોહરાસ્બે[1] પોતાની જાલમાં અકલમંદ દાનાવોને પકડયા બાદ પોતે આરામ પકડયો. હવે આપણે લોહરાસ્બ શાહ માટે તાજ અને તખત લાવી તેને તખત ઉપર બેસાડીશું. જ્યારે લોહરાસ્બ હાથીદાંતના તખત ઉપર બેઠો અને તેણે પેલુ દિલને દિપાવનારૂં તાજ માથાં ઉપર પેહેર્યું ત્યારે તેણે જેહાનના પેદા કરનાર સાહેબની બંદગી કરવા માંડી અને તેની તારીફ કરવામાં વધારો કરતો ગયો. તેણે (હાજર રહેલાઓને) આ પ્રમાણે કહયુ કે "તમો ઇનશાફી સાહેબ પરવરદેગારથી ઉમેદભર્યા રેહેજો, તથા તેની ધાસ્તી ફીકર કરતા રેહેજો. તેજ ફરતા આસમાનને સંનગારનાર અને ઇનશાનોના દમામનો વધારો કરનાર છે. તેણેજ દરીઆ, પાહાડ અને જમીનને પેદા કરીને તેઓ ઉપર ઉચા આસમાનને ઉચકાયલું રાખ્યુ છે. એક (યાને આસમાન) જડપથી ફરનારૂં છે જ્યારે બીજી (યાને જમીન) ઠબ છે. તે બનાવનાર

---

૧ લોહરાસ્બ કએખસરૂનો પીત્રાઈ ભાઈ થતો હતો. કએકાઉસનો ભાઇ કએપશીન લોહરાસ્બના બાપ ઐાનવનો બપાવો થતો હતો. અવસ્તામા લોહરાસ્બને "ઐાર્વતસ્પ" અને પેહેલવીમા કે લોહરાસ્પ કહયો છે..

સાહેબે આસમાનને હીલચાલ કરવા માટે પગ આપ્યા નથી. આસમાન ચોગાન રમવાની લાકડી જેવું છે અને તેની વચે આપણે દડા જેવા છીએ; અને તેને હાથેજ આપણે ફાયદો અને નુકસાન મેળવી દુખ ભોગવ્યે છીએ. તમો તો નચિંત જીવે રહો છો, જ્યારે મોત તો પોતાના તિક્ષણ પંજા સાથે ગુસ્સે બનીને એક ફાડી ખાનારા સિંહ માફક ટક જોતું બેસે છે. આપણે લોભથી જેમ વધારો કરવાની ઉમેદ તરફ ધળતા જઇએ છીએ તેમ આપણે આપણી નાદાનીથી તેમાં ફસ્તા જઇએ છીએ. તેથી હમો આ પાદશાહી તાજ સાથે ઉંચા તખત ઉપ-રથી ઈનશાફ, સુલેહ અને અક્કલ સિવાય બીજું કાંઇ સોધીશું નહી; કે જેથી આ ત્રણ પાંચ દિવસની દુન્યામાંથી હમારે હીસ્સે કીનો શ્રાપ અને દુખ આવે નહી. હું કએખસરૂની શિખામણો કરતાં પણ વધારેજ કરી બતાવીશ અને મારાં દિલમાંથી કીનો તથા લોભને બાહાર કાઢી નાખીશ. માટે તમો તૈયાર થાઓ અને ઈનશાફથી ખુશાલ બનો. તમો શરીરની શાંતી ભોગવજો અને કીનાને યાદ કરતા ના. તમો જેહાનને બનાવનાર પરવરદંગારનેજ મોટો ગણજો અને તેનેજ જમીનનો પાદશાહ સમજજો." ૧ મોટી પડવીનો લોહરાસ્બ જેમ કરાર પડતો ગયો તેમ તે અક્કલની દોલત અને પોતાની ખુશ ખાહેશો મેલવતો ગયો. પછી તેણે કેટલાક શખ્સોને રૂમ, હીન્દુસ્તાન, ચીન અને બીજા આબાદ મુલકો તરફ મોકલી આપ્યા હવે જે જે મુલકોમાં જે કોઈ દાનાવો રહેતા હતા અને જેઓ દરેક ભલાં કામો બજાવવાને શક્તિવાન હતા તેઓને ત્યાંથી બોલાવી મંગાવ્યા. તેથી તે સઘલાઓ પાદશાહની દરબારમાં આવી પોહોંચ્યા. તેઓ કેટલોક વખત સુધી બલખમાં કામ કીધા વગર રહયા અને ત્યાંનું તમામ કડવું અને તીખું અક્કલથી ચાખવા લાગ્યા (યાને ત્યાંની ખુબી ખામીઓ સોઢી કાઢવા લાગ્યા.) પછી પાદશાહે હવેલીઓ, મોહલાઓ અને બજારોથી ભરપુર એક શેહેર બંધાવ્યુ. ૨ તેણે ઠેકાણે ઠેકાણે આતશ કદેહો બંધાવી તે દરેક ઘરમાં જશને સદેહ પાળવાની જગ્યા પણ બનાવી. તેણે એક બુજોર્ગી અને દમામવાલુ આતશ બુરજીન નામનું આતશ કદેહ સ્થાપ્યું.

---

૧ દરેક પાદશાહથી થયલા ફાયદા મીનોખેરદમા બતાવ્યા છે, તેમા લોહ-રાસ્બથી થયલા ફાયદાઓ નિચે મુજબ જણાવ્યા છે કે, તેણે સારી રીતે પાદશાહી કીધી હતી અને તે યજદાન તરફ શુકર ગુજાર હતો તેણે યાહુદીઓનું 'જેરૂ-સેલમ' ઉખેડી નાખ્યુ હતુ તથા યાહુદીઓને ખરાબ તથા પરાગંદે કીધા હતા. તેના તનમાથી દીનનો કબુલનાર કએગુસ્તાસ્બ પેદા થયો હતો.

૨ "સતરોહાએ અઈરાન" નામની પેહેલવી કેટાબમા જણાવે છે કે લોહ-રાસ્બે કાઈન નામનું એક શેહેર વસાવ્યું હતું.

ગુશ્તાસ્બ પોતાના બાપ આગળથી ગુસ્સે થઇને ચાલી ગયો અને તેને જરીર પાછો બોલાવી લાવ્યો તે વિષે.

લોહરાસ્બના પાદશાહી તથા તાજ અને તખતને લાયકના બે ચંદ્ર જેવા બેટાઓ હતા. જેમાના એકનું નામ ગુસ્તાસ્બ અને બીજાનું નામ જરીર હતું,[૧] જેઓ નરસિંહના માથાને પણ નિચે ફેંકનારા હતા દરેક જાતની અક્કલ ધરાવવામાં તેઓ બાપથી પણ ચઢતા હતા અને લશકર વચે તેઓ મરદાનગીથી માથું ઉચું કરનારા હતા વળી લોહરાસ્બના બીજા પણ બે શાહજાદાઓ હતા જે બધે લોહરાસ્બની નજરમાં વધારે પ્યારા હતા. તે બધે પણ નામદારી ભર્યા અને બખતાવર શાહજાદાઓ હતા અને તેઓ વળી જેહાનના પાદશાહ કએકાઉસના નબીરા થતા હતા તે બધે કાઉસની બેટીથી જનમ્યા હતા અને વળી તેઓ મીનોચેહેર અને તુસની તોખમના હતા તે બંધે નામદારી ધરાવનારા બાધુર પેહેલવાનો હોવાથી લડાઇ કરવાથી જરાએ કટાલતા હતા નહી. તેઓથી પાદશાહ લોહરાસ્બનો જીવ ખુશાલ રહેતો હોવાથી તેઓને લિધે તે ગુશ્તાસ્બની જાજી દરકાર પણ કરતો હતો નહી. ગુશ્તાસ્બ એ બાબદથી નારાજ રેહેતો હતો કારણ કે તેને લોહરાસ્બનું મગજ મગરૂર જણાતું હતું. એ મુજબ વખત વેહેતાં ગુશતાસ્બ તે પાદશાહને લિધે દુખી રેહેતો હતો એવું બન્યુ કે એક દિવસે લોહરાસ્બે પારસમાં ગોલાબ ખેરવનારા ઝાડ નિચે પોતાનું તખત મુકાવ્યું અને ત્યાં તેણે પોતાની સાથે મોટા દરજાના લોકોને અને લશકરના કેટલાક સરદારોને પણ આવવા ફરમાવ્યું. આથી તે ખુશાલીની મીજલશમાં તે પેહેલવાનોને પણ હાજર કરવામાં આવ્યાથી તેઓ ખુશાલી ભર્યા જીવે ત્યાં આવી લાગ્યા.[૨] તેણે ખાણા ઉપર દારૂની જામો મગાવી અને એ રીતે તે પાદશાહ પોતાના દિલને ખુશ રાખવા લાગ્યો. જેઓ પોતાના હુનરથી આશકારા બન્યા હતા તેઓ ત્યાં

---

૧ બુનદેહેશ (બાબ ૩૧ ફ ૨૮-૨૯) મા લોહરાસ્બના ચાર બેટા જણાવ્યા છે તેમાના પેહેલા બેના નામ વીશ્તાસ્પ અને જરીર કરીને આપ્યા છે પાછલા બેના નામ એમાં જણાવ્યાં નથી અવસ્તામાં ગુશ્તાસ્પને "કવ વીશ્તાસ્પ" અને જરીરને "જઇરિ વઇરિ" કહયો છે

૨ એ બેત લખેલી નકલમા વધારે છે.

દારૂથી નામદારી મેલવવાની કોશેશ કરવા લાગ્યા. ૧ જ્યારે ગુશ્તાસ્પનું મગજ દારૂથી ગુમતુ બન્યુ અને તેની હુશીયારી, અક્કલ તથા યુકિત મંદ થવા લાગી ૧ ત્યારે ગુસ્તાસ્પે ખાતાં ખાતાં ઉઠી ઉભો થઇને એ પ્રમાણે કહયું કે, "ઓ ઇનશાફી અને સાચા પાદશાહ ? તારાં રાજ્યનો ભોગવતો તુંને મુબારક રેહેજો અને તારૂ નામ જાવેદાન સુધી યાદગાર રેહેજો. તુને પરવરદેગારે કોલાહ અને કમરબંધ તથા વળી ઇનશાફી કએખસરૂનું તાજ બક્ષેલુ હોવાથી હાલે હું તારી દરબારમાં તારા એક ગોલામ જેવો છું અને તારા તાજ અને નસીબની નોકરી બજાઉ છું સામેસ્વારના જાલનો બેટો રૂસતમ કે જેની સાથે કોઇથી લડાઇ થઈ શકિત નથી તેના સિવાય જે કોઇ મારી સામે લડાઇ વખતે આવે તેઓ ગમે એવા મરદાનેમરદ હોય તો પણ હુ તેઓની મરદાનગીની દરકાર કરતો નથી. જ્યારે ખસરૂ જેહાનથી કટાલ્યો ત્યારે તે તુને તાજ બક્ષીને ચાલી ગયો. તેથી જો હુ નામદારોની તોખમ ધરાવતો હોઉ તો હવે તું કેઆનીઓના તાજ અને તખત ઉપરનો હક મારો ચેડવ કે જેથી હું તારી આગળ એક ગોલામ માફક રહીશ અને તેમ બની તુનેજ પાદશાહ તરીકે ગણુતો રહીશ."

આથી લોહરાસ્પે ગુસ્તાસ્પને જવાબ દિધો કે "ઓ બેટા ! તું આ વાત સમજ નામદારો આવી તુંદી ધરાવે તે સારૂં લાગે નહી. હું તુને કએખસરૂની શિખામણો કહી સમજાઉ છું તે સમજ, કે જેથી તું પણ તારૂં મગજ ઇનશાફના માર્ગ ઉપરથી ફેરવે નહી. તે ઇનશાફી પાદશાહે મને કહયું હતું કે 'અગરજો વસતના જેવા બાગમાં થુવડ ઉગે અને જો તે ફક્ટ પાણી મેલવ્યાથી મજબુત બને તો તેનાથી તમામ બાગને એબ લાગે છે.' માટે તું જવાન થઇ આવી મોટાઇ ના સોધ, પણ બોલેબોલનુ તોલ કરીને અંદાજા સાથે બોલ." જ્યારે ગુસ્તાસ્પે એમ સમજ્યું ત્યારે તે ઉતરેલા ચેહેરા સાથે અને દુખી દિલે પોતાના બાપ આગળથી એમ બડબડતો ચાલી ગયો કે, "તુ તારા બેટાને પડતો નાખીને પારકા શખ્સોને એમ બક્ષેશ કરજે." ત્રણુસો સ્વારો જે સઘલા પેહેલવાન જેવા અને લડાયક હતા તેઓનું તે એક લશકર ધરાવતો હતો તેથી તેણે નિચે ઉતરતાંજ પોતાના તે નોકરોને બોલાવી તેઓને પોતાનો ભરમ કહયો કે "તમો આજ રાતે ઉપડી જવાનો સઘલો સામાન તૈયાર રાખજો અને આ દરબાર ઉપરથી તમારી નજર અને વિચારોને ખીસાડી નાખજો." તેઓમાંના એકે તેને પુછયું

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

કે "તું કહી તરફ માર્ગ લેવા ધારે છે? અત્રેથી તું ઉદાગીરી કરી કયાં આરામ લેવા માંગે છે?" ત્યારે તેણે એવો જવાબ દિધો કે "હું હીન્દુઓ વચ્ચે એક રોશન રવાનના પાદશાહની દોસ્તી ધરાઉ છું. મારા ઉપર તે હીન્દુ રાજાએ રેશમી કપડાં ઉપર કસ્તુરીથી લખેલું એક પત્ર મોકલ્યું છે, તેમાં તે લખે છે કે "જો તું અત્રે આવે તો હુ તારો નોકર બનીશ અને તારો હોકમ અને વચન બજાવ્યાથી હુ પાછો ફ્રીશ નહી." પછી જ્યારે રાત અંધારી થતી ગઇ ત્યારે તે પોતાના લશકર સાથે ઘોડેસ્વાર થઇ અને હાથમાં ગુરજ પકડીને ત્યાંથી જોશભેર જતો રહયો. સહવાર થતાં લોહરાસ્બને એ ખબર પડયાથી તે ગમગીન બન્યો અને તેની ખુશાલી ગુમ થઈ ગઈ. તેણે લશકરના અનુભવી શખ્સોને બોલાવી મંગાવી તેઓને આ પ્રમાણે કહયું કે "ગુસ્તાસ્બે શું કીધું છે તે તમે જુઓ. તેણે મારાં દિલને દુખભર્યું અને મારાં માથાને ધુલભર્યું બનાવ્યું છે. તે નામદારીભર્યો નિવડે એમ મેં તેને ઉછેર્યો અને તે જેહાનમાં તેવોજ હરીફ વગરનો નિવડયો છે. પણ હુ એમ બોલુ કે, 'તે હવે ફ્ળદાર બન્યો છે.' તેટલામાં તો તે ફ્ળદાર ઝાડ મારા બાગમાંથી ગુમ થયું છે." એમ કહી તે લાંબો વખત સુધી વિચાર કરતો બેઠો. પછી તેણે જરીરને[૧] પોતાની આગળ બોલાવીને કહયું કે "તું લશકરમાંથી લડાયક પેહેલવાનો જેવા એક હજાર સ્વારોને ચુંટી કાઢીને હીન્દુસ્તાન જડપથી નિકળી જા. કારણ કે કદાચને તે જાદુગરોના મુલકમાં ગયો હશે. નોજરનો બેટો ગસતહમ રૂમ તરફ જશે અને ગરાજેહ જડપથી ચીન તરફ જશે"

પેલી તરફ જેહાનને સોધનાર ગુસ્તાસ્બ ગુસ્સે બનીને આંખમાં આંસુ સાથે આગળ વધવા લાગ્યો તે કાબુલ જઇ પુગ્યો ત્યાં સુધી તેણે મુશાફ્રી ચાલુ રાખી. ત્યાં ઝાડપાનો, ગોલાબો, લીલોતરી અને પાણીના ઝરાઓ જોવાથી તેઓએ તે ખુશનુમાં જગ્યામાં ઉતારો લિધો અને એક દાહડો થોભીને થાક લિધો. ત્યાંના તમામ પાહાડો શેકારોથી ભરેલા હતા અને નદીઓના પાણી દારૂ અને શરબત જેવાં હતાં. તેથી તેઓ અંધારી રાતે દારૂ પીને ઉઠયા પછી ત્યાં નદી કીનારે મસાલો સલગાવામાં આવી. જ્યારે જેહાનને દિપાવનારા સુરજે જેહાનને દિપાવવા માંડી ત્યારે તેઓ શકરા અને શેકારી કુતરાઓ સાથે તે જંગલમાં ગયા. પેલી તરફ જરીરે પણ તેઓની પુઠે કેડે પણ આસાયશ

---

૧ પેહેલવાન તુસના ગુજરવા પછી ઈરાની લશકરનું વડપણ લોહરાસ્બનો બેટો જરીર ભોગવવા લાગ્યો હતો એમ "શત્રોઈહાએ અઈરાન"માં જણાવ્યું છે. આવા વશ્ત મુજબ એ જરીરને "અસ્પાયબોધ" યાને ઘોડા ઉપર બેસી લડાઈ કરનારો એવો એલકાબ લગાડયો છે.

લિધા વગર જડપમાં મુશાફરી કીધી તે પેહેલવાનોને જરીરના ઘોડાઓનો અવાજ સમજાયાથી તેઓ પણ શેકારની જગ્યાએથી ત્યાં આવ્યા. જ્યારે ગુસ્તાસ્પે તે તરફ પોતાના કાન (સમજવાને) ધર્યા ત્યારે તેણે પોતાના નામદારી ભર્યા સરદારોને કહયું કે "આ જરીરના ઘોડા સિવાય બીજા કોઇનો અવાજ લાગતો નથી. કારણ કે તેનોજ અવાજ સિંહના જેવો છે. જો તે આવ્યો હોય તો કાંઇ એકલો આવે નહી પણ લડાયક લશકર સાથે આવ્યો હશે" હજીનો તેવી વાત થાય છે તેટલામા તો કાલુ ધુલારૂ ઉડવા લાગ્યું અને હાથી જેવો ઝુન્ડો પણ દીસવા લાગ્યો સપેહસાલાર જરીર તે લશકરની હરોલમાં ચાલતો રસ્તામાંથી પવનવેગે આવતો હતો. ગુસ્તાસ્પને જોતાંજ તે ઘોડા ઉપરથી નિચે ઉતરીને રડતો રડતો તેની આગળ દોડી આવ્યો અને તે જેહાનને પેદા કરનારનો ઉપકાર માનતો પોતાના ભાઇ આગળ આવી તેની તારીફ કરવા લાગ્યો. તેઓએ એક મેકને બગલગીરી કીધા પછી રડતા મેદાન તરફ ગયા પછી તેણે લશકરનાં સરદારો જેઓને પાદશાહ લોહરાસ્પ પેહેલવાન તરીકે ગણતો હતો તેઓને બોલાવી પોતાની આગળ બેસાડયા અને તેઓ સાથે દરેક બાબદો વિષેની વાતો ચલાવી. તેઓમાના એક નામદારે આ પ્રમાણે કહયુ કે "ઓ સુનેરી કંમરબધવાલા પેહેલવાન! હમોએ ઇરાની નજુમીઓમાંથી જે કોઇને અક્કલમાં પુરવીણ જોયા તેઓને પુછી જોતાં તેઓ તારાં નસીબ માટે કહેછે કે, 'તું કએખસરૂ જેવોજ થશે અને તું તેનાજ જેવી પાદશાહી ભોગવશે.' માટે હમણા તું હીન્દુસ્તાનના રાજાનો તાબેદાર બને તો તે માટે હમો તારી સાથે મલતા થતા નથી. કોઇપણ હીન્દુ યજદાંન પ્રસ્ત હોતો નથી અને તેથી તેઓમાંનો કોઇપણ તું પાદશાહ સાથે મલતો થવાનો નથી. માટે તું ધ્યાન પુગાડ અને જેમ પાદશાહ ફરમાવે છે તેમ તું ચાલશે તો તે અક્કલને અનુંસરતુ ગણાશે. તારો બાપ તો તારી તરફ તમામ ભલાઇથીજ વર્તે છે ત્યારે તું તેનાથી શા માટે દુખી થયો છે તે હું જાણુતો નથી" જ્યારે ગુસ્તાસ્પે એમ સમજ્યુ ત્યારે તે જારજાર રડવા લાગ્યો અને આંખોમાંથી ગાલો ઉપર આંસુઓ પાડી બોલ્યો કે, "ઓ નામદાર ભાઇ! હું મારા બાપની નજરમાં માન ધરાવતો નથી તે તો કાઉસની તોખમના બેટાઓ ઉપરજ પ્યાર દેખાડે છે અને તેઓનેજ તે મોટાઇ તેમજ પાદશાહી તાજ આપવા માંગે છે. તેની આગળ તું અને હુ તો કાંઈ બીસાડમાં નથી તેથી તેની ગોલામગીરી કરવામા સાર રહયો નથી. તોપણ લોહરાસ્પથી મારૂ દિલ દુખાયલું હોવા છતાં હાલે તો હું તારે ખાતર પાછો ફરશુ. પણ જો તે ઇરાનનુ તાજ

મને સોંપશે તોંજ હું દેહેરામાની મુર્તી માફક તેની નોકરી કરેશ. નહી તો હું તેની દરબારમાં રેહેવાનો નથી અને તેના ચદ્ર (જેવા ચેહેરા)થી મારૂં દિલ રોશન બનવાનું નથી. હું એવી જગ્યાએ ચાલી જવશ કે ત્યાથી તેઓ મને સોધી કાઢી શકશે નહી. હુ લોહરાસ્બને લિધે તમામ મુલકોને અને ચિજોને તજી દેવશ." એટલુ કહીને તે શેકારના મેદાનમાંથી પાછો ફર્યો અને તે નામદારી ભર્યા પાદશાહ તરફ પાછો ગયો. જ્યારે લોહરાસ્બે એ ખબર સમજી ત્યારે તે પોતાના નામદારો સાથે તેને લેવાને સામો ગયો અને તે જેહાનને સોધનાર બેટાએ પોતાના બાપનો ચેહેરો, પાછો જોતાંજ ઘોડા ઉપરથી નિચે ઉતરીને તેને નમન કીધું લોહરાસ્બે તેને ચાપીને કોતી કીધી અને આવી રીતનો પસ્તાવો દેખાડીને તેને શાંત પાડયો કે "તારૂ તાજ ચદ્રના માથાં ઉપરના તાજ જેવું બનજો અને જે દેવો હર પળે તુંને બુરે માર્ગે ચાલતાં શિખવે છે અને બુરા સલાહાકાર બની પાદશાહ સાથે બુરાઇ કરવા શિખવે છે તેઓના હાથ તારા આગળ ટુકા બનજો હુ તો નામનોજ પાદશાહ રહી તાજ તખત ભોગવુ છુ જ્યારે પ્યાર, વફાદારી, હાકેમી અને સારૂં મારાથી તુનેજ પુગે છે." ગુસ્તાસ્બે તેને જવાબ દિધો કે, "ઓ પાદશાહ! તારી દરબારમાં હુ મોટો ઓધ્ધો ધરાઉ છુ. પણ જો તુ મારી તે પડવીને ઉતારી પાડવા માંગશે તો તેમ પણ હું તારો હોકમ બજા લાવશ અને તારો બોલ પાળવાને હું મારો ભોગ આપશ. તુ એક પાદશાહ તેમજ મને જનમ આપનાર છે. વળી હુ જાણું છું કે તુ મારો ખેરખાહ પણ છે.[1] તોપણ તુ મારાથી નાહલા બેટામાંથી હુનરની આશા રાખે છે. અને તેનામાંજ તુ ઉચ્ચ ખાનદાન અને ઉચ્ચ તોખમ જોય છે"[1] પછી જે બુજોર્ગો તેની સાથે માર્ગમાં આવ્યા હતા તેઓ ત્યાંથી ખુશાલ દિલે પાદશાહના મેહેલ તરફ પાછા ફર્યા. તેનું જવેહરાતથી જડેલુ દીવાનખાનુ સંગારવામાં આવ્યું અને તેમાં ખાનાનો સુફરો તૈયાર કરવામાં આવ્યો તથા ખુશ લેહેજતનો દારૂ પણ લાવી મુકવામાં આવ્યો. ત્યાં તેઓએ એક એવી મેજબાની પાળી કે જેથી જાણે ચંદ્ર ઉપરથી પાદશાહના તખત ઉપર તારાઓનો વરસાદ પડતો હોય તેમ લાગતું હતું. તેઓ દારૂની કેફથી એવા બન્યા કે દરેક મોટા દરજ્જાનો શખ્સ પોતાના માંથા ઉપર ગોલાબના તાજ બનાવી પેહેરવા લાગ્યા એ વાતને લાંબો વખત વહી ગયો તોપણ જવાન ગુસ્તાસ્બે બાપ તરફની વખાણ જોઈ નહી. લોહરાસ્બ તો કાઉસની ઓલાદથી અવતરેલા બેટાઓ ઉપરજ ખુશ રેહેવા લાગ્યો અને તે હમેશાં કએખસરૂનેજ યાદ કરવા લાગ્યો. કારણ કે તેનાથીજ તે

---

1 એ બેત લખેલી નકલમાં વધારે છે.

પાદશાહી દોરદમામ જોવા પાંગ્યો હતો અને તેનાથીજ તેણે શિખામણો સમજી હતી. ૧ આથી ગુસ્તારબ આંખોમાંથી દુખ સાથે આસુ પાડતો રહયો અને પોતાના સલાહકારો સાથે એ બાબે તરેહવાર વાત કરવા લાગ્યો. તે તેઓને કહેતો કે, "હું અકકલ મુજબ ચાલવાની ગમે એટલી કોશેષ કરૂ છું તે છતાં એ બાબદમાં કાંઇ ઉપાય કરી શકતો નથી. જો હું સાથે સ્વારો લેઇને તેમનો સરદાર બની અત્રેથી ચાલી જાઉ છુ તો વળી મારો બાપ મારી પુઠે લશકર મોકલી આપશે અને કાંઇક યુકિતથી મને મારા માર્ગમાંથી પાછો ફેરવશે અને મને પુશકલ શિખામણો આપશે. જો હુ એકલો જતો રહું છુ તો તેમાં પણ મને નરસ લાગે છે અને મારા તરફ લોહરાસ્પનુ દિલ દુખી બને છે તેનું દિલ તો કાઉસના ખાનદાનીઓ ઉપરજ ખુશી રહે છે અને તેની મોહબત ઉંચ તોખમ તરફ દોડતી હોવાથી મારો કાંઇ ચારો રેહેતો નથી. માટે જો હું એકલોજ ચાલી જવશ તો પછી તે મને કેમ બોલાવી શકશે? અને હું કયા પાદશાહ આગળ ગયો છું તે તે કેમ જાણશે?"

ગુશ્તાસ્બ ફરીથી પોતાના બાપ આગળથી ચાલી ગયો તે વિષે.

અંધારી રાત થતા ગુસ્તાસ્બ લોહરાસ્બનો જીન સાથનો એક કાલો ઘોડો લેઈ આવ્યો અને પછી તેણે કસબથી ભરેલો ચીનાઈ રેશમી પોશાક પેહેર્યો અને તાજમાં હોમાપક્ષીના પીછ.ખોસ્યા ત્યારબાદ તેણે પોતાની સાથે દીનારો તથા પાદશાહી જહવેરાત લેઇ લિધું કે જેથી તે તેને કામ આવે ૧ પછી તેણે ઇરાનથી રૂમ તરફનો રસ્તો ધર્યો તેનો બાપ જ્યારે તખત ભોગવતો હતો ત્યારે તે એટો રસ્તો કાપતો હતો. જ્યારે તે બાપ ગુસ્તાસ્બ માટેની વાતથી વાકેફ બન્યો ત્યારે તે દુખી બન્યો અને તેની ખુશાલી જતી રહી. તેણે જરીરને તથા તમામ અક્કલમંદ શખ્સોને બોલાવી મગાવી તેઓને ગુસ્તાસ્બની વાત કહી સમજાવીને કહયું કે "એ સિંહ જેવો ગુસ્તાસ્બજ તાજદારોના માથાંને ધુલમાં રગડાતાં બનાવે તેવો છે. (તોપણ) તમો શું ધારો છો? આપણે એનો શુ ઉપાય કર્યે? એ બાબે નચિંત દિલે બેસવું ઘટતુ નથી" મોબેદોએ તેને જવાબ દિધો કે "ઓ નેક-બખ્ત! મરદાનેમરદોને તાજ અને તખત ઘણુ વાહાલું હોય છે. ગુસ્તાસ્બ જેવું કોઇનું પણ ફરજંદ હશે નહી તથા કોઇએ પણ એવાં ફરજંદની વાત નામદારોથી સમજી હશે નહી માટે મદદગાર બાધુર બુજોર્ગોમાંથી કોઇ

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

શખ્સોને તારે ચોબાજુએ મોકલી આપવા ઘટે છે. જો તે પાછો ફરે તો તુ તેની સાથે હવે નરમાશથી વરતજે અને કાંઈ પણ તદબીર કરીને મટલબથી દુર રેહેજે કારણ કે કેઆનીઓના તાજે તારા જેવા ઘણા પાદશાહોને જોયલા હોવા છતાં તેની મોહોબત કોઇ ઉપર ઠરીને રહી નથી. માટે ગુસ્તાસ્બનેજ જેહાનનું લશકર બક્ષીને તું તેના માથાં ઉપર નામદારોનુ તાજ મુક. નામદાર પેહેલવાન રૂસતમ સિવાય તેના જેવો કોઇ પણ સ્વાર હમો જેહાનમાં જોતા નથી. વળી કદાવર અંગ, અક્કલ, દેખાવ અને હુશીયારીમા એ નામદારનો બરોબરીઓ બીજો કોઇ પણ શખ્સ હોય એમ હમે કાને પણ સમજ્યું નથી." આથી લોહરાસ્બે કેટલાક શખ્સોને જેહાનમાં ચોબાજુએ સોધ ખોલ કરવાને માટે મોકલી આપ્યા. તેઓ જઇને નાઉમેદી સાથે અને ફુટેલાં નસીબ સાથે પાછા ફર્યા. લોહરાસ્બના નસીબમા આવી હાડમારી હોવાથી તેના શરીર ઉપર ગુસ્તાસ્બ બાબેનો ગમ અને દુખ આવી પડયુ

ગુસ્તાસ્બ દરીઓ ઓલંગીને રૂમમાં જઇ લાગ્યો અને તે મુલકમાં મુશ્કેલીને સબબે ચાકરી શોધવા લાગ્યો તે વિષે.

ગુસ્તાસ્બે દરીઆ આગળ આવી લાગતાજ ઘોડા ઉપરથી નિચે ઉતરીને દરીઆના ચોકીબાનની સોધ કીધી ત્યાં હીશુઇ નામનો અક્કલમંદ મગજનો એક શખ્સ હતો કે જે જવાન, ચાલાક અને દોરદમામવાલો હતો. ગુસ્તાસ્બે તેની તારીફ કરી કહયુ કે "તારા પાક જીવ સાથે અકકલ જોડાયલી રહેજો. હું અકકલવાલો, રોશન દિલનો અને યાદદાસ્ત શકિતવાલો એક નામીચો ઇરાની મુનશી છુ જો તુ મને વાહાનમાં બેસાડીને આ દરીઓ પસાર કરાવશે તો મારી ઉપર જાવેદાન સુધીનો ઉપકાર થશે" હીશુઇએ જવાબ દિધો કે, "ઓ તાજને લાયકના અને બખતર તથા લોઢાંની તોપી પેહેરીને તારાજ કરનારા શખ્સ! તું પેહેલાં મને તારો ભરમ ખુલ્લો કરીને કેહે અને દરીઓ પસાર કરવાની આવી યુકિત ના કર. મને તો એ માટે હદીઓ જોઇશે અને બીજુ એકે મારી આગળ સાચું કહી દેવું પડશે તું આવી અકકલ અને ખુબશુરતી ધરાવનારો શખ્સ મુનશી કયાંથી બની ગયો?" જયારે ગુસ્તાસ્બે હીશુઈથી એમ સમજ્યું ત્યારે તેને જવાબ દિધો કે, "હું તારીથી કાંઇ પણ ચિજ છુપાવીશ નહી તુ આ તાજ, ઘોડો, પૈસા કે તલવારમાથી જે કાંઇ માંગશે તે આપવાને હુ દલગીર થવશ નહી." પછી

તેણે પોતાના પૈસામાંથી થોડા હીશુઇને આપ્યા અને તે માણુસોને પકડી પાડનારો ચોકીબાન તે બક્ષેશથી ખુશી થયો. તે તુરતજ વાહાનના સઢ ચઢાવીને જેહાનને સોધનાર ગુસ્તાસ્પને પેલેપાર લેઇ ગયો. રૂમમાં એક શેહેર હતું જેની લંબાઇ ત્રણ ફરશ ગથી પણ વધારે હતી. તે બુર્જોગી ભરેલી જગ્યા સેલમે બનાવી હતી અને મોટા પાદશાહ કયશરનુ ત્યાં પાયતખત હતુ. ગુસ્તાસ્પે તે શેહેરમાં આવી લાગતાંજ તે ઉદયોગી શેહેરમાં પોતાને માટે એક જગ્યા સોધી કાઢી અને એક અઠવાડયુ સુધી રૂમમાં ફરીને તે આબાદીભર્યા શેહેર-માંથી તેણે કાંઇ કામ સોધવા માંડયું. જ્યારે તેની પાસેની સઘલી ચિજ ખપી ગઇ તથા બીજાઓને અપાઇ ગઇ ત્યારે તે દલગીર અને વિચારવંત બનીને ત્યાં ફરવા લાગ્યો. જ્યારે તે એ પ્રમાણે આબાદ શેહરમાં ફરતો હતો ત્યારે તેનું કય-સરના મેહેલ આગળથી પસાર થવુ થયું. તેણે ત્યાંના મજબુટ બાંધાના મેહેલના ચોકીબાન સરદારને કહયું કે "ઓ મદદગાર દોસ્ત ! હું એક નામીચો ઇરાની મુનસી છુ તેથી હુ તુને તારા કામમાં મદદગાર થઇ પડશ અને મેહેલને લગતું કામ તુંને પસંદ પડતી રીતે કરી આપશ." ત્યાં જે કોઇ દરબારને લગતા બીજા મુનશીઓ હતા તેઓ એકમેકનું મોઢું જોવા લાગ્યા અને બોલ્યા કે "એને જોઇને તો પોલાદની કલમ પણ રડવા પડશે અને કાગજ બલી મરશે. ગરીબા-ઇને લિધે તુંને એવી વાત કરવી પડતી હોય તો તેથી તું કયસરની દરબાર ઉપર તડાપ ના માર તારે તો એક ઉંચા ઘોડા ઉપર સ્વાર થવું ઘટે છે અને બાજુએ કમાન અને જીન ઉપર કમંદ લટકાવવી જોઇએ છે." પછી તેઓ મોટેથી બોલ્યા કે "હમોને મુનશી જોઇતો નથી માટે તુ તારો રસ્તો લે."

એમ સમજતાંજ ગુસ્તાસ્પ દુખી દિલે અને ઉતરી ગયલે ચેહેરે મેહેલ-માથી બાહાર પડયો. પછી તે જીગરમાંથી થંડી હાએ મારતો કયસરના ગાય ઢોર રાખનાર જવાન કે જેનું નામ નસતાર હતુ અને જે બાહાદુર અક્કલમંદ અને હુશીયાર હતો તેની આગળ ગયો તેણે નસતાર આગળ આવી લાગતાંજ તેની તારીફ કરી તેને નમન કીધુ. ભરવાદે તેના તરફ જોઇને તેને માનથી નવાજ્યો અને પોતાની આગળ બેસાડયો તેણે તેને પુછ્યું કે મને કેહે કે "તુ કોણ છે ? કારણ કે તુ તો પાદશાહી ખવાસનો અને પાદશાહી ચેહેરાવાલો લાગે છે" તેણે જવાબ દિધો કે "ઓ નામદાર ! હુ તો એક તટુ હાંકનાર બાહાદુર છું અને અચ્છો સ્વાર પણ છુ જો તુ મને રાખશે તો હુ તુંને કામ આવશ અને દુખ તથા મુશકેલી વખતે વળી હુ તુંને મદદગાર બનશ." નસ-તારે તેને જવાબ દિધો કે "તુ મારા બારણા આગળથી ચાલી જા. તું તો એક પરદેશી અને માયા પુછ વગરનો શખ્સ છે ત્યારે તારી કાંઇપણ અંત્રની

ઓલખ વગર તુને ખ્યાબાન, દરીઓ અને ઘોડાના ટોલાં કેમ સોપુ?" એમ સમજતાંજ ગુસ્તાસ્બ ગમગીન બનીને ત્યાંથી ચાલી ગયો. તુ કેહેશે કે જાણે તેના દિલ ઉપરની ચામડી પણ ફાટી ગઇ તે બોલ્યો કે, "જે કોઈ બાપને દુખી કરવા ચાહે તેના ઉપર એથી પણ બુરૂ આવી પડે" પછી તેણે ત્યાંથી જડપથી પગલાં ઉચકયાં અને કયસરના સારવાનના ઘેરનો રસ્તો લિધો. તેણે તે ઉટવાલાની તારીફ કીધી કે "તુ ખબરદાર અને રોશન રવાનનો રેહેજે" તે અકકલમદ શખ્સ ગુસ્તાસ્બને જોતાંજ તેને સામો લેવા આવ્યો અને તેને બેસાડયો. પછી તેણે જડપથી બીસતરો પાંહરીને જે કાંઇ ખાવાની ચિજો હતી તે લાવી મુકી ગુસ્તાસ્બે તે ઉટના ચરાવનારને કહયુ કે "ઓ ફતેહમદ અને રોશન રવાનના મદદગાર! મને તું ઉંટોનો એક કાફલો સોંફ અને તુને પસદ પડે તે પગાર મને આપજે." ઉટોના રખેવાલે તેને જવાબ દિધો કે, "ઓ સિંહ જેવા શખ્સ! તુને આવુ કામ કરવું ઘટતું નથી. મારી પાસે જે કાંઇ (ખાવાની) ચિજો હતી તેનો તુ અંત લાવ્યો છે. માટે તુ કયસર આગળ જવાનો વિચાર કરે તો સારૂ તે તારી આ વાત સમજતાજ તુને હાજત વગરનો બનાવશે. માટે કયસરની દરબારમા જવા સિવાય તુ બીજો વિચાર ના કર. જો ત્યાંનો રસ્તો તુંને દુર પડતો હોય તો મારી પાસે એક ઉંટ હાંકનાર છે જે તુંને મનગમતો અને માર્ગનો દેખાડનાર બનશે." આથી ગુસ્તાસ્બ તેનો પુશકલ ઉપકાર માની તેની આગળથી બાહાર પડયો અને ગમ ભર્યો શેહેર તરફ ગયો. આ દુખો તેના દિલને ઘણા ભારી લાગ્યાથી તે લુહારોની દુકાન તરફ ચાલ્યો. ત્યા એક બુરાબ નામનો નામીચો શખ્સ હતો કે જે લુહાડનું કાંમ ખુશી સાથે પસદ કરતો હતો. તે પાદશાહના ઘોડાઓ માટે નાલ બનાવતો હતો તથા તે કયસર આગળ વધારે આબરૂ પાંમેલો હતો. તેના પાંત્રીશ મદદનીશો અને ચેલાઓ હતા જેઓ હથોડા અને લોઢા સાથે મેહેનત કરતા હતા. ગુસ્તાસ્બ ત્યાં તેની દુકાન ઉપર ઘણો વખત સુધી બેસી રહયો. તેના એમ બેસવાથી તે ધંધાદારી કંટાલી જઇને બોલ્યો કે, "ઓ ભલા શખ્સ! મારી દુકાનમા તુ શું માંગે છે? ગુસ્તાસ્બે તેને જવાબ દિધો કે "ઓ નેક બખ્ત! હું હથોડા સાથે સખત કામ કરવાથી હાકશ નહી. તું તારી આખી ઉમર ખુશાલ રહેજે અને તારી જગ્યા તારા વગર ખાલી પડતી ના[1] જો તું મને રાખશે તો હુ તને મદદ લાગશ અને આ હથોડા અને એરણથી હું મેહેનત કરશ." બુરાબ તેની એવી વાત

૧. એ બેત લખેલી નકલમા વધારે છે.

સમજતાંજ તેને પોતાના ચેલા તરીકે રાખવા કબુલ થયો. પછી તેણે એક ભારી દંડો આતશ ઉપર તપાવવા મુકયો અને તે તપી રેહેતાંજ ઉટાવસે એરણુ ઉપર લાવી મુકયો. પછી ગુસ્તાસ્બને એક ભારી હથોડો આપવામાં આવ્યો અને સઘલા લુહાડો તેની આગળ એકઠા થયા પછી તેણે તે ઉપર હથોડો માર્યો જેથી તે એરણુ અને દડો બંધે ભાગી ગયા. આથી તે બજારમાં તેને માટે ચકચાર થઈ રહી બુરાબ પણ તેનાથી ધાસ્તી ખાઈ ગયો અને બોલ્યો કે "ઓ જવાન ! તારા ફટકા આગળ એરણુ પણ ટકી શકયું નથી, અને પથર કે આતશ કે એરણુ કે ધમન પણ ટકી શકવાના નથી." જયારે ગુસ્તાસ્બે એમ સમજ્યું ત્યારે તે તે માટે દલગીર થયો તેણે તે હથોડો ફેંકી દિધો અને ત્યાથી ભુખ્યો ચાલી ગયો તેની પાસે ન તો ખાવાનું હતું કે ન તો આસાયશ લેવાની જગ્યા હતી સખતીભર્યો વખત તથા દુખ કે એશઆરામ, ખુશાલી કે ખજાનો કોઈ સાથે રેહેતો નથી. ભલાઇ અને ભુડાઇનુ આપણી ઉપરથી પસાર થવુ થાય છે પણ જે કોઇ અકકલવંત હોય તે તેને માટે દલગીર રેહેતો નથી. એ પ્રમાણે ગુસ્તાસ્બ દુખી દિલનો બન્યો અને તે ઉંચા આસમાન ઉપર ચીરડાઈને રડવા લાગ્યો તેની કીંમત તરીકે ઝેહેરના ફાકા સિવાય બીજુ કાંઈ મલતું હતુ નહી તેણે તે શેહેરની નજદિક એક ગામડું જોયુ કે જયાં ઝાંડપાન, ફુલફલાડી અને વેહેતા ઝરા હતા અને તે ખુશાલ જવાનો માટે બેઠકને લાયકની જગ્યા હતી તે પાણીના ઝરા આગળ એક મોટા છાયડાવાલુ ઝાડ હતુ જેનાથી સુરજ સામે રક્ષણ મલતું હતું તે જવાન દુખથી બલતો અને દલગીર જીવનો બનીને તે છાયડા નિચે જઈ બેડો અને બોલવા લાગ્યો કે "ઓ ઈનશાફી સાહેબ ! જમાનાથી મારે ફાલે ગમ આવી પડયો છે. વળી મારા ગ્રહ બુરા હોય એમ પણ હુ જોતો નથી ત્યારે હું જાણી શકતો નથી કે મારા ઉપર શાની બુરાઇ પુગે છે"

ગુશ્તાસ્બને ગામનો પટેલ પોતાને ત્યાં લેઇ ગયો તે વિષે.

તે દિલપસંદ ગામડાં[1] આગળથી એક નામદાર કે જે ત્યાંનો વડો હતો તેનુ પસાર થવું થયુ અને તેણે ગુસ્તાસ્બને આંખોમાં આંસુ સાથે જોયો તે પોતાની હડપચી પોતાના હાથો ઉપર ટેકવીને બેઠો હતો તેણે તેને કહયુ કે "ઓ જવાન સખી શખ્સ ! તુ શા માટે દુખી અને ગમગીન જીવનો બન્યો

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે

છે? જો તું અત્રેથી મારા ઘરમાં આવશે અને ખુશીથી થોડો વખત મારા મેહેમાન તરીકે રહેશે તો તારા દિલનો આ ગમ જરા ઓછો થશે અને તારાં કાળાં પાપન આંસુ વગરના બનશે" ગુસ્તાસ્બે તેને કહયું કે "ઓ નામદાર! મને કેહે કે તું કોણના ખાનદાનનો છે?" ગામના ધણીએ જવાબ દિધો કે "હમણા એવી પુછપરછ કરવાની શું જરૂર છે? હું તો પેલા પેહેલવાન જેવા પાદશાહ ફરીદુનની તોખમનો છું કે જેવું તોખમ ધરાવવું કાંઇ જેહાનમાં નાની શુની વાત નથી" એમ સમજતાંજ ગુસ્તાસ્બે તેને ત્યાં જવા માટે પગ ઉચકયા અને તે નામદાર પટેલને ઘરે ગયો તે મોટા દરજ્જાના શખ્સે પોતાના ઘર આગળ આવી લાગતાંજ તેની પરોનાગત કરવા માટે પોતાનું મકાન તૈયાર કીધું તેણે ગુસ્તાસ્બને પોતાને ત્યા એક ભાઇ માફક રાખ્યો અને તેની ઇચ્છિા બર લાવ્યા વગરની એક પળ પણ પસાર થવા દિધી નહી. એ પ્રમાણે કેટલોક વખત વહી ગયો અને એ વાતને કેટલાક મહીનાઓ પણ પસાર થઇ ગયા.

ગુશ્તાસ્બના કયસરની બેટી કેતાયુન સાથે લગણ થયાં તેનું દાસ્તાન.

હવે તે વખતના કયસરે એવો કાયદો કીધો હતો કે તેની બેટી મોટી ઉમરની થઇ બુલંદ નસીબની બનીને પોતાને માટે જ્યારે પણ વર સોધવા માંગે ત્યારે તેણી પોતાને પસદ પડતો વર સોધી શકે. તે વખતે તે પોતાના ઉચા મેહેલમાં બુજોર્ગો, ડાહયાઓ અને અક્કલમંદોની એક સભા ભેગી કરતો અને તે બાધુર નામદારોમાંથી જે કોઇ તેણીને પસંદ પડે તેની તે ચુટણી કરી લેતી. તે ચદ્ર જેવા ચેહેરાની બેટી પોતાના બાપના મેહેલમાં ભેગી મલેલી ઠઠ વચે પોતાના ધણીની પસંદગી કરવા માટે ફરતી રહેતી પણ તેણીની દાસીઓ તેની આસપાસ એવી રીતે ફરી વળતી કે કોઇપણ તેનું બુલદીભર્યું તાજ પણ જોઇ શકતું નહી તે વખતના કયસરની ત્રણ બેટીઓ મેહેલમાં હતી કે જેઓ વસતની મોસમના ગોલાબ જેવી હતી તેઓ ઉચા કદની, ખુબસુરત દેખાવની, ધીરજવંતી, અકકલવાલી, શરમ ધરાવનારી અને લાયકાતવાલી હતી પેહેલી જે વડી હતી તેનું નામ કેતાયુન હતુ અને તે અક્કલમદ, રોશન દિલની અને ખુશ સ્વભાવની હતી. એક રાતે કેતાયુને એવો સ્વપનો જોયો કે જાણે જેહાન સુરજથી રોશન બની છે. પછી ત્યાં મરદોની એક સભા દેખાવા લાગી કે જે સભાની ઠઠ સરઇયા સેતારા સુધી પુગતી હતી. તે સભા વચે એક પારકો શખ્સ પણ હતો કે જે દુખી દિલનો અને ડાહાપણ વાલો પરદેશી હતો. તેની ઉચાઈ સુરોવર જેવી, દેખાવ ચંદ્ર જેવો અને તેની બેસવાની ઢબછબ પાદશાહી

તખ્ત ઉપર બેસવાને લાયકની હતી. કેતાયુને તેનેજ (ધણી તરીકે પસંદ કરી) એક ફુલનો તોરો આપ્યો જે તેને હાથનો ભાતભાટના રંગ અને સોહડમવાલો તોરો તેણે કબુલ રાખ્યો બામદાદ પડતાં જ્યારે સુરજ પ્રકાશવા લાગ્યો અને નામદારોના મગજ ઉધમાંથી જાગરૂત થયાં ત્યારે તે મોટી પડવીના કયસરે જે કોઇ બુર્જોર્ગો અને જોરાવર શખ્સો હતા તેઓની એક સભા ભેગી કીધી. તેઓ ખુશાલી સાથે ત્યા બેઠા પછી પાદશાહે પોતાની પરીસુરત બેટીને ત્યાં બોલાવી મંગાવી. આથી કેતાયુન પોતાના હાથમાં તાજાં નરગેશ ફુલોનો એક તુરો પકડીને પોતાની સાઠ દાસીઓ ભેગી ત્યાં આવી. તેણી ઠાકી ગઈ ત્યાં સુધી ત્યાં ફરી પણ તે મીજલસમાનો કોઈ પણ શખ્સ તેને પસદ પડયો નહી. આથી તેણી રડતી અને દિલથી વર મેલવવાની ઇચ્છા કરતી તે દીવાનખાનામાંથી પાછી પોતાના જનાનખાનામાં ભપકાથી ચાલી ગઇ. પછી જમીન કાગડાના પીછના જેવી કાલી બન્યા પછી સુરજનો ચેરાગ પાહાડ પછવાડેથી પાછો બાહાર પડયો ત્યારે કયસરે તુરતજ એવો હોકમ કીધો કે "રૂમમા જે કોઈ ગરીબો કે મોટી પડવીવાલા તવગરો હોય તે સઘલા તે મોટા મેહેલમા આવે કે જેથી તેની બેટી ખુબી સાથે પોતાનો ધણી તેઓ વચેથી પસદ કરી લે" એ ખબર દરેક સરદારોને અને મુલકે મુલકોના દરેક નામદારને મલતાજ તેઓએ કયસરની દરબાર તરફ ચાલવા માંડયું. દરેક તે ભાતભાતના રંગ અને સોહડમ વાલા તોરાની ઉમેદમાં હતા. આથી પેલા ભલા શખ્સે ગુસ્તાસ્પને પણ કહયુ કે "તુ કયાં સુધી ઘરમાં બધાઈ રેહેશે ? તુ પણ ત્યા આવ કે જેથી તે ઉંચો મેહેલ અને દરબાર જોવાથી તારૂ દિલ ગમથી ખાલી બને. કારણુ કે હાલે કયસરે એક જશન કીધુ છે અને તે બેહેસ્ત જેવી જગ્યાને ભાતભાતના સામાનથી ભરી નાખી છે [૧] કયસરની એક કેતાયુન નામની બેટી છે કે જેણી તમામ ઇચ્છા, સુખ અને નામદારી સોધનારી છે. [૧] તેણી તે તેદરબારમાથી પોતાને વધારે પસદ પડતા શખ્સને પોતાના વર તરીકે ચુટી કાઢશે [૧] તેણી સરોવર જેવી ઉંચી છે અને તેણીની ચલન આગળ તીતરપક્ષી પણ સરમાઈ જાય છે. [૧] પાદશાહે પોતાની દરબારમાં તેણીને માટે ખુશાલીની મીજલશ બનાવવાનો હોકમ કરી ત્યાં મોટી પડવીના શખ્સોને બોલાવ્યા હતા [૧] પણ તે ભેગા મલેલા વચેથી તેણીને એક પણ શખ્સ પસદ પડયો હતો નહી તેથી જો (આજે) તું ત્યાં આવવા માંગતો હોય તો આપણે પણ ત્યા જઇશુ [૧] આપણે બધે તે

---

૧. એ બેત લખેલી નકલમાં વધારે છે.

જશનમાં જઇએ કે જેથી (કદાચને) આપણું પણ નસીબ ઉઠે." ૧ જ્યારે ગુસ્તાસ્પે એમ સમજ્યું ત્યારે તે પણ તેની સાથે ત્યાં ગયો અને તેણે કયસરના મેહેલ તરફ ભપકા સાથે ચાલવા માંડયું. તે મોટા દરજ્જાના લોકોથી દુર એક ખુનામાં જઇને ત્યાં દલગીર જીવે દુખ ભર્યો બેઠો પછી કેતાયુને ગોલાબ જેવા ચેહરાવાલી દાસીઓ અને ચાલાક નોકરો સાથે ત્યાં ફરવા માડયું. તેણીએ આગળ દાસીઓ અને પુઠે અકકલમંદો ભેગી પોતાના મેહેલમાં ફરવા માંડયું તેણી ગુસ્તાસ્પને દુરથી જોતાંજ બોલી કે "પેલા સ્વપનાનો ભેદ ખુલ્લો થતો જાય છે" પછી તેણીએ તુરતજ પેલા નામદારી ભર્યા નામવરોના તાજથી તેના મુબારક માથાંને સંગાર્યું તે ડાહપણવાલા વજીરે તેણીને એમ કરતાં જોતાંજ કયસર આગળ દોડી જઇને કહયુ કે " તેણીએ ભેગી મલેલી ઠઠ વચેથી એક શખ્સને ચુટી કાઢયો છે જે ઉચાઇમાં બાગમાના ઉંચા સરોવર જેવો છે. તેનો ચેહેરો બાગ જેવો છે અને તે જોરાવર ગરદન તથા બાંધાનો છે. તેને જોઇ સૌઉ કોઈ અચરત બને છે. તુ કહેશે કે તે ઇજદી ખોરેહ ધરાવે છે તોપણ તે કોણ છે તે હમો જાણતા નથી."કયસરે જવાબ દિધો કે કોઇના પણ જનાનખાનામા ખાનદાનને એબ લગાડે એવી બેટી હોતી નાં. જો હું મારી બેટી તેને સોંપુ તો મારૂ માથું શરમથી હેઠું પડે માટે હુ તો તેણી તેમજ તેણીએ જેને પસદ કીધો છે તે બધેના ડોકાં મેહેલમાંજ કપાવી કાઢશ." આથી તે વજીર વચે પડતાં બોલ્યો કે "મોટા લોકનુ આવુ કામ હોય નહી. તારી આગમચ ઘણા સરદારો થઈ ગયા છે તે તારી બેટીને પોતાનો ધણી સોધી લેવા કહયું ત્યારે તે કાંઈ તેને કોઇ નામદાર પાદશાહનેજ સોધી લેવા કહયુ હતું નહી. હવે તેણીને જે પસંદ પડયો તેને પસંદ કરી લિધો છે માટે તુ પરવરદેગારના માર્ગથી તારૂ માથું ફેરવ ના. તારા નામદારી ભરેલા, દીનદાર અને પાક ન્યાગાનોની આવીજ રસમ હતી. એ રેવાજ રૂમમાં ચાલુ છે માટે આ આબાદ મુલકનો કાયદો તુ તોડ ના તારૂં એમ બોલવું મુબારક નથી માટે એમ તું ના બોલ અને જે માર્ગે તુ કદી પણ ગયો નથી તે માર્ગેના જા."

કયસરે તેનુ એવુ કેહેવું સમજતાજ તેમ કરવાનુ કબુલ કીધુ અને પોતાની વાહાલી બેટી ગુસ્તાસ્પને સોંપી. તેણે તેને કહયુ કે "જેમ તું આવ્યો છે તેમજ તુ તેણીને લેઇને ચાલી જા તું કાઈ મારી તરફથી ખજાનો કે તાજ કે વીટી કાઇ મેળવશે નહી." ૨ જયારે ગુસ્તાસ્પે

૧ એ બેત લખેલી નકલમા વધારે છે

૨ અવસ્તામાં ગુશ્તાસ્પની બાયડી તરીકે "હુતઓશ" નામની ઓરતને જણાવી છે કે જેણી નોદરના ખાનદાનથી ઉતરી આવેલી હતી. તેણી ગુસ્તાસ્પની રાણી થતી હતી એમ રામયશ્ત (ક૦ ૩૬) ઉપરથી જણાય છે. કારણ કે

એમ જોયું ત્યારે તે અજબ થયો અને પરવરદેગારની મદદ માંગવા લાગ્યો. તેણે તે નામદાર કયસરની બેટીને એ પ્રમાણે કહ્યું કે, 'ઓ લાડ અને નાજમાં ઉછરેલી ઓરત! આટલા બધા તાજદાર નામદારો અને સરદારો વચેથી તેં મને મેલવવાની કેમ ઇચ્છા કીધી છે? તેં તો એક મુફલેશ કે જેનાથી તુ ગંજ પાંમવાને બદલે તુને દુખમાં રેહેવુ પડશે તેવાને પસંદ કીધો છે માટે આ નામદારો વચેથીજ તુ તારો સાથી સોધી લે કે જેથી તું તારા બાપ આગળ આબરૂથી રહી શકે પેલો વાઘ કે જેની જીંદગી જમાનાએ તંગ બનાવી હતી તેની વાત તે સમજી હશે નહી." ૧ કેતાયુને તેને કહયુ કે ઓ ભલી મનશનીના શખ્સ! આસમાનની ગીરદેશ સાથે તું એટલો બધો સખત ના બન. જ્યારે હું તારા નસીબથી ખુશાલ બની છુ ત્યારે તુ તાજ અને તખતની વાત શાની કરે છે?" પછી કેતાયુન અને ગુસ્તાસ્બ દુખથી થડી હાય મારતા કયસરના મેહેલમાંથી ચાલી ગયાં. તેઓ ગમગીન બનીને દુખથી જારી કરતા તે ગામડીઆ શખ્સ આગળ ગયા. તે ગામના પટેલે એક મકાન ખાલી કીધું અને તેની પાસે જે સૌથી સરસ ગલીચા હતા તે ત્યાં લેઇ ગયો. પછી તેણે તે ધણી ધણીયાનીને આ પ્રમાણે કહયું કે "તમો ખુશાલ અને મુબારક વિચરના રેહેજો." ગુસ્તાસ્બે એમ જોતાંજ તે પાક દીનના સરદારની તારીફ કીધી કેતાયુન પાસે પુશકલ મોંઘી કીંમતના યાકુતના અને મોતીના ઘરેણાં હતાં તેમાંથી તેણીએ એક મોતી કે

તેણી રામ ઈજદ પાસે એવી દુવા માગે છે કે "કએ ગુશતાસ્બના ઘરમા હું પ્યારી, ચહવાયલી તથા માન પામેલી થાઉ" એ મુરાદ મુજબ એ બાયડીએ ગુશતાસ્બનો અતી ઘણો ચાહ મેલવ્યો હતો અને પાછલથી તેણી ગુશતાસ્બ ઉપર સારો વગ ધરાવતી બની હતી તેથીજ અશો જરથોશ્તે દ્રવાસ્પ અને અશી ઈજદો પાસે એવી મુરાદ ચાહી હતી કે "સદગુણી તથા અશરાફ ખાનદાનની હુતોસને દીનના મત પ્રમાણે, દીનના વચણ પ્રમાણે તથા દીનના કામો પ્રમાણે હુ ચલાઉ તથા જે હુતોસ મારી મજદયસ્તની દીન ઉપર દીલ લગાડે તથા પોતાની ખાહેશ જાહેર કરે અને તેણી પેગમબરીના કામને માટે મને સારી સલાહ આપે" એ હુતોસે જરથોસ્તી દીનની ભલામન ગુશતાસ્બ આગળ કીધી હતી તેથી તેણીએ દીનની જે સેવા બજાવી હતી તેના બદલામા ફરવરદીન યસ્તમા તેણીના ફરોહરને માન સહીત યાદ કરવમાં આવ્યુ છે ફીરદોશી ગુસ્તાસ્બની બાયડી તરીકે રોમના કયસરની બેટી કેતાયુન જણાવે છે પણ અવસ્તાથી તો એવું સીધ્ધ થાય છે કે ગુશતાસ્બની બાગડી હુતઓસ નામની હતી.

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

જેવું મોતી કોઇ પણ અક્કલમ દેએ આંખોવડે જોયું હતું નહી તે ચુટી કાઢ્યુ. તે એક જહવેરી આગળ લેઇ જવામાં આવતાજ તેણે તેની હદ ઉપરાંત તારીફ કરીને કબુલ રાખ્યુ અને તેની કીમત તરીકે ૭ હજાર સુનાના ચલની દીનાર આપ્યા. તેમાથી જે ઘટતી ચિજો લેવી હતી અને જે ચિજોની તેઓને અગત્ય હતી તે તેઓને હાથ જે પુજી આવી હતી તે ઉપર તેઓએ ઘડી-કમાં ખુશાલ રેહેતાં તો ઘડીકમાં રડતાં ગુજરાંન કરવા લાગ્યાં. ગુસ્તાસ્પનું તમામ કામ શેકાર કરવાનું હોવાથી તે તીર અને તીરની કોથલી સાથે આખો દાહાડો ફરતો રેહેતો હતો. એવું બન્યું કે એક દાહાડો તે શેકારના જંગલમાંથી પાછો ફરતાં, હીશુઇ આગળથી પસાર થયો તે પોતાની પાસે તરેહવાર જાતના કેટલાક શેકારો અને નીરથી ભરેલા કોઠલા સાથે ત્યાંથી પોતાનો ઘોડો હાકી ગયો. તેની પાસે જે મોટા નાના શેકારો હતા તે સઘલા તે હીશુઇ આગળ લેઇ ગયો. હીશુઇ તેને જોતાજ તેને ખુશાલી સાથે અને રોશન રવાન સાથે દોડીને સામો લેવા ગયો અને ભોંય ઉપર ગલીચો પાડરીને તેની આગળ ખાવાની ચિજો હાજર કીધી. ગુસ્તાસ્પે ત્યા આશાયસ લિધી અને કાંઇક ખાઇને એક પેહેલવાન માફક કેતાયુન આગળ ગયો ગુસ્તાસ્પે જ્યારથી હીશુઇને પોતાનો દોસ્ત બનાવ્યો ત્યારથી તે તેની અક્કલ સાથે મલી ગયો જ્યારે પણ તે જંગલમાંથી હરણ સાથે શેહેર તરફ આવતો ત્યારે તે તેમાંથી હીશુઇને અરધો ભાગ આપતો હતો. થોડો ભાગ તે ગામના સરદારને, નહી તો ક તે ગામમા જે કોઇ તેનાથી મોટો ગણાતો તેને માટે પણ લેઇ જતો હતો એ પ્રમાણે ગુસ્તાસ્પ તે ઘરના માલેક સાથે ખાતો પીતો અને આરામ કરતો રેહેવા લાગ્યો.

મીરીન નામના શખ્સે રોમના કયસરની બીજી બેટીની માંગણી કીધી તે વિષે.

મીરીન નામનો એક રૂમી હતો કે જે નામદારી ધરાવનારો, ખજાનાવાલો અને આપઅખતયાર શખ્સ હતો તે પોતે કયસર સાથે સગાઇ ધરાવતો હતો અને તેનો એક ભાઈ પણ હતો ૧ તેણે કયસર ઉપર એવો પેગામ મોકલ્યો કે, " હુ નામદારી ધરાવનારો તથા ખજાનાવાલો નામાકીત શખ્સ છુ માટે તારી દેલઅનજામ નામની બેટી તુ મને નેકામા આપ અને તારાં નામ અને તાજને મારી સાથે તાજુ બનાવ. હુ તારીજ રશમ, દીન અને રેવાજ પાળનારો છું અને હું લશકર ધરાવનાર તારાંજ ખાનદાનનો છુ ૧ " ૧ કયસરે તેને કેહેવાડયું

---

૧ એ બેત લખેલી નકલમાં વધારે છે.

કે "હું એ રીતે હવે પછી કોઇની પણ સાથે સગાઇ કરવાનો નથી. હવે એવાં કામથી મને કેતાયુન અને પેલા કમીના શખ્સે અટકાવ્યો છે હવે પછી જે કોઈ મારી સાથે સગાઈ કરવા માગશે તે મારી નજદિકમા રેહેનારા નામદારોમાંનો કોઇ પણ હશે તોપણ તેને એક માહાભારત કામ બજાવવુ પડશે કે જેથી અત્રેના બુજોર્ગો તેને બાહુર તરીકે ગણે વળી તે જેહાનમાં નામદારી ધરાવનાર તેમજ મદદ કરનારો હોવો જોઇશે તેના જેવો બાહુર જેહાનમાં કોઇ હોવો જોઈશે નહી અને તે નરસિહના જેવી મરદાનગી ધરાવનારો હોવો જોઇશે. તેને અત્રેથી ફાસકુનના જગલ તરફ જઇને ત્યા પોતના દિલ, મગજ અને હાથોને લોહીથી ધોવા પડશે તેને એક હાથી જેવું વરૂ જણાશે કે જે અઝદાહના જેવું શરીર અને નાઇલ નદીના જેવુ જોર ધરાવે છે. વળી તે શીગડાં અને રાણીદુક્કર માફક દાત ધરાવે છે. તેની આગળ એક હાથીથી પણ જવાઈ શકાતુ નથી વળી તે જંગલમાથી નરસિહ, હાથી, બબર કે બાહુર શખ્સથી પણ પસાર થવાતુ નથી માટે જે કોઇ તે વરૂનુ ચામડુ ઉખેડી લાવશે તે મારો સાથી, જમાઈ અને દોસ્ત બનશે." મીરીન એ પ્રમાણે બોલવા લાગ્યો કે "પરવરદેગારે જ્યારથી રૂમ બનાવ્યું છે ત્યારથી આ મારી જનમભુમીમા મારા વડવાઓ ભારી ગુરજ સિવાય બીજા કસાંથી સરદારો સાથે લડાઈ કરતા હતા નહી. ત્યારે હવે કયસર મારીથી બીજુ શું માંગે છે ? તેણે કીનાથી મને એમ કેહેવાડયુ છે ત્યારે હવે હું હમણા તેજ ઉપાયો અજમાવશ અને હર તરેહના પાક વિચારો કામે લગાડશ"

પછી તે લાયક શખ્સે પોતાના મેહેલમા જઇને ત્યાં એ માટે તરેહવાર વિચાર કીધા. તેણે પોતાનો તપકો બાહાર કાઢીને આગળ ખુલ્લો કરી મુકયો અને પોતાના ગરેહ, નસીબ અને વર્ષ ઉપરથી એવુ જોઇ કાઢયું કે ચોકસ વખતમાં એક નામીચો શખ્સ ઈરાનથી અત્રે આવી લાગશે. તેને હાથ ત્રણ ભારી કામો બનશે જેથી રૂમી સરદારો પણ અચરત બનશે એક તો એકે તે કયસરનો જમાઇ બનશે અને તે પોતે કયસરના માથા ઉપરના તાજ જેવો થશે જેહાન ઉપર બે બુરાઇ આવી પડશે જે બુરાઈઓથી દરેકને નુકસાંન પુગશે તે બધે બુરાઇનો તેને હાથે નાસ થશે અને તે કોઇ પણ જોરાવર શખ્સની ધાસ્તી કરશે નહી હવે તે પોતે કેતાયુનના કામથી તો જાણીતો બન્યો હતો અને ગુસ્તાસ્પે કીધેલાં કામ સાથે પણ તે મલતો થયો હતો વળી હીશુઇ અને પેલો નામદાર સરદાર કે જે બધે તેના ઉપર દયા લાવનાર બન્યા હતા તેથી પણ તે જાણીતો હતો. તેથી તે જડપથી હીશુઇ આગળ ગયો અને જે કાઈ વાત બની હતી

તે તેની આગળ કહી. ત્યાર બાદ રૂમના ફીલસુફોએ જોષની ફાલ વિષે અને તે મુલક ઉપર જે અજાયબી આવી પડવાની હતી તે વિષેની પણ વાતો કહી. હીશુઇએ તેને કહયું કે "આજનો દાહાડો તો તું હમારી સાથે મોહબતની અને ઇનિશાફની રાહે ખુસી સાથે રેહે. કારણ કે જે શખ્સ વિષે તું બોલે છે તે તો નામદારી ભર્યાં શખ્સોમાનો એક નામદાર છે. તે આખો દાહાડો શેકાર કરવાનીજ ઇચ્છા રાખે છે અને પશ્ચિમ તરફના પાદશાહના તખતનો તે જરા પણ વિચાર કરતો નથી. ગઈ કાલે તે મારા દલગીર જીવને ખુશાલી આપવા આવ્યો હતો નહી, પણ હમણા તે શેકારેથી આવી લાગશે અને બેશક તેનો રસ્તો આપણી અગળથીજ જવાનો છે."

પછી તે દારૂ લાવ્યો તથા રામશગરને તેડી લાવ્યો અને ભાતભાતની ચિજો હાજર કીધી. તેઓ ત્યાં હાથમાં સુનાની જામ પકડીને બેઠા. જ્યારે ચાર દારૂની જામ ખાલી થઇ ત્યારે દુરથી આવતા સ્વારથી ધુલ ઉડતી દેખાવા લાગી. હીશુઇ અને મીરીન તે ઉડી રહેલી ધુલ જોતાંજ તેને મેદાનવેર લેવાને ગયા મીરીને ગુસ્તાસ્બને જોતાંજ હીશુઇને કહયુ કે "જેહાનમાં એનો કોઈપણ જોડીઓ હશે નહી. તેના હાથો, ગરદન અને જોર તેની નામદારી ભર્યાં પેહેલવાનની તોખમ દેખાડે છે. તે બુજોર્ગી અને ઇજદી ખોરેહ ધરાવનારો છે અને તે અક્કલમદ અને દાનાવ બુરાઇથી દુર રેહેનારો દિસે છે." હીશુઈ બોલ્યો કે "એ સખી શખ્સ લડાઈના મેદાનમાં સિંહ જેવું દિલ ધરાવે છે. તેના દેખાવ આગળ હુનરો તથા વળી શરમ, છુટાપણું અને અક્કલ કાંઇ બીસાડમાં નથી." જ્યારે ગુસ્તાસ્બ તે બધે શખ્સોની લગભગ આગળ આવી લાગ્યો ત્યારે તે પેહેલવાન તેઓની આગળ ચાલીને આવ્યો. પછી તેઓ ત્યાંથી તેને પોતાની જગ્યામાં લેઇ ગયા અને પોતાની ઝુફ્ડીમાં આવી લાગ્યા ત્યા સુધી તેણે તેની તારીફ કીધી. તેઓએ નદી કીનારે બેઠક કીધી અને ત્યાં ઉટાવલે એક નવુ ખાણું મંગાવ્યું. તેથી ત્યાં નવા પ્યાલા સાથે નવો દારૂ લાવવામાં આવ્યો અને ત્યાં તે નવી રીત મુજબ નવા દોસ્ત સાથે બેઠો. જયારે લાલ રંગના દારૂથી ચેહેરા લાલ બન્યા ત્યારે હીશુઇએ ગુસ્તાસ્બને કહયુ કે, "ઓ મોટા પેહેલવાન! આ જમીન ઉપર તું મનેજ દોસ્ત તરીકે ગણે છે અને મારા સિવાય તુ બીજા કોઇને ઓલખતો નથી. હાલે આ મીરીને મારો આસરો લિધો છે. તે એક જોરાવર નામદાર છે અને વળી અક્કલ હુશીયારીવાલો એક લેખક છે, તેથી તે તુંને ઉચા આસમાન સુધી ચઢાવશે. તે રૂમના તથા દરેક મુલકના આબાદ અને વેરાન જગ્યાના ફીલસુફોની શિખામણો કહી સંભ-

જાવે છે. વળી તે સેલમની ઓલાદથી ઉતરી આવેલો છે અને તે પેહેડી દર પેહેડી વડીલોના નામ જાણે છે. પોતાની પાસે સેલમની તલવાર ધરાવે છે કે જે તે સેલમની તમામ ઉમર સુધી તેની ઉપરજ લતકતી રહી હતી. તે બાહાદુર, ઘોડા ઉપર કાબુ ધરાવનાર અને પેહેલવાનોને હરાવનાર છે. આસમાન ઉપર ઉડતા ગીધને તે પોતાના તીરથી નિચે લાવે છે. વળી હાલે રૂમના કયસર સાથે સગાઈ કરવા ઇચ્છીને તે એ સબ્બંધમાં વધારો કરવા ઇચ્છે છે તેણે એ વાત કયસરને કેહેવડાવી હતી અને તેનો તેને જવાબ મલ્યો છે, પણ તે જવાબથી તેનુ દિલ દુખી બન્યુ છે કારણ કે કયસરે તેને કેહેવડાવ્યું છે કે, 'ફાસકુનના જગલમાં જે એક ઉટ જેવું વરૂ છે તે જો તારે હાથે માર્યું જશે તોજ તું રૂમમાં એ મોટી પડવી પાંમશે, તેમજ વળી તુ જેહાનનો માલેક અને મારો જમાઇ બનશે જેથી મને જમાનો ખુબી સાથે ઇનશાફ આપશે' માટે જો તુ એ કામ કરવાને તારો હાથ લબાવશે તો હું તારો ગોલામ બનશ અને આ નામદાર તારા સગો બનશે"

ગુસ્તાસ્બે તેને જવાબ દિધો કે, "વારૂ, કબુલ છે. હવે મને તું કેહે કે એ જગલ કયાં આવેલું છે? વળી જેહાનમાં એવુ કેવુ ફાડીખાનારૂ જાનવર છે કે જેનાથી મોટા અને નાના દરજ્જાના લોકો બીહીતા ફરે છે?" હીશુઈએ તેને જવાબ દિધો કે "એ નરવરૂનુ ડોકું એક જોરાવર ઉટ માફક ઉચું છે તેને હાથી જેવા બે દાતો છે તેની બે આંખો તબરખુન નામનાં જગલી ફુલના જેવી મોટી છે તેનુ ચામડું લીલા રગનુ છે. અને તેના સીગડા સીસમના ઠાંભના જેવા છે. જ્યારે તે ગુસ્સે થાય છે ત્યારે તે દોડવામા ઘોડાને પણ હરાવે છે ઘણા એક મોટી પડવીના નામદારો ભારી ગુરજો સાથે તે જગ્યા ઉપર ગયા હતા, પણ તેઓ શરમીદા બની પાણી જેવા થઇને પોતાની મોરાદ પાર પાડયા વગર પાછા ફર્યાં હતા જો એ કામ તારે હાથે પાર પડશે તો મરદાનેમરદો વચે તું નામદારી ભોગવી શકશે." ત્યારે ગુસ્તાસ્બ બોલ્યો કે, "પેલી સેલમની તલવાર તથા એક નામીચો અને તેજીવાલો ઘોડો મને આપ. હુ તેને કાંઇ વરૂ તરીકે નહી પણ એક અઝદાહ તરીકે ગણુ છુ. માટે તે ઉટ જેવાને તુ વરૂ ના કેહ" એમ સમજતાંજ મીરીન ત્યાથી ઉટાવલે પોતાના ઘર તરફ ગયો તેણે તબેલામાંથી એક કાલો ઘોડો પસંદ કીધો તથા એક મોંઘી કીમતનુ બખતર અને રૂમી કોલાહ સાથે લીધી વળી પેલી તીખા લોઢાંની કીંમતી તલવાર કે જેને સેલમે ઝેહરનુ અને લોહીનુ પાણી પાયુ હતુ તે પણ સાથે લિધી વળી તે સાથે તેણે ખજાનામાંથી પુશકલ હદીઓ ચુટી કાઢયો અને સઘલાં યાકુત અને મોતીમાંથી પાંચ નંગ ચુટી કાઢયા

જ્યારે સુરજ રાતના કાલાં વસ્ત્રને ચીરી કાઢી પરદા પાછલથી બાહાર આવ્યો ત્યારે જેહાનને સોધનાર મીરીન પણ પોતાના મેહેલમાંથી બાહાર પડયો અને જડપથી હીશુઈ આગળ આવી લાગ્યો અને ગુસ્તાસ્બ શેકારેથી તે તરફ પાછો કયારે ફરે તેની રાહ જોતો હીશુઈ બેઠો હતો ત્યાં તે ગયો તેઓ તે ઘોડા અને તલવારથી અજબ બન્યા અને જેવો ગુસ્તાસ્પ આવી લાગ્યો તેવોજ તેઓ તેને સામે લેવાને ગયા. જ્યારે ગુસ્તાસ્બે તે હદીઓ તપાસ્યો ત્યારે તેણે તે વચેથી ઘોડા અને તલવાર ચુટી કાઢી પછી બીજી ચિજો તેણે હીશુઇને આપી દિધી અને તે જેહાનને સોધનાર શખ્સના જીવને ખુશી કીધો. પછી ગુસ્તાસ્બે એક પેહેલવાન માફક તે બખતર પેહેર્યું અને તે લડાયક ઘોડા ઉપર ચઢી બેઠો તેણે બાજુએ કમાન અને જીન ઉપર કમદ ઓલવી લિધી જેથી તે નામદારી ભરેલો સ્વાર લાગતો હતો અને તેનો ઘોડા પણ ઉચી જાતનો લાગતો હતો હીશુઇ તેને માર્ગ દેખાડવા માટે જડપથી સાથે ગયો અને ગુસ્તાસ્બે જેહાનને સોધનાર મીરીનની પર્યાદને પુગવા ચાહયુ

ગુસ્તાસ્બે ફાસકુનના જંગલમાંના વરૂને મારી નાખ્યું તે વિષે.

તેઓ એ પ્રમાણે ફાસકુનનાં જગલની સરહદ સુધી લોહીથી ઉકલતા દિલે ઘોડા દોડાવતા આવી લાગ્યા જ્યારે તેઓ તે જગલમા વરૂની જગ્યા આગળ આવી લાગ્યા ત્યારે તે મીરીન જોરાવર વરૂથી બીહીવા લાગ્યો તેથી મીરીને તે અઝદાહનુ રેહેઠાન કયા હતું તે ગુસ્તાસ્બને આંગલીથી દેખાડયુ. પછી તે બધે (મીરીન અને હીશુઇ) તેની આગળથી દુખી થયલા અને લોહીથી ભરેલાં દિલ અને આસુથી ભરેલી આંખો સાથે ફર્યા. હીશુઇએ મીરીનને કહયુ કે, "કદાચને એમ પણ બને કે તે નામદારને આપણે પાછો જોવા પામ્યે નહી. તેથી તેની છાતી, બાજુ અને ગરદનને માટે તથા તેના દિલ, જોર અને ગુરજને માટે મને અફસોસ છુટે છે" જ્યારે ગુસ્તાસ્બ તે જગલ આગળ આવી લાગ્યો ત્યારે તેનું લડાયક દિલ વિચારમાં પડયુ. તે નામદારે પોતાના ઘોડા ઉપરથી ઉતરી તે જેહાનના સાહેબ પરવરદેગારને બદગીથી નમન કીધુ અને બોલ્યો કે, "ઓ પાક પરવરદેગાર ! તુજ ફરતા જમાનાને દિપતો બનાવનાર છે આ હેવાનને મારવાના કામમા તુ મારો મદદગાર થજે અને બુઢા લોહરાસ્બના જાન ઉપર તુ દયા કરજે. જો તે મોટો અઝદાહ કે જેને કમઅકકલી લોકો વરૂ કહે છે

તે મારૂં લોહી રેડી મારી ઉપર ફાવી જશે અને મારા નસીબના સરને ઉલ-ટાવી નાખશે તો તે વાત સમજતાં મારો પાદશાહ બાપ રડતો બનશે અને પછી તે ખુશાલી ભર્યો રહી શકશે નહી પણ તે એ દુખથી પુશકલ નારાજ રહીને ચોબાજુએ મારી સોધ કરતો અને રડતો રેહેશે. જો હુ આ બુરાં હેવાનથી ડરી જવશ તો મારીથી શરમને લિધે લોકોની સામે જવાશે નહી. માટે તુ કે જે ઉપાયના કરનારાઓ કરતાં વધારે ચઢતો ઉપાય કરનાર છે તે મારો મદદગાર બનજે." ૧ એટલુ કહીને તે હાથમા સેલમની તલ-વાર પકડી અને બાજુએ કમાન લટકાવીને ઘોડા ઉપર બેસી લોહીનો તર-સીઓ બની સાઉચેટી સાથે બુમો પાડતો આગળ વધ્યો જ્યારે તે સ્વાર આગળ ચાલતાં વરૂની નજદિક આવી લાગ્યો ત્યારે તેણે વસંતની મોસમના વાદલ માફક ગરજના કીધી. તે વરૂએ પણ તેને ઝાડીમાંથી જોતાંજ કાલા વાદલ સુધી પુગે એવો પોકાર માર્યો અને સિંહ અથવા વાઘની માફક જમીનને પોતાના પંજાવડે ઓખવવા માંડી. જેવો ગુસ્તાસ્પે તે અઝદાહને જોયો તેવીજ તેણે હાથમાં કમાન ધરી તેની દોરી ખેંચીને તેના ઉપર પવન વેગે તીરનો વરસાદ છોડવા માંડ્યો. તેણે પોતાની કમાનને વસં-તની મોસમના વાદલ માફક બનાવી દિધી. તે હેવાન ગુસ્તાસ્પના તીરોથી ઘાહેલ થયુ અને તેની બાધુરી દુખમાં ભેલાઇ ગઇ. તે વરૂ પેહેલા ભોય ઉપર પડીને પાછુ ઉભું થયુ અને પછી જોરાવર ઉંટ માફક તેની આગલ આવ્યુ. તેણે પોતના સીંગડાં હરણ માફક આગળ કીધાં હતાં પણ જખ-મોને લિધે તેનુ શરીર દુખ ભર્યું અને દિલ લોહીથી જજરતુ બન્યુ. જેવુ તે દોડતુ ઘોડા આગળ આવી લાગ્યુ તેવુ જ તેણે પોતાનુ સીંગડુ તેના કાલા ઘોડાની જાંગમાં ભોકી દિધુ અને તેની ઇંદ્રીથી તે દુતી વેરની જગ્યા ચીરી કાઢી. પણ જેહાનને સોધનાર ગુસ્તાસ્પે મ્યાનમાંથી તલવાર ખેંચીને એક ફાડીખાનારા સિંહ માફક તેની સામે લડાયક અને નામ-દાર બાધુરોને ઘટે તેવી રીતે પગર ઘોડે જઇને તેના માથાં ઉપર તલવાર મારી, જેથી તેની ચામડી ચીરાઇ જઇને તેની ગરદન અને છાતીના બે ટુકડા થઇ ગયા.[2] જ્યારે જેહાનને સોધનાર ગુસ્તાસ્પે તે વરૂને મુવેલું પડેલું જોયું અને પોતાના દિલમાંના કીનાને જડમુળથી ઉખડાઇ ગયલો જોયો

---

૧ એ બેત લખેલી નકલમાં વધારે છે

૨ ગુશ્તાસ્પ પોતે જોરાવર અને બાધુર હતો એમ અવસ્તા ઉપરથી પણ જણાય છે ફરવરદીન યસ્તમા તેને "તખ્મહે" યાને કૌવટવાળો તથા "દરષિ-દ્રઓશ" યાને મજબુત હથીયારવાલો જણાવ્યો છે.

ત્યારે તેણે તે ફાડીખાનારા જાનવરોનો માલેક પરવરદેગાર કે જે તમામ અકકલનો અને તમામ નેકી બદીનો સાહેબ છે તેની સનમુખ બંદગી કીધી અને આ પ્રમાણે પરવરદેગારની તારીફ ગાઈ કે, "ઓ જમાનાના પેદા કરનાર સાહેબ! તું માર્ગ ભુલેલા શખ્સની રાહાનુમાઇ કરનાર છે અને તુંજ ચઢીયાતો તેમજ ઇનશાફનો કરનાર એક ખોદા છે તુ પેદા કરનારના નામથીજ તમામ ખાહેશો પાર પડે છે અને ફતેહો મલે છે અને તારીજ ઇચ્છાથી તમામ ખોરેહ અને અકકલનુ મલવું થાય છે" પછી તેણે બંદગી કરવાની જગ્યાએથી પાછો ફરતાંજ તે અઝદાહના બે લાંબા દાંતો તોડી લિધા અને ત્યારબાદ જંગલમાંથી એકલો આગળ વધી દરીયા આગળ આવી લાગ્યો ત્યાં સુધી તે ચાલ્યા કીધો. હીશુઇ તથા મીરીન પણ દરીએ કીનારે બેસી દુખી દિલે તેનીજ યાદ કરતા હતા. તેઓ ગુસ્તારઝ અને વરૂનીજ ત્યાં વાત કરતાં બોલતા હતા કે "ઓ ઉમેદભર્યા બાહદુર અને જોરાવર સ્વાર! હાલે તો તુ એક મોટી લડાઇમાં રોકાયો હશે અને તે વરૂના પંજા હેઠલ લોહીથી ગરકાવ પણ બન્યો હશે" પણ જ્યારે તેઓએ ગુસ્તાસ્બને લોહીથી ખરડાયલો પણ સમબુલ ફુલના જેવા ચેહેરાનો બની ચાલતો આવતો જોયો ત્યારે તેઓ તેને જોતાંજ રડતાં અને જારી કરતા ત્યાથી છુડી ઉભા થયા. તેઓએ ફીકકે ચેહેરે અને વરસાદની મોસમના વાદલ માફક આંસુઓ વરસાવતી આંખોએ તેને રડતાં રડતાં બગલગીરી કીધી અને બોલ્યા કે, "હમારા દિલ તારી ભલી રીતભાત માટે બલતા બન્યા હતાં." ગુસ્તાસ્બે જવાબ દિધો કે "ઓ ભલા વિચારના શખ્સ! ખોદાના હોકમથી હવે રોમમાં બીહવા જેવું કાંઇ રહયું નથી. જો જેહાનમાં આવો જોરાવર અઝદાહ વધુવાર રેહેવા પાંમ્યો હતે તો જેહાન પણ તેનાથી દુખી બની ઉખેડાઇ જતે. તેની આગળ કયસર એક મુઠી ધુલ સિવાય શુ બીસાડમાં ગણાતે? પણ મેં સેલમની તલવારથી તેના બે ટુકડા કરી નાખેલા હોવાથી હવે તમો લોકોની તમામ ધાસ્તી ફીકરનો અંત આવ્યો છે. હવે તમો જઇને એ તાજી તાજી અજાયબી જોઇ લેઓ કે મેં તે અઝદાહનું ચામડું કેવું ફાડી કાઢયું છે. તમો કેહેશો કે, તેની ચામડી એક જોરાવર હાથી જેવી છે અને તેનાથી તમામ જંગલની લંબાઈ પોહલાઈ ઢંકાઈ ગઇ છે." આથી તે બંધે તેની એ વાતથી ખુશ અને રોશન રવાનના બનીને જંગલમાં દોડી ગયા. તેઓએ તે હાથી જેવુ નર કે જેના પંજા સિંહ જેવા અને રંગ લીલો હતો તેને જોયુ. તેને માથાથી અંઘવચ સુધી ચીડી ફાઢીને જખમી કરવામાં આવ્યો હતો. તે ફાડી ખાનારા સિંહ ગુસ્તાસ્બે

જાણે તેની એક ચામડીની બે ચામડી બનાવી હતી. તુરતજ તેઓએ આ જમીન ઉપરના ખોરેહવાલા સુરજ જેવા ગુસ્તાસ્પની પુશકલ તારીફ કીધી. પછી તેઓ ખુશાલ દિલના બની તે જંગલમાંથી પાછા ફરી તે લડાયક સિંહ જેવા આગળ પાછા આવ્યા. મીરીન તેને માટે તેને ઘટે એટલો પુશકલ હદીઓ લાવ્યો પણ તેણે એક બીજા ઘોડા સિવાય બીજું કાંઈ કબુલ કીધું નહી અને ત્યાંથી તે પોતાના ઘર તરફ પાછો ફર્યો. તે દરીઆ માર્ગે પોતાના આરામ લેવાના મઠકે આવી લાગતાંજ ડાહાપણવાલી કેતાયુને તેની આગળ આવીને પુછ્યું કે, "અત્રેથી તુ શીકારે ગયા પછી આ હથીયારો તુંને કયાંથી મલ્યાં?" તેણે એવો જવાબ દિધો કે, "મારે વતનથી એક પૈસાદાર શખ્સોની એક ટોલી આવી છે, તેઓએ મને પોતા તરફની કેટલીક દુવાઓ સાથે આ બખતર, તલવાર, અને લોઢાંની તોપીં ભેટ આપી છે." પછી કેતાયુન તેને માટે ગોલાબી દારૂ લાવી અને તેણીએ સુવા જવાનો વખત થયો ત્યાં સુધી તે પોતાના ધણી સાથે પીધો. પછી તેઓ હુશીયારી સાથે ખુશાલ સુતાં. પણ થોડા વખતમાં તે જવાન શખ્સ પોતે જે જોરાવર નરઅઝદાહ જેવુ વરૂ સ્વપનામાં જોયું હતું તેની સાથે લડાઇ કરતાં જોઇને ચોંકી ઉઠયો. કેતાયુને તેને પુછ્યું કે, "આજ રાતે તુંને શુ થયું છે કે તું હરપળે અગર ફોકટનો ચમકયા કરે છે?" તેણે જવાબ દિધો કે "મેં સ્વપનામાં મારૂં નસીબ અને મારૂં તખત જોયું છે." આથી કેતાયુન સમજી ગઇ કે, તેનું ખાનદાન પણ પાદશાહી છે અને મારી બરોબરનો છે. તેણે આવી મોટાઇ ધરાવવા છતાં મારી આગળ એ વાત કીધી નથી અને વળી તે કયસર આગળ પણ મોટાઇ મેલવવા માંગતો નથી. પછી ગુસ્તાસ્પે તેને કહયું કે "ઓ ચંદ્ર જેવા ચેહેરાની, સીધા સરોવરના ઝાડ જેવી, રૂપેરી છાતીવાલી અને કસ્તુરી જેવા પમરાત વાલી ઓરત! તું તૈયાર થા કે જેથી આપણે ઇરાન જઇએ અને અત્રેથી તે બાધુરોની જગ્યામાં જઇ વસીએ. તું પણ ત્યાંની મુબારક જમીન જોવા પાંમશે તથા વળી ત્યાંના ઇનશાફી અને સખી પાદશાહને પણ જોશે." કેતાયુન બોલી કે, "તું આવી ખાલી બકબક ના કર, અને ઉટાવલે આવી મુશાફરી કરવા ના ચાહા. જો તું અત્રેથી ઇરાનજ જવા માંગતો હોય તો પેહેલાં તે બાબે હીશુઇને એકમત બનાવ, કે જેથી તે તુને વાહાણમાં બેસાડીને દરીઓ પસાર કરાવે, અને તુને ત્યાં એ રીતે લેઈ જઇને તારે માટે જેહાનને તાજી બનાવે. હું તો દુખ વેઠીને પણ અત્રેજ લાંબો વખત રેહેવશ. હું જાણુતી નથી કે તુને હુ પાછો કયારે જોવશ?"

એ રીતે નહી જવાતું બનવાથી તેઓ બધે બીછાનામાં પડી રહયા કીધાં અને દુખને સબબે વગર આતશે બલવા લાગ્યાં. જ્યારે સુરજે ફરતાં આસમાનને દિપતુ કીધુ ત્યારે તે ચાલાક દિલના ઉમેદભર જવાનો બીછાનામાંથી ઉઠયા અને તેરેહવાર વાતો કરી બોલ્યાં કે "જ્યાં સુધી આસમાન આપણા માથાં ઉપરથી ફરતું રહે ત્યાં સુધી જેહાન ગમે તુદાઇથી વર્તે યા દયા દેખાડે."

પેલી તરફ મીરીન પવનવેગે કયસર આગળ ભપકાથી ગયો અને તેને આ પ્રમાણે કહયું કે, "ઓ બુર્જોર્ગીબર્યા નામદાર! પેલાં વરૂથી પુગતી નુકશાંનીનો હવે અત આવ્યો છે. એક નાંકેથી બીજે નાંકે સુધીનું જગલ તે અઝદાહથી ઢંકાઇ ગયુ છે માટે તું પણ તે અજાયબી જોય તો સારૂ તે મારા ઉપર હુમલો કરવા જડપથી આવ્યુ પણ તેણે મારે હાથનો તલવારનો ફટકોજ મેલવ્યો, જેથી તેનુ ડોકુ અધવચ સુધી કપાઇ ગયું છે અને તે દેવતું દિલ એ જખમથી ધાસ્તી ભર્યું બન્યું છે તે હારેમન દેવ જેવા જનુની ચેહેરાતું કાલા કરતકનુ અને બુરી ખસલતનું છે." ૧ કયસર તેની આવી વાતથી નચિત બની અઢેલીને બેઠો. તેનો ચીમરાઇ ગયલો ચેહેરો પાછો ખીલી રહયો પછી તેણે એક બળદનુ ગાદુ ત્યાં લેઇ જઈને વરૂને તે જગ્યાએથી બાહાર લાવવાનો હોકમ કીધો. આથી જે જગલમાં તે વરૂ પડેલુ હતુ તેની નિશાણી મેલવીને તેઓ ત્યાં બલદ જોડેલુ ગાદુ લેઇ ગયા. તેઓએ ત્યા જઇને તે નુકસાન કરનારૂ હાથી જેવુ વરૂ કે જે તલવાર વડે માથાવી તે અધવચ સુધી કપાઇ ગયલું હતું તેને જોયુ ૧ તેથી તેઓએ ત્યાં એક મેજબાની પાળી અને દારૂ, અને વાજીંત્ર સાથે રામશગરોને બોલાવી મગાવી ૧ જે કોઇ લડાઇના અનુભવીઓમાં ખપતા હતા તેઓ બોલ્યા કે "આવો ફટકો કોઈએ પણ કદી માર્યા હશે નહી. ૧ મીરીનની બાજુથી એ કામ બની શકે નહી, તો પણ જેણે એ કામ કીધુ હશે તેને સાબાશી ઘટે છે." ૧ જ્યારે તેઓ તેને જગલમાંથી બાહાર ખેંચી લાવ્યા ત્યારે તું કેહેશે કે જાણે પાહાડ પણ ધ્રુજવા લાગ્યો. તે વરૂને જોવાને જેહાનનુ લોક ઉતરી પડયું વળી તે વરૂ પણ કેવું કે જોરાવર નર અઝદાહના જેવુ! જ્યારે કયસરે તે મસ્ત હાથીના જેવા શરીરનું વરૂ જોયું ત્યારે તેણે ખુશાલીથી તાલી પાડી કયસરે તેજ દાહાડે શાક્ષીઓને બોલાલી મંગાવ્યા અને મીરીનને એક મેહેલ તેમજ

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

પોતાની બેટી આપી. પછી તેણે ધર્મગુરૂઓ ઉપર, ઉમરાવો ઉપર તથા શેહેરના સરદારો ઉપર નામાં લખાવ્યા કે "સિંહ જેવો મીરીન રૂમનો એવો એક નામદાર છે કે જેણે આ મુલકને પેલા જોરાવર વરૂથી છોડવ્યો છે"

હરૂન નામના શખ્સે રૂમના કયસરની ત્રીજી બેટીની માંગણી કીધી તે વિષે.

મીરીનથી નાની ઉમરનો એક બીજો સખ્સ હતો કે જે પણ રૂમના પેહેલેવાનો વચે નામદારી મેલવનારો ગણાતો હતો તે પુર મનશનીવાલા શખ્સનુ નામ હરૂન હતુ અને તે તાંબા જેવું શરીર ધરાવનારા બુજોર્ગોની તાખમથી ઉતરેલો હતો જ્યારે તેણે પોતાના જાત ભાઇને આવી નેકનામી મેલવતાં જોયો તથા તેના કામની સારી સરૂવાત થવા સાથે ભલુ સેવટ આવેલું જોયુ, ૧ ત્યારે તેણે કયસર ઉપર પેગામ મોકલાવ્યો કે, "ઓ નેકનામ સરદારોના નામદાર સરદાર! મીરીનના કરતાં પણ હુ હર વાતે ખાનદાનમા, ખજાનો ધરાવવામાં, તલવાર વાપડવામા અને હુનર ધરાવવામા પણ ચઢીયાતો છુ મારી પાસે પુશકલ લશકર તેમજ ખજાનો પણ ઘણો છે. મરદાનગીમાં મને પોતાને કોઇ પણ પુગી શકવાનો નથી. ૧ માટે હવે તુ તારી નાની બેટી મને બક્ષ અને મારાથી તારા મુલક અને તાજને દિપતુ બનાવ." કયસરે તેને જવાબ કેહેવાડયો કે "મારા મુલકાની સંભાળ કરનારાઓ સાથે તે પણ મારો હોકમ તા સમજ્યો હશે કે આ મારી બેટી પણ પોતાનો ધણી પોતાને હાથે ચુટી કાઢીને મારા વડીલોની હદ કુદાવી શકશે નહી. તેથી તારે પણ મીરીન માફકનુજ એક કામ કરવુ પડશે અને પછીજ તુ મારો બરોબરીઓ બની શકશે, સકીલા નામના પાહાંડ ઉપર એક અઝદાહ છે કે જેને લિધે તમામ જેહાન ચાલુ બલામા ફસેલી રહે છે. માટે તુ પણ તે અઝદાહને રૂમમાથી ઓછો કરશે તોજ હું તુંને મારી બેટી, ખજાનો અને મુલક આપશ તે અઝદાહનો બરોબરીઓ સિહોને પણ મારનાર હોવો જોઇએ. તેના ઝેહેરનો ફુપારો હારેમનના ફાંડા જેવોજ છે" ત્યારે હરૂને તેને જવાબ કેહેવાડયો કે "હુ તારો હોકમ બજા લાવશ. અને તારી ઇચ્છા બજા લાવતા હુ મારો જાન પણ કુરબાન કરશ." પછી તેણે પોતાના દોસ્તોને એ પ્રમાણે કહયુ કે, "આ વરૂને કીધેલો જખમ કોઇ બાધુરના હાથ થવા સિવાય બીજાથી થઇ શકે નહી. આવુ કામ મીરીનથી બનીજ કેમ શકે? કયસર કાંઇ માણુસ માણુસ વચેનો તફાવત સમજી

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

શકતો નથી. માટે હું જઇને સે મીરીનને પુછશ કે તે યુક્તિબાજે શું ઉપાય તે માટે અજમાવ્યો હતો." આથી તે જડપથી મીરીનના મેહેલ તરફ ગયો. જેથી તેના નોકરે જઇને મીરીનને તે ખબર આપી. જેવું મકાન મીરીન ધરાવતો હતો તેવું મકાન આસમાન ઉપર ચંદ્ર પણ ધરાવતો હતો નહી. જેહાનનો જીતનાર મીરીન ત્યાં એક મોટા દરજ્જાના બાહુર માફક બેઠો હતો તેના માથા ઉપર કયસર તરફનું મલેલું એક તાજ હતું. નોકરે આવીને તેને કહયુ કે, "પીલતન હરૂન પોતાના રસાલા સાથે આવી લાગ્યો છે." આથી તેણે તેને લાયકની બેઠક તૈયાર કીધી અને તુરતજ હરૂન ઘટતી રીતે આવી લાગ્યો પછી ત્યા ભેગા મલેલાઓથી તે જગ્યાને ખાલી કીધી જેથી ત્યાં ઘરધણી સિવાય બીજું કોઈ રહયું નહી. મીરીને તેને જોતાંજ તેની સાથે બગલગીરી કીધી અને તે મોટા દરજ્જાના શખ્સની આગતાસ્વાગતા કરવા માંડી ફકટ તે બધે મોટા દરજ્જાના શખ્શો કે જેઓ તખતે બેઠેલા હતા તેઓ સિવાય મીરીનના દીવાનખાનામાં જ્યારે કોઇ માણુસ રહયો નહી ત્યારે હરૂન બોલ્યો કે, "જે કાઇ હુ તુંને પુછું તેનો કાંઈ પણ જુઠુ બોલ્યા વગર જવાબ દેજે. કયસરની નાની બેટી કે જેણી રૂમમાં સઘલાઓની વડી ગણાય છે તેને હું મેલવવા ઇચ્છા રાખુ છું. મેં જ્યારે કયસરને તે માટે કેહેવાડયુ ત્યારે તેણે તેનો એવો જવાબ દિધો કે, 'તારે પેલા પાહાડ ઉપર અઝદાહ સાથે લડાઈ કરવી.' તેથી જો તું પેલાં વરૂની લડાઇ કેમ થઇ હતી તે માટે મને કેહેશે તો તું મારો મોટો મદદગાર ગણાશે." જ્યારે મીરીને હરૂનની એવી વાત સમજી ત્યારે ને દુખી થઇને વિચાર કરવા લાગ્યો કે "જો હુ હરૂનને પેલા નામદાર જવાનના કામ માટે નહી કેહેવશ તો પણ તે કાઇ છુપ્યુ રેહેવાનુ નથી. સચાઇજ માણુસાઇપણાનો ખજાનો છે. અને જુઠાઇ તથા દગા માટે રડવું પડે છે. તેથી હુ તેને પેલા લડાયક સ્વારનીજ વાત કહુ કે જેથી તે પેલા અઝદાહનું ડોકુ પોતાની બગલમાં ધરી શકે. કારણ કે તેથી હરૂન મારો મદદગાર અને દોસ્ત બનશે અને દુશમનની મુઠીમાં પવન સિવાય બીજુ કાંઈ જવા દેશે નહી. પછી હમે તે સ્વારના દિલ ઉપરથાં પણ ધુલ ઉડતી કરીશું (યાને તેને મારી નાખીશું), કે જેથી એક જમાના સુધી એ ભરમ છુપ્યોજ રહે"

પછી તેણે હરૂનને એ પ્રમાણે કહયું કે, "હું તુને તે વરૂના કામની વાત ક્યારે કહું કે તુ મોટા સોગદ ખાય કે તે વાત દિસે યા રાતે કોઇને કદી પણ કેહે નહી અને તે કેહેવાને તારા બે હોટ ખોલે નહી." આથી હરૂને તેને સખત

સોગંદ આપ્યા તે લિધા અને તેની તમામ શિખામણો કબુલ રાખી. પછી તેણે કાગજ તરીકે એક કોરૂં કપડું લિધુ અને મીરીને હીશુઈ ઉપર એક નામું લખ્યું કે, "જેહાનનો સોધનારો હરૂન કયસરના ખાનદાનનો છે અને તે ખજાનાવાલો અને ઇનિશાશી શખ્સ છે તે પણ કયસરની બેટીઓ-માની નાની બેટીની માંગણી કરે છે. હવે કયસર હરૂનને માટે એક અઝ-દાહની જાલ બનાવે છે કે જે અઝદાહનુ ડોકું જુદુ કરવાની તે કોશેષ કરે. આથી તે મારી આગળ ઉપાવ સોધતો આવ્યો છે કે જેથી તે ભરમ તેની આગળ ખુલ્લો થાય. મેં તેને પેલાં વરૂ વિષે તથા પેલા અનુભવી લડાયક સ્વાર વિષે વાતો કહી છે કે જેથી તે સઘલી વાત તેને કામ લાગે માટે જેમ તેણે મારૂ કામ સુધારી આપ્યું હતું તેમ બેશક તે તેનું પણ કામ સુધારી આપશે અને તે આ જમીનના બે શખ્સોના શરીરને ઉંચાઇએ ચઢાવશે તથા તેઓ બન્નેના માથાં ઉપર સુરજના જેવું તાજ મુકશે." હરૂને તે નામું તે તદબીર કરનારા શખ્સે પાસેથી લેઇને હીશુઇ નજદિક ચાલવા માંડયું. હરૂન તે દરીઆ આગળ આવી લાગતાંજ જેહાનનો અનુભવી હીશુઈ તેની આગળ દોડી આવ્યો. તેણે તે દિલ પસંદ નામું તેની પાસેથી લિધું અને તેની તારીફ કરતાં તે નામુ ખોલ્યુ. પછી તેને હીશુઇએ કહયુ કે, "એક બાગ દોસ્તથીજ વેરાન બને છે એમ શું તું જાણતો નથી ? તે પરદેશી અને જવાન નામદાર શખ્સે તો મીરીનને માટે પોતાનો જીવ ફીદા કીધો હતો. પણ હવે જો તે પેલા નરઅઝદાહ સાથે લડશે તો તે કોશેષમાં તે પેલા અઝદાહથી છુટકો પાંમી શકશે નહી. આજની રાત તો તુ મારી મેજબાની કબુલ કર. તારૂં ફાનસ મુકી દે અને તું તારાં દિલને આ દરીઆથી ખુશ કર. કાલે જ્યારે પેલો નામદાર પેહેલ-વાન આવી લાગશે ત્યારે હુ તેને એ વાત કહીશ પછી તારે તેને જે કાંઈ કેહેવુ હોય તે કેહેજે." પછી તેણે બતીઓથી દરીઆના પાણીને આરસ્તા કીધા અને ત્યાં ખાણુ ખાઇને પછી દારૂ મંગાવ્યો. એમ કરતાં જ્યારે આ બલુ આસમાન ઉપર પીલા યાકુત (સુરજ)નું અજવાલુ બાહાર પડયું ત્યારે હરૂનને દરીઆ તરફ દુરથી એક સ્વારના આવવાથી ઉડતી ધુલ જણાઇ. તેણે હીશુઇને કહયુ કે "પેલો સિંહ જેવો શખ્સ આવી લાગે છે કારણ કે જમીન ધુલથી કાલી બની ગઇ છે" જ્યારે તે ઘણો નજદિક આવી લાગ્યો ત્યારે તે બંધે રોશન રવાનના શખ્સો દોડતા તેને સામા લેવાને ગયા. તે લડા-યક સ્વારે ઘોડા ઉપરથી નિચે ઉતરતાંજ તે નામદાર પાસે દારૂ અને ખાવાનું માંગ્યું. હીશુઇએ જડપથી પોતાનો હોટ ખોલીને કહયું કે, "આ

નામદાર ! તું દિસે અને રાતે ખુશાલીજ પાળતો રેહેજે. આ કયસરના ખાનદાનનો પેહેલવાન કે જેનાથી ફરતું આસમાન ખુશી રહે છે તેના તરફ તુ નજર ફેરવ. તે કયસરોથીજ પોતાનુ તોખમ ધરાવે છે તેમ વળી તે દમામ, ખજાનો અને નામ ારી ધરાવે છે તેને પણ કયસરનો જમાઇ બનવાનો વિચાર છે અને તેથી તે કામમાં તે પોતા માટે કોઇ મદદ-ગાર માગે છે આવો દમામ, ઉચાઇ અને ગરદન ધરાવનાર શખ્સ કયસરો સિવાય બીજા કોઈ સાથે બરોબરી કરી શકે નહી તેથી એ નામદાર શખ્સ કયસરનીજ છોકરી સાથે આરામથી રેહેવા ઇચ્છે છે તેણે તેની પાસે તેની બેટીની માગણી કીધી હતી અને તેનો જવાબ પણ તેણે મેલવ્યો છે માટે હાલે તને એક બીજો ઉપાય કરવો પડશે. કયસરે તેને કહેવાડયુ છે કે, 'જો તુ કયસરની કુવારી બેટી સાથે સગપણ કરવા માંગતો હોય તો તારે પેલા અઝદાહને પકડવો પડશે.' રાત અને દિવસ મોટા દરજ્જાના શખ્સો આગળ મીરીનના નામ સિવાય કયસર બીજા કોઇનુ નામ દેતો નથી. જે મીરીન માફક કીર્તી અને દોલત ધરાવે તેજ તેના તખતને દીપાવી શકે એમ તે ધારે છે અત્રેથી થોડે દુર એક ઉચો પાહાડ છે જ્યાંની સઘલી જગ્યા એક વખત ખાવા પીવા અને મોજ કરવાને લાયકની હતી. એ પાહાડને મથાલે હાલે એક અઝદાહ રહે છે કે જેને લિધે રૂમના લોકો પુશકલ હેરાન થાય છે. આસમાન ઉપર ઉડતાં ગીધોને તે નિચે ખેંચી લે છે અને બીહામના મગરને તે દરીઆમાંથી બાહાર ખેચી કાઢે છે તેનો ધુમાડો અને ઝેહેર જમીનને બાલી નાખે છે. ત્યાની જમીન ઉપર આસમાન આફ્રીન પોકારતુ નથી. જો તે તારે હાથે માર્યો જશે તો તમામ જેહાનમાં અજબ વાત ગણાશે. અગરજો પાક યઝદાંન તારો મદદગાર થાય તો ફરતો સુરજ પણ તારી ઇચ્છા મુજબ ચાલશે. માટે તારા કદાવર અંગથી અને હાથના જોરથી તુંજ તે અઝદાહને તારી તલવાર વડે મારી શકશે.''

ગુશતાસ્પે સકીલાના પાહાડ ઉપરના અઝદાહને માર્યો તે વિષે.

જ્યારે ગુશ્તાસ્પે હીશુઈનું કેહેવું સમજ્યુ ત્યારે તેણે તે કામ બની શકશે એમ જોયું. તેથી તેણે તેને કહયુ કે ''જા અને એક લાંબી તલવાર તૈયાર કર તથા પાચ વાર લાંબી એક લાકડી બનાવી તેની દરેક બાજુએ જાણે શાપના દાંતો હોય તેવા કાંટાના જેવા ભાલાઓ ખોસ ને ભાલાઓને એવી રીતે ઝેહેરનુ પાણી પાજે કે જેથી તે ભાલાઓ તિક્ષણ અને રગ પ્રાણી પાયલાં

ઓઢાંના જેવો હોય. બીજું એક બખતર સાથનો અને મારા પાદશાહી પોશાકનો ભાર ખમી શકે એવો એક ઘોડો પણ તું લેઇ આવ. પછી હું ઝાડ ઉપર ચઢી બેસીને ફતેહમંદ યજદાંનના હોકમથી તેને મારીને ઉંધો નાખશ." આથી પોતાનું કામ સીધું ઉતરવાથી હરૂને ત્યાંથી જઇને ગુસ્તાસ્પે જે કાંઈ મંગાવ્યું હતું તે તેણે લાવી આપ્યું પછી તે દરીઆ આગળથી પોતાના ઘોડા ઉપર બેઠો અને પોતાના દોસ્તો સાથે ત્યાંથી આગળ વધ્યો. હીશુઇએ તે સકીલાનો પાહાડ જોતાંજ ગુસ્તાસ્બને તે ઉચે દમે આંગળી વડે દેખાડયો. પછી જ્યારે સુરજે ઉચાઇએથી ભાલા ફેંકવા માંડયા ત્યારે હીશુઈ અને હરૂન તે રસ્તેથી પાછા ફર્યાં. જેહાનને સોધનાર ગુસ્તાસ્બ તે પાહાડ કે જે જગ્યાએ નહી વાબે થઇ શકે એવા સાંપનું રેહેઠાણ હતું ત્યાંજ રહયો. પછી તે જવાને પોતાની તોપી ઘોડાના જીન ઉપર ઓલવી અને તે સાંપના ફુફારાથી અને મોતથી પોતાના દિલને નચિંત બનાવ્યું. ગુસ્તાસ્બ તે પાહાડ આગળ જઇ લાગ્યો ત્યાં સુધી આગળ વધ્યો અને પછી તે અઝદાહને ગભરાવવા તેણે એક પોકાર માર્યો. તે અઝદાહે તેનું કદાવર અંગ જોતાંજ તેને દમવડે પોતાની તરફ ખેચવા માંડયો પણ ગુસ્તાસ્પે જેમ ગુલનાર ફુલ પોતાના પાદડાં ખેરની નાખે તેમ બરફના કરાંની માફક તેના ઉપર તીરોનો વરસાદ છોડયો. જ્યારે તે અઝદાહ તેની ઘણો નજદિક આવી લાગ્યો ત્યારે તે જવાને તેનાથી છુટો રહેવાની કોશેષ કરવા માંડી તેણે તુરતજ નેકી પોહોંચાડનાર પરવરદેગારની યાદ કરીને તેના મોઢામાં પોતાનું ખંજર ખોસી દિધું. અઝદાહે તે ખંજર ઉપર પોતાના અણીયાલા દાંત માર્યાં જેથી તેના જાચાંમાં તમામ ભાલાઓ ભોકાઇ ગયા. તે જ્યાં સુધી સુસ્ત બન્યો ત્યાં સુધી તેણે ઝેહેર ઉડાર્યાં કીધું જેથી તેના ઝેહેર અને લોહીથી તે તમામ પાહાડ ભીંજાઇ ગયો. પછી તે સિંહ જેવા શખ્સે તુરતજ પોતાનો હાથ તલવાર ઉપર લંબાવ્યો અને તે જોરાવર અઝદાહના મોઢાં ઉપર તેણે તેનો ફટકો માર્યો. તેથી તે એવો જખમી થયો કે ફરીથી ઉડવા પાંમ્યો નહી. તેણે તેના બરૂની માફક બે ટુકડા કરી નાખ્યા.[૧] આથી ત્યાંના સખત પથરે ઉપર તેનું મગજ બાહાર નિકળી પડયું પછી તે નેકબખત પેહેલવાને ઘોડા ઉપરથી નિચે ઉતરી પેહેલા તે અઝદાહના બે દાંત તોડી લિધા. ત્યારબાદ તેણે ત્યાંથી જઇને પોતાનું દિલ ધોઇ નાખ્યું અને ફતેહમંદ પરવરદેગાર કે જેણે તેમે પેલાં વરૂ અને જોરાવર અઝદાહ ઉપર ફાવવાને આવું બુજોર્ગીભર્યું જોર બક્ષ્યું હતું તેની આગળ મોટેથી બંદગી કરતાં પોતાનું માથું ધુલ ઉપર નાંખ્યું અને બંદગી કરતાં બોલ્યો કે, "સોહરાસ્બ અને

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

મુબારક જરીર તો ગુસ્તાસ્બના શરીર અને જીવ માટે ધરાઇ બેઠા હશે. હાલે તેઓ મને સ્વપને જોવા સિવાય બીજી રીતે લડાઇમાં કે ખુશાલીની મીજલશમાં તથા દારૂ પીવાની જગ્યાએ જોશે નહી એમ ધારતા હશે. હું તો મેહેનત મજુરી સિવાય ફરતાં આસમાનથી બીજુ કાંઈ જોતો નથી. સઘલે ઠેકાણેથી ઝેહેરના ઉપાયને બદલે ઝેહેર રેડી મુકેલુજ મને જણાય છે જો પરવરદેગાર મને તે પાદશાહનો તથા બીજો મુબારક જરીરનો ચેહેરો જોવાને લાંબી જીદગી બક્ષે તો હું તેને કહું કે 'હવે હું તાજ મેલવવાથી ધરાઇ ગયો છું' [1] અને તખત મેલવતાં મારી ઉપર શું શુ વીટયુ છે. જ્યારથી હું તખત મેલવવા ગયો છું ત્યારથી મારૂં ભલું નસીબજ ગુમ થઇ ગયુ છે'" પછી તે પોતાના હાથમાં પણી પાયલી તલવાર પકડીને આસુભર્યા ચેહેરા સાથે ઘોડા ઉપર બેઠો. જ્યારે તે હીશુઈ અને હરૂન આગળ આવી લાગ્યો ત્યારે તેણે તેઓ આગળ જે કાંઈ અજાયબી જોઈ હતી તે વીસતારીને કેહેતાં બોલ્યો કે, "પેલો અઝદાહ આ તિક્ષણ ખંજર આગળ લાચાર થઈ પડયો છે જ્યારે તમો તો આ ભારી અઝદાહના ફુંફારાથી અને વરૂના કામથી ધાસ્તીભર્યા બન્યા હતા. મારે મનથી તો બાધુર સરદારો તથા ભારી ગુરજવાલા નામદારો સાથની લડાઇ ઉડા દરીઆમાતું મગર લડવાને બાહાર આવે તે કરતા વધારે મુશકેલ લાગે છે મેં તો આવા આવા અઝદાહો ઘણા જોયા છે અને તેઓ સાથે લડતાં મે કદીપણ મારૂં મોઢું ફેરવ્યુ નથી." હીશુઇ અને હરૂને તે જવાન પણ અક્કલમાં બુજેર્ગી ભર્યા શખ્સની વાત સમજ્યા કીધી. પછી તુરતજ તે બંધે નામદારો તેની આગળ ગયા અને તેને નમન કીધુ. તેઓએ ગુસ્તાસ્પને કહયુ કે, "ઓ સિંહ જેવા શખ્સ! કોઇપણ માતા તારા જેવા બાધુર શખસને જનમ આપશે નહી. જેહાનનો પરવરદેગાર તારો મદદગાર રેહેજો, કારણ કે તારાંજ જોરથી હમારૂં કામ પાર ઉતર્યું છે." પછી હરૂન તેને માટે પુશકલ સામાન તથા મોઘી કીંમતના સગારેલા ઘોડાઓ લાવ્યો. તેમાથી તેણે એક તલવાર, ઉચી તોખમનો એક ઘોડો, એક કમાન, દસ તીર અને એક કમંદ કબુલ રાખી અને જે કાંઇ દીનાર, કપડાના તાકા તથા બીજુ જે સઘલુ હતું તે તેણે હીશુઇને આપી દિધુ. પછી ગુસ્તાસ્પે તે નામદારોને આ પ્રમાણે કહયુ કે, "મે આ નરઅઝદાહને જોયો છે અને પેલા વરૂનો સાધ મે સમજ્યો છે એવી ખબર આ શખ્સોમાંથી કોઇ પણ જાહેર કરે નહી." પછી તે ત્યાંથી ખુશાલી સાથે અને ખુશ મીજાજે ચાલી ગયો અને ભપકા સાથે

---

[1] એ બેત લખેલી નકલમાં વધારે છે.

કેતાયુન આગળ આવ્યો. પછી હરૂન જઇને એક અઝદહાનું ગાડું લાવ્યો અને તેણે તે અઝદાહનું શરીર પોતાના નોકરોને સોંફતાં કહયું કે "તમો આ અઝદાહને કયસરની દરબારમાં લશકરના બુજોર્ગોની આગળ લેઈ આવો. પછી તે બલદના ગાડાંની આગમચ ભપકાથી કયસર આગળ ગયો. એ ખબર રૂમમા ફેલાવાથી જેહાનના અનુભવી શખ્સો તે જોવાને ત્યાં ઉટાવલે આવ્યા જ્યારે તે બલદનું ગાડું પાહાડ ઉપરથી જંગલમાં આવ્યુ ત્યારે તે બીહામના અઝદાહને જોઇને તથા તેના ઉપર કીધેલા આવા જખમોને લિધે લોકો અજાયબીના પોકારો કરી રહયા. તે અઝદાહને લિધે ગાડામાં જોડેલા બલદોને ઘણુ દુખ ખમવુ પડતુ હતુ અને તેના પૈડામાંથી ચકવા પક્ષી જેવા ચીચવાતા નિકળતા હતા તુ કેહેશે કે તેને ખેંચવાની તે બલદોમાં શક્તિજ નથી. જે કોઈ તેને મારવામા આવેલો જખમ જોતું તથા ગાદાંનાં બલદોના પોકાર સમજતા તેઓ એમજ કેહેતા કે "આવો જખમ હારેમનજ મારી શકે. પણ હરૂનની તલવાર અને ખંજરથી એમ બની શકે નહી" તુરતજ કયસરની પણ સ્વારી મેહેલમાથી આગળ વધી અને તે પોતાની સાથે બુજોર્ગો અને દાનાવોને પણ બોલાવી લાવ્યો. તે અઝદાહના માર્યા જવા માટે એક જશન કરવામા આવ્યું જે બામદાદથી તે મધરાત સુધી પાળવામાં આવ્યુ. જ્યારે સુરજે અ.સમાન ઉપર આવી પોતાનું તાજ પેહેરયુ અને દુન્યાનો શીશમ જેવો ચેહેરો સુનેરી પાણી (તડકાં) વાળો બન્યો ત્યારે કયસરે શાક્ષીઓને બોલાવી મંગાવી તેઓને પોતા પાસે સુનેરી તખત ઉપર બેસાડયા વળી તેણે શેહેરના પાદરીઓને,[૧] ધર્મગુરૂઓને તથા જે કોઇ અક્કલનો હીસ્સો ધરાવતા હોય તેવા દરેકને ત્યાં બોલાવ્યા અને પછી કયસરે પોતાની બેટીને તેની મેહેરબાન માયના હોકમથી હરૂન સાથે પરણાવી. જ્યારે મેહેલમાથી લોકો પાછા વિખેરાઇ ગયા ત્યારે તે નામદારનુ દિલ એ વાતથી તાજુ બન્યું. તે કયસર એ પ્રમાણે બોલ્યો કે "આજનો દાહાદો જાણે મારેજ માટે સરજાયલો છે અને ઉંચું આસમાન પણ મારાં દિલને દિપાવનાર બન્યું છે કારણ કે મારા બે જમાઇ જેવા જમાઈઓ દુન્યામાં કોઇ પણ મોટા યા નાના દરજજાના શખ્સોએ મેલવ્યા

---

૧ અત્રે ફીરદુસી પાદરી બોલ વાપડે છે તે એવા હેતુથી કે તેના ધારવા મુજબ એ ગુશ્તાસ્બના રાજય અગાઉ દુન્યામાં ખ્રીસ્તી ધરમ ફેલાયો હતો અને રોમનો ખ્રીસ્તી હતા પણ જે વખતે લોહરાસ્બ રાજય કરી ગયો તે દીંગામમાં તો રોમનો મુર્તીપુજક ધરમ પાળતા હતા.

હશે નહી." પછી તેણે દરેક સરદારો કે જેઓ તાજ તખતના માલેક હતા તેઓ ઉપર નામા લખાવ્યાં કે "બે જોરાવર શખ્સોને હાથે પેલો નરઅ-ઝદાહ તેમજ પેલું બાધુર વરૂ મારયું ગયુ છે."

ગુશ્તાસ્બે રૂમના મેદાનમાં કયસર આગળ પોતાના હુનરો દેખાડયા તે વિષે.

કયસરના પોતાના મેહેલમા એક તમાસો કરવાની જગ્યા હતી જે તેના પ્રકાસ્તા તખતની માફકનીજ બનાવેલી હતી. ત્યાં તેના બે જમાઇઓ મેદાનમાં ઉતરીને કયસરના દિલને ખુશાલ રાખતા હતા. તેઓ ત્યાં તીર ફેકતા, ચોગાન રમતા, બાલા મારતા અને એવી તરેહવાર ઘોડા ઉપરની કસરતો કરી બતલાવતા હતા. એ પ્રમાણે તેઓ દાવા અને જમના હાથ ઉપર હુમલા લેઇ જતા હતા. તું કેહેશે કે "તેઓ માટે જાણે સ્વારીજ કરવી લાયક હતી." એ પ્રમાણે એક લાબો વખત વહી ગયો. એક દાહાડો ડાહી કેતાયુને ગુશ્તાસ્બ આગળ આવીને કહયુ કે "ઓ દલગીરીમા બેસી રેહેતા શખ્સ ! તું શા માટે દિલને એમ વિચારવંત બનાવી દલગીર રહે છે? રૂમનાં બુજોર્ગો વચે તાજ, તખત અને ખજાનાવાલા બે મોટી પડવીના શખ્સો છે. એકે પુશકલ આફતો જોવા છતાં ત્યાંથી પાછો હટીઆ વગર એક નરઅઝદાહને મારી નાખ્યો છે જ્યારે બીજાએ પેલાં વરૂનું ચામડુ ચીરી કાઢીને આખા રોમને ચકચાર ભર્યું બનાવ્યુ છે. તેઓ હાલે કયસરના મેદાનમા લડાઇ અજમાવી ધુલને આશમાન સુધી ઉડતી કરે છે. તેથી તુ પણ જ્યાં કયસર છે ત્યા તે જોવા જા કે જેથી તારાં દિલનું દુખ ઓછુ થાય" ગુસ્તાસ્બે તેણીને જવાબ દિધો કે, "ઓ ખુબસુરત ઓરત ! મને કયસર કયાથી યાદ કરે અને કયાથી મારા તરફ મોહબત દેખાડે ? તેણે તો તુને મારી સાથે શેહેર બાહાર કાઢી છે. તેથી તે મને જોઇને દોસ્તી કયાંથી દેખાડવાનો છે? તોપણ ઓ મારી રેહેનુમાઈ કરનારી ઓરત ! જો તારો એવોજ વિચાર હોય તો તે તારા વિચારથી હું ફરશ નહી." પછી તેણે ઘોડા ઉપર જીન બાંધવાનો હોકમ કીધો અને ઘોડા ઉપર બેસી ત્યાંથી રસ્તો કાપવા માંડયો. કયસરના મેદાનમાં આવી પોહોચતાંજ ત્યાં જે ચોગાનની રમત રમાતી હતી તે જોવાને તે ઉભો પછી તેણે તેઓ પાસેથી એક દડો અને ચોગાનની લાકડી માંગી લેઇને તે દડો સ્વારોની વચે સીધો ફેંકયો. ત્યારબાદ તેણે ત્યાંથી ઘોડાને દોડાવી મુકયો જેથી તે સઘલા પેહેલવાનોના હાથ પગ ધીલા થઈ ગયા. મેદાનમાનું કોઇપણ તેણે ફેંકેલો દડો જોઈ શકયું નહી. જાણે તે તેના મારેલા ફટકાથી હવામાં ગુમ થઈ ગયો હતો ! તેના દડાને જે

સ્વારો જોવા પાંમતા તેઓ તેને લાકડીથી ઉટાવલે મારી પણ શકતા હતા નહી. આથી તે રૂમીઓના ચેહેરા તુરતજ ઉતરી ગયા અને સઘલા ધીમે અવાજે અપસ અપસમાં વાત કરવા લાગ્યા. પછી કેટલાક બાધુર સ્વારો કમાન અને ખડંગ લાકડાંના તીર સાથે બાહાર પડયા. પેહેલવાન ગુસ્તાસ્બ એમ જોતાંજ બોલ્યો કે, "હવે હુનરને છુપાવવો જોઇતો નથી." તેથી તેણે પણ ચોગાનની લાકડી ફેંકી દેઈ હાથમાં કમાન ધરી અને કમાન ઉપર ચઢાવેલા તીરવાલો હાથ માથાં ઉપર ઉંચે ધર્યો. જ્યારે તે નામદાર તરફ કયસરની નજર પડી અને તેણે તેના આવા હાથ, ગરદન તથા તેના ઘોડાની લાંબી રેકાબ જોઇ ત્યારે તેણે પુછયું કે, "આ એમ જમની અને દાવી ગમ ફરતો રહેતો સ્વાર કયાથી આવ્યો છે? ઘણા પણ નામદારી ભર્યા પેહેલવાનોને જોયા હશે પણ આવી રીતના સ્વાર વિષેતો સમજ્યું પણ નથી. તમો તેને અત્રે બોલાવો કે જેથી તે કોણ છે તે હું તેને પુછુ. તે કોઇ ફરેસ્તો છે કે નામદારી સોધનારો કોઇ આદમી છે." આથી ગુસ્તાસ્બને તેની આગળ બોલાવવામા આવ્યો, જેથી તેનુ બુરૂ ઇચ્છનારા શખ્સોના દિલ દુખી બન્યાં. તેણે ગુસ્તાસ્બને પુછયું કે "ઓ લડાયક સ્વાર! તથા ઓ સ્વારોના સ્વાર અને લડાઇના તાજ! મને કેહે કે તારૂં નામ શુ છે? તારૂં શેહેર કયું છે? અને તું કોણુના ખાનદાનનો છે? ગુસ્તાસ્બે તેને એ બાબે કાંઈ પણ જવાબ દિધો નહી, પણ તે એ પ્રમાણે બોલ્યો કે "પેલો કમીનો પરદેશી શખ્સ કે જેને કયસરે શેહેરમાંથી દુર કાઢી મુકયો છે તે હું છું. હું તારો જમાઇ બનવાં છતાં તેં મને શેહેરમાંથી બાહાર હાકી કાઢયો જેથી કોઇ પણ દરબારના દફતરમાં મારૂં નામ વાચી શકતો નથી. કેતાયુને પોતાના ધણી તરીકે એક પરદેશીને ચુટી લેવાથી કયસરે તેના ઉપર જુલમ ગુજાર્યો છે તેમ કાંઇ તેણીએ પોતાના રેવાજ વિરૂધ કીધુ નથી. તેથી તેણીની સચાઇને સબબે તેની સામે ખુવારી આવી ઉભી છે. પેલુ જંગલમાનું નુકસાનકારક વરૂ તથા પેલો પાહાડ ઉપરનો જોરાવર અઝદાહ એ બંનેના ડોકાં મારા કીધેલા જખમથી ભોંયે પડયાં હતાં એ કામમાં હીશુઇએ મને માર્ગ દેખાડયો હતો કારણ કે તે વરૂ અને અઝદાહના દાતો તો મારા ઘરમાજ છે. તેઓ ઉપર થયલા તલવારના ઘાહા મારી તરફની નિશાણી હતી. માટે તું હીશુઇને એ વાત પુછી જો. એ કામ તુરતનુજ બનેલુ છે અને ઘણા વખતનું બન્યુ નથી. એ કામથી મારૂ પણ સર ઉંચુ ચઢયુ છે અને હવે હું યકીન રાખુ છું કે હું પણ તારા જમાઈ લાયકનો થડયો છું." [૧] જ્યારે હીશુઈ કયસર

---

૧ એ બેત લખેલી નકલમાં વધારે છે.

આગળ આવ્યો ત્યારે તે પોતા સાથે પેલા દાનો પણ લાવ્યો હતો. તે દેખાડી તેણે તેની આગળ સઘલી બનેલી વાતો કહી સમજાવી આથી કયમર તેની માફી ચાહાતાં બોલ્યો કે, "એ જવાન! હવે તારો ગેરઈનસાફ દુર થયો છે. હાલે મોટા દરજ્જાની કેતાયુન ક્યાં છે? જો તેણી મને જુલમગાર ગણુતી હોય તો તે પણ વાજબી છે" પછી તે મીરીન અને હરન ઉપર ગુસ્સે થઇ બોલ્યો કે, "કોઇ વાત કદીપણ છુપી રેહેતી નથી? તમોએ યુકિત રચી મારા મગજને સીહા બનાવ્યુ પણ તમારૂ આવુ કામ સોભા ભર્યું ગણાય નહી."૧ પછી તે તુરતજ પાક વિચારે પસ્તાવો કરતો ઘોડા ઉપર બેઠો વળી કયસરે ચાલીસ નામીચી તુરકી દાસીઓ ત્યાંથી જઇ પોતાની બેટીને સમજાવવાનો અને એ કામમાં પોતાની પાક સમજ વાપડવાનો અને તેની બેટીને તે મુજબ તેના મેહેલમાં તેડી લાવવાનો હોકમ કીધો કેતાયુને જેવી તેઓને જોઈ અને પોતાના વરને બાપે કબુલ રાખ્યાની વાત સમજી ૧ તેવીજ તેણી તુરતજ ઘોડા ઉપર બેસીને તે નેક વિચારના બાપ આગળ પસ્તાવો કરતી આવી ૧ તે બાપ કેતાયુનને દરબારમા આવેલી જોતાજ તેની આગળ દોડી ગયા ૧ તેણે તેણીનો ચેહેરો જોતાંજ ખબર અંતર પુછી અને પછી બોલ્યો કે "તું ઘણીજ દાનાવ છે. ૧ અને ડાહયા માણસોના જેવુ દિલ ધરાવે છે. પણ એમ પરવરદેગારની મરજીથી બન્યુ છે" ૧ એ રીતે તે બેટીને પોતાના રેવાજ મુજબ કબુલ કીધા બાદ પાદશાહે તે બેટીને કહયું કે "મારા સારા વખત સાથે પાકીજેહ જોડાન કરનારી ઓરત! તું હવે જેહાનમા મારી જમની આંખ જેવી ગણાશે અને તારા સિવાય મારૂં દિલ બીજી કોઇની ખાહેશ કરશે નહી. હવે તુ તારા ધણી અને સાથીને તેનો ભરમ પુછ કે તેની આરામ કરવાની જગ્યા અને તેનુ શેહેર કયાં છે? તથા તે કોણના ખાનદાનનો છે? તારીજ આગળ તે પોતાનો ભરમ કહેશે. હમારી આગળ તે કાંઇ ખરૂ કેહેશે નહી." તેણીએ તેને જવાબ દિધો કે, "મેં તેને એ બાબે પુછયું હતુ પણ તેમાં કાંઇ સચાઇ માલમ પડી નથી. તે પોતાનો ભરમ મારી આગળ પણ કેહેતો નથી અને તે એમ પોતાની વાત દરેકથી છુપાવે છે. હું તેને જે કાંઇ પુછુ છું તે તે વીસતારીને કહેતો નથી ને પોતાનું નામ ફરરોખજાદ જણાવે છે તોપણ હું ધારૂં છુ કે તે ઉચ્ચ ખાનદાનનોજ છે કારણ કે તે લડાયક અને બાહાદુર શખ્સ લાગે છે" પછી તેઓ ત્યાંથી મેહેલ તરફ ગયાં. લાબો વખત સુધી એ રીતે આશમાન

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

ફર્યા કીધું. જયારે ગુસ્તાસ્બ બામદાદે ઉઠયો ત્યારે તેણે પોતાનો ખોરેહ ભર્યો ચેહેરો કયશર આગળ જવાનો ફેરવ્યો કયસરે તેને જોતાંજ કાંઇ પણ તેને પુછયા વગર મુગોજ રહયો પણ તે નામદારને સુનેરી તખત ઉપર બેસાડયો. પછી તેણે પોતાના ખજાનામાંથી કમરબંધ, વીતી અને કયસર પેહેરે તેવુ જવેહરાત સાથનું તાજ મગાવ્યુ પછી તેણે તેને બોસો લેઇને તેના માથાં ઉપર તે તાજ મુકયુ અને પછી બની ગયલા કામોની વાતો કીધી ત્યાં જે કોઈ હતા તેઓને તેણે કહયુ કે "તમો યાદ રાખજો અને એનો હોકમ બજાવવાને તમો જવાન અને બુઢાઓ તત ઉપર રેહેજો. ફરેરોખજાદનો હોકમ તમો સઘલા બજા લાવજો અને તેના હોકમનો અનાદર કરતા ના"

કયસરે અલીયાસ ઉપર ખંડણી માંગવાને નામું લખ્યું તે વિષે.

આ બાબદની ખમર દરેક મુલકના પાદશાહો અને સરદારોને મલી. હવે કયસરની નજદિકનો મુલક ખજરનો [1] હતો અને તેને તે મુલકના લોકોથી ઘણી હેરાનગતી મલતી હતી. એ ખજરના મુલકનો સરદાર અલીયાસ કે જે જેહાનના અનુભવી મેહેરાસનો બેટો થતો હતો તે હતો. કયસરે તે અલીયાસ ઉપર જાણે તુ કેહેરો કે કલમની અણી લોહીમાંજ બોરીને નામું લખ્યું. તેમા તેણે લખ્યુ કે "તુ ખજરનો મુલક અફસોસ સાથે કયાં સુધી પચાવી રાખશે હવે તારો ખુશ વખતનો અત આવ્યો છે. માટે તુ મેહેસુલ અને ભારી ખડણી મોકલી આપ તથા તારા મુલકના કેટલાક સરદારોને મને જામીન તરીકે સોંપ. નહી તો કે જોરાવર હાથી જેવો ફરેરોખજાદ તારી આગળ આવીને તારા મુલકને વેરાન બનાવશે." જયારે તે નામુ અલ્યાસે વાંચ્યુ ત્યારે તેણે પણ કલમની અણીને ઝેહેરના પાણીમાં બોળી. તેણે તેનો એવો જવાબ મોકલ્યો કે, "તુ કાઇ આગળ રૂમમાથી એવો હુનર દેખાડનો હતો નહી જો હુ રોમ પાસે ખડણી નહી લેઉ તોજ તું તે મુલકોથી ખુશાલ બનજે એક સ્વાર કે જેણે તારો આસરો લિધો છે તેના ઉપર તું હીમતવાન શાનો બન્યો છે? જો તે એકલા શખ્સને તું એક લોઢાના પાહાડ તરીકે ગણુતો હોય તો તુ એમજ જાણજે કે તે હારેમન તરફની મોકલેલી એક જાન છે. તું તેને એ લડાઇમાં ઉતારી દુખી કરવા ના માંગ. હું હવે લાંબી વાત કરવા માંગતો પણ નથી."

---

[1] એ ખજરનો મુલક ગીલાનના દરીઆની નજદિકમા આવેલો છે.

તે કાસદ ત્યાંથી પવન વેગે પાછો ફર્યો અને તે પાદશાહનો તમામ પેગામ કયસરને પુગાડ્યો. તેના એવાં કેહેનથી કયસર દુખી થયો અને તેથી તેણે છેડાઈને તેના તેજીભર્યા બજારને ભાજી નાંખવા ચાહયું. જ્યારે અલ્યાસની તથા તેણે પાંઠરેલી જાળની એ ખબર મીરીન અને હરૂનને પુગી ત્યારે મીરીને કયસર ઉપર પેગામ મોકલ્યો કે, "એ અલીયાસ કાંઇ પેલો અઝદાહ નથી કે તે જાલમાં પકડાશે અથવા તો તે પેલું વરૂ પણ નથી કે કાંઇ તદબીરથી માર્યું જશે અને ઝેહેરથી ખરડાઇને દુખી થશે. જ્યારે પણ અલ્યાસ લડાઇમાં ગુસ્સેમંદ બને છે ત્યારે તે નામદારની આંખોમાં લોહીજ તરી આવે છે. માટે પેલો લાયફીવાલો શખ્સ તેનાથી કેટલો બધો દુખી થશે તેનો તુ જરા વિચાર કર." તેઓના એમ કેહેવાડવાથી કયસર ગમગીન બન્યો અને તે ગમથી તેની ઉલટ કરમાઈ ગઇ. તેણે ફરરોખજાદને કહયુ કે, "તું મોટી પડવીનો શખ્સ છે અને રોમના માંથા ઉપર તુ જાણે એક ધરેહણું હોય તેવો છે. પણ તું જાણુંજે કે અલ્યાસ પણ સિંહોને મારનારો, સ્વારોને ભોંયે ફેંકનારો અને તાંબા જેવું શરીર ધરાવનારા હાથી જેવો છે માટે તુ તેની સાથે લડાઈ કરવાની શકિત ધરાવતો હોય તોજ તું મને (લડાઇ કરવા) કેહેજે પણ જુઠું બોલી એવી આબરૂ મેલવવા ચાહાતો ના. જો તારામાં તેની સાથે લડવાની તાકાટ નહી હોય તો આપણે તે અલીયાસ સાથે સારી સમજુતી કરીએ. હુ મીઠી વાતોથી તેને માર્ગમાંથી પાછો ફેરવશ અને તેને પૈસા આપીને સારી સારી વાતો કરશ."

ગુસ્તાસ્બે તેને કહયું કે, "તું આવી તેહેકીક અને આવી વાતો શા માટે કરે છે? જ્યારે પણ હું મારા ઘોડાને ધુલમાં ઉતારૂ છુ ત્યારે હું ખજર જેવા મુલકોની જરાપણ ધાસ્તી રાખતો નથી. તોપણ મીરીન અને હરૂન જેવા શખ્સો આગળ લડાઈની વાતો કરવી ઘટતી નથી કારણ કે તેઓ લડાઇમાં જુઠાઇ વાપડનારા અને હારેમનને દુશમન તરીકે ઉભો કરનાર છે જ્યારે ખજરના મુલકમાંથી લશકર આવી લાગે ત્યારે તુ તારા એક બેટા સાથે મારી તપાસ કરજે. ફતેહમંદ એક ખોદાથી મલેલા જોરથી હું મારા લશકર સાથે જ્યારે કુચ કરશ ત્યારે હું અલ્યાસ કે તેના લશકરને જીવતુ રેહેવા દેવશ નહી તથા તેની સઘલી આગળી મોટાઇ તથા તેનુ તખત અને તાજને પણ હું રેહેવા દેવશ નહી. હું તેનો કંમરબંધ પકડીને જીન ઉપરથી ઉચકી વાદલ તરફ ઉડારીને જમીન ઉપર અફાલશ." બીજે દાહાડે જ્યારે સુરજે પ્રકાશવા માંડયું અને તે પાણીમાંથી સોનેરી ઢાળ માફક દેખાવા લાગ્યો ત્યારે ખજર તરફથી સરનાઇના અવાજો સમજાવા લાગ્યા અને ધુલ સુરજ સુધી સીધી ઉડતી દેખાવા લાગી. આથી નામદાર કયસરે ગુસ્તાસ્બને કહયુ કે "હવે તું લશકરને છુપાછુપ

વેહેંચી નાખ, તેથી ગુસ્તાસ્બ શહેરમાંથી બાહાર પડી તે પેહેલવાનો અને બાધુરોને મેદાનમાં લેઇ ગયો. ગુસ્તાસ્બ ગાયની સુરતનો ગુરજ પકડીને નદી કીનારે ઉગેલા સરોવર માફક આગળ ચાલ્યો. તેણે તે મેદાનમાંથી લડાઇ કરવાની જગ્યા પસંદ કીધી અને તે મેદાનમાંથી વાદલ સુધી ધુલને ઉડારવા માંડી જ્યારે અલ્યાસે તેનુ ઉચુ કદ અને ગરદન જોઇ તથા તેની ગુરજ ફેરવવાની રીત જોઇ ત્યારે તેણે તેના તિક્ષણ વિચારોને ફરેબ આપવાને તેની આગળ એક સ્વારને મોકલ્યો. તેથી તે ત્યાં આવીને તેને કેહેવા લાગ્યો કે, "ઓ નામદાર ! તું કયસર ઉપર એટલો બધો મુસ્તાક ના રેહ કારણ કે આ લશકરમાં તેના સ્વાર તરીકે તો હાલે તુંજ છે તુંજ તેની વસંત જેવો અને નામદાર છે. માટે આ બે લશકરની સફ વચેથી તું આ બાજુએ ઢલી જા તેં મારી સામે તારા હોટો ઉપર એટલુ બધું ગુસ્સાનું ફીણ શામાટે ચઢાવ્યું છે ? કારણ કે અલ્યાશ પણ લડાઈ વખતે સિંહના જેવો રહે છે અને તે તલવારથી વાદલ સુધી ધુલ ઉડારે છે. જો તું હદીઓ મેલવવા માંગતો હોય તો તેની પાસે તે માટે ખજાનો છે. માટે એવી કાંઈ ચિજ મેલવવાને તુ તારા હાથોને મેહેનત ના આપ તુ તેના મુલકમાંથી એક ભાગ પસંદ કરી લે અને તે શેહેર તારે ફાલે આવશે. વળી હું પણ તારો દોસ્ત બનશ અને તારો નોકર બનીને તુને આપેલા વચણથી કદી પણ ફરશ નહી"

ગુસ્તાસ્બે તેને જવાબ દિધો કે "તારૂં બોલવું સરદ બનતું જાય છે. માટે તારે જે વાત કરવી હોય તે કાયદા મુજબ કરવી જોઇએ. તેંજ એ દાવામાં તારો હાથ પેહેલો લંબવ્યો છે અને હવે તુંજ તારા બોલેલાંથી ફરી જાય છે. તું હમણા એવી વાત ફોકટની કરે છે. કારણ કે આ તો લડાઇનો અને કુસ્તી રમવાનો વખત છે" આથી તે કાસદ ત્યાંથી પાછો ફર્યો અને અલ્યાસ આગળ પવન વેગે જઇને તેની આગળ તેનો જવાબ કહયો. તેવામાં પાહાડના મઠાલા ઉપરથી સુરજ ફીકકો બન્યો તેથી લડવાનો વખત રહયો નહી ત્યાં અબનુસના પરડા માફકની અધારી રાત આવી ચઢી અને તેણે સફેદીના ચેહેરાને ઢાંકી નાખ્યો.

ગુસ્તાસ્બને હાથ અલ્યાસ લડાઇમાં કેદ પકડાયો તે વિષે.

જ્યારે પરડા પાછલથી સુરજ બાહાર નિકલ્યો અને કમાન જેવાં આસમાનની ઉંચાઇએ તેનું તખત થયું તથા રૂમના મુલક ઉપર સફેદી

પંડસાઇને બેબાજુએથી સરનાઈ અને ઢોલના અવાજે નિકળવા લાગ્યા ત્યારે બંધે બાજુના લશકરમાંથી હથીયારો અઠડવા લાગ્યાં અને તે તમામ મેદાન લોહીની નદી જેવું બન્યું. કયસરે જમની બાજુએથી જડપથી આવીને પોતાના બંધે જમાઇઓને લશકરની હરોલમાં કાઢયા કયસરનો બેટો સકીલ ડાવા હાથ ઉપર રહયો, જ્યારે જમના હાથ ઉપર હાથી અને ઢોલ સાથે કયસર રહયો. બધે બાજુના લશકરમાંથી ધરપકડના અવાજ નિકલ્યા. તું કહેશે કે "જાણે ચંદ્ર સુરજની સાથે અઠડી પડયો છે" ગુસ્તાસ્બ લશકરની સફ વચેથી આગળ ચાલ્યો તેનો ઘોડો મગરના જેવો હતો અને તેના હાથમા અઝદાહ જેવો ભાલો હતો હવાએ દામરના જેવો રંગ પકડયો અને જમીન લોહીની નદીના જેવી બની અને ઘોડાઓના પગો તે લોહીની નદી વચે લોહીના ઠાંભલા જેવા લાગતા હતા. ૧ અલ્યાસે પોતાના લશકરને કહયુ કે "કયસરની દરબારમા તેના પાસે આવો અઝદાહ જેવો શખ્સ હોવાથીજ તે મારી પાસેથી ખંડણી માગે છે, અને તે સબબે મને આવો માર્ગ લેવો પડયો છે." ગુસ્તાસ્બે અલ્યાશને જોતાંજ કહયુ કે, "હવે આપણા હુનરો છુપાવી રાખવા જોઇતા નથી."

પછી તે બધે સ્વારોએ નેજા સાથે અને બખતર વિંધે તેવા તીરો સાથે પોતાના ઘોડાને ઉશકેર્યા. અલ્યાશના લશકરમાંથી સાઠ શખ્સો ગુસ્તાસ્બને પકડવાને બાહાર પડયા. પણ ગુસ્તાસ્બે અલ્યાશના બખતર ઉપર નેજાનો ફટકો મારીને તેજ પળે તેનુ લડાયક શરીર વિંધી નાખ્યુ અને તે એક છાકટ હોય તેમ તેને ઘોડા ઉપરથી નિચે નાખ્યો. પછી તેણે હાથ લંબાવીને તેનો હાથ પકડી લિધો અને તેને પોતાના સ્વારો વચે ઘસડી લેઇ જઇ કયસર આગળ આવી લાગતાંજ તે અલ્યાસને તેને સોપી દિધો. પછી તે પવન વેગે દોડીને પોતાના લશકરને તેના લશકર સામે લેઇ ગયો તેણે તેઓમાંથી પુશકલ સીપાઇઓને મારી નાખ્યા અને કેદ પકડયા, તેથી તેને માટે તમામ જેહાન અચરત બની રૂમી લશકર પણ તેની પુઠે તેનીજ નકલ કરતું રહયું એમ કીધા બાદ ગુસ્તાસ્પ પોતે ત્યાથી પાછો ફર્યો અને પોતાની ગરદન ઉચી બનાવીને પોતાના લશકરને દોડાવતો ફતેહ ભર્યો કયસર આગળ આવ્યો. કયસર પણ તેને માર્ગમાંથી આવતો જોતાજ ખુશાલ બનીને પોતાના લશકર સાથે પગે ચાલતો તેની આગળ ગયો અને તે નામદારના કપાલ અને આંખો ઉપર તેણે બોસા લિધા અને પછી પરવરદેગારની પુશકલ યાદ કીધી. પછી તેઓ ત્યાંથી ખુશી સાથે પાછા ફર્યા

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે

તે સપેહસાલારે પોતાના માંથા ઉપર મોટાઇ દેખાડનારી કોલાહ મુકી. ત્યારબાદ તમામ રૂમના લોકો હીદીઆ નજર કરવાની ચિજો સાથે પાદશાહ આગળ આવ્યા

કયસરે લોહરાસ્બ પાસે ઇરાનની ખંડણી માંગી તે વિષે.

એ ઉપર આસમાન કેટલોક વખત ફરતુ રહયુ. તે પોતાના દિલમાં ભરમ રાખતુ હતુ પણ તે જાહેર થવા દેતું હતું નહી. એક દિવસે વળી પાછુ કયસરે ગુસ્તાસ્બને એ પ્રમાણે કહયું કે, "ઓ નામદારી ભર્યા સરદાર! તુ આ બામદ ઉપર અક્કલથી વિચાર કરજે કારણ કે એ બાબદમાં વિચાર દુર રેહેવો જોઇતો નથી. હુ એક જેહાનના અનુભવવાલા પાક શખ્સને કાસદ તરીકે ઇરાન મોકલવા માંગુ છુ કે તે જઇને લોહરાસ્બને કહે કે જો તુ અરધી જેહાન અને મોટો ખજાનો નચિંતે રાખવા માંગતો હોય તો તુ મારે માટે તારા મુલકમાંથી ખડણી મોકલી આપ કે જેથી તું તેમાં સારોજ અંત જોશે નહી તો હુ રોમથી એક લશકર મોકલશ કે જેના ઘોડાઓની નાળને લિધે તુ જમીન જોઈ શકશે નહી" ગુસ્તાસ્બે તેને જવાબ દિધો કે "જેમ તારો વિચાર જમાનો તારા પગના તળીઆં નિચેજ છે." આથી તેણે એક કાલુસ નામનો નામદાર અક્લમંદ, દાનાવ અને વિચારવંત શખ્સને તે નામદારે બોલાવી મગાવ્યો અને તેને ફરમાવ્યુ કે "તુ અત્રેથી ઇરાનના પાદશાહની દરબારમાં જા અને તેને કહે કે તું ઇરાનની ખડણી આપ અને મારા હોકમને નમી તારી ગરદન હેઠી કર. ત્યારેજ હું ઇરાનનું તાજ અને તખત તારે માટે રેહેવા દેવશ અને ત્યારેજ તું જેહાનનો માલેક અને ફતેહમંદ નસીબનો રેહેશે નહી તો હું હમણાજ રૂમથી અને નેજા ધરાવનારા લોકો વચેથી એક ભારી લશકર લેઇ આવશ માટે સભાળજે કારણ કે મારા મેદાનમાંથી પોકારો નિકળશે. ફતેહમંદ ફરરોખજાદ મારા લશકરનો સરદાર બનશે, હુ તારા તમામ મુલકને વેરાન કરશ અને તેઓને વાઘ અને સિંહોના રેહેઠાન બનાવશ." આથી તે કાસદ કે જેનુ માથું અક્કલ ભરયુ અને દિલ ઇનસાફ ભરયું હતું તે ત્યાં પવનવેગે જઇ લાગ્યો જેવો તે મોટા પાદશાહ આગળ આવી લાગ્યો તેવીજ તેણે તે જોરાવર દરબાર અંદરથી જોઈ લિધી. જ્યારે દરબારના દરબાનને એ ખબર મલી ત્યારે તે બપકાથી ચાલતો પાદશાહ આગળ ગયો અને કહયુ કે, "એક જેહાનનો અનુભવ પાંમેલો બુઢો

શખ્સ દરબાર આગળ આવ્યો છે તે કયસર તરફનો કાસદ હોવો જોઇએ. તેની સાથે નેજાવાલા ઘણાક સ્વારો છે અને તેઓ તું પાદશાહ આગળ દરબારમાં આવવા માંગે છે."

લોહરાસ્પ એમ સમતાંજ હાથીદાંતના તખત ઉપર બેઠો અને દિલને દિપાવનારૂ તાજ માથે મુકયુ. ઈરાનના બુજોર્ગો ખુશાલ દિલે અને નેકબખતી સાથે તેના તખત નિચે બેઠા પછી તેણે દરબારના પરદા ખુલી નાખવા અને તે કાસદને ખુશી સાથે આવવા દેવાનો હોકમ કીધો. તે કાસદે તેના તખત આગળ આવી તેની તારીફ કરી તેને નમન કીધુ. તે કાસદ કે જે અક્કલમદ હોવા સાથે ઇનશાએી પણ હતો તેણે તે મોટા દરજાના કયસરનો પેગામ તેને આપ્યો અને જે કાંઈ કયસરે તેને કેહેવાડયુ હતુ તે તેણે જે પ્રમાણે સમજ્યુ હતુ તેજ પ્રમાણે કહયુ. તે પાદશાહ તેનુ આવુ કેહેન સમજી દલગીર થયો અને ફરતા જમાના ઉપર ખીજવાવા લાગ્યો. તેણે તે એલચીને બેસવા માટે એક મોટી પડવીની જગ્યા તૈયાર કરવી અને ત્યાં દારૂ, વાજીત્ર અને રામશગરોને બોલાવી મગાવી તથા ત્યાં કસબી ગલીચા, પોશાકો તથા ખાવા પીવાની ચિજો પણ મોકલી આપી. તેણે તેને તે ખુશાલીની મીજલશમાં એવો નવાજ્યો ક તુ કેહેશે કે જાણે તે પાદશાહે લડાઇનો પેગામ સમજ્યોજ નથી. રાત પડતાં તે દુખી વિચારો સાથે સુઇ ગયો તુ કેહેશે કે, "જાણે તે દુખ અને ગમનોજ જોડીઓ બન્યો હતો" જ્યારે સુરજ સુનેરી તખત ઉપર બેઠો અને તેણે કાલી રાતના ચેહેરાને નખોથી ફાડી કાઢયો ત્યારે તેના હોકમથી તેની આગળ જરીર આવી ઉભો. તેણે પાદશાહ સાથે લાંબો વખત સુધી વાતો કીધી પછી સહવાર પડતા તેણે કાલુસને પોતાની આગળ બોલાવી મંગાવ્યો અને તેણે તેની સાથે કયસર માટેની કેટલીક વાતો કીધી. પછી તેણે તે દીવાનખાનુ પારકાઓથી ખાલી કીધું અને તે કાસદને પોતાની આગળ બેસાડયો લોહરાસ્પે તેને કહયુ કે, "ઓ અક્કલવાન શખ્સ! તું તારા જીવની પરવરેશી અક્કલથી કર્યા વગરનો રેહેતો ના. હું તુને જે કાંઇ પુછુ તેનો તુ સાચો જવાબ દેજે. જો તુ ડાહયો હોય તો જુઠુ બોલી તારાં મોઢાંને નુકસાંન પુગાડતો ના. રૂમમાં આવા હુનરો તો હતા નહી અને કયસર બીજા પાદશાહોને હાથ દબાયલો રેહેતો હતો. પણ હાલે તે દરેક મુલકો પાસેથી ખંડણી અને વળી તાજ તખત લેવા માગે છે. તે ખજરના મુલકમાં અભ્યાસ ઉપર કેમ ફાવી શકયો? અને વળી તે તેના લશકરને લડાઈમાં વેરીને પોતાના દમામથી કરીને કેમ કેદ પકડી શકીઓ?

તેને એવી નામદારી મેલવવાનું કોણે શિખવ્યું ?" તે કાસદે જવાબ દિધો કે, "ઓ અક્કલમંદ પાદશાહ ! ખજરના મુલકમાં પણ ખંડણી માંગવાને હુંજ ગયો હતો પણ તે પેગામ લેઈ જતાં મને ઘણી મેહેનત વેઠવી પડી હતી, તો પણ મને ત્યાં એ બાબે કોઈએ પણ સ્વાલ પુછયો હતો નહી. તોપણ તું પાદશાહે મને એટલો બધો તો નવાજ્યો છે કે તેથી જુઠું બોલી મારે મારી ગરદન ઉચી રાખવી ઘટતી નથી. તેની નજદિક એક સ્વાર આવી રહયો છે કે જે જંગલમાના સિહોનેજ પકડનારો છે. લડાઈ વખતે તે મરદાનેમરદોને હસી કાઢે છે અને મજાહની વખતે તે દારૂની જામોજ માગે છે. કોઇપણ અનુભવી શખ્સે લડાઇમાં, મેજબાનીમાં અને શેકારમાં તેના જેવો સ્વાર જોયો નથી. તેની સાથે કયસરે પોતાની ચઢતા દરજ્જાની બેટી કે જેને તે પોતાના તાજ કરતા પણ વાહાલી ગણે છે તેને પરણાવી આપી છે. હાલે તે રૂમનુ એક મધ્યબીંદુ થઈ પડયો છે તેને હાથ પેલો નરઅઝદાહ પણ માર્યો ગયો છે. વળી જગલમાં એક હાથી જેવું બીજુ વરૂ પણ હતું જેને લિધે કયસરથી તે જગલમાંથી પસાર થવાતું હતુ નહી તેને પણ તેણેજ મારી નાખાને તેના દાંતો તોડી કાઢયા હતા. એ પ્રમાણે તેનાથી રૂમનો મુલક નચિંત બન્યો છે"

લોહરાસ્બે તેને કહયું કે "ઓ સાચા શખ્સ! તે લડાયક માણસ કોણના જેવો લાગે છે ?" તેણે એવો જવાબ દિધો કે "જો હુ બરોબર કહું તો તે પેહેલીજ નજરે જરીરના જેવા ચેહેરાનો લાગે છે. ઉંચાઈમાં, દેખાવમાં, અકકલમાં અને વિચારમાં જાણે તુ કેહેશે કે તે બાધુર જરીરજ છે" જ્યારે લોહરાસ્બે એમ સમજ્યુ ત્યારે તેનો ચેહેરો ખીલી રહયો. તેણે તે રૂમી શખ્સ ઉપર પોતાનો ચાહા દેખાડયો અને તેને પુશકલ પૈસાની ઠેલીઓ અને ગોલામો આપ્યાથી તે તેની દરબારમાંથી ફતેહમંદ અને ખુશી બનીને પાછો ફરતાં લોહરાસ્બે તેને કહયુ કે, "હાલ તો તું કયસરને એમ કેહેજે કે હુંજ એક લશકર સાથે તારી સામે લડવાને આઉ છુ જો રૂમના મુલકમા તારી આગળ એક શખ્સ નોકર તરીકે આવી લાગ્યો હોય અને તે તારી તરફ વફાદારી દેખાડતો હોય તો તે મારો નાહાસી ગયલો ગોલામજ હોવો જોઈએ માટે તે જ્યાં પણ રહયો હોય ત્યાં તે મારે માટેજ જીવે છે." પછી તેણે તે કાસદને તથા તેના સાથીઓને ઘણોસરખો હદીઓ આપીને ત્યાંથી આગળ વિદાય કીધા. એ ખબરથી પાદશાહ લોહરાસ્પનું બુઢું મગજ જેમ એક મુરદુ પોતાના શરીરમાં પાછો જીવ મેલવે તેમ જવાન બન્યુ. લોહરાસ્પ લાબો વખત વિચાર કરતો બેઠા પછી તેના હોકમથી જરીર તેની આગળ આવી ઉભો અને તેણે તેને કહયુ કે "એ શખ્સ તારા ભાઈ સિવાય બીજો કોઈ

નથી. માટે તું એ બાબેની કાંઇક યુક્તિ કરવા થોભ્યા વગર અત્રેથી વેહેલો જા. જો તું ઢીલ કરશે તો એ કામ બગડી જશે. માટે તું આશાયશ પણ લેતો ના અને ઘોડાને પણ જરા થોભાવતો ના. હવે પછી હું તેને લશકર ઉપરજ સરદારી આપશ નહી પણ હુ આ તખત, સુનેરી ખડીવાલો ઘોડો તથા વળી આ કાબ્યાની ઝુન્ડા સાથનાં તાજ ઉપર તેનેજ પાત્શાહી આપશ. કારણુ કે મારા ફરજદોમાં તેજ વડો હોવાથી એ તાજ પેહેલેથી તેનેજ પુગે છે ૧ માટે તુ કાંઈક યુક્તિ કરતો અત્રેથી એલેપ્પો સુધી જા. આપણે લડાઈ કરવા જઈએ છીએ એમ કેહેવા સિવાય તુ લશકરને બીજુ કાંઈ કેહેતો ના." તે તારીફને લાયક જરીરે લોહરાસ્બને કહ્યુ કે "એ ભરમને હુજ ખોલશ. જો તે મને હુકમ ફરમાવશે તો તે વડોજ છે. તેની આગળ જે કોઈ મોટી પદવીના હોય તોપણ તે નિચાજ છે."

જરીર કયસર ઉપર લોહરાસ્બનો સંધેશો લેઇ ગયો તે વિષે.

એટલું કહીને તેણે લડાઇની તૈયારી કરવા માંડી. તેણે એક નામદારી ભર્યું લશકર ચુટી કાઢ્યું. તે લશકર બુજોર્ગો અને નામદારો જેવાકે કાઉસના અને કેશવાદના ખાનદાનના ગોદરેજના નબીરાઓનું હતું. વળી તે લશકરમાં જરાસ્બની તોખમના તથા સિહોને મારનારા બેહરામ અને રીવનીજની તોખમના પણ બેટાઓ હતા વળી બાધુર નામદારી ભર્યા ગેવના નબીરાઓ જેહાંગીર, શીરૂઇએ અને અરદેશીર પણ હતા. વળી બેજનની તોખમના બે મોટા દરજાના સિંહ જેવા શખ્સો કે જે બંધે નામદારીભર્યા પાક પેહેલવાનો હતા તેઓ પણ હતા. એ સરદારો બબ્બે ઘોડા લેઇને ત્યાંથી વીજલીના આતશની જડપે ભપકાથી ગયા. જ્યા સુધી તેઓ એલેપ્પોના મુલકમા જઈ લાગ્યા ત્યાં સુધી કોઇએ પણ આસાયશ લિધી નહી. જેહાન શોરબકોર, વાજાના સાઢ અને હથીયારના ખડખડાતથીજ ભરાઈ ગઇ તેઓએ ત્યાં મુબારક કાબ્યાની ઝુન્ડાને ઉચો ચઢાવ્યો અને નાના મોટા તબુઓ ઉભા કીધા.

જેવા તેઓ રૂમના દરીઆ આગળ આવી લાગ્યા કે તે લશકર ત્યાંના તમામ મેદાનો અને શેહેરો ઉપર ફેલાઇ ગયુ તેણે લશકરને તાજાન નદી પસાર કરાવી અને તે નદી પસાર કરાવવા પાછલ આખી રાત કાઢી પછી ત્યાં સપેહસાલાર જરીરે લશકરને ઠોભાવ્યું અને નામદારીભર્યા બેહરામને લશકરનો હવાલો સોંફ્યો. પછી તે જાણે કોઈ પેગામચી હોય યા પાદશાહોની આગળ સારી

૧ એ બેત લખેલી નકલના વધારે છે.

ખબરનો લેઇ જનાર હોય તેમ અક્લમંદે વચેથી પોતાની સાથે અક્લ અને હુશીયારીવાળા પાંચ શખ્સોને લેઇને ત્યાથી આગળ હંકારી ગયો. કયસરની દરબાર આગળ આવી લાગતાંજ તે દરબારના દરબાને તેને જોયો તે આખી દરબારમાં ભરેલા ગાલીચા પાંઠર્યા હતા દરબાને જઇને જે કાંઇ જોયું હતું તે કયસરને કહયું. ૧ કયસર પોતાના મેહેલમાં અક્કલમંદ ગુસ્તાસ્પ સાથે દલગીર બેઠો હતો તેટલામાં દરબાને તેને ખબર પુગાડી કે, "જરીર નામનો એક સ્વાર તારી દરબારમાં આવ્યો છે." એમ સમજતાંજ કયસરે તેને અંદર આવવાનો હોકમ કીધો. જરીરના આવ્યાથી ગુસ્તાસ્બ ખુશી થયો. જરીર એક ઉંચા સરોવર માફક અંદર દાખલ થયો અને તે ચાહવા લાયક શખ્સ આવીને એક તખત ઉપર બેઠો. તેણે કયસરની ખબર પુછી તથા તેની માફી ચાહી તથા રૂમીઓને પણ મુબારકબાદી આપી કયસરે તેને કહયું કે, "તેં તો ફરરોખજાદને હીની કાઢયો છે અને તેને માટે તું કાંઇ દિલમાં માન ધરાવતો નથી" મુબારક જરીરે કયસરને જવાબ દિધો કે, "એ તો એક ગોલામ છે અને નોકરી કરવાથી કટાલી જવાથી તે ત્યાંથી નાહાસી તુ પાદશાહ આગળ આવી ભરાયો છે અને હાલે તે તારા લશકરની સરદારી મેલવવા માંગ્યો છે." ગુસ્તાસ્પે એમ સમજવા છતાં તેનો તેને કાંઇ જવાબ દિધો નહી. હવે તેને ઇરાન યાદ આવવા લાગ્યુ. જ્યારે કયસરે તે જવાનની એવી વાત સમજી ત્યારે તે રોશન રવાનનો પાદશાહ ઘણો વિચારવંત બન્યો કે, "બનવા જોગ છે કે જે વાત એ કરે છે તેમાં સચાઇ સિવાય બીજું કાઇ છુપાવેલું માલમ પડતું નથી" પછી જરીરે કયસરને લોહરાસ્પનો સંધેસો પુગાડયો કે "જો તુ ઈનશાફ કરનારો થઇને મારૂ માથું ઈનશાફથીજ ફેરવશે તો તુ એમજ જાણજે કે બસ મારી બેઠક રૂમમાં બનશે અને ઇરાનમાં (પાસબાની માટે) ઘણા માણસોને પણ રાખશ નહી. માટે તું અત્રેથી જા કે તે કયસર લડાઈની તૈયારી કરે. હવે જ્યારે તે આ વાત સમજી છે તો તારે ઢીલ કરવી ઘટતી નથી. ઇરાન કાંઈ ખજર બનવાનું નથી અને હુ કાંઇ અલ્યાસ થવાનો નથી કે તેં ઇરાનની અંજુમન સાથે આવી સરકશી કીધી છે." કયસરે તેને એવો જવાબ દિધો કે "હું પણ દર પળે મારા ફોજને લડાઇ માટે તૈયાર કરતો રહું છું. તું એક કાસદ હોવાથી હાલે તો તું અત્રેથી પાછો જા આપણે લડવાની જગ્યા તૈયાર કરીશુ."

---

૧ એ બેત લખેલી નકલમા વધારે છે.

ગુશ્તાસ્બે જરીર સાથે મુલાકાત કીધી અને તે તેની સાથે લોહરાસ્બ આગળ ગયો અને લોહરાસ્બ પાસેથી તેણે તાજ અને તખત મેલવ્યું તે વિષે.

જ્યારે મુબારક જરીરે કયસરની એવી વાત સમજી ત્યારે તે જવાબથી તે ગમગીન બન્યો અને ત્યાં વધારે વાર થોભ્યો નહી. જરીરના ત્યાંથી પાછા ફરતાંજ કયસરે ગુસ્તાસ્બને કહયુ કે "તે શા માટે જવાબ આપવો છુપાવ્યો?" ગુસ્તાસ્બ બોલ્યો કે "જ્યારે હુ તે ઇરાન જમીનના પાદશાહની નોકરીમાં આગળ હતો ત્યારે તે પાદશાહનુ તમામ લશકર અને ત્યાંની રૈયત મારા હુનરોથી વાકેફ હતી. તેથી હુ તો એજ બેહેતર જોઉ છુ કે હું તેઓ આગળ જઇને તુ જેમ મને કહે તેમ હુ તેઓને કહીને તેઓથી તારી તમામ ઇચ્છા બર લાંઉ અને તારાં નામને જેહાનમાં પ્રકાશતું બનાઉ." કયસરે તેને કહયુ કે "તુ વધારે અક્કલમંદ છે અને એ ખાહેશો ઉપર તું વધારે ફાવે એમ છે"

જ્યારે ગુસ્તાસ્બે તેનુ એમ કેહેવું સમજ્યું ત્યારે તે જડપ ચાલના એક ઘોડા ઉપર બેસી તથા માથે તાજ પેહેરીને પોતાના ભાઇ જરીર આગળ ગયો. જ્યારે તે ઇરાની લશકરે લોહરાસ્બના વધારે નામીચા બેટા ગુસ્તાસ્બને જોયો ત્યારે તે સઘલુ લશકર પગે ચાલતુ તેની આગળ આવ્યુ પણ તે સઘલાઓ દુખી હતા અને તેઓના ચેહેરા આંસુથી ભીંજાયલા હતા. સઘલાઓ તેને નમન કરીને બોલ્યા કે, "હમારૂ લાંબા વખતનુ દુખ ઓછું થઈ ગયુ છે" તેવામાં લડાઇથી કંટાલેલો જરીર પણ તેની આગળ આવ્યો અને ઘોડા ઉપરથી નિચે ઉતર્યો ગુસ્તાસ્બે વાહાલથી તેની સાથે બગલગીરી કીધી અને હોટ ખોલીને તેની માફી માંગી પછી તેઓ પોતાના સરદારો, ઇરાનના બુજોર્ગો અને બાહાદુરો ભેગા તખત ઉપર જઇ બેઠા. ત્યાં સોહામના જરીરે ગુસ્તાસ્બને કહયુ કે "તુ તારી તમામ જીદગી સુધી તખત સાથે જોડાયલો રેહેજે તારા બાપનું માંથુ હવે બુઢુ થયુ છે અને તુ જવાન દિલનો છે ત્યારે તુ તે બુઢાની નજર આગળથી શુ કરવાને તડછોડ કરીને આવ્યો છે? તેના બુઢાપામાં હાલે તેનુ નસીબ હસ્તુ બન્યું છે અને તે પાક યજદાની બંદગીમાં રોકાયો છે તેણે તાજ અને ખજાનો તારી આગળ મોકલી આપ્યો છે, માટે હવે તુને તારા દિલ ઉપર સખતી હોરી લેવી ઘટતી નથી. તેણે તુંને એમ કેહેવાડયું છે કે તમામ ઇરાન તારૂંજ છે અને તાજ સાથે તખત અને લશકર પણ તારૂંજ છે. મારે માટે

તો હવે જેહાનમાનુ એક ખુનુંજ પુરતું છે પણ બુલંદ તખતને માટે તો મારા સિવાય તુજ લાયક છે. તારો ભાઇ તારે માટે એક મોંઘી કીમતનું તાજ તથા વળી એક હાર, સાંકળી, અને હાથીદાંતનું તખત લેઇ આવ્યો છે." જ્યારે ગુસ્તાસ્પે પોતાના બાપનું તખત જોયું ત્યારે તે ખુશી થયો અને તે પોતાના માથાં ઉપર તાજ પેહેરીને તે ઉપર બેઠો. તમામ સરદારોએ તેની તારીફ કીધી અને તેના સગાઓ અને પારકા શખ્સો સઘળા ખુશી થયા. ૧ જેહાનના પાદશાહ કએકાઉસના નબીરાઓ તથા ગોદરેજના ખાનદાનના જેવા કે બેહરાંમ, શાહપુર અને રીવનીજ વિગેરે જેઓ મુબારક પગલાના હતા કે જેમનો સરદાર સિહોને પકડનારા પેહેલવાન બેજનનો બેટો બાહુર અરદેશીર હતો, તે સઘળાઓએ તેના ઉપર પાદશાહ તરીકે દુવા ગુજારી અને તેને જેહાનના પાદશાહ તરીકે બોલાવ્યો. સઘલા લડાયકો તેની આગળ કંમર બાંધીને ખરા ઉભા.

જ્યારે ગુસ્તાસ્પે તેઓનું આવુ દિલ અને વિચાર જોયાં ત્યારે તેણે કયસર ઉપર એક પેગામ મોકલ્યો કે "ઇરાન માટેનું તારૂં સઘલું કામ પાર ઉતરયુ છે અને રીતસરની વાતચિતો થઇ છે. જરીર અને લશકર એવી ઉમેદ રાખે છે કે તું પોતે એકલો તેઓની ખુશાલીની મીજલશમાં પધારે કે જેથી હમો સઘલાઓ તારી સાથે કોલકરાર કર્યે અને તારી મોહબત મેલવવાને હમો હમારા જીવ સદકે કર્યે તેથી જો તુને રંજ ઉઠાવવી પડતી નહી હોય તો તુ આ મેદાન તરફ પધાર કારણ કે જમાનાનું કામ તારી ઇચ્છા મુજબનું બન્યુ છે." જ્યારે તે કાસદ કયસર આગળ આવ્યો ત્યારે તેણે તેને મેદાનમાં ઉતરેલો અને લડાઇની તૈયારી કરતો જોયો. પછી તેણે જે કાંઇ ગુસ્તાસ્પનો પેગામ હતો તે તેને કહી સમજાવ્યો અને તે લોહરાસ્પનો સૌથી વડો બેટો થતો હતો તે પણ તેને કહયુ. કયસર તેના એમ કેહેવાથી ખુશી થયો અને તેના બે ગાલો ગોલાબ માફક ખીલી રહયા. તે તુરતજ ઘોડા ઉપર બેસીને સીયાલાના પવનની જડપે ત્યાંથી ગયો અને તેઓની આગળ આવી લાવ્યો ત્યાં સુધી તેણે સ્વારી કરવી ચાલુ રાખી. ઇરાનના બાહુરો આગળ આવી લાગતાંજ તેણે ગુસ્તાસ્પને એક હાથીદાંતના તખત ઉપર શીરોજાનું તાજ માથે પેહેરીને બેઠેલો જોયો. ગુસ્તાસ્પ તેને જોતાંજ ઉભો થયો અને જડપથી પોતાના નોકર પાસેથી તેનો ઘોડો પકડાવ્યો. તે પોતેજ ગુસ્તાસ્પ છે અને લોહરાસ્પના તખતને

---

૧. એ બેત [illegible] નસખામાં વધારે છે.

તેજ દિપાવનાર છે એમ કયસર ચેટી ગયો. તેથી તેણે તેની ઘણીજ તારીફ કીધી અને તેને નમન કરીને પછી ત્યાંથી તખત તરફ આગળ વધ્યો. તેણે પોતાના કીધેલાં કામને માટે તેની માફી ચાહી અને અજાયબી ભર્યા વખતને માટે દુખી બન્યો. ગુસ્તાસ્પે તેનુ કેહેવુ કબુલ રાખ્યું અને તુરતજ તેનું માથું પોતાની છાતી સાથે દાબી તેને કહયુ કે "જ્યારે હવામાં અધારૂ થાય ત્યારેજ દીવો સલગાવેલો વાજબી ગણાય જેને મને પસદ કીધો છે તેણીને તું મારી આગળ મોકલી આપ. કારણ કે તેણીએ ઘણુ દુખ અને મેહેનત વેઠી છે." પછી કયસર દુખ અને પસ્તાવા સાથે ત્યાંથી પાછો ફર્યો અને પોતાની બુરી ચાલ માટે પુશકલ યાદ કીધી તેણે કેતાયુન ઉપર ખજાનો, એક રાતુ તાજ, પાંચ યાકુત, એક હજાર ગોલામો અને દાસીઓ, પાદશાહને લાયકની મોતીથી જડેલી એક સાકળી અને રૂમના રેશમી તાકાઓથી લાદેલાં પાંચ ઉંટો મોકલ્યાં અને ખજાનાની તપાસ માટો એક ફીલસુફને મોકલી આપ્યો

તે કાસદ એ સઘલુ લેઈ ગુસ્તાસ્પ આગળ આવ્યો અને તે એકએક ચિજો તેના ખજાનચીનના સ્વાધીનમા આપી. તેણે તે હથીયાર અને પૈસા પોતાના લશકરમા અને પોતાના શેહેરના નામદારો વચ્ચે વેહેચી આપ્યા. વળી જે કાઇ ઉચ તોખમના શખ્સો હતા તથા જેઓ તલવારના મારનારા બાધુર નામદારો હતા તે સઘલા સરદારોમાથી એકએકને હદીઓ આપવાને પોતાના ખજાનાના બારણા ખુલ્લા રાખ્યા તેણે તેઓને લાયકના ખેલાતો તૈયાર કીધા અને તેઓના કરમાઈ ગયલા બજારને ચલકતું બનાવ્યું ૧ તે હદીઓ, તેજ ચાલના ઘોડાઓ, ઘોડાના બખતરો અને હીન્દી પોશાકોના ૧ તથા પૈસા, રેશમી તાકાઓ, તાજ અને વીટીના તથા તખત અને એવી એવી બીજી ચિજોના હતા ૧ તે આપતાં જેઓની ઉપર જમીન અને જમાનો આફ્રીન પોકારતો હતો તેઓની તેણે પુશકલ તારીફ કીધી. જેવી કેતાયુન પાદશાહ આગળ આવી લાગી તેવાજ તેની દરબારમાંથી ઢોલોના અવાજ નિકળયા.

પછી લશકરે ઇરાન તરફ કુચ કરવા માંડી, જેથી ઘોડાઓની નાલથી ઉડતી ધુલથી હવા ઢંકાઇ ગઇ. કયસર બે મંજલના રસ્તા સુધી તેની સાથે ગયો અને પછી તે પાદશાહે પોતાના ઘોડાની લગામ પાછી ફેરવી. ગુસ્તાસ્પે તેની ઇચ્છા મુજબ રૂમ તરફ તેને પાછો વાલતાં એવા સોગંદ લેઇને તેને પાછો ફેરવ્યો કે, "હુ જીવશ ત્યાં સુધી રૂમ પાસે

૧ એ બેત લખેલી નકલમાં વધારે છે.

ખંડણી માંગશ નહી. તેમ માંગવાનું કારણ એજ કે હું તે મુલકથી ઘણો ખુશી બન્યો છું." કયસરે તેની પુશકલ તારીફ કીધી અને તેની સામે પોતાનો ચેહેરો જમીન ઉપર ઘસડી નાખઘસની કીધી. પછી તે ત્યાંથી રૂમ તરફ પાછો ફર્યો અને તે શેહેનશાહ પોતાનો લાંબો માર્ગ કાપવા લાગ્યો. જ્યાં સુધી ઇરાન જઇ પુગ્યો ત્યાં સુધી તેણે સ્વારી ચાલુ રાખી અને તે બાહુરોના પાદશાહ લોહરાસ્પ આગળ આવી લાગ્યો. જ્યારે લોહરાસ્પે જાણ્યુ કે જરીર પોતાના નરસિંહ જેવા ભાઈ ગુસ્તાસ્પ સાથે આવી લાગે છે, ત્યારે તે પોતાના તમામ નામદારો સાથે તથા ઇરાનના બુજોર્ગો અને બાહુરો સાથે તેને સામો લેવાને ગયો તુરતજ ગુસ્તાસ્પે પોતાના ઘોડા ઉપરથી નિચે ઉતરી પડીને તેની તારીફ કરીને પોતાની ખુશાલી જાહેર કીધી. લોહરાસ્પે પોતાના બેટાને જોતાંજ પોતાની છાટી સાથે ચાપ્યો અને તેને આસમાને બક્ષેલાં જોરને માટે (શુકરાના કરવાને) પોતાનો હાથ માથા ઉપર ઉચો કીધો. જ્યારે તેઓ માર્ગમાંથી પાદશાહી મેહેલ તરફ ગયા ત્યારે તેઓ સુરજની માફક મીન રાશીની ઉંચાઇએ ચઢયા લોહરાસ્પે તેને કહયુ કે, "તે કાઇ એ દુખ મારા તરફથી વેઠયુ નથી. એ તો પરવરદેગારનોજ એવો હોકમ હશે. તારાં નસીબે એવુંજ લખાયલું હતુ કે અત્રેથી તુ દેશવતો ભાગવે" પછી પાદશાહ લોહરાસ્પ તેને જોઇને ખુશી બન્યો અને તેને તખત ઉપર બેસાડયો. તેણે તેને બોસો લેઇને તેને માથાં ઉપર તાજ પેહેરાવ્યું અને તેની તારીફ કરી તેનાથી ખુશ બન્યો. પછી ગુસ્તાસ્પ બોલ્યો કે, "ઓ પાદશાહ! જમાનો મને તારા દર્શણ વગરનો રાખતો ના. પાદશાહ તો તુજ છે અને હુ તો તારો નોકર છુ અને તારા દુશમનના નસીબને કચડનારો છું તારૂ તમામ સેવટ નેક નિવડજો અને હમો તારા નામ વગરના બનતા ના કારણ કે કોઈની ઉપર જેહાન થડીને રેહેતી નથી. જો રહે છે તો શરીર ઉપર પુશકલ દુખ પુગે છે. આવી આધાર વગરની આ જેહાન છે. માટે તારાથી જેમ બને તેમ તેમા બુરાઇના બી રોપતો ના. એક વખત તું દુખી શખ્સ હશે તો બીજી વખતે તું તમામ જેહાનનો માલેક બનશે તોપણ હુ જાણતો નથી કે એ વેઠેલું દુખ અને મુશકેલી કાંય નહી કેતાયુનને લિધે મને વેઠવી પડી હોય? [1] કારણ કે હું ત્યાં લગી એવી ઓરત મેલવવા પામતે નહી માટે એ કામ પરવરદેગારની ઇચ્છાથીજ બનેલું લાગે છે." [1] હવે શાયર પોતે કહે છે કે, "તે ઇનશારી એક ખોદાથી હું એવું ઇચ્છું છું કે હું જ્યાં સુધી જેહાનમાં જીવું ત્યાં સુધી આ પુરાના પાદશાહોનું નામુ મારા તરફની ખુશ વાતો સાથે લખાતો રહું. પછી ગમે એવું નામદારી ભર્યું શરીર હોય તોપણ તે ધુલ તો મલવાનુંજ, પણ વાત કેહેનારનો જીવજ પાકીજગીની ખાન ગણાય છે."

---

૧. એ બેત લખેલી નકલમાં વધારે છે.

તમામ થયું દફતર ૨ જું.